
# પ્રવચનસાર દોહન

## ભાગ ૧



ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પ્રવચનસાર દોહન

(ભાગ–૧)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૬૨-૬૩ની સાલના શબ્દશઃ સળંગ પ્રવચનો)
(ચરણાનુયોગસૂચક ચૂલિકા અધિકાર, ગાથા-૨૩૨ થી ૨૭૫)

પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ

વિક્રમ સંવત ૨૦૮૧ | વીર સંવત ૨૫૫૧ | ઈ. સન ૨૦૨૫


**પ્રકાશન**

તા. ૩-૭-૨૦૨૫, અષાઢ સુદ-૮,
શ્રી અષ્ટાન્હિકા પર્વ પ્રારંભ

**પ્રાપ્તિ સ્થાન**

૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com, email-info@vitragvani.com

**ટાઈપ સેટિંગ**

**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

ઉપરોક્ત મંગલાચરણમાં શાસનનાયક મહાવીરસ્વામી બાદ શ્રી ગૌતમ ગણધરને નમસ્કાર કરી જેમને ત્રીજા નંબરે નમસ્કાર કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ વર્તમાન જૈનશાસનના શાસનસ્તંભ છે, જેમણે મૂળ મોક્ષમાર્ગને શાસ્ત્રમાં જીવંત રાખી અનેકાનેક ભવ્ય જીવો પર અસીમ ઉપકાર કર્યો છે. સાંપ્રત જૈનસમાજ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવથી સુચારુરૂપે પરિચીત છે જ. તેમ છતાં તેમના પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને તેઓશ્રી પ્રત્યે ઉપકાર વ્યક્ત કર્યા વિના રહી શકાતું નથી. શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ પ્રણીત પંચ પરમાગમોમાં 'પ્રવચનસાર' શાસ્ત્ર 'દ્વિતીય શ્રુતસ્કંધ'નાં સર્વોત્કૃષ્ટ આગમોમાંનું એક છે. ભગવાન કુંદકુંદાચાર્યના મહિમા દર્શાવતાં અનેક શિલાલેખો આજે પણ મોજૂદ છે. તેમનાં લખેલાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે.

મહાવિદેહક્ષેત્રમાં વિદ્યમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની પ્રત્યક્ષ દિવ્ય દેશના સાંભળી ભરતમાં આવીને ભગવાન કુંદકુંદાચાર્યદેવે અનેક શાસ્ત્રોની રચના કરી છે. જિનશાસનના અનેક મુખ્ય સિદ્ધાંતોનાં બીજ આ 'પ્રવચનસાર' શાસ્ત્રમાં રહેલાં છે. અતઃ આ 'પ્રવચનસાર' ગ્રંથ છે એ ભગવાન શ્રી સીમંધરસ્વામીના દિવ્ય સંદેશા જ છે. ત્રણ વિભાગમાં વિભાજીત થયેલ આ ગ્રંથમાં વસ્તુ સ્વરૂપને સમજાવતાં મૂળભૂત સિદ્ધાંતોનું પ્રતિપાદન થયેલ છે. જે મુમુક્ષુ જીવને મહામિથ્યાત્વરૂપી અંધકારને નષ્ટ કરવા માટે દિવ્ય પ્રકાશ સમાન જ છે.

મહા મિથ્યાત્વથી પ્રભાવિત આ દુષમકાળમાં આવા સર્વોત્કૃષ્ટ પરમાગમોનાં સિદ્ધાંતો સમજવાનું અજ્ઞાની જીવોનું ક્યાં સામર્થ્ય હતું? પરંતુ ભરતક્ષેત્રના અહોભાગ્યે તથા ભવ્ય જીવોને તારવા, આ મિથ્યાત્વના ઘોર તિમિરને નષ્ટ કરવા એક દિવ્ય પ્રકાશ થયો! એ છે કહાન ગુરુદેવ!! પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનાં એક અજોડ રત્ન છે! જેમણે સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા ગૂઢ પરમાગમોના રહસ્યોને ઉકેલ્યા. જેમનાં ઘરમાં આગમો ઉપલબ્ધ હતાં તેમને પણ આગમો ઉકેલવાની શક્તિ નહોતી, એવા આ દુષમકાળમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પ્રભાવના યોગે ઘરે-ઘરે મૂળભૂત પરમાગમોનાં સ્વાધ્યાયની પ્રણાલિકા શરૂ થઈ. દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ્, વ્યય, ધ્રૌવ્ય, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત ઈત્યાદિ અનેકાનેક વસ્તુસ્વરૂપને સ્પષ્ટ કરતાં સિદ્ધાંતોનો પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રકાશ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં વચનાનુસાર 'પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનો એક અચંબો જ છે. પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ હતી. પંચમકાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે.' ઈત્યાદિ અનેકાનેક બહુમાનસૂચક વાક્યો પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ

પ્રતિભાને વ્યક્ત કરે છે. એવાં ભવોદધિતારણહાર, નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક મૂળ પરમાગમો ઉપર પ્રવચનો આપી દિવ્ય અમૃતધારા વરસાવી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવું એ આ મનુષ્યજીવનનો અમૂલ્ય આનંદસભર અવસર છે. પ્રસ્તુત ગ્રંથમાં શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર, ઈ.સ. ૧૯૬૨-૬૩માં ચાલેલ ચરણાનુયોગસૂચક ચૂલિકા અધિકારની ગાથાઓ ઉપરના ૨૮ પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવેલ છે.


પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબ સાઈટ (www.vitragvani.com) તથા વીતરાગ વાણી એપ જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રીમતી પારૂલબેન શેઠ, વિલે પાર્લા તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ, મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com તથા વીતરાગ વાણી એપ ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ



ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય દેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦03ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૦૧ | ૦૪–૦૯–૧૯૬૨ | ગાથા–૨૩૨ | ૦૦૧ |
| ૦૨ | ૦૫–૦૯–૧૯૬૨ | ગાથા–૨૩૨ | ૦૧૫ |
| ૦૩ | ૦૬–૦૯–૧૯૬૨ | ગાથા–૨૩૨, ૨૩૩ | ૦૩૧ |
| ૦૪ | ૦૭–૦૯–૧૯૬૨ | ગાથા–૨૩૩, ૨૩૪ | ૦૪૫ |
| ૦૫ | ૦૮–૦૯–૧૯૬૨ | ગાથા–૨૩૫ | ૦૫૮ |
| ૦૬ | ૦૯–૦૯–૧૯૬૨ | ગાથા–૨૩૬ | ૦૭૨ |
| ૦૭ | ૧૦–૦૯–૧૯૬૨ | ગાથા–૨૩૭ | ૦૮૭ |
| ૦૮ | ૧૧–૦૯–૧૯૬૨ | ગાથા–૨૩૮ | ૦૯૯ |
| ૦૯ | ૧૨–૦૯–૧૯૬૨ | ગાથા–૨૩૯, ૨૪૦ | ૧૧૩ |
| ૧૦ | ૧૩–૦૯–૧૯૬૨ | ગાથા–૨૪૧ | ૧૨૬ |
| ૧૧ | ૧૫–૦૯–૧૯૬૨ | ગાથા–૨૪૧, ૨૪૨ | ૧૪૦ |
| ૧૨ | ૧૬–૦૯–૧૯૬૨ | ગાથા–૨૪૨, શ્લોક–૧૬ | ૧૫૪ |
| ૧૩ | ૧૭–૦૯–૧૯૬૨ | ગાથા–૨૪૩, ૨૪૪, ૨૪૫ | ૧૬૬ |
| ૧૪ | ૧૮–૦૯–૧૯૬૨ | ગાથા–૨૪૫, ૨૪૬ | ૧૮૧ |
| ૧૫ | ૧૯–૦૯–૧૯૬૨ | ગાથા–૨૪૬, ૨૪૭, ૨૪૮ | ૧૯૫ |
| ૧૬ | ૨૦–૦૯–૧૯૬૨ | ગાથા–૨૪૯, ૨૫૦ | ૨૦૮ |
| ૧૭ | ઉપલબ્ધ નથી. | | |
| ૧૮ | ઉપલબ્ધ નથી. | | |
| ૧૯ | ૨૩–૦૯–૧૯૬૨ | ગાથા–૨૫૩, ૨૫૪ | ૨૨૩ |
| ૨૦ | ૦૩–૧૦–૧૯૬૨ | ગાથા–૨૫૪, ૨૫૫, ૨૫૬ | ૨૩૮ |
| ૨૧ | ૦૪–૧૦–૧૯૬૨ | ગાથા–૨૫૭ થી ૨૬૦ | ૨૫૧ |

| | | | |
|---|---|---|---|
| ૨૨ | ૦૫–૧૦–૧૯૬૨ | ગાથા–૨૬૦ થી ૨૬૩ | ૨૬૫ |
| ૨૩ | ૦૭–૧૦–૧૯૬૨ | ગાથા–૨૬૪, ૨૬૫, ૨૬૬ | ૨૭૯ |
| ૨૪ | ૦૮–૧૦–૧૯૬૨ | ગાથા–૨૬૭, ૨૬૮ | ૨૯૨ |
| ૨૫ | ૦૯–૧૦–૧૯૬૨ | ગાથા–૨૬૯, ૨૭૦ | ૩૦૭ |
| ૨૬ | ૧૦–૧૦–૧૯૬૨ | શ્લોક–૧૭, ૧૮ | ૩૨૦ |
| ૨૭ | ૧૧–૧૦–૧૯૬૨ | ગાથા–૨૭૧ | ૩૩૪ |
| ૨૮ | ૧૨–૧૦–૧૯૬૨ | ગાથા–૨૭૨, ૨૭૩ | ૩૪૭ |
| ૨૯ | ૧૪–૧૦–૧૯૬૨ | ગાથા–૨૭૩ | ૩૫૯ |
| ૩૦ | ૧૫–૧૦–૧૯૬૨ | ગાથા–૨૭૪, ૨૭૫ | ૩૭૨ |

।।नमः सिद्धेभ्य।।

# પ્રવચનસાર દોહન

## (ભાગ-૧)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઈ.સ. ૧૯૬૨-૬૩ની સાલના શબ્દશઃ પ્રવચનો)

**ભાદરવા સુદ-૫, મંગળવાર, તા. ૪-૯-૧૯૬૨**
**ગાથા-૨૩૨, પ્રવચન-૧**

પ્રવચનસાર, કુંદકુંદાચાર્ય મહારાજે બનાવ્યું છે. આ પ્રવચનસાર. સર્વજ્ઞ ભગવાનની જે દિવ્યધ્વનિ હતી એમાં પ્રવચનનો સાર જે દિવ્યધ્વનિમાં આવ્યો એની રચના કુંદકુંદાચાર્ય મહારાજે કરી. સમજાય છે કાંઈ? એ ભગવાન પાસે ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા અને ત્યાંથી દિવ્યધ્વનિનો સાર (લાવ્યા). પોતાના જ્ઞાનમાં તો પહેલેથી હતો અને વિશેષ સ્પષ્ટતા થઈ અને પછી આ પ્રવચનસાર નામ પ્ર-વિશેષે ઉત્કૃષ્ટ વચન દિવ્યધ્વનિ, સર્વજ્ઞ પરમાત્માની દિવ્યધ્વનિનો સાર એમાં કહ્યો છે.

ત્રણ અધિકાર છે. જ્ઞાન અધિકાર, જ્ઞેય અધિકાર અને ચરણાનુયોગ અધિકાર. આ ચરણાનુયોગનો અધિકાર ૨૩૨ ગાથાથી શરૂ થશે. આ દસલક્ષણીપર્વના દિવસો છેને, નહિતર તો મોક્ષમાર્ગ પ્રકાશક ચાલતું હતું. પણ જરી આ મોક્ષમાર્ગનો અધિકાર છે (એટલે લીધું). ૨૩૨ છેને? દસલક્ષણીપર્વ જ મોક્ષમાર્ગ છે. સવારે કહ્યું હતુંને? ચારિત્રનું આરાધન, મોક્ષનું કારણ ચારિત્ર છે અને ચારિત્રના ઉત્તમક્ષમા આદિ દસ પ્રકાર છે. તો અહીંયા કહે છે કે '**હવે શ્રામણ્ય જેનું બીજું નામ છે...**' છે ભાઈ? શોભાલાલજી! આવ્યું? બતાવો, એ.. પાટની! '**શ્રામણ્ય જેનું બીજું નામ છે એવા એકાગ્રતાલક્ષણવાળા મોક્ષમાર્ગનું પ્રજ્ઞાપન છે.**' હવે મોક્ષમાર્ગનું કથન ચાલશે. મોક્ષમાર્ગ કોને કહે છે? કે શ્રામણ્ય એનું બીજું નામ સાધુપદ અને એનું ત્રીજું નામ એકાગ્રતાલક્ષણ, એવો

મોક્ષમાર્ગ.

નિજ સ્વરૂપ અખંડાનંદ શુદ્ધ ચૈતન્યસ્વભાવ છે એની અંતરમાં એકાગ્રતા. શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, શુદ્ધ સ્વભાવનું જ્ઞાન અને શુદ્ધ સ્વભાવની લીનતા. એવું એકાગ્રતા મોક્ષમાર્ગનું લક્ષણ અને એનું નામ સાધુપદ અથવા સંતપદ કહેવામાં આવે છે. '**તેમાં પ્રથમ, તેના (—મોક્ષમાર્ગના) મૂળસાધનભૂત આગમમાં જ વ્યાપાર (—પ્રવૃત્તિ) કરાવે છે :—**' પહેલા આગમ સર્વજ્ઞની ધ્વનિ, એમાંથી જે બન્યા આગમ, એમાં મોક્ષમાર્ગનું કથન છે તો પહેલા આગમનો અભ્યાસ હોવો જોઈએ. આગમના અભ્યાસ વિના સર્વજ્ઞે કહેલો મોક્ષમાર્ગ એને ખ્યાલમાં આવતો નથી, પ્રતીતમાં આવતો નથી. એ બતાવે છે, જુઓ! ૨૩૨.

**एयग्गगदो समणो एयग्गं णिच्छिदस्स अत्थेसु।**
**णिच्छित्ती आगमदो आगमचेट्ठा तदो जेट्ठा।।२३२।।**

એ .. છે, હેઠે આમાં હરિગીત નથી.

'**ટીકા :— પ્રથમ તો,...**' પહેલા તો એમ કહેવામાં આવે છે કે '**શ્રમણ...**' નામ સાધુ '**ખરેખર એકાગ્રતાને પ્રાપ્ત જ હોય છે;...**' સાધુપદ કહો કે મોક્ષમાર્ગ કહો કે અંતર સ્વરૂપમાં અખંડાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ સ્વભાવ એમાં ત્રણેની—દર્શન, જ્ઞાન, ચારિત્રની—એકાગ્રતા કહો. આ સાધુપદ કહો કે મોક્ષમાર્ગ કહો. સાધુપદ કોઈ ક્રિયા, લુગડાં અને ... રહેતું નથી. બહારની દશામાં સાધુપદ નથી રહેતું. શેઠ! પુણ્ય-પાપના ભાવ, વિકલ્પ આદિ અઠ્યાવીસ મૂળગુણ છે એમાં પણ મોક્ષમાર્ગ નથી રહેતો.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સાધુપણું ક્યાંથી આવ્યું?

પોતાનું શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય, હમણાં કહેશે, પરમાત્મ પોતાનું નિર્મળાનંદ સ્વરૂપ શુદ્ધ એની, રાગથી ખસીને, પુણ્યના વિકલ્પથી ખસીને સ્વભાવનો અંતરમાં અનુભવ કરીને પ્રતીતિ, એકાગ્ર થઈને થવી એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. અને એમાં સ્વજ્ઞેયને, સ્વપદાર્થને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને, પોતાની જ્ઞાનની વર્તમાન દશામાં ત્રિકાળ જ્ઞાયકને જ્ઞેય બનાવીને એનું સ્વસંવેદનજ્ઞાન એકાગ્રતા અંતર્મુખ થવું એનું નામ સમ્યગ્જ્ઞાન-મોક્ષમાર્ગનો બીજો અવયવ કહેવામાં આવે છે. પહેલો સમ્યગ્દર્શન મોક્ષમાર્ગનો અવયવ. બીજો સમ્યગ્જ્ઞાન અવયવ અને ત્રીજો ચારિત્ર અવયવ. એ સમ્યગ્જ્ઞાન સહિત સ્વરૂપમાં નિર્વિકલ્પ વીતરાગી શાંતિમાં ઝુમવું, રસ લેવો, આનંદ પીવો (તે ચારિત્ર છે).

ફૂલમાં પરાગ છે તો ભમરો,.. પરાગ કહે છેને? પરાગ એમાંથી રસ લ્યે છે. એમ આત્મામાં નિજરસ અવિકારી વીતરાગરસ પડ્યો છે, ત્રિકાળ સ્વભાવમાં પડ્યો છે. એની શ્રદ્ધા-જ્ઞાન કરીને અંતરનો રસ, આનંદરસ, શાંતરસને એકાગ્ર થઈને પીવો એને ચારિત્ર સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ કહે છે. હજી તો ચારિત્ર કોને કહેવું એની ખબર નથી. લુગડાં છોડી દીધા, નગ્ન થઈ ગયો એટલે

થઈ ગયો સાધુ. અને જ્યાં ત્યાં કર્તાબુદ્ધિ. ઈ આવશે અહીંયા, એમાં આવશે જુઓ!

'**પ્રથમ તો, શ્રમણ...**' સાધુ કહો કે મોક્ષમાર્ગ કહો. '**ખરેખર એકાગ્રતાને પ્રાપ્ત જ હોય છે;...**' પોતાના શુદ્ધ સ્વભાવમાં અંતર એકાગ્રતા. સમ્યગ્દર્શન, જ્ઞાનમાં સમ્યગ્દર્શન પૂરતી એકાગ્રતા અને ચારિત્રવંતને ત્રણેયની એકાગ્રતા. સહજાનંદ પ્રભુ પરમાત્મસ્વભાવ શુદ્ધ ચૈતન્યરસથી ભરેલો છે એમાં એકાગ્રતા. '**એકાગ્રતા પદાર્થોના નિશ્ચયવંતને જ હોય છે;...** ' આવી એકાગ્રતા પદાર્થ છ દ્રવ્ય, એની શક્તિ નામ ગુણ, એની પર્યાય નામ અવસ્થા, આવા પદાર્થોના નિશ્ચયવંતને જ એકાગ્રતા હોય છે. જેને પદાર્થનો નિશ્ચય નથી એને આવી એકાગ્રતા(રૂપ) મોક્ષમાર્ગ હોતો નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ધ્યાન, ધૂળ ધરે ધ્યાન. સમજ્યા વિનાના ધ્યાન શું કરે? સમજાય છે કાંઈ? આંખ બંધ કરીને બેસે એમાં શું ધૂળ વળે? શું કહે છે?

પદાર્થ જે આગમ કહે છે, સર્વજ્ઞની ધ્વનિમાં જે આગમ આવ્યા એ ધ્વનિ જ આગમ છે. એનો સાર આવ્યો. એ પદાર્થનું શું સ્વરૂપ છે? એ પદાર્થના સ્વરૂપના બોધ વિના યથાર્થ એકાગ્રતા અંતર્મુખમાં થતી નથી. '**અને પદાર્થોનો નિશ્ચય આગમ દ્વારા જ થાય છે;...** ' સર્વજ્ઞ ભગવાનના આગમ દ્વારા પદાર્થનો નિશ્ચય થાય છે. સમજાય છે કાંઈ? જુઓ, હવે અહીં આગમનો અભ્યાસ કરાવે છે. જેને હજી ઠેકાણા નહિ આગમનો અભ્યાસ શું ચીજ છે? આગમ શું કહે છે? દ્રવ્ય-ગુણ-પર્યાય શું વસ્તુ છે? પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય શું છે? પરના દ્રવ્ય-ગુણ-પર્યાય કોણ (શું) છે? ખબર નથી અને ધ્યાનમાં બેસી જાય, આકાશના ફૂલ છે. આકાશમાં ફૂલ નથી, જેમ સુગંધ નથી એમ પદાર્થનો નિશ્ચય કર્યા વિના કદી અંતરમાં એકાગ્રતા થતી નથી. સમજાય છે કાંઈ?

'**તેથી આગમમાં જ વ્યાપાર...** ' શાસ્ત્રના અભ્યાસમાં વ્યાપાર '**પ્રધાનતર (-વિશેષ પ્રધાન) છે'...**' મુખ્યપણે આગમનો અભ્યાસ કરવાનો ભગવાનના ઉપદેશમાં આવે છે. આગમ-અભ્યાસ કરો, આગમનો અભ્યાસ કરો. '**બીજી ગતિ (—બીજો કોઈ રસ્તો) નથી.**'

મુમુક્ષુ :— અનેકાંત કીધું?

ઉત્તર :— આ અનેકાંત કીધું. બીજો કોઈ રસ્તો નથી. સર્વજ્ઞે કહેલા આગમના પદાર્થ, ત્રિલોકનાથ પરમાત્માની દિવ્યધ્વનિમાં આવ્યું, સાક્ષાત્ મહાવીરપ્રભુ જ્યારે અહીંયા ભરતક્ષેત્રમાં સમવસરણમાં બિરાજતા હતા, પહેલી વાણી છૂટી ત્યાં વિપુલાચલ પર્વત, રાજગૃહી, જોયું છેને? અમે તો ગયા હતા સંઘ લઈને. પછી આવ્યા હતા, (સંવત) ૨૦૧૫ની સાલમાં આવ્યા હતા. પહેલા તો ૨૦૧૩ની સાલમાં (આવેલા). આહા..હા..! સમજાય છે કાંઈ? વિપુલાચલ પર્વત ઉપર ભગવાનને કેવળજ્ઞાન તો ૬૬ દિવસ પહેલા થયું હતું. વૈશાખ સુદ દસમે અને શ્રાવણ વદ એકમે દિવ્યધ્વનિ છૂટી અને ગણધરે ચાર જ્ઞાન, ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં કરી. એનો સાર આગમમાં આ પ્રવચનસારમાં આવ્યો છે.

તો કહે છે કે આગમના અભ્યાસ વિના, વિશેષ પ્રધાનતર એનો વ્યાપાર થયા વિના, આત્મપદાર્થનો, નિજ સ્વરૂપ શું છે, પરનું સત્ શું? એ દષ્ટિ થતી નથી. માટે આગમ વ્યાપાર પ્રધાનતર કહેવામાં આવ્યો છે. વિશેષપણે આગમનો અભ્યાસ જ્ઞાની સમક્ષ સાંભળીને યથાર્થ અભ્યાસ કરવો જોઈએ. અજ્ઞાની કહે અને એ દૃષ્ટિથી આગમ વાંચે તો પદાર્થનો બોધ યથાર્થ થતો નથી. સમજાય છે કાંઈ? **'બીજી ગતિ (—બીજો કોઈ રસ્તો) નથી.'** પ્રભુ સર્વજ્ઞે કહેલા આગમની પદાર્થની સ્થિતિ સમજ્યા વિના બીજો કોઈ રસ્તો જ નથી. આગમનો અભ્યાસ ભવ્ય જીવોને પોતાનો મોક્ષમાર્ગ સમજવાને માટે, પદાર્થનો નિશ્ચય કરવામાં આગમ પ્રધાન છે તો પહેલા આગમનો અભ્યાસ કરવો જોઈએ. **'તેનું કારણ આ પ્રમાણે છે :'** હવે બતાવે છે. અભ્યાસ શા માટે કરવો એનું કારણ બતાવે છે.

**'ખરેખર આગમ વિના પદાર્થોનો નિશ્ચય કરી શકાતો નથી;...'** આગમ વિના પદાર્થનું સ્વરૂપ યથાર્થ સમ્યગ્જ્ઞાનમાં તેને આવતું નથી. કેમ? હવે કારણ આપે છે. **'કારણ કે આગમ જ, જેને ત્રણે કાળે (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ) ત્રણ લક્ષણો પ્રવર્તે છે એવા સકળપદાર્થસાર્થના...'** જુઓ અહીંયા આવ્યું. ઓહો..! કહે છે, એક વાર સમંતભદ્રાચાર્ય ભગવાનને કહે છે, પ્રભુ! સેકંડના અસંખ્ય ભાગમાં એક સમય, એક સમય. સમય સમજો છો? સૂક્ષ્મ નાનામાં નાનો એક સમય. એમાં પ્રભુ! આપે ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થના એક સમયમાં ત્રણ અંશ જોયા. સમય એક. આંખ વીંચીને ઉઘાડીએ એમાં અસંખ્ય સમય જાય છે. અસંખ્ય સમય. 'ક' બોલીએ 'ક' એમાં અસંખ્ય સમય (જાય છે). કાળનો એક સમય સૂક્ષ્મ એવા અસંખ્ય સમય એ 'ક' બોલવામાં જાય છે. તેના અસંખ્યાતમા ભાગનો નાનો સમય, હે નાથ! આપે દ્રવ્ય આત્મા અનંત, અનંત પરમાણુઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ છ દ્રવ્યની એક સમયની સ્થિતિ એમાં ત્રણ અંશ આપે જોયા છે. નવી પર્યાયનું ઉત્પન્ન થવું, જૂની પર્યાયનું વ્યય થવું, સદશપણે ધ્રુવ રહેવું. સમય એક અને ત્રણ સત્‌ને આપે જોયા છે. એ જ આપનું સર્વજ્ઞપદ સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ? આ ઈ કહે છે, જુઓ!

**'જેને ત્રણ કાળે (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ) ત્રણ લક્ષણો...'** આત્મા, પરમાણુ, એક એક સમયમાં સમય સમય નામ સૂક્ષ્મ કાળમાં પ્રત્યેક પદાર્થ પોતાની નવી પર્યાયથી ઉત્પન્ન થાય છે,.. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્. ઉમાસ્વામી તત્ત્વાર્થસૂત્રમાં (કહે છે), 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્' અને 'સત્ દ્રવ્ય લક્ષણં.' એ પદાર્થ આત્મા, પરમાણુ એક એક પરમાણુ અને એક એક આત્મા એમાં ત્રિકાળ—ત્રણે કાળ.. અરે..! ત્રણે કાળ ખ્યાલમાં આવી ગયા ભગવાનને? ત્રણે કાળ ઉત્પાદ-વ્યય-ધ્રુવ **'ત્રણ લક્ષણો પ્રવર્તે છે...'** પદાર્થમાં સમય સમયમાં ત્રણ લક્ષણ પ્રવર્તે છે એમ ત્રણે કાળ પ્રવર્તે છે. શું કહે છે સમજાણું?

અહીંયા આત્મા પોતાની પર્યાયમાં ઉત્પન્ન થાય છે. એ જડની પર્યાય ઉત્પન્ન નથી કરતો. સમજાય છે? પાણી અનંત પરમાણુનો પિંડ છે. એમાં એક એક પરમાણુમાં ત્રિકાળ, એ પરમાણુ

ત્રિકાળ રહેવાવાળો છે. તો એમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ ત્રણ લક્ષણ, ત્રણે કાળ તેમાં ત્રણ લક્ષણ પ્રવર્તે છે. ભારે ઝીણું. નવનીતભાઈ! ઉત્પાદ-વ્યય.. છેને? કૌંસમાં.

'પ્રત્યેક પદાર્થમાં સ્થિરતા એક...' 'એક સમયમેં ઠાણે, ઊપજે વિણસે તબ હી, ઉલટપલટ ધ્રુવ સત્તા રાખે, યા હમ સુની ન કબહી, અબધુ નટનાગર કી બાજી' હે નાથ! સર્વજ્ઞ પરમાત્માને કહે છે, સ્થિરતા—પ્રત્યેક પદાર્થ એક સેકંડના અસંખ્ય ભાગમાં સ્થિરતા નામ ધ્રુવતા રાખે છે. 'સ્થિરતા એક સમય મેં ઠાણે, ઊપજે વિણસે તબ હી...' નવી પર્યાયથી ઊપજે, જૂનીથી વ્યય થાય 'સ્થિરતા એક સમય મેં ઠાણે, ઊપજે વિણસે તબ હી, ઉલટપલટ ધ્રુવ સત્તા રાખે...' નવી નવી પર્યાયથી ઉત્પન્ન, જૂનીથી વ્યય અને ધ્રુવ. 'ઉલટપલટ ધ્રુવ સત્તા રાખે, યા હમ સુની ન કબહી, અબધુ નટનાગર કી બાજી.' આત્માની બાજી. એક સમયમાં ત્રણ અંશ પડ્યા છે એ સર્વજ્ઞ ભગવાન સિવાય, આગમ સિવાય આ વાત ક્યાંય નથી. 'ક્યા જાણે બ્રાહ્મણ કાજી, અબધુ નટનાગર કી બાજી'. ક્યા જાણે બ્રાહ્મણ વેદ અને વેદાંત? ઉત્પાદ-વ્યય-ધ્રુવ એક સમયમાં છે એ બ્રાહ્મણ શું જાણે? અને કાજી ક્યા જાને કુરાન? સેઠી!

કહે છે કે, આગમના અભ્યાસ વિના... આ ગડબડી થઈ ગઈ છેને અત્યારે. આત્મા ઉત્પાદ કરે છે પરનો, શરીરનો, વાણીનો, પરની દયા પાળી શકે છે. અરે..! પ્રભુ! મૂઢ છો. લે, પ્રભુ કહેવો અને મૂઢ (કહેવો)! સમજાય છે કાંઈ? શ્રીમદ્ે એક પત્રમાં કહ્યું છે, પ્રભુ સર્વ લક્ષણે, સર્વ ગુણે સંપન્ન છે પણ એમાં અપલક્ષણના પાર નથી. શોભાલાલજી! શું કહ્યું? શ્રીમદ્ થયાને? શ્રીમદ્ રાજચંદ્ર. એમને નાની ઉંમરથી જાતિસ્મરણજ્ઞાન હતું. સાત વર્ષની ઉંમરમાં થયેલું. આ છેને આપણે ત્યાં, ફોટો છેને. વવાણિયા છે મોરબી પાસે. સાત વર્ષની ઉંમરથી જાતિસ્મરણ હતું, પૂર્વ ભવનું ભાન (હતું). અને... હમણા ૧૯૫૭માં સ્વર્ગવાસ થયો, દેહ છૂટી ગયો, ૩૩ વર્ષની ઉમર, ૩૩ વર્ષની ઉમર. ઘણી શક્તિ! પૂર્વના જન્મની અને સમ્યક્જ્ઞાન આદિ...

તેઓ એક વાર પત્રમાં લખે છે, પ્રભુ! પ્રભુ એટલે આત્મા. તારામાં તું સર્વગુણસંપન્ન છો, પણ તારી પર્યાયમાં અપલક્ષણના પાર નથી. અપલક્ષણ સમજો છો? સદોષતા. સદોષ. દોષ.. દોષ.. દોષ. બીજાની પર્યાય હું કરું, બીજાની દયા હું પાળું. તો શું એનામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ નથી? શરીર અને આત્મા બે છે, તો પ્રત્યેક આત્મામાં ત્રિકાળ ઉત્પાદ-વ્યય-ધ્રુવ (રહેલાં છે). ત્રિકાળ એમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ એને કારણે થાય છે, શું તું દયા પાળી શકે છે એની? બરાબર છે? મકાન-બકાન શકે કે નહિ?

મુમુક્ષુ :— વ્યવહારથી કરી શકે.

ઉત્તર :— ધૂળેય કરી શકતો નથી. વ્યવહારથી શું કરી શકે? બોલવામાં આવે કે આ મકાન બન્યું એમાં આ શેઠ હાજર હતા. છે જ નહિ. ઈ તો કહે છે, આવા પદાર્થનો નિર્ણય, ઉત્પાદ-વ્યય-ધ્રુવ એક સમયમાં દરેક પદાર્થમાં ત્રણે કાળ, એક પદાર્થ ત્રણે કાળ રહે છે તો ત્રણે કાળ એનામાં એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ, ઉત્પાદ-વ્યય-ધ્રુવ અનાદિથી અનંત કાળ (હોય જ છે).

એવો એનો દ્રવ્યનો સ્વભાવ છે, બીજાનો ઉત્પાદ તું કરી દે (એમ વસ્તુસ્થિતિ નથી). આ પાનું આમ થાય છે, જુઓ! એમાં એક એક પરમાણુમાં એની પર્યાયનો ઉત્પાદ એને કારણે છે, આંગળીથી નહિ, ઈચ્છાથી નહિ, જ્ઞાનથી નહિ. આવો પદાર્થનો બોધ થયા વિના પોતાની પરથી ભિન્નતા અને પોતાના સ્વભાવમાં એકાગ્રતા કદી થઈ શકે નહિ. ઝીણી વાત છે, હોં! શેઠ! આ પૈસા-બૈસા આપી શકતો નથી, એમ કહે છે. રાખી પણ શકતો નથી.

મુમુક્ષુ :— એના પૈસા જ ક્યાં છે.

ઉત્તર :— પૈસા જ નથી. મકાન પણ નથી. ... એના શેઠના મકાનમાં ઉતર્યા હતા અમે. મેડી હતીને? તમારી હતીને? અમે બીજાને કહીએ છીએ કે એના મકાનમાં ઉતર્યા હતા, સાગરમાં. એનું મકાન.

કહે છે કે એક એક પરમાણુ, આ તો અનંત પરમાણુનો સ્કંધ છે, પિંડ સ્કંધ, સ્કંધ નામ પિંડ એમાં એક પરમાણુ ઉત્પાદ-વ્યય-ધ્રુવ (યુક્ત છે). સમય સમય નામ સૂક્ષ્મ કાળનો નાનો ભાગ નવી પર્યાયથી ઉત્પન્ન થાય છે, જૂનાથી વ્યય (થાય છે) અને ધ્રુવ (રહે છે), એ પરમાણુ પોતાને કારણે એવા કાર્યમાં પરિણત થાય છે. બીજા પરમાણુથી નથી થતો, બીજા આત્માથી નથી થતો. આવો નિર્ણય આગમમાં કહ્યો છે, એ આગમનો બોધ થયા વિના એને આવો નિશ્ચય યથાર્થપણે થતો નથી. અને નિશ્ચય વિના સ્વભાવ સન્મુખ એકાગ્રતા (થતી નથી). હું બીજાનું કરી દઉં, બીજાનું કરી દઉં, બીજાને બનાવી દઉં, આમ કરી દઉં.

કહે છે કે **'ત્રણે કાળે...'** ત્રણે કાળનો અર્થ શું? પરમાણુમાં અને આત્મામાં **'ત્રણે કાળે (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ) ત્રણ લક્ષણો પ્રવર્તે છે.'** સ્થિરતા હોય દરેક પદાર્થમાં છતાં ઉલટપલટ પર્યાય થાય છે. સમયે સમયે વ્યય-ઉત્પાદ, વ્યય-ઉત્પાદ, વ્યય-ઉત્પાદ (થયા જ કરે છે). વ્યય નામ અભાવ અને ઉત્પાદ નામ ભાવ અને સ્થિર નામ ત્રિકાળ. એક સેકંડના અસંખ્ય ભાગમાં પદાર્થની આ સ્થિતિ આગમ કહે છે, પદાર્થમાં એમ છે. એવું પદાર્થનું, આગમના અભ્યાસ વિના પદાર્થનું આવું લક્ષણ ખ્યાલમાં આવતું નથી અને આવું લક્ષણ ખ્યાલમાં આવ્યા વિના પદાર્થનો નિશ્ચય થઈ શકે નહિ અને નિશ્ચય વિના સ્વભાવ તરફની એકાગ્રતા, સમ્યગ્દર્શન કદી થાય નહિ. સમજાય છે કાંઈ?

**'ત્રણે કાળ (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ) ત્રણ લક્ષણો પ્રવર્તે છે... '** શેમાં? **'એવા...'** એવા (એટલે) કોના? **'સકળપદાર્થસાર્થના...'** સકળ પદાર્થ અનંત પદાર્થનો સમૂહ જે ભગવાને અનંત દીઠા એમાં ત્રિકાળ ત્રણ લક્ષણ પ્રવર્તે છે. ત્રણે કાળ ત્રણ લક્ષણ પ્રવર્તે છે. ઉત્પાદનું લક્ષણ... સમજાય છે કાંઈ? ઝીણી વાત છે. ૧૦૧ ગાથામાં પહેલા આવી ગઈ છે (વાત). પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુમાં નવી અવસ્થા ઉત્પન્ન થાય છે એનું ઉત્પાદ લક્ષણ છે. એ ઉત્પાદ પૂર્વનો વ્યય થયો તે લક્ષણથી લક્ષિત થઈને ઉત્પાદ થાય છે એમ નથી. ઝીણી વાત છે. આ સર્વજ્ઞનું તત્ત્વ, મૂળ પદાર્થનો બોધ ન મળે અને સમ્યગ્દર્શન થઈ જાય એમ બનતું નથી. આગમના

બોધ વિના પદાર્થનો નિશ્ચય થતો નથી. એક સેકંડના અસંખ્ય ભાગમાં... શું કહે છે? પ્રત્યેક પદાર્થમાં નવી અવસ્થાનો ઉત્પાદ (થાય એ) ઉત્પાદને આશ્રયે (થાય છે). સમજાય છે કાંઈ? અને વ્યય તે સમયે (થાય) તે વ્યયને આશ્રયે (થાય છે). ધ્રુવ ધ્રુવને આશ્રયે (છે). ત્રણે સત્‌ના અંશમાં કોઈ લક્ષણ કોઈમાં આવી જાય અને કોઈનો આશ્રય છે એમ વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાય છે કાંઈ? શું કહ્યું?

ત્રણ લક્ષણ કહ્યું છેને? ભાઈ! ત્રણ લક્ષણ ત્રિકાળ. અહીં વજન છે વધારે. ત્રણ કાળ અને ત્રણ લક્ષણ. ઉત્પાદનું લક્ષણ જુદું, વ્યયનું લક્ષણ જુદું અને ધ્રુવનું લક્ષણ જુદું. ત્રણે એક સમયમાં (છે). પણ આત્મામાં, કર્મના એક એક રજકણમાં, શરીરમાં, પરજીવમાં, નિગોદનો જીવ હો, સિદ્ધનો જીવ હો, બધાને. સિદ્ધમાં પણ છે ઉત્પાદ-વ્યય-ધ્રુવ? સેઠી! નવનીતભાઈ! સિદ્ધમાં છે? કહ્યું ને, ત્રિકાળ. **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ત્રણ લક્ષણો પ્રવર્તે છે...'** આ તો મહામંત્ર છે. એક સમય-સેકંડનો અસંખ્યમો ભાગ એમાં ત્રણ કાળના નિગોદ હો કે સિદ્ધ હો, પરમાણુ હો કે સ્કંધનો પિંડ હો, એ ત્રણ લક્ષણ પ્રવર્તે છે. ત્રણ લક્ષણ પ્રવર્તે છે એટલે બીજો પ્રવર્તાવે છે (એમ નથી.) શું કહે છે? ...ભાઈ! આ મંદિર-બંદિર કરે છેને? માંગીતુંગીના મંત્રી છે એમ મોતીલાલ કહે છે. કાંઈ કરી શકતો નથી, એમ કહે છે.

એક સેકંડના અસંખ્ય ભાગમાં પ્રત્યેક પદાર્થમાં ત્રણે કાળ ત્રણ લક્ષણ પ્રવર્તે છે. બીજા પદાર્થથી નહિ અને પોતાથી ત્રણ લક્ષણમાં પોતપોતાના એક એક ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એક એક અંશ પોતાના લક્ષણથી પોતામાં પ્રવર્તે છે. સૂક્ષ્મ વાત છે. જેમ કે સોનું. સુવર્ણ છેને સુવર્ણ? સોનાની લગડી. એમાં કુંડલ પર્યાય થાય કુંડલ અને એનો અભાવ થઈને કડાની પર્યાય બનાવે. કડું કહે છેને? બાજુબંધ. તો કહે છે કે સોનામાં ભિન્ન ભિન્ન જૂની પર્યાયનો—કુંડલનો વ્યય થયો, એ કોઈએ શસ્ત્ર માર્યું અને હથોડી મારી માટે (વ્યય નથી થયો). ઈ વાત છે અહીંયા. હથોડી વાગી તો ત્યાં એ કુંડલનો વ્યય થયો અને કડાની ઉત્પત્તિ થઈ એમ પદાર્થમાં વાત નથી. નવનીતભાઈ! આહા..હા..! શું કહ્યું?

સોનું છે એમાં કુંડલનો અભાવ થયો અને કડાની ઉત્પત્તિ થઈ. તો કહે છે કે કડાની ઉત્પત્તિ ત્રણ લક્ષણથી પોતાના લક્ષણથી પ્રવર્તે છે. સોનીના હાથથી નહિ, સોનીની હથોડીથી નહિ. પદાર્થનો સ્વભાવ એવો નથી કે પરને કારણે ઉત્પાદનું લક્ષણ પ્રવર્તે અને પરને કારણે વ્યયનું લક્ષણ પ્રવર્તે એમ વસ્તુના સ્વરૂપમાં નથી અને છે નહિ એવું માન્યતામાં લે એ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. ભલે જૈન સાધુ હોય, દિગંબર હોય, અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય પણ, હું શરીરની પર્યાય આમ (કરી શકું છું), આમ આંગળી છે એને આમ કરી શકું છું, એ માનનાર મિથ્યાદૃષ્ટિ મૂઢ અજ્ઞાની છે. વાત કઠણ તો બહુ છે પણ સત્ય વાત છે. આ એક લક્ષણ મહાસિદ્ધાંત સર્વજ્ઞ પરમાત્માએ કહેલો અને વસ્તુના સ્વરૂપમાં પ્રવર્તનાર. સમજાય છે કાંઈ?

લોટ છેને લોટ? લોટમાં પિંડ થયો પિંડ, તો પિંડનો અભાવ થઈને રોટલી થઈ. તો કહે છે

કે રોટલીની ઉત્પત્તિ સ્ત્રીને કારણે થઈ એમ વસ્તુમાં નથી. અને પિંડનો નાશ થયો એ પરપદાર્થને કારણે નહિ. અને રોટલીમાં પણ લોટ ધ્રુવરૂપ રહ્યો એ પોતાને કારણે રહ્યો છે, પરને કારણે નહિ. ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :—

ઉત્તર :— અનાદિથી માન્યું છે. અજ્ઞાનીને ભાનેય નથી માટે કહે છે. પદાર્થનો નિશ્ચય, શું વસ્તુ છે એ આગમ વિના સમજાતું નથી અને આગમનો અભ્યાસ કરે તો પદાર્થનું શું લક્ષણ છે એ તને ખ્યાલમાં આવી જાય. તો તારી શ્રદ્ધા સ્વભાવ ઉપર વળીને, હું પરનું કાર્ય ત્રણ કાળ ત્રણ લોકમાં ઉત્પાદ કરી શકતો નથી. ઉત્પાદ કહો કે કાર્ય કહો. સમજાય છે કાંઈ? આ આંગળી આમ છે અને આમ થાય છે તો આમ થઈ એનો વ્યય અને આમ થઈ એનો ઉત્પાદ થયો. એના ત્રણ લક્ષણ એનામાં પ્રવર્તે છે, પરમાણુને કારણે. આત્માને કારણે નહિ. બરાબર છે? આત્મા વિના એકલું મડદું આમ કરે છે? મડદું છે ઈ આમ આંગળી કરે છે? તો કહે છે, હા, હા. સાંભળ તો ખરો. આ મડદું છે, મડદું છે. આ ક્યાં ચૈતન્ય છે? ચૈતન્ય ચમત્કાર તો આનાથી અસ્પર્શી ભિન્ન વસ્તુ ચૈતન્યમૂર્તિ છે. શરીરને સ્પર્શ્યા વિના ચૈતન્યમૂર્તિ ભિન્ન વસ્તુ છે. એ ભિન્ન વસ્તુથી એનામાં આમ આમ થાય છે એવી માન્યતા છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ પાખંડની દૃષ્ટિ એની પાસે છે, એને ધર્મનો અંશ કઈ રીતે પ્રગટ થાય એની ખબર નથી. સમજાય છે કાંઈ?

આ મોક્ષમાર્ગનો અધ્યાય છે. તો સમ્યગ્દર્શન કોને થાય છે? કે પદાર્થમાં એક સમયમાં ત્રણ લક્ષણ પ્રવર્તે છે એમ કીધું છેને ભાઈ? ત્રણ લક્ષણ પ્રવર્તે જ છે. તારે કારણે પરમાં નહિ અને પરને કારણે તારામાં નહિ. આહા..હા..! મસ્તક આમ હલે છે અને હાથ હલે અને જીભ આમ ચાલે, તો કહે છે કે એ એક એક પરમાણુમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ એક સેકંડના અસંખ્ય ભાગમાં પોતાના લક્ષણથી પદાર્થ પ્રવર્તે છે. આત્માથી એનામાં નહિ અને એને કારણે આત્મામાં નહિ. ભગવાનજીભાઈ! ભારે!

મુમુક્ષુ :— વસ્તુનું સ્વરૂપ આવું છે.

ઉત્તર :— આ વસ્તુનું સ્વરૂપ આગમ વિના કદી ખ્યાલમાં, સમજણમાં આવતું નથી. સાંભળવું નહિ, વિચારવું નહિ, નિર્ણય કરવો નહિ અને કહેવું કે જાઓ અમે કરી દીધું, પરનું આમ આમ કરી દીધું. દુનિયાને અમે પાડી દઈએ છીએ અને દુનિયાને અમે ઊડાડી દઈએ. સમજાય છે કાંઈ? એક જણ તો એમ કહે, અમે ત્યાગી છીએ તો અમારી પાસે લક્ષ્મી નથી, પણ લક્ષ્મીવાન પાસેથી અમે કરોડોની લક્ષ્મી દાનમાં લઈ શકીએ છીએ. બહુ સારી વાત છે. મિથ્યાદૃષ્ટિ છે. એક એક પરમાણુ લક્ષ્મીનો પિંડ જે પરમાણુ એક પૈસો છે કે નોટ છે એ અનંત પરમાણુનો પિંડ છે. એક એક પરમાણુમાં નવી અવસ્થા આમ ગતિ થાય છે, ત્યાં પડી છે ત્યાંથી અહીંયા આવી, એ પોતાના પરમાણુમાં પોતાના ઉત્પાદને કારણે, પૂર્વના વ્યયને કારણે અને ધ્રુવતાને કારણે અહીંયા આવી છે. પરને કારણે નથી, ઈચ્છા થઈ કે હું દઉં, એને કારણે એ લક્ષ્મીની પર્યાય રૂપાંતર પામતી

નથી.

મુનિ થઈને માને કે મેં છ કાયની દયા પાળી. છ કાયની દયા પાળી. શું છે? દયાની વ્યાખ્યા શું? તને ખબર છે દયાનો અર્થ શું? તારામાં શુભ રાગ થયો પણ રાગથી એ જીવ બચી જાય છે? એની પર્યાયનો ઉત્પાદ તો એનામાંથી થાય, તારામાંથી શું આવ્યું? બહુ કઠણ. અત્યારે તો સમજણ વિના કરો, સાધુપદ લઈ લ્યો. અહીં તો કહે છે કે હજી તને પદાર્થની અવસ્થા અને પદાર્થનો સ્વભાવ શું એ તારી શ્રદ્ધામાં આવ્યું નથી, તો તારી દૃષ્ટિ પરથી ખસી સ્વભાવનું સમ્યગ્દર્શન તને ક્યાંથી થશે?

કહે છે કે '**જેને ત્રણે કાળ (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ) ત્રણ લક્ષણો પ્રવર્તે છે...**' લ્યો, ત્રણ લક્ષણે પ્રવર્તે છે? છદ્મસ્થ કહે છે કે નહિ? ભાઈ! આ કોણ કહે છે? છદ્મસ્થ કહે છે. કેવળી તો જાણે. છદ્મસ્થ કહે છે કે ત્રણે કાળ પ્રત્યેક પદાર્થમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ લક્ષણ પ્રવર્તે છે. કોઈ પદાર્થથી કોઈનામાં નહિ અને કોઈની સહાયથી કોઈનામાં નહિ, કોઈની મદદથી અને પ્રેરકતાથી કોઈમાં ઉત્પાદ થાય એમ વસ્તુના મૂળ સ્વભાવમાં નથી. અજ્ઞાનીની માન્યતામાં ઘૂસી ગયું છે કે હું પરનું કાર્ય કરી શકું છું અને હું પરની સહાય લઈને મારો ઉત્પાદ કરી શકું છું.

મુમુક્ષુ :—

ઉત્તર :— એમેય નહિ. અહીં તો ઈ વાત છે. ધ્રુવને કારણે ઉત્પાદ-વ્યય નહિ. એવી વાત છે. જરી વાત (એવી છે). ત્રણ લક્ષણ છે, ત્રણ લક્ષણ છે. ઉત્પાદ થાય છે એક સમયમાં પ્રત્યેક પદાર્થમાં તે પોતપોતાના લક્ષણથી, ઉત્પાદને કારણે. વ્યયને કારણે નહિ. વ્યયને કારણે કહેવું એ વ્યવહાર છે. વ્યયનો અભાવ થયો. જેમ કે આ લાકડી છે, આંગળી છે, જુઓ! આમ વ્યય થયો. એ વ્યય ઉત્પાદનું કારણ છે? જે અભાવરૂપ હોય એ ઉત્પાદનું કારણ કઈ રીતે થાય? અભાવ થયો એ ઉત્પાદનું કારણ કઈ રીતે થાય? અને વ્યયનું કારણ ઉત્પાદ નહિ. બહુ સૂક્ષ્મ ભાઈ!

અહીંયા આગમના પદાર્થના બોધ વિના યથાર્થ પદાર્થનિશ્ચય થતો નથી. યથાર્થ પદાર્થના નિશ્ચય વિના અંતર એકાગ્રતા (થાય નહિ). જ્યાં ત્યાં હું કરું... ઈ આવશે. જુઓ! '**ત્રણ લક્ષણો પ્રવર્તે છે એવા સકળપદાર્થસાર્થના...**' સકળપદાર્થ સમૂહ. લોકાલોકના બધા પદાર્થ. '**યથાતથ જ્ઞાન વડે...**' યથાતથ જ્ઞાન વડે '**સુસ્થિત અંતરંગથી ગંભીર છે...**' કોણ? આગમ. પહેલો શબ્દ આવ્યો હતો. આગમ વીતરાગની સર્વજ્ઞની વાણી જે આગમ છે એ '**ત્રણ લક્ષણો પ્રવર્તે છે એવા સકળપદાર્થસાર્થના...**' સાર્થ નામ સમૂહ '**યથાતથ જ્ઞાન વડે સુસ્થિત અંતરંગથી ગંભીર છે...**' પદાર્થની વ્યવસ્થા સર્વજ્ઞે વાણી દ્વારા કહી એ વાણીમાં અંતરમાં સુસ્થિત ગંભીરતા ભરી છે. વાણીમાં અનંત અનંત અત્યંત ગંભીરતા ભરી છે. વાણીની વાત ચાલે છે. સમજાય છે કાંઈ? '**(અર્થાત્ આગમનું જ અંતરંગ સર્વ પદાર્થોના સમૂહના યથાર્થ જ્ઞાન વડે સુસ્થિત છે માટે આગમ જ સમસ્ત પદાર્થોના યથાર્થ જ્ઞાનથી ગંભીર છે).** ' આગમનું લક્ષણ મહાગંભીર છે. એમને એમ આગમ સમજી લે અને વાંચી લે, ગુરુગમ વિના એનો પત્તો લાગતો

નથી.

**'વળી પદાર્થોના નિશ્ચય વિના...'** મારી પર્યાય, મારી પર્યાય મારે કારણે ઉત્પન્ન થાય, પરની પર્યાય એને કારણે ઉત્પન્ન થાય. મારી પર્યાયનો-પૂર્વની અવસ્થાનો અભાવ પણ અભાવને કારણે થાય અને પરનો અભાવ-વ્યય એને કારણે થાય. કુંભાર ઘડો બનાવે છે. કહે છે કે ખોટી વાત છે. શેઠ! કુંભાર ઘડો નથી બનાવતો? કુંભાર વિના ઘડો થાય? અહીં ઈ કહે છે, કુંભાર વિના ઘડો થાય છે. સમજાય છે કાંઈ? ધ્યાન રાખો. માટી છે એના પ્રત્યેક પરમાણુમાં એ ઘડાની ઉત્પત્તિની પર્યાયના લક્ષણના કાળમાં ઉત્પાદ થાય છે. પિંડનો વ્યય થાય છે અને પરમાણુ ધ્રુવ રહે છે. એ પોતાના ત્રણ લક્ષણમાં પ્રવર્તે છે. કુંભાર એનો કોઈ પણ ઉત્પાદ કરી શકે એ ત્રણ કાળમાં બની શકતું નથી. ભારે કઠણ વાત! આખો દિ' આ કામ કરો છેને? શેઠ! બધું કરે છે કે નહિ? બીડી આમ લાવો, આમ લાવો, બીડી લાવો. અહીં તો કહે છે કે, કરી શકતો નથી, માને છે ભ્રમમાં. અજ્ઞાનીને ભ્રમ થયો છે. ..ભાઈ! આ તો હજી મોટા છે. ... શું કહેવાય ઈ? પાવર હાઉસ. પાવર હાઉસનું ચલાવે છે એમ કહે છે માણસ.

ભગવાન! એ પ્રત્યેક વસ્તુમાં જ્યારે, એક સમય પણ જ્યાં પોતાને ખ્યાલમાં ન આવે એવા એક સમયમાં ત્રણ લક્ષણો પોતાથી પ્રવર્તે છે એવો જો નિર્ણય ન હોય તો **'એકાગ્રતા સિદ્ધ થતી નથી;...'** કુંભારે આમ કર્યું, આવો ઘડો બનાવ્યો, ધોકો પડ્યો તો ઘડો તૂટી ગયો. મૂઢ છો. કેવી રીતે કર્યું તેં? પદાર્થનું લક્ષણ તો તને ખબર નથી. ઘડાના ઠીકરા થવાનો... ઠીકરા કહે છેને? શું કહે છે? ઠીકરા. ઠીકરાનો ઉત્પાદ, ઘડાનો વ્યય અને માટીની ધ્રુવતા પોતાના સમયમાં એક સમયમાં ત્રણ લક્ષણ પ્રવર્તે છે. શું તારા ધોકાથી અને તારી આંગળીથી થયું? તને પદાર્થનું ભાન નથી. પદાર્થનો તને બોધ નથી.

છ દ્રવ્ય અને નવ તત્ત્વ શું છે, એની તને ખબર નથી. જ્યાં ત્યાં અભિમાન. સાધુ થઈને અમે આમ કર્યું, આવું પુસ્તક બનાવ્યું, આવી વાણી કરી, લોકોને (આમ ઉપદેશ દીધો). કોણ કરે વાણી? સાંભળ તો ખરો, પ્રભુ! વાણી કરે કોણ? વાણી તો અનંત પરમાણુનો પિંડ છે. ભાષાવર્ગણામાંથી ઉત્પાદ થઈને વાણી થાય છે. શું તારામાં વાણી ભરી છે? વાડીભાઈ! શું છે આ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ જૂઠું કહે અને જૂઠી માન્યતા કરે. માન્યતા પણ જૂઠી કરે અને જૂઠું ખાય.

**'પદાર્થોના નિશ્ચય વિના એકાગ્રતા સિદ્ધ થતી નથી;...'** પદાર્થનું, જેવા ત્રણ લક્ષણથી પ્રવર્તનાર એમ ખ્યાલમાં પોતાની સ્વયંસિદ્ધ સ્વતંત્રતા ન હો તો એની શ્રદ્ધામાં આત્મા તરફ એકાગ્રતા કદી થતી નથી. આમ કરી દઉં, આમ કરી દઉં ને આમ કરી દઉં, બરાબર આચરણ કરું, શરીરની ક્રિયા બરાબર રાખું. લોકો ભાગી જાય. શરીરની ક્રિયામાં ખોટ પડે છે. એમ શરીરની કોઈપણ પર્યાયનો ઉત્પાદનો કર્તા થાય છે તે મૂઢ છે. અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય તો પણ

સાધુ નહિ, એ મિથ્યાદષ્ટિ મૂઢ જીવ છે. આ એની તો વાત ચાલે છે.

સાધુપદ કહો, એકાગ્રતારૂપ મોક્ષમાર્ગ કહો અને એ પદાર્થના નિશ્ચય વિના એકાગ્રતા થતી નથી. '**જેને પદાર્થોનો નિશ્ચય નથી...**' જુઓ! '**તે (૧) કદાચિત્ નિશ્ચય કરવાની ઈચ્છાથી આકુળતા પામતા ચિત્તને લીધે...**' હું પરનું કરી શકું છે કે નહિ અને પરથી મારામાં કંઈ થાય છે કે નહિ? ઉત્પાદ ઉત્પાદ પ્રત્યક્ષ દેખાય છે. જુઓ! આ બધા કહે છે કે નહિ અત્યારે પંડિત? પ્રત્યક્ષ દેખાય છે, ભાઈ! નિમિત્ત છે તો થાય છે. ના પાડે છે કે નિમિત્ત છે એટલે થાતું નથી. નિમિત્તના ઉત્પાદ-વ્યય-ધ્રુવ નિમિત્તમાં છે. પોતાના ઉપાદાનમાં પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવ પોતામાં છે. શું કર્યું નિમિત્તે? દેવીલાલજી! શું અભિમાન? મિથ્યાદષ્ટિનું અભિમાન કર્યું. મેં બનાવ્યું, હું બાંધું છું. મિથ્યાત્વમાં બંધાય છે.

'**જેને પદાર્થોનો નિશ્ચય નથી તે (૧) કદાચિત્ નિશ્ચય કરવાની ઈચ્છાથી આકુળતા પામતા ચિત્તને લીધે સર્વતઃ દોલાયમાન...**' અરે..! આનું ન થયું હોં! આવું ન થયું. મારે કરવું હતું, શરીરનું કરવું હતું, આમ કરવું હતું, મારે બે કલાક બોલવું હતું, અરે..! બોલાયું નહિ. શું તું બોલતો હતો? શું તારાથી બોલાય છે? ભાષાની પર્યાય ભાષાથી થાય છે. તારી ઈચ્છાથી નહિ, તારા જ્ઞાનથી નહિ, તારી વિચક્ષણતાથી નહિ. શોભાલાલજી! આ ભાષા-બાષા નથી ચાલતી, લ્યો. ડોલમાં પાણી કાઢે છેને ડોલથી? ડોલ કહે છે? શું કહે છે? બાલદી. શેઠ ત્યાં ન્હાવા જાય છેને? ... કહે છે કે બાલદીના એક એક પરમાણુ અને જળના એક એક પરમાણુ પોતાથી ક્ષેત્રાંતર થઈને રૂપાંતર થઈને ઉત્પાદ થાય છે. બીજો માને કે મારાથી થાય છે (તો) એને પદાર્થનો બોધ નથી. આગમ કહે છે એની એને શ્રદ્ધા નથી. અને શ્રદ્ધા વિના એની આત્મા તરફની એકાગ્રતા કદી થઈ શકે નહિ. આમાં તો ભાઈ ઉડાડી દીધું નિમિત્ત. ક્યાં ગયા પંડિતજી? આ બધા શું કહે છે? નિમિત્ત હોય તો ઉત્પાદ થાય, નિમિત્ત હોય તો ઉત્પાદ થાય. નિમિત્ત એના ઉત્પાદ વિનાનું છે? નિમિત્ત એના ઉત્પાદ વિનાનું છે કે તું એનો ઉત્પાદ કરી દે? અને તું બીજાનો કરી દે તો એ ઉત્પાદ વિનાનો છે? તું ઉત્પાદ વિનાનો છો કે બીજો તારો ઉત્પાદ કરી દે?

એ '**નિશ્ચય કરવાની ઈચ્છાથી આકુળતા પામતા ચિત્તને લીધે સર્વતઃ દોલાયમાન...**' સર્વતઃ. સર્વતઃમાં શું કહ્યું? બધા પદાર્થમાં. હું આમ બોલ્યો, મેં આમ કર્યું. આમ બોલ્યો હતો, આમ બોલ્યો હોત તો એને ધીરે ધીરે સમજાત, આમ બોલાયું. કોણ બોલે? ભગવાનજીભાઈ! કોણ બોલે આ? ઈ તો પુદ્ગલની ધ્વનિનો ઉત્પાદ થાય છે એ તો પરમાણુમાંથી ઉત્પન્ન થાય છે. પણ કઠણ વાત જગતને. ઉપાદાન અને નિમિત્ત, એક કાર્યના બે કારણ, એક કાર્યના બે કારણ. અહીં કહે છે કે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ પોતાના કારણે પોતામાં થાય છે, બીજાને કારણે કાર્ય થાય છે એ માન્યતા મિથ્યાદષ્ટિની છે. એને નવ તત્ત્વ અને છ દ્રવ્યની વાસ્તવિક શ્રદ્ધાનો એમાં અભાવ છે.

'**અત્યંત તરલતા...**' તરલતા નામ અસ્થિરતા. અરે..! હું આમ બનાવું, મેં આમ ધ્યાન

રાખ્યું નહિને, મેં ધ્યાન રાખ્યું નહિ. ધ્યાનનો અર્થ શું? એ તો તારી પર્યાયમાં જ્ઞાનની દશા છે. શું જ્ઞાનની પર્યાયથી તારી પરપદાર્થમાં કોઈ અવસ્થા ઉત્પન્ન થાય છે અને વ્યવસ્થા કરી શકે છે? તો એ ઉત્પાદ-વ્યય-ધ્રુવના લક્ષણ વિનાનો પદાર્થ છે કે તારાથી એમાં કાંઈ થાય? માંસ ખાય. પરિણામ વિપરીત થાય છે, મલિન. સાંભળ તો ખરો, પ્રભુ! એ ચારિત્રગુણ આત્મામાં થાય છે અને એની તે સમયે ચારિત્રગુણની વિપરીત પર્યાયની ગતિ ઉત્પન્ન થઈ, ઉત્પાદ, શું માંસે ઉત્પન્ન કરાવ્યો છે? માંસ છે, મોઢામાં છે. શું એણે ગૃદ્ધિ ભાવ ઉત્પન્ન કરાવ્યો છે? ગૃદ્ધિ ભાવ તો તારામાં તારે કારણે ઉત્પાદ થયો છે. માણસ એમ કહે કે આવું જો માનશે તો કોઈ માંસ ખાવાનું છોડશે નહિ. અરે..! ભગવાન! શું કરે છે?

શું એક રજકણની પર્યાય કરવાની આત્માની તાકાત છે? અને રજકણની પર્યાય છોડવાની આત્મામાં તાકાત છે? શું કરે? અને કોણ છોડે? વસ્તુની સ્થિતિ એની દૃષ્ટિ આવી નહિ તો મેં આમ ખાધું ને મેં આમ પીધું ને મેં છોડી દીધું, છોડી દીધું. શું છોડે? તારી વસ્તુમાં તારી પર્યાયનો ઉત્પાદ અને એ પદાર્થમાં એને કારણે ઉત્પાદ. પાટનીજી! બહુ ગોટા પણ આ તો. શેઠિયાએ ગોટા ઉઠાવ્યા છે અંદરથી.

**'અત્યંત તરલતા પામે છે,...'** તરલતા નામ અસ્થિરતા. અરે..! એનું આમ હશે કે નહિ? એ નિમિત્ત આવ્યું તો ઉત્પાદ થયોને? કુંભાર આવ્યો તો ઘડો બન્યોને? સ્ત્રી આવી તો રોટલી થઈને? ઘણ પડ્યો તો લોઢાનો આવો ઘાટ થયોને? રોટલી રોટલી લ્યો. લોટ છે. લોટમાં આમ આંગળી પડી તો એમાં ખાડો.. શું કહે છે? ખાડો પડ્યો કે નહિ? બિલકુલ નહિ.

મુમુક્ષુ :— દૃષ્ટાંત કઠણ પડે છે.

ઉત્તર :— દૃષ્ટાંત કઠણ પડે છે. અમારે પ્રેમચંદભાઈ કહે છે કે દૃષ્ટાંત કઠણ પડે છે. દૃષ્ટાંત કઠણ છે, કહે છે. પણ દૃષ્ટાંત વિના એને સમજાય નહિ. સમજાય છે કાંઈ? આ દાઢ છેને? દાઢ. આમ ... આમ થાય છે તો આત્માથી થાય છે? પરમાણુની પર્યાયમાં હલનચલન, ક્ષેત્રાંતર થવાની તે સમયે પર્યાય ઉત્પન્ન થાય છે. તે પોતાના લક્ષણથી ઉત્પન્ન થાય છે. આત્માથી નહિ અને આત્માની ઈચ્છાથી નહિ. બરાબર હશે શેઠ? આ બધું આખો દિ' કરો છોને? શું કહેવાય એને? મોટરું ને જીપ. જીપ, જીપ રાખે છે. આડેઅવળે જાવું હોય ખેતરમાં તો મોટર ન કામ આવે અટલે જીપ રાખે છે. અહીં કહે છે કે જીપના એક એક પરમાણુ પોતાની પર્યાયથી ઉત્પાદ થાય છે, પેટ્રોલથી નહિ. ઈ આવ્યું છે આપણે, વસ્તુવિજ્ઞાનસાર.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— વગર પેટ્રોલે જ ચાલે છે. સોનગઢ નહિ, ભગવાનની ગાડી. તને ખબર નથી પદાર્થની અવસ્થા. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્માની ગાડી અને એમણે કહેલો પદાર્થ, પરપદાર્થ વિના જ ચાલે છે. શું કહે છે? જુઓ!

ઉત્પાદ, શું એ મોટરમાં અને જીપમાં એક એક પરમાણુનો ઉત્પાદ પોતાથી થયો કે પેટ્રોલથી

ગતિ થઈ?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— અરે..! કુચો નીકળી જાય અંદર અને ચાલવાની યોગ્યતા ન હોય તો (બંધ પડી જાય). તો કૂચાથી છે? નહિ. એ પરમાણુની વર્તમાન પર્યાય ક્ષેત્રાંતર થવાની નહોતી તો પોતાને કારણે અટકી ગઈ છે. અને ચાલે છે તો એક એક પરમાણુ પોતાની પર્યાય ઉત્પાદ લક્ષણથી પ્રવર્તનારા પરમાણુ બીજાની અપેક્ષા રાખતા જ નથી. લ્યો, આ તો વળી નિરપેક્ષ આવ્યું. આ એક લક્ષણ પહેલું લીધું છે ૨૩૨ ગાથામાં. પંચપરમેષ્ઠી પરમાત્માએ જે આગમ કહ્યા અને આગમમાં પદાર્થનું આવું લક્ષણ અને સ્વરૂપ બતાવે છે. એવા પદાર્થનો જેને હજી નિર્ણય પણ નથી (એને સ્થિરતા થાય નહિ). કહેતું હતુંને કોઈ? કોણ? સોનગઢની મોટર પેટ્રોલ વિના ચાલે છે, અમારી મોટર પેટ્રોલ વિના નથી ચાલતી. અરે..! ભગવાન! સોનગઢની નહિ અને કોઈની નહિ. સાંભળ તો ખરો. કોઈની મોટર નથી. પરમાણુ પરમાણુનો છે. એક પરમાણુ એમાં જે પૈડું છેને? પૈડું, ચક્ર એ તો અનંત પરમાણુનો પિંડ છે. એક એક પરમાણુ પોતાની નવી નવી અવસ્થાથી આમ આમ ઉત્પન્ન થાય છે. બીજા પરમાણુને કારણે નહિ, બીજો સંચો આમ ચલાવે છે માટે નહિ.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— પર્યાયથી પણ નહિ. વર્તમાન પર્યાયનો ઉત્પાદ લક્ષણ પોતાથી થયો છે. કહ્યુંને? 'સ્થિરતા એક સમયમેં ઠાને, ઉપજે વિણસે તબ હી.' એક સમયમાં 'ઉલટ પુલટ ધ્રુવ સત્તા રાખે, યા હમ સુની ન કબ હી, અબધુ નટનાગર કી બાજી.' ભગવાન નટ, એ ત્રણ લોકમાં નાચી રહ્યો છે એ પોતાની પર્યાયને કારણે. બીજાને કારણે નહિ, કર્મને કારણે નહિ. કર્મના ઉત્પાદ-વ્યય કર્મમાં છે અને આત્માનો ઉત્પાદ-વ્યય આત્મામાં છે. ઓહો..હો..! કર્મનો ઉદય આવ્યો એટલે ભાઈ! અમારે વિકાર થયો. તારા ચારિત્રગુણનો ઉત્પાદ એ કાળે ક્યાં ગયો કે કર્મથી તારામાં ઉત્પાદ થયો? મૂઢ છો. આવું ક્યાંથી શીખ્યો? આગમ એમ કહેતા નથી, પદાર્થમાં એમ છે નહિ. આગમ એમ કહેતા નથી અને પદાર્થમાં એમ છે નહિ. કઠણ પડે પણ માણસને, હોં! વસ્તુવિજ્ઞાનસારમાં એ આવ્યું છેને પહેલા? દસ હજાર પુસ્તક છપાયા હતા વસ્તુવિજ્ઞાનસાર. પાંચ હજાર હિન્દી અને પાંચ હજાર ગુજરાતી. આખા હિન્દુસ્તાનમાં મફત (આપ્યા). આગમ શું કહે છે, તને ખબર નથી અને અમે જૈનના પંથમાં છીએ, વીતરાગના સેવક છીએ, ક્યાંથી આવ્યું? બાપની માળા ગણે, બાપની આજ્ઞા માનવી નહિ. પિતાની ખબર નથી કે મારા પિતા કોણ છે? એમ સર્વજ્ઞ-પિતાએ ત્રણ કાળ ત્રણ લોક જોઈને ત્રણ લક્ષણવાળો પદાર્થ જે કહ્યા તે પોતપોતાને કારણે ઉત્પાદ થાય છે અને પોતપોતાને કારણે વ્યય પલટી જાય છે. એવું ત્રિલક્ષણ જે દ્રવ્યમાં પ્રવર્તે છે એવી ગંભીરતાથી આગમમાં કહેવામાં આવ્યું છે. ગંભીર. કહો, એક વાત.

'**(૨) કદાચિત્ કરવાની ઈચ્છારૂપ જ્વર વડે પરવશ થયો થકો...** ' તાવ. જ્વર સમજ્યા? બુખાર આયા. હું શરીરને ચલાવું, વાણી બોલું, બીજાને મારું, બીજાને બચાવું એમ

કરવાની ઇચ્છાનો તને જ્વર થયો છે. તાવ આવ્યો છે તાવ. પાઠશાળા કરું, પાઠશાળા ... એક મકાન હતુંને તમારું? અમે જોવા આવ્યા હતા. ક્યાં? તમે લઈ ગયા હતા. ઈ ખબર છે, ખ્યાલમાં છે. મકાન દૂર હતું. કોણ બનાવે? કહે છે. આહા..હા..! એક એક પરમાણુ, હું એની પર્યાય બનાવું, કરું એવો મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વનો જ્વર થયો છે. મિથ્યાદૃષ્ટિનો જ્વર થયો છે, તાવ ચઢ્યો છે તને. સમજાય છે કાંઈ?

'(૨) **કદાચિત્ કરવાની ઇચ્છારૂપ જ્વર વડે...**' હું આમ કરું, શરીરને આમ કરું, દેશને આમ કરું, કુટુંબને આમ કરું, પુત્રને આમ બનાવું, મકાન આમ બનાવું, લક્ષ્મી આમ રાખું એમ કર્તાબુદ્ધિ થઈને '**પરવશ થયો થકો...**' પોતાની શક્તિમાં પોતાની સ્વતંત્રતા ખોતો થકો અને પરની સ્વતંત્રતાને ડુબાડતો તું મિથ્યાદૃષ્ટિ રૂપે પરવશ થતો જાય છે. બહુ વાત (સૂક્ષ્મ). સર્વજ્ઞ ભગવાનની વાણી... ઈ વળી કહે છે કે તમે ઉપદેશ કેમ આપો છો? કોણ દે છે? તને ખબર નથી. એ તો વાણીની ધ્વનિ નિકળવાને કારણે નીકળે છે. શું આત્મા ઉપદેશ કરી શકે છે? જ્ઞાન કરી શકે છે કે વાણી થાય છે, હું જાણનાર છું, ઇચ્છા થઈ તેનો જાણનાર છું. શું પરનું કરવાવાળો આત્મા છે? પણ આગમના બોધ વિના, પદાર્થના નિશ્ચય વિના કદાચિત્ કરવાની (અર્થાત્) કરું કરું કરું કરું.. આમ કરું, આમ કરું. એવા જ્વરથી '**પરવશ થયો થકો વિશ્વને...**' વિશ્વ નામ પોતાના આત્મા સિવાય બધા પદાર્થને. કર્મને, શરીરને, વાણીને, સ્ત્રીને, કુટુંબને, નાતને, દેશને '**સ્વયં સર્જવાને ઇચ્છતો થકો...**' સ્વયં સર્જવાને, સર્જવાને એટલે એની પર્યાયને ઉત્પન્ન કરવાની ઇચ્છા કરતો થકો.

સમસ્ત પદાર્થ. એક પદાર્થને કરવાની ઇચ્છા થઈ, કરી શકું છું તો ત્રણ કાળ ત્રણ લોકની પદાર્થની પર્યાયનો હું સર્જન કરવાવાળો છું એમ મિથ્યાદૃષ્ટિ કર્તા થઈને મિથ્યાશ્રદ્ધાને રગડે છે. મિથ્યાત્વભાવને રગડે છે, પણ પરનું તો કંઈ કરી શકતો નથી. જુઓ! આ શબ્દમાં બધા ભાવ પડ્યા છે એ વાત ખોલવામાં આવે છે. '**સ્વયં સર્જવાને...**' જુઓ! સ્વયં શું કહે છે? કે પર અનંત પદાર્થ આત્મા, જડ છે તેની પર્યાયનો એ પદાર્થ સર્જન કરવાવાળો છે. એ પદાર્થ સૃષ્ટિ નામ ઉત્પત્તિ પર્યાયનું સર્જન કરનારો છે. આ કહે કે હું પરનું કરી દઉં, વિશ્વની બધી પર્યાયને સર્જન કરવાવાળો કર્તાબુદ્ધિથી ઇચ્છા કરતો થકો '**વિશ્વવ્યાપારરૂપે (—સમસ્ત પદાર્થોની પ્રવૃત્તિરૂપે) પરિણમતો હોવાથી...**' બધા પદાર્થની પર્યાયને કરવાની મારામાં તાકાત છે. હું કર્તા છું, પરનો કર્તા છું.

'**પ્રતિક્ષણ ક્ષોભની પ્રગટતાને પામે છે,...**' પ્રતિક્ષણ ક્ષોભ.. ક્ષોભ... ક્ષોભ... સમજાય છે કાંઈ? ઘરનું માણસ હોય, કામ કરી શકે નહિ. આવું કામ કરો, આવું કામ કરો. એમ કર્તાનું અભિમાન કરીને મિથ્યાત્વભાવનો ક્ષોભ એને ઉત્પન્ન થાય છે. બરાબર હશે આ વાત? હુશિયાર માણસ તો દુકાનનું કરી શકતા હશે કે નહિ? કહે છે કે કરવાનો તારો અભિપ્રાય છે એ ક્ષોભ, મિથ્યાત્વનો ક્ષોભ છે. સમસ્ત વિશ્વને પોતાનું બનાવ્યું. વિશ્વ એનું છે? અનંત પદાર્થ અનંત

પદાર્થના છે. એક પદાર્થની પર્યાયનો હું ઉત્પાદ કરનારો, ઘડાને ઉત્પન્ન કરનારો કુંભાર એમ માનનાર સમસ્ત પદાર્થનો ઉત્પાદ મારાથી થાય છે એમ મિથ્યાત્વના ક્ષોભમાં પડ્યો છે. તાવ ચડ્યો છે. ભાવજ્વર. ૧૦૮ ડિગ્રી. આહા..હા..! ભારે વાત ભાઈ! હું આહાર છોડી દઉં. આહાર આહારને ટાણે હો. આહારની પર્યાય જડની છે એ તો એને કારણે અહીં આવતી હોય તો તેને કારણે ત્યાં જાય છે. શું તારે કારણે આવતી હતી? પણ કર્તાબુદ્ધિ હતી કે અમને આવું ન ખપે, અમે આવું નથી ખાતા. એમ પરપદાર્થની પર્યાયની કર્તાબુદ્ધિ થઈને મિથ્યાત્વના ક્ષોભમાં ભમે છે. એને સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબર નથી. સમજાય છે કાંઈ? ધર્મચંદજી! શું છે? બીજામાં કાંઈ થાશે કે નહિ?

'પ્રતિક્ષણ...' દેખો, સમય સમયે, સમય સમયે. એક પણ પરપદાર્થનું કાર્ય મારાથી થાય, હું છું તો આમ થયું અને આમ થયું તો મારી સહાયથી થયું એવી કર્તાબુદ્ધિવાળો પ્રતિક્ષણ ક્ષોભની પ્રગટતાને પ્રાપ્ત થાય છે. ક્ષોભને પ્રગટ કરે છે. પરની પર્યાયને પ્રગટ નથી કરતો એમ કહે છે. પણ ક્ષોભને પ્રગટ કરે છે.

પહેલા આવ્યું કે પદાર્થના નિશ્ચય વિના આકુળતા થાય છે નિશ્ચય કરવામાં અને કર્તાબુદ્ધિથી ક્ષોભ થાય છે. હવે ભોક્તાબુદ્ધિની વાત આવશે. પહેલા કર્તાની વાત કરી. અજ્ઞાનીને પદાર્થનો ઉત્પાદ-વ્યય સમયે સમયે થાય છે બધામાં સ્વતંત્ર, એની ખબર નથી તો ભોક્તામાં પણ ભૂલ કરે છે. એ વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ-૬, બુધવાર, તા. ૫-૯-૧૯૬૨
## ગાથા-૨૩૨, પ્રવચન-૨

આ પ્રવચનસારની ૨૩૨ ગાથા ચાલે છે. એમાં મોક્ષમાર્ગનો અધિકાર છે. શું કહે છે? આગમના અભ્યાસ વિના.. સર્વજ્ઞ પરમાત્મા જેને એક સેકંડના અસંખ્યમા ભાગમાં પોતાની સર્વજ્ઞશક્તિ જે પોતામાં હતી એ અંતરમાં એકાગ્ર થવાથી પરમાત્મા થયા. એની વાણીને આગમ કહે છે. એ આગમના અભ્યાસ વિના પદાર્થનું શું સ્વરૂપ છે એનો નિશ્ચય થઈ શકે નહિ. અને નિશ્ચય વિના અનિશ્ચયી જીવને નિશ્ચય કરવાની આકુળતા રહે છે તો એ કારણે તે દુઃખી થાય છે.

આત્મા અંતર સ્વભાવે તો શુદ્ધ ને આનંદ ને પવિત્ર છે. પણ એની વર્તમાન દશામાં ભૂલ છે. ભૂલ જો ન હોય તો વર્તમાન એને આનંદનો, અતીન્દ્રિય આનંદનો વર્તમાનમાં અનુભવ-વેદન

હોવું જોઈએ. અને અંતર સ્વભાવ જો શુદ્ધ અને આનંદ ન હોય, પ્રગટ આનંદ અંતરમાં ન હોય તો ક્યાંથી આવશે? સમજાય છે કાંઈ? તો અંતર સ્વરૂપ તો શુદ્ધ ચૈતન્ય આનંદઘન અખંડાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. પણ પર્યાયમાં—અવસ્થામાં—હાલત, હાલત દશામાં—હું કોણ છું? અને રાગ શું છે? પર શું છે? એનો નિશ્ચય અનાદિ કાળથી નથી કર્યો. સમજાય છે કાંઈ? અને એ નિશ્ચય કર્યા વિના વસ્તુનું સ્વરૂપ સમજાતું નથી અને એ નિશ્ચય, આગમ વિના નિશ્ચય થતો નથી. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથે જે આગમ કહ્યા એ વિના નિશ્ચય થતો નથી.

તો કહે છે કે અનિશ્ચયવંતને નિશ્ચય કરવાની આકુળતાથી દુઃખી છે. બે બોલ ચાલ્યા છે. જેને એવું ભાન નથી કે આ આત્મા... આગમથી આમ કહે છે કે આત્મા પરદ્રવ્યની ક્રિયાનો કર્તા નથી. શરીર, વાણી, મન, પરદયા આદિની ક્રિયા આત્મા કરી શકતો નથી.

મુમુક્ષુ :— ક્યારે?

ઉત્તર :— અત્યારે. ક્યારે શું? આત્મા સિવાય અનંત અન્ય પદાર્થ છે. એક જ આત્મા છે એમ નહિ. અનંત છે એની ક્રિયાનું પલટવું આત્મા નથી કરી શકતો. શોભાલાલજી! એ તો ... કહેતા હતા. એણે કહ્યું હતું, આજે બપોરે આવ્યા હતા. અજ્ઞાનભાવે પણ બીજાનો કર્તા થઈ શકતો નથી. એની જેને ખબર નથી તે આગમનો અભ્યાસ કરે તો ખબર પડે. એ વિના ખબર પડતી નથી. ઈ આવ્યું છે.

‘**સ્વયં સર્જવાને ઈચ્છતો થકો વિશ્વવ્યાપારરૂપે (--સમસ્ત પદાર્થોની પ્રવૃત્તિરૂપે) પરિણમતો હોવાથી પ્રતિક્ષણ ક્ષોભની પ્રગટતા પામે છે,...**’ આત્મા ત્રણ કાળ ત્રણ લોકમાં ખરેખર આંખની પાંપણ ફરે છે એ પણ આત્મા કર્તા છે એટલે ફરે છે એમ નહિ. ઓહો..હો..!

મુમુક્ષુ :— નિમિત્ત તો થાય.

ઉત્તર :— નિમિત્તનો અર્થ શું? એ કાર્ય એમાં થાય તો નિમિત્ત કહેવામાં આવે છે રાગાદિને. વસ્તુ—પદાર્થ તો નિમિત્ત છે જ નહિ. સમજાય છે કાંઈ? હું કરું.. હું કરું.. હું કરું... ‘હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે’. શકટ નામ ગાડું, ગાડું. એની નીચે કૂતરો હોય તો (એમ માને છે કે) હું ચલાવું છું. એમ કૂતરાને લાગે છે. એમ અજ્ઞાની, આત્માના સ્વભાવમાં તો પરના કર્તૃત્વનો અભાવ છે, પણ અજ્ઞાનપણે, હું બધું કરું છું, વેપાર, ધંધા, શરીર, વાણી, મન, બાહ્ય પદાર્થની વ્યવસ્થા મારી ઉપસ્થિતિમાં બધા કાર્ય થાય છે—એમ અજ્ઞાની મૂઢ મિથ્યાદષ્ટિ માને છે. કહો, બરાબર છે? ભગવાનજીભાઈ! કોણ કરતું હશે આ? આ મોટા ધંધા ચાલતા હશે આફ્રિકામાં એનાથી ચાલતા હશે?

મુમુક્ષુ :— ત્યાં ચાલે છે.

ઉત્તર :— વાતેય સાચી. તમે અહીં બેઠા છો અને ત્યાં ચાલે છે. જો તમારાથી ચાલતું હોય તો ત્યાં અહીં આવ્યા પછી ચાલે નહિ. આ નવનીતભાઈ અહીં બેઠા (છે) અને એનો પાવર હાઉસ ચાલે છે અને આ શેઠ અહીં બેઠા છે અને ન્યાં બીડીનું કારખાનું ચાલે છે, કાંઈ અટક્યું નથી.

સર્વજ્ઞ પરમાત્મા આગમમાં કહે છે કે હે આત્મા! અમે કહીએ છીએ એવો નિશ્ચય કર્યા વિના તારી કર્તૃત્વબુદ્ધિ મટશે નહિ. હું કરું, પરની દયા હું પાળું, પરની હિંસા કરું, હું મકાન બનાવું, હું મંદિર બનાવું. મંદિર તો આત્મા બનાવી શકે કે નહિ? શુભભાવ થાય છે. કરી શકે શું? ત્રણ કાળ ત્રણ લોકમાં પરપદાર્થની ક્રિયા કરવામા માટે આત્મા પંગુ છે. પંગુ છે, પંગુ. પણ અજ્ઞાનીને ખબર નથી અને માની લ્યે છે કે મેં આહાર છોડી દીધો, આહાર લઈ લીધો, આવો આહાર મેં કર્યો, આવો ન કર્યો. એમ મિથ્યાદૃષ્ટિ પરપદાર્થના કાર્યનો કર્તા માને છે. ભાવ કરે છે, રાગ. આઘુપાછું નથી કરી શકતો એ વાત છે. વાત જ એવી છે, ભારે ઝીણી વાત, ભાઈ! રાગના કાળમાં રાગ આવ્યો એને હું કરું એવી માન્યતા છે. ખરેખર તો રાગનું કર્તવ્ય આત્માના સ્વભાવની દૃષ્ટિથી નથી. ચિદાનંદમૂર્તિ પોતાની દૃષ્ટિ થઈ તો રાગ આવ્યો, આવે છે, પણ કરી શકે છે કે હું આવું બનાવું. શું બનાવે? આવે છે એને બનાવવું શું અને ન આવે એને કરવું શું? અનંત કાળથી પદાર્થ ચૈતન્ય શું એની એણે એક સેકંડ પણ ઓળખાણ કરી નહિ.

તો કહે છે કે '**પ્રતિક્ષણ ક્ષોભની પ્રગટતા પામે છે,...**' મેં આમ બનાવ્યું, અરે..! હું નહોતો તો કામ બગડી ગયું, જો હું હોત તો એટલું બગડત નહિ. અભિમાન મિથ્યાદૃષ્ટિનું. શરીરની પાંપણ હલે છે તો પોતાથી નહિ, આંગળી આમ હલે છે એ આત્માથી નહિ, ઈચ્છાથી નહિ. એ જડના કાર્ય-જડની પર્યાય એનો જડ કર્તા છે. અજ્ઞાની એમ નહિ માનીને, પરનું કર્તૃત્વ માનીને મૂઢતા સેવે છે. એ મૂઢતાનો નાશ આગમનો અભ્યાસ, તત્ત્વનું ભાન થાય તો એનો નાશ થાય છે. કહો, બરાબર હશે? તો આ બધું કરે છેને? હુશિયાર માણસો બધા આ છાપખાના ને કેટલું ચલાવે છે? પુસ્તકો પાના બરાબર (ગોઠવે), શું કહેવાય એના ટાઈપને? કંપોઝ કરે, બરાબર કરે. આમ કરતા (હશે કે નહિ)? અરે..! ભગવાન! સાંભળ તો ખરો. એ કંપોઝનો એક 'ક' એ અનંત પરમાણુનો એક સ્કંધ છે. અનંત પરમાણુના પિંડની એ ક્રિયા છે. આત્મા કહે કે મેં એમાં ગોઠવ્યું. મૂઢ છે. મિથ્યાદૃષ્ટિ તારી દૃષ્ટિમાં મોટું ગાંડપણ છે. બરાબર છે? કહે છે કે અજ્ઞાનીને ખબર નથી. હું કર્તા, કર્તા, કર્તા, જ્યાં હોય ત્યાં હું કર્તા એમ માનીને દુઃખી થાય છે.

'**(૩) કદાચિત્ ભોગવવાની ઈચ્છાથી ભાવિત થયો થકો...** ' અરે..! ભગવાન! શું આત્મા સ્ત્રીને ભોગવી શકે છે? લાડવા, દાળ, ભાત આત્મા ભોગવી શકે છે? ત્રણ કાળ ત્રણ લોકમાં નહિ. અજ્ઞાનીને ખબર નથી કે હું શું ભોગવું છું અને શું ભોગવવાની મારી વસ્તુ છે? ખરેખર તો રાગ અને હરખ-શોકના વિકલ્પ જે ઉઠે છે એ પણ મારું ભોગ્ય છે અને હું ભોક્તા છું- એ દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિની, અજ્ઞાનીની વાત છે. સમજાય છે કાંઈ? તો આ તો હજી હું સ્ત્રીને ભોગવું છું. ભઈ, લક્ષ્મી મળી તો ભોગવે છે. મકાન, બંગલા બનાવ્યા તો ભોગવે છે, અને પૈસા મળ્યા તો ભોગવવા પડે. કોને ભોગવવું છે તારે?

મુમુક્ષુ :— એનો ઉપયોગ તો કરે.

ઉત્તર :— કોનો ઉપયોગ કરે છે? જડનો. વિષ્ટાનો ઉપયોગ વ્યવસ્થા આત્મા કરી શકે છે?

જડ પરપદાર્થ છે એની અવસ્થા તે સમયે જે થવાની છે તે પરથી થાય છે. આ કહે કે મેં આવું બનાવ્યું ને આવું ખાધું. દાળ, ભાત, શાક, લાડવા, શું કહેવાય? માવાના જાંબુ, ગુલાબજાંબુ માવાના બને છેને? મેં ખાધા. મૂઢ છે. મિથ્યાદષ્ટિ (છો), તને તત્ત્વની ખબર નથી. સર્વજ્ઞ પરમાત્મા આગમ દ્વારા પદાર્થની જે વ્યવસ્થા, અસ્તિત્વ, સ્થિતિ કહે છે એની તને ખબર નથી. મેં આમ ભોગવ્યું. પૈસા આવ્યા, મકાન બનાવ્યું, આમ હવે ... મકાન ભોગવું છું, લક્ષ્મી ભોગવું છું અને કપડા ભોગવું છું, ઝવેરાત-દાગીના (ભોગવીએ છીએ). શું છે? પરપદાર્થ શું આત્મા ભોગવી શકે છે ત્રણ કાળ ત્રણ લોકમાં? હા, તે સમયે એને રાગ અને દ્વેષ જે વિકલ્પ ઉઠે છે તેને ભોગવી શકે છે. દાળ, ભાત નહિ. શેઠ! બરાબર છે? લાડવા-બાડવા? આહા..હા..!

આગમના અભ્યાસ વિના તત્ત્વની વ્યવસ્થાની શું સ્થિતિ છે એની ખબર નથી. જ્યાં હોય ત્યાં ઝુકાવ, મેં આવું ખાધું, મેં આવું પીધું, હું આમ બોલ્યો, અને હું બરાબર પથ્ય રાખું છું કે જેથી નિરોગતા રહે. શું પ્રભુ! તું પરપદાર્થનું પથ્ય રાખી શકે છે? અને પરપદાર્થને તું છોડી શકે છે? ત્રણ કાળ ત્રણ લોકમાં નહિ. એને અજ્ઞાનનું અભિમાન ઘુસી ગયું છે. મેં આમ ભોગવ્યું, આવું ખાધું, આવું અનુભવ્યું. તો કહે છે કે '**ભોગવવાની ઈચ્છાથી ભાવિત થયો થકો...**' અજ્ઞાનમાં ભવન થયું થકું વિકારની મિથ્યાદષ્ટિની પર્યાય પ્રગટ કરતો થકો '**વિશ્વને સ્વયં ભોગ્યપણે...**' આખું વિશ્વ મને ભોગ્ય છે, હું એનો ભોક્તા છું એમ અજ્ઞાની માને છે. આ લક્ષ્મીવાળા તો લક્ષ્મીને ભોગવી શકે કે નહિ? મલૂકચંદભાઈ! જડને ભોગવે ઈ ભાગ્યશાળી. કોણ ભોગવી શકે છે? જડની પર્યાય દાળ, ભાત, શાક, સ્ત્રી, કુટુંબ, પરિવાર, મકાન, લક્ષ્મી એ તો પરવસ્તુ છે. શું પરવસ્તુની પર્યાય, જે ગતિ થાય છે, પરિણમન એ તારામાં આવે છે? તારામાં એ ભોગવવાનો ભાવ આવે છે, એ પર ચીજનું ભોગવવું છે? તારામાં, હું પરને ભોગવું છું એવો વિકલ્પ જે રાગ (થાય), એ રાગનો ભોક્તા અજ્ઞાની અજ્ઞાનભાવમાં છે. સેઠી! લાડવા-બાડવા સારા થયા હોય તો ખુશી થઈ જાય. રાગનો અનુભવ કરે છે. પર ચીજનો અનુભવ તો કરી શકતો નથી. ખબર નથી. પરતત્ત્વથી મારું તત્ત્વ જ નિરાળું છે અને મારા તત્ત્વથી એ પરતત્ત્વ નિરાળું છે. આવો અજ્ઞાની એમ માને કે હું કરું છું, ક્રિયા કરું છું, હું ધર્મ કરું છું, હું સામાયિક કરું છું ને હું પોષા કરું છું. પણ હું ખાઈ શકું છું, પર ચીજને ભોગવી શકું છું. મૂઢ મિથ્યાદષ્ટિ છે.

મુમુક્ષુ :— ....

ઉત્તર :— પાંચ ખપે છે અને પછી આ નથી ખપતું. પાંચ શાક ખપે છે અને બીજું નથી ખપતું. શું ખપે છે? હજી તને રાગ ખપે છે, પર તો ખપતું જ નથી. રાગ મંદ હોય તો પુણ્યબંધ થશે. એમાં ધર્મ ક્યાં આવ્યો? હું પરને ખાઉં છું એ છોડી દીધું એવી દષ્ટિ પડી છે ત્યાં સુધી તો મિથ્યાદષ્ટિ મૂઢ છે. મિથ્યાદર્શન શલ્યને સેવે છે. અશુભભાવ છે મિથ્યાત્વનો. અને એમાં રાગની મંદતા કોઈ આહાર છોડવામાં મંદ થઈ તો પુણ્ય છે. તો હું પુણ્યનો ભોક્તા અને હું પરનો ભોક્તા એવો મિથ્યાત્વભાવ આવ્યો એનો ભોક્તા અજ્ઞાનભાવે અજ્ઞાની થાય છે. પણ પરનો ભોક્તા તો

આત્મા થઈ શકતો નથી.

અજ્ઞાની... દેખો! **'ભોગવવાની ઈચ્છાથી ભાવિત થયો થકો...'** ભાવ કરતો થકો. પરને ભોગવી શકતો નથી. આત્મા અરૂપી જડ રૂપી વસ્તુને શું ભોગવે? આહા..હા..! સુંવાળી ચીજ, નરમ ચીજ આમ આવી. આહા..હા..! આજે બહુ મજા આવી. શેની? અજ્ઞાનની. બરાબર હશે? જગુભાઈ! વ્યવહારે તો ખાઈ શકતો હશે કે નહિ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ધૂળમાંય આવતું નથી. એ તો વ્યવહારે ખાઈ શકે એટલે? એને ઈચ્છા હતી અને એ ક્રિયા થઈ તો ઈચ્છા નિમિત્ત જોઈને બોલવામાં આવે છે. અસદ્‌ભુત વ્યવહાર જૂઠા નયથી કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એક પરમાણુ કે એક રોટલીનો ટૂકડો પણ આત્મા ખાઈ શકતો નથી. (ખાઈ શકું છું) આવી માન્યતામાં એને ક્ષણે ક્ષણે મોટું મિથ્યાત્વનું પાપ લાગે છે. ભારે ઝીણી વાત ભાઈ! હવે ખાવું કે ન ખાવું? અમારે એક.... હતા, ઈ કહેતા, લ્યો. જ્યારે મહેમાન આવે, મહેમાન કહે છેને? તો અમારે ચા પાવી કે નહિ? દીકરોનો સાસરો આવે એને લાડવા-બાડવા ખવડાવવા કે નહિ? કોણ કરે છે? સાંભળ તો ખરો. એ તો તે સમયે થવાવાળી ચીજની ક્રિયા થાય છે. તારાથી કદી ત્રણ કાળમાં થતી નથી. ભારે અભિમાન પણ મિથ્યાત્વનું. દેવીલાલજી! શું હશે? સ્ત્રી તો બરાબર દાળ, ભાત, રોટલી કરીને ખવડાવી શકે કે નહિ?

મુમુક્ષુ :— ... પહેલા નક્કી કરે...

ઉત્તર :— ઈ તો પહેલા આવ્યું. કરી શકતો નથી અને ભોગવી પણ શકતો નથી. એવો ચૈતન્યમૂર્તિ પ્રભુ છે એની જેને ખબર નથી તે ભોગવવાની ઈચ્છામાં ભાવિત.. ભાવિત.. ભાવિત થયો થકો **'વિશ્વને સ્વયં ભોગ્યપણે ગ્રહણ કરીને,...'** બધા પદાર્થ. વિશ્વ એટલે બધા પદાર્થ, આત્મા સિવાય બધા. કર્મને પણ આત્મા ભોગવતો નથી. કર્મ તો જડ છે, માટી છે, ધૂળ છે. ધૂળની પર્યાય ધૂળ છે. શું આત્મા ભોગવી શકે છે કર્મને? મૂઢ મિથ્યાદૃષ્ટિ માને છે કે મેં જેવા કર્મ કર્યા એવા મારે ભોગવવા પડે. શું ભોગવવું છે? જડને ભોગવવું છે તારે? શું ભોગવી શકે છે? હા, તારામાં રાગ-દ્વેષ થાય છે એ રાગ-દ્વેષને અજ્ઞાનભાવે ભોગવ. રાગ થયો, દ્વેષ થયો, પ્રતિકૂળતામાં દ્વેષ થયો, અનુકૂળતામાં રાગ (થયો), એ રાગ-દ્વેષનો ભોક્તા આત્મા અજ્ઞાનભાવે છે. સમ્યગ્દર્શનના ભાવે તો આત્મા રાગ-દ્વેષનો પણ ભોક્તા નથી. સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્મી પરનો ભોક્તા તો નથી, પણ એ હરખ-શોકનો વિકલ્પ ઉઠ્યો એ મારા જ્ઞાનનું જ્ઞેય છે, જ્ઞાનમાં જાણવાલાયક છે. હું ભોક્તા અને રાગ-દ્વેષ ભોગ્ય છે એમ જ્ઞાની ધર્મી સમ્યગ્દૃષ્ટિ માનતો નથી. બરાબર હશે આ વાત? એને કાને પડે નહિ, વિચારે નહિ, શું તત્ત્વ છે? બસ, આપણે ખાઈ શકીએ છીએને? પથ્ય લઈ શકીએ છીએને. વૈદ્ય કહે કે આવું નહિ ખાવું. તો હું નથી ખાતો. અને બરાબર હળવે હળવે ચાલવું. તો શ્વાસ બહુ ન ચાલે તો આયુષ્ય વધી જાય અને જીવન ટકી જાય. મૂઢ છો.

મુમુક્ષુ :— અકાળ મૃત્યુ...

ઉત્તર :— અકાળ મૃત્યુ, ક્યાંથી અકાળ મૃત્યુ આવ્યું? જે સમયે દેહ છૂટવાનો કાળ છે તે સમયે છૂટશે. આઘોપાછો એક સમય નથી. ભગવાને જોયું છે કે એ દેહ અને આત્મા આ સમયે છૂટશે, આ સમયે છૂટશે. આઘું પાછું, આઘુંપાછું કહે છેને? આગે પીછે એક સમયમાત્ર પણ દેહનું છૂટવું થાય, ફેરફાર થાય, પથ્ય રાખું તો આયુષ્ય વધી જાય, અપથ્ય ખાઉં તો મરી જાઉં—એવી માન્યતા મૂઢ જીવની પરને ભોગવવામાં પડી છે. પોતાની દૃષ્ટિ... પોતાનો આત્મા એ કરતો નથી. સમજાય છે કાંઈ?

'**સ્વયં ભોગ્યપણે ગ્રહણ કરીને, રાગદ્વેષરૂપ દોષથી...**' કરે છે રાગ અને દ્વેષ. રોટલી સારી લાગી તો રાગ થયો, કાંકરી અંદર આવી તો ઉં..હું.. દ્વેષ થયો. બસ, બીજી કોઈ ચીજને રોટલીને ભોગવી શકે છે, કાંકરીને ભોગવી શકે છે અને સાકરના ગાંગડાને ભોગવી શકે છે (એમ ત્રણ કાળમાં નથી). આ દાંત દ્વારા ટૂકડા તો કરી શકે કે નહિ? શું ટૂકડા (કરે)? દાંત જ તારી વસ્તુ નથી, એ તો જડ છે. જડના ટૂકડા શું પર કરી શકે છે? તું તો કરી શકતો નથી, દાંત રોટલીના ટૂકડા કરી શકતા નથી. આહા..હા..! આ દાંત ટૂકડા ન કરી શકે? જડ બીજી ચીજ છે, રોટલી બીજી ચીજ છે. શું બીજી ચીજનું કાર્ય બીજી ચીજ કરી શકે છે? તને અજ્ઞાનનો મિથ્યાશ્રદ્ધાનો ભ્રમ પડ્યો છે.

તો કહે છે, અજ્ઞાની અનાદિ કાળથી '**રાગ-દ્વેષરૂપ દોષથી કલુષિત ચિત્તવૃત્તિને લીધે...**' મલિન ચિત્ત થાય છે. મેં ખાધું, મેં પીધું, મેં આમ કર્યું એવા મલિન ભાવને સેવે છે. '**ઈષ્ટ-અનિષ્ટ વિભાગ વડે...**' દેખો! શું કરે છે? '**દ્વૈતને પ્રવર્તાવતો થકો...**' આ ચીજ સારી છે અને આ ચીજ સારી નથી. ચીજમાં સારું નરસું છે જ નહિ. ચીજ તો એક જ્ઞાતાનું જ્ઞેય છે, જ્ઞેય જાણવાની ચીજ છે. પણ એમાં મિથ્યાદૃષ્ટિ મૂઢ બે ભાગ પાડે છે કે આ ચીજ ઈષ્ટ છે, આ ચીજ ઈષ્ટ નથી. એમ ઈષ્ટ-અનિષ્ટનો વિભાગ (કરે છે). જે પરવસ્તુ આત્માનું જ્ઞાતાનું જ્ઞેય જાણવાલાયક એકરૂપ છે એમાં મિથ્યાદૃષ્ટિ વિભાગ પાડે છે. આ છોકરો સારો છે, આ રોટલી સારી છે, આ દાળ સારી નથી, આ મકાન સારું નથી, એ ભોગવવા લાયક નથી, આ ભોગવવા લાયક છે. એમ અજ્ઞાની ઈષ્ટ-અનિષ્ટના વિભાગ દ્વારા '**દ્વૈતને પ્રવર્તાવતો થકો...**' વસ્તુ તો જ્ઞેય છે એકલી અને આત્મા એનો જાણનાર-દેખનાર છે, બસ! આટલું સ્વરૂપ છે.

અજ્ઞાનભાવે '**દ્વૈતને પ્રવર્તાવતો થકો...**' વસ્તુ એક પ્રકારની છે એમાં બે ભાગ પાડી દે છે. સમજાય છે કાંઈ? દાળ-ભાત હો કે વિષ્ટા હો કે લાડવા હો કે કપડા હો કે દાગીનો હો, બધા પરપદાર્થ, આત્મા જ્ઞાતા અને પરપદાર્થ જાણવાલાયક જ્ઞેય છે. એમ નહિ માનીને મિથ્યા અજ્ઞાની અંધકારમાં પડ્યો બે ભાગ કરી નાખે છે. ઓહો..હો..! આ કપડા સારા, આ સ્ત્રી સારી એમ કોઈ માને છે કે નહિ? અમારી આ જૂની સ્ત્રી હતીને, બહુ લક્ષ્મી આવતી હતી. અમારા ઘરમાં આવી તો લક્ષ્મીનો ભંડાર ભરાઈ ગયો. આ નવી આવી છપ્પરપગી, જ્યારથી આવી છે ત્યારથી લક્ષ્મી ચાલી જાય છે. અરે..! ભગવાન! તેં ક્યાંથી એવું માન્યું? મૂઢ છો. એ તો પરની ક્રિયા સ્વતંત્ર

થવાની હતી એવી થઈ છે. શું કોઈ સ્ત્રીને કારણે થઈ છે? અરે..! ભાઈ! સારી ચીજ કોઈ મંગળિક એક ચીજ પહેલી આવેને... એક માણસ કહેતો હતો, એક નોટ, મંગળિકની નોટ હતી. પહેલી નોટ આવી હતી મંગળિકની, પહેલી. ઈ નોટ અમે કોઈને ન દઈએ. મંગળિકની નોટ હશે કોઈ? બેસતા વર્ષને દિવસે કાંઈક મળ્યું હશે. ઈ નોટ સંગ્રહી રાખીએ કે જેથી પછી ઘરમાં અભરાઈ ભરાય. ધૂળમાંય અભરાઈ ભરાતી નથી. સાંભળ તો ખરો. અને આ એક અમારા ઘરમાં પુત્ર આવ્યો છેને ત્યારથી શું થયું? એક પછી એક આપત્તિ જ આવે છે. શું એ ચીજ અનિષ્ટ છે કે તને આપત્તિ આવે છે? તારી માન્યતામાં ભ્રમણા પડી છે.

જગતની ચીજ ઈષ્ટ-અનિષ્ટ નથી એમાં ઈષ્ટ-અનિષ્ટના બે ભાગ પાડીને ઈષ્ટ ભોગવવા લાયક છે, અનિષ્ટ ભોગવવા લાયક નથી. એમ વિભાગ કરીને '**પ્રત્યેક વસ્તુરૂપે પરિણમતો હોવાથી...**' જે જે વસ્તુ જોવે છે, વસ્તુને પરિણમિત કરે છે? વસ્તુરૂપ તો પરિણમતો નથી પણ વસ્તુને જોઈને રાગ-દ્વેષરૂપ પરિણમે છે. છેને? '**પ્રત્યેક વસ્તુરૂપે પરિણમતો હોવાથી...**' જુઓ! ભાષા તો આવી છે. તો શું આત્મા પર વસ્તુરૂપે પરિણમે છે? પોતાનો સ્વભાવ છોડી દીધો, હું જ્ઞાતા છું, હું તો જગતનો દૃષ્ટા છું એમ ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ આત્માને જોયો. એવો હું છું. એમ નહિ જાણીને જગતના પદાર્થમાં બે ભાગ પાડીને એ રાગ-દ્વેષરૂપે પરિણમે છે.

'**અત્યંત અસ્થિરતાને પામે છે,...**' ઝટ ખાઉં, ઝટ લઈ લઉં, ભજીયા ખાઉં, સાકર ખાઉં. એક રાજા હતોને? એ ખાતા ખાતા પાંચ ઈન્દ્રિયના વિષય ભોગવતો હતો. ભોગવતો હતો એટલે અજ્ઞાન કરતો હતો. એક કોર વેશ્યા નચાવે, એક કોર બાગના ફૂલ, એક કોર સુગંધ, એક કોર ખાવાની વસ્તુ.. પાંચેય ઈન્દ્રિયના વિષય એકસાથે લઈ લઉં. ક્યાં ગયા માસ્તર? મહમદ બેગડો, એને ખબર છે. ઈતિહાસમાં આવે છે. મહમદ બેગડો એને ઈતિહાસમાં આવે છે. એક ક્ષણમાં ખાતો હોય ત્યારે પાંચેય ચીજ (હાજર હોય). ધૂળમાંય નથી ભોગવી શકતો. આકુળતા.. આકુળતા '**અસ્થિરતાને પામે છે,...** '

'**તેથી (પૂર્વોક્ત ત્રણ કારણોને લીધે)...**' ત્રણ કારણ થયાને? કે પદાર્થ શું છે એનો નિશ્ચય નથી કરતો તો નિશ્ચય કરવાની આકુળતા, પદાર્થને હું કરી શકતો નથી તો કર્તાપણાની આકુળતા અને ભોગવી નથી શકતો તો ભોગવવાની આકુળતા. એમ '**તે અનિશ્ચયી જીવ...**' જેને નિશ્ચય નથી, તત્ત્વ શું છે પરનો હું કર્તા ભોક્તા છું કે નહિ, ખબરેય નથી. એવો જીવ '(૧) **કૃતનિશ્ચયી (નિશ્ચયવંત),...**' ભગવાન આત્મા કૃતનિશ્ચયી છે. શું? હું તો આત્મા રાગનો પણ કર્તા નહિ, શરીરનો પણ કર્તા નહિ, સ્ત્રીનો ભોક્તા હું નહિ, દેશ, મકાનનો હું ભોક્તા નહિ, મારું જ્ઞાન, આનંદ સ્વરૂપ છે એવો કૃતનિશ્ચયી આત્મા તેને પામતો નથી.

'(૨) **નિષ્ક્રિય,...**' ભગવાન તો રાગથી રહિત છે. આહા..હા..! રાગથી રહિત છે તો પરનો કર્તા ક્યાંથી આવ્યો? એવો નિષ્ક્રિય ભગવાન આત્મા છે. એની દૃષ્ટિ અજ્ઞાની પરનો કર્તા-ભોક્તા થઈને દૃષ્ટિ કરતો નથી. '(૩) **નિર્ભોગ એવા ભગવાન આત્માને...**' આત્મા નિશ્ચય છે

કે જ્ઞાન અને આનંદ એનો સ્વભાવ છે, અને નિષ્ક્રિય છે, પરની ક્રિયા ત્રણ કાળમાં કરનારો નથી. અને પરને ભોગવાનારો નથી. '**એવા ભગવાન આત્માને...**' જુઓ! આચાર્યદેવ ભગવાન આત્મા (કહીને બોલાવે છે). શુદ્ધ ચિદાનંદમૂર્તિ હું છું એવો જેને નિશ્ચય-નિર્ણય નથી... '**કે જે યુગપદ્ વિશ્વને પી જતો હોવા છતાં...**' કેવો છે આત્મા? એક સેકંડના અસંખ્ય ભાગમાં વિશ્વ નામ સમસ્ત પદાર્થને જ્ઞાનમાં પી જાય છે—જાણી લ્યે છે. બધાને જાણનારો છે, પરને કરનારો અને પરને ભોગવનારો આત્મા નથી. સમજાય છે કાંઈ?

બહુ ધ્યાન રાખે તો આ કામ થાય છે, એમ નથી થતું? આ જજને શું હશે તમારે ત્યાં? ધ્યાન રાખે તો કોર્ટમાં કાયદા બોલે ને... બરાબર ધ્યાન રાખે કે આ કેમ કહે છે? બેયની દલીલ સાંભળવી જોઈએ અને પછી બોલે કે આનું આમ છે, આનું આમ છે. કોણ બોલી શકે છે? ભાષા કોણ કરી શકે છે? ત્રણ કાળમાં આત્મા અજ્ઞાની કે જ્ઞાની વાણી બોલી શકતો નથી અને વાણીને રોકી શકતો નથી. ખબર નથી આત્મા શું ચીજ છે.

તો કહે છે, ભગવાન આત્મા '**યુગપદ્ વિશ્વને પી જતો હોવા છતાં...**' આખા જગતને એક સમયમાં જાણનારો આત્મા છે. જાણવું એ આત્માનો સ્વભાવ છે. એમ હોવા છતાં '**વિશ્વપણે નહિ થવાથી એક છે...**' એ રાગરૂપ પણ નથી અને પરરૂપ પણ નથી એવો જ્ઞાયક ભગવાન આત્મા તેને '**નહિ દેખતો હોવાને લીધે...**' એની શ્રદ્ધા નહિ કરવાને લીધે '**તેને સતત વ્યગ્રતા જ હોય છે...**' સતત નિરંતર વ્યગ્રતા જ હોય છે '**(—એકાગ્રતા હોતી નથી).**' એકાગ્રતા. હું રાગ પણ નથી, હું પરદ્રવ્ય નથી એમ અંતરમાં એકાગ્રતા, આવા અજ્ઞાનીને કર્તા-ભોક્તા માનવાવાળાને એકાગ્રતા હોતી નથી. એકાગ્રતા નામ સમ્યગ્દર્શન (થતું નથી). ધૂળ સમજ્યા વિના, આગમના અભ્યાસ વિના ધ્યાન કેવા? તેથી તો આ બતાવે છે.

આગમ સર્વજ્ઞ દ્વારા કહેવાયેલી વાણી. આગળ કહેશે, જુઓ! '**અર્હંત સર્વજ્ઞથી ઉપજ્ઞ**' ઉપજ્ઞ આવશે. સ્વયં જાણીને કહ્યું. એવા આગમનો અભ્યાસ કર્યા વિના ધ્યાન શેનું કરે? થોથા છે ધ્યાનમાં. સમજ્યા? પદાર્થનો તો નિર્ણય નથી (કે) રાગ શું, શું આત્મા, શું નિમિત્ત અને આંખ વીંચીને બેસી જાય, અજ્ઞાનનું પોષણ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— નિર્વિકલ્પ...

ઉત્તર :— નિર્વિકલ્પ ધૂળમાંય થાતો નથી. મિથ્યાત્વને પોષે છે. હજી પદાર્થ શું છે? આગમ શું કહે છે? સર્વજ્ઞ શું સમજાવે છે? એવા પદાર્થની વ્યવસ્થાનો અભ્યાસ પણ નથી. ઈ વાત તો કહે છે, '**आगमचेट्ठा तदो जेट्ठा**'. સર્વજ્ઞના આમગની ચેષ્ટા-અભ્યાસ કરવો એ સર્વોત્કૃષ્ટ ઊંચું છે. જ્યેષ્ઠ જેઠ છે. જ્યેષ્ઠ એટલે મોટા. આગમથી અભ્યાસ કરવો, ગુરુગમથી અભ્યાસ કરવો, વાંચનથી અભ્યાસ કરવો, સાંભળવાથી અભ્યાસ કરવો. જેને એ આગમનો અભ્યાસ નથી અને પોતાની સ્વચ્છંદ વૃત્તિથી વિચારમાં લગાવે છે કે અમારો વિકલ્પ તૂટી જાય છે અને અમે નિર્વિકલ્પ છીએ. એમાં મિથ્યાત્વ ઘૂંટાય છે, બફમ થઈ જશે. આત્માનું કંઈ કલ્યાણ થતું નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કલ્યાણ નહિ, મિથ્યાત્વથી અકલ્યાણ થાય છે. વિવેક નથી કે આગમ શું કહે છે? આગમનો અભ્યાસ નહિ, આગમનો અભ્યાસ નહિ. આગમ શું? વાંચવું શું? સાંભળવું શું? શ્લોક શું બોલવા? છોડી દો. શું છોડે? મિથ્યાત્વને તો છોડ હજી, પહેલા શું છોડવું છે તારે? સમજાય છે કાંઈ? સ્વચ્છંદ, સ્વચ્છંદ, સ્વચ્છંદ.. સ્વચ્છંદ વૃત્તિને સેવે છે.

'**સતત વ્યગ્રતા જ હોય છે (—એકાગ્રતા હોતી નથી).**' શું કહ્યું? આત્મા જ્ઞાનમૂર્તિ શુદ્ધ છે એનો તો નિશ્ચય નથી, પરનો કર્તા નથી એવો નિશ્ચય નથી અને પરનો ભોક્તા નથી એવો નિશ્ચય નથી. તો પોતાના આત્મામાં શ્રદ્ધાનો દોર બાંધીને કદી એકાગ્રતા થતી નથી. '**વળી એકાગ્રતા વિના શ્રામણ્ય સિદ્ધ થતું નથી;...**' આવી એકાગ્રતા વિના સાધુપદ ત્રણકાળમાં હોતું નથી. સાધુ કોને કહે? 'માણસ થવું મુશ્કેલ છે, તો સાધુ તો ક્યાંથી થાય? સાધુ થયો તો સિદ્ધ થયો....' સાધુ એટલે શું? ઓહો..! મારો આત્મા પરની દયા ત્રણ કાળમાં પાળી શકતો નથી. મને વ્રતનો વિકલ્પ આવે છે એ પણ બંધનું કારણ, મહાવ્રતના પરિણામ એ બંધનું કારણ છે. મારી ચીજ તો શુદ્ધ અખંડ આનંદ છે એની અંતર દૃષ્ટિમાં જ્ઞાતા દૃષ્ટા થઈને સ્વરૂપમાં લીનતા થાય છે તેને સાધુપદ કહેવામાં આવે છે. આ તો સાધુ નામ ધરાવીને આવું ખાવું ને આવું પીવું ને આમ કરો ને આમ બોલો ને આમ ચાલો, જડની ક્રિયા કરો ને આમ છોડો. મહા મૂઢ દૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દર્શન નથી ત્યાં સાધુપદ ક્યાંથી તારામાં આવ્યું? અહીં તો મોક્ષમાર્ગનો અધિકાર ચાલે છેને. સાધુપદ કહો કે મોક્ષમાર્ગ કહો કે આત્મામાં એકાગ્રતા કહો. રાગની અને પરની એકાગ્રતા છૂટીને શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદમાં અંતર આનંદમાં એકાગ્ર થાય તો સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ થાય છે. સમજાય છે કાંઈ? આ તો કહે,... ઈ કહે છે..

'**કારણ કે જેને એકાગ્રતા નથી તે જીવ (૧) 'આ અનેક જ છે' એમ દેખતો...**' શું કહે છે? શ્રદ્ધાન શું કરે છે? હું પરના સંબંધવાળો છું, હું રાગવાળો છું, હું પુણ્યવાળો છું, હું પરની દયા પાળી શકું એવો છું એવી દૃષ્ટિથી દેખે છે તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? '**આ અનેક જ છે..**' આત્મા એકરૂપ રાગથી ભિન્ન અને પરથી ભિન્ન છે, પરનો કર્તા ભોક્તા નથી અને પરનો અકર્તા અભોક્તા છે. એવી ચીજની તો દૃષ્ટિ નથી, અનુભવ નથી, જ્ઞાનમાં આવ્યું નથી, જ્ઞાનમાં સ્વજ્ઞેયને પકડમાં લીધું નથી. '**આ અનેક જ છે...**' ભઈ, આત્મા હજી છદ્મસ્થ છે તો બીજાનું કરવું પડે. સમજાય છે કાંઈ? શિષ્ય બનાવવા, શિષ્યને પાળવા એ અમારું કર્તવ્ય છે કે નહિ? મૂઢ છો. શું પરચીજનું પાલન કરી શકે છે? શું પરચીજનું તું પોષણ કરી શકે છે? આત્મા જ્ઞાનાનંદસ્વરૂપના ભાન વિના મિથ્યાદૃષ્ટિ આત્માને અનેક જોવે છે. હું એકલો જ્ઞાનસ્વરૂપ ભિન્ન છું, રાગ પણ મારી ચીજમાં નથી, આસ્રવતત્ત્વ છે, પંચ મહાવ્રતના પરિણામ ઉઠે એ આસ્રવતત્ત્વ છે અને ભગવાન જ્ઞાયકતત્ત્વ આત્મા છે, તો બેની ભિન્નતાનું જ્ઞાન નથી અને પરની ક્રિયા સ્વતંત્ર છે, એની ક્રિયાનું ભાન નથી તો 'હું અનેક છું' એમ માને છે. સમજાય છે કાંઈ? હું રાગવાળો છું, હું

પુણ્યવાળો છું, હું શુભભાવવાળો છું, હું પાપભાવવાળો છું, હું સ્ત્રીવાળો છું, હું શિષ્યવાળો છું. એમ આત્માના એક સ્વરૂપને નહિ માનીને હું અનેક જ છું એમ '**શ્રદ્ધતો થકો તે પ્રકારની પ્રતીતિમાં અભિનિવિષ્ટ હોય છે,...**' સ્થિર થઈ ગયો છે એમાં, શ્રદ્ધામાં દઢ થઈ ગયો છે. અભિનિવિષ્ટ. એને કોઈ કહે કે આ તારું કર્તવ્ય નથી. ત્યારે કહે, આત્મા વિના મડદું ચાલે છે? આ આત્મા વિના શરીર ચાલે છે? આત્મા વિના બોલાય છે? હવે સાંભળ તો ખરો. આત્મા વિના બોલાય છે. તને આત્મતત્ત્વનું ભાન નથી. ભોગીભાઈ! ભારે ભાઈ આ તો. એમાં અત્યારની આ હરિફાઈ, હા હો ને હરિફાઈનો જમાનો. જ્યાં ત્યાં ત્યાગી અને ઓલા બધામાં કર્તા.. કર્તા.. કર્તા.. પરના કામ કરવા... સમજાય છે કાંઈ? હું કરી શકું છું, હું ભોગવી શકું છું. મૂઢ દૃષ્ટિમાં પડેલા જીવને આત્મ-એકાગ્રતા કદી થતી નથી.

'**અભિનિવિષ્ટ હોય છે,...**' અભિનિવિષ્ટને અર્થ છેને. '**આગ્રહી, દઢ**' થઈ ગયો દઢ. શું? સર્વજ્ઞ ભગવાન પણ વાણી લ્યે છે અને વાણી કાઢે છે. આપણે તો અલ્પજ્ઞ પ્રાણી તો બધાની ક્રિયા કરી શકીએ. એમ અજ્ઞાની મૂઢ મિથ્યાદૃષ્ટિ આગ્રહી દઢ હોય છે. સમજાય છે કાંઈ?

'**આ અનેક જ છે' એમ જાણતો થકો...**' હું એકલો જ્ઞાનમૂર્તિ છું એમ નથી જાણતો. હું તો રાગની ક્રિયા, પુણ્યની ક્રિયા, વ્યવહારની ક્રિયા પણ કરનારો છું અને પરને વ્યવહારથી કરવાવાળો છું. એમ અજ્ઞાની '**તે પ્રકારની અનુભૂતિથી ભાવિત હોય છે,...**' અજ્ઞાનભાવથી હોય છે.

'(૩) '**આ અનેક જ છે'...**' હું એકલો આત્મા નથી, હું તો રાગ અને દેહની ક્રિયા (સ્વરૂપ છું), એમ ચારિત્રને માનીને '**દરેક પદાર્થના વિકલ્પથી ખંડિત (—છિન્નભિન્ન) ચિત્ત સહિત સતત પ્રવર્તતો થકો...**' જ્યાં ત્યાં મેં બનાવ્યું, મેં બનાવ્યું અને આમ કર્યું. હું ગયો અને મેં આવો ઉપદેશ આપ્યો તો ઘણા માણસો સુધરી ગયા. અરે..! ભગવાન! ઉપદેશની વાણી તારું કાર્ય નહિ, કોણ સુધરે તારાથી? આહા..હા..! જ્યાં ત્યાં પરપદાર્થનો આશ્રય કરીને, મારાથી થયું, હું નહોતો તો કેમ ન થયું? હું હતો તો બધા લોકો આવ્યા અને હું નહોતો ત્યારે નહોતા આવતા. તો એટલું તો મારું કાર્ય પરમાં છે કે નહિ? એમ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ પોતાના ભિન્ન આત્માને જોતો નથી. અનેકપણે હું છું, બધાનું કામ કરવાવાળો છું, હું માત્ર મારું કામ કરું (એવો નથી).

એક જણો એ કહેતો હતો. અરે..! કૂતરા પણ પેટ ભરે છે. એક ત્યાગી મારી પાસે આવ્યા. ઘણા વર્ષ પહેલા. (સંવત) ૧૯૯૨ની સાલની વાત છે. હીરાભાઈના મકાનમાં. ૨૬ વર્ષ થયા. શું એકલો આત્મા આત્માનું (કરે)? બીજાનું કરે તો પંડિત અને મુનિ કહેવાય. બહુ સારું ભાઈ! કોનું કરવું છે? એક રજકણ-પરમાણુનું પલટવું ત્રણ કાળ ત્રણ લોકમાં મૂઢ આત્મા પણ કરી શકતો નથી. કોનું તારે કરવું છે? અજ્ઞાની કે જ્ઞાની પરનું (કાંઈ કરી શકે નહિ). એ તો પહેલા આવ્યું નહિ? સમયસાર. રાગ પણ થાય તો પણ રાગથી પર વસ્તુનો ત્યાગ ગ્રહણ કરી શકે નહિ. અને સ્વભાવ પ્રગટ થાય, રાગરહિત સમ્યગ્દર્શન, જ્ઞાન તો પણ પરપદાર્થના ગ્રહણ ત્યાગ, છોડવા, નિમિત્ત પ્રાપ્ત

કરવા, નિમિત્તને .. અને નિમિત્તને છોડવું ત્રણ કાળમાં આત્મા કરી શકતો નથી. બહુ આકરું, શેઠ! આ બધી પાઠશાળાઓ ચાલે છે, આ બધા પૈસા આપે છે, એ વિના થાય છે? કંઈ કર્યા વિના થાય છે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ધૂળમાંય નથી કરતો, સાંભળ તો ખરો. તને અભિમાન થઈ ગયું છે. મિથ્યાત્વનું અભિમાન થાય છે કે હું છું તો બધી પાઠશાળા ચાલે છે, હું છું તો આટલા ૫૦૦-૫૦૦ છોકરાઓ ભણે છે, ભાઈ! બહુ સારી વાત છે મિથ્યાત્વની. શું તારે કારણે ભણે છે? શોભાલાલજી! ઝીણી વાત છે બહુ ભાઈ આ તો.

મુમુક્ષુ :— નિમિત્ત તો થાય છે.

ઉત્તર :— શું નિમિત્ત થાય છે? એને કારણે કાર્ય થાય છે. નિમિત્ત તો પછી જ્ઞાનમાં જાણવાની વાત છે. શું પરનું કાર્ય આત્મા કરી શકે છે? છોકરાઓને ભણાવી શકે છે? બહુ ભણાવે છે, બે કલાક બરાબર શીખડાવે છે. પરનું કાર્ય કરે છે એનાથી એની મહત્તા માને છે. એના ભગત પણ એની મહત્તા એને કારણે માને છે. એણે ઘણા કામ કર્યા, એના ચોમાસામાં તો પાંચ લાખ રૂપિયાનો ખર્ચ થયો, કમાણી થઈ, ઘણું કર્યું. અરે..! ભગત તું મિથ્યાત્વનો. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઊંડી ગયો ઉંદર અંદર થઈને. મિથ્યાત્વભાવમાં ઘુસી ગયો અને હું હતો તો આટલા આટલા કાર્ય થયા, હું હતો તો આટલા ઉપવાસ ગામમાં થયા, હું ન હોત તો ન થાત. એમ પરક્રિયાનો કર્તા જોઈને '**દરેક પદાર્થના વિકલ્પથી ખંડિત (—છિન્નભિન્ન)...**' થઈ જાય છે. પાણીનું પૂર નીકળે અને એમાં પુલ આવી જાય. પુલ.. પુલ. પાણીનો પ્રવાહ ચાલે છેને? એમાં પુલ આવેને પુલ? ખંડ ખંડ થઈ જાય છે. એક પ્રવાહનો જેટલા પુલ પડે એટલા ખંડ થઈ જાય છે કે નહિ?

એમ આત્મા, હું રાગને કરનારો, પરને કરનારો, પરપદાર્થનું કાર્ય હું હતો તો થયું, એમ જ્ઞાનરૂપી એક ધારાને અજ્ઞાનભાવથી ખંડ ખંડ કરી નાખે છે. સમજાય છે કાંઈ? ભારે વાત બાપુ! વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માએ કહેલા પદાર્થની વસ્તુની સ્થિતિ એક સમય પણ એને ખ્યાલ આવી જાય તો સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન થઈ જાય. સમજાય છે કાંઈ? આ તો જ્યાં ત્યાં મેં કર્યું, હું હતો તો આટલી વ્યવસ્થા થઈ. એમ '**સતત પ્રવર્તતો થકો તે પ્રકારની વૃત્તિથી દુઃસ્થિત હોય છે,...**' મેં બનાવ્યું, હોં! હું હતોને. મેં તો બીજાને ઉપદેશ આપ્યો હતો. ઉપદેશ તું આપી શકે છે? વાણીની ક્રિયા તું કરી શકે છે? આ વાણી નીકળે છે ઈ આત્માથી નીકળે છે? ભીંતમાંથી કેમ નથી નીકળતી, જો આત્માથી ન નીકળતી હોય તો? સાંભળ તો ખરો. નવનીતભાઈ! ભીંતમાં શું છે? ભીંત તો બીજી વસ્તુ છે. આત્માથી તો ભાષા નથી નીકળતી,

સાંભળ તો ખરો. આ હોઠ હલે છે ઈ ઔદારિક વર્ગણા છે, ઔદારિક. ભાષા છે ઈ શબ્દવર્ગણા છે. ઔદારિક વર્ગણાથી ભાષા નથી નીકળતી, ઈચ્છા તો ક્યાંય રહી ગઈ. આ હોઠ હલે છેને? આ તો વર્ગણા છે. પરમાણુના પિંડની જાત ... જાતની છે, પરમાણુના સ્કંધની જાત છે. એમાં એક આ ઔદારિક વર્ગણાથી બનેલું છે અને જે વાણી નીકળે છે ભાષાવર્ગણાના રજકણો જગતમાં પડ્યા છે એમાંથી ધ્વનિ ઉઠે છે. આત્મામાંથી તો નહિ, આત્માને કારણે તો નહિ, શરીરને કારણે ભાષા નીકળે છે એમ માનનાર મૂઢ અને અજ્ઞાની છે. પાટનીજી! શું કરવું? આ જગતની ઊંધાઈ ભારે ભાઈ! જગત એટલું ઊંધુ એની સામે આ બધું ઊંધુ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— માન્યું છેને, માન્યું છે. અમે આટલા (શિષ્ય) કર્યા, અમે ઉપદેશ કર્યો, બરાબર જોરદાર કર્યોને, ફડાક બીજા પાસે આટલા પૈસા લઈ શકીએ, લાવો પૈસા, ... આટલું કરી શકીએ છીએ. પરની ક્રિયા કરી શકે છે? '**દુઃસ્થિત હોય છે,...**' માન્યતાથી દુઃખીત થાય છે. એને આત્માનો તો ધર્મ નથી પણ મિથ્યાત્વનું દુઃખ થાય છે. '**તેથી તેને એક આત્માની પ્રતીતિ-અનુભૂતિ-**' એક ભગવાન આત્મામાં તો જ્ઞાન, જ્ઞાતા દૃષ્ટા છે. એવા એક આત્માની પ્રતીતિ, એવા એક આત્માનું જ્ઞાન અને એકની '**વૃત્તિસ્વરૂપ...**' ચારિત્ર. એકલા આત્માના જ્ઞાનસ્વરૂપમાં લીન થવું, રાગની અને જડની ક્રિયાનું લક્ષ છોડીને, એવા ચારિત્ર, દર્શન અને જ્ઞાન અજ્ઞાનીને હોતા નથી.

'**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપરિણતિએ પ્રવર્તતી જે દશિ-જ્ઞપ્તિ-વૃત્તિરૂપ આત્મતત્ત્વમાં એકાગ્રતા તેનો અભાવ હોવાથી...**' અજ્ઞાનીને આત્મામાં સમ્યગ્દર્શનની એકાગ્રતા નથી થતી. કેમ કે પરના કર્તા ભોક્તામાં દૃષ્ટિ પડી છે અને એને સમ્યક્જ્ઞાન પણ (થતું નથી). શાસ્ત્ર ભણી ભણીને પણ ભણ્યો, પણ ભણ્યો શું? આવે છેને ઓલામાં? 'ભણે પણ ગણે નહિ વિચાર' શું કહે છે ઈ? 'વાંચે પણ નહિ કરે વિચાર, તે સમજે નહિ સઘળો સાર'. ઓલામાં આવે છે. દૌલતરામ, દલપતરામ. દલપતરામ થઈ ગયાને? વાંચી વાંચીને પોથા ભણ્યા પણ પોથામાં શું ભાવ લખ્યા છે એની તો ખબર નહિ. તો કહે છે, એને સમ્યક્જ્ઞાન નથી. સમજાય છે કાંઈ? અને એને આત્મામાં એકાગ્રતા થાય, સ્વ ચૈતન્ય શુદ્ધ આનંદને પકડીને એની પ્રતીત, જ્ઞાન અને રમણતા થાય એવો મોક્ષમાર્ગ અજ્ઞાનીનો હોતો નથી.

'**અભાવ હોવાથી શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિરૂપ શ્રામણ્ય જ (શુદ્ધાત્મતત્ત્વમાં પ્રવૃત્તિરૂપ મુનિપણું જ) હોતું નથી.**' વ્યાખ્યા બાંધી. શું કહ્યું? સાધુની સ્થિતિ શું? સાધુ કહો કે મોક્ષમાર્ગ કહો કે આત્માની એકાગ્રતા કહો. ત્રણે એક બોલ છે. સાધુ કોણ છે? '**શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિરૂપ શ્રામણ્ય...**' એક વાત કરી. દેહની ક્રિયારૂપ શ્રામણ્ય નહિ. આ અંદર પંચ મહાવ્રતનો રાગ આવ્યો એ શ્રામણ્યપણું—સાધુપણું નહિ, અઠ્યાવીસ મૂળગુણ એ સાધુપણું નહિ. જુઓ! શું લખ્યું છે? શુદ્ધાત્મતત્ત્વ, શુદ્ધાત્મતત્ત્વ... હું રાગ અને પુણ્યની ક્રિયા મહાવ્રતથી પણ મારી ચીજ ભિન્ન છે.

એવી દૃષ્ટિ, એવું અંતર જ્ઞાન અને એની રમણતા એવા શુદ્ધાત્મતત્ત્વ. આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ સ્વરૂપની પ્રવૃત્તિરૂપ, આવા શુદ્ધમાં પ્રવૃત્તિરૂપ અને રાગથી નિવૃત્તિરૂપ. એવો '**શ્રામણ્ય જ (શુદ્ધાત્મતત્ત્વમાં પ્રવૃત્તિરૂપ મુનિપણું જ) હોતું નથી.**' એને મુનિપણું (હોતું નથી). અહીં મુખ્યપણે મુનિપણાની વાત કરી છે. મુનિપણામાં સમ્યક્દૃષ્ટિની વાત એમાં આવી જાય છે કે જેને પરના કર્તા-ભોક્તાની દૃષ્ટિ છે એને સમ્યક્દર્શનની એકાગ્રતા હોતી નથી. આ કારણે શુદ્ધાત્માની શ્રદ્ધારૂપ સમ્યક્દર્શન પણ એને હોતું નથી.

'**આથી (એમ કહ્યું કે) મોક્ષમાર્ગ જેનું બીજું નામ છે એવા શ્રામણ્યની સર્વ પ્રકારે સિદ્ધિ કરવા માટે મુમુક્ષુએ ભગવાન અર્હંત સર્વજ્ઞથી ઉપજ્ઞ (—સ્વયં જાણીને કહેવાયેલા) શબ્દબ્રહ્મમાં—કે જેનું અનેકાંતરૂપી કેતન પ્રગટ છે તેમાં—નિષ્ણાંત થવું.**' નિષ્ણાંત શબ્દે આગમ શાસ્ત્ર કહે છે એમાં નિપુણ હોવું જોઈએ. શા કારણે? '**શ્રામણ્યની સર્વ પ્રકારે સિદ્ધિ કરવા માટે...**' પોતાનું સ્વરૂપ પરથી, રાગથી, વિકલ્પથી, મહાવ્રતથી, પુણ્યથી, પરથી પૃથક્ છે એમ આગમમાં કહ્યું છે. એમ કહ્યુંને ભાઈ? આગમમાં એમ કહ્યું છે તો એમાં શુદ્ધાત્મપ્રવૃત્તિને આગમમાં મોક્ષમાર્ગ કહ્યું. આગમમાં—શાસ્ત્ર આગમમાં... કોઈ આગમ એમ કહે કે મહાવ્રત અને પુણ્ય એ ચારિત્ર છે, શ્રામણ્યપણું છે તે આગમ નહિ. એ વીતરાગની વાણી નહિ. સમજાય છે કાંઈ?

વીતરાગ સર્વજ્ઞની આગમની વાણીમાં શું આવ્યું? આત્મા શુદ્ધ ચૈતન્યપ્રભુ એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એવો મોક્ષમાર્ગ એ આગમના અભ્યાસથી પ્રગટ થાય છે. તો એ પ્રગટ ન થાય અને એ વાણી સમજે નહિ તો ઊંધી દૃષ્ટિમાં રોકાઈ જાય છે. '**સિદ્ધિ કરવા માટે મુમુક્ષુએ...**' આત્માના અભિલાષીએ. ભગવાન અર્હંત સર્વજ્ઞ. દેખો! અલ્પજ્ઞે કહ્યું, પોતાની કલ્પનાથી શાસ્ત્ર રચ્યા એ શાસ્ત્ર નહિ, એ તો શસ્ત્ર છે. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથના મુખમાંથી નીકળેલી વાણીને '**(—સ્વયં જાણીને કહેવાયેલા) શબ્દબ્રહ્મ...**' વાણીને શબ્દબ્રહ્મ કહ્યું. ઓહો..હો..! '**કે જેનું અનેકાંતરૂપી કેતન...**' શું કહે છે? (કેતન અર્થાત્) 'ચિહ્ન, લક્ષણ, ધ્વજ'. અનેકાંતનો અર્થ શું? જુઓ! આત્મા શુદ્ધ સ્વભાવરૂપ છે અને દયા, દાનના વિકલ્પરૂપ આત્મા નથી. દયા, દાનના વિકલ્પ આસ્રવરૂપ છે એ આત્માના સ્વભાવરૂપ નથી. એ પરવસ્તુ પરરૂપે છે, મારા રૂપે નથી. હું મારા રૂપે છું, હું પર રૂપ નથી.

મુમુક્ષુ :— આવું અનેકાંત છે?

ઉત્તર :— આવું અનેકાંત ભગવાન આગમમાં કહે છે. સમજાય છે કાંઈ? શું કહ્યું ખરેખર તો?

શુદ્ધાત્મતત્ત્વમાં પ્રવૃત્તિ. હું શુદ્ધ ચૈતન્ય છું એની પ્રવૃત્તિમાં વ્યવહારના વિકલ્પનો અભાવ છે એમ આગમ કહે છે. શું કહ્યું? શુદ્ધાત્મ ચૈતન્યમૂર્તિ જ્ઞાનપ્રકાશ પ્રભુ, (એમાં) અંતર્મુખ થઈને અનુભવની દૃષ્ટિ કરીને લીન થવું એ એક મોક્ષમાર્ગ છે. તો એમાં વિકલ્પ ઉઠે છેને? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો રાગ એ મારી ચીજમાં છે જ નહિ અને વ્યવહારના

વિકલ્પમાં હું આત્મા નથી. એમ આગમમાં સર્વજ્ઞદેવ ત્રિલોકનાથે ફરમાવ્યું છે. એવી દૃષ્ટિ કરીને આગમની ઉપાસના કરી નહિ એને આત્મા એકાગ્રતા કદી નથી થતી. સમજાય છે કાંઈ?

કેટલી વાત કહે છે ભગવાન કુંદકુંદાચાર્ય! અને અમૃતચંદ્રાચાર્ય ખુલાસો કરે છે. સાંભળ તો ખરો! સર્વજ્ઞે કહેલા આગમનો અભ્યાસ કર્યો તો આગમમાં શું કહ્યું છે? કે તારો આત્મા પવિત્ર અંદર અખંડ આનંદ છે તે તરફ ઢળીને તેનો અનુભવ કર અને તારા સ્વભાવમાં એ વિકલ્પનો અભાવ ત્રણે કાળ છે અને એ વિકલ્પમાં આત્માનો અભાવ છે. એમ અનેકાંતપણે ભગવાને આગમમાં કહ્યું છે. જે આગમમાંથી કોઈ એમ કાઢે કે પર નિમિત્ત છે તો મારામાં રાગ થાય છે અને રાગ છે, કષાય મંદ છે તો સમ્યગ્દર્શન થશે તો આગમમાં એમ કહેવામાં આવ્યું નથી. આગમમાં કહ્યું નથી એવું કાઢે છે તો અણઆગમને માને છે, આગમને માનતો નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ..

ઉત્તર :— એક ગાથામાં મોક્ષ છે. આખું બધું આવી ગયું. શું કહે છે જુઓને!

ઓહો..! **'મુમુક્ષુએ ભગવાન અર્હંત સર્વજ્ઞથી ઉપજ્ઞ...'** ઉપજ્ઞ નામ **'(—સ્વયં જાણીને કહેવાયેલા) શબ્દબ્રહ્મમાં—કે જેનું અનેકાંતરૂપી કેતન...'** ચિહ્ન, ધ્વજ, લક્ષણ **'પ્રગટ છે તેમાં—નિષ્ણાંત થવું.'** પહેલા એમાં નિપુણ થવું જોઈએ. નિપુણ થવામાં શું કહે છે? કે મારો શુદ્ધ ચૈતન્યપ્રભુ જ્ઞાતા-દૃષ્ટા છે. બસ, એ સિવાય રાગની ક્રિયા કરવાવાળો નથી. એમ આગમમાં કહ્યું એમાં નિપુણ થવું જોઈએ. આગમમાં કદી એમ નથી કહ્યું કે રાગક્રિયા, રાગની મંદતા શુભભાવ છે તો શુદ્ધ થઈ જશે. એમ આગમમાં કહ્યું જ નથી. સમજાય છે કાંઈ? જુઓને! શુદ્ધાત્મપ્રવૃત્તિરૂપ મોક્ષમાર્ગ. અશુદ્ધ પરિણતિ એ મોક્ષમાર્ગથી રહિત (છે). વ્યવહાર છે એમ ભલે કહેવામાં આવ્યું, રાગની મંદતા જોઈને વ્યવહાર મોક્ષમાર્ગનો આરોપ કર્યો, પણ એ સ્વભાવમાં નથી. એ બંધમાર્ગ છે. આહા..! દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિ શુભભાવ એ બંધમાર્ગ છે, મોક્ષમાર્ગ નથી. આગમમાં એવો મોક્ષમાર્ગ કહ્યો જ નથી. અને આગમમાંથી એમ કાઢે કે આગમમાં વ્યવહાર કષાયની મંદતાથી સમ્યગ્દર્શન થાય છે તો આગમથી વિપરીત દૃષ્ટિ એની છે. આગમમાં કદી એમ કહેવામાં આવ્યું નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— માર્ગમાં લખ્યું છે એ નિમિત્તનું કથન છે. સમજાય છે કાંઈ? અસ્તિ-નાસ્તિ. પોતાનો શુદ્ધ સ્વભાવ જ્ઞાનપ્રભુ, જ્ઞાનનો પુંજ એની દૃષ્ટિ અનુભવ કરવો એ એક જ મોક્ષમાર્ગ છે. વચ્ચે રાગ આવ્યો એ સર્વજ્ઞે કહ્યો એવો વ્યવહાર આવ્યો, પંચ મહાવ્રત ને દયા, દાન ને અહિંસા, એ બધો વિકલ્પ-રાગ મારી વસ્તુમાં નથી. મારા મોક્ષમાર્ગમાં ડખલ છે. આહા..હા..! અને રાગની ક્રિયામાં મારો સ્વભાવ નથી એવું અનેકાંત કેતન. અનેક-બે પ્રકારના ધર્મ એનું લક્ષણ છે. વ્યવહારધર્મ અને નિશ્ચય. વ્યવહારમાં નિશ્ચય નહિ અને નિશ્ચયમાં વ્યવહાર નહિ. સમજાય છે કાંઈ? કરો, વ્યવહાર કરતા કરતા ક્યારેક થઈ જશે. ધૂળેય નહિ થાય, લે. શું કરવું હવે? આ

શેઠિયાએ શું કરવું?

કહે છેને, આગમમાં નિપુણ થવું જોઈએ. આગમના અભ્યાસમાં વિચક્ષણ થવું જોઈએ. અને વિચક્ષણ એને કહે છે કે સ્વભાવ વિભાવથી પ્રાપ્ત થતો નથી અને વિભાવના વિકલ્પ પંચ મહાવ્રતના છે એમાં આત્મા નથી. અને પરદ્રવ્યની ક્રિયામાં આત્મા નથી અને પોતાની શુદ્ધ ક્રિયામાં પરદ્રવ્યની ક્રિયા અંતરમાં નથી. સમજાય છે કાંઈ? આ તો એક ગાથામાં ઘણું લઈ લીધું છે. આહા..હા..! કોઈ કથનપદ્ધતિ, એવી કોઈ શૈલી.. ગજબ વાત છે! જુઓ!

કહે છે કે રાગથી ધર્મ માનવાવાળો, પુણ્યથી ધર્મ માનવાવાળો, શુભથી ધર્મ માનવાવાળો (એની) પરમાં એકાગ્રતા છે. સમ્યગ્દૃષ્ટિ એમાં એકાગ્ર નથી. ભગવાને એવું શાસ્ત્રમાં કહ્યું જ નથી. બરાબર છે? પાટનીજી! આ રાડું પાડે છેને બહુ, પંડિત અને ત્યાગી. ક્યાં ક્યાં કાશીમાં ભણેલા ને પઢેલા વાતું કરે. અરે..! ભગવાન! તારી વસ્તુ તો વિકલ્પથી, રાગથી નિવૃત્તસ્વરૂપ છે. એવી વાત આગમમાં કહી છે. સર્વજ્ઞના આગમમાં (એમ કહ્યું છે). વસ્તુ છે બે, અનેક. એક ચૈતન્યસ્વરૂપમાં રાગ નહિ અને રાગમાં ચૈતન્યનું સ્વરૂપ નહિ. અને રાગને લઈને પરની ક્રિયા નહિ અને પરની ક્રિયાને લઈને રાગ નહિ. એનું નામ ભગવાન અનેકાંત કહે છે.

આ તો ફૂદડીવાદ છે. શું? ભાઈ! ભગવાનનો માર્ગ સ્યાદ્વાદ છે. શું સ્યાદ્વાદ છે? ફૂદડીવાદ છે. પરની ક્રિયા વ્યવહારથી કરી પણ શકાય છે અને નિશ્ચયથી કરી શકાય એનું નામ અનેકાંત છે. એ અનેકાંત નથી, એ ફૂદડીવાદ છે. સમજાય છે કાંઈ? અને ભગવાનના માર્ગમાં સ્યાદ્વાદ છે તો કષાય મંદની ક્રિયાથી પણ સમ્યગ્દર્શન થાય છે (એમ નથી) અને આત્માના આશ્રયે પણ થાય છે. સમજાય છે કાંઈ? એક કહેતો હતો કે સમેદશિખરનું મારી પાસે પુસ્તક છે. સમેદશિખરનું માહાત્મ્ય. સમેદશિખરનું માહાત્મ્ય. આ શેત્રુંજયનું માહાત્મ્ય આવે છેને? એમ સમેદશિખરનું માહાત્મ્ય. ભગવાન મોક્ષ પધાર્યા છે સમેદશિખરમાં. નીચે સાથિયો છે શાશ્વત. સમેદશિખર શાશ્વત પર્વત છે. વીસ તીર્થંકર તો આ (ચોવીસીમાં ગયા) એવા અનંત અનંત અનંત અનંત ચોવીસીના અનંત તીર્થંકરો ત્યાંથી મોક્ષ ગયા છે. તો કોઈ કહે કે સમેદશિખરની જાત્રા અને દર્શન કરે એનો પરિત સંસાર થઈ જાય. 'એક વાર વંદે જો કોઈ...' ઢોરમાં ન જાય કદાચિત્ એકાદ ભવમાં. પછી તો ઢોર અને નિગોદમાં જ જશે. એ સમેદશિખરના દર્શનથી (સંસાર પરિત થાય). શેઠ! એણે કહ્યું, મારી પાસે એક પુસ્તક છે. સમેદશિખરનું.. શું કહેવાય? માહાત્મ્ય. શું માહાત્મ્ય લખ્યું છે? વાંચો. એમાં એમ લખ્યું છે કે એકવાર જો દર્શન કરે તો એના અલ્પ ભવ રહી જાય. મેં કીધું, એ સર્વજ્ઞની વાણી નથી. સર્વજ્ઞની વાણી નહિ એ. પરપદાર્થના દર્શનથી ભવનો નાશ થાય, એ સર્વજ્ઞની વાણી નહિ. પરપદાર્થના લક્ષે તો શુભરાગ જ ઉત્પન્ન થાય છે. સેઠી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ડોલીવાળા બહુ ચડે માથે. ઉપર જાય ને આવે, ઉપર જાય ને આવે. પણ ઈ તો કહે, ભાવ નથી. મારે ભાવ છે. તો તારો ભાવ શું છે? શુભરાગનો છે. પરલક્ષી વૃત્તિ એ શુભરાગ

પુણ્યઆસ્રવ છે. એ પુણ્યઆસ્રવથી કદી ભવકટી થાય-ભવનો નાશ થાય એમ ત્રણ કાળ ત્રણ લોકમાં વસ્તુમાં નથી, આગમ એમ કહેતું નથી અને સર્વજ્ઞે એમ જાણ્યું નથી. સર્વજ્ઞે એમ જાણ્યું નથી, વાણીમાં એમ આવ્યું નથી, પદાર્થનો એવો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? કેટલી સ્પષ્ટતા!

મુનિપણું એટલે? અર્થાત્ મોક્ષમાર્ગ એટલે? શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાનમાં અંતર ઘુસી જવું. નિર્વિકલ્પ આનંદની શાંતિની અવિકારીની પરિણતિની ઉત્પન્ન થવી એ મોક્ષમાર્ગ છે. નગ્ન થઈ ગયા, કપડા છોડી દીધા માટે મુનિ થઈ ગયા એમ નથી. ભગવાનના આગમ ના પાડે છે. આગમમાં એમ કહ્યું જ નથી. અને જો આગમને નામે એવો અર્થ કાઢે તો એ આગમને જાણતો નથી. સેઠી! શું છે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હો, તો એમાં શું છે? સ્મરણ કરે છે તો વિકલ્પ-રાગ ઉઠે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ ઈ તો આત્માની દૃષ્ટિથી પરનું લક્ષ છૂટી ગયું. તો પરના લક્ષે લાભ ન થયો.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બિલકુલ નહિ. રાગથી પરંપરા કલ્યાણ થાય છે એમ મૂઢ મિથ્યાદૃષ્ટિ માને છે. દુઃખનું કારણ છે એ સુખનું કારણ ત્રણ કાળમાં થાય નહિ. મોટી ઝંઝટ ઉત્પન્ન થાય છે. સાધારણ શેઠિયાઓ અને સાધારણ ગૃહસ્થોને મનાવે. બહુ માલ થઈ ગયો. ચાલો ભઈ, એક વાર મરતાં જીવતાં સમેદશિખરના દર્શન કરી આવીએ. સમવસરણમાં અનંત વાર દર્શન કર્યા તો પણ શુભભાવ છે. એ ધર્મ નહિ, એનાથી કદી ધર્મ થયો નહિ. અનંત વાર સમવસરણમાં પ્રાણી ગયો. એક વાર નથી ગયો. મહાવિદેહમાં તો સાક્ષાત્ સમવસરણ સદા બિરાજમાન જ છે. અનંત વાર ત્યાં જન્મ લીધો અને અનંત વાર ત્યાં ગયો. શું પરપદાર્થના લક્ષે આત્માનું સમ્યગ્દર્શન થાય છે? જન્મ-મરણનો અંત શું પરના આશ્રયે થાય છે? ત્રણ કાળમાં નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નહિ, નહિ, નહિ, નહિ. સમ્યગ્દર્શનની પર્યાયનું કારણ આત્મદ્રવ્ય છે. એને કારણ બનાવ્યા વિના બીજાનું કારણ માને... એ તો સવારે આવી ગયુંને? રોકાઈ ગયો, રોકાઈ ગયો એને કારણ બનાવ્યું. તો કારણમાંથી ખસે કેવી રીતે? કારણ કે કારણમાંથી તો કાર્ય આવે છે. તો કારણમાંથી ખસે નહિ, રુચિ એમાંથી ખસે નહિ. મિથ્યાત્વનું સેવન અનાદિથી એમ જ કરતો આવ્યો છે. કહો, સમજાય છે કાંઈ?

માટે આગમ, સર્વજ્ઞ પરમાત્મા જે કહે છે તો આગમમાંથી પણ આવો અર્થ કાઢવો અને ગુરુમુખથી એવી વાત સાંભળવી. કોઈ ગુરુ નામ ધરાવીને બીજી વાત કરે તો એ ગુરુ નહિ, એ અજ્ઞાની છે અને મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? આગમમાં નિષ્ણાત થવું જોઈએ. ભાવાર્થ આવશે...

**ભાદરવા સુદ ૭, ગુરુવાર, તા. ૬.૯.૧૯૬૨**
**ગાથા-૨૩૨, ૨૩૩, પ્રવચન-૩**

આ પ્રવચનસારનો ચરણાનુયોગ અધિકાર ચાલે છે. ચરણાનુયોગસૂચક ચૂલિકા કહે છે. એમાં મોક્ષમાર્ગનો અધિકાર ચાલે છે. આત્મા અનાદિ કાળથી વિકારની સાથે એને જે બંધ પડ્યો છે, ભાવબંધ. એનો સ્વભાવ તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ મુક્તસ્વરૂપ સ્વભાવ છે. પણ એની પર્યાય નામ અવસ્થામાં ભ્રમણા, ભ્રાંતિ અને રાગ-દ્વેષથી બંધાય એ ભાવબંધ છે અને જડ કર્મથી બંધાયો એ નિમિત્તથી વ્યવહારથી બંધ કહેવામાં આવે છે. એ બંધથી મુક્તિ કેવી રીતે થાય? એવો મોક્ષમાર્ગ કોને કહેવાય એની વ્યાખ્યા ચાલે છે.

તો કહે છે કે આગમે જેને મોક્ષ નામથી કહ્યું ... કર્મક્ષય નથી થતો. જેને સર્વજ્ઞના કહેલા શાસ્ત્રનું જ્ઞાન નથી એને મિથ્યાત્વનો નાશ, રાગ-દ્વેષનો નાશ, ભાવકર્મની અશુદ્ધિનો પૂર્ણ નાશ અને જડકર્મનો નાશ, એ આગમના જ્ઞાન વિના થતો નથી. શું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— લે, ઘણા ક્યાં થયા? આત્મા વસ્તુ તરીકે સ્ફટિક જેવો ચૈતન્યમૂર્તિ છે. પણ એની પર્યાયમાં—અવસ્થામાં—એ પુણ્ય-પાપ હું છું અને પુણ્ય-પાપને કરનારો હું છું, પરપદાર્થના કાર્ય કરવાવાળો હું છું એમ મિથ્યાત્વભાવથી બંધાયો છે. મિથ્યાદષ્ટિપણાના ભાવથી ભાવબંધપણું એમાં છે અને ઈષ્ટ-અનિષ્ટ પદાર્થને જોઈને, રાગ-દ્વેષ. પદાર્થ ઈષ્ટ-અનિષ્ટ છે જ નહિ, પદાર્થ તો જ્ઞાનમાં જાણવાલાયક જ્ઞેય છે, પણ એની મર્યાદા તોડીને, એ મને ઈષ્ટ છે અને મને અનિષ્ટ છે, એવા રાગ-દ્વેષ કરીને ભાવબંધમાં પર્યાયમાં અનાદિથી આત્મા પડ્યો છે. અને એની સાથે જડકર્મનો સંબંધ છે એ વ્યવહારથી, નિમિત્તથી બંધ છે એમ કહેવામાં આવે છે. ભાવબંધ તો અશુદ્ધનિશ્ચયનયથી.. ભારે ઝીણું ભાઈ! અશુદ્ધનિશ્ચય—સ્વમાં પોતાની પર્યાયમાં ભ્રમણા અને રાગ-દ્વેષથી બંધાયો એ જ સંસારતત્ત્વ છે. સંસારતત્ત્વ નામ આસ્રવ અને બંધ એ રૂપે પર્યાયમાં પરિણમે છે તે બંધતત્ત્વ, સંસારતત્ત્વ છે. ભાવબંધ અને ભાવઆસ્રવ. સમજાય છે કાંઈ?

અનાદિ કાળનો પ્રાણી જૈન દિગંબર સાધુ થઈને નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો, પણ કહે છે કે.... એ છેલ્લે અધિકારની ગાથામાં.. જે ચૈતન્ય જ્ઞાન શુદ્ધ અને આનંદ છે તેને ભૂલીને રાગ, દયા, દાનના વિકલ્પ ઉઠે છે એ મારું કાર્ય છે એમ માને છે તે પ્રાણી દ્રવ્યલિંગી સંસારતત્ત્વ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? સંસારતત્ત્વ એ જીવ છે. એની પર્યાયમાં વિકારની સાથે સ્વભાવને એકત્વ કરીને મિથ્યાદષ્ટિ પડ્યો છે એને ભગવાન સર્વજ્ઞ પરમાત્મા એ સંસારતત્ત્વી જીવ (કહે) છે. જેણે હજારો રાણીને છોડી દીધી હોય, નગ્ન મુનિ હોય, અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય, પણ રાગની ક્રિયા અને સ્વભાવની ક્રિયા-બેને એક માને છે તેને મિથ્યાદષ્ટિરૂપ સંસારતત્ત્વ,

નવમી ગ્રૈવેયક જવાવાળા દ્રવ્યલિંગીને પણ ભગવાન સંસારતત્ત્વ કહે છે. શેઠ!

એ સંસારતત્ત્વ બંધરૂપ ભાવ એનો નાશ કેવી રીતે થાય એ આગમમાં કહ્યું છે. તો જેને આત્મામાં મિથ્યાત્વનો નાશ કરવો હોય અજ્ઞાનનો નાશ કરવો હોય, રાગ-દ્વેષનો નાશ કરવો હોય અને જડ કર્મનો નાશ કરવો હોય, નિમિત્તથી, તો એને આગમજ્ઞાન વિના એ મિથ્યાત્વનો નાશ કદી થતો નથી. કેમકે આગમમાં મિથ્યાત્વ, ભ્રાંતિનો નાશ કેવી રીતે થાય છે એ આગમમાં કહ્યું છે. તો આગમહીનને.. શબ્દ છેને? '(**'મોક્ષ' નામથી કહેવાતો**)...' મોક્ષ નામ રાગ-દ્વેષ, અજ્ઞાનથી છૂટવું એવો '**કર્મક્ષય થતો નથી એમ પ્રતિપાદન કરે છે :—**' આગમનો અભ્યાસ નહિ. ચોપડાનો અભ્યાસ કરે છે કે નહિ ઘરનો? લેણું-દેણું કેટલું છે? મુડી કેટલી છે? પુંજી કેટલી છે? અને ઉઘરાણી.. ઉઘરાણી કહે છેને? એ કેટલી છે? બધું ખ્યાલમાં આવે છે કે નહિ? પાંચ લાખની ઉઘરાણી બહારમાં પડી છે, આપણી પાસે વીસ લાખ તો રોકડ પડ્યા છે. આઠ આની વ્યાજમાં રોક્યા છે. તો આટલી આપણી મુડી છે. એમ બધું ખ્યાલમાં હોય છે. ચોપડા તપાસે એમાં. જમા કેટલું, ઉધાર કેટલું એ ચોપડા તપાસે છે કે નહિ? નહિતર દેવાળું કાઢે. એમ ભગવાન સર્વજ્ઞે કહેલા આગમ એને તપાસીને એનું જ્ઞાન ન કરે તો ચોર્યાશી લાખમાં રખડવાનું એણે દેવાળું કાઢ્યું છે. ઈ વાત છે.

તો કહે છે કે '**આગમહીનને...**' જેને સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણ દશા-આત્માની સર્વજ્ઞ દશા થઈ એની ઈચ્છા વિના વાણી નીકળી એવી દિવ્યધ્વનિને પ્રવચનસાર કહે છે. એવા આગમનો જેને અભ્યાસ નથી તેને રાગ-દ્વેષ અને અજ્ઞાનનો કદી નાશ થતો નથી. ૨૩૩.

**आगमहीणो समणो णेवप्पाणं परं वियाणादि।**
**अविजाणंतो अत्थे खवेदि कम्माणि किध भिक्खू।।२३३।।**

'**ટીકા :— ખરેખર આગમ વિના...**' સર્વજ્ઞે કહેલા આગમના શાસ્ત્રના જ્ઞાન વિના '**પરાત્મજ્ઞાન...**' પરાત્મજ્ઞાન. પર અને આત્મા ભિન્ન શું છે એનું જ્ઞાન એને થતું નથી. છે? પરાત્મજ્ઞાન. પર અને આત્મા. સ્વ પરનું ભેદજ્ઞાન આગમ બતાવે છે (એ એને થતું નથી). એમાં નહિ હોય. એમાં અક્ષરે અક્ષર નથી. આ ટીકાનું અક્ષરે અક્ષર છે. ઈ છેને? સમજાય છે કાંઈ? '**ખરેખર...**' યથાર્થમાં આગમના જ્ઞાન વિના '**પરાત્મજ્ઞાન..**' હું આત્મા કોણ છું? અને શરીર, વાણી, મન આદિ કોણ છે? એનું ભેદજ્ઞાન અંતરમાં આગમજ્ઞાન વિના થતું નથી. અને '**પરમાત્મજ્ઞાન...**' પરમ આત્મજ્ઞાન. પૂર્ણ જ્ઞાયકસ્વરૂપ હું છું, મારામાં જ્ઞાનની વર્તમાન જ્ઞપ્તિ પ્રવૃત્તિ, જ્ઞાનની ક્રિયાનું પલટવું થાય છે એનો નાશ કરવામાં આગમનું જ્ઞાન એમાં નિમિત્ત પડે છે. આગમ બતાવે છે કે તારું સ્વરૂપ જ્ઞાયક ચૈતન્ય અખંડ અભેદ લોકાલોકને જાણવું એવી તારી ચીજ છે. એ આગમજ્ઞાન વિના પરમ-આત્મજ્ઞાન પરમસ્વરૂપ આત્મજ્ઞાન, પહેલામાં બે લીધા, આમાં એક પૂર્ણ લીધું. પહેલા સ્વ અને પરનું જ્ઞાન આગમજ્ઞાન વિના થતું નથી (એમ કહ્યું). બીજામાં લીધું કે, એકલો પરિપૂર્ણ ચૈતન્યપ્રભુ પૂર્ણાનંદ અને શ્રુતજ્ઞાનનો ભંડાર છે, લોક અલોકને સ્વ-પરને

પ્રકાશવાની તાકાત રાખે છે. રાગનું પરિવર્તન જ્ઞપ્તિ જાણવાની ક્રિયા જે પરિવર્તન થાય છે, પલટો ખાય છે એ પણ એનું સ્વરૂપ નહિ. એવું સ્વરૂપ બતાવનાર આગમ છે તો આગમના અભ્યાસ વિના આવું સાચું જ્ઞાન થતું નથી. છેને નીચે? 'પરાત્મજ્ઞાન.' જુઓ! 'પરનું અને આત્માનું જ્ઞાન.' સ્વ-પરનું ભેદજ્ઞાન એ આગમના જ્ઞાન વિના થતું નથી. 'પરમાત્મજ્ઞાન—પરમાત્માનું જ્ઞાન. 'હું સમસ્ત લોકાલોકને જાણનારા જ્ઞાનસ્વભાવવાળો...' જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક ચૈતન્ય જાણવાના સ્વભાવવાળો 'પરમ આત્મા છું' પરમ આત્મા છું. એનું નામ પરમ આત્મા. હું જ પરમ આત્મા શુદ્ધ છું એવું જ્ઞાન એ આગમજ્ઞાન વિના થતું નથી. આગમનો અભ્યાસ કરવો નહિ અને એમને એમ કરીને આત્માના સાધનમાં પડે તો મૂઢતા થઈ જશે, એને આત્મજ્ઞાન કે સમ્યક્‌જ્ઞાન થતું નથી. આગમ અભ્યાસ કરવો એમ કહે છે. શેઠ! ચોપડા તપાસે છેને? આ પણ તપાસવું એમ કહે છે.

'**અને પરાત્મજ્ઞાનશૂન્યને...**' સ્વ આત્મા પરમાત્મ શુદ્ધ ચૈતન્ય છે અને પર શરીરાદિ, રાગાદિ પર છે એવું જેને અંતરમાં ભેદજ્ઞાન નહિ હોવાથી તે ભેદજ્ઞાનથી શૂન્ય છે. '**અને પરમાત્મજ્ઞાનશૂન્યને...**' જેને, પરમ સ્વરૂપ, લોકલોકને જાણનારો હું જ જ્ઞાયકમૂર્તિ છું એવા જ્ઞાનથી શૂન્ય છે તેનું ભાન નથી તે '**મોહાદિદ્રવ્યભાવકર્મોનો...**' મોહાદિ આઠ કર્મ જડ અને ભાવ નામ વિકારી દશાનો ક્ષય એને નથી થતો. અને '**જ્ઞપ્તિપરિવર્તનરૂપ કર્મોનો ક્ષય થતો નથી.**' ઝીણી વાત છે. નીચે લખ્યું છે જુઓ! જ્ઞપ્તિપરિવર્તન છેને? ત્રગડો છેને? ત્રગડાને શું કહે છે? તીન. 'જ્ઞપ્તિપરિવર્તન—જ્ઞપ્તિનું પલટાવું તે, જાણનક્રિયાનો પલટો, (જ્ઞાનનું એક જ્ઞેયથી બીજા જ્ઞેયમાં પલટાવું તે જ્ઞપ્તિપરિવર્તનરૂપ કર્મ છે. કર્મ નામ કાર્ય કહેવામાં આવે છે.' ઝીણી વાત છે જરી. શું કહ્યું? ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞાનની વર્તમાન દશામાં એક જ્ઞેયને જાણીને બીજામાં પ્રવર્તે, ત્રીજામાં પ્રવર્તે, ચોથામાં પ્રવર્તે તો જ્ઞાનની પ્રવૃત્તિની ક્રિયા પરિવર્તન થઈ, પલટે છે. એ એનું કાર્ય છે ઈ બંધનું કારણ છે. સમજાય છે કાંઈ?

જ્ઞપ્તિપરિવર્તન રૂપી કર્મ. કર્મ નામ કાર્ય. ચૈતન્યસ્વરૂપ પૂર્ણ લોકાલોકનો જ્ઞાયક જાણનારો છે એવું જેને ભાન નથી એની જ્ઞાનની વર્તમાન દશામાં જાણવાની ક્રિયા જ્ઞેય ઉપર લક્ષ થઈને ક્રિયા પલટે છે, બદલાય છે તે ક્રિયા આત્માનું મૂળ સ્વરૂપ નથી. લ્યો, ઓહો..! શરીરની ક્રિયા પોતાની નહિ, વાણીની નહિ, રાગ-દ્વેષની ક્રિયા પણ પોતાની નહિ. પણ એ પરનું લક્ષ કરીને જ્ઞાન ગુલાંટ ખાય છે, પરિવર્તન કરે છે તે પણ આત્માના સ્વભાવનું ખરું કાર્ય નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા... આગમમાં એમ બતાવે છે એમ કહે છે. આગમમાં ઈ કહે છે અને આગમનો અભ્યાસ નથી તેને ભેદજ્ઞાન થતું નથી, એને આત્માના પૂર્ણ સ્વરૂપનું જ્ઞાન થતું નથી, એને જ્ઞપ્તિ-જ્ઞાન-જાણવાની ક્રિયા, એક સ્વભાવરૂપ આત્મા છે એવો બોધ તો છે નહિ અને આગમ ઈ કહે છે તો એનું ભાન નથી, તો જ્ઞાનની વર્તમાન દશા એક જ્ઞેયનું લક્ષ કરીને બીજામાં લક્ષ કરીને, ત્રીજામાં લક્ષ કરીને એ વિકલ્પની સાથે જ્ઞાનની પર્યાય, જાણવાની ક્રિયા પલટે છે, બદલે છે, એ

પલટવું થાય છે તે આત્માનો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? શરીર, વાણી, મનની ક્રિયા પલટે છે એ તો આત્માનું કાર્ય નહિ. અને દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના વિકલ્પ ઉઠે છે તે પણ આત્માનું કાર્ય નહિ, પણ જ્ઞાનની પર્યાય ગુલાંટ ખાય છે, પલટે છે, પલટે છે, જાણવાની ક્રિયા બદલે છે (તે પણ આત્માનો સ્વભાવ નહિ). ભારે કઠણ, જગતને ક્યાં...? સમજાય છે કાંઈ?

કહે છે કે જ્ઞપ્તપરિવર્તનરૂપ કર્મ. કર્મ નામ કાર્ય. જ્ઞાનનું એકરૂપ સ્વભાવસન્મુખ થવું એ એનું કાર્ય છે. પણ જ્ઞાનની વર્તમાન જાણનક્રિયા એ શરીરાદિ, વાણી આદિ પર પદાર્થ પલટે છે એનું લક્ષ કરીને જ્ઞાનની દશા પલટે તે બંધનું કારણ છે. તે આત્માનો સ્વભાવ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? શેઠ! સમજાયું કે નહિ? ફરીથી. ક્યાં સાંભળ્યું છે? બીડી આડે, તમાકુ (આડે) આ વાત સાંભળી નથી. ઓલામાં મળે ખૂબ.. જાઓ ભાઈ! પૈસા.. પૈસા.. પૈસા.. ધૂળ.. ધૂળ... ધૂળ... પૈસા ધૂળ છે કે શું છે? ધૂળ છે?

કહે છે... સાંભળો! ત્રણ વાત કરી. આગમજ્ઞાન જેને નથી એને સ્વપરનું ભેદજ્ઞાન થતું નથી. કેમકે આગમ સ્વપરનું ભેદજ્ઞાન કરાવે છે. આગમ, પરનું કામ કરી શકે છે અને રાગ મારો છે એવું જ્ઞાન નથી કરાવતું. તો આગમ સ્વપરની ભિન્નતા બતાવે છે કેમકે સ્વ-પર ભિન્ન છે. આત્મા ભિન્ન, કર્મ ભિન્ન, શરીર ભિન્ન, બધા ભિન્ન. તો આગમ ભિન્નતાનો બોધ કરાવે છે અને આગમનું જ્ઞાન નથી તો ભિન્નતાનો બોધ એને પ્રગટ થતો નથી. એક વાત. બીજી, આગમ પરમાત્મજ્ઞાન એકલો આત્મા પરિપૂર્ણ લોકાલોકને (જાણનારો એનું જ્ઞાન), અહીંયા હવે પરનું કાઢી નાખ્યું. હું જ પરિપૂર્ણ ચૈતન્યપુંજ છું, જ્ઞાયકભાવથી પૂર્ણ ભરેલો છે અને મારી જ્ઞાનની પર્યાયમાં—અવસ્થામાં જાણનક્રિયાનું ગુલાંટ પરિવર્તન બદલવું થાય છે, વિષયને જોઈને જ્ઞાન પલટે છે, એક વિષયને જાણ્યો, વળી બીજા વિષયને જાણ્યો, વળી ત્રીજા વિષયને જાણ્યો. શોભાલાલભાઈ! સમજાયું કે નહિ?

એક વિષય-ચોપડા ઉપર લક્ષ હતું, જ્ઞાનનું એના ઉપર લક્ષ થયું, વળી બીજામાં ગયું, તમારા પૈસા લઈ લ્યો, ત્રણ હજાર લ્યો. એના ઉપર લક્ષ ગયું. તો જ્ઞાનની પર્યાય નામ હાલત પલટો ગુલાંટ ખાય છે, પલટો ખાય છે, પરિવર્તન થાય છે, પરિવર્તન થાય છે. એ જાણનક્રિયાનું પરિવર્તન થવું એ આત્માનું સ્વરૂપ નહિ. ઓહો..હો..! સમજાય છે કાંઈ? તો એ પરિવર્તનની ક્રિયા શું થાય છે? અને એનો નાશ કઈ રીતે થાય? એવા આગમના બોધ વિના ઈ એને ખ્યાલમાં આવતું નથી. ઓહો..હો..! ઝીણું ભારે માણસને.

આ વસ્તુ છેને, વસ્તુ? જ્ઞાન વિષયને પલટાવે, પલટાવે કહે છેને? શું કહે છે? વિષય છેને? પર વિષય છે. વિષય એટલે પર ચીજ. એકને જોઈને બીજાને જોવે, ત્રીજાને જોવે એમ જ્ઞાનની અવસ્થા પરના લક્ષમાં પરિવર્તન પરિવર્તન બદલે છે એ તો બંધનું કારણ છે. એકત્વસ્વરૂપ નથી. એ પરિવર્તનથી ભિન્ન મારી ચીજ જ્ઞાયકમૂર્તિ પરિપૂર્ણ છે એવો આગમ બોધ કરાવે છે. તો જેને આગમનો અભ્યાસ નથી એને ત્રણેનું જ્ઞાન થતું નથી. તો '**કર્મોનો ક્ષય થતો નથી.** તે આ

પ્રમાણે :—' જુઓ!

**'પ્રથમ તો, આગમહીન...'** સર્વજ્ઞના કહેલા શાસ્ત્ર. જગતમાં એમ તો કહે છે કે નહિ? કે કોઈ ત્રિકાળવેત્તા છે. સેઠી! ત્રણ કાળને જાણનાર છે. એમ કહે છે કે નહિ? તો ત્રણ કાળને જાણનાર કોઈ છે કે નહિ? તો એમાં શું થયું? કે ત્રિકાળ જાણનાર આત્મા એમાં કોઈ કાળમાં એવું કાંઈ આવ્યું કે પર પદાર્થને કરવાવાળો આત્મા છે? શું કહ્યું સમજાયું? પરમાત્મા કેવા છે? કે ત્રિકાળવેત્તા, ત્રિકાળવેત્તા—ત્રણ કાળને જાણનાર. તો આત્માનો સ્વભાવ ત્રણ કાળને જાણનારો છે એવા પરમાત્મા. તો એમાં એવું ક્યાંય ન આવ્યું કે ત્રણ કાળને જાણનારો વર્તમાન અને ભવિષ્યને જાણનારો અને ભૂતકાળમાં પરપદાર્થને કરનારો. સમજાય છે કાંઈ? એવું એમાં આવ્યું નહિ. સમજાણું કે નહિ? કે ભૂતકાળના પદાર્થ નહોતા ઈ એણે બનાવ્યા. બનાવ્યા તો ભૂતકાળનો જ્ઞાતા ન રહ્યો. એને બનાવ્યા એમ રહ્યું. વર્તમાનકાળમાં એને બનાવે છે તો વર્તમાનકાળનો જ્ઞાતા ન રહ્યો અને ભવિષ્યકાળનો જ્ઞાતા (રહ્યો). એમ કહે તો ભૂતકાળનો ત્રિકાળ જ્ઞાતા છે એમ રહ્યું નહિ.

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં ત્રિકાળવેત્તા. વેત્તા નામ જાણનાર. આવું પરમાત્માનું સ્વરૂપ છે. આત્માની પૂર્ણ શક્તિની વ્યક્તિનું આવું સ્વરૂપ છે. તો એમાં એમ આવ્યું કે પરમાત્મા ત્રણ કાળના જાણનારા છે. તો ભૂતકાળમાં એણે પદાર્થ બનાવ્યો એમ આવ્યું નહિ. સમજાય છે કાંઈ? ઘરમાં માણસ કહે કે હું કાલની વાત પણ જાણું છું ઘરમાં. આજે શું થાય છે ઈ પણ હું જાણું છું અને કાલે શું થવાનું છે એ પણ મને ખબર છે. તો એ તો ત્રણે દિવસનો જાણનાર થયો. ક્યાંય કરવાવાળો ન થયો કે કાલે મેં શીરો બનાવ્યો, મેં મકાન બનાવ્યું એમ તો એમાં આવ્યું નહિ. સમજાય છે કાંઈ? તો કાલનો પણ હું જાણનારો, આજનો પણ હું જાણનારો અને કાલ આવશે એને પણ હું જાણનારો. ત્રણ દિવસ થઈ ગયા.

એમ સર્વજ્ઞ પરમાત્મા એક સેકંડના અસંખ્યભાગમાં ત્રણ કાળના જાણનારા. એમાં શું થયું? ત્રિકાળના જાણનારા. ભૂતકાળમાં પદાર્થ હતો એને હું જાણનારો, ભૂતકાળમાં આ પદાર્થ નહોતો તો હું બનાવનારો એમ એમાં આવતું નથી. ઈશ્વરે આ પર બનાવ્યા એમ એમાં આવ્યું નહિ. ગડબડી થઈ અજ્ઞાનમાં લોકોને. સમજાય છે કાંઈ? બનાવ્યું તો ત્રિકાળનો જ્ઞાતા ન રહ્યો. અને ત્રિકાળ જ્ઞાતા કહો તો બનાવનારો ન રહ્યો. સમજાય છે? જરી સૂક્ષ્મ વાત છે. બરાબર છે? ત્રિકાળ જ્ઞાની, ત્રિકાળ જ્ઞાની. અમારા ભગવાન ત્રિકાળ જ્ઞાની. ઈ કેવી રીતે આવ્યું? ન્યાય તો સમજો. ત્રિકાળ જ્ઞાનીમાં ભૂત-ગયા કાળના પણ જ્ઞાની છે. ગયા કાળની કોઈ ચીજ એણે રચી એમ આવ્યું નહિ. અને વર્તમાનમાં પણ કોઈ રચના કરે છે એમ ન આવ્યું. છે એને જાણનારો છે. અને ભવિષ્યમાં એને તોડી નાખશે, એનો નાશ કરશે એમ પણ ન આવ્યું. સમજાય છે કાંઈ?

ભૂતકાળમાં બનાવવું ન આવ્યું, વર્તમાનમાં રચનાર ન આવ્યું, ભવિષ્યમાં તોડી નાખશે, નાશ કરી નાખશે સૃષ્ટિનો એમ ન આવ્યું. ભારે ઝીણું તત્ત્વ. એને અંતર વાસ્તવિક તત્ત્વ શું છે એનો કદી (યથાર્થ) દૃષ્ટિથી નિશ્ચય કર્યો નહિ. તો કહે છે કે ત્રણ કાળને જાણનાર જ્યાં ભગવાન (છે તો),

બસ છે, થયું, થશે એનો જાણનાર છે. આવા પરમાત્માનો નિશ્ચય કરવાવાળો હું પણ ભૂતકાળમાં ચીજો થઈ તેને જાણનારો છું, વર્તમાનમાં પણ જાણનારો, ભવિષ્યમાં થશે તેને જાણનાર છું. મારું પરમ આત્મસ્વરૂપ જ્ઞાયકમૂર્તિ છે. હું ત્રણે કાળ લોકાલોકને જાણનાર છું. મારામાં રાગ-દ્વેષ કે પરવસ્તુ મારામાં છે નહિ. એમ અંતર્મુખ થઈને નિર્ણય-નિશ્ચય કરવો એનું નામ સમ્યગ્દર્શન કહે છે. નવનીતભાઈ! આ તો ન્યાય, લોજીકથી તો વાત ચાલે છે. બે ને બે ચાર થાય, કાંઈ બે ને બે અઢી ન થાય. બે ને બે સાડા ત્રણ ન થાય.

એમ અહીંયા કહે છે કે અહો..! જેને, સર્વજ્ઞે કહેલા આગમનો બોધ એમાં સ્વ-પરનું ભાન, નિજ પરિપૂર્ણ (સ્વભાવનું) ભાન અને પોતામાં પર્યાયમાં જે પરિવર્તન થાય છે એનો નાશ કરવાની ક્રિયા આગમ બતાવે છે. તો જેને આગમનું જ્ઞાન નથી, આગમહીન જગત, '**આગમહીન એવું આ જગત...**' આંખ્યું આગમની નથી. '**જે નિરવધિ...**' નિરઅવધિ નામ અનાદિ. અવધિ—મર્યાદા નહિ. અનાદિ કાળથી '**ભવસરિતાના પ્રવાહને...**' ભવસરિતા—ચોર્યાશી લાખના અવતારરૂપી નદી. સરિતા નામ નદી. અનાદિકાળથી '**ભવસરિતાના પ્રવાહને વહેવડાવનારા...**' કોણ વહેવડાવનાર? '**મહામોહમળથી મલિન છે...**' આહા..હા..! મહામોહમળ. મલ્લ, મલ્લ, મલ્લ—યોદ્ધા. વિકારી પર્યાય કરે છે એ મહામોહમલ્લ છે. અનાદિ કાળથી ભવસરિતા—ચોર્યાશી લાખરૂપી નદી-સરિતા. સરિતા નામ નદી એનો પ્રવાહ. એ પ્રવાહ એક પછી એક, એક પછી એક ભવનો પ્રવાહ કરાવનારો મહામોહમલ્લ. '**મહામોહમળથી મલિન છે...**' આત્મા. પર્યાયમાં—અવસ્થામાં—દશામાં. સમજાય છે કાંઈ?

પાણી પોતાનો સ્વભાવ શીતળતા કાયમ રાખે છે. છતાં એ અગ્નિનું નિમિત્ત અને પોતાની તે સમયમાં ઉષ્ણતા થવાની યોગ્યતા, તો ઉષ્ણતાની યોગ્યતા એનામાં છે. એ ઉષ્ણતાની યોગ્યતા ન હોય તો શીતળતાનું ભાન હોવું જોઈએ અને ઉષ્ણતા હોવા છતાં એનો સ્વભાવ ઉષ્ણ નથી. ઉષ્ણતા હોવા છતાં સ્વભાવ ઉષ્ણ નથી. કેમ કે ક્ષણમાં એમાં ઉષ્ણતાનો નાશ થઈને શીતળતા જે અંદર પડી છે તે પ્રગટ થાય છે. તો સ્વભાવ શીતળ છે, ઉષ્ણ નહિ. પર્યાયમાં ઉષ્ણતા છે તે શીતળ નહિ. સમજાય છે કાંઈ?

એમ ભગવાન આત્મા સ્વભાવમાં શુદ્ધ ચૈતન્ય શીતળ સ્વભાવ છે, પણ વર્તમાન દશામાં અનાદિકાળથી ભવસરિતાનો પ્રવાહ વહેવડાવનાર... ભવસરિતા નદીના પ્રવાહમાં તણાયેલો. કોને કારણે? મહામોહમળથી મલિન છે. મિથ્યા ભ્રમણા—હું રાગ છું, હું પુણ્ય છું, હું નિમિત્ત છું ને હું સંયોગમાં છું, એને હટાવી દઉં એવા એવા અભિમાન મિથ્યાદૃષ્ટિના મહા મલિન છે. '**તે—ધતૂરો પીધેલા મનુષ્યની માફક...**' ધતૂરો પીધો હોય એ '**વિવેકના નાશને પ્રાપ્ત હોવાથી...**' ધતૂરો પીધો હોય, સફેદ વસ્તુ હોય એ પણ એને પીળી દેખાય છે. સેઠી! ધતૂરો પીધો હોય એ સફેદ ભીંત હોય, સંગેમરમરનો પત્થર હોય એ પીળો દેખાય છે. વસ્તુ એવી નથી. એ ધતૂરાનો મદ ચડ્યો છેને, તો સફેદને સફેદ નહિ જોઈને પીળુ જોવે છે.

**'ધતૂરો પીધેલા મનુષ્યની માફક...'** એની પેઠે. **'વિવેકના નાશને પ્રાપ્ત હોવાથી...'** વિવેક નથી, અરે..! હું જ્ઞાન ચૈતન્ય છું અને આ રાગ, વિકલ્પ ઉઠે છે દયા, દાનનો એ પર છે એવો (વિવેક નથી), પણ એ મારો છે એવો મિથ્યાત્વનો ધતૂરો પીધો છે. સમજાય છે કાંઈ? તો આત્મા મલિન પર્યાયમાં છે, વસ્તુમાં નથી. વસ્તુનો સ્વભાવ મલિન નથી અને પર્યાયમાં મલિનતા છે તે ભિન્ન છે. એવો વિવેક મિથ્યાભ્રાંતિને લીધે પોતાનો નિર્મળ સ્વભાવ એ જાણી શકતો નથી. ધતૂરો પીધેલા (મનુષ્યની) માફક. સમજાય છે કાંઈ?

**'વિવેકના નાશને પ્રાપ્ત હોવાથી અવિવિક્ત જ્ઞાનજ્યોતિ વડે...'** અવિવિક્ત, એકડો છે ત્યાં. અવિવિક્ત—અવિવેકવાળી, વિવેકશૂન્ય, ભેદ વિનાની, અભિન્ન, ભેળસેળ. હું પરથી એકમેક છું. અવિવિક્ત જ્યોતિ. શું કહે છે? હું શરીર સાથે એકમેક છું, હું પુણ્ય પરિણામથી એકમેક છું, હું આ મકાન-બકાન બધા પદાર્થથી હું એક જ છું. એ બધું મારું કામ છે અને એમાં કામ થાય છે એ મારી દોરવણીથી, મારી વ્યવસ્થાથી બધું કામ થાય છે. એવો ભગવાન અવિવિક્ત જ્ઞાનજ્યોતિથી. સમજાય છે કાંઈ? **'વડે જોકે જુએ છે...'** શું? ભિન્ન નથી જોતો, પોતાને પરના સંબંધવાળો જુએ છે.

**'તોપણ, તેને સ્વપરનિશ્ચાયક આગમોપદેશપૂર્વક સ્વાનુભવના અભાવને લીધે,... '** છે તો વિવિક્તજ્યોતિ, પરથી ભિન્ન છે પણ પરથી ભિન્ન નહિ જોઈને, હું પરથી એકમેક છું. શરીર મારી સાથે છે, હું શરીરને ચલાવી શકું, કર્મ મારી સાથે છે, કર્મ મને લઈ જાય છે, હું કર્મને લઈ જાઉં છું. એમ પર સાથે સંબંધવાળી જ્યોતિ વિવેકશૂન્ય, ભેદહીન, અભિન્ન એકમેક—પર સાથે એકમેક માને છે. તે વડે **'જોકે જુએ છે તોપણ, તેને સ્વપરનિશ્ચાયક...'** સ્વપરનો નિશ્ચય કરવાવાળી. બગડો છે. 'સ્વપરનિશ્ચાયક—સ્વપરનો નિશ્ચય કરાવનાર. (આગમોપદેશ સ્વપરનો નિશ્ચય કરાવનાર છે અર્થાત્ સ્વપરનો નિશ્ચય કરવામાં નિમિત્તભૂત છે).' પણ આગમ કહે છે ઈ, એમ કહે છે. તારો સ્વભાવ ચૈતન્ય જ્ઞાયક ભિન્ન છે અને શરીરાદિ ત્રિકાળ તારાથી ભિન્ન છે, વર્તમાનમાં પણ ભિન્ન છે. એમ આગમમાં કહ્યું છે (પણ) આગમનું જ્ઞાન નથી તો આગમપૂર્વક પરથી ભિન્ન એવું ભેદજ્ઞાન થતું નથી. સમજાય છે કાંઈ?

**'આગમોપદેશપૂર્વક સ્વાનુભવના અભાવને લીધે,...'** આત્મામાં.. જુઓ આવ્યું. **'આત્મામાં અને આત્મપ્રદેશસ્થિત શરીરાદિદ્રવ્યોમાં...'** અસંખ્યપ્રદેશી ભગવાન આત્મા એ પ્રદેશમાં રહ્યા, કર્મ અને શરીર. કર્મ અને શરીર. એની સાથે એકમેક માને છે. હું તો અત્યારે એકમેક જ છું. હું તો એક જ છું. એકમેક નથી. પણ આગમનું જ્ઞાન નથી. મારા પ્રદેશમાં છે, દેખો! અમે એકમેક છીએ. શરીર આમ ચાલે છે તો આત્મા પણ આમ ઊંચો થાય છે, આમ થાય તો આમ થાય છે. અમે તો એક છીએ. એમ અજ્ઞાની આગમના બોધ વિના આત્માને અને આત્માના પ્રદેશમાં રહેલા શરીર, કર્મને એક માને છે તે મિથ્યાદષ્ટિ છે. શરીરને હું ચલાવું છું. મિથ્યાદષ્ટિ મૂઢ છે. ઈ દ્રવ્યની વાત આવી. સ્વપરનું આવ્યુંને, સ્વપર.

હવે, **‘ઉપયોગમિશ્રિત રાગદ્વેષાદિમોહભાવોમાં...’** એ પણ સ્વ-પર. સમજાય છે? શું કહે છે? શરીર, વાણી, મનથી હું પર છું એમ જાણતો નથી, માનતો નથી. આગમ ઉપદેશપૂર્વકમાં કહ્યું તો ઈ છે. એક વાત. બીજું, પોતાના જ્ઞાનના વ્યાપારમાં—જાણવામાં સાથે દયા, દાન, કામ, ક્રોધના વિકલ્પ જે રાગ-દ્વેષ છે એ ઉપયોગમિશ્રિતમાં રાગ પણ મારો છે, વિકાર પર છે અને મારો જ્ઞાનઉપયોગ સ્વ છે એમ ભેદજ્ઞાન કરતો નથી. સમજાય છે કાંઈ?

એક તો આત્મપ્રદેશસ્થિત ક્ષેત્રમાં કહ્યું, શરીરાદિ. એ પણ મારું કામ છે, એ પણ મારી વસ્તુ છે એમ માને છે. પણ હું ભિન્ન છું એમ માનતો નથી. બીજું, ઉપયોગમિશ્રિત. જ્ઞાનના વ્યાપારમાં જ્યાં જ્ઞાનની ધારા વહે છે, ધારા, એની સાથે રાગ-દ્વેષની પુણ્ય-પાપની ઉત્પત્તિ થાય છે. તો **‘ઉપયોગમિશ્રિત મોહરાગદ્વેષાદિભાવોમાં ‘આ પર છે અને આ આત્મા (-સ્વ) છે’ એવું જ્ઞાન સિદ્ધ થતું નથી;...’** આગમ વિના, રાગાદિ વ્યવહાર રત્નત્રય પર છે અને હું જ્ઞાયક સ્વભાવ સ્વ છું એવો બોધ આગમના અભ્યાસ વિના એને થતો નથી. શ્રાવકના કર્તવ્યમાં નથી આવતું કે હંમેશાં સ્વાધ્યાય કરવો. આવે છે કે નહિ ષટ્કર્મ? ષટ્કર્મ આવે છે? દેવદર્શન, ગુરુ ઉપાસના, સંયમ, ઇન્દ્રિયદમન, હંમેશાં કંઈક દાન કરવું, હંમેશાં કંઈક તપ કરવા, ઈચ્છા ઘટાડવી, ઈચ્છા ઘટાડવી હોં! એ સમ્યગ્દર્શનપૂર્વકની વાત ચાલે છે. સમજાય છે કાંઈ? તો એમાં ઉપયોગમિશ્રિત મોહરાગદ્વેષાદિભાવો. રાગ જે થાય છે એ મારી વસ્તુ છે, મારું કર્તવ્ય છે. એમ આગમ કહેતું નથી પણ આગમના અભ્યાસમાં એવું માની લે છે. સમજાય છે કાંઈ?

આધીન ઉપયોગ લીધો હોં! કેમકે આત્મપ્રદેશ અસંખ્ય પ્રદેશ અરૂપી. એ પ્રદેશમાં રહેલા, ક્ષેત્રમાં રહેલા શરીર, કર્મ. તો શરીર, કર્મ ભિન્ન છે, આત્મા ભિન્ન છે. એવો આગમનો અભ્યાસ નથી તો એ શ્રદ્ધા કરતો નથી, વિવેક કરતો નથી. બીજી વાત. ઈ આત્મપ્રદેશની વાત કરી, હવે આત્માના જ્ઞાનનો વેપાર ચાલે છે, જાણવું, જાણવું, જાણવું. એ જાણવાના વેપારની સાથે દયા, દાન, વ્રતના વિકલ્પ પણ સાથે ઉઠે છે. પણ એ રાગ પર છે અને હું એનો જાણનારો સ્વ ભિન્ન છું, એવું ભેદજ્ઞાન આગમ અભ્યાસ વિના કરતો નથી. આગમ અભ્યાસ કરવાનું ફળ ઈ છે. શું થાય? અને શુભભાવ, શુભભાવ, મારો શુભભાવ. અહીં કહે છે કે શુભભાવ અને શુદ્ધભાવ, બેને એક માને છે તો આગમ કહે છે કે એ મિથ્યાદૃષ્ટિ છે. આગમમાં ઉપદેશ છે કે રાગ અને આત્માને અંદર ભિન્ન જાણવા. વિકલ્પ ઉઠે છે મલિનભાવ, મોહ, ભ્રાંતિ અને રાગ-દ્વેષ એ આસ્રવ છે, મલિન પરિણામ છે અને જાણનારું જ્ઞાન છે તે નિર્મળ છે. બેને આગમઉપદેશ વિના એક માને છે, પણ ભિન્ન નથી માનતો. કેટલું કહે છે! પાટનીજી! લોકો કહે છે કે નહિ, નહિ, નહિ. રાગ તો કરવો પડેને, રાગ તો અમારો છેને. પ્રશસ્ત રાગ છે કે નહિ? પ્રશસ્ત રાગ છે કે નહિ? પ્રશસ્ત રાગનો અર્થ શું? એ તો અશુભરાગ નથી એ અપેક્ષાએ શુભરાગને પ્રશસ્ત કહ્યો. પણ એ રાગથી ચૈતન્ય ભિન્ન છે. એમ સર્વજ્ઞના આગમ કહે છે. કેમકે સર્વજ્ઞપદમાં...

(પરમાત્માએ) સર્વજ્ઞપદ કેમ પ્રાપ્ત કર્યું? કે રાગથી ખસીને, અલ્પજ્ઞ પર્યાયથી દૃષ્ટિ ખસેડીને

મારા સ્વરૂપમાં સર્વજ્ઞપદ પડ્યું છે એમ અંતર ઘોલનની દૃષ્ટિની રમણતાથી સર્વજ્ઞપદ પ્રાપ્ત કર્યું તો એમની વાણીમાં-આગમમાં એમ આવ્યું કે રાગથી તારી ચીજ ભિન્ન છે. પરસન્મુખ જવાવાળા વિકલ્પો અને અંતર્મુખની જ્ઞાનની પરિણમન દશા ભિન્ન છે. એમ આગમ બોધ કરાવે છે. પણ એ આગમનો અભ્યાસ નથી. ઘણા વર્તમાનમાં ગડબડ કરે છેને. આગમનો અભ્યાસ કરતા નથી, એમ કહે છે. ત્યારે, ભણ્યા છેને? પણ એ આગમનો અભ્યાસ એણે કર્યો જ નથી. આગમનો અભ્યાસ જો હોય તો આત્મપ્રદેશમાં શરીર, કર્મ એ પર ચીજ અને મારી ચીજ ભિન્ન છે. અને રાગમિશ્રિત ઉપયોગ ચાલે છે તો જાણવાવાળો ઉપયોગ જ મારી ચીજ છે અને રાગ વ્યવહાર વિકલ્પ મારો નથી. આગમ એમ બતાવે છે અને એના અભ્યાસ વિના એને ભાન થતું નથી. કહો, દેવીલાલજી!

**'આ પર છે અને આત્મા (-સ્વ) છે...'** રાગ તો આસ્રવતત્ત્વ છે. ભગવાનની ભક્તિના પરિણામ પણ આસ્રવતત્ત્વ છે. આ તો માની લીધું એમ કે સમેદશિખરના દર્શન કરી લ્યો, જાઓ, તમારા સંસારનો નાશ થશે. કહે છે કે આગમ એમ કહેતા નથી અને જો એવું કહે એને આગમ કહેવાય નહિ. સેઠી! 'એક વાર...' બોલ્યા હતાને? 'એક વાર વંદે જો કોઈ...'હવે અનંત વાર વંદ ને, સાંભળ તો ખરો. એ તો શુભરાગ છે. એ શુભરાગ અને ચૈતન્ય જ્ઞાતા જાણનારો તો ભિન્ન છે. તો ભિન્નને એકત્વ માનનારો, જેનાથી લાભ માને એનું એકત્વ માને છે. આગમ ના પાડે છે કે એમ એકત્વ છે જ નહિ. સ્પષ્ટ વાત આમાં છે કે નહિ? નવનીતભાઈ! માખણ જેવી સ્પષ્ટ છે. હા પાડે છેને. જુઓને! કેટલી વાત આવે છે! એ.. આમ કરે છે, આ ફલાણું કરે છે. અરે..! સાંભળ તો ખરો. અરે..! પ્રભુ! બહારની વસ્તુ તો સ્વતંત્ર આવે છે, જાય છે, શું આત્માનો અધિકાર છે? આ રાગની ઉત્પત્તિ થાય તો એ આત્માના અધિકારની વસ્તુ નથી. પણ આગમનો અભ્યાસ નહિ, આવું સાંભળવા મળતું નથી તો રાગ અને જ્ઞાનને એક માને છે, તો એવું જ્ઞાન સિદ્ધ થતું નથી કે રાગ પર છે, હું ચૈતન્ય છું. શરીર પર છે, હું જીવ આત્મા છું. એવું જ્ઞાન આગમબોધ વિના સાબિત થતો નથી. એક વાત કરી, સ્વ પરની એક વાત કરી.

હવે, બીજો બોલ હતોને એની વાત. **'આગમોપદેશપૂર્વક...'** પરમાત્મનિશ્ચયપૂર્વક. ત્રગડો છેને, ત્રગડો. **'પરમાત્મનિશ્ચાયક...'** 'પરમાત્મનો નિશ્ચય કરાવનાર' આગમ શું કહે છે સર્વજ્ઞની વાણી? કે તારામાં જ્ઞાનની જાણનક્રિયા જે એક જ્ઞેયને જાણીને બીજા જ્ઞેયને જાણવામાં પરિવર્તિત થાય છે તે તારું સ્વરૂપ નહિ. એ આગમ પરમાત્માનો નિશ્ચય કરાવનાર છે. અર્થાત્ જ્ઞાનસ્વભાવ પરમાત્માનો નિશ્ચય કરવામાં નિમિત્ત થાય છે. નિમિત્ત છે એમાં એમ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? **'પરમાત્મનિશ્ચાયક આગમોપદેશપૂર્વક સ્વાનુભવના અભાવને લીધે...'** હું રાગથી પર, પરિપૂર્ણ છું, મારામાં રાગ તો નથી એ તો પહેલામાં આવ્યું, પણ હું રાગથી નાસ્તિ (સ્વરૂપ છું) તો મારા સ્વભાવથી પરિપૂર્ણ છું. મારો સ્વભાવ મારામાં પરિપૂર્ણ છે. એમ આગમના બોધ વિના પોતાના પરમસ્વરૂપ આત્માને એ જાણી શકતો નથી. હું પરિપૂર્ણ જ્ઞાયક છું, લોકાલોકને જાણનારો. જ્યાં જ્યાં હોઉં ત્યાં મને અને પરને જાણનાર જ છું. એવા (બોધના) અભાવને લીધે,

સ્વાનુભવના અભાવને લીધે.

‘**જેને ત્રિકાળપરિપાટીમાં વિચિત્ર પર્યાયોનો સમૂહ પ્રગટ થાય છે...**’ શું કહે છે? આ જગતના પદાર્થ ‘**ત્રિકાળપરિપાટીમાં વિચિત્ર પર્યાયોનો સમૂહ પ્રગટ થાય છે...** ’ ભાષા જુઓ! ‘**એવા અગાધગંભીરસ્વભાવી વિશ્વને જ્ઞેયરૂપ કરીને પ્રતપતા જ્ઞાનસ્વભાવી એક પરમાત્માનું જ્ઞાન પણ સિદ્ધ થતું નથી.**’ શું કહે છે? જરી ઝીણી વાત છે. પહેલા તો કહ્યું કે રાગ પર અને જ્ઞાયક સ્વ. શરીર પર, કર્મ પર અને જ્ઞાયક ભિન્ન. એ સ્વ પરનો બોધ આગમ કરાવે છે તો આગમનો ઉપદેશમાં એમ આવે છે, એનો બોધ નથી તો એને સ્વ પરનું જ્ઞાન થતું નથી. હવે આગમ કહે છે કે પરથી તો ભિન્ન છે પણ તારી વસ્તુ સ્વભાવથી પરિપૂર્ણ છે. સ્વભાવ જ્ઞાન, આનંદ શુદ્ધ પરમાત્મસ્વભાવથી પરિપૂર્ણ છે. એવા પરિપૂર્ણનો સ્વભાવ શું છે? કે ત્રણ કાળ ત્રણ લોકના જેટલા દ્રવ્ય, ગુણ અને પર્યાય છે તેને જાણવું દેખવું છે. તો કેવી છે પર્યાય? ‘**ત્રિકાળપરિપાટીમાં...**’ જુઓ! પરિપાટી કહે છે. શું કહે છે?

જગતમાં અનંત આત્માઓ છે, અનંત પદાર્થ પરમાણુ છે. ત્રિકાળપરિપાટી કહે છે. જુઓ! ત્રિકાળ વિચિત્ર પદાર્થ એમ નથી લીધું. ત્રિકાળની પરિપાટી. પરિપાટી કહે છે. અશ્વ—ઘોડો ચાલે ને, એને પરિપાટી કહે છે. ભાઈ! સાંભળ્યું છે ઈ? પૂરપાટ નહિ, પરિપાટીમાં ચાલે છે. પુરપાટ આમ પરિપાટીમાં ઘોડા ચાલે છે. એક પછી એક પછી એક ચાલે. એમ દ્રવ્યની અંદર અનંત આત્માઓ અને પરમાણુમાં ત્રિકાળપરિપાટી, સમસ્ત પ્રકારે પાટી. પાટી એટલે એક પછી એક, એક પછી એક, એક પછી એક. ક્રમબદ્ધ, ક્રમવર્તી એમાં છે. ઘોડા પરિપાટીમાં ચાલેને? તો કહે છે કે પ્રત્યેક પદાર્થ અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ ત્રિકાળ—ત્રણે કાળ પરિપાટીમાં એની પર્યાયની પરિપાટીમાં વિચિત્ર પર્યાયોનો સમૂહ પ્રગટ થાય છે. પ્રત્યેક પદાર્થમાં સમય સમયે ભિન્ન ભિન્ન અવસ્થા પ્રગટ થાય છે.

‘**એવા અગાધગંભીરસ્વભાવી વિશ્વને...**’ લ્યો. એવું અગાધગંભીરસ્વભાવી વિશ્વ. અહીં તો ઈ બતાવવું છેને. વિશ્વનો જ્ઞાતા આત્મા છે, જાણનાર-દેખનાર પરિપૂર્ણ છે એમ આગમ બતાવે છે. આગમનો અભ્યાસ નથી તો ઈ જાણતો નથી. સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ? ધર્મચંદજી! શું કહે છે આ? અગાધગતિ કહ્યું હતુંને? અગાધગતિ એક પુસ્તક હતું. ... સ્વામીનારાયણ લોકો રાત્રે આવ્યા. સ્વામીનારાયણ લોકો. દિવસનો ઉપદેશ તો થઈ ગયો. બે વર્ષની વાત છે. દિવસ તો ઘણા થઈ ગયા. ઘણા માણસો આવ્યા હતા આજુબાજુથી. નામ પ્રસિદ્ધ છેને એટલે ઘણા લોકો (આવ્યા હતા). .. સમાય નહિ માણસ. રાત્રે (આવ્યા). કણબી હતા, કણબી સમજ્યા? કૃષીકાર. એ જંગલમાં હતા. સ્વામીનારાયણનો ધર્મ પાળવાવાળા. ઈ આવ્યા રાત્રે. મહારાજ! અમે રહી ગયા.

અમારી પાસે એક પુસ્તક છે—અગાધગતિ નામનું પુસ્તક છે. એ અમને સમજાતું નથી. એમ કરીને પ્રશ્ન કર્યો. આ બે વર્ષ પહેલાની વાત છે. મેં કીધું, શું છે? અમે તમારું અગાધગતિ પુસ્તક

જોયું નથી. તમે વાંચો તો એનો અર્થ કહીએ. અગાધગતિ નામના પુસ્તકમાં એમ લખ્યું હતું કે આ આત્મા દયા પાળે, હિંસા કરે, જૂઠું બોલે, સત્ય બોલે, બ્રહ્મચર્ય પાળે, ભગવાનનું સ્મરણ કરે, ભક્તિ કરે.. સમજ્યા? વગેરે પંચ મહાવ્રત પાળે.. મહાવ્રત એટલે? પાંચ એ પ્રકારની વૃત્તિ, વ્રત પાળે, સ્મરણ કરે, ભગવાનના જાપ કરે, ભગવાનની ધુન લગાવે એ બધા પરિણામનું ફળ સંસાર છે. એમાં લખ્યું હતું. શોભાલાલજી!

આ બે વર્ષ પહેલાની વાત છે. અહીં ધોરી છેને? વડિયામાં જિનમંદિર બન્યું હતું તો એની વેદી પ્રતિષ્ઠા હતી. ત્રણ ઠેકાણે હતીને. વડિયા, જેતપુર અને ગોંડલ. ત્રણ ઠેકાણે વેદી પ્રતિષ્ઠા હતી. ગયા હતા. તો થોડું વાંચ્યું. એકસાથે તો ... રાત્રે આવ્યા, પુસ્તક લઈને આવ્યા. પુસ્તકમાં ઈ લખ્યું હતું. આ દુનિયામાં પ્રાણી જેટલી દયા, અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ સેવન, ભગવાનના જાપ, ભક્તિ, પૂજા વગેરે જેટલી ક્રિયા છે એ બધાનું ફળ અહીંયા છે. અહીંયાનો અર્થ સંસાર છે. એની ક્રિયાનું ફળ મોક્ષ નહિ. દિવસે વાત થઈ હતી. શેઠ! એ કણબી છે, કણબી. કણબી સમજ્યા? કૃષિકાર. દિવસે તો બહાર હોય. રાત્રે બિચારા નવરા થઈને ફાનસ લઈને પુસ્તક લઈને આવ્યા. ઘણા કણબી (હતા). જુઓ ભાઈ! એમાં આ કહ્યું છે. એ બધી રાગની ક્રિયા છે, પુણ્યબંધની ક્રિયા છે. પુણ્યબંધથી સંસાર ફળે. એમાંથી મોક્ષ કદી ત્રણકાળમાં ફળે નહિ. (ઈ કહે), અમને સમજાતું નહોતું. અહીં છે અહીં. એમ શબ્દ હતોને અંદર. 'અહીં છે, અહીં છે' એવો શબ્દ હતો. ભગવાનનો જાપ કરે તોપણ અહીં ફળશે, એમાં આત્મામાં ફળશે અને કલ્યાણ થશે એમ નહિ. સમજાય છે કાંઈ? કોઈ વેદાંતી હશે બાવા એણે બનાવેલું અને એના ઘરમાં પડેલું જૂનું પુસ્તક. એને બિચારાને મોં-માથુ સૂઝે નહિ. એમ લખ્યું હતું, ... લખ્યું હતું. કણબી લઈને આવ્યા હતા. અપાસરામાં લઈને આવ્યા હતા. જૈન સ્થાનકવાસીના અપાસરામાં અમે ઉતર્યા હતા તો ત્યાં લઈને આવ્યા હતા. નામ સાંભળ્યું કે મહારાજ અધ્યાત્મ... ઘણી વાત કરે છે. ...

ભાઈ! બપોરે એ વાત ચાલી હતી. એ વાત એમાં લખી છે, પણ એ વસ્તુ... જેવી છે એવી છે. પણ જેટલા વિકલ્પ ઉઠાવે છે એ બધા આત્માના સ્વભાવથી વિરુદ્ધ છે. પછી પાપ હો કે પુણ્ય હો કે શુભની અનેક જાત હો, બધા બંધનના કારણ છે. લોકો વર્તમાનમાં કહે છેને, અરે..! ઈ એમ કહે છે, પુણ્ય, સમ્યગ્દૃષ્ટિના પુણ્ય પણ બંધનું કારણ છે. લાખ વાર કહીએ છીએ. સાંભળ તો ખરો. અનંત વાર (કહીએ છીએ). એવી ચીજ છે આ રાગ વિકલ્પ ઉઠે છે ધર્મીને, હો, પણ એનું ફળ તો બંધન છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની શુદ્ધિની વૃદ્ધિ થાય એ રાગથી ઉત્પન્ન થતી નથી. શુભરાગથી ક્રિયાથી કદી ત્રણ કાળમાં ઉત્પન્ન નથી થતી. સમજાય છે કાંઈ?

કહે છે કે.. આહા..! જુઓને, ભાષા ભિન્ન ભિન્ન કરીને અમૃતચંદ્રાચાર્યે ગજબ કામ કર્યા છે! વિશ્વ કેવું છે? 'અગાધગંભીરસ્વભાવી...' એક સમયમાં કોઈને મતિજ્ઞાન અને બીજે સમયે ફટ દઈને કેવળજ્ઞાન. એક પરમાણુમાં એક સમયમાં લીલા રંગની પર્યાય પ્રગટ થાય, બીજે સમયે ધોળી રંગની પર્યાય પ્રગટ થાય. સફેદ. કારણ વિશ્વનો એવો સ્વભાવ, પદાર્થની પોતાની પર્યાયનો

સ્વભાવ છે. સમજાય છે કાંઈ? આ શું? આ શું? ક્ષણે ક્ષણે પલટે છે. એ પલટવાની પર્યાયનો એવો જ સ્વભાવ છે. કાચીડો જોયો છે? કાચીડો જોયો છે? કાચીડો નથી કહેતા? શું કહે છે? ચોમાસામાં આમ લીંબડા ઉપર ચડે, લીંબુ ઉપર ચડે. આમ ગળુ ફૂલાવીને ઘડીકમાં લાલ રંગ કરે ને ઘડીકમાં પીળો રંગ કરે. શું કહે છે એને? લીંબડા ઉપર ચડે છેને, આટલો લાંબો. લાલ થઈ જાય, ઘડીકમાં લીલો થઈ જાય, ઘડીકમાં આમ કરે. એવી ક્રિયા જડમાં છે. ક્ષણે ક્ષણે પલટી જાય. આમ દેખો તો બેઠો હોય તો ધોળો હોય અને આમ કરે ત્યાં લીલું થઈ જાય, ઘડીકમાં પીળો થઈ જાય. એ પરમાણુની પર્યાય એવી સ્વતંત્ર વિચિત્ર થાય છે. ગંભીર, અગાધગંભીર. કોઈ નિમિત્ત મળ્યું નહિ અને એની પર્યાય એનાથી થાય છે.

એમ અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ ત્રિકાળપરિપાટીમાં, પરિપાટીમાં એક પછી એક, એક પછી એક પરિ—સમસ્ત પ્રકારે પાટી ચાલે છે. ઘોડાની પાટી કહે છેને? શું કહે છે? ઘોડા.. ઘોડા. પૂરપાટ પૂરપાટ જાય, પૂરપાટ ઘોડો જાય છે એમ કહે. આ પણ દરેક દ્રવ્ય આત્મા અને પરમાણુઓ પૂરપાટ પર્યાયો એક પછી એક, એક પછી એક ચાલે છે. એવું અગાધગંભીરસ્વભાવી વિશ્વ (છે). એવા સમસ્ત પદાર્થ, એવું વિશ્વ તેને **'જ્ઞેયરૂપે કરીને...'** સમસ્ત પદાર્થ તો મારે જાણવાલાયક છે. ઈ સવારે આવ્યું હતું. સમજાય છે કાંઈ? હું તો જાણનાર છું, એ સમસ્ત વિશ્વ વિચિત્ર પ્રકારે પરિણમો, હો, જાણનાર છું. એ મારું જ્ઞેય છે, હું જ્ઞાતા છું. એમ **'પ્રતપતા જ્ઞાનસ્વભાવી એક પરમાત્માનું જ્ઞાન પણ સિદ્ધ થતું નથી.** ' ત્રિકાળપરિપાટીમાં દ્રવ્યની પર્યાય જે ક્રમસર ચાલે છે એનાથી મારો સ્વભાવ ભિન્ન છે, હું ત્રણ કાળ ત્રણ લોકને દેખનાર છું એવો આગમનો બોધ નથી તો પરમાત્મજ્ઞાન પણ એને સિદ્ધ થતું નથી. સમજાય છે કાંઈ? પરમસ્વરૂપ આત્મા, પરમસ્વરૂપ પરમાત્મા એ પરમસ્વરૂપ આત્મા જ્ઞાયકભાવનો એમાં બોધ થતો નથી. બધી વિચિત્ર પર્યાયો થાઓ, ઘડીકમાં આમ શરીર થાય, ઘડીકમાં આમ થાય, ક્ષણમાં રોગ આવી જાય, ક્ષણમાં નિરોગ થઈ જાય. વિચિત્ર પર્યાયનો સમૂહ એ બધું વિશ્વ છે. હું તો એનો પરિપૂર્ણ જાણનાર-દેખનાર છું એવા પરમસ્વરૂપ આત્માનો આગમ બોધ કરાવે છે. આગમનો બોધ નથી એને આવો પરમાત્મસ્વભાવ સિદ્ધ થતો નથી. સમજાય છે કાંઈ? એને મોક્ષમાર્ગ થતો નથી એમ કહે છે. સમ્યગ્દર્શન થતું નથી પહેલા તો. આહા..હા..! આટલું તો સ્પષ્ટ આગમ કહે છે. તોય કહે છે, નહિ, આમ નહિ.

**'અને (એ રીતે) જે (૧) પરાત્મજ્ઞાનથી...'** પર અને આત્મા, સ્વ પર. એના જ્ઞાનથી શૂન્ય અને **'પરાત્મજ્ઞાનથી શૂન્ય' 'તેને, (૧) દ્રવ્યકર્મથી થતાં શરીરાદિ સાથે...'** એ જડ કર્મમાં થનારા શરીર, વાણીની સાથે **'તથા તત્પ્રત્યયી મોહરાગદ્વેષાદિભાવો સાથે...'** બે બોલ પહેલા આવ્યા હતાને? તત્પ્રત્યયી એટલે પર નિમિત્તથી. એનાથી મોહરાગદ્વેષાદિ ભાવો સાથે **'એકતા અનુભવવાને લીધે...'** અજ્ઞાની શરીરની સાથે એકતા, વાણીની સાથે એકતા, કર્મની સાથે એકતા, પુણ્ય-પાપના ભાવની સાથે એકતા અનુભવવાને લીધે વધ્યઘાતક છે. **'વધ્યઘાતકના**

**વિભાગનો અભાવ હોવાથી...**' આત્મા હણાવાલાયક થઈ ગયો અને પર એને હણે છે. નિમિત્ત, કર્મ નિમિત્તથી હણાય છે એમ કહેવામાં આવે છે અને ભ્રાંતિ અને વિકારપર્યાય પોતાના આત્મામાં હણાવાયોગ્ય દશા થઈ એને વિકાર હણે છે. હિંસા થાય છે એમ કહે છે. રાગને પોતાનો માનવો એ નિજ સ્વભાવની હિંસા છે. મોટી હિંસા છે. ખબર નથી શું છે રાગ અને શું છે અરાગ. અંતરમાં ભેદ પાડવાની તાકાત નથી અને એવું સાંભળવા પણ મળ્યું નથી, આગમનો અભ્યાસ નથી તો શું કરે? સમ્યગ્દર્શન એને ઉત્પન્ન થતું નથી.

'**વિભાગનો અભાવ હોવાથી...**' બેનો વિભાગ કરવો જોઈએને? વિભાગ. આત્મા ભિન્ન છે અને રાગાદિ ભિન્ન છે, આત્મા ભિન્ન છે, શરીર ભિન્ન છે. એવા (વિભાગનો) હોવાથી '**મોહાદિદ્રવ્યભાવકર્મોનો ક્ષય સિદ્ધ થતો નથી,...** ' તેને મિથ્યાત્વનો નાશ થતો નથી, દર્શનમોહનો નાશ થતો નથી, મોહનો નાશ થતો નથી, જડ કર્મનો નાશ થતો નથી. '**તેમ જ,...**' ઈ બે બોલની વાત કરી. હવે ઓલી ત્રીજી (જ્ઞપ્તિ)પરિવર્તન(ની વાત કરે છે). જ્ઞપ્તિપરિવર્તન. જાણવાની ક્રિયાનું પલટવું, પરિવર્તન થવું. આહા..! '(૨) **જ્ઞેયનિષ્ઠપણે પ્રત્યેક વસ્તુના ઉત્પાદ-વિનાશરૂપે પરિણમતી હોવાને લીધે...**' શું કહે છે? જુઓ! જ્ઞેયનિષ્ઠ. જાણવાની વસ્તુમાં નિષ્ઠાવાળો, પ્રેમવાળો, પરાયણ, પરસન્મુખ. નિજ જ્ઞાયક સ્વભાવમાં સન્મુખ નહિ થઈને એ જ્ઞેયને સન્મુખ-પરાયણ-તત્પર હોવાને લીધે '**અનાદિ સંસારથી...**' નીચે (ફૂટનોટમાં) છે. જ્ઞેયનિષ્ઠ—જ્ઞેયમાં પ્રીતિવાળો હોવાથી, '**પ્રત્યેક વસ્તુના ઉત્પાદ-વિનાશરૂપે પરિણમતી હોવાને લીધે અનાદિ સંસારથી પરિવર્તન...**' પામ્યા કરે છે.

'**પરમાત્મનિષ્ઠતા સિવાય...**' જુઓ! એ જ્ઞેયનિષ્ઠ છે, પરમાત્મનિષ્ઠ ન રહ્યો. જ્ઞાનની વર્તમાન દશા જ્ઞેય જાણવાલાયક ચીજમાં તત્પર રહે છે એ જ્ઞાયક ભગવાન આત્મામાં તત્પર ન રહ્યો. સમજાય છે કાંઈ? ભઈ, બધી ઊંચી વાત તો છે પણ હવે આ માર્ગ સમજ્યા વિના ક્યાંય આરા આવે એમ નથી. વાત એને ઝીણી લાગશે. લોઢા કાપે છીણી. છીણી હોયને? છીણી, ફડાક ટૂકડા કરે. એમ ભેદજ્ઞાન કરાવવું છે. એને અહીંયા સૂક્ષ્મ બોધ વિના ભેદજ્ઞાન થતું નથી. ભેદ—પરથી ભિન્ન છું. તો કહે છે, જ્ઞેયનિષ્ઠતા. પોતાની પરમાત્મનિષ્ઠતા—સ્વરૂપમાં પ્રેમ, રુચિ, તત્પર નહિ અને જ્ઞેયમાં તત્પરતા. જાણવાની વસ્તુમાં.

'**પ્રત્યેક વસ્તુના ઉત્પાદ-વિનાશરૂપે પરિણમતી હોવાને લીધે...**' પ્રત્યેક વસ્તુમાં નહિ, પણ પ્રત્યેક વસ્તુના ઉત્પાદ-વ્યય સાથે દોરાય છે. દોરાય કહે છે? શું કહે છે? વહેતો થકો. જ્ઞેય જેમ વહે છે, ફરે છે એમ પર્યાય પણ એની સાથે વહે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, એની સાથે વહે છે, આમ આમ પલટે છે. આમ તો શબ્દ (છે કે) '**પ્રત્યેક વસ્તુના ઉત્પાદ-વિનાશરૂપે પરિણમતી હોવાને લીધે...** ' પરની સાથે પરિણત ક્યાં (થાય છે)? ઈ તો પહેલા આવી ગયું હતું કે નહિ? પહેલા આવ્યું હતું, નહિ? સમજાણું? પરિણમતો

હોવાથી, પ્રત્યેક વસ્તુ સાથે પરિણમતો હોવાથી. તો પરિણમે છે ક્યાં? ઈ ૨૩૨માં આવ્યું હતું. ૨૩૨માં આવ્યું હતુંને? **'વિશ્વવ્યાપારરૂપે (—સમસ્ત પદાર્થોની પ્રવૃત્તિરૂપે) પરિણમતો હોવાથી...'** એ વસ્તુ સાથે પરિણમતો નથી પણ વસ્તુ સાથે (રહેલા) નિમિત્ત સાથે એકતામાં પરિણમે છે. એકતાબુદ્ધિ, વસ્તુની સાથે કે દિ' (પરિણમ્યો છે)? વસ્તુ તો ભિન્ન રહે છે. એકતાબુદ્ધિથી પરિણમે છે. પ્રત્યેક વસ્તુમાં એકતા, પ્રત્યેક વસ્તુમાં એકતા. એમ અહીંયા ઉત્પાદ-વ્યય સાથે એકતા. પર્યાય ઉત્પન્ન થઈ નવી, જ્ઞાનનિષ્ઠ છે? હું પલટી ગયો, હું પલટી ગયો. પણ પલટ્યો તો તારા જ્ઞાનગુણને કારણે પલટ્યો છો. પરજ્ઞેયનિષ્ઠતાથી પલટ્યો નથી. એ તારી વસ્તુ નથી.

**'ઉત્પાદ-વિનાશરૂપે પરિણમતી હોવાને લીધે અનાદિ સંસારથી પરિવર્તન પામતી જે જ્ઞપ્તિ તેનું પરિવર્તન પરમાત્મનિષ્ઠતા સિવાય અનિવાર્ય હોવાથી,... '** જ્ઞેયનિષ્ઠતામાં જ્ઞાનનો ઝુકાવ, એ જ્ઞાયકભાવમાં ઝુકાવી દેવા (સિવાય) એ નિષ્ઠતાનો કદી નાશ થતો નથી. સમજાય છે કાંઈ? વસ્તુ તો જ્ઞાનસ્વરૂપ ભગવાન છે. એની દશામાં જ્ઞેય નામ પરજ્ઞેયમાં નિષ્ઠતા તત્પર અને સન્મુખ છે, એ સન્મુખતા જ્ઞાયકભાવમાં નિષ્ઠતા અને તત્પર થયા વિના પરમાં નિષ્ઠતાનો નાશ થતો નથી. અને એ થયા વિના કદી આત્માનું કલ્યાણ થશે નહિ.

**'જ્ઞપ્તિપરિવર્તનરૂપ કર્મોનો ક્ષય પણ સિદ્ધ થતો નથી.'** કર્મ નામ કાર્ય હોં! એ જ્ઞપ્તિરૂપ પરિવર્તન જાણનક્રિયાનો પલટો એવું જે કાર્ય એ પરમાત્મનિષ્ઠતા વિના (ક્ષય થાય નહિ) અને આગમ એમ કહે છે. જ્ઞેયની તત્પરતા છોડી દે અને જ્ઞાયકની તત્પરતા કર. સમજાય છે કાંઈ? સર્વજ્ઞના આગમ.. પોતે સર્વજ્ઞપદ પામ્યા તો જ્ઞાયકમાં તત્પરતાથી પામ્યાને? કે જ્ઞેયમાં તત્પરતાથી પામ્યા છે? તો એમની વાણીમાં પણ એમ આવ્યું કે રાગ તો ભિન્ન, શરીર તો ભિન્ન છે, પણ તારી જ્ઞાનની પર્યાય જ્ઞેય જાણવા સન્મુખ તત્પર છે એ બંધનું કારણ છે. ગુલાંટ ખાઈ જા. ગુલાંટ સમજો છોને? પલટો ખાઈ જા. નટ નથી નાચતો? નટ, નટ હોય છેને? નટ. નટ નાચે છેને? આમ નાચતા નાચતા આમ ગુલાંટ ખાઈ જાય. નટ નાચેને? પહેલા બે હાથ આમ હોય,... એમ તારી અનાદિથી જ્ઞાનની વર્તમાન દશા જ્ઞેયતત્પર છે, સન્મુખ છે, નિષ્ઠ છે, પ્રેમ છે તેનું પરિવર્તન છે (એમાંથી) ગુલાંટ ખાઈ જા. આવા જ્ઞાયકભાવમાં તત્પર થા, એમ આગમનો ઉપદેશ છે. તો આગમના અભ્યાસ વિના જ્ઞાયકમાં તત્પરતા અને જ્ઞેયથી ખસવું એવો એનો બોધ થતો નથી. બોધ થતો નથી તો નિજ કાર્ય સિદ્ધ થતું નથી.

**'માટે કર્મક્ષયના અર્થીઓએ સર્વ પ્રકારે આગમની પર્યુપાસના કરવી યોગ્ય છે. '** લ્યો, આ સરવાળો. માટે કર્મક્ષયાર્થીઓએ સર્વ પ્રકારે આગમની સેવા કરવી, શાસ્ત્રનો અભ્યાસ બરાબર કરવો. ભીખાભાઈ! એ વાત વિશેષ ભાવાર્થમાં આવશે...

**ભાદરવા સુદ ૮, શુક્રવાર, તા. ૭.૯.૧૯૬૨**
**ગાથા-૨૩૩, ૨૩૪, પ્રવચન-૪**

પ્રવચનસાર, ચરણાનુયોગસૂચક ચૂલિકા (અધિકાર) ચાલે છે. એમાં મોક્ષમાર્ગનો અધિકાર ચાલે છે. મોક્ષમાર્ગનું સ્વરૂપ સર્વજ્ઞ કથિત આગમની ઉપાસનાથી પ્રાપ્ત થાય છે. જેને આગમનું જ્ઞાન નથી એને મોક્ષમાર્ગનું શું સ્વરૂપ છે એ જણાતું નથી, તો શ્રદ્ધા અને અનુભવમાં તો આવતું જ નથી.

'**ભાવાર્થ :—**' ૨૩૩નો ભાવાર્થ. લીધું છે કે નહિ? ક્યાં ગયા? એ વાત કાલે ચાલી છે, અહીંયા ભાવાર્થમાં સંક્ષેપમાં ચાલે છે. '**આગમની પર્યુપાસના રહિત જગતને...**' જેને સર્વજ્ઞ ઉપજ્ઞ આગમે જે કહ્યું છે એનું જેને જ્ઞાન નથી અને આગમની સેવા રહિત જગતને '**આગમોપદેશપૂર્વક સ્વાનુભવ નહિ થતો હોવાથી...**' અર્થાત્ આગમમાં કહેવાનું એ છે, ચારેય અનુયોગમાં કે આત્મા એક સમયમાં પરિપૂર્ણ છે એ તરફ તારો ઝુકાવ કર. રાગથી, પુણ્યથી, નિમિત્તથી, પર્યાયની રુચિથી ખસીને પૂર્ણ સ્વભાવ ઉપર ઝુકીને તારો અનુભવ કર. એ ચારેય અનુયોગ આગમમાં આ વસ્તુ કહેવી છે. અનેક પદ્ધતિ અને અનેક પ્રકારે કહેવામાં આવ્યું હોય છતાં આગમના ઉપદેશમાં આ એનો સાર છે. તો આગમપૂર્વક જેને સ્વાનુભવ (નથી), એનો અર્થ શું થયો? કે આગમમાં સ્વ અનુભવ કરવાની વિધિ વિધાન બતાવ્યું છે. આ વિધાન છે. વિધાન નથી એમ હોય? રાગ-દ્વેષ હું છોડી શકું એવું વિધાન નથી. કેમકે રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય છે પર્યાયમાં, તો એ રાગ-દ્વેષ હું છોડું એવી વિધિ નથી. પણ સ્વભાવ ચૈતન્ય સન્મુખ થઈને અંતરમાં અવલોકન કરવાથી, અનુભવ કરવાથી રાગ-દ્વેષની ઉત્પત્તિ થતી નથી અર્થાત્ રાગ-દ્વેષનો નાશ થાય છે. આ આગમની સેવના કરવાથી (અર્થાત્) આગમમાં આ કહ્યું છે એવો સ્વાનુભવ આગમના ઉપદેશ વિના આવું જ્ઞાન કદી થતું નથી.

આ પ્રમાણે સ્વ પરનું ભેદજ્ઞાન થતું નથી કે '**આ અમૂર્તિક આત્મા તે હું છું...**' જુઓ! આગમમાં એ કહેવામાં આવ્યું છે કે તારો આત્મા અમૂર્ત છે, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહિત છે— એવો સ્વ હું છું એમ આગમ કહે છે. તો આગમનો ઉપદેશ સાંભળ્યો નથી, સમજ્યો નથી તેને આવો બોધ થતો નથી. '**અને આ સમાનક્ષેત્રાવગાહી શરીરાદિક પર છે...**' મારા આત્મપ્રદેશમાં રહેવાવાળા બીજા કર્મ અને શરીરાદિ પર છે. હું એકલો અરૂપી જ્ઞાનઘન છું અને શરીર, કર્મ પર છે એમ આગમમાં કહ્યું છે, એવા આગમનો ઉપદેશ જેને નથી મળ્યો તેને સ્વ-પરનું ભેદજ્ઞાન થતું નથી. શોભાલાલજી! સમજાય છે? થોડું થોડું (સમજવું). આ તો સ્થૂળ વાત છે. સવારે થોડી સૂક્ષ્મ હતી. સવારે સૂક્ષ્મ હતી. વસ્તુ સૂક્ષ્મ છે, ભગવાન સૂક્ષ્મ છે, એની શક્તિ સૂક્ષ્મ, એની અવસ્થા સૂક્ષ્મ, મોક્ષમાર્ગ સૂક્ષ્મ, પોતાનું સ્વરૂપ સૂક્ષ્મ. જો સ્થૂળ હોત તો ઈન્દ્રિયગ્રાહ્ય હોત. સૂક્ષ્મ છે તો

અતીન્દ્રિયગ્રાહ્ય છે. ઈન્દ્રિય અને મનથી અતીત છે, વચનથી અતીત છે, રાગથી ભિન્ન છે. એવો સચ્ચિદાનંદ સ્વરૂપ સૂક્ષ્મ અને એનો મોક્ષનો માર્ગ પણ સૂક્ષ્મ (છે). એનું કાર્ય જે મોક્ષ એ પણ સૂક્ષ્મ. સાંભળવા મળે નહિ, અભ્યાસ નહિ એટલે એને એવું લાગે કે આ શું છે? તારી ચીજ જ એવી નિરાલંબી છે.

કહે છે કે શાસ્ત્રના ઉપદેશ વિના... શાસ્ત્રમાં જે કહ્યું છે કે હું અમૂર્ત આત્મા છું એમ એમાં કહ્યું. અને શરીરપ્રદેશ આદિમાં શરીર રહેવાવાળી વસ્તુ એ પર છે એમ કહ્યું. બીજી વાત, ઉપયોગ છે તે હું છું. જાણવું-દેખવું એનો વેપાર ઉપયોગ, ચૈતન્યઅનુવિધાયી પરિણામ. ચૈતન્ય ચેતન દ્રવ્ય એનો ચૈતન્યસ્વભાવ એને અનુસરીને (થનારા) જાણવા-દેખવાના પરિણામ એ ઉપયોગ તે હું. અને એ '**ઉપયોગમિશ્રિત મોહ-રાગદ્વેષાદિભાવો તે પર છે**' સમજાય છે કાંઈ? આગમ આ ઉપદેશ કરે છે. આગમમાં આ કહ્યું છે તો જેને આગમનો બોધ નથી તેને હું જાણનાર-દેખનાર ઉપયોગ છું અને એમાં મોહ, દયા, દાન, રાગ-દ્વેષ, ભક્તિ આદિ શુભાશુભ ભાવ પર છે. આવો એને આગમનો ઉપદેશ મળ્યો નથી અને આગમમાંથી પણ આવું કાઢે નહિ તો એનો આગમનો બોધ પણ સાચો નથી. સમજાય છે કાંઈ? આગમ વાંચીને આગમને કહેવું છે આ અને આ કાઢે નહિ તો એણે આગમ પણ વાંચ્યા નથી. તો આગમપૂર્વક એને બોધ પણ સાચો ન થયો.

કહે છે કે, ભગવાન આત્મા જાણન-દેખન, ચિદ્‌બ્રહ્મ જ્ઞાયકસ્વરૂપ ઉપયોગ તે હું છું અને દયા, દાન, વ્રત, વ્યવહાર રત્નત્રયની શ્રદ્ધા આદિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના વિકલ્પ આદિ પર છે. એમ આગમ કહે છે. અને એવા આગમનો અભ્યાસ નથી તો એને સ્વ અને પરનો બોધ યથાર્થ થતો નથી. સમજાય છે કાંઈ? એક વાત. એ એક વાત થઈ. ઈ પરની એક વાત થઈ. કાલે તો ઘણું આવ્યું હતું.

હવે પરમાત્માની વાત ચાલે છે. '**આગમોપદેશપૂર્વક...**' આગમમાં કહ્યું છે કે '**સ્વાનુભવ નહિ થતો હોવાથી...**' રાગ અને પુણ્યથી પર તારી વસ્તુ પૂર્ણસ્વરૂપ છે. પહેલામાં સ્વ પરનો ભેદ બતાવ્યો, આગમમાં અને ઉપયોગ અને રાગનો ભેદ બતાવ્યો. હવે અહીંયા એકલો આત્મા પરિપૂર્ણ જ્ઞાયકસ્વભાવથી એકલો ભરેલો છે. પરિપૂર્ણ પરમ આત્મ, પરમ આત્મ, પરમ સ્વરૂપ, પરમ જ્ઞાયક પરમસ્વભાવ. એમ શાસ્ત્રને કહેવું છે કે તારો પરમ સ્વભાવ એકરૂપ છે. એના ઉપર દૃષ્ટિ કર તો તને પરમાત્મપદની પ્રાપ્તિ થશે. તો એવા આગમઉપદેશપૂર્વક સ્વાનુભવ નહિ થતો હોવાથી, સ્વ જ્ઞાન પૂર્ણ, સ્વભાવ પૂર્ણ એકલો જ્ઞાતા-દૃષ્ટા છું એવું ભાન નહિ હોવાથી, એવું પરમ આત્મજ્ઞાન પણ થતું નથી. કેવું (જ્ઞાન)? '**હું જ્ઞાનસ્વભાવી એક પરમાત્મા છું**' આ નીચલા (ગુણસ્થાન)ની વાત ચાલે છે, હોં! ઉપરની વાત નહિ. સમજાય છે કાંઈ?

'**હું જ્ઞાનસ્વભાવી...**' પહેલામાં બે આવ્યું હતું. આગમમાં બે પ્રકારનો ઉપદેશ ચાલે છે. એક તો શરીર અને આત્મા બે ભિન્ન, કર્મ અને આત્મા ભિન્ન અને બીજો ઉપયોગમાં જ્ઞાન-દર્શનનો વેપાર અને દયા, દાન, વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ભિન્ન એવો ઉપદેશ ચાલે છે. તો જેને આવો

બોધ નથી એને સ્વપરનું જ્ઞાન અંતરમાં થતું નથી. બીજી વાત આગમમાં ચાલી કે તું એકલો પરમ આત્મસ્વભાવી (વસ્તુ છે). અસ્તિથી એટલી વાત કરી. પરથી ભિન્ન એમ નહિ. એકલો ચૈતન્યપુંજ, જ્ઞાનનો પુંજ પ્રભુ આત્મા છે. પવિત્ર આનંદઘન આનંદધામ આત્મા છે. સમજાય છે કાંઈ? એવો '**હું જ્ઞાનસ્વભાવી એક પરમાત્મા છું**' એમ જે આગમમાં કહ્યું છે એ આગમનો ઉપદેશ સાંભળતો નથી, સમજતો નથી અને વાંચતો નથી. અને વાંચે અને સાંભળે અને બીજું કાઢે તો આગમ વાંચ્યા નથી. સમજાય છે કાંઈ? એકલો ભગવાન જ્ઞાનમૂર્તિ પરમસ્વભાવથી ભરેલો છે. પરમઆનંદ સચ્ચિદાનંદ—સત્-શાશ્વત જ્ઞાન અને આનંદરૂપી હું પરિપૂર્ણ છું. એમ આગમમાં, સર્વજ્ઞની ધ્વનિમાં, ચાર અનુયોગમાં આ બતાવવું છે. તો એ આગમનો જેને અભ્યાસ નથી એને આવું જ્ઞાન અંતરમાં થતું નથી.

'**એ રીતે જેને (૧) સ્વપરજ્ઞાન તેમ જ (૨) પરમાત્મજ્ઞાન નથી તેને, (૧) હણાવાયોગ્ય એવા સ્વનું...**' સ્વકાળ. આત્માની પર્યાય હણાવાયોગ્ય છે. કેમ કે શરીર મારું, કર્મ મારા એવી માન્યતાથી આત્માની પર્યાય સમ્યક્શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની ઉત્પત્તિ થતી નથી. હણાવા યોગ્ય દશા થઈ ગઈ. સમજાય છે કાંઈ? દયા, દાન, વ્રત, વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ મારી વસ્તુ છે અને મને મદદ કરે છે (એવી માન્યતાને કારણે) જેને ભેદજ્ઞાન નથી એને આત્મા હણાવાયોગ્ય થઈ ગયો. હિંસાયોગ્ય થઈ ગયો. આત્માની હિંસા થઈ. પર્યાયમાં હિંસા થઈ. આ હિંસા ક્યા પ્રકારની? કોઈ પ્રાણીને હણે નહિ. તારા ચૈતન્ય ભાવપ્રાણ જ્ઞાયકમૂર્તિ છે એમાં વિકલ્પનું ઉઠવું એનો ભેદ કરવો એ તારો સ્વભાવ છે. પણ એનાથી લાભ થશે એમ વસ્તુમાં નથી અને માને છે તો એની આત્મામાં યોગ્યતા, દશા હણાવાયોગ્ય થઈ જાય છે. ભાવપ્રાણ એના હણાઈ જાય છે. છેને?

તથા હણનાર કોણ? '**મોહાદિદ્રવ્યભાવકર્મરૂપ પરનું ભેદજ્ઞાન નહિ હોવાથી...**' અંતરમાં અશુદ્ધ ઉપાદાન જે વિકાર પરિણામ એ ઘાત કરનારા-હણનાર-હણાવાયોગ્ય (શુદ્ધ) દશા અને વિકારી પરિણામ હણનાર, ઘાત કરનાર. ઓહો..હો..! સમજાય છે કાંઈ? વ્યવહાર રત્નત્રય વિકલ્પ પણ આત્માની પર્યાયને ઘાત કરનાર છે. સમજાય છે કાંઈ? અને ઘાત થવાયોગ્ય પોતાની પર્યાય છે. તો એનો ભેદ કરવો, એનો આશ્રય લેવો નહિ, ભેદ કરવો એનું આગમ ભાન કરાવે છે. તો જેને એવો આગમનો બોધ નથી એના આત્માની પર્યાયમાં આત્મા હણાવાયોગ્ય થઈ ગયો અને ભાવકર્મ હણનારા થઈ ગયા અને નિમિત્તથી દ્રવ્યકર્મ પણ હણનાર થઈ ગયા. અશુદ્ધ ઉપાદાનથી વિકાર હણનાર અને વ્યવહારથી નિમિત્તથી કર્મ હણનાર. એમ બેયનું એને જ્ઞાન નથી. સમજાય છે કાંઈ? ધ્યાન તો રાખે છે. ..ભાઈ ધ્યાન તો રાખે છે, પણ ઝીણી વાત છે.

જુઓ! ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ સ્વરૂપ ચિદ્ઘન (છે). તો જેને રાગની ક્રિયા શુભની હો, વ્યવહાર રત્નત્રયની હો, પણ એ રાગ મારી વસ્તુમાં લાભ કરશે, તો બેને એક માન્યા. આત્મા હણાવાયોગ્ય થઈ ગયો. સમજ્યા? લખ્યું છેને એમાં? હણાવાયોગ્ય થઈ ગયો. હણાવાયોગ્ય, ઘાત

થવા લાયક થઈ ગયો અને ઘાત કરનાર ભાવકર્મ. નિશ્ચયથી ઘાત કરનાર ભાવકર્મ વ્યવહાર રત્નત્રયના વિકલ્પ ઘાત કરનાર છે. હિંસા, આત્માની પર્યાયમાં ઘાત કરનાર છે અને ઘાત થવાયોગ્ય આત્માની પર્યાય છે અને નિમિત્તથી દ્રવ્યકર્મ વ્યવહારથી ઉપચારથી ઘાત કરનાર, અશુદ્ધ ઉપાદાનથી હણાવાયોગ્ય થયો તો નિમિત્તથી ઘાત કરનાર એવો આરોપ દ્રવ્યકર્મમાં આવે છે. સમજાય છે કાંઈ? ભારે ઝીણી વાત, ભાઈ!

‘**મોહાદિદ્રવ્યભાવકર્મોનો ક્ષય થતો નથી,...**’ એનું આવું ભેદજ્ઞાન નહિ હોવાથી મોહાદિ જડ કર્મ અને વિકારી મોહાદિ ભાવકર્મનો એને ક્ષય થતો નથી. જેને એકપણે માને એનો ક્ષય કેવી રીતે થાય? સમજાય છે કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ છે એને પોતાના સ્વભાવમાં એકપણે માને એનો ઘાત કેમ કરે? એ એનાથી કેમ ખસે? એનાથી દૂર કેમ થાય? દેવીલાલજી! ઓહો..હો...! એ સ્વપર ભેદજ્ઞાનની વાત કરી. ‘**તેમ જ, પરમાત્મનિષ્ઠતાના અભાવે લીધે...**’ શું કહે છે? પોતાની જ્ઞાન પરિણતિ—જાણનક્રિયા, વર્તમાન જાણનક્રિયા અનાદિથી જ્ઞેયનિષ્ઠ થઈ ગઈ છે. જ્ઞેયનિષ્ઠ, જ્ઞેયતત્પર, જ્ઞેયસન્મુખ, જ્ઞેયપરાયણ (થઈ ગઈ છે). અને જ્ઞેયપરાયણ છે તેથી આગમ કહે છે કે જ્ઞેયપરાયણતાથી ખસી જા. પછી (સામે) સર્વજ્ઞ પરમાત્મા હો તોપણ જ્ઞાનની પર્યાય જ્ઞેયનિષ્ઠ થઈ તેનાથી ખસવાનો ઉપદેશ ચાલે છે. સર્વજ્ઞ એવો ઉપદેશ કરે છે કે તારી જાણનક્રિયા મારા સર્વજ્ઞપદમાં તારું લક્ષ છે તેનાથી ખસી જા. એમ અમે કહીએ છીએ.

મુમુક્ષુ :— તારી જાણનક્રિયા મારા...

ઉત્તર :— મારું સર્વજ્ઞપદ જ્ઞેય છે, પોતાની જ્ઞાનની પર્યાયમાં એ જ્ઞેય છે. તો જ્ઞેયમાં તત્પર થઈ ગયો પરલક્ષી થઈને. જ્ઞેયનિષ્ઠ, તત્પર, પરાયણ, સન્મુખ, પરમુખ, સ્વથી પરાન્મુખ થઈને પરાન્મુખ થઈ ગયો. સર્વજ્ઞના ઉપદેશમાં એમ આવ્યું કે જ્ઞેયનિષ્ઠ તત્પર, પરજ્ઞેય તરફથી ખસી જા, અમે પણ તારી જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય છીએ. સમજાય છે કાંઈ? ગુરુ પણ એમ કહે છે કે અમે પણ તારી જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય છીએ. શાસ્ત્ર પણ એમ કહે છે કે અમે પણ તારી જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય છીએ. ત્રણેમાં નિષ્ઠ, તત્પર, પરાયણ અનાદિથી છે. તો સર્વજ્ઞના ઉપદેશમાં, આગમમાં એ આવ્યું કે એનાથી ખસી જા.

‘**પરમાત્મનિષ્ઠતાના અભાવને લીધે...**’ અર્થાત્ જ્ઞેયનિષ્ઠતાને કારણે, એનાથી (સ્વભાવથી) ખસીને પોતાના પરમજ્ઞાનસ્વભાવની નિષ્ઠતાના અભાવે લીધે ‘**જ્ઞપ્તિનું પરિવર્તન નહિ ટળતું હોવાથી...**’ જાણનક્રિયા જ્ઞેયમાં નિષ્ઠ થઈ ગઈ છે, રત થઈ ગઈ છે, લીન થઈ ગઈ છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? સર્વજ્ઞ ભગવાનની ધ્વનિમાં એમ આવ્યું કે અમારી ધ્વનિ પણ તારે માટે જ્ઞેય છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા સમવસરણમાં બિરાજે છે તો કહે છે કે તારી જાણનક્રિયામાં અમે જ્ઞેય છીએ એમાં જો તત્પર, સન્મુખ છે એ તારો સંસાર છે. ઓહો..હો..! કાલે તો બધું આવી ગયું છે. ટીકામાં આવ્યું હતું. આ તો બહુ અલ્પ કહ્યું.

‘**પરમાત્મનિષ્ઠતાના અભાવને લીધે...** ’ અર્થાત્ જ્ઞેયનિષ્ઠતાને લીધે અને પરમાત્માની

અંતર એકાગ્રતા, સ્વભાવની એકાગ્રતાના અભાવને લીધે '**જ્ઞપ્તિનું પરિવર્તન...**' જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયનિષ્ઠતા તત્પર છે એ જ્ઞપ્તિપરિવર્તન ગુલાંટ ખાય છે. એ '**નહિ ટળતું હોવાથી...**' જ્ઞાનસ્વભાવમાં તત્પર થયા વિના, તારે એ ટળશે નહિ. શાસ્ત્રકાર એમ કહેવા માંગે છે કે જ્ઞાયક ઉપર તત્પર થા, અમારા ઉપરની તત્પરતા ખસેડી દે. આહા..હા..! સમજાય છે કાંઈ? આવું ન સમજે એને જ્ઞપ્તિનું પરિવર્તન નહિ ટળવાથી. જ્ઞપ્તિપરિવર્તનરૂપ કર્મ. કર્મ નામ કાર્ય. જાણનક્રિયામાં જે જ્ઞેયનિષ્ઠતા રહી એવું કાર્ય તને નાશ નહિ પામે અને પરમાત્મ આત્મસ્વભાવમાં કદી લીન નહિ થઈ શકે. તેના '**કર્મોનો પણ ક્ષય થતો નથી.**'

'**માટે મોક્ષાર્થીઓએ સર્વ પ્રકારે...**' સર્વ પ્રકારે. '**સર્વજ્ઞકથિત...**' મૂળ પાઠમાં છે. '**આગમને સેવવાં.**' સર્વજ્ઞ કથિત આગમનું સેવન કરે. કેમકે સર્વજ્ઞના આગમમાં એમ આવ્યું છે, બીજાના આગમમાં એવી વાત આવતી નથી. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞ દેવાધિદેવ, જેણે એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા એની વાણીમાં... એ વાણી ઈ આગમ. અને વાણીની રચના ગણધરોએ, સંતોએ, મુનિઓએ કરી એ આગમનો અભ્યાસ, સર્વજ્ઞ કથિત આગમનું બરાબર સેવન કરવું. એ આગમ એમ બતાવે છે તો તારું કાર્ય આ રીતે થાય છે, એમ આગમમાં કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? '**માટે મોક્ષાર્થીઓએ સર્વ પ્રકારે સર્વજ્ઞકથિત આગમને સેવવાં**'. બસ! એ ગાથા પૂરી. કાલે ચાલી હતી.

'**હવે, મોક્ષમાર્ગે જનારાઓને આગમ જ એક ચક્ષુ છે એમ ઉપદેશે છે :—**' ભગવાન આત્મા પોતાનો ચૈતન્ય ભગવાન નિધાન, સ્વભાવથી પરિપૂર્ણ પરમભાવથી ભરેલો એ રાગથી પૃથક્ કરી સ્વભાવમાં એકત્વનું ઢળવું એ આગમચક્ષુથી જણાય છે. તો મોક્ષમાર્ગ ઉપર ચાલનારાઓને આગમ જ એક આંખ છે. આગમ જ એક ચક્ષુ છે એમ ઉપદેશે છે. ૨૩૪.

आगमचक्खू साहू इंदियचक्खूणि सव्वभूदाणि।
देवा य ओहिचक्खू सिद्धा पुण सव्वदो चक्खू।।२३४।।

'**ટીકા :—**' શું કહે છે? '**પ્રથમ તો, આ લોકમાં ભગવંત સિદ્ધો જ...**' ટીકા. મૂળ રકમની વાત તો એ કહેવી છે... સેઠી! પ્રથમ—'**तावत्**' શબ્દ પડ્યો છેને? જુઓ! '**तावद्भगवन्तः**' સંસ્કૃમાં. મૂળ વાત ઈ કહેવી છે... વાણિયા તમે નથી કરતા? મૂળ વાત લાવને, પચાસ હજાર આપ્યા ઈ તો લાવ હવે. છ આનાનું, આઠ આનાનું વ્યાજ દસ વર્ષથી ભરે છો. મૂળ રકમ લાવ. શેઠ! આ રાજા મહારાજા કરે છેને? કેટલાક વાણિયા, બે બે લાખ, ત્રણ ત્રણ લાખ, પાંચ પાંચ લાખ (આપે). વ્યાજ જ આપે છે, પણ તમારું શું થાશે? અમારી અને તમારી આબરૂનો સવાલ છે. પણ તમે વૃદ્ધ રહ્યા, તમને પાંચ લાખ આપ્યા છે, છ આના વ્યાજે. પહેલા રકમ લાવો, પછી વ્યાજ. સમજાય છે કાંઈ? વાણિયા પાસે ઘણા પૈસા હોયને તો રાજને ધીરે. પાંચ પાંચ લાખ, દસ દસ લાખ, વીસ વીસ લાખ ધીરે રાજને. રાજનું શરીર જ્યાં સુધી ઠીક હોય.. વાણિયા કહે, અત્યાર સુધી તો વ્યાજ લીધું પણ હવે તો રકમ જોઈએ. વ્યાજ નહિ, રૂપિયા લાવ. તમારા પુત્રની

સાથે ... એવું થાય અને આપણે ને તમારે સંબંધ છે, એવો રહે કે નહિ, માટે રકમ પહેલી લાવ.

ભગવાન કહે છે કે પહેલી રકમ અમારે ઈ કહેવી છે કે અમારે મૂળ રકમ કહેવી છે, શું? **'આ લોકમાં ભગવંત સિદ્ધો જ...'** પરમાત્મા સિદ્ધ પ્રભુ આનંદમૂર્તિ જેની શક્તિની વ્યક્તિ પૂર્ણ થઈ ગઈ તે **'જ શુદ્ધજ્ઞાનમય હોવાથી...'** શુદ્ધજ્ઞાનમય એકલા થઈ ગયા. જ્ઞાનની પૂર્ણ પૂર્ણ પર્યાયમાં નિર્મળતા થઈ ગઈ તો **'સર્વતઃચક્ષુ છે...'** અમારે પહેલા સિદ્ધને કહેવા છે. કેમકે તારો સ્વભાવ સિદ્ધ સમાન છે. સમજાય છે કાંઈ? ભગવાન સિદ્ધ સર્વતઃચક્ષુ (છે). અસંખ્ય પ્રદેશ, અસંખ્ય પ્રદેશે અનંતા દીવડા પ્રગટ થઈ ગયા, પ્રકાશ સૂર્યકિરણ. રતન હોય છે કે નહિ બે, પાંચ, દસ લાખનું? ચારે બાજુથી કિરણ છૂટે. એમ ભગવાન આત્મા, એક પરમાણુ-રજ-પોંઈટના ગજથી માપવો હોય, માપ કરે તો એને અસંખ્ય પરમાણુ જેટલો આત્મા અવગાહનમાં પહોળાઈમાં છે એક શરીર દીઠ આત્મા. અને એના અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણ પડ્યા છે. તો એનો વિકાસ સિદ્ધ પરમાત્માને થઈ ગયો છે. હવે પ્રત્યેક પ્રદેશે અનંત ગુણના કિરણ પ્રગટ પરિપૂર્ણ શુદ્ધ થઈ ગયા તો એને સર્વતઃચક્ષુ કહેવામાં આવે છે. ચારે બાજુથી આંખ. પરમાત્મા સિદ્ધ શરીરરહિત પરમાત્મા સિદ્ધ શરીરરહિત એને સર્વતઃચક્ષુ, પૂર્ણ ચક્ષુ (કહે છે). અસંખ્ય પ્રદેશે અનંત સૂર્ય પ્રગટ થઈ ગયા, સર્વજ્ઞપદ પૂર્ણ થઈ ગયું.

**'અને બાકીનાં બધાય ભૂતો (—જીવો)...'** ઈન્દ્રિયચક્ષુ છે. બધા ઈન્દ્રિયચક્ષુ છે. આ ઈન્દ્રિયના ચક્ષુ. કારણ કે **'મૂર્ત દ્રવ્યોમાં જ તેમની દૃષ્ટિ લાગતી હોવાથી,...'** આંખથી તો મૂર્ત દ્રવ્યમાં (દૃષ્ટિ) લાગેલી હોય છે. જડ જડની વિભાવિક પર્યાયને જાણે છે. જડની વિભાવિક પર્યાય જે મૂર્ત છે એમાં લાગી છે. સમજાય છે કાંઈ? અહીં તો આગમચક્ષુ બતાવવું છે, હોં! આગમચક્ષુ બતાવવા માટે આ બધી વાત કરી છે. **'દેવો...'** સ્વર્ગના દેવ **'સૂક્ષ્મત્વવાળાં મૂર્ત દ્રવ્યોને ગ્રહણ કરતા હોવાથી...'** સ્થૂળ(માં) બહુ સૂક્ષ્મ. દેવને અવધિજ્ઞાન છે. સૂક્ષ્મત્વવાળા મૂર્ત દ્રવ્યોને ગ્રહણ કરે છે, અવધિજ્ઞાનને કારણે. તેથી તેઓ **'અવધિચક્ષુ છે;..'** (દેવને) અવધિજ્ઞાનની આંખ છે. મર્યાદિત જ્ઞાનનો વિકાસ છે. અવધિ નામ મર્યાદિત. એવા એને ચક્ષુ છે.

**'અથવા તેઓ પણ, માત્ર રૂપી દ્રવ્યોને દેખતા હોવાથી...'** પહેલા કહ્યું હતુંને? દૃષ્ટિ મૂર્ત દ્રવ્યોમાં લાગતી હોવાથી. આ પણ રૂપીને જાણે છે. તેથી **'તેમને ઈન્દ્રિયચક્ષુવાળાંઓથી જુદા ન પાડવામાં આવે તો,...'** અવધિમાં પણ મૂર્તનું લક્ષ છે, અવધિમાં આત્માનું (લક્ષ) નથી, અમૂર્તનું નથી. અંદર અરૂપી આનંદઘનનું એમાં લક્ષ નથી. ઈ એનો વિષય જ નથી. તો અવધિને **'ઈન્દ્રિયચક્ષુવાળાઓથી જુદા ન પાડવામાં આવે તો, ઈન્દ્રિયચક્ષુ જ છે.'** એને આ અપેક્ષાએ મૂર્તને વિષય કરવાથી, જેમ ઈન્દ્રિય મૂર્તને વિષય કરે છે (તેમ) અવધિજ્ઞાન મૂર્તને વિષય કરે છે. આ અપેક્ષાથી બેને જુદા ન પાડવામાં આવે તો ઈન્દ્રિયચક્ષુ જ છે. એને ઈન્દ્રિયચક્ષુ જ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

સિદ્ધ ભગવાનને અસંખ્ય પ્રદેશે પૂર્ણાનંદની પ્રાપ્તિ (થઈ હોવાથી) સર્વતઃચક્ષુ (કહેવાય છે).

બધા જીવો આંખથી મૂર્તને દેખે છે તો ઈન્દ્રિયચક્ષુ (કહેવાય છે). આ સ્વર્ગના દેવો અવધિથી દેખે છે પણ મૂર્તને દેખે છે, પણ એ મૂર્તના વિષય એક અપેક્ષાથી ચક્ષુનો વિષય અને અવધિનો વિષય મૂર્ત છે તો અવધિજ્ઞાનને પણ ઈન્દ્રિયચક્ષુથી જુદા પાડવામાં આવતા નથી. એ પણ ઈન્દ્રિયચક્ષુ જ છે.

**'એ રીતે આ બધાય સંસારીઓ...'** બધા સંસારીજીવો **'મોહ વડે ઉપહત હોવાને લીધે...'** (ઉપહત અર્થાત્) ઘાયલ. આહા..! શું કહે છે? રાગ અને પુણ્યની એકત્વબુદ્ધિના મિથ્યાત્વથી સંસારી પ્રાણી ઘાયલ થઈ ગયા છે ઘાયલ. છરા પડે છેને શરીરમાં જેમ. ઘણા ઘા વાગ્યા હોયને. લોહી.. લોહી.. લોહી.. લોહીને ખૂન કહે છેને? ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ એ રાગ ને પુણ્ય ને શરીર મારું છે એવી એકતાબુદ્ધિથી ઈન્દ્રિયચક્ષુવાળા પ્રાણી ઘાયલ થઈ ગયા છે. સમજાય છે કાંઈ? ઈન્દ્રિયચક્ષુથી જોવાથી અમૂર્ત સ્વભાવ નથી દેખાતો. ચૈતન્ય નથી દેખાતો, અવધિથી પણ નથી દેખાતો. તો પોતાની પર્યાયમાં, દશામાં રાગ અને પુણ્યની એકતાબુદ્ધિથી ઘાયલ થઈ ગયા છે. ઘાયલ સમજો છો? અહીંયા ઘાયલ લખ્યું છેને? જુઓ! 'ઉપહત—હણાયેલા, ઈજા પામેલા, અશુદ્ધ, મલિન, ભ્રષ્ટ.' ભગવાન આત્મા ચૈતન્યગઢ પ્રકાશની મૂર્તિ એમાં એક પણ વિકલ્પનું ઉઠવું, એ મારી ચીજ છે, મને લાભ કરશે એમ જોનારને ઈન્દ્રિયચક્ષુવાળા કહેવામાં આવે છે. તેથી તેને આત્માનો ઘાત થયો છે. ઘાયલ થયા છે. અસંખ્ય પ્રદેશની પર્યાયમાં અનંત ગુણનો (ઘાત થવાથી) ઘાયલ થયા છે.

**'જ્ઞેયનિષ્ઠ હોવાથી,...'** કેવા છે પ્રાણી? પરજ્ઞેય. સ્વજ્ઞેય નહિ. પરજ્ઞેય—શરીર, વાણી, મન, કર્મ, ભગવાન, દેવ, ગુરુ, શાસ્ત્ર, કુટુંબ, પરિવાર, દેશ બધી પરવસ્તુ છે. એ પરમાં નિષ્ઠ—જ્ઞેયનિષ્ઠ (છે). પહેલા એ અર્થ આવી ગયો છે. જ્ઞેયનિષ્ઠની વ્યાખ્યા છેને? જ્ઞેયોમાં નિષ્ઠાવાળો, જ્ઞેયપરાયણ, જ્ઞેયસન્મુખ. ઈ આવ્યું છે. પહેલા અર્થ આવી ગયો છે. સમજાય છે કાંઈ? શું કહે છે? કે ઈન્દ્રિયચક્ષુવાળા અથવા ઈન્દ્રિયચક્ષુ જ જેને છે એને પોતાનો જ્ઞાયકસ્વભાવ ઈન્દ્રિયચક્ષુથી જોવામાં આવતો નથી. અતીન્દ્રિય ભગવાન આત્મા. આત્મા તો અતીન્દ્રિય છે. ઈન્દ્રિયથી ગ્રાહ્ય નથી, રાગથી પણ ગ્રાહ્ય નથી. પણ તેને ઈન્દ્રિયચક્ષુવાળા એમ માને છે કે ઈન્દ્રિયથી હું જાણું છું એ જ મારી સંપદા અને ઋદ્ધિ છે. એમાં રાગ અને ઈન્દ્રિયથી એકત્વબુદ્ધિ થઈ ગઈ. શું કહ્યું સમજાણું?

પોતાનું જ્ઞાન, ઈન્દ્રિય નિમિત્ત છે અને એના વડે જ્ઞાન થાય છે તેથી તેની જ્ઞેયમાં પ્રીતિ થઈ ગઈ. પ્રીતિ થઈ ગઈ, પ્રીતિ. પરમાં પ્રીતિ થઈ ગઈ. જ્ઞેયનિષ્ઠતા થઈ ગઈ, પરમાં તત્પર થઈ ગયો. કારણ કે એને એમ ખ્યાલ છે કે આ ઈન્દ્રિય છે તો મને જ્ઞાન થાય છે. ઈન્દ્રિય ન હોત તો મને જ્ઞાન થાત નહિ. એમ અજ્ઞાનીને જાણવાની વસ્તુમાં આ ઈન્દ્રિય નિમિત્ત છે તો ઈન્દ્રિયમાં પ્રીતિ થઈ ગઈ. તો ઈન્દ્રિયચક્ષુવાળાને ઈન્દ્રિયમાં પ્રીતિ છે. તો એ ઈન્દ્રિયમાં પ્રીતિવાળો પ્રાણી જાણવાની વસ્તુમાં જ તત્પર છે. પરમાં તત્પર છે. પોતાનો સ્વભાવ ભિન્ન શું છે એમાં તત્પર

નથી. સમજાય છે કાંઈ? ભારે ઝીણું ભાઈ આ. આ બધા જૂના માણસો તમે છો. વાત આટલી ઝીણી કેમ પડે છે? પહેલેથી છેને, દિગંબર તો પહેલેથી છે.

મુમુક્ષુ :— સાંભળવામાં નવું છે.

ઉત્તર :— સાંભળવામાં નવું છે. શેઠ એમ બોલતા હતા. તમારા ... અરે..! ભગવાન! ઈ કહે છે કે તેં આગમ સાંભળ્યા જ નથી. આગમ કદી સાંભળ્યા નથી. શ્રુત પરિચિત અનુભૂતા. ઈ કર્તા અને જ્ઞેયનિષ્ઠતાની વાત તેં સાંભળી છે કે જે સંસારનું કારણ છે.

તો કહે છે કે જ્ઞેયનિષ્ઠ હોવાથી ભગવાન જ્ઞાનમૂર્તિ પરથી તત્પરતાથી ભિન્ન વસ્તુ છે. એવું ભાન નહિ હોવાથી '**જ્ઞાનનિષ્ઠપણાનું મૂળ...**' જુઓ હવે. જ્ઞાનની તત્પરતાનું મૂળ, જ્ઞાનની સન્મુખતાનું મૂળ, જ્ઞાનની પરાયણતાનું મૂળ '**જે શુદ્ધાત્મતત્ત્વનું સંવેદન...**' શુદ્ધાત્મતત્ત્વનું સંવેદન. એ જ્ઞાનતત્ત્વની જ્ઞાનનિષ્ઠતા. નિજ શુદ્ધાત્મતત્ત્વના જ્ઞાનની પ્રીતિ, અંદર રુચિ, અંતરમાં લીનતા એમાં પરાયણ. નિજ જ્ઞાનસ્વભાવમાં પરાયણ. આહા..હા..! એ '**જ્ઞાનનિષ્ઠપણાનું મૂળ જે શુદ્ધાત્મતત્ત્વનું સંવેદન...**' શું કીધું? જ્ઞાનનિષ્ઠપણાનું મૂળ શુદ્ધાત્મતત્ત્વનું સંવેદન. શું કહ્યું? જ્ઞાનનિષ્ઠપણાનું મૂળ રાગનું નિમિત્ત નહિ. રાગ, વિકલ્પ, વ્યવહાર, નિમિત્ત, ઈન્દ્રિયો એ જ્ઞાનનિષ્ઠપણાનું મૂળ નથી. જ્ઞાનપ્રભુ આત્મા એની પ્રીતિની પરાયણતાનું મૂળ શુદ્ધાત્મતત્ત્વનું સંવેદન. હું શુદ્ધાત્મા છું એનું વેદન, જ્ઞાનનું વેદન, પ્રત્યક્ષ જ્ઞાનનું વેદન એ જ્ઞાનનિષ્ઠપણાનું મૂળ છે. સમજાય છે કાંઈ?

સર્વજ્ઞદેવ, ગુરુ, શાસ્ત્ર એ જ્ઞેયનિષ્ઠમાં નિમિત્ત થયા. જ્ઞાનનિષ્ઠપણામાં એ નિમિત્ત નહિ. આહા..હા..! કથનપદ્ધતિ. અશુદ્ધ પરિણામ જે થયા એ શુદ્ધાત્મતત્ત્વ સંવેદનનું મૂળ નહિ. સમજાય છે કાંઈ? જ્ઞાનતત્ત્વની પ્રીતિનું મૂળ શુદ્ધાત્મતત્ત્વ સંવેદન (છે). સ્વભાવ સન્મુખ થઈને જ્ઞાનમાં જ્ઞાનની એકતા અને '**તેનાથી સાધ્ય...**' આ સાધક કહ્યું. આ તો સાધકભાવ કહ્યો. જ્ઞાનનિષ્ઠતા, જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ છે. એકલો જ્ઞાનનો પુંજ. એની એકાગ્રતાનું મૂળ આ શુદ્ધાત્મતત્ત્વનું સંવેદન છે. અંતર્મુખ થઈને જ્ઞાનની એકતાનું વેદન (થવું) એ એનું મૂળ છે. વ્યવહાર-ફ્યવહાર નહિ, નિમિત્ત નહિ, સંયોગ નહિ, કર્મનો અભાવ નહિ, ક્ષયોપશમ એમાં કોઈ કારણ નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... ના કરે છે. શું છે?

'**તેનાથી સાધ્ય...**' જુઓ! સાધક અને સાધ્ય બેય વાત કહી દીધી. ભગવાન આત્મા જ્ઞેયનિષ્ઠતાની તત્પરતાને છોડી દે અને જ્ઞાનનિષ્ઠ થવાનું કારણ શુદ્ધાત્મતત્ત્વનું સંવેદન. હું જ્ઞાયક છું, હું પવિત્ર છું, હું સચ્ચિદાનંદ આનંદ છું, અતીન્દ્રિય આનંદરસથી હું ભરેલો છું. એમ અંતરમાં વેદન થવું એ સાધક. અહીંયા વ્યવહાર સાધન-ફાધનને સાધક નથી કહ્યું, ભાઈ! આહા..હા..! તકરાર કરે છેને લોકો. ક્યાંક કહ્યું હોયને. નિયતનો હેતુ ને.. છ ઢાળામાં આવે છેને? નિયતનો હેતુ ને કારણ...

અરે..! સાંભળ તો ખરો. વ્યવહાર અભૂતાર્થનું કથન છે. પરમાર્થની વસ્તુ એ આગમની વાત નથી. સમજાય છે કાંઈ? કહે કે, કર્મ-બર્મ મારગ આપે તો સમ્યગ્દર્શન થાય, તો સ્વસંવેદન થાય. આત્માનું જ્ઞાન, કંઈક કર્મનો ઉઘાડ હોય તો થાય. એ ત્રણ કાળ ત્રણ લોકમાં એમ થતું નથી. આહા..હા..! વાડીભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હં.. સહેલી ભાષા લોકો કહે. આપ મૂઆ વિના બીજો કોઈ મરીને સ્વર્ગે જાય? સ્વર્ગમાં બીજો મરે ને જાય. એમ તું દેહ છોડ તો બીજા સ્વર્ગમાં જવાય. બીજાથી સ્વર્ગમાં જશે?

કહે છે કે જ્ઞેયનિષ્ઠતા એ સંસારનું મૂળ. પરમાં અશુદ્ધતાનો પ્રવાહ ચાલે. અને જ્ઞાનનિષ્ઠતા જ્ઞાનમાં લીનતાનું મૂળ કારણ શુદ્ધાત્મતત્ત્વ સન્મુખ થઈને જ્ઞાયકની વેદનદશા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે નિર્વિકલ્પ છે, રાગ અને નિમિત્તથી નિરપેક્ષ, નિરપેક્ષ જે પર્યાય છે તે સાધક. સાધ્ય– આવા સર્વતઃચક્ષુ સિદ્ધ. સમજ્યા? જ્ઞાનનિષ્ઠપણાનું મૂળ તો જ્ઞાનનિષ્ઠ થવાથી, આ '**જ્ઞાનનિષ્ઠપણાનું મૂળ જે શુદ્ધાત્મતત્ત્વનું સંવેદન તેનાથી સાધ્ય (-સધાતું) એવું સર્વતઃચક્ષુ તેમને સિદ્ધ થતું નથી.**' જ્ઞેયનિષ્ઠ રહેવાવાળાને જ્ઞાનનિષ્ઠપણાનું મૂળ સ્વસંવેદન અને એનું સાધ્ય પણ એ જ્ઞેયનિષ્ઠતાવાળાને થતું નથી. ભારે વાતું ભાઈ! સમજાય છે કાંઈ? વિકલ્પ ઉઠે છે એમાં પણ જ્ઞેયનિષ્ઠપણું પડ્યું છે. પોતાની પર્યાય પરપ્રકાશકમાં રોકાઈ જાય અને સ્વપ્રકાશક એનું સામર્થ્ય તો પડ્યું રહ્યું. સમજાય છે કાંઈ? જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય સ્વપરપ્રકાશક છે. તો એકલા રાગનું લક્ષ કરીને, નિમિત્તનું લક્ષ કરીને જ્ઞેયનિષ્ઠ રહ્યો એને જ્ઞાનનિષ્ઠપણાનું મૂળ કારણ જે સ્વસંવેદનજ્ઞાન તે સાધક નથી થતું. સાધક નથી થતું તો સાધ્ય સર્વતઃચક્ષુ સિદ્ધ પણ થઈ શકતું નથી. સમજાય છે કાંઈ?

એ સર્વતઃચક્ષુપણું સિદ્ધ થતું નથી. કહો, કેટલી વાત લીધી! શું કહે છે? ઈન્દ્રિયચક્ષુથી જ્ઞેયનિષ્ઠપણામાં પરાયણ જીવને, પરલક્ષીજ્ઞાનમાં રહેવાવાળાને પરથી ભિન્ન પાડવાનું જે શુદ્ધાત્મતત્ત્વનું સંવેદન જે જ્ઞાનનિષ્ઠપણાનું મૂળ કારણ તેને અવલંબ્યા વિના તેને ભેદજ્ઞાનની સિદ્ધિ થતી નથી. અને ભેદજ્ઞાનની સિદ્ધિ ન થઈ તો તેનું સાધ્ય જે પરમાત્મા, જે સર્વતઃચક્ષુ સિદ્ધ છે તેને પામતો નથી. સમજાય છે કાંઈ?

'**હવે, તેની (સર્વતઃચક્ષુપણાની) સિદ્ધિને માટે...**' પહેલા (નાસ્તિથી) વાત કરી, હવે અસ્તિથી વાત કરે છે. સર્વતઃચક્ષુ—સિદ્ધ ભગવાન—પૂર્ણાનંદની પોતાની પર્યાયમાં પ્રાપ્તિ તેની સિદ્ધિને માટે, તેની પ્રાપ્તિને માટે '**ભગવંત શ્રમણો આગમચક્ષુ હોય છે.**' જુઓ! સાધુ, ભગવાન સાધુ અહીંયા તો કહેવામાં આવ્યું. શેઠ! સાધુને ભગવાન કહ્યા. પંચ પરમેષ્ઠી છે. સાધુ કંઈ દ્રવ્યલિંગ ધારણ કરી લીધા, અઠ્યાવીસ મૂળગુણ (પાળે) એવા સાધુ હોતા જ નથી. સમજાય છે કાંઈ? લંગોટી પહેરી લે તો ક્ષુલ્લક થઈ ગયા એમ હોતું નથી. અંતર ભગવાન આત્મા જે સિદ્ધપદ પામવાને લાયક છે, સર્વતઃચક્ષુ થવાની લાયકાત છે, કોની? મુનિની. એ મુનિ ભગવંત શ્રમણ

આગમચક્ષુ હોય છે. દેખો! સિદ્ધને સર્વતઃચક્ષુ, સર્વ જીવને ઇન્દ્રિયક્ષુ, દેવને પણ ઇન્દ્રિયચક્ષુ (કહ્યા), મૂર્તના વિષયની અપેક્ષાએ એને એકત્વ થઈ ગયું. સર્વતઃચક્ષુ સિદ્ધ ભગવાન. સમજાય છે કાંઈ? પૂર્ણ ચક્ષુ તો સિદ્ધ ભગવાન, એની પ્રાપ્તિને માટે '**ભગવંત શ્રમણો આગમચક્ષુ હોય છે.**' એનું આગમનું જ્ઞાન એને બરાબર હોય છે. આગમનું જ્ઞાન વિના અમે સાધુ છીએ અને અમે અઠ્ઠાવીસ મૂળગુણ પાળીએ છીએ એની ભગવાન ના પાડે છે કે એને સાધુ કહેવામાં આવતા નથી. સમજાય છે કાંઈ?

આગમચક્ષુ હોય છે. આહા..હા..! 'જોકે...' શું કહે છે જરી? '**જોકે જ્ઞેય અને જ્ઞાનનું અન્યોન્ય મિલન હોવાને લીધે તેમને ભિન્ન કરવાં અશક્ય છે...**' શું કહે છે? જ્ઞેયનું જ્ઞાન અને જ્ઞાનમાં જ્ઞેયનું હોવું—જાણવું, જ્ઞેય જ્ઞાનમાં જ્ઞાત ન હોય, જ્ઞેય જ્ઞાનમાં જ્ઞાત ન હોય એમ કરવું અશક્ય છે. જ્ઞાનમાં જ્ઞેય, સ્વલક્ષ કરવાથી પણ જ્ઞેય જ્ઞાનમાં આવે છે. શું? જ્ઞેય સંબંધી જ્ઞાન આવે છે. જ્ઞાનમાં જ્ઞેય માલૂમ જ ન પડે એમ નહિ. શું કહે છે? જ્ઞાનનું અને જ્ઞેયનું પરસ્પર મિલન. મિલનનો અર્થ એ જ્ઞેય જે વસ્તુ એનું સંબંધી પોતાનું જ્ઞાન. જ્ઞાનમાં એ જણાય નહિ એમ નથી. જ્ઞેય વ્યવહાર, નિમિત્ત, સર્વજ્ઞદેવ પોતાના જ્ઞાનમાં જણાય નહિ એમ નહિ. સમજાય છે કાંઈ?

ફરીને. '**(સર્વતઃચક્ષુપણાની) સિદ્ધિને માટે ભગવંત શ્રમણો આગમચક્ષુ હોય છે... જોકે જ્ઞેય અને જ્ઞાનનું...**' જ્ઞાનમાં જ્ઞાનપણે જ્ઞાન એ જ્ઞેયને ન જાણે, જ્ઞેયને ન જાણે એવું મિલન થઈ જવાને કારણે '**તેમને ભિન્ન કરવાં અશક્ય છે...**' જ્ઞાન જ્ઞાનનું અને જ્ઞાન જ્ઞેયનું, બેની ભિન્નતા થઈ શકતી નથી. જ્ઞેય પદાર્થથી ભિન્ન થઈ શકે છે, પણ જ્ઞેય સંબંધી પોતાનું જ્ઞાન એનાથી ભિન્ન થઈ શકતો નથી. સ્વપરપ્રકાશક લીધું. સમજાય છે કાંઈ? કહે છે, '**જોકે જ્ઞેય અને જ્ઞાનનું અન્યોન્ય મિલન હોવાને લીધે તેમને ભિન્ન કરવાં અશક્ય છે...**' અર્થાત્ એક કોર તો કહે છે કે જ્ઞેયનિષ્ઠ છે (અર્થાત્) જ્ઞેય તો વળી અહીંયા જ્ઞેય અને જ્ઞાનનું મિલન કહ્યું. મિલનનો અર્થ... ઈ આવ્યું છેને, ભાઈ! નહિ ૨૦૦ ગાથામાં? પ્રવચનસાર, આમાં જ આવ્યું. ઘુસી ગયા છે જ્ઞેય તારા જ્ઞાનમાં. સાત બોલ લીધા છે, સાત બોલ લીધા છે. સમજાય છે કાંઈ? ૨૦૦ ગાથા છે. જ્ઞેય (અધિકારની) છેલ્લી ગાથા છે.

મુમુક્ષુ :— જ્ઞેય અને જ્ઞાયકને ભિન્ન પાડવાં અશક્ય હોવાથી...

ઉત્તર :— હા, એ જ શબ્દો છેને. એ તો એમના જ પોતાના છેને. '**હવે, એક જ્ઞાયકભાવનો સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી,...**' ૨૦૦ ગાથાનો બીજો પેરેગ્રાફ છે. '**હવે, એક જ્ઞાયકભાવનો સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી, ક્રમે પ્રવર્તતા, અનંત, ભૂત-વર્તમાન-ભાવી વિચિત્ર પર્યાયસમૂહવાળાં, અગાધસ્વભાવ અને ગંભીર એવા સમસ્ત દ્રવ્યમાત્રને—જાણે કે તે દ્રવ્યો જ્ઞાયકમાં કોતરાઈ ગયાં હોય...** ' જાણે કે બધા દ્રવ્યો જ્ઞાનમાં ઘુસી ગયા હોય. જુઓ! '**જ્ઞાયકમાં કોતરાઈ ગયાં હોય,...**' અહીં ઉત્કીર્ણ શબ્દ છે હિન્દીમાં. '**ચીતરાઈ ગયાં હોય, દટાઈ ગયાં હોય, ખોડાઈ ગયાં હોય, ડૂબી ગયાં**

**હોય, સમાઈ ગયાં હોય, પ્રતિબિંબત થયાં હોય એમ--એક ક્ષણમાં જ જે (શુદ્ધ આત્મા) પ્રત્યક્ષ કરે છે,...'** એક સમયમાં જ્ઞાન ત્રણ કાળ ત્રણ લોકના જ્ઞેયને પ્રત્યક્ષ કરે છે. જાણે જ્ઞેય જ્ઞાનમાં ઘુસી ગયાં હોય. ઘુસતા નથી, એ સંબંધીનું જ્ઞાન પોતામાં પૂર્ણ થઈ ગયું. એ જ્ઞેય અધિકારની છેલ્લી ગાથા છે, જ્ઞેયની છેલ્લી ગાથા (છે). સમજાય છે કાંઈ? આહા..હા..!

જે જ્ઞાનસ્વભાવ સ્વપરપ્રકાશક, સ્વજ્ઞાનનિષ્ઠતા હોવાથી સ્વપરપ્રકાશક જ્ઞાન થાય છે એમાં પરનું જ્ઞાન ન થવું, જણાય નહિ એ તો બની શકે નહિ. પરથી તત્પર છે એનું લક્ષ છોડીને પોતાના જ્ઞાનમાં તત્પર થયો તો સ્વપરપ્રકાશકમાં એના જ્ઞાનમાં જ્ઞેય જણાય જ નહિ એમ નથી. સમજાય છે કાંઈ? જ્ઞેય જ્ઞાનમાં જણાય નહિ, જ્ઞેય જ્ઞાનમાં જાણપણારૂપ ન થાય એમ થવું અશક્ય છે. **'તોપણ સ્વપરનો વિભાગ કરીને,...'** જુઓ! તથાપિ સંતો ધર્માત્મા મુનિઓ, આગમનો અભ્યાસ કર્યો છે અને આગમમાં ઈ કહેવામાં આવ્યું છે. સ્વપરનો વિભાગ. આ તો પરથી સ્વમાં થાય છે, પરનું લક્ષ પહેલા કરે છે, પહેલા પરનું લક્ષ કરવું પછી સ્વનું લક્ષ થાય છે. પહેલા કોને કહેવું? ભાઈ! સમજ્યા? એ સમયસારમાં આવ્યું છેને? કે પહેલા વ્યવહાર કોઈ કહે છે અને પછી નિશ્ચય. તો કહે છે કે, પ્રભુ! પહેલા વ્યવહાર ક્યાંથી આવ્યો? એ તો અનાદિરૂઢ વ્યવહાર છે. રાગની મંદતાની ક્રિયા અને પરલક્ષમાં નિષ્ઠતા એ તો અનાદિથી છે. એમાં તારે પહેલા ક્યાંથી આવ્યું? રાગની મંદતા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ પહેલા, પછી નિશ્ચય. આચાર્ય કહે છે કે એ તો અનાદિરૂઢ છે, વ્યવહારમૂઢ છે. પહેલેથી ચાલ્યું આવે છે. તારે વ્યવહાર પહેલા અને નિશ્ચય પછી એમ આવ્યું ક્યાંથી તારા ઘરમાં? અનાદિરૂઢ, વ્યવહારમૂઢ, નિશ્ચય અનારૂઢ—ત્રણ શબ્દ લીધા છે.

સ્વરૂપની દૃષ્ટિ રાગથી પૃથક્ થઈને સ્વજ્ઞાનમાં તત્પર ન થયો તો આ રાગ વ્યવહાર છે એને જાણ્યો કોણે? અને રાગ પહેલા કહે છે કે રાગ તો મૂઢ છે, તો એને તો જાણતો નથી. કેમકે જ્ઞાયક નથી થયો, દૃષ્ટિ નિશ્ચયની થઈ નથી તો આ રાગ પર છે એમ તો જાણ્યું નહિ. અને રાગ પહેલા કહે છે તો વ્યવહારમૂઢ છે, નિશ્ચય અનારૂઢ છે, અનાદિરૂઢ ક્રિયામાં ઘૂસી ગયો છે. સમજાય છે કાંઈ?

એમ અહીં કહ્યું કે પહેલા જ્ઞેયનિષ્ઠ તો થવું જોઈએ. પહેલા શું? આગમ એમ કહે છે કે જ્ઞેયનિષ્ઠતાને છોડી દે અને જ્ઞાનનિષ્ઠતા પહેલા કર. એ પહેલા થશે. સમજાય છે કાંઈ? હજી જ્ઞાનમાં લક્ષમાં, રુચિમાં વાત પેસે નહિ એ પરિણમન કેવી રીતે કરે? સમજાય છે કાંઈ? જ્ઞાનમાં, શ્રદ્ધામાં એના વીર્યમાં આવી ગતિ છે સ્વભાવ અને પરમાં તત્પરતા એ સંસાર છે અને અહીંયા તત્પરતા એ પરનું લક્ષ છોડીને થાય છે. એનું લક્ષ રાખીને થાય છે તો એના આશ્રયે થયું એમ તો બનતું નથી. સમજાય છે કાંઈ? એમ પોતાના જ્ઞાનમાં, શ્રદ્ધામાં, વીર્યમાં લક્ષગત ન કરે તો એને કદી સમ્યગ્દર્શન થતું નથી.

તો કહે છે કે એ આગમચક્ષુ **'સ્વપરનો વિભાગ કરીને,...'** દેખો! જ્ઞાન થયું. પણ એ પરચીજથી હું ભિન્ન છું અને હું જ્ઞાયકમૂર્તિ સ્વપરપ્રકાશક પરથી તદ્દન ભિન્ન છું. મારા સ્વપરપ્રકાશથી એ વસ્તુ ભિન્ન છે અને વસ્તુથી હું સ્વપરપ્રકાશક જ્ઞાન ભિન્ન છું. સમજાય છે કાંઈ? આગમચક્ષુથી

સ્વપરનો વિભાગ કરીને. એનો અર્થ શું આવ્યો? કે આગમ એમ કહે છે કે તારામાં જ્ઞેયનું જ્ઞાન થાય અને તારું જ્ઞાન હો, પણ પર પરમાં રહ્યું અને એનું જ્ઞાન તારામાં રહ્યું, 'એવો વિભાગ કર' એમ આગમચક્ષુ કહે છે. સમજાય છે કાંઈ? લ્યો, આ મોક્ષમાર્ગ અધિકાર ચાલે છે, ૨૩૨ (ગાથાથી).

દસલક્ષણીપર્વ ચારિત્ર ધર્મ છે, ચારિત્ર તે જ મોક્ષમાર્ગ છે. માની રાખ્યું છેને. પૂજા, ભક્તિ, ષોડશકારણ, ધમાધમ આ સુગંધદસમી આવશે. અપવાસ કરો, પછી ધૂપ લગાવો, આમ કરો, જાઓ! થઈ ગયો ધર્મ. ધૂપ કરે છે કે નહિ? એ ક્રિયા થાય છે ક્રિયામાં, તે સમયે શુભરાગ હો તો રાગ છે, પણ એનાથી પૃથક્ પોતાનું જ્ઞાન કર્યા વિના તને ધર્મનો અંશ કદી પ્રગટ થાય નહિ. સમજાય છે કાંઈ?

કહે છે, '**સ્વપરનો વિભાગ કરીને,...**' આગમચક્ષુથી એટલે જ્ઞાન હોં અંતરમાં. સ્વપરનો વિભાગ કરીને '**મહામોહને જેમણે ભેદી નાખ્યો છે...**' અહો..! પરસન્મુખ વૃત્તિ અને જ્ઞાન અને સ્વસન્મુખ પરિણતિ અને પોતાનો ત્રિકાળ ભાવ તદ્દન ભિન્ન છે. સમજાય છે કાંઈ? એમ આગમચક્ષુથી સ્વપરનો વિભાગ કરીને... આ સ્વપરનો વિભાગ કરવો એમ આગમ કહે છે અને જેમણે સ્વપર વિભાગ કરવાથી '**મહામોહને જેમણે ભેદી નાખ્યો છે...**' એનાથી મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો નાશ થાય છે. કોઈ બીજા ઉપાયથી થતો નથી. કહો, સમજાય છે કાંઈ?

લોકો રાડ પાડે છે. ધવલમાં આવે છેને? જિન ભગવાનના દર્શન કરવાથી, જિનપ્રતિમાના દર્શન કરવાથી... ધવલમાં આવે છે. નિદ્ધત નિકાચિત કર્મનો નાશ થાય છે. જોર આપે એમાં. અરે..! સાંભળ તો ખરો. જિનદર્શન (એટલે) આ જિનદર્શન. સમજાય છે કાંઈ? ૩૧ ગાથામાં કહ્યુંને, ભગવાનની સ્તુતિ પ્રભુ આપ કોને કહો છો? કે ભગવાનની સ્તુતિ એકલા-કેવળ જ્ઞાનમાં એકાગ્ર દૃષ્ટિ થવી એ ભગવાનની સ્તુતિ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, એ તો પણ નિમિત્ત સામે છે. એમાંથી જિનદર્શન (એટલે) વીતરાગી સ્વભાવના દર્શન. અંતર વીતરાગી સ્વભાવના (દર્શન) થયા ત્યારે જિનદર્શન એણે કર્યા એમ કહેવામાં આવે છે. (બહારમાં) જિનદર્શન ક્યાં, એ તો રાગદર્શન થયા. એ જ્ઞેયનિષ્ઠતામાં એના દર્શન થયા. સમજાય છે કાંઈ?

'**સ્વપરનો વિભાગ કરીને, મહામોહને જેમણે...**' મહામોહ કેમ કહ્યું? મિથ્યાદૃષ્ટિપણું, ભ્રમણા કે એનાથી મને લાભ થશે, પરલક્ષ પહેલા અને પછી સ્વલક્ષ એવો જે મિથ્યાત્વભાવ, એ સ્વપરનો વિભાગ કરીને '**મહામોહને જેમણે ભેદી નાખ્યો છે...**' એ પણ ઉપચારથી કથન છે. સમજાય છે કાંઈ? સ્વરૂપ જ્ઞાનનિષ્ઠતા થાય છે તો મહામોહ ઉત્પન્ન થતો નથી, એને મહામોહનો નાશ કર્યો એમ વ્યવહારથી કહેવામાં આવ્યું છે. એ પણ વ્યવહાર કથન છે. મિથ્યાત્વનો નાશ આત્મા કરી શકતો નથી. મિથ્યાત્વ પરિણામનો નાશ કરી શકતો નથી. સમજાય છે કાંઈ? એ તો સ્વભાવનિષ્ઠતા થઈ, મિથ્યાત્વ ઉત્પન્ન ન થયું એને મહામોહને ભેદી નાખ્યો એમ કહેવામાં આવે

છે. લખ્યું છે આમ, જુઓ! **'મહામોહને જેમણે ભેદી નાખ્યો છે...'** એમાં આવી ગયું છે. સમયસારમાં ૩૪મી ગાથામાં.

રાગ અને વિકારનો નાશ કરવાવાળો (કહેવું) એ નામકથન છે. વિકારનો, વ્યવહાર રત્નત્રયનો અશુદ્ધતાનો આત્મા નાશ કરે છે એ નામકથન, સંજ્ઞારૂપ વ્યવહાર કહેવામાં આવે છે. પરમાર્થથી વિકારનો નાશનું કર્તાપણું એના સ્વરૂપમાં ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? અહીં તો જ્ઞાનપ્રધાન ગ્રંથ છેને, તો મોહ નાશ થઈ જાય છે, એને મહામોહને ભેદી નાખ્યો એમ કહેવામાં આવ્યું છે. એક બાજુ એમ કહે કે રાગનો અને મોહનો નાશ કરવો એ આત્મામાં છે જ નહિ. અહીંયા કહે છે કે મોહનો નાશ કરે છે. તો તો બે વિરુદ્ધ થઈ ગયા. પૂર્વાપર વિરુદ્ધ થઈ ગયું. એમ છે નહિ, વિરુદ્ધ હોય નહિ ત્રણ કાળમાં. કર્મ તો ક્યાંય રહ્યા પણ અહીં તો ભાવમોહનો નાશ કરી નાખ્યો. એ થાય છે, સ્વભાવનિષ્ઠતામાં થાય છે એને કર્યો એમ વ્યવહારથી કહેવામાં આવ્યું છે.

**'એવા વર્તતા થકા,...'** દેખો! **'સ્વપરનો વિભાગ કરીને, મહામોહને જેમણે ભેદી નાખ્યો છે એવા વર્તતા થકા,...'** એવા વર્તતા થકા. જ્ઞાયકસ્વભાવમાં (પરની) એકત્વબુદ્ધિનો નાશ કરી, સ્વભાવની એકતામાં વર્તતા થકા **'પરમાત્માને પામીને,...'** આ પરમાત્માની પ્રાપ્તિ. જુઓ! મોક્ષમાર્ગ એક જ કહ્યો. વ્યવહાર-વ્યવહાર મોક્ષમાર્ગ છે જ નહિ. એ કથની બે પ્રકારની છે, માર્ગ બે નથી. મોક્ષમાર્ગ એક જ નિશ્ચયમોક્ષમાર્ગ એ એક જ મોક્ષમાર્ગ છે. સમજાય છે કાંઈ? દેખો! **'સ્વપરનો વિભાગ કરીને, મહામોહને જેમણે ભેદી નાખ્યો છે એવા વર્તતા થકા,...'** આવા જ્ઞાનસ્વભાવમાં નિર્વિકલ્પ પરિણતિથી વર્તતા થકા **'પરમાત્માને પામીને,...'** લ્યો આ ... એનાથી સિદ્ધપદ પ્રાપ્ત થાય છે. સમજાય છે કાંઈ? વ્યવહાર રત્નત્રય સિદ્ધપદ પ્રાપ્તિનો ઉપાય છે જ નહિ એમ કહે છે. એનાથી ભેદ કરવો છે ત્યાં વળી એ ઉપાય ક્યાંથી આવ્યો? સમજાય છે કાંઈ?

તો કહે છે, ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવમાં વર્તતા થકા, રાગની એકતા તોડી નાખી છે તો સ્વભાવમાં અંદર વીતરાગ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રમાં વર્તતા થકા. વર્તતા થકા એટલે પોતે જાતે કર્તા થઈને વર્તે છે. કોઈ એને મોક્ષમાર્ગમાં વર્તાવે છે એમ નહિ. એ **'પરમાત્માને પામીને, સતત જ્ઞાનનિષ્ઠ જ રહે છે.'** લ્યો. સતત જ્ઞાનનિષ્ઠ. સિદ્ધ થયા.. પહેલા જ્ઞાનનિષ્ઠાની શરૂઆત કરી, એનો ... કરી સિદ્ધ થયા. નિરંતર જ્ઞાનનિષ્ઠ જ રહે છે સિદ્ધ ભગવાન. એકલા જ્ઞાનની પર્યાયમાં અનુભવ કરે છે. એમને અપૂર્ણતા અને રાગ રહેતા નથી. કહો, સમજાય છે કાંઈ?

**'આથી (એમ કહ્યું કે) મુમુક્ષુઓએ...'** ધર્માત્માએ **'બધુંય આગમરૂપ ચક્ષુ વડે જ દેખવું.'** બધુંય. કોઈ પણ જ્ઞાન, દર્શન પર્યાય, દ્રવ્ય, ગુણ, વિકાર, નિમિત્ત શું ચીજ **'બધુંય આગમરૂપ ચક્ષુ વડે જ દેખવું.'** પોતાની કલ્પનાથી કંઈ દેખવું નહિ. એ ૨૩૪ ગાથા થઈ.

**'હવે, આગમરૂપ ચક્ષુ વડે બધુંય દેખાય છે જ...'** બધુંય દેખાય છે એ વાત ૨૩૫માં કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૯, શનિવાર, તા. ૮.૯.૧૯૬૨**
**ગાથા-૨૩૫, પ્રવચન-૫**

આ પ્રવચનસાર, એની ૨૩૪ ગાથા પૂરી થઈ. શું અધિકાર ચાલે છે? મોક્ષમાર્ગનો અધિકાર ચાલે છે. કહો, આ દસલક્ષણીપર્વનો અર્થ જ એ મોક્ષમાર્ગનું આરાધન. મોક્ષમાર્ગ કહો, શ્રામણ્યપણું કહો, એકાગ્રતા લક્ષણ કહો. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા પોતાનું સ્વરૂપ શુદ્ધ પવિત્ર એમાં એકાગ્રતા, શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની અંતર એકાગ્રતા. એકાગ્રતા કહો કે મોક્ષમાર્ગ કહો કે શ્રામણ્યપણું કહો, એ ત્રણે વાત એક જ છે. તો કહે છે, કે આગમરૂપ ચક્ષુ વડે દેખવું જોઈએ. ઈ છેલ્લી વાત આવી ગઈ, ૨૩૪માં. હવે ૨૩૫.

'**હવે, આગમરૂપ ચક્ષુ વડે બધુંય દેખાય છે જ એમ સમર્થન કરે છે :—**' સર્વજ્ઞ ભગવાન એમાંથી નીકળેલી જે દિવ્યધ્વનિ એનું નામ આગમ. એ દિવ્યધ્વનિને અનુસાર ગણધર ભગવાને રચના કરી, એની પરંપરામાં સંતોએ રચના કરી. એનું નામ આગમ કહે છે. એ આગમ વડે બધુંય દેખાય છે. શું સેઠી! બધુંય, જગતના પદાર્થ ત્રણ કાળ ત્રણ લોક, દ્રવ્ય, ગુણ, પર્યાય, વિકાર શું? બધું આગમ દ્વારા અંતરમાં આગમચક્ષુ વડે દેખાય છે. એ વાત ૨૩૫માં કહે છે.

**सव्वे आगमसिद्धा अत्था गुणपज्जएहिं चित्तेहिं।**
**जाणंति आगमेण हि पेच्छित्ता ते वि ते समणा।।२३५।।**

એની ટીકા. અહીં ગુજરાતી નથી એનું, હરિગીત નથી આમાં.

'**પ્રથમ તો, આગમ વડે બધાંય દ્રવ્યો પ્રમેય થાય છે...**' સર્વજ્ઞ ભગવાન એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક દેખે છે, એમની જે વાણી આવી એ વાણીને આગમ કહે છે અને એ આગમ વડે બધાંય—પોતાનો આત્મા, પરનો આત્મા, સિદ્ધ આત્મા, નિગોદ આત્મા, પરમાણુ અને સ્કંધ બધા આગમ વડે પોતાના જ્ઞાનમાં પ્રમેય થાય છે. પોતાના જ્ઞાનમાં જ્ઞેય થાય છે.

મુમુક્ષુ :— ભગવાન તો પરપદાર્થને જાણે નહિ..

ઉત્તર :— ભગવાન પરપદાર્થને ન જાણે એમ કોણે કહ્યું? ઈ કહે છે બધા. પરપદાર્થને આત્મા ન જાણે. એ તો વ્યવહાર છે. ક્રમબદ્ધની નડતર આવે છેને? નડતરને શું કહે છે? બાધા. સર્વજ્ઞ જો એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક દેખે તો સમય સમયમાં જ્યાં જ્યાં જે દ્રવ્યની, જે ગુણની જે પર્યાય થવાની છે... ત્રણ કાળના જેટલા સમય છે તેટલી એક દ્રવ્યની પર્યાય છે. સમજાય છે કાંઈ? ત્રણ કાળ છેને? ત્રણ કાળ. ત્રણ કાળના જેટલા સમય છે એટલી એક દ્રવ્યની પર્યાય છે. તો ભગવાન ત્રણ કાળના સમય અને ત્રણ કાળની પર્યાય એક સમયમાં સર્વજ્ઞ જાણે છે. એમ જો નક્કી કરવા જાય તો ક્રમબદ્ધ સિદ્ધ થાય છે. (એટલે) પછી ઊડાવી દીધું કે સર્વજ્ઞ પરને નથી જાણતા. સર્વજ્ઞ પોતાને જાણે છે. આત્મજ્ઞાનને જાણે છે.

આત્મજ્ઞાનની શક્તિ પહેલા આવી ગઈ. ઘણું સ્પષ્ટ કર્યું હતું. ૧૦મી, ૪૭ શક્તિમાં. આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ છે. પરને જાણવું એ વાત અહીંયા છે જ નહિ. પોતાની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોકના જેટલા દ્રવ્ય, ગુણ, પર્યાય છે એવા પોતાના એક સમયની જ્ઞાનની પર્યાયમાં પોતાની પ્રસિદ્ધિ પોતાની પર્યાયમાં થાય છે. અને એ આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ છે. પરને જાણવું એ વાત વ્યવહાર છે, એ વાત નહિ. પણ સ્વપરને એક સમયમાં પોતાની એક પર્યાય પૂર્ણપણે સમર્થપણે પોતાની શક્તિથી જાણવાનું કામ (કરે) છે તેને (-પર્યાયને) સર્વજ્ઞ દેખે છે. સમજાય છે કાંઈ? આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ એમ લીધું છે. પરને દેખવું એ વાત નથી.

ત્રણ કાળ ત્રણ લોક પોતાની પર્યાયમાં આવી જાય છે બધા. એના ઉપર લક્ષ કરવું એમ નહિ. એક સેકંડના અસંખ્યભાગમાં પોતાનો જ્ઞાનસ્વભાવ અંતર સર્વજ્ઞ પડ્યો છે એની એકાગ્રતાના ઘોલનથી એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણવાની એક સમયની પર્યાયનું કાર્ય છે, પોતાની પર્યાયનું. એમાં આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ આવી ગઈ. સમજાય છે કાંઈ? તો ત્રણ કાળ ત્રણ લોક દેખે છે. એ તો કહ્યું હતુંને?

જો જો દેખી વીતરાગને, સો સો હોંસી વીરા રે,
અનહોની કબહુ ન હોસી, કાહે હોત અધીરા રે...

બધું આવ્યું. પણ એ લોકોને હવે ખટકે છે, કેટલાક ત્યાગી અને પંડિતને. એમ નહિ, એમ નહિ. ત્યારે કેવી રીતે? 'જો જો દેખી વીતરાગને...' તો તો ક્રમબદ્ધ થઈ ગયું. સોનગઢની વાત સાચી થાય છે. સોનગઢની નહિ, વસ્તુની છે, સાંભળ તો ખરો. તો શું કરવું? તો એમ કહો કે 'જે જે જ્ઞેયમાં થાય તેવું જ્ઞાનમાં ભાસે છે.' જે જે જ્ઞેયમાં થાય તેવું જ્ઞાનમાં ભાસે છે. એમ કરો તો જ્ઞેયની પર્યાય પોતાની જ્ઞાન પર્યાયને અનુસાર થાય છે એમ એમાં સિદ્ધ થતું નથી. જ્ઞેય અનુસાર જ્ઞાન થયું એમ સિદ્ધ થાય છે. તો એને સંતોષ થાય છે. તો ક્રમબદ્ધ મટી જાય. આહા..હા..! ઝીણી વાત છે, શેઠ! ધ્યાન રાખજો, અભ્યાસ કરવો પડશે. ત્યાં બીડીમાં ઘણો કાળ ગયો, હવે એનાથી નિવૃત્તિ લઈને થોડું સમજવું પડશે. સવારે ભાઈ કહેતા હતા કે એમણે તો પચાસ પચાસ માઈલ ફરવાની મહેનત કરી છે, એટલી મહેનત અમે નથી કરી. ભાઈ કહેતા હતા. એટલી એમણે મહેનત કરી છે અને અમે મહેનત કરીએ છીએ એનાથી અમારા છોકરાઓ ઓછી મહેનત કરી છે. આ મહેનત નથી કરી કદી. બરાબર છે?

એક સેકંડના અસંખ્યભાગમાં જ્ઞાનનો પોતાનો સ્વભાવ પોતાની પર્યાયમાં ત્રણ કાળ ત્રણ લોક અને સ્વ પોતાની પર્યાયમાં આવી જાય છે. પોતાના જ્ઞાનનું સામર્થ્ય એવું છે. અને એવા જગતના દ્રવ્યની પર્યાય એવી જ થાય છે. પાત્રકેસરીમાં કહ્યુંને? વિદ્યાનંદસ્વામીએ. હે નાથ! શ્વેતાંબરમાં તો છે, દેવચંદજીના અધિકારમાં. પ્રભુ! ચક્રવર્તીની આજ્ઞા ફરે પણ આપની આજ્ઞા બહાર કોઈ દ્રવ્ય પર્યાય પરિણમે એમ નથી. આપે જોયું તે સમયે તેવી પર્યાય થશે. ચક્રવર્તીની આજ્ઞા ફરે પણ આપની આજ્ઞા ફરે નહિ. એ શ્વેતાંબરમાં છે. દિગંબરમાં વિદ્યાનંદસ્વામીએ

ભગવાનની સ્તુતિ કરતાં કહ્યું. પાત્રકેસરી આવે છેને? સ્તુતિ પાત્રકેસરી. હે નાથ! ત્રણ લોક અને ત્રણ કાળ આપને વશ થઈ ગયા છે. ત્રણ ભુવન વશ આપ કો હૈ. લોકાલોક ત્રણ. પાઠ છે ત્રણ લોક. લોક અને અલોક આપને વશ થઈ ગયા છે. આપની જ્ઞાનની પર્યાય બહાર, જગતની કોઈ પર્યાય ઉલ્લંઘીને પરિણમી જાય એમ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. એવો જ્યારે નિશ્ચય કરે છે તો એમાં સ્વપરનો બધો બોધ આવી જાય છે અને એનો નિશ્ચય કરવાવાળો પરની ક્રમબદ્ધ જે પર્યાય થાય છે એનો હું કરનારો નથી. એની એને કારણે થાય છે. મારામાં પણ જ્યારે પરનું કર્તૃત્વ ખસી ગયું તો, હું જ્ઞાયક છું, હું ચૈતન્ય છું, હું સર્વજ્ઞસ્વભાવવાન છું. સર્વજ્ઞની પ્રતીત કરવાવાળો, જેવું જોયું એવું થશે એમ પ્રતીત કરવાવાળો પોતાના સર્વજ્ઞસ્વભાવ સન્મુખ દૃષ્ટિ કરીને સર્વજ્ઞશક્તિની પ્રતીત કરે છે એમાં ક્રમબદ્ધનું તાત્પર્ય અકર્તાપણું આવી ગયું. ... અકર્તા. કોનું કરું? પરનું તો નહિ, હું રાગ લાવું એમ પણ નહિ, આવે છે એને લાવવો શું? અને હું નિર્મળ ક્રિયા આવી કરું એમ પણ જ્ઞાનીને વિકલ્પ હોતા નથી. છૂટી ગયું. સમજાય છે કાંઈ? પરનું કાર્ય મારું નહિ, રાગ હું કરું એવી બુદ્ધિ રહી નહિ અને નિર્મળ પર્યાય આવવાવાળી છે, થાય છે તો હું વિકલ્પથી કરું એવી બુદ્ધિ છૂટી ગઈ. હું તો જ્ઞાયકસ્વભાવ પરનો અને રાગનો અકર્તા છું અને અસ્તિથી કહો તો હું જ્ઞાતા દૃષ્ટા છું. અસ્તિથી કહો તો જ્ઞાતા-દૃષ્ટા, નાસ્તિથી કહો તો પરનો અકર્તા. આવા સાત તત્ત્વની શ્રદ્ધા કરવાથી મોક્ષની શ્રદ્ધા કરવાવાળાને અંતર જ્ઞાયકમાં જાય છે તો પર્યાય મોક્ષ અને સર્વજ્ઞની પ્રતીત એને થાય છે. સમજાય છે કાંઈ? બહુ ઝીણી વાત પણ. એવી ગડબડ ચાલી છેને. વાસ્તવિક હજી પદાર્થ કેમ છે એની ખબરું ન મળે. પુરુષાર્થ તો પછી કઈ બાજુ કરવો એ તો ક્યાં રહ્યું? સેઠી!

ભગવાન સર્વજ્ઞ બધું દેખે છે, એમ છે, એમ થાય છે. એ '**આગમ વડે બધાય દ્રવ્યો પ્રમેય થાય છે...**' ભગવાનના જ્ઞાનમાં તો પ્રમેય થઈ ગયા. પ્રમેય સમજ્યા? માપમાં આવી ગયા. પ્ર- વિશેષે, મેય-માપ. એમના જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોક એક સમયમાં પ્રમેય થઈ ગયા. પ્રમાણજ્ઞાનમાં પોતાની પર્યાય પ્રમાણ છે એમાં પ્રમેય નામ માપ આવી ગયું. ત્રણ કાળ ત્રણ લોક કેવા છે એ બધું આવી ગયું. એ વાણી દ્વારા આગમ આવ્યા તો આગમ દ્વારા પણ બધા દ્રવ્યો પ્રમેય થાય છે. આહા..હા..! હજી એ પ્રશ્ન કરે છે, અનાદિ-અનંત છે ઈ સર્વજ્ઞની અપેક્ષાથી છે કે શ્રુતજ્ઞાનની અપેક્ષાથી? ... બહુ ચર્ચા થઈ હતી. આ હમણા સવા બસ્સો માણસો આવ્યા હતાને ક્લાસમાં. રામજીભાઈએ વખતે ઘણી વાત સમજાવી હતી. તમે નહોતા, નહિ? હતા? શું કહ્યું?

આગમ દ્વારા. તો એણે કહ્યું કે અનાદિ-અનંત, અનાદિ-અનંત શ્રુતજ્ઞાનની અપેક્ષાથી અનાદિ-અનંત હોય, પણ કેવળજ્ઞાનની અપેક્ષાએ અનાદિ-અનંત? એના જ્ઞાનમાં તો આવી ગઈ વાત, તો અનાદિ-અનંત કેવી રીતે રહી વસ્તુ? આહા..હા..! એવા તર્ક ઉઠાવ્યા છેને. અનાદિ-અનંત છે એમ અનાદિ-અનંત સર્વજ્ઞે જોયું છે. જેવા દ્રવ્ય, ગુણ, પર્યાય... દ્રવ્ય પણ અનાદિ, અને પર્યાય પણ અનાદિ અને અન-અંત કદી નથી એવું દ્રવ્ય પણ રહેશે અને પર્યાય પણ ક્રમસર એવી રહેશે.

અનાદિ-અનંત. સર્વજ્ઞના જ્ઞાનમાં પણ અનાદિ-અનંત. જુઓ અહીંયા. આગમ દ્વારા શ્રુતજ્ઞાનીને પણ અનાદિ-અનંત ભાસમાં આવે છે. શ્રુતજ્ઞાનીને અનાદિ-અનંત ભાસે છે કેમકે પહોંચી શકતો નથી અને કેવળજ્ઞાનીએ અનાદિ-અનંતને જ્ઞાનમાં પ્રાપ્ત કરી લીધું તો અનાદિ-અનંત રહ્યું નહિ. એમ નથી. અનાદિ-અનંત જેવી વસ્તુ છે એવી જ્ઞાનમાં આવી ગઈ છે. સર્વજ્ઞને આવ્યું, આગમમાં આવ્યું. જુઓ!

**'આગમ વડે બધાંય દ્રવ્યો...'** બધાંયમાં કોઈ બાકી રહ્યું? કોઈ કાળ? કોઈ ક્ષેત્ર? કોઈ સંખ્યા? કોઈ ગુણ? કોઈ અવસ્થા? કોઈ વિકાર? બધાંય દ્રવ્યો પ્રમેય થાય છે—જ્ઞાનમાં આવી જાય છે. ફક્ત શ્રુતજ્ઞાનમાં પરોક્ષ છે, કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ છે. બસ, એટલો ફેર છે. બીજો કોઈ ફેર નથી. **'બધાંય દ્રવ્યો પ્રમેય થાય છે...'** કેમ? હવે ન્યાય આપે છે. **'કારણ કે સર્વ દ્રવ્યો...'** દ્રવ્ય જ એવા છે, બધા દ્રવ્ય જ એવા છે. આત્મા એવા છે, પરમાણુ એવા છે, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એવા છે. **'વિસ્પષ્ટ તર્કણાથી અવિરુદ્ધ છે...'** શું કહે છે? બધા પદાર્થ જ એવા છે કે અંતરની સ્પષ્ટ તર્કણા કરવામાં બરાબર બધા પદાર્થ છે એમ એમાં આવી જાય છે. વિસ્પષ્ટ તર્કણાથી અવિરુદ્ધ છે, વિરુદ્ધ નથી. શું કહ્યું સમજાણું?

પહેલા એમ કહ્યું કે જગતના બધા પદાર્થ, ત્રણ કાળ ત્રણ લોક આગમ વડે પ્રમેય થાય છે. એક વાત. હવે દ્રવ્ય કહે છે દ્રવ્ય. સર્વ દ્રવ્ય વિસ્પષ્ટ, અંતર મતિ-શ્રુતજ્ઞાનની તર્કણા. મતિજ્ઞાન જે પોતાની પર્યાયમાં પ્રગટ છે એની તર્કણાને શ્રુત કહે છે. મતિજ્ઞાનની પર્યાય સમ્યક્ એના સ્પષ્ટ તર્કણાને શ્રુત કહે છે ભાવશ્રુત. તો કહે છે કે સર્વ દ્રવ્ય, સર્વ પદાર્થ વિસ્પષ્ટ—વિશેષે સ્પષ્ટ, એ દ્રવ્યનો એવો સ્વભાવ છે કે તારી સ્પષ્ટ તર્કણામાં બધા આવી જાય છે. વિસ્પષ્ટ તર્કણાથી અવિરુદ્ધ છે. વિસ્પષ્ટ તર્કણાથી મેળવો તો બધા દ્રવ્ય, બધા ગુણ, બધી પર્યાય, લોક, અલોક... સમજાય છે કાંઈ? અલોક જુઓ અલોક.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સર્વજ્ઞ પણ દેખે છે અને સમ્યક્જ્ઞાની શ્રુતજ્ઞાનમાં દેખે છે. જુઓ! આ ચૌદ બ્રહ્માંડ છે આમ. પછી એક બાજુ કોઈ બાજુ લ્યો, પછી... પછી.. પછી.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. જોજન, અનંત જોજન, અનંત ક્રોડાક્રોડ જોજન, અનંતાનંત ક્રોડાક્રોડી જોજન પછી શું? પછી શું? પછી શું? એમ ને એમ ક્ષેત્ર ચાલ્યું ગયું છે, ક્યાંય એનો અંત નથી. જુઓ! ક્ષેત્રસ્વભાવ પણ એવો છે. એ પોતાની વિસ્પષ્ટ તર્કણામાં લોક, અલોક કેવા છે એ પણ આવી જાય છે. શેઠ! સમજાય છે કાંઈ? ચૌદ બ્રહ્માંડ છેને, એ તો અસંખ્ય યોજનમાં છે અલોકથી અનંતમા ભાગે. અને દસ દિશાઓ ગમે ત્યાં તર્કથી ઉઠાઓ, વિસ્પષ્ટ તર્કણાથી લક્ષ કરો.. પછી.. પછી.. પછી.. ક્યાં? ક્યાં? ક્યાં? પછી શું? અનંત જોજન, અનંત જોજન, અનંત જોજન પછી શું હશે? શોભાલાલજી! શું હશે? વાડ છે? એમ ને એમનો અર્થ શું? આહા..હા..! એ ક્ષેત્રસ્વભાવ પણ પોતાની વિસ્પષ્ટ તર્કણામાં અમાપ.. અમાપ.. અમાપ છે એમ આવી જાય છે. સમજાય છે

કાંઈ?

કહ્યું હતુંને એક ફેરી? એક નાસ્તિક માણસ હતો, નાસ્તિક. .. આવ્યો હતો. આ ક્ષેત્ર છે આમ ને આમ, ક્ષેત્ર, પછી આમ ને આમ ચાલ્યા જાઓ લક્ષમાં. પછી શું હશે? પછી શું? પૈસો નાખે તો હેઠે પડી જાય ક્યાંય? ક્યાંય ખાલી ચીજ નથી. પછી કાંઈ નથી, પછી કાંઈ નથી.. એમ પછી હશે કાંઈ? ભીંત આડી આવે, વેદી આડી આવે, વાડ આડી આવે. સાંભળ તો ખરો. અલોકાકાશનો પણ સ્વભાવ અમાપ છે દસ દિશામાં એમ વિસ્પષ્ટ તર્કણામાં-સમ્યક્જ્ઞાનમાં આવી જાય છે. નાસ્તિકને કહેવું પડે, છે ખરું કાંઈક. છે.. છે.. છે.. છે નહિ તો અનંત ક્રોડાક્રોડ જોજન પછી શું? બરાબર છે ફૂલચંદજી? પછી શું? પછી શું? એમ ને એમ ચાલ્યું જાય છે. અમાપ અમાપ અલોક ખ, અલોકનો ખ. આકાશ. ભાઈ! એ ક્ષેત્રનો પણ તને સ્પષ્ટ તર્કણા કરે તો ખ્યાલમાં આવી જાય છે. અમાપ.. અમાપ.. અમાપ..

તારું દ્રવ્ય, તારી શક્તિ અને તારી પર્યાય એની અમાપતાની શું ચીજ છે? સમજાય છે કાંઈ? એ અસ્તિ વસ્તુ—દ્રવ્ય છે, એની અનંત શક્તિ—ગુણ છે અને એની એક સમયમાં અનંત પર્યાય પ્રગટ થાય છે. ક્ષેત્રની અસ્તિનું અમાપપણું. કંઈ પણ તમે લ્યો તો પછી.. પછી કાંઈ છે જ નહિ. તો એવા અનંત દ્રવ્ય, એક દ્રવ્યના અનંત ગુણ, એક ગુણની એક સમયની એક પર્યાય, અનંત ગુણની અનંત પર્યાય ક્રમસર અનાદિ-અનંત પર્યાય છે, એમ વિસ્પષ્ટ તર્કણાથી વિરોધ નથી આવતો, વિરોધ નથી આવતો. આ તો અંતર જ્ઞાનની તર્કણાથી (સ્પષ્ટ સમજાય). અંતર સ્વભાવ સર્વજ્ઞ અને સ્વભાવ લોકાલોકનો, અલોકનો એવા ત્રણ કાળ. આદિ નહિ અંત નહિ, આદિ નહિ. ક્યાં ક્યાં લઈ જઈશ? દ્રવ્ય, દ્રવ્યની આદિ કાંઈ લઈ જવાશે? આ વસ્તુ છે એ ક્યારથી છે? તો કોઈ કહે છે, જો ભગવાને બધું જોયું હોય તો પહેલી પર્યાય કઈ હશે? પહેલી કહે છેને? શું કહે છે? પ્રથમ પર્યાય ક્યાં છે? તો દ્રવ્ય નહોતું? એ વસ્તુનો એવો સ્વભાવ છે. જેવો ક્ષેત્રનો સ્વભાવ, એવો અનાદિ-અનંત કાળનો, એવો દ્રવ્યની પર્યાય અને દ્રવ્યનો. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શું કહેશે? પહેલી પર્યાય કઈ હશે? પર્યાય નામ હાલત. દ્રવ્ય છે તો પહેલી કઈ? પણ પહેલી છે જ નહિને. જેમ ક્ષેત્રની આદિ નથી, આમ અમાપ છે, અંત નથી એમ અહીંયા આદિ નથી. આહા..! એ વસ્તુના સ્વભાવની ખબર નથી અને એમ ને એમ ચાલે, એમ ને એમ માને. શું પદાર્થ છે? શું સ્વભાવ છે? શું એની તાકાત છે? જ્ઞાનમાં લ્યે નહિ, શ્રદ્ધામાં લ્યે નહિ અને કરો ચારિત્ર ને વ્રત. શેઠ! પછી આ શેઠિયાઓ ઓલાએ વ્રત-બ્રત લીધા હોય તો કહે, અમે નથી કરી શકતા, ઈ કરતાં તમે તો કાંઈક કરો છો. જય ભગવાન! કોઈ કહેતું હતું, કે ભઈ, ઈ બિચારા અજ્ઞાનપણે પણ કાંઈક વ્રત, નિયમ તો કરે છેને. વ્રત, નિયમ અજ્ઞાનમાં કેવા? જ્યાં સમ્યગ્દર્શન નથી, જ્યાં સમ્યક્જ્ઞાન નથી, ચીજ કેવી છે? સ્વતઃસિદ્ધ સ્વભાવ દ્રવ્ય અને પર્યાય કેવા છે એ એની દૃષ્ટિમાં આવ્યું નથી, જ્ઞાનમાં આવ્યું નથી (ત્યાં વળી) ચારિત્ર કેવા? જેમાં ઠરવું

છે, ચારિત્ર નામ જેમાં ઠરવું છે, આ મોક્ષમાર્ગનો અધિકાર ચાલે છે, તો જેમાં ઠરવું છે એ ચીજ કેવી છે? કેવા કાળની? કેવા સ્વભાવની? કેવી સ્વયંસિદ્ધ અકૃત્રિમ? એ અંદર વિસ્પષ્ટ તર્કણા કરવાથી એ બધા પદાર્થના કાળ, ક્ષેત્ર, દ્રવ્ય, શક્તિ, દશા (ખ્યાલમાં આવી શકે છે). દશા સમજ્યા? પર્યાય. બધું તર્કણાથી અવિરુદ્ધ છે. એમાં વિરુદ્ધ કાંઈ હોય (એમ) ત્રણ કાળમાં નથી. આગમજ્ઞાનથી અવિરુદ્ધ છે. દ્રવ્ય, દ્રવ્ય હોં! દ્રવ્ય ભાઈ અહીં તો કીધું. એ સર્વ દ્રવ્ય સ્પષ્ટ તર્કણામાં અવિરુદ્ધ છે.

'**(બધાં દ્રવ્યો આગમાનુસાર જે વિશેષ સ્પષ્ટ તર્ક તેની સાથે...**' વિશેષ સ્પષ્ટ તર્ક સાથે '**(મેળવાળાં છે અર્થાત્ તેઓ આગમાનુસાર વિસ્પષ્ટ વિચારથી જણાય એવાં છે).**' દ્રવ્ય એવા છે એમ કહે છે. છએ દ્રવ્ય, એની શક્તિ, એની પર્યાય. એ દ્રવ્ય એવા છે, પદાર્થ એવા છે. પોતાની વિસ્પષ્ટ તર્કણા કરવાથી મેળ બેસી જાય છે. એવા પદાર્થ છે. સમજાય છે કાંઈ? આ મોક્ષમાર્ગનો અધિકાર ચાલે છે. તો સમ્યક્જ્ઞાનમાં એ બધું પોતામાં ત્રણ કાળ ત્રણ લોક, દ્રવ્ય, ગુણ અને પર્યાય જ્યાં જ્યાં જેવા છે એ બધા વિસ્પષ્ટ નામ વિશેષે પ્રત્યક્ષ તર્કણા, તર્ક નામ રાગનું અવલંબન લીધા વિના, નિમિત્તનું અવલંબન લીધા વિના પોતાની સ્પષ્ટ તર્કણાથી એ પદાર્થ સાથે મેળ ખાય એવો પદાર્થનો અવિરુદ્ધ સ્વભાવ છે. પણ કદી વિચાર કરતો નથી અને એમ ને એમ માની લે કે ભગવાને છ દ્રવ્ય જોયા, ભગવાને આત્મા કહ્યો. શું ભગવાને કહ્યું? પણ તારો ભગવાન જાણ્યા વિના? સમજાય છે કાંઈ?

તો કહે છે કે દ્રવ્ય જ એવા છે. '**વળી આગમ વડે તે દ્રવ્યો...**' દ્રવ્ય એવા છે. હવે કીધું કે આગમથી તે દ્રવ્ય '**વિચિત્ર ગુણપર્યાયવાળા પ્રતીત થાય છે,...**' દેખો! પહેલા તો દ્રવ્ય જ એવા છે. દ્રવ્ય, એની શક્તિ, એની પર્યાય એવી છે કે વિસ્પષ્ટ તર્કણાથી ખ્યાલમાં આવી જાય છે. એવા દ્રવ્ય છે. '**વળી આગમ વડે તે દ્રવ્યો...**' આગમ સાથે બધું મેળ ખાય છે. દ્રવ્ય પણ એવા છે, આગમ પણ એવા છે, જ્ઞાનમાં એમ આવ્યું છે. સમજાય છે કાંઈ? ત્રણે આવી ગયા. શબ્દ, જ્ઞાન અને અર્થ. છેને? અર્થ આગમ, શબ્દઆગમ અને જ્ઞાનઆગમ. સમય કહ્યાને? પંચાસ્તિકાયમાં ત્રણ સમય કહ્યા છે. અર્થસમય, જ્ઞાનસમય, શબ્દસમય. તો શબ્દસમય આગમ છે, અર્થસમય પદાર્થ છે, જ્ઞાનસમય પોતાના જ્ઞાનમાં આવી જાય છે. પણ આ વિષય તો જેને આત્મદ્રવ્ય અને વસ્તુ શું છે એનો અભ્યાસ કરવો હોય, અંતર મેળવણી કરવી હોય એની વાત ચાલે છે. સમજાય છે કાંઈ?

તો કહે છે કે '**આગમ વડે તે દ્રવ્યો વિચિત્ર ગુણપર્યાયોવાળાં...**' વિચિત્ર ગુણપર્યાયવાળાનો અર્થ જડમાં જડના ગુણ, ચૈતન્યમાં ચૈતન્યના ગુણ, ધર્માસ્તિમાં અમુક ગુણ, અધર્માસ્તિમાં અમુક શક્તિ, કાળમાં અમુક શક્તિ. (એમ) વિચિત્ર ગુણ અને વિચિત્ર પર્યાય. સમજાય છે કાંઈ? એક પરમાણુ, એક પરમાણુ એક સમયમાં લીલા રંગવાળો હોય, બીજા સમયમાં સફેદ રંગવાળો થઈ જાય. એવી વિચિત્ર પર્યાય પરમાણુની એમ આત્મા એક સમયમાં ચાર જ્ઞાન

હોય, બીજા સમયે કેવળજ્ઞાન થઈ જાય. એવા વિચિત્ર ગુણ અને વિચિત્ર પર્યાય. ભાઈ! આ તો દ્રવ્યાનુયોગની મૂળ ચીજ છે. એટલે સમજવામાં કથા વાર્તા નથી. આ તો આત્મકથા છે. અરે..! ભગવાન! આ તારી આત્મકથા ચાલે છે, ધર્મકથા. સમજાય છે કાંઈ? પેલી કથામાં એવી વાત આવે કે મારા આત્મામાં રાગથી ધર્મ થશે, નિમિત્તથી રાગ થશે, સમજાયું? એ કથા ધર્મકથા નહિ, પણ એ કથા દંસણભેદીણી વિકથા છે. સમ્યગ્દર્શનનો નાશ કરનારી કથા છે. અનેકાંત લેશે હમણાં જુઓ!

**'આગમ વડે તે દ્રવ્યો વિચિત્ર ગુણપર્યાયોવાળાં પ્રતીત થાય છે,...'** પોતાની પર્યાય પ્રત્યેકની પોતાથી છે, પોતાના ગુણ પોતાથી છે અને દ્રવ્ય વસ્તુ પોતાથી છે. ત્રણે અકૃત્રિમ છે, ત્રણે અકૃત્રિમ છે. સમજાય છે કાંઈ? પેલા ઈશ્વરકર્તા કહે છે તો આ કહે કે દ્રવ્ય અને ગુણ અમારા અકૃત્રિમ છે, અમારી પર્યાય પરથી (થાય છે) એટલે કૃત્રિમ છે. તો એ બેયની એક શ્રદ્ધા થઈ ગઈ. મારી પર્યાય અને બધાની પર્યાય અકૃત્રિમ છે. અકૃત્રિમનો અર્થ બીજા વડે કરાયેલી નથી. અનેકાંત લેશે, જુઓ! 'કારણ કે **આગમ...**' જુઓ! '**વિચિત્ર ગુણપર્યાયોવાળાં પ્રતીત થાય છે,...**' પ્રત્યેક પદાર્થ પોતાના '**સહપ્રવૃત્ત...**' અનંત અનંત ગુણ છે તે સહપ્રવૃત્ત છે. સવારે જે સદશ આવ્યું હતું ઈ. સવારે સદશ આવ્યું હતુંને? અને એની પહેલા ઉત્પાદ, વ્યય, ધ્રુવ આવ્યું હતું. દરેક પદાર્થ આગમમાં '**સહપ્રવૃત્ત અને ક્રમપ્રવૃત્ત અનેક ધર્મોમાં વ્યાપક...**' એ (પદાર્થ) અનેક ધર્મોમાં વ્યાપક છે. શું કહે છે? આહા..હા..! આગમ... સહપ્રવૃત્ત નામ અનંત ગુણ અને ક્રમપ્રવૃત્ત અનેક ધર્મોમાં વ્યાપક ક્રમપ્રવૃત્ત. પ્રત્યેક પદાર્થ અનંત અક્રમે ગુણ છે અને પર્યાય ક્રમથી થાય છે તેને અનેકાંત કહેવામાં આવે છે. પર્યાયને અક્રમ (કહે), ક્યારેક ક્રમથી થાય છે અને ક્યારેક અક્રમે થાય છે. એમ આગમમાં નથી-એમ કહે છે. આગમ અનેકાંતનું સ્વરૂપ એવું બતાવતું નથી, પણ એમ બતાવે છે કે સહપ્રવૃત્ત. અનંતગુણવાળો પદાર્થ અને અનંત પર્યાયમાં ક્રમ છે એમ આગમમાં (કહ્યું) છે. તો આગમ અનેકાંત છે. દ્રવ્યશ્રુતની પહેલી વાત ચાલે છે, હોં! પછી ભાવશ્રુત લેશે. પહેલા તો એમ લીધું કે પદાર્થ જ એવા છે કે વિસ્પષ્ટ તર્કણાથી અંદરમાં જ્ઞાનમાં આવી જાય છે. પછી કહ્યું કે આગમાનુસાર દ્રવ્ય વિચિત્ર ગુણપર્યાયવાળાં પ્રતીત થાય છે. શ્રદ્ધામાં આવે છે, પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ અનંત શક્તિની વિચિત્રતા અને અનંત પર્યાયની વિચિત્રતાથી સમ્યક્જ્ઞાનીને પ્રતીતમાં આવી જાય છે. આહા..હા..!

હવે કહે છે કે આગમ કેવા છે? કે આગમ અનેકાંત છે. આગમ અનેકાંત છે. '**સહપ્રવૃત્ત...**' અનંત પરમાણુઓ, અનંત આત્માઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ છ દ્રવ્ય છે. એ બધામાં સહપ્રવૃત્ત ગુણો (એટલે) સાથે પ્રવૃત્ત. દ્રવ્યની સાથે નહિ. સમજાય છે કાંઈ? એક ગુણ બીજા ગુણ સાથે પ્રવૃત્ત છે એનું નામ સહપ્રવૃત્ત છે. દ્રવ્યની સાથે સહપ્રવૃત્ત નહિ. આ..હા..! આ વળી વાંધા. દ્રવ્ય સાથે (હોય તો) પર્યાય પણ સાથે સહપ્રવૃત છે. એ નહિ. પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ એમાં જે ગુણ છે, એ એક ગુણ બીજા ગુણ સાથે સહપ્રવૃત્ત છે.

ગુણની સાથે ગુણ સહપ્રવૃત્ત છે. દ્રવ્યની સાથે નહિ. એ વાત નથી. ગુણપર્યાયનો સમૂહ તો દ્રવ્ય છે. તો અનંત ગુણો એ સહપ્રવૃત્ત છે, પોતાના (બીજા) ગુણોની સાથે પ્રવર્તી રહ્યા છે. પરમાણુમાં જડ ગુણો, આત્મામાં ચૈતન્ય ગુણો. અનંત ગુણ સહપ્રવૃત્ત છે. ન્યાય સમજાય છે? ગુણ એકસાથે છે.

અને '**ક્રમપ્રવૃત્ત...**' પ્રત્યેક પદાર્થમાં અવસ્થા—હાલત—પર્યાય—થાય છે તે ક્રમપ્રવૃત્ત—ક્રમે પ્રવૃત્તિ થાય છે. ક્રમે ક્રમે ક્રમે પ્ર—વિશેષે, વૃત્તિ—પરિણતિ થાય છે. અનંત આત્મા, અનંત પરમાણુ અને સિદ્ધ બધાને. સિદ્ધ પણ આમાં આવી ગયા કે નહિ? એમ આગમ અનેકાંત છે એમ કહે છે. પછી ભાવશ્રુતજ્ઞાનમાં આવે છે એ પછી વાત કરશે, એ પછી કહેશે. અહીં તો આગમમાં આમ કહ્યું છે. આગમમાં અનેકાંત કહ્યું છે. આગમ, સહપ્રવૃત્ત—પ્રત્યેક પદાર્થમાં સાથે રહેનારા ગુણ અને ક્રમે ક્રમે પ્રવૃત્તિ કરનારી પર્યાય (હોય છે). એમ આગમમાં કહ્યું છે કે એને અમે અનેકાંત કહીએ છીએ. '**અનેક ધર્મોમાં વ્યાપક (—અનેક ધર્મોને કહેનાર) અનેકાંતમય...** ' દેખો! શું કહે છે અનેકાંતમયનો અર્થ? નીચે છે, જુઓ! 'અનેક અંત, અનેક ધર્મ. દ્રવ્યશ્રુત અનેકાંતમય છે. સર્વ દ્રવ્યોમાં એકીસાથે પ્રવર્તતા અને ક્રમે પ્રવર્તતા જે અનેક ધર્મો તેમાં વ્યાપનારા (અર્થાત્ તેમને કહેનારા) અનેક ધર્મો દ્રવ્યશ્રુતમાં છે.' દ્રવ્યશ્રુતમાં અનેક ધર્મ છે. શું કહ્યું સમજાણું? વાણીમાં એમ કહેવામાં આવ્યું છે વાણીમાં, કે એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ નથી. એક ગુણ બીજા ગુણરૂપ નથી, એક પર્યાય બીજા ગુણરૂપ નથી, એક પર્યાય બીજી પર્યાયરૂપ નથી. આવું અનેકાંત દ્રવ્યશ્રુતમાં, અનેકાંતપણું આગમમાં પડ્યું છે. વાણી અનેકાંત છે. પછી ભાવશ્રુતમાં અનેકાંત આવી જશે એ પછી. બહુ ઝીણું.

પહેલા તો કહે છે કે ઈ અનેક ધર્મોને કહેનાર અનેકાંતમય. અનેકનો અર્થ, અનેકાંતની વ્યાખ્યા- પરસ્પર વિરુદ્ધ શક્તિનું પ્રકાશવું, વસ્તુમાં વસ્તુપણાની પ્રકાશનારી, વસ્તુને વસ્તુપણાની પ્રકાશનારી, પ્રગટ કરનારી. વસ્તુ એનું વસ્તુપણું—ગુણ અને પર્યાય. એના વસ્તુપણાની પ્રકાશનારી પરસ્પર વિરુદ્ધ શક્તિનું પ્રકાશવું તેને અનેકાંત કહે છે. ઈ ચાકળો છે આપણે ત્યાં. સ્વાધ્યાય મંદિરમાં. એ અમૃતચંદ્રાચાર્યનો ટૂકડો છે. શું કહ્યું છે એમાં? કે '**અનેકાંતમય હોવાથી જ આગમને પ્રમાણપણાની ઉપપત્તિ છે...**' અર્થાત્ છે એવું કહે છે આગમ. ગુણ છે, પર્યાય છે, દ્રવ્ય છે તો શું આવ્યું? કે દ્રવ્ય છે એક અખંડ એ ગુણરૂપ નથી થતું. અનંત ગુણ છે તે એક ગુણ બીજા ગુણરૂપ નથી થતો. એક સમયની પર્યાય જડ ચૈતન્યની છે તો બીજી પર્યાયરૂપ નથી થતી અને એ પર્યાય દ્રવ્ય-ગુણરૂપ થતી નથી. સમજાય છે કાંઈ?

ફરીને. કહે છે કે અનેકાંત એને કહે છે કે અનેક ધર્મ વિરુદ્ધ શક્તિને પ્રકાશનારા. આત્મા આત્માપણે છે, ગુણ ગુણપણે છે, પર્યાય પર્યાયપણે છે અને પરના આત્માઓ અને પરદ્રવ્યપણે એ નથી. સમજાય છે કાંઈ? સાત તત્ત્વની શ્રદ્ધા કરવામાં પણ, સાત પદાર્થ છેને? સાત તત્ત્વો. તો સાતની ક્યારે શ્રદ્ધા થાય છે અનેકાંતમાં? કે મારી વિકારી પર્યાય મારાથી છે. કર્મના ઉદયથી

નથી. એનું નામ અનેકાંત. મારી વિકારી પર્યાય કે બધા દ્રવ્યની વિકારી પર્યાય આસ્રવ ને બંધ, એ પોતાની પર્યાયમાં પોતાને કારણે અનેકાંત ધર્મ છે તો એમાં નિમિત્તથી નથી. એનું અનેકાંતપણું આગમ બતાવે છે. આગમમાં એમ ભર્યું છે. અર્થાત્ પોતાની સમ્યગ્દર્શનની પર્યાય એ પોતાની પર્યાયથી છે. એ રાગથી નહિ. પહેલા કહ્યું કે રાગ નિમિત્તથી નહિ. કેમકે રાગમાં અનેકાંત ધર્મ છે. એમ આગમમાં અનેકાંત ધર્મ બતાવે છે. ભારે ઝીણું ભાઈ! અભ્યાસ કર્યો નહિ. શોભાલાલજી! આનું આમ ને આમ ને આમ. આ મૂળ માર્ગની વાત ચાલે છે, મોક્ષમાર્ગની. શું સમ્યગ્દર્શન અને શું સમ્યક્જ્ઞાન? જય ભગવાન એ તો. દેવ-ગુરુ-શાસ્ત્રને માનો અને જાઓ થઈ ગયું, હવે લઈ લ્યો સંયમ અને વ્રત.

મુમુક્ષુ :— દિગંબરમાં જન્મ્યા છે.

ઉત્તર :— દિગંબરમાં જન્મ્યા જ નથી, દિગંબર કોને કહેવા ઈ એને ખબર નથી. નામ દિગંબર છે તો શું થઈ ગયું? સમજાય છે કાંઈ?

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા સીમંધરપ્રભુ મહાવિદેહક્ષેત્રમાં વર્તમાન મોજૂદ છે. એમની વાણીમાં આવ્યું એ વાણીને આગમ કહે છે. અહીંયા ભગવાનની વાણીમાં આવ્યું અને રચના કરી એ વાણીને આગમ કહે છે. એ આગમમાં (આવ્યું કે) ક્રમપ્રવૃત્ત અને સહપ્રવૃત્ત. ગુણ સાથે છે, પર્યાય ક્રમસર છે. એવા એનામાં અનેકાંત ધર્મ (રહેલા છે). પર્યાય પર્યાયથી છે, ગુણ ગુણથી છે, પર્યાય રાગ-દ્વેષની પર્યાય થઈ એ પર્યાય પર્યાયથી છે અને ઉદય કર્મનો (આવ્યો) એનાથી નથી. તો ઉદય છે એ જડની અવસ્થા છે. જડની અવસ્થામાં વિકારની અવસ્થાની નાસ્તિ અને વિકારની અવસ્થામાં જડના ઉદયની નાસ્તિ. અને વિકારની અવસ્થાની સમ્યગ્દર્શનની પર્યાયમાં નાસ્તિ (છે). તો વિકારથી વ્યવહારથી સમ્યગ્દર્શન થાય છે (એમ હોય) તો એ અનેકાંત નથી રહેતું એમ અહીંયા કહે છે.

આગમ અનેકાંત ધર્મ ફરમાવે છે. તો સાત તત્ત્વમાં જીવ જ્ઞાયકભાવ આવ્યો, અજીવ પરમાં આવ્યું એની પર્યાય, કે છે .. છે. એ અજીવથી વિકાર નહિ, વિકારથી સંવર નહિ. કેમ કે નહિતર સાત પૃથક્ અનેકાંતપણે નથી રહેતા. સમજાય છે કાંઈ? કર્મનો ઉદય તો જડની પર્યાય થઈ. તો આગમ કહે છે, આગમમાં એમ છે કે જડની પર્યાયમાં જડ છે, એની પર્યાયમાં વિકાર નથી, પોતાના રાગ-દ્વેષ નથી અને પોતામાં રાગ-દ્વેષ થાય છે એમાં કર્મ(રૂપ) નિમિત્તની નાસ્તિ છે. અને એ અનેકાંત, એક એક પર્યાયમાં અનેકાંત, ગુણમાં અનેકાંત, દ્રવ્યમાં અનેકાંત (રહેલું છે). તો કહે છે કે એ પર્યાય જે રાગ છે આસ્રવ, વિકાર તે તે સમયમાં સાત તત્ત્વની પ્રતીતિ થઈ (એમાં) આસ્રવ આસ્રવથી છે, નિમિત્ત અજીવ અજીવથી છે, તો અજીવ થઈ ગયું, આસ્રવ-બંધ પોતાની પર્યાયથી છે. અને સ્વભાવનું લક્ષ કરીને જેટલું અંદર શુદ્ધિની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની પર્યાય થઈ એ સંવર, નિર્જરા સંવર નિર્જરાથી છે. એ આસ્રવ, બંધથી નથી. આસ્રવ-બંધ-સંવર-નિર્જરાથી નથી અને સંવર-નિર્જરા આસ્રવ-બંધથી નથી. ભારે ઝીણું ભાઈ! સમજાય છે કાંઈ? આ ન્યાયથી

લોજીકથી તો વાત ચાલે છે. પણ ક્યારેય કામ જ નથી લીધું.

હીરો હોયને હીરો. હીરાની સરાણ હોયને? સરાણ સમજ્યા? ઘસવાની વસ્તુ હોયને. તો લોઢાની સરાણ જુદી હોય છે અને હીરાની જુદી હોય છે. બેલ્જીયમમાં હીરા સરાણે ચડાવે, પાસા પાડવા માટે. પાસા પાડેને હીરામાં? હાંસ.. હાંસ. પહેલ. આ રહ્યા ઝવેરી લ્યો. અહીંયા કહે છે કે ચૈતન્યરત્ન, એના ગુણરત્ન અને પર્યાયરત્ન. એને શ્રદ્ધા-જ્ઞાનમાં સરાણે ચડાવે છે. પહેલી ચીજ, પોતાથી પોતાને કારણે છે એમ આગમમાં અનેકાંતપણું કહ્યું છે. કહો, સમજાય છે કે નહિ આમાં? એ.. રતિભાઈ! પૈસા પૈસાથી છે અને રતિભાઈના રાગથી નથી એમ કહે છે. અને રાગ રાગથી છે અને રાગ આત્માથી નથી એમ કહે છે. ખરેખર આગમ શું કહે છે? કે વ્યવહારથી નિશ્ચય નહિ, નિશ્ચયથી વ્યવહાર નહિ. ઉદયથી રાગ નહિ અને રાગથી ઉદય નહિ. આહા..હા..!

એવા '**સહપ્રવૃત્ત અને ક્રમપ્રવૃત્ત અનેક ધર્મોમાં વ્યાપક...**' કોણ વ્યાપક? દ્રવ્યશ્રુત. અનેક ધર્મોને કહેનાર. વ્યાપકનો અર્થ દ્રવ્યશ્રુત આમ કહે છે કે પ્રત્યેક દ્રવ્ય, ગુણ અને પર્યાય પોતાથી છે, પરથી નથી. ગુણ પોતાથી છે, પરથી નથી. દ્રવ્ય પોતાથી છે, પરથી નથી. ગોટા ક્યાં ઉઠે છે? કે દ્રવ્ય-ગુણ તો પોતાથી ભલે હો, પણ પર્યાય વિકારી, અવિકારી પરથી થયા વિના .... કેવી રીતે આવ્યું?

મુમુક્ષુ :— પર્યાય જે છે..

ઉત્તર :— પોતાથી છે.

મુમુક્ષુ :— ઉદય જે છે એ..

ઉત્તર :— જડ છે. જડની પર્યાયમાં રાગની નાસ્તિ અને રાગની પર્યાયમાં (જડની નાસ્તિ). એવું આગમમાં અનેકાંતપણું પડ્યું છે. એમ આગમ અનેક ધર્મોમાં વ્યાપક નામ અનેક ધર્મોને કહેનાર છે. સમજાય છે કાંઈ? હવે કથા, વાર્તા સાંભળે તો એમને એમ મગજ ચાલ્યું જાય. આમાં તો ધ્યાન રાખે તો માંડ પકડાય. એક કલાક ... રહે. તો એમાં વિકલ્પ આવે એમાં એવો પુણ્યબંધ થઈ જાય કે પાછું આવું સાંભળવાનું નિમિત્ત મળે એવું પુણ્ય બંધાઈ જાય. સમજાય છે કાંઈ? અને ... ક્યારે થાય છે? અનેકાંત. રાગમાં આત્મા નહિ, આત્મામાં રાગ નહિ. જ્યાં સાતની શ્રદ્ધા થઈ ત્યાં સંવર, નિર્જરા, સમ્યગ્દર્શન-જ્ઞાન થયા એ રાગથી નહિ અને રાગ સમ્યગ્દર્શનને કારણે નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ એની વાત ચાલે છેને. સમજાય છે કાંઈ? આહા..હા..!

'**(-અનેક ધર્મોને કહેનાર) અનેકાંતમય હોવાથી જ આગમને પ્રમાણપણાની ઉપપત્તિ છે...**' આવી આગમની વાણી પ્રમાણતાને પ્રાપ્ત છે. કોઈ ગડબડ કરે કે એનાથી આ થયું, ઈ અનેકાંત નથી. તો એ આગમ પ્રમાણતાને પ્રાપ્ત નથી. સમજાય છે કાંઈ? આ તો મોક્ષમાર્ગનો અધિકાર શરૂ થયો છે. શું કહ્યું? શું કહેવાયું એની ખબર નથી. અહીંયા તો બધા છેને. છે, બસ. છે, પરથી નથી. નહિતર એને અસ્તિ-નાસ્તિ નથી રહેતી. તો પ્રત્યેક દ્રવ્યનું દ્રવ્યપણું પોતાથી છે,

અનંત ગુણથી પણ નથી. કેમકે ગુણ અનંત અને દ્રવ્ય એક (છે). એક અનેકથી નથી, અનેક એકથી નથી. અને એની પર્યાયમાં વિકાર છે.. અહીં સાતની શ્રદ્ધા કરવી છેને? અનેકાંત આગમ એમ બતાવે છે કે કર્મનો ઉદય તો જડની પર્યાય, અજીવની પર્યાય છે. અજીવની પર્યાય છે, એ પરમાણુની અવસ્થા છે. ઈ છે, ઈ છે તો રાગ છે, સંસાર છે એમ નથી. અને સંસાર છે તો ઉદય છે એમ નથી. અને રાગ વ્યવહાર છે તો નિશ્ચય પર્યાય સંવર, નિર્જરાની છે એમ નથી. અને નિશ્ચય છે તો એનાથી વ્યવહાર છે એમ નથી. બહુ ઝીણું. જ્ઞાનચંદજી! જુઓ આ જ્ઞાનની વાત. અરે..! કાને તો પડે, સાંભળે તો ખરો કે આ શું ચીજ છે.

આગમ આમ પોકાર કરે છે એમ કહે છે. પછી શ્રુતજ્ઞાનમાં અનેકાંત આવે છે એ પછી કહેશે. વાચકની વ્યાખ્યા ચાલે છે વાચકની વ્યાખ્યા. વાચ્યની વ્યાખ્યા પછી આવશે. વાચક શબ્દે સમજ્યા? જેમ સાકર શબ્દ. તો સાકર શબ્દ છે એમાં સાકર પદાર્થ નથી અને સાકર પદાર્થ છે એમાં સાકર શબ્દ નથી. એમ આગમ કહે છે કે તારી જ્ઞાનની સમ્યક્ પર્યાય છે એ રાગથી નહિ, પરથી નહિ અને રાગ છે એ પરથી નહિ અને તારો જ્ઞાયક ધ્રુવ સ્વભાવ છે તે એક સમયની પર્યાય છે તો એનાથી નથી. ઓહો..હો..! એક સમયની સંવર, નિર્જરાની પર્યાય છે તો જ્ઞાયક છે એમ નથી. એમ હોય તો બેય એક થઈ જાય છે. બેય એક હોય તો સાત પૃથક્ પૃથક્ રહેતા નથી. ભગવાનજીભાઈ! સમજાય છે કાંઈ આમાં? આમ ભગવાનદાસ, આ ભગવાનજીભાઈ. બેય શેઠિયાઓ છે. સમજાય છે કાંઈ? શું કહ્યું?

કહે છે કે તારો જ્ઞાયકભાવ કે પ્રત્યેક પદાર્થનો જ્ઞાયકભાવ એ પૂર્ણ સ્વભાવ એક સમયની પર્યાયમાં નથી અને એક સમયની ધર્મની પર્યાયમાં દ્રવ્ય નથી અને દ્રવ્યમાં એક સમયની પર્યાયનો અભાવ છે. ત્યારે અનેકાંત સિદ્ધ થાય છે. એમ આગમ ફરમાવે છે. વાચકમાં એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? ૧૭૨મી ગાથામાં આવ્યુંને? ભાઈ! અલિંગગ્રહણ. ત્યાં તો એમ લીધું... એ જ્ઞેય અધિકાર છે, જ્ઞેય અધિકાર. જ્ઞેય અધિકારમાં લીધું કે નિજ આત્માના શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર જે થયા એ પર્યાયને દ્રવ્ય આલિંગન કરતું નથી. અનાલિંગીત. સમજાય છે કાંઈ? એનું નામ અનેકાંત છે. એક સમયની ધર્મની મોક્ષમાર્ગની પર્યાય થઈ એને દ્રવ્ય સ્પર્શતું નથી અને એક સમયની પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી, અડતી નથી. જો એક સમયની પર્યાય દ્રવ્યને અડે તો બેય એક થઈ જાય. અને જ્ઞાયકભાવ ત્રિકાળ જો પર્યાયને સ્પર્શે તો દ્રવ્ય એક સમયની પર્યાયરૂપ થઈ જાય. સમજાય છે કાંઈ?

એક વાર તો એમ પણ કહ્યું કે પર્યાયને દ્રવ્ય અડતું નથી. બીજી વાર એમ કહ્યું કે આત્મદ્રવ્ય પર્યાયનો અનુભવ કરે છે, દ્રવ્યનો નહિ. આત્મદ્રવ્ય છે ઈ સંવર, નિર્જરા શુદ્ધતાનો અનુભવ કરે છે, દ્રવ્યનો નહિ. તો એ અપેક્ષાથી આત્મદ્રવ્ય અનુભવની પર્યાયને અડતું નથી. ફરીને. આત્મપદાર્થ છે વસ્તુ, એનું દ્રવ્યનું વેદન નથી થતું. વેદન-અનુભવ થાય છે એક સમયની પર્યાયનું. તો કહે છે કે આત્મદ્રવ્ય, એ પર્યાય દ્રવ્યને અડ્યા વિના પર્યાયનો અનુભવ થાય છે. સમ્યગ્દર્શન,

જ્ઞાન, ચારિત્ર જે નિર્વિકલ્પ પોતાની પર્યાય એના અનુભવમાં એ પર્યાય દ્રવ્યને અડતી નથી. કારણ કે પર્યાય દ્રવ્યને અડે તો એક સમયનો અનુભવ (થયા પછી) બીજા સમયે દ્રવ્યનો નાશ થઈ જાય. એક સમયની અનુભવપર્યાય છે એ આત્મદ્રવ્યને અડતી નથી માટે આત્મા પર્યાયસ્વરૂપ જ છે. વાત તો બધી ઝીણી છે. સમ્યગ્દર્શનની વાત જ સૂક્ષ્મ છે. લોકો માને છે એવી સ્થૂળ નથી, સ્થૂળ નથી.

આ મોક્ષમાર્ગનો અધિકાર ચાલે છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં શું પ્રતીત થાય છે, અનેકાંતનું કેવું જ્ઞાન થાય છે એની વાત ચાલે છે. તો આગમમાં જે અનેકાંતપણાની પ્રસિદ્ધિ વાચક નામ શબ્દથી કહેવામાં આવી છે તે અનેકાંતમય શાસ્ત્ર છે, તે પ્રમાણતાને પ્રાપ્ત છે. કોઈ ગડબડ કરાવે કે આનાથી થાય ને તેનાથી થાય, એ અનેકાંત જ નથી અને એ આગમ નથી. સમજાય છે કાંઈ? એક દ્રવ્યને કારણે બીજાની પર્યાયમાં કાર્ય થાય તો અનેકાંત ન રહ્યું. એમાં કાર્ય તો એની પર્યાયથી થાય છે. પોતાનું કાર્ય પોતાની પર્યાયથી થાય છે. તો બીજી પર્યાયથી આ કાર્ય થાય એમ આગમ કહેતું નથી. આગમમાં અનેકાંત કહ્યું છે. પોતાનું કાર્ય પોતાથી અને પરનું કાર્ય પરથી. પરનું કાર્ય મારાથી નહિ અને મારું કાર્ય પરથી નહિ. સમજાય છે કાંઈ?

ભઈ, તત્ત્વની વસ્તુ સમજ્યા વિના એમ ને એમ સમ્યગ્દર્શન થઈ જાય અને મોક્ષમાર્ગ થઈ જાય એવી વસ્તુ નથી. અહીં તો શ્રમણો એને જ્ઞાનમાં જ્ઞેય બનાવી લ્યે છે, પોતાના જ્ઞાનમાં એ બધાને જ્ઞેય બનાવી લ્યે છે. એવા જ્ઞાનમાં અનેકાંત આવ્યું તો ભાવશ્રુત પણ અનેકાંત થઈ ગયું. આ તો અત્યારે દ્રવ્યશ્રુતની વાત ચાલે છે, પછી ભાવશ્રુત આવશે. સમજાય છે કાંઈ? અર્થાત્ **'અનેકાંતમય હોવાથી જ આગમને પ્રમાણપણાની ઉપપત્તિ છે...'** શું કહે છે? **'(આગમ પ્રમાણભૂત સિદ્ધ થાય છે).'** અનેકાંતને કારણે પ્રમાણભૂત સિદ્ધ થાય છે. અનેકાંત અર્થાત્ એક છે અને પરથી નથી. એવા અસ્તિત્વને સિદ્ધ કરનાર વાચકપણે આગમ છે. સમજાય છે કાંઈ? કોઈપણ વસ્તુ એક છે, બીજાપણે નથી. ગુણ છે એ બીજાપણે નથી. એ જ વસ્તુનું સ્વરૂપ છે એમ આગમના વાચકમાં કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? ઈશ્વરચંદજી! આ ઈશ્વરની વાત ચાલે છે. આહા..હા..! શું કહે છે?

અમૃતચંદ્રાચાર્યે ટીકા કરીને અમૃતની રેલમછેલ કરી છે. આહા..હા..! અલ્પ શબ્દોમાં ગાગરમાં સાગર ભરી દીધો છે. ગાગરમાં સાગર. કહે છે કે **'અનેકાંતમય હોવાથી...'** અનેક અંત—અસ્તિ, નાસ્તિ આદિથી અનેક ધર્મ પ્રત્યેક દ્રવ્ય, ગુણ, પર્યાયમાં છે અને એક સમયની પર્યાય છે એમાં પણ અનંત અવિભાગ અંશ છે. એક અંશ પોતાથી છે અને બીજાથી નથી. તો વસ્તુ સિદ્ધ થાય છે. આ છે એમ સિદ્ધ કઈ રીતે થયું? આ આંગળી, જુઓ! આંગળી. છે ઈ એ રીતે સિદ્ધ થયું કે આ ચાર આંગળીપણે નથી. તો એ સિદ્ધ થઈ, નહિતર સાબિત નથી થતું. આંગળી આંગળીપણે છે, બાકીની ચાર આંગળીપણે નથી. તો એ વસ્તુ સિદ્ધ થાય છે. એમ પ્રત્યેક દ્રવ્ય, પ્રત્યેક શક્તિ, પ્રત્યેક પર્યાય વિકાર કે અવિકાર પોતાથી છે અને પરથી નથી, એવું અનેકાંતમયપણું

સહપ્રવૃત્ત, ક્રમપ્રવૃત્ત જે દ્રવ્યનો સ્વભાવ એને બતાવનાર આગમ છે. સમજાય છે કાંઈ? ભારે મગજ.. સમજાય છે કે નહિ? ઝીણું તો છેને ઝીણું. પણ કદી એણે સમ્યક્જ્ઞાનની સરાણ ઉપર આત્માને ચડાવ્યો નથી કે શું ચીજ છે? શરીર, વાણીને એક કોર મૂકો, એ બીજા પદાર્થ છે. મન એક કોર મૂકો, અન્ય છે. વિકલ્પ પણ એક બીજો પદાર્થ નામ સંવર, નિર્જરાસ્વરૂપ વિકલ્પ નથી. આસ્રવતત્ત્વ છે. તો એ આસ્રવમાં સંવર નથી, સંવરમાં આસ્રવ નથી. રાગમાં જડ નથી, જડમાં રાગ નથી. સમજાય છે કાંઈ? એક પર્યાયમાં પૂર્ણ દ્રવ્ય નથી, પૂર્ણ દ્રવ્યમાં એક પર્યાય એકાકાર થતી નથી.

મુમુક્ષુ :— શુદ્ધ પર્યાય...

ઉત્તર :— શુદ્ધ પર્યાય પણ દ્રવ્યમાં એકાકાર થતી નથી. નહિતર પર્યાયની અસ્તિ રહેતી નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અનંત અવિભાગ. એ પણ એક એકપણે છે એમ સિદ્ધ કરવું છે તો પરથી નથી એમ સિદ્ધ કર્યા વિના વસ્તુ સિદ્ધ થતી નથી. એમ આગમ વાચકમાં કહેવામાં આવ્યું છે. વીતરાગની વાણીમાં આવી વાત આવી છે. ગણધરે એવી રચના આગમમાં કરી છે.

આ કારણે પ્રમાણતાની ઉપપત્તિ છે. જે વસ્તુને સિદ્ધ કરે છે, પોતાથી છે અને પરથી નથી. તો વસ્તુ પ્રમાણતાને પ્રાપ્ત વચન થાય છે, એ વચન પ્રમાણતાને પ્રાપ્ત છે. '**(અર્થાત્ આગમ પ્રમાણભૂત સિદ્ધ થાય છે). આથી બધા પદાર્થો આમગસિદ્ધ જ છે.**' તેથી બધા પદાર્થ આગમથી સિદ્ધ છે. આગમથી નક્કી થાય છે. '**અને તેઓ શ્રમણોને સ્વયમેવ જ્ઞેયભૂત થાય છે,...**' હવે આવ્યું. સાધુને સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની સાધુને મોક્ષમાર્ગ કહો, એકાગ્રતા કહો, કે સાધુપદ કહો, ભાવલિંગી સાધુ (કહો). અહીં તો ત્રણની એકતા બતાવવી છે. દર્શન, જ્ઞાન, ચારિત્રની એકાગ્રતા તે મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શનમાં મોક્ષનું કારણ શરૂ થઈ ગયું, પણ એક ચારિત્ર વિના, મોક્ષમાર્ગની અભેદતા ત્રણ અવયવની એકતા વિના થતું નથી. દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણ અવયવરૂપ એક માર્ગ છે.

તો કહે છે, તે '**શ્રમણોને...**' દ્રવ્ય એવું છે કે વિસ્પષ્ટ તર્કણાથી જ્ઞાનમાં આવી જાય છે. દ્રવ્ય એવું છે. અને આગમ એવું અનેકાંતમય કહે છે. બે વાત. હવે અહીંયા ભાવ આવ્યો. સમજાય છે કાંઈ? પહેલા કહ્યું દ્રવ્ય, પછી કહ્યું શાસ્ત્ર, ત્રીજું કહ્યું અર્થ. પહેલા દ્રવ્ય એવા છે બધા છએ દ્રવ્ય કે વિસ્પષ્ટ તર્કણાથી જ્ઞેય થઈ જાય છે. પછી કહ્યું, આગમ. આગમપ્રમાણ કેમ છે? કે અનેકાંતમય હોવાથી પ્રમાણભૂત છે. બે વાત કહી. હવે ત્રીજી રહી ગઈ, અર્થ. શબ્દસમય, અર્થસમય, જ્ઞાનસમય. તો જ્ઞાનસમયની વાત અત્યારે ચાલે છે. શ્રુતજ્ઞાન ભાવ પ્રગટ થયું તે કેવું છે? સમજાય છે કાંઈ? પાંચ હજાર મળવાના હોય, એક કલાકમાં પાંચ હજાર મળવાના હોય એવી વાત સાંભળે તો એને કેવો હર્ષ થાય છે. એક કલાકમાં પાંચ હજાર! ડૂંટીમાંથી અવાજ આવે. ધૂળમાંય એમાં કાંઈ નથી. આ એક સમયમાં કેવળજ્ઞાન લેવાની તાકાત ભાવશ્રુતજ્ઞાનમાં છે. અને વાચક આગમ

અનેકાંત કહે છે અને વસ્તુ એવી અનેકાંતપણે પડી છે અને અનેકાંત, ભાવશ્રુતજ્ઞાનમાં સમ્યગ્દૃષ્ટિને સાધુને પોતાની પર્યાયમાં એ અનેકાંતપણું પરિણમી જાય છે. સમજાય છે કાંઈ?

**'શ્રમણોને સ્વયમેવ જ્ઞેયભૂત થાય છે,...'** દેખો! સ્વયમેવ. એ દ્રવ્ય છે એટલે નહિ, વાણીએ કહ્યું એટલે નહિ એમ કહે છે. આહા..હા..! ભગવાન આત્મા પોતાના જ્ઞાનની પર્યાયમાં સ્વયમેવ. વાચક શબ્દ છે એટલે નહિ. દ્રવ્ય એવું છે તો એને કારણે નહિ. પોતાનો જ્ઞાયકભાવ એનું જ્ઞાન કરે છે તો પોતાનું ભાવશ્રુતજ્ઞાન સ્વયમેવ થાય છે. **'કારણ કે શ્રમણો વિચિત્ર ગુણપર્યાયોવાળાં સર્વ દ્રવ્યોમાં વ્યાપક... '** સાધુ પોતાના વિચિત્ર ગુણપર્યાયોવાળાં સર્વ દ્રવ્યોમાં વ્યાપક. વ્યાપકનો અર્થ અહીંયા જાણનારો. દ્રવ્યશ્રુતમાં વ્યાપકનો અર્થ કહેવાવાળું. જ્ઞાન છેને? નીચે કહ્યું છે, જુઓ! **'શ્રમણોને સ્વયમેવ...'** વસ્તુ છ દ્રવ્ય જેવા છે અનેકાંતપણે, એમ વાણી કહે છે, એમ જ્ઞાનીને પોતાના જ્ઞાનમાં ધર્મીને પોતાના જ્ઞાનમાં સ્વયમેવ જ્ઞેયભૂત થાય છે. વસ્તુ છે એમ અંતરમાં ભાસ થાય છે.

**'કારણ કે શ્રમણો વિચિત્ર ગુણપર્યાયોવાળાં સર્વ દ્રવ્યોમાં વ્યાપક...'** એના જ્ઞાનની પર્યાયમાં જે વિચિત્ર ગુણપર્યાય બધા દ્રવ્યના છે અને પોતાના પણ છે એ બધાને જાણનાર આત્મા છે, ભાવશ્રુતજ્ઞાનમાં, ભાવશ્રુતજ્ઞાનમાં.

મુમુક્ષુ :— જ્ઞાન જાગૃત..

ઉત્તર :— જાગૃત જ્ઞાનમાં એ બધું આવી ગયું. વિચિત્ર ગુણપર્યાય બધા, જેવા અનેકાંતમય છે એવું અનેકાંત ભાવશ્રુતમાં આવી જાય છે. આહા..હા..! એની કથા પણ સાંભળી નહિ કોઈ દિ'. કીધું છેને? એક વાર પ્રસન્નચિત્તથી અધ્યાત્મની વાત પ્રસન્ન ચિત્તથી સાંભળે, અંદર રુચે તો ભાવિ નિર્વાણ ભાજનમ્. અલ્પ કાળમાં કેવળજ્ઞાનનો પાત્ર છે. અધ્યાત્મ વાત. સ્વયંસિદ્ધ શું? અનેકાંત શું? એના જ્ઞાનમાં આવ્યા વિના એ સમ્યક્જ્ઞાન સમ્યક્ રૂપે પરિણમતું નથી. આ તકરાર કરે છેને? બધી તકરારનો ફેંસલો અહીંયા છે. શું કરે? ફેંસલો ઈ ન કરે તો બીજો કોણ કરાવી શકે? તાકાત છે કેવળીની? ઈ તો કહે છે, કેવળી કહે છે, મારામાં ઈ નથી અને એનામાં હું નથી. હું કેવી રીતે કરાવું?

મુમુક્ષુ :— ફેંસલો કરવો હોય તો ઈ કરે.

ઉત્તર :— ઈ કરે. ઈ તો કહે છે.

**'શ્રમણો વિચિત્ર ગુણપર્યાયોવાળાં સર્વ દ્રવ્યો...'** સર્વ એટલે પોતાનો આત્મા અને સર્વ. **'વ્યાપક (-સર્વ દ્રવ્યોને જાણનાર) અનેકાન્તાત્મક... '** અસ્તિ-નાસ્તિ એવા અનેક ધર્મસ્વરૂપ. આત્મક એટલે સ્વરૂપ. અનેક ધર્મસ્વરૂપ **'શ્રુતજ્ઞાનોપયોગરૂપ...'** ભાવશ્રુતજ્ઞાન ઉપયોગરૂપ, પહેલા દ્રવ્યશ્રુત આવ્યું હતું. શ્રુતજ્ઞાન વેપારરૂપ **'થઈને પરિણમે છે.'** સાધુના જ્ઞાનમાં બધા વિચિત્ર ગુણપર્યાયવાળાં કેવી વસ્તુ છે એ પોતામાં સ્વયમેવ જ્ઞાનની પરિણતિમાં આવી જાય છે. સમજાય છે કાંઈ? નીચે છે. 'શ્રુતજ્ઞાનોપયોગ અનેકાન્તાત્મક છે. સર્વ દ્રવ્યોના જે અનેક ધર્મો

તેમાં વ્યાપનારા (અર્થાત્ તેમને જાણનારા) અનેક ધર્મો ભાવશ્રુતજ્ઞાનમાં છે.' ભાવશ્રુતજ્ઞાનની પર્યાયમાં અનેક ધર્મ છે. ઓહો..હો..! ભાવશ્રુતજ્ઞાન પણ જાણે છે કે પર્યાય પર્યાયમાં છે, ગુણ ગુણમાં છે, દ્રવ્ય દ્રવ્યમાં છે. રાગ રાગમાં છે, નિમિત્ત નિમિત્તમાં છે. આવા ભાવશ્રુતજ્ઞાનરૂપ મુનિઓને આવું પરિણમન થાય છે તેને જૈનશાસન કહેવામાં આવે છે. એને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. જુઓ, કહ્યુંને, ભાવશ્રુતજ્ઞાન. ૧૫મી ગાથા સમયસાર. શ્રમણો '**અનેકાન્તાત્મક શ્રુતજ્ઞાનોપયોગરૂપ થઈને પરિણમે છે.**' એમાં દર્શન આવી ગયું, ચારિત્ર આવી ગયું, આનંદ આવી ગયો. સ્વથી અસ્તિ, પરથી નાસ્તિ એવા ભાવશ્રુત ઉપયોગરૂપ પરિણમે છે.

'**આથી (એમ કહ્યું કે) આગમચક્ષુઓને (આગમરૂપ ચક્ષુવાળાને) કાંઈ પણ અદશ્ય નથી.**' જેને આવું જ્ઞાન થાય (તેને), કેવું હશે? અને કેવું છે? એમ છે જ નહિ. પોતાના જ્ઞાનમાં બધું દશ્ય થઈ જાય છે. કોઈપણ કંઈ પણ અદશ્ય નથી. જાણવામાં ન આવે, દેખવામાં ન આવે, પ્રતીતમાં ન આવે એવી કોઈ ચીજ છે જ નહિ.

મુમુક્ષુ :— ઉપયોગ પર્યાય છે?

ઉત્તર :— ઉપયોગ પર્યાય છે. પર્યાયમાં આવે છે એની વાત છે. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે. હવે ૨૩૬મી ગાથા લેશું...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ ૧૦, રવિવાર, તા. ૯.૯.૧૯૬૨
## ગાથા-૨૩૬, પ્રવચન-૬

પ્રવચનસાર, ૨૩૫ ગાથા થઈ. છેલ્લે કહ્યુંને? '**આથી (એમ કહ્યું કે) આગમચક્ષુઓને (-આગમરૂપ ચક્ષુવાળાઓને) કાંઈ પણ અદશ્ય નથી.** ' સર્વજ્ઞ પરમાત્મા એમણે જાણેલા પદાર્થનું સ્વરૂપ અને એ વાણી જે નીકળી એમાં જે આગમ રચાયા, એ આગમજ્ઞાનપૂર્વક જેની દૃષ્ટિ છે એમાં આગમમાં કાંઈ પણ જોવામાં નથી આવતું કે જાણવામાં આવતું નથી એવું કાંઈ રહેતું નથી. આગમથી કાંઈ પણ અદશ્ય નથી. એટલી વાત ૨૩૫માં કહી.

'**હવે, આમગજ્ઞાન,...**' આગમ કહે છે એવું અંતરજ્ઞાન, '**તત્પૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાન...**' એ આગમજ્ઞાનપૂર્વક તત્ત્વાર્થની શ્રદ્ધા '**અને તદુભયપૂર્વક સંયતત્વના યુગપદપણાને...**' સમ્યક્જ્ઞાન અને એ પૂર્વક શ્રદ્ધા, બે પૂર્વક સંયત. બે ન હોય ત્યાં સંયતપણું હોતું નથી. બે પૂર્વક '**તદુભયપૂર્વક સંયતત્વના યુગપદપણાને મોક્ષમાર્ગપણું હોવાનો નિયમ કરે છે...**' મોક્ષમાર્ગપણું હોવાનો નિયમ કહે છે. અર્થાત્ એવો નિયમ સિદ્ધ કરે છે કે આગમનું સમ્યક્જ્ઞાન વસ્તુનું જેવું

સ્વરૂપ બતાવે છે એવું અંતરમાં જ્ઞાન અને તત્પૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાન અને એ બે પૂર્વક સંયતત્વરૂપ ચારિત્ર '**એ ત્રણેનું સાથે હોવું તે જ મોક્ષમાર્ગ છે...**' બંધનથી છૂટવાનું (કારણ) ત્રણેની એકતા એ મોક્ષમાર્ગનું સ્વરૂપ છે. એ ૨૩૬માં કહે છે.

आगमपुव्वा दिट्ठी ण भवदि जस्सेह संजमो तस्स।
णत्थीदि भणदि सुत्तं असंजदो होदि किध समणो।।२३६।।

'**ટીકા :— આ લોકમાં ખરેખર,...**' યથાર્થમાં '**સ્યાત્કાર જેનું ચિહ્ન છે એવા આગમપૂર્વક...**' અનેકાંત આવ્યું હતુંને અનેકાંત? એને અહીંયા સ્યાત્કાર કહ્યું છે. અપેક્ષાથી કથન ચાલે છે. આત્મા છે? હા, પોતાની અપેક્ષાથી. નથી? હા, પરની અપેક્ષાથી. સમજાય છે કાંઈ? નિત્ય છે? હા, ટકવાની અપેક્ષાથી. પલટે છે? હા, અનિત્યતાની અપેક્ષાથી. જૂના પ્રવચનસારમાં તો સ્યાત્કારનો અર્થ અનેકાંત કર્યો છે. હેમરાજનું છે? હેમરાજ પંડિતે સ્યાતનો અર્થ અનેકાંત જ કર્યો છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે.

ભગવાન આત્મા પોતાથી છે? છે. પોતાથી છે. નથી? ના, પરથી નથી. એવી અપેક્ષાથી કથન કરનાર આગમ અનેકાંત વસ્તુને બતાવે છે. એ અનેકાંત અમૃત છે. પોતાનો સ્વભાવ પોતાથી છે, પરથી નથી. પોતાનો સ્વભાવ શુદ્ધ પોતાથી છે, વિભાવથી નથી. વિભાવ વિભાવથી છે, સ્વભાવથી નથી. સમજાય છે કાંઈ? એવું સ્યાત્કાર ચિહ્ન. એમાં લખ્યું છે, અનેકાંત ધ્વજા. અનેકાંત ધ્વજા ફરે છે આગમમાં. બધા પદાર્થ દ્રવ્ય, ગુણ, પર્યાય, શક્તિવાન ગુણ અને દશા પોતાથી છે, પરથી નથી. એવા સ્યાત્કાર ચિહ્નથી આગમપૂર્વક. આવું આગમનું જ્ઞાન જેને નથી, અને '**એવા આગમપૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણવાળી દૃષ્ટિથી જે શૂન્ય છે ...**' સમજાય છે કાંઈ? આગમપૂર્વક શ્રદ્ધા, જ્ઞાન નથી અને એ આગમપૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાનવાળી દૃષ્ટિથી જે શૂન્ય છે. 'તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણવાળી - તત્ત્વાર્થનું શ્રદ્ધાન જેનું લક્ષણ છે એવી. (સમ્યગ્દર્શનનું લક્ષણ તત્ત્વાર્થશ્રદ્ધાન છે...' જુઓ! તત્ત્વાર્થસૂત્રમાં જે લક્ષણ બતાવ્યું તે અહીંયા લીધું છે. '(તે આગમપૂર્વક હોય છે.' આગમના સમ્યક્જ્ઞાન વિના તત્ત્વાર્થશ્રદ્ધાન થતું નથી. બરાબર છે? શોભાલાલજી! શું કહે છે?

આગમના જ્ઞાન વિના તત્ત્વાર્થશ્રદ્ધાન સાચું હોતું નથી. આગમ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માની વાણીમાં જે વસ્તુ છે, પરવસ્તુ છે એનું જેવું સ્વરૂપ છે એવું અસ્તિથી, નાસ્તિથી, યથાર્થ આવ્યું એવા આગમજ્ઞાનપૂર્વક જેને સમ્યગ્દર્શનનું લક્ષણ તત્ત્વાર્થશ્રદ્ધાન હોય છે. '(આગમનું ચિહ્ન 'સ્યાત્' કાર છે).' સ્યાત્ નામ કથંચિત્ કહેવું. એવું આગમનું જ્ઞાન નથી તો તત્ત્વાર્થશ્રદ્ધાન નથી. અને આગમપૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાન હોય તો એને યથાર્થ સમ્યગ્દર્શન થાય છે.

'**તે બધાયને સંયમ જ પ્રથમ તો સિદ્ધ થતો નથી,...**' પોતાનું સ્વરૂપ પવિત્ર છે, એક સમયની પર્યાયમાં અપવિત્રતા છે. સંયોગમાં સંયોગ ચીજ એને કારણે પૃથકતા રાખે છે. એવું આગમનું જ્ઞાન અને એ પૂર્વક તત્ત્વાર્થ સમ્યક્શ્રદ્ધા જેને નથી તે બધાયને સંયમ જ સિદ્ધ થતો

નથી. અમે ચારિત્રવંત છીએ અને અમે વ્રતધારી છીએ. બિલકુલ નહિ. એકડા વિનાના મીંડા છે. આગમનું ભાન નથી કે આગમ પદાર્થ કેવો કહે છે. એ પૂર્વક શ્રદ્ધા—સમ્યગ્દર્શન તત્ત્વાર્થશ્રદ્ધાન નથી તો એને સંયતપણું, ચારિત્રપણું, નિવૃત્તિપણું, વિકારરહિતપણું એવું એને સિદ્ધ થતું નથી. **'બધાયને...'** જેને આગમનું જ્ઞાન નથી અને તે પૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાન નથી તેમને કોઈને સંયમ જ સિદ્ધ થતો નથી. એને સંયમ સાબિત થતો નથી. એ ચારિત્રવંત હોઈ શકે નહિ, તે બાર વ્રતધારી પણ હોઈ શકે નહિ.

**'(૧) સ્વપરના વિભાગના અભાવને લીધે...'** હવે કહે છે જુઓ! મહાસિદ્ધાંત આવ્યો હવે. સ્વપરનો વિભાગ. આગમમાં એમ કહે છે કે સ્વપરનો વિભાગ બતાવ્યો છે. શું? શરીર—કાયાની જે વર્તમાન પર્યાય હાલવું-ચાલવું થાય છે એ જડની પર્યાય અને જડના કામ છે. નિમિત્ત-ફિમિત્તથી નહિ. નિમિત્તથી થાય એનો અર્થ જ એનાથી નહિ. એનાથી થાય તો એ ઉપાદાન થઈ જાય છે. નિમિત્તનો અર્થ કે એ (ઉપાદાનમાં કાર્ય) થાય ત્યારે (નિમિત્ત) છે એટલું આગમ જ્ઞાન કરાવે છે. સમજાય છે કાંઈ? જેને **'(૧) સ્વપરના વિભાગના અભાવને લીધે...'** પહેલા તો કાયા પરમાણુ છે, અનંત પરમાણુના પિંડની સત્ સ્વરૂપ, એની પર્યાય આમ ચાલે છે, બોલાય છે એ જડની પર્યાય છે. તે પરથી હું ભિન્ન છું. મારામાં કાયાનું કાર્ય નહિ અને કાયાના કાર્યમાં હું નહિ. શેઠ! આ કાયાનું આવ્યું હવે. શું કરવું? આખો દિ' આ કરીએ છીએને, કહે છે. કરતો નથી. થાય છે તેને માને છે કે મારાથી થાય છે. જૈન મુનિ થઈને પણ કાયાની ક્રિયા આમ ચાલે છે, આંગળી ઊંચી નીચી થાય, શરીર ઊંચું નીચું થાય, પરપ્રાણી બચાવવામાં શરીરની ક્રિયા થાય એ મારાથી થઈ છે, એમ માનનાર કાયાને આત્મામાં એકરૂપ માને છે. એને સ્વપરના વિભાગના ભેદજ્ઞાનની ખબર નથી. શરીરથી કંઈક તપ તો થાય છે કે નહિ? આહારનો ત્યાગ શરીરથી થાય છે એમાં .. કાઢવો અને શરીર હોય તો કામ પરજીવની દયા પાળી શકાય, એમ માનનાર શરીરના કાર્ય પોતાથી થાય છે અને એના કાર્યથી પોતામાં કોઈ લાભ થાય છે, એમ માનનારને સ્વપરનું ભેદજ્ઞાન નથી. સમજાય છે કાંઈ?

**'કાયા...'** એક વાત. **'અને કષાયો...'** બીજી વાત. રાગ આવ્યો, દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિનો વિકલ્પ-રાગ ઉઠ્યો. તો રાગથી મને લાભ માને છે એણે કષાયથી સ્વપરનું ભેદજ્ઞાન કર્યું નથી. દેવીલાલજી! કાયા અને કષાય. અજીવ અને આસ્રવ, બે તત્ત્વ લીધા. શરીરની અવસ્થા થાય છે. બધું બોલાય છે, ગમન-આગમન થાય છે એ પોતાથી નહિ. કહો, શેઠનો પ્રશ્ન હતો કે સાગરથી હું અહીંયા આવ્યો તો કેવી રીતે આવ્યો? શેઠ! પ્રશ્ન હતોને. હું આવ્યો તો કેવી રીતે આવ્યો? શરીર લઈને આવ્યા કે નહિ? કે શરીર ત્યાં પડ્યું રહ્યું? શરીરની પર્યાયથી શરીર અહીંયા ગમન કરીને આવ્યું છે. પોતાના વિકલ્પથી એ ગમન કરીને આવ્યું છે (એમ માને એ) એ કાયાને અને આત્માને એક માને છે. સેઠી!

અને કષાય. બે તત્ત્વ લેવા છે. જ્ઞાયક ભગવાન ચૈતન્યસ્વરૂપ... અનેકાંતમાં આવ્યું હતું ઈ જ

વાતનું સ્પષ્ટીકરણ કરે છે. કે શરીરની ક્રિયા, શરીમાં વાણી આદિ લઈ લેવા, એ પર્યાય આમ ચાલે છે, આમ બોલાય છે જડથી તો એ અમારાથી કાયાની પર્યાય થાય છે, હું નિમિત્ત છું તો કાયાનું કાર્ય ગમનનું થાય છે, મારી ઈચ્છા છે તો શરીર ચાલે છે. એમ માનનાર જડને આત્મા માને છે. જડ અને આત્માને ભિન્ન માનતો નથી. તેની શ્રદ્ધા તદ્દન વિપરીત અને પાખંડદષ્ટિ છે. સમજાય છે કાંઈ?

બીજો કષાય. આસ્રવનો બોલ લ્યે છે. અહીં તો બે તત્ત્વ અને આત્મતત્ત્વ ભિન્ન. વિકલ્પ ઉઠ્યો ભગવાનની ભક્તિનો, પૂજાનો, અરે..! અઠ્યાવીસ મૂળગુણ મહાવ્રતનો, મહાવ્રત—અહિંસા, સત્ય, દત્તના વિકલ્પ-રાગ હોય છેને? એ રાગ આસ્રવતત્ત્વ છે, મલિન ભાવ છે. જેનાથી નવા કર્મ બંધાય એમાં આસ્રવ નિમિત્ત પડે છે. એ રાગનો અંશ પણ પોતાના સ્વભાવની સાથે એકમેક કરે છે કે એનાથી મને લાભ થશે, એ દયા, દાન, વ્રત, તપના વિકલ્પથી મને શાંતિ, મને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થશે, એમ માનનાર આસ્રવથી સ્વભાવથી ભિન્ન છે એમ માનતો નથી. સમજાય છે કાંઈ?

કહે છે કે **'સ્વપરના વિભાગના અભાવને લીધે...'** કારણ આ આવ્યું. સ્વ જ્ઞાયકભાવ ચૈતન્ય છે અને કાયા જડભાવ છે. બેને ભિન્ન નથી માનતો. નહિ, હું છું તો ચાલે છેને, હું છું તો ચાલવાની ક્રિયા થાય છેને, મારા વિના કેવી રીતે ચાલે? મડદું કેમ નથી ચાલતું? સેઠી! જીવ નીકળી જાય તો મડદું કેમ નથી ચાલતું? ઈ કહે છે કે મારાથી ચાલે છે. મડદું નથી ચાલતું અને હું અહીંયા છું તો ચાલે છે એમ માનનાર જડને આત્મા માને છે. એ મિથ્યાદષ્ટિ છે, અજ્ઞાની છે. તેને ભેદજ્ઞાનનો અભાવ વર્તે છે. સમજાય છે કાંઈ? શરીરથી કામ લેવું, શરીરનો સદ્‌ઉપયોગ કરવો, શરીરનો સદ્‌ઉપયોગ કરવો. ઠીક! (શરીર) આદ્યં ખલુ ધર્મ સાધનમ્. એમ આવે છે, પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં લખ્યું છે. શરીર આદ્યં ખલુ ધર્મસાધનમ્. ધૂળમાંય નથી. સાંભળ તો ખરો. એ તો વ્યવહારનું નિમિત્તનું કથન છે અભૂતાર્થ અસત્યાર્થનયનું. ખોટું બોલે એવી નયનું કથન છે. સમજાય છે કાંઈ?

કળશકાર ટીકામાં તો બહુ કડક લ્યે છે. રાજમલજી કળશની ટીકા કરે છેને. જૂઠી દષ્ટિથી જૂઠી નય એમ બોલે છે. કાયાનું કાર્ય અમારાથી થાય છે. અસદ્‌ભુતનયથી જૂઠી દષ્ટિથી બોલવામાં આવે છે. વસ્તુ એવી નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, એ પણ આણે બનાવી છે. બનાવે શું? એણે બનાવ્યું છે એમ કહ્યું જ નથી. એ તો વ્યવહારનયના નિમિત્તથી કથન કરવામાં આવ્યું છે. વસ્તુ સ્વરૂપ એમ નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શીખડાવી નથી. બોલવાની રીત એવી કથનપદ્ધતિ છે. વ્યવહાર અભૂતાર્થનયથી અસત્યાર્થનયથી વાત કરે છે. સમજાય છે કાંઈ? મોક્ષમાર્ગમાં ન આવ્યું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— વ્યવહાર નામ ભેદ ને નિમિત્ત ને રાગથી કથન કરે છે એ આત્માનું સ્વરૂપ નહિ. એક નિમિત્તની અપેક્ષા લઈને અસત્ય કથન (કરવું), અસત્ય નામ ખોટી વાત વ્યવહાર કરે છે. વ્યવહાર અસત્યાર્થ અભૂતાર્થ છે. એમ ન સમજે અને કાયાથી મારામાં કામ થાય છે. શરીરથી મારામાં અને મારાથી શરીરમાં કામ થાય છે. મડદું નથી ચાલતું. અમે જેવી ઈચ્છા કરીએ એ પ્રમાણે શરીર ચાલે છે. (એમ) માનનારાને સ્વપરના વિભાગનો અભાવ છે. દેહ અને આત્મા ભિન્ન છે તેને એ માનતો નથી.

પહેલેથી ઈ સમજાવ્યું છે. અગિયારમી ગાથામાં સમજાવ્યું છે. વ્યવહાર અભૂતાર્થ છે. સમયસારની પહેલી ગાથામાં જ સમજાવ્યું છે. વ્યવહાર અસત્યાર્થ. બધોય વ્યવહાર અસત્યાર્થની વાત કરે છે. વસ્તુ અભેદ એકાકાર છે એમાં ભેદની વાત કરે કે જ્ઞાન આત્માનું છે, એમ ભેદની વાત કરે તે પણ અસત્યાર્થ છે. સમજાય છે કાંઈ? તો રાગ આત્માનો છે ને શરીર પોતાથી ચાલે છે ને શરીરનું કાર્ય થાય તો પોતામાં કંઈક લાભ થાય છે એવી વ્યવહારનયની (જૂઠી) કથની છે. ટોડરમલે કહ્યું છેને, ભાઈ, મોક્ષમાર્ગ(પ્રકાશક)માં, નહિ? વ્યવહારનય સ્વદ્રવ્ય, પરદ્રવ્યનું અને એક ભાવનું બીજા ભાવમાં અને અન્ય કારણથી અન્યમાં કાર્ય થાય છે, એમ વ્યવહારનય કથન કરે છે. એવી માન્યતા મિથ્યાદૃષ્ટિ કરે છે. એમ માને, વ્યવહારનય કહે એમ માને તો મિથ્યાદર્શન છે. પહેલા આવી ગયું કે નહિ? વ્યવહારનયની કથની જ એવી છે કે એક દ્રવ્યને બીજા દ્રવ્યમાં ભેળવીને વાત કરે છે. વ્યવહારનયની કથની એવી છે કે એક ભાવને બીજા ભાવમાં ભેળવીને વાત કરે. વ્યવહારનયની કથની છે કે બીજા કારણથી, બીજા દ્રવ્યના કારણથી બીજા દ્રવ્યમાં કાર્ય થાય છે એમ વ્યવહારનય કહે છે. એવું શ્રદ્ધાન કરવાથી મિથ્યાદૃષ્ટિ મિથ્યાશ્રદ્ધા થાય છે.

નિશ્ચયનય સ્વદ્રવ્યને સ્વદ્રવ્ય, પરને પર, સ્વભાવને સ્વભાવ, પરને પર (કહે છે). પરને કારણે પોતામાં કાર્ય થાય અને પોતાને કારણે પરમાં કાર્ય થાય એમ નિશ્ચય યથાર્થ સત્યદૃષ્ટિ કહેતી નથી. સમજાય છે કાંઈ? ટોડરમલે તો બહુ સ્પષ્ટ કર્યું છે. શાસ્ત્રનો જ નિચોડ છે, કોઈ ઘરની વાત નથી. અગિયારમી ગાથાનો જે ટોટલ છે ઈ એમણે લખ્યો છે. એક શબ્દ પણ એના ઘરનો નથી.

તો કહે છે કે સ્વપરના વિભાગના અભાવને લીધે. શરીર પરદ્રવ્ય છે અને આત્મા સ્વ છે. તો સ્વદ્રવ્યથી એમાં કાર્ય થાય અને એને કારણે મારામાં કંઈક લાભનું કાર્ય થાય એમ માનનાર સ્વપરનો ભેદ ભિન્ન છે તેને જાણતો નથી, તેને માનતો નથી. સમજાય છે કાંઈ? સાધન છેને સાધન? આવે છે, સાધન વ્યવહારનયથી કહે છે, યથાર્થનયથી નહિ. સમજાય છે કાંઈ? તો કહે છે, સ્વપરના વિભાગ નામ વહેંચણી નામ ભેદજ્ઞાન તેના અભાવને લીધે '**કાયા અને કષાયો સાથે એકતાનો અધ્યવસાય...**' કરવાવાળા. શુભરાગ ઉઠે છે, શુભરાગ, મહાવ્રતનો રાગ. મુનિઓને તો હોય છે કે નહિ? મહાવ્રતનો વિકલ્પ ઉઠે છે. સમ્યગ્દૃષ્ટિને પણ ભક્તિ, પૂજા, દાનનો વિકલ્પ આવે છે અને મુનિની ભક્તિ આદિનો વિકલ્પ તો આવે છે. પણ એ વિકલ્પને આત્મામાં

લાભ કરનાર છે એમ માને તો મિથ્યાદષ્ટિ છે. પંચ મહાવ્રતના પરિણામથી આત્મામાં લાભ માને તો મિથ્યાદષ્ટિ છે, એમ કહે છે. કઠણ વાત છે. શેઠિયાઓને આ બધું નક્કી કરવું પડશે, હોં! કેમ ભાઈ? શેઠિયા તો મુખ્ય માણસ છે. સમાજભૂષણ એનું નામ છે, લ્યો. એમાં લખ્યું છે, હોં! આજે પણ એક આવ્યું છે એમાં લખ્યું છે. સમાજભૂષણ ભગવાનદાસ શેઠ. પત્ર છે. સમજાય છે કાંઈ? તો એણે તો યથાર્થ જવાબદારી સમજવી પડશે. બરાબર છે? પાટનીજી! પોતાને માટે વાત છેને, બીજાને માટે ક્યાં છે?

કહે છે, ઓહો..! ભગવાન આત્મા જાણવા-દેખવાનું કાર્ય કરવાવાળો પ્રભુ એમાં કાયા અને કષાયને ભેળવે છે. એક દયા, દાન, વ્રતનો વિકલ્પ છે એ મારા જ્ઞાયકમાં મને લાભદાયક છે. તો આસ્રવતત્ત્વ, જીવતત્ત્વ, અજીવતત્ત્વ ભિન્ન ન રહ્યા. કાલે વાત આવી હતી સાત તત્ત્વની. અનેકાંત. અજીવ અજીવમાં છે, રાગ રાગમાં છે, જ્ઞાયક જ્ઞાયકમાં છે. અજીવથી રાગ નહિ, રાગથી સંવર નિર્જરા નહિ. જેને અજીવથી મારામાં કાર્ય અને મારાથી અજીવમાં કાર્ય (થાય છે) એમ માનનાર અને કષાય, પણ એને કષાય (નથી માનતો), એમાં કષાય ક્યાં આવ્યો? પરની દયા પાળવાનો ભાવ, પરને સુખી કરવાનો ભાવ, પરને દુઃખ નહિ દેવાનો ભાવ, શાસ્ત્ર વાંચવાનો ભાવ, કહેવાનો, ઉપદેશ દેવાનો ભાવ એ બધો રાગ છે. હો, પણ રાગથી મારા ચૈતન્યમાં લાભ થશે, પરંપરા થશે (એમ માનનાર સાત તત્ત્વને જુદા જુદા નથી માનતો).

એણે લખ્યું છેને, ભાઈએ નહિ? અધ્યાત્મપંચ સંગ્રહ, દીપચંદજી. એમાં લખ્યું છે. બહુ કડક લખ્યું છે. એક વાર તો લખ્યું છે કે મારું કોઈ માનતું નથી. આગમની શ્રદ્ધા વર્તમાનમાં કોઈને નથી. ભાવદીપિકામાં છે. આગમપૂર્વક કોઈની શ્રદ્ધા જ દેખાતી નથી. હું કહું છું તો માનતા નથી, તો હું લખી જાઉં છું કે માર્ગ આવો છે. એમણે લખ્યું છે. અને એમણે જ્ઞાનદર્પણમાં તો એવું લખ્યું છે, આ અધ્યાત્મપંચ સંગ્રહ છેને, એમાં લખ્યું છે. શું? કોઈ પ્રાણી (માને છે કે) શુભરાગથી મને પરંપરા લાભ થશે, રાગથી વર્તમાનમાં તો નહિ પણ પરંપરા લાભ થશે, મૂઢ છે, મિથ્યાદષ્ટિ છે, અજ્ઞાની છે. એને કિંચિત્ ધર્મનો લાભ થતો નથી. એમ લખ્યું છે. ગાયન બનાવ્યું છે. આખું જ્ઞાનદર્પણ છે. સમજાય છે કાંઈ? છે એમાં, ક્યાંક છે.

કહે છે, **'સ્વપરના વિભાગના અભાવને લીધે કાયા...'** નામ અજીવતત્ત્વ **'અને કષાયો...'** નામ આસ્રવતત્ત્વ. બેની સાથે **'એકતાનો અધ્યવસાય...'** એકતાની માન્યતા (અર્થાત્) એ મારો રાગ મંદ છે, રાગ મંદ છેને, આત્માને કંઈક તો મદદ કરશે કે નહિ? મંદ રાગની ક્રિયા પરિણામમાં થાય એ મારા સ્વભાવને કંઈક તો લાભ કરશે કે નહિ? પાપ કરતાં પુણ્યનો ભાવ કંઈક લાભ કરશે કે નહિ? દુકાન પર બેસીને બીડીનો ધંધો (કરે અને કહે) લાવ પાંચ હજાર દો, દસ હજાર દો, એ તો પાપના પરિણામ છે. તો ઈ કરતાં અહીંયા ભગવાનની ભક્તિ, પૂજા, દયા, દાન, વ્રતના પરિણામ છે એ કષાય મંદ તો છે કે નહિ? તો એનાથી લાભ છે કે નહિ? એમ એનાથી લાભ માનનાર મિથ્યાદષ્ટિ મૂઢ છે. એને સમ્યગ્દર્શનનો અભાવ છે.

મુમુક્ષુ :— થોડોક તો લાભ છે?

ઉત્તર :— થોડો લાભ છે બંધનનો. સમજાય છે કાંઈ? આ તો મોક્ષમાર્ગની વાત ચાલે છે, ૨૩૨ ગાથાથી.

તો કહે છે, એ કષાયો સાથે એકતાનો અધ્યવસાન નિશ્ચય છે. નિશ્ચય છે કે એ રાગ મારી રુચિમાં મદદ કરશે, મારા સ્વભાવમાં અંતર્મુખ થવામાં બહિર્મુખ ઉઠેલી વૃત્તિ, બહિર્મુખ છેને ઈ રાગ? પરદ્રવ્યના લક્ષે ઉત્પન્ન થયો છે, સ્વદ્રવ્યના લક્ષે રાગ થતો જ નથી. બહિર્મુખ વૃત્તિ શુભરાગ મને અંતર્મુખ વૃત્તિ કરવામાં સહાય કરશે, મદદ કરશે એવી માન્યતાવાળો રાગ અને અંતર્મુખ સ્વભાવની એકતા માને છે. સમજાય છે કાંઈ? જે બહિર્મુખ વૃત્તિ ઉઠી છે એ અંતર્મુખમાં મદદ કરે તો તો એનાથી ખસવું બનતું જ નથી. શ્રદ્ધામાં ત્યાં જ એનું લક્ષ થઈ ગયું કે નહિ, નહિ, ઈ કરશે. રાગ મંદ.. મંદ.. મંદ.. કરતાં કરતાં, ચિંતવન કરતાં કરતાં, વિકલ્પને મંદ કરતાં કરતાં મારા સ્વભાવમાં લાભ કરશે. તો એ વૃત્તિ ઉઠી છે એ તો બહિર્મુખ છે અને જાવું છે અંતર્મુખમાં. તો બહિર્મુખની વૃત્તિ અંતર્મુખમાં મદદ કરે એમ માનનારને સ્વપરના ભેદજ્ઞાનનો અભાવ છે, મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ?

**'અધ્યવસાય કરતા એવા તે જીવો, (પોતાને) વિષયોની અભિલાષાનો નિરોધ નહિ થયો હોવાને લીધે...'** દેખો! કાયાની ક્રિયા મારાથી થઈ અને રાગની મંદતાથી મને (ધર્મ) થશે, એમ માનનારને વિષયોની અભિલાષાનો નિરોધ નથી. પાંચ ઇન્દ્રિયના વિષય એણે રોક્યા જ નથી. બહારમાં બાળબ્રહ્મચારી હો, સમજાય છે કાંઈ? જિંદગીભર સ્ત્રીનું સેવન ન કર્યું હોય અને સ્ત્રીએ પુરુષનું સેવન કદી ન કર્યું હો, પણ અંતરમાં વિકલ્પ-રાગની મંદતા મને લાભદાયક છે એમ માનનારને વિષયનો કિંચિત્ નિરોધ નથી. શેઠ! કઠણ વાત છે, ભાઈ! સાગરથી આવ્યા છે તો સાંભળીને કંઈક માલ લેવો છે કે નહિ, કંઈ માલ? સમજાય છે કાંઈ? ભગવાનજીભાઈ! આહા..હા..!

ભગવાન! તારી ભેદજ્ઞાન શક્તિ પણ મોટી અને તારી એકતાની શક્તિ પણ મોટી. અનાદિકાળથી ઈ રાગથી પોતામાં લાભ માને છે, માનીને દિગંબર મુનિ (થઈને) નવમી ગ્રૈવેયક ચાલ્યો ગયો. દિગંબર મુનિ હોં! અઠ્યાવીસ મૂળગુણ (પાળ્યા), હજારો રાણીનો ત્યાગ (કર્યો) અને રાજા, મહારાજા, કરોડ કરોડ, અબજોની એક મહિનામાં ઉપજ, એને છોડીને જંગલમાં (ચાલ્યો ગયો). અભિપ્રાયમાં, આશયમાં, રુચિમાં, એ બહિર્મુખ વૃત્તિ છે તેનાથી મને લાભ થશે એવી રુચિ છૂટી નહિ, છોડી નહિ. તો કહે છે, હજારો રાણીનો ત્યાગ (કર્યો છેને)? ના. એક વિષયનો નિરોધ એણે કદી કર્યો નથી. કેમ? કે રાગ પોતાનો માન્યો તો રાગની ભાવના કર્યા વિના રહેતો નથી અને રાગની ભાવનામાં બંધન થાય છે. બંધનમાં વિષયો મળે છે. એ રાગની ભાવના કરવાવાળાને વિષયની એક પણ અભિલાષા છૂટી નહિ. છૂટી નહિ સમજો છોને? છૂટી નહિ, તૂટી નહિ. નીચે લખ્યું છે, જુઓ! પાછળ આવશે.

બે (તત્ત્વોની) એકતા માનનારને '**વિષયોની અભિલાષાનો નિરોધ નહિ થયો હોવાને લીધે...**' આહા..હા..! અરે..! પણ રાગ.. મંદ રાગ.. મંદ રાગ એનાથી કંઈક લાભ માન્યો? તો કહે છે કે હા, તારી અભિલાષા જ કષાયની છે. તારું લક્ષ જ, વિષય જ પરવિષય ઉપર છે, વિષય—તારું ધ્યેય જ રાગ ઉપર છે, તો તને વિષયનો નિરોધ કિંચિત્ પણ કહ્યો નથી કે કર્યો નથી. અમે નથી કહેતા. સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ? શોભાલાલજી! આવે છે થોડું થોડું.

'**વિષયોની અભિલાષાનો નિરોધ નહિ થયો હોવાને લીધે, છ જીવનિકાયના ઘાતી થઈને...**' ઓહો..હો..! એક વિકલ્પ મંદ રાગ, જેનાથી દયા પાળવાનો ભાવ (આવે), એ ભાવથી મને લાભ થશે, દયા પાળવાનો ભાવ, જીવને દુઃખ નહિ દેવાનો ભાવ, અસત્ય નહિ બોલવાનો ભાવ, સત્ય બોલવાનો ભાવ એ રાગથી પોતાના સ્વભાવમાં લાભ માને છે એ છજીવનિકાયનો ઘાતી થઈને. એ તો છજીવનિકાયનો ઘાત કરનારો છે. છકાયના જીવનો ઘાત કરનારો છે. ગજબ વાત! અમૃતચંદ્રાચાર્ય...

મુનિ છેને, પ્રભુ! મુનિ છે તો અમે કહીએ છીએ કે જેને રાગની મંદતાની અભિલાષા રહી તેને વિષયની અભિલાષા છૂટી નહિ અને છકાયનો ઘાત છૂટ્યો નથી. કેમકે રાગનો આદર છે ત્યાં સ્વરૂપની હિંસા થાય છે. શુભરાગનો આદર છે ત્યાં સ્વરૂપની હિંસા થાય છે. સ્વરૂપની હિંસાને કારણે છકાયની હિંસાથી નિવર્ત્યો છે એમ અમે કહેતા નથી. સમજાય છે કાંઈ? '**છ જીવનિકાયની...**' છ જીવનિકાય. નિકાય નામ સમૂહ. એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય. '**ઘાતી થઈને સર્વતઃ...**' પાછો જુઓ શબ્દ. સર્વતઃ. ચારે બાજુથી. જ્યાં જ્યાં અસ્થિરતા થાય, એને માટે સદોષ આહાર ન લીધો હોય, દિગંબર મુનિ હો, અભ્યંતરમાં કાયાનું કાર્ય, મારી શરીરિક ક્રિયા મારાથી થાય છે, એ શારીરિક ક્રિયાથી મને લાભ થશે અને રાગની મંદતાથી મને લાભ થયો, લાભ થશે એવી માન્યતા કરવાવાળો સર્વતઃ, વિષયનો નિરોધ થયો નથી અને છ કાયના ઘાતથી બચ્યો નથી. સેઠી! ભારે કઠણ!

અહીં તો બહારથી જ્યાં દેખાય.. આહા..હા..! દૃષ્ટિનો વિષય અને દૃષ્ટિનું શું માહાત્મ્ય છે, ખબર નથી, ખબર નથી. બાહ્ય ત્યાગ આમ લેવું, મૂકવું, લીધું, દીધું.. ઓહો..હો..! ભારે ત્યાગી ભાઈ! ધર્મના!!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— માણસ કહેને, ધર્મના ત્યાગી. ઈ બોલે એમ. ધર્મના ત્યાગી પૂરતું છે. ધર્મી ત્યાગી કહેને. ધર્મના ત્યાગી છે.

કહે છે,.. ત્રણ બોલ લીધા. કાયાનું કાર્ય મારાથી થાય છે એમ માને અને રાગથી મને લાભ (થશે એમ) માને તો તે જીવને વિષયોની અભિલાષાનો નિરોધ નથી અને છ કાયનો ઘાતી થઈને સર્વતઃ પ્રવૃત્તિ કરે છે. પરિણામમાં એ જ અભિલાષા અંદર પડી છે. એક અંશ પણ રાગનો ઘાત કરવાનું માન્યું, જાણ્યું નહિ, એ છ કાયનો ઘાત કરે છે. અને બાહ્યમાં વ્યવહારચિહ્ન છે તો

ભવિષ્યમાં છ કાયનો ઘાત (કરશે) અને કસાઈખાના માંડશે. સમજાય છે કાંઈ? કસાઈખાના ઈ માંડશે. રાગ, કષાય નિજ ચૈતન્યપ્રાણને ઘાત કરવાનું કારણ છે. એને લાભનું કારણ માને છે તો સર્વતઃ પરિણામમાં એ જ પ્રવૃત્તિ ઘૂંટે છે, જ્યાં ત્યાં, જ્યાં ત્યાં. સ્વર્ગમાં જાઓ, નરકમાં જાઓ, મનુષ્યમાં હો, ઢોરમાં હો, સમવસરણમાં હો, સમવસરણમાં બેઠો હોય અને ભગવાનની વાણી સાંભળતો હોય, સર્વતઃ... સર્વતઃ કહ્યું (છે). સાતમી નરકે હો કે નવમી ગ્રૈવેયકે હો, ભગવાનના સમવસરણમાં બેઠો હોય, ધ્વનિ સાંભળતો હોય, ભાવલિંગી સંતો પાસે ઈ દ્રવ્યલિંગી સાધુ થયો હોય. ભાવલિંગી સંત હોય એની પાસે બેઠો હોય, નગ્નપણું ધારણ કર્યું હોય, સ્ત્રીનો ત્યાગ કર્યો હોય, પણ કહે છે કે રાગની મંદતાથી મારામાં કંઈક લાભ તો છે. કહે છે, સર્વતઃ ચારે બાજુથી તારી પ્રવૃત્તિ કષાયમાં જ છે. કષાયથી રહિત મારી વસ્તુ ભિન્ન છે એ દૃષ્ટિ તને થઈ નહિ, તને ભેદજ્ઞાન થયું નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! ભારે! છે કે નહિ? શેઠ! એમાં લખ્યું છે, જુઓ! નીચે. એમાં લખ્યું છે. પાછું કોઈ કહે, ઉપરથી વાત નથી.

અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. જુઓ! અહીં (સંસ્કૃતમાં છે). '**સર્વતોऽપિ કૃતપ્રવૃત્તેઃ સર્વતો નિવૃત્ત્યભાવા**' સંસ્કૃતમાં લખ્યું છે. સર્વતઃ પ્રવૃત્તિ કરે છે. એ પ્રવૃત્તિ કરે છે, રાગના એક વિકલ્પને લાભદાયક માનનારો સર્વતઃ વિકારની પ્રવૃત્તિ કરે છે. તેથી '**તેમને સર્વતઃ નિવૃત્તિનો અભાવ છે...**' લ્યો. પ્રવૃત્તિ છે અને રાગથી નિવૃત્તિનો અભાવ છે. અથવા પંચેન્દ્રિયના વિષયોથી નિવૃત્તિનો અભાવ છે. છ કાયની હિંસાથી પણ પ્રવૃત્તિ કરે છે રાગમાં, તેને છ કાયની હિંસાથી નિવૃત્તિનો અભાવ છે. સમજાય છે કાંઈ? નીચે ખુલાસો કર્યો છે, જુઓ! જુઓ! સર્વતઃ બેય ઠેકાણે પડ્યું છે, હોં! સર્વતઃ પ્રવૃત્તિ કરે છે અને તેમને સર્વતઃ નિવૃત્તિનો અભાવ છે. સમવસરણમાં જીવ બેઠો હોય પણ રાગની મંદતાથી આત્મામાં લાભ થશે એવી પ્રરૂપણા કરે છે, માને છે, કહે છે, સંમત થાય છે તો કહે છે કે છ કાયના ઘાત કરતો પ્રવર્તે છે. સમવસરણમાં બેઠો હોવા છતાં. અને પાંચ ઈન્દ્રિયના વિષયોનો એને કિંચિત્ નિરોધ નથી. નિવૃત્ત છે નહિ, પૂર્ણ પ્રવૃત્તિમાં પડ્યો છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પરનો ઘાત ક્યાં કહે છે? અહીં તો પોતાનો ઘાત કર્યો તો પરનો ઘાત કરે છે એમ એને કહેવામાં આવે છે. નિમિત્તનો પણ ત્યાગ કર્યો છે એમ નથી કહેતા, એવો ઘાત કહે છે. અંતરમાં રાગથી ઘાત કરે છે. છ કાયનો ઘાત વિકલ્પથી નથી કરતો એમ એને લાગુ પડતું નથી. એનો વ્યવહાર ખોટો છે. નિશ્ચયમાં જૂઠો છે તો એને વ્યવહારમાં જૂઠાપણું આવ્યું. જુઓ! નીચે ખુલાસો કર્યો છે. 'જે જીવોને...' બગડો છેને? બગડો. બગડાને શું કહે છે તમારે? દો. ફૂટનોટમાં બીજું છે. 'જે જીવોને સ્વપરનું ભેદજ્ઞાન નથી તેમને ભલે કદાચિત્...' કદાચિત્. કોઈ મિથ્યાદૃષ્ટિ હોય અને ન છૂટ્યું હોય, આને છૂટ્યા હોય. 'વિષયોનો સંયોગ ન દેખાતો હોય,...' વિષયોનો સંયોગ, રાગથી લાભ માનનારો, શરીરની ક્રિયા પોતાથી થાય છે, એમ માનનારને પંચેન્દ્રિય

વિષયોનો સંયોગ ન દેખાતો હોય અને 'છ જીવનિકાયની દ્રવ્યહિંસા ન દેખાતી હોય અને એ રીતે સંયોગથી નિવૃત્તિ દેખાતી હોય,...' સંયોગથી છૂટી ગયો એમ દેખાતું હોય 'તોપણ...' સંયોગી ભાવ, સંયોગી ક્રિયા શરીર અને સંયોગી ભાવ રાગ, 'કાયા અને કષાયો સાથે એકતા માનનારા...' એ બેયથી લાભ માનનારા 'તે જીવોને ખરેખર પાંચ ઇન્દ્રિયોના વિષયોની અભિલાષાનો નિરોધ નથી,...' પંચેન્દ્રિયના વિષયોનો નિરોધ એને થયો જ નથી. કષાયની સાથે અને શરીરની સાથે પોતાને (એક) માને છે, કંઈક તો છે, કંઈક તો છે કે નહિ? મારા વિના શરીર ચાલે છે? મારા વિના રાગ (થાય છે)? રાગ તો મારો છે કે નહિ? રાગ મારો છે કે નહિ? છે તો ખરો પર્યાયદૃષ્ટિમાં. સમજાય છે કાંઈ? પણ સ્વભાવ સાથે એકત્વ માને છે તે મૂઢ છે.

'ખરેખર પંચેન્દ્રિયના વિષયોની અભિલાષાનો નિરોધ નથી, હિંસાનો જરાય અભાવ નથી...' એક પંચેન્દ્રિયના વધથી છૂટ્યો છે? ના. પંચેન્દ્રિયના વધથી છૂટ્યો છે? ના, બિલકુલ નહિ. એની પર્યાયમાં મોટી હિંસા છે. ચૈતન્ય ભાવપ્રાણ સાથે રાગનું એકત્વ માને છે એને પંચેન્દ્રિયના વધનો ત્યાગ વ્યવહારથી પણ કહેવામાં આવતો નથી. ભારે કડક વાત! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— છે જ નહિ. છ કાયના જીવનો વધ કરવાનો ભાવ તો પરિણામમાં પડ્યો છે. કષાયની સાથે એકત્વબુદ્ધિ (છે એમાં) બધા કષાય કરવાનો ભાવ છે. અને એના પરિણામમાં બંધ અને એના પરિણામમાં ... એમાં છ કાયનો ઘાત એને નિમિત્તપણે પણ છૂટ્યો નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શુભભાવ પોતે કષાય છે. શુભભાવ પોતે કષાય છે. વળી શું છે શું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ કેટલાક કહે છે કે ભગવાનની ભક્તિમાં કષાયનું પોષણ ક્યાં આવ્યું? ભગવાનની ભક્તિમાં કષાયનું પોષણ ક્યાં આવ્યું? મહાવ્રત પાળવામાં કષાય ક્યાં આવ્યો? મુનિ મહાવ્રત પાળે છે, કુંદકુંદાચાર્યે પણ પાળ્યા છે. કુંદકુંદાચાર્યે પણ મહાવ્રત પાળ્યા છે. અરે..! સાંભળ તો ખરો. મહાવ્રતનો વિકલ્પ આવ્યો હતો, પણ એની સાથે એકત્વબુદ્ધિ નહોતી. સમજાય છે કાંઈ? કેટલાક કહે છે કે ભગવાનની ભક્તિમાં તો ગુણસ્મરણ થાય છે. ભાઈ! એમાં રાગ ક્યાં આવ્યો? ભાઈ! જે મહાવ્રતનો રાગ છે તે રાગ કષાય જ છે. એમ ભગવાનની ભક્તિ એ રાગ પોતે જાતે કષાય છે. છે શુભ, પણ કષાય છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ભિન્ન છે ઈ ચીજ. જ્ઞાયકભાવ, આસ્રવભાવ ભિન્ન તત્ત્વ છે. સાત તત્ત્વની શ્રદ્ધામાં સાત સાતપણે ક્યાંથી રહેશે? એકમાં ભેળવી દેશે તો એક થઈ ગયા. અજીવમાં મારાથી

થાય, આસ્રવથી મને સંવર થશે. તો બધું એક થઈ ગયું. ખીચડો થઈ ગયો સાતેયનો, સાત રહ્યા નહિ. સમજાય છે કાંઈ? અને તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્. તો સાત તત્ત્વની શ્રદ્ધા કે આવી પૃથક્ પૃથક્ વસ્તુ છે એવું શ્રદ્ધાન તો રહ્યું નહિ. ક્યાંથી તને તત્ત્વાર્થશ્રદ્ધાન થયું? અમે માનીએ છીએ, ભગવાનને માનીએ છીએ. કહે છે કે નથી માનતો. અમે આગમને સ્વીકારીએ છીએ. કહે છે કે, નથી માનતો. આગમ કહે છે એમ તો તું માનતો નથી. ભગવાન કહે છે એને તો તું માનતો નથી. અમે ગુરુને તો માનીએ છીએ. ગુરુ કહે છે, ગુરુના (કથન)માં જે ભાવ પડ્યો છે એને તો તું માનતો નથી. સમજાય છે કાંઈ?

તો કહે છે કે અભિલાષાનો (નિરોધ નહિ થયો હોવાને લીધે તેને) 'હિંસાનો જરાય અભાવ નથી અને એ રીતે પરભાવથી બિલકુલ નિવૃત્તિ નથી.' એક અંશ પણ મંદ રાગ, ભગવાનનું સ્મરણ, ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો અરિહંતાણં... ઈ વિકલ્પ છે, શુભરાગ છે. એની સાથે એકતા માનનાર, લાભ માનનારને કિંચિત્‌માત્ર નિવૃત્તિ નથી. એણે કંઈ ત્યાગ કર્યો નથી. બધું સંગ્રહ કરીને પડ્યો છે. કષાયનો સંગ્રહ કરીને પડ્યો છે અને કાયાનો સંગ્રહ કરીને પડ્યો છે. તેને કષાય, કાયા છોડવા નથી.

આ મોક્ષમાર્ગનો અધિકાર ચરણાનુયોગના અધિકારમાં ચાલ્યો છે. જુઓ! દ્રવ્યાનુયોગમાં તો ચાલે. શું કહે છે? આ ચરણાનુયોગસૂચક ચૂલિકા છે. ચરણાનુયોગના કથનમાં આમ આવ્યું. ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે ચરણાનુયોગમાં અમે આમ કહીએ છીએ. વળી ચરણાનુયોગની બીજી શૈલી હોય, દ્રવ્યાનુયોગની બીજી શૈલી હોય એમ નથી. સમજાય છે કાંઈ? વાત ચાલી છે ચરણાનુયોગ વ્યવહારના વિકલ્પની અને આવા મહાવ્રત હોય ને આવા હોય, એની. એમાં કહે છે કે ઈ વિકલ્પ આવ્યો અને અમે સમજાવીએ છીએ, પણ એ વિકલ્પને એકરૂપ શ્રદ્ધામાં માને છે, મિથ્યાદષ્ટિ મોક્ષમાર્ગમાં નથી. એ નિગોદમાર્ગમાં, બંધમાર્ગમાં પડ્યો છે. સમજાય છે કાંઈ?

કહ્યુંને કુંદકુંદાચાર્યે? વસ્ત્રનો એક દોરો રાખીને, હું મુનિ છું એમ માને, મનાવે, માનતાને સંમત કરે તે નિગોદં ગચ્છઇ. નિગોદમાં જશે. હવે ઓલો વસ્ત્ર રાખે તો નિગોદમાં જાશે. કેમ? કે તને નવ તત્ત્વની શ્રદ્ધા જ નથી. કેમ? કે જ્ઞાયકભાવનું જો ભાન હોય તો જ્ઞાયકભાવમાં જેટલી સંવર, નિર્જરાની શુદ્ધિ થઈ એમાં વિકલ્પની એટલી જ રાગની પ્રવૃત્તિ હોય કે એને વસ્ત્ર અને શરીરની પર્યાયમાં નગ્નપણું આવી જાય અને વસ્ત્ર રહે જ નહિ. અજીવની એવી પર્યાય થઈ જાય. આસ્રવમાં રાગની મંદતા એવી થઈ જાય કે એને લેવા, મૂકવાનો ભાવ ન રહે—એવા આસ્રવની શ્રદ્ધા નથી, અજીવની એવી પર્યાયની શ્રદ્ધા નથી અને આસ્રવની ભૂમિકામાં કેટલા સંવર, નિર્જરા હોવા જોઈએ એની શ્રદ્ધા નથી. સંવર, નિર્જરા કરનાર જ્ઞાયકભાવ આવી સંવર, નિર્જરા કરે છે એની પણ એને શ્રદ્ધા નથી. એક પણ તત્ત્વની એને શ્રદ્ધા નથી. તેથી કહ્યું છે કે નિગોદમાં જાશે. એમ નહિ કે... શું કહે છે આ? ચીભડાના ચોરને ફાંસીની સજા. કેટલાક એમ કહે છે, કુંદકુંદાચાર્યે આવું (કહ્યું છે). અરે..! સાંભળ તો ખરો પ્રભુ! ચીભડા સમજો છો કે નહિ? કકડી કા ચોર. એ તમારે હિન્દીમાં

ચાલે છે. કાકડીના ચોરને આવી સજા? કાકડીનો ચોર નથી.

મુમુક્ષુ :— ....

ઉત્તર :— કટાર ન મારીએ. હા ઈ. અમારે અહીં ભાષામાં એમ છે, ચીભડાનો ચોર. નદીમાં ચીભડા પાકેને? સાકરટેટી, તરબુચ. કોઈ એક બે સાકરટેટી ચોરીને લઈ આવે. ... ચીભડા બે-ચાર પૈસાના આવે. ચીભડાનો ચોર નથી. એક ફેરી વાત કરી હતીને? ભાઈ! તખ્તસિંહજી હતા, ભાવનગર. ભાવનગરના મહારાજા થા. અત્યારે છે શ્રીકૃષ્ણ, એના બાપ ભાવસિંહજી, એના પિતા તખ્તસિંહજી હતા. એક એ શું કહેવાય? બાગ. મોતીબાગ કહેવાય. ઈ બાગમાં સૂતા હતા. મોટા રાજા. પચ્ચીસ લાખ, ત્રીસ લાખની એ વખતમાં ઊપજ હતી. અત્યારે તો કરોડની (થઈ ગઈ). ઈ સૂતા હતા અને બહાર દરવાજો હતો, દરવાજો એમાં આરબ બેઠા હતા. આરબ. આરબ સમજો છોને? ચોકીદાર, પણ આરબ. ઈ બુંદ પીવે બુંદ. બુંદ.. બુંદ હોયને? બુંદની .. પીવે, ઊંઘ ન આવે. બેઠા હતા આમ મોઢાઆગળ. મોટા રાજા. પણ એક એવો ચોર નીકળ્યો, એવો ચોર આવ્યો કે એનો ગઢ ઊંચો હતો એમાં બહારથી નિસરણી મૂકી દીધી. નિસરણી લગાવીને નીચે ઉતર્યો. પછી નિસરણી ખેંચીને આ બાજુ છોડી દીધી. નીચે ઉતર્યો અને જ્યાં દરબાર સૂતા હતા ત્યાં સોનાની ઘડિયાળ (હતી). રાજા દરબાર. સોનાની ઘડિયાળ, સોનાની બધી વસ્તુઓ હતી. સૂતા હતા. એકવાર તો સોનાની ઘડિયાળ લઈ ગયો. નિસરણી ઉપર ચડીને વળી નિસરણી ઓલી કોર ઉતારીને લઈ ગયો. પણ એને થયું કે એક રહી ગયું, હજી ઘણી ચીજો રહી ગઈ. સોનાની ઘણી હતી. પાછો આવ્યો. અને રાજા જાગી ગયા. ... તલવાર એની ઉઘાડી પડી હતી. તલવાર ખેંચી. એની ... મહારાજા! અરે..! અમે રાજા, મહારાજા જે ઓરડામાં સૂતા છીએ (ત્યાં) ભય પામ્યા વિના આવ્યો? કેટલો ... ? કેટલો પાપી? તલવાર ખેંચી. ... દરબાર ઉઠ્યા એટલે રાણી જાગ્યા. ન માર્યો. કબુલાત કરાવી. લઈ ગયો? હા. સોનાની ઘડિયાળ લઈ ગયો છું. બીજી વાર આવ્યો છું. સમજાય છે કાંઈ? તખ્તસિંહજીના ઘરમાં પેઠો હતો.

એમ તખ્ત-આત્માનું ચૈતન્યધામ એમાં રાગનું એકત્વ કર્યું એ મોટો ચોર છે, લુંટારો છે, મોટો ડાકુ છે એમ કહે છે. સમજાય છે કાંઈ? ભગવાન જ્ઞાનધામ શુદ્ધ ચૈતન્ય ભગવાન પ્રભુ, એકલો જ્ઞાન ને આનંદ ને શુદ્ધભાવથી ભરેલો છે. એમાં રાગના વિકલ્પને પોતાનો માનીને લાભ માન્યો ઈ, તખ્ત બિરાજે છે ભગવાન આત્મસ્વરૂપમાં, એ (રાગમાં) ઘુસીને એનાથી લાભ થયો એમ માન્યું. મારી નાખ, નિગોદમાં જા. ઓલા વસ્ત્રના તાણાવાણા (રાખે એને ફળ) નિગોદ કહ્યું. તો નવેય તત્ત્વની ભૂલ થઈ. કેમ? કે જ્યાં આત્માનો બોધ થાય અને જ્યાં સંવર, નિર્જરાની છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય સંવર, નિર્જરા હોય ત્યાં કષાયની મંદતા એટલી હોય કે વસ્ત્ર-પાત્ર લેવાની વૃત્તિ એ તરફ જતી નથી. તો ત્યાં શરીરની અવસ્થા પણ એવી નગ્ન થઈ જાય. (વસ્ત્ર લેવાની વૃત્તિ ઉઠે તો) એ અજીવમાં ભૂલ. નહિ, વસ્ત્ર રાખવા. આસ્રવમાં ભૂલ, કે તીવ્ર આસ્રવને મંદ આસ્રવ (માન્યો). સંવરમાં ભૂલ કે આસ્રવ છે ત્યાં સંવર કેટલો હોવો જોઈએ એની પણ ખબર નથી.

નિર્જરાની ભૂલ અને કરનારો જ્ઞાયક કેટલી ભૂમિકામાં આવ્યો હોય તો એનો સ્વભાવ કેટલો નિર્મળ થયો હોય એવા જ્ઞાયકના આશ્રયમાં ભૂલ. જ્ઞાયકનો આશ્રય કરવામાં ભૂલ. સમજાય છે કાંઈ?

જેટલા સંવર, નિર્જરા છઠ્ઠી ભૂમિકામાં જોઈએ એટલો આશ્રય તો સ્વભાવ ઉપર આવ્યો છે. તો એટલા આશ્રયમાં આસ્રવની મંદતા ઘણી રહી ગઈ કે જેને વસ્ત્ર-પાત્ર લેવાની વૃત્તિ ઉઠતી નથી. અને વૃત્તિ ઉઠે છે તો અજીવમાં ભૂલ છે, આસ્રવમાં ભૂલ છે, સંવર, નિર્જરામાં ભૂલ છે, જ્ઞાયકનો આશ્રય કરવાની સ્થિતિ આ ભૂમિકામાં કેવી હોવી જોઈએ એ આશ્રય કરવાની પણ ભૂલ છે. સાતેય તત્ત્વનો ચોર અને ગુનેગાર છે.

એમ અહીંયા એક રાગને પોતાના સ્વભાવમાં લાભદાયક માનનારો સાતેય તત્ત્વની ભૂલ કરે છે. સમજાય છે કાંઈ? સ્વભાવનો આશ્રય કરે છે (એમાં) રાગની મંદતા બિલકુલ સહાયક નથી. એવા જ્ઞાયકના આશ્રયમાં રાગનો લાભ માને છે તો આશ્રય ન રહ્યો. તો જીવની શ્રદ્ધા એને ન રહી. અને આશ્રય કરવાથી શુદ્ધતા પ્રગટ થાય છે તો કહે છે કે રાગથી શુદ્ધતા થાય છે. તો શુદ્ધતા, સંવર, નિર્જરાની શ્રદ્ધામાં ભૂલ (છે). અને રાગથી લાભ માન્યો તો આસ્રવમાં પણ ભૂલ છે. આસ્રવ આસ્રવનું કામ કરે, આસ્રવ સંવર-નિર્જરાનું કામ ન કરે. આસ્રવની ભૂલ. અજીવની ભૂલ કે આસ્રવભાવ છે રાગ તો દેહની ક્રિયા થાય છે એમ ત્રણ કાળમાં નથી. સમિતિનો વિકલ્પ ઉઠ્યો તો દેહની આવી ક્રિયા, દેહનું પ્રવર્તન આમ થાય છે, તેમ થાય છે. બિલકુલ નહિ. દેહની ક્રિયા દેહથી, આસ્રવભાવ આસ્રવથી અને સંવર, નિર્જરા સ્વભાવના આશ્રયે એટલી શુદ્ધિ પ્રગટ થઈ. એક્કેય તત્ત્વની એને ખબર નથી. સમજાય છે કાંઈ? એને નિગોદ કહે છે તો અહીં તો નિગોદ છે. પાટનીજી!

મિથ્યાત્વનું ફળ, વિપરીત માન્યતા. તારે ક્યાં જાવું છે? સિદ્ધ અનંત છે, નિગોદ અનંત છે, સિદ્ધ અનંત કાળ છે, નિગોદ અનંત કાળ છે, સિદ્ધ આનંદ છે, નિગોદ દુઃખ છે. સામસામે બેય પડ્યા છે. વચ્ચે મનુષ્યની ગતિ થાય એ તો શુભાશુભ પરિણામનું ફળ છે. એક તત્ત્વ વિરુદ્ધ, અનંત દુઃખ, એક શરીરમાં અનંત જીવ, લાંબો કાળ રહેવું. તત્ત્વ આરાધન, સિદ્ધપદ, અનંત સુખ, અનંત કાળ રહેવું. સમજાય છે કાંઈ? વાડીભાઈ! ભારે કઠણ! જગતને અંદર ગ્રહણ કરવું. અને અભિપ્રાય પકડ્યો હોય એમાંથી હલહલ, હલાહલ થવું, એવું લાગે તો જીવ જાય. માનેલા અભિપ્રાયને ખોટો ઠરાવવો એ તો જીવ ગયો. મરી ગયો. આ જીવન ગાળ્યું શું? સમજાય છે કાંઈ?

ભગવાન કુંદકુંદાચાર્ય ચરણાનુયોગ અધિકાર ચલાવે છે એમાં કહ્યું... પહેલા કહ્યું હતું હોં! શરૂઆતમાં. હે વ્યવહાર જ્ઞાનાચાર! ભાઈ આવ્યું હતુંને પહેલું? એઈ..! હે વ્યવહાર દર્શનાચાર! તારા પ્રસાદથી જ્યાં સુધી હું સિદ્ધ ન થાઉં ત્યાં સુધી હું તને પાળું છું. એ અસદ્ભુત વ્યવહારનયનું ચરણાનુયોગનું પહેલા કથન કર્યું. અહીંયા ઊડાવી દીધું. સમજાય છે કાંઈ? કે રાગથી વીતરાગતા થાય એમ માનનાર પંચેન્દ્રિયના વિષય, પંચેન્દ્રિયના વિષય અને પંચેન્દ્રિયનો ઘાત (કરે છે તેને) નિવૃત્તિ નથી.

હરડે કહે છેને? હરડે. વૈદ્ય શાસ્ત્રમાં આવે છે,. નહિ? હરડે, હરડેને માતા કહે છે. એવો શ્લોક આવે છે એમાં. કોઈ વૈદ્ય કહે તો સાંભળીએ, આપણે ક્યાં વાંચ્યું છે એમાં? ઈ કહે, જેના ઘરમાં નહિ માતા, એની હરડે માતા.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— જુઓ ઈ. અમારા પંડિતજીને ખબર છે. જેના ઘરે માતા નહિ, એની માતા હરડે. ઓલી માતા દૂધ પીવરાવીને... હરડે.. હરડે. ... શરીરમાં રોગ થાય... એ તો શાતા હોય તો ન આવે, આ તો એક વાત છે. ઈ આવે છે.

એમ પ્રવચન-માતા, પ્રવચન-માતા સમ્યક્ સમિતિ, સમ્યક્ ગુપ્તિ, યથાર્થ ભાન એ માતા, જેના ઘરે એ માતા એનો મોક્ષ થાય. સમજાય છે કાંઈ? સમિતિ. સમ્યગ્દર્શનની સમિતિ પ્રવૃત્તિ. નિશ્ચય કોણ, વ્યવહાર કોણ એનું જ્ઞાન ભેદજ્ઞાન વિના યથાર્થ હોતું નથી. અહીં તો પહેલા જે કહ્યું હતું એ ઊડાડી દીધું.. એ તો અમે ચરણાનુયોગની પ્રધાનતાથી અસદ્ભુતનયથી કથન કહ્યું હતું. છોડી દે રાગથી લાભ માનવાનું. મરી જઈશ. નિગોદના પંથે પડ્યો છે. કેમકે ત્યાં અનંત કાળ, અનંત દુઃખ અને અનંત જીવ (છે). સિદ્ધ થવું હોય (તો) અનંત કાળ, અનંત જીવ અને અનંત આનંદ સિદ્ધ પરમાત્મામાં. છોડી દે. રાગથી મને લાભ છે, કાયાની ક્રિયાથી લાભ છે અને આમ કરવાથી, મંદિર કરવાથી તો મોક્ષ થાતો હશે કે નહિ? મંદિર નહિ પણ દાન દે, આ પાઠશાળામાં, કોઈ કેવળણીમાં દાન દેવાનો ભાવ છે ઈ તો કંઈક મદદ કરશે કે નહિ શાંત ધર્મને?

મુમુક્ષુ :— ધીરે ધીરે કરશે.

ઉત્તર :— ધીરે ધીરે કરશે. ધીરે ધીરે કરશે, તને ખાઈ જશે, ક્ષય થઈ જશે. નવ્વાણુ ડિગ્રીનો તાવ... એકસો પાંચ ડિગ્રીનો તાવ હોય તો તો તાવ ઘણો કહેવાય. પણ નવ્વાણુ ડિગ્રીનો તાવ છ મહિના ચાલે તો અમારે અહીં જીથરીમાં એના ફોટા લેવા પડે. અહીં ઘણા માણસો આવે છે. છ મહિનાથી જરી જરી (તાવ રહે છે). શંકા પડી છે કે ફેફસામાં કોઈ ચાંદુ હશે? જુવાન શરીર આમ જુઓ તો. જુવાન.. જુવાન. એક ગોંડલનો આવ્યો હતો. દર્શન કર્યા. મેં કહ્યું, કેમ ભાઈ? ... એમ કરીને રોવા મંડ્યો. શરીર જુઓ તો નિરોગ. પણ ફોટામાં જરી ચાંદી આવી છે. ... ધર્મની ખબર પડે નહિ, શરીર નિરોગ દેખાય બહારમાં. અંદરમાં ... અરે..! જરી ચાંદુ છે. રોવા મંડ્યો. બાપુ! રોગની દશા છે એ તો દશા રહેશે. અને મટવાની હશે તો શાતાનો ઉદય હોય તો મટે. એ કંઈ બહારના ઉપાયથી કે રોવે એટલે મટે એવું છે? જુવાન હોં! બાવીસ, ત્રેવીસ વર્ષનો. દેખાવમાં કાંઈ રોગ ન લાગે. પણ છ મહિના તાવ રહ્યોને, ક્ષય (થઈ ગયો છે). એમ રાગથી લાભ માનનારાને અંતર્મુહૂર્તમાં ક્ષય થયો છે. શેઠ! ક્ષય છે. ફોટા લેવડાવ જ્ઞાની પાસે. તારા ફેફસા સડી ગયા છે. તારું કાળજું સડ્યું છે, બગડી ગયું છે. મોતીલાલજી! આહા..હા..! રતિભાઈ! ફેફસા ઓલા બતાવવા આવે, આ બતાવવા ન આવે. ફેફસા હોયને ફેફસા? ફેફસા.

તો કહે છે કે જેને રાગ અને કાયા સાથે એકત્વબુદ્ધિ છે તેન સર્વતઃ નિવૃત્તિનો અભાવ છે.

અસ્તિ, નાસ્તિ અનેકાંત કર્યું, જુઓ! ભાઈ! આ અનેકાંત કર્યું. સર્વતઃ પ્રવૃત્તિ કરે છે અને તેને નિવૃત્તિનો અભાવ છે. ઈ અનેકાંત. એનું નામ અનેકાંત છે. અસ્તિ (પરની) પ્રવૃત્તિની છે, નાસ્તિ (અર્થાત્) રાગનો અભાવ નથી. સમજાય છે કાંઈ? આનું નામ અનેકાંત છે. (પરની) પ્રવૃત્તિની અસ્તિ છે, રાગથી નિવૃત્તિ જરીયે નથી, થોડી પણ નથી. '**(અર્થાત્ એક્કેય તરફથી—જરાય નિવૃત્તિ નથી)**.' એક્કેય તરફથી અને જરાય નથી. ભાઈ! વેપાર-ધંધા બંધ કરી દીધા છે. હજારો રાણી છોડી દીધી છે, રાજપાટ છોડીને અમે જંગલમાં રહીએ છીએ. સાંભળ તો ખરો! જંગલમાં નથી રહેતો તું, મંદ કષાયની પ્રવૃત્તિમાં લાભ માનનારો કષાયની ઘાણી તેં ચલાવી છે. તેલની ઘાણી નથી હોતી? ઘાણી સમજ્યા? સંચો. તેલને પીલવાનો હોય છેને. એમ આત્માના પ્રાણ ઘાત થાય છે એવી ઘાણી-સંચો તેં ચલાવ્યો છે.

'**તેમ જ (૨) તેમને પરમાત્મજ્ઞાનના અભાવે લીધે...**' બીજું આવ્યું. પહેલી સ્વપર ભેદજ્ઞાનની વાત થઈ. જે પહેલા કરી હતી, સ્વ અને પર. હવે પરમાત્મસ્વરૂપ પોતાનું પરમસ્વરૂપ. એક વાત થઈ ગઈ, સ્વ પરનું ભેદજ્ઞાન નથી. તેને પરમાત્મામાં નિષ્ઠતા નથી. જ્ઞેયનિષ્ઠ છે, એ જ્ઞેયનિષ્ઠ છે. સમજાય છે કાંઈ? '**તેમને પરમાત્મજ્ઞાનના અભાવને લીધે જ્ઞેયસમૂહને ક્રમે જાણતી...**' જ્ઞેયસમૂહને (જાણતી) '**નિરર્ગળજ્ઞપ્તિ...**' નિરર્ગળ નીચે છેને? 'અંકુશ વિનાની, સંયમ વિનાની, નિરંકુશ, સ્વચ્છંદી.' જ્ઞપ્તિ, નિરર્ગળજ્ઞપ્તિ નામ રાગને જ્ઞેય બનાવીને લાભ માને છે (તે) સ્વચ્છંદી જ્ઞપ્તિ—જાણનક્રિયા એને થાય છે. '**જ્ઞાનરૂપ આત્મતત્ત્વમાં એકાગ્રતાની પ્રવૃત્તિનો અભાવ છે.**' રાગ પર જ્ઞેય છે. પર તરીકે જ્ઞેય છે, સ્વ તરીકે નહિ. તો પર તરીકે જ્ઞેય નહિ માનીને પોતામાં લાભ તરીકે સ્વીકાર્યો તે જ્ઞેયની પ્રવૃત્તિમાં નિષ્ઠ, તત્પર, સન્મુખ છે. અને આત્મતત્ત્વની (એકાગ્રતાનો) અભાવ છે.

'**(આ રીતે તેમને સંયમ સિદ્ધ થતો નથી) અને (-એ રીતે) જેમને સંયમ સિદ્ધ નથી તેમને સુનિશ્ચિત ઐકાગ્રપરિણતિરૂપ શ્રામણ્ય જ—કે જેનું બીજું નામ મોક્ષમાર્ગ છે તે જ—સિદ્ધ થતું નથી.**' જાઓ! એને સંયમ નથી હોતો, સમ્યગ્દર્શન નથી હોતું અને મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી. એ પ્રવૃત્તિમાં પડ્યો છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૧, સોમવાર, તા. ૧૦.૯.૧૯૬૨**
**ગાથા-૨૩૭, પ્રવચન-૭**

આ પ્રવચનસારની ચરણાનુયોગસૂચકની ચૂલિકા કહે છે. એમાં ભગવાન કુંદકુંદાચાર્યે ૨૩૬ ગાથામાં કહ્યું કે જેને (હિત કરવું હોય એને) આગમજ્ઞાન હોવું જોઈએ. કેમકે આગમ સર્વ પદાર્થને દેખાડનાર છે. જેવો એનો—પદાર્થનો સ્વભાવ, સ્વભાવવાન અને સ્વભાવવાનની વર્તમાન નિર્મળ, મલિન આદિ દશા. જેવું એનું સ્વરૂપ છે એમ આગમ બતાવે છે. તો આગમના અભ્યાસ વિના એને સમ્યક્જ્ઞાન થતું નથી. આગમજ્ઞાન થયા પછી પણ જ્યાં સુધી તત્ત્વાર્થશ્રદ્ધાન થતું નથી તો પણ એને મોક્ષમાર્ગ થતો નથી. આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન અને સંયતત્વ. આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન ઉપરાંત સંયતપણું—એ ત્રણે મળીને એક મોક્ષમાર્ગ છે. ત્રણેમાં એક હોય, બે હોય તો પણ મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી. સમજાય છે કાંઈ? આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન અને અંતર સ્વરૂપની સંયતદશા, રમણતા—ત્રણેમાંથી એક હોય કે બે હોય તો ત્રણ વિના એનો મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી. એ ૨૩૭ બતાવે છે, જુઓ!

‘**હવે, આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્ત્વના...**’ સંયતત્ત્વ નામ સ્વરૂપની લીનતા ‘**અયુગપદપણાને...**’ ત્રણમાં એક, બે હોય અને યુગપદ્ ન હોય તો ‘**મોક્ષમાર્ગપણું ઘટતું નથી...**’ ઈ ૨૩૭માં બતાવે છે.

**ण हि आगमेण सिज्झदि सद्दहणं जदि वि णत्थि अत्थेसु।**
**सद्दहमाणो अत्थे असंजदो वा ण णिव्वादि।।२३७।।**

‘**ટીકા :— આગમજનિત જ્ઞાનથી,...**’ આગમનું જ્ઞાન થયું, જાણપણું થયું. સમ્યક્જ્ઞાન અહીંયા નથી કહેવું. ‘**જો તે શ્રદ્ધાનશૂન્ય હોય...**’ પણ ઈ આગમજ્ઞાન થયું કે પદાર્થ આવો છે, પણ એમાં રુચિ—શ્રદ્ધા ન હોય. સમજાય છે કાંઈ? હાથમાં દીપક હોય અને કૂવામાં પડવાથી નુકસાન થાય છે એવું શ્રદ્ધાન ન હોય તો દીપક શું કરે? સમજાય છે કાંઈ? જયસેનાચાર્યમાં છે ઈ. સંસ્કૃત ટીકામાં છે. ‘**कूपपतन**’. આગમનો બોધ હોય, હાથમાં દીવો—દીપક હોય અને કૂવામાં પડવાથી નુકસાન છે એવી શ્રદ્ધા ન હોય તો એ દીપક શું કરે? એમ આગમ (દ્વારા) પદાર્થનું જ્ઞાન હોય, જાણપણારૂપ હોં! જાણપણારૂપ. સમ્યક્જ્ઞાન નહિ. સમજાય છે કાંઈ? શ્રદ્ધાન હોય ત્યારે સમ્યક્જ્ઞાન છે. (વાત) ઝીણી તો પડે છે, કેટલાકને તો પકડાતી નથી. શેઠ! ઝીણી પડે છે. કોઈ દિ' સાંભળ્યું નથી, મેળવણી કરી નહિ. બહારમાં ને બહારમાં વાત ચાલે. બસ, આટલું પાળો, ક્રોધનો નાશ કરો, તપસ્યા કરો, આવું આગમનું જ્ઞાન કરો. એવી સ્થૂળ વાતો સાંભળી. અહીં તો કહે છે કે અંતરમાં બીજી વાત છે.

મુમુક્ષુ :— રાગ-દ્વેષ મંદ કરો.

ઉત્તર :— રાગ-દ્વેષ મંદ ક્યાંથી થશે? જ્યારે આત્મા રાગ-દ્વેષ વિનાની ચીજ જ્ઞાયકસ્વરૂપી ચૈતન્ય છે એમ આગમથી જાણીને પણ રુચિ ન હોય, શ્રદ્ધા ન હોય કે હું જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છું એવો અનુભવ ન હોય, એનો અનુભવ ન કરતો હોય, તો એને મોક્ષમાર્ગ હોતો નથી. કહો, સમજાય છે કાંઈ?

**'શ્રદ્ધાનશૂન્ય હોય તો, સિદ્ધિ થતી નથી; તથા તેના વિના (-આગમજ્ઞાન વિના) જે હોતું નથી એવા શ્રદ્ધાનથી પણ,...'** આગમજ્ઞાન વિના શ્રદ્ધાન થતું નથી એવું શ્રદ્ધાન થયું. હું જ્ઞાયકભાવ છું અને એનો અનુભવ શુદ્ધ છે એવો પણ અનુભવ થયો. છતાં **'જો તે (શ્રદ્ધાન) સંયમશૂન્ય હોય તો, સિદ્ધિ થતી નથી.'** સમ્યગ્દર્શન થયું, યથાર્થ શ્રદ્ધા થઈ, આગમજ્ઞાન થયું અને એનાથી યથાર્થ શ્રદ્ધા પણ થઈ કે હું વિકલ્પ નામ રાગથી રહિત છું. એકલો જ્ઞાયકભાવ સ્વરૂપી મારો આત્મા છે. એવી સમ્યક્ પ્રતીતિ થઈ, અનુભવ થયો પણ સંયમશૂન્ય (છે). એમાં સ્થિરતાનો અભાવ છે તો બે અવયવ હોવા છતાં ત્રણ વિના મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી. **'સંયમશૂન્ય હોય તો, સિદ્ધિ થતી નથી. તે આ પ્રમાણે :—'** એ તો સ્થૂળ વાત કરી. હવે થોડી સૂક્ષ્મ ટીકા આવશે.

**'આગમબળે...'** આગમબળે **'સકળ પદાર્થોની વિસ્પષ્ટ તર્કણા કરતો હોવા છતાં પણ,...'** આત્મજ્ઞાનબળે એમ નહિ. સમજાય છે કાંઈ? આગમબળે, આગમ સાંભળવાથી, આગમ વાંચવાથી **'સકળ પદાર્થોની વિસ્પષ્ટ તર્કણા કરતો હોવા છતાં પણ...'** '(તર્કણા અર્થાત્) વિચારણા, યુક્તિ વગેરેને આશ્રયવાળું જ્ઞાન.' યુક્તિથી સ્પષ્ટ તર્કથી જેવો આત્મા છે, એના ગુણ છે, પર્યાય છે, રાગ સ્વયંસિદ્ધ છે, જડ સ્વયં પદાર્થ છે, એની પર્યાય સ્વયંસિદ્ધ છે એમ વિચારણા, યુક્તિથી પણ જાણ્યું. યુક્તિથી, આગમ દ્વારા આવી યુક્તિથી જ્ઞાન (કર્યું)-જાણ્યું. સમજાય છે કાંઈ?

**'જો જીવ સકળ પદાર્થોના જ્ઞેયાકારો સાથે મિલિત થતું... '** પણ જીવ—ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યમૂર્તિ સકળ પદાર્થોના જ્ઞેય પદાર્થ સાથે સંબંધવાળું. પોતાના જ્ઞાનમાં બધા જ્ઞેય પદાર્થ જાણવામાં સ્વયં જ્ઞાનના સામર્થ્યથી આવી જાય છે. સમજાય છે કાંઈ? શું કહ્યું પહેલા? કે **'આગમબળે સકળ પદાર્થોની વિસ્પષ્ટ તર્કણા કરતો હોવા છતાં પણ... '** આગમથી, સર્વજ્ઞ પરમાત્માની દિવ્યધ્વનિ એમાંથી બન્યા આગમ, એ આગમના બળથી જાણ્યું. તોપણ સમ્યગ્દર્શન વિના... સમ્યગ્દર્શન (વિના) શું? **'જીવ સકળ પદાર્થોના જ્ઞેયાકારો સાથે મિલિત થતું...'** મિલિત થતુંનો અર્થ—મિશ્રિત થવાવાળું. જ્ઞેય બધા અનંત પદાર્થ સાથે એનો સંબંધ રાખવવાળું. અર્થાત્ એને જાણનારું. હું એકલો જ્ઞાયકસ્વભાવ છું. રાગ, પુણ્ય, વ્યવહાર વિકલ્પ ઉઠે છે અને અનંત પદાર્થ એ જ્ઞેય, પોતાના જ્ઞાનમાં સંબંધ રાખીને એનું જ્ઞાન થયું અને એનો અનુભવ ન કરે.. ઝીણી વાત છે, ભાઈ! '(મિલિત અર્થાત્) સમસ્ત પદાર્થોના જ્ઞેયાકાર જેમાં પ્રતિબિંબિત

થાય છે...' પ્રતિબિંબિત થાય છે એનો અર્થ શું? પોતાના જ્ઞાનમાં સ્વપરપ્રકાશક પર્યાયમાં બધા જ્ઞેયોનું જ્ઞાન પોતામાં આવી જાય છે. એવો જ્ઞાનમૂર્તિ સ્વપરપ્રકાશક ચૈતન્ય 'તેમને જે જાણે છે એવું સ્પષ્ટ એક જ્ઞાન જ આત્માનું રૂપ છે.'

**'વિશદ એક જ્ઞાન જેનો આકાર છે...'** આત્મા તો એકલો જ્ઞાનસ્વભાવ છે. રાગ, વ્યવહાર, વિકલ્પથી ભિન્ન. રાગ અને પરના જ્ઞેયાકારનો સંબંધ જણાયો, જણાયો એવું એક સ્વરૂપ સ્વપરપ્રકાશક આત્મા, એવા આત્માને, એવા આત્માને. આત્મા કેવો થયો? આહા..હા..! ભગવાન આત્મા આગમબળે પદાર્થ તો જાણ્યા. પણ એ પદાર્થમાં મારો જ્ઞાયકભાવ અન્ય રાગ, દ્વેષ, દયા, દાન, પુણ્ય-પાપ, શરીર, વાણી, મન, સર્વજ્ઞદેવ, ગુરુ અને શાસ્ત્ર-એવા બધા જ્ઞેય નામ જણાનારી વસ્તુ, પોતાના જ્ઞાનમાં જાણે પોતાના કારણે એવો સ્વપરપ્રકાશક જ્ઞાનસ્વરૂપ આત્મા, એવો સ્વપરપ્રકાશક જ્ઞાનસ્વરૂપ આત્મા. સમજાય છે કાંઈ? **'એવા આત્માને...'** એવા એટલે કેવો? સકળ પદાર્થોના જ્ઞેયાકારોને જાણનાર. જ્ઞેયરૂપ થવાવાળું નહિ, આત્મા રાગરૂપ થવાવાળો નહિ, વ્યવહારરૂપ થવાવાળો નહિ. વ્યવહારનો અર્થ—દયા, દાન, વ્યવહારશ્રદ્ધા, ચારિત્ર પંચ મહાવ્રત એવા રાગરૂપ થવાવાળું નહિ. પણ એ રાગ અને બધા પદાર્થને પોતાના જ્ઞાનમાં સ્વપરપ્રકાશથી જાણવાવાળો એવો આત્મા (છે). સમજાય છે કાંઈ? સમજાય છે? પ્રકાશજી કહે છે, બહુ ઊંડી વાત છે. પણ સમજવી પડશે કે નહિ? કેમ? સમજવી તો પડશે.

આત્મા કેવો (છે)? અહીંયા તો કહ્યું કે આગમબળે જીવ, અજીવ, પુણ્ય, પાપ, પરપદાર્થ, સર્વજ્ઞદેવ, ગુરુ, શાસ્ત્ર આદિ અનંત જ્ઞેય જણાયા, ખ્યાલમાં આવ્યા. પણ ખ્યાલમાં આવવા છતાં એકલો જ્ઞાયકભાવ અનંત જ્ઞેયોને પોતામાં જાણવાનો સંબંધ રાખે છે. એ આત્મા રાગરૂપ, પુણ્યરૂપ, નિમિત્તરૂપ, પરજ્ઞેયરૂપ થતો નથી. પણ કોઈ જ્ઞેય બાકી રાખ્યા વિના બધા જ્ઞેયને જાણવા એવો જે સ્વપરપ્રકાશક એક આત્મરૂપ એનું શ્રદ્ધાન નથી કરતો કે હું આત્મા આવો જ છું. સમજાય છે કાંઈ? આવા આત્માનું શ્રદ્ધાન નથી કરતો. જુઓ! **'વિશદ એક જ્ઞાન જેનો આકાર છે...'** કેવો વિશદ એક? કેવો વિશદ એક? સકળ પદાર્થો જ્ઞેય, જાણવામાં પ્રમેય, પોતાના જ્ઞાનમાં પ્રમાણ જ્ઞાન કરવાવાળો આત્મા. એવો વિશદ એક જ્ઞાન જેનો આકાર (છે). વિશદ નામ સ્પષ્ટ પ્રત્યક્ષ એ જ્ઞાન જેનો આકાર નામ સ્વરૂપ છે. એકલો જ્ઞાનમૂર્તિ ચૈતન્ય. મનથી ભિન્ન, રાગથી ભિન્ન, પરથી ભિન્ન. પણ પરનું જ્ઞાન પોતામાં જ્ઞાન થયું એનાથી ભિન્ન નહિ. સમજાય છે કાંઈ?

**'વિશદ એક જ્ઞાન જેનો આકાર... '** કેવો વિશદ? કે સકળ પદાર્થ જ્ઞેયાકાર સાથે જાણવાનો સંબંધ છે. બધા જ્ઞેય સાથે જાણવાનો સંબંધ છે. બાકી કોઈ સંબંધ એની સાથે નથી. એક જેનું સ્વરૂપ છે. એક જ્ઞાન સ્વપરપ્રકાશક પિંડ પ્રભુ. સ્વ અને પરને જાણવું એવું સ્વરૂપ, એક વિશદ જ્ઞાન જેનું રૂપ છે, જ્ઞાન જેનું રૂપ છે **'એવા આત્માને તે પ્રકારે...'** આવા આત્માને તે પ્રકારે. તે પ્રકાર એટલે સમજાણું? એ તો જાણવું-દેખવું ચૈતન્યપ્રકાશ પુંજ પ્રભુ, સ્વપરપ્રકાશનું સ્વરૂપ જ આત્મા છે. રાગમય નહિ, પુણ્યમય નહિ, શરીર નહિ, પરજ્ઞેય નહિ, દેવ-ગુરુ-શાસ્ત્રમય

નહિ, સમેદશિખર ને શેત્રુંજય ને ગિરનારમય નહિ. પણ એ બધાનું જ્ઞેયપણાનું જે પોતામાં જ્ઞાન થયું એવા સ્વપરનું એકરૂપ જ્ઞાન જેનો આકાર છે **'એવા આત્માને તે પ્રકારે...'** જેવો સ્વપરપ્રકાશકનો ચૈતન્યપિંડ પ્રભુ છે તે પ્રકારે **'પ્રતીત કરતો નથી...'** રતનલાલજી! બહુ ઝીણી વાત છે. આ તો સમ્યગ્દર્શનની વાત ચાલે છે. સમ્યગ્દર્શન કોને કહે છે? ચારિત્રની વાત પછી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આત્મા કહ્યુંને. આત્મા અર્થાત્ અનંત જ્ઞેયો જેનો પોતાના જ્ઞાનમાં જ્ઞાનનો સંબંધ થાય છે. જાણવું.. જાણવું.. જાણવું.. અને સ્વ અને પરનું જાણવું એવું સ્વરૂપ એવો એક સ્વરૂપ જેનો આકાર છે. એવા આત્માને તે પ્રકારે. આવો આત્મા છે. આત્મા જ એવો છે. અનંત શરીર, વાણી, મન, પરમાણુ, કર્મ આદિ બધા અને રાગાદિ વિકલ્પ શુભાશુભ બધા જ્ઞેય છે. 'સ્વપરપ્રકાશકશક્તિ હમારી, તાતૈ વચનભેદ ભ્રમ ભારી, જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી, નિજરૂપા પરરૂપા ભાસી.' જાણનાર જ્ઞેય, પોતે પણ જ્ઞેય અને પર જ્ઞેય. રાગાદિ હોં! દયા, દાન, વ્રત, ભક્તિ, વ્યવહાર રત્નત્રય બધા પરજ્ઞેય—જાણવાલાયક છે. તો એના સંબંધિત જ્ઞાન અને પોતા સંબંધિત જ્ઞાન એવું જેને એકરૂપ ચૈતન્યનું છે. તે પ્રકારે, આવું છે તે પ્રકારે. તે પ્રકારે કહ્યુંને? જેવો સ્વપરપ્રકાશક ચૈતન્ય છે (તે પ્રકારે). રાગને કરવાવાળું નહિ, વ્યવહારને રચવાવાળું નહિ, વ્યવહારને જાણનારું. અનંત જ્ઞેય પદાર્થને ફેરવનાર નહિ, રચનાર નહિ, નાશ કરનાર નહિ. એને જ્ઞેય તરીકે પોતાના જ્ઞાનમાં જાણનાર. સમજાય છે કાંઈ? હજી તો એક આત્માની માંડી છે અહીંયા. આહા..હા..!

ભગવાન આત્મા.. એમાં તો બધું આવ્યું હતું, આગમબળમાં તો બધા પદાર્થ (આવ્યા હતા). બધા ખ્યાલમાં આવ્યા, પણ એ ખ્યાલ, પરજ્ઞેય(સંબંધીનો) પોતાનો ખ્યાલ, ખ્યાલ સમજાણું? સમજણ, અને પોતાની સમજણ, એવું સ્વપરપ્રકાશક જેનું એક રૂપ છે એવો આત્મા. એ રાગરૂપ નહિ, વ્યવહારરૂપ નહિ, નિમિત્તરૂપ નહિ, પરજ્ઞેયરૂપ નહિ. પણ પરજ્ઞેય રાગાદિ જ્ઞેય છે તેની સાથે જ્ઞાનનો સંબંધ પોતામાં છે. તે પ્રકારે પ્રતીત કરતો નથી. સમજાય છે કાંઈ? પ્રતીત કરતો નથી. **'તો યથોક્ત આત્માના શ્રદ્ધાનથી શૂન્ય...'** શું કહ્યું? યથોક્ત--યથા ઉક્ત, યથા ઉક્ત. જે જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય સ્વપરપ્રકાશક એક રૂપ જેનું. જ્ઞેયનું જ્ઞાન થયું પણ બે રૂપ નહિ. સમજાય છે કાંઈ? જ્ઞાનમાં પોતાનું જ્ઞાન થયું, કેવું? કે હું સ્વપરપ્રકાશક એક છું. એમાં પરનું જ્ઞાન થયું. તો બે ન થયું, થયું એક. આ તો ટીકા.. આ તો અંતર ખોલવાનું છે. સમજાય છે કાંઈ? કહ્યુંને? શું કહ્યું જુઓ.

**'વિશદ એક જ્ઞાન જેનો આકાર છે...'** અને બધા જ્ઞેય પદાર્થ સંબંધિત જ્ઞાન થયું. પોતાના જ્ઞાનમાં રાગાદિ, શરીરાદિ, દેવ-ગુરુ, સ્ત્રી, કુટુંબ આદિ બધા સંબંધિત પોતામાં જ્ઞાન થયું. તો એ જ્ઞાન પોતાનું અને પરના જ્ઞાનરૂપ એકરૂપ જેનું સ્વરૂપ છે, એકરૂપ સ્વરૂપ છે એવા આત્માને તે પ્રકારે, હું પર અને સ્વના બેના ભેદ વિના એકરૂપ જાણવાનો મારો સ્વભાવ છે. એ જ આત્મા

તે પ્રકારે પ્રતીત નહિ કરતો, શ્રદ્ધામાં નહિ લાવતો. આગમરૂપી દીપક હાથમાં છે પણ વસ્તુ આવી છે એમ અંતર પ્રતીત નહિ કરતો થકો. સ્પષ્ટ તો ઘણું થાય છે હોં! સમજાય એવી વાત છે. ન સમજાય એવી નથી. પણ માણસ... અમને આ વાત સમજાતી નથી. ઈ આડ મારી દીધી છે.

અરે..! ચૈતન્યપ્રકાશ, સ્વ અને પર બધા પદાર્થ એને જ્ઞાનમાં, એકરૂપ જ્ઞાનમાં આવી જાય છે. એવો આત્મા તે પ્રકારે અંતરમાં પ્રતીત કરતો નથી અને '**યથોક્ત આત્મા...**' યથા ઉક્ત. યથા નામ જેવા બધા અનંત જ્ઞેયનું જ્ઞાન પોતામાં પોતાને કારણે એકરૂપ થઈને રહ્યો છે એવો આત્મા યથા ઉક્ત, જેવો કહ્યો, જેવો કહ્યો (તેવા) '**આત્માના શ્રદ્ધાનથી શૂન્ય...**' આવા આત્માના શ્રદ્ધાનથી શૂન્ય હોવાને લીધે '**જે યથોક્ત આત્માને અનુભવતો નથી...**' યથા ઉક્ત, જેવો જ્ઞાયક સ્વપરપ્રકાશક એકરૂપ છે તેનો અંતર અનુભવ કરતો નથી. '**એવો તે જ્ઞેયનિમગ્ન જ્ઞાનવિમૂઢ જીવ...**' દેખો! આહા..હા..! શું કહે છે? આત્માનો યથોક્ત—જેવો કહ્યો, એકલો જ્ઞાનનો પુંજ એકરૂપ. રાગ નહિ, વ્યવહાર નહિ, શરીર નહિ, કર્મ નહિ, નિમિત્ત કોઈ નહિ એકલું જ્ઞાનનું રૂપ સ્વરૂપ ભગવાન આત્મા, એવો અનુભવ કરતો નથી. ત્યારે શું છે?

'**એવો તે જ્ઞેયનિમગ્ન જ્ઞાનવિમૂઢ જીવ...**' જ્ઞેયનિમગ્ન જ્ઞાનવિમૂઢ. એ રાગમાં એકાકાર થયો છે. પુણ્યની વિકલ્પદશામાં એકાકાર થયો છે. નિમિત્તમાં એકાકાર તે સંબંધિત લક્ષ કરીને જાણે હું પરસ્વરૂપ થઈ ગયો (એવો) જ્ઞેયનિમગ્ન જ્ઞાનવિમૂઢ (જીવ છે). વ્યવહાર વિકલ્પ આદિ છે તેમાં નિમગ્ન (અર્થાત્) અનંત જ્ઞેયો છે તે તરફ લક્ષ કરીને એમાં રાગમાં નિમગ્ન (થયો છે). જ્ઞાનવિમૂઢ-એ જ્ઞાનસ્વરૂપમાં મૂઢ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો હજી સમ્યગ્દર્શનની વાત ચાલે છે. અરે..! ભગવાન! આ વાત તો જાણે ક્યા ગુણસ્થાનની હશે? એ તો જાણે કોઈ મુનિની અને કોઈ શુક્લધ્યાનની (હશે). અરે..! ભગવાન! એ વાત તો ક્યાંય રહી. પહેલા તો સીધી સમ્યગ્દર્શનનો વિષય શું? સમ્યગ્દર્શનનો વિષય શું? અને કેવી રીતે પ્રતીત, અનુભવ કરે તો સમ્યગ્દર્શન કહેવાય (એની વાત ચાલે છે). અને સમ્યગ્દર્શન વિના વ્રત, તપ, સંયમ આદિ હોતા નથી. સમજાય છે કાંઈ? શું કહ્યું?

એકલો યથોક્ત આત્મા સ્વપરપ્રકાશનું એકરૂપ એવો અનુભવ કરતો નથી, એને અનુસરીને અનુભવ કરતો નથી. તો શું કરે છે? જ્ઞેયનિમગ્ન (રહે છે). એ રાગ ને દયા ને દાન ને વ્રતના વિકલ્પમાં મગ્ન થઈ ગયો. એમાં મગ્ન થઈ ગયો. એ જ્ઞેયનિમગ્ન જ્ઞાનવિમૂઢ-જ્ઞાનમાં મૂઢ થઈ ગયો. આહા..હા..! જ્ઞેયનિમગ્ન. જ્ઞેયમાં પોતાનું જ્ઞાન ઘુસી ગયું. ભેદ નહિ કરીને રાગ ને વિકલ્પ ને પુણ્ય ને વ્યવહારમાં ડૂબી ગયો, એમાં પોતાનું સ્વરૂપ લીન થઈ ગયું. એવો '**જ્ઞાનવિમૂઢ જીવ કઈ રીતે જ્ઞાની હોય?**' તે જ્ઞાની કેવી રીતે હોય? સમજાય છે કાંઈ? એને જ્ઞાની કહેવામાં આવતો નથી. સમજાય છે કાંઈ? '**(ન જ હોય, અજ્ઞાની જ હોય).**' સમજાય છે કાંઈ?

'**અને અજ્ઞાનીને...**' જે પરજ્ઞેય જાણવાલાયક વસ્તુથી ભિન્ન નથી (માનતો) અને જાણવાલાયક વસ્તુ રાગાદિ, વ્યવહાર રત્નત્રય આદિમાં નિમગ્ન, બુડી ગયો, ડૂબી ગયો એમાં.

એમાં એકાકાર થઈ ગયો. એવો પ્રાણી '**જ્ઞેયદ્યોતક હોવા છતાં પણ,...**' જ્ઞાનમાં ખ્યાલ આવ્યો એનો દ્યોતક હોવા છતાં પણ '**આગમ શું કરે?**' આવી શ્રદ્ધા વિના તારું આગમજ્ઞાન શું કરશે? સમજાય છે કાંઈ? અજ્ઞાનીને અર્થાત્ રાગાદિ, વિકલ્પાદિ પરપદાર્થના લક્ષમાં ડૂબી ગયો એવા અજ્ઞાનીને '**જ્ઞેયદ્યોતક...**' જ્ઞેય જાણવાની વસ્તુનો દ્યોતક—ખ્યાલ આવ્યો, '**હોવા છતાં પણ આગમ શું કરે?**' આગમ શું કરે? દીપક હાથમાં લઈને કૂવામાં પડે એમાં દીપક શું કરે? સમજાય છે કાંઈ? આગમનો ખ્યાલ આવ્યો કે 'હું આત્મા એક સ્વરૂપ સ્વપરપ્રકાશની એક મૂર્તિ છું, મારામાં પરનો, રાગનો, પરનો કાંઈ સંબંધ જ નથી' એ રીતે પોતાને જ્ઞેય બનાવીને જ્ઞાન એકરૂપ છે તેનો અનુભવ, શ્રદ્ધા નથી કરતો તો જ્ઞેયદ્યોતક (અર્થાત્) જ્ઞાનમાં જ્ઞેય ખ્યાલમાં આવ્યા, છતાં આગમ શું કરે શ્રદ્ધા વિના? સમજાય છે કાંઈ? સેઠી! આહા..હા..! અંદર રુચિમાં વાત બેસતી નથી. રુચિમાં બેસતી નથી. રુચિ, રુચિ.

હું તો એકલો સ્વપરપ્રકાશ જ્ઞાનનો જ પુંજ છું. એવી દૃષ્ટિ-શ્રદ્ધાના અનુભવ વિના આગમનું જ્ઞાન તને શું કરશે? સમજાય છે કાંઈ? પહેલા આગમજ્ઞાન વિના શ્રદ્ધા નથી થતી એમ કહ્યું હતું. આગમજ્ઞાન વિના શ્રદ્ધા થતી નથી અને આગમજ્ઞાન થયા પછી પણ આવો ભગવાન ચૈતન્યજ્યોત સ્વપર(પ્રકાશક) એક એવા જ્ઞાયકનો, એક અભેદ સ્વભાવનો વ્યવહારથી, નિમિત્તથી, સંયોગથી (ભિન્ન), સંયોગનું જ્ઞાન કરવાવાળો પણ સંયોગથી ભિન્ન, રાગનું જ્ઞાન કરવાવાળો, વ્યવહાર દેવ-ગુરુ આદિનું જ્ઞાન કરવાવાળો પણ જ્ઞેયથી ભિન્ન એવો ભગવાન આત્મા આવો અનુભવ, પ્રતીત ન કરે (તો) આગમ શું કરે?

'**(આગમ જ્ઞેયોનું પ્રકાશક હોવા છતાં પણ...**' દીવો પ્રકાશે છે કે આ કૂવો છે. આ પ્રકાશ છે. શ્રદ્ધામાં નથી આવતું કે પડીશ તો મરી જઈશ. સમજાય છે કાંઈ? એમ '**(આગમ જ્ઞેયોનું પ્રકાશક હોવા છતાં પણ અજ્ઞાનીને તે શું કરે?)**' આગમ કહે છે કે જ્ઞેયમાં નિમગ્નતાને છોડ. રાગ અને પુણ્યમાં તારી લીનતાથી તૂં ડૂબી ગયો છો. તારો જ્ઞાનપ્રકાશ પ્રભુ આત્મા રાગમાં ખોવાઈ ગયો છે. ખો ગયા હૈ કહે છેને? શું કહે છે? ગુમ થઈ ગયો છે. આહા..હા..! શું કહે છે આ? માણસને હજી જાણે (એમ થાય છે કે) આ શું હશે? કહે છે, પ્રભુ! આ જ્ઞાનસ્વરૂપ પ્રભુ આત્મા પર જ્ઞેયમાં લીન થઈને મૂઢ થઈ ગયો. જ્ઞાનથી મૂઢ થઈ ગયો. ભેદજ્ઞાન ન થયું. સમજાય છે કાંઈ? તો જ્ઞેયમૂઢ જીવ જ્ઞેયને પ્રકાશનાર આગમના અભ્યાસથી પણ શ્રદ્ધા અંતરમાં રુચિ બેઠી નહિ. રુચિ, રુચિ નહિ. આ જ્ઞાયકભાવ તે જ હું, રાગાદિ મારામાં ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. સમજાય છે કાંઈ? આવા શ્રદ્ધાના અનુભવ વિના આગમ શું કરશે? લ્યો, શું કરે? એમાં આવે છેને ઈ? સમજાય છે કાંઈ?

'**માટે શ્રદ્ધાનશૂન્ય આગમથી સિદ્ધિ થતી નથી.**' માટે શ્રદ્ધાનશૂન્ય આગમના બળથી વિસ્પષ્ટ તર્કણા કરવા છતાં પણ, પ્રકાશ ખ્યાલમાં આવવા છતાં પણ '**હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું**' એવી પ્રતીત, શ્રદ્ધા, અનુભવ વિના એ આગમથી સિદ્ધિ થતી નથી. એકલા આગમના બોધથી

પણ સિદ્ધિ થતી નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એકલો એકરૂપ જ્ઞાતા દૃષ્ટા. જ્ઞેયોને જાણે પોતાની પર્યાયમાં પોતાથી, પરથી પરને નહિ. પણ આ તો જ્ઞેય, બસ! શ્રદ્ધામાં રાગ, પર તરફ ઝુકવાવાળી ક્રિયા, શરીરાદિ ક્રિયા એમાં પોતાનું જ્ઞાન સ્વપરપ્રકાશનું પ્રસિદ્ધ નથી તો એ જ્ઞાન પરજ્ઞેયમાં લીન થઈ ગયું. તો એ જ્ઞાન લીન થયું એમાં આગમ શું કરે? તારી શ્રદ્ધા જ અંદર બેઠી નહિ. તને સમ્યગ્દર્શન નથી. આગમ શું કરે? અંતરનો ભરોસો, વિશ્વાસ પ્રભુ આત્મા એકલો જ્ઞાનસરોવર, જ્ઞાનસાગર.. સમજાય છે કાંઈ? એવો પ્રતીત, અનુભવ કર્યા વિના આગમ જ્ઞેયનો પ્રકાશક હોવા છતાં પણ શ્રદ્ધા વિના શું કરે? સમજાય છે કાંઈ?

હવે, ત્રીજી વાત લ્યે છે. '**વળી, સકળ પદાર્થોના જ્ઞેયાકારો સાથે મિલિત થતું વિશદ એક જ્ઞાન જેનો આકાર છે...**' જે પૂર્વે કહ્યું હતું તે જ. '**એવા આત્માને શ્રદ્ધતો હોવા છતાં પણ,...**' સકળ પદાર્થનો હું જાણનાર છું. મારામાં જાણવું એવો મારો એકલો સ્વભાવ છે. પરને કારણે નહિ, પરમાં જવાથી નહિ. મારો જ્ઞાનસ્વરૂપી ... જ્ઞેયાકારો સાથે મિલિત. મિલિતનો અર્થ પરજ્ઞેયોનું જાણવું. એવું '**વિશદ એક જ્ઞાન...**' વિશદ છે નવામાં? આમાં વિશદ રહી ગયું છે. ગુજરાતીમાં નહિ હોય. આમાં રહી ગયું? આમાં વિશદ રહી ગયું છે. હિન્દીમાં રહી ગયું છે આમાં. પહેલા વાત આવી ગઈ છેને. વિશદ એક જ્ઞાન જેનું સ્વરૂપ. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. એવું એકલું સ્વરૂપ. એવા આત્માનું શ્રદ્ધાન કરતો હોવા છતાં, એવા આત્માનું સમ્યગ્દર્શન કરતો હોવા છતાં પણ, અનુભવ કરવા છતાં પણ, આત્મસન્મુખ થઈને આત્માની અનુભવદશા પ્રગટ થયા છતાં પણ, '**જો જીવ પોતામાં જ સંયમિત (-અંકુશિત) થઈને રહેતો નથી,...**' બીજો બોલ કહેવો છેને. એકલા સમ્યગ્દર્શનથી ત્રણનો મોક્ષમાર્ગ પૂર્ણ થતો નથી. સમજાય છે કાંઈ?

આગમજ્ઞાનથી સ્વભાવનું શ્રદ્ધાન થયું અને એમાં સંયતપણું ન થાય, સ્વરૂપની લીનતા (ન થાય), પણ એ સમ્યગ્દર્શન, જ્ઞાન સહિતની વાત છે હોં! એમાં આવું શ્રદ્ધાન કરતો હોવા છતાં, અનુભવ કરવા છતાં આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ છે એવો અનુભવ કરવા છતાં સમ્યગ્દર્શન હોવા છતાં, ચોથું ગુણસ્થાન પ્રાપ્ત થયા છતાં પણ '**જીવ પોતામાં જ...**' પોતામાં જ '**સંયમિત...**' સ્વરૂપમાં સ્થિર ન થાય, (સ્થિર) '**થઈને રહેતો નથી,...**' તો શું થયું? સંયતપણું આવ્યું નહિ. સંયતપણું—સ્વરૂપમાં લીન. ચારિત્રપણું. સમજાય છે કાંઈ? પાંચ ઈન્દ્રિય, છઠ્ઠું મન અને છ કાયના વિકલ્પથી ખસીને સમ્યક્ પ્રકારે, સમ્યગ્દર્શનપૂર્વક યમ—સ્વરૂપમાં લીન સંયમદશા ચારિત્ર ન થયું '**તો અનાદિ મોહરાગદ્વેષની વાસનાથી જનિત...**' શું કહે છે? ચારિત્રનો દોષ કેવો છે? ચારિત્રનો દોષ. ચારિત્ર નથી થયું. સમ્યગ્દર્શન થયું. અનાદિ મોહરાગદ્વેષની વાસના. પરસન્મુખની વૃત્તિ અનાદિની છે. સમ્યગ્દૃષ્ટિને પણ પરદ્રવ્ય સન્મુખની અસ્થિરતાની વૃત્તિ

અનાદિની છે. સમજાય છે કાંઈ?

**'અનાદિ મોહરાગદ્વેષની વાસનાથી જનિત...'** અનાદિથી અહીંયા મિથ્યાત્વ ન લેવું. મોહ શબ્દે અહીંયા મિથ્યાત્વ ન લેવું. મોહ શબ્દે પરમાં સાવધાની, અસંયતપણું એવા રાગદ્વેષ ભાવ. એની વાસના—ગંધ, એનાથી જનિત **'જે પરદ્રવ્યમાં ભ્રમણ...'** એ પરપદાર્થ તરફ વૃત્તિનું ફરવું. સમજાય છે કાંઈ? પરદ્રવ્ય તરફ વૃત્તિનો ઝુકાવ સમ્યગ્દર્શન થવા છતાં પણ. **'પરદ્રવ્યમાં ભ્રમણ તેને લીધે જે સ્વૈરિણી (-વ્યભિચારિણી, સ્વચ્છંદી) છે એવી ચિદ્‌વૃત્તિ...'** સમ્યગ્દષ્ટિને પણ રાગ ભાગ જે ઉઠે છે અને પર તરફનું ભ્રમણ (જે થાય છે), એક વિષયને છોડીને બીજો, બીજાને છોડી ત્રીજો એવી અસ્થિરતા થાય છે, શુભરાગની અસ્થિરતા થાય છે તે સ્વૈરિણી, સ્વચ્છંદી, વ્યભિચારિણી ચિદ્‌વૃત્તિ છે. શું કહ્યું સમજાણું?

જ્ઞાનસ્વરૂપ ભગવાન (છું) એવી શ્રદ્ધા, અનુભવ થવા છતાં પણ એ જ્ઞાનની પરિણતિમાં પરદ્રવ્યના લક્ષથી જે રાગાદિ વિકલ્પ થાય છે અસંયમદશા, એ વ્યભિચારિણી જ્ઞાનની પરિણતિ છે. મિથ્યાત્વનો વ્યભિચાર છૂટ્યો, ભ્રમણાનો વ્યભિચાર છૂટ્યો. છૂટ્યો કહે છેને? અસંયતરૂપી વ્યભિચારિણી વૃત્તિ છૂટે નહિ તો એકલા સમ્યગ્દર્શન, જ્ઞાન મોક્ષ માટે શું કરશે? સમજાય છે કાંઈ? ત્યારે આ લોકો, એકદમ વ્રત લઈ લ્યો અને સંયમ લઈ લ્યો, કરે છેને? સંયમ વિના મુક્તિ નથી. અરે..! ભગવાન! અહીંયા સમ્યગ્દર્શન, એકલો જ્ઞાનસ્વરૂપ આત્મા અનંત શક્તિનું એકરૂપ એવી પ્રતીત, અનુભવમાં આવવા છતાં પણ પછી અસંયત ભાવ જે અવ્રતભાવ, જે રાગનો અત્યાગભાવ (રહે છે) તેને અનાદિની અસ્થિરતાની વાસના છે. એવી જનિત.. શું જનિત? **'વાસનાથી જનિત જે પરદ્રવ્યમાં ભ્રમણ...'** નિજદ્રવ્યમાં વૃત્તિ લીનતા કરતી નથી. નિજદ્રવ્ય જ્ઞાયકમૂર્તિમાં લીન, સંયમ નથી થતો તો પરદ્રવ્યમાં વૃત્તિ ભ્રમણ કરે છે. પરની દયા પાળવાનો વિકલ્પ, આવો વિકલ્પ, તેવો વિકલ્પ (રહ્યા કરે છે). સમજાય છે કાંઈ?

**'એવી...'** અસંયમ **'ચિદ્‌વૃત્તિ, (-ચૈતન્યની પરિણતિ) પોતામાં જ રહેલી હોવાથી...'** પોતાની પર્યાયમાં રાગ અને અસંયમભાવ રહેવાથી. આહા..હા..! જુઓ ભાઈ! પાછો ખુલાસો કર્યો. વળી પર કાઢી નાખ્યુંને. પરિણતિ તો એની પર્યાયમાં છે. શું કહ્યું? આહા..હા..! ટીકાને જુઓને! ભગવાન આત્મા આમ જ્ઞાનપ્રકાશનો પ્રતીત, અનુભવ કર્યા હોવા છતાં અનાદિની અસ્થિરતાની વાસના છેદી નહિ. અસ્થિરતા હોં! ચારિત્ર દોષ—ચારિત્રથી વિરુદ્ધ ભાવ. જે અનાદિની પોતાની વાસનામાં રાગ-દ્વેષની વાસનાથી ઉત્પન્ન થયેલું પરદ્રવ્યમાં ભ્રમણ. આ દેવ ને આ ગુરુ ને આ શાસ્ત્ર ને આ ને આ ને આ ને આ... પંચ મહાવ્રતના વિકલ્પ આદિ પરદ્રવ્ય જનિત ભ્રમણ છે. એમાં ભ્રમણ કરે છે. સ્વૈરિણી-વ્યભિચારિણી, સ્વચ્છંદી. એ રાગ સ્વચ્છંદી છે. પરદ્રવ્યમાં ઢળી ઢળીને રાગ ઉત્પન્ન કરે છે. સ્વેચ્છાચારિણી છે. ભગવાન આત્માની એ પરિણતિ નહિ. એ ભગવાન આત્માની ચૈતન્ય પરિણતિ નહિ, સમ્યગ્દષ્ટિને પણ. સમજાય છે કાંઈ? સવારે કહ્યું હતું એ બીજી વાત છે. સમ્યગ્દર્શનની જ્ઞાનપરિણતિ આત્માની પરિણતિ. અહીં ચારિત્રની

પરિણતિ નથી. સ્વરૂપની લીનતાની રમણતાની પરિણતિ નથી એવી ચૈતન્ય પરિણતિ પોતામાં જ રહેવાથી. એવી રાગની અસ્થિરતાની વાસના પોતામાં પરદ્રવ્યમાં ભ્રમણમાં લક્ષ બદલતા બદલતા પોતામાં એ રાગ રહે છે. એટલી વાત.

હવે પછી (કહે છે), '**વાસનારહિત નિષ્કંપ એક તત્ત્વમાં લીન ચિદ્‌વૃત્તિનો અભાવ હોવાથી,...**' અસ્તિ નાસ્તિ કરે છે. સમ્યગ્દષ્ટિને પણ આગમપૂર્વક સમ્યક્‌શ્રદ્ધાન અનુભવ પોતાથી થયું. આગમનું જ્ઞાન પહેલા કહ્યું. પછી આત્માનું જ્ઞાન, સમ્યગ્દર્શન કર્યું. આમ હોવા છતાં પણ રાગની વાસના, પર તરફ પરદ્રવ્યમાં ઢળવાથી પોતામાં રાગવૃત્તિ રહેવાથી. પોતાની પર્યાયમાં રાગવૃત્તિ રહેવાથી. '**વાસનારહિત નિષ્કંપ એક તત્ત્વ...**' ભગવાન રાગની વાસના વિનાનું જે ચૈતન્યતત્ત્વ છે એમાં લીન ચિદ્‌વૃત્તિનો અભાવ છે. એમાં જ્ઞાનની શાંતિની પરિણતિનો, ચિદ્‌પરિણતિનો એમાં (અભાવ છે), એ રાગ પર તરફ ઢળે છે એમાં અભાવ છે. શુદ્ધિ ચારિત્રની રમણતારૂપ પરિણતિનો રાગની પરિણતિમાં અભાવ છે. સમજાય છે કાંઈ? ભગવાનજીભાઈ! ભઈ, હળવે હળવે તો થાય છે આ. પણ હવે એના ભાવનું ભાસન તો એણે પોતાને કરવાનું છેને. કોઈ કરી દે એવું છે?

'**પોતામાં જ રહેલી હોવાથી, વાસનારહિત નિષ્કંપ...**' રાગરહિત નિષ્કંપ. રાગનો જે કંપ થતો હતો, અસ્થિરતા (થતી હતી) તે '**એક તત્ત્વમાં લીન...**' રાગમાં લીન છે. અસ્થિરતા અસ્થિરતા હોં! એકતાની વાત નથી. પણ અસ્થિરતા છે તો '**નિષ્કંપ એક તત્ત્વમાં લીન ચિદ્‌વૃત્તિ...**' જ્ઞાનની શુદ્ધ પરિણતિ સંયમની તેનો '**અભાવ હોવાથી, તે કઈ રીતે સંયત હોય?**' સમ્યગ્દર્શન થવા છતાં પણ, ક્ષાયિક સમકિત હોવા છતાં પણ. સમજાય છે કાંઈ? શું થયું? એક બોલ વધાર્યો વળી. શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતી હતા. સમજાય છે? પણ એ અસ્થિરતાની વાસના ઊઠે છે, અનાદિથી ઊઠે છે હોં! અનાદિથી. શ્રદ્ધામાં છેદી નાખ્યું પણ વાસના તો અનાદિની ઊઠે છે પરદ્રવ્યમાં ભ્રમણરૂપ અસ્થિરતાની. પરદ્રવ્યમાં લક્ષ કરીને ફેરફૂદડી કરતો રાગ ફરે છે. એવી રાગવાળી પર્યાય પોતામાં રહેવાથી. શું અધિકાર! એક કોર કહે કે રાગ પોતાની પર્યાયમાં છે જ નહિ. રાગ કર્મનું કાર્ય. સવારે આવ્યુંને? આહા..! શું કથની!

સવારે આવ્યું કે સમસ્ત કર્મોથી કરવામાં આવેલા આવે દયા, દાન, વ્રત શુભભાવ. સમસ્ત કર્મ દ્વારા કરવામાં આવેલા, તેનાથી ઉપરમસ્વરૂપ આત્માનો સ્વભાવ છે. એમાં દૃષ્ટિનો વિષય બતાવ્યો. આહા..! સમજાય છે કાંઈ? સમસ્ત કર્મો દ્વારા કરવામાં આવેલા જે પુણ્ય-પાપ, દયા, દાન, અસંયમભાવ તેનાથી ઉપરમસ્વરૂપ ચૈતન્ય ભગવાન છે. એનો અભાવ કરવાવાળો આત્મામાં અકર્તાગુણ અને અભોક્તાગુણ છે. એ તો સમ્યગ્દર્શન પૂરતી વાત અને સમ્યગ્દર્શનનો વિષય બતાવ્યો. સમજાય છે કાંઈ? શ્રદ્ધાના જોરથી, સમ્યગ્દર્શનના જોરની વાત સમયસારમાં કરી છે. પ્રવચનસાર, એની પરિણતિમાં સમ્યગ્દષ્ટિને પણ.. સમજાય છે કાંઈ? જેટલું રાગનું અસંયમનું પરિણમન છે એ કર્તા ધર્મ મારામાં છે એમ માને છે. શું (કહ્યું)? વળી સવારે અકર્તા કહ્યું, વળી

આ કર્તા પોતામાં માને છે. શું છે? એ ૪૭ નયમાં લીધું છે. ૪૭ નયમાં લીધું છે. એમાંથી કાઢીને ૪૭ નય બનાવી છે.

૪૭ નયમાં (એમ કહ્યું કે) સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યક્જ્ઞાનથી પોતામાં રાગની પરિણતિ થાય છે કર્તૃત્વ ધર્મ મારામાં છે એમ જાણે છે. પરથી નહિ, પરમાં નહિ. હું રાગ કરું એમ નહિ. એ બુદ્ધિ છૂટી ગઈ છે. પણ રાગ પરિણમે છે, વિકારરૂપ પરિણમે છે પર્યાય, તો પોતાની પર્યાયનો કર્તૃત્વ ધર્મ છે. એમ જ્ઞાન જાણે છે કે રાગની પરિણતિ તે મારો ધર્મ છે. સમજાય છે કાંઈ? ત્યાં દૃષ્ટિના વિષયમાં કોઈ નહિ. રાગ પરિણતિથી હું તો ભિન્ન જ છું. રાગ પરિણતિ મારામાં છે જ નહિ. અને અહીંયા પણ લઈ જાય કર્તાકર્મ (અધિકાર)માં તો, એ રાગ જે આ ચિદ્‌વૃત્તિ કહ્યુંને? પરદ્રવ્યમાં ભ્રમણ, રાગ, તો કહે છે કે વ્યવહાર રત્નત્રયનો રાગ એની આદિમાં આત્મા નથી, એની મધ્યમાં આત્મા નથી, એના અંતમાં આત્મા નથી. ત્યારે એ રાગની આદિ, મધ્ય અને અંતમાં કર્મ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સવારનું આવ્યું હતું ઈ. ઈ કર્તા-કર્મમાં નાખ્યું છે. ત્યાં કાઢ્યું છે. ૭૬ ગાથામાં મૂક્યું હતું. મૂક્યુંને શું કહે છે? રખા થા. ત્યાં શક્તિમાં મૂક્યું, શક્તિમાં કહ્યું. ભગવાન આત્મા, અહો..! જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિમાં એ રાગાદિની પર્યાય જે થાય છે એની આદિમાં કર્મથી રાગ થાય છે. ભગવાન આત્મા આદિમાં નથી, મધ્યમાં નથી, અંતમાં નથી. એ સ્વભાવની દૃષ્ટિ અને સ્વભાવનો વિષય બતાવવો છે. પણ એ સ્વભાવનું ભાન થયું છતાં એની સાથે જ્ઞાન જે થયું સમ્યક્જ્ઞાન, દૃષ્ટિ નિર્વિકલ્પ છે તો એનો વિષય નિર્વિકલ્પ એક જ છે, પણ એની સાથે જે સમ્યક્જ્ઞાન પ્રગટ થયું તે સામાન્યને પણ જાણે છે અને પર્યાયમાં રાગની પરિણતિ પોતામાં નિજ કર્તૃત્વ ધર્મથી છે, નિજ કર્તૃત્વ ધર્મથી મારી પર્યાયમાં રાગનું થવું થાય છે એમ સમ્યક્જ્ઞાન એવા એક ધર્મને જાણે છે, અનંત ધર્મને એકસાથે જાણે છે. ભારે શાસ્ત્રની વાત! સમજાય છે કાંઈ? સેઠી! એ.. બાબુભાઈ! બહુ ઝીણું પણ ભાઈ!

એક બાજુ એમ કહે કે વિકારની શરૂઆત કર્મથી થઈ. બીજી બાજુ કહે કે વિકાર તારી પરિણતિમાં છે. સમજાય છે કાંઈ? એમાં લખ્યું છે, કહ્યુંને? **'પોતામાં જ રહેલી હોવાથી,...'** સમ્યગ્દૃષ્ટિનો પણ રાગ, અસંયમભાવ, વિષયની વાસના, લડાઈનો ભાવ એ પોતાની પર્યાયમાં પોતામાં પોતાને કારણે છે. સમજાય છે કાંઈ? પ્રવચનસારમાં જ્ઞાનપ્રધાન કથન છે, સમયસારમાં દૃષ્ટિપ્રધાન કથન છે. જ્યાં જે અપેક્ષા છે તે અપેક્ષા સમજે નહિ અને ગોટાળા કરે. સમજાય છે કાંઈ? એક જણ કહેતો હતો કે સમયસાર ત્રણ વાર વાંચ્યું. વિકાર તો કર્મથી જ થાય છે, જાઓ! ત્રણ વાર વાંચ્યું છે. પંડિત હતો. ... છે કે નહિ? પંડિતે કહ્યું, મેં ત્રણ વાર સમયસાર વાંચ્યું, સોનગઢથી આવ્યા પછી. સોનગઢ કહે છે કે વિકાર પોતાનો સ્વભાવ નથી, પોતાનું કર્તૃત્વ નથી. કર્તૃત્વ નથી એમ નહિ, પોતાનું કર્તૃત્વ છે એમ માને છે. મેં ત્રણ વાર જોયું કે વિકાર કર્મથી જ થાય છે. અરે..! સાંભળ તો ખરો, પ્રભુ! ઈ સમયસારમાં પણ એમ કહ્યું નથી. સમજાય છે કાંઈ?

એ તો વિકારની પરિણતિ, સ્વભાવના ધ્યેયમાં દૃષ્ટિ નિર્વિકલ્પ છે, દૃષ્ટિમાં ભેદ નથી તો એના વિષયમાં ભેદ નથી, એકરૂપ ચૈતન્યદ્રવ્યની પ્રતીતિ કરે છે. તો એમાં પોતાની પર્યાયમાં જે રાગાદિ છે એ નીકળી જાય છે, છૂટી જાય છે અને છોડવાલાયક છે તે અપેક્ષાથી કર્મના નિમિત્તે થયો એમ કહીને તેને વ્યવહાર કહીને, અભૂતાર્થ કહીને પરમાં નાખી દીધો છે. એ દૃષ્ટિપ્રધાન કથનમાં જ્ઞાનમાં એમ આવ્યું છે. અને અહીંયા જ્ઞાનપ્રધાન કથનમાં સમ્યગ્દૃષ્ટિને પણ રાગની અસંયમની જે પરિણતિ થાય છે તે પોતાની પર્યાયમાં છે.

નિર્જરાના અધિકારમાં કહે છે કે નહિ? કહે છે કે અરે..! આ લોકો તો કહે છે કે શુભભાવથી સંવર અને નિર્જરા કંઈ નથી થતા. પણ શાસ્ત્રમાં તો એમ આવ્યું છે, સમયસારમાં કે જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. એવી ગાથા આવી છે. ૧૯૩, નિર્જરા (અધિકારની) પહેલી ગાથા. જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. તો આ કહે છે કે શુભભાવમાં નિર્જરા નથી. અશુભભાવ પણ નિર્જરા કરે છે એમ શાસ્ત્રમાં આવ્યું છે. અરે..! સાંભળ તો ખરો, પ્રભુ! અરે..! ભગવાન! ભોગના પરિણામથી નિર્જરા થાય છે? એ તો પાપ છે. પણ દૃષ્ટિના વિષયમાં જોર આવ્યું કે હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું. દૃષ્ટિની મહિમા બતાવવા માટે, ભોગના પરિણામ જરી અશુભ થયા એનાથી થોડો બંધ પડે છે તેને ગૌણ કરીને દર્શનનો વિષય સ્વભાવ ઉપર જોર દેવાથી શુદ્ધિની વૃદ્ધિ થાય છે તો બંધને ગૌણ કરીને બંધ થયો નહિ, નિર્જરા થઈ એમ કહેવામાં આવ્યું છે. પણ અશુભભાવ નિર્જરાનો હેતુ હોય તો અસંયમ છોડીને સંયમ લેવાની જરૂર પડે નહિ. ભોગ ભોગવતાં નિર્જરા થઈ જશે. અરે..! ભગવાન! શું કહે છે? એ કઈ અપેક્ષાથી (વાત) છે, તું સાંભળ તો ખરો.

અરે..! ભગવાન! શુભભાવ બંધનું જ કારણ છે. એકાંત બંધનું કારણ છે એમ. સર્વથા બંધનું કારણ છે. કેમ કે એ પરજ્ઞેય છે. રાગ સ્વભાવ નથી એ અપેક્ષાથી. વિભાવ પરિણતિ છે, વ્યભિચારિણી પરિણતિ છે. સમજાય છે કાંઈ? એકાંતે બંધનું જ કારણ છે. પણ એ સ્વભાવની દૃષ્ટિમાં જોર આવ્યું તો અશુભભાવ પણ ઘટી જાય છે, સ્વભાવની શુદ્ધતા તરફનો ઝુકાવ—પુરુષાર્થ થયો, અશુભનો આદર કરતો નથી, સ્વામીપણું નથી એ અપેક્ષાથી જ્ઞાનીને નિર્જરા કહેવામાં આવી છે. ખરેખર અશુભભાવથી નિર્જરા નથી. તો શુભભાવથી પણ સમકિતીને નિર્જરા છે, એમ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી.

કહે છે કે '**પોતામાં જ રહેલી હોવાથી,...**' રાગની પરિણતિ શુભાશુભ ભાવ પોતાની પર્યાયમાં છે. પરને કારણે નહિ, પરમાં નહિ. તારી પર્યાયની યોગ્યતાથી રાગાદિ અસંયમ ભાવ તારામાં છે. એવી જ્ઞાનની સમ્યક્ પરિણતિ, કર્તૃત્વ ધર્મ મારો છે, મારું પરિણમન છે એમ જાણે છે. સવારે તો આવ્યું હતુંને? અભોક્તા. ભોક્તાધર્મ પણ મારો છે એમ જ્ઞાની જાણે છે. કોને? આ હરખ-શોકનું ભોગવવું મારી પર્યાયનો ધર્મ છે. ભોક્તાધર્મ મારો (છે). વિકારનું ભોગવવું મારું છે એવી પરિણતિને જ્ઞાન સમ્યક્ જાણે છે. સમજાય છે કાંઈ? સવારે આવ્યું કે હરખ-શોકના ભોક્તાથી ઉપરમસ્વરૂપ ચૈતન્ય છે. સમજાય છે કાંઈ? હરખ-શોકના ભોગવવાથી ઉપરમ—નિવૃત્ત,

અંત લાવવાવાળો સ્વભાવ છે. દૃષ્ટિનું જોર દેવાથી, દૃષ્ટિના વિષયમાં એ નથી એમ બતાવવા માટે એમ લીધું છે. પણ જ્ઞાન સમ્યક્ જે સાથે થયું તે જાણે છે કે પોતામાં જ રહેલી હોવાથી. એ વિકાર તો પોતાને કારણે પોતાનો ભોગ્ય ધર્મ છે. જેવો કર્તૃત્વરૂપ ધર્મ પણ મારી પર્યાયમાં છે, એમ ભોક્તૃત્વ ધર્મ પણ મારી પર્યાયમાં મારામાં છે એમ જ્ઞાન જાણે છે. ભારે વાત ભાઈ! એક કોર કંઈ અને એક કોર કંઈ. દેવીલાલજી! શું પકડવું? એક થાંભલે ખીલો બાંધેને, એક થાંભલે બાંધે તો ખબર પડે કે આ ઠેકાણે ગાયને બાંધો, હાથીને બાંધો. પણ ઘડીકમાં અહીં ને ઘડીકમાં અહીં. એક થાંભલે બાંધે નહિ. એક જ થાંભલે છે, સાંભળ તો ખરો.

સમ્યગ્દર્શનનો—શ્રદ્ધાનો અનુભવ પ્રતીતમાં આવ્યો કે સ્વભાવ ... છે. ... વિકારથી નિવૃત્ત થવાનો જ સ્વભાવ છે. ભોક્તા, રાગનો ભોક્તા એમાં છે જ નહિ. એ તો સ્વભાવનો જ ભોક્તા છે. જ્ઞાનમાં લીધું કે... જ્ઞાન વિશેષ સ્વરૂપને જાણે છે, તો પોતાની પર્યાયમાં રાગનું, હરખનું જેટલું ભોગવવું રહ્યું એ પોતાની પર્યાયમાં પોતાના ધર્મથી રહ્યું છે. તેથી જે નિષ્કંપ એક તત્ત્વમાં લીન (નથી) તે રાગ-દ્વેષના ભોક્તા અને હરખમાં, અસંયમમાં પડ્યો છે તો (તેને) '**એક તત્ત્વમાં લીન ચિદ્‌વૃત્તિનો અભાવ હોવાથી...**' તે સ્વરૂપમાં સંયત ન રહ્યો. સમ્યગ્દૃષ્ટિ પણ સ્વરૂપમાં સંયત ન રહ્યો. અસંયતને કારણે '**તે કઈ રીતે સંયત હોય?**' સંયત નથી. '**(ન જ હોય, અસંયત જ હોય). અને અસંયતને...**' સમ્યગ્દૃષ્ટિ અસંયતને '**યથોક્ત આત્મતત્ત્વની પ્રતીતિરૂપ શ્રદ્ધાન...**' યથા ઉકત ઉપર કહ્યો એવા જ્ઞાનસ્વરૂપ ભગવાનની પ્રતીતિ.

અને '**યથોક્ત આત્મતત્ત્વની અનુભૂતિ...**' આત્માની અનુભૂતિ. એ '**જ્ઞાન શું કરે?**' એ સંયમ વિના, ત્રણની એકતા થયા વિના મોક્ષ ક્યાંથી થશે? સમજાય છે કાંઈ? ઓલા કહે, અમે પૂર્ણ થઈ ગયા. સમ્યગ્દર્શન થઈ ગયું તો થઈ ગયા (પૂર્ણ). અરે..! સાંભળ તો ખરો હજી. સમજાય છે કાંઈ? કહે છે કે '**અસંયતને, યથોક્ત આત્મતત્ત્વની પ્રતીતિરૂપ...**' ઉપર કહ્યું એવું તત્ત્વ (તેનું) શ્રદ્ધાન અને '**યથોક્ત આત્મતત્ત્વની અનુભૂતિ...**' આત્માને અનુસાર અનુભવ, જ્ઞાન '**શું કરે?**' અનુભૂતિરૂપ જ્ઞાન શું કરે? '**માટે સંયમશૂન્ય શ્રદ્ધાનથી કે જ્ઞાનથી સિદ્ધિ થતી નથી.**' માટે સંયમશૂન્ય અસંયમીને પ્રતીતિ-શ્રદ્ધા અને જ્ઞાનથી પણ સિદ્ધિ થતી નથી. ત્રણ બોલ સાથે સિદ્ધ કરવા છેને. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણી મોક્ષમાર્ગ. એ માર્ગ, ત્રણે મળીને એક છે. તો ત્રણેમાં જ્યાં સુધી સંયમ ન આવે ત્યાં સુધી તારા અનુભૂતિ અને દર્શન એકલા શું કરે? સમજાય છે કાંઈ?

'**આથી આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના અયુગપદપણાને મોક્ષમાર્ગપણું ઘટતું નથી જ.**' એને મોક્ષમાર્ગ ઘટતો નથી. ત્રણે મળીને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. એક હોય, બે હોય તો તે મોક્ષમાર્ગ નથી. ત્રણે મળીને મોક્ષમાર્ગ છે એવી અહીંયા સિદ્ધિ, ચરણાનુયોગ છેને માટે આવી સિદ્ધિ કરવી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૨, મંગળવાર, તા. ૧૧.૯.૧૯૬૨**
**ગાથા-૨૩૮, પ્રવચન-૮**

આ પ્રવચનસારમાં ચરણાનુયોગસૂચક ચૂલિકા ચાલે છે. એમાં વર્તમાનમાં મોક્ષમાર્ગનું શું સ્વરૂપ છે ઈ ચાલે છે. ૨૩૭ ગાથા ચાલી ગઈ. આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન અને સંયતત્વ નામ ચારિત્રના '**અયુગપદપણાને મોક્ષમાર્ગપણું ઘટતું નથી જ.**' ત્રણેય એકસાથે ન હોય તો એને મોક્ષમાર્ગ ઘટતો નથી. અથવા મોક્ષમાર્ગ હોઈ શકે નહિ. એક (કે) બે હોય તોપણ મોક્ષમાર્ગ નથી. સમ્યક્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર ત્રણે મળીને મોક્ષમાર્ગ છે. હવે ૨૩૮ (ગાથા).

'**હવે, આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વનું યુગપદપણું હોવા છતાં પણ,...** ' ત્રણે એકસાથે હોવા છતાં પણ. શું? આગમજ્ઞાન અને તે પૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન અને તે પૂર્વક સંયતત્વ—ચારિત્ર, એવું એકસાથે હોવા છતાં પણ '**આત્મજ્ઞાન મોક્ષમાર્ગનું સાધકતમ** (ઉત્કૃષ્ટ સાધક) **છે એમ સમજાવે છે :—**' અમૃતચંદ્રાચાર્યનો અભિપ્રાય (એમ છે કે) સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ત્રણે થયા છતાં આત્મજ્ઞાન અર્થાત્ સપ્તમ ગુણસ્થાનમાં ત્રણેની એકતાનો અભેદ અનુભવ ન થાય તો મુક્તિનું સાધકતમ કહેવાતું નથી. સમજાય છે કાંઈ? પહેલા તો સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર સાચા લીધા છે.

ત્યાં ટોડરમલજીએ એમ લીધું છે એમાંથી કે આત્મજ્ઞાન વિના આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન, સંયતત્વ એ તો નામ નિક્ષેપે કહેવામાં આવ્યું છે. એમ એમાં લીધું છે. ટોડરમલજીએ મોક્ષમાર્ગ પ્રકાશમાં ત્રણ ઠેકાણે (લીધું છે). એમણે મુખ્યપણું સમ્યગ્દર્શનની સાથે મેળવ્યું છે. અમૃતચંદ્રાચાર્યની શૈલીની ધ્વનિ પ્રમાણે એ આત્મજ્ઞાનનો અર્થ સપ્તમ ગુણસ્થાન. સમજાય છે કાંઈ? અત્યાર સુધી, આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન, સંયતત્વ એકસાથે ન હોય તો મોક્ષમાર્ગ ઘટતો નથી એમ કહ્યું. એકસાથે હોય તો મોક્ષમાર્ગ ઘટે છે એમ તો કહ્યું. પણ ત્રણે—સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર હોવા છતાં પણ સપ્તમ ગુણસ્થાન યોગ્ય અનુભવ જ્યાં સુધી ન થાય તો એને મોક્ષમાર્ગ સાધકતમ કહેવાતો નથી. સાધકતમ—સાધવામાં ઉત્કૃષ્ટ ભાવ કહેવાતો નથી. એ વાત ૨૩૮માં ચાલે છે. સમજાય છે કાંઈ?

નહિતર તો અહીંયા પાઠમાં અજ્ઞાનીની સાથે મેળવશે. અજ્ઞાનીની સાથે સપ્તમ ગુણસ્થાનને મેળવ્યું છે. એટલે એમાંથી એવો અર્થ નીકળી શકે, ગૌણપણે કાઢવો હોય તો, મિથ્યાદૃષ્ટિનું આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન અને સંયતત્વ હોય, પણ સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન ન હોય તો એને મોક્ષમાર્ગ ઘટતો નથી. એમ અપેક્ષાથી (લીધું છે). ટોડરમલજીએ એમ લીધું છે. અમૃતચંદ્રાચાર્યની ધ્વનિમાં ત્રણે હોવા છતાં ત્રણની એકતારૂપ નિર્વિકલ્પ અભેદ સમાધિ સાતમે ગુણસ્થાને ન હોય તો તેને સાધકતમ મોક્ષમાર્ગ ઘટતો નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એમની એવી ધ્વનિ ચાલી આવી છે. ૨૩૮ (ગાથા).

**जं अण्णाणी कम्मं खवेदि भवसयसहस्सकोडीहिं।**
**तं णाणी तिहिं गुत्तो खवेदि उस्सासमेत्तेण।।२३८।।**

'**ટીકા :—**' શેઠ! છે? જરી ઝીણું પડશે. મેળવણી કરી છે, અજ્ઞાનની સાથે જ્ઞાનને. '**જે કર્મ,...**' ટીકામાં પહેલો શબ્દ કર્મ પડ્યો છેને? '**જે કર્મ,...**' નામ ક્રિયા. છે? શેઠ! બતાવો બતાવો એને. જે કર્મ, કર્મ નામ કાર્ય, કર્મ નામ ક્રિયા. દયા, દાન, ભક્તિ, વ્રત, જપ, તપ, પૂજા એવા શુભકાર્ય. સમજાય છે કાંઈ? દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા બધો શુભરાગ છે. તો જે કર્મ નામ કાર્ય—ક્રિયા '**(અજ્ઞાનીને)...**' આવી ક્રિયા કરતાં '**ક્રમપરિપાટીથી...**' ક્રમશઃ ક્રમે ક્રમે આવા શુભ પરિણામ કરવા છતાં '**અનેક પ્રકારના બાળતપરૂપ...**' એ શુભક્રિયા છે, વ્યવહાર રાગાદિ, પુણ્ય, દયા, દાન, વ્રત, પંચ મહાવ્રત આદિ જે ભાવ છે તે બાળતપ છે. અજ્ઞાનભાવમાં બાળતપ છે. સમજાય છે કાંઈ?

'**અનેક પ્રકારના બાળતપરૂપ ઉદ્યમથી પાકતું થકું,...**' ઈ પુરુષાર્થ છે, એટલું બતાવે છે. રાગની મંદતાની ક્રિયાનો પુરુષાર્થ તો છે પણ એ શુભરાગની ક્રિયાનો પુરુષાર્થ, રાગ અને આત્માને એકપણે ગ્રહણ કરીને એવી ક્રિયા કરે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— બાળતપ.

ઉત્તર :— બાળતપ એટલે મૂર્ખાઈ ભરેલા તપ.

મુમુક્ષુ :— નાના તપ અને મોટા તપ એમ નહિ?

ઉત્તર :— ના, ના, ના. બાળ નાના અને મોટા એમ નહિ.

જે કોઈ પ્રાણી પોતાના આત્મામાં જે શુભરાગ ઉત્પન્ન થાય છે, દયાનો શુભરાગ હો, શ્રવણનો શુભરાગ હો, અહિંસાનો શુભરાગ હો, સત્ય બોલવાનો શુભરાગ હો, બ્રહ્મચર્ય પાળવાનો શુભરાગ હો, સમિતિ, ગુપ્તિ, વિચાર કરીને જત્નાથી ચાલવું એવો શુભરાગ હો, પ્રભાવના કરવાનો શુભરાગ હો, મંદિર બનાવવાનો શુભરાગ હો, પ્રતિમાની પૂજા કરવાનો શુભરાગ હો, તીર્થસેવનનો શુભરાગ હો.

મુમુક્ષુ :— ....

ઉત્તર :— એ મૂર્ખાઈ ભરેલા તપ છે. કહે છે કે ઈ રાગમાં પોતાનું કલ્યાણ માનનારા બાળતપ છે. દિગંબર સાધુ હો, પંચ મહાવ્રત ધારણ કરે, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એવો શુભરાગ (હોય), હજારો રાણીનો ત્યાગ (કરે) અને શરીરને ખંડ ખંડ કરવા છતાં પણ એને ક્રોધ ન આવે. પણ અંતરમાં એ ક્રિયાકાંડનો જે શુભભાવ છે એમાં મારું કલ્યાણ છે એમ માનનાર બાળ, અજ્ઞાનીતપ છે એના. સમજાય છે કાંઈ? શેઠ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શું? કોના...? અપવાસ હવે ધૂળમાં અપવાસ શેના? એ તો રાગ મંદ કરે તો એવા અપવાસ તો અનંત વાર કર્યા. અભવિએ પણ છ છ મહિનાના અપવાસ અનંત વાર કર્યા. એ તો રાગ છે, એ ધર્મ નહિ. રાગના અસંખ્ય પ્રકાર છે, શુભરાગના, એમાંનો ઈ એક રાગનો ભાગ છે. તો એ બાળતપ છે એમાં ધર્મ માને છે. આત્મજ્ઞાન એનાથી ભિન્ન છે એની એને ખબર નથી. આવી વાત ચાલે છે, શેઠ! ... કહે છે. એમ બધાએ માની રાખ્યું છે. આમ કરો ભાઈ! કરતાં... કરતાં... કરતાં એનાથી બેડો પાર થઈ જશે. મનુષ્ય જન્મ નિરર્થક થઈ જશે. હમણા શેઠિયા બપોરે આવ્યા હતા. એમણે ભજન ગાયું એમાં પણ એ વાત હતી. શું શેઠ, ઓલું નામ લીધું હતુંને? દાન, શીલ, તપ શું કહે છે? બપોરે આવ્યું હતું. મોટું ભજન છે. પહેલાના પંડિતો બહુ સારી વાત કહેતા હતા. દાન, શિયળ, તપ, પૂજા, વ્રત, શ્રુતનો અભ્યાસ, શાસ્ત્રનો અભ્યાસ આદિ બધું નિરર્થક છે. સમ્યગ્દર્શન વિના બધું નિરર્થક છે. સમજાય છે કાંઈ?

અનુભવપ્રકાશમાં પણ દીપચંદજી તો કહે છે કે રાગ વિકલ્પ છે એનાથી મારી વસ્તુ ભિન્ન છે એવી અંતર પ્રતીત અનુભવમાં ન થઈ તો તારા વ્રત ને તપ, ભક્તિ ને પૂજા મોહભજન છે. મોહનું ભજન તું કરે છે. સમજાય છે કાંઈ? મોહનું ભજન. બેય ભાઈ ગોઠવાઈ ગયા છે. કહો, સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા... અહીં એક અપેક્ષાએ આત્મજ્ઞાન સમ્યગ્દર્શન અને એક અપેક્ષાએ ત્રણેની અભેદતાનું આત્મજ્ઞાન થયા વિના આવી ક્રિયાકાંડ મિથ્યાદષ્ટિ અનંત વાર કરે છે. આટલા વ્રત, આ ષોડશકારણ કરે છેને? મહિનામાં કેટલા કરે છે. બધા લોકો બસ, ઓહો..હો..! ખુશ ખુશ થઈ જાય. વ્રત લ્યે અને પછી કોઈ થોડા ઘણા બે-પાંચ હજાર (ખર્ચીને) ઉજવણા કરે. ઉજવણા કહે છે? ઉદ્યાપન કરે. શેઠ લોકો ઉદ્યાપન કરે. પોતાની દિકરી હોય અને દિકરાની વહુ હોય એણે આવું કર્યું હોય તો લંઘન થઈ જાય. થોડું ઉદ્યાપન કરે તો એનું ફળ મળે એમ અજ્ઞાની માને છે.

મુમુક્ષુ :— અજ્ઞાની માને છે?

ઉત્તર :— અજ્ઞાની. આ બાળતપ કહે છે કે નહિ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શું વિધિ બતાવી છે? રાગથી રહિત નિજ સ્વભાવની સ્થિરતા, દૃષ્ટિ કરવી એ વિધિ છે ધર્મની. આગમનું એ ફરમાન છે. સમયસારમાં પુણ્ય-પાપ અધિકારમાં કહ્યું છે. અનુભૂતિ કરવાનું વિધાન છે શાસ્ત્રમાં. રાગ આવો વચ્ચે, પણ એનાથી લાભ છે અને એનાથી કોઈ સંવર, નિર્જરા થશે, એમાં કલ્યાણ સમ્યગ્દર્શન પ્રાપ્ત થશે એ વસ્તુમાં નથી. છ છ મહિનાના અપવાસ કરો, તીર્થ કરો, સેવા કરો, ભક્તિ કરો, પૂજા કરો, વ્રત, તપ (કરો), શ્રુત અને તપ કરવામાં શ્રુતનો અભ્યાસ કરવાથી, લાખો ક્રોડો શ્લોકો કંઠસ્થ કરે, બધો શુભરાગ (છે). એ રાગમાં અનેક પ્રકારના ક્રમસર કામ કરતા કરતાં. ક્રમસર કેમ લીધું? ક્રમશઃ. કોઈ વખતે દયા, કોઈ વખતે દાન, કોઈ વખતે ભક્તિ, કોઈ વખતે તપ શુભ આદિ વગેરે. એમ અનેક પ્રકારના બાળતપ આદિ એટલે બાળવ્રત

આદિ. આદિ શબ્દ પડ્યો છેને? બાળતપ, બાળવ્રત, બાળભક્તિ, બાળપૂજા, બાળભજન. ભગવાનનું ભજન કરે અને શાસ્ત્રની વાણી હોયને વાણી, એનું પણ ભજન કરે તો તે બાળતપ છે. કેમ કે રાગરહિત મારી ચીજ ભિન્ન છે એવા સમ્યગ્દર્શન વિના આવી ક્રિયાકાંડમાં પોતાનું કલ્યાણ માને છે એ બાળવ્રત, બાળતપ, બાળશ્રુતની ભક્તિ (છે). સમજાય છે કાંઈ? ભજન કરે છેને? શ્રુતની ભક્તિ એ પણ રાગ છે, શુભરાગ છે. તો કહે છે કે આવા ક્રમશઃ એક પછી એક શુભરાગ કરતો હોય. એવા **'અનેક પ્રકારના બાળતપરૂપ ઉદ્યમથી પાકતું થકું,...'** ઉદ્યમથી પાકતું થકું. કર્મનો ઉદય આવ્યો એમાં ઉદ્યમથી મંદ રાગ થયો એનાથી પાપ કર્મનો ઉદય જરી ખરી જાય છે અને પુણ્ય બંધાઈ જાય છે.

**'રાગદ્વેષ ગ્રહણ કર્યા...'** એ રાગની ક્રિયા થઈ એમાં રાગને ગ્રહણ કર્યો. એ રાગ મારી ચીજ છે અને રાગથી મને લાભ થશે, શુભરાગ દયા, દાન, વ્રત, તપની ભક્તિનો શુભરાગ. સમજાય છે કાંઈ? એ રાગદ્વેષને ગ્રહણ કર્યા હોવાથી. એ તો પ્રેમ લાગ્યો છે રાગમાં અને એનાથી પ્રતિકૂળ હોય, કોઈ બીજી વાત કરે તો એની સામે દ્વેષ કરે. સમજાય છે કાંઈ? વ્યવહારથી નહિ, વ્યવહારથી ધર્મ થતો નથી. એને અંદર દ્વેષ થાય છે. અરે..! આવી શુભક્રિયા (કરે છે), દુકાનમાંથી ખસીને સંસાર છોડીને આટલું આટલું કરે, આઠ આઠ વર્ષની છોકરી આઠ આઠ દિવસના, દસ દસ દિવસના પર્વમાં અપવાસ કરે, મહિના મહિનાના અપવાસ (કરે). તો શું છે? દેહની ક્રિયા જડ છે, આહાર મળ્યો નહિ એ જડ છે, રાગ કદાચિત્ મંદ કર્યો હોય, મંદ કર્યો હોય, માન માટે હોય અને આબરૂ માટે હોય તો તો મંદ રાગ પણ નથી, એ રાગ મંદ કર્યો હોય તો એનો પુરુષાર્થ રાગને મંદ કરવામાં છે, પણ રાગને ગ્રહણ કર્યો છે. આવા રાગના પરિણામ અંદરમાં છે એ ચૈતન્ય શુદ્ધ સ્વભાવમાં પકડી રાખ્યા છે. એ રાગથી મને લાભ થશે. અને એનાથી વિરુદ્ધ કોઈ કહે કે નહિ, નહિ. એવો માર્ગ નથી. મરી જઈએ છીએ અહીંયા સૂકાઈને આટલી આટલી ... કરીને અને ધર્મ નહિ? ધર્મ નહિ તે નહિ, પણ ત્રણ કાળમાં નહિ. સાંભળ. સાંભળતા જ આમ ઝપટ વાગે વિજળીની જેમ. હાય.. હાય..! આટલું આટલું કરે દસલક્ષણી પર્વમાં દસ દિવસના અપવાસ. શોભાલાલજી! અને શેઠિયાની દીકરી હોય અને શેઠિયાના છોકરાની વહુ હોય, ઈ કરતા હોય તો વળી બે, પાંચ હજાર ખર્ચતા હોય. લાંઘણ છે તારી. હાય.. હાય..! સાસરા તો વખાણ કરતા હોય. ... નાની ઉંમરમાં...

આચાર્ય કહે છે, સાંભળ તો ખરો! એ તો રાગની મંદતાનો શુભકર્મ—કાર્ય છે રાગનું. એનો ઉદ્યમ તારો રાગ મંદ કરવાનો છે પણ રાગને ગ્રહણ કર્યો છે. રાગને મંદ કરવાનો પુરુષાર્થ છે પણ રાગને એકત્વબુદ્ધિથી પકડી લીધો છે. સમજાય છે કાંઈ? એ **'રાગદ્વેષ ગ્રહણ કર્યા હોવાને લીધે સુખદુઃખાદિ વિકારભાવે પરિણમતો...'** સુખદુઃખાદિ. કષાય મંદ હોય તો એમાં ઠીક લાગે છે, બહારની અનુકૂળતા હોય તો ઠીક લાગે, પ્રતિકૂળતા હોય તો ઠીક ન લાગે. તૃષા લાગી હોય.. આહા..! અણગમો અને પાણી આવે તો (ગમે). એવા સુખદુઃખાદિ, રતિ અરતિ આદિ

**'વિકારભાવે પરિણમતો હોવાથી ફરીને સંતાન આરોપતું જાય...'** ફરીથી કર્મના બંધનની ધારા એને અંદર પડે છે. મિથ્યાત્વની અને અજ્ઞાનની, રાગદ્વેષની ધારા પડે છે. કેમ છે? માંગીતુંગીની ઓલી સીધી સડક છે કે નહિ? સ્વર્ગની સીઢી લખ્યું છે ભાઈ એમાં. આપણે ગયા હતાને? સીડી બનાવવી હતીને ત્યાં? બની હશે તો લખ્યું છે. આ માંગીતુંગીની સડક નથી, આ તો સ્વર્ગની સીડી છે. અપેક્ષાથી બરાબર છે કે પુણ્યભાવ કરે તો સ્વર્ગમાં જાય એટલી વાત છે. આત્માની સીડી નહિ. શું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આત્માની સીઢી શુભરાગમાં ક્યાંથી આવી? કહો, સમજાય છે કાંઈ? આ શેત્રુંજયની પણ નવ્વાણુ વાર જાત્રા કરે છેને? નવ્વાણુ કરે છે, નવ્વાણુ કરે છે. એક વાર અમે (સંવત) ૧૯૯૫માં ગયા હતાને. એક લીંબડીનો માણસ હતો. નવ્વાણુમી કરતો હતો. જોડે આમ લગાડેને ફૂલ, ફૂલ. જોળીમાં ફૂલ લઈને આમ લગાવે અને અહીંયા બાંધે. એટલે એમાં ફૂલ રહે. હેઠે ન પડી જાય. એમ કરતાં કરતાં મારી પાસે આવ્યો. મેં કહ્યું, નવ્વાણુ જાત્રા શું, લાખ જાત્રા કરે તોપણ ધર્મ નથી. હાય.. હાય..! પૂર્વ નવ્વાણુવાર ૠષભદેવ અહીંયા આવ્યાને. અનંત વાર આવ્યા હોય તો શું છે? પરદ્રવ્ય તરફનો ભાવ છે એ બધો શુભભાવ છે.

મુમુક્ષુ :— શ્રદ્ધા બદલાઈ જાય તો...

ઉત્તર :— શ્રદ્ધા બદલાઈ જાય અને આટલું આટલું કરીએ, હોંશ ઉત્સાહ (મરી જાય). ધૂળમાંય કરતો નથી. સમજાય છે કાંઈ? પછી આવ્યો નહિ. હતો જોડે ત્યાં મોતી સુખિયાની ધર્મશાળા છેને? મોતી સુખિયાની ધર્મશાળામાં ઉતર્યા હતા અને જોડે હતો ઈ. લીંબડીનો એક આદમી. ... શુભભાવ છે, રાગ મંદ કરે તો પુણ્યભાવ છે. ભક્તિ, જાત્રા, પૂજા, સ્મરણ, દયા, દાન એ શુભભાવ છે. એમાં ધર્મ-બર્મની ગંધ નથી. બિચારા કેટલી ચડે અને ઊતરે, એને કહે કે ધર્મ નથી. દેવીલાલજી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— મિથ્યાત્વ છે. મિથ્યાત્વનું પોષણ પાપનું છે એમાં. આવા ભાવથી રાગને પકડે છે, મંદ કષાયની પકડ છે એમાં. નહિ, એ મારી વસ્તુ છે અને એનાથી મને લાભ થશે. સુખદુઃખની કલ્પનારૂપે પરિણમે છે. અનુકૂળ પ્રતિકૂળતામાં સુખદુઃખની પરિણતિ થાય છે.

સંતાન—દિકરા ઉપર દિકરા કહે છેને? સંતાન. એમ પૂર્વનું કર્મ ગયું અને નવું કર્મ બંધાયું. મિથ્યાત્વનું નવું કર્મ સંતાન થયું. મિથ્યાદષ્ટિએ મિથ્યાત્વકર્મનું સંતાન નાખ્યું. **'આરોપતું જાય...'** સંતાનને ... **'એવી રીતે, લક્ષ કોટિ ભવો વડે...'** લાખ, કરોડ ભવમાં આવી ક્રિયા લાખ, કરોડ ભવમાં કરે. ધર્મ નથી.

મુમુક્ષુ :— મનુષ્યનો ભવ આવે કેટલી વાર?

ઉત્તર :— મનુષ્યભવ આવે આઠ વાર. ઉપરાઉપર આવે તો મનુષ્યભવ આઠ વાર આવે.

મુમુક્ષુ :— અહીં તો લાખ કોટિ લખ્યું છે.

ઉત્તર :— અહીં તો લાખ કોટિ એટલે આ તો વાત એમણે લખી છે. કોઈ .. ભવમાં હોય. લાખ ક્રોડ, એક ક્રોડ બે ક્રોડ નહિ, લાખ ક્રોડ ભવમાં આવી ક્રિયા કરે. માસખમણ, અપવાસ, છ છ મહિનાના અપવાસ અને આખું ... આમ બરાબર લગાવી દે. બેઠો રહે આમ. પણ અંદર રાગ ભાગ છે એને પોતાનો માને છે, પોતામાં અપનાવે છે. તો લાખ કરોડ ભવમાં '**ગમે તેમ કરીને (—મહા મુશ્કેલીથી)...**' ગુજરાતીમાં તો ગમે તેમ છેને? મહા મુશ્કેલથી '**અજ્ઞાની ઓળંગી જાય છે,...**' અજ્ઞાની કર્મને ઓળંગી જાય છે. ઓળંગી જાય છે એનો અર્થ, ઉદય તો ખરે છે પણ નવું કર્મ બાંધે છે, એમાં ધર્મ કિંચિત્ થતો નથી. કપુરચંદજી! આ એવી વાત છે. ભારે કઠણ. લોકો અત્યારે તો બિચારા અપવાસ કરે તો કાંઈક એને થોડી નિર્જરા કહેને નિર્જરા, તો ઉત્સાહ આવે, લ્યો. નિર્જરા છે. તારો કાળ ગુમાવ્યો ધર્મ વિના.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નિર્જરા એ ધર્મ છે. ધર્મ નથી થતો તો નિર્જરા નથી થતી એમ કહો. દેવીલાલજી! શું છે? બૈરાને આ રુચે છે કે નહિ? શું છે? ધીમે ધીમે? આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પુણ્યથી પવિત્રતા માને છે તો આત્માનો શુદ્ધ ચૈતન્યનો અનાદર કર્યો. આત્માનો ઘાત કર્યો મિથ્યાત્વથી. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિને ધર્મીને તો પાપના પરિણામ પણ આવે છે પણ એમાં એટલો બંધ નથી કે જે પુણ્યથી ધર્મ માનનારને મિથ્યાત્વનું પાપ લાગે છે. એનાથી તો અનંતમે ભાગે અને અલ્પ બંધ થાય છે જ્ઞાનીને. અને કોઈ અજ્ઞાની શુભરાગથી ધર્મ માનનારો મહા મિથ્યાત્વને સેવે છે અને સમ્યગ્દર્શન આત્માનુભવ વિના એ બધું એનું મોહભજન છે. જંગલમાં ઢોર અને ગામમાં કૂતરા. સમજાય છે?

સમ્યક્જ્ઞાન, દર્શન... રાગથી મારી વસ્તુ ભિન્ન છે એવા અનુભવ, પ્રતીતિ વિના આવી ક્રિયા ગામમાં કૂતરા અને બહારમાં હરણ બધા એક જાતિના છે, એ પણ કૂતરા જેવા છે. એ.. સેઠી! સમજાણું નહિ? આત્મજ્ઞાન શું વસ્તુ છે? રાગથી મારી વસ્તુ જ ભિન્ન છે. વિકલ્પાતીત મારી વસ્તુ છે. જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ પ્રભુ એકલો જ્ઞાનનો પુંજ છે એવી દૃષ્ટિ થઈ નહિ અને આવી ક્રિયાકાંડ કરે છે તો આચાર્ય કહે છે કે ઈ ઢોર સમાન છે, પશુ સમાન છે. જંગલના પશુ અને ગામના પશુ, સમ્યક્જ્ઞાન વિના બધા સરખા છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કૂતરા કૂતરા આમ વિષ્ટા ખાય છેને? આ શુભરાગને ખાય છે, પોતાનો માને છે. વિષ્ટા છે. જ્ઞાનીએ દૃષ્ટિમાંથી શુભરાગ કાઢી નાખ્યો. જે અનાજ ખાઈને મનુષ્ય વિષ્ટા કાઢી નાખે છે અને ભૂંડ ખાય છે, ભૂંડ ભૂંડ—સુવર. મનુષ્ય અનાજના લોથા છે એનો લોટ કરીને ખાય છે અને વિષ્ટા થઈને નીકળી જાય છે. નીકળે છેને? એ વિષ્ટાને ભૂંડ નામ સુવર ખાય છે. એમ રાગ

શુભ કે અશુભ, જ્ઞાનીએ પોતાના સ્વભાવમાંથી દૃષ્ટિમાંથી કાઢી નાખ્યા છે. એ વિષ્ટાને અજ્ઞાની પોતાના માનીને ભોગવે છે તો એને સુવર સમાન કહેવામાં આવ્યા છે. ભારે કઠણ. કોરડા મારીને ચામડી ઉતરડીને ખાર છાંટે ખાર, એના જેવું લાગે. આહા..હા..! અરે..! ભગવાન! સાંભળ તો ખરો. તારી અકષાય વસ્તુ પડી છે, વિજ્ઞાનઘન વસ્તુ છે, ચૈતન્યરસ છે, ચૈતન્યરસ છે, સ્વભાવિક શુદ્ધ વીતરાગવિજ્ઞાનઘન સમસ્વભાવી આત્મા છે, એવી દૃષ્ટિ કરી નહિ, અનુભવ કર્યો નહિ અને રાગની ક્રિયાથી મને લાભ થશે, તો જે વસ્તુ કાઢી નાખવાની છે, છોડવાની વસ્તુ છે તેને ગ્રહણ કરી. પહેલા કહ્યુંને? રાગદ્વેષને ગ્રહણ કર્યા. સમજાય છે કાંઈ?

મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિના લક્ષણ જ તદ્દન ભિન્ન છે. સાધુ થઈ જાય અઠ્યાવીસ મૂળગુણવાળા નગ્ન મુનિ, પણ એ ક્રિયાકાંડની રાગની મંદતામાં હું કાંઈક છુંને, હું પણ ધર્મ (કરું) છુંને, હું પણ મુનિ છુંને. કહે છે કે તારા પરિણામ રાગની મલિનતાને પોતાના માને છે. નિર્લેપ ચિદાનંદ સ્વભાવમાં શુભરાગનો લેપ પોતામાં છે એમ માનીને પડ્યો છે, તો આત્માનો લાભ કંઈ નથી. ચાર ગતિમાં રખડશે. સમજાય છે કાંઈ?

કહે છે કે લાખ, ક્રોડ ભવમાં.. ઓહો..! **'ગમે તેમ કરીને...'** એટલે ગમે તે પ્રકારે કષ્ટ સહીને **'અજ્ઞાની ઓળંગી જાય છે,...'** બસ! આટલી અજ્ઞાનીની વાત કરી. **'તે જ કર્મ,...'** તે જ કાર્ય. **'(જ્ઞાનીને) સ્યાતકારકેતન આગમજ્ઞાન,... '** સ્યાતકારકેતન આગમજ્ઞાન. સર્વ વસ્તુ કથંચિત્ પોતાથી છે અને કથંચિત્ પરથી નથી. એવું સ્યાતકારકેતન નામ ધ્વજા. કેતન નામ ધ્વજા. આત્મા સ્વભાવપણે છે, વિભાવપણે નથી. વિભાવ વિભાવપણે છે, કર્મપણે નથી. શરીરની ક્રિયા વર્તમાન ચાલે છે તો શરીરને કારણે છે, મારાથી નથી. મારી જ્ઞાનની ક્રિયા મારાથી ચાલે છે એ કર્મને કારણે નહિ. એમ સ્યાત્ નામ કથંચિત્ કહેવું એવી ધ્વજા, આગમમાં એવી ધ્વજા ફરકે છે. એવા આગમનું જ્ઞાન, **'તત્ત્વાર્થશ્રદ્ધાન...'** સમ્યગ્દર્શન અહીંયા લેવું છે હોં! **'ને સંયતત્વના...'** સંયમપણું. સંયતત્વપણું, સ્વરૂપમાં ચારિત્રપણું **'યુગપદપણાના...'** ઓલામાં આવ્યું હતુંને? ક્રમપરિપાટી, ક્રમપરિપાટી. અહીં યુગપદ (આવ્યું). ઓલામાં ક્રમશઃ હતું, આમાં યુગપદ.

**'અતિશય પ્રસાદથી પ્રાપ્ત કરેલી શુદ્ધજ્ઞાનમય આત્મતત્ત્વની અનુભૂતિ જેનું લક્ષણ છે એવા જ્ઞાની...'** જ્ઞાનીનું લક્ષણ કહ્યું. પહેલામાં **'અનેક પ્રકારના બાળતપરૂપ ઉદ્યમથી પાકતું થકું,...'** કહ્યું હતું. અહીંયા **'અતિશય પ્રસાદથી...'** કોના અતિશય પ્રસાદથી? હું શુદ્ધ જ્ઞાન છું, હું મારી પ્રતીતિ શુદ્ધ ચૈતન્ય સન્મુખ થઈને સમ્યગ્દર્શન છે અને એ પૂર્વક સંયત્વભાવ છે, એવા અતિશયતાના પ્રસાદથી. રાગના પ્રસાદથી નહિ, પુણ્યના પ્રસાદથી નહિ, વ્યવહારના પ્રસાદથી નહિ. ઓલામાં આવ્યું હતું ભાઈ પહેલા, તારા પ્રસાદથી. જ્યાં સુધી હું.... અહીં નિષેધ કરે છે. તારા પ્રસાદથી નહિ. મારું આત્મજ્ઞાન, આત્મશ્રદ્ધા અને નિર્વિકલ્પ સ્વરૂપની રમણતારૂપ ચારિત્રના પ્રસાદથી પ્રાપ્ત **'શુદ્ધજ્ઞાનમય આત્મતત્ત્વની અનુભૂતિ... '** હું તો શુદ્ધ જ્ઞાયક ચૈતન્યની અનુભૂતિ કરવાવાળો (છું). અનુ નામ તે સ્વભાવને અનુસરીને થવાવાળો. રાગને

અનુસરીને થવાવાળો નહિ. સમજાય છે કાંઈ? શુદ્ધ આત્મતત્ત્વની. જુઓ! રાગ તો અશુદ્ધ છે. શુભરાગ વ્યવહાર રત્નત્રયનો રાગ પણ અશુદ્ધ છે અને પરમાર્થે તે અશુભ છે. પણ શુદ્ધ આત્મતત્ત્વ જ્ઞાનજ્યોતિ, પ્રકાશમૂર્તિ.

વિકલ્પ નામ અજ્ઞાનભાવ. અજ્ઞાનનો અર્થ એ રાગ છે એમાં જ્ઞાનની જાગૃતિ નથી. શુભરાગ છે એમાં જ્ઞાન નથી (તેથી) તે અજ્ઞાન છે. અજ્ઞાન એટલે વિપરીત જ્ઞાન એમ નહિ. શુભરાગ છે એમાં જ્ઞાનની જાગૃતિનો અંશ નથી. અને આત્મા જ્ઞાન જાગૃતિસ્વરૂપ છે. આવા જાગૃતિસ્વરૂપમાં હું શુદ્ધ આત્માની અનુભૂતિ જેનું લક્ષણ (છે). રાગની અનુભૂતિ મારું લક્ષણ નથી, મારો સ્વભાવ નથી. એવા જ્ઞાની... '**જ્ઞાનીપણાના સદ્ભાવને લીધે...**' જુઓ! જ્ઞાનીપણાની હયાતી આ કારણે છે. સમજાય છે કાંઈ? ઘણા શાસ્ત્ર ભણ્યો-ગણ્યો હોય તો જ્ઞાનીપણું છે એમ નથી. આ..હા..! શુદ્ધ ભગવાન ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ પોતાનું નિજ સ્વરૂપ આનંદ એની અનુભૂતિ જેનું લક્ષણ છે એવા જ્ઞાનીપણાને લીધે. સમજાય છે કાંઈ? નીચે લખ્યું છેને? 'જ્ઞાનીપણું—આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના યુગપદપણાના અતિશય પ્રસાદથી પ્રાપ્ત થયેલી શુદ્ધજ્ઞાનમય આત્મતત્ત્વની અનુભૂતિ તે જ્ઞાનીપણાનું લક્ષણ છે.' આ સપ્તમ ગુણસ્થાનનું જ્ઞાનીપણું લીધું છે. સમજાય છે કાંઈ? સપ્તમ ગુણસ્થાનનું જ્ઞાનીપણું અહીંયા (લીધું છે). મેળવણી કરી છે અજ્ઞાની સાથે, અજ્ઞાની સાથે. જ્ઞાની લીધા છે સપ્તમ ગુણસ્થાનના. સમજાય છે કાંઈ?

'**જ્ઞાનીપણાના સદ્ભાવને લીધે કાય-વચન-મનનાં કર્મોના ઉપરમ વડે...** ' જુઓ! મન, વચન અને કાયા જે કાર્ય, રાગાદિ એનાથી ઉપરમ, નિવૃત્ત. ઉપરમ છેને? 'વિરામ, અટકી જવું તે. (જ્ઞાનીને જ્ઞાનીપણાને લીધે કાય-વચન-મન સંબંધી કાર્યો અટકી જવાથી ત્રિગુપ્તપણું પ્રવર્તે છે).' મૂળ તો સપ્તમ ગુણસ્થાન લીધું છે. વાણી, દેહનું લક્ષ છોડીને, મનના વિકલ્પ છોડીને જે સ્વરૂપની અનુભૂતિમાં પડ્યા છે, અભેદ રત્નત્રયમાં એકરૂપમાં આત્માનો અનુભવ કરે છે એવું જ્ઞાનીપણાનું લક્ષણ, એના સદ્ભાવને લીધે મન, વચન અને કાયાના વિકલ્પ અને ક્રિયાથી નિવૃત્ત '**ત્રિગુપ્તપણું પ્રવર્તતું હોવાથી...**' ત્રિગુપ્તિ. મન, વચન, કાયાથી ખસીને પોતાના સ્વરૂપમાં ગુપ્ત થયા.

'**પ્રચંડ ઉદ્યમ વડે પાકતું થકું,...**' જુઓ! ઓલામાં કહ્યું હતું કે '**બાળતપરૂપ ઉદ્યમથી પાકતું થકું...**' જેમ તેમ. અને અહીંયા પ્રચંડ ઉદ્યમ. જુઓ! સ્વભાવ સન્મુખનો પ્રયત્ન એ પ્રચંડ ઉદ્યમ છે. સમજાય છે કાંઈ? બહુ ઝીણું પડેને માણસને. આમાં પર્યુષણમાં કેટલાય લાખો માણસો બિચારા તપ કરે, અપવાસ (કરે) અને આમાંય લાખો માણસો કરે, દસલક્ષણપર્વમાં. એને એમ કહેવું કે તારા બાળતપ છે. ન્યાયધીશ કહે કે અન્યાય છે. ન્યાયસર ન્યાયધીશ એમ કહે છે કે એ બાળતપ છે. સમજાય છે કાંઈ? અરે..! તને ચૈતન્યની જાતની ભાત પડ્યા વિના ભગવાન જ્ઞાનજ્યોતસ્વરૂપ છે એની પ્રતીત, જ્ઞાન, રમણતાની એકતા વિના તારો એ શુભરાગ એકલો અજ્ઞાનભાવ શું લાભ કરશે? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— કરુણાથી કહ્યું.

ઉત્તર :— હા, હા, કરુણાથી છે. એને વસ્તુનું સ્વરૂપ બતાવે છે. પ્રભુ! વસ્તુ તો આવી છે. તને રુચે, ન રુચે એ તો તારો અધિકાર છે. વસ્તુ પહેલી આવી છે એમ એણે પહેલા રુચિમાં લાવવું તો જોઈએને? સમજાય છે કાંઈ? એક જણાએ પૂછ્યું હતું, પંડિતને એક જણાએ પ્રશ્ન કર્યો. છાપામાં આવ્યું હતું કે અત્યારે આ જે ચર્ચા થાય છે, ઉપાદાન સ્વયંસિદ્ધ કાર્ય કરે છે, નિમિત્ત ત્યાં છે, નિમિત્તથી થતું નથી. નિશ્ચય-વ્યવહારની ચર્ચા, ઉપાદાન-નિમિત્તની ચર્ચા આવી વાત તો આપણા પૂર્વજોમાં હતી નહિ. સમજાય છે કાંઈ? મોતીલાલજી! એણે બિચારાએ પ્રશ્ન કર્યો. અત્યારે ચાલ્યું છેને. ન્યાં ક્યાં ઉપાદાન-નિમિત્ત કોણ, ઉપાદાન ને નિમિત્ત કોણ? નિશ્ચય અને વ્યવહાર કોણ? તો કહે, આ તો આપણા પૂર્વજો બાપ-દાદા તો આવી ચર્ચા-બર્ચા નહોતા સમજતા. ભગવાનની પૂજા, ભક્તિ કરતા હતા, વ્રત, નિયમ કરતા હતા એને કોઈ ધર્મ હતો કે નહિ? વ્રત, નિયમ કરતા હતા, ભગવાનની પૂજા, ભક્તિ કરતા હતા, આવી ચર્ચાની તો ખબરેય નહોતી, તો એને ધર્મ છે કે નહિ? એક પંડિતે ઉત્તર આપ્યો કે ભગવાનની ભક્તિ કરે છે એ ભગવાનને માને છે. એને શ્રદ્ધા છે. ભગવાનનો બહુ આદર કરે છે તો એમાં સંવર, નિર્જરા ધર્મ છે. એમ કહેવાય કે આપણા પૂર્વજો વડીલોને ધર્મ નહિ? અને આપણે (ધર્મી) થઈ ગયા? આવી ચર્ચા તો પહેલા હિન્દુસ્તાનમાં નહોતી, ભાઈ! ઉપાદાન પોતાની પર્યાયથી કામ કરે છે, ત્યારે નિમિત્ત નિમિત્તને કારણે ત્યાં ઉપસ્થિત છે. નિમિત્તને કારણે અહીંયા કાર્ય થયું એ વાત, બે દ્રવ્યની ક્રિયા એક થઈ ગઈ. અને વ્યવહાર રાગ છે તેનાથી નિશ્ચયની પ્રાપ્તિ થતી નથી. નિશ્ચય નિજ કારણપરમાત્માના આશ્રયે નિશ્ચયનો લાભ થાય છે. વ્યવહારથી કદી ત્રણ કાળમાં લાભ થતો નથી. એ સમજતા નથી. વાત કાને પડી નથી. આ તો આપણા વડીલ બધા ટોકરા વગાડતા હતા, ભગવાનની ભક્તિ કોઈ (ધર્મ છે કે નહિ)? અરે..! ધર્મ છે. રતનલાલજી! એક પંડિતે ઉત્તર આપ્યો, ધર્મ છે. ધૂળમાંય ધર્મ નથી, સાંભળ તો ખરો હવે. બાળતપ અને બાળવ્રત હતા બધા. ખબરેય નહોતી કે ચૈતન્ય કોણ છે? સ્વયંસિદ્ધ ચૈતન્યમાં લાભ કેવી રીતે થાય છે? અને નુકસાન કેવી રીતે થાય? સાંભળ્યું જ નહોતું. ભગવાનજીભાઈ! સાંભળ્યું હતું? એણે બિચારાએ એમ પ્રશ્ન કર્યો હતો પ્રશ્નકારે. આ વાત હતી નહિ, આ હમણા છંછેડાણી છે વીસ, પચ્ચીસ વર્ષથી. પહેલા એવી વાત નહોતી. પૃથક્ પૃથક્ છે ને આમ છે ને તેમ છે. (પંડિતે કહ્યું), હા, હા. ધર્મ થાય છે. અજ્ઞાન થાય છે. વડિલ હો કે... શું સમજાણું? પૂર્વના વડીલ એના વડીલના વડીલમાં કોઈ મુનિ નહિ હોય? શું કહ્યું? એના વડીલ તો અનંત કાળથી ચાલ્યા આવે છેને? તો પૂર્વના વડીલ એના પાંચ, પચાસ પેઢી, સો, બસ્સો, પાંચસો પેઢીમાં કોઈ સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની એના વડીલમાં થઈ ગયા હોય. ...ચંદજી! તો એ વડીલ સાચા કે તારા આ વડીલ સાચા? સમજાય છે કાંઈ?

અનંત પેઢી થઈ ગઈને, અનંત પેઢી થઈ ગઈ. તો અનંત પેઢીમાં પૂર્વના કોઈ પેઢીવાળાને, અસંખ્ય ભવમાં કોઈ અસંખ્ય પેઢીમાં, કોઈ અનંત ભવ પહેલા પણ મનુષ્યમાં એનો મનુષ્ય આત્મા

પોતાના આત્માનું ભાન કરીને સ્વરૂપની રમણતા કરીને મોક્ષ પામ્યા. એનો નિષેધ કરતા હતા એ વખતે તારા વડીલ. તારા એ વડીલ નિષેધ કરતા હતા. સો, પાંચસો પેઢીમાં તારા વડીલ થયા હોય, જે સમ્યક્જ્ઞાની હતા ઈ નિષેધ કરતા હતા રાગનો અને નિમિત્તનો કે નહિ, એનાથી લાભ નથી. તો એ વડીલ સાચા કે તારા આ વડીલ સાચા? ધર્મી વડીલ થયા યથાર્થ. બહારથી વડીલ થયા તો શું થયું? સમજાય છે કાંઈ? બધામાં ધર્મ.

વળી એક પંડિતે એમ લખ્યું હતું કે જુઓ ભાઈ! આપણે દિગંબર ધર્મમાં જન્મ્યા છીએ (એટલે) બધાને ભેદજ્ઞાન તો છે જ. નામ-બામ નથી દેતા, ગામ-ઠામ. સમજાય છે કાંઈ? ભેદજ્ઞાન તો જડ ચૈતન્યને કોણ નથી માનતું? જડ-ચેતનને બેને. જડ ચૈતન્યને કોણ નથી માનતું? આપણે બધા માનીએ છીએ. જડ જડ છે અને ચૈતન્ય ચૈતન્ય છે. અરે..! ધૂળમાંય નથી માન્યું, સાંભળને. જેટલા જન્મ્યા આપણે બધા ભેદજ્ઞાની છીએ. હવે એણે ચારિત્ર પાળવાનું, બસ! એ તો કરી રહ્યા છીએ, સંયમ અને તપ. ભૂપ વિનાની સેના, પતિ વિનાની પત્ની, ફળ વિનાના ઝાડ.. હમણા સેઠીએ કહ્યું હતું. એકડા વિનાના મીંડા બધા નિરર્થક છે. એમ નિજ સ્વભાવના શ્રદ્ધા, જ્ઞાન વિના તારું બધું નિરર્થક અને ફોક છે. જડ ચૈતન્યને માને તો કોણ એમ કહે છે કે...? પણ જડની વર્તમાન પર્યાય ચાલે છે તેમાં હું તો નિમિત્તમાત્ર છું. એ પર્યાય ઉપાદાનથી એને કારણે થઈ છે. એમ માન્યા વિના જડને જડ માનતો નથી. અને પોતાના જ્ઞાનની પર્યાયમાં પોતાના જ્ઞાન આદિ થાય છે એ પોતાથી થાય છે. પોતાથી જ્ઞાનની પર્યાય થાય છે. એમાં ઈન્દ્રિય, મન આદિ તો નિમિત્તમાત્ર છે. પોતાથી થઈ છે. નિમિત્તે કરી તો સામાન્ય જ્ઞાન ત્રિકાળ છે એનું વિશેષ કાર્ય શું થયું? ઈન્દ્રિયના નિમિત્તે જે વિશેષ જ્ઞાન વર્તમાનમાં થયું તો નિમિત્તે વિશેષ કર્યું, તો સામાન્ય જ્ઞાન જે ત્રિકાળ છે તેનું કાર્ય વિશેષ શું થયું હમણાં? એમ જાણ્યા વિના જડ-ચૈતન્ય માનીએ છીએ એ વાત જ ખોટી છે. સમજાય છે કાંઈ?

જડનું દ્રવ્ય ભિન્ન, જડના ગુણ ભિન્ન, જડની પર્યાયનું કાર્ય ભિન્ન. ચૈતન્યનું દ્રવ્ય ભિન્ન, ચૈતન્યની શક્તિ ભિન્ન અને ચૈતન્યની નિર્મળ પર્યાયનું કાર્ય પણ ભિન્ન. સમજાય છે કાંઈ? અને વિકારી પર્યાય પણ પરથી કાર્ય ભિન્ન. એમ જાણ્યા વિના જડ-ચૈતન્ય માનીએ છીએ એ બધી વાત ખોટી છે. સમજાય છે કાંઈ? દૂધપાક બનાવ્યો પછી એક ખોબો નાખ્યું લવણ, સમજાયું કે નહિ? લવણ નથી સમજતા? મીઠું. અમને ખબર છે જડ-ચૈતન્યની. ધૂળની ખબર નથી. સમજાય છે કાંઈ? એક બાઈ હતી. એક વહુ હતી વહુ. વહુ હતીને, મૂઢ અને અભિમાની બહુ. અને એનો પતિ જરી સત્તાપ્રિય. નવી આવી અને ઘરમાં બીજો કોઈ માણસ નહિ, દર વખતે એમ કહે, આજ આ બનાવ્યું, આજ આ બનાવ્યું. પછી કોઈ વખતે લાપસી, કોઈ વખતે કંઈ, કોઈ વખતે પૂરણપોળી. પણ એને આવડે નહિ, જોડે ડોશી હતીને, જોડે સમજ્યા? પાડોશી. પાડોશીમાં એક ડોશી હતી. એને પૂછીને બનાવે. આવડે નહિ કાંઈ. એ પૂછીને કરે. ડોશીને ખબર પડી કે હર વખતે હું કહું તો કહે હા, બા, મને ઈ આવડે છે. એવું ખરું ટાણું આવ્યું... બધી વાત કરે, પૂરણપોળી? મને આવડે

છે. કીધા પછી હોં! એક વાર એવું થયું કે એની દિકરીનું સગપણ કર્યું હતું અને સત્તાપ્રિય એનો સસરો આવ્યો. ઘરેણા ચડાવવા આવેને. પતિએ કહ્યું કે દૂધપાક બનાવજે અને ઘીની પુરી બનાવજે. બહુ સારું. આવડે નહિ. ડોશી પાસે ગઈ. મા! દૂધપાક કેમ બનાવવાનો? ખબર નથી બા. પહેલા દૂધમાં ચોખા નાખવા. એક શેર દૂધ અને અધ શેર ચોખા. દૂધપાક. દૂધપાક એમ થાય જ નહિ. દૂધ એક શેર હોય તો એક રૂપિયાભાર ચોખા હોય. આજે આ કહે, એની મજાક કરાવું બરાબર. હરવખતે કીધા પછી કહે, મને આવડે છે, મને આવડે છે. એક શેર દૂધ અને અડધો શેર ચોખા. પછી બહુ ઉકળી જાય, પાકું થઈ પછી એક સવા શેર લવણ લઈને... ધોળુ લેજે હોં! કારણ કે ધોળું દૂધ છે. ચોખા અને દૂધ. સવા શેર લવણ નાખજે. બહુ સારું બા. ઈ તો મને આવડે છે. બહુ સારું કરજે આજ. ઈ કરીને બેઠા ને જ્યાં એનો ધણી ખાવા બેઠો... પહેલા ચાખી જોયું. અરે..! આ શું? આ શું ખારું? કોણે આ કર્યું છે? મેં કર્યું છે. કોણે આ શીખવ્યું? કે ડોશીએ શીખવ્યું. સેઠી! બોલાવો ડોશીને. આ ગજબ કર્યું. આવું ઘર અને આજે આ વેવાઈ માંડ પહેલી વાર આવ્યા, આ હવે અત્યારે પકવવું શું? રોટલી કરવી શું? ખાવું શું? ડોશીને કહ્યું, આમ કેમ કર્યું? તારી વહુ હરવખતે કહેતી કે મને આવડે છે. પૂછ્યા પછી કહે, મને આવડે છે. મને આવડે છે. એમ હરવખતે કરતી હતી. તો આજ ખરું ટાણું (આવ્યું). લ્યો, આવડતું હતું એને. દૂધપાકમાં કંઈ અધશેર ચોખા અને લવણ પડતા હતા? ત્રણે વસ્તુ તો નાખી. સમજાય છે કાંઈ?

એમ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણ ચીજ શું છે એની ખબર વિના... પેલામાં દૂધપાક, ચોખા અને સાકર જોઈએ, નાખ્યું મીઠું. મીઠું સમજો છોને? નમક. મને તો ખબર છે. કરો ત્યારે. દેહની ક્રિયા આત્મા કરી શકે છે અને પછી લાભ થાય છે. કરો ત્યારે. રાગથી લાભ થાય છે. અમને ખબર છે. શાસ્ત્રમાં કહ્યું છે, રાગને સાધન કહ્યું છે. શાસ્ત્રમાં વ્યવહારને સાધન કહ્યું છે, સહાયક નહિ. સાધન કહ્યું છે અમને ખબર છે. કરો ત્યારે સાધન. લગાવો. સમજાય છે? શ્રદ્ધા મિથ્યા, જ્ઞાન મિથ્યા અને વર્તન રાગ-દ્વેષમાં રહે. ભવ બગડી ગયો, આબરૂ ગઈ ભગવાન પાસે. સેઠી!

અહીં કહે છે, અરે..! તને ખબર નથી અને (કહે છે), ખબર છે, ખબર છે, ખબર છે, ખ્યાલ છે. મરી જઈશ. સમજાય છે કાંઈ? જગતના પ્રાણી પ્રત્યેક આત્મા, પ્રત્યેક પરમાણુ વર્તમાન એની પર્યાય પોતાને કારણે સ્વયંસિદ્ધ થાય છે અને રાગને કાળે રાગ થાય છે અને રાગનો અભાવ મારી વસ્તુમાં છે, એવી આત્માની શ્રદ્ધા અને જ્ઞાન કર્યા વિના એના રાગની ક્રિયા તો મોહભજન અને જંગલમાં રોઝ ફરે એમ મનુષ્યપણે ફરે છે સાધુ થઈને પણ. નગ્ન થઈને ફરે તો રોઝ સમાન છે. સમજાય છે કાંઈ? રોઝ સમજો છો? રોઝ થાય છે. અનુભવપ્રકાશમાં તો બહુ લખ્યું છે ભાઈ દીપચંદજીએ. રોઝ છે. અરે..! પ્રભુ! પણ તમે ગૃહસ્થાશ્રમમાં... અમારી દૃષ્ટિ કેવી થઈ છે, અમારું જ્ઞાન કેવું થયું છે. અમે કહીએ છીએ કે આમ માનવાવાળા પશુતુલ્ય છે. અમૃતચંદ્રાચાર્યે કહ્યું છે, ભાઈ! છેલ્લા ચૌદ શ્લોકમાં. આપણે બાકી રાખ્યા છે. ચૌદ શ્લોક છે. નિત્ય-અનિત્ય, તત્-અતત્માં દરેક શ્લોકમાં પશુ, અમૃતચંદ્રાચાર્ય દરેક શ્લોકમાં પશુ કહે છે. જેને પોતાની પર્યાયનો કાળ

સ્વયં પોતાથી છે, પરના નિમિત્તનું અવલંબન દેખીને જ્યાં ફરી ગયું તો મારો કાળ પણ પરને કારણે ફરે છે એમ માનનાર, કહે છે કે, પશુ (છે). કેમ પશુ? તારામાં મિથ્યાત્વ છે અને તું પશુમાં જવાનો છો તેથી અત્યારથી તને પશુ કહીએ છીએ. અને તિર્યંચગતિમાં નિગોદ એ પશુનો છેલ્લો અધિકાર છે. પશુમાં નિગોદ છેને? એ પણ તિર્યંચગતિમાં આવે છે. તો મિથ્યાત્વના સેવનનું કાર્ય કરવાવાળો નિગોદમાં જશે. એક એક શ્લોકમાં કરુણાબુદ્ધિથી અમૃતચંદ્રાચાર્ય ચૌદ શ્લોકમાં (પશુ કહે છે). દિગંબર મુનિ સંત ભાવલિંગી અમૃતનો સ્વાદ, મહા ચારિત્રસહિત લેવાવાળા (કહે છે), પશુ છે. સમજાય છે કાંઈ?

નિજ દ્રવ્ય, પોતાની સમય સમયની અનંત ગુણની પર્યાય એને નિમિત્તનું અવલંબન જોઈને, એ જ જ્ઞેયના અવલંબને જ્ઞાન થયું, એમ સ્વકાળની નાસ્તિ કરીને પરકાળની અવસ્થાથી મારો કાળ આવ્યો, પરકાળની અવસ્થા બદલી તો હું એ કારણે બદલાઈ ગયો. એમ માનનાર, કહે છે કે પશુ છે. તારી ગતિ નિગોદમાં (જવાની છે). નિગોદની સેવાચાકરી કરવા તૈયાર રહો. સમજાય છે કાંઈ? શું કહે છે? આ ઉમેદવારી કરે છે કે નહિ? ... ઉમેદવારી કરે છેને પહેલા? કામ શીખે છે. તો નિગોદની ઉમેદવારી કરવાનું કામ શીખે છે. બાબુભાઈ! હા, પણ કુંદકુંદાચાર્યે તો, એક વસ્ત્રનો તાણો રાખીને મુનિ માને, મનાવે અને માનતાને રૂડું જાણે તો નિગોદ ગચ્છઇ. મિથ્યાત્વનું સેવન કરવાવાળો, નવ તત્ત્વની (વિપરીત શ્રદ્ધાવાળો) ... શું મુનિપણું કોને કહે છે? સમ્યગ્દર્શનપૂર્વક જેને એક દોરો પણ નિમિત્તમાં નહિ અને શરીર નગ્ન થઈ જાય, અઠ્ઠાવીસ મૂળગુણ જેને હોય એ પણ જેને આદરણીય નથી. એવી મુનિપદની દશાને ભૂલીને બીજી દશાને માની લ્યે છે એમાં નવેય તત્ત્વમાં ભૂલ અને મિથ્યાત્વનું સેવન (કરવાવાળો) નિગોદમાં જશે.

ટોડરમલે તો કહ્યું છેને? કરવું, કરાવવું અને અનુમોદવું ત્રણેનું એક ફળ છે. એમ લખ્યું છેને? કૃત, કારિત, અનુમોદના. મિથ્યાશ્રદ્ધાનું કરવું, કરાવવું અને કરતાને (રૂડું જાણવું), મોટી વાત છે તારી, મોટી ... વાત છે. સમજાય છે કાંઈ? એક ગતિ, ત્રણેની એક ગતિ છે. ભલે વચ્ચે કોઈ એકાદ-બે ભવ સ્વર્ગાદિમાં જાય, એ કંઈ ગણતરીમાં નથી. મૂળ અનંત ભવમાં જવાનો છે.

કહે છે કે ધર્મીજીવ અજ્ઞાની જે રાગનું ક્રમસર કામ કરતો કરતો ઓળંગી ગયો, કર્મનો ઉદય હું ઓળંગી ગયો. ઓળંગે નહિ કોઈ દિ'. તારા મિથ્યાત્વનું નવું સંતાન નાખીને, એ શુભભાવથી પરંપરા ધર્મ માનીને, અત્યારે મને ધર્મ છે એમ માનીને તારો સંસાર વધી જાય છે. ધર્મી મન-વચનકર્મોના ઉપરમથી, રાગથી નિવર્તતો '**ત્રિગુપ્તપણું પ્રવર્તતું હોવાથી પ્રચંડ ઉદ્યમ વડે પાકતું થકું, રાગદ્વેષ છોડ્યા હોવાને લીધે...**' દેખો! પહેલામાં રાગદ્વેષ ગ્રહણ કરવાથી (એમ હતું). રાગદ્વેષ છોડ્યા હોવાને લીધે એનો અર્થ શું? થયા છે અને છોડે છે એમ નહિ. રાગદ્વેષ ઉત્પન્ન જ નથી થતા. તેને રાગદ્વેષ છોડવાથી, કહે છે. ત્યાં ઉત્પન્ન થાય છે તેને ગ્રહણ કરે છે. અહીં ઉત્પન્ન જ થતા નથી.

'**રાગદ્વેષ છોડ્યા હોવાને લીધે સમસ્ત સુખદુઃખાદિ વિકારો અત્યંત નિરસ્ત થયા**

**હોવાથી...**' રાગદ્વેષની ઉત્પત્તિ નથી ત્યાં કલ્પનામાં સુખદુઃખની પરિણતિ નથી. જ્યાં રાગદ્વેષની ઉત્પત્તિ નથી અને જ્ઞાતા દૃષ્ટામાં લીન છે ત્યાં સુખ-દુઃખની પરિણતિનો વિકારનો અભાવ છે. '**ફરીને સંતાન ન આરોપતું જાય...**' દેખો! ફરીને સંતાન. ત્યાં કર્મબંધન ખલાસ થઈ ગયું. સ્વભાવમાં કર્મ નહિ, સ્વભાવમાં રાગ નહિ. એવા સ્વભાવ સન્મુખની સાવધાનીમાં ધર્મીને નવા કર્મ આરોપતું ન જાય એવી રીતે '**ઉચ્છવાસમાત્ર વડે જ,...**' ત્યાં કહ્યું હતું.. સમજાયું? લાખ કોટિ ભવમાં. ન્યાં લાખ ક્રોડ ભવ કરે એની સામે એક ઉચ્છવાસમાત્રમાં, '**લીલાથી જ,...**' ન્યાં કહ્યું હતું કે મહા કષ્ટથી. કહ્યું હતુંને? ગમે તેમ કરીને, મહા ક્લેશથી. અહીં કહે છે, લીલાથી, આનંદમાં, આનંદમાં. આત્માની લીલા પ્રગટ કરીને આનંદમાં '**જ્ઞાની નષ્ટ કરે છે.**' ઓલાને ઓળંગી ગયો એટલું કહ્યું હતું. સમજાય છે કાંઈ? ધર્મી સપ્તમ ગુણસ્થાનની મુખ્યપણે વાત છે. ગૌણપણે ભલે (નીચેની) લીધી હોય. '**લીલાથી જ, જ્ઞાની નષ્ટ કરે છે.**' સમજાય છે કાંઈ?

'**આથી, આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન ને સંયતત્વનું યુગપદપણું હોવા છતાં પણ...**' ત્રણે સાથે હોવા છતાં '**આત્મજ્ઞાનને જ મોક્ષમાર્ગનું સાધકતમ સંમત કરવું.**' સમજાયું? ટોડરમલે ત્યાં કહ્યું, ... હજી હવે આકરું આવે છે. ત્રણે અકિંચિત્કર છે એમ આવશે. આગમજ્ઞાન સમ્યક્ હોં! તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યક્, સંયતત્વ સમ્યક્. એ પણ આત્મજ્ઞાન અભેદ વિના અકિંચિત્કર છે. આગળ ગાથા ચાલશેને. સમજાય છે કાંઈ? તો કહે છે, આત્મજ્ઞાનને જ મોક્ષમાર્ગનું સાધકતમ (સંમત કરવું). આત્મજ્ઞાનનો અર્થ એ સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એમાં એકાકાર થઈને આત્મારૂપ થઈ ગયો. ત્રણેમાં અભેદ રત્નત્રય એકાકાર થઈ ગયા, એવું આત્મજ્ઞાન સપ્તમ ગુણસ્થાન તે જ મોક્ષમાર્ગનું સાધકતમ સંમત કરવું. એ જ મોક્ષમાર્ગનું સાધકતમ છે એમ માન્ય રાખવું. સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ :— અજ્ઞાનીને...**' સાદી ભાષામાં છે. ઓલામાં હતુંને? ક્રમપરિપાટી, ક્રમશઃ '**તથા બાળતપરૂપ ઉદ્યમથી કર્મ પાકે છે...**' કર્મ પૂર્વના કર્મ. '**જ્ઞાનીને તો જ્ઞાનીપણાને લીધે વર્તતા ત્રિગુપ્તપણારૂપ પ્રચંડ ઉદ્યમથી કર્મ પાકે છે;...**' પુરુષાર્થ.. પુરુષાર્થ.. અરે..! ભગવાન! ક્રમબદ્ધમાં વળી આ (પુરુષાર્થ) ક્યાં આવ્યો? એઈ..! પાટનીજી! અરે..! ભગવાન! ક્રમબદ્ધમાં સ્વયં અકર્તાના પુરુષાર્થની એકતા થઈ ગઈ. શ્રદ્ધાનો પુરુષાર્થ, જ્ઞાનનો પુરુષાર્થ, લીનતાનો પુરુષાર્થ. '**તેથી જે કર્મ અજ્ઞાની અનેક શત-સહસ્ર-કોટિ,...**' દેખો! શત-સહસ્ર-કોટિ. સો, હજાર, લાખ. નીચે લખ્યું છે. '**ભવો વડે, મહા કષ્ટથી, ઓળંગી જાય છે,...**' ઓળંગી જાય છે એટલે માંડ ઉદય ખરે અને નવું બંધાય.

'**તે જ કર્મ જ્ઞાની ઉચ્છવાસમાત્ર વડે જ,...**' રાગની ક્રિયા આદિ '**રમતમાત્રથી જ,...**' લીલાનો અર્થ કર્યો. રમતમાત્રમાં આનંદમાં લહેર કરતાં થકા. અતીન્દ્રિય આત્માનો સ્વાદ લેતાં થકા. દુઃખ નથી. લોકો કહે.. આહા..હા..! મહારાજ બહુ ... કરે છેને? શિયાળીયા કરે છે. ... શિયાળ.. શિયાળ.. છેને આપણે ત્યાં? સુકૌશલ મુનિ. શું છે? ... અને ગજસુકુમારને અગ્નિ..

એની માતા સિંહણ ખાય છે. દુઃખી નથી, તારી દૃષ્ટિમાં ફેર છે. દુઃખી નથી. એ તો આનંદમાં પડ્યા છે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચુસે છે. નિર્વિકલ્પ સુધારસનો સ્વાદ ચુસે છે. તું કલ્પના ન કર, તને ખબર નથી. મુનિપણાની એકતા શું છે? આનંદ છે, અતીન્દ્રિય આનંદ છે. સમજાય છે કાંઈ? આવે છેને ઈ? છ ઢાળામાં આવે છે કે નહિ? જે વૈરાગ્ય આદિ કારણ છે તેને દુઃખરૂપ માને છે તે સંવર, નિર્જરાની ભૂલ. આવે છે કે નહિ? છ ઢાળામાં આવે છે. ખેદ વૈરાગ્યમાં. વૈરાગ્યમાં ખેદ માને છે. અરે..! આહા..હા..! તને સંવર, નિર્જરા શું વસ્તુ છે તને ખબર નથી. સંવર, નિર્જરા સ્વભાવની દૃષ્ટિમાં, સ્વભાવમાં સ્થિર હોવાથી અતીન્દ્રિય આનંદરસ ઝરે છે. આત્મામાં અતીન્દ્રિય આનંદનો કુંડ, સરોવર પડ્યું છે. એમાં એકાગ્રતાથી અતીન્દ્રિય આનંદ શાંત.. શાંત.. શાંતરસ ઝરે છે. તેથી.. સમજ્યા? કર્મ પાકી જાય છે, કર્મનો નાશ થઈ જાય છે.

**'જે કર્મ અજ્ઞાની અનેક શત-સહસ્ર-કોટિ ભવો વડે, મહા કષ્ટથી, ઓળંગી જાય છે, તે જ કર્મ જ્ઞાની ઉચ્છવાસમાત્ર વડે જ, રમતમાત્રથી જ, નષ્ટ કરે છે. વળી અજ્ઞાનીને તે કર્મ, સુખદુઃખાદિવિકારરૂપ પરિણમનને લીધે,...'** રાગ-દ્વેષ ગ્રહણ કર્યા છે તે કારણે. **'ફરીને નૂતન કર્મરૂપ સંતતિ મૂકતું જાય છે...'** નવા કર્મ બંધાતા નથી. **'જ્ઞાનીને તો સુખદુઃખાદિવિકારરૂપ પરિણમન નહિ હોવાથી તે કર્મ ફરીને નૂતન કર્મરૂપ સંતતિ મૂકતું જતું નથી.'** મૂકતું નથી જતું.

**'માટે આત્મજ્ઞાન જ મોક્ષમાર્ગનું સાધકતમ છે.'** મોક્ષમાર્ગ સમ્યગ્દર્શનથી શરૂ થયો. એક અવયવ. પણ એ ત્રણેની એકતા થયા વિના સાધકતમ મોક્ષમાર્ગ કહેવાતો નથી. અહીં ઉત્કૃષ્ટ વાત લેવી છે. સપ્તમ ગુણસ્થાનમાં જે એકાકાર થાય છે ધ્યાનની શ્રેણી, એ અલ્પ કાળમાં શ્રેણી ચઢીને સાતમેથી અપ્રમત્ત દશા થઈને શ્રેણી માંડીને અલ્પકાળમાં કેવળજ્ઞાન લે એવી અપ્રમત્તદશાને સાધકતમ કહ્યું છે. ભલે પંચમઆરાના હો, સાતિશય કેવળ ઉત્પન્ન ન થાય તોપણ સપ્તમ ગુણસ્થાનમાં રહેવાવાળા અપ્રમત્તદશામાં ઝુલનારા એને મોક્ષમાર્ગનું સાધકતમ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય, પૂજ્યપાદસ્વામી આદિ સંતો અપ્રમત્તમાં ઝુલતા હતા. એને ત્યાં સાધકતમ મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. વિકલ્પ ઉઠ્યો, તો કહે છે કે નહિ, નહિ, નહિ. એ શું કરશે? ત્રણ છે. દર્શન છે, જ્ઞાન છે, સંયતત્વ પણ છે, પણ અભેદતા વિના શું કરશે? અભેદતા વિના આવા ભેદ વિકલ્પ ઉઠે છે એ કંઈ નથી. આત્મજ્ઞાન મોક્ષમાર્ગનું સાધકતમ છે. ૨૩૮ થઈ.

**'હવે, આત્મજ્ઞાનશૂન્યને સર્વઆગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન,...'** સમ્યગ્દર્શન **'તથા સંયતત્વનું યુગપદપણું પણ અકિંચિત્કર છે...'** તેથી કાઢ્યું છેને એમણે સમ્યગ્દર્શન. અકિંચિત્કર? અર..ર..! સમજાય છે કાંઈ? છઠ્ઠા ગુણસ્થાનમાં સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સંયતત્વ. યથાર્થ લેતા આવ્યા છેને, યથાર્થ લેતા આવ્યા છે. પણ એ ત્રણેમાં અભેદ થઈને સપ્તમ ગુણસ્થાનની પ્રાપ્તિ ન થાય તો ત્રણે યુગપદ હોવા છતાં પણ **'અકિંચિત્કર છે...'** મોક્ષમાર્ગની એકતામાં એ

ત્રણ પ્રકાર અકિંચિત્કર છે. તો રાગની તો વાત જ શું કરવી? વ્યવહાર રત્નત્રય તો એમાં અકિંચિત્કર છે એ તો આવી ગયું, પણ નિશ્ચય રત્નત્રય પહેલા દર્શન, જ્ઞાન, ચારિત્ર છઠ્ઠા ગુણસ્થાને પ્રગટ થાય પણ ત્રણેની એકતા વિના એ ત્રણે અકિંચિત્કર છે. ઈ ૨૩૯ ગાથામાં કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૩, બુધવાર, તા. ૧૨.૯.૧૯૬૨**
**ગાથા-૨૩૯, ૨૪૦, પ્રવચન-૯**

આ પ્રવચનસાર, એમાં ચરણાનુયોગસૂચક ચૂલિકા ચાલે છે. વર્તમાન મોક્ષમાર્ગનો અધિકાર ચાલે છે. મોક્ષમાર્ગ કોને કહે છે? ૨૪૨ (ગાથા) થઈ ગઈ. પોતાનો આત્મા જ્ઞાન આદિ અનંત ગુણના પિંડસ્વરૂપ જે ભગવાન આત્મા છે એમાં એકાગ્રતા કરવી, એકાગ્રતા. એક જ દ્રવ્યને લક્ષમાં લઈને બર્હિદ્રવ્યનું લક્ષ છોડી, પોતાના આત્મામાં સમ્યગ્દર્શનથી એકાગ્રતા, સમ્યક્જ્ઞાનથી એકાગ્રતા, સમ્યક્ચારિત્રથી એકાગ્રતા (કરવી). ... પુસ્તક છે, ઘરમાં ત્યાં રાખો છો કે નહિ? એ તો ગુજરાતીમાં ઠીક પડશે, ગુજરાતી એને ઠીક પડે છે. ગુજરાતી આપો ગુજરાતી, ઘણાય ગુજરાતી છે.

સમ્યગ્દર્શન એટલે આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિમાં લક્ષ કરીને એકાગ્રતામાં પ્રતીતિ કરવી. એ પણ એકાગ્રતા છે. સ્વભાવ તરફનો એક વિષય બનાવીને પ્રતીત કરવી એ પણ સમ્યગ્દર્શનની એકાગ્રતા છે.

મુમુક્ષુ :— એકાગ્રતા...

ઉત્તર :— શું છે? એક અગ્ર.

મુમુક્ષુ :— એક એટલે?

ઉત્તર :— એક એટલે આત્મા, દ્રવ્યસ્વભાવ શુદ્ધ સામાન્ય. એને અગ્ર નામ મુખ્ય બનાવીને એમાં એકાકાર થઈને જ્ઞાનના ભાન સહિત પ્રતીતિ કરવી, તેને સમ્યગ્દર્શનની સ્વભાવમાં એક અગ્ર લક્ષમાં એકાગ્ર કહે છે. અહીં મોક્ષમાર્ગને એકાગ્ર કહ્યું છેને?

મુમુક્ષુ :— ત્રણ પર્યાય ભેગી થઈ માટે એકાગ્રતા?

ઉત્તર :— ત્રણ પર્યાય નહિ. દ્રવ્યની અંદર એકાકાર થયો તે એકાગ્રતા. દ્રવ્યમાં એક સમયમાં,

શુદ્ધ ધ્રુવ એમાં એક લક્ષ કરીને (એકાગ્રતા). ચૈતન્ય વસ્તુ અગ્ર નામ વિષય એક બનાવીને, એકને બનાવીને એમાં એકાગ્રતા થવી. ભારે ઝીણું. એક સ્વરૂપ ચૈતન્ય અનંત ગુણના પિંડરૂપ એક સ્વભાવ છે. એમાં એકમાં એકાગ્રતા નામ એને મુખ્ય બનાવીને એમાં લીન થવું, શ્રદ્ધાથી, જ્ઞાનથી અને ચારિત્રથી. અધ્યાત્મની વાત આખી સૂક્ષ્મ થઈ ગઈ. વર્તમાનમાં સ્થૂળમાં ચાલી સ્થૂળમાં.

કહે છે કે.. ઈ લખ્યું છેને? (શ્લોક-૧૬), **'અચળપણે અવલંબો કે જેથી તે (લોક) ઉલ્લસતી ચેતનાના અતુલ વિકાસને અલ્પ કાળમાં પામે.'** છેલ્લી લીટી છે. કાલે આવ્યું હતું કે નહિ? શું? ઉલ્લસતી ચેતના. ભગવાન આત્મા એકલો નિર્મળ અખંડાનંદ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ એકરૂપ ધ્રુવ લક્ષમાં લઈને એમાં એકાગ્રતા થવી, દર્શનની, જ્ઞાનની, ચારિત્રની, એ ત્રણેની એકાગ્રતાને અહીંયા મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. એકરૂપ થવું. એવો અનુભવ ન થાય ત્યાં સુધી એ ત્રણ પ્રકારની નિર્મળતા છે પણ થોડી છે તો એ પણ અકિંચિત્કર મોક્ષના કાર્યમાં કાંઈ કાર્ય કરતી નથી. તો વ્યવહારથી મોક્ષનું કાર્ય ક્યાં આવ્યું? સેઠી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, ઈ વાત છે. વ્યવહાર રત્નત્રયથી સાધકતમ થઈને મોક્ષ થશે (એ વાત રહેતી નથી). નિયમસાર તો કહે છે કે નિશ્ચય નિરપેક્ષ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર. જેમાં વ્યવહારની અપેક્ષા નથી. એવું પોતાનું સ્વરૂપ ચૈતન્યપ્રકાશના પુંજને પકડીને અનુભવમાં વ્યવહારની અપેક્ષા છોડીને તદ્દન નિરપેક્ષ નિશ્ચયરત્નત્રયની પ્રાપ્તિ થાય છે તે જ એક મોક્ષનો માર્ગ અને મોક્ષનું કાર્ય કરવામાં કારણ છે. સમજાય છે કાંઈ? ભારે! નગ્ન મુનિની નગ્ન વાત. દિગંબર મુનિઓ બાદશાહ! નાગા બાદશાહથી આઘા એમ કહે છેને. નાગા તો બાદશાહથી આઘા, કોઈની દરકાર નહિ. એ માર્ગ છે. રુચિ કર, શ્રદ્ધા કર. દેહની ક્રિયાથી તો ધર્મ નથી પણ વ્યવહાર રત્નત્રય, સમ્યગ્દષ્ટિનો વ્યવહારરત્નત્રય એ પણ મોક્ષમાં બિલકુલ કારણ નથી. એ બંધનું કારણ છે. ભારે કઠણ જગતને. નિરપેક્ષ વાત... ભઈ, સાપેક્ષ તો કાંઈક હોવું જોઈએ હોં! સાપેક્ષ તો જ્ઞાન કરવાની વસ્તુ થઈ. એ મોક્ષનું કારણરૂપ વસ્તુ નથી. સમજાય છે કાંઈ? નિરપેક્ષ.

નિયમસારમાં તો પદ્મપ્રભમલધારીદેવે બહુ લીધું છે. જ્યાં ત્યાં નિરપેક્ષ. એ જ નિશ્ચય વસ્તુ છે. પોતાના સ્વભાવ સન્મુખ દૃષ્ટિ, અનુભવ અને રમણતા એનું એકરૂપ આત્મામાં થઈ જવું તે જ એક મોક્ષનું કારણ છે, બીજું કોઈ મોક્ષનું કારણ નથી.

परमाणुपमाणं वा मुच्छा देहादिएसु जस्स पुणो।
विज्जदि जदि सो सिद्धिं ण लहदि सव्वागमधरो वि।।२३९।।

**'ટીકા :— સકળ આગમના સારને હથેળીમાં રહેલા આમળા સમાન કર્યો હોવાથી...'** હાથમાં જેમ આમળો હોય આમળો, આમળા હોય છેને? આમ આમ કરીને જુએ બરાબર. **'હથેળીમાં રહેલા આમળા સમાન...'** સ્પષ્ટ જ્ઞાન છે. સાચું સ્પષ્ટ જ્ઞાન છે. સમજાય છે કાંઈ? ક્યાંય ગડબડી નથી કે રાગથી ધર્મ થાય છે કે નિમિત્તથી કોઈ કાર્ય થાય છે, મારાથી પરમાં કોઈ

કાર્ય થાય છે એમ નહિ. જેનું આગમજ્ઞાન હસ્તામલકવત્—હથેળીમાં રાખેલા આમળા સમાન સ્પષ્ટ જ્ઞાન થયું. અને **'જે પુરુષ, ભૂત-વર્તમાન-ભાવી સ્વોચિત પર્યાયો...'** શું કહે છે? અનંત જે દ્રવ્ય છે, અનંત પદાર્થ આત્મા આદિ અનંત. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ. છ દ્રવ્ય ભગવાન સર્વજ્ઞે જોયા એની ભૂત, વર્તમાન, ભાવી સ્વોચિત પર્યાય. પોતાને યોગ્ય જે પર્યાય દ્રવ્યની છે એને પણ સમ્યક્જ્ઞાની જાણે છે. અહીં સમ્યક્જ્ઞાન શ્રુતજ્ઞાનની વાત ચાલે છે, હોં! કેવળજ્ઞાનની નહિ. કેવળજ્ઞાનમાં તો બધું પ્રત્યક્ષ છે. સમજાય છે કાંઈ?

ભૂતકાળની પર્યાય, વર્તમાનકાળની પર્યાય અને ભાવીની પર્યાય, બધા દ્રવ્યની, બધા દ્રવ્યની ભૂત, વર્તમાન અને ભાવી જેમ સર્વજ્ઞ દેખે છે એવી પ્રતીતિ શ્રુતજ્ઞાનમાં જ્ઞાનમાં થઈ જાય છે. ભૂતકાળની જે જે દ્રવ્યની જે સમયની યોગ્યતાથી પર્યાય થાય છે તે પર્યાય સહિત, એમ અહીંયા કહેવું છે. **'પર્યાયો સહિત અશેષ દ્રવ્યસમૂહને જાણનારા આત્માને જાણે છે,... '** આમ જાણવાવાળા આત્માને જાણે છે. શું કહ્યું સમજાણું? આત્મા કેવો છે? કે ભૂત, વર્તમાન અને ભવિષ્ય એવી જે છ દ્રવ્યની પર્યાય તેની સમય સમયની યોગ્યતાથી જે સ્વોચિત છે, એમાં વિકારી-અવિકારી બધી આવી ગઈ, સમજાય છે કાંઈ? એ બધા ભૂત, વર્તમાન, ભાવી સ્વોચિત પર્યાયો સાથે અશેષ દ્રવ્યસમૂહને, બધા દ્રવ્યને **'જાણનારા આત્માને...'** પાછું એમ. એને જાણનાર આત્મા એને જ જાણે છે. બરાબર જાણે યથાર્થ. વિપરીત એક અંશ પણ નહિ. સમજાય છે કાંઈ?

**'શ્રદ્ધે છે...'** આ શ્રદ્ધે છે એ પણ સમ્યગ્દર્શન નિશ્ચય છે. આ જે જાણે છે એ પણ સમ્યક્જ્ઞાન નિશ્ચય છે. સ્વપર્યાય અંદર પ્રગટ થઈ છે. ત્રણ કાળ ત્રણ લોકને યોગ્ય જે પર્યાય છે તેનાથી સહિત સમસ્ત દ્રવ્ય જેના જ્ઞાનમાં આવ્યા એમ જાણનાર આત્મા. એમ જાણનાર આત્મા. શ્રુતજ્ઞાનમાં પણ બધા દ્રવ્યની પર્યાય સહિત દ્રવ્યનું જ્ઞાન થઈ જાય છે ભાવશ્રુતમાં. પરોક્ષ, પ્રત્યક્ષનો જ ફેર છે. ભાવશ્રુત સમ્યગ્દર્શનના જ્ઞાનમાં બધું એના ખ્યાલમાં આવી જાય છે. તો કહે છે, જાણનારા આત્માને જાણે છે. પાછું એમ. એ બધા દ્રવ્યને સ્વોચિત પર્યાય સહિત જાણે છે એમ નહિ. પોતાના જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોકની પર્યાય સહિતના બધા દ્રવ્યને જાણનારો આત્મા. જાણનારો આ આત્મા, એમ જાણે છે. સમ્યક્જ્ઞાન છે અને શ્રદ્ધાન કરે છે. સમ્યગ્દર્શન છે. આવી જ વસ્તુ આમ છે એવી અંતરમાં જ્ઞાનના સ્વસંવેદનમાં પ્રતીતિ પણ સમ્યક્ સત્ય થઈ ગઈ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કેવળજ્ઞાન નથી. આ શ્રુતજ્ઞાનની વાત ચાલે છે. હજી તો છઠ્ઠા ગુણસ્થાનની વાત ચાલે છે. છઠ્ઠા ગુણસ્થાનમાં આવી દશા છે.

**'અને સંયમિત રાખે છે,...'** અંતરમાં સ્વરૂપમાં અતીન્દ્રિય પર્યાયમાં લીન છે. અકષાય છે,

ત્રણ કષાયનો નાશ થયો છે અને એટલો સ્વરૂપમાં લીન છે. નિર્વિકલ્પ અભેદ નહિ. સપ્તમ ગુણસ્થાનને યોગ્ય નહિ. સંયમિત છે, સંયમિત છે. સ્વરૂપમાં ત્રણ કષાયનો અભાવ થઈને વીતરાગી પરિણતિ પરથી નિરપેક્ષ પરિણતિ અંદર પ્રગટ થઈ છે. બહુ ઝીણી પણ વાત. દેવીલાલજી! એને શું લાગે? પણ આ બૈરા-બૈરાને લાગે કે નહિ? વાર લાગશે. ભઈ, આ તો વસ્તુ એવી છે.

ભગવાન આત્મા એના પ્રત્યક્ષ જ્ઞાનમાં પોતાના જ્ઞાનમાં... પ્રત્યક્ષનો અર્થ પરની અપેક્ષા એમાં નથી. એવું જ્ઞાન ત્રણ કાળ ત્રણ લોકનું પર્યાય સહિતનું જ્ઞાન થયું કે આ છે, આવી પર્યાય છે, આવી પર્યાય જડની, આવી ચૈતન્યની.. સમજાય છે કાંઈ? જેવી એની યોગ્યતા અને ક્રમબદ્ધ જેવી પર્યાય છે તે સહિત દ્રવ્યનું જ્ઞાન થયું એમ કહે છે. સ્વોચિત છે કે નહિ? આહા..હા..! હજી તો એ વાત બેસવી કઠણ. હજી તો પહેલી મૂળ વાત, આ તો સાધારણ વાત છે. સમજાય છે કાંઈ? જે દ્રવ્ય, જે ગુણ, જે સમયે જેની પર્યાય પ્રગટ તે સમયે થવાની છે એવા ત્રણ કાળના સમયમાં જે પર્યાય જે સમયે જે થવાની થાય છે તે પર્યાય સહિત દ્રવ્યને જે આત્મા જાણવાવાળો આત્મા છે, તે આત્માને પણ જાણે છે. અને શ્રદ્ધા કરે છે અને સંયમિત રાખે છે.

'**તે પુરુષને આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વનું યુગપદપણું હોવા છતાં પણ,...** ' ત્રણે એક સાથે હોવા છતાં પણ. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સંયતત્વ એક સાથે હોવા છતાં પણ '**જો તે પુરુષ જરાક મોહમળ વડે લિપ્ત હોવાને લીધે...**' જરી રાગ જો હોય, શરીર પ્રત્યે જરી (રાગ હોય). મોહ શબ્દે મિથ્યાત્વ નહિ, ચારિત્રદોષની જરીક અસ્થિરતા, વિકલ્પ છે. શરીર પર લક્ષ (જાય છે). '**મોહમળ વડે લિપ્ત હોવાને લીધે શરીરાદિ પ્રત્યેની મૂર્છા વડે...** ' અર્થાત્ રાગ છે એ તો બધા પદાર્થમાં એટલી અસ્થિરતા થાય છે. સમજાય છે કાંઈ? તો કહે છે કે '**જરાક મોહમળ વડે લિપ્ત હોવાને લીધે...**' શરીર, વાણી પ્રત્યેના થોડા વિકલ્પ છેને, એકત્વબુદ્ધિ નહિ, એકત્વબુદ્ધિ નહિ. સમજાય છે કાંઈ? રાગની એકત્વબુદ્ધિ નહિ, પર સાથે એકત્વબુદ્ધિ નહિ. જરી વિકલ્પ ઉઠે છે. વિકલ્પ રહિત નિર્વિકલ્પ સ્થિરતા જે જોઈએ સપ્તમ ગુણસ્થાન યોગ્ય, એ નથી અને રાગ, પર ઉપર લક્ષ કરવાથી અસ્થિરતા થાય છે. શરીર, વાણી, વિહારમાં, વાણીમાં જે રાગ(સહિત) લક્ષ જાય છે તેટલા પ્રત્યે '**મૂર્ચ્છા વડે ઉપરક્ત રહેવાથી,...**' મલિન રહેવાથી. એટલી વિકારી દશા હોવાથી. સમજાય છે કાંઈ? આટલો પણ રાગનો કણ રહી જાય (તો) '**નિરુપરાગ ઉપયોગમાં પરિણત કરીને જ્ઞાનાત્મક આત્માને અનુભવતો નથી,...**' આહા..હા..! કહે છે કે જરી શરીર પ્રત્યે એટલું લક્ષ છેને, વાણી પ્રત્યે લક્ષ છે તો એટલું પણ મલિન કારણ (રહ્યું છે).

ભગવાન '**નિરુપરાગ ઉપયોગમાં પરિણત કરીને...**' નિરુપરાગ—ઉપરાગ નામ મલિનતા નહિ, નિર્મળ નિર્વિકાર શુદ્ધ ભગવાન દૃષ્ટિમાં લીધો હતો, જ્ઞાનમાં આવ્યો હતો, સંયત પણ એટલો થયો છે પણ આટલો રાગ જરી શરીર પ્રત્યેનો, લક્ષ વાણી પ્રત્યે છે, તો નિરુપરાગ ઉપયોગ..

અહીં નિરુપરાગ ઉપયોગ કહ્યું છે, ભાઈ! નિરુપરાગ દ્રવ્ય નહિ. સમજાય છે કાંઈ? '**નિરુપરાગ ઉપયોગમાં પરિણત કરીને...**' ઉપયોગમાં જરી રાગ હતો એને છોડીને. નિર્મળ ઉપયોગમાં પરિણત કરીને '**જ્ઞાનાત્મક આત્માને અનુભવતો નથી,...**' એકલા જ્ઞાનસ્વરૂપ આત્માનો, જ્ઞાતા-જ્ઞેય-જ્ઞાયકના ભેદને છોડીને (અનુભવ કરતો નથી). એ સપ્તમ ગુણસ્થાન યોગ્યની અનુભવદશા નથી કરતો '**તો તે પુરુષ માત્ર તેટલા (જરાક) મોહમળકલંકરૂપ જે ખીલી તેની સાથે...**' તે પુરુષ તેટલા મોહમળકલંક મલિનતાની પર્યાયને કારણે ખીલી સાથે, ખીલા સાથે બંધાઈ ગયો છે. એ રાગના અંશનો ખીલો. ખીલો સમજો છો? ખીલો ખીલો કહ્યુંને? ઢોરને બાંધે છે કે નહિ? પશુને. ખૂંટો ખૂંટો. ખૂંટો અમારી કાઠિયાવાડી ભાષા છે. ખીલો કહે છેને. ગાયને, ભેંસને બાંધે છે. ખૂંટો. ભગવાન જ્ઞાન એકલા જ્ઞાયકમાં નિરુપરાગ ઉપયોગ પરિણત કરીને. રાગને છોડીને, એટલા વિકલ્પને (છોડીને) નિર્વિકલ્પ આનંદધારા, નિર્વિકલ્પ જ્ઞાનધારા એવા આત્માને અનુભવતો નથી તો તેટલા '**મોહમળકલંકરૂપ જે ખીલી તેની સાથે બંધાયેલા કર્મોથી નહિ છૂટતો થકો...**' આઠ કર્મ નહિ છૂટે, મોક્ષ નહિ થાય. સમજાય છે કાંઈ?

એટલા રાગથી પણ કર્મ નહિ છૂટે. અને ત્યાં મુનિને તો જરી રાગ છે, શરીર પ્રત્યેનું લક્ષ (જાય છે કે) આવો સંયમ હો, બસ એટલું. એટલા કલંકબંધને લીધે '**કર્મોથી નહિ છૂટતો થકો સિદ્ધ થતો નથી.**' એનો મોક્ષ નહિ થાય. સમજાય છે કાંઈ? અહીં તો હજી શરીરની ક્રિયાથી મને લાભ થશે (એમ માને). અહીં એટલે અનાદિની માન્યતામાં. સેઠી! અને શુભરાગ આવ્યો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો. બસ, એમાં પણ કંઈક સંવર, નિર્જરા છે. ધૂળમાંય નથી, સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ આવે છે, સંવર, નિર્જરા નથી, એનાથી ધર્મ નથી, એનાથી અંતર્મુખ થવાની રાગમાં તાકાત નથી. સમજાય છે કાંઈ? એવો મોક્ષમાર્ગ જે રાગથી નિરપેક્ષ થઈને નિજ સ્વભાવની અપેક્ષા કરીને આત્મજ્ઞાન અને અનુભવ અંતરમાં નથી કરતો તો એટલા રાગમાત્રથી પણ પુણ્યબંધ થાય છે પણ કર્મથી છૂટકારો થતો નથી.

એમ કહ્યુંને? '**તેટલા (જરાક) મોહમળકલંકરૂપ જે ખીલી તેની સાથે...**' એમ કહ્યું ભાઈ. કર્મને કારણે રાગ (રહે છે) એમ અહીંયા શબ્દ નથી. કલંકરૂપ ખીલી એમ લીધું છે. પોતાના દોષને કારણે જે રાગ આવ્યો, ભલે પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીસ મૂળગુણના પરિણામ એ રાગની ખીલી છે. મોહમળકલંક છે. આહા..હા..! મુનિ અઠ્યાવીસ મૂળગુણ (પાળતા હોય), સાચા મુનિ ભાવલિંગી હો અને અઠ્યાવીસ મૂળગુણમાં આવ્યા તો કહે છે, મોહમળકલંક છે. સમજાય છે કાંઈ? એટલા માત્રથી મોક્ષ નહિ થાય. છે? મુનિદશા. આહા..હા..! '**મોહમળકલંકરૂપ જે ખીલી તેની સાથે બંધાયેલા કર્મોથી નહિ છૂટતો થકો સિદ્ધ થતો નથી.**' સમજાય છે કાંઈ? એની મુક્તિ નહિ થાય. મુક્ત સ્વભાવ તો સ્વભાવની એકતાથી થાય છે. શું એમાં રાગ આવ્યો અને નિમિત્તની અપેક્ષા રહી તો એનાથી મોક્ષ થાય છે? સમજાય છે કાંઈ?

તો કહે છે કે ભગવાન આત્મા... પહેલા શ્રદ્ધામાં આવી નિર્મળતા સ્વભાવ સન્મુખ થઈને

થવી જોઈએ કે રાગમાત્રથી મારામાં કોઈ લાભ નહિ થાય. અશુભથી તો નહિ પણ શુભથી પણ નહિ. વ્યવહારરત્નત્રય પણ બંધનું જ કારણ છે. જેને વ્યવહારરત્નત્રય કહેવો, જેને મોક્ષમાર્ગ કહેવો એ પણ બંધનું જ કારણ છે. વસ્તુ તો આવી છે. માને, ન માને એ તો એની સ્વતંત્રતા છે.

**'આથી આત્મજ્ઞાનશૂન્ય...'** આત્મજ્ઞાનશૂન્યનો અર્થ આત્મામાં એકતાની સ્થિરતા વિના **'આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વનું યુગપદપણું પણ અકિંચિત્કર જ છે.'** આ અકિંચિત્કર શબ્દ એવો કઠણ પડેને. રાગ તો અકિંચિત્કર છે જ, આત્મામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના કારણમાં રાગ જે શુભરાગ છે એ તો અકિંચિત્કર છે જ. રાગ આત્માને કંઈ લાભ કરતો નથી. પણ અહીંયા તો કહે છે કે આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન (અકિંચિત્કર છે). આગમ એટલે એકલું શાસ્ત્રનું (જ્ઞાન) નહિ. અંદર આગમજ્ઞાન. કહ્યુંને પહેલા? ભાવજ્ઞાન. આવો હું જાણનારો છું એવું જ્ઞાન થયું. સમ્યગ્દર્શન સાચું થયું, સંયતત્વ પણ આવ્યું, બાહ્યમાં નગ્નદશા છે. ઘરમાં રહીને એવી દશા થતી નથી. મોતીલાલજી! ઘરમાં રહીને.. કહે છેને? ઘરમાં રહેવા છતાં પણ એ વ્યવહાર ક્યાં નડે છે? નિશ્ચય થયા પછી વ્યવહાર ક્યાં નડે છે? કોણ કહે છે નડે છે? 'નડે છે' એને શું કહે છે? બાધા કરી શકે છે શરીર. બાધા નહિ પણ એ તરફનું લક્ષ છે તો શરીરની નગ્નદશા નથી થઈ. નથી થઈ એને કારણે, પણ જેટલો રાગ છે એટલી નગ્નદશા ન રહી, વસ્ત્રસહિત રહ્યો એમાં રાગનું નિમિત્ત છે. એવો રાગ પણ દૃષ્ટિમાંથી છૂટી ગયો કે પરને કારણે નગ્નદશાથી મારામાં લાભ થશે એ તો છે જ નહિ. છતાં નગ્નદશા છે, સંયતત્વ છે, સમ્યગ્દર્શન, જ્ઞાન છે, પણ જરી આટલો વિકલ્પ રહી ગયો શરીર સન્મુખનો પ્રમાદભાવ. એ શુભભાવ પણ પ્રમાદ છે. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો રાગ પણ પ્રમાદ છે. સમજાય છે કાંઈ? વ્યવહારની અપેક્ષા છોડીને સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ કરે તેને મોક્ષમાર્ગ થાય છે, બીજાને થતો નથી.

**'યુગપદપણું પણ અકિંચિત્કર જ છે.'** એટલે પછી ટોડરમલે એમ કાઢ્યું કે ત્રણ વ્યવહાર હો નામનિક્ષેપે. એમ કાઢ્યું. એણે સમ્યગ્દર્શનની પ્રધાનતાથી વાત કરી. ત્રણ ઠેકાણે. આગમજ્ઞાન કહ્યું છેને? પ્રશ્ન ઉઠાવ્યો છે ભાઈએ કે પ્રવચનસારમાં આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન કહ્યું છે અને સંયત કહ્યું છે. ભાઈ! એ નામનિક્ષેપે આગમજ્ઞાન.. આ એની વાત કરે છે, આ ત્રણ બોલની. નામનિક્ષેપથી કહ્યું છે. એમ એમાં સમ્યગ્દર્શનની પ્રધાનતાથી વાત કરે છે. અહીંયા ચાલતી આવતી એક એક ગાથા ચડતી છે. અહીંયા આગમજ્ઞાન નામનિક્ષેપે તો નથી. છે તો ભાવનિક્ષેપે. પણ સાતમાને લાયક નથી માટે એ ભાવનિક્ષેપ હોવા છતાં... ભાવનિક્ષેપ સમજો છો કે નહિ? ભાવરૂપ સમ્યક્જ્ઞાન, દર્શન, સંયત છે. ભાવભાસનપૂર્વક ભાવ પ્રગટ્યો છે. પણ સપ્તમ ગુણસ્થાન યોગ્ય જે દશા જોઈએ તે નથી. નહિ, નહિ, નહિ. શુદ્ધ ઉપયોગની એકતા વિના મોક્ષમાર્ગ નથી. તો છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય પણ અહીંયા અકિંચિત્કર છે. એ ત્રણે નિર્મળ પર્યાય પણ અકિંચિત્કર છે. મોક્ષને માટે કાંઈ કરતી નથી, જરીયે કરતી નથી. અ નામ નહિ, કિંચિત્ કાર્ય કરતું નથી. સમજાય છે કાંઈ? એ વસ્તુનું સ્વરૂપ (એવું છે). લીનતા કર્યા વિના ધારા ક્યાંથી ચડશે? એ તો વિકલ્પ છે, પ્રમાદ

છે. આમ ચાલું, આમ બોલું, આમ કહું. એ બધો રાગ છે. શાસ્ત્ર રચું, શાસ્ત્ર રચું. એટલો પણ સંઘ પ્રત્યે પ્રેમ છે કે સંઘમાં આટલું હોય તો ઠીક. એ પણ રાગ છે શાસ્ત્ર રચવાનો. શાસ્ત્ર રચવાનો ભાવ પણ રાગ છે. શેઠ! રાગ શાસ્ત્ર રચવાનો, શાસ્ત્ર બનાવું. રાગથી બનતું તો નથી. બને તો એને કારણે છે, પણ રાગ આવ્યો એમાં સમયસાર શાસ્ત્ર રચું, ધવલ, પુષ્પદંત, ભૂતબલિ મહામુનિ જંગલમાં વસનારા ૨૨૦૦ વર્ષ થયા. વિકલ્પ આવ્યો, તાડપત્રમાં લખી લીધું. શાસ્ત્ર બની ગયા. કહે છે કે એ રાગ આવ્યો એ પણ પુણ્યબંધનું કારણ છે. સંવર, નિર્જરા નહિ, મોક્ષમાર્ગ નહિ. બીજાને મોક્ષમાર્ગમાં લગાવવાનો વિકલ્પ તો આવ્યો છે. કોઈ બૈરા, છોકરા માટે નથી આવ્યો. સમજાય છે કાંઈ? બનાવી શકે છે એમ નહિ, પુસ્તક તો પુસ્તકને કારણે બની ગયું. એમ મંદિર કોઈ બનાવી શકે છે એમ નથી, મંદિર તો મંદિરને કારણે બને છે.

મુમુક્ષુ :— પુદ્‌ગલને શું ખબર પડે કે મારે મંદિર બાંધવું છે?

ઉત્તર :— ખબરની વાત (ક્યાં છે)? એ પરમાણુની, સ્કંધની (પર્યાય તે કાળે રચાઈ જાય છે). અને ભાવ થયો અને ન બનવાનું હોય તો ન બને. ભાવ ઘણા હોય કે હું આને બનાવું. સો ઘર છે અને મંદિર બનાવું. નથી બનતું. જોયું નથી? એ તો એને કારણે બને ત્યારે વિકલ્પને નિમિત્ત કહેવામાં આવે છે, પણ છે રાગ શુભ. સમજાય છે? એમ શાસ્ત્ર રચવાનો ભાવ કે એક શાસ્ત્ર રચું, એક ભજન બનાવું. તો ભજન તો અક્ષર છે, અનંત પરમાણુનો સ્કંધ અક્ષર છે. એ અક્ષર-ફક્ષર પણ એને કારણે બને છે. આત્માથી ભજન બનતું જ નથી. પણ ભજન બનાવવાનો ભાવ છેને, ઈ રાગ છે. એટલા રાગથી પણ સપ્તમ ગુણસ્થાન આવતું નથી તો મોક્ષ નથી થતો, એમ કહે છે. સમજાય છે કાંઈ? 'અકિંચિત્કર જ છે.' ભાષા એમ છે. શબ્દ કેટલા કર્યા છે! અ-નહિ, કિંચિત્ કાર્યકર નથી. કિંચિત્ કાર્યકર જ નથી. ... જોડી દીધો.

એકલો જ્ઞાનગોળો ચૈતન્ય, રાગથી તદ્દન ભિન્ન થઈને અંતરમાં લીન થયા વિના જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન ત્રણના ભેદ છોડીને અભેદ થયા વિના મોક્ષ અથવા કેવળજ્ઞાન થતું નથી. પદ્મપ્રભમલધારીદેવ એક શ્લોકમાં કહે છેને? જૈનમાર્ગમાં ભેદવાદ ધ્યાનીને પણ ઉત્પન્ન થાય છે. ધ્યાનીને પણ અંદર વિકલ્પ ધ્યાનથી ખસીને ઉત્પન્ન થઈ જાય છે. હું આત્મા છું, હું શુદ્ધ છું, હું દર્શન છું. પણ ભેદથી મોક્ષ થશે કે નહિ? જૈનશાસનમાં કોણ જાણે? એમ લખ્યું છે એમણે. સમજાય છે કાંઈ? વિકલ્પ ઉઠ્યો છે જરી. સાચા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. અને ધ્યાનમાં એકાકારમાં ગયા. વિકલ્પ આવ્યો, અરે..! હું જ્ઞાન છું, હું આનંદ છું, હું શુદ્ધ છું એવો ભેદ ઉઠ્યો તો મુનિ કહે છે... મુનિ છે, આચાર્ય નથી પદ્મપ્રભમલધારીદેવ. એવો ભેદ વિકલ્પ ઉઠ્યો એને મોક્ષ થશે કે નહિ કોણ જાણે? અર્થાત્ મોક્ષ નહિ થાય. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— આગમજ્ઞાનશૂન્ય કેમ કહ્યું?

ઉત્તર :— કીધુંને, સપ્તમ ગુણસ્થાનનું આત્મજ્ઞાન (નથી). અનુભવમાં સ્થિર થયો એને અહીંયા આત્મજ્ઞાન (કહ્યું છે). આત્મજ્ઞાન એટલે આત્મામાં એકતા થવી. એમાં ભેદ ન રહ્યો,

વિકલ્પ ન ઉઠ્યો. એ અહીંયા સાતમાની વાત કરે છે. સમજાય છે કાંઈ? એથી જરી ટોડરમલે અર્થ કર્યો છેને અને ઘણે ઠેકાણે એવો અર્થ કર્યો છે કે આત્મજ્ઞાન તે સમ્યગ્દર્શન. પણ અહીંયા આત્મજ્ઞાન એટલે સપ્તમ ગુણસ્થાનની એકતા બતાવવી છે, અમૃતચંદ્રાચાર્યને. ચઢતા ચઢતા ચઢતા.. પહેલા આગમજ્ઞાન સમ્યક્ કહ્યું, સમ્યગ્દર્શન કહ્યું, સંયતત્વનું. વળી પાછી ગાથામાં ફેર કરીને નામનિક્ષેપવાળા કહ્યા એમ નથી, ચઢતા ચઢતા (ઉપરના ગુણસ્થાને) લઈ ગયા છે.

આત્મજ્ઞાનનો અર્થ જ અહીંયા સપ્તમ ગુણસ્થાન છે. એકલા અનુભવમાં ઠરવું. બસ! નગ્ન તો છે, મુનિ છે પણ અંતરમાં ઠર્યા વિના એને કેવળજ્ઞાન ધારા પ્રગટ થશે નહિ. કેવળજ્ઞાન તો અત્યારે છે નહિ. તેથી કહે છેને, **'સિદ્ધ થતો નથી.'** તો કેવળજ્ઞાન તો છે નહિ, તો આટલી વાત શું કામ કરે છે? ત્યારે કોઈ પંડિત એવું કાઢે છે કે દેખો! અહીંયા કહે છે, કુંદકુંદાચાર્ય પણ વિકલ્પ તોડીને આવા સિદ્ધ થયા છે. તો ઈ થયા છે તો આ કાળમાં સિદ્ધ થયા છે. પંચમકાળમાં પણ સિદ્ધ થાય છે. અરે..! સાંભળ તો ખરો. એ તો ઉત્કૃષ્ટ વાત કરે છે. પોતામાં એ સપ્તમ દશા આવે છે પણ પાછા ખસીને છઠ્ઠે આવી જાય છે. સાતમે લાંબો કાળ રહી શકતા નથી. તો સાતમે આવ્યા વિના સિદ્ધિ નથી થતી એમ નિશ્ચય કરાવે છે. સમજાય છે કાંઈ? એ પંડિત એવા છે મોટા એક પંડિત. જુઓ! કુંદકુંદાચાર્ય ક્યાં કહે છે કે વર્તમાનમાં સિદ્ધિ નથી થતી? આ રહી. એવા **'બંધાયેલાં કર્મોથી નહિ છૂટતો થકો સિદ્ધ થતો નથી.'** તો પોતાનો આત્મા એનાથી બંધાયો નથી, વિકલ્પ છૂટી ગયો. આ લખતી વખતે શું છે? લખતી વખતે વિકલ્પ છે કે નહિ? આ તો ઉત્કૃષ્ટ વાત કરે છે. રાગ છે. તાડપત્રમાં શબ્દ પડે છે, રાગ છે, રાગ છે. પર ઉપર લક્ષ જાય છે એ શુભરાગ છે. આટલી વાત શા માટે કરે છે? રાગ પોતે નાશ કરવાની વાત કરે છે અને લખવાનો રાગ તો છે. હવે સાંભળ તો ખરો. તને વસ્તુની સ્થિતિ યથાર્થ સમજવામાં વિરોધ કરવો છે. સમજાય છે કાંઈ? વિરોધ કરવો છે. એ તો આટલી વાત કરે છે તો સાતમે કેમ રહેતા નથી? કેમ આવો શાસ્ત્ર લખવાનો રાગ આવે છે? કેમ રાગ કરે છે? વળી ત્યાં સુધી બોલે ઈ તો. સાંભળ તો ખરો. કરે છે કોણ? આવે છે. આવ્યા વિના રહે નહિ. પણ અંતરમાં એને છોડીને સ્થિર થવું એનું વીર્યનું કામ છે એવું જોર દે છે.

ઉલટો પ્રાણી હોય તો (એવો કુતર્ક કરે કે) ઈ તો આટલી વાત કરે છે અને હજી શાસ્ત્ર લખવાનો રાગ તો ટાળતા નથી. આહા..હા..! અરે..! તને વિનય કરતા આવડતો નથી. તને વસ્તુની મર્યાદા શું કહે છે ઉત્કૃષ્ટ વાત એને (સમજતો નથી). પોતે આમ કરે અને બીજો આમ કહે કે વર્તમાનમાં પણ સિદ્ધ થાય છે. કુંદકુંદાચાર્ય ક્યાં ના પાડે છે કે વર્તમાનમાં નથી? સાતમું આવે છે તો નહિ છૂટતો થકો સિદ્ધ થતો નથી. પણ એમાં રહેવાથી સિદ્ધ થાય છે એમ સિદ્ધ થાય છે. અરે..! ભગવાન! કંઈક તારી કલ્પના. ઓહો..હો..! જીવની સ્વચ્છંદતા અનાદિથી ક્યાંક ક્યાંક ક્યાંક સલવાયેલો જ પડ્યો છે. સલવાણો સમજો છો? રોકાયો છે. .. જરીયે નહિ. એક બાજુ કહે કે ચોથા ગુણસ્થાનથી મોક્ષમાર્ગ શરૂ થઈ ગયો. સમયસારમાં એમ કહે કે સમ્યગ્દર્શન થયું, મોક્ષ થઈ

ગયો. આવે છેને ભાઈ કળશમાં? મોક્ષ એવ. સાંભળ તો ખરો. એક આત્માનું ભાન અનુભવમાં થઈ ગયું... એ દર્શનની પ્રધાનતામાં દર્શનનો વિષય દ્રવ્ય છે તો દ્રવ્ય તો મુક્ત જ છે, દ્રવ્ય તો મુક્ત જ છે એ અપેક્ષાથી ત્યાં મુક્ત કહી દીધું. અહીં તો પર્યાયની, એક એક પર્યાયની વાત કરે છે. છઠ્ઠા ગુણસ્થાનમાં એક વિકલ્પ આવ્યો તો મુક્તિ નહિ. પર્યાયમાં મુક્તિ નહિ. એ તો દ્રવ્યની મુક્તિ (કહી). દ્રવ્ય છૂટું જ છે એવી પ્રતીત જ્ઞાનમાં, અનુભવમાં થઈ ગઈ તો મુક્ત છે. મુક્તએવ, એમ શબ્દ પડ્યો છે કળશમાં. મુક્તએવ. એ ૨૩૯ ગાથા (પૂરી) થઈ. કહો, સમજાય છે કાંઈ?

'**હવે, આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના યુગપદપણાનું અને આત્મજ્ઞાનનું યુગપદપણું સાધે છે...**' લ્યો. ત્રણે છે છતાં આત્મજ્ઞાન નામ સપ્તમ ગુણસ્થાનમાં એકતા હોય છે. '**(આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન અને સંયતત્વ—એ ત્રિકની સાથે આત્મજ્ઞાનનું યુગપદપણું સાધે છે :—)**'

पंचसमिदो तिगुत्तो पंचेंदियसंवुडो जिदकसाओ।
दंसणणाणसमग्गो समणो सो संजदो भणिदो।।२४०।।

'**ટીકા :— જે પુરુષ અનેકાંતકેતન આગમજ્ઞાનના બળથી,...**' અનેકાંતકેતન. અનેકાંતનો અર્થ ઘણો થયો હતો. સેઠી! દ્રવ્ય દ્રવ્યમાં છે, દ્રવ્ય ગુણરૂપ નથી, ગુણ ગુણમાં છે, ગુણ પર્યાયરૂપ નથી, પર્યાય પર્યાયરૂપ છે. એક ગુણ ગુણરૂપ છે, બીજા ગુણરૂપ નથી. રાગ રાગરૂપ છે, નિર્મળપર્યાયરૂપ નથી. નિર્મળપર્યાય પર્યાયરૂપ છે, દ્રવ્યરૂપ નથી. એવા ભેદ કરીને અનેકાંતકેતન--ધજા, અનેકાંત-ધજા ફરકે છે. આગમના જ્ઞાનમાં અનેકાંત—અનેક ધર્મ પરસ્પર વિરુદ્ધ એમ બતાવનાર આગમ, એવા આગમજ્ઞાનના બળથી. '**સકળ પદાર્થોના જ્ઞેયાકારો સાથે મિલિત થતું...**' સમજાય છે કાંઈ? '**સકળ પદાર્થોના જ્ઞેયાકારો...**' બધા જે જ્ઞેય તેની સાથે પોતાના જ્ઞાનમાં જ્ઞેયાકારનું જ્ઞાન આવી ગયું. મિલિત નામ સંબંધ થઈ ગયો. જેટલા પરજ્ઞેય છે તેટલા બધાની વિશેષતા પોતાના જ્ઞાનમાં આવી ગઈ. પહેલા એ શબ્દ આવી ગયો, આ શબ્દ પહેલા આવી ગયો છે.

'**વિશદ એક જ્ઞાન જેનો આકાર છે...**' એવો ભગવાન આત્મા બધા જ્ઞેયનું સ્વરૂપ પોતાના જ્ઞાનમાં પી ગયો છે. જ્ઞાનમાં આવી ગયું છે. એવા જ્ઞેયાકારનું પોતાનું જ્ઞાન જેનું સ્વરૂપ છે '**એવા આત્માને શ્રદ્ધતો...**' એવા આત્માનું શ્રદ્ધાન '**અને અનુભવતો થકો,...**' સમજાય છે કાંઈ? એવો '**અનુભવતો થકો, આત્મામાં જ નિત્યનિશ્ચળ વૃત્તિને ઈચ્છતો થકો,...**' આત્મામાં અંદર નિજ પરિણતિને અંતરમાં સ્વરૂપમાં લીનતા થવાની ભાવના કરે છે. '**સંયમના સાધનરૂપ બનાવેલા...**' સંયમનું નિમિત્તસાધન '**શરીરપાત્રને...**' સંયમનું વ્યવહારસાધન, નિમિત્તસાધન બનાવેલા '**શરીરપાત્રને પાંચ સમિતિથી અંકુશિત પ્રવૃત્તિ વડે પ્રવર્તાવતો,...**' અંતરમાં પાંચ સમિતિની પ્રવૃત્તિ નિશ્ચય, અંતરંગની વાત છે.

મુમુક્ષુ :— વ્યવહાર પાંચ સમિતિ...

ઉત્તર :— ઈ વાત નથી અહીંયા.

**'પાંચ સમિતિથી અંકુશિત પ્રવૃત્તિ વડે પ્રવર્તાવતો,...'** અંતરમાં ઈર્યા સમિતિ-પોતાના પંથમાં એકાકારતા, ભાષાસમિતિ એ વિકલ્પ નહિ, પોતામાં નિર્મળ પરિણતિ આદિ. એષણા— અંતરમાં દ્રવ્યમાંથી પર્યાય શોધવી અને નિર્મળ થવું. એવી પાંચ સમિતિ એનાથી **'અંકુશિત પ્રવૃત્તિ વડે પ્રવર્તાવતો,... '** આત્માને એમાં પ્રવર્તાવતો. પોતાના શુદ્ધ સ્વભાવમાં પાંચ સમિતિથી પ્રવર્તાવતો. પાંચ સમિતિ દ્વારા અંતરમાં પ્રવર્તાવતો થકો. ઓહો..! **'ક્રમશઃ પાંચ ઈન્દ્રિયોના નિશ્ચળ નિરોધ દ્વારા...'** પાંચેય ઈન્દ્રિયોનો અંદર નિરોધ થઈ ગયો. એનું લક્ષ છોડીને અંતર અતીન્દ્રિયમય થઈ ગયો. **'જેને કાય-વચન-મનનો વ્યાપાર વિરામ પામ્યો છે...'** સમજાય છે કાંઈ? કાય-વચન-મનનો વ્યાપાર વિરામ વિરામ પામી ગયો.

**'એવો થઈને, ચિદ્‌વૃત્તિને પરદ્રવ્યમાં ભ્રમણનું નિમિત્ત જે કષાયસમૂહ તે** (કષાયસમૂહ) **આત્માની સાથે અન્યોન્ય મિલનને લીધે અત્યંત એકરૂપ થઈ ગયો હોવા છતાં પણ...'** શું કહે છે? જે ચિદ્‌વૃત્તિને પરદ્રવ્યમાં ભ્રમણ (અર્થાત્) જરી વૃત્તિ ઉઠે છે. પરદ્રવ્યમાં ભ્રમણ એટલે ઈ. એવું જે નિમિત્ત જે કષાયસમૂહ અંદરમાં તે **'આત્માની સાથે અન્યોન્ય મિલનને લીધે...'** જાણે રાગ અને આત્મા એક થઈ ગયા હોય. એવા **'અત્યંત એકરૂપ થઈ ગયો હોવા છતાં પણ સ્વભાવભેદને લીધે તેને પરપણે નક્કી કરીને...'** પહેલા બતાવ્યું કે જાણે એક ક્ષણમાં ભેગા છેને રાગ અને જ્ઞાન. જે સમયે જ્ઞાન ઉત્પન્ન થાય છે, તે જ સમયે રાગ ઉત્પન્ન થાય છે. જે ક્ષેત્રમાંથી જ્ઞાન ઉપયોગ ઉત્પન્ન થાય છે, પોતાના સ્વક્ષેત્રમાં જ્ઞાન ઉત્પન્ન થાય છે તે સમયે રાગ ઉત્પન્ન થાય છે. કાળ એક, ક્ષેત્ર એક, ભાવ ભિન્ન. સમજાય છે કાંઈ? ચરણાનુયોગમાં આવી વાત કરી છે. ઓહો..હો..! કુંદકુંદાચાર્યની કોઈ કથનની પદ્ધતિ! દ્રવ્યાનુયોગમાં તો કથન કરે, પણ ચરણાનુયોગ જ્યાં વ્યવહારના વિકલ્પની વાત કરે છે એમાં આ નાખી દીધું. સમજાય છે કાંઈ? આહા..હા..!

**'ચિદ્‌વૃત્તિને...'** જુઓ! ચિદ્‌ની પરિણતિને **'પરદ્રવ્યમાં ભ્રમણનું નિમિત્ત જે કષાયસમૂહ...'** પરથી થયું એમ નહિ. પોતામાં રાગ આવ્યો, કષાયસમૂહ (ઉત્પન્ન થયો). અનેક પ્રકારના શુભના વિકલ્પ. પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે. દેવ ઉપર, ગુરુ ઉપર, શાસ્ત્ર ઉપર. તે **'આત્માની સાથે અન્યોન્ય મિલનને લીધે...'** જાણે આત્મા અને રાગ એક છે. કાળે, ક્ષેત્રે એક છે એમ. કાળે અને ક્ષેત્રે તો એક છે, ભાવે ભિન્ન છે. રાગનો કણ એ આસ્રવ છે અને સ્વભાવ સન્મુખની પરિણતિ તે અનાસ્રવ છે. ભારે ઝીણું ભાઈ! એક સમયની પર્યાયમાં ચાર બોલ. શું (કહ્યું) સમજાણું? પર્યાય એક, ચારિત્રગુણની એક પર્યાય. એક પર્યાયમાં ચાર બોલ. મલિનતા એ આસ્રવ, બંધ. ભાવબંધ અને આસ્રવ. નિર્મળતા તે સંવર અને નિર્જરા. ઓહો..હો..! કહ્યુંને સમંતભદ્રાચાર્યે? હે નાથ! આપે એક સમયમાં દ્રવ્યના ઉત્પાદ, વ્યય, ધ્રુવ ત્રણ વાત કરી. અમને ખબર પડી ગઈ કે આપ સર્વજ્ઞ છો. સમય એક અને ત્રણ સત્. અહીં સમય એક અને ચાર સત્. આસ્રવ પણ સત્ છે,

બંધ-ભાવબંધ પણ સત્ છે. એક પર્યાય સત્‌ના ચાર સત્. આ તો સર્વજ્ઞ સિવાય કોઈ કહી શકે નહિ અને જ્ઞાની સિવાય એની વાત બેસી શકે નહિ. સમજાય છે કાંઈ?

દ્રવ્ય વસ્તુ છે, ગુણ શક્તિ છે અનંત, પર્યાય અનંત છે અનંત ગુણની. એમાં એક ચારિત્રગુણની એક પર્યાય. ચારિત્રગુણની એક જ પર્યાય. પર્યાય બે નથી, કાળ બે નથી, પર્યાય બે નહિ. ભાવ ચાર, ચાર ભાવ. સમજાય છે કાંઈ? સ્વભાવ તરફની જે શુદ્ધતા છે તે સંવર, પહેલાની અપેક્ષાએ એમાં શુદ્ધિ વધી તે નિર્જરા અને એમાં નહોતી એવી પર્યાય જરી મલિન થઈ તે આસ્રવ, એ રોકાઈ ગયો છે, નિમિત્તનું લક્ષ કરીને વિકારમાં રોકાઈ ગયો છે તે ભાવબંધ. એક પર્યાયમાં ચાર. ઓહો..હો..! સમજાય છે કાંઈ? દ્રવ્યાનુયોગ... શેઠ કહે, એક વાત આવે ઈ માંડ બેસાડે ત્યાં બીજી આવે. બીજી આવે ત્યાં ત્રીજી. આ વાત તો ભાઈ અંતરની વાત તો એવી છે. બહારથી પત્તો ખાય નહિ.

'**અત્યંત એકરૂપ થઈ ગયો હોવા છતાં પણ સ્વભાવભેદને લીધે...**' જુઓ! સ્વભાવભેદને લીધે. રાગ મલિન, મલિન, આકુળતા. આકુળતાના બે પ્રકાર—આસ્રવ અને બંધ. અને સ્વભાવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એ તરફ પર્યાય ઝુકી (તો) શુદ્ધિ (થઈ અને) શુદ્ધિની વૃદ્ધિ (થઈ). એ સંવર અને નિર્જરા. આવા સ્વભાવભેદને લીધે '**તેને પરપણે નક્કી કરીને...**' રાગ અને ભાવબંધને પરપણે નક્કી કરીને. આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા દ્રવ્ય, ગુણે તો શુદ્ધ છે. એવી અંતર પ્રતીતિ અનુભવમાં થઈ ગઈ. આગમજ્ઞાન પણ સ્વસંવેદનમાં યથાર્થ થઈ ગયું. આગમજ્ઞાન એકલું બળ નહિ. એ તો નિમિત્તથી વાત કરી ચરણાનુયોગ છે એટલે. આગમબળથી કીધું છેને ભાઈ અંદર? આગમબળથી પણ એ તો નિમિત્તથી. બાકી ભાવજ્ઞાન છે. એકલા આગમના લક્ષે થયેલું એ જ્ઞાન નહિ. સમજાય છે કાંઈ?

આ તો ધર્મની પારાયણ છે. ધર્મને સમજવા માટે વિવેક ઘણો જોઈએ. એમ કોઈ પોપાબાઈનું રાજ નથી કે ઝટ મળી જાય. પોપાબાઈનું રાજ કહે છેને? પોપ લીલા, નહિ પોપ લીલા? રોમના પોપ. ઈ હમણા આવ્યો હતો મોટો પોપ. દરરોજ એને... કેવું જાપાનને? દરરોજ માણસો વંદન કરવા આવે. મોટી ટોપી પહેરે છે. અંદર તો ગરવા દે નહિ એના મંદિરમાં. બહાર કઠોડામાં ઊભા રહે. બસ, થોડી વાર ઉભા રહે, દર્શન કરી લો... અત્યારે છે પોપ મોટો. આમ મોટી લાંબી ટોપી (પહેરી હોય). ઓહો..હો..! ક્યાં ધર્મ માની રાખ્યો છે! દરરોજ માણસોના ગંજ આખા દેશમાંથી (આવે). પગે લાગવા. એના મકાનમાં અંદર જવા દે નહિ કોઈને. બહાર કઠોડે આવે. આહા..હા..! ક્યાં ધર્મઘેલા... ધર્મઘેલા. ધર્મ કેમ થાય છે? ક્યાંથી થાય છે? દ્રવ્ય શું? વસ્તુ શું? ખબર ન મળે કાંઈ. અહીંયા કહે છે કે એવું નથી અહીંયા. આ તો અંદરમાં મહાન પ્રયત્નથી યથાર્થ સ્વતંત્રતાનું, વાસ્તવિકતા જેવો પદાર્થ છે એનું એણે જ્ઞાન કરવું જોઈએ અને એ જ્ઞાન વિના અંતર દૃષ્ટિ, સમ્યગ્દર્શન કદી થતા નથી.

તો કહે છે, ઓહો..! છદ્મસ્થની વાત કરે છે આ કે કેવળજ્ઞાનની? છદ્મસ્થની વાત ચાલે છે.

ઓહો..! તાકાત તારી! અનંત શક્તિનો ભંડાર ભગવાન, કહે છે કે એ રાગ અને આત્માની પર્યાય જાણે એક થઈ ગઈ હોય. એમ હોવા છતાં **'સ્વભાવભેદને લીધે તેને પરપણે નક્કી કરીને...'** એ પર છે એમ નિશ્ચય તો પહેલેથી કર્યો જ છે. સમજ્યા? હવે તો મારી નાખવા માટેની વાત છે. નિશ્ચય તો કર્યો છે પહેલા આગમજ્ઞાન અને સમ્યગ્દર્શનમાં. સમજાય છે? પણ શૈલી એવી આચાર્યની છેને, પૂરું રૂપ બતાવે છે. **'પરપણે નક્કી કરીને...'** કે હું જ્ઞાન ચૈતન્યસ્વભાવ, જ્ઞાનધારા, સ્વભાવધારા, શુદ્ધધારા એ મારો સ્વભાવ. રાગધારા, મલિનભાવ એ પરભાવ, એ પર. પોતાની પર્યાયમાં રાગ (થાય) એ પર અને પોતાની પર્યાયમાં સ્વભાવસન્મુખતાની શુદ્ધિ તે સ્વ. શરીર અને વાણી તો ક્યાંય ગયા. શરીર પર અને આત્મા સ્વ, એ તો ક્યાંય ગયું. સમજાય છે કાંઈ?

જ્ઞાનના ઉપયોગમાં જાણવું, રાગને જાણનારી પર્યાય, રાગ છે એવી પ્રતીતરૂપ પર્યાય એ શુદ્ધ છે, સ્વભાવ છે અને એ રાગ આવ્યો, જાણ્યું કે આ રાગ (થયો), તે અશુદ્ધ છે. તેને પરપણે નક્કી કરીને, પરપણે પર તરફનો ઝુકાવ છે એવી લાગણીને પરપણે નક્કી કરીને. **'આત્માથી જ તેને કુશળ મલ્લની માફક...'** દેખો! કુશળ મલ્લ હોયને? કુશળ મલ્લ. મારે નહિ આમ ધોકા અને હાથ, પણ એ મર્દન કરી કરીને મારી નાખે. એના શરીરને એવું મર્દન કરે કે લોહી અટકી જાય, લોહી થંભી જાય. હોયને મલ્લ, મલ્લ. પણ કુશળ મલ્લ હોં! એવું એક ઠેકાણા દાબેને કે લોહી બંધ થઈ જાય. રગ દબાવેને, અમુક દબાવે તો એકદમ બધું મસળી નાખે. સારા ... જુદી વાત, હોં! પાછી. આ તો મારી નાખવાની... અને સારા હોય હુશિયાર માણસ, ઈ એવી રીતે કરેને કે લોહી .. થઈ જાય, વાળ છૂટ્ટા. બે રૂપિયા લ્યે એક કલાકના, એક કલાકના બે, પાંચ. અત્યારે તો મોંઘુ હશે. એક રૂપિયો. પણ એક કલાકમાં મસળે એવું કે સ્ફૂર્તિ થઈ જાય એના શરીરમાં. ઈ નહિ, અહીં તો મારી નાખે એવો મલ્લ લેવો છે. સમજાય છે કાંઈ?

**'આત્માથી જ તેને કુશળ મલ્લની માફક...'** આહા..! અરે..! ભગવાન! તારી શુદ્ધતા અને તારી શક્તિનો આશ્રય લીધો તો કહે છે કે એ રાગ જરી દેખાય છે (તેને) **'અત્યંત મર્દન કરી કરીને...'** ભાષા જુઓ! અંદર મર્દન, આ રાગનું મર્દન કરું એમ છે? આ રાગનું હું મર્દન કરું એમ છે? એ તો વ્યવહારનયનું કથન કરે છે. રાગ છે એને ભિન્ન તો નક્કી કર્યો છે. સ્વભાવ તરફ ઝુકવાથી એ રાગનું મર્દન થઈ જાય છે. રાગનો નાશ થઈ જાય છે. મર્દન એટલે આ રાગ છે એનું મર્દન કરું (એમ નહિ).

મુમુક્ષુ :— ...

ઉત્તર :— રાગને જાણ્યો. સ્વભાવ સન્મુખમાં ધારા અંદર વહી તો રાગનું મર્દન કરીને નાશ કરી નાખ્યો એમ કહેવામાં આવે છે. બહુ કથન પદ્ધતિ એવી અને એમાંથી સત્યને નિતારવું... નિતારવું એને શું કહે છે? નિતારવું કહે છેને? નિચોડ કરવો.

કહે છે, રાગને **'કુશળ મલ્લની માફક અત્યંત મર્દન કરી કરીને અક્રમે મારી નાખે**

છે,...' જુઓ હવે ભાષા! અક્રમ એટલે એકદમ. પહેલા થોડો અને પછી વધારે એમ નહિ. ઉત્પન્ન થયો છે ક્રમમાં, મારે છે અક્રમે. સ્વભાવ સન્મુખ થઈને, રાગ પર છે એવું ભાન થયું (તો) એકસાથે રાગને મારી નાખે છે. રાગનું મૃત્યુ અર્થાત્ રાગની ઉત્પત્તિ ન થઈ, એણે અક્રમે રાગને મારી નાખ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! અક્રમે તેને મારી નાખે છે. તેને એટલે રાગને. શુભરાગ હોં! જરી રાગ આવ્યોને એને મારી નાખે છે, વ્યય કરે છે. વ્યય કરે છે તો ઉત્પાદ થતાં બીજે સમયે વ્યય થઈ જાય છે. મારવું એ એનો વ્યય કર્યો. જે સમયે રાગ આવ્યો તે સમયે તો વ્યય થતો નથી. અને બીજા સમયે એના કારણે વ્યય થઈ જાય છે. પણ સ્વભાવ સન્મુખ થયો તો રાગ ઉત્પન્ન ન થયો એને મારી નાખ્યો એમ કહેવામાં આવે છે. મૃતક ક્લેવર કરી નાખ્યું, લ્યો. સમજાય છે કાંઈ?

આ તો મોક્ષના માર્ગની ધારાની વાત ચાલે છે. સમજાય છે કાંઈ? પર્યુષણ પર્વ દસલક્ષણી મહાન પર્વ છે. બાર મહિનામાં એ ત્રણ વાર છે, હોં! સેઠી! આજ વળી રહી ગયું. બાર મહિનામાં ત્રણ વાર દસલક્ષણી પર્વ આવે છે. મહા, ચૈત્ર, ભાદરવો. પણ એ સમયે વાણિયા નવરા ન હોય. માહ મહિનામાં, ચૈત્ર મહિનામાં નિવૃત્તિ ન હોય. ધંધો.. ધંધો.. ધંધો.. તો ભાદરવા માસમાં વરસાદ થઈ ગયો હોય, થોડી નિવૃત્તિ હોય. કેમ કુંવરજીભાઈ! અમારે કુંવરજીભાઈને ત્યાં ધંધો ચાલતો જ નથી. અત્યારે બહુ ચાલે નહિ ધંધો. ચાલો, ન્યાં જઈએ થોડું. ત્યાં ધંધા શું? ચોમાસામાં તો વરસાદ બહુ હોય. માલા ગાડામાં લાવેને? ગાડા હોયને? ગધેડા (ઉપર રાખીને) માલ લઈ જાય. ગાડા ન ચાલે. ગાડા બંધ થઈ ગયા. ખબર છેને, બહુ ગારો હોય તો ગધેડો લાવે. ગદ્ધા, ગદ્ધા. ઊંટ લાવે. એ વખતે ઊંટ થોડા હતા. માલ લઈ જાય. ત્યારે ધંધા બહુ ન ચાલે. એટલે ચાલો ભાઈ, સાચવશે નટુ. ચાલો ત્યાં જઈ આવીએ. પણ આ ભાદરવામાં પણ એમ થાય. મહા અને ચૈત્રમાં થાય. ત્યાં મોસમ ચાલતી હોય. એટલે દસલક્ષણી પર્વ બાર મહિનામાં ત્રણ વાર આવે છે. શોભાલાલજી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ નહિ, આપણે અહીંનું લેવાનું છે. ચાલે છે તેને લેવાનું છે. ઠીક કહ્યું, એનો પ્રશ્ન તો બરાબર છે. તમે ત્યાં તો લગાવ્યું પણ દસલક્ષણી પર્વમાં બેમાં આવું લાગુ નથી પડતું. વરસાદ ને... એ તો અમારે ત્યાં હતું નહિ સંપ્રદાયમાં. ત્રણ વાર દસલક્ષણી એ તો ક્યાંય હતું નહિ. આ વાત હતી તો એમાંથી કાઢ્યું હતું. સમજાય છે કાંઈ? નિવૃત્તિના દિવસો છેને ઈ બધા. વરસાદ-બરસાદ થઈ ગયો હોય, ધંધા-પાણી થઈ ગયા હોય, ધંધા-પાણી પછી દિવાળી પછી શરૂ થાશે. ચાલો ભાઈ! તેથી એ પ્રમાણે ... વિશેષ રાખી છે, આ દસલક્ષણીમાં.

'**તે પુરુષ ખરેખર, સકળ પરદ્રવ્યથી શૂન્ય હોવા છતાં...**' ઓહો..! શું કહે છે? અંતર સ્વરૂપ ચિદાનંદની પરિણતિમાં લીન થાય છે અને પરદ્રવ્યથી શૂન્ય. રાગથી પણ શૂન્ય. એ રાગને મારી નાખ્યો તો રાગથી પણ શૂન્ય હોવા છતાં '**વિશુદ્ધદર્શનજ્ઞાનમાત્ર સ્વભાવરૂપે રહેલા**

**આત્મતત્ત્વમાં (-સ્વદ્રવ્યમાં) નિત્યનિશ્ચળ પરિણતિ...**' આત્મતત્ત્વનો સ્વભાવ વિશુદ્ધ દર્શન, જ્ઞાનમાત્ર છે. કેવો આત્મા? તદ્દન વિશુદ્ધ.. વિશુદ્ધ... વિશુદ્ધ... વિશુદ્ધ શબ્દે શુભરાગ નહિ, વિશુદ્ધ નામ વિશેષ શુદ્ધ. એવા '**દર્શનજ્ઞાનમાત્ર સ્વભાવરૂપે રહેલા આત્મતત્ત્વમાં...**' રહેવાવાળું આત્મતત્ત્વ. વિશુદ્ધ દૃષ્ટા અને જ્ઞાતા તત્ત્વના સ્વભાવથી રહેવાવાળું આત્મતત્ત્વ. આત્મતત્ત્વ કેવું છે? વિશુદ્ધ દર્શન, જ્ઞાન સ્વભાવથી રહેવાવાળું છે. રાગથી રહેવાવાળું છે કે વિકારથી રહેવાવાળું છે કે શરીરથી રહેવાવાળું છે એમ છે નહિ. '**દર્શનજ્ઞાનમાત્ર સ્વભાવરૂપે રહેલા આત્મતત્ત્વમાં (-સ્વદ્રવ્યમાં)...**' ઓલું પરદ્રવ્ય કહ્યું હતુંને? '**નિત્યનિશ્ચળ પરિણતિ ઊપજી હોવાથી,...**' નિત્યનિશ્ચળ પરિણતિ, વીતરાગ પરિણતિ ઉત્પન્ન થઈ હોવાથી. અંદરમાં '**સાક્ષાત્ સંયત જ છે.**' સમજાય છે કાંઈ? '**સંયત જ છે.**'

'**સાક્ષાત્ સંયત જ છે. અને તેને જ આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના યુગપદપણાનું અને આત્મજ્ઞાનનું યુગપદપણું સિદ્ધ થાય છે.**' ત્રણ થઈ ગયા. એની સાથે આત્મજ્ઞાન નિર્વિકલ્પ થઈ ગયું. આત્મજ્ઞાનની યુગપદપણાની સિદ્ધિ થાય છે. અંતરમાં એટલી પરિણતિ તો શુદ્ધ થઈ છે, પછી વિશેષ આત્મજ્ઞાનમાં લીન થઈ ગયો છે. આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન, સંયતત્વ યુગપદ, ત્રણ અને આત્મજ્ઞાન સાથે યુગપદ્પણું. બે થઈને એકાકાર અંદર થઈ ગયો છે તે જ મોક્ષના માર્ગનો સાક્ષાત્ અધિકારી છે. સાક્ષાત્ અધિકારીની મોક્ષમાર્ગની વાત ચાલે છે. તો ખરેખર એને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? હવે ૨૪૧ ગાથા આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૪, ગુરુવાર, તા. ૧૩.૯.૧૯૬૨**
**ગાથા-૨૪૧, પ્રવચન-૧૦**

(આ મોક્ષમાર્ગનો) અધિકાર ચાલે છે. મોક્ષમાર્ગ કોને કહે છે? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ. એ મોક્ષમાર્ગનું સ્વરૂપ શું? એ વાત ચાલે છે. ૨૪૦ ગાથા થઈ ગઈ. ૨૪૧નો ઉપોદ્ઘાત ઉપર છેને? '**હવે આગમજ્ઞાન...**' નીચે અર્થ આવશે એમાં. અને '**તત્ત્વાર્થશ્રદ્ધાન...**' આગમ, સર્વજ્ઞ પરમાત્માએ કહેલા જે શાસ્ત્ર છે, સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા, ઈચ્છા વિના જેને દિવ્યધ્વનિ નીકળે છે. એ દિવ્યધ્વનિમાં જેવું આત્માનું અને છ દ્રવ્યનું સ્વરૂપ આવ્યું, એવો એને અંતરમાં બોધ થાય તો એનું નામ આગમજ્ઞાન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? વાસ્તવિક દ્રવ્ય આત્મા, ગુણ શક્તિ, દ્રવ્ય શક્તિવાન, વર્તમાન પર્યાય-અવસ્થા, એ અવસ્થાના બે પ્રકાર—કોઈ

નિર્મળ અને કોઈ વિકાર. તો જેવી (સ્વ) ચીજ છે એવી પરચીજ પણ દ્રવ્ય, ગુણ—શક્તિ અને પર્યાય (સહિત) છે, એમાં બધા દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વતંત્રતા રાખે છે. એમ અંતરમાં આગમજ્ઞાનથી બોધ, સમ્યક્ સ્વસંવેદન થવું જોઈએ. જ્ઞાન જ્ઞાનથી જણાય તેનું નામ આગમજ્ઞાન છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— જ્ઞાન જ્ઞાનથી જણાય...

ઉત્તર :— જ્ઞાનની વર્તમાન પર્યાય—અવસ્થા જે ચાલે છે એ પર્યાય પર્યાયવાન તરફ ઢળવાથી જ્ઞાનનું લક્ષણ જે 'જાણવું' એવું વેદનમાં આવ્યું કે આ જ્ઞાન છે, આત્મા જાણકસ્વભાવ છે. એમાં પુણ્યભાવ રાગાદિ તે આસ્રવતત્ત્વ છે. શરીર, વાણી, કર્મ તે અજીવતત્ત્વ છે. મારી ચીજમાં એ આસ્રવ નહિ, આસ્રવમાં હું નહિ. કર્મમાં આસ્રવ નહિ, આસ્રવમાં કર્મ નહિ, શરીરમાં કર્મ નહિ, કર્મમાં શરીર નહિ. સમજાય છે કાંઈ?

અનેકાંતકેતન આગમનું ચિહ્ન છે. અનેકાંત ધ્વજા. બધા પદાર્થ પોતપોતાથી છે. પરથી નહિ. પર પરથી છે, પોતાથી નહિ. એક એક ગુણ પોતાથી છે, બીજા ગુણથી નહિ. પોતાની વર્તમાન ચાલતી પર્યાય-અવસ્થા અવસ્થાથી છે, તે પરથી નહિ. પર અનંત પદાર્થની વર્તમાન પર્યાય ચાલે છે તે તેનાથી છે, મારાથી નહિ. સમજાય છે કાંઈ? એમ આગમ, સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માને ઈચ્છા વિના દિવ્યધ્વનિ નીકળી એમાંથી આગમરચના થઈ, એમાં આવું કહ્યું છે એવો અંતરબોધ થવો જોઈએ. પહેલા સમ્યક્જ્ઞાન એમાં આગમજ્ઞાન થવું જોઈએ. સમજાય છે કાંઈ?

તત્ત્વાર્થશ્રદ્ધાન, સમ્યગ્દર્શન. રાગ અને વિકલ્પ ને પુણ્ય-પાપ આસ્રવતત્ત્વ છે. તેનાથી રહિત મારી વસ્તુ પૂર્ણ શુદ્ધ આનંદ છે. એમ પ્રતીતમાં આત્માના સ્વાદપૂર્વક પ્રતીતમાં આવવું તેનું નામ તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એમ નથી કે દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા છે અને છ દ્રવ્ય (છે એની શ્રદ્ધા), એમ નહિ, એમ નહિ. એકલો ભગવાન જ્ઞાયકમૂર્તિ... સાત તત્ત્વની શ્રદ્ધા કહે છેને? તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્. તો જડ જડરૂપે છે, રાગ રાગરૂપે છે, દયા, દાન હોં! વ્યવહારશ્રદ્ધા, વ્યવહારરત્નત્રય. એ બધો વિકલ્પ વિકલ્પરૂપ છે, આત્મા નિર્વિકલ્પ ચિદાનંદ સ્વરૂપ છે. એવી અંતરમાં જ્ઞાનના ભાનમાં, જ્ઞાનને અનુસરીને અનુભવ થયો તેમાં પ્રતીતિ થવી કે હું આત્મા શુદ્ધ અખંડાનંદ છું. એવી પ્રતીતિમાં આત્માનો અતીન્દ્રિય સ્વાદનો અંશ લઈને અનુભવમાં પ્રતીત થવી તેનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાય છે? એનું નામ તત્ત્વાર્થશ્રદ્ધાનં કહેવામાં આવે છે.

તત્ત્વાર્થ લીધું છેને? તો તત્ત્વાર્થમાં સાતેય આવી ગયા. હું જ્ઞાયક છું, એમ આત્મામાં પ્રતીત, ભાન (થવું). વિકલ્પની બુદ્ધિનું લક્ષ છોડી, વિકલ્પબુદ્ધિનું, સ્વભાવમાં એકાકાર દૃષ્ટિ થઈને જ્ઞાતાનું ભાન થવું અને આત્મા અતીન્દ્રિય રસ પડ્યો છે તેનો આત્મામાં અવિકારી સ્વાદના, આત્માના સ્વાદના ભાનપૂર્વક પ્રતીતિ થવી એનું નામ તત્ત્વાર્થશ્રદ્ધાનં કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? અત્યારે તો ગડબડનો પાર ન મળે. કંઈનું કંઈ માને અને કંઈનું કંઈ (આચરે). અરે..! ભગવાન!

તારી ચીજ, રાગ જે મારી વસ્તુ હતી એમ માન્યું હતું તો એ આકુળતા હતી. આકુળતા મારી વસ્તુમાં નથી એવી જ્ઞાયકની પ્રતીતિ થાય તો આકુળતા રહિત અનાકુળતાનો સ્વાદ થઈને, જ્ઞાયકનું ભાન થઈને એમાં પ્રતીતિ (થાય કે) આ આત્મા, એનું નામ તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્ કહેવામાં આવે છે. એ સિવાય બીજી કલ્પના કરે કે આમ માનો ને તેમ માનો. દેવ માન્યા, ગુરુ માન્યા, છ દ્રવ્ય માન્યા, નવ તત્ત્વ વિકલ્પ અને રાગથી, ભેદથી માન્યા તે સમ્યગ્દર્શન નથી.

અને તે સમ્યગ્દર્શનપૂર્વક સંયતત્વ. સંયતત્વ—સ્વરૂપમાં સમ્યક્ પ્રકારે લીન (થવું). અનાકુળ શાંતિનું વ્યક્તપણું ઘણું થવું. આત્માની શ્રદ્ધાપૂર્વક, આગમજ્ઞાનપૂર્વક અંતરમાં રાગથી ખસીને, મનથી ખસીને સ્વરૂપમાં અનાકુળતાની લીનતામાં જે એકાગ્રતા થાય છે તેને સંયતત્વ, ચારિત્રપણું, સાધુપદ કહે છે. ઓહો..હો..! ક્યાં સાધુ!

મુમુક્ષુ :— ચારિત્ર બહુ લાંબુ થઈ ગયું.

ઉત્તર :— ચારિત્ર બહુ લાંબુ થઈ ગયું? વેશ પલટ્યો અને જરી કંઈક અહિંસા, સત્ય, દત્તના વિકલ્પ ઉઠ્યા તો ચારિત્ર થઈ ગયું. હજી તો સમ્યગ્દર્શનની પણ ખબર નથી તો ચારિત્ર ક્યાંથી આવ્યું?

કહે છે કે સંયતત્વ—સંયતપણું સ્વરૂપમાં એટલો જામી જાય કે નિર્વિકલ્પ શાંતિની પરિણતિ ઉત્પન્ન થઈ જાય સમ્યકૂજ્ઞાન, સમ્યગ્દર્શનપૂર્વક. એકલો સંયમ હોતો નથી. આવું સંયતપણું યુગપદ, યુગપદ--ત્રણે સાથે. કોણ? '**આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વ યુગપદપણાનું અને આત્મજ્ઞાનનું યુગપદપણું...**' જરી વિશેષ લીધું. એવું યુગપદપણું તો છઠ્ઠા ગુણસ્થાને પણ હોય છે. મુનિને, ભાવલિંગી સંતને છઠ્ઠી ભૂમિકામાં આવી ત્રણ પ્રકારની દશાનું ભાન, સ્થિરતા હોય છે. એ સહિત આગળી વધીને આત્મજ્ઞાનનું યુગપદપણું. અપ્રમત્તદશા સપ્તમ ગુણસ્થાનમાં ભેદનો વિકલ્પ તૂટીને રત્નત્રયમાં આત્માની સાથે અભેદ થઈ જવું એનું નામ આત્મજ્ઞાન કહે છે.

અહીંયા આત્મજ્ઞાન ચોથા ગુણસ્થાનનું એકલું નથી કહેવું. સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિને પણ આત્મજ્ઞાન કહે છે, પણ એ દર્શનપૂર્વકનું આત્મજ્ઞાન છે. અહીંયા તો સંયતપૂર્વક, દર્શન-જ્ઞાન સહિત સંયતપૂર્વક એકાકાર અભેદ રત્નત્રયમાં આત્મા પરિણમી જાય. વિકલ્પ ન રહે કે હું સાધુપદ સાધું છું. એવો પણ વિકલ્પ ન રહે એવી દશાને આત્મજ્ઞાન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ ત્રણે સમ્યકૂજ્ઞાન, દર્શન, સંયત થયા. તે સહિત અંતરમાં લીન થઈને, ભેદનો વિકલ્પ છૂટીને, અભેદ '**આત્મજ્ઞાનનું યુગપદપણું જેને સિદ્ધ થયું છે...**' જે આત્મામાં એ ત્રણે સહિત આત્માની એકતારૂપ આત્મજ્ઞાન સિદ્ધ થયું છે '**એવા આ સંયતનું ક્યું લક્ષણ છે...**' એવા સંયતનું શું લક્ષણ છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. '**તે ઉપદેશે છે :—**' તેનો ઉત્તર. આવો જિજ્ઞાસુ હોય તેને અભિલાષા ઉત્પન્ન થઈ હોય તેને ઉત્તર દેવામાં આવે છે. ૨૪૧.

समसत्तुबंधुवग्गो समसुहदुक्खो पसंसणिंदसमो।
समलोट्ठुकंचणो पुण जीविदमरणे समो समणो।।२४१।।

'**ટીકા :— સંયમ સમ્યગ્દર્શનજ્ઞાનપૂર્વક ચારિત્ર છે;...**' દેખો! છે ટીકામાં? અર્થ કરીએ છીએ. સંયમ શું છે? સંયમ કોને કહે છે? કે સમ્યગ્દર્શનજ્ઞાનપૂર્વક ચારિત્રને સંયમ કહે છે. એ સાતમી ગાથામાં આવી ગયુંને? સાતમીને? ચરિત્ત ખલુ ધમ્મો. નહિ? એ સાતમીમાં પહેલા શરૂઆતમાં આવી ગયું છે. ચરિત્ત ખલુ ધમ્મો. સમજાય છે કાંઈ? છેને? સાતમી છેને? ઓલામાં ગુજરાતી વાંચ્યું હોયને. સાતમી ગાથા છે. જુઓ! સાતમી.

**चारित्तं खलु धम्मो धम्मो जो सो समो त्ति णिद्दिट्ठो।**
**मोहक्खोहविहीणो परिणामो अप्पणो हु समो।।७।।**

'**સ્વરૂપમાં ચરવું (-રમવું) તે ચારિત્ર છે;...**' ટીકાની પહેલી લીટી, સાતમી ગાથામાં, સાતમી ગાથા. '**સ્વરૂપમાં...**' સ્વરૂપ શુદ્ધ જ્ઞાયકમૂર્તિ. અનંત શાંતિ, આનંદ સહિતનો એકરૂપ આત્મા, એમાં ચરણ નામ રમવું, લીન થવું એનું નામ ભગવાન સર્વજ્ઞદેવ ચારિત્ર કહે છે. '**સ્વસમયમાં પ્રવૃત્તિ (અર્થાત્ પોતાના સ્વભાવમાં પ્રવર્તવું) એવો તેનો અર્થ છે.**' ચારિત્રનો અર્થ સ્વસમય. સ્વસમય નામ સ્વ—પોતાનો શુદ્ધ પરમાત્મસ્વભાવ એમાં રમણતા કરવી એવો ચારિત્રનો અર્થ છે. સમજાય છે કાંઈ? '**તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે;...**' વસ્તુ સહાવો ધમ્મો. વસ્તુ જેમાં આનંદ, જ્ઞાનાદિ વસે છે. વસ્તુ જેમાં જ્ઞાન, આનંદ, સ્વચ્છતા, શાંતિ, અકારણકાર્ય આદિ શક્તિ વસે છે એનો જે સ્વભાવ—શક્તિ હતો, એમાં એકાગ્ર થઈને નિર્મળ પર્યાયની પરિણતિ થવી એનું નામ ધર્મ કહેવામાં આવે છે. '**શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું એવો તેનો અર્થ છે.**' રાગ નહિ, વિકલ્પ નહિ, દયા, દાન, વ્રત, તપના વિકલ્પ ઉઠે છે એ બધો શુભરાગ છે. પંચ મહાવ્રતનો રાગ પણ શુભરાગ છે. એ ચારિત્ર નહિ. સમજાય છે કાંઈ? અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહની વૃત્તિ ઉઠે છે એ શુભરાગ છે. એ સંયમ નહિ, ચારિત્ર નહિ, ધર્મ નહિ.

ધર્મ, શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું તેનો અર્થ છે. શુદ્ધ ચૈતન્યપ્રભુ આનંદથી છલોછલ ભરેલો છે. છલોછલનો શું શબ્દ છે? લબાલબ. તમારી ભાષામાં. બધી હિન્દી નથી આવડતી. લબાલબ ભરેલો છે ભગવાન આત્મા. આત્મ પદાર્થ, જેમ તળાવમાં પાણી છલોછલ ભર્યું હોય, એમ ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશમાં આનંદ અને શાંતિ, સ્વચ્છતા આદિ શક્તિથી લબાલભ ભરેલો છે. એ શુદ્ધનો પ્રકાશ પર્યાયમાં થવો, પોતાની નિર્મળ દશામાં એ પ્રકાશ શુદ્ધ ચૈતન્યનો પ્રગટ થવો, વીતરાગી પરિણતિ પ્રગટ થવી એનું નામ ભગવાન ચારિત્ર અને ધર્મ કહે છે. આહા..હા..! વ્યાખ્યા ભારે આકરી પણ. જગત ક્યાં ક્યાં માનીને બેસે. આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. સમજાય છે કાંઈ?

'**તે જ યથાવસ્થિત આત્મગુણ હોવાથી (અર્થાત્ વિષમતા વિનાનો-સુસ્થિત-આત્માનો ગુણ હોવાથી) સામ્ય છે.**' યથાવસ્થિત. પોતાના જ્ઞાન, આનંદ સ્વભાવમાં યથાવસ્થિત-જેમ છે તેમ અવસ્થિત. નિશ્ચય સ્થિતિ અંદર આનંદમાં થવી એના થવાથી એને સામ્ય કહેવામાં આવે છે. '**અને સામ્ય, દર્શનમોહનીય તથા ચારિત્રમોહનીયના ઉદયથી**

**ઉત્પન્ન થતા સમસ્ત મોહ અને ક્ષોભના અભાવને લીધે અત્યંત નિર્વિકાર એવો જીવનો પરિણામ છે.'** સંયમ, ધર્મ, ચારિત્ર શું છે? પોતાનો અનંત શુદ્ધ પરિણામી પદાર્થ, એના નિર્વિકારી પરિણામ-રાગ વિના, મલિનતા વિના, શુભરાગ વિના નિર્વિકારી પરિણતિનો પ્રવાહ ચાલવો એનું નામ ભગવાન ચારિત્ર અને ધર્મ કહે છે. કહો, સમજાય છે કાંઈ? એ વાત અહીંયા લીધી છે, જુઓ! ચાલતી ગાથા.

**'સંયમ...'** સંયમ કોને કહે છે પરમાત્મા? **'સમ્યગ્દર્શનજ્ઞાનપૂર્વક...'** આત્મા શુદ્ધ આનંદકંદ છે. રાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો પણ રાગ મારી ચીજ નહિ, મારામાં નથી. એવી જે આત્માની સમ્યક્ પ્રતીત અને સમ્યક્ આત્માનું જ્ઞાન, તે પૂર્વક સંયમ, લીનતા, રમણતા થાય તેને ચારિત્ર કહે છે. **'ચારિત્ર ધર્મ છે;...'** તે જ ચારિત્ર ધર્મ છે. વસ્તુના સ્વભાવની શક્તિમાંથી પર્યાયમાં પરિણતિ પ્રગટ થઈ એનું નામ ચારિત્રધર્મ છે. ઓહો..હો..! અહીં તો એટલું સોંઘુ કરી નાખ્યું કે જરી લૂગડાં કપડા ફેરવે અને શ્રદ્ધાના ઠેકાણા હોય નહિ, જ્ઞાનના ઠેકાણ ન હોય, થઈ ગયા સાધુ. સેઠી! અરે..! પ્રભુ! આહા..હા..! ચારિત્ર થયું તો મોક્ષ થયો. 'માણસ હોના મુશ્કેલ હૈ તો સાધુ કહાં સે હોય? સાધુ હુઆ તો સિદ્ધ હુઆ, કહેણી રહી નહિ કોઈ.' સમજાય છે કાંઈ? આ તો મોક્ષમાર્ગની વાત ચાલે છેને, પૂર્ણ મોક્ષમાર્ગની એકતા. એકલા સમ્યગ્દર્શન, જ્ઞાન હો, પણ ચારિત્રની અભેદતા સાથે ન હોય તો મોક્ષમાર્ગની એકતા થતી નથી. ત્રણે મળીને મોક્ષમાર્ગ એક છે. ત્રણ મોક્ષમાર્ગ નથી. સમજાય છે કાંઈ? એને પહેલા સમજણમાં લેવું, શ્રદ્ધામાં લેવું કે આ છે શું? એવા જ્ઞાનની સમજણના પણ જેને ઠેકાણા નથી, તે રુચિ ક્યાંથી કરે? અને સમ્યગ્દર્શન ક્યાંથી લાવે? સમજાય છે કાંઈ?

તો કહે છે કે **'ધર્મ સામ્ય છે;...'** ધર્મ સામ્ય છે. સમતા, શુદ્ધ ઉપયોગ. સામ્ય નામ શુદ્ધ ઉપયોગ. શુભાશુભ પરિણામથી રહિત સામ્ય—સમતા, શુદ્ધ ઉપયોગ. **'સામ્ય મોહક્ષોભરહિત...'** ઈ આવ્યું હતું. **'સામ્ય મોહક્ષોભરહિત આત્મપરિણામ છે.'** ત્યાં જીવના પરિણામ લીધાને છેલ્લા. હજી તો કોઈ કહે છે કે સમ્યગ્દર્શન ગુણ છે. અહીંથી પર્યાયની વાત કરી તો કહે, નહિ, ગુણ છે. અરે..! સાંભળ તો ખરો, પ્રભુ! સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ આત્માના ગુણ નથી, મોક્ષમાર્ગ એ ગુણ નથી. એ તો ગુણની નિર્મળ પરિણતિરૂપ પરિણામ, પર્યાય છે. હજી દ્રવ્ય શું, ગુણ શું, પર્યાય શું એની ખબર ન હોય અને વિરોધ કરે કે લ્યો, ભગવાને તો એમ કહ્યું છે કે સિદ્ધમાં આઠ ગુણ પ્રગટ્યા છે. સિદ્ધને આઠ ગુણ પ્રગટ્યા છેને. તમે કહો છો કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે મોક્ષમાર્ગ તે પર્યાય છે. ભગવાન કહે છે કે સિદ્ધમાં આઠ ગુણ પ્રગટ થયા છે. એ તો ગુણ છે. અરે..! સાંભળ તો ખરો. એ ગુણ નથી. ગુણ તો ત્રિકાળ રહે છે. આત્મા ત્રિકાળ, એમાં ગુણ પણ ત્રિકાળ. એના અવલંબનથી નિર્મળ પરિણતિ નિર્વિકારી સમ્યગ્દર્શન, જ્ઞાનની અરાગી-વીતરાગી પરિણતિ થાય તે મોક્ષમાર્ગ પર્યાય છે. સમજાય છે કાંઈ?

સંસાર પણ આત્માની વિકારી પર્યાય છે, ગુણ નહિ. સમજાય છે? આત્માનો સંસાર ક્યાં રહે

છે? શરીરમાં રહેતો હશે? આ બાયડી, છોકરા, કુટુંબ, ધંધા તમાકુના, બીડીમાં સંસાર રહેતો હશે? રતનલાલજી! આ ઘરની વાત કરીએને, શેઠની. ક્યાં રહેતો હશે આત્માનો સંસાર? સંસાર શું છે? સંસાર એક દોષરૂપ દશા છે. તો સંસાર દોષરૂપ દશા ક્યાં રહેતી હશે? સંસરણં ઈતિ સંસાર. શુદ્ધ ચિદ્ઘન આત્મામાંથી સંસરણ થઈને, ખસીને 'રાગમાં ધર્મ છે, પુણ્યમાં લાભ છે, પાપમાં સુખબુદ્ધિ છે' એવી જે દૃષ્ટિ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ તે સંસાર છે. એ સંસાર શરીરમાં નથી રહેતો, એ કર્મમાં નથી, બાયડી છોકરામાં નથી અને બીડીના તમાકુ વાળે એમાં પણ સંસાર નથી રહેતો. રતનલાલજી!

ભગવાન! સંસાર પણ આત્માની એક ઉપાધિરૂપ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યા રાગ-દ્વેષ એ દશાનું નામ સંસાર છે. સંસાર પરપદાર્થમાં નથી. સંસાર પોતાના દ્રવ્ય-ગુણમાં નથી. આહા..હા..! એની માન્યતા, વિપરીત માન્યતા અને રાગ-દ્વેષમાં સંસાર છે. સંસારની ખબર નથી, ક્યાંથી કાઢવો અને ક્યાંથી લાવવું,.. ચાલો છોડો સંસાર. બાયડી, છોકરા છોડ્યા એટલે સંસાર છૂટ્યો. અરે..! પ્રભુ! તને સંસારની ખબર નથી હોં! સમજાય છે કાંઈ? સંસાર એ તારી વર્તમાન દશામાં મિથ્યાશ્રદ્ધા—હું પરનું કરવાવાળો છું, પરથી મારામાં કાર્ય થાય છે, પુણ્ય પરિણામ છે તે ધર્મ છે, અહિંસા મહાવ્રતાદિના પરિણામ મને ધર્મ છે એવી મિથ્યા માન્યતા અને શુભ-અશુભરાગ એ આત્માની પર્યાયમાં દોષ છે. દોષ એ સંસાર છે. સંસાર પણ અવસ્થા, મોક્ષમાર્ગ પણ અવસ્થા અને મોક્ષ પણ અવસ્થા—પર્યાય છે. ત્રણે પર્યાય છે, ત્રણે ગુણ નથી. સમજાય છે કાંઈ?

ભગવાન! દ્રવ્ય અને ગુણ તો ત્રિકાળ રહે છે. ગુણ પ્રગટ નથી થતા, તેમ ગુણને આવરણ પણ થતું નથી. પર્યાયમાં આવરણ (થાય છે). પોતાને કારણે, હોં! પરને કારણે નહિ, કર્મ કર્મમાં રહ્યા. તો કહે છે, કે પરિણામ આત્મદ્રવ્ય છે એમાં અનંત ગુણધામ પ્રભુ આત્મા છે. એના અંતર અનુભવની દૃષ્ટિ, જ્ઞાનપૂર્વક સમતા, શુદ્ધ ઉપયોગ થવો એ મોહક્ષોભ રહિત આત્માના પરિણામ છે. ત્યાં ભાઈ, જીવના પરિણામ આવ્યું હતું. સાતમી ગાથામાં છેલ્લું. છેલ્લું આવ્યું હતુંને ઈ. જીવપરિણામ નહોતું આવ્યું? જીવપરિણામ કહ્યું છે. શબ્દ હેરફેર કરીને... કેટલાક કહે કે જીવ અને આત્મા જુદી જાત છે. એમ નથી. એ બતાવવા ભિન્ન (શબ્દોથી) વાત કરે છે. સમજાય છે કાંઈ? છેલ્લું આવ્યું હતુંને? '**અત્યંત નિર્વિકાર એવો જીવનો પરિણામ છે.**' તો કોઈ કહે કે જીવ જુદો અને આત્મા જુદો, એમ નથી. એ જીવને જીવની અપેક્ષાથી જીવ કહે છે અને પોતાના સ્વરૂપમાં ગચ્છતિ, આત્મગચ્છતિ ઈતિ પરમપદ ઈતિ આત્મા. પોતાના દર્શન, જ્ઞાન, ચારિત્રમાં પરિણમે તેને આત્મા કહે છે. વસ્તુ તો તે જ છે. જીવ કહો કે આત્મા હો. ત્યાં જીવપરિણામ લીધા હતા, અહીંયા આત્મપરિણામ લીધા. સમજાય છે કાંઈ? કોઈ કહે કે આત્મા તો તદ્દન નિર્લેપ છે, પર્યાયમાં પણ. એમ નથી. અને મલિન છે તે જીવ છે એમ કહે છે. એમ નથી. વલ્લભદાસભાઈ! ભગવાન! એક વાર સાંભળ તો ખરો. અંતઃકરણ વિશિષ્ટ તે જીવ અને નિર્મળ તે આત્મા, એમ કહે છે. એની સામે આ દલીલ છે. એમ છે જ નહિ. તને ખબર નથી, આત્મા કોણ અને જીવ કોણ. જીવ કહો તોપણ

ઈ અને આત્મા કહો તોપણ ઈ. એ જીવના પરિણામ ત્યાં લીધા હતા, અહીંયા આત્માના પરિણામ લીધા.

ભગવાન આત્મા પરમસ્વભાવી ચૈતન્યમૂર્તિ જે અનાદિ-અનંત દ્રવ્ય અને ગુણથી ભરેલો છે. એમાંથી પ્રગટ થઈને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની દશાનું—અવસ્થાનું પ્રગટ થવું તે પરિણામ છે, તે પર્યાય છે, તે અવસ્થા છે, તે હાલત છે. તે ત્રણેની હાલતની એકતાને અહીંયા મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? ભઈ, વાત તો સ્પષ્ટ ઘણી આવે છે પણ પકડવું તો એણે પકડવાનું છે, કોઈ પકડાવી દે એવું છે? તીર્થંકર આવે તો કોઈને સમજાવી દે છે? તીર્થંકરના સમવસરણમાં પણ અનંત વાર ગયો. અનંત વાર ગયો. અને વર્તમાન ભગવાન બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં, સાક્ષાત્ સમવસરણ, શ્રી સીમંધર પરમાત્મા આદિ વીસ તીર્થંકર બિરાજે છે. એવા મહાવિદેહક્ષેત્રમાં જન્મ લીધો, અનંત વાર સમવસરણમાં ગયો, શું થયું? પોતાનો સ્વભાવ પોતાને સમજમાં ન આવે તો તીર્થંકરની પણ સમજાવવાની તાકાત નથી. સમજાય છે કાંઈ?

કહે છે, સામ્ય તે આત્માના પરિણામ છે. પરિણામ કહો, પર્યાય કહો, અવસ્થા કહો, હાલત કહો, દશા કહો કે દ્રવ્ય-ગુણનો એક અંશ કહો. પર્યાયને અંશ કહેવામાં આવે છે. દ્રવ્ય-ગુણ તે અંશી છે. એમાં પણ તકરાર કરી હતી કે તમે સમ્યગ્દર્શનને પર્યાય કહો છો. હમણા આવશે ઈ. અહીં તો પરિણામ તો કહ્યું પણ હવે ગાથામાં ચોખ્ખું કહેશે. અહીંયા પણ પરિણામ તો લઈ લીધા છે. સમજાય છે કાંઈ? '**તેથી સંયતનું, સામ્ય લક્ષણ છે.**' સંયતનું વીતરાગી શુદ્ધ ઉપયોગ લક્ષણ છે. એ મુનિનું દ્રવ્યલિંગ નગ્નપણું એ લક્ષણ નથી અને અઠ્યાવીસ મૂળગુણ પાળવાનો વિકલ્પ, પંચ મહાવ્રતનો, અચેલ રહેવું, એક વાર ભોજન, ઊભા ઊભા ભોજન (લેવું) એવા અઠ્યાવીસ વિકલ્પ-રાગ ઉત્પન્ન થાય છે. એ પણ સંયતપણાનું લક્ષણ નહિ. ઓહો..હો..! દેખો! આ તો કહે, અઠ્યાવીસ મૂળગુણ પાળે છેને. અઠ્યાવીસ મૂળગુણ પાળે છે. મુનિ પાળે છે. મૂળગુણ તો આસ્રવ છે, વિકલ્પ છે, પંચ મહાવ્રત પાળે છે, પંચ મહાવ્રત તો રાગ છે. જેમ હિંસા, જૂઠું, ચોરીના પાપભાવ છે એમ અહિંસા, સત્ય, દત્તના ભાવ પુણ્ય છે. બેય વિકલ્પ છે, રાગ છે, પર તરફ લક્ષ જાય છે. તો શું આસ્રવને પાળવો એ સંયતનું લક્ષણ છે? હજી તો ખબર નહિ કે આસ્રવ કોને કહે છે? અને સંવર કોને કહે છે? પોતાની કલ્પનાએ ઘોડા દોડાવે જાય. ઘોડા સમજો છો? અશ્વ કહે છેને? તમારે શું કહે છે ઘોડાને? કલ્પનાથી (માને કે) આમ થાય છે ને પછી આમ થાય છે, પછી આમ થાય છે. અરે..! સાંભળ તો ખરો પ્રભુ! આ તો સર્વજ્ઞ પરમાત્માની પેઢી છે. ત્રિલોકનાથ પરમાત્મા જેને સો ઈન્દ્રો પૂજે છે. જેના ગણધર અંતર્મુહૂર્તમાં ચાર જ્ઞાન, ચૌદ પૂર્વની રચના કરે છે. એની પેઢીની વાત તું સમજ્યા વિના જ્યાં ત્યાં દર્શન અને ધર્મ લગાવી દે છે, મોટી જવાબદારી તારે માથે છે. સમજાય છે કાંઈ? ઓહો..! સાક્ષાત્ પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. ગણધરો ત્યાં મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. સમજાય છે કાંઈ? આ જ કથન દિવ્યધ્વનિમાં કરે છે. ગણધર પણ આ જ રચના કરે છે. એ જ ભગવાન કુંદકુંદાચાર્ય અહીંથી આઠ દિવસ ત્યાં ગયા

હતા, રહ્યા હતા. સાક્ષાત્ ભગવાન પાસે! ઓહો..! ભરતક્ષેત્રના માનવીની મહાવિદેહના ભગવાનની જાત્રા! આહા..હા..! સમજાય છે કાંઈ? ભરતક્ષેત્રના મનુષ્ય. સંવત ૪૯ લગભગની વાત છે. પહેલા સૈકાની હોં! નગ્ન દિગંબર મુનિ ભરતમાંથી મહાવિદેહમાં સાક્ષાત્ (ગયા). સાક્ષાત્ સમવસરણમાં વર્તમાન બિરાજે છે, તે વખતે પણ તે જ ભગવાન હતા. ત્યાં તો કરોડ પૂર્વનું આયુષ્ય છેને, પાંચસો ધનુષનો દેહ છે. તો કરોડ પૂર્વમાં એક પૂર્વમાં તો સીત્તેર લાખ કરોડ છપ્પન હજાર કરોડ વર્ષ જાય. ભગવાન જાણે શું હશે આ? એક પૂર્વમાં સીત્તેર લાખ અને છપ્પન હજાર કરોડ વર્ષનું એક પૂર્વ છે. એવા કરોડ પૂર્વનું ભગવાનનું આયુષ્ય છે. ઋષભદેવ ભગવાનનું ચોર્યાશી લાખ પૂર્વનું આયુષ્ય હતું.

ભગવાન પાસે જઈને (લાવ્યા કે) આ વસ્તુ છે. અમે ચારિત્ર ધર્મવાળા ચારિત્રનું... પહેલું કહ્યું હતુંને? આ પ્રણેતા ઊભા. કહ્યું છેને ભાઈ? પહેલા. આ અમે ઊભા, એમ કહ્યું હતું. આ તો હિન્દી છેને એટલે બહુ ખબર નથી. પહેલી ગાથામાં છેલ્લું જુઓ! '**(શ્રામણ્યને) અંગીકાર કરવાનો જે યથાનુભૂત માર્ગ...**' છે.. પહેલી ગાથાના છેલ્લા શબ્દો. પહેલી ગાથા ચરણાનુયોગની હોં! આ ૨૪૧ ચાલે છે એની પહેલી ગાથા. ૨૦૧. જુઓ! અહો..! '**(શ્રામણ્યને) અંગીકાર કરવાનો જે યથાનુભૂત માર્ગ તેના પ્રણેતા અમે આ ઊભા.**' આહા..હા..! દેખો! છે? શું લખ્યું છે? બોલો શેઠ! બોલો તમે બોલો તો ખરા કેટલું બોલાય છે. અમે આ ઊભા. ખડા હૈ એટલે આ ઊભા. હિન્દી દો હિન્દી. શું કહે છે? અરે..! સાધુપદ શું છે? યથાનુભૂત. જુઓ નીચે લખ્યું છે. 'યથાનુભૂત — જેવો (અમે) અનુભવ્યો છે તેવો'. ચારિત્રવંત કેવા હોય એવો અમે અનુભવ કર્યો છે. અમારામાં ચારિત્ર વર્તે છે એમ કહે છે. યથાનુભૂત ચારિત્ર દર્શન, જ્ઞાનપૂર્વક કેવું હોય તેના પ્રણેતા આ કહેવાવાળા અમે ઊભા. ચારિત્ર કોને કહે છે? દર્શન-જ્ઞાનપૂર્વક સંયમ કોને કહેવાય? અમારામાં પ્રગટ છે તે અમે તમને કહીએ છીએ. શોભાલાલજી! આહા..હા..! જુઓ તો ભાષા! સાક્ષાત્ ભગવાનના ભેટા કરીને આવ્યા છેને. આ ઉભા અમે. સાધુપદ કોને કહે છે? ચારિત્ર અને મોક્ષમાર્ગ કોને કહે છે, તેને કહેવાવાળા અમે ઊભા છીએ. ભગવાનજીભાઈ! આહા..હા..! ભગવાન કહે છે તેમ થશે એમ નહિ. અમે કહીએ છીએ કે સાધુપદ અમારામાં છે. એવા સાધુપદની અમે વ્યાખ્યા કરીએ છીએ. સમજાય છે કાંઈ? કુંદકુંદાચાર્ય ભરતક્ષેત્રના પ્રભુ એમણે શાસ્ત્રની રેલમછેલ કરી દીધી. સાક્ષાત્ ભગવાન પાસેથી પ્રવાહ આવ્યો. વસ્તુ આવી છે. સાંભળો, સમજો, વિચાર કરો. માર્ગ અમે કહીએ છીએ તેવો અમારા ચારિત્રના અનુભવથી કહીએ છીએ. સમજાય છે કાંઈ?

'**તેથી સંયતનું, સામ્ય લક્ષણ છે.**' ભાષા જુઓ! પેલા અઠ્યાવીસ મૂળગુણ લક્ષણ છે એમ ન કહ્યું, સાધુપદનું મહાવ્રત લક્ષણ છે એમ નથી કહ્યું. એવો મહાવ્રતનો રાગ તો અભવી પણ અનંત વાર પાળે છે, તને શું આવ્યું? અભવી અંતિમ ગ્રૈવેયક જાય છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. છ ઢાળામાં આવે છે. અનંત

વાર ભવી અને અભવી શુક્લલેશ્યા (પાળી). એવી શુક્લલેશ્યા કે શરીરના ખંડ ખંડ થાય તો ક્રોધ ન કરે. બીજા દેવલોકની ઈન્દ્રાણી ચળાયમાન કરવા આવે તો ચળે નહિ. અને ભિક્ષા માટે જાય અને પાણીનું એક બિંદુ કે જેમાં અસંખ્ય જીવ છે તે એને માટે બનાવ્યું હોય એનો ખ્યાલ આવે કે મારી માટે બનાવ્યું છે, તો પ્રાણ જાય તોપણ ન લ્યે. એવી જેની ક્રિયા (હોય). પણ અંતરમાં એ ક્રિયા હું કરું છું અને રાગ આવ્યો એ મારો ધર્મ છે, એવી બુદ્ધિ રહી ગઈ એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ?

કહે છે કે સંયતનું લક્ષણ તો સામ્ય છે. હવે સામ્યનું સ્વરૂપ શું છે તે વિશેષ દર્શાવે છે. '**ત્યાં, (૧) શત્રુ-બંધુવર્ગમાં,...**' સામ્યભાવ. જ્ઞેય. શત્રુ હો, વિરોધી હો, એ જ્ઞાનનું જ્ઞેય છે. જ્ઞેયમાં બે ભાગ જ નથી કે આ મને અનુકૂળ અને મને પ્રતિકૂળ. વસ્તુમાં જ નથી. ઈ વસ્તુમાં રિઝર્વ નથી કર્યું કે આ મને અનુકૂળ અને આ મને પ્રતિકૂળ. વસ્તુમાં રિઝર્વ છે, શું? કે એ જ્ઞેય છે. મારે જાણવાની વસ્તુ છે. અનુકૂળ પ્રતિકૂળ કોઈ વસ્તુ નથી. મારામાં નથી, એનામાં પણ નથી. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક સામ્યભાવનું લક્ષણ (કહે છે). આજ ચતુર્દશી છે, અનંતચતુર્દશી. મોટો અધિકાર આવ્યો. સવારે પણ અનંતધર્મત્વશક્તિ આવી.

કહે છે, શત્રુ-બંધુનો વર્ગ. વર્ગ નામ સમૂહ. શત્રુનો સમૂહ હો કે મિત્રનો સમૂહ હો, મારામાં શત્રુ-મિત્રતાનો વિકલ્પ જ નથી. બધા મારા જ્ઞાનમાં જ્ઞેય છે, પ્રમેય છે. એમાં પ્રમેય થવાની લાયકાત છે, મારા જ્ઞાનપ્રમાણમાં. મારા જ્ઞાનપ્રમાણમાં વ્યવહાર પ્રમેય થવાની લાયકાત છે. પણ કોઈ શત્રુ મિત્ર થવાની લાયકાત કોઈ વસ્તુમાં ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? એવા જ્ઞાન-દર્શનપૂર્વક અંતર શુદ્ધ ઉપયોગની રમણતાપૂર્વક સામ્યને ચારિત્ર કહે છે.

'**(૨) સુખ-દુઃખમાં,...**' શું સુખ-દુઃખમાં? કલ્પના ઉઠે છે આ સુખ અને આ દુઃખ એમ? નહિ. અનુકૂળ પ્રતિકૂળ સંયોગ મળ્યા એને અહીંયા સુખ-દુઃખ કહે છે. પ્રતિકૂળ સંયોગને દૂઃખ કહે છે, અનુકૂળ સંયોગને સુખ કહે છે. બેય જ્ઞેય છે. મારા જ્ઞાનમાં જ્ઞેય છે. અનુકૂળ પ્રતિકૂળ મારી વસ્તુમાં નથી અને એ વસ્તુમાં છાપ નથી કે આ અનુકૂળ છે અને આ પ્રતિકૂળ છે. એમાં છાપ પડી છે જ્ઞેયની. મારા જ્ઞાનમાં જાણવાલાયક છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિને શત્રુ-મિત્ર તો કોઈ છે જ નહિ, એને પણ. પણ એને જરી અસ્થિરતા થાય છે તો લડાઈ કરવાનો ભાવ સમ્યગ્દૃષ્ટિને થાય છે. જાણે કે આ પાપભાવ છે. પણ એ શત્રુ છે એટલે મને ભાવ આવ્યો, એમ નહિ. અને ભાવ આવ્યો તો આ શત્રુને મારી નાખીશ એમ નહિ. સમ્યગ્દૃષ્ટિ એમ માનતો નથી. ભાવ અશુભ આવ્યો એ તો ચારિત્ર નથી માટે. સમજાય છે કાંઈ? અને સમ્યગ્દૃષ્ટિને સ્ત્રી, કટુંબ પ્રત્યે, પોતામાં પાપ રાગ આવ્યો, સ્ત્રી, કુટુંબને કારણે નહિ, સમજે છે કે પાપ છે. મારી વસ્તુની કોઈ વસ્તુ નથી પણ મારી નબળાઈને કારણે એ પરિણામ આવ્યા. એ વસ્તુને કારણે પાપ નથી થયું કે સ્ત્રી આટલી સારી હતી એટલે પાપ થયું. અને પાપ ભાવ આવ્યો તો એને અનુકૂળ માની લ્યે છે એમ પણ નથી. પણ મારામાં અસ્થિરતાનો રાગ છે એમ જાણે છે. આ મુનિપણામાં એ આવતું નથી. એ રાગ અને દ્વેષ

એકસમાન થઈ ગયા, સામ્યભાવ. પરને જાણવું અને મને નિશ્ચયથી જાણવું. પરને જાણવું એ વ્યવહારથી. એમ જ્ઞેય થઈ ગયું. એમ જેને સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક સમતા અંતરમાં વીતરાગ પરિણતિ વહેતી હોય એને સંયતનું લક્ષણ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

અરે..! ગણધર. તીર્થંકરના ગણધર છઠ્ઠે ગુણસ્થાને બિરાજમાન હો અને જ્યારે એ ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં કહીને ચૌદ પૂર્વની રચના કરતા હોય ત્યારે પાંચ નવકાર ગણવામાં આવે છે. ઓહો..! ણમો લોએ સવ્વ સાહુણં. એ ગણધર પણ એમ કહે, હે સંત! તારા ચરણમાં મારો નમસ્કાર! એ કેવા સંયત હશે જેને ગણધરનો નમસ્કાર પહોંચે! સમજાય છે કાંઈ? છે વિકલ્પ. પંચ પરમેષ્ઠીને વંદન કરવા એ છે વિકલ્પ, શુભરાગ છે. પણ એ શુભરાગમાં ગણધર આમ કરે છે. ભગવાન પાસે બિરાજમાન ગણધર વર્તમાન છે. ગૌતમ ગણધર તો કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષ પધાર્યા. ગણધર બિરાજમાન (છે). ણમો આઈરિયાણં. પહેલું પદ તો દેવનું છે. આ ત્રણે ગુરુ છે. ણમો ઉવ્વજ્ઝાયાણં. આપ તો આચાર્ય છોને? નાના આચાર્યને કેમ નમસ્કાર કરો છો? ઉપાધ્યાયને કેમ નમસ્કાર કરો છો? ણમો લોએ... જે સાધુ પોતાનું સ્વરૂપ સર્વજ્ઞ કહે છે એવું... આ ણમો લોએ સવ્વ સાહુણંમાં એમ નથી કે બધા સાધુ હોં! ણમો લોએ સવ્વમાં કોઈપણ સાધુ હોય એ બધા (આવી ગયા). એક વળી એમ અર્થ કરતો હતો, આ તો કાળ એવો કોઈ સ્વચ્છંદી થઈ ગયો છે.. આહા..હા..! મોઢે મુહપત્તી ને મોટા ભાષણ આપે ને મોટા મોટા દેશનેતાઓ. ણમો લોએ સવ્વ સાહુણં. એમાં ક્યાં કહ્યું છે કે જૈનના સાધુને નમસ્કાર? અરે..! ભગવાન! સાધુની વ્યાખ્યા જ આ .. છે. સમ્યગ્દર્શનપૂર્વક, સમ્યક્જ્ઞાનપૂર્વક સમતા થવી એ જ સાધુનું લક્ષણ છે. એવા જૈનના વાસ્તવિક સાધુને ગણધર નમસ્કાર કરે છે. સમજાય છે કાંઈ? આટલી મોટી પદવી એને સાધારણ માણસ માની લે કે અમે સાધુ છીએ અને સંયત છીએ. ઠીક છે. નીમમાં નિલમણિ માની લેવું. નીમની લિંબોળી. નીમની લિંબોળી કહે છેને? કોઈ ના પાડે? એમાં કાંઈ હક્ક લાગે છે કે કાંઈક દાણ આપો? લિંબોળીને નિલમણિ માનવાનું આટલું દેવું પડશે. શું કહેવાય? દાણ, દાણ. દાણ દેવું પડે? દાણ સમજો છો? કસ્ટમ. એને દેવું પડે કંઈ? અમે માનીએ છીએ. માનો. શું છે? ટેક્સ નથી દેવો પડતો એને. એમ સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત સંયત શું છે એ સમજે નહિ, ઓળખાણ નહિ, પીછાણ નહિ, સાંભળ્યું નથી અને માને કે અમે છીએ. એના માથે કોઈ કસ્ટમ નથી. છે કષ્ટ ખરું, કસ્ટમ નથી પણ છે કષ્ટ ખરું. કષ્ટ નામ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યા રાગદ્વેષમાં સાધુપણું માન્યું એ તને મોટું કષ્ટ છે. સમજાય છે કાંઈ? તારી વસ્તુ શું છે તને ખબર નથી.

કહે છે, '(૨) **સુખ-દુઃખમાં,...**' સુખ-દુઃખનો અર્થ સંયોગની અનુકૂળતા પ્રતિકૂળતાની અત્યારે વ્યાખ્યા છે. સુખની કલ્પના ઉઠી અને દુઃખની કલ્પના ઉઠી એમાં સમભાવ એમ નહિ. સુખ-દુઃખના સંયોગમાં જ્ઞેયરૂપ છે. હજાર વીંછીના ડંખ કરડે અને કોઈ ચંદન ચોપડો, જ્ઞેય છે. જ્ઞેય જાણવાલાયક છે. એ મને અડતા નથીને. વીંછીનો ડંખ શરીરને અડ્યો નથી, ત્રણ કાળમાં અડતો

નથી. અજ્ઞાનીને પણ વીંછીનો ડંખ શરીરમાં અડ્યો નથી. પરદ્રવ્ય પરદ્રવ્યને ક્યાંથી અડે? તો શરીરમાં જો થયું તો મને અડ્યું છે એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. શરીર પરમાણુ છે શું પોતાની પર્યાયને અડે છે? સ્પર્શ કરે છે? અમારી ભાષામાં 'અડે છે' કાઠિયાવાડીમાં. તમારી ભાષામાં છૂતે હૈં. કોઈ દ્રવ્યની પર્યાય કોઈ દ્રવ્યની પર્યાયને કદી અડતી જ નથી ત્રણ કાળમાં. ખબર ન મળે. જય નારાયણ! સમજાય છે કાંઈ? તો કહે છે કે સુખ-દુઃખ સંયોગ જ્ઞેય છે. મારા જ્ઞાનનો વિષય છે. સુખ-દુઃખ મારામાં નથી.

'(૩) **પ્રશંસા-નિંદામાં,...**' લાખ કરોડ ચક્રવર્તી આવીને પગે લાગે. ધ્યાનમાં બેઠા બાવળ નીચે, બબુલ નીચે. બાવળ કહે છેને? કાંટાવાળા ઝાડ હોય. નીચે શરીર કાળું હોય. ધ્યાનમાં શાંતિમાં સામ્યભાવ સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક હોં! અજ્ઞાની બાવા ધ્યાન કરે છે જેમ તેમ, એ ધ્યાન-બ્યાન નથી. સમજાય છે કાંઈ? લગાવે છે કે નહિ? આણે બાવાને કહ્યું હતું કે નહિ? વૈદે. આમ કર્યું ને શું કહેવાય તમારું? સમાધિ, સમાધિ લગાવી હતી ને કંઈક કર્યું હતું. ડિંગેડિંગ મારી હતી. આમ .... અરે..! ભગવાન! આત્મા શું છે અને એક એક આત્મામાં અનંતી શાંતિ (આદિ) અનંત શક્તિ પડી છે એનું પરિણમન વર્તમાનમાં થાય છે. એવી વસ્તુની સ્થિતિ અંતરમાં જાણ્યા વિના સમ્યક્જ્ઞાન નહિ, દર્શન નહિ તો ચારિત્ર ક્યાંથી આવ્યું? ધ્યાન ક્યાંથી ધૂળમાંથી આવ્યું? લગાવી દે ચાર ચાર મહિના સુધી. જડ છે. જડ થઈ જશે. વલ્લભદાસભાઈ! વસ્તુ છે એવી સમજતો નથી. આંખ્યું વીંચી લે તો શું છે? એકેન્દ્રિયને તો આંખ છે જ નહિ. વનસ્પતિ, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુને તો આંખ જ નથી. એ આંખ વીંચીને જ પડ્યો છે. તારે શું છે?

ભગવાન આત્માની આંખ અંદર શું છે એની તો ખબર નથી. હું વસ્તુ શું છું? મારી દશા શું છે? મારી શક્તિ કેટલી છે? હું પરનું કાર્ય કરતો નથી. પરથી મારામાં કિંચિત્ લાભ થતો નથી. રાગનો વિકલ્પ ઉઠે છે તેનાથી મને કિંચિત્ લાભ નથી. વ્યવહારરત્નત્રય ઉઠે છે તેમાં કિંચિત્ લાભ નથી. આવી પણ જેને ખબર નથી અને માને કે ધ્યાનમાં બેઠો છું. મૂઢ થઈ જઈશ. ધ્યાન કેવું આવ્યું?

અહીં તો કહે છે, પ્રશંસા-નિંદામાં સમતા. ચક્રવર્તી હાથી ઉપર ચાલ્યો જતો હોય અને મુનિ બાવળ નીચે બેઠા હોય. આત્માની શાંતિમાં, આનંદમાં ઝુલતા હોય. ચક્રવર્તી (વંદન કરે). ચક્રવર્તી જ્ઞાની હોય તો મુનિને ઓળંગીને ન જાય. ઓહો..! ધન્ય અવતાર! લશ્કર સહિત હાથી ઉપરથી ઉતરી જાય. અરે..! અહીંયા મુનિ મહારાજ આત્મધ્યાનમાં બિરાજે છે. વંદન કર્યા વિના જાય નહિ. એવા ચક્રવર્તી વંદન કરે તો શું? મારામાં કંઈ નથી (આવતું). વંદન કરો, નિંદા કરો તો કંઈ નથી. સમજાય છે કાંઈ? પ્રશંસા-નિંદામાં સમભાવ.

'(૪) **લોષ્ટ-કાંચનમાં...**' ઓહો..હો..! માટીનો ઢગલો જોયો પત્થરનો. શાંત જ્ઞાતા દૃષ્ટા છે. અને હીરાનો ચરુ જોયો. શરીરનું કર્મ કરવા ગયા, પેશાબ આદિ. આમ દેખાય, અરે..! હીરા માણેક પડ્યા છે. માટી અને હીરા માણેક બેય સરખા છે. વિકલ્પ ઉઠતો નથી કે લાવને, કોઈને

બતાવી દઉં. સમજાય છે કાંઈ? એમ માટીનો ઢગલો અને સોનામાં સમભાવ, શાંત, વીતરાગભાવની પરિણતિ છે. એ સંયતનું લક્ષણ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એમ છે. એને ધૂળના ઢેફા.. ઢેફા સમજો છો? ઢેલા. અને હીરાની કિંમતની બધી ખબર છે કે આ એક એક કરોડનો હીરો છે. કોઈ ઝવેરી સાધુ થઈ ગયો હોય. સેઠી! ઝવેરીનો ધંધો છોડી અને સાધુ થઈ ગયો હોય. ખ્યાલ છે કે આ હીરો એક એક કરોડનો છે અને એક ચરુ જોઈને આમ જોયું કે એક ચરુની સાથે સાત ચરુ પડ્યા છે. અને એક એક ચરુમાં હજાર હજાર હીરા છે. વિકલ્પ નથી. શું છે?

મુમુક્ષુ :— દૃષ્ટિ તો રહી?

ઉત્તર :— દૃષ્ટિ નહિ, અહીં તો વીતરાગતા આવી ગઈ. વીતરાગતા આવી ગઈ છે. દૃષ્ટિ તો સમ્યગ્દર્શનમાં ફરી ગઈ છે પણ આટલી વીતરાગતા. મારે કામ આવશે એ તો નથી, બીજાને કામ આવશે કે નહિ? લાવ બતાવી દઉં-એમ છે? અરે..! ભગવાન! આત્મા પોતાનું કામ કરે, બીજાને કામ આવે ક્યાંથી?

મુમુક્ષુ :— ધર્મ પ્રભાવના..

ઉત્તર :— ધર્મ પ્રભાવના પોતામાં થાય છે કે બહારમાં? ધર્મ સ્વભાવ પોતાની શ્રદ્ધા, જ્ઞાનની લીનતા થાય છે એમાં પ્રભાવના થાય છે. એ તો વિકલ્પ શુભ આવ્યો અને બહારમાં થવું હોય તો થાય. બહારમાં ધર્મ પ્રભાવના છે? આહા..હા..! સમજાય છે કાંઈ? કહે છે, સમભાવ માટીના ઢેફા અને સોનામાં. સોનું લીધું, હીરા માણેક લો.

'(૫) **જીવિત-મરણમાં એકીસાથે,...**' જીવન હો કે આ પળમાં દેહ છૂટો. કોઈ કહે કે તમારું જીવન પચાસ વર્ષનું છે હજી. હો તો હો, આ પળે મૃત્યુ થાઓ તો થાઓ. હું તો જ્ઞાતા દૃષ્ટાપણાથી છૂટીને એક વિકલ્પ કરવાવાળો નથી. એવી વીતરાગ પરિણતિને સંયત કહે છે. સમજાય છે કાંઈ? કિંમત નહિ હોય ને એને? મહાવિચક્ષણ (છે), ખ્યાલમાં આવે છે. પૂજ્યપાદસ્વામીની વાત નથી આવતી? મહા સંત જંગલમાં રહેતા હતા. પાંદડા જુએને પાંદડા. પાંદડા શું વનસ્પતિકાય. ખ્યાલમાં આવી જાય કે આ અમુક રોગની દવા છે. સમજાય છે કાંઈ? જાણી લે, એમાં શું છે?

'(૧) **આ મારો પર (-દુશ્મન) છે, આ સ્વ (-સ્વજન) છે,...**' આ મારા અંગિત છે, આ મારા વેરી છે. વિકલ્પ જ નથી. કોને કહેવા અંગી? અમારું અંગ તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. હું અંગી છું અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર મારું અંગ છે. અંગ કહો કે અવયવ કહો. અવયવી હું આત્મા અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ ગુણની પર્યાય તે મારા અવયવ છે. મારા અંગિત કોઈ દુનિયામાં નથી કે કોઈ શત્રુ નથી. વિકલ્પ જ નથી. આહા..હા..! જુઓ આ સાધુપદ! સમજાય છે કાંઈ? ઓળખાણ તો પહેલા કરવી પડશે કે નહિ યથાર્થ? કે આ સાધુપદ છે. સાત તત્ત્વમાં

સંવર, નિર્જરા આવે છે કે નહિ? તો સંવર, નિર્જરાની સાધુપદમાં કેટલી દશા સંવર, નિર્જરાની છે, એમાં કેટલો વિકલ્પનો આસ્રવ છે, એમાં નિમિત્ત (શું છે), એ સાતેય તત્ત્વની શ્રદ્ધામાં સંવર, નિર્જરા જે સાધુપદ છે તેની ઓળખાણ હોવી જોઈએ. સાધુપદમાં જે સંવર, નિર્જરા હોય છે એટલી શાંતિ ત્યાં હોય છે. તો એને એટલી સંવર, નિર્જરા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આ તો કરી શકું છું, સ્યાદ્વાદ માર્ગ છે ભગવાનનો. શું? પરમાણુને હલાવી ન શકે, શરીરને હલાવી શકે. અનેકાંત માર્ગ છે ભગવાનનો. અરે..! ભગવાન! ક્યાંથી લાવ્યો આ? સમજાય છે કાંઈ?

કોઈ પૂછે પ્રશ્ન કે મહારાજ! આ સોનગઢનું સાંભળીને ગયો તો પૂછ્યું કે આત્મા જડનું કરી શકે છે? પરમાણુનું ન કરી શકે, શરીરનું કરી શકે. આહા..હા..! અને આ સાધુ! એકે પૂછ્યું કે મહારાજ! આત્મા બોલી શકે છે? અહીંની વાત બહુ ચાલી છેને, ત્યારથી હિન્દુસ્તાનમાં ગડબડ થઈ ગઈ છે. મહારાજ! આત્મા બોલી શકે છે? સામે કહ્યું કે, તારો બાપ બોલે છે આ? અરે..! ભગવાન! સાંભળવામાં પણ એટલી શાંતિ ન મળે. કોણ બોલે છે આ? તારો બાપ બોલે છે? અહીંથી સાંભળીને ગયેલા બિચારા. અહીંથી સાંભળીને ગયેલા કે આત્મા બોલી શકે નહિ. એ તો જડની ક્રિયા. આત્મા ક્યાં બોલે? આત્મા જ્ઞાન કરે. વલ્લભદાસભાઈ! એવો પ્રશ્ન કર્યો. અરે.. ભગવાન! ઓલા બિચારા અહીંથી સાંભળીને ગયેલા કે આત્મા શરીરનું કરી શકે નહિ. એ તો જડ છે, અજીવતત્ત્વ છે. અજીવના દ્રવ્ય-ગુણ સ્વતંત્ર, એ અજીવની વર્તમાન પર્યાયમાં ધ્વનિ ઉઠવી એ પણ સ્વતંત્ર. આત્મા બોલે અને આત્મા મૌન રહે એ આત્મામાં છે નહિ ત્રણ કાળમાં. આહા..! ઓલો પૂછે ત્યારે જવાબ આ (મળે). ભગવાન! એટલી પણ શાંતિ નહિ. એક પ્રશ્નના ઉત્તરમાં જરી ધીરજથી દેવાની શાંતિ નહિ. આ તારો બાપ બોલે છે? કોણ બોલે છે? ભઈ, એનો બાપેય બોલતો નથી. બોલે છે જડ. આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન ચિદાનંદમૂર્તિ શું બોલે? એ તો જ્ઞાનમૂર્તિ ચેતન છે, આ તો જડની ધ્વનિ ઉઠે છે. એ શું આત્મા બોલી શકે છે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ નિમિત્તનો અર્થ શું? એ થાય છે ત્યારે નિમિત્ત કહેવામાં આવે છે. એનો અર્થ જ બોલતો નથી. નિમિત્ત તો એક જ્ઞાન કરવાની ચીજ છે. નિમિત્ત છે તો બોલે છે, તો તો ઉપાદાન થઈ ગયું. ભાષાવર્ગણાની પર્યાય તે સમયે ધ્વનિ ઉઠે છે. આત્માથી નહિ, ત્રણ કાળ ત્રણ લોકમાં. આહા..હા..! કેમ બેસે? સમજાય છે કાંઈ?

એક પરમાણુ પોતાની પર્યાયના કાળથી (પરિણમે છે). દરેક પરમાણુમાં સ્વચતુષ્ટય છે કે નહિ? દરેક પરમાણુમાં સ્વચતુષ્ટય છે કે નહિ? પરમાણુ દ્રવ્ય, એની પહોળાઈ-ચૌડાઈ ક્ષેત્ર, એની વર્તમાન હાલત તે કાળ અને તેની ત્રિકાળ શક્તિ છે તે ગુણ. દરેક પદાર્થ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવથી છે અને પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, પરભાવથી નથી. આત્માથી નિમિત્તથી એ ભાષા (થતી) નથી. કેમ કે ભાષાની પર્યાય પરમાણુનો સ્વકાળ છે. સ્વચતુષ્ટયમાં એનો સ્વકાળ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! હજી જીવ અજીવની ભિન્નતાની ખબર ન મળે. એને હજી આસ્રવ

અને આત્મા ભિન્ન (કેમ સમજાય)? દયા, દાનનો વિકલ્પ ઉઠે. ભગવાનની ભક્તિનો, નમો નમો નમો... એ રાગ છે. એનાથી આત્મા જ્ઞાયક ભિન્ન છે. અહીંયા તો રાગ પણ ઉઠે નહિ, સમતા લેવી છે. સંયત છેને? સંયતપણું છે. તો કહે છે કે આ મારો શત્રુ છે અને આ સ્વજન છે. એ વાત મુનિને નથી.

'(૨) આ આહ્‌લાદ છે, આ પરિતાપ છે,...' અહો..! અહીંયા મજા પડે છે અને અહીંયા મને ઠીક નથી પડતું. મુનિને એ છે જ નહિ. વીતરાગ જ્ઞાતા શાંત.. શાંત.. શાંતરસમાં ઝુલનારા પોતાની વીતરાગ પરિણતિને સંયતપણે જાણે છે. બહારમાં કોઈ પરિતાપ નથી. અરે..! આણે પચ્ચીસ ગાળ આપી અને આઠ દિવસથી ઉપરાઉપર ગાળની ઝપટ મારે છે. ગાળ તો જડની પર્યાય છે. તો એ જડની પર્યાય તને કહે છે કે મને સાંભળવા રોકાઈ જા? કહે છે, સાંભળવા રોકાઈ જા? અને મારી જ્ઞાનની પર્યાય શું પર ઉપર જાય છે? જાણવામાં આવે છે કે છે. જગતને એવું લાગેને, જાણે આત્મા તો ... અરે..! પર માટે મડદું. પોતાના સ્વભાવનો પુરુષાર્થ અને વિભાવના પુરુષાર્થમાં સમર્થ. એક આત્મા અનંત પરમાણુ અને બીજા આત્મા માટે પાંગળો. પાંગળો. પાંગળો સમજો છોને? શું કહે છે? પંગુ. આ વાત!

કેટલાક વળી એમ કહે, પ્રત્યક્ષ દેખાય છેને. પણ તારી દૃષ્ટિ જૂઠી છે શું દેખાય? એ તો ભાષા જડની થાય છે. સમજાય છે કાંઈ? પ્રત્યક્ષ શું તારે? પ્રત્યક્ષની તને ખબર ક્યાં છે? જ્ઞાન પ્રત્યક્ષ થાય છે. જ્ઞાનમાં જાણવું થાય કે મારું સ્વરૂપ છે. એનું નામ પ્રત્યક્ષ છે. એ ચીજ એવી છે એ ખ્યાલમાં નથી આવતું? એ પરમાણુની પર્યાય જડની છે, તારી આત્મામાં ભરી છે? શું અંદર વર્ગણા ભરી છે આત્મામાં—અરૂપીમાં? એ વર્ગણા તો જડ છે. સમજાય છે કાંઈ? દેખાય છેને? શું દેખાય છે? તારી દૃષ્ટિમાં ભૂલ છે. સમજાય છે કાંઈ? કહ્યું હતુંને? એક દૃષ્ટાંત છેને, આપાનું. એક આપાનો દાખલો આપ્યો હશે. આપા એટલે કાઠી થાય કાઠી. એને આપા કહે છે. કાઠીને એક એવો ઠગ મળ્યો કે પાંચસો પાંચસોનો અછેરા લઈ જા, પછી પાંચ પાંચ હજારના થશે. કોળા હતા કોળા આટલા મોટા. આ કોળા નથી થાતા? સાકરકોળા. તમારે શું કહે છે? કાશીફળ આવડા આવડા અડધો મણના. કોળા. તો એવો એક ઠગ મળી ગયો કે આપા! પાંચસો પાંચસો રૂપિયા આપો. આ મોટું અછેરું છે. જ્યારે ફૂટશે ત્યારે પાંચ પાંચ હજારના અશ્વ થશે. બહુ સારી વાત છે. લાવો. અંદર અછેરો છે. અછેરા સમજ્યાને? ઈંડામાં મોર નથી? ઈંડામાં મોર છે કે નહિ? એમ અછેરો છે. કોઈને કહેતા નહિ. અને જ્યારે જમવા બેસો ત્યારે ઉપર ડાળીએ લગાવજો. જ્યારે તમારા ઘરે લઈ જાઓ, પાંચ-દસ ઘર છેટે હો તો ... આહારનું ટાણું આવ્યું. આહાર કરવા બાંધ્યા ઉપર અને ખાવા બેઠો. પણ પાતળો દોરો હતોને, ખાવા બેઠો એમાં દોરો તૂટી ગયો પડ્યા હેઠે. અને સાથે હતી પણાઠી, પણાઠી સમજો છો? પણાઠી વનસ્પતિ થાય છે નદીમાં. નદીમાં પણાઠી હતી. છોડ થાય છે. એમાં બે સસલા પડ્યા હતા. બે ખરગોશ પડ્યા હતા. જેવા એ ફૂટ્યા તો સસલા દોડ્યા. આપા કહે કે અરે..! આ વછેરા જાય છે, વછેરા. ઘરે આવીને કહ્યું કે બે ઈંડા લઈને

આવતો હતો. અરે..! ઘોડાના ઈંડા ન હોય. પણ પ્રત્યક્ષ જોયા ને ન હોય? પ્રત્યક્ષ જોયા. આમ ફૂટ્યા ભેગા ભાગ્યા તરત ને તરત. પણ ઘોડાના ઈંડા ન હોય અને ઈંડામાંથી વછેરા ન હોય. આપો એને કહે છે હોં!

એમ આપા એટલે આત્મા. એને કોઈ કહે કે પણ જડની ક્રિયા આત્મા ન કરી શકે. પણ પ્રત્યક્ષ દેખીએ છીએને. આમ બોલવાની ઈચ્છા કરે તો બોલી શકે છે. મૌન રહે તો નથી રહી શકતો? પ્રત્યક્ષ છેને? એ આપા જેવા છે તારા. તારા લખણ ઊંધા, ઊંધી શ્રદ્ધામાં. સમજાય છે કાંઈ? ભાન ન મળે ભાન. શું નવ તત્ત્વ છે? જીવ અજીવ ભિન્ન છે. કોઈને કોઈ સંબંધ નથી. પરમાર્થમાં કોઈ કોઈનું કર્તા નથી.

તો અહીંયા કહે છે કે અમારું એમાં સુખ છે કે અમારામાં દુઃખ છે એમ ધર્મીને છે જ નહિ. '(૩) **આ મારું ઉત્કર્ષણ (-કીર્તિ) છે, આ અપકર્ષણ (-અપકીર્તિ) છે,...**' મારી કીર્તિ ઘણી વધી ગઈ, હું બહુ વધી ગયો. અરે..! પરની કીર્તિથી તું વધ્યો? દુનિયામાં તો પુણ્યના કારણે કીર્તિ વધી જાય એમાં શું થયું? અને મારું એમાં અપકર્ષણ છે—અપકીર્તિ છે. અકીર્તિ-કીર્તિને ગણતો નથી. પોતાના જ્ઞાનમાં શાંતિમાં વીતરાગ પરિણતિમાં (રહે છે). '(૪) **આ મને અકિંચિત્કર છે, આ ઉપકારક (-ઉપયોગી) છે,...**' આ મારે કાંઈ કામનું નથી, આ મારે ઉપયોગી છે એવું મુનિને હોતું નથી. '(૫) **આ મારું ટકવું છે, આ અત્યંત વિનાશ છે**' આ મારી વસ્તુ સ્થાયી રહેશે શરીર, લક્ષ્મી આદિ અને આ અસ્થાયી છે એનો નાશ થશે. મુનિ છે જ નહિ. સ્થાયી મારો આત્મા, અસ્થિર મારી પર્યાય. પરમાં સ્થાયી અને નાશવાન નથી.

'**એમ મોહના અભાવને લીધે સર્વત્ર રાગદ્વેષનું દ્વૈત જેને પ્રગટ થતું નથી,...**' લ્યો, મોહના અભાવને લીધે સર્વત્ર વીતરાગ.. વીતરાગ.. આનંદકંદ પરિણમે છે. એને સંયતનું લક્ષણ કહેવામાં આવ્યું છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૨, શનિવાર, તા. ૧૫.૯.૧૯૬૨**
**ગાથા-૨૪૧, ૨૪૨, પ્રવચન-૧૧**

આ પ્રવચનસાર, એમાં મોક્ષમાર્ગનો અધિકાર ચાલે છે. આત્મા વસ્તુ પદાર્થ છે તે અનાદિ-અનંત છે. એની પર્યાય નામ વર્તમાન અવસ્થામાં રાગ-દ્વેષ વિકાર આદિ ભાવબંધ દશા છે. એ ભાવબંધનને નિમિત્ત જડ કર્મ વ્યવહારે બંધન છે એમ કહેવામાં આવે છે. બેયનો નાશ કરવાનો ઉપાય અથવા નાશ થઈ જાય છે એનો ઉપાય મોક્ષમાર્ગ ઉપાય છે. તો મોક્ષમાર્ગનું સ્વરૂપ શું છે ઈ ચાલે છે. ૨૪૧ ગાથા આવી. ક્યાં સુધી આવી? સેઠી! ખબર નથી. ચાર-પાંચ લીટી ચાલી છે. ફરીથી થોડું લ્યો, જુઓ! ટીકાથી ફરીથી લ્યો થોડું. ટીકા છેને ટીકા? ૨૪૧.

'**સંયમ સમ્યગ્દર્શનજ્ઞાનપૂર્વક ચારિત્ર છે;...**' સંયમ જે કહેવાય છે તેને ચારિત્ર કહે છે. તો

ચારિત્ર સમ્યગ્દર્શનજ્ઞાનપૂર્વક હોય છે. સમ્યગ્દર્શનજ્ઞાન ન હોય ત્યાં ચારિત્ર કે સંયમ હોતું નથી.

મુમુક્ષુ :— ચારિત્ર...

ઉત્તર :— ચારિત્ર શું પણ? ક્યું ચારિત્ર? આ બાહ્ય ક્રિયાકાંડ ચારિત્ર છે? પોતાનું સ્વરૂપ ચૈતન્યધાતુ જ્ઞાન, આનંદ જેણે ધારી રાખ્યા છે એવી નિર્વિકલ્પ વિકારથી રહિત.. એ પછી ૨૪૨માં આવશે, એવા આત્માની રાગરહિત સ્વરૂપનો અનુભવ થઈને પ્રતીતિ થવી તેનું નામ સમ્યગ્દર્શન છે. આવા સમ્યગ્દર્શન વિના એનું જ્ઞાન સાચું હોતું નથી. અને જ્ઞાન અને દર્શન વિના ઈ બહારથી પંચ મહાવ્રત ને વ્રત ને ક્રિયાકાંડ લઈ લ્યે તો પણ એ વ્રત નથી, એ ચારિત્ર નથી. ચારિત્ર તો સમ્યગ્દર્શનજ્ઞાનપૂર્વક હોય છે. તો જેને હજી સમ્યગ્દર્શન શું ચીજ છે, કેવી રીતે પ્રગટ થાય? એનું સાધન શું? એની પણ ખબર નથી એને ચારિત્ર-ફારિત્ર વ્રતાદિ, કહે છે કે અમે વ્રતધારી છીએ, ચારિત્રધારી છીએ, ક્ષુલ્લક છીએ, એ બધું એકડા વિનાના મીંડા છે. શૂન્ય શૂન્ય, એક વિનાનું શૂન્ય સંખ્યામાં આવતું નથી.

તો કહે છે કે '**ધર્મ સામ્ય છે;...**' એ ચારિત્ર ધર્મ છે અને ધર્મ સામ્ય છે. સામ્ય નામ શુદ્ધ ઉપયોગ. અંતર આત્મામાં જ્ઞાનાનંદને ધ્યેય કરીને અંતરમાં સ્થિર જામી જવું, શુભાશુભ ઉપયોગની ઉત્પત્તિ ન થવી અને અંતરમાંથી શુદ્ધ ઉપયોગ, શુદ્ધ ઉપયોગ નામ શુદ્ધ આચરણરૂપ દશા, શુદ્ધ આચરણરૂપ દશા, જેમાં મહાવ્રતનો વિકલ્પ પણ નથી એવી દશાને અહીંયા સામ્ય ધર્મ કહેવામાં આવે છે. '**સામ્ય મોહક્ષોભરહિત આત્મપરિણામ છે.**' એ સામ્ય શું છે? મોહ અને ક્ષોભ રહિત આત્માના એક પરિણામ છે. શેઠ કેમ આવ્યા નહિ? આવે છે. '**તેથી સંયતનું, સામ્ય લક્ષણ છે.**' તેથી સંયત, સંયત... સંયત નામ બહારથી ક્રિયાકાંડ કરે છે તે સંયત નહિ. સૂક્ષ્મ છે. સં-સંયત શબ્દ પડ્યો છેને? તો સમ્યગ્દર્શન અનુભવમાં આત્મા આવ્યા વિના શેમાં સ્થિર થવું? એ ભૂમિકા જોયા વિના, ભૂમિકાનું જ્ઞાન થયા વિના સ્થિર ક્યાં થવું? સમજાય છે કાંઈ? તો પોતાનો આત્મા શુભાશુભ પરિણામથી રહિત, દેહની ક્રિયા પણ હું કરવાવાળો નહિ, તેનાથી રહિત અંતર શુદ્ધ ચૈતન્ય.. ઈ આવશે, એવા સ્વભાવમાં લીન, આનંદ આનંદ અતીન્દ્રિય આનંદનું પ્રગટ થવું એનું નામ ભગવાન સંયતનું લક્ષણ કહે છે.

'**(૧) ત્યાં શત્રુ-બંધુવર્ગમાં,...**' ક્યાં ગયા ચંદ્રસેનજી? ઈ આવે છે જુઓ, તમારો પ્રશ્ન. એમ કે બે વાર કેમ આવ્યું? બબ્બે વાર આવે છેને? એકમાં મોહના અભાવને કારણે રાગ-દ્વેષ નથી થતા અને બીજામાં સ્વભાવમાં રમણતાને કારણે પરને જ્ઞેય તરીકે જાણે છે. એવા બે પ્રકાર છે. ચંદ્રસેનજી! કાલે એમનો પ્રશ્ન હતો કે બે વાર કેમ આવ્યું? જુઓ! જ્યાં આત્મા જ્ઞાન અને આનંદ મારું સ્વરૂપ છે એવી અંતર્મુખ સ્વભાવ આત્મઅભિમુખ, આત્મઅભિમુખ (એટલે) આત્મસન્મુખ થઈને પોતાના પરિણામ શુદ્ધ થવા એનું નામ ધર્મ નામ ચારિત્ર નામ સામ્ય કહેવામાં આવે છે. જેમાં શત્રુ-બંધુ વર્ગમાં સમતા (રહે છે). અહીં તો સમતા પછી, પણ એમાં રાગ-દ્વેષનો દ્વૈત પ્રગટ થતો નથી. શત્રુ હો કે સજ્જન હો, બંધુવર્ગ હો, મારો કોઈ દુશ્મન નથી, મારો કોઈ બંધુ નથી. મારો

બંધુ મારો સ્વભાવ (છે). પણ પર્યાયમાં વિકાર થાય છે તે મારો દુશ્મન છે. સમજાય છે કાંઈ? દુનિયામાં મારો કોઈ દુશ્મન, શત્રુ ત્રણ કાળમાં નથી. મારી વસ્તુ આનંદ અને શુદ્ધ પરમાત્મ સ્વભાવ મારો એ મારો બંધુવર્ગ, બંધુવર્ગ, ભાઈનો સમૂહ. મારા ગુણનો સમાજ—સમૂહ એ મારો બંધુવર્ગ છે. અને એમાં રાગાદિ ઉત્પન્ન થાય તે શત્રુવર્ગ (છે). સેઠી!

'(૨) **સુખ-દુઃખમાં,...**' અનુકૂળ-પ્રતિકૂળ સંયોગમાં સમભાવ, જ્ઞાતા-દૃષ્ટા થઈને શુદ્ધ ઉપયોગનું આચરણ કરવાવાળા. અનુકૂળ હો કે પ્રતિકૂળ હો, બધી વસ્તુ મારું જ્ઞેય છે. એ પછી આવશે. બધી વસ્તુ મારા જ્ઞાનમાં જાણવાલાયક છે. મને અનુકૂળ પ્રતિકૂળ દુનિયામાં કોઈ છે જ નહિ. એવી દૃષ્ટિપૂર્વક અંતર શુદ્ધ ઉપયોગમાં લીન, સામ્યભાવમાં લીન થવું તેનું નામ ચારિત્ર ધર્મ અને તેનું નામ મોક્ષમાર્ગ કહેવાય છે.

પહેલી સમજણમાં ફેર છે ત્યાં ક્યાં શ્રદ્ધા અને ક્યાં ચારિત્ર? સમજણમાં જ્યાં જ્ઞાનની શું વસ્તુ છે? કોણ છે? કોણ વિકાર છે? કોણ સંયોગ છે? બધી વસ્તુમાં પૃથક્તા કેવી રીતે છે? એના જ્ઞાન વિના યથાર્થ અંતર અનુભવ દૃષ્ટિ થતી નથી અને અનુભવ દૃષ્ટિ વિના ચારિત્ર અને સામ્યભાવ કદી પ્રગટ થતા નથી. બહારથી દેખાય કષાય મંદ દેખાય, કષાય મંદ દેખાય, શાંત દેખાય. એ નહિ, એ નહિ. અભિપ્રાયમાં રાગ કરવાનો ભાવ છે અને અભિપ્રાયમાં શત્રુ અને બંધુવર્ગનો ભેદ, જ્ઞાનમાં જ્ઞેયના ભેદ કરે છે એ મિથ્યાદૃષ્ટિને સામ્યતા, ઉપશમતા હોતા નથી. ઉપશમતા, સમતા, સમતા હોતા નથી. બહારથી જુઓ તો બધા ઉપર ક્ષમા. ભાઈ! બધાને ક્ષમા છે. અંતરમાં અભિપ્રાયમાં જ્યાં એ વિકલ્પ, રાગ ઉઠે છે તેની પણ કર્તૃત્વબુદ્ધિ છે અને હું ઠીક કરું છું એવી માન્યતા છે ત્યાં સમભાવ લેશ પણ નથી. ત્યાં સમતા નથી. જુઓ! આ બધા ખમાવે છેને? કાલે ક્ષમાપના દિન હતોને. ક્ષમાપના કોને કહેવી? પ્રભુ! તારા આત્મા સાથે શુભ-અશુભ રાગ થાય છે શુભરાગ, એ પણ મારો શત્રુ છે, મારા સ્વભાવનો શત્રુ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ સ્વભાવમાં એકાગ્ર થઈને (ક્ષમા) કરવી શત્રુ સાથે. એવી વાત છે. આ તો નિરાલંબી વાત. જગતને, અંતર ધર્મ શું વસ્તુ છે એ સાંભળવા મળતી નથી તો પરિણમનમાં ક્યાંથી આવે? બહાર જિંદગી એમને એમ.. ઓહો..! અનંત અનંત કાળ વીતે અજ્ઞાનપણે. શું કર્યું? વ્રત કર્યા, ઈન્દ્રિયદમન કર્યું, બ્રહ્મચર્ય પાળ્યું, ક્ષમા કરી, માન પણ ઘટાડી દીધું, કપટ પણ છોડી દઈને સરળ પણ થયો. વ્યવહાર સરળ થયો, પરમાર્થે સરળ થયો નહિ.

એવી ચૈતન્યશક્તિ ભગવાન પરમાનંદની મૂર્તિ હું છું. મારામાં તો એકલો આનંદ અતીન્દ્રિય, અતીન્દ્રિય (અર્થાત્) ઈન્દ્રિયથી ગ્રાહ્ય નહિ, વિકલ્પથી અનુભવમાં આવે નહિ, જ્ઞાનથી જ્ઞાનનું વેદન થાય એવા આનંદસ્વભાવની મારી ભૂમિ છે. એવી દૃષ્ટિ થયા વિના કદી સામ્યભાવ અંતરમાં થતો નથી. ઈ સમજાયું? સુખ-દુઃખ (થયું).

'(૩) **પ્રશંસા-નિંદામાં,...**' દુનિયા પ્રશંસા કરો, નિંદા કરો એ મારી વસ્તુ નથી. મારી કોઈ

પ્રશંસા કરી શકતું જ નથી. મારી પ્રશંસા હું કરી શકું છું. બીજો કોઈ મારી પ્રશંસા કરી શકતું નથી. દુનિયા કોઈ મારી નિંદા કરી શકતું નથી. દુનિયામાં કોઈ ચીજ નથી કે મારી નિંદા કરી શકે. મારી વસ્તુ જોયા વિના એ શું અનાદર કરે? અને મારી વસ્તુ જોયા વિના શું આદર કરવો? સમજાય છે કાંઈ? મારી ચીજ તો સચ્ચિદાનંદ પ્રભુ નિર્મળાનંદ આનંદકંદ પડ્યો છે એમાં નિંદા-પ્રશંસા મારામાં કરવાવાળું કોઈ છે નહિ.

'(૪) **લોષ્ટ-કાંચનમાં...**' ધૂળના ઢેફા અને ચરુ, હીરાના ચરુ આપણે તો લીધા હતા. નવનીતભાઈ! હીરાના ચરુનો દાખલો નહોતો આપ્યો? ચરુ નીકળ્યા. એ દાખલો (આપેલો). બધું એક છે, મારી કોઈ વસ્તુ નથી. એકમાં રાગ અને બીજામાં દ્વેષ અથવા પહેલામાં દ્વેષ અને બીજામાં રાગ. સમ્યગ્દર્શનપૂર્વક મોહના અભાવને લીધે આવી વસ્તુમાં રાગ-દ્વેષની ઉત્પત્તિ થતી નથી. અને શાંતિ અંતરમાં ઉત્પન્ન થાય. દુનિયા આખી ગમે તે હો, સમજાય છે કાંઈ? એક રાજાની વાત આવે છે. કોણ? નામ આપણને આવડે નહિ. ... રાજા. બહુ લડાઈ કરી. મોટો રાજા હતો, મોટો રાજા. ચંડપ્રદ્યોતન અને બીજો? ઉદયન રાજા. ઉદયન રાજા અને ચંડપ્રદ્યોતન. બેએ બહુ લડાઈ (કરી). બેય મોટા રાજા, જોદ્ધા. પછી ઉદયનરાજાના લશ્કરે એને જઈને પકડી લીધો. બાંધી દીધો. જબ્બર રાજા, મોટો રાજા. બાંધી લીધો. આવ્યા રાજ પાસે, બાંધીને લાવ્યા. કેમ છે રાજા? બંધન કરીને તું મને પૂછે છો, એકવાર બંધન છોડી દે તો તને ખબર પડે. હાથ બાંધી દીધા, પગ બાંધી દીધા. આટલા પોલીસ ઊભા છે. મારું બંધન છોડીને મારી તાકાત શું છે તે જોઈ લ્યો. ઉદયન રાજાને એવી (ખીજ) થઈ, જાઓ! મારી દાસી એણે ચોરી છે એમાં... મોટો રાજા, પણ એવું કાંઈક થયું, જાઓ માથે બાંધો. દાસી પતિ, દાસી પતિ, દાસી પતિ. સેઠી! દાસી પતિ, દાસી પતિ એમ બાંધીને ગામમાં ફેરવો. નાખ્યો જેલમાં ગામમાં ફેરવીને. શું કરે?

એમાં દિવસ આવ્યો ક્ષમાપનાનો. આ ક્ષમાપનાનો દિવસ આવ્યો. એમાં લખ્યું છે હોં! કંઈક આવ્યું હતું. સન્મતિ સંદેશ. ક્ષમાપનાનો દિવસ આવ્યો. સેઠી! તો ઉદયનરાજાને કોઈ કહે છે, મહારાજા! અમને બધી ક્ષમા છે. નહિ, નહિ, નહિ. ક્ષમા નથી તમને. તમારામાં કપટ ભર્યું છે. દુશ્મનાવટ ભરી છે ચંડપ્રદ્યોતન રાજા પ્રત્યે. અરે..! શું છે? રાજા! ... મોટો અપરાધ કર્યો છે. દાસીનો ચોર! મારી સામે તો કહેતા હતા, ઘટ બાંધેલું ને.. ઊભો રાખેને? પાંજરામાં, પાંજરામાં. પાંજરામાં ઊભો રાખ્યો. એક વાર છોડી દે તો ખબર પડે તને કે મારામાં કેટલી તાકાત છે. ઓલાને અંદર તીખાશ, તીખાશ, તીખાશ. અરે.. રાજા! એ રાજા હતો હોં! મોટો રાજા. એનું અપમાન (થયું), ઘણું અપમાન. તારી જેવો રાજા છે. એવું અપમાન છે. ક્ષમા કર, ક્ષમા કર. આવ્યા ચંડપ્રદ્યોતનને બોલાવીને. લાવ્યા. ક્ષમા કર એને. ... શું ક્ષમા કરે? પાપી છે. દાસીનો પતિ. મારી દાસી ચોરી ગયો હતો. શાંત થા રાજા, શાંત થા. આવ્યું છે. રાજાને છોડી દીધો અને બેય મળે છે. ક્ષમા ક્ષમા. અંતરથી મારી મારા ઉપર ક્ષમા છે. તારી ઉપર તો બહારથી ક્ષમા કહું છું. મારો અંદરમાં જે તારા પ્રત્યે ડંખ હતો એ છોડી દઉં છું. એ ઉદયન રાજા જૈન હતો. ઉદયન રાજા. એ

વાત આવતી હતી, આપણે કંઈ વાંચ્યું નથી, ખબર નથી. એમાં હતું. સન્મતિ સંદેશમાં. હમણાં જ આવ્યું છેને, છેલ્લામાં આવ્યું છે. આ દિવસ છેને ક્ષમાપનાનો, શું કહેવાય? દસલક્ષણીપર્વ. એને માટે નાખ્યું હશે. કથામાં હશે ક્યાંક. એટલી ક્ષમા. ભાઈ! તારી સાથે મને કાંઈ નથી, હોં! મારી સાથે હતું. મારી દુશ્મનાવટ મારી પર્યાયમાં તમારે કારણે મારો ભાવ હતો. હું છોડી દઉં છું. અરે..! ક્યાં જાવું છે? હું કોણ છું? અને આ મંત્રી દિવાન શું કહે છે? સારું કર્યું, મંત્રી! મને નિર્મળ કરવાની તક આપી. મહાન મલિન પર્યાયમાં અત્યાર સુધી રાજા પ્રત્યે હું ... રાખતો હતો.

અહીંયા તો મુનિની વ્યાખ્યા છે. એ તો ગૃહસ્થાશ્રમની વ્યાખ્યા (હતી). સમજાય છે કાંઈ? મુનિ છે એને પ્રતિકૂળતા કરવામાં અનેક પ્રકારની સામગ્રી લાવીને પ્રતિકૂળતા આપી હોય, ક્ષમા, પ્રભુ! ક્ષમા. તારા પરિણામ તારી પાસે છે, મારા પરિણામ મારી પાસે છે. મારી જવાબદારી મારા પરિણામમાં છે. તારા ઉપર જવાબદારી નથી. એમ માટીના ઢેફામાં દ્વેષ નહિ અને હીરાનો ચરુ દેખે તો રાગ નહિ.

'(૫) **જીવિત-મરણમાં એકીસાથે,...**' જીવતર હો, આજ દેહ છૂટો, પચાસ વર્ષ રહો, હું તો છું જ. શરીરને કારણે જીવિત પણ નહિ, શરીરના વિયોગથી મરણ નથી. હું તો ચૈતન્યમૂર્તિ છું. હું તો જ્ઞાનાનંદ સ્વભાવ છું. મારામાં શરીરથી જીવન, શરીરના વિયોગથી મરણ જ નથી. બેયમાં રાગ-દ્વેષ નથી. જીવિત હો તો રાગ નહિ અને મરણ હોય તો દ્વેષ નહિ.

'(૧) **આ મારો પર (-દુશ્મન) છે, આ સ્વ (-સ્વજન) છે,...**' પહેલા શત્રુ-બંધુવર્ગમાં (કહ્યું). હવે (કહે છે), આ મારો વિરોધી છે, આ મારો સ્વજન છે. બધી વૃત્તિ છોડીને એકલો વીતરાગ વિજ્ઞાનઘન થવું અને મોહના અભાવથી રાગ-દ્વેષ ન થવા એનું નામ ચારિત્ર ધર્મ કહેવામાં આવે છે. આ દસ પ્રકારના દસલક્ષણી પર્વ ગયાને? એ ચારિત્ર ધર્મના ગયા. એના પછી આ આવ્યું છે, જુઓ! ચારિત્ર ધર્મ છે.

'(૨) **આ આહ્‌લાદ છે, આ પરિતાપ છે,...**' અરે..! આ વસ્તુ તો મને બહુ અનુકૂળ, આનંદ ઊપજાવનારી છે, આ વસ્તુ મને પરિતાપ (આપનારી છે). જ્યારે એને જોઉં છું તો મને આતાપ થાય છે. નહિ, નહિ. કોઈ ચીજ જગતમાં એવી છે જ નહિ. મારી શાંતિ મારી પાસે છે. આતાપ કે આહ્‌લાદ કરવાની કોઈ વસ્તુ જગતમાં નથી.

'(૩) **આ મારું ઉત્કર્ષણ (-કીર્તિ) છે,...** ' હમણાં મારી કીર્તિ જામી છે. અરે..! ભગવાન! કીર્તિ ક્યાં આવી? તારી કીર્તિ તો અંતરમાં છે. શુદ્ધ ચૈતન્ય ભગવાન એમાં દૃષ્ટિપૂર્વક લીન થવું એમાં તારી કીર્તિ છે. એ કીર્તિનો તારો સ્તંભ છે કીર્તિસ્તંભ. લ્યો વળી ઈ આવ્યું. ... ત્યાં નથી? ચિતોડમાં છેને? કીર્તિસ્તંભ છે. ચિતોડમાં એક કીર્તિસ્તંભ છે. બે મોટા સ્તંભ હતાને? એમાં એક હતો જૈનનો, એક અન્યનો હતો. બે હતા મોટા મોટા. જબ્બર મોટા કીર્તિસ્તંભ. આ માનસ્તંભ જોઈને કોઈ કીર્તિસ્તંભ કહે છે. સમજે નહિને. આ કીર્તિસ્તંભ નથી. મહારાજની કીર્તિ માટે સ્તંભ નાખ્યો છે. બોલો! અરે..! ભગવાન! એ કીર્તિસ્તંભ નથી. એ તો સર્વજ્ઞ પરમાત્મા

ત્રિલોકનાથનું સમવસરણ બિરાજે છે. વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં સમવસરણ બિરાજે છે. અહીંયા ભરતક્ષેત્રમાં મહાવીર પરમાત્મા બિરાજતા હતા ત્યારે એવું સમવસરણ હતું. ઈન્દ્ર આવીને ચાર બાજુ સોનાના આવા માનસ્તંભ રચતા હતા. ઈન્દ્ર એકાવતારી ક્ષાયિક સમકિતી ઈન્દ્ર ઈન્દ્રાણી આવીને માનસ્તંભ ચાર સોનાના (સ્થાપે). અંદર પ્રવેશ કરવાવાળાના માન ગળી જાય. સમવસરણ ધર્મસભામાં પ્રવેશ કરે એનું માન ગળી જાય. એનું નામ માનસ્તંભ છે. એ ભગવાનનો કીર્તિસ્તંભ છે એમ નથી.

અહીં કીર્તિ, અહો! એમાં મારું ઉત્કર્ષણ થયું. ઘણી આબરૂ, મને ઘણા માનવાવાળા. અરે..! ભગવાન! બહારથી ક્યાં તારી આબરૂ છે? એ કીર્તિમાં રાગ કરવો એ તો આત્માની શાંતિનો ભંગ કરવો છે. આહા..! સમજાય છે કાંઈ? આહા..હા..! '**આ અપકર્ષણ...**' અરે..રે..! આ માણસ તો મારી અપકીર્તિ કરવાવાળો છે, મને હેરાન કરવાવાળો છે. અપકીર્તિ, તારે કારણે મારી અપકીર્તિ (થાય છે). મરી જા. કહે છે કે નહિ કુટુંબમાં? ઓલો મરે પછી બાઈ એમ કહે, બાઈને કહે. તીખી હોય, મરી જા હવે. જાય કૂવામાં પડીને. અને પછી હાય.. હાય..! અરે..રે..! સમજાય છે? કોઈ નહોતું કહેતું હમણાં? બાઈ અને છોકરા. આંકડિયામાં. એક બાઈ અને... ઘરમાં કાંઈ મેળ નહિ હોય. પોતાની દિકરીને કૂવામાં નાખી. ત્યાં પાછી આવીને? એમ.

અમારે ઉમરાળામાં એમ થયું હતું. એક બાઈ અને એની સાસુ વચ્ચે કંઈ બોલવાનું થયું હશે સાધારણ, એમાં તો ત્રણ દિકરી, એક પોતે, અને એ ત્રણ દિકરીમાં મોટી દિકરી બે જીવ સોતી. ચારેય કૂવામાં એકસાથે રાત્રે દસ વાગે પડ્યા. ચાર ચાર. ચાર તો ઈ અને એક અંદર ગર્ભમાં. પાંચ. એક કૂવામાં સાથે. પહેલા નાખ્યા એની માએ. ત્રણ દિકરીને કૂવામાં. પછી પોતે પડી. જોવા જાય તો ચારેય મડદાં. જુઓ! આ અપકીર્તિ. અરે..! મારી અપકીર્તિ. અરે..! શું અપકીર્તિ? મરીને નરકે જાવું પડશે. ત્યાં તારી અપકીર્તિ કેવી થશે? નરક અને નિગોદમાં અવતાર, તારી અપકીર્તિ ક્યાં રહી? બહારમાં અપકીર્તિ ક્યાં છે? ભગવાન ચૈતન્યસ્વરૂપનો આદર કર્યો નહિ અને બહારની કીર્તિ, અપકીર્તિમાં ઘુસી ગયો. આહા..હા..! સમજાય છે કાંઈ? એ પંથ જ તેં ઊંધો લીધો. ઊંધો પંથ. મુનિ શાંત.. શાંત... સમ્યગ્દૃષ્ટિને પણ એટલી શાંતિ છે. એ તો અસ્થિરતાનો થોડો રાગ આવે છે તો એનો ત્યાગ કરીને અહીંયા ચારિત્રની વાત કરે છે. સમજાય છે કાંઈ? કીર્તિ અપકીર્તિ કેવી?

'**(૪) આ મને અકિંચિત્કર છે,...**' આ મને કંઈ કામનો નથી, કંઈ કામનો નથી. અરે..! તારા કોઈ કામનો નથી. સાંભળ તો ખરો. આ શું કોઈ દ્રવ્ય તારા કામના છે જ નહિ. તારા માટે કામ કરવાવાળું એકલું આત્મદ્રવ્ય છે. તારી માટે બીજા દ્રવ્ય અકિંચિત્કર છે. પણ આ માને છે કે આ મારું કાંઈ પ્રયોજન સાધતો નથી અને રોટલા ખાય છે આખી જિંદગી. અને '**આ ઉપકારક (-ઉપયોગી) છે...**' મારો ઉપકારક છે. રાગ-દ્વેષ છે. સમજાય છે કાંઈ?

'**(૫) આ મારું ટકવું છે,...**' આ મકાન, આ માણસ, આ મારા કુટુંબી કાયમી, કાયમ અમારી આબરૂ અને અમારી કીર્તિ ટકાવનારા છે. સ્થાયિત્વ. કાયમ રહેવાવાળા, કાયમ રહેવાવાળા.

શરીર કાયમ, મકાન કાયમ.. હજીરો બનાવ્યો બે લાખનો. હજીરો એટલે મંદિર. મંદિરનું મકાન. બે લાખનું મકાન બનાવ્યું. આ મકાન મજબૂત.. શું કર્યું? સિમેન્ટ કોંક્રિટ. સ્થાયી રહેશે. ધૂળમાંય નહિ રહે, સાંભળને! એક ક્ષણમાં.. જુઓને! હમણાં કંઈક ન થયું? ધરતીકંપ. વીસ હજાર માણસ (મરી ગયા). ધરતીકંપ થયોને ક્યાંક? ઈરાન. વીસ હજાર ... આહા..હા..! સ્થાયીત્વ કોને કહેવું? સ્થાયીત્વ તો ધ્રુવ આત્મસ્વભાવ સ્થાયીત્વ છે. ભગવાન અનાદિ-અનંત નિત્યાનંદ પ્રભુ સ્થાયી છે. બીજું કોઈ આત્માને સ્થાયી નથી. '**આ અત્યંત વિનાશ છે,...**' અરે..! અત્યંત વિનાશ, આ ચીજ નાશ થશે. દાળ, ભાત, શાક, ફલાણું... કોઈનો નાશ નથી. નાશ તો તારો વિકાર હોય અને સ્થાયી તારો સ્વભાવ હોય. એવી વસ્તુ છે, બીજી કોઈ વસ્તુ બહારમાં નથી.

'**એમ મોહના અભાવને લીધે...**' જુઓ! આ પ્રકારે જ્યાં મોહનો અભાવ છે, '**સર્વત્ર રાગદ્વેષનું દ્વૈત જેને પ્રગટ થતું નથી,...**' સર્વત્ર. જ્યાં મુનિને સ્વર્ગમાં કોઈ ઉપાડીને લઈ જાય, કે સમુદ્રમાં અને નદીમાં નાખી દે... સમભાવ.. સમભાવ. મેરુ પર્વતની સાથે દેવ આવીને પગ પકડીને, જેમ કપડું ધોવે છેને પત્થર સાથે, મેરુ પર્વત છેને? મેરુ પર્વત લાખ જોજનનો. પૂર્વનો વેરી સ્વર્ગનો દેવ આવીને ચરણ પકડીને મેરુ પર્વત સાથે કપડા પછાડે એમ પછાડે. પછાડે સમજો છે? પટક દે. માર ફાડ. શાંત.. શાંત.. શાંત.. દેહ પડી જાય નીચે અને ત્યાંથી કેવળજ્ઞાન પામીને મોક્ષમાં જાય. ત્યાં અધ્ધરથી કેવળજ્ઞાન. ઉપસર્ગ છૂટી ગયો હોય. આમ બહારમાં દેહ ... શરીર નીચે પડતું હોય. આત્મામાં એટલા જામી ગયા.. મેરુ પર્વત લાખ જોજનનો છે. સોગઠીનું આકાશ. સોગઠી સમજ્યાને? સોગઠી રમવાની હોય છેને? ચોપાટમાં સોગઠી નથી હોતી? શું કહે છે? ... ચોપાટની. સોગઠી હોયને એવો મેરુ પર્વત છે. ત્યાં ઉપર તો બેસી શકે નહિ. પણ એક એક કાંકરથી અનંત મોક્ષમાં ગયા છે. શોભાલાલજી! સમજાય છે કાંઈ? છેને આમ સોગઠી. ઢાળ છે ઢાળ એકલો. ત્યાં બેસી શકે નહિ. છતાં સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવ કહે છે કે એવા લાખ યોજનમાં બેસવાનું સ્થાન નથી છતાં એક એક કાંકરીથી અનંત અનંત મોક્ષમાં ગયા છે. ત્યાંથી અનંત મોક્ષમાં ગયા. કેવી રીતે? મુનિને પછાડ્યા, અંતર ધ્યાનમાં ઉતરી ગયા, કેવળજ્ઞાન પામીને મોક્ષમાં ગયા. ત્યાંથી મોક્ષ. અનંત અનંત કાળમાં, આટલી કાંકરીમાં અનંત જીવ મોક્ષ પધાર્યા છે. સમજાય છે કાંઈ? કોના ઉપર દ્વેષ? સમતા.. સમતા. સુધારસ, અમૃતરસનો સ્વાદ લેતા લેતા દેહ છૂટી ગયો અને અનુભવમાં એકાગ્ર થઈને ક્ષપકશ્રેણિ માંડીને કેવળજ્ઞાન પામીને ચાલ્યા ગયા. ત્યાંથી મોક્ષ પધાર્યા. એટલી સમતા.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પછી ઉપસર્ગ ખસી જાય છે. ... દેવ ખસી જાય છે. ... પૂર્વનો દુશ્મન હોય દુશ્મન, મુનિ ધ્યાનમાં ન હોય. અપ્રમત્ત દશા ન હોય. અપ્રમત્ત દશા હોય તો ઉપાડી ન શકે. પ્રમત્ત દશા આવી ગઈ, જરી વિકલ્પ આવ્યો, શુભરાગ હોં! શુભરાગ. પ્રમત્તદશા છઠ્ઠી ભૂમિકામાં ઉપાડ્યા. સાતમું ગુણસ્થાન આવે છે તો તે સમયે લઈ નથી શકતા. દેવ એની સાથે ઉપાડી નથી

શકતો. અપ્રમત્ત દશામાં છેને ધ્યાનમાં. એટલા પુણ્ય છે કે એ સમયે તે લઈ ન શકે. છઠ્ઠા ગુણસ્થાનમાં આવી જાય, વિકલ્પમાં શુભરાગ આવી જાય ત્યારે ઉપાડે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કેવળજ્ઞાન. અને ત્યાંથી એવા અનંત ગયા છે. 'જગતને મરણ તણી બીક છે, મારે મન આનંદની લહેર જો..' અતીન્દ્રિય આનંદ.. આનંદ.. આનંદ. અતીન્દ્રિય રસમાં એટલા ઘુસી ગયા, ખબર નથી કે શરીરનું શું થયું છે? એટલો સામ્યભાવ એને શુદ્ધ ઉપયોગ અને એને ચારિત્ર ધર્મ કહેવામાં આવે છે. આ સંયતનું લક્ષણ કહે છે. શું વાત ચાલે છે? આ મુનિનું સંયતનું, મોક્ષમાર્ગનું લક્ષણ, એકાગ્રતાનું લક્ષણ શું? ત્રણે એક વાત છે. મોક્ષમાર્ગ કહો, સંયત કહો, એકાગ્રતા કહો. ત્રણેનું લક્ષણ આ છે. ત્રણે સાથે લેવું છેને. સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્રની વાત કરવી છે. સમજાય છે કાંઈ?

**'મોહના અભાવને લીધે સર્વત્ર રાગદ્વેષનું દ્વૈત જેને પ્રગટ થતું નથી,...'** જુઓ! સર્વત્ર કાઢ્યું છે. જ્યાં જ્યાં ક્ષેત્રમાં હોય, દેવ દરિયામાં ડૂબાડી દે. સમુદ્ર છેને, સમુદ્ર? અને મોટા પાંચ પચાસ મણનો પત્થર હોય એને ... લગાવી દે. દરિયામાં (નાખી દે) મુનિને. પૂર્વનો વેરી હોય. એ દરિયામાં કેવળજ્ઞાન પામીને મોક્ષમાં જાય છે. દરિયા સમજો છો? સમુદ્ર. સમુદ્ર જેટલા છેને અત્યારે અહીંયા, લવણસમુદ્ર બે લાખ જોજનનો. એક કણ ખાલી નથી કે જ્યાંથી અનંત મોક્ષમાં ગયા ન હોય. લવણસમુદ્રમાં એક કણ ખાલી નથી કે જ્યાંથી અનંત મોક્ષમાં ન ગયા હોય. તળેટીમાં ઉપર. અનંત અનંત.. કેમકે મુનિને લઈને જાય, ડૂબાવી દે, ત્યાંથી કેવળ (પામે). એવા એવા પ્રત્યેક પ્રત્યેક પાણીના બિંદુમાંથી અનંત મોક્ષમાં ગયા. સમજાય છે કાંઈ? કેમકે અઢી દ્વિપ છેને. તો જેટલા મોક્ષ પધાર્યા, પીસ્તાલીસ લાખ યોજનમાં અનંત ખીચોખીચ પડ્યા છે. એ તો અરૂપી છે, એને કાંઈ ખીચોખીચ નથી, પણ એકસાથે એક સિદ્ધ ત્યાં અનંત સિદ્ધ છે ઉપર. તો જાય ત્યાંથી સીધા જાય. આડાઅવળા આગળપાછળ નહિ કે અહીંયા હોય તો અહીંથી જાય. અનંતા ત્યાં છે તો ક્યાંથી ગયા? દરિયાની ઉપર અનંતા મોક્ષ પધાર્યા છે. ક્યાંથી ગયા? ત્યાંથી ગયા. સમભાવ જ્ઞાતા દૃષ્ટાને સંભાળીને...

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અનાદિના અનંત જ છે. અનાદિ કાળ થયો, ક્યાં કાળની આદિ છે? શું કહે છે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— થોડા આંકડા ન લખાય. પણ અનંત છે. આંકડા કેવા? અનાદિ આત્મા, અનાદિ કાળનો સંસાર, અનાદિનો કાળ, અનંત મોક્ષ પધાર્યા છે. સંસારમાં પણ અનંત જીવ છે, મોક્ષમાં પણ અનંત જીવ પધાર્યા છે, સિદ્ધ અનંત થયા છે, અરિહંત પણ પરંપરામાં અનંત થયા એ પછી સિદ્ધ થઈ ગયા, અત્યારે પણ લાખો અરિહંત મહાવિદેહક્ષેત્રમાં જમીન ઉપર ભગવાન સીમંધર પરમાત્મા બિરાજે છે, લાખો કેવળી વર્તમાન બિરાજે છે. વીસ તીર્થંકર બિરાજે છે અને તીર્થંકર

સિવાય લાખો સામાન્ય કેવળી બિરાજે છે. વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં જમીન ઉપર બિરાજે છે. પણ માણસને એવો વિશ્વાસ આવતો નથી. શરીરમાં કંઈક દવા નાખે તો વિશ્વાસ આવી જાય કે આટલી ગોળી છે, અહીંયા મને દાઢ દુઃખે છે તો રોગ મટી જશે. મટી ગયું, ભાઈ! બરાબર છે. વૈદ! ચાર મણનું, સાડા ચાર મણનું શરીર હોય. આવડી ગોળી આપે. શું થશે? તમારે અહીંયા દુઃખે છે તો પાકશે નહિ વિશ્વાસ છે.

મુમુક્ષુ :— ... કામ કરે છે.

ઉત્તર :— કામ કરે (અને) ન્યાં મરી પણ જાય છે. પણ એના અભ્યાસમાં વિશ્વાસ (છે). અનંત સર્વજ્ઞોએ કહેલું, શું કહે છે, શું વસ્તુ છે, કેવો આત્મા છે, કેવી રીતે મોક્ષ પધાર્યા, મુનિ શું? વર્તમાન ભગવાન બિરાજે છે. અંતરમાં વિશ્વાસમાં મેળવણી કરતો નથી. એમ ને એમ માની લે, માની લે તો ઓઘે ઓઘે તો માને છે.

અહીં તો કહે છે, '**રાગદ્વેષનું દ્વૈત જેને પ્રગટ થતું નથી, સતત વિશુદ્ધદર્શન...**' હવે અસ્તિથી લ્યે છે. પહેલા નાસ્તિથી લીધું. સમજાય છે કાંઈ? '**સતત વિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવી આત્માને...**' આત્માની વ્યાખ્યા કરી. કેવો છે ભગવાન આત્મા? નિરંતર વિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવ. એકલો નિર્મળ જ્ઞાનદર્શન સ્વભાવનો પિંડ તે આત્મા છે. વિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવ, વિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવ. એવા '**આત્માને જે અનુભવે છે,...**' મુનિઓ એમાં લીન થાય છે. '(એ રીતે)...' જુઓ! આ કારણે. '**શત્રુ-બંધુ, સુખ-દુઃખ, પ્રશંસા-નિંદા, લોષ્ટ-કાંચન,...**' પેલામાં માટી અને (સોનું) આવી ગયું. '**અને જીવિત-મરણને નિર્વિશેષપણે જ (તફાવત વિના જ)...**' જીવિત એ ઠીક અને મરણ અઠીક, શત્રુ પ્રતિકૂળ અને સજ્જન ઠીક, કોઈમાં વિશેષતા નહિ. બધું એક વસ્તુ છે. મારા જ્ઞાન માટે બધી એક જ વસ્તુ છે. નિર્વિશેષતા અર્થાત્ તફાવત વિના અર્થાત્ ફેર વિના. લોઢું અને હીરામાં ફેર કાંઈ નથી. એ બધી એક જ વસ્તુ જડની પર્યાય છે. જીવિત અને મરણ બધી એક જ વસ્તુ છે. જીવન હો, મરણ હો, શત્રુ હો, (મિત્ર) હો, નિંદા હો, પ્રંશસા હો, કીર્તિ હો કે અપકીર્તિ હો.

'**જ્ઞેયરૂપ જાણીને...**' જુઓ! બધાને જ્ઞેયરૂપ જાણીને. એ તો મારી જાણવાની વસ્તુ છે. મારામાં કોઈ પ્રતિકૂળ અનુકૂળ ઉત્પન્ન કરી શકે એવી કોઈ ચીજ જગતમાં નથી. કહો, સેઠી! શું કરવું?

મુમુક્ષુ :— જ્ઞાતા દૃષ્ટા...

ઉત્તર :— જ્ઞાન કરવું. બાબુભાઈનો પત્ર એવો આવે કે પિતાજી સાહેબ! અહીંયા બધું અનુકૂળ છે, તમે ત્યાં રહેજો. એમાં ગલગલિયા થઈ જાય એમાં શું કરવું? કહો! ગલગલિયા સમજ્યા? રાગ આવી જાય રાગ. અને પ્રતિકૂળતા સાંભળે કે ભાઈ! આપણે ત્યાં છોકરાને આમ છે, કન્યાને આમ છે, ફલાણું છે. અરે..! હાય! શું છે પણ? એ તો પરપદાર્થ છે. પરમાં કંઈ થયું એમાં તને ક્યાં વિકાર કે વ્યભિચાર થયો?

**'જ્ઞેયરૂપ જાણીને...'** બધી જાણવાની વસ્તુ છે. હું કોણ છુ? **'જ્ઞાનાત્મક આત્મામાં...'** જુઓ! ટૂંકુ લીધું પાછું. પહેલા લીધું હતું કે વિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવ આત્મા. પહેલા લીધું હતું. હવે ટૂંકામાં લઈ લીધું. ટૂંકામાં સમજ્યા? સંક્ષેપમાં. **'જ્ઞાનાત્મક આત્મામાં...'** હું તો જ્ઞાનસ્વરૂપ જાણનમૂર્તિ પ્રજ્ઞાબ્રહ્મ આત્મા, પ્રજ્ઞાનો પુંજ, જાણવાનો પુંજ હું આત્મા. **'જેની પરિણતિ અચલિત થઈ છે...'** જેની દશા, સ્થિરતા અચલિત—ચળે નહિ એવી થઈ છે. **'તે પુરુષને જે ખરેખર સર્વતઃ સામ્ય છે...'** એવા આત્માને સર્વતઃ સામ્ય છે અને **'તે (સામ્ય) સંયતનું લક્ષણ જાણવું...'** સમતા.. સમતા.. વીતરાગ. એ દૃષ્ટિપૂર્વકની વાત છે હોં. જેની દૃષ્ટિમાં શુભરાગ સારો અને અશુભ ખરાબ (એમ છે) અને કર્મથી વિકાર થાય છે એવી જેની દૃષ્ટિ છે, એમાં તો સમ્યગ્દર્શન નથી, તો સામ્યભાવ તો એમાં છે જ નહિ. કહો, સમજાય છે કાંઈ? **'તે પુરુષને જે ખરેખર...'** ખરેખર એમ કહે છે. યથાર્થમાં. આમ તો અનંત વાર દૃષ્ટિની વિપરીતતા રાખીને ક્ષમા કરી, ઉપશમ કર્યો, ઉપશમ નામ કષાય મંદ કર્યો એમાં કાંઈ નથી. પુણ્યબંધ થઈ જાય, સ્વર્ગમાં જાય, પાછો ચાર ગતિમાં પટકાશે. એમાં કંઈ સામ્યતા નથી.

**'જે સંયત આગમજ્ઞાન...'** જે મુનિને આગમજ્ઞાન, સાચા શાસ્ત્રનું જ્ઞાન, સાચી તત્ત્વાર્થશ્રદ્ધાન, સાચા સંયતત્વના યુગપદપણા સાથે-ત્રણેની સાથે **'આત્મજ્ઞાનનું યુગપદપણું સિદ્ધ થયું છે.'** લ્યો. ત્રણેની સાથે શુદ્ધ સામ્ય, સપ્તમ ગુણસ્થાનની ભૂમિકાની અહીંયા વાત કરે છે, તે મોક્ષમાર્ગ છે એમ વાત કરે છે. પહેલા સમજવું તો જોઈએ કે નહિ કે વસ્તુ શું? અને કેવી શ્રદ્ધા કરવી? કહો, સમજાય છે કાંઈ? એ ૨૪૧ ગાથા (પૂરી) થઈ.

**'હવે એમ સમર્થન કરે છે કે આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના યુગપદણાની સાથે આત્મજ્ઞાનના યુગપદપણાની સિદ્ધિરૂપ જે આ સંયતપણું તે જ મોક્ષમાર્ગ છે,...'** આ સિદ્ધ કરવું છે. અહીં આત્મસંયતપણું બતાવ્યું એ સંયતપણું જ મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગ કોઈ બીજો નથી. ઓહો..હો..! જેમાં વિકલ્પ ને રાગ ને મોક્ષમાર્ગ તો કાઢી નાખ્યો. વ્યવહારમોક્ષમાર્ગ, વ્યવહારમોક્ષમાર્ગ. અહીં તો પોકાર કરે છે કે છઠ્ઠાની નિર્મળતા જ્ઞાન, દર્શન, ચારિત્ર તે મોક્ષમાર્ગ છે અને તેની સાથે ત્રણેની એકતા થઈ હોય તે મોક્ષમાર્ગ છે. સમજાય છે કાંઈ? **'જેનું બીજું નામ એકાગ્રતાલક્ષણવાળું શ્રામણ્ય છે :—'** લ્યો. જેનું બીજું નામ અપરનામ એકાગ્રતા, અંતર ભગવાન આત્મામાં એકાગ્રતાલક્ષણવાળું શ્રામણ્ય છે. ૨૪૨.

**दंसणणाणचरित्तेसु तीसु जुगवं समुट्ठिदो जो दु।**
**एयग्गगदो त्ति मदो सामण्णं तस्स पडिपुण्णं।।२४२।।**

હવે વ્યાખ્યા કરે છે. સમ્યગ્દર્શન શું વસ્તુ છે એની વ્યાખ્યા કરે છે.

**'ટીકા :— જ્ઞેયતત્ત્વ...'** જગતમાં જાણવાલાયક વસ્તુઓ **'અને જ્ઞાતૃતત્ત્વની...'** જાણનાર હું અને જણાવાલાયક બધુ વસ્તુઓ પોતાના જ્ઞાનમાં. બધા, દેવ-ગુરુ-શાસ્ત્ર (પણ આવી ગયા). સમજાય છે કાંઈ? અને વ્યવહાર વિકલ્પ આદિ જે વ્યવહારરત્નત્રય તે પણ જ્ઞેયતત્ત્વમાં જાય છે.

શું કહ્યું સમજાણું? જ્ઞેય નામ જાણવાલાયક વસ્તુ. શું? શરીર, વાણી, કર્મ, દેવ-ગુરુ-શાસ્ત્ર, અરે...! વ્યવહારશ્રદ્ધા, વ્યવહારજ્ઞાન અને વ્યવહારચારિત્ર એ રાગ એ બધા જ્ઞેયતત્ત્વ છે. બરાબર છે? ડૉક્ટર! શું આવ્યું? ઓહો..હો..! આચાર્યની કથનપદ્ધતિ..! બારમી ગાથામાં કહ્યુંને ભાઈ? જે જાણવાલાયક છે. તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. જાણેલો પ્રયોજનવાન છે. આહા..હા..! પૂર્વાપરવિરોધરહિત જ્યાં જુઓ ત્યાં યથાર્થ માર્ગની પદ્ધતિ ચાલે છે.

કહે છે કે જ્ઞેયતત્ત્વ. ઓહો..! જ્ઞેય નામ જાણવાલાયક તત્ત્વ. પોતાની પર્યાયમાં પણ વ્યવહારશ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વના વિકલ્પવાળી શ્રદ્ધા વિકલ્પ, અને અઠ્યાવીસ મૂળગુણ મુનિ નગ્ન દિગંબરના, એ બધા જ્ઞેયતત્ત્વ છે. મોતીલાલજી! જ્ઞેયતત્ત્વ છે? જાણવાલાયક છે. મારી વસ્તુ એ નહિ, મારું તત્ત્વ નહિ. અહીંયા તો ... કહે છે. નહિ, એ વ્યવહાર હોય તો નિશ્ચય થાય છે.

મુમુક્ષુ :— ... લખ્યું છે.

ઉત્તર :— એ તો વ્યવહારનયથી, અભૂતાર્થનયથી લખ્યું છે. કથન કઈ નયનું છે એ સમજ્યા વિના...

જ્ઞેયતત્ત્વ એ પોતાનું જ્ઞાયકતત્ત્વ સિવાયની બધી વસ્તુ, દયા, દાન, વ્રત, તપના વિકલ્પ બધા એ મને જાણવાલાયક વસ્તુ છે, મારી વસ્તુમાં નથી, મને લાભદાયક નથી. બહુ ઝીણું. આહા..હા..! '**જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વ...**' બે જ વાત લીધી, બસ. એક બાજુ ભગવાન આત્મા જાણનાર, એક બાજુ વ્યવહારરત્નત્રયથી માંડી દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, સમેદશિખર અને ગિરનાર. આ સમયસારનું પુસ્તક, જિનવાણી, એ.. જિનવાણી જ્ઞેય છે, જાણવાલાયક વસ્તુ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— જાણવાલાયક છે. બસ! પોતાનું સ્વરૂપ એકલો પ્રકાશનો પુંજ છે. ચૈતન્યપ્રકાશ એ જ્ઞાતૃતત્ત્વ, જાણનાર તત્ત્વ બાકી બધા જ્ઞેયતત્ત્વ. જેવા બે છે, જ્ઞેય અને જ્ઞાયક જેવા છે, '**તથાપ્રકારે,...**' જુઓ! '**(જેમ છે તેમ, યથાર્થ)...**' આગળપાછળ કરી નાખે ને આમ કરી નાખે ને તેમ કરી નાખે (એમ નહિ). આહા..હા..! જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વ આપણે લીધું છેને? શું? જ્ઞેયસ્વભાવ અને જ્ઞાનસ્વભાવ. જ્ઞેયસ્વભાવ પણ ક્રમસર ચાલે છે અને જ્ઞાનસ્વભાવ પણ ક્રમસર જાણવાનું કાર્ય કરે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? તો કોઈ કહે છે કે નહિ? અશુદ્ધમાં ક્રમ નહિ. સમજાય છે? પણ અશુદ્ધમાં ક્રમ ન હોય, તો સાથે સમ્યક્‌જ્ઞાન પ્રગટ થાય છે, સમ્યગ્દૃષ્ટિને સમ્યક્‌જ્ઞાન, સમ્યગ્દર્શન (પ્રગટ થાય છે) તે સમયે તે જ રાગ જાણવાનો જ્ઞાનમાં ક્રમમાં આવ્યું છે તો તે જ પ્રગટ થાય છે અને રાગ પણ એવો જ ત્યાં છે એમ પ્રગટ થાય છે. ક્રમસર જ્ઞાન અને જ્ઞેય બધું થઈ ગયું. જ્ઞાનની પર્યાય ક્રમસર પોતાની પર્યાયની લાયકાતથી એવી થઈ અને જ્ઞેયની પર્યાય એવી જ હતી, એને જાણનારું જ્ઞાન પણ એવું થયું, જ્ઞેય પણ એવું છે

ત્યાં. સમજાય છે કાંઈ? શું કહ્યું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ રાગ તે જ સમયે (તેવો પ્રગટ થાય છે). જેમ જ્ઞાતૃતત્વ પોતાને જાણવાલાયક વસ્તુનો બોધ થયો તો એનું જેવું જ્ઞાન પ્રગટ થયું તો તે જ્ઞાનમાં જેટલા પ્રકારના રાગ, જે પ્રકારનો રાગ (થાય), અશુભ, શુભ આદિ, તે જ સમયે થવાવાળો છે એવું જ્ઞાન પોતામાં પ્રકાશ કરીને પ્રગટ થાય છે. તો આઘોપાછો રાગ ક્યાંથી આવ્યો? જ્ઞાનમાં પણ એ જ જાણવાની પર્યાય ઉત્પન્ન થાય છે, રાગ પણ તેવો જ થાય છે. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એક પર્યાયમાં. જ્ઞાનપર્યાય છે જાણવાવાળી અને જ્ઞેય છે જણાવાલાયક, પ્રમેય થઈને જણાવે. અહીં તો કહે છે કે પોતાની જ્ઞાનની પર્યાય શુદ્ધ થઈ, શુદ્ધ, સમ્યગ્દર્શનની ક્ષાયિક સમકિત પર્યાય શુદ્ધ થઈ તો એની સાથે અવિનાભાવ રાખવાવાળી જ્ઞાનની પર્યાય જેવી ઉત્પન્ન થવાલાયક છે, તે સમયે રાગ પણ (ઉત્પન્ન થાય તેને) અહીંયા આત્મા જાણે છે, તો રાગ પણ એવો જ ઉત્પન્ન થાય છે. આઘોપાછો રાગ કે આઘોપાછો જ્ઞાનસ્વભાવ ઉત્પન્ન થતો નથી. બહુ ગહન વાત. લોકોને એમ ને એમ ચાલતું હતુંને,...

કહે છે, જ્ઞેયતત્ત્વ—જ્ઞેયભાવ અને જ્ઞાનભાવ, બે વસ્તુ ભિન્ન. '**તથાપ્રકારે...**' જ્ઞાતૃતત્ત્વ જેવું છે અને જ્ઞેયતત્ત્વ જેવું છે એવી યથાર્થ પ્રતીતિ, જ્ઞાનમાં ભાસ થઈને યથાર્થ '**પ્રતીતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શનપર્યાય છે;...**' જુઓ! સમ્યગ્દર્શન પર્યાય છે. સમ્યગ્દર્શન ગુણ નથી. વળી તકરાર કરે છે એક ક્ષુલ્લક. તમે સમ્યગ્દર્શનને પર્યાય કહો છો, કુંદકુંદાચાર્ય ગુણ કહે છે. અરે..! સાંભળ તો ખરો. એ તો પર્યાયને ગુણ કહ્યું છે. શું ગુણ પ્રગટ થાય? સમજાય છે કાંઈ? પણ કંઈ ખબર નહિને. સમાજને ખબર નથી અને માથે દે એને ખબર નથી. એક .. મળે, તમારી વાત મોટી છે. કોણ સાંભળવાવાળું છે? સત્ય શું છે? અરે..! ભગવાન! તેં કોઈ અભ્યાસ કર્યો નહિ, તને જ્ઞેય-જ્ઞાયક ભિન્ન વસ્તુ કેવી છે, તથાપ્રકારે કેવી હોય છે, એનો શું સ્વભાવ છે તેનો બોધ કર્યો નહિ તો પ્રતીત ક્યાંથી થશે? સમજાય છે કાંઈ?

એ બેય—જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની જેવી છે તેવી યથાર્થ. તો જેવી છે તેવીનું જ્ઞાન કર્યા વિના ક્યાંથી યથાર્થતા આવશે? સમજણમાં લીધું નહિ, જ્ઞાનમાં લીધું નહિ (અને કહે કે) અમને ભગવાનની અને આત્માની પ્રતીત છે. ક્યાંથી આવી પ્રતીતિ તને? ભાવમાં તો જ્ઞાનસ્વભાવ શું? અને જ્ઞેયસ્વભાવ શું? એ ભિન્ન ભિન્ન ક્રમસર શું કામ કરે છે, એ બેનો તને ખ્યાલ નથી. સંદેહ.. સંદેહ.. સંદેહ (રહ્યા કરે). આ કરે તો આમ થાય અને આમ કર્યું તો આમ થયું... સમજાય છે કાંઈ? અહીંયા તો હજી સમ્યગ્દર્શનપર્યાયની વાત ચાલે છે. જુઓ! શું કહે છે?

તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શન આવે છે કે નહિ? 'તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્.' ઉમાસ્વામીનું સૂત્ર છે કે નહિ? મહાન સૂત્ર. એ આવ્યું એમાં આવી ગયું કે આત્મા જ્ઞાનતત્ત્વ છે, જ્ઞાતૃ(તત્ત્વ)

અને આસ્રવ, બંધ, સંવર, નિર્જરા આદિ જાણવાલાયક છે. પર્યાય જાણવાલાયક છે. એક સમયની પર્યાય પણ પર્યાયરૂપ જાણવાલાયક છે. રાગ રાગરૂપ જાણવાલાયક છે. સમજાય છે કાંઈ? એવું જ્ઞાયકનું ભાન થઈને આ રીતે આસ્રવ, બંધ આદિ જ્ઞેયનું ભાન થઈને જેવો જ્ઞેયસ્વભાવ છે, જેવો જ્ઞાનસ્વભાવ છે તેવી પ્રતીતિ થવી એનું નામ સમ્યગ્દર્શન છે. લ્યો, આ અવિરત સમ્યગ્દર્શન. હજી ત્યાગ ન હોય, ચારિત્ર ન હોય પણ સમ્યગ્દર્શન અવિરત ગુણસ્થાને (હોય છે). શેઠ પૂછતા હતાને, અવિરત સમ્યગ્દર્શન. અવિરત. એમાં પણ આવી પ્રતીતિ થાય છે. ચોથે ગુણસ્થાને અવિરત સમ્યગ્દષ્ટિ.

શ્રેણિક રાજા ભલે નરકમાં ગયા. આયુષ્ય બંધાઈ ગયું હતું અને પોતાની યોગ્યતા હતી. પણ અંતરમાં જ્ઞાયક-જ્ઞાનતત્ત્વ અને જ્ઞેયતત્ત્વની જેવી છે તેવી ક્ષાયિક પ્રતીતિ છે, ક્ષાયિક પ્રતીતિ. ફરે નહિ. ત્યાંથી નીકળીને તીર્થંકર થશે. ચોર્યાશી હજાર વર્ષનું આયુષ્ય છે. સીધા તીર્થંકર (થાશે). આગામી ચોવીસીમાં પહેલા તીર્થંકર (થાશે). આગામી ચોવીસી થશેને? આ બે આરા પછી. આ પંચમઆરો છે, પછી છઠ્ઠો, પાછો છઠ્ઠો, પછી પાંચમો, પછી ચોથો. ચોથામાં... ચોર્યાશી હજાર વર્ષની સ્થિતિએ પહેલી નરકમાં છે. પણ તીર્થંકર પ્રકૃતિનો બંધ કર્યો છે, ભગવાન સર્વજ્ઞની સમવસરણ સભામાં અને ક્ષાયિક સમકિત એમને પ્રગટ છે. અત્યારે પણ ત્યાં સમયે સમયે તીર્થંકરગોત્ર બાંધે છે પહેલી નરકમાં ચોર્યાશી હજાર વર્ષ. પહેલા સ્થિતિ લાંબી હતી, પણ પછી સમ્યગ્દર્શન થયું, મહાન સંતોના ભક્તિ આદરમાં એ સ્થિતિ તૂટી ગઈ. ઘણા સાગરની હતી તે ચોર્યાશી હજારની રહી ગઈ, ફક્ત ચોર્યાશી હજાર.

મુમુક્ષુ :— તેંત્રીસ સાગર.

ઉત્તર :— તેંત્રીસ સાગર. ચોર્યાશી હજાર રહી ગઈ. ચોર્યાશી હજારમાં હવે અઢી હજાર તો નીકળી ગયા. અઢી હજાર ઓછા થયા, સાડી એક્યાસી (હજાર વર્ષ) રહ્યા. સાડી એકયાસી હજાર વર્ષ પછી ત્યાંથી નીકળશે, મહાન કોઈ રાણીની કૂંખમાં આવશે. ઈન્દ્રો એને પૂજશે. ત્યાગ નહોતા, પચ્ચખાણ નહોતા, વ્રત નહોતા, નિયમ નહોતા. એક સમ્યગ્દર્શનની શુદ્ધ પર્યાય હતી. શું એની કિંમત છે અને શું એનું ધ્યેય છે અને શું એનું ફળ છે, ખબર નથી.

એ શ્રેણિક રાજા હજી ત્યાંથી છ માસ પહેલા આયુષ્ય બાંધશે અને ત્યારપછી દેવ આદિ તેમને ઉપદ્રવ નહિ કરે, અહીંનું આયુષ્ય બાંધશે ત્યારથી. નરકમાં અહીંનું તીર્થંકરનું આયુષ્ય, આયુષ્ય હોં! તીર્થંકરગોત્ર તો બાંધે છે, મનુષ્યનું ત્યાં બંધાશે છ માસ પહેલા બંધ પડશે. ઓહો..! આ તો ભગવાન થવાના છે! છ માસ પછી ભરતક્ષેત્રમાં...

મુમુક્ષુ :— છ મહિના પહેલા...

ઉત્તર :— પહેલા ત્યાં આયુષ્ય બંધાય છે. અહીંનું મનુષ્યનું. ચોર્યાશી હજાર વર્ષ પહેલા છ મહિના બાકી રહેશે, અહીંયા તીર્થંકર થવાના છેને, તો મનુષ્યનું આયુષ્ય (ત્યારે બંધાશે). તીર્થંકરગોત્ર તો પહેલેથી બંધાયું છે. પણ આ મનુષ્યનું આયુ ત્યાં બંધાશે. સમજાય છે કાંઈ?

ત્યારથી કોઈ એને પરમાધામી કે કોઈ એને સતાવી ન શકે. એવો ઉદય આવી જશે, છ મહિના પહેલા. એ ખરેખર તો જ્ઞાતા-દૃષ્ટા છે. એને ખરેખર દુઃખ નથી. જરી અસહનશીલતા છે એ બધું ગૌણ થઈ જાય છે. સમજાય છે કાંઈ?

તો કહે છે, ઓહો..! '**પ્રતીતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શનપર્યાય છે;...**' તેના પ્રતાપથી.. તીર્થંકરગોત્ર પણ તે જ ભૂમિકામાં બંધાય છે. મિથ્યાદૃષ્ટિને તીર્થંકરગોત્ર હોય નહિ. ત્યાંથી નીકળીને માતાના ઉદરમાં આવ્યા પહેલા ઈન્દ્રો અને ઈન્દ્રાણી આવીને માતાનું શરીર સાફ કરશે. ભક્તિ ભક્તિ છેને, શુભરાગ છે કે નહિ? શુભરાગ ભક્તિનો આવે છે. માતાનું પેટ (સાફ કરશે). અહો..! માતા! આપ જનેતા ભગવાનની નહિ પણ અમારી માતા છો. હે ત્રિલોકપૂજ્ય માતા! છ મહિના પછી આપના પેટમાં તીર્થંકર આવવાના છે. નર્કમાંથી હોં! એટલું ઈન્દ્રાણી અને ઈન્દ્ર આદિ (ભક્તિ કરે છે). અને જ્યારે માતાના પેટમાં આવ્યા (તો) મહોત્સવ કરે છે, ગર્ભનો. અને નવ મહિના હીરા, માણેકની વૃષ્ટિ (કરે છે). રત્નની વૃષ્ટિ. નવ મહિના માતાના પેટમાં. નવ અને છ મહિના (એના પહેલા) પંદર મહિના. જ્યારથી છ મહિના પહેલા આયુષ્ય બંધાયું ત્યારથી ઈન્દ્ર અને ઈન્દ્રાણી રત્નની વૃષ્ટિ એના ગામમાં કરશે. રત્નની વૃષ્ટિ. હજી પડ્યા છે ત્યાં. એ સમ્યગ્દર્શનપર્યાયમાં બંધાયેલા પુણ્ય, શુભભાવનું પુણ્ય બંધાણું અને સમ્યગ્દર્શનની પવિત્રતા, એનું આ બધું માહાત્મ્ય છે. એ ચીજ શું છે એની કિંમત નથી. બહારથી લઈ લ્યો, બસ! આમ કરો, આમ કરો. અને લોકોની દૃષ્ટિ પણ એવી કે બાહ્ય ત્યાગવાળાને માની લે. એનું વચન પ્રમાણ છે, એનું વચન પ્રમાણ છે. બિચારો કોઈ સાચો સમ્યગ્દૃષ્ટિ હોય પણ જો પુણ્ય ઓછા હોય (તો એમ કહે), ત્યાગ ક્યાં છે? એનામાં ત્યાગ નથી, એનામાં ત્યાગ ક્યાં છે? જુઓ! આ ક્ષુલ્લક છે, આ સાધુ છે. શું ક્ષુલ્લક સાધુ? દૃષ્ટિ શું વસ્તુ છે? એનું ફળ શું છે? દૃષ્ટિનું ધ્યેય શું છે? એનું લક્ષણ શું છે એની તો ખબર નથી. સમજાય છે કાંઈ?

તો કહે છે, તત્ત્વાર્થશ્રદ્ધાનમાં પણ એ જ આવ્યું, હોં! ઈ જ વાત છે, બીજી વાત નથી. ક્રમબદ્ધમાં ઈ જ વાત છે. જડ ચૈતન્યની ક્રમબદ્ધપર્યાય ચાલે છે તો હું પર અને રાગનો કર્તા નથી. હું જ્ઞાયક છું, મારું જ્ઞાયકતત્ત્વ છે. આ બીજા બધા જ્ઞેયતત્ત્વ છે. એમાં આવી ગયું. તત્ત્વાર્થશ્રદ્ધાનમાં ઈ આવ્યું, જ્ઞેયતત્ત્વ-જ્ઞાનતત્ત્વમાં ઈ આવ્યું, ક્રમબદ્ધમાં પણ ઈ જ આવ્યું. સમજાય છે કાંઈ? '**તથાપ્રકારે (જેમ છે તેમ, યથાર્થ)...**' તથાપ્રકાર કોને કહેવું? જેવો એનો સ્વભાવ છે એવો પ્રતીતમાં આવવો. '**જેનું લક્ષણ સમ્યગ્દર્શનપર્યાય છે;...**' એક પર્યાયની વાત થઈ. પછી જ્ઞાન અને ચારિત્રનું લક્ષણ શું છે (તે કહેશે)...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૩, રવિવાર, તા. ૧૬.૯.૧૯૬૨**
**ગાથા-૨૪૨, શ્લોક-૧૬, પ્રવચન-૧૨**

'તથાપ્રકારે (જેમ છે તેમ, યથાર્થ) પ્રતીતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શનપર્યાય છે;...' શેઠને મળ્યું? સમજાય છે કાંઈ? જ્ઞેયતત્ત્વ—જાણવાલાયક બધા પોતાના જ્ઞાતૃતત્ત્વથી ભિન્ન (છે). અહીંયા ઈ લેવું છે. પોતાનું જ્ઞેય અહીંયા જ્ઞાતૃતત્ત્વમાં આવે છે. જ્ઞાતૃતત્ત્વ, ભાવ, જાણવું એવો ભાવ એ સિવાય બધા પુણ્ય, પાપ, દયા, દાન, શરીર, વાણી, મન, કર્મ, આખું જગત જ્ઞેયતત્ત્વ છે. જ્ઞાતૃ અને જ્ઞેયતત્ત્વની તથાપ્રકારે—જેવી છે તેવી—યથાર્થ—પ્રતીતિ. જેવું એનું દ્રવ્ય, એના ગુણ, એની પર્યાય છે તેવી પ્રતીતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શનપર્યાય છે. કહો, સમજાય છે કાંઈ? આત્મા પરનું કરે એ આત્માનું લક્ષણ કે આત્માનું કાર્ય છે એમ નથી. આજ આવ્યું છે, મોટી તકરાર આવી છે કલકત્તાથી, ફૂલચંદજીની સામે. નહિ, પરદ્રવ્યની પર્યાય આત્મા કરી શકે છે. પરદ્રવ્યની પર્યાય આત્મા બનાવી શકે એવી માન્યતા તે સમ્યગ્દર્શન છે. પરદ્રવ્યની પર્યાય આત્મા કરી શકે નહિ (એમ માને) તે મિથ્યાદૃષ્ટિ છે. એમ લખ્યું છે. ઓહો..! ભારે ભાઈ! આ તો બધા ઘેંટા હતાને, સળવળ્યા બધા. સેઠી! સળવળ્યા સમજો છો? લખ્યું છે, પત્ર આવ્યો છે. સમજાય છે કાંઈ? આહા..હા..! બહુ પણ ગડબડ થઈ ગઈ.

આત્મા જ્ઞાતૃ નામ જાણવાવાળો, એ જાણવાવાળાની સાથે અનંત ગુણ ભલે સાથે હો અને જ્ઞેય નામ જાણવાલાયક વસ્તુ છે. શરીર, વાણી, મન, રાગાદિ કંઈ જ્ઞાતૃતત્ત્વ નથી. સમજાય છે કાંઈ? અહીં તો સ્વભાવની દૃષ્ટિથી વાત છે. નહિતર પર્યાયમાં રાગ છે એ એમાં છે, વિકાર એમાં છે. અહીંયા તો જાણનાર-દેખનાર ભગવાન આત્મા અને જ્ઞેય જણાવાલાયક પ્રમેયધર્મવાળું. પ્રમેય ધર્મ તો પોતાનો પણ છે, પણ પોતાનું પ્રમેય અને (પ્રમાણ) એ બધું જ્ઞાતૃતત્ત્વમાં આવી જાય છે. જાણનાર અને જણાનાર, જણાનાર જ્ઞેય દયા, દાન, વ્રત, કામ, ક્રોધ, શુભ, અશુભભાવ, શરીર, વાણી, મન, આખું વિશ્વ તથાપ્રકારે જેમ છે તેમ. એમાં એમ લીધું છે. રાગને પોતાને માનવો અને રાગનું કર્તૃત્વ માનવું તે સમ્યગ્દર્શન છે. કહો, અરે..! ભગવાન! બહુ ફરી ગયું પણ. આખું ચક્ર માથું ફરી ગયું માથું. પાનું ફરી ગયું, કહે છેને? પાન્યું ફરી ગયું પાન્યું હો! સમજાણું કાંઈ? કહે છે.. પુસ્તક તો દ્યો સેઠીને. કહ્યું છે કે નહિ? ગુજરાતી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ ઠીક છે. એ તો ચાલે છે, એ તો જગતમાં અનાદિથી ચાલે છે.

અહીંયા તો ભગવાન આત્મા એક જાણનાર છે એવો નિશ્ચય કરવો અને જાણવાલાયક જ્ઞેયતત્ત્વ કોણ છે, બધાને આત્મા જાણનારો છે. એવી જ્ઞેય અને જ્ઞાતૃતત્ત્વની યથાપ્રકારે, જેમ છે તેમ પ્રતીત—શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શનની પર્યાયનું લક્ષણ છે. લ્યો. સમ્યગ્દર્શન પર્યાય નથી,

સમ્યગ્દર્શન તો ગુણ છે એમ કહેવાવાળા પણ નીકળ્યા છે. સમજાય છે કાંઈ? એ વાત તો કાલે આવી હતી. આટલી તો કાલે સવારે આવી હતી. હવે બીજી વાત.

**'જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની તથાપ્રકારે અનુભૂતિ...'** જુઓ! **'જેનું લક્ષણ...'** જ્ઞાન જ્ઞાનરૂપ હું જ્ઞાતા-દૃષ્ટા જ્ઞાનરૂપ છું અને મારામાં જાણવાલાયક જ્ઞેય જેવા છે તેવા મારા જ્ઞાનમાં જણાય છે. એવી અનુભૂતિ એનું જ્ઞાન **'જેનું લક્ષણ છે તે જ્ઞાનપર્યાય છે;...'** અનુભૂતિ (એટલે) અહીંયા જ્ઞાનની અનુભૂતિ. તે જ્ઞાન સમ્યક્જ્ઞાનપર્યાય છે. તે મોક્ષમાર્ગનું બીજો અવયવ છે. મોક્ષમાર્ગ એક છે તેના ત્રણ ભાગ—સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. સમ્યક્જ્ઞાન એનો બીજો અવયવ છે. હવે ત્રીજો બોલ. જુઓ આ જ્ઞાન, આને અહીંયા જ્ઞાન કહે છે. શાસ્ત્રજ્ઞાનને અહીંયા જ્ઞાન નથી કહ્યું. સમજાય છે કાંઈ? શાસ્ત્ર તો જ્ઞેયમાં ગયું. પોતાનું જ્ઞાન અને ઈ જ્ઞેય, તેની તથાપ્રકારે અનુભૂતિ. પોતાના જ્ઞાનમાં નિજ જ્ઞાયકભાવનું જ્ઞાન અને જ્ઞેય જેવા છે તેવું પોતામાં જ્ઞાન. એવો જ્ઞાનનો અનુભવ, જ્ઞાન જ્ઞાયકને અનુસરીને થાય તે જ્ઞાનપર્યાય-જ્ઞાનની દશા એ મોક્ષમાર્ગનો એક અવયવ નામ ભાગ છે. લ્યો, અનુભૂતિને જ અહીં જ્ઞાન કહ્યું. સમજાય છે કાંઈ? કેટલા શાસ્ત્ર ભણ્યો છે, કેટલા શાસ્ત્ર કંઠસ્થ છે, કેટલા શાસ્ત્રના વ્યાખ્યાન કરી શકે છે તેને અહીંયા સમ્યક્જ્ઞાનનું લક્ષણ નથી કહ્યું. વાડીભાઈ! લ્યો, આટલું આ શાસ્ત્રમાં લખ્યું છે, ગોમ્મટસારમાં આ લખ્યું છે, ફલાણામાં આ લખ્યું છે. એ બધા જ્ઞેયમાં ક્યા ભાવ કહેવામાં આવે છે એમ પોતાના જ્ઞાનમાં આવી જવું, એ જ્ઞાન અને જ્ઞેયની અનુભૂતિ અંતરમાં બેનું જ્ઞાન થવું, બેનું સ્વપરપ્રકાશક પોતામાં જ્ઞાન થવું તે જ્ઞાનપર્યાયનું લક્ષણ (છે), સમ્યક્જ્ઞાનનું આ લક્ષણ છે. સમજાય છે કાંઈ? આમાં એમ નથી કે આવું કથન કરવામાં આવે, બોલવામાં આવે અને એને સમજાવવામાં આવે, બીજાને સમજાવી શકે તો એ જ્ઞાનપર્યાયનું લક્ષણ છે (એમ નથી કહ્યું). ધર્મચંદજી!

નિજ ચૈતન્યમૂર્તિ અનંત ગુણસમુદાય પ્રભુ એનું જ્ઞાન અને જ્ઞેય છે તેનું જ્ઞાન, બેયનું સ્વપરપ્રકાશક પોતામાં જે જ્ઞાન થયું તે જ્ઞાનની અનુભૂતિ, જ્ઞાનનો અનુભવ જેનું લક્ષણ છે એવી સમ્યક્જ્ઞાનની પર્યાય કહેવામાં આવે છે. ઓહો..હો..! વિકલ્પ નહિ, શાસ્ત્ર નહિ, એ બધું જ્ઞેયમાં ગયું. સમજાય છે કાંઈ? શું છે વૈદ? કઠણ પડે છે હજી. શું પકડે? માથા જાડા. કહો, સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા આમ જ્ઞાનની જ્યોત, પ્રકાશની મૂર્તિ એનું જ્ઞાન અને જ્ઞેય જાણવાલાયક રાગ, પુણ્ય, દયા, દાન, વ્યવહાર, સર્વ શરીર આદિ એ જ્ઞેય જેવા છે તેનું પોતામાં જ્ઞાન થઈને પોતાના જ્ઞાનમાં સ્વસંવેદન—જ્ઞાનના જ્ઞાનની અનુભૂતિ થવી તેનું નામ સમ્યક્જ્ઞાનની પર્યાય કહેવામાં આવી છે. એને મોક્ષમાર્ગનો બીજો અવયવ કહે છે. લક્ષણ તે કેટલા લક્ષણ! સમજાય છે કાંઈ? આટલું ભણ્યો-ગણ્યો છે, આટલું બોલતા આવડે છે, સમજાવતા આવડે છે એ બધાને તો લક્ષણ કહ્યું નહિ. પાંચ પાચ હજાર, દસ હજાર, પચાસ હજાર માણસમાં એવી કથનશૈલી એની છે કે લોકો ફિદા થઈ જાય છે. એ જ્ઞાનનું લક્ષણ છે (એમ નથી કહ્યું). સમજાય છે કાંઈ?

જ્ઞાનચંદજી! આ જ્ઞાન આવ્યું. આહા..હા..!

એ સ્વપરપ્રકાશક પોતાની શક્તિમાં સ્વનું અને પરનું જેવું સ્વરૂપ છે, એમ આસ્રવનું આસ્રવ સ્વરૂપ, બંધનું બંધરૂપ, અજીવનું અજીવરૂપ, પરજીવનું પરજીવરૂપ, સ્વજીવનું સ્વજીવરૂપ (એની) પોતામાં જ્ઞાનની અનુભૂતિ, જ્ઞાનનો અનુભવ થવો તે સમ્યક્જ્ઞાનની પર્યાયનું ચિહ્ન છે, ચિહ્ન છે, એ એંધાણ છે, એ લક્ષણ છે, એ સમ્યક્જ્ઞાનનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? બે બોલ આવ્યા. સમ્યગ્દર્શનપર્યાય અને સમ્યક્જ્ઞાનપર્યાય.

‘**જ્ઞેય અને જ્ઞાતાની જે ક્રિયાંતરથી નિવૃત્તિ તેના વડે...**’ પાઠમાં મૂક્યું છે, શું કરે? ખુલાસો બહુ કર્યો નથી. કર્યો છે ઈ, જ્ઞેય એન જ્ઞાન અન્ય ક્રિયાથી નિવૃત્ત. પણ જ્ઞેય અન્ય ક્રિયાથી નિવર્તે, જ્ઞાન કઈ રીતે નિવર્તે એનો ખુલાસો ક્યાં કર્યો છે? કહો, સમજાય છે કાંઈ? શું કહે છે? પુસ્તક જુઓ પુસ્તક એમાં. જ્ઞેય જાણવાલાયક વસ્તુ. રાગ, પુણ્ય આદિ પરપદાર્થ. જ્ઞાતા.. ૨૪૨, જ્ઞેય અને જ્ઞાતાની ક્રિયાંતરથી નિવૃત્તિ. જ્ઞેયનું જ્ઞાન કરવું તે પોતાનો સ્વભાવ છે, પણ જ્ઞેયમાં રોકાઈ જવાથી જે રાગ થાય છે તે ક્રિયાથી નિવૃત્તિ. પહેલા તો કહ્યું હતું કે વિભાવથી નિવૃત્તિ. વળી કાઢી નાખ્યું. ક્રિયાંતર શબ્દ પડ્યો છેને? ક્રિયા-અંતર એટલે અનેરી ક્રિયા. અન્ય ક્રિયા. પહેલો શબ્દ તો વિભાવ છે એમાં. એઈ..! છે કે નહિ? ગુજરાતીમાં હેઠે નાખ્યું છેને. આમાં નાખ્યું છેને. વિભાવ. છે કે નહિ? કર્યો છેને? જુઓ અહીંયા. ‘ક્રિયાન્તર—અન્ય ક્રિયા.’ એટલે વિભાવક્રિયા એમ એમાં લખ્યું છે. જુઓ! અન્ય ક્રિયા એટલે વિભાવક્રિયા. મેં કીધું, લખ્યું છે અને ક્યાં ગયું? આ ગુજરાતીમાં એમ છે. અન્ય ક્રિયા અર્થાત્ વિભાવક્રિયા. જ્ઞેય જ્ઞાતા અન્ય ક્રિયાથી નિવૃત્તિ. અંદર વિભાવક્રિયા છે. એનાથી નિવૃત્તિ. છે કે નહિ ગુજરાતીમાં? વિભાવક્રિયા શબ્દ છે. બે ઠેકાણે વિભાવક્રિયા છે.

જ્ઞેય—જાણવાલાયક વસ્તુ, અને જાણનારો ભગવાન. બેમાં એક થઈને રાગ કરીને એનું લક્ષ થઈને જે રાગ આવે છે, જ્ઞેયનું લક્ષ કરીને જ્ઞાતા રોકાઈને જે રાગ, વિકલ્પ ઉઠે છે તે જ્ઞેય, જ્ઞાતાની અન્ય ક્રિયા છે, એ વાસ્તવિક ક્રિયા નથી. સમજાય છે કાંઈ? ભારે ઝીણી વાત ભાઈ આ. ઓલું તો ... દયા પાળતા, વ્રત પાળતા, અપવાસ કરતા, ધર્મ થઈ જાય, ચાલો. ધર્મચંદજી! આ વચમાં આવીને નાખ્યું કે ધર્મ એમ નથી. ધર્મ એ નથી. અરે..! ધર્મ ભગવાન જ્ઞાનસ્વરૂપ એમાં જે જ્ઞેય રાગાદિ પર હો, પણ એ જ્ઞેય તરીકે હો. જ્ઞેયમાં રોકાઈને જે રાગ, દ્વેષ, વિકલ્પ, દયા આદિ ઉઠે છે તે જ્ઞેય-જ્ઞાતાની ક્રિયામાં અન્ય ક્રિયા જે રાગાદિની હતી તેનાથી નિવૃત્તિ. ‘રાગથી નિવૃત્ત થઈને’ એ તો કથન છે. પણ પોતાના જ્ઞાનમાં લીન થવાથી જ્ઞેય તરફની ઉત્પત્તિ લક્ષ કરીને જે રાગ થતો હતો તેનાથી નિવૃત્તિ થઈ જાય છે. સમજાય છે કાંઈ?

‘**જ્ઞેય અને જ્ઞાતા...**’ આ તો એકલા મંત્ર છે. આ ચારિત્રની વ્યાખ્યા ચાલે છે. કપડા બદલી નાખવા એ ચારિત્ર છે કે પંચ મહાવ્રતના પરિણામ ચારિત્ર છે, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો રાગ એ ચારિત્ર છે એમ નથી. એનાથી નિવૃત્તિ અંદર સ્વભાવમાં થાય તેનું નામ

ચારિત્ર છે. આહા..હા..! એ નિવૃત્તિ કરાવી એ પણ વ્યવહારનું કથન છે. સ્વરૂપમાં લીનતા કરાવી છે તે યથાર્થ છે. સમજાય છે કાંઈ?

તો કહે છે '**ક્રિયાંતરથી નિવૃત્તિ તેના વડે રચાતી...**' હવે નીચે. અન્ય ક્રિયાન્તર શબ્દ પડ્યો છેને? અન્તર એટલે અનેરી ક્રિયા. એમ. 'જ્ઞેય અને જ્ઞાતા અન્ય ક્રિયાથી નિવર્તે...' આમાં વિભાવ શબ્દ નથી લીધો. '**તેના વડે રચાતી દ્રષ્ટૃજ્ઞાતૃત્વમાં પરિણતિ જેનું લક્ષણ છે તે ચારિત્રપર્યાય છે.**' હિન્દી છે કોઈની પાસે? જુઓ! શું લખ્યું છે એમાં? 'જ્ઞેય જ્ઞાતા કી ક્રિયાંતર સે નિવૃત્તિ કે દ્વારા રચિત..' નિવૃત્તિ કે દ્વારા રચા હુઆ. પછી શું શબ્દ છે? એ દૃષ્ટિ ન જોઈએ, દ્દષ્ટ જોઈએ. દ્દષ્ટ દ્દષ્ટ બસ. દ્દષ્ટ અને જ્ઞાતૃતત્ત્વમાં પરિણતિ એમ જોઈએ. ગુજરાતીમાં શું છે? દ્દષ્ટૃ. આમાં દૃષ્ટિ છે એ દૃષ્ટિ ન જોઈએ. દેખવાવાળો, દેખવાવાળો એમ છેને? ૨૪૨ છેને. મૂળ વાત છે ત્યાં. '**ज्ञेयज्ञातृक्रियान्तरनिवृत्तिसूत्र्यमाणदृष्टृज्ञातृतत्त्ववृत्ति** ' હિન્દીમાં શું શબ્દ થાય? દ્દષ્ટનું દૃષ્ટિ? જોઈએ તો દ્દષ્ટા જ્ઞાતા પણ એણે ... અહીં દૃષ્ટિ શબ્દ છે તે ખોટો છે. નિવૃત્તિ દ્વારા રચિત. શું કહે છે?

ભગવાન જ્ઞાનસ્વરૂપ અને બાકી બધા જ્ઞેય, બેની એકાગ્રતા, લક્ષ કરીને જે રાગ હતો તે તરફથી લક્ષ છોડીને પોતાના સ્વરૂપમાં લીનતાની દશા થાય, તેનાથી રચિત, રાગની (નિવૃત્તિથી) રચિત એમ કહેવામાં આવ્યું છે. નિવૃત્તિ વડે રચિત. શું? રાગથી નિવૃત્તિ દ્વારા રચિત '**દ્દષ્ટૃજ્ઞાતૃતત્ત્વમાં પરિણતિ...**' દ્દષ્ટૃજ્ઞાતૃતત્ત્વમાં પરિણતિ. દ્દષ્ટા અને જ્ઞાતા એવો જે પોતાનો સ્વભાવ એમાં પરિણતિ નામ લીનતા નામ સ્થિરતા જેનું લક્ષણ છે '**તે ચારિત્રપર્યાય છે.**' આ ચારિત્રની પર્યાયનું લક્ષણ બાંધ્યું. પેલા કહે, પંચ મહાવ્રત ચારિત્ર છે કે નહિ? અહિંસા આદિ ચારિત્ર છે કે નહિ? પંચ મહાવ્રત પાળ્યા વિના શુદ્ધ ઉપયોગ થાય? એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ? પંચ મહાવ્રત વિના શુદ્ધ ઉપયોગ થાય? અહીં તો કહે છે, પંચ મહાવ્રતના જે વિકલ્પ હતા તેનાથી નિવૃત્તિરૂપ રચના. એનાથી નિવૃત્તિરૂપ રચના. જેટલો રાગ ઉત્પન્ન થાય છે તેનાથી નિવૃત્તિરૂપ રચના. નિવૃત્તિરૂપ રચના નાસ્તિથી કહ્યું. અને દ્દષ્ટા-જ્ઞાતાતત્ત્વમાં પરિણતિ જેનું લક્ષણ છે એ અસ્તિથી કહ્યું. સમજાય છે કાંઈ? ભારે તકરાર લોકોની. હવે જેમ ઓલું વધતું જાય છેને દળ, એમ સામે તકરાર કરે છે. અરે..! ભગવાન! કહો, સમજાય છે કાંઈ? શું કહે છે સમજાય છે?

જ્ઞાન જ્ઞાનરૂપે રાખવું અને જ્ઞેય જ્ઞેયરૂપે રાખવું એનો અર્થ, જ્ઞેય જેમ છે તેમ જણાય તે જ્ઞેય જ્ઞેયરૂપે રાખ્યું. અને જ્ઞેય તરફનું લક્ષ કરીને જે રાગ ને દ્વેષ ને વિકલ્પાદિ, દયા, દાન ઉઠતા હતા એ જ્ઞાતાની અંતર દ્દષ્ટા-જ્ઞાતામાં પરિણતિ થવાથી એ રાગથી નિવૃત્તિ થઈ એમ કહેવામાં આવ્યું. સમજાય છે કાંઈ? રાગ કોઈ ચારિત્ર છે જ નહિ. પંચ મહાવ્રતના પરિણામ તો રાગ છે, એ ચારિત્ર છે જ નહિ. અશુભભાવ ચારિત્ર નથી પણ એ શુભભાવ પણ ચારિત્ર નથી. કેટલાક પંડિત કહે છે, શુભભાવ પરિણતિ તે ધર્મપરિણતિ છે. અહીં પરિણતિ શબ્દ આવ્યોને? શુભભાવ છે તે ધર્મપરિણતિ છે. અહીંયા ના પાડે છે. એ શુભભાવથી પોતાના જ્ઞાતા જ્ઞેયમાં રોકાઈને જે વિકલ્પ

ઉઠતો હતો શુભભાવનો, તેનાથી નિવૃત્તિથી રચિત, નિવૃત્તિ વડે રચિત એમ કહ્યું છે. શું રચવાવાળી? પરિણતિ. અને જ્ઞાતા દૃષ્ટા તત્ત્વમાં પોતાની પરિણતિને બાંધીને પોતાની પરિણતિને કર. જેનું લક્ષણ છે તેને ચારિત્રપર્યાય કહેવામાં આવી છે. ઓહો..! પહેલા ખ્યાલમાં પણ ન લ્યે. દર્શન શું, જ્ઞાન શું, ચારિત્ર શું? થઈ ગયું ચારિત્ર. કપડા ફેરવે અને જરી લંગોટી રાખે અને લંગોટી ફેરવે એટલે થઈ ગયું ચારિત્ર. જય મહારાજ! નમોસ્તુ! ભાવ તો છે કે નહિ? એનો ભાવ નથી? શુભભાવ છે એનો. શુભભાવ છે કે નહિ? ભાવ નથી? ભાવ વિનાનો પ્રાણી છે ઈ? એ શુભભાવ છે ઈ ચારિત્ર નહિ. પોતાના જ્ઞાતા દૃષ્ટા સ્વભાવમાં દૃષ્ટિ, જ્ઞાન થયા, અનુભૂતિ થઈ, દૃષ્ટિ થઈ પર્યાય અને એમાં લીનતાની, શીતળતાની શાંતિની પરિણતિ થવી. રાગથી નિવૃત્તિ. રાગ આકુળતા છે, એનાથી નિવૃત્તિ. અનાકુળની પરિણતિ અંદર પ્રગટ થવી એનું નામ ભગવાન મોક્ષમાર્ગનો ત્રીજો અવયવ ચારિત્ર કહે છે.

આ ચારિત્રની વ્યાખ્યા તો અત્યારે એવી થઈ ગઈ કે બસ, એક દૂધ પીવે પા શેર અને રોટલી (ખાય).. ઉણોદરી. જુઓ! આહાર બે કોળિયા છોડી દીધા અને ઉણોદરી છે તે તપ છે, તપ છે તે નિર્જરા છે અને જ્યાં નિર્જરા છે ત્યાં ચારિત્ર છે જ. બરાબર છે? ઉણ તપ છે કે નહિ? ઉણોદરી તપ છે કે નહિ? ઉણ ઉદરી. બાર પ્રકારના તપમાં ઉણોદરી (આવે છે). બત્રીસ કોળિયાનો આહાર હોય અને ચાર કવળ છોડી દે. એ તો ઉણોદરી તો નિમિત્તથી કથન છે. એ તપ-બપ નથી. નથી તેને કહેવું એનું નામ વ્યવહારતપ છે.

પોતાના સ્વભાવમાં રાગની ઉણોદરી કરવી. અંતર સ્વભાવ શુદ્ધ ચૈતન્ય જ્ઞાતાતત્ત્વમાં પરિણતિ થઈને રાગ પહેલા હતો એનાથી ઉણોદરી—ઓછો કરવો, ઓછો થઈ જવો. પોતાના સ્વરૂપમાં પરિણતિમાં લીન થઈ જવું તેને ચારિત્રપર્યાય કહે છે. ઉણોદરીની ક્રિયા તો અભવી અનંત વાર કરે છે. એમાં શું થયું? એક જણો ઈ કહેતો હતો. ક્યાં ગયા કેવળચંદભાઈ? એના દીકરાએ પૂછ્યું હતું કે એવું શું છે? એક બે કવળ આહાર લે ઈ ઉણોદરી ઠીક છે કે અંદર કાઉસગ્ગ કરીને બેસે ઈ ઠીક છે? અરે..! કાયોત્સર્ગ કોનો? કાયા નામ પુણ્ય અને પાપ વિકાર જે કાર્મણકાયનું ફળ છે એનો વ્યુત્સર્ગ કરીને, છોડીને અંતર સ્વભાવમાં અંદર એકાકાર થવું, એ રાગ પુણ્યથી છૂટીને સ્વભાવમાં એકાકાર થવું એનું નામ કાયોત્સર્ગ કહેવામાં આવ્યો છે. કાયોત્સર્ગ એને કહે છે. આ ઊભા રહ્યા, ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં.. થઈ ગયો કાયોત્સર્ગ. 'તાવકાયં ઠાણેણં મોણેણં...' કર્યો હતો કે નહિ? સામાયિક કરી હતી કે નહિ કઠંસ્થ? એમાં નહોતું આવ્યું? તસ્સૂતરી કરણેન...

કાયા નામ ખરેખર પુણ્ય-પાપના વિકલ્પ છે તે જ ખરેખર પર કાયસ્વરૂપ છે, સ્વ કાયસ્વરૂપ નહિ. પોતાનો આત્મા જ્ઞાન, દર્શન, આનંદ એવા સ્વભાવનો ભંડાર એ પોતાનો સ્વકાય છે. અને પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે તે કાર્મણકાયના નિમિત્તે ઉત્પન્ન થયા તો ખરેખર એ કાર્મણકાય જ છે. એ આવ્યું નહિ? બીજી ગાથામાં, સમયસાર.

जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।
पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।।२।।

એ કર્મના ઉદયમાં સ્થિતિ કરવાવાળા જે શુભ અને અશુભ થાય એમાં જે રહે છે તે પરસમય છે, તે મિથ્યાદષ્ટિ છે, તે પરનું જ્ઞાન કરવાવાળો અજ્ઞાની છે અને તે પરસમયથી ખસીને, પરસમય કહો કે વિકારભાવ કહો કે પરકાય કહો, તેનાથી ખસીને પોતાના સ્વભાવમાં લીન થવું, શુદ્ધ ચૈતન્ય જ્ઞાતા-દ્રષ્ટામાં એકાકાર (થવું) તેને કાયોત્સર્ગ કહેવામાં આવે છે. નિયમસારમાં કાયોત્સર્ગની વ્યાખ્યા છે. સમજાય છે કાંઈ? ત્યાં યોગની વ્યાખ્યા કરી છે. નિજ સ્વરૂપમાં યોગ—જોડાણ કરીને, રાગનું જોડાણ.. જોડાણ સમજો છો? રાગનું જોડાણ છૂટી જવું અને સ્વભાવનું જોડાણ (થવું) તે કાયોત્સર્ગ છે. આમ કાયાને ઊભી રાખે અને 'તાવકાયં ઠાણેણં મોણેણં...' પછી અંદર ગણે ણમો અરિહંતાણ, ણમો અરિહંતાણં.. એ તો બધો રાગ છે. એ કંઈ કાયોત્સર્ગ નથી. ભગવાન પાસે કાયોત્સર્ગ કરે છે કે નહિ, દર્શન કરવા જાય છે તો? કાયોત્સર્ગનો અર્થ બીજો છે.

આત્મા અખંડાનંદ પ્રભુ જ્ઞાતા-દ્રષ્ટા સિવાય એમાં બીજી કોઈ વસ્તુ છે જ નહિ. એવી અંતર દૃષ્ટિ અને જ્ઞાનનો અનુભવ કરીને ઉગ્રપણે અંદર પુરુષાર્થથી લીન થવું તે ચારિત્રપર્યાય છે. '**આ પર્યાયોને અને આત્માને ભાવ્યભાવકપણા વડે...**' લ્યો. અભેદ વર્ણવે છે અભેદ. અભેદ થઈ ગયો. સમજાય છે કાંઈ? પહેલા ભેદથી ત્રણની વ્યાખ્યા કરી. '**આ પર્યાયોને...**' ત્રણ પર્યાય થઈને? સમ્યગ્દર્શનપર્યાય, સમ્યક્જ્ઞાનપર્યાય અને સમ્યક્ચારિત્રપર્યાય. '**આ પર્યાયોને અને આત્માને ભાવ્યભાવકપણા વડે...**' ભાવક (તે) થનાર, ભાવક થનાર અને ભાવક જે રૂપે થાય તે ભાવ્ય. આત્મા ભાવક છે અને સમ્યગ્દર્શન આદિ પર્યાય ભાવ્ય છે. ભાવક અને ભાવ્યનું પરસ્પર અતિ ગાઢ મિલન થાય છે, એકમેકતા થાય છે. ભાવક આત્મા અંગી છે, બધા અંગને ધરનાર છે એકરૂપ, અને ભાવ્યરૂપ સમ્યગ્દર્શન આદિ એના અંગ છે. સમજાય છે કાંઈ?

તો કહે છે કે '**પર્યાયોને અને આત્માને...**' ભાવ્ય નામ પર્યાય, ભાવક નામ આત્મા '**વડે ઊપજેલા અતિ ગાઢ ઈતરેતર મિલનના...**' અતિ ગાઢ ઈતરેતર મિલન (અર્થાત્) ત્રણે એક થઈ ગયા, એકરૂપ થઈ ગયા. ત્રણે પર્યાય આત્મા સાથે એકરૂપ થઈ ગઈ. '**બળને લીધે...**' '**અતિ ગાઢ ઈતરેતર મિલનના બળને લીધે...**' ઈતરેતર—ભાવ્ય ભાવક સાથે મળી ગયું, ભાવક ભાવ્ય સાથે મળી ગયો. શું કહ્યું? વિકલ્પની અહીં વાત નથી. શરીરની ક્રિયાની વાત નથી. શુદ્ધ પર્યાય જે છે ભાવ્ય, ભાવક જે રૂપ થાય તેને ભાવ્ય કહે છે. ભાવ્ય કરવાવાળાને ભાવક (કહે છે). તો બે પડ્યાને? બે. તો બેનું ઈતરેતર ગાઢ મિલન થવાને લીધે. આ ગાઢ મિલનના બળને કારણે '**આ ત્રણે પર્યાયોરૂપે યુગપદ્...**' ત્રણે અવસ્થારૂપ સાથે '**અંગ-અંગીભાવે પરિણત આત્માને,...**' અંગ-અંગી. અંગ—સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અંગ, આત્મા અંગી. અંગી અને અંગ એકાકાર થઈ ગયા. સમજાય છે કાંઈ?

એવા '**પરિણત આત્માને, આત્મનિષ્ઠપણું હોતાં,...**' આત્મનિષ્ઠતા—આત્મામાં એકાકારતા

હોતાં '**જે સંયતપણું હોય છે, તે સંયતપણું,...**' એ સંયત્‌પણું—ચારિત્રપણું જે હોય છે તે સંયત્વપણું '**એકાગ્રતાલક્ષણવાળું શ્રામણ્ય જેનું બીજું નામ છે એવો મોક્ષમાર્ગ જ છે...**' લ્યો. અભેદ થઈ ગયો અભેદ. આત્મજ્ઞાન. પહેલા માથે કહ્યું હતુંને? મથાળામાં કહ્યું હતુંને? '**આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના યુગપદપણાની સાથે આત્મજ્ઞાનના યુગપદપણાની સિદ્ધિરૂપ જે આ સંયતપણું તે જ મોક્ષમાર્ગ છે,...**' મથાળું. પહેલા ત્રણ પર્યાય બતાવી. પછી ત્રણ પર્યાય ભાવ્ય અને આત્મા ભાવક બેય એકાકાર થઈ ગયા. એક અભેદ થઈ ગયા તે આત્મજ્ઞાન. સમજાય છે કાંઈ? ભારે આત્મજ્ઞાનની વ્યાખ્યા.

આવા ભાવે પરિણત આત્માને '**આત્મનિષ્ઠપણું હોતાં,...**' આત્મનિષ્ઠતાની ક્યાંય વ્યાખ્યા નથી આવી હોં!

મુમુક્ષુ :— આત્મામાં રહેવું.

ઉત્તર :— એવું તમારી મેળાએ કહ્યું પણ એમાં અર્થ ક્યાં કર્યો છે?

આત્મનિષ્ઠપણું—આત્મપ્રિયતા. આત્મામાં ટકવું, નિષ્ઠતા, ટકવું. લખ્યું છે ગુજરાતીમાં? પહેલામાં આવી ગયું હશે. જ્ઞેયનિષ્ઠ ક્યાંક આવ્યું છે. આવ્યું હશે, ક્યાંક આવ્યું હશે એમાં અહીં શું છે પણ? કહો, સમજાય છે કાંઈ? આત્મનિષ્ઠતા. પહેલા જ્ઞેયનિષ્ઠતા આવ્યું હતુંને? આત્મનિષ્ઠ અને જ્ઞેયનિષ્ઠ. આત્મામાં રહેવું. એ ત્રણે પર્યાયરૂપ નિર્મળ નિર્વિકારી અભેદ નિર્વિકલ્પ પર્યાયની વાત ચાલે છે. પાંચ મહાવ્રત, વ્યવહાર શ્રદ્ધા અને વ્યવહારજ્ઞાન તો ક્યાંય એક બાજુ રહ્યા. સમજાય છે કાંઈ? હાથ આવતું નથી એમને તમારું. આ ઠેકાણે હશે કે (આ ઠેકાણે)? કાંઈ વાંધો નહિ લ્યોને. એ તો આત્મનિષ્ઠતા (એટલે) આત્મામાં એકાકાર રહેવું. સમજાય છે કાંઈ?

'**જે સંયતપણું હોય છે, તે સંયતપણું,...**' હવે ત્રણનું એકપણું લીધું. પહેલા ત્રણ તો ભેદથી લીધું. એ ચારિત્રપર્યાય શબ્દથી કહ્યું હતું. એકમાં દર્શન, એકમાં જ્ઞાન, પછી ચારિત્ર. આ ત્રણેને એકાકાર તે સંયતપણું છે એમ કહ્યું. એનું સંયતપણું કહ્યું. સંયત્વ. સંયત્વ—સમ્યક્‌ પ્રકારે યત્ન, સ્વભાવમાં અભેદ (થવું). દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય સહિત ભાવ્ય ભાવક સાથે અભેદ થઈ ગયા. અને ભાવક ભાવ્ય સાથે અભેદ થઈ ગયો. ભાષા પણ આવી સાંભળી ન હોય કોઈ દિ', સાંભળી હતી? ભાવક-ભાવ્ય. ભાવક આત્મા અને ભાવ્ય રાગ નહિ. વ્યવહારરત્નત્રય ભાવ્ય નહિ. સમજાણું આમાં? શું (કહ્યું)?

'ભાવક—થનાર અને ભાવક જે-રૂપે તે ભાવ્ય.' જે રૂપે થાય તે ભાવ્ય. શું કહ્યું? આત્મા ભાવક તે જે રૂપે થાય (એટલે) રાગરૂપ થાય તે નહિ, એમ અહીંયા કહે છે. તેનું તે રૂપ નહિ. સમજાય છે કાંઈ? ભાવક—થનાર. શું થનાર? ભાવક જે રૂપે થાય તે ભાવ્ય. તો જે રૂપે થાય તે રૂપ શું? સમ્યગ્દર્શન, જ્ઞાન, નિર્વિકલ્પ ચારિત્ર ત્રણે ભાવ્ય છે. આત્મા ભાવક અને રાગરૂપ ભાવ્ય એમ અહીંયા છે જ નહિ. સમજાય છે કાંઈ? ભાવ્ય શું? સમ્યગ્દર્શનપર્યાય. અહીંયા રાગાદિયુક્ત નથી લીધું, ભાઈ! વ્યવહારરત્નત્રયનો ભાવક અને વ્યવહારરત્નત્રય ભાવ્ય, યોગ્યતા, વસ્તુમાં

એવી યોગ્યતા જ નથી. આહા..હા..! જુઓને આ ચરણાનુયોગ અધિકાર! કહો, સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા... એ વ્યવહાર વિકલ્પ રત્નત્રય તે ભાવ્ય અને આત્મા ભાવક એમ છે જ નહિ. ભગવાન આત્મા ભાવક શુદ્ધ જ્ઞાયક તત્ત્વ, દૃષ્ટા તત્ત્વ ભાવક અને એની સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ તે તેનું ભાવ્ય. ભાવક આત્મા અને ભાવ્ય વીતરાગી પરિણતિ, ત્રણે મળીને સંયતત્વ. સમજાય છે કાંઈ? વાત એટલી મોટી લાગેને. કેટલાક કહે કે આ મોટી મોટી વાતું કરે, પણ ક્યાંથી ચડવું ઈ વાત નથી કરતા. વળી એમ કહે. મોટી મોટી.. મોટી નથી, પહેલી આ વાત છે. પહેલા જ્ઞાનતત્ત્વ, દર્શનતત્ત્વ, ચારિત્રતત્ત્વ પર્યાય શું છે એની નિર્મળ પર્યાય તે(રૂપ) થવા લાયક આત્મા છે. થવા લાયક આત્મા, થવા રૂપ તે નિર્મળ પર્યાય એવો ભેદ કાઢી નાખીને અતિ ગાઢ પરસ્પર મિલન થઈ ગયું. ભાવ્યનું ભાવકની સાથે, પર્યાયનું પર્યાયવાન સાથે, પર્યાયવાનનું પર્યાય સાથે (મિલન થઈ ગયું). એની પર્યાય એ ગણવામાં આવી છે. રાગ પંચ મહાવ્રત તે આત્માનું ભાવ્ય અને પર્યાય ગણવામાં આવી નથી. એ તો જ્ઞેયમાં, પરમાં ગયું. એનું જ્ઞાન પોતામાં થયું એ સંબંધી, પણ એ ચીજ પોતાની ભાવ્યમાં, પર્યાયમાં આવી નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ભાવકનું તે ભાવ્ય નથી?

ઉત્તર :— નથી. જ્યારે અશુદ્ધ ઉપાદાન લેવું હોય ત્યારે છે. પણ એકલો જ્ઞાતૃદૃષ્ટ શુદ્ધ ઉપાદાન લેવું છે ત્યાં તેની ભાવ્ય પર્યાયમાં વિકાર આવતો નથી. એના ભાવ્યમાં તો નિર્વિકારી વીતરાગી પરિણતિ આવે છે. ઓહો..હો..! હવે આ વાતની ખબરેય ન હોય અને આવી ગયું સંયતત્વ અને ચારિત્ર. સપ્તમ ગુણસ્થાન આવે છે. એક કહેતો હતો, લ્યો. હું આહાર કરું છું તો છઠ્ઠે ગુણસ્થાને (આવું છું), પછી થોડી વાર પછી આહાર પડેને અંદર, જરીક ક્ષુધા લાગી હોય તે શાંત થાય તે સાતમું ગુણસ્થાન. સપ્તમ ગુણસ્થાન આવી જતું હતું આહાર કરતાં કરતાં, આહાર કરતાં કરતાં. આહાર કરતાં કરતાં આવી જતું હોય તો કેટલા ટાઈમમાં આહાર હાથમાં લીધો, બે ઘડી ચાર ઘડી વાત કરે છે એમાં આત્મા આવે છે કે નહિ? અરે..! ભગવાન! શું કરે? વસ્તુની ખબર ન મળે. એવો પંથ લગાવી દીધો, બસ! કાયક્લેશ સાધારણ અને રાગની મંદતા કોઈમાં હોય અને કોઈમાં ન પણ હોય અને માની લીધું કે અમારે આ ચારિત્ર અને સંયતપણું છે. સમજાય છે કાંઈ?

'**તે સંયતપણું, એકાગ્રતાલક્ષણવાળું શ્રામણ્ય જેનું બીજું નામ છે...** ' દેખો! તે સંયતપણું. પહેલા ત્રણ વાત આવી તે ભેદથી આવી. અને એ ત્રણે સાથે અભેદ થઈ ગયો તેને સંયતપણું, સંયતત્વ, સંયતત્વ—સંયતપણુ (કહ્યું). ઓહો..હો..! '**સંયતપણું, એકાગ્રતાલક્ષણવાળું શ્રામણ્ય જેનું બીજું નામ છે...** ' સપ્તમ ગુણસ્થાનમાં જ એકાગ્રતાલક્ષણવાળું સાધુપદ ગણવામાં આવ્યું. સાતમે (હોય એટલે) પછી ઊંચે તો હોય જ. એમાં ક્યાં વાત છે? સમજાય છે કાંઈ? પછી ભલે હો, પણ આવ્યું અહીંથી. પર્યાય અને પર્યાયવાન એક થઈ ગયા, એકાગ્રતા થઈ

ગઈ. '**એવો મોક્ષમાર્ગ જ છે...**' એવો મોક્ષમાર્ગ જ છે. લ્યો.

ત્રણ બોલ લીધા. તે સંયતત્વ ત્રણેની એકતા, એકાગ્રતાલક્ષણવાળું શ્રામણ્યપણું જેનું બીજું નામ તેને જ મોક્ષમાર્ગ કહે છે. આમાં ક્યાંય રાગ ને પુણ્ય ને વ્યવહાર ને વિકલ્પ ને કંઈ યાદ પણ નથી કર્યા.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો નિવૃત્ત થયો અને રહ્યો તેનું જ્ઞાન પોતામાં રહ્યું. રાગ રહી ગયો તેનું જ્ઞાન રહ્યું. પણ રાગથી જેટલી નિવૃત્તિ થઈને સ્થિર થયો એકાકાર થઈને તેને સંયતત્વ અને સંયતતા અથવા આત્મજ્ઞાન અથવા એકાગ્રતા અથવા મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. સપ્તથી શરૂ. પછી ભલે આઠમે, નવમે.. ઓહો..હો..! સમજાય છે કાંઈ?!

'**એમ જાણવું,...**' આચાર્ય જુઓ કહે છે. એમ જાણવું, એમ જ્ઞાન કરવું જોઈએ, બરાબર જાણવું જોઈએ. સમજવું તો દૂર રહ્યું, થઈ ગયું કરવું. પહેલા ચૈતન્યપ્રભુ પોતાના સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની પર્યાય થઈ તે પર્યાયવાનમાં અભેદ એકાકાર થઈને આત્મામાં અભેદ થઈ ગયો તો એને અહીંયા મોક્ષમાર્ગ અથવા એકાગ્રતા—એક દ્રવ્યમાં, અગ્ર એક દ્રવ્યનું લક્ષ કરીને એકાગ્રતા થઈ ગઈ, ત્રણે પર્યાયમાં એકાકાર (થઈ ગયો) તેને મોક્ષમાર્ગ કહે છે. લ્યો, આમાં વ્યવહાર મોક્ષમાર્ગની તો વાતેય કરી નથી. સાપેક્ષ વિના જૈનદર્શન નથીને? એમ કેટલાક કહે છે, લ્યો. અહીં તો એકલો નિરપેક્ષ મોક્ષમાર્ગ લીધો. સમજાય છે કાંઈ? વ્યવહાર મોક્ષમાર્ગનું તો અહીંયા નામ લીધું નથી. તેનાથી નિવૃત્તરૂપ પોતામાં પરિણતિ રચવી તેને મોક્ષમાર્ગ કહ્યો. બસ! એટલી વાત. સમજાય છે કાંઈ? તો કહે છે, જૈનમાર્ગ નિરપેક્ષ નથી, સાપેક્ષ છે. ભાઈ! છે તો નિરપેક્ષ નિશ્ચયથી. નિશ્ચયથી નિરપેક્ષ છે, સાથે વ્યવહાર જ્ઞાન કરવાની ચીજ છે. સાપેક્ષપણું જ્ઞાન કરવાની વસ્તુ છે, નહિતર બે નય રહેતી નથી. પણ નિશ્ચયમાં નિરપેક્ષ થયા વિના વ્યવહારનું સાપેક્ષનું જ્ઞાન કદી સાચું થતું નથી.

'**કારણ કે ત્યાં (સંયતપણામાં) પીણાની માફક...**' 'પીણું—પીવાની વસ્તુ, જેમ કે—દૂધિયું.' ગરમીના દિવસોમાં. '(દૂધિયાનો સ્વાદ અનેકાત્મક એક હોય છે;...' લ્યો, અનેકાત્મક, છેને? 'દૂધિયાનો સ્વાદ અનેકાત્મક એક હોય છે.' દૂધિયું, દૂધિયું. દૂધિયુ કહે છેને? 'કારણ કે અભેદથી તેમાં એક દૂધિયાનો જ સ્વાદ આવે છે અને ભેદથી તેમાં દૂધ, સાકર, સોંફ.. સોંફ (એટલે) વરિયાળી?' કાલી મિર્ચ. એમાં કાલી મિર્ચ નાખતા હશે? તીખા, કાલી મિર્ચ. 'બદામ વગેરે અનેક વસ્તુનો સ્વાદ આવે છે).' ભેદથી અનેક વસ્તુનો સ્વાદ આવે છે. નામથી દૂધિયાનો એકનો સ્વાદ આવે છે. '**પીણાની માફક અનેકાત્મક એકનો અનુભવ હોવા છતાં, સમસ્ત પરદ્રવ્યથી નિવૃત્તિ હોવાને લીધે...** ' અનેકસ્વરૂપ એકનો અનુભવ હોવા છતાં '**સમસ્ત પરદ્રવ્યથી નિવૃત્તિ હોવાને લીધે એકાગ્રતા અભિવ્યક્ત (પ્રગટ) છે.** ' એકાગ્રતા જ ત્યાં પ્રગટ છે, કહે છે. પરદ્રવ્યથી નિવૃત્તિ એમ ભલે કહ્યું, પણ છે તો એકલી એકાગ્રતા જ પ્રગટ છે.

ભારે વાત સમજવી કઠણ પડે માણસને. સમજાણું કાંઈ? કેટલી સ્પષ્ટ ટીકા!

મુમુક્ષુ :— ....

ઉત્તર :— વિકલ્પની તો વાત પણ નથી અહીંયા. આ તો કથનની પદ્ધતિમાં ત્રણ લીધા અને કથનની પદ્ધતિમાં અભેદ લીધું. છે તો બેય નિર્વિકલ્પ. શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રને પણ અભેદ વીતરાગી પરિણતિ છે. એમાં વિકલ્પના વ્યવહારની વાત નથી. સમજાય છે કાંઈ?

**'સમસ્ત પરદ્રવ્યથી નિવૃત્તિ હોવાને લીધે એકાગ્રતા અભિવ્યક્ત** (પ્રગટ) **છે.'** કહે છે કે પરદ્રવ્યની બિલકુલ નિવૃત્તિ છે એમાં, માટે તે સ્વભાવ સન્મુખમાં એકાગ્રતા જ વ્યક્ત નામ પ્રગટ થાય છે. **'તે (સંયતત્વરૂપ અથવા શ્રામણ્યરૂપ મોક્ષમાર્ગ)...'** લ્યો. માર્ગ તો આ. **'ભેદાત્મક...'** છે. પહેલા એ ત્રણ વાત કરીને? **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે' એમ પર્યાયપ્રધાન વ્યવહારનયથી તેનું પ્રજ્ઞાપન છે;... '** આ વ્યવહાર એટલે વિકલ્પ નહિ. વ્યવહારનયથી ભેદથી કથન ચાલ્યું કે આ દર્શન, જ્ઞાન, ચારિત્ર મોક્ષમાર્ગ છે. ત્યારે ઈ લગાવે છેને તત્ત્વાર્થસૂત્રમાં, આ વ્યવહાર સમ્યગ્દર્શન છે. એમ નહિ. એના કથન, પર્યાયના કથનમાં એવું કથન આવ્યું છે. છે તો નિર્વિકલ્પ શ્રદ્ધા, નિર્વિકલ્પ જ્ઞાન, નિર્વિકલ્પ પરિણતિ. પણ પર્યાયના ભેદથી કથન આવ્યું તો એને અહીંયા વ્યવહારથી કથન કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? **'ચારિત્ર મોક્ષમાર્ગ છે' એમ પર્યાયપ્રધાન વ્યવહારનયથી તેનું પ્રજ્ઞાપન છે;... '** તેને જાણવામાં અથવા કથનમાં એમ આવ્યું છે. ત્રણ પ્રકારે જાણવું અને ત્રણ પ્રકારે કહેવું એ વ્યવહારનયથી પ્રધાનતાથી કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? આ લગાવી દે, તત્ત્વાર્થસૂત્રમાં. 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ.' જુઓ! એ વ્યવહાર મોક્ષમાર્ગ છે. તત્ત્વાર્થ શ્રદ્ધાન એ વ્યવહાર સમકિત છે. એમ નથી. એ તો નિશ્ચય સમ્યગ્દર્શન છે. પહેલા પર્યાય કહી તે નિશ્ચય છે પણ ભેદથી કહ્યું, ત્રણ પ્રકારથી કહ્યું એમ વ્યવહાનયની પ્રધાનતાથી તેનું પ્રજ્ઞાપન છે, કથન છે. છે? નીચે લખ્યું છે?

**'તે (મોક્ષમાર્ગ) અભેદાત્મક હોવાથી 'એકાગ્રતા મોક્ષમાર્ગ છે'...'** લ્યો. તે જ. અભેદાત્મક છે, ભાવ્ય-ભાવક એક થઈ ગયા તેથી એકાગ્રતા મોક્ષમાર્ગ છે. એકાગ્રતા જ મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે એ ભેદ કથન છે અને એકાગ્રતા મોક્ષમાર્ગ છે તે દ્રવ્યપ્રધાન કથન છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ દ્રવ્યની પર્યાય અભેદથી કથન એકાગ્રતાથી કહ્યું તો અભેદથી દ્રવ્યદૃષ્ટિથી કહ્યું. અને ભેદથી કહ્યું તો વ્યવહારથી કહ્યું. છે તો ત્રણે વીતરાગી પર્યાય. સમજાય છે કાંઈ?

**'અભેદાત્મક હોવાથી 'એકાગ્રતા મોક્ષમાર્ગ છે' એમ દ્રવ્યપ્રધાન નિશ્ચયનયથી...'** પેલામાં પર્યાયપ્રધાન વ્યવહારનયથી એમ હતું. **'દ્રવ્યપ્રધાન નિશ્ચયનયથી તેનું પ્રજ્ઞાપન છે;...'** બે વાત આવી. હવે ત્રીજો બોલ, પ્રમાણ. આહા..હા..! ઓહો..હો..! સમજાય છે કાંઈ? અને

**‘બધાય પદાર્થો ભેદાભેદાત્મક હોવાથી...’** બધા પદાર્થનું સ્વરૂપ જ ભેદ અને અભેદ છે. તેથી **‘તે બન્ને (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર)...’** એ વ્યવહારપ્રધાન કથન, પર્યાયપ્રધાન વ્યવહારનય. અને એકાગ્રતા દ્રવ્યપ્રધાન નિશ્ચયનય. બેય મોક્ષમાર્ગ છે **‘એમ પ્રમાણથી તેનું પ્રજ્ઞાપન છે.’** પ્રમાણમાં પર્યાયપ્રધાન કથનમાં વ્યવહારનયથી ત્રણ કહ્યું, દ્રવ્યપ્રધાન કથનમાં નિશ્ચયનયથી એકાગ્રતા કહ્યું, પ્રમાણમાં, એકાગ્રતા અને પર્યાયપ્રધાન-બેય પ્રમાણજ્ઞાનમાં આવી જાય છે. ભારે ઝીણું ભાઈ! આ તો નિશ્ચયનય ને વ્યવહારનય ને પ્રમાણ. વસ્તુની સિદ્ધિ કરવામાં આ બધા સાધન છે. એમ જ્ઞાનની યથાસ્થિતિ ન હોય અને ગડબડી કરે તો એની સત્યતા પ્રગટ થતી નથી. સમજાય છે કાંઈ?

આવી વાતમાં ક્યાં.. પાધરા સાધુ થઈ જાઓ, લ્યો. વ્રત લઈ લ્યો એકદમ આગળ અને ગુરુની સમીપ થઈ જાઓ, ગુરુ સમીપ. છઠ્ઠે ગુણસ્થાને મુનિ હોય, સાતમે (હોય), સમીપ થઈ જાઓ, સમીપ થઈ જાઓ. પણ સમીપતા આત્માની સમીપતાના અનુભવ વિના ભેદ-ભેદ ક્યાંથી આવ્યો તારે? અહીં તો ભેદમાં પણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રપર્યાયનો અનુભવ ભેદરૂપનું જ્ઞાન કરવું તે પર્યાયપ્રધાનથી વ્યવહારનય છે. અભેદપ્રધાન ભાવ્ય-ભાવકની એકતારૂપથી જ્ઞાન કરવું તે નિશ્ચય છે અથવા પ્રજ્ઞાપન અથવા કથન છે. સમજાય છે કાંઈ? બેયનું એકસાથે જ્ઞાન કરવું, પર્યાયપ્રધાનથી વ્યવહારનયનું, દ્રવ્યપ્રધાનથી નિશ્ચયનયનું (અને) એકસાથે જ્ઞાન કરવું તે પ્રમાણ છે. દરેકમાં ભેદાભેદ વસ્તુ છે અને મોક્ષમાર્ગમાં પણ ભેદાભેદના કથનનું જ્ઞાન બરાબર કરવું જોઈએ. આટલું બધું ક્યારે સમજે? માણસ કહે છે. ઈ કરતાં બે અપવાસ, આઠ અપવાસ, દસલક્ષણના દસ અપવાસ કરે તો કાંઈ મહેનત છે સમજવાની? મણિભાઈ! શરીર સારું હોય તો, પણ તમારા જેવું પાતળું હોય નહિ, પણ સારું શરીર લઠ્ઠ જેવું હોય તો આઠ દિ'માં બે-ત્રણ તસુ ફાંદો કદાચ ઘટે. ખબર પડે અપવાસ કર્યા.

મુમુક્ષુ :— ફાંદો ઘટ્યો એ તો જડ ઘટ્યું, એમાં એને શું થયું?

ઉત્તર :— પણ માણસને ખબર પડે કે નહિ? આ શરીર જુઓને. આ તપસ્યા કરી તો શરીર ગળ્યું, લ્યો. શરીર ગળ્યું, હાથે કરીને ગાળ્યું તો કાંઈક લાભ થતો હશે કે નહિ એમાં? ધર્મચંદજી! એમાં કાંઈક ધર્મ થાય છે કે નહિ? આહા..હા..!

આ ત્રણ બોલ સમજાયા બરાબર? પર્યાય ભેદપ્રધાન કથનથી વ્યવહારનયનું એનું પ્રજ્ઞાપન છે અને અભેદાત્મક એકાગ્રતા મોક્ષમાર્ગ છે. તત્ત્વાર્થસૂત્રમાં એકાગ્રતા મોક્ષમાર્ગ નથી લીધું. ત્યાં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ, પર્યાયપ્રધાનનું કથન છે. પર્યાયપ્રધાનનું કથન છે પણ અંદર શ્રદ્ધા નિર્વિકલ્પ છે. ઓહો..હો..! શું શાસ્ત્રની રચના! ઓહો..! સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય ગજબ કર્યો છે! ચૌદ પૂર્વ અને બાર અંગ સંતોએ છઠ્ઠા ગુણસ્થાનમાં રહીને એવી રચના થઈ ગઈ.. અલૌકિક વાત છે! પૂર્ણ પૂર્ણ વર્તમાનમાં હોય એમ ભાસ થઈ જાય. એમ ભાસ થાય છે. ઓહો..! પૂર્ણ છે બધા, કોઈ વાતની ખામી નથી. સમજાય છે કાંઈ?

'હવે શ્લોક દ્વારા મોક્ષપ્રાપ્તિને માટે દ્રષ્ટા-જ્ઞાતામાં લીનતા કરવાનું કહેવામાં આવે છે :—'

इत्येवं प्रतिपत्तुराशयवशादेकोऽप्यनेकीभवं
स्त्रैलक्षण्यमथैकतामुपगतो मार्गोऽपवर्गस्य यः।
द्रष्टृज्ञातृनिबद्धवृत्तिमचलं लोकस्तमास्कन्दता-
मास्कन्दत्यचिराद्विकाशमतुलं येनोल्लसन्त्याश्रितेः।।१६।।

હવે અહીંયા. '**અર્થ :— એ પ્રમાણે, પ્રતિપાદકના આશયને વશ,...**' દેખો! આમ ભાષા લીધી. કથન કરવાવાળાના આશયને વશ, એમ વાત છે. '**એક હોવા છતાં પણ અનેક થતો હોવાથી...**' છે તો એકાગ્રતા મોક્ષમાર્ગ, છતાં તે ત્રણે થઈને મિલન એકાકાર છે. '**છતાં પણ અનેક થતો હોવાથી (અર્થાત્ અભેદપ્રધાન નિશ્ચયનયથી એક—એકાગ્રતારૂપ—હોવા છતાં પણ...**' અભેદ પ્રધાનથી ભગવાન આત્મા પોતામાં એકાગ્ર (થાય છે). ભલે પર્યાય એમાં ત્રણ હોય (એક) સમયમાં, પણ છે એકાગ્રતા. એમાં એકાગ્રતામાં કોઈ ત્રણ પ્રકાર નથી આવતા. '**એકાગ્રતારૂપ—હોવા છતાં પણ કહેનારના અભિપ્રાય અનુસાર...**' દેખો! વક્તાના અભિપ્રાય અનુસાર.

'**ભેદપ્રધાન વ્યવહારનયથી અનેક પણ—દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પણ—થતો હોવાથી) એકતાને (એકલક્ષણપણાને) તેજ ત્રિલક્ષણપણાને પામેલો જે અપવર્ગનો (મોક્ષનો) માર્ગ તેને લોક...**' ફરીને. વક્તાના '**અભિપ્રાય અનુસાર ભેદપ્રધાન વ્યવહારનયથી અનેક પણ...**' એક હોવા છતાં પણ. એમ. એક હોવા છતાં, અનેક થતો થકો. છેને કૌંસમાં? '**(અર્થાત્ અભેદપ્રધાન નિશ્ચયનયથી એક--એકાગ્રતારૂપ--હોવા છતાં પણ કહેનારના અભિપ્રાય અનુસાર ભેદપ્રધાન વ્યવહારનયથી અનેક પણ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પણ—થતો હોવાથી) એકતાને (એકલક્ષણપણાને) તેજ ત્રિલક્ષણપણાને પામેલો...** ' છેને નીચે? 'દ્રવ્યપ્રધાન નિશ્ચયનયથી માત્ર એકાગ્રતા એક જ મોક્ષમાર્ગનું લક્ષણ છે.' 'પર્યાયપ્રધાન વ્યવહારનયથી દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ત્રિક મોક્ષમાર્ગનું લક્ષણ છે.' એકતાને, ત્રિલક્ષણપણાને પ્રાપ્ત. એકમાં ત્રણ છેને ત્રણ? એકાગ્રતામાં ત્રણ પર્યાય છે—દર્શન, જ્ઞાન અને ચારિત્ર. તેને પ્રાપ્ત જે અપવર્ગ. ધર્મ, અર્થ અને કામથી છૂટેલો એવો જે મોક્ષ. ધર્મ નામ પુણ્ય, અર્થ નામ પૈસા અને કામ નામ ભોગ. તેનાથી રહિત અપવર્ગ નામ મોક્ષનો માર્ગ.

'**તેને લોક દ્રષ્ટાજ્ઞાતામાં પરિણતિ બાંધીને...** ' લ્યોં, બાંધીને આવ્યું. દ્રષ્ટા-જ્ઞાતામાં-જાણવા-દેખવામાં. દૃષ્ટિ થઈને જ્ઞાનાનુભૂતિ થઈ એમાં પરિણતિ બાંધીને. હવે અહીં તો ચારિત્ર સાથે લેવું છેને. તેમાં '**પરિણતિ બાંધીને...**' અર્થાત્ પરિણતિને અંદર '**(-લીન કરીને) અચળપણે અવલંબો, કે જેથી તે (લોક)...**' એમ કહ્યું જુઓ! હે જગત! લોક એટલે પ્રાણીઓને કહે છે, હોં! હે પ્રાણીઓ! ભગવાન આત્મા જ્ઞાતા-દષ્ટા એમાં દૃષ્ટિ, જ્ઞાનનો અનુભવ

કર, એમાં એકાગ્રતાની પરિણતિ બાંધો, એમાં લીનતા કરો. '**જેથી તે (લોક) ઉલ્લસતી ચેતનાના અતુલ વિકાસને અલ્પ કાળમાં પામે.**' એટલે મોક્ષ એમ. એવું અચળરૂપ અવલંબન કરો. અંતર પરિણતિ તે મોક્ષમાર્ગ. જેથી આ જગત—લોક, સર્વ લોક, ત્રિલોક. જે આત્મા કરે એ લોક. ઉલ્લસતી ચેતનાને. ઉલ્લસતી ચેતનાને. શું કહે છે? ચેતના ઉલ્લસી. સમજાય છે કાંઈ? ફુગ્ગો હોયને ફુગ્ગો? ... ઈ તો પોલમપોલ હોય. ફુગ્ગામાં બહુ જોર દે તો ફૂ થઈ જાય. ફુગ્ગો ફૂટી જાય. આ તો ચેતનાશક્તિનું નિધાન પડ્યું છે. એ કમળ જેમ ખીલે તેમ ઉલ્લસિત થાય છે. ચેતના ઉલ્લસિત થાય છે. રાગ ને પુણ્ય, નિમિત્ત નહિ. ચેતના જે સ્વભાવ સંપૂર્ણ છે તે ઉલ્લસિત પર્યાય થાય છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ?

'**ચેતનાના અતુલ વિકાસને...**' ઓહો..! અતુલ. તુલના નહિ, ઉપમા નહિ. મોક્ષને શું ઉપમા? એ વિકાસને તુલના શી? મોક્ષપર્યાયના વિકાસની તુલના, ઉપમા, દૃષ્ટાંત કોનું લાગુ પડે? અતુલ વિકાસ, અતુલ વિકાસ. કેવળજ્ઞાન અનંત ચતુષ્ટય. એવા વિકાસને '**અલ્પ કાળમાં પામે.**' દેખો! આવી પરિણતિ બાંધવાવાળાને... '**अचिरात**' છેને પાઠમાં? '**अचिरात**' ચોથા પદમાં હતું. અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થઈને અતુલ વિકાસનું નિધાન પ્રગટ થાય છે. પણ આવી અચલિત પરિણતિ પોતામાં બાંધવાવાળાને. મોક્ષમાર્ગ પણ કહ્યો અને મોક્ષ પણ કહ્યો, બેય વાત કહી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૪, સોમવાર, તા. ૧૭.૯.૧૯૬૨**
**ગાથા-૨૪૩, ૨૪૪, ૨૪૫ પ્રવચન-૧૩**

આ પ્રવચનસાર, એમાં ચરણાનુયોગસૂચક ચૂલિકા ચાલે છે. વર્તમાન મોક્ષમાર્ગનો અધિકાર ચાલે છે. મોક્ષમાર્ગ કોને કહેવો? ૨૪૨ ગાથા થઈ ગઈ. પોતાનો આત્મા જ્ઞાન આદિ અનંત ગુણના પિંડસ્વરૂપ જે ભગવાન આત્મા છે એમાં એકાગ્રતા કરવી, એકાગ્રતા. એક જ દ્રવ્યને લક્ષમાં લઈને બહિર્દ્રવ્યનું લક્ષ છોડીને પોતાના આત્મામાં સમ્યગ્દર્શનથી એકાગ્રતા, સમ્યક્જ્ઞાનથી એકાગ્રતા, સમ્યક્ચારિત્રથી એકાગ્રતા (થવી તો મોક્ષમાર્ગ છે). .. પુસ્તક છે? ત્યાં ઘરમાં રાખો છો કે નહિ? ગુજરાતી આપો ગુજરાતી, ઘણાય ગુજરાતી છે.

સમ્યગ્દર્શન એટલે આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિમાં લક્ષ કરીને એકાગ્રતામાં પ્રતીતિ કરવી. એ પણ

એકાગ્રતા છે. સ્વભાવ તરફનો એક વિષય બનાવીને પ્રતીત કરવી તે પણ સમ્યગ્દર્શનની એકાગ્રતા છે. શું છે? એક અગ્ર. એક એટલે આત્મા દ્રવ્યસ્વભાવ શુદ્ધ સામાન્ય એને અગ્ર નામ મુખ્ય બનાવીને એમાં એકાકાર થઈને પ્રતીતિ કરવી, જ્ઞાનના ભાન સહિત, તેને સમ્યગ્દર્શનની સ્વભાવમાં એક અગ્રને લક્ષમાં લઈને એકાગ્રતા કહે છે. અહીં મોક્ષમાર્ગને એકાગ્રતા કહી છેને?

મુમુક્ષુ :— ત્રણ પર્યાય ભેગી છે માટે ચારિત્રને?

ઉત્તર :— ત્રણ પર્યાય નહિ. દ્રવ્યમાં એકાકાર થયો તે એકાગ્રતા. દ્રવ્યમાં એક સમયમાં શુદ્ધ ધ્રુવમાં એક લક્ષ કરીને (એકાગ્રતા). ચૈતન્ય વસ્તુ અગ્ર નામ વિષય એકને બનાવીને, એકને બનાવીને એમાં એકાગ્રતા થવી. ભારે ઝીણું. એકસ્વરૂપ ચૈતન્ય અનંત ગુણના પિંડરૂપ એક સ્વભાવ છે. એમાં એકમાં એકાગ્રતા નામ એને મુખ્ય બનાવીને તેમાં લીન થવું, શ્રદ્ધાથી, જ્ઞાનથી અને ચારિત્રથી. અધ્યાત્મની આખી વાત સૂક્ષ્મ થઈ ગઈ. વર્તમાનમાં સ્થૂળમાં ચાલી સ્થૂળમાં. કહે છે,.. પહેલા લખ્યું છેને?

‘**અચળપણે અવલંબો, કે જેથી તે (લોક) ઉલ્લસતી ચેતનાના અતુલ વિકાસને અલ્પ કાળમાં પામે.**’ છેલ્લી લીટી છે. કાલે આવી ગયું હતું કે નહિ? શું? ઉલ્લસતી ચેતના. ભગવાન આત્મા એકલો નિર્મળ અખંડાનંદ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ એકરૂપ ધ્રુવને લક્ષમાં લઈને એમાં એકાગ્રતા થવી, દર્શનની, જ્ઞાનની, ચારિત્રની, એ ત્રણેની એકાગ્રતાને અહીંયા મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે.

‘**હવે, અનેકાગ્રતાને મોક્ષમાર્ગપણું ઘટતું નથી (અર્થાત્ અનેકાગ્રતા તે મોક્ષમાર્ગ નથી) એમ દર્શાવે છે :—**’ ૨૪૩, ૨૪૩ની ઉપર (મથાળું). હિન્દી આપો એમને હિન્દી, હિન્દી આપો. ત્યાં હિન્દી છે. સમજાય છે કાંઈ? જેને અંતરમાં દર્શન, જ્ઞાન, ચારિત્રની એક દ્રવ્યનું લક્ષ કરીને એકાગ્રતા નથી તેને કદી મોક્ષમાર્ગ હોતો નથી. એ વાત ૨૪૩ ગાથામાં કહે છે. ‘**(અર્થાત્ અનેકાગ્રતા તે મોક્ષમાર્ગ નથી)**...’ અર્થાત્ એકાગ્રતા નથી તે મોક્ષમાર્ગ નથી. એમ. પરદ્રવ્યનો જેટલો આશ્રય છે એમાં પોતાની એકાગ્રતા નહિ. સ્વદ્રવ્ય અને બહિર્દ્રવ્ય. સમજાય છે કાંઈ? સ્વદ્રવ્ય જ્ઞાન, ચૈતન્ય આનંદસ્વરૂપ એ સ્વદ્રવ્યનું લક્ષ કરીને શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની લીનતા થાય તે જ મોક્ષમાર્ગ છે. જેટલો પરદ્રવ્યનો આશ્રય લઈને રાગ આવ્યો તેટલો મોક્ષમાર્ગ નથી. સમજાય છે કાંઈ? ૨૪૩.

मुज्झदि वा रज्जदि वा दुस्सदि वा दव्वमण्णमासेज्ज।
जदि समणो अण्णाणी बज्झदि कम्मेहिं विविहेहिं।।२४३।।

લ્યો, પાછો અહીં તો અજ્ઞાની કીધો. ઈ અજ્ઞાની કોણ? અજ્ઞાની એ તો મિથ્યાદષ્ટિ. અને ‘**मुज्झदि वा रज्जदि**’ મોહસહિત પાઠ છેને?

‘**ટીકા :— જે ખરેખર જ્ઞાનાત્મક આત્મારૂપ એક અગ્રને...**’ જુઓ! એક આત્મા તદ્દન જાણક.. જાણક.. જાણક... જાણનાર એવો જ્ઞાનસ્વરૂપ પોતાનો આત્મા, એવો ‘**જ્ઞાનાત્મક**

**આત્મારૂપ...**' આત્મારૂપ, એને આત્મા કહે છે. વચ્ચે દયા, દાન, વ્રતના વિકલ્પ આવે છે તેને આત્મા નથી કહેતા, એ તો આસ્રવતત્ત્વ છે. સમજાય છે કાંઈ? આવે છે, હોય છે, હો પણ એ આત્મા નહિ. પરદ્રવ્યના અવલંબનમાં જેટલા વિકલ્પ ઉઠે છે, બહિર્દ્રવ્ય.. સમજાય છે કાંઈ? તેનાથી રાગ જ થાય છે. દેવ હો, ગુરુ હો, શાસ્ત્ર હો, સ્ત્રી હો, કુટુંબ હો કે સમેદશિખર હો કે શેત્રુંજય હો કે ગિરનાર હો, લક્ષમાં બહિર્દ્રવ્યનું અવલંબન લીધું તો રાગ જ ઉત્પન્ન થાય છે. છે ભલે શુભરાગ. સ્ત્રી, કુટુંબના આશ્રયમાં અશુભરાગ. દેવ-ગુરુ-શાસ્ત્રનું (લક્ષ તે શુભરાગ). એ પરદ્રવ્ય છેને. પરદ્રવ્ય છે. સર્વજ્ઞ પરમાત્મા પરદ્રવ્ય છે.

મુમુક્ષુ :— શુભને પરદ્રવ્ય કહેવાય?

ઉત્તર :— શુભને પરદ્રવ્ય કહે છે. એમાં શું છે? આત્મદ્રવ્ય નહિ. શુભરાગ એ ખરેખર પરપદાર્થ છે, આસ્રવ છે, અનાત્મા છે, અનાત્મા કહો કે આત્મા નહિ કહો કે બહિરાત્મા (કહો). બહિર્ એટલે પરદ્રવ્ય છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? તો પછી આ જાત્રા કરવી કે નહિ? આ શેઠ કરી આવ્યા કાલે. એ રાગ આવે છે. ભાઈ! રાગ હોય છે પણ એ પુણ્યબંધનું કારણ છે, આસ્રવભાવ છે.

સ્વદ્રવ્ય જ્ઞાનસ્વરૂપ ભગવાન પોતાનો આત્મા નિજ એ જ્ઞાનસ્વરૂપ. આત્મક છેને? જ્ઞાનસ્વરૂપ આત્મારૂપ. એ આત્માનું રૂપ છે. એકલો જાણક.. જાણક.. પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ, પ્રજ્ઞા-જ્ઞાનસ્વરૂપ તે આત્મા. આત્મા '**એક અગ્રને (-વિષયને) ભાવતો નથી,...**' આવા એક વિષયને ભાવતો નથી. સ્વભાવની એકાગ્રતાને અંતર એક વિષય કરીને ભાવતો નથી, ભજન કરતો નથી. અંદરનું ભજન. લ્યો, આ ભજન. ભાવના નથી કરતો, નહિ ભાવતો અર્થાત્. એક ભગવાન જ્ઞાનમૂર્તિ પરમાત્મા મારું સ્વરૂપ જ પરમાત્મા છે. પરમ સ્વરૂપ પરમાત્મા. એમાં પરિણતિને બાંધીને એકાગ્ર થઈને.. પરિણતિ બાંધીને, લીન થઈને આવ્યું હતુંને? પરિણતિને બાંધીને આવ્યું હતું. અર્થાત્ પરિણતિમાં લીન કરીને. ૨૪૨માં ઉપર. સમજાય છે કાંઈ? કળશના અર્થમાં છે. સમજાય છે કાંઈ?

સૂક્ષ્મ અધ્યાત્મ સ્વભાવ એકલો ચૈતન્યપ્રભુ. જેમાં પરદ્રવ્યનું આલંબન નહિ, એ કારણે પરદ્રવ્યના લક્ષે ઉત્પન્ન થયેલો રાગ એનું પણ અવલંબન નથી. શુભરાગનું પણ અવલંબન નથી. એવો એક ભગવાન આત્મા અંદર શુદ્ધતાને ભાવતો નથી, ભાવના કરતો નથી. ભાવના શબ્દે વિકલ્પ નહિ. ભાવના શબ્દે અંદર જ્ઞાનમૂર્તિમાં એકાગ્ર થઈને એની ભાવના નથી ભાવતો '**તે અવશ્ય જ્ઞેયભૂત અન્ય દ્રવ્યનો આશ્રય કરે છે,...**' દેખો! જ્ઞેયતત્ત્વ અને જ્ઞાનતત્ત્વને જુદા પાડ્યાને. '**તે અવશ્ય...**' પાઠમાં છેને? '**दव्वमण्णमासेज्ज**'. અન્ય જ્ઞેયભૂત જાણવાલાયક છે. દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, શરીર, વાણી, મન, કર્મ બધા જ્ઞેયભૂત અન્ય દ્રવ્યનો આશ્રય કરે છે. લ્યો, સર્વજ્ઞદેવનો આશ્રય કરે તેને રાગ થાય છે એમ કહે છે. રતનલાલજી! એ ભક્તિ રાગ (છે). ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ સમવસરણમાં બિરાજતા હોય, સાક્ષાત્ સમવસરણમાં બિરાજે છે લ્યો ભગવાન. હે નાથ! તો કહે છે, પરદ્રવ્ય આશ્રિત જેટલું લક્ષ થયું તે રાગ જ છે. શુભરાગ

છે. એટલી પોતામાં એકાગ્રતા નથી. નિજ વસ્તુમાં એકાગ્રતા નથી. આહા..હા..!

કહે છે, '**તે અવશ્ય જ્ઞેયભૂત...**' નામ જાણવાલાયક વસ્તુ '**અન્ય દ્રવ્યનો આશ્રય કરે છે,...**' આ વાત છે. જ્ઞેયનું જ્ઞાન કરે એ તો પોતાનો સ્વભાવ થયો. એ જ્ઞેય છે તો પોતાનું જ્ઞાન કરવામાં જ્ઞેયનું જ્ઞાન થયું, પણ અન્ય જ્ઞેયભૂત દ્રવ્યનો આશ્રય કરે છે, નિમિત્તનો આશ્રય કરે છે, સંયોગનો આશ્રય કરે છે. લ્યો, અહીં તો નિમિત્તનો આશ્રય કરે છે એમ કહે છે. આ તો નિમિત્ત, નિમિત્ત. નિમિત્તથી મોક્ષમાર્ગ થાય છે, નિમિત્તથી આમ થાય છે. હજી પહેલા સત્યની સત્યતા શું છે તે પણ લક્ષમાં આવે નહિ, તે તરફની એની રુચિ ગાઢ નહિ થાય. પરનો આશ્રય કરીને વિકલ્પમાં ભ્રમણ કરશે. વિકલ્પ... વિકલ્પ.. વિકલ્પ.. વિકલ્પ.. શુભ.. શુભ.. શુભ.. શુભ. સ્ત્રી, કુટુંબ આદિનો હો, ધંધાનો હો તો અશુભ (વિકલ્પ થશે). ધંધાનો અશુભરાગ કહેવાય? આ બીડી તમાકુ અશુભરાગ? પરનો આશ્રય કરે તે અશુભરાગ? શોભાલાલજી! ઈ અશુભરાગ છે? અશુભરાગ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ધૂળમાં પૈસા આવે તો શું? પરદ્રવ્યનો આશ્રય લક્ષમાં લીધો તો અશુભરાગ જ છે. અને દેવ-ગુરુ-શાસ્ત્રનો આશ્રય કર્યો તો તે પણ શુભરાગ છે. સમેદશિખરનો આશ્રય જ્ઞેયભૂત થયોને ઈ? અન્ય દ્રવ્યનો આશ્રય કરે છે, લક્ષ કરે છે. આશ્રય કરીને... એ શુભરાગ છે. સમેદશિખરના દર્શનથી અલ્પ સંસારી થાય, પરિત સંસાર (કરે), પરિત સમજ્યા? સંસારનો નાશ થાય એમ છે જ નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ પણ રાગ છે. મુનિઓને પંચ મહાવ્રતના (ભાવ) આવે છે, ભાવલિંગી સંત જંગલમાં વસનારા કુંદકુંદ આચાર્ય આદિ સંતો, (એમને) અઠ્યાવીસ મૂળગુણ આવે છે પણ ઈ શુભરાગ છે. ઈ પણ એટલો પરદ્રવ્યનો આશ્રય લીધો. એને ન મારું, આમ બોલું, આમ કરું, નિષ્પરિગ્રહ રહું એ પણ પરદ્રવ્યનો એટલો આશ્રય છે, એ પણ શુભરાગ છે. ઓહો..!

'**અને તેનો આશ્રય કરીને...**' અન્ય દ્રવ્યનો આશ્રય કરે છે '**અને તેનો આશ્રય કરીને જ્ઞાનાત્મક આત્મજ્ઞાનથી ભ્રષ્ટ...**' અહીં તો આ કહ્યું, લ્યો. ઓલામાં તો અજ્ઞાન લીધું હતું. હજી છઠ્ઠા ગુણસ્થાન સુધી પૂર્ણ મોક્ષમાર્ગ નથી. સમજાય છે કાંઈ? આત્મજ્ઞાન નથી એમ પહેલા કહ્યું હતું. અહીંયા બીજી વાત છે. ત્યાં સપ્તમ ગુણસ્થાનવાળાની ત્રણેની એકાગ્રતાવાળાને આત્મજ્ઞાન કહેવામાં આવ્યું છે. અહીંયા કહે છે કે ભગવાન આત્મા સ્વદ્રવ્ય વસ્તુ ચૈતન્યમૂર્તિ આનંદ.. આનંદ.. આનંદ... એનો આશ્રય છોડીને જેટલો અન્ય જ્ઞેય દ્રવ્યનો આશ્રય એકલો કર્યો તો '**જ્ઞાનાત્મક આત્મજ્ઞાનથી ભ્રષ્ટ...**' આ આત્મજ્ઞાન(થી ભ્રષ્ટ એટલે) સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ. સમજાય છે કાંઈ? પહેલા જે છઠ્ઠે ગુણસ્થાને લીધું હતું કે તે આત્મજ્ઞાન નથી, એ તો વિકલ્પ જરી હતો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ હતો તે અપેક્ષાથી તેમાં આત્માની ત્રણ પર્યાયની એકતા અભિન્ન થતી નથી.

એ અપેક્ષાથી તેને છઠ્ઠા ગુણસ્થાનમાં પણ આત્મજ્ઞાન કહ્યું નહિ, અને સપ્તમ ગુણસ્થાનમાં આત્મજ્ઞાન કહ્યું. આ આત્મજ્ઞાન, જે ચોથા ગુણસ્થાનમાં આત્મજ્ઞાન છે સમ્યગ્દર્શનમાં, તે પરદ્રવ્યનો આશ્રય કરીને સ્વદ્રવ્યનો આશ્રય મુખ્યપણે છે તેને છોડે છે તે આત્મજ્ઞાનથી ભ્રષ્ટ, સમ્યક્જ્ઞાનથી ભ્રષ્ટ, સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ (છે). ભારે વાત ભાઈ! આ કહે કે નહિ, પરદ્રવ્યનો કર્તા આત્મા માનો તો સમ્યગ્દર્શન છે. લ્યો, એમ આવ્યું છે. પેંપલેટ, શું કહેવાય તમારે? પત્રિકા, કાગળ, કાગળ, પાના, પાનિયા ... ગયા છે, એનું પાનિયું આવ્યું છે. કલકત્તાથી આવ્યું છે. પરદ્રવ્યનો કર્તા માનવો એ સમ્યગ્દર્શન છે. અરે..! ભગવાન! શું થયું? સમાજમાં આ જ ચાલે છે. રાગનો કર્તા માનવો એ પણ સમ્યગ્દર્શન છે. એમ કહ્યું છે, ભાઈ! બેયમાં કહ્યું છે.

અહીં કહે છે કે ભગવાન! ઈ રાગ છે, પરદ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થયો તેમાં એકાગ્રતા મુખ્ય (કરીને) એકાકાર થઈ જાય તો પરદ્રવ્યનો આશ્રય કર્યો, સ્વદ્રવ્યનો આશ્રય છૂટી ગયો. સમ્યગ્દર્શનનો આશ્રય જે દ્રવ્ય છે તે છૂટી ગયો. એકલો શુભરાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એ શુભરાગમાં તદ્દન વિષય બનાવીને એકાગ્ર થઈ જાય અને જ્ઞાતા દૃષ્ટાપણામાં એકાગ્રતા છોડી દે એ મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :— એકાગ્રતા થવા સુધી ગુરુ વિના જ્ઞાન કેવી રીતે થાય?

ઉત્તર :— ગુરુ વિના પણ કરવાનું તો એને છેને, ભાઈ!

મુમુક્ષુ :— જો ગુરુને પણ શુભરાગ સમજવામાં આવે તો..

ઉત્તર :— છે, એને પણ રાગ છે. પણ રાગ છેને. રાગ સમજવો શું? રાગ તો છેને. સમજાવે તોપણ વિકલ્પ તો છેને, ભાઈ! રાગ છે. પૂર્ણ સ્વરૂપમાં ઠરી જાય ત્યારે રાગ નથી. હો, પણ એને હેય માનવો જોઈએ.

મુમુક્ષુ :— સારો છે.

ઉત્તર :— સારો નથી.

મુમુક્ષુ :— સારો છે એટલે...

ઉત્તર :— ના, ઈ સારો તો છે જ નહિ, સારો તો છે જ નહિ. વચ્ચે આવે છે. એ.. શોભાલાલજી! આવે છે બીજી વાત છે અને એને સારો માનવો બીજી વાત છે. સારો માને.... તાવ તો આવે છે કે નહિ? તાવ ૧૦૫ ડિગ્રી આવ્યો, એને તો સારો ન માન્યો, પણ ૯૯ જેટલો રહી ગયો. સારો માન્યો? છ મહિના જો રહી જાય તો ક્ષય થઈ જાય. ૯૯ ડિગ્રીના તાવને સારો માને, છ છ મહિના ન મટે તો જીથરી આવવું પડે ફોટા પડાવવા. સમજાય છે કાંઈ? એમ શુભરાગને સારો માને (એને) મિથ્યાત્વનો ક્ષય લાગુ પડ્યો છે. હો, આવે છે જરૂર, મુનિને પણ આવે છે. કુંદકુંદાચાર્ય જેવા મહાસંત, આ લખે છેને? વિકલ્પ છે કે નહિ? આ લખે છે ઈ શું છે? વિકલ્પ છે, રાગ છે. માને છે કે રાગ છે એમાં પરદ્રવ્યનો એકાંતે આશ્રય નથી, અમારો સ્વદ્રવ્યનો આશ્રય છે. અસ્થિરતાનો રાગ મને ઉત્પન્ન થાય છે, ચારિત્રદોષનો. અને આ તો પરનો આશ્રય

કરીને એમાં ધર્મ માને છે. રાગમાં એકતાબુદ્ધિ કરે છે તો એ મિથ્યાત્વ થઈ ગયું. મિથ્યાશ્રદ્ધા અનંત સંસારનું બીજ થઈ ગયું. સમજાય છે કાંઈ? ભગવાનજીભાઈ! આ બહુ આકરું પડે હોં! તમારે ન્યાં આફ્રિકામાં ધમાધમ ધમાધમ.. સૌને જોડી દીધા છેને.

મુમુક્ષુ :— સાંભળે તો...

ઉત્તર :— વાત સાચી છે. સાંભળે બરાબર ધ્યાન રાખીને, વિચારેને. આ વાત તો આખો પંથ જ ભિન્ન છે. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવ એનો પંથ જ નિરાળો, સંતોનો પંથ નિરાળો, સમ્યગ્દૃષ્ટિનો પંથ જગતથી નિરાળો. સમજાય છે કાંઈ?

કહે છે કે જે રાગ અને પરદ્રવ્યનો આશ્રય કરીને સ્વદ્રવ્યનો આશ્રય છૂટી ગયો, જ્ઞાનમૂર્તિ હું આત્મા છું એવી શ્રદ્ધા અંદર છૂટી ગઈ. રાગ અને પરથી મારું કાર્ય થશે, તો કહે છે કે '**જ્ઞાનાત્મક આત્મજ્ઞાન ભ્રષ્ટ...**' જ્ઞાનસ્વરૂપ આત્મા રાગમાં એકાગ્ર થઈ ગયો અને નિમિત્તમાં તદ્દન લક્ષ કરીને એકાકાર અવલંબન લઈ લીધું તો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા આવા આત્મજ્ઞાનથી ભ્રષ્ટ '**એવો તે સ્વયં અજ્ઞાની થયો થકો,...**' તે સ્વયં અજ્ઞાની થયો થકો મિથ્યાદૃષ્ટિ છે. આ વાત એને...

મુમુક્ષુ :— કર્મથી નિમિત્તથી..

ઉત્તર :— કર્મથી, નિમિત્તથી થાય છે એ તો મિથ્યાદૃષ્ટિ છે જ છે. રાગથી પરનો આશ્રય કર્યો, એના આશ્રયે ગયો તે તો મિથ્યાદૃષ્ટિ છે જ. પણ પોતાના આશ્રયે પરનું લક્ષ કરીને પોતામાં (રાગ) થયો તેમાં પણ એકાગ્રતા કરી (તો તે પણ) આત્મજ્ઞાનથી ભ્રષ્ટ છે. નિશ્ચય જે મુખ્ય સ્વભાવ જ્ઞાયક ચિદાનંદપ્રભુ જે અંતરમાં લક્ષ કરવાની મુખ્ય વસ્તુ છે તેને ચૂકી ગયો અને રાગમાં એકાકાર થઈ ગયો તે આત્મજ્ઞાનથી ભ્રષ્ટ છે. સમજાય છે કાંઈ? રાગ આવે છે બીજી વાત છે અને રાગમાં એકાકાર થઈને લાભ માનવો બીજી વાત છે. રાગ તો ગણધરોને આવે છે. ગણધર ચાર જ્ઞાન, ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં કરે છે ભગવાનના સમવસરણમાં. અહીંયા થયુંને? રાજગૃહી નગરી. શેઠ! ગયા છો કે નહિ? વિપુલાચલ પર્વત. આ બાજુ છેને વિપુલાચલ. પાંચ પર્વત છે પાંચ. વિપુલાચલ પર્વત ઉપર પરમાત્મા પધાર્યા હતા, વૈશાખ સુદ ૧૦ કેવળજ્ઞાન થયું હતું. ૬૬ દિવસ સુધી વાણી ન નીકળી. બે માસ અને છ દિવસ. ત્યાં વિપુલાચલ પર્વત પર ઇન્દ્રોએ સમવસરણની રચના કરી અને ધ્વનિ છૂટી. ગણધર થવાની લાયકાતવાળા આવ્યા, ગૌતમ ગૌતમ (આવ્યા). ઇન્દ્રએ ગૌતમને બોલાવ્યા. વાણી છૂટતી નથી, શું છે? પાત્ર જીવ એમની વાણી (ઝીલી શકે એવા કોઈ નથી). એ તો કેવળી છે. એમને એવું નહોતું, એ તો કેવળી હતા, એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક દેખે છે. શું એમને કંઈ સાંભળવાનું બાકી છે? એવું કાંઈ નથી. ... વાણી કેમ નીકળી નહિ ૬૬ દિવસ સુધી? કેવળજ્ઞાન થયું.

અવધિજ્ઞાનથી જોયું. ગૌતમને બોલાવ્યા. આ પાત્ર જીવ છે. બ્રાહ્મણ છે પણ પાત્ર છે. બોલાવ્યા, જ્યાં અંદર પેઠા, મુનિ થઈ ગયા. અંદર ભાન થઈને (જ્ઞાન પામ્યા), વાણી છૂટી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પ્રભાવ-બ્રભાવ શું પડ્યો? એની યોગ્યતા હતી. બીજાને કેમ ન થયું? અને પહેલા કેમ ન લાવ્યા? એ તો ધવલમાં પ્રશ્ન પણ થયો છે. પ્રભુ! ગૌતમને પહેલા કેમ ન લાવ્યા ઈન્દ્ર? કે એની કાળલબ્ધિ પાકી નહોતી, એમનો એ સમય નહોતો. એમની યોગ્યતા નહોતી તો સાંભળવા ન મળ્યું. સમજાય છે કાંઈ? યોગ્યતા જ્યારે થઈ તો વાણી નીકળે છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ એટલો છે. એને કારણે વાણી નીકળે છે એમ પણ નથી અને વાણી નીકળી માટે આ સમજે છે એમ પણ નથી. પણ નિમિત્ત નૈમિત્તિક સંબંધમાં એમ કહેવામાં આવે છે. વાણી નીકળી અને આ સમજ્યા. આ તો પહેલા મુનિ થયા પછી નીકળી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ઉપાદાન ...

ઉત્તર :— ઉપાદાન, સામે ઉપાદાન સાંભળવાની લાયકાતવાળું નહોતું અને અહીંયા વાણીમાં ઉપાદાન વાણીરૂપ થવાનું નહોતું. વાણીરૂપ થવાની લાયકાત પરમાણુમાં તે સમયે નહોતી. ભગવાન તો કેવળજ્ઞાની છે. એમને ક્યાં વાણી બોલવી છે અને કાઢવી છે? એ તો પૂર્ણાનંદમાં અનુભવમાં છે. પૂર્ણાનંદનો અનુભવ નિર્વિકલ્પ વીતરાગતામાં અનુભવ છે. એવો કોઈ વિકલ્પ જ નથી કે આ વાણી કેમ છૂટી નહિ? અને આ સાંભળશે અને હું કહીશ, એવું કંઈ છે જ નહિ, વિકલ્પ જ નથી. એ તો વીતરાગ થઈ ગયા. જ્યારે વાણીની યોગ્યતા હતી, પરિણમી ગઈ, ફટ ધ્વનિ છૂટી. અને તે જ સમયે ચૌદ પૂર્વ અને બાર અંગની રચના ગૌતમસ્વામીએ વિપુલાચલ પર્વત પર કરી. વિપુલાચલને? પહેલા અમે ઉતર્યા હતા, ત્યાંથી જોતા હતા. ઉપર તો ગયા હતા.

મુમુક્ષુ :— બે નાના છે...

ઉત્તર :— નાના છે, પણ એમાં શું છે? ભલે નાનો હોય. એમાં ઉપર સમવસરણ હતું. અધ્ધર સમવસરણ બનાવે છેને. ઉપર સમવસરણ (હોય).

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બેસવાનું પણ ઉપર, સમવસરણમાં. સમવસરણ બનાવ્યું મોટું, એક યોજનનું સમવસરણ બનાવે છે, ચાર ગાઉનું સમવસરણ ઈન્દ્ર બનાવે છે, મણિરત્નનું. વીસ વીસ હજાર પગથિયા.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પછી બેસે ઉપર, ઉપર બેસે. ઉપર જમીન એક યોજન પહોળી થઈ જાય. ડુંગર ઉપર હોં! સમવસરણ બને એમાં. બાર સભા બિરાજમાન થઈ જાય. સમજાય છે કાંઈ? અમે જે મકાનમાં રહેતા હતાને, એ મકાન એમનું હતુંને? નંદલાલ, કલકત્તાવાળાનું હતું. કલકત્તાવાળા નંદલાલ છેને? ભાઈ! છોટેલાલ અને નંદલાલ બે ભાઈ છે. નંદલાલજીનું મોટું મકાન ત્યાં છે. એમાં અમને ઉતાર્યા હતા. ત્યાં એક ચોક હતો. ત્યાંથી દેખાતું હતું. ત્યારે ઉપર ગયા હતા. પણ ત્યાંથી કાયમ દેખાય. બારી નહિ પણ બહાર ખુલ્લો ભાગ (હતો). ખુલ્લું, ત્યાં જાળી હતી જાળી, ઓસરી.. ઓસરીને શું કહે છે? ઓસરી રાખી હતી, પાછળ ઓસરી રાખી હતી. એવો ભાગ હતો.

રાજગૃહી નજરે દેખાતી હતી. એક માઈલનો પત્થર છે રાજગૃહીનો કે એક અહીંયા રાજગૃહી છે. શ્રેણિક રાજાની. પત્થરનું આમ બનાવ્યું હતું, આ રાજગૃહી છે.

જ્યારે જીવની પાત્રતા—યોગ્યતા જ્ઞાન થવાની થઈ, ત્યાં વાણી નીકળવાની યોગ્યતા થઈ. કોઈને કારણે કોઈ નથી. તો કહે છે કે જ્ઞાનસ્વરૂપમાં શુભ સારું છે એમ તો વ્યવહારથી કહેવામાં આવ્યું. અશુભરાગ નથી તો શુભરાગ વ્યવહારથી સારો છે. પરમાર્થે સારો નથી. ખરેખર સારો માની લે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. આહા..હા..! ભારે!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સારો શું? રાગ સારો શું? વિષ્ટા સારી છે? શરીરમાં બે કોથળી છે, એક વિષ્ટાની અને એક પેશાબની. કઈ કોથળી સારી? બેય કાઢી નાખવાની વસ્તુ છે. તો વિષ્ટા સમાન છે અશુભ, પેશાબ સમાન છે શુભ. સમજાય છે કાંઈ? નિરોગતાનું કારણ બેયમાંથી એક્કેય છે? કે પેશાબ રાખી લો, નિરોગતા થઈ જાય. બેય કોથળી કાઢી નાખવાની છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— રોગ કાઢી નાખવાની વસ્તુ છે, રાખવાની વસ્તુ નથી. એમ શુભ-અશુભ છે, આવે છે, હો, અશુભ ન હોય ત્યારે અશુભ વંચનાર્થ શુભક્રિયા એમ પણ કહેવામાં આવે છે. શુભ કરે છે એમ પણ કહેવામાં આવે છે. થાય છે તેને કરે છે એમ કહેવામાં આવે છે. પણ છે તો બંધનું કારણ. આમ ન માને અને તેનાથી લાભ છે, પરંપરા લાભ છે (એમ માને તો મિથ્યાદૃષ્ટિ છે). ઈ અનુભવપ્રકાશમાં દીપચંદજીએ કહ્યું છે. જ્ઞાન.. શું કહેવાય? જ્ઞાનદર્પણ. એણે લીધું છે કે પરંપરા પણ (લાભનું કારણ) માને તો મિથ્યાદૃષ્ટિ છે. રાગની મંદની ક્રિયા કરો, ભાઈ! કરતા કરતા પરંપરા તો કલ્યાણ થઈ જશે. તો ત્યાં દીપચંદજી કહે છે કે પરંપરા કહેવાવાળા ક્રિયામાં રોકાઈ ગયા, મિથ્યાદૃષ્ટિ છે. આ તો એમ (કહે છે), કરો ભાઈ! કરો, કરો, કરો. કષાય મંદ તો કરો. પહેલા તમારાથી નહિ થાય. કષાય પહેલા મંદ કરો પછી એનાથી શુદ્ધતામાં આવી જવાશે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ધૂળમાંય શુદ્ધતામાં નહિ આવે. અંતર શુદ્ધનો આદર કર્યા વિના શુભનો આદર છૂટે નહિ અને શુભનો આદર છૂટ્યા વિના શુદ્ધનો આદર થતો નથી. સૂક્ષ્મ પડે પણ વસ્તુ તો આ છે, બીજી ક્યાંથી હોય? સમજાય છે કાંઈ? ... અર..ર..! નવ્વાણુ જાત્રામાં લાભ નહિ? અહીં કહે છે, સમેદશિખરમાં ધર્મનો લાભ નહિ. એક તો એવો છે, બ્રહ્મચારી કહે છે કે સમેદશિખરમાં આવવાવાળા બધા પરિતસંસારી છે. એકેન્દ્રિય જીવ ત્યાં ઊપજ્યા છે ઈ પણ પરિતસંસારી અલ્પ સંસારી છે. એમ છાપામાં આવ્યું હતું. બધા ગપગોળા છે. પણ આ શેઠ કહે છે, મને કાંઈ ખબર નહિ. ઓલો શું કહે છે, શું નહિ એ ખબર નહિ. હીરા માણેકની પરીક્ષા કરવી હોય તો ખબર પડે, આ બીડી તમાકુની ખબર પડે કે આ આમ છે, આમ છે. આ કંઈ ખબર ન મળે. જય નારાયણ! માથે બેઠો ઈ સાચો. કેમ રતનલાલજી! માથે બેસીને કહે તે સાચું. એમ ન ચાલે, પરીક્ષા કરવી

જોઈએ માર્ગની. આ તો વીતરાગ માર્ગ છે. સર્વજ્ઞનો પંથ છે. ઈન્દ્રો આદરે છે, ગણધરો ચારિત્રસહિત અનુભવે છે. એવો માર્ગ (છે). પોપાબાઈના રાજ નથી કે એમ ને એમ ચાલે. ગમે તે હો, વિદ્વાન હો કે ત્યાગી હો, પણ જેની શ્રદ્ધામાં એક રાગ આવ્યો, શુભથી સંવર, નિર્જરા માને છે (તે) આત્મજ્ઞાનથી ભ્રષ્ટ છે, સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે.

**'સ્વયં અજ્ઞાની થયો થકો,...'** શું કહે છે જુઓ! **'તે સ્વયં અજ્ઞાની થયો થકો,...'** અર્થાત્ દર્શનમોહનીય કર્મનો ઉદય થયો માટે અજ્ઞાની થયો એમ નહિ. એ તો રાગમાં એકાકાર થઈને ધર્મની એમાં માન્યતા કરી એટલે સ્વયં અજ્ઞાની થયો થકો. છે? મોહકર્મથી અજ્ઞાની થયો થકો એ તો નિમિત્તનું કથન છે. વસ્તુ ક્યાં એવી છે? ઓહો..! જુઓ! શું શબ્દ પડ્યા છે? **'જ્ઞાનાત્મક આત્મજ્ઞાનથી ભ્રષ્ટ...'** શું? અન્ય દ્રવ્યનો આશ્રય કરે છે અને તેનો આશ્રય કરીને. એમ. **'જ્ઞાનાત્મક આત્મજ્ઞાનથી ભ્રષ્ટ તે સ્વયં અજ્ઞાની થયો થકો, મોહ કરે છે,...'** મિથ્યાત્વ કરે છે. લ્યો. સ્વયં મિથ્યાભાવને સેવે છે. રાગમાં લાભ છે, પરંપરા પણ લાભ છે. સમજાય છે કાંઈ? એવો ઉપદેશ દેનારા, રાગથી ધર્મ થશે એવો ઉપદેશ દેનારા પણ, કહે છે કે આત્મજ્ઞાનથી ભ્રષ્ટ મિથ્યાદૃષ્ટિ છે. બહુ સારું લાગે કે ઠીક કહે છે. કેટલોક માર્ગ હળવો, હળવો (કહે છે). હળવો એટલે હલકો. હલવો એટલે શિરો નહિ. હલકો માર્ગ ઠીક કહ્યો. આ તો ભારે કડક. ભાઈ, કડક કહો તો આ છે, સત્ય કહો તો આ છે. બીજો કોઈ માર્ગ નથી. એણે જ્ઞાનમાં નક્કી કરીને શ્રદ્ધા પાકી કરવી જોઈએ. આ શ્રદ્ધા પાકી કર્યા વિના એનો એક અંશ પણ ધર્મમાં પરિણમન થાય એમ ત્રણ કાળમાં થઈ શકે નહિ. સ્વયં. જુઓ! કર્મથી પણ હું ભ્રષ્ટ (થાઉં છું) તો પણ મૂઢ છે અને રાગથી મને ધર્મ છે (એમ માને) તો પણ મૂઢ છે, પણ પોતાથી છે, પરને કારણે નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... કરવાવાળો અજ્ઞાની પોતાથી કરે છે.

**'સ્વયં અજ્ઞાની થયો થકો, મોહ કરે છે, રાગ કરે છે અથવા દ્વેષ કરે છે;...'** ત્રણે મિથ્યાદૃષ્ટિની ભૂમિકાની વાત છે, હોં! **'અને એવો (મોહી, રાગી અથવા દ્વેષી) થયો થકો બંધાય જ છે,...'** એ તો મિથ્યાત્વના જ બંધને પ્રાપ્ત થાય છે અને મિથ્યાત્વ સાથે બધા કર્મોનું બંધન કરે છે. **'પરંતુ મુકાતો નથી.'** લ્યો. એ મિથ્યાત્વથી પણ મુક્ત થતો નથી. તો પૂર્ણ મુક્તિ તો ક્યાંથી થાય?

**'આથી અનેકાગ્રતાને મોક્ષમાર્ગપણું...'** દેખો! મોક્ષમાર્ગપણું. અનેકાગ્રતાને (અર્થાત્) બીજામાં એકાગ્રતા થઈને પોતામાં એકાગ્રતા ન થાય તો **'મોક્ષમાર્ગપણું સિદ્ધ થતું નથી.'** મોક્ષમાર્ગ સાબિત થતો નથી.

**'હવે, એકાગ્રતા તે મોક્ષમાર્ગ છે એમ (આચાર્યભગવાન) નક્કી કરતા થકા (મોક્ષમાર્ગ-પ્રજ્ઞાપનનો) ઉપસંહાર કરે છે :—'** ૨૩૨ ગાથાથી શરૂ થયો છે. ૨૪૪માં પૂરો થશે. કેટલી ગાથા થઈ? તેર, તેરહ, તેરહ. બાર થઈ ગઈ, આ તેરમી છે. ૨૩૨થી ચાલુ થયો છેને.

આ શેઠ આવ્યા પછી મોક્ષમાર્ગ (અધિકાર) ચાલુ કર્યો છે. મંગળવાર, પહેલો ઉત્તમક્ષમાનો દિવસ હતોને. ક્ષમાપર્વનો દિવસ હતો ત્યારથી શરૂ કર્યું છે. ૨૪૪.

अट्ठेसु जो ण मुज्झदि ण हि रज्जदि णेव दोसमुवयादि।
समणो जदि सो णियदं खवेदि कम्माणि विविहाणि।।२४४।।

‘**ટીકા :— જે જ્ઞાનાત્મક આત્મારૂપ એક અગ્રને (—વિષયને) ભાવે છે,...**’ ભાવના કરે છે, પોતાના સ્વરૂપમાં એકાગ્રતા કરે છે. જ્ઞાનમૂર્તિ ભગવાન એકલો ચૈતન્યપુંજ પ્રભુ એમાં એકાગ્રતા કરે છે શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રથી, ‘**તે જ્ઞેયભૂત અન્ય દ્રવ્યનો આશ્રય કરતો નથી,...**’ લ્યો, પહેલામાં આશ્રય કરતો હતો, અહીં કરતો નથી (એમ કહ્યું છે). જ્ઞેય નામ અન્ય પદાર્થ. સમજાણું અહીં? આવ્યુંને? ‘**अट्ठेसु जो ण मुज्झदि**’ પહેલો શબ્દ એમ છેને? ‘**अट्ठेसु**’ ઓલામાં એમ કહ્યું હતું ‘**अण्ण**’ ‘**अण्ण**’માં કહ્યું હતું, ‘**दव्वमण्णमासेज्ज**’ એમ હતું. આમાં અર્થમાં (એમ કહ્યું) આશ્રય કરતો નથી. અનેરા પદાર્થ, અન્ય પોતાથી ભિન્ન પદાર્થ અનુકૂળ હો, પ્રતિકૂળ હો, નિમિત્ત ગમે તે હો, પણ જે નિમિત્તભૂત જ્ઞેયભૂત ‘**અન્ય દ્રવ્યનો આશ્રય કરતો નથી, અને તેનો આશ્રય નહિ કરીને...**’ એ તો સામે સામી ગાથા છે. એનો—પરનો આશ્રય નહિ કરીને ‘**જ્ઞાનાત્મક આત્મજ્ઞાનથી અભ્રષ્ટ...**’ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માથી અભ્રષ્ટ—ભ્રષ્ટ નથી થયો. પરનો આશ્રય કરીને જો એકાકાર માને તો ભ્રષ્ટ થાય છે. નિજ જ્ઞાનપુંજ પ્રભુ એમાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રથી રહેવાવાળો પરદ્રવ્યનો આશ્રય કરતો નથી (તેથી) આત્મજ્ઞાનથી ભ્રષ્ટ થતો નથી.

‘**તે સ્વયમેવ જ્ઞાની રહેતો થકો,...**’ જુઓ! કોઈ કર્મનું મંદપણું થયું છે કે આમ થયું છે એમ નહિ. પોતાના સ્વભાવને દૃષ્ટિમાં લીધો અને એમાં એકાગ્રતાની ભાવના ભાવી ‘**તે સ્વયમેવ જ્ઞાની રહેતો થકો,...** ’ પોતામાં જ્ઞાનત્વની પ્રતીત-શ્રદ્ધા અને રમણતા ... ‘**મોહ કરતો નથી,...**’ મિથ્યાત્વને કરતો નથી, વિપરીત અભિપ્રાયને કરતો નથી. ‘**રાગ કરતો નથી, દ્વેષ કરતો નથી; અને એવો (-અમોહી, અરાગી, અદ્વેષી) વર્તતો થકો મુકાય જ છે,...** ’ તેની તો મુક્તિ થાય છે. ‘**પરંતુ બંધાતો નથી.**’ આ મૂળ વાત સમજે નહિ અને પછી કરણાનુયોગ ને ચરણાનુયોગ ને કથાનુયોગ ને... વાત ચડાવે કરણાનુયોગની, ભાઈ! એ તો ગણિતનો વિષય છે, ભલે હો. પણ મૂળ દૃષ્ટિના વિષયને સમજ્યા વિના તારો કરણાનુયોગ શું કરે? વિપરીત દૃષ્ટિ છે. એમાં તો નિમિત્ત પ્રધાન ઘણા કથન આવે છે. એકલા કરણાનુયોગને જોશે (તો) આત્મજ્ઞાન જ નહિ થાય એમાં. તત્ત્વજ્ઞાનની દ્રવ્યાનુયોગની દૃષ્ટિ પોતાના દ્રવ્ય અનુસાર દૃષ્ટિ થયા વિના દર્શન, જ્ઞાન શુદ્ધ થતા નથી અને એ વિના કોઈપણ અનુયોગ દેખે તો પોતાની દૃષ્ટિથી એમાં કલ્પના કરીને માની લે. જુઓ એમાં એમ છે, જુઓ એમાં છે. બધામાં છે, સાંભળને! બધાનો સાર નિજ આત્મદ્રવ્યનો આશ્રય શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રે લીધો નહિ તો એમાં કાંઈ નથી. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઉપાદેય નહિ માનવું, હેય જાણવું જોઈએ. આમ છે. શ્રદ્ધામાં હેય માનવું જોઈએ. ઉપાદેય વ્યવહારે કહેવામાં આવે છે. ખરેખર ઉપાદેય નથી. જાણવાની અપેક્ષાએ ઉપાદેય કહેવામાં આવે છે. જાણવામાં જાણવાલાયક છે. છે, એમ જ્ઞાન થયું. પણ આ આદરણીય અને લાભદાયક છે (એમ માને) તો મિથ્યાદષ્ટિ છે. તો આત્મા ઉપાદેય ન થયો. સમજાય છે કાંઈ? ભારે વાત!

'**આથી એકાગ્રતાને જ મોક્ષમાર્ગપણું સિદ્ધ થાય છે.**' લ્યો. '**એકાગ્રતાને જ...**' એક આત્માને વિષય બનાવીને એમાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રથી લીન થવું એ એક જ મોક્ષમાર્ગ એમાં સાબિત થાય છે. બીજો કોઈ મોક્ષમાર્ગ ત્રણ કાળમાં (નથી). કુંદકુંદાચાર્યે ચરણાનુયોગમાં આવો અધિકાર લીધો. અહીં છે તો ચરણાનુયોગ. દેખો! ચરણાનુયોગસૂચક ચૂલિકા છે. દ્રવ્યાનુયોગની આ ચૂલિકા નથી. ચરણાનુયોગની ચૂલિકામાં જે કહેવાનું હતું તે કહ્યું. ચૂલિકા સમજ્યાને? ચોટની હોયને?

મેરુ પર્વત છેને લાખ જોજનનો. ચાલીસ જોજનની ઉપર ચૂલિકા છેને? ત્યાં ભગવાનનું મંદિર છે. લાખ જોજનનો છેને મેરુ પર્વત. એમાં ચાલીસ જોજનની ચૂલિકા છે. મંદિર, જિનમંદિર છે એમાં. એમાં જિનપ્રતિમા (છે). શાશ્વત જિનપ્રતિમા છે ચૂલિકામાં અને નંદનવન આદિ નીચે છે નંદનવન ફરતું. જેમ કંદોરો હોયને કંદોરો, કડમાં કંદોરો નથી હોતો? આ ચાંદીનો, સોનાનો બનાવે છેને. એમ મેરુ પર્વતમાં કંદોરો છે પત્થરનો. નંદનવન છે, સૌમનસવન છે. એમાં પણ જિનમંદિર શાશ્વત અકૃત્રિમ મંદિરો છે, શાશ્વત પ્રતિમા છે. સમજાય છે કાંઈ? ઈન્દ્રો ત્યાં પૂજા કરવા માટે જાય છે. સમજે છે કે આ શુભરાગ છે. સમજાય છે કાંઈ? અશુભરાગથી બચવા માટે શુભરાગ (આવે છે). ધર્મ નથી માનતા. પણ ધર્મ નથી માનતા તો કરવું શા માટે? એમ કહે છે. એ અધિકાર હવે ચાલે છે. દેખો! ધર્મ નથી માનતા તો શા માટે કરો છો? મંદિર કરે, પૂજા કરે, બ્રહ્મચર્ય વ્રત લે અને કહે છે કે એ શુભરાગ છે, ધર્મ નથી. તો કરે છે શું કરવા? પણ આવ્યા વિના રહેતો નથી, સાંભળ તો ખરો. મુનિને આવે છે. દેખો! આ અધિકાર હવે ચાલશે ૨૪૪ પછી. શુભરાગ તો, પંચ મહાવ્રતના પરિણામ શુભરાગ છે. સમજાય છે કાંઈ?

કહે છે, એકાગ્રતા.. આત્મદ્રવ્યમાં વસ્તુમાં એકાગ્રતા તે જ એક ત્રણેની એકાગ્રતા જ મોક્ષમાર્ગ સાબિત થાય છે. બીજામાં મોક્ષમાર્ગ નથી. '**આ રીતે મોક્ષમાર્ગ-પ્રજ્ઞાપન સમાપ્ત થયું.**' લ્યો.

'**હવે શુભોપયોગનું પ્રજ્ઞાપન કરે છે. તેમાં (પ્રથમ), શુભોપયોગીઓને શ્રમણ તરીકે ગૌણપણે દર્શાવે છે :—**' દેખો! શુભઉપયોગ મુનિને છઠ્ઠે ગુણસ્થાને હોય છે. આત્મજ્ઞાન સહિત, આત્મચારિત્ર સહિત છઠ્ઠે ગુણસ્થાને જ્યારે વિકલ્પ છે, સાંભળે છે, લખે છે ત્યારે તેમને વિકલ્પ શુભરાગ તો છે. એ શુભઉપોગીઓને શ્રમણ સાધુપદમાં મુખ્યતા નથી. એ શુભ ઉપયોગી સાધુ, સાધુપદ જે મુખ્ય છે સપ્તમ ગુણસ્થાનની દશા, એ મુખ્યની પાછળ તે ગૌણ છે. એ વ્યવહાર-સાધુ છે એમ કહે છે. આ વ્યવહારની ભાષા જુદી છે, હોં! આ વ્યવહાર, એકલો શુભરાગ

જે ... આવે છે તે, નિજ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા તે નિશ્ચય છે અને જેટલો રાગ ભાગ આવે છે તેને વ્યવહાર કહે છે. અહીંયા ઈ વાત નથી. અહીંયા તો રાગસહિતની એકાગ્રતા તો છે, પણ નિશ્ચયની દૃષ્ટિ, જ્ઞાન, રમણતા છે, પણ હજી શુભરાગ છે તે અપેક્ષાથી એને વ્યવહાર-સાધુ આસ્રવવાળા ગણવામાં આવ્યા છે. અને સપ્તમ ગુણસ્થાનમાં અંદરમાં એકાકાર થાય તો નિશ્ચય-સાધુ અનાસ્રવી તેને ગણવામાં આવ્યા છે. દેખો!

મુમુક્ષુ :— ... ગૌણ કહ્યું.

ઉત્તર :— ગૌણ કહ્યું. પેલો અનાસ્રવની અપેક્ષાએ મુક્ત કહ્યું. અનાસ્રવ તો અહીંયા પણ છે. છઠ્ઠા ગુણસ્થાને પણ અનાસ્રવી પરિણતિ તો પ્રગટ થઈ છે, પણ હજી શુભરાગ રહ્યો એની પ્રધાનતાથી એને આસ્રવવાળા ગણવામાં આવ્યા છે. સમજાય છે કાંઈ? ઘણા પ્રકારની અપેક્ષા આવે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અપેક્ષાનો અર્થ જ કે સમજવું. જે જે કારણ હોય તે અપેક્ષાથી.

૨૪૫ ગાથા.

**समणा सुद्धुवजुत्ता सुहोवजुत्ता य होंति समयम्हि।**
**तेसु वि सुद्धुवजुत्ता अणासवा सासवा सेसा।।२४५।।**

'ટીકા :— **જેઓ ખરેખર શ્રામણ્યપરિણતિની પ્રતિજ્ઞા કરીને પણ,...**' જુઓ! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રપૂર્વક શ્રામણ્યપરિણતિની (અર્થાત્) સાધુપરિણતિ અવસ્થા. '**પ્રતિજ્ઞા કરીને પણ, કષાયકણ જીવતો (હયાત) હોવાથી,...**' દેખો! એ કષાયનો કણ પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ કષાયનો કણ છે. આ શુભરાગ શબ્દ પણ અહીંયા નથી લીધો. વળી કોઈ શુભ કહે તો... કષાયકણ જીવતો હોવાથી. અહીંયાથી પહેલા લીધું, પછી એને લેશે. સમજાય છે કાંઈ? શુભરાગ જીવિત છે એમ નથી લીધું પહેલા. પછી કહેશે શુભ ઉપયોગી. સમજાય છે કાંઈ? મુનિ છેને, ભાવલિંગી સંત. અંતર-બાહ્ય નગ્નદશા. અને અંતરમાં અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પની ઉત્પત્તિ. અને અંતરમાં સ્વભાવના આશ્રયની દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર. પણ એ રાગ છે પંચ મહાવ્રતનો, અઠ્યાવીસ મૂળગુણનો, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો પણ મુનિને રાગ છે. ઈ આવે છેને? ભિક્ષા લેવા જાય છે. સિદ્ધભક્તિ કરે છે. ભિક્ષા લેવા જાયને, પછી સિદ્ધભક્તિ કરે, આમ કરે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ વળી જુદી. ઈ તો શ્રાવક કરે નવધા ભક્તિ. આ તો મુનિ પોતે સિદ્ધભક્તિ પહેલી કરે પછી આહાર લે છે. કહે છે કે એ પણ એક શુભરાગ છે, કષાયનો કણ છે. સિદ્ધભક્તિ કરે છે. તમે તો બહુ કર્યું હશે. આહાર આપ્યો હશે કે નહિ? ઈ પહેલા સિદ્ધભક્તિ કરે. આહારશુદ્ધિ ને...

મુમુક્ષુ :— ...

ઉત્તર :— મંદિર જતી વખતે નહિ, અહીંયા ભોજન વખતે પહેલા. સિદ્ધભક્તિ કરે છે. બોલે નહિ, અંદરમાં સિદ્ધભકતિ કરે છે. છતાં... આ તો ક્યાં છે, આ તો દ્રવ્યલિંગ પણ નથી. પણ આ તો ભાવલિંગ છે એની વાત ચાલે છે. કુંદકુંદાચાર્ય જેવા મુનિ સાક્ષાત્ ભગવાન પાસે ગયા અને આવીને આ શાસ્ત્ર રચ્યા. એ મુનિ પણ કહે છે કે અમને વિકલ્પ આવ્યો એ કષાયકણ છે. અમને પણ પંચ મહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણ, એકવાર આહાર કરવો, અચેલપણે રહેવું એવી વૃત્તિ ઉઠે છે એ કષાયનો કણ છે. કષાયનો કણ છે, અગ્નિનો કણ છે. શાંતિનો કણ નથી. સમજાય છે કાંઈ? પોતાની શાંતિ જે જ્ઞાનાનંદમાંથી ઉઠે છે એમાં એ કણ પણ એટલો રોકે છે, પણ એ ભૂમિકામાં આવ્યા વિના રહેતો નથી.

'**કષાણકણ જીવતો...**' જીવતો, જુઓ! કષાયણકણની હયાતી જીવિત નામ. કષાયકણ જીવતો છે, કષાયકણ જીવે છે. હયાતી છે, વિદ્યમાન છે. '**સમસ્ત પરદ્રવ્યથી નિવૃત્તિરૂપે પ્રવર્તતી...**' દેખો! એટલો પણ રાગ દેવ-ગુરુ-શાસ્ત્રમાં ગયો, પૂજા કરવામાં ગયો, સિદ્ધભક્તિમાં ગયો અને પંચ મહાવ્રતના પરિણામ પણ પરદ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થયા છે. આને ન મારવો, આને બચાવવો, આને દુઃખ ન આપવું, આમ સત્ય બોલવું વગેરે એ પરદ્રવ્યાશ્રિત ભાવ છે. એ પરદ્રવ્યથી નિવૃત્તિરૂપે પ્રવર્તમાન. એટલો કષાયનો કણ આવ્યો '**સમસ્ત પરદ્રવ્યથી નિવૃત્તિરૂપે પ્રવર્તતી એવી જે સુવિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવ આત્મતત્ત્વમાં પરિણતિરૂપ શુદ્ધોપયોગભૂમિકા તેમાં આરોહણ કરવા અસમર્થ છે,...**' એ કષાયકણ જ પરદ્રવ્ય છે ખરેખર. લ્યો. '**પરદ્રવ્યથી નિવૃત્તિરૂપે પ્રવર્તતી...**' આહા..હા..! વીતરાગની વાણી કઠણ જગતને. કાયરને... શ્રીમદ્દે કહ્યુંને? 'વચનામૃત વીતરાગના પરમશાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.' કાયર અંદર રાડ નાખી જાય કે આવું? આવો માર્ગ અમે તો સાંભળ્યો નહોતો. એમ નથી. હવે સાંભળ તો ખરો. 'વચનામૃત વીતરાગના પરમશાંતરસ મૂળ' શાંતરસમૂળ. રાગનું મૂળ નથી. પરમશાંત. અકષાય ઉપશમરસ પ્રગટ કરવાનું વાણી કહે છે. એવી ભગવાનની વાણી ઉપશમરસની છે.

'ઔષધ જે ભવરોગના' ભવના રોગનું એ ઔષધ છે. ચાર ગતિના રોગને નાશ કરવાનું એ ઔષધ છે. 'કાયરને પ્રતિકૂળ.' કાયર.. આહા..હા..! આવો માર્ગ.. આવો માર્ગ.. કાંઈ કાંઈક છૂટછાટ, કાંઈક છૂટછાટ. નામા લખે એમાં પણ છૂટછાટ આપે. એય.. શોભાલાલજી! પચ્ચીસ હજાર હમણા કમાયા છે. થોડો આપો, હજાર, બે હજારની તો છૂટ કરી આપો. પચ્ચીસ હજાર રળાવ્યા છે. ઘણા આડતિયા કર્યા, આમ કર્યું, તેમ કર્યું. દશેરામાં કરેને? ચોપડા નામામાં નીકળે. દશેરા આવેને? ... સુદ દશમે કોઈ કરે છે. થોડું નામું થોડા દિવસ, પહેલા તો વીસ વીસ કરતા હતા. થોડી છૂટછાટ આપશું. અમે ઘણું કમાયા છીએ, બે હજારની (છૂટ). પાકુ નામું થયા પછી. કેમ ફાવાભાઈ!

કહે છે, અહો..! મુનિઓને પણ ચારિત્રવંત સંતોને પણ જેટલા શુભરાગની ઉત્પત્તિ થાય છે

તેને કષાયકણ કહ્યો. તેને કારણે પરદ્રવ્યથી નિવૃત્તિ થઈને પોતાના દ્રવ્યમાં '**સુવિશુદ્ધદર્શનજ્ઞાન-સ્વભાવ આત્મતત્ત્વમાં...**' કેવો છે આત્મા? પરદ્રવ્યથી નિવૃત્તિરૂપે પ્રવર્તમાન સુવિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવ. એકલો દર્શનજ્ઞાનસ્વભાવ, બસ! એમાં બીજું કાંઈ નહિ. દ્રષ્ટા જ્ઞાતા સ્વભાવથી ભરેલો આત્મા છે. જ્ઞાન અને દર્શનથી ભરેલો. એવો સુવિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવ આત્મતત્ત્વ. લ્યો, એને આત્મતત્ત્વ કહ્યું. આવા આત્મતત્ત્વમાં પરિણતિરૂપ, પરિણતિરૂપ. પરિણતિ-પર્યાય '**શુદ્ધોપયોગભૂમિકા તેમાં આરોહણ કરવા અસમર્થ છે,...**' રાગકણમાં રોકાણો એ સર્વથા શુદ્ધ પરિણતિ કરવામાં તે અસમર્થ છે. સમજાય છે કાંઈ? છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિ વિકલ્પ આવ્યો છઠ્ઠે, કષાણકણ છે, એ સર્વ પરદ્રવ્યથી નિવૃત્તિ અને સુવિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવરૂપ આત્મતત્ત્વમાં આરોહણ કરવું. એમાં આરોહણ—લીન થવું. શુદ્ધ ઉપયોગ ભૂમિકા. પર્યાય છેને શુદ્ધ ઉપયોગ? '**તેમાં આરોહણ કરવા અસમર્થ છે,...**' આટલા રાગને કારણે તે શુદ્ધ ઉપયોગમાં રમવું, આરોહણ કરવું એમાં અમસર્થ છે. કહો, સમજાય છે કાંઈ?

'**તે (શુભોપયોગી) જીવો...**' તે કષાયકણવાળા જીવો. સમજાય છે કાંઈ? '**કે જેઓ શુદ્ધોપયોગભૂમિકાના ઉપકંઠે રહેલા છે,...**' જુઓ! આના વાંધા. સમજ્યા? સુવિશુદ્ધદષ્ટિજ્ઞપ્તિ. આમાં તો છે નહિ. આત્મતત્ત્વપ્રવૃત્તિ. સંસ્કૃતમાં પણ એકડો નથી. સુવિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવ આત્મપરિણતિ એમાં પણ એકડો નથી. આમાં નથી. ત્યાં આવ્યું. જુઓ નીચે આવ્યું. 'અર્થ—ધર્મે પરિણમેલા સ્વરૂપવાળો આત્મા જો શુદ્ધ ઉપયોગમાં જોડાયેલો હોય તો મોક્ષના સુખને પામે છે અને જો શુભ ઉપયોગવાળો હોય...' એ પછી આવશે ટીકામાં. આ તો ઉપકંઠે હવે આવ્યું. ફેર છે, આડુંઅવળું છે. શું કહે છે? જે પ્રાણી સમ્યગ્દર્શન સહિત છે, સમ્યક્જ્ઞાન સહિત છે, ત્રણ કષાયના અભાવરૂપ ચારિત્રની પરિણતિ સહિત છે પણ એમાં જરી શુભરાગ છે તો એનાથી સ્વરૂપમાં આરોહણ કરવાની તાકાત ન રહી. દર્શનજ્ઞાન ત્રણ કષાયના અભાવરૂપ ચારિત્ર હોવા છતાં શુભરાગનો કણ આવ્યો તો એમાં સ્વરૂપમાં સ્થિરતાની શક્તિ નથી.

'**જેઓ શુદ્ધોપયોગભૂમિકાના ઉપકંઠે રહેલા છે,...**' શુદ્ધ ઉપયોગમાં જાવા પહેલાની દશામાં રહે છે. ઉપકંઠે એટલે તળેટી, તળેટી. પણ તળેટી (એટલે) તો અંદર ત્રણ કષાયની પરિણતિથી રહિત થયા છે. એ છે તો શુભરાગને તળેટીમાં રહ્યા છે એમ કહેવામાં આવે છે. આ તો કહે, જુઓ! શુભરાગ છે ઈ તો ઉપકંઠ છે, શુદ્ધને પામવામાં ઉપકંઠ છે. એવી વાત એક વાર આવી હતી, પંડિતો તરફથી. અહીં તો તળેટી, પાડોશ, સમીપનો ભાવ, નિકટતા. કોને નિકટતા? જેને આત્મજ્ઞાનની દૃષ્ટિ સમ્યક્ ચૈતન્ય હું શુદ્ધ છું, રાગ વિકલ્પ કષાયકણ પણ મારામાં નથી એવી પ્રતીતિ થઈ છે, એનું સ્વસંવેદનજ્ઞાન થયું, ત્રણ કષાયના અભાવની અકષાય પરિણતિ થઈ તેને શુભરાગ છે તે શુદ્ધઉપયોગની ઉપકંઠે—સમીપ છે, તળેટીમાં છે. એ તળેટી છોડીને જાશે તો અંદર શુદ્ધ ઉપયોગમાં આવશે. આ તળેટી નથી કહેતા? ડુંગરની તળેટી. આ ...નું મંદિર એ તળેટીમાં કહેવાય. ... મંદિર. ચડશે. તળેટી છોડીને ચડશે તો તળેટીને તળેટી પહેલા કહેવામાં આવી.

તળેટીમાં રહીને ઉપર ચડશે એમ નથી હોતું. નીચે છે ઈ. સમજાય છે કાંઈ?

જેઓ ઉપકંઠે રહેલા છે. આ પંડિતો તકરાર કરે. પણ અહીં શુદ્ધ ઉપયોગ ભૂમિકા કરવામાં શુભ ઉપોયગવાળાને ઉપકંઠે-નજીક કહ્યા છે તેને શુદ્ધ દર્શન, જ્ઞાન, ચારિત્ર તો છે. ત્યારે શુભ ઉપયોગમાં આવ્યા અને ખસીને તરત શુદ્ધ ઉપયોગમાં જવાના છે. તેનાથી ખસીને તરત જ શુદ્ધ ઉપયોગમાં જવાના છે. તેને અહીંયા ઉપકંઠે કહ્યું છે. જે રાગને ધર્મ માને છે અને રાગથી મારું કલ્યાણ થશે એ તો મિથ્યાદષ્ટિનો શુભરાગ સંસારના ઉપકંઠે છે. નિગોદના ઉપકંઠે છે. અશુભ આવશે એને. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :—...

ઉત્તર :— હા. સમ્યગ્દર્શન છે, રાગથી લાભ માનતો નથી, સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને ત્રણ કષાયનો અભાવ પણ છે, પણ શુભરાગ આવ્યો. હવે છોડીને અંદર જાવું છે ... તેને અહીંયા તળેટી કહેવામાં આવ્યું છે. પણ પહેલેથી શુભરાગથી લાભ માનનારા, એનાથી ધર્મ માનનારા તો તળેટીમાં ક્યાં એ તો હેઠે તળેટીમાં જાશે. સમજાય છે કાંઈ? વાત તો આવી છે ભાઈ! આ ઉપકંઠેનો અર્થ આવ્યો છે. જુઓ! કુંદકુંદાચાર્યે ઉપકંઠે કહ્યું છે, અમૃતચંદ્રાચાર્યે. એઈ..! એવું આવ્યું હતું પહેલું. આવ્યું હતું ક્યાંય? આવ્યું હતું. ઉપકંઠે કહ્યું છે. કોને?

મુમુક્ષુ :— જૂના પંડિત છે.

ઉત્તર :— જૂના પંડિત કોને કહેવા? સમજાણું કાંઈ?

ચૈતન્યસત્તા આનંદધામનું તો ભાન થઈ ગયું છે અને એની પ્રતીતિ પણ થઈ ગઈ છે. સ્થિરતા પણ ઘણી થઈ ગઈ છે, ત્રણ કષાયના અભાવ(સહીતની). અને બાહ્ય નગ્નદશા છે. એક વિકલ્પ અઠ્યાવીસ મૂળગુણનો આવ્યો. અંદર જવાની ભાવના છે તો એને અહીંયા ઉપકંઠે ગણવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? દષ્ટિ રાગથી લાભ માનવાવાળી છે, તને રાગથી ઉપકંઠે ક્યાંથી આવ્યું? સંસારના ઉપકંઠે છે. અલ્પ કાળમાં તને સંસાર આકરા નિગોદ આદિ થશે.

**'કષાયે જેમની શક્તિને કુંઠિત (—રૂંધી) છે...'** દેખો! આટલા કણથી આત્માની શક્તિ કુંઠિત—રોકાઈ ગઈ છે. અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ આવે છે, પંચ મહાવ્રતનો, (એણે) કુંઠિત કરી છે. **'અને જેઓ અત્યંત ઉત્કંઠિત (-આતુર) મનવાળા છે...'** અત્યંત ઉત્કંઠિત મનવાળા છે. ઉત્કંઠિત એટલે શુભરાગે ઉત્કંઠિત થયોને ઈ. અહીં ઉપકંઠ કહ્યું અને અહીં ઉત્કંઠિત કહ્યું. બહારમાં ઈચ્છા, ઉલ્લાસ છે. હું આમ ઉપદેશ દઉં, હું લખું એવો વિકલ્પ આવ્યોને? અત્યંત ઉત્કંઠિત મનવાળા છે **'તેઓ—શ્રમણ છે કે નથી,...'** પ્રભુ! તેને શ્રમણ આપ કહો છો કે નહિ? શુભરાગ આવ્યો અને ઉત્કંઠા છે રાગની, દષ્ટિ, જ્ઞાન, ચારિત્ર થયા છે તેને આપ સાધુ કહો છો કે નહિ? તેનો ઉત્તર આપશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૫, મંગળવાર, તા. ૧૮.૯.૧૯૬૨**
**ગાથા-૨૪૫,૨૪૬, પ્રવચન-૧૪**

પહેલા તો આવી ગયું. સાધુને પોતાનું સ્વરૂપ પરમ પવિત્ર શુદ્ધ પરમ સ્વભાવ આનંદની દૃષ્ટિથી અને એમાં સ્વસંવેદન કરીને તેમાં લીન થવું, ભેદ કાઢી નાખવા. છઠ્ઠા ગુણસ્થાનમાં જે વિકલ્પ ઉઠે છે તેને પણ છોડી સ્વરૂપમાં અભેદમાં એકાકાર એકાકાર થવું, નિશ્ચય સ્વભાવમાં આરૂઢ થઈ જવું તેને યથાર્થ મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ સાધુ. સંયત, એને સંયત કહે છે. સપ્તમ ગુણસ્થાન. પોતાના સ્વરૂપમાં, હું જ્ઞાતા છું, આ જ્ઞેય છે, આ જ્ઞાન છે-એવા ત્રિપુટીના ભેદ પણ છુટી જાય અને એકલો નિર્વિકલ્પ દૃષ્ટિ, નિર્વિકલ્પ જ્ઞાન અને નિર્વિકલ્પ સ્વરૂપમાં લીનતા થઈ જાય તેને મુખ્ય નિશ્ચય મોક્ષમાર્ગ, એકાગ્રતા શ્રમણને કહેવામાં આવી છે. બહુ કઠણ જગતને.

તો અહીંયા પૂછે છે કે જે સાધુને પોતાની શુદ્ધ પરિણતિ તો છે, સમ્યગ્દર્શન અનુભવ છે, પ્રતીત છે અને ત્રણ કષાયનો અભાવ થઈને ધર્મ પરિણિત નિર્વિકારી દશા પણ છે. પણ એને શુભરાગ આવ્યો પંચ મહાવ્રતનો, અઠ્યાવીસ મૂળગુણનો, પરમેષ્ઠીની ભક્તિનો અનુરાગ એ શુભઉપયોગી જીવ, એ શુભઉપયોગ ભૂમિકાની ઉપકંઠાની વાત કરે છે. સમજાય છે કાંઈ? નજીકમાં, ઉપકંઠે નામ તટસ્થ-કાંઠે રહ્યો છે. એ રાગ છોડીને નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગમાં આવવાનો છે. હજી આવ્યો નથી. પણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ત્રણ કષાયના અભાવના ચારિત્ર પરિણત છે. શોભાલાલજી! સમજાયું? શુભભાવ છે તેને છોડીને નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગમાં આવવાનો છે. એ અપેક્ષાથી તેને શુદ્ધ ઉપયોગથી ઉપકંઠે નામ નજીકમાં આવવાનો છે એમ કહ્યું છે. વર્તમાન શુદ્ધ ઉપયોગ નથી. શુભ છે, છઠ્ઠા ગુણસ્થાનનો શુભ ઉપયોગ છે.

તેને '**કષાયે જેમની શક્તિ કુંઠિત કરી (-રૂંધી) છે...**' દેખો! સમ્યક્ અનુભવ છે, દૃષ્ટિ છે, જ્ઞાન છે, ત્રણ કષાયનો અભાવ છે છતાં એ શુભરાગ પ્રમત્તનો આવ્યો, પંચ મહાવ્રતનો આવ્યો, એણે પોતાની શક્તિને કુંઠિત કરી છે, શુદ્ધ ઉપયોગથી રોકાઈ ગયો છે. શુભરાગ મુનિને આવે છે, હોં! કુંદકુંદઆચાર્ય આદિ સંતો ભાવલિંગી. આ લખતી વખતે પણ વિકલ્પ તો આવ્યો છે, શુભરાગ છે. તો કહે છે, પોતાની દશામાં પણ કહે છે, તે સમયે શુભરાગ આવ્યો, પોતાના શુદ્ધ ઉપયોગમાં જવાનું રોકાઈ ગયું છે. ઓ..હો..હો..! સમજાય છે કાંઈ? તો એ આત્મા અત્યંત ઉત્કંઠિત મનવાળા છે. પંચ પરમેષ્ઠીની ભક્તિ, પંચ મહાવ્રત આદિ શ્રવણ કરવું, એમાં અત્યંત ઉત્કંઠિત થઈ રહ્યો છે, વિકલ્પ પર બાજુમાં ઝુકી રહ્યો છે, શુભરાગ પર બાજુમાં ઝુકી રહ્યો છે. આહા..હા..!

'**તેઓ શ્રમણ છે કે નથી,...**' પ્રભુ! એ સાધુ છે કે નહિ? એમ શિષ્યનો પ્રશ્ન છે. પ્રભુ!

એ સાધુ છે કે નથી? '**તે અહીં કહેવામાં આવે છે :—**' તે અહીંયા કહેવામાં આવે છે. જુઓ! આ ગાથા.

'**धम्मेण परिणदप्पा अप्पा जदि सुद्धसंपओगजुदो। पावदि णिव्वाणसुहं सुहोवजुत्तो य सग्गसुहं।।**' '**એમ (૧૧મી ગાથામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે) પોતે જ નિરૂપણ કર્યું હોવાથી...**' ૧૧મી ગાથામાં ઈ આવી ગયું છે. '**धम्मेण परिणदप्पा**' નીચે છે, નીચે અર્થમાં. '**धम्मेण परिणदप्पा**' 'સ્વરૂપવાળો આત્મા...' શું કહે છે? જુઓ! આમાં ગડબડ બહુ છે. કેટલાક પંડિત કહે છે કે શુભઉપયોગ છે તે જ ધર્મ છે. સમજાય છે કાંઈ? પત્રમાં બહુ આવે છે. એક પંડિત લખે છે કે દેખો! શુભ ઉપયોગીને પણ ધર્મ પરિણત કહ્યું છે. એવા અર્થ લખે છે. એમ નથી કહ્યું. ધર્મ પરિણત તો નિજ શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન છે અને ત્રણ કષાયનો અભાવ છે તે ધર્મ પરિણત છે. શુભરાગ તે ધર્મ પરિણત નથી. સમજાય છે કાંઈ?

જેણે ચોપડા તપાસવા હોય, શાહુકારી રાખવી હોય તે ચોપડા તપાસે. દેવાળું કાઢવું હોય ઈ? જાઓ, મૂકી દ્યો ચોપડા. શું ... કોર્ટમાં. અમે તો પહોંચી શકતા નથી. એ તો ચોપડા નથી તપાસતો કે કેટલી મારામાં ખોટ છે, કેટલો મારામાં લાભ છે. અહીંયા કહે છે કે મુનિને જેટલો પોતાનો શુદ્ધ નિર્વિકલ્પ આત્માની પ્રતીત, જ્ઞાન અને જેટલી અકષાય રમણતા થઈ એટલી લાભદાયક છે. પણ વચ્ચે પંચ મહાવ્રતનો શુભરાગ આવ્યો, પંચ પરમેષ્ઠીની સ્તુતિ ભક્તિનો, એ પણ શુભરાગ છે, પુણ્યાસ્રવ છે. આવે છે, શેઠ! પણ એ પુણ્યાસ્રવ છે, ધર્મ નહિ. આહા..હા..! છઠ્ઠે ગુણસ્થાને મુનિને શુભરાગ આવ્યો એ પુણ્યાસ્રવ છે. હવે તો કહે છે, સમ્યગ્દૃષ્ટિના શુભરાગમાં થોડોક સંવર છે. થોડીક સંવર, નિર્જરા છે. ઈન્દ્રચંદજી! એમ કહે છે. એમને તો ઘણો અનુભવ છે. કેટલાક શુભરાગ તે પુણ્યાસ્રવ નથી માનતા. (એમ કહે છે કે) શુભરાગમાં કંઈક સંવર છે. શેઠ! પુણ્યાસ્રવ શું છે તે નથી સમજતા. સમજાય છે કાંઈ? શેઠ! પરીક્ષા કરવી પડશે. એમ ગડબડ નહિ ચાલે. અત્યારે સુધી ઘણી ગડબડ ચાલી. મેળવવું પડશે.

હું જ્ઞાયક ચૈતન્ય છું, જ્ઞાન છે, શુદ્ધ છે અને એમાં રહી શકાતું નથી તો રાગ આવે છે. રાગ મુનિને પણ આવે છે. કુંદકુંદાચાર્ય મહાન સંત છે, પ્રભુ તુલ્ય છે. ગણધર પછી જેમનું નામ 'કુંદકુંદાર્યો' (લેવામાં આવે છે). 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો'. ભગવાન પાસે ગયા, આઠ દિવસ રહ્યા. સાક્ષાત્ ભગવાનના ભેટા થયા. એ આવીને કહે છે કે અમને પણ ભગવાનની ભક્તિનો જે રાગ આવ્યો, એ છે તો પુણ્યાસ્રવ હોં! પુણ્યાસ્રવ છે કહે છે. એ પવિત્રતામાં બિલકુલ મદદ કરવાવાળો નથી. આહા..હા..! પણ આવે છે, અમારી ભૂમિકા ઓછી છે પુરુષાર્થમાં, અમે શુદ્ધ ઉપયોગમાં અંતરમાં રહી શકતા નથી એટલી અમારી નબળાઈ છે, અમારી અશક્તિ છે.

જે પરિણામ આવ્યા તો '**धम्मेण परिणदप्पा**' દેખો! નીચે અર્થ છે. 'ધર્મે પરિણમેલા સ્વરૂપવાળો આત્મા જો શુદ્ધ ઉપયોગમાં જોડાયેલો હોય...' દેખો! સ્વભાવમાં પરિણત તો છે.

શુદ્ધ ચૈતન્યનો અનુભવ, નિર્વિકલ્પ દૃષ્ટિ અને સ્થિરતા પણ છે. પણ 'જો શુદ્ધ ઉપયોગમાં જોડાયેલો હોય...' અંતરમાં લીન શુદ્ધ ઉપયોગમાં રમણતા હોય 'તો મોક્ષના સુખને પામે છે...' તો પરમાનંદ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. 'અને જો શુભ ઉપયોગવાળો હોય...' પણ ધર્મ પરિણત છે અને શુભ ઉપયોગવાળો છે. બે વાત છે. એકલો શુભ ઉપયોગ નહિ. આવા અર્થ કરે છે મોટા પંડિત લોકો પણ. જુઓ! શુભ ઉપયોગને પણ ધર્મ કહ્યો છે અને તેને પણ સાધુ કહ્યા છે. એમ નથી, પ્રભુ! એમ નથી. ધર્મ પરિણત તો છે. પોતાનું સ્વરૂપ નિર્વિકલ્પ અખંડાનંદ આત્મા રાગ અને વિકલ્પ, પંચ મહાવ્રતના વિકલ્પથી ભિન્ન મારી વસ્તુ છે એવી અંતર પ્રતીત, ભાન, જ્ઞાન, વેદન છે. અને ત્રણ કષાયના અભાવરૂપ ચારિત્રની પરિણતિ પણ અંદર છે, પણ એ શુદ્ધ ઉપયોગમાં રહી શકતો નથી તો એને શુભરાગ પંચ મહાવ્રતનો, એક વાર આહાર લેવો, નગ્નપણે રહેવું એવો વિકલ્પ ઉઠે છે. એ રાગ છે એ શુભ ઉપયોગવાળો હોય તો 'સ્વર્ગના સુખને (બંધને) પામે છે.' એમાં પુણ્યબંધ થશે, સ્વર્ગમાં જશે. મોક્ષમાં નહિ જાય. સમજાય છે કાંઈ?

ધર્મ પરિણત આત્માને શુભ રાગ આવી જાય તો પણ એના ફળમાં સ્વર્ગ મળશે. ધર્મ પરિણત નથી, મિથ્યાદૃષ્ટિ છે તેની તો વાત જ નથી કે એને શુભભાવ આવ્યો તો કંઈક લાભ થશે. એની તો અહીંયા વાત પણ નથી. ચૈતન્ય જ્ઞાતા દૃષ્ટા નિર્વિકલ્પ શુદ્ધ સ્વરૂપની પ્રતીત—દૃષ્ટિ, ભાન થયું અને સ્વરૂપની રમણતા પણ ત્રણ કષાયના અભાવથી ઘણી થઈ, પણ સ્વરૂપમાં ઉપયોગ લગાવીને સ્થિર થવાની લાયકાત નથી તો શુભરાગ પંચ પરમેષ્ઠીની ભક્તિ અને પંચ મહાવ્રતનો રાગ આવ્યો, તો કહે છે કે એમાં સ્વર્ગ સુખના પુણ્યનું બંધન થઈ જશે. એમાં પુણ્ય બંધાશે, એનાથી મોક્ષ થશે નહિ અને એનાથી સંવર, નિર્જરા પણ નહિ થાય. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નહિ, નહિ, નહિ. એ નિર્જરાનો હેતુ પાપભાવ નથી. એ તો દૃષ્ટિનું જોર બતાવવાની વાત કરી છે. ભોગ તો પાપભાવ છે. તે નિર્જરાનો હેતુ છે? પણ દૃષ્ટિ પડી છે શુદ્ધમાં એનું જોર દેવાની અધિકતા બતાવવામાં અશુભ પરિણામમાં જરી બંધ હતો એને નહિ ગણીને નિર્જરા છે એમ કહેવામાં, દૃષ્ટિના જોરને કારણે કહેવામાં આવ્યું છે. અશુભ પરિણામ નિર્જરાનું કારણ છે એમ ઘણા કહે છે. ઘણું લખાણ આવે છે. ઈસરીથી લખાણ આવે છે. સમજાય છે કાંઈ? જુઓ! ભાઈ! નામ નથી આપતા, અહીંયા ઉતરે છેને. તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિનો અશુભભાવ પણ નિર્જરાનો હેતુ છે. પત્રમાં આવ્યું હતું. પત્રમાં આવ્યું, હજી આવે છે. સમ્યગ્દૃષ્ટિનો અશુભભાવ પણ નિર્જરાનો હેતુ છે તો શુભભાવ નિર્જરાનો હેતુ કેમ ન હોય? હજી લખાણ કરે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નહિ, નહિ. વ્યવહારશ્રદ્ધાની ખબર નથી. સમજાય છે કાંઈ? આ કલકત્તાથી આવ્યા છે. ઈંદ્રચંદજી છે. ઘણા અભ્યાસી છે. બહુ નરમાશ છે. પહેલા બે વાર આવી ગયા હતા. કેટલી વાર? ત્રણ વાર? સમજાય છે કાંઈ?

તો કહે છે, એ શુભ ઉપયોગ જે છે તે મુનિને પણ સંવર, નિર્જરાનું કિંચિત્ કારણ નથી, થોડું પણ નથી. શુભ ઉપયોગમાં સર્વથા બંધ નથી એમ કેટલાક કહે છે. અહીંયા કહે છે કે શુભભાવથી સર્વથા બંધ જ છે. કથંચિત્ અબંધ છે અને કથંચિત્ બંધ છે, (એમ કરીને) અનેકાંત લગાવે છે. મુનિના શુભ પરિણામમાં કથંચિત્ નિર્જરા છે અને કથંચિત્ બંધ છે એમ લગાવે છે. પણ જેને પરીક્ષા કરવાની અને પોતાની શક્તિ શું છે તેની મેળવણી કરવાની તાકાત હોય તે મેળવણી કરે છે. તો કહે છે કે મુનિને પણ શુભરાગ આવ્યો તો '**શુભોપયોગને...**' ટીકામાં '**ધર્મની સાથે એકાર્થસમવાય છે;...**' દેખો! ધર્મ તો છે અંદરમાં, સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની પરિણતિ તો છે. દેખો! એકાર્થ છેને નીચે. 'એકાર્થસમવાય—એક પદાર્થમાં સાથે રહી શકવારૂપ સંબંધ. (આત્મપદાર્થમાં ધર્મ અને શુભોપયોગ સાથે હોઈ શકે છે તેથી શુભોપયોગને ધર્મની સાથે એકાર્થસમવાય છે.' નહિ કે શુભઉપયોગ પોતે નિજ ધર્મ છે. એમ નથી. છાપામાં બહુ આવે છે, એટલું આવે છે. શેઠિયાઓને ખબર નથી. બે-પાંચ હજાર રૂપિયા દઈ દે તો શેઠિયાને ધર્મ ધુરંધરનું બિરૂદ આપી દે. જાઓ! શોભાલાલજી! શેઠ! ખુશી થઈ જાય. પેલા પણ ખુશી થઈ જાય. પાંચ, પચાસ હજાર આપ્યા. ઈ પણ ખુશ થઈ જાય. અમે પણ ધર્મ કર્યો. ભગવાન! એ મંદ રાગ હોય એ બીજી વાત છે, ધર્મ બીજી વસ્તુ છે.

કહે છે કે મુનિને એકાર્થસમવાય કહ્યું. એકાર્થસમવાયનો અર્થ, ધર્મ-અંતર દૃષ્ટિ, અનુભવની સ્થિરતા પણ છે અને શુભરાગ પણ છે. શુભરાગ પોતે ધર્મ છે એમ નહિ. રતનલાલજી! સમજાય છે કાંઈ? ઘણી ગડબડી ચાલે છે. પરીક્ષા કરે તો એની ખબર પડે. પરીક્ષા ન કરે અને માથે જે કહે, જય નારાયણ! સારું છું, સારું છે, સારું છે. શું સારું છે? કહે છે કે ભગવાન આત્મા.. મુનિને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણ તો છે જ. છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય.. છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય, એ ધર્મની સાથે શુભ ઉપયોગનો એકાર્થસમવાય છે. ધર્મની સાથે શુભ ઉપયોગ રહી શકે છે, એમાં વિરોધ નથી. સાથે શુભ ઉપયોગ રહી શકે છે. એ ધર્મ નથી, પણ સાથે રહી શકે છે. સમજાય છે કાંઈ?

'**તેથી શુભોપયોગીઓ પણ,...**' જુઓ! આ વાંધા છે. '**શુભોપયોગીઓ પણ, તેમને ધર્મનો સદ્‌ભાવ હોવાને લીધે,...**' આમાંથી કાઢે છે. એ શુભભાવને ધર્મનો સદ્‌ભાવ નહિ. અંદરમાં જેટલી નિર્મળ પરિણતિ થઈ છે તેનો ધર્મનો સદ્‌ભાવ હોવા છતાં પણ, એમ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? મોટા મોટા પંડિત પણ આ પાઠમાંથી એવા અર્થ કાઢે છે. દેખો! શુભોપયોગીઓને પણ ધર્મનો સદ્‌ભાવ હોવાને લીધે. પણ શુભોપયોગીને ધર્મનો સદ્‌ભાવ શુભ ઉપયોગમાં છે કે અંદર શુદ્ધની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા તે ધર્મ છે? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પુણ્યબંધ થશે. પણ શુભ ઉપયોગને કાળે પણ ધર્મીને અંદર ધર્મ પરિણતિ છે, ધર્મ પરિણતિ તો છે. પણ પૂર્ણ શુદ્ધતા નથી. ધર્મ પરિણતિ ન હોય તો શુભોપયોગીને વ્યવહાર સાધુ

પણ કહેવામાં નથી આવતો.

મુમુક્ષુ :— ... તો સાધુ કહે છે.

ઉત્તર :— શુદ્ધ ઉપયોગીને તો સાધુ કહે જ છે, પણ શુદ્ધોપયોગ પહેલા (નહિ), અહીં તો ઈ વાત ચાલે છે. શુદ્ધ ઉપયોગ પહેલા પણ શુભ ઉપયોગની સાથે અંદર શુદ્ધ પરિણતિ ધર્મની છે છઠ્ઠે ગુણસ્થાને. પકડાતું નથી. ત્રણ કષાયનો અભાવ તો છે. એ ધર્મ પરિણતિ છે છઠ્ઠા ગુણસ્થાને. પણ સાથે શુભ ઉપયોગનો સમવાય છે—સંબંધ છે. તો જેટલી ધર્મ પરિણતિ છે એટલા સંવર, નિર્જરા છે અને જેટલો શુભરાગ આવ્યો તે પુણ્યાસ્રવ છે, તે વ્યવહાર-સાધુ છે. વ્યવહાર-સાધુનો અર્થ કે શુદ્ધ ઉપયોગમાં રહેવાવાળા છે તે નિશ્ચય-સાધુ છે અને પોતાના શ્રદ્ધા, જ્ઞાન, રમણતારૂપ શુદ્ધતા છે પણ શુદ્ધ ઉપયોગમાં રમણતા નથી. તેથી શુભોપયોગી પણ સાધુ કહેવામાં આવ્યા છે. ધર્મ પરિણતિ છે તે કારણે. શુભ ઉપયોગ તો છે પણ તેની સાથે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ત્રણ કષાયના અભાવની પરિણતિ ધર્મની છે. તેથી પેલા શુભોપયોગીને વ્યવહાર-સાધુ કહેવામાં આવ્યા. અંદર ધર્મ પરિણતિ ન હોય અને શુભ ઉપયોગ હોય તો મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :— વ્યવહાર-સાધુ પણ નહિ?

ઉત્તર :— વ્યવહાર-સાધુ કેવા?

મુમુક્ષુ :— દર્શન, જ્ઞાન તો છે...

ઉત્તર :— ચારિત્ર પણ છે. ચારિત્રમાં ત્રણ કષાયનો અભાવ તો છે, પણ શુદ્ધ ઉપયોગની થોડી ખામી છે તે કારણે રાગ કષાયકણના શુભ પરિણામ આવે છે. તો તે ધર્મ પરિણત જીવ છે તે જો શુદ્ધ ઉપયોગમાં જામી જાય તો મોક્ષ છે, પણ ધર્મ પરિણત છે તેને શુભ ઉપયોગ આવી જાય તે બંધનું કારણ છે. શુભ ઉપયોગ (બંધનું કારણ છે). સમજાય છે કાંઈ? ભારે ભાઈ ઝીણું. શુભ ઉપયોગ આવ્યો એટલે ધર્મ પરિણતિ નથી એમ નહિ. એ શુભ ઉપયોગ ધર્મ પરિણત નહિ. પણ એની સાથે, જ્ઞાયક ચૈતન્ય ભગવાન પોતાનું સ્વરૂપ નિજ કારણપરમાત્માની અંતર દૃષ્ટિ-નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થયું છે, સમ્યક્જ્ઞાન પણ થયું અને ત્રણ કષાયના અભાવની ચારિત્રદશા તો છે, નહિતર તો શુભોપયોગીને વ્યવહાર-સાધુ પણ કહેવામાં આવતા નથી. સમજાયું કે નહિ? સેઠી! ભારે ગડબડ.

**'તેમને ધર્મનો સદ્ભાવ હોવાને લીધે, શ્રમણ છે.'** શુભોપયોગી પણ સાધુ તો છે. કેમ? શુભ ઉપયોગને કારણે નહિ. અંતરમાં નિર્વિકલ્પ નિર્દોષ ધર્મની પરિણતિ પ્રગટ થઈ છે અને શુભ ઉપયોગ છે તો વ્યવહાર સાધુ ગણવામાં આવ્યા છે અને ધર્મ પરિણતિ સહિત શુદ્ધોપયોગમાં જામી જાય તે નિશ્ચય સાધુ છે, તે બરાબર સાધુ છે. સમજાય છે કાંઈ? **'પરંતુ તેઓ શુદ્ધોપયોગીઓની સાથે સમાન કોટિના (સરખી હદના) નથી,... '** જેમ ધર્મ પરિણત પોતાની દૃષ્ટિ, જ્ઞાન, રમણતાવાળા શુદ્ધ ઉપયોગમાં જામી જાય અને આ ધર્મ પરિણતવાળા શુભ ઉપયોગમાં છે તો શુદ્ધ ઉપયોગીની કોટિમાં ગણવામાં નથી આવ્યા. એની સાથે ગણવામાં નથી

આવ્યા, એની હારમાં ગણવામાં નથી આવ્યા, એની સંખ્યામાં વર્ગમાં ગણવામાં નથી આવ્યા. એ કોટિ નામ વર્ગમાં ગણવામાં નથી આવ્યા. સમજાય છે કાંઈ? સપ્તમ ગુણસ્થાનના શુદ્ધ ઉપયોગીનો જે વર્ગ છે, કોટિ છે એવો ધર્મ પરિણત આત્મા તો છે, પણ શુભરાગ આવ્યો છે પંચ મહાવ્રતનો, તો શુદ્ધ ઉપયોગીના કોટિના વર્ગમાં એને ગણવામાં નથી આવતા. સમજાય છે કાંઈ? હવે અહીં તો હજી સાધુપદ કોને કહેવા એની ખબર નથી અને લૂગડાં ફેરવે એટલે થઈ ગયા સાધુ. હજી સમ્યગ્દર્શન કોને કહે છે તેની ખબર નથી. દેવ-ગુરુ-શાસ્ત્રને માની લ્યો, નવ તત્ત્વને માની લ્યો એ સમ્યગ્દર્શન. શું સમ્યગ્દર્શન તને ખબર નથી, સમ્યગ્દર્શન કોને કહે છે. અને સમ્યગ્દર્શન વિના બહારના વ્રત ને નિયમ, કર્મકાંડ કરી લે, મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે. ધર્મ ક્યાંથી આવ્યો એમાં?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઉપયોગ દ્વૈત નહિ, ઉપયોગ તો શુભ છે, પરિણતિ શુદ્ધ છે. ત્રણ કષાયના અભાવની પરિણતિ—પર્યાય શુદ્ધ છે, ઉપયોગ શુદ્ધ નથી. ઉપયોગ શુદ્ધ (નથી) તો, એમાંથી ખસીને શુભ ઉપયોગ (આવ્યો છે), પરિણતિ શુદ્ધ છે. જેટલી નિર્મળતા થઈ તેટલી પરિણતિ શુદ્ધ છે. આહા..હા..! કહો, આ સેઠી જૂના માણસ છે. હજી એનેય ખબર નથી.

મુમુક્ષુ :— ખબર કરવા તો આવ્યા છીએ.

ઉત્તર :— આવ્યા છો? કહો, સમજાય છે કાંઈ? જયપુરના જૂના છે. એને માટે તો અહીંયા આવ્યા છે. અહીંયા મકાન બનાવ્યું છે. કહો, સમજાય છે કાંઈ? શું કહે છે?

આ સમજવાની વસ્તુ છે. ધર્મ-આત્માના જ્ઞાન, સમ્યગ્દર્શન તો છે. સમ્યગ્દર્શન જો ન હોય અને શુભ ઉપયોગ હોય તો તો મિથ્યાદૃષ્ટિ છે. સાધુ બાહ્ય દ્રવ્યલિંગી ધારણ કર્યું હોય, અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય, અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય, પણ એ રાગ મારા ધર્મનું કારણ છે એવી માન્યતા છે તો મિથ્યાદૃષ્ટિ છે. એનો શુભ ઉપયોગ આત્માને કંઈ પણ લાભદાયક નથી. અહીંયા તો સમ્યગ્દૃષ્ટિનો, મુનિનો શુભ ઉપયોગ તે પણ લાભદાયક નથી એમ બતાવે છે. આહા..! સમજાય છે કાંઈ? આ તો કહે, સમ્યગ્દૃષ્ટિનો ભોગ નિર્જરાનો હેતુ છે. અરે..! ભગવાન! અશુભરાગ નિર્જરાનો હેતુ હોય તો અશુભરાગ છોડીને કદી શુભરાગ કરવાનો અવસર નહિ રહે. અને ભોગ ભોગવતા ભોગવતા નિર્જરા અને કેવળજ્ઞાન થઈ જાય. કમલચંદજી! આમ લગાવીને (એમ કહે છે કે) સમ્યગ્દૃષ્ટિના શુભભાવમાં કથંચિત્ સંવર, નિર્જરા છે. અનેકાંત કરો. થોડો સંવર, નિર્જરા, થોડો બંધ છે. એ અનેકાંત નહિ, એકાંત થયું. શુભ પરિણામમાં તો એકાંત બંધ છે અને અંદર જેટલી શુદ્ધ પરિણતિ થઈ છે તેનાથી સંવર, નિર્જરા છે. સંવર, નિર્જરામાં બંધ નહિ અને બંધમાં સંવર, નિર્જરા નહિ, તેનું નામ અનેકાંત કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? નહિ કે શુભ પરિણામ તે કથંચિત્ બંધ અને કથંચિત્ સંવર છે તો અનેકાંત છે. એમ અત્યારે ઘણા લગાવે છે. શું કરે? કોઈનો આત્મા કોઈનો સ્વામી છે? એની પરિણતિમાં જેમ ગોઠે તેમ માને. વસ્તુસ્થિતિ તો જેમ છે તેમ રહેશે. એની માન્યતાથી કંઈ પલટી જશે, બદલી જશે એમ છે નહિ. કહો, સમજાય

છે કાંઈ?

**'શુદ્ધોપયોગીઓએ સમસ્ત કષાયો નિરસ્ત કર્યા હોવાથી...'** દેખો! શુદ્ધોપયોગી મુનિ પોતાના સ્વરૂપમાં લીન થયા, પંચ મહાવ્રતના રાગને પણ નિરસ્ત કર્યો. પંચ મહાવ્રતનો રાગ પણ છોડી દીધો. આ કારણે **'તેઓ નિરાસ્રવ જ છે...'** મુનિ શુદ્ધોપયોગમાં રમે છે સપ્તમ ગુણસ્થાને તે તો નિરાસ્રવ જ છે. તેને અહીંયા નિરાસ્રવ કહેવામાં આવ્યું છે. થોડો અબુદ્ધિપૂર્વકનો આસ્રવ છે, પણ એ તો દ્રવ્યસ્વભાવમાં જામી ગયા છે તો તે અપેક્ષાથી તેમને નિરાસ્રવ કહેવામાં આવ્યા છે. છઠ્ઠા ગુણસ્થાનની અપેક્ષાથી નિરાસ્રવ કહેવામાં આવ્યા છે. સમજાય છે કાંઈ?

**'અને આ શુભોપયોગીઓને તો કષાટકણ અવિનષ્ટ હોવાથી... '** જુઓ! મુનિ છે. સાચા મુનિ ભાવલિંગી છે. સમ્યગ્દર્શન છે, સમ્યક્‌જ્ઞાન છે, ચારિત્ર છે, બાહ્યમાં નગ્નદશા છે, પણ અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ આવ્યો છે તે શુભઉપયોગ કષાયકણ છે, કષાયનો કણ છે. એ સંવરનો કણ નથી. સમજાય છે કાંઈ? એટલો કષાયનો-રાગનો, લોભનો કણ છે. વિનષ્ટ નહિ થયો હોવાથી. એ કષાયનો નાશ નથી થયો તેથી સાસ્રવી છે, આસ્રવવાન છે, તેને બંધ થાય છે. ઓહો..! કથન! એક કોર સમયસારમાં કહે કે સમ્યગ્દષ્ટિને બંધ નથી, અબંધ છે. એ દૃષ્ટિની પ્રધાનતાથી કથન છે. અહીંયા ચારિત્રની પ્રધાનતાથી કથન છે. તો કહે છે કે મુનિને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે, પણ પંચ મહાવ્રતનો રાગ આવ્યો, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યનો રાગ-વિકલ્પ ઉઠ્યો તે કષાયકણ છે. વિનષ્ટ નથી થયો તેથી આસ્રવ છે. તેને કારણે જરી બંધ થાય છે. મુનિ પણ આસ્રવ, બંધ થાય છે. આહા..! છેને? **'તેઓ આસ્રવ જ છે.'** સઆસ્રવ, સાસ્રવ, આસ્રવ સહિત જ છે. એમ શબ્દ પડ્યો છે. સાસ્રવ છે, સ-આસ્રવ જ છે. ઓહો..હો..!

સમયસાર કહે કે સમ્યગ્દર્શન થયું, અબંધ પરિણામ પ્રગટ થયા, અભ્યંતરથી મુક્ત જ છે. એ પરમાર્થ સ્વભાવ, દ્રવ્યસ્વભાવ મુક્ત છે તેની દૃષ્ટિ થઈ તો પર્યાયમાં પણ મુક્ત છે એમ કહી દીધું. પણ પર્યાયમાં સર્વથા મુક્ત હોય તો અવિરત સમ્યગ્દર્શન રહે છે ક્યાં? અહીંયા પણ છઠ્ઠા ગુણસ્થાનમાં પણ આટલો રાગ આવ્યો, ભગવાનની ભક્તિ, જાત્રા, પૂજા, પંચ મહાવ્રત, અહિંસા, સત્ય, દત્ત, શાસ્ત્ર લખવાનો રાગ આવ્યો એ પણ આસ્રવ છે. કહે છે કે જિનવાણીની ભક્તિ કરે છેને લખવામાં? જિનવાણીની ભક્તિ છેને. પણ ભક્તિ છે રાગ. જિનવાણીની ભક્તિ પણ રાગ. આહા..હા..! સમજાય છે કાંઈ? પરમેશ્વર સર્વજ્ઞની વાણી છે, ત્રિલોકનાથની દિવ્યધ્વનિ એની રચના આગમ છે એ આગમની ભક્તિ, સ્તુતિ પણ રાગ છે, પુણ્ય છે. મુનિને આવે છે, પણ છે આસ્રવ. નવો બંધ થાય છે.

**'અને આમ હોવાથી જ...'** એમ. **'અને આમ હોવાથી જ શુદ્ધોપયોગીઓની સાથે આમને (શુભોપયોગીઓને) ભેગા લેવામાં (-વર્ણવવામાં) આવતા નથી,... '** સાથે લીધા નથી. સ્વરૂપમાં લીન થનાર ભગવાન આત્માની સાથે છઠ્ઠે ગુણસ્થાનવાળા મુનિને પરિણતિ શુદ્ધ હોવા છતાં પણ શુભરાગ આવ્યો છે તો સાતમી ભૂમિકાની સાથે ગણવામાં આવ્યા નથી, ભેગા

નથી કર્યા, એક વર્ગમાં નથી ગણ્યા. એનો વર્ગ જ જુદો છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? '**(-વર્ણવવામાં) આવતા નથી,...**' એ શુદ્ધ ઉપયોગીની સાથે શુભોપયોગીને સાથે ગણવામાં નથી આવ્યા. '**માત્ર પાછળથી (ગૌણ તરીકે) જ લેવામાં આવે છે.**' દેખો! નિશ્ચયથી તો શુદ્ધોપયોગમાં રમવાવાળા જ સાધુ છે, પણ પોતાની ધર્મ પરિણતિ પ્રગટ થઈ છે, ચારિત્ર પ્રગટ થયું છે, નગ્ન દિગંબર છે, અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ આવ્યો તો એ શુદ્ધોપયોગીની સાથે પાછળ પાછળ સાધુ ગણવામાં આવ્યા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એકલો શુભ નહિ, હોં! એ ધર્મ પરિણત છે એ (શુભોપયોગીને) અંદર અનુભવ દૃષ્ટિ પરિણતિ તો નિર્મળ નિર્વિકારી થઈ છે પણ ઉપયોગ શુદ્ધ નથી. ઉપયોગ શુદ્ધ નથી તો ઉપયોગ શુભ છે, આસ્રવભાવ પંચ મહાવ્રતનો (છે). તો શુદ્ધ ઉપયોગીની પાછળ પાછળ ગણવામાં આવ્યા છે. સાથે ગણવામાં આવ્યા નથી. સમજાય છે કાંઈ? સાતમી ચોપડીની સાથે ગણવામાં આવ્યા નથી. પાછળ છઠ્ઠી ચોપડીમાં ગણવામાં આવ્યા છે. સાત-છ થયુંને આ? સમજાય છે કાંઈ? સાતમી ચોપડીના વર્ગમાં છઠ્ઠા વર્ગવાળાને ગણવામાં આવ્યા નથી. પણ સાતમી થવાની છે અને વર્તમાનમાં છઠ્ઠી ભૂમિકામાં છે અને શુભરાગ છે, તો એ સાતમીની ભૂમિકાની અપેક્ષાએ પાછળ પાછળ ગણવામાં આવ્યા છે. પછવાડે—પાછળ. અમે સાથે તો ગણતા નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? મોતીલાલજી!

'**માત્ર પાછળથી (ગૌણ તરીકે) જ લેવામાં આવે છે.**' પાછળથી ગૌણરૂપે. ગૌણરૂપ કહો કે વ્યવહાર કહો. મુખ્યરૂપ કહો કે નિશ્ચય કહો. મુખ્ય તે નિશ્ચય, ગૌણ તે વ્યવહાર. મુખ્યપણે તો સાધુ શુદ્ધ ઉપયોગી છે. આત્માના આનંદમાં જામી ગયા હોય, જંગલમાં વનમાં વસતા સ્વરૂપમાં લીન થઈ ગયા. શાસ્ત્ર લખવાનો પણ વિકલ્પ નહિ. તે મુખ્ય સાધુ. અને શાસ્ત્ર લખવાનો વિકલ્પ આવ્યો અને ધર્મ પરિણતિ હોય અંદરમાં, શુદ્ધ પરિણતિ હોય તો મુખ્ય સાધુની પાછળ ગૌણ વ્યવહાર ગણવામાં આવે છે. સમજાય છે કાંઈ?

અહીંયા તો ઠેકાણા કંઈ નહિ, શ્રદ્ધાના ઠેકાણા નહિ, જ્ઞાનના ઠેકાણા નહિ. નિમિત્તથી અમારામાં થાય છે અને નિમિત્તથી અમે પરમાં કાર્ય કરીએ છીએ. એવી જડ ચૈતન્યની એકતાબુદ્ધિ તો પડી છે. શરીરનું કામ હું કરું છું અને અમારા કામમાં ઈન્દ્રિય મદદ કરે છે, અમારા જ્ઞાનમાં, જ્ઞાનની પર્યાયમાં. સમજાય છે કાંઈ? એવી બે દ્રવ્યની (એકતાબુદ્ધિ) તો પડી છે અને કહે કે અમે સાધુ છીએ. મિથ્યાદૃષ્ટિ છે ત્યાં સાધુપણું ક્યાંથી આવ્યું? વાત કડક બહુ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, એની વાત ચાલે છેને આ. સાતમાવાળાને નહિ. આ છઠ્ઠાવાળાને શુદ્ધ પરિણતિ છે, શુભ ઉપયોગ છે. આ એની વાત ચાલે છેને. સાતમાવાળાને એકલો શુદ્ધ ઉપયોગ છે. ઉપયોગ છે, એમાં રાગ નથી. (શુદ્ધ સહિત) શુભ ઉપયોગ કહો કે શુદ્ધ પરિણતિ કહો. અહીં છઠ્ઠે ઓછી શુદ્ધ પરિણતિ છે. સાતમે વિશેષ શુદ્ધ પરિણતિનો ઉપયોગ છે. સમજાય છે કાંઈ?

હવે પરિણતિ શું અને ઉપયોગ શું? ભારે વાત ભાઈ! ઉપયોગ રાગમાં હોય છતાં અંદરમાં

સ્વભાવના આશ્રયે દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર તો છે. એનું નામ શુદ્ધ પરિણતિ કહે છે. એટલો તો સંવર અને નિર્જરા ધર્મ છે. પણ સાથે પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠ્યો તે શુદ્ધ પરિણતિ ધર્મની નિર્વિકારી દશાની ભૂમિકાની સાથે. શુભરાગ તે આસ્રવ છે. અને સપ્તમ થઈ ગયું ત્યાં શુદ્ધ પરિણતિ અને શુભરાગ બેય ન રહ્યા, એકલા શુદ્ધ ઉપયોગની પરિણતિ થઈ ગઈ. સમજાય છે કાંઈ? કદી પણ મુનિપણું કોને કહેવાય (એ સમજ્યો નથી). સાત તત્ત્વમાં તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્. તો તત્ત્વાર્થશ્રદ્ધાનમાં સંવર, નિર્જરા ઉગ્રપણે હોય તે મુનિપણું. તો હજી મુનિપણાની સંવર, નિર્જરા દશા કેવી છે તેની ખબર નહિ અને કહે કે અમારે તત્ત્વાર્થશ્રદ્ધાન થઈ ગયું. સમજાય છે કાંઈ? એ તત્ત્વાર્થશ્રદ્ધાનમાં મુનિપણાની શ્રદ્ધા આવી જાય છે, મોક્ષ નામ દેવની શ્રદ્ધા આવી જાય છે, આત્માની શ્રદ્ધા આવી જાય છે. એમાં બધાની શ્રદ્ધાની આવી જાય છે. સમજાય છે કાંઈ?

તો કહે છે, ભગવાન આત્મા પોતાનું સ્વરૂપ શુદ્ધમાં રમતો હોય, શુભ ઉપયોગ નથી, પંચ મહાવ્રતના વિકલ્પનો અભાવ થઈ ગયો. અને મુનિ શાસ્ત્ર લખે છેને? લખવામાં ક્રિયા તો જડની છે પણ વિકલ્પ આવ્યો છેને, તો શુદ્ધ પરિણતિ તો પાછળ છે. શુદ્ધ પરિણતિ ન હોય તો તો મિથ્યાદૃષ્ટિ છે. પણ એ શુદ્ધ પરિણતિ નિર્મળ હોવા છતાં ઉપયોગમાં જામી નથી ગયો. એ શુભરાગ આવ્યો છે. તો જેની પરિણતિ શુદ્ધ છે અને ઉપયોગ જામી ગયો તેને સાધુમાં મુખ્ય ગણવામાં આવ્યા. અને આ સાધુને વ્યવહાર ગણવામાં, પાછળ પાછળ ગણવામાં આવ્યા (છે). શુદ્ધ પરિણતિ હોવા છતાં શુભ ઉપયોગમાં છે, શુદ્ધ ઉપયોગ નથી (તો) વ્યવહાર (સાધુ) ગણવામાં આવ્યા. ઓહો..હો..!

એ વ્યવહાર દર્શન, જ્ઞાન, ચારિત્ર બીજી વસ્તુ છે. મુનિને છઠ્ઠા ગુણસ્થાનમાં નિશ્ચય શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર છે તે બીજી વસ્તુ છે અને તેનો વ્યવહાર—શ્રદ્ધા વ્યવહાર, જ્ઞાન વ્યવહાર, ચારિત્ર વ્યવહાર વિકલ્પ એ બીજી વસ્તુ છે. અહીંયા બીજી રીતે કથન છે. નિશ્ચયપૂર્વક જે રાગ છે તેને વ્યવહાર કહ્યો, પણ અહીંયા તો ધર્મની પરિણતિ સહિત જે શુભરાગ છે તેને વ્યવહાર-સાધુ ગણવામાં આવ્યા છે. અને ધર્મ પરિણતિ સહિત શુદ્ધ ઉપયોગમાં લીન થઈ જાય (તેને) નિશ્ચય-સાધુ ગણવામાં આવ્યા છે. સમજાય છે કાંઈ? આહા..હા..! લોકોને પરીક્ષા નહિ, અભ્યાસ નહિને જ્યાં ત્યાં માથા ફોડે. જય નારાયણ! જય મહારાજ! ... વંદામિ. લ્યો! શોભાલાલજી! અમારા કરતા તો સારા છેને એમ કહે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આવે ત્યારે એ વ્યવહાર-સાધુ થઈ જાય. શુભ ઉપયોગ છેને. ઈ તો વાત ચાલે છે. છઠ્ઠામાં આવી જાય, સાતમે અંતર્મુહૂર્તથી વધારે રહેતા નથી. છઠ્ઠે આવી જાય છે ભાવલિંગી, કુંદકુંદાચાર્ય જેવા મહાપ્રભુ, એમને પણ આ લખતી વખતે, આ ગાથા લખે છે ત્યારે વિકલ્પ છે. છઠ્ઠું ગુણસ્થાન છે. અમૃતચંદ્રાચાર્ય ભાવલિંગી સંત છે, દેખો! છઠ્ઠે સાતમે આ ટીકાકાર ઝુલે છે. એ વિકલ્પ છે, તો કહે છે કે અમને પણ એ શુદ્ધ ઉપયોગની રમણતાની પરિણતિની પાછળ

ગણવામાં આવ્યા છે. અમે શુદ્ધ ઉપયોગમાં જઈએ છીએ ત્યારે અમને મુખ્ય ગણવામાં આવ્યા છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન અને ચારિત્ર હોવા છતાં એટલા પણ કષાયકણમાં કેમ રોકાઈ ગયા? એ ચારિત્રમાં એટલો બાધ છે, વિઘ્ન છે, ઝેર છે. એ પંચ મહાવ્રતના પરિણામ, શાસ્ત્ર લખવાના પરિણામ ઝેર છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બસ, હજારો વાર આવે છે, જાય છે. હજારો વાર મુનિ આવે છે, જાય છે તો એને મુનિપણું કહે છે. હજારો વારમાં એમની નિદ્રા પણ કહીને. અડતાલીસ મિનિટની અંદર જ નિદ્રા આવે છે. વિશેષ નિદ્રા ન આવે. વિશેષ નિદ્રા આવી જાય તો ગુણસ્થાન રહે નહિ. હજી મુનિપણું કોને કહે છે એની ખબર નથી. નગ્ન થઈ ગયા (એટલે સાધુ થઈ ગયા). પોતાની શક્તિ નથી એમ દેખે છે, તો આપણા કરતા તો સારા છે. શું સારા છે? છાશ હોયને છાશ? મોળી મોળી છાશ કહે છે અમારે. પાંચ મણ દૂધ બગડેલું હોય તો રોટલીમાં ન ચાલે. બગડેલું દૂધ મોળી છાશમાંથી જાય. એનો અર્થ શું? સમ્યગ્દર્શન સહિત ધર્મી હોય પણ મિથ્યાદૃષ્ટિ રાગમાં ધર્મ માનવાવાળો નગ્ન મુનિ હોય તો એ બગડેલું દૂધ છે. અને સમ્યગ્દૃષ્ટિ છે, ભલે મુનિપણું ન હો, પણ એ મીઠી છાશ છે. છાશ સમજો છો? મઠ્ઠા. રોટલીમાં ખાવા લાયક હોય. પેટ ભરાઈ જાય. બગડેલું દૂધ... દૂધ બગડી જાય છેને? ફાટી જાય, ફાટી જાય. એ કામ ન આવે. ખાય તો ઉલ્ટી થઈ જાય. અમારા કરતા સારા છે એમ નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નીચે શ્રેણી જ નથીને. શ્રેણી તો સાતમે, છઠ્ઠાવાળાને શ્રેણી કહે છે. એને તો શ્રેણી ક્યાં છે? હું પરની દયા પાળી શકું છું, પરને મારી શકું છું, મંદિર બનાવી શકું છું, હું વાણી કરી શકું છું, શાસ્ત્ર લખી શકું છું એવી જેની માન્યતા છે તે તો મિથ્યાદૃષ્ટિ છે. ભારે કઠણ વાત.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— જપ, તપ છેને. મૂઢ છે મૂઢ. મૂર્ખાઈ ભરેલા તપ અને મૂર્ખાઈ ભરેલા વ્રત. સમયસારમાં કુંદકુંદાચાર્ય મહારાજે કહ્યું છે, બાળવ્રત, બાળતપ. અજ્ઞાનતપ અને અજ્ઞાનવ્રત. એમાં પુણ્યબંધ થશે મિથ્યાત્વ સહિત. મિથ્યાદૃષ્ટિનું મોટું પાપ એમાં લાગી રહ્યું છે. પુણ્યથી કોઈ સંયોગમાં ફેરફાર થાય અઘાતિમાં, એમાં શું થયું? પોતાની પર્યાયમાં રાગથી ધર્મ, દેહની ક્રિયા હું કરી શકું છું, હું પરનું કલ્યાણ કરી શકું છું એ માન્યતા પણ મિથ્યાત્વ છે. શું પરનું કરી શકે છે? સમજાય છે કાંઈ? આહા..!

તો કહે છે કે શાસ્ત્ર લખવામાં તો આવ્યું, તાડપત્રમાં એ ટીકા રચાઈ ગઈ છે. રચાઈ ગઈ છે એટલે બની છે પરમાણુની પર્યાયથી. એમાં વિકલ્પ આવ્યો કે હું આવું પ્રવચન(સાર) પ્રભાવના માટે (રચું). કહે છે, ભાઈ! એ શુભરાગ છે હોં! અમને પણ એટલો પુણ્યાસ્રવ છે. અમારી ધર્મ પરિણતિ અમારી સાથે છે. શુદ્ધ જેટલી નિર્મળ દશા છે તે અમારો ધર્મ છે. પણ અમે શુભ

ઉપયોગમાં આવ્યા તેટલો અમારે પણ બંધ તો છે. એ છોડીને શુદ્ધ ઉપયોગમાં અમે આવીએ છીએ ત્યારે અમને ખબર નથી કે અમે શું છીએ? આનંદમાં અનુભવ કરીએ છીએ કે નહિ તેની પણ ખબર નથી. તેને અમે મુખ્ય સાધુ જૈનશાસનમાં ગણવામાં આવ્યા છે. એમ કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય કહે છે. સમજાય છે કાંઈ?

એમાં સમજાયું કે નહિ? ન સમજાય તો રાત્રે પ્રશ્ન કરવા. શોભાલાલજી! બે ભાઈઓ (બેસીને) ચોપડાના નામા કરો છો એના કરતાં આ સારી વાત છે. નામું લખે છે કે નહિ રાત્રે? લખે છે. એક વાર કહેતા હતા, રાત્રે ઉઠીને ગુપ્ત ગુપ્ત નામું લખે, પૈસાની કોઈને ખબર ન પડે, સ્ત્રીને, છોકરાઓને. ત્રણ વાગે ઉઠીને ખાનગી ખાનગી લખી લે. છોકરાને ખબર ન પડે કે કેટલી મુડી છે. કરોડ પડી છે કે કેટલા છે. ત્રણે ભાઈઓ ચોપડામાં લખતા હતા. બૈરાને ખબર ન હોય કેટલી પુંજી છે. ખબર ન પડવા દ્યે. પુત્રને ખબર પડવા ન દ્યે કે આપણી પાસે પચાસ લાખ, સાંઈઠ લાખ, સિત્તેર લાખ, એંસી લાખ છે કે નહિ. ખાનગી ગુપ્ત ગુપ્ત ભાઈ લખે. એવી વાત નથી અહીંયા. અહીંયા તો પ્રગટરૂપ અંદર આત્મા શું, દ્રવ્ય શું, શક્તિ શું, સમ્યક્ શું, પ્રતીત શું એના પ્રશ્ન-ઉત્તર કરવાથી એને નિર્મળ દૃષ્ટિ થવામાં કારણ છે. સમજાય છે કાંઈ?

‘‘**ભાવાર્થ :— પરમાગમમાં એમ કહ્યું છે...**’ જુઓ! પરમ આગમ વીતરાગની વાણી. ‘**શુદ્ધોપયોગીઓ શ્રમણ છે અને શુભોપયોગીઓ પણ ગૌણપણે શ્રમણ છે.**’ ગૌણપણે. પણ એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે તે કારણે. એકલા શુભ ઉપયોગને કારણે નહિ. જુઓ, દૃષ્ટાંત આપ્યો છે, જયસેનાચાર્યમાંથી. ‘**જેમ નિશ્ચયથી શુદ્ધબુદ્ધ-એકસ્વભાવી સિદ્ધ જીવો જ જીવ કહેવાય છે...**’ દેખો! એ સિદ્ધ ભગવાનને જ ભગવાને જીવ કહ્યા. નિશ્ચયથી જીવ એ સિદ્ધ ભગવાન છે. કેમકે પોતાના જીવત્વપ્રાણથી પૂર્ણ પર્યાય પ્રગટ થઈ ગઈ છે. સિદ્ધ ભગવાનને પોતાના જીવત્વશક્તિની પૂર્ણ પર્યાય ભાવપ્રાણની પ્રગટ થઈ ગઈ છે. ભાવપ્રાણ સમજ્યા? ચૈતન્ય જ્ઞાન, આનંદ, સત્તા એની પૂર્ણ પર્યાય સિદ્ધ ભગવાનને પ્રગટ થઈ ગઈ છે. તો એને ભગવાન નિશ્ચયજીવ કહે છે, યથાર્થજીવ સિદ્ધ ભગવાન છે. ‘**અને વ્યવહારથી ચતુર્ગતિપરિણત અશુદ્ધ જીવો પણ જીવ કહેવાય છે,...**’ આ ચાર ગતિમાં રખડવાવાળા, ઉદયભાવવાળા (જીવ કહેવાય છે). ચાર ગતિ ઉદયભાવ છે. પાંચ ભાવમાં ગતિમાં મનુષ્યગતિ, દેવગતિ,.. આ શરીર નહિ હો! અંદર ગતિનો ઉદયભાવ, એને પણ વ્યવહારજીવ કહેવામાં આવ્યા છે. દેખો! એ વ્યવહારજીવ. આહા..હા..!

‘**તેમ શ્રમણપણે શુદ્ધોપયોગી જીવોનું મુખ્યપણું છે...**’ શ્રમણપણે—સાધુપણામાં શુદ્ધ ઉપયોગ અંદરમાં લીનતા સાતમી ગુણસ્થાનની એની મુખ્યતા છે. ‘**અને શુભોપયોગી જીવોનું ગૌણપણું છે;...**’ અર્થાત્ તે પણ વ્યવહાર થઈ ગયું. સમજાય છે કાંઈ? ‘**કારણ કે શુદ્ધોપયોગીઓ નિજશુદ્ધાત્મભાવનાના બળથી...**’ શુદ્ધાત્મભાવનાના બળથી. ‘**સમસ્ત શુભાશુભ સંકલ્પવિકલ્પ રહિત...**’ શુભાશુભ સંકલ્પવિકલ્પોથી રહિત એકલા આનંદમાં ઢળી

ગયા છે. નિર્વિકલ્પ આનંદનો રસ પીવે છે. શું શાસ્ત્ર છે કે શું દેવ છે કે કોણ ગુરુ, કંઈ ખબર નથી. પોતાના નિજાનંદમાં નિજાનંદમાં લીન થઈ ગયા છે તે મુખ્ય સાધુ છે. તે વિકલ્પ રહિત **'હોવાથી નિરાસ્રવ જ છે...'** તેને સંવર અને નિર્જરા કરવાવાળા કહ્યા. એને આસ્રવ નથી. પુણ્યના પરિણામ નથી.

**'અને શુભોપયોગીઓને મિથ્યાત્વ...'** દેખો! **'શુભોપયોગીઓને મિથ્યાત્વવિષયકષાયરૂપ અશુભવનો આસ્રવનો નિરોધ હોવા છતાં...'** એમ કહ્યું. દેખો! શુભોપયોગી છે પણ અંદરમાં મિથ્યાત્વનો તો અભાવ થઈ ગયો છે. એ શુભઉપયોગને કારણે નહિ. પોતાની દૃષ્ટિ અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાતા ચૈતન્યપુંજ હું છું. એમ મિથ્યાત્વનો નાશ કરીને સમ્યગ્દર્શન તો થયું છે. મિથ્યાત્વ પણ અશુભ પરિણામ છે અને વિષયકષાયરૂપ અશુભભાવ. વિષયકષાય પાંચ ઈન્દ્રિયના વિષયભોગ, સ્ત્રીનો વિષય, ધંધાનો ભાવ એ બધા પાપનો તો નાશ થયો છે. તોપણ **'તેઓ પુણ્યાસ્રવ સહિત છે.'** કેમકે શુભઉપયોગ છે. મિથ્યાત્વનો નાશ થયો છે, સમ્યગ્દૃષ્ટિ છે, અશુભ પરિણામ વિષયકષાયના નાશ થયા છે, એટલી સ્થિરતા છે પણ પંચ મહાવ્રત આદિનો રાગ છે તો તેને પુણ્યાસ્રવ—પુણ્યનો મલિન ભાવ એનાથી આવે છે, તેનાથી નવો બંધ પણ થાય છે. શુદ્ધોપયોગી મુનિઓ છે એની સાથે ગણવામાં આવ્યા નથી. સમજાયું કે નહિ? સેઠી!

**'હવે શુભોપયોગી શ્રમણનું લક્ષણ સૂત્ર દ્વારા (ગાથા દ્વારા) કહે છે :— '** એ તો એટલી વાત આવી, પણ શુભઉપયોગનું લક્ષણ શું? સાધુ શુદ્ધ ધર્મ દૃષ્ટિ, જ્ઞાન પરિણત છે અને શુભ ઉપયોગ પણ છે. તેનું લક્ષણ શું? એનું સ્વરૂપ કેવી રીતે ઓળખાય? એ ૨૪૬માં કહે છે.

अरहंतादिसु भत्ती वच्छलदा पवयणाभिजुत्तेसु।
विज्जदि जदि सामण्णे सा सुहजुत्ता भवे चरिया।।२४६।।

ઓ..હો..હો..! કમાલ કામ કર્યું છેને! અમૃતચંદ્રાચાર્યે આટલી ટૂંકી ભાષામાં મોટી વાત ભરી દીધી છે! પણ સમજવાની દરકાર હોય તેને સમજાય છે. શું કહ્યું જુઓ! ૨૪૬.

**'ટીક :-- સકળ સંગના સન્યાસસ્વરૂપ શ્રામણ્ય હોવા છતાં પણ...'** જુઓ! સાધુપણાનો ખુલાસો લીધો. આ વ્યવહાર-સાધુનો ખુલાસો લીધો. **'સકળ સંગના સન્યાસસ્વરૂપ...'** સ્ત્રી, કુટુંબ, પરિવાર, વેપાર-ધંધાનો બધો રાગ છૂટી ગયો છે. મિથ્યાત્વનો ભાવ છૂટી ગયો છે. સકળ સંગનો, સંગ, સંગ, સંબંધ (તેનો) સન્યાસ, પરનો ત્યાગ અંતર પરિણતિમાં થઈ ગયો છે. શ્રામણ્ય હોવા છતાં પણ, અંતર સાધુપણું આવું હોવા છતાં પણ. **'કષાયલવના આવેશને વશ...'** ઓહો..હો..! કહે છે, કે કષાયનો અંશ આવ્યો. જરી પંચ પરમેષ્ઠીની ભક્તિ, પંચ પરમેષ્ઠીની સ્તુતિનો રાગ આવ્યો, અઠ્યાવીસ મૂળગુણનો રાગ આવ્યો તો સંત હોવા છતાં એ કષાયના આવેશને વશ. દેખો! એને આવેશ શબ્દ લીધો છે. કષાયનો આવેશ. આહા..હા..!

**'કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપે રહેવાને પોતે અશક્ત છે... '** એકલા શુદ્ધઉપયોગરૂપી

શુદ્ધાત્મપરિણતિ. દેખો! અહીં શુદ્ધાત્મપરિણતિને શુદ્ધોપયોગને શુદ્ધાત્મપરિણતિ કહ્યું છે. '**કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપે રહેવાને પોતે અશક્ત છે...**' પર સંગનો ત્યાગ છે, અંદર નિર્મળ ચારિત્ર આદિ મોક્ષમાર્ગ છે, છતાં સ્વરૂપમાં શુદ્ધાત્મપરિણતિમાં લીન થવામાં સ્વયં અશક્ત છે. શું કહે છે? સ્વયં અશક્તનું કારણ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ ... નો અર્થ શું? સંજ્વલનનો ઉદય છે, સંજ્વલનનો તીવ્ર ઉદય છે તો સાતમે જવાની યોગ્યતા નથી એમ નહિ. ઈ કહે છે. દેખો! ટીકા તે ટીકા છેને અહીંયા તો!

'**કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપે રહેવાને પોતે અશક્ત છે...**' પોતાની પર્યાયમાં રાગ આવ્યો તે કારણે પોતાથી શુદ્ધમાં રહેવાને અશક્ત છે. કોઈ સંજ્વલનનો તીવ્ર ઉદય આવ્યો માટે અશક્ત છે (એમ નથી). ઇંદ્રચંદજી! ઈ કહે છેને? ઈ તો પરચીજ છે. ગોમ્મટસારમાં લખાણ એમ આવે કે સંજ્વલનનો તીવ્ર ઉદય હોય, છઠ્ઠે મંદ ઉદય હોય.. એ તો નિમિત્તના કથન છે. એ સ્વયં અશક્ત છે. દેખો! સાતમે ગુણસ્થાને શુદ્ધપરિણતિરૂપ શુદ્ધ ઉપયોગમાં જવામાં સ્વયં અશક્ત છે. પોતામાં રાગ આવ્યો છે, એટલો કષાયકણ આવ્યો છે. ભાન છે કે બંધનું કારણ છે, આસ્રવ છે. પોતાથી અંદરમાં રમવું, લીન થઈ જવામાં અશક્ત છે.

'**એવો જે શ્રમણ,...**' એવો સાધુ. છે તો સાધુ ઈ પણ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સહિત. '**પર એવા જે (૧) કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપે રહેલા અર્હંતાદિક તથા...**' દેખો! શું કહે છે? '**કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપે રહેલા અર્હંતાદિક...**' ઓ..હો..હો..! શું લખ્યું છે જુઓ! અરિહંત, સિદ્ધ તો શુદ્ધાત્મપરિણતિરૂપ રહેલા જ છે. ભાઈ! પણ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પણ શુદ્ધાત્મપરિણતિરૂપ જ રહેલા છે, એમ કહે છે. પાંચેય પરમેષ્ઠીની વ્યાખ્યા આ. શુદ્ધાત્મપરિણતિરૂપે રહેવાવાળા અર્હંતાદિક. સમજાય છે કાંઈ? એની ઉપર રાગ થાય છે એમ કહે છે.

'**કેવળ શુદ્ધાત્મપરિણતિ...**' અરિહંતની પણ એ (વ્યાખ્યા), સિદ્ધની પણ એ (વ્યાખ્યા), આચાર્ય પણ કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપ આચાર્ય, ઉપાધ્યાય પણ કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપ આચાર્ય, ઉપાધ્યાય પણ કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપ ઉપાધ્યાય, સાધુ પણ કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપ રહેલ મુનિપણું. આહા..હા..! ટોડરમલે કહ્યુંને? શુદ્ધોપયોગપણું અંગીકાર કરીને, એમ લીધું છે. ભાઈ! આમાં બધામાંથી કાઢ્યું છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એને કહે છે કે શુદ્ધાત્મપરિણત. શુભરાગ પરિણત નહિ, શુદ્ધાત્મપરિણત. વીતરાગ દૃષ્ટિ, વીતરાગ જ્ઞાન અને વીતરાગ ચારિત્રની પરિણતને પંચ પરમેષ્ઠી ગણવામાં આવ્યા છે. ભગવાનનું પરમ ઔદારિક શરીર થયું, એમની વાણી દિવ્યધ્વનિ નીકળી-એમ અરિહંત નથી ગણવામાં આવ્યા. એમની શુદ્ધાત્મપરિણતિને અરિહંત ગણવામાં આવ્યા છે. આહા..હા..! વાડીભાઈ! સાધુ અઠ્યાવીસ મૂળગુણ પાળે છે, નગ્ન થયા માટે સાધુ કહ્યા છે એમ નથી. શુદ્ધાત્મપરિણતિરૂપ રહેવાવાળા પંચ પરમેષ્ઠી. ઓહો..! વ્યાખ્યા બહુ

ટૂંકી.

પાંચેય પદ ચૈતન્ય શુદ્ધ પરમાત્મસ્વરૂપ એની દૃષ્ટિ, જ્ઞાનથી પરિણત થઈને રહેવાવાળા અને એના ઉપર ભાવસાધુ છે, ત્રણ કષાયનો નાશ થયો છે, એવા પરમેષ્ઠી પ્રત્યે ભક્તિનો ઉત્સાહ આવી જાય છે. એવો પંચ પરમેષ્ઠી પ્રત્યેનો ભક્તિ ઉત્સાહ આવે છે તેને કષાયકણ કહેવામાં આવ્યો છે. એ શુભોપયોગીનું લક્ષણ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— પર છે.

ઉત્તર :— પર છે. રાગ છે અને રાગ એટલો પર છે તો શુભરાગ આવ્યા વિના રહેતો નથી. પર ઉપર લક્ષ જાય છે. સાચા પરમેશ્વર હોં! સાક્ષાત્ સર્વજ્ઞદેવ. ત્રિલોકનાથ સર્વજ્ઞ મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે અને અહીંયા મહાવીરપ્રભુ બિરાજતા હતા, ભાવલિંગી સાધુ એમના સમવસરણમાં જતા હતા. પણ એ અરિહંત પ્રત્યેનો રાગ છે. કેવા છે અરિહંત? શુદ્ધાત્મપરિણતિ, પૂર્ણ શુદ્ધાત્મપરિણતિ. એના પ્રત્યે પણ ભક્તિનો રાગ તે આસ્રવ છે. અને સિદ્ધ ભગવાન શુદ્ધાત્મપરિણત. એમના પ્રત્યેનો રાગ, સ્તુતિ ભક્તિ આવે છેને? સિદ્ધભક્તિ, સિદ્ધભક્તિ. મુનિ ભિક્ષા માટે જાય છે તો પહેલા સિદ્ધસ્તુતિ કરે છે. ઈ વિકલ્પ છે, રાગ છે. અને આચાર્ય આદિ. પાંચેય લીધાને. એક વાત.

'**તેમના પ્રત્યે...**' પ્રેમ. દેખો! છેને? '**તેમના પ્રત્યે (૧) ભક્તિ તથા (૨) વત્સલતા વડે ચંચળ છે,...**' પંચ પરમેષ્ઠી શુદ્ધાત્મપરિણત છે તેમના પ્રત્યે મુનિને ભક્તિ આવે છે તે શુભોપયોગીનું લક્ષણ છે. અને વાત્સલ્ય પ્રેમ આવે છે. ચંચળ છે તેના વડે. આહા..! અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય સાચા સંત, હોં! એમના પ્રત્યે પ્રેમ મુનિને ઉછળે છે તો એ પ્રેમ પણ રાગનો કણ છે. કષાયનો કણ છે. બીજી વાત. '**કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપે રહેવાનું પ્રતિપાદન કરનાર...**' ઓ..હો..! દેખો! શું કહે છે? સમ્યગ્દૃષ્ટિ, સમ્યક્જ્ઞાની, સમ્યક્ચારિત્રી કેવો ઉપદેશ આપે છે? ઉપદેશ કેવો આપે છે? '**કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપે રહેવાનું પ્રતિપાદન કરનાર...**' એ પ્રવચનમાં રત છે. એ પ્રવચનમાં એમ કહ્યું છે. પ્રવચન કરનારા એમ લેવું. પ્રવચનમાં શું કહ્યું? આગમમાં કહ્યું શું? કે શુદ્ધાત્મપરિણતિમાં રહેવાનો ઉપદેશ આપ્યો છે. રાગમાં રહેવાનો ઉપદેશ નથી. સમજાય છે કાંઈ? પહેલા પ્રવચન કરનાર કહ્યું, પછી એમાં રત એ બીજી વાત. શું આવ્યું?

પ્રવચન કેવું છે? ભગવાનના આગમ કેવા છે? કે '**કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપે રહેવાનું પ્રતિપાદન કરનાર...**' છે. આહા..હા..!

મુમુક્ષુ :— વ્યવહાર...

ઉત્તર :— વ્યવહારરત એ તો જાણવામાં આવ્યું, એ તો જાણવાની વસ્તુ બતાવી. એમાં રત રહેવાનો ઉપદેશ નથી. આહા..! પ્રવચનમાં વ્યવહારનયનું જેટલું કથન હોય તે જાણવાલાયક છે એમ બતાવ્યું છે. એમાં લીન થવા માટે નથી બતાવ્યું. ભગવાનના પરમાગમમાં, ત્રિલોકનાથની દિવ્યધ્વનિમાં એમ આવ્યું કે શુદ્ધાત્મપરિણતિ, 'કેવળ' પાછો શબ્દ લીધો છે, દેખો! થોડું એમાં

રહેવું અને થોડું આમાં રહેવું એવો ઉપદેશ નથી. આહા..હા..! હજી ઉપદેશનું રહસ્ય શું છે એ સમજે નહિ, આગમ શું કહે છે એ સમજે નહિ અને માની લ્યે કે અમે આગમને માનીએ છીએ અને આગમની ભક્તિ કરીએ છીએ. સમજાય છે કાંઈ? એક એક બોલમાં કેટલા ન્યાય ભરી દીધા છે!

એક તો કહે છે, લેવું છે શુભોપયોગી સાધુનું લક્ષણ. તો શુભોપયોગીની કોના પ્રત્યે એની ભક્તિ અને પ્રેમ ઉછળે છે? કે પંચ પરમેષ્ઠી શુદ્ધાત્મપરિણત છે તેમના પ્રત્યે ભક્તિ ઉછળે છે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર અને તત્ત્વથી વિરુદ્ધ દૃષ્ટિ છે તેમના પ્રત્યે મુનિઓનો શુભરાગ ઉછળતો નથી. અને આમના પ્રત્યે ઉછળે છે છતાં તે પુણ્યાસ્રવ છે. અને કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપે રહેવાનું પ્રતિપાદન કરનારા પ્રવચન. પહેલા આટલો અર્થ લ્યે છે. કેવા છે પ્રવચન? પ્રવચન અને સંઘને પણ એક ન્યાયે પ્રવચન કહે છે. જયસેનાચાર્યમાં લીધું છે. જયસેનાચાર્યની ટીકામાં (લીધું છે). પ્રવચન વાણીને પણ કહે છે અને સંઘને પણ પ્રવચન કહે છે. સાધુ, અર્જિકાને પણ, સંઘને પણ પ્રવચન કહે છે. પણ એ સંઘ કેવો છે? વાણી ભગવાનની કેવી છે? કે શુદ્ધાત્મપરિણતિરૂપે રહેવાનો ઉપદેશ કરનારા પ્રવચનરત. એવી વાણીમાં જે ભાવ કહ્યો તેમાં રત રહેવાવાળા જીવો પ્રત્યે શુભોપયોગીની ભક્તિ ઉછળે છે. સમજાય છે કાંઈ?

પ્રવચનરત જીવો. પ્રવચન આવા કે જેમાં વીતરાગપરિણતિમાં રહેવાનો જ ઉપદેશ છે. આહા..હા..! રાગ આવો, પણ જ્ઞાન કરાવે છે, ખ્યાલ કરાવે છે, પણ રહેવું છે શુદ્ધાત્મપરિણતિમાં. એ જ ભગવાન પંચ પરમેષ્ઠીનો ઉપદેશ છે. કોઈ રાગમાં રહેવાનો ઉપદેશ કહે તે આગમ નહિ, કુઆગમ છે. તે ગુરુ નહિ, એ કુગુરુ છે. સમજાય છે કાંઈ? આવા સંતો અને પંચ પરમેષ્ઠીઓ અને સંઘ પ્રત્યે તે શુભોપયોગી મુનિની ભક્તિ હોય છે. તેની વિશેષ વાત છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૬, બુધવાર, તા. ૧૯.૯.૧૯૬૨**
**ગાથા-૨૪૬, ૨૪૭, ૨૪૮, પ્રવચન-૧૫**

ચરણાનુયોગસૂચક ચૂલિકા ચાલે છે. એમાં મોક્ષમાર્ગનો અધિકાર ચાલ્યો. મોક્ષમાર્ગમાં સાધુને પોતાનું સ્વરૂપ શુદ્ધ આનંદસ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા શુદ્ધાત્મપરિણતિરૂપ દશા હોય છે. તેમને શુભ ઉપયોગ પણ આવે છે. જ્યાં સુધી અંતર શુદ્ધોપયોગમાં સપ્તમ ગુણસ્થાનમાં ઠરે નહિ, 'ઠરે નહિ' શું કહે છે? ન જમે, તમારી બધી ભાષા નથી આવડતી. ઠરે નહિ, ઠરી શકે નહિ. પોતાનો આત્મા આનંદસ્વરૂપનો અનુભવ થયો હોય, પ્રતીત થઈ હોય, કેટલીક સ્થિરતા પણ થઈ હોય, પણ સ્વરૂપમાં અંદર નિર્વિકલ્પ ઉપયોગમાં ઠરી શકે નહિ, તો એવા સાધુને શુભભાવ,

શુભરાગ આવે છે. એનું લક્ષણ શું છે તેનું વર્ણન કરવામાં આવે છે. આ સમજવાની વસ્તુ છે. એકલા નિર્વિકલ્પ નિર્વિકલ્પ છે (એમ નહિ), પણ સાથે શુભરાગ પણ આવે છે. ધર્મીને સમ્યગ્દૃષ્ટિ સંતોને પણ શુભરાગ હોય છે. આજે હિન્દી હિન્દી (ચાલે છે). ... એને ઘણો અભ્યાસ છે. વાંચન છે ગુજરાતીનું. કરે છેને? ગુજરાતીમાં પણ કરો છો? હા, કરે છે. શું કહે છે? ૨૪૬ ગાથા.

અહીંયા શું કહે છે? કે આત્મા જે છે એનો અનુભવ, પ્રતીતિ તો થઈ ગઈ. હું શુદ્ધ ચૈતન્ય ધ્રુવ ચૈતન્યધાતુ છું. મારામાં પુણ્ય, પાપ, વિકલ્પ, શરીરાદિની ક્રિયા છે જ નહિ. એવું ભાન થયું તે સહિત સ્વરૂપમાં લીનતા પણ ચારિત્રની ચરવું, આનંદમાં રહેવું એવી કેટલીક શક્તિ પણ પ્રગટ થઈ. છતાં સ્વરૂપમાં ઠરી શકે નહિ, સપ્તમ ગુણસ્થાન યોગ્ય અપ્રમત્તમાં ઠરી શકે નહિ અશક્તિને કારણે, તો એને અંતર પર્યાયમાં શુભરાગ આવે છે. એ શુભરાગ છે બંધનું કારણ. પણ આવ્યા વિના રહેતો નથી. અંદર ઠરી શકે નહિ એટલે શુભરાગ આવે છે. છતાં શુભરાગની પાછળ શુદ્ધાત્મપરિણતિ પણ સાથે છે. એકલો શુભરાગ નથી.

અંતર ચૈતન્યજ્યોત શક્તિનો પ્રભુ પિંડ આત્મા છે તેની અનુભવની પ્રતીત અને લીનતાની પ્રગટતા શક્તિમાંથી વ્યક્તતા કેટલીક શુદ્ધાત્મદશાની થઈ છે. શુદ્ધાત્મપરિણતિ નિર્વિકલ્પ શાંતિ, નિર્વિકલ્પ પરિણતિ તો છે. નિર્વિકલ્પનો અર્થ—રાગમિશ્રિત નહિ. ઉપયોગ નિર્વિકલ્પ નહિ. સમજાય છે કાંઈ? આ શુભરાગ શુભરાગ કહે છેને? શુભરાગ તો મુનિને પણ આવે છે. મુનિને પણ શુભરાગ તો આવે છે, પણ એમની ભૂમિકા, છઠ્ઠી ભૂમિકામાં ગુણસ્થાનની દશામાં રાગ (આવે છે). કોના પ્રત્યે રાગ આવે છે અને એ રાગનું લક્ષણ શું છે તે બતાવે છે. સમજાય છે કાંઈ?

પહેલા તો એ કહ્યું કે પંચ પરમેષ્ઠીમાં જ મુનિ છે. ણમો લોએ સવ્વ સાહુણંમાં એ આવ્યા છે. જેમને ગણધર નમસ્કાર કરે છે એવી દશા છે. પણ સ્વરૂપમાં ઠરવાની તાકાત નથી. ઉપયોગની જમાવટ થઈ જાય એવી તાકાત નથી તો શુભરાગ આવે છે. તો શુભરાગનું લક્ષણ શું? અને કોના પ્રત્યે આવે છે ઈ વાત કહે છે. જુઓ! .... '(૧) **કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપે રહેલા અર્હંતાદિક...**' આવા મુનિને શુભરાગ કોના લક્ષે થાય છે? કે પંચ પરમેષ્ઠી. જે શુદ્ધાત્મ આનંદપરિણતિ નિર્મળ, વીતરાગી-અવિકારી-અકષાય દશાની પરિણતિ થઈ, એમાં રહેવાવાળા છે મુનિને પણ તેમના પ્રત્યે વિનય, ભક્તિ, પ્રેમ આદિ શુભરાગ આવે છે. સમજાય છે કાંઈ? અર્હંત, પંચ પરમેષ્ઠીની ભક્તિ એને આવે છે. સાધુ, સાધુની પણ ભક્તિ આવે છે સાધુને. ઓહો..! સમજાય છે કાંઈ?

શુદ્ધ સ્વરૂપ નિજ આનંદમૂર્તિ હું છું એવું ભાન થઈને સ્વરૂપમાં લીન નથી તો શુભરાગ આવ્યો. કોના પ્રત્યે આવ્યો? પંચ પરમેષ્ઠી પ્રત્યે. પંચ પરમેષ્ઠી કેવા છે? કે શુદ્ધાત્મપરિણતિમાં રહેનારા છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પણ શુદ્ધાત્મપરિણતિમાં રહેનારા છે. શુદ્ધાત્મપરિણતિ સમજ્યા? શોભાલાલજી! નિર્મળ શુદ્ધ પરિણતિ નિર્વિકારી દશા એમાં રહેનારા પંચ પરમેષ્ઠી છે તેમના પ્રત્યે ભક્તિ (ઉછળે છે). શુદ્ધાત્મપરિણત સંત છે તે પણ શુદ્ધાત્મપરિણતિમાં રહેનારા પ્રત્યે

તેમને ભક્તિ આવે છે, શુભરાગ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઘણો ફેર છે. ઈ ક્યાંથી આવ્યું? શુદ્ધાત્મપરિણતિ ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વનો નાશ અને અનંતાનુબંધીનો અભાવ (થયો) એટલી શુદ્ધાત્મપરિણતિ છે. અને પંચમ ગુણસ્થાન શ્રાવક જે સાચા કહેવામાં આવે છે તે પણ શુદ્ધાત્મપરિણતિમાં બીજા કષાયનો નાશ થયો એટલી શુદ્ધાત્મપરિણતિ છે. મુનિને ત્રણ કષાયનો નાશ થયો એટલી શુદ્ધાત્મપરિણતિ છે. સપ્તમ ગુણસ્થાનમાં શુદ્ધોપયોગમાં રમે એવી શુદ્ધાત્મપરિણતિ છે. શુદ્ધાત્મપરિણતિ ચારે (ગુણસ્થાન)માં છે. ઝીણી વાત ભાઈ! કમલચંદજી! સમજાયું?

મુમુક્ષુ :— એકડે એકથી આખું શીખવવું પડશે.

ઉત્તર :— એકડે એકથી શીખવું પડે. આ બધા કેટલા વર્ષથી છે. શું કહ્યું?

ફરીને. ફરીને કહો એમ કહે છે. એકડે એકથી એટલે ફરીને કહેવું. સેઠી! જુઓ! આ આત્મા છેને આત્મા, અનંત શક્તિનો પિંડ, અનંત ગુણનું ધ્રુવ તત્ત્વ છે. વસ્તુ, આદિ-અંત વિનાની વસ્તુ (છે). તો વસ્તુમાં અનંત શક્તિ જે બપોરે ચાલે છે, એવી અનંત શક્તિ અંદર પડી છે ભંડારમાં, આત્મ-ભંડારમાં. એવા આત્મા પ્રત્યે પુણ્ય-પાપની રુચિ છોડીને, અરે..! વર્તમાન પોતાના જ્ઞાનની અવસ્થા અંશમાં ઉઘાડ છે તેની પણ રુચિ છોડીને, અલ્પજ્ઞાન ઉઘાડ પાંચ સમિતિ, ગુપ્તિ જેટલો હોય અથવા કોઈ અગિયાર અંગ નવ પૂર્વ જેટલો વિકાસ પોતાની જ્ઞાનપર્યાયમાં હોય, ઉપયોગની રુચિ છોડીને, નિમિત્તની રુચિ છોડીને, વિકારની રુચિ છોડીને, અલ્પજ્ઞની રુચિ છોડીને, હું સર્વજ્ઞસ્વભાવી શુદ્ધાત્મા દ્રવ્ય છું, એવી અંતરમાં દૃષ્ટિ, અનુભવજ્ઞાનપૂર્વક થાય તેને સમ્યગ્દષ્ટિની પરિણતિ કહેવામાં આવે છે. સમ્યગ્દર્શનની શુદ્ધાત્મપરિણતિ. સમજાય છે કાંઈ? સેઠી!

અને એથી આગળ ચાલ્યો, શુદ્ધાત્માનો આશ્રય ઉગ્રપણે લીધો, શુદ્ધાત્માનું અવલંબન ઉગ્રપણે લીધું તો અંશે શુદ્ધિની વૃદ્ધિ, પંચમ ગુણસ્થાન જે શ્રાવક ભાવલિંગી છે, તેને અંદરમાં શાંતિની શક્તિમાંથી વૃદ્ધિ અંશે વધે છે. એને પંચમ ગુણસ્થાનવાળી શુદ્ધાત્મપરિણતિ કહે છે. સાથે શુભરાગ હો, અશુભરાગ પણ હો, પંચમ ગુણસ્થાનમાં તો આર્તધ્યાન હો, રૌદ્રધ્યાન હો, પણ એની પાછળ અંતર દ્રવ્યસ્વભાવના આશ્રયે શક્તિમાંથી પ્રગટ શુદ્ધાત્મા આનંદની પરિણતિ પ્રગટ કરી છે. તો ચોથા કરતાં પાંચમે શુદ્ધાત્મપરિણતિ અધિક છે. સમજાય છે કાંઈ? અને એમાં પણ જે પડિમા છે, અગિયાર પડિમા છેને? શેઠ! અગિયાર પડિમા શ્રાવકની. એક એક પડિમા, બીજી પડિમા, ત્રીજી પડિમામાં અંદર શુદ્ધાત્માનું અવલંબન ઉગ્ર થઈને શુદ્ધાત્મપરિણતિ પહેલી પડિમાવાળા કરતાં બીજીમાં અધિક છે, ત્રીજીમાં અધિક છે, ચોથામાં અધિક છે, પાંચ, છ, સાત અગિયાર (એમાં અધિક છે). ઓહો..હો..! ક્ષુલ્લકપણું હોય અને અગિયારમી.. ક્ષુલ્લક હો.

પોતાની શુદ્ધાત્મશક્તિની વ્યક્તતા અંતરમાં એકાગ્ર થઈને શુદ્ધાત્મ નિર્મળ નિર્વિકારી વીતરાગ નિર્દોષ દશા એ વીતરાગદશા જેટલી વધે એટલી પડિમા વધે એમ કહેવામાં આવે છે. એ ન હોય

અને એકલી પડિમા વિકલ્પ હોય તો એ પડિમા-ફડિમા છે જ નહિ. એ શ્રાવક પણ નથી અને એ સમકિતી પણ નથી. સમજાય છે કાંઈ? ઘણી વાત આકરી. જગતે બાહ્ય ક્રિયાની પ્રવૃત્તિમાં બધું માની રાખ્યું છે. શુભપરિણતિ શું છે એનો ખ્યાલ નથી. સમજાય છે કાંઈ? હજી ધર્મચંદભાઈ જેવા કહે કે બધે પરિણતિ સરખી છે, ચોથે, પાંચમે, છઠ્ઠે. બીજાની વાત શું? કેટલા મહિનાથી અહીંયા સાંભળે છે. રામજીભાઈએ કહેવું પડ્યું કે એકડાથી માંડવી પડશે. સમજાય છે કાંઈ?

પ્રભુ આત્મા અંદર આનંદકંદ સચ્ચિદાનંદ નિર્મળ ચૈતન્યહીરો એની વર્તમાન પર્યાય નામ અવસ્થામાં પુણ્ય-પાપ, શુભ-અશુભ રાગ હો પણ એ તરફના અસ્તિત્વની દૃષ્ટિ છોડીને પોતાનો શુદ્ધ ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદ પરમાત્મા હું છું, એવી પોતામાં પ્રતીતિ જ્ઞાનમાં થવી, જ્ઞાનમાં એટલે ભાન થઈને થવી એમ, તો એટલામાં તો મિથ્યાત્વનો-ભ્રાંતિનો નાશ અને અનંતાનુબંધી કષાયનો નાશ થયો એટલી શુદ્ધાત્મપરિણતિ છે.

પાંચમા ગુણસ્થાનમાં ચડે તો બીજા કષાયના અભાવની શુદ્ધાત્મપરિણતિ છે અને એમાં પણ પડિમામાં જેમ ચડે, તો ત્રીજા કષાયનો મંદ રસ થાય, મંદ રસ થાય એટલી શુદ્ધાત્મપરિણતિ વૃદ્ધિગત થાય છે પોતાને કારણે. પોતાને કારણે હોં! પણ કર્મરસ મંદ પડે તો થાય છે એમ નહિ.

અને જ્યારે મુનિ થાય છે તો એમને અંતરમાં શુદ્ધાત્મપરિણતિ નિર્વિકલ્પ ઉપયોગ પહેલા થઈ જાય છે. ભાન ભૂલી જાય છે કે હું આત્મા છું કે હું અનુભવ કરું છું એમ પણ નથી. પૂર્ણાનંદની અંદરમાં દૃષ્ટિ થઈ અને ઉપયોગ પણ આત્મામાં જામી ગયો, એવી દશાને સપ્તમ ગુણસ્થાનની શુદ્ધાત્મપરિણતિ કહે છે. અને એમાં વિકલ્પ આવ્યો.. એની વાત ચાલે છે. પંચ પરમેષ્ઠી પ્રત્યેની ભક્તિનો રાગ આવે તો સપ્તમ ગુણસ્થાનમાં શુદ્ધાત્મ ઉપયોગ પરિણતિ નિર્મળ દશા છે એવી નથી. પણ એની ભૂમિકાયોગ્ય ત્રણ કષાયના અભાવની શુદ્ધાત્મપરિણતિ છે. પરિણતિ નામ અવસ્થા, પરિણતિ નામ દશા, અવિકારી નિર્દોષ દશા એને શુદ્ધાત્મપરિણતિ કહે છે. લોકોને અભ્યાસ ઘટી ગયો. તત્ત્વનો અભ્યાસ ઘટી ગયો. બહારની કડાકૂટ રહી ગઈ, ક્રિયાકાંડ ને આમ ને તેમ..

ભગવાન આત્મા... કહે છે કે આવા મુનિ હો, સમ્યગ્દૃષ્ટિ હો, પંચમ ગુણસ્થાને હો તો તો પંચ પરમેષ્ઠી પ્રત્યે એને ભક્તિ આવે છે. એ વાત અહીંયા નથી કરવી. અહીંયા તો મુનિ છે, પંચ પરમેષ્ઠીમાં આવ્યા છે અતંર શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ (કરીને), છતાં એમાં શુભરાગ આવ્યો. કોના પ્રત્યે? પંચ પરમેષ્ઠી (પ્રત્યે). ઓળખાણ છે કે આ પંચ પરમેષ્ઠી છે. ભાઈ! લ્યો જુઓ આ આવ્યું. પંચ પરમેષ્ઠી અરિહંત આ છે, સિદ્ધ આ છે, આચાર્ય આ છે, ઉપાધ્યાય આ છે અને સાધુ આ છે. એમને ઓળખીને એમના પ્રત્યે શુભરાગની ભક્તિ આવે છે. પંચ પરમેષ્ઠીનું જ્ઞાનમાં ભાન છે કે આ પંચ પરમેષ્ઠી છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. સેઠી! એક વાત.

**'(૨) કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપે રહેવાનું પ્રતિપાદન કરનાર પ્રવચનરત જીવો તેમના**

પ્રત્યે,...' દેખો! એમની પણ ઓળખાણ થઈ. શું કહે છે? ધર્માત્મા કેવા છે? કે શુદ્ધાત્મપરિણતિરૂપે રહેવાનું પ્રતિપાદન કરનારા છે. ધર્મીનો ઉપદેશ એવો નીકળે છે (કે) પોતાનો અખંડ આત્મા શુદ્ધ પરમાનંદમૂર્તિ એમાં દૃષ્ટિ કરીને ઠરો. એમાં ઠરી જાઓ. એ કરવાની વસ્તુ છે. એવો જેનો ઉપદેશ આવે છે, જેનો આવો ઉપદેશ આવે છે. તેમનો મુનિને શુભરાગવાળાને ખ્યાલ છે. સમજાય છે કાંઈ?

'**કેવળ શુદ્ધાત્મપરિણતિ...**' કેવળ કેમ કહ્યું? શુભરાગ કરવાનું કોઈ ધર્માત્મા કહે છે? સમજાય છે કાંઈ? નહિ. શુભરાગ આવે છે તેનું જ્ઞાન કરાવે છે. એ તો અહીંયા કહે છે. ધર્માત્માના કથનમાં, ઉપદેશમાં, પ્રવચનધારામાં કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપે રહેવું, અંતર વીતરાગ દૃષ્ટિ કરીને, વીતરાગી સ્વસંવેદનજ્ઞાન (પ્રગટ કરીને), વીતરાગી પરિણતિમાં રહેવાનું પ્રતિપાદન કરનારા, કથન કરનારા, ઉપદેશ દેનારા. ઉપદેશની વ્યાખ્યા તો અહીંયા આચાર્ય, ઉપાધ્યાય, સાધુની લીધી છે. ઉપદેશ દેનારા મુખ્ય કહ્યા છેને અહીંયા? સમજાય છે કાંઈ? ચોથા, પાંચમામાં આવી જાય. ચોથે, પાંચમે ઉપદેશ દેવાવાળા. પ્રતિપાદનની મુખ્યતા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુની છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુની પ્રતિપાદન શૈલી શું છે? કે વીતરાગી સ્વભાવ પોતાનો છે એમાં દૃષ્ટિ કરો, વીતરાગ સ્વભાવનું જ્ઞાન કરો, વીતરાગી સ્વભાવમાં લીન થાઓ. એ જ એમની પ્રતિપાદન શૈલી છે.

'**કેવળ...**' કોઈની પ્રતિપાદન શૈલી એવી હોય કે રાગ પણ, શુભરાગ કરવાલાયક છે અને તેનાથી પણ લાભ થાય છે, તો મિથ્યાદૃષ્ટિ છે, શુદ્ધાત્મપરિણતિ પ્રતિપાદક એ ધર્માત્મા નથી. બહુ કઠણ. આહા..હા..! આ તો વિચાર આવ્યો હતો, તમારી આંગળીમાંથી. આંગળીમાં લોહી હોય છે કે નહિ? લોહી-ખુન, ખુન. લોહીના કણ હોય છે કે નહિ? પરુ પરુ સમજ્યા? શું કહે છે? પસ. લોહીમાંથી પરુ થયું. ... ભગવાન આત્મા શુદ્ધ લોહી છે પોતાનું. શુદ્ધ ચૈતન્ય આનંદ નિર્મળાનંદ નિરાકુળ વસ્તુ છે. એમાં રાગ આવે છે તેટલો પિત્ત થયું છે. પિત્ત કહે છેને? શું કહ્યું? પસ. એ રાગ પસ છે. આ પીડા તો (મટી) જાય છે પણ એ રાગની પીડા કેટલી છે એનો એને ખ્યાલ આવતો નથી. આની પીડા છે જ નહિ. પીડા તો દેહ પ્રત્યે જેટલો રાગ છે એટલો અંદર દ્વેષ થાય છે તે દુઃખ છે. સમજાય છે કાંઈ? જેટલો દેહ પ્રત્યે પ્રેમ છે એટલી દેહ પ્રત્યેની પ્રતિકૂળતામાં દ્વેષ થાય છે. એ દ્વેષ છે તે દુઃખ છે. પરવસ્તુથી નહિ અને પરવસ્તુમાં નહિ. દુઃખ પોતાના દ્રવ્યમાં--વસ્તુમાં નથી, દુઃખ પોતાની શક્તિ—ગુણમાં નથી, દુઃખ સંયોગમાં નથી, દુઃખ કર્મના ઉદયમાં નથી. દુઃખ છે તે, પોતાની પર્યાયમાં પરપદાર્થ પ્રત્યે જેટલો પ્રેમ છે અનુકૂળતામાં તેટલો પરપદાર્થની પ્રતિકૂળતામાં દ્વેષ (થાય છે) તે દુઃખ છે. ભારે વ્યાખ્યા! સમજાય છે કાંઈ?

તો કહે છે, ઓ..હો..હો..! ટીકા ચરણાનુયોગની! આચાર્ય આટલું કહે છે, અર્હંતાદિકની ભક્તિ. તો અરિહંત આદિની વ્યાખ્યા કરી. '**पवयणाभिजुत्तेसु**' એની વ્યાખ્યા કરી. પ્રવચન કેવા છે? આગમ કોને કહે છે સર્વજ્ઞની વાણી? કે જે આગમમાં કહેનારા એકલો આત્મા અખંડ શુદ્ધ

ચૈતન્યજાત ધ્રુવ ધાતુ તેના અવલંબન લેવાનું—શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર કરવાનું કહે છે. વચ્ચે રાગ આવે છે એ કરવાનું કહેતા નથી, જણાવે છે કે આવે છે. મુનિઓને આવો રાગ પંચ પરમેષ્ઠીનો પ્રેમ આવે છે એ જણાવે છે પણ કરવાલાયક છે એમ જેની પ્રરૂપણામાં આવતું નથી, ઉપદેશમાં આવતું નથી એવા પ્રવચનમાં રત એવા જીવો. આ પ્રવચનમાં રત છે, ભાઈ! એની ઓળખાણ થઈ કે નહિ? જેમ પંચ પરમેષ્ઠીની ઓળખાણ થઈ કે શુદ્ધાત્મપરિણતિમાં રહેવાવાળા છે, એમ શુદ્ધાત્મપરિણતિ નિર્દોષ આત્માની વીતરાગી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વીતરાગ ચારિત્ર... વચ્ચે મહાવ્રત આવે છે એ આવે છે એમ જણાવે છે, એ તો બતાવે છે, પણ એ કરવાલાયક છે અને રહેવાલાયક છે ને રાખવાલાયક છે એવી પ્રરૂપણા કથનપદ્ધતિ આગમની નહિ. ભગવાનની વાણીની નહિ. વાડીભાઈ! ભારે આકરી વાત!

અરે..! પ્રભુ! સત્ય જ આવું છેને. તારે કરવાલાયક તો... નિયમસારમાં આવ્યું છેને? **'णियमेण य जं कज्जं'** નિયમથી જે કરવાલાયક છે.. કુંદકુંદાચાર્યે પાઠમાં લખ્યું છે, મૂળ ગાથામાં. **'णियमेण य जं कज्जं'** નિયમથી જે કરવાલાયક છે.. શું? પોતાના શુદ્ધ આનંદસ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર. તે જ નિયમથી કરવાલાયક છે. સમજાય છે કાંઈ? વ્યવહાર વચ્ચે આવે છે તેનું જ્ઞાન કરાવે છે, પણ કરવાલાયક છે (એમ નથી). ઓહો..હો..! વ્યવહાર કરવાલાયક છે અને વ્યવહારમાં રોકાવું અને વ્યવહારના પ્રાણ પોષવા અને વ્યવહારની દેશના દેવી.. બહુ ફેર પડ્યો ભાઈ આમાં તો. ઓ..હો..હો..! ક્યાં પ્રભુ ક્યાં તારી ... એક સંપ્રદાય કહે છે કે વ્યવહારની દેશના દેવી અને વ્યવહારના પ્રાણ પોષવા. અહીંયા કહે છે કે આગમમાં નિશ્ચયની દેશના દેવી, નિશ્ચયના પ્રાણ પોષવા. બહુ આકરું. ઓ..હો..હો..! સમજાય છે કાંઈ? આહા..હા..! ... અહીંની વાત ચાલે છેને, તો કોઈ કોઈ સાધુને પણ શંકા પડી જાય છે. અમારી ભૂલ છે અને આ કાંઈક જુદો માર્ગ કહે છે. માર્ગ કોઈ બીજો છે સર્વજ્ઞનો. તો શંકા પડી જાય છે. નિશ્ચયનો કોઈ આશ્રય લઈ લ્યે તો એણે કાઢ્યું છે, વ્યવહારની દેશના દેવી અને વ્યવહારના પ્રાણ પોષવા.

અહીં કહે છે, આગમ એને કહે છે અને પ્રવચનરત કોને કહે છે? કે વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્રનું પ્રતિપાદન કરે તે જીવને, તે જીવ પ્રત્યે સાધુને.. અહીં તો સાધુ છેને? સાધુને સાધુ પ્રત્યે ભક્તિ છે અને એવા કોઈ બીજા જીવ પ્રત્યે પણ વાત્સલ્યતા છે. વાત્સલ્ય છે. બેમાં ફેર છે. પંચ પરમેષ્ઠી પ્રત્યે ભક્તિ છે. આવું પ્રવચન પ્રતિપાદન કરે છે તો પ્રતિપાદન કરતી વખતે એને શુભરાગ તો છે. પ્રતિપાદન કરતી વખતે શુભરાગ છે અને આ પંચ પરમેષ્ઠીમાં તો એટલું લીધું કે શુદ્ધ વીતરાગ પરિણતિમાં રહેવાવાળા. અહીંયા કહ્યું કે શુદ્ધ વીતરાગી આત્મસ્વભાવ અખંડાનંદ પ્રભુ ચૈતન્યચમત્કાર એવી વસ્તુની શ્રદ્ધા, જ્ઞાન, રમણતાનું કથન કરવાવાળા. તો આવ્યો, એને પણ રાગ તો આવ્યો, કથન કરનારને રાગ આવ્યો, એના પ્રત્યે પ્રેમ એમ લીધું. ભાઈ! કારણ કે પોતાને શુભરાગ છે અને એને શુભરાગ છે. અહીં શુભરાગ.. શુદ્ધાત્મપરિણતિમાં ઠરી ગયા છે તેમના પ્રત્યે ભક્તિ ઉછળે છે. અને આમના પ્રત્યે વાત્સલ્યતા

(વર્તે છે). ગૌણપણે સમ્યગ્દષ્ટિ શ્રાવક, સમ્યગ્દષ્ટિ સમકિતી પ્રત્યે પણ વાત્સલ્ય પ્રેમ તો મુનિને હોય છે. વાત્સલ્ય ધર્મ છેને? શું કહે છે? વાત્સલ્ય આચાર. સમકિતના આઠ બોલ. નિઃશંકિત, નિઃકાંક્ષિત આદિ. વાત્સલ્યતા. સાધર્મી પ્રત્યે એને વાત્સલ્યભાવ શુભરાગ આવે છે. ખરું વાત્સલ્ય તો પોતાના સ્વરૂપમાં પ્રીતિ, રુચિ, પરિણતિ તે વાત્સલ્ય છે. પણ એમાં ઠરી શકતો નથી તો સાધર્મી, જ્ઞાની પ્રત્યે તેને વાત્સલ્ય નામ પ્રેમભક્તિ ઉછળે છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? ગજબ કર્યું છે! ચરણાનુયોગના કથનમાં પણ વીતરાગ સંતોએ વીતરાગતાની રેલમછેલ કરી દીધી છે!! સમજાય છે કાંઈ?

'**(૨) કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપે રહેવાનું પ્રતિપાદન કરનાર પ્રવચનરત જીવો તેમના પ્રત્યે...**' મુનિ તો છે ધર્માત્મા, પોતાની શાંતિ અને વિશેષ શુદ્ધાત્મપરિણતિ છે પણ બીજા પ્રત્યે, પંચ પરમેષ્ઠી પ્રત્યે ભક્તિ અને શુદ્ધાત્માનું પ્રતિપાદન કરનારા પ્રત્યે પ્રેમ (આવે છે). ચંચળ છે. વાત્સલ્યથી ચંચળ. ભક્તિથી ચંચળ અને વાત્સલ્યથી પણ ચંચળ, હોં! બેયમાં લેવું. સમજાય છે કાંઈ? જેટલો શુભરાગ આવે છે એ છે તો ચંચળ. અચંચળતા નથી. પણ એ ભૂમિકામાં એવો ભાવ આવે છે એનું લક્ષણ બતાવે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શુભરાગ છે. શુભરાગ તે ચંચળતા છે. પંચ પરમેષ્ઠીની ભક્તિ. સાચા પરમેષ્ઠી હોં! સર્વજ્ઞ સાક્ષાત્ બિરાજતા હોય.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બતાવ્યુંને. શુદ્ધાત્મપરિણતિ છે, વીતરાગદશા છે એની. એ તો ઘણું એમાં આવી ગયું. એનું શરીર કેવું હોય? એને આહાર-પાણી ન હોય, વિકલ્પાદિ હોય નહિ. એનું નામ અરિહંત છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ભક્તિ અને પ્રેમ એક અર્થમાં આવે છે. પણ અહીંયા વાત્સલ્યનો પ્રેમ શું લીધો? કે જરી એમના કહેવાવાળા પ્રત્યે શુભરાગવાળો છેને, તો જરી પ્રેમ આવે છે. છે તો ભક્તિ વ્યવહાર પણ પ્રેમ કહેવામાં આવ્યું છે.

'**માત્ર તેટલા રાગ વડે પ્રવર્તતી પરદ્રવ્યપ્રવૃત્તિ સાથે શુદ્ધાત્મપરિણતિ મિલિત હોવાને લીધે...**' દેખો! કોણ? એ ભક્તિ કરવાવાળા અને વાત્સલ્ય કરવાવાળા જે ધર્માત્મા મુનિ સંત છે (તેમને) આટલો રાગ ભક્તિ અને વાત્સલ્યનો આવ્યો. '**માત્ર તેટલા રાગ વડે પ્રવર્તતી પરદ્રવ્યપ્રવૃત્તિ સાથે...**' પંચ પરમેષ્ઠી અને શુદ્ધાત્મપરિણતિનું પ્રતિપાદન કરવાવાળા પ્રત્યે પરદ્રવ્યપ્રવૃત્તિ ચંચળતા થઈ તો રાગ થયો, તેની સાથે '**શુદ્ધાત્મપરિણતિ..**' તેની સાથે શુદ્ધાત્મપરિણતિ છે. નહિતર મુનિ કહેવાય નહિ. '**શુદ્ધાત્મપરિણતિ મિલિત...**' શુભરાગની સાથે અંતરમાં શુદ્ધ સ્વભાવ આનંદકંદ ચિદાનંદ ભગવાન આત્માની પરિણતિ શુદ્ધ વર્તે છે, તેને

શુભોપયોગી ચારિત્ર કહેવામાં આવે છે. તેને શુભઉપયોગી ચારિત્ર કહેવામાં આવે છે. એ શુભઉપયોગનું એટલું વ્યવહારચારિત્રનું કથન જ્યારે ચાલે તે બીજી વાત (છે), અહીંયા તો શુદ્ધાત્મપરિણતિ સહિત શુભરાગ છે તેને શુભઉપયોગી ચારિત્ર કહેવામાં આવ્યું છે. વાતમાં ફેર.

'**આથી (એમ કહ્યું કે) શુદ્ધ આત્માના અનુરાગયુક્ત ચારિત્ર...**' જુઓ! સામે પંચ પરમેષ્ઠી અને શુદ્ધાત્મપરિણતિનું પ્રતિપાદન કરનારા તેમના પ્રત્યે પ્રેમ સહિત ચારિત્ર '**શુભોપયોગી શ્રમણોનું લક્ષણ છે.**' એ શુભ ઉપયોગવાળા સાધુનું એ લક્ષણ છે. એવો રાગ મુનિને પણ આવે છે. કુંદકુંદાચાર્ય આ બધું લખે છે, ઈ પણ કહે છે કે મેં પ્રવચનભક્તિની પ્રેરણાથી પ્રવચનસાર બનાવ્યું છે. આવે છેને છેલ્લે? પ્રવચનસારમાં કે પંચાસ્તિકાય? ભૂલી ગયા. પંચાસ્તિકાયમાં આવે છે? છેલ્લી ગાથા નથી આવતી? '**मग्गप्पभावणट्ठं पवयणभत्तिप्पचोदिदेण मया।**' ૧૭૩ છેલ્લી ગાથા છે. 'મેં માર્ગની પ્રભાવના અર્થે પ્રવચનની ભક્તિથી પ્રેરાઈને.. પ્રેરાઈને' એમને પણ શુભરાગ તો આવ્યો. જુઓ! અહીં કહે છે, રાગ છે. મુનિને પણ છે. શેઠ! જુઓ! '**भणियं पवयणसारं पंचत्थियसंगहं सुत्तं।**' સમજાય છે કાંઈ? ...

**बुज्झदि सासणमेदं सागारणगारचरियया जुत्तो।**
**जो सो पवयणसारं लहुणा कालेण पप्पोदि।।२७५।।**

એનું ફળ કીધું, ફળ. સમજાય છે કાંઈ? નિયમસારમાં તો કહ્યું કે મારી ભાવના માટે (બનાવ્યું છે). એમ કહ્યું. નિયમસાર મેં મારી ભાવના માટે બનાવ્યું છે એમ કહ્યું. દરેકમાં ફેર છે ...

હવે કહે છે, એ શુભોપયોગી શ્રમણોનું લક્ષણ છે. નવ તત્ત્વમાં તત્ત્વની શું શું સ્થિતિ સંવર, નિર્જરાની છે, આત્માની છે, પદની શું છે, પ્રવચનરત જીવોની શું છે? એ બધી વાત સમજવાની છે. સમજ્યા વિના સાચી શ્રદ્ધા થતી નથી, શ્રદ્ધા વિના સમ્યગ્દર્શન કદી થતું નથી. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન નથી તો સમ્યક્જ્ઞાન નથી, અને ચારિત્ર પણ હોતું નથી.

'**ભાવાર્થ :— એકલી શુદ્ધાત્મપરિણતિરૂપે રહેવાને અસમર્થ હોવાને લીધે...** ' શુદ્ધ સ્વરૂપમાં.. જુઓ! એણે શુદ્ધ ઉપયોગને શુદ્ધાત્મપરિણતિ તો કહી. માત્ર શુદ્ધાત્મઉપયોગમાં લીન રહેવાને અસમર્થ હોવાને લીધે '**જે શ્રમણ, પર અર્હંતાદિક પ્રત્યે ભક્તિથી તથા પર એવા આગમપરાયણ જીવો...**' ટૂંકા શબ્દોમાં લીધું. પાઠમાં તો ઘણું ભર્યું છે. આગમ નામ પ્રવચનરત નામ પ્રવચનમાં શુદ્ધાત્મપરિણતિને કહેનારા, તેમના પ્રત્યે '**વાત્સલ્યથી ચંચળ (અસ્થિર) છે, તે શ્રમણને શુભોપયોગી ચારિત્ર છે,...**' સમજાય છે કાંઈ? એણે ભેદ પાડી નાખ્યો. પેલાની પ્રતિ ભક્તિ કીધી, આગમપરાયણ જીવો પ્રત્યે વાત્સલ્યભાવ કહ્યા. '**કારણ કે શુદ્ધાત્મપરિણતિ પરદ્રવ્યપ્રવૃત્તિ (પરદ્રવ્યમાં પ્રવૃત્તિ) સાથે...**' છે તો શુદ્ધાત્મપરિણતિ મુનિને છઠ્ઠી ભૂમિકામાં, તેની સાથે '**મળેલી છે.**' અર્થાત્ તે '**શુભ ભાવ સાથે મિશ્રિત છે.**' શુભભાવ પણ છે અને શુદ્ધાત્મપરિણતિ પણ છે. સમજાય છે કાંઈ?

ચૈતન્ય ભગવાન આનંદની પરિણતિ કેટલીક શુદ્ધ પણ છે અને સાથે શુભરાગ પણ છે. તો

શુભરાગ પુણ્યબંધનું કારણ છે અને શુદ્ધાત્મપરિણતિ સંવર, નિર્જરા, મોક્ષનો માર્ગ એક જ છે. મોક્ષમાર્ગ અને શુદ્ધાત્મપરિણતિ એક છે. વચ્ચે શુભરાગ આવે છે તેને બંધમાર્ગને ઉપચારથી મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે, પણ છે તો બંધનું જ કારણ. ઓ..હો..હો..! તો એવું બંધનું કારણ કેમ આવે છે? અરે..! સાંભળ તો ખરો. મુનિને પણ જ્યાં સુધી વીતરાગ પરિણતિ ન થાય ત્યાં સુધી આવ્યા વિના રહે નહિ. શુભરાગ તો આવે છે. અનેક પ્રકારના શુભરાગ (આવે છે). હવે કહે છે જુઓ!

'**હવે શુભોપયોગી શ્રમણોની પ્રવૃત્તિ દર્શાવે છે :—**' જે સાધુ પોતાના સ્વરૂપનું સાધન તો કરે છે અને કર્યું છે, શુદ્ધનું... શુદ્ધનું-વીતરાગ અવિકારી દશાનું, પણ એમાં શુભ ઉપયોગ આવ્યો તો શુભ ઉપયોગની પ્રવૃત્તિ કેવી થઈ? તે દર્શાવે છે. ૨૪૭.

**वंदणणमंसणेहिं अब्भुट्ठाणाणुगमणपडिवत्ती।**
**समणेसु समावणओ ण णिंदिदा रागचरियम्हि।।२४७।।**

જુઓ! ચરણાનુયોગની કથની.

'**ટીકા :— શુભોપયોગીઓને...**' જે મુનિને શુભરાગ આવ્યો ભક્તિનો, વાત્સલ્યનો તે '**શુદ્ધાત્માના અનુરાગયુક્ત ચારિત્ર હોય છે,...**' તેમાં શુદ્ધાત્મસ્વરૂપ આત્મા અંદર એની પરિણતિ તો છે, પણ (સાથે) શુદ્ધાત્મા ધર્માત્માના અનુરાગયુક્ત ચારિત્ર હોય છે. '**તેથી જેમણે શુદ્ધાત્મપરિણતિ પ્રાપ્ત કરી છે એવા શ્રમણો પ્રત્યે...**' દેખો! જેમણે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વીતરાગી દશા પ્રગટ કરી છે તેમના પ્રત્યે વંદન કરવા. એક મુનિ બીજાને પણ વંદન કરે. ઓ..હો..! છે તો શુભરાગ. એને શુભરાગની પ્રવૃત્તિ કહે છે. સમજાય છે કાંઈ? '**જેમણે શુદ્ધાત્મપરિણતિ પ્રાપ્ત કરી છે...**' શ્રદ્ધા, જ્ઞાનમાં વીતરાગદશા વર્તે છે, ચારિત્રમાં વીતરાગ પરિણતિ દશા અંદર વર્તે છે એવા મુનિઓ પ્રત્યે બીજા મુનિએ શુદ્ધાત્મપરિણતિ સાથે શુભરાગ મિશ્રિત છે એવા મુનિઓએ બીજાને વંદન કરવા, વંદન કરવા એ શુભરાગ છે. એ શુભરાગની પ્રવૃત્તિ છે. સમજાય છે કાંઈ? પાછા એકાંત એમ કહી દે કે લ્યો, શુભરાગ છે. શુભરાગને લાવવો જ નહિ. પણ આવ્યા વિના રહેતો નથી. સમજાય છે કાંઈ? ભગવાનને **નમન** કરવા તે શુભરાગ. અને **નમસ્કાર** કરવા, વંદન કરવા, તેની ગુણસ્તુતિ કરવી. **નમસ્કાર** કરવા એ પણ શુભભાવ (છે).

'**અભ્યુત્થાન...**' મોટા મુનિ પોતાની પાસે આવતા હોય તો ઊભા થઈ જવું. અરે..! ભગવાન! ઊભા થઈ જવું તો દેહની ક્રિયા તો કરી શકતો નથી. ... થઈ જવું. ઉઠી તો શકતો નથી. એને એવો ભાવ આવે છે. અહો..! મુનિમહારાજ પધાર્યા છે. પધારો, પધારો. એમ એક મુનિ બીજા શુદ્ધાત્મપરિણતિવાળા મુનિને (આદર કરે). જેની ખબર છે કે આ તો પુણ્યથી ધર્મ મનાવે છે, વ્યવહારથી લાભ મનાવે છે, રાગથી આત્માને ધર્મ બતાવે છે એની ખબર હોય એની સાથે કોઈ વ્યવહાર .. નથી. એ તો દૃષ્ટિ મિથ્યાત્વ છે. એ દ્રવ્યલિંગી મુનિ હોય, અઠ્યાવીસ મૂળગુણ બહારથી પાળતો હોય પણ એવી પ્રરૂપણાની જેને ખબર હોય તો એના પ્રત્યે અભ્યુત્થાન—ઊભા

થવું બનતું નથી. સમજાય છે કાંઈ?

**'અનુગમનરૂપ...'** આવતા હોય તો જાવું, સામે જાવું. અને જાય તો પાછળ પાછળ વળાવવા જવું. પધારો, પધારો, પધારો. પણ કોના પ્રત્યે? જેની શુદ્ધ શ્રદ્ધા થઈ છે, સમ્યગ્દર્શન શુદ્ધ થયું છે, વીતરાગી. રાગથી લાભ થાય છે, પુણ્યથી લાભ થાય છે એવી માન્યતાવાળા નહિ. એવી માન્યતાવાળા તો મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? બહુ કઠણ વાત લોકોને લાગે છે. છે તો સીધી અને સરળ. પણ સમજાયું નથી તો બહુ કઠણ (લાગે છે). અરે..રે..! અમારે શું કરવું? એમ કહે છે કે નહિ? પણ પહેલી શ્રદ્ધા તો શુદ્ધ કરો. હું આત્મા કોણ છું? એવી શ્રદ્ધામાં શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન વિના તો કોઈ ભક્તિ-બક્તિનો પ્રેમ સમ્યગ્દષ્ટિને પણ આવતો નથી. સમ્યગ્દષ્ટિને પણ મિથ્યાદષ્ટિ (કે) જે રાગથી લાભ મનાવે છે, પુણ્યથી ધર્મ મનાવે છે, એ પુણ્યાસ્રવથી પરંપરા કલ્યાણ થશે એમ પ્રરૂપે છે એની ખબર છે તો એની ભક્તિ સમ્યગ્દષ્ટિને પણ આવતી નથી. સમજાય છે કાંઈ? દુનિયાથી તો અતડો થઈ જાય અતડો. કોઈ કોઈની સાથે મળે નહિ, એકલા રહેવું પડે. એકલો જ છે. સદા એકલો છે, બીજાની સાથે સંબંધ છે ક્યાં? કેમ શોભાલાલજી! એકલો છે? બે ભાઈ છે તો ... આહા..હા..! ...

વીતરાગ... વીતરાગ.. વીતરાગ અકષાય આનંદમાં ઝુલે છે. દુઃખી નથી હોં! કાલે ભાઈએ કહ્યું હતુંને? ઈન્દ્રચંદજી. ચારિત્રમાં તો લોકોએ દુઃખ માની રાખ્યું છે. આહા..હા..! કષ્ટ છે. ચારિત્ર છે આનંદદાયક સુખદાતા. ચારિત્ર તો સુખદાતા છે એને દુઃખદાતા માની લીધું. દષ્ટિમાં ફેર થઈ ગયો. ઉઘાડે પગે ચાલવું, પાણી ઉનું પીવું, નગ્ન રહેવું.. ભાઈ! બહુ કષ્ટ છે. અરે..! તેં ચારિત્રની વ્યાખ્યા જ સાંભળી નથી. ચારિત્ર તો પોતાના સ્વરૂપ આનંદની દષ્ટિ થઈ છે, આનંદ અતીન્દ્રિયરસમાં ઝુલનારા એનું નામ ચારિત્ર છે. ચારિત્ર શું બહારની ક્રિયા અને પંચ મહાવ્રતના વિકલ્પ અને કષ્ટ સહન કર્યા એ ચારિત્ર-ફારિત્ર છે જ નહિ. ચારિત્ર તો આનંદદાતા છે. નિજ આનંદસ્વરૂપમાં લીન થવું તે ચારિત્ર છે. તો એમાં દુઃખ ક્યાંથી આવ્યું? કષ્ટ ક્યાંથી આવ્યું? આનંદ આવે છે એમાં કષ્ટ ક્યાંથી આવ્યું? એમ કહે છેને, મુનિપણું તો.. ઓહો..હો..! મેરુ પર્વતને ત્રાજવે તોળવો. ત્રાજવાને શું કહે છે? ત્રાજવામાં મેરુ પર્વત તોળવો એટલું ચારિત્ર દુષ્કર છે. દુઃખરૂપ માન્યું ચારિત્રને. કહે છે, ભાઈ! તેં સાંભળ્યું જ નથી કે ચારિત્રનું શું સ્વરૂપ છે. સમ્યગ્દર્શનનું ચારિત્ર શું છે તેની વાત સાંભળી નથી. સમ્યગ્દર્શનની સાથે ચારિત્ર તો આનંદ લઈને પ્રગટ થયું છે. અતીન્દ્રિય આનંદમાં રેલમછેલ, આનંદના ઝુલે ઝુલે, આનંદના ઝુલે ઝુલતા ચારિત્ર પ્રગટ થયું છે. દુઃખ ક્યાં આવ્યું? અગ્નિમાં શેકી નાખો તો અંદર આનંદ છે. આહા..! દુનિયા દેખે દુઃખી, જ્ઞાની જાણે આનંદ. સમજાય છે કાંઈ?

તો કહે છે કે સાધુને, સમ્યગ્દષ્ટિ સાધુને ચારિત્રવંતને પણ (બીજા) ચારિત્રવંત પ્રત્યે અનુગમન, અભ્યુત્થાન **'વિનીત વર્તનની પ્રવૃત્તિ...'** લ્યો. વિનય વર્તનની પ્રવૃત્તિ. બહુમાન બહુમાન. પધારો સંત પધારો! ઓહો..! એમ એક મુનિ બીજા મુનિની સાથે ... હોં! એ પ્રવૃત્તિ

'**શુદ્ધાત્મપરિણતિના રક્ષણને નિમિત્તભૂત...**' જુઓ! વ્યવહારની કથનશૈલી. બપોરે ચાલે છે. સમજાય છે કાંઈ? પોતાની શુદ્ધાત્મપરિણતિમાં રાગની અપેક્ષા પણ પોતામાં નથી. તો નિમિત્તભૂત બીજાની પ્રવૃત્તિ ... થાય છે એમ નથી. ઓ..હો..! આ નિમિત્તનું જ્ઞાન કરાવે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! '**વર્તનની પરિણતિ તથા શુદ્ધાત્મપરિણતિના રક્ષણને નિમિત્તભૂત...**' નિમિત્તભૂત. શુદ્ધાત્મપરિણતિની રક્ષાનો વિકલ્પ એને હોય છેને. એમને વંદન કરવા, વૈયાવચ્ચ કરવી. એ આગળ વૈયાવચ્ચ આવશે. એ શુદ્ધાત્મપરિણતિના રક્ષણને નિમિત્તભૂત. શુદ્ધાત્પપરિણતિ તો પોતાથી છે, પોતાથી છે પણ એને વ્યવહારથી નિમિત્તભૂત કહેવામાં આવ્યું છે. ઓ..હો..હો..!

'**શ્રમ દૂર કરવાની...**' શ્રમ શ્રમ. એવો નિમિત્તભૂત શ્રમ દૂર કરવા માટે. શ્રમ છેને, શરીરનો થાક આદિ. અંદરમાં તો છે જ નહિ, હોં! પણ શરીરમાં થાક છે, એટલો જરી વિકલ્પ પણ મુનિને ઉઠે છે. ... કરવાનો જરી. તો એમાં '**શ્રમ દૂર કરવાની (વૈયાવૃત્યરૂપ) પ્રવૃત્તિ...**' કરે. એક મુનિ બીજાની સેવા કરે. શુભરાગી, શુભઉપયોગી મુનિ બીજાની સેવા કરે. સાફ કરે, ઉલ્ટી થઈ હોય, ... પગ દાબે, આમ કરે. (બહારની) ક્રિયા જડની થાય છે તે થાય, પણ એના ભાવમાં એમ આવ્યું કે હું એની વૈયાવચ્ચ કરું. એ શુભ પરિણામ મુનિના પુણ્યાસ્રવરૂપ છે. એનાથી પુણ્યાસ્રવ થાય છે. પુણ્યાસ્રવ થાય છે એટલે મિથ્યાદૃષ્ટિ છે એમ નહિ. અને પુણ્યાસ્રવ થયો તો ચારિત્ર ચાલ્યું ગયું એમ પણ નથી. પુણ્યાસ્રવ થાય છે. દેખો! હવે શું કહે છે?

'**તે શુભોપયોગીઓને માટે દૂષિત (દોષરૂપ, નિંદિત) નથી...**' દેખો! '**ण णिंदिदा**' શબ્દ પડ્યો છેને. નિશ્ચયથી તો નિંદિત છે. નિશ્ચયથી તો શુભઉપયોગ નિંદા કરવાલાયક છે, ઝેર છે. વિકાર છે મુનિને શુભરાગ આવ્યો તે પણ. પણ વ્યવહારથી નિંદિત નથી અર્થાત્ એની ચારિત્રની જે ભૂમિકા છે એમાં એ દોષ ભલે આવ્યો, પણ ચારિત્રમાં હજી વિઘ્ન કરતો નથી. સમજાય છે કાંઈ? એ તો પૂર્ણ વિશેષ થવામાં ભલે વિઘ્ન હો, વર્તમાન ચારિત્રમાં જે શુભરાગ આવ્યો તે નિર્મળ પરિણતિમાં કોઈ દોષ કરતો નથી. ભારે કઠણ વાત. સમજાય છે કાંઈ? અહીં '**ण णिंदिदा**'. ત્યાં સમયસારમાં કહે કે શુભરાગ ઝેર છે. બે પ્રકારે કથનપદ્ધતિ છે. તો '**णिंदिदा**' '**ण णिंदिदा**' એમ બે પ્રકારની કથનશૈલી છે. એક નિશ્ચયની, એક વ્યવહારની. વ્યવહારથી '**ण णिंदिदा**' એમ કહેવામાં આવ્યું છે. ખરેખર તો નિંદિત છે, ... છે. સમજાય છે કાંઈ? ... શું કરવા કરે છે? કરે કોણ? એ આવ્યા વિના રહે નહિ. પંચ પરમેષ્ઠીની ભક્તિ, પૂજા.. પૂજાની વાત આવશે. ભગવાનની પૂજાનો પણ શુભરાગ આવે છે. મુનિઓને શુભરાગ સ્તુતિ, ભક્તિથી આવે છે. અને સમકિતદૃષ્ટિને પૂજાથી પણ આવે છે. ક્રિયા થવાની હોય તો થાય, પણ રાગ આવે છે તે પુણ્યાસ્રવ છે. અંદરથી ભિન્ન જેટલી શુદ્ધ પરિણતિ વર્તે છે તે ધર્મ છે. સમજાય છે કાંઈ?

શુભોપયોગીઓને માટે નિંદિત નથી. એમ. શુભોપયોગી તો છે. એને માટે નિંદિત નથી. એ તો આવવાની વસ્તુ આવી છે. '**(અર્થાત્ શુભોપયોગી મુનિઓને આવી પ્રવૃત્તિનો નિષેધ નથી).**' કેમકે પ્રવૃત્તિનો નિષેધ અશુભનો થયો. ... ... સમજાય છે કાંઈ? અહીં તો દોરે દોરે કામ

લ્યે છે. ... એ ૨૪૭ ગાથા થઈ. '**(અર્થાત્ શુભોપયોગી મુનિઓને આવી પ્રવૃત્તિનો નિષેધ નથી)**'.

'**હવે, શુભોપયોગીઓને જ આવી પ્રવૃત્તિઓ હોય છે એમ પ્રતિપાદન કરે છે :–**' આગળ વિશેષ કહે છે. ... કહ્યું તો ખરું. ... એને માટે આવી પ્રવૃત્તિ હોય છે. ૨૪૮.

**दंसणणाणुवदेसो सिस्सग्गहणं च पोसणं तेसिं।**
**चरिया हि सरागाणं जिणिंदपूजोवदेसो य।।२४८।।**

કુંદકુંદાચાર્ય મહારાજ ફરમાવે છે. સંત શુદ્ધાત્મ વીતરાગી દશાવાળા છે એમને શુભરાગ આવ્યો, તો શુભરાગની પ્રવૃત્તિ ક્યા પ્રકારની કેટલી છે? હેઠે અર્થ કર્યો છે. 'અભ્યુત્થાન—માનાર્થે ઊભા થઈ જવું તે.' 'અનુગમન—પાછળ ચાલવું તે.' 'વિનીત—વિનયયુક્ત, સન્માનયુક્ત, વિવેકી, સભ્ય.' થવું. અર્થ કર્યો. દરેકનો અર્થ કર્યો છે. હવે ટીકા, ૨૪૮ની ટીકા.

'**અનુગ્રહ કરવાની ઈચ્છાપૂર્વક...**' ઓ..હો..! દેખો! ધર્માત્મા મુનિ છે એ બીજા પ્રત્યે કૃપા કરે છે, અનુગ્રહ કરે છે. અરે..! આ જગતના જીવ ધર્મ સમજે, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સમજે. એવો અનુગ્રહ કરવાની ઈચ્છાપૂર્વક, હોં! '**અનુગ્રહ કરવાની ઈચ્છાપૂર્વક દર્શનજ્ઞાનના ઉપદેશની પ્રવૃત્તિ...**' સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાનના ઉપદેશની પ્રવૃત્તિ. મુનિ પણ આવો ઉપદેશ કરે છે તો એમાં રાગ આવે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– નબળાઈ છે. કર્તવ્ય માની લ્યે છે અને હું કરું છું એમ માને છે. કરવાલાયક છે. દૃષ્ટિ ત્યાં રહી. ... ખોટી છે, એ તો મિથ્યાદૃષ્ટિ છે. આ તો આવે છે એને વ્યવહારથી કરે છે એમ કહેવામાં આવે છે. નિશ્ચયથી કરે એમ પણ નથી. હું શુભરાગ કરું. તો રાગ કરવાલાયક માન્યો તો દૃષ્ટિ મિથ્યા થઈ ગઈ. આવે છે, વ્યવહારનયથી કહે છે કે એ વ્યવહાર રાગ કરે છે. એ વ્યવહારનું કથન છે, વસ્તુસ્વરૂપ એમ નથી. સમજાય છે કાંઈ?

'**અનુગ્રહ કરવાની ઈચ્છાપૂર્વક...**' આ શબ્દ કેમ લીધો છે? બીજાને હું ઉપદેશ કરું તો મારી આબરુ વધી જાય, કીર્તિ વધી જાય, લોકો મને પંડિત કહે, મુનિ કહે એવી ઈચ્છાથી નહિ. ઉપદેશ દેવાવાળાની એવી ઈચ્છા નથી. અનુગ્રહપૂર્વક કૃપા કરે છે, અરે..! આ પ્રાણીને હું સમ્યગ્દર્શન, જ્ઞાનની સાચી વાત કહું. બસ! અનુગ્રહ કરવાની ... એની પાસેથી લેવાનો ભાવ કે એ મને મોટો કહે, મોટો માને તો એ અનુગ્રહપૂર્વક રાગ છે જ નહિ. એ તો મલિન રાગ થયો. સમજાય છે કાંઈ? '**અનુગ્રહ કરવાની ઈચ્છાપૂર્વક દર્શનજ્ઞાનના ઉપદેશની પ્રવૃત્તિ...**' દર્શનજ્ઞાનનો ઉપદેશ. સાચું સમ્યગ્દર્શન, સાચું જ્ઞાન એનો ઉપદેશ કરે છે એની પ્રવૃત્તિ. વાણી તો વાણીને કારણે નીકળે છે. પણ ભાવ એવો અનુગ્રહ કરવાનો દર્શનજ્ઞાનના ઉપદેશનો આવે છે. તેને ઉપદેશની પ્રવૃત્તિ કહેવામાં આવી છે. ઉપદેશ તો વાણીને કારણે વાણી નીકળે છે. ઓહો..! વ્યવહારની કથની અને નિશ્ચયની કથની. વ્યવહારની કથની નિમિત્તનું જ્ઞાન કરાવે છે. નિશ્ચયની વસ્તુ યથાર્થ સ્વરૂપ છે એમ બતાવે

છે. એક વાત.

'**દર્શનજ્ઞાનના ઉપદેશની પ્રવૃત્તિ...**' શું કહે છે? રાગના ઉપદેશની પ્રવૃત્તિ એમ નથી લીધું. દર્શનજ્ઞાનના ઉપદેશની પ્રવૃત્તિ. સમ્યગ્દર્શન, જ્ઞાન શું છે તે બતાવવાની પ્રવૃત્તિ શુભરાગમાં આવે છે. ભાઈ! આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એ રાગથી રુચિ ખસેડીને સમ્યગ્દર્શન કરો અને ભગવાન આત્માનું તમે જ્ઞાન કરો. એવા અનુગ્રહપૂર્વકમાં દર્શનજ્ઞાનના ઉપદેશની પ્રવૃત્તિ. સમજાય છે કાંઈ? રાગ કરો એવી પ્રવૃત્તિ નહિ. આહા..! '**શિષ્યગ્રહણની પ્રવૃત્તિ,...**' શિષ્યગ્રહણ અર્થાત્ શિષ્ય તો છે એને આહાર-પાણી મળ્યા કે નહિ એવી ચિંતાનો વિકલ્પ આવે છે. ... આહાર મળ્યો કે નહિ? આહારમાં કોઈ ઔષધિ આવી કે નહિ? એવી ચિંતાનો વિકલ્પ થવો એને શિષ્યગ્રહણનું પોષણ કહેવામાં આવે છે. પોષણ કોણ કરી શકે છે? ભારે ભાઈ! બીજા દ્રવ્યનું પોષણ કરી શકે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં કોઈ દ્રવ્યમાં નથી. પણ એમને વિકલ્પ આવે છે. બાળક છે, રાજા આદિ (મુનિ) થયા છે. આઠ વર્ષનો રાજકુમારે દીક્ષા લીધી. સુંદર શરીર, નાની મોર પીંછી, કમંડળ, મણિરત્ન જેવું શરીર. ભિક્ષા માટે મુનિ ગયા હતા. ... એવો વિકલ્પ આવે છે. મહામુનિ.

જુઓને, ભરત ચક્રવર્તી.. સમજ્યા? ભરત ચક્રવર્તી. ... સોળ સોળ વર્ષના રાજકુમાર. ભરતના રાજકુમાર આમ રત્નની ગેડીએ રમતા હતા. રમતા હતા. બધામાં પૂરા. જ્યોતિષમાં પૂરા, જ્ઞાનમાં પૂરા, દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ બધામાં પૂરા. એટલું તો એને જ્ઞાન. અઢાર વર્ષની ઉંમર. અને સેંકડો ચક્રવર્તીના રાજકુમાર ગેડીએ રમતા હતા. રમતા રમતા એક માણસ આવ્યો, અન્નદાતા! જયકુમાર? જયકુમાર ભરતના સેનાપતિ દીક્ષિત થયા. .. હીરા માણેકના ... ઝરીના લુગડા-કપડા. રમતા હતા, સાંભળ્યું, જયકુમાર, સુલોચનાના પતિ નગ્ન દિગંબર મુનિ થઈ ગયા ભગવાન પાસે. આ..હા..! ... રક્ષક સાથે નીકળ્યા હતા. રાજાના પુત્ર છેને. સાથે રક્ષક હતા એને કહે, ચાલો ભાઈ, ચાલો ભાઈ. એમ કરતાં કરતાં ભગવાન પાસે લઈ ગયા. અને સાથે રક્ષક હતા એને કહે, ચાલો ભાઈ. ક્યાં જાઓ છો? ચાલો, ચાલો. રાજકુમારને બહુ વૈરાગ્ય.. સેંકડો રાજકુમાર ભગવાન પાસે જઈને દીક્ષિત થઈ ગયા. દીક્ષિત થયા અને સાથે જે રક્ષક હતા.. અરે..રે..! અમે માતાને શું જવાબ આપશું? એમની માતાએ તો અમને રક્ષણ કરવાનું કહ્યું હતું. આ રાજકુમારે ખુલાસો કર્યો નહિ. ચાલો ભાઈ આગળ, ચાલો ભાઈ આગળ એમ કરતા કરતા સમવસરણમાં ગયા અને દીક્ષિત થઈ ગયા. નગ્ન મુનિ ભાવલિંગી સંત થઈ ગયા.

બીજા મુનિને એવો વિકલ્પ (આવે છે કે) આ રાજકુમાર છે, એક ટંક પણ કદી કંઈ છૂટ્યું નથી, ઠંડી જોઈ નથી, ગરમી જોઈ નથી. એવો વિકલ્પ આવે છે, શુભરાગ. એનું નામ શિષ્યનું પોષણ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? ... ભરત ચક્રવર્તી આવે છે. એની માતાને ખબર પડે છે અને માતા તો રોવે. ભરત પાસે ગયા બધા. (ભરત કહે છે) શું રડો છો? સમાધાન કરો. અમારે એક પુત્ર હતો. તમારે ઘણી રાણીના ઘણા પુત્ર, તમારે શું છે? ... ભરતને કહે છે. અમારો એકમાત્ર પુત્ર ચાલ્યો ગયો. મુનિપણું (લીધું). ... સમાધાન કરો, સમાધાન કરો. ... ઓહો..! ધન્ય

અવતાર! જેણે સફળ કર્યા. છેલ્લું શરીર, કેવળજ્ઞાન પામીને મોક્ષ જશે. સમજાય છે કાંઈ? એવી કલ્પના, શુભરાગ ભરતને પણ આવ્યો. માતાએ સમાધાન કર્યું. અને મુનિઓને ... ઓ..હો..હો..! ઈન્દ્રના જાણે અવતાર હોય! રતનની પૂતળી. આનંદમાં ઝુલતા હતા. સાધુપદ લઈને અંતર સાધનમાં આવી ગયા. એને ... તો એવો વિકલ્પ આવે છે. રાજકુમારે હમણાં દીક્ષા લીધી છે. એને શિષ્યપોષણ કહેવામાં આવે છે.

**'તેમના પોષણની પ્રવૃત્તિ...'** ગ્રહણની પ્રવૃત્તિ. શિષ્ય બનાવવા એ શુભરાગ છેને. શિષ્યને ગ્રહણ કરવા. સાધુપદ દેવું એ પણ શુભરાગ છે, દેવાવાળાનો શુભરાગ છેને. પંચ મહાવ્રત તમને આપું છું. ... અને **'તેમના પોષણની પ્રવૃત્તિ...'** જરીક વિકલ્પ આવ્યો. સમજાય છે કાંઈ? **'અને જિનેન્દ્રપૂજાના ઉપદેશની પ્રવૃત્તિ...'** મુનિ એવો ઉપદેશ આપે. જિનેન્દ્રનું પૂજન, સર્વજ્ઞ ભગવાનનું પૂજન.. સમજાય છે કાંઈ? એમના પૂજનના ઉપદેશની પ્રવૃત્તિ **'શુભોપયોગીઓને જ હોય છે,...'** શુભરાગ આવ્યો તો થાય છે. શુદ્ધઉપયોગમાં તો ઉપદેશ છે નહિ. **'શુદ્ધોપયોગીઓને નહિ.'** અનેકાંત કર્યું. શુભરાગવાળાને આવા ઉપદેશની પ્રવૃત્તિ હોય છે. સ્વરૂપમાં ઠરી ગયા એમને તો પ્રવૃત્તિ હોતી નથી. તો એને પણ વ્યવહાર પ્રવૃત્તિમાં આવા આવા પરિણામ આવે છે. એનું જ્ઞાન કરાવ્યું છે. આદર કરવાની વાત નથી. એનું જ્ઞાન કરાવ્યું. આદર કરવો, એકલો શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા. બેય વાતનો અહીંયા ખુલાસો કર્યો છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૭, ગુરુવાર, તા. ૨૦.૯.૧૯૬૨**
**ગાથા-૨૪૯, ૨૫૦, પ્રવચન-૧૬**

આ પ્રવચનસાર ચાલે છે. એમાં પહેલા મોક્ષમાર્ગનો અધિકાર ચાલે છે. મોક્ષમાર્ગ શું છે? આ આત્મા શુદ્ધ આનંદ શુદ્ધ પવિત્ર છે. એમાં પુણ્ય-પાપના વિકલ્પથી રહિત પોતાનો સ્વભાવ શુદ્ધ આનંદનો અનુભવ, એની પ્રતીતિ અને એ શુદ્ધ સ્વભાવમાં લીનતા, રમણતા તે એક જ મોક્ષમાર્ગ છે. સમજાય છે કાંઈ? શુદ્ધ આત્મા પવિત્ર સચ્ચિદાનંદ સ્વરૂપ, શુદ્ધ પરમાનંદમૂર્તિ એમાં અંતરમાં આનંદનો અનુભવ કરીને પ્રતીત કરીને સ્વરૂપમાં લીન થવું તે એક જ મોક્ષમાર્ગ છે. વચ્ચે રાગ આવે છે તે મોક્ષમાર્ગ નથી. સમજાય છે કાંઈ? એ વાત કહે છે. મોક્ષમાર્ગની વાત તો કરી. શું? મોક્ષમાર્ગી જીવને મુનિઓને કોઈ શુભરાગ આવે છે કે નહિ? એ વાત ચાલે છે. સમજાય છે કાંઈ?

શુભરાગ છે એ પુણ્યબંધનું કારણ છે, ધર્મ નહિ. શુભરાગથી પુણ્યાસ્રવ થાય છે. તો એવો

પુણ્યાસ્રવ ભાવ... મોક્ષમાર્ગી સંતો પોતાના આનંદના અનુભવમાં દષ્ટિ, જ્ઞાન અને લીનતા થઈ તો એમને શુભરાગ (પણ) આવે છે કે એકલા શુદ્ધ જ છે? તો કહે છે કે એ જ્યારે છઠ્ઠી ભૂમિકામાં છે, છઠ્ઠું ગુણસ્થાન, ત્યાં એમને પણ શુભરાગ આવે છે. '**હવે, બધીયે પ્રવૃત્તિઓ શુભોપયોગીઓને જ હોય છે એમ નક્કી કરે છે :—**' જેટલા દયા, દાન, વ્રત, નિયમ, ભક્તિ, વૈયાવૃત્ત, નમન, સ્તુતિ, સ્તવન એ બધા શુભભાવ છે એ શુભ રાગીને જ એ ભાવ હોય છે. શુભોપયોગીને એ શુભરાગ છે. શુદ્ધમાં ઠર્યા છે, શુદ્ધ ઉપયોગ આનંદમાં ઠરી ગયા, સ્થિર થઈ ગયા નિર્વિકલ્પ આનંદમાં એમને તો શુભરાગ છે નહિ. તો જેટલી વ્યવહારરૂપ પ્રવૃત્તિ સર્વજ્ઞની આજ્ઞામાં ઉપચારથી કહી છે (તે બધી પ્રવૃત્તિ શુભોપયોગીને જ હોય છે). યથાર્થ આજ્ઞા તો અનુભૂતિની જ છે. શુદ્ધ ચૈતન્ય નિર્વિકલ્પ આનંદ પવિત્ર ભગવાન આત્મા, એના આનંદમાં વીતરાગી પરિણતિ કરવી તે જ ભગવાનની મુખ્ય આજ્ઞા છે. કમલચંદજી! વીતરાગની આજ્ઞા છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ આવે છે શું? જેટલી પ્રવૃત્તિ દયાની, ઉપદેશની, વ્રતની, સ્તુતિની, સ્તવનની, ભગવાનના સ્મરણની, જાપની પ્રવૃત્તિ આવે છે તે શુભોપયોગીને આવે છે. જ્યારે સ્વરૂપમાં ઠરી શકતા નથી અને શુભરાગ આવ્યો તો એમાં શુભરાગની પ્રવૃત્તિ છે. જડની ક્રિયા તો જડથી થાય છે, આત્માથી થતી નથી. પણ અહીંયા શુભ ઉપયોગની પ્રવૃત્તિ શુભરાગવાળાને હોય છે. એ ૨૪૯માં બતાવે છે.

**उवकुणदि जो वि णिच्चं चादुव्वण्णस्स समणसंघस्स।**
**कायविराधणरहिदं सो वि सरागप्पधाणो से।।२४९।।**

'**ટીકા :— સંયમની પ્રતિજ્ઞા કરી હોવાથી...**' મુનિ છે મુનિ. અહીંયા મુનિની વાત ચાલે છેને. શુદ્ધ ઉપયોગમાં રહી ન શકે એની વાત ચાલે છે. મુનિને સદાય કંઈ શુદ્ધ ઉપયોગ રહેતો નથી. શાસ્ત્ર બનાવવાનો રાગ, સાંભળવાનો રાગ, ભગવાનની દેશના સાંભળવાનો રાગ, શાસ્ત્ર વાંચવાનો રાગ એવો મુનિને શુભરાગ આવે છે. તો '**સંયમની પ્રતિજ્ઞા કરી હોવાથી...**' મુનિએ તો સંયમની પ્રતિજ્ઞા કરી છે. '**છ કાયની વિરાધના વિનાની...**' પૃથ્વીકાય જીવ, જલકાયના જીવ, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ, છ કાયના મન, વચન, કાયાથી કરવું, કરાવવું, અનુમોદનથી વિરાધના જેને છૂટી ગઈ છે. છ કાય જીવ છેને? છ કાય. પૃથ્વી, કાંકરા આદિ, આ પત્થર આદિ હોય છે, ... એ પત્થરમાં એક કણીમાં અસંખ્ય જીવ છે. એક કણમાં અસંખ્ય પૃથ્વીકાય જીવ છે. આ મકાન તમે મોટા મોટા બનાવો છો કે નહિ? તો ખાણમાંથી પત્થર આવતા હશે કે નહિ? ખાણમાંથી. ઉપરથી નહિ, ખાણમાંથી કાઢે છેને ધોળો પત્થર, લાલ પત્થર. તો એની એક કણી, રાઈ જેટલી એક કણીમાં અસંખ્ય ઔદારિક શરીર છે. અને એક એક શરીરમાં એક પૃથ્વીકાયનો જીવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

અને આ જળકાય. આ જળ છેને? પાણી. સીધું કૂવામાંથી કાઢે છે સીધું. એમાં થોડા કણમાં

અસંખ્ય શરીર છે અને એક એક શરીરમાં એક એક જીવ છે જળકાયના. કૂવામાંથી જળ નીકળે છેને? પાણી. .... એમાં એક કણી ... ઊડેને આટલી, એમાં તો અસંખ્ય જીવ છે જળકાયના. એક એક શરીર છે અને એક એક શરીરમાં એક એક જીવ. એ ...માં અસંખ્ય શરીર અને અસંખ્ય જીવ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ના, ના, ના. એ તો ઊનું હોય તો મરી જાય. કાઢવાની વાત નથી. ગરમ હોય, બહુ ઠંડી લાગી જાય તો મરી જાય, નહિ તો નથી મરતા. પાણીમાંથી નીકળીને એને ગરમી લાગી જાય તો થોડા મરી જાય. જેટલું ગરમ શરીરને અડેને, ...

મુમુક્ષુ :— ગાળવામાં...

ઉત્તર :— ગાળવાનું એ તો ત્રસને માટે. એમાં ત્રસ ન આવી જાય. એ ત્રસ પણ ઘણા સૂક્ષ્મ છે તે પણ થોડા તો આવી જાય છે. જરી ઝીણી વાત છે. અંગુલના અસંખ્ય ભાગમાં બેઇન્દ્રિય, ત્રિઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પંચેન્દ્રિયની અવગાહના કહી છે ભગવાને. સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવે એક તસુના અસંખ્યમાં ભાગમાં એની અવગાહના (જોઈ છે). અવગાહના સમજ્યા? પહોળાઈ. એ તો જળને ગાળવાનું હોયને? શું કહે છે? ગળણું. એમાં પણ અસંખ્ય ભાગમાં કોઈ પંચેન્દ્રિય હોય તો અંદર નીચે ચાલ્યા જાય છે. ગળ્યું હોય તોપણ. પણ એ તો .. પર્યાય છે. મોટા ત્રસ હોય, વિશેષ હોય તો ગળવામાં ઉપર રહી જાય. ઘણા સૂક્ષ્મ હોય તો અંદર આવી જાય. આવી જાય છે અને પાણીમાં પણ જળકાયના એકેન્દ્રિય જીવ છે. તો એની વિરાધના (નહિ) કરવાની મુનિને પ્રતિજ્ઞા છે. સમજાય છે કાંઈ? એને માટે પાણી બન્યું હોય, કમંડળમાં નાખવાનું, બન્યું હોય તો ન લે, પ્રાણ જાય તો ન લે. કેમકે છ કાયની વિરાધનાની પ્રતિજ્ઞા લીધી છે કે મારે વિરાધના કરવી નથી. ... પાણી નિર્દોષ મળે તો લ્યે. પાણી નિર્દોષ મળે, એમને માટે બનાવ્યું ન હોય અને એવું કોઈ નિર્દોષ પાણી ઊનું પડ્યું હોય તો લે. કઠણ વાત છે. સંતની, મુનિની દશા, વીતરાગ સંતોની દશાની વાત બહુ અલૌકિક વાત છે. સાધારણ જનતાની સાથે તુલના કરે તો તુલના થઈ શકે નહિ. તો મુનિને પૃથ્વીકાયની વિરાધનાનો ત્યાગ છે, જળકાયનો ત્યાગ છે.

અગ્નિ. દિવાસળી. એ દિવાસળીમાં જે અગ્નિ ભડકો થયો એમાં અસંખ્ય અગ્નિના એકેન્દ્રિય જીવ છે. તણખો ઝરે છેને. એમાં તણખામાં અસંખ્ય શરીર, એક એક શરીરમાં એક અગ્નિકાયનો એકેન્દ્રિય જીવ છે. એની પણ વિરાધના કરવાનો ત્યાગ છે મુનિને. અને વાયુ. પવન છેને? પંખો નાખવો કે આમ નાખવું એનો ત્યાગ છે એમને. કેમકે વાયુમાં પણ એટલું .. છેને, ત્યાં અસંખ્ય જીવ છે. એક એક શરીરમાં એક એક જીવ એનો ત્યાગ છે. ફૂંક મારવી, કે આમ ઠંડુ કરવું, પાણી આમ ગરમ હોયને તો ફૂ કરીને (ઠંડુ કરવું) એમ નથી કરી શકતા. કેમકે વાયુના જીવની વિરાધના થાય છે. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ.

વનસ્પતિ. આ લીંબડાનું પત્તુ હોયને, લીંબડાનું એક પત્તુ એમાં અસંખ્ય એકેન્દ્રિય જીવ છે,

અસંખ્ય. જેમાંથી રાઈ રાઈ જેટલી કણી બનાવો તો આ જંબુદ્વીપમાં સમાઈ શકે નહિ. એટલા અસંખ્ય જીવ છે, એ લીંબડાના એક પાંદડામાં. લ્યો, આ જયપુરવાળાએ સાંભળ્યું નહિ બરાબર. ... એ આંબાનું મૂળ છેને, .. જુદું છે, પણ એક એક ડાળમાં, એક એક પાંદડામાં, એની એક એક રગમાં ... હોય છે અને એમાં અસંખ્ય જીવ સાથે બીજા છે. બહુ લાંબી વાત છે આ જૈનદર્શન વીતરાગની.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... છે. વનસ્પતિ હરિકાયના જીવ છે. સમજાય છે કાંઈ? અને બટાટા, શક્કરકંદ, સુરણ એની એક કણી રાઈ જેટલી એમાં અનંત જીવ છે. શરીર અસંખ્ય છે, એક શરીરમાં જીવ અનંત છે. એની વિરાધનાનો મુનિને ત્યાગ છે. એમને માટે .. બનાવીને કોઈ દે તો લેતા નથી. સમજાય છે કાંઈ?

અને ત્રસકાય. ... બેઈન્દ્રિય, ઈયળ. ત્રણ ઈન્દ્રિય, કીડી, મકોડા. ચૌઈન્દ્રિય, પંચેન્દ્રિય ... છ કાયની વિરાધનાથી રહિત મુનિને પ્રતિજ્ઞા છે. છ કાયની વિરાધના થાય અને બીજા મુનિની સેવા કરે એમ બની શકે નહિ. મુનિ છે અને બીજાને રોગ આવ્યો, લાવો ભાઈ થોડા પાંદડા લાવો. આંકડાના પાંદડા લાવો, પાણી લાવો. એ મુનિ નથી કરતા. બીજા મુનિની વૈયાવચ્ચ (કરવામાં) છ કાયના એક પણ જીવની વિરાધના થાય એવી સેવા મુનિ મુનિની નથી કરી શકતા. સમજાય છે કાંઈ?

તો કહે છે કે, '**છ કાયની વિરાધના વિનાની જે કોઈ પણ, શુદ્ધાત્મપરિણતિના રક્ષણને નિમિત્તભૂત...**' શું કહે છે? સામે સંત છે મુનિ, પોતામાં રાગ આવ્યો, સામે સંત છે, કેવા છે મુનિ? શુદ્ધાત્મ વીતરાગ પરિણતિ પ્રગટ થઈ છે. નિર્વિકલ્પ આત્માની નિર્દોષ દશા (પ્રગટ થઈ છે). રાગ, પુણ્ય, દયા, દાનના વિકલ્પથી પણ રહિત. જેને આત્મા અખંડાનંદ પવિત્ર ચૈતન્ય ભગવાનના આનંદની પવિત્રતાની પરિણતિ નામ પર્યાય પ્રગટ થઈ છે એમને અહીંયા મુનિ કહેવામાં આવે છે. એવી '**શુદ્ધાત્મપરિણતિના રક્ષણને...** ' એ તો નિમિત્તનું કથન છે. શુદ્ધાત્મપરિણતિ અર્થાત્ નિશ્ચય ભાવપ્રાણની રક્ષા. મુનિ પોતાના જ્ઞાન, દર્શન, સત્તા, આનંદ એવી શક્તિની પ્રગટ પર્યાયને પોતાના પુરુષાર્થથી, ત્યાં નિશ્ચયપ્રાણનું રક્ષણ પોતાના પુરુષાર્થથી કરે છે. સમજાય છે કાંઈ? નિશ્ચયપ્રાણ મુનિ પોતાનો શુદ્ધ સ્વભાવ ચૈતન્ય ભાવપ્રાણ, આનંદ ભાવપ્રાણ, જ્ઞાન ભાવપ્રાણની શ્રદ્ધા, જ્ઞાન, રમણતામાં પ્રગટ ભાવપ્રાણ થયા તેની નિર્વિકલ્પ શુદ્ધાત્મ પરિણતિની મુનિ પોતાની રક્ષા કરે છે. એની સેવા કરનાર છ કાયના વિરાધના વિના સેવા કરી શકે છે. પગ દાબવા કે થૂંક કાઢવું, બળખું આવ્યું હોય તો લઈ લેવું, સાફ કરવું, પણ એમાં કોઈ છ કાયની વિરાધનાની ક્રિયા મુનિ મુનિને માટે કરી શકતા નથી. સમજાય છે કાંઈ? જુઓ! શું કહે છે?

'**શુદ્ધાત્મપરિણતિના રક્ષણને નિમિત્તભૂત...**' ઓહો..હો..! શું કથન ચરણાનુયોગનું! આ

ચરણાનુયોગનું કથન છે. નિશ્ચયમાં પોતાનો શુદ્ધ સ્વભાવ, પોતાની રક્ષા પોતાના પુરુષાર્થથી પોતામાં થાય છે. બીજો કોઈ કરી શકતો નથી. નિશ્ચયથી નિરપેક્ષ નિમિત્તની અપેક્ષા વિના, વિકલ્પ નામ રાગની અપેક્ષા વિના પોતાના આનંદ અતીન્દ્રિય શાંતરસ, અધ્યાત્મ આનંદરસની પરિણતિની રક્ષા સ્વયમેવ રાગ અને નિમિત્ત વિના આત્મા કરે છે. એ નિશ્ચયની યથાર્થ વસ્તુ (છે). પણ એમાં નિમિત્તભૂત, વ્યવહારભૂત અભૂતાર્થનયથી કહેવામાં આવે છે... ઓહો..હો..! કે શુદ્ધાત્મપરિણત જે મુનિ પોતાના આનંદ નિર્વિકલ્પ વીતરાગભાવમાં ઝુલે છે, મુનિ વીતરાગભાવમાં ઝુલે છે એવા મુનિને નિમિત્તભૂત '**ચાર પ્રકારના શ્રમણસંઘને ઉપકાર કરવાની પ્રવૃત્તિ,...**' શું કહે છે? એક મુનિને પોતામાં શુભરાગ આવ્યો ને બીજા મુનિ શુદ્ધાત્મપરિણતિમાં લીન છે, વીતરાગદશાવાળા મુનિ છે... જેની શ્રદ્ધામાં પુણ્યથી ધર્મ થશે, શરીરની ક્રિયાથી ધર્મ થશે એવા માન્યતાવાળા તો મિથ્યાદૃષ્ટિ છે, એ જૈન નથી, જૈન સાધુ પણ નથી. સમજાય છે કાંઈ? એ કોઈ જૈન મુનિ કે જૈન સમકિતી નામ ધરાવીને એમ કહે કે પુણ્ય ધર્મ, દયા, દાન, વ્રતના પરિણામ આવે છે તેનાથી ધર્મ થશે અને ધર્મનું કારણ છે એમ માનનાર તો મિથ્યાદૃષ્ટિ છે. કેમકે રાગથી, પુણ્યથી ધર્મ ત્રણ કાળમાં થશે નહિ. ઓહો..હો..! ભારે કઠણ વાત. એવાની સેવા કરવી એ તો મિથ્યાત્વનું પોષણ છે. ભગવાનજીભાઈ!

સચ્ચિદાનંદ પ્રભુ પોતાનો શુદ્ધ આત્મા એકલો વીતરાગસ્વભાવથી અધિકારી ભરેલો પડ્યો છે, એની પ્રગટપણે વીતરાગ પરિણતિમાં રહેનારા, એમાં નિમિત્તભૂત સંતોની ક્રિયા રાગની નિમિત્તભૂત રક્ષણ કરે છે એમ વ્યવહારનયથી કહેવામાં આવે છે. પણ '**ચાર પ્રકારના શ્રમણસંઘને ઉપકાર કરવાની પ્રવૃત્તિ...**' વળી ઉપકાર તો નથીને? એકબીજાને ઉપકાર તો કરી શકતા નથી. પણ નિમિત્ત થાય છે તો ઉપકાર કરે છે એમ આરોપથી કરીને કથન કરવામાં આવ્યું છે. આહા..હા..! પોતાનો આત્મા પોતાનો જ ઉપકાર કરી શકે છે. શુદ્ધ આનંદ અને જ્ઞાનાનંદની પરિણતિ પ્રગટ કરીને પોતાનો ઉપકાર કરી શકે છે. બીજાનો ઉપકાર કરી શકતો નથી. પણ શુભરાગ આવ્યો છે, લક્ષ ગયું કે અહો! મહાસંત મુનિ વીતરાગી છે, એમને જરી રોગ આવ્યો, ઉલટી થઈ, ઉલટી કહે છેને? વમન થયું, આઠ દસ ગાઉ ચાલ્યા હોય તો હું એમની વૈયાવચ્ચ કરું એવો શુભરાગ આવે છે. એ શુદ્ધ પરિણતિમાં નિમિત્તભૂત ... વ્યવહારનયથી નિમિત્તભૂત કહેવામાં આવે છે.

'**ચાર પ્રકારના શ્રમણસંગને ઉપકાર...**' દેખો! 'શ્રમણસંઘને શુદ્ધાત્મપરિણતિના રક્ષણમાં નિમિત્તભૂત એવી જે ઉપકારપ્રવૃત્તિ શુભોપયોગી શ્રમણો કરે છે...' રાગવાળા જીવ. 'તે પ્રવૃત્તિ છ કાયની વિરાધના વિનાની હોય છે, કારણ કે તેમણે (શુભોપયોગી શ્રમણોએ) સંયમની પ્રતિજ્ઞા લીધેલી છે).' હવે શ્રમણના ચાર પ્રકાર. જુઓ! એમાં બહુ ગંભીરતા આવશે. મુનિ પોતાની શુદ્ધાત્મપરિણતિવાળા તો છે જ. બીજા મુનિ પણ વીતરાગ દશાવાળા છે, મુનિ ભલે છઠ્ઠે ગુણસ્થાને હો, આમને પણ પોતાની શુદ્ધ વીતરાગદશા, શ્રદ્ધા, જ્ઞાન, રમણતા છે. રાગ શુભ

આવ્યો. એ શુભરાગ ચાર પ્રકારના મુનિને ઉપકારમાં નિમિત્તપણે હોય છે. હવે જુઓ ઉપકારની વ્યાખ્યા. ચાર પ્રકારના સાધુ. '(૧) ઋષિ, (૨) મુનિ, (૩) યતિ અને (૪) અણગાર.' નીચે ફૂટનોટમાં છે. 'ઋદ્ધિવાળા શ્રમણ તે ઋષિ છે,...' જેમને ઘણી ઋદ્ધિ પ્રગટ થઈ છે. આહારકલબ્ધિ આદિ મોટી લબ્ધિ. તેને ઋષિ કહે છે. ઋષિ નામના પણ ઘણા ભેદ છે. બ્રહ્મઋષિ આદિ. 'અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અથવા કેવળજ્ઞાનવાળા શ્રમણ તે મુનિ છે;...' કેવળજ્ઞાની પણ મુનિ છે, અવધિજ્ઞાની, મનઃપર્યયજ્ઞાની મુનિ (છે). દેખો! કેવળજ્ઞાનીને શુભરાગવાળા, મુનિને શુદ્ધાત્મપરિણતિ તો છે, પણ શુભરાગ આવ્યો તો કેવળીને ઉપકાર કરે છે. કેવળીને શું ઉપકાર કરે છે? એમની વાત યથાર્થ અંદર પરિણમીને સમજે છે એ તેમનો ઉપકાર. સર્વજ્ઞ જે ભાવ કહે છે એવો પોતાની પરિણતિમાં ભાવ પ્રગટ કરવો તેને કેવળીને ઉપકાર કર્યો એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બીજું શું છે? સમજાય છે કાંઈ?

પોતાની શુદ્ધ પરિણતિમાં સર્વજ્ઞ નિમિત્ત થયા તો પોતાની શુદ્ધ પરિણતિનો ઉપકાર પોતામાં કરે છે તો નિમિત્ત ભગવાન થયા, તો એમને ઉપકાર કર્યો એમ આરોપથી કહેવામાં આવે છે. ઓહો..હો..! કથન! ભગવાનનો ઉપકાર. પોતાનો ઉપકાર એ ભગવાનનો ઉપકાર છે, એમ છે. પોતાનો ઉપકાર—રાગરહિત, પુણ્યરહિત, વ્યવહારરહિત નિશ્ચય આત્માની આનંદની પરિણતિ પ્રગટ કરવી તે જ ભગવાનનો ઉપકાર નિમિત્તથી કહેવામાં આવે છે. એમના અભિપ્રાયમાં એમ છે કે વીતરાગભાવ તે ધર્મ છે. તો વીતરાગભાવ ધર્મ જે પ્રગટ કરે છે, એ બહુમાન સર્વજ્ઞનું કર્યું એ સર્વજ્ઞનો ઉપકાર કર્યો એમ આરોપથી કથન કરવામાં આવ્યું છે. સેઠી! સેઠી કોઈ દિ' સાંભળ્યું નથી, લ્યો. પ્રવચનસાર તો જોયું છે કે નથી આ? જોયું છે. તો એમાં આ આવ્યું છે. જુઓ! કેવળીનો ઉપકાર કરે શુભરાગી મુનિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કેવળીનો. કેવળીએ કર્યો એવી વાત ક્યાં કરી? કેવળી તો ... કેવળીનો શુભરાગી ઉપકાર કરે. ઉપકાર કરેનો અર્થ શું? એ તો કેવળી છે, એમને શું ઉપકાર? ઈ તો ઈચ્છારહિત થઈ ગયા, વીતરાગ છે, પૂર્ણાનંદ છે. એ તો કોઈનો વિનય પણ કરતા નથી. સમજ્યા? કેવળી વિનય કોનો કરે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— રોગની વાત નથી. રોગની ક્યાં કરી? એમણે વીતરાગ પરિણતિ કહી તે (પ્રગટ) કરે છે તે કેવળીનો ઉપકાર કહેવામાં આવે છે. આજ્ઞા સમજીને અંદર ઠરવું તે. રોગની વાત ક્યાં છે? અને એમને ... ક્યાં છે? એ તો ના પાડીને પહેલી, કેવળીને રોગ-બોગ કેવા? સર્વજ્ઞને આહાર, નિહાર હોતો નથી. સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવને આહાર, નિહાર નથી. આહાર, નિહાર માને છે તે સર્વજ્ઞનું સ્વરૂપ સમજતા નથી. સમજાય છે કાંઈ? નિહાર નથી હોતો. આહાર નથી તો નિહાર

ક્યાંથી હોય? પહેલેથી નિહાર નથી હોતો તીર્થંકરને. તીર્થંકર જ્યારે જન્મે છે ત્યારથી આહાર હોય છે, નિહાર નહિ. એના માતા-પિતાને પણ નિહાર નથી હોતો. મહાપુણ્યવંત પ્રાણી, મહાપવિત્ર તીર્થંકર ત્રણ જ્ઞાન લઈને તો સ્વર્ગમાંથી કે નરકમાંથી નીકળીને આવે છે. નિહાર નથી.

મુમુક્ષુ :— માતા-પિતાને પણ પહેલેથી નથી હોતા?

ઉત્તર :— ના, પહેલેથી નહિ. ભગવાન આવે છે પછી. ભગવાન જ્યાં આવ્યા, નિહાર નહિ. સમજાય છે કાંઈ? પહેલા હોય કે નહિ એની બરાબર ખબર નથી. પછી તો નિહાર નથી હોતો. એટલી તો પુણ્યલબ્ધિ એમની છે. તો ભગવાનને નિહાર હોય (એમ કેમ બને)? કેવળજ્ઞાન થયા પછી આહાર લીધો અને આહાર લીધાના છ મહિના સુધી ભગવાનને—મહાવીર ભગવાનને રોગ થયો એમ કહે છે. બધી વાત ખોટી છે, એ વાત સાચી નથી. ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા (એમને રોગ કેવો)? દેવને રોગ નથી હોતો ત્યાં વળી ભગવાનને, દેવના દેવ ભગવાનને રોગ ક્યાંથી આવ્યો? એમને કેવી રીતે ક્ષુધા લાગે, તૃષા લાગે, આહાર લે, દવા લે? બધી વાત ખોટી છે.

અહીં તો કહે છે કે મુનિ, સરાગી મુનિ શુદ્ધાત્મ દૃષ્ટિ, અનુભવ પરિણતિ છે, પણ શુભરાગમાં આવ્યા છે તો કેવળીનો ઉપકાર કરવાનો અર્થ એમની આજ્ઞા જેવી છે તેમને સમજીને ઠરવું તે ઉપકાર છે. બીજો કોઈ ઉપકાર નથી. ત્રીજી વાત. 'ઉપશમક અથવા ક્ષપક શ્રેણિમાં આરૂઢ શ્રમણ તે યતિ છે,...' દેખો! યતિ નામ સ્વરૂપની યત્ના કરે છે. ઉપશમ શ્રેણિ, ક્ષપક શ્રેણિમાં આત્માના ધ્યાનમાં મુનિ હોય તેમને યતિ કહે છે. તેમનો ઉપકાર. એ તો સ્વરૂપમાં લીન છે. ઉપકારનો અર્થ એમનું બહુમાન કરે છે કે અહો! ધન્ય.. ધન્ય.. ધન્ય! જેને સ્વરૂપની આરાધન દશા પ્રગટ થઈ અને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન ક્ષપકશ્રેણીવાળા પામે છે, ઉપશમ શ્રેણીવાળા આગળ જઈને... પણ એ આગળ ચઢ્યા એટલી મહિમા જે શુભરાગથી કરે છે તો યતિની યત્ના કરવાવાળાનો ઉપકાર કહેવામાં આવે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો પોતાના સ્વરૂપનું બહુમાન કરે છે. બીજાનું કોનું કરે? બીજાનું કરે છે એ તો વ્યવહારથી કથન છે. પોતાના સ્વરૂપનું જ બહુમાન. ચિદાનંદ ભગવાન વીતરાગકંદ આનંદકંદ પોતાનું સ્વરૂપ નિર્દોષ પવિત્ર વીતરાગ. જિણંદ અને આત્મા બેય એક જ છે. અપ્પા સો પરમઅપ્પા. કહો, સમજાય છે કાંઈ? એ શબ્દ ભાઈ તારણસ્વામીમાં બહુ આવે છે. ઘણા શબ્દો. અપ્પા સો પરમઅપ્પા—આત્મા તે પરમાત્મા, આત્મા તે પરમાત્મા. આ ગ્રંથમાં બહુ આવે છે. મમલપાહુડ, જ્ઞાનસમુચ્ચયસાર. અપ્પા પરમાત્મા. પહેલી કેટલી ગાથામાં (આવે છે), આત્માએ પરમાત્માનો અનુભવ કરવો, પોતાનો આત્મા પરમાત્મસ્વરૂપનો અનુભવ કરવો એ જ વીતરાગમાર્ગ અને મોક્ષમાર્ગ છે. બીજો કોઈ મોક્ષમાર્ગ કે ધર્મ નથી. સમજાય છે કાંઈ? વર્તમાનમાં તો એવી ગડબડ મચાવી છે. બાહ્ય ક્રિયાકાંડ અને પ્રવૃત્તિમાં ધર્મ.. ધર્મ (મનાવી દીધો છે). અહીંયા કહે છે

કે આવા મુનિને શુભરાગ આવે છે પણ ધર્મ નથી. શુભરાગ ભૂમિકાના પ્રમાણમાં શુભ ઉપયોગ હોય છે પણ એ ધર્મ નથી. એ સમજે છે કે મારામાં આવે છે, દૃષ્ટિમાં એનું હેયપણું છે. દૃષ્ટિમાં છોડવાલાયક આ વસ્તુ છે, શુભરાગ આદરવાલાયક નથી (એમ છે). સમજાય છે કાંઈ?

તો કહે છે, યતિની સેવા કરે. '(૪) અને સામાન્ય સાધુ તે અણગાર..' લ્યો. બીજા અણગાર. ચારેયને શુદ્ધાત્મપરિણતિનું રક્ષણ.. રક્ષણ તો તે જ આત્મા કરે છે, પણ એના નિમિત્તભૂતમાં ચાર સંઘનો, શ્રમણસંઘનો ઉપકાર કરવાવાળી પ્રવૃત્તિ છે. **'તે બધીયે રાગપ્રધાનપણાને લીધે...'** દેખો! ઓહો..હો..! એ પ્રવૃત્તિ મુનિઓની સેવા, ઉપકાર, શ્રવણ, મનન બધું શુભરાગી જીવને છે. ગણધર જેવા પણ ચાર જ્ઞાન, ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં કરવાવાળા ભગવાન ગણધર એ પણ ભગવાનની દેશના સાંભળે છે તે રાગપ્રધાન ભાવ છે. સમવસરણમાં ત્રિલોકનાથ ભગવાનની દિવ્યધ્વનિ આવે છે, દિવ્યધ્વનિ. ગણધર લક્ષ કરીને સાંભળે છે, તો કહે છે કે રાગપ્રધાનતામાં એવી યોગ્યતા હોય છે કે સાંભળવાનો ભાવ આવે છે. અને જ્યારે રાગ એવો આવ્યો ત્યારે એને સંભળાવવાનો ભાવ પણ રાગમાં આવે છે. સમજે છે કે રાગ શુભ છે, પુણ્યબંધનું કારણ છે. ધર્મ નહિ, સંવર, નિર્જરા નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

કેટલું સ્પષ્ટ કરે છે! પહેલા મોક્ષમાર્ગ કહ્યું ત્યાં (કહ્યું કે) રાગ મોક્ષમાર્ગ છે જ નહિ. મોક્ષમાર્ગ પહેલેથી નિશ્ચય એકલો જ લીધો. નિશ્ચય મોક્ષમાર્ગ એક છે તો એમાં કંઈ રાગ-બાગ આવે છે કે નહિ? એને માટે આ કથન લીધું છે. મોક્ષમાર્ગ તો એક જ છે. આ રાગ આવ્યો તે મોક્ષમાર્ગ નથી. એ બાધકભાવ છે, બંધનું કારણ છે પણ આવ્યા વિના રહેતો નથી. જ્યાં સુધી વીતરાગ નથી થયો ત્યાં સુધી આવો શુભરાગ (આવે છે). સ્તવન, મનન, વંદન, નમન, અભ્યુત્થાન—ઊભા થવું, જવું, સ્તુતિ કરવી, ગુણગ્રામ કરવા એવો શુભરાગ શુભોપયોગીને હોય છે. સમજાય છે કાંઈ? શુદ્ધોપયોગીને કદાપિ નથી હોતો. અંતરમાં ઠરી ગયા આનંદકંદમાં, શુદ્ધ રમણતામાં સપ્તમ ગુણસ્થાનમાં એને એવી રાગપ્રધાન ક્રિયા છે જ નહિ, હોતી નથી. સમજાય છે કાંઈ?

રાગ આવે છે તો નથી આવતો એમ કરીને ઊડાવી દે છે, કાં તો આવે છે તો ધર્મ છે એમ કહી દે છે. બેય ભૂલ છે. રાગ શુભ આવે છે, તો શું કરવા આવ્યો? આવે છે તો શું વીતરાગ થઈ ગયો છે? શુભરાગ શ્રવણ, મનન મુનિને (આવે છે). આ મુનિની તો વાત ચાલે છે. તો શ્રાવકને પંચમ ગુણસ્થવાળાને તો શુભરાગ બહુ આવે છે. અશુભરાગથી બચવા શ્રાવક સમ્યગ્દૃષ્ટિ આત્માનુભવ કરવાવાળા ઈ શ્રાવક, હોં! આ વાડાના—સંપ્રદાયના શ્રાવક નહિ. પોતાનો આત્મા આનંદ શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરવાવાળા એવા જે શ્રાવક, એવા જે સમ્યગ્દૃષ્ટિ એને પણ ભક્તિનો, દાનનો, વ્રતનો, સ્તુતિનો, નમનનો, સ્તવનનો રાગ આવે છે. સમજે છે કે આ રાગ મને અશુભથી બચવા આવ્યો છે, પુણ્યભાવ છે. સમજાય છે કાંઈ? ત્યારે પેલા લોકો કહે છે કે નહિ, એ ધર્મ છે. ત્યારે બીજો કહે કે એવો રાગ આવ્યો શું કરવા? માટે સમ્યગ્દૃષ્ટિ નથી. મુનિને રાગ

આવે છે તો સમ્યગ્દૃષ્ટિને અશુભરાગ બહુ આવે છે. અને પંચમ ગુણસ્થાનવાળા શ્રાવકને પણ ઘણી અશુભની પ્રવૃત્તિ છે. એને વેપાર, ધંધો (છે તો) એ બધા અશુભભાવ છેને. તો અશુભથી બચવા માટે શુભભાવ સ્તુતિ, વાંચન, વંદન આદિ બધું આવે છે. આવો, પણ એની મર્યાદા પુણ્ય જેટલી છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ગણધરને કહ્યુંને પહેલા. વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં સીમંદર પરમાત્મા બિરાજે છે. સાક્ષાત મહાવિદેહક્ષેત્રમાં જમીન ઉપર બિરાજે છે ભગવાન. પાંચસો ધનુષનો દેહ છે. ક્રોડ પૂર્વનું આયુષ્ય છે. ઈન્દ્રો સમવસરણની રચના કરે છે. ગણધર સાંભળે છે. અત્યારે મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ તીર્થંકર વીસ વિહરમાન બિરાજે છે. લાખો કેવળીઓ મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. આ ભરત છે.

મુમુક્ષુ :— સાંભળે છે કે રચના પણ કરે છે?

ઉત્તર :— રચના પણ કરે છે. કહ્યુંને. વારંવાર ... અંતર્મુહૂર્તમાં રચના થઈ ગઈ. ભગવાનની દેશના સાંભળી, અંદરમાં ઉઘાડ થઈ ગયો. પોતાથી, હોં! દેશના તો નિમિત્ત છે. એકદમ અંદરથી.. ભગવાન મહાવીર વિપુલાચલ પર્વત ઉપર આવ્યા રાજગૃહી નગરી પાસે, છેને? અને કેવળજ્ઞાન તો થયું હતું, ૬૬ દિવસ સુધી વાણી નહોતી. ગણધરની હાજરી નહિ, પાત્ર જીવની હાજરી નહિ. ગૌતમ આવ્યા, મુનિ થયા, દિવ્યધ્વનિ ઈચ્છા વિના છૂટી. ભગવાનને ઈચ્છા ક્યાં છે? ઈચ્છા તો છે નહિ. એવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ. બાર સભા (ભરાય છે). વાઘ, સિંહ, ઈન્દ્ર, નરેન્દ્ર અને ચાર જ્ઞાનના ધણી બીજા મુનિઓને રાગપ્રધાન ક્રિયામાં સાંભળવાનો ભાવ હોય છે. છે શુભરાગ. સમજાય છે કાંઈ? સંવર, નિર્જરા નહિ. દિવ્યધ્વનિ સાંભળવી પણ સંવર, નિર્જરા નહિ. આહા..હા..! જગતને તો... શાસ્ત્રની ભક્તિ કરવી એ શુભરાગ છે, સંવર, નિર્જરા નહિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો ભગવાનને ... છે, પણ સાંભળનારને? સમજાયું કે નહિ? ભગવાનને તો રાગ વિના ... ત્યાં રાગ ક્યાં છે? એ તો પૂર્વની તીર્થંકર પ્રકૃતિ બંધાણી છે, પાક કાળ આવ્યો, ૐ ધ્વનિ છૂટે છે આખા શરીરમાંથી. ૐ એવી ધ્વનિ (છૂટે છે). 'ૐ કાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે'. આખા દેહમાંથી ૐ કાર ઉઠ્યો છે અને પૂર્ણ વીતરાગદશા થઈ ગઈ. આવી ખંડખંડ ભાષા થાય એ રાગી પ્રાણીને હોય છે. વીતરાગી પ્રાણીને આવી ખંડખંડ ભાષા નથી હોતી. ૐ ... સર્વ ભાષા એમાં સમાઈ જાય છે. અને સાંભળનાર પોતપોતાની ભાષામાં સમજી જાય છે.

વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં ધોધમાર ધર્મની પેઢી ચાલે છે. બહુ ધંધો હોય અને બહુ... ધીકતી પેઢી એમ કહે છે કે નહિ તમારે? અમારે ધીકતી પેઢી ચાલે છે શાહુકારની. એમ ભગવાનની ધીકતી પેઢી ચાલે છે. મહાવિદેહક્ષેત્રમાં સાક્ષાત્ ત્રિલોકનાથ પરમાત્માની (ધીકતી પેઢી ચાલે છે).

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ચાર વખત. સવારે છ ઘડી, બપોરે છ ઘડી, સાંજે છ ઘડી, રાત્રે છ ઘડી. ચોવીસ ઘડી દિવ્યધ્વનિ છૂટે છે. લાખો કરોડો દેવ અને મનુષ્યો કાયમ સાંભળવામાં ઉપસ્થિત હોય છે. ધોધમાર ધ્વનિ (છૂટે છે). ધોરી ધર્મ ધુરંધરા... આવ્યું છેને તમારે? સમવસરણની (સ્તુતિમાં). 'ધર્મકાળ અહો વર્તે..' પછી શું? ભૂલી ગયા. ધર્મ ક્ષેત્ર. જુઓ! પહેલો ધર્મ કાળ લીધો, પછી ક્ષેત્ર લીધું, પછી દ્રવ્ય લીધું. ધોરી ધર્મ... પ્રવર્તકા... એ દ્રવ્ય લીધું. ધોરી ધર્મ પ્રવર્તકા. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માને ઈચ્છા વિના ધોધમાર ધ્વનિ ઉઠે છે. વરસાદ કેટલો આવ્યો, જુઓને! ધોધમાર અહીંયા પોણો કલાકમાં પાંચ ઈંચ વરસાદ આવ્યો હતો. પોણા કલાકમાં પાંચ ઈંચ. અમે મકાનમાં... જૂનું મકાન છે. પોણા કલાકમાં પાંચ ઈંચ. તમે હતા કે નહિ તે દિ'? ... વીરજીભાઈ હતા. ... પીસ્તાલીસ મિનિટમાં પાંચ ઈંચ વરસાદ. ... ભગવાનની ... તો એટલી ચાલે છે.. આ..હા..હા..! લેવાવાળા પણ ઘણા પાત્ર હોય છેને? ...

પાંચસો કળશી, હજાર કળશી અનાજ .. ખાંડી ખાંડી કહે છે. હજાર ખાંડી અનાજ પાકે તો એનો ... સમજો છો? સુતાર, લુહાર બાર મહિના કામ કરે તો એને બહુ મળે. મજૂર લોકો હોયને? સુતાર, લુહાર કામ કરનારા, વાઘરી, ... જેમાં હજાર હજાર ખાંડી અનાજ પાકે તો ... બહુ મળે. અને જેને ઘરે બે ખાંડી અનાજ પાકે એના મજૂરને કેટલું મળે? એમ ભગવાનને અંદરમાં અનંત અનંત ખેતર પાકી ગયા છે અંદરમાંથી. અસંખ્ય પ્રદેશમાં અનંતા સૂર્ય પાકી ગયા છે. એવી જે ધ્વનિ છૂટે છે, તો સાંભળવાવાળાને ધોધમાર માલ મળે છે. નિમિત્ત છેને, માલ તો મળે છે પોતામાંથી. સમજાય છે કાંઈ?

તો કહે છે, કે એવી પ્રવૃત્તિ મુનિઓને શુભરાગ આવે છે તો હોય છે. '**શુદ્ધોપયોગીઓને કદાપિ નહિ.**' અંદરમાં ઠરી ગયા છે, સ્થિર સ્થિર છે. ખબરેય નથી કે બીજા મુનિ છે કે રોગ છે કે કોઢ છે કે શું છે. પોતાના આનંદમાં લીન થઈ ગયા. જ્ઞાન અવસ્થા, જ્ઞાન અવસ્થા. મુનિઓને બીજાના શુભરાગની પ્રવૃત્તિ હોતી નથી. સમજાય છે કાંઈ?

'**હવે પ્રવૃત્તિ સંયમની વિરોધી હોવાનો નિષેધ કરે છે...**' પ્રવૃત્તિ સંયમની વિરોધી. મુનિ સંયમી છે તો એમાં એની વિરોધી પ્રવૃત્તિ ન હોવી જોઈએ. '**(અર્થાત્ શુભોપયોગી શ્રમણને સંયમ સાથે વિરોધવાળી પ્રવૃત્તિ ન હોવી જોઈએ એમ કહે છે) :—** ' ૨૫૦ (ગાથા).

जदि कुणदि कायखेदं वेज्जावच्चत्थमुज्जदो समणो।
ण हवदि हवदि अगारी धम्मो सो सावयाणं से।।२५०।।

ઓ..હો..હો..! એક એક શ્લોક... કેટલી સ્પષ્ટતા કરીને...

'**ટીકા :— જેમ (શ્રમણ)...**' એની ટીકા છેને. ૨૫૦ની ટીકા. '**જે (શ્રમણ) બીજાને શુદ્ધાત્મપરિણતિનું રક્ષણ થાય...**' દેખો! એના શરીરની રક્ષાનો રાગ એમ નહિ. મુનિને શુભરાગ આવ્યો છે, પણ બીજાની શુદ્ધાત્મપરિણતિની રક્ષા થાય એવો ભાવ આવ્યો છે. સમજાય

છે કાંઈ? શરીરની રક્ષા નહિ, એ તો થવાની હશે તો થશે. શરીરની પર્યાય ક્યાં આત્મા કરી શકે છે? એ નથી કરી શકતો તો બીજો કોણ કરી શકે? શરીરની તો જે અવસ્થા જે ક્રમમાં આવવાવાળી છે તે થશે, થશે અને થશે જ. બીજાની કોઈની ફેરફાર કરવાની તાકાત નથી. પણ '**બીજાને શુદ્ધાત્મપરિણતિનું રક્ષણ થાય એવા અભિપ્રાયથી...**' દેખો! આવો અભિપ્રાય છે. .. એના શરીરમાં રોગ હોય તો નિરોગ થઈ જાઓ, એમ નહિ. શુદ્ધાત્મપરિણતિ અંદર વીતરાગદશા મુનિને ચાલે છે એને રક્ષાનું નિમિત્ત ... એવો અભિપ્રાય છે મુનિનો.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— થઈ શકતી નથી. નિમિત્તભૂતની વાત છે. રાગ આવ્યોને, રાગ. રાગ થયો કે ઓહો..! એનો વીતરાગભાવ એમ ને એમ ટકી રહે. એવો ભાવ આવ્યો. નિમિત્તથી રક્ષા કરી એમ કહેવામાં આવે છે. કોઈ બીજો બીજાની રક્ષા કરી શકે છે એમ ત્રણ કાળમાં નથી. અહીં તો એકબીજાના વ્યવહારની વાત ચાલે છેને. સમજાય છે કાંઈ? એમ આવે કે, ભગવાનની દેશનાથી લાભ થયો. કથન એવું આવે છે. એમ છે નહિ. પણ પોતાને લાભ થયો ત્યારે નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવાની વાત છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એમની વીતરાગપરિણતિ રહે એવો વિકલ્પમાં આવ્યા, અભિપ્રાયમાં. બસ એટલું. એટલી વાત છે. રાગ આવ્યો તો એનો કોઈ વિષય તો હોય કે નહિ? રાગનો કોઈ વિષય તો છે કે નહિ? સમજાય છે કાંઈ? એ વિષય ઈ થયો. એની વીતરાગ દશા, અહો..! પરમાનંદની એની દશા રહો, એવો વિકલ્પ આવ્યો. રહે છે તો એને કારણે. પણ રાગ આવ્યો તો લક્ષ ત્યાં જાય છે.

'**એવા અભિપ્રાયથી વૈયવૃત્ત્યની પ્રવૃત્તિ કરતાં પોતાના સંયમની વિરાધના કરે છે,...**' પરની સેવા કરવામાં જે પૃથ્વીકાય, જળકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય ... એની જો વિરાધના મુનિ કરે તો મુનિ નહીં રહેતા. એ ગૃહસ્થધર્મમાં ચાલ્યા જાય છે. એ કામ શ્રાવકનું છે. બીજા મુનિને ... મુનિની ... રક્ષા કરવાનો શ્રાવકનો ધર્મ છે. પણ શ્રાવક શ્રાવકનો, સમકિતી સમકિતીનો અલ્પ આરંભ કદાચ હોય, અલ્પ સાવદ્ય, તો બીજાની સેવા શ્રાવક કરી શકે છે. મુનિ તો બીજાની સેવામાં, એક જળકાયનો કણ હણાય, પાણી, પૃથ્વીનો, અગ્નિનો, વાયુનો (કણ પણ હણાય) એમ કરતા નથી. પણ જો કોઈ કરે તો '**તે ગૃહસ્થધર્મમાં પ્રવેશતો હોવાને લીધે...**' એ તો ગૃહસ્થનો ધર્મ છે, મુનિનો ધર્મ નથી. ગૃહસ્થનો ધર્મ એનો અર્થ, એ રાગ છે તો ધર્મ તો છે જ નહિ, પણ ગૃહસ્થના ધર્મમાં એવો રાગ સાવદ્ય જરી હોય તોપણ સેવા કરવાનો રાગ આવે છે. બસ એટલી વાત.

આ ચરણાનુયોગના કથન છે. ભગવાનની કથનની પદ્ધતિ છે. વ્યવહારનયની જ્યાં કથની ચાલે ત્યાં સમજવું કે એમ નથી પણ નિમિત્ત હતું તો એવું કથન કરવામાં આવ્યું છે. એમ વાત છે. નિશ્ચયનું સત્યનું કથન ચાલે તો, આમ જ છે, બીજા કોઈ પરની અપેક્ષા-ફપેક્ષા આત્મામાં

નથી. એનું નામ નિશ્ચય. અપેક્ષાનું કથન ચાલ્યું એ નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે વ્યવહારનું કથન ચાલ્યું છે (એમ સમજવું). શું કહે છે? વૈદ્ય! સાગરના ... તૈયારી હતી, તૈયારી. કહો, સમજાય છે કાંઈ? શું કહ્યું?

જો સાવદ્ય થોડો હોય અને વૈયાવૃત્ય કરે તો ગૃહસ્થપણામાં ગુણસ્થાનમાં આવી જાય છે. બસ એટલી વાત છે. સમજાય છે કાંઈ? જેમ વિષ્ણુકુમાર મુનિ, વિષ્ણુકુમાર મુનિ. સાતસો મુનિ માટે વેશપલટો કર્યો ત્યાં મુનિપણું રહ્યું નહિ. એ ગૃહસ્થનો ધર્મ છે. સાતસો મુનિની કથા આવે છેને. બલિ બાળે છે, ... રાજા હતો. એણે મુનિને ઉપદ્રવ કર્યો. મુનિને ખબર પડી. એમને પણ ખબર નહોતી કે મારામાં વૈક્રિયક લબ્ધિ છે. બીજાએ કહ્યું કે મહારાજ! આપને વૈક્રિયક લબ્ધિ પ્રગટ થઈ છે. હેં! કોણ કહે છે? આપ હાથ લાંબો કરો. આમ હાથ લાંબો થઈ ગયો, એકદમ લાંબો. ત્યારે ખબર પડી કે મારામાં વૈક્રિયક લબ્ધિ છે, મુનિને. શું છે? હસ્તિનાપુરમાં સાતસો સાધુઓ પર ઉપદ્રવ છે. વિકલ્પ આવ્યો, શુભરાગ છેને. મુનિપણું ન રહે. બ્રાહ્મણનું રૂપ લીધું. કપડા પહેરી લીધા. વૈયાવચ્ચ માટે ગયા. એ મુનિધર્મ નથી. મુનિપણાથી ખસી ગયા. એ તો એ પ્રસંગમાં શુભરાગ આવ્યો વાત્સલ્ય, એટલી અપેક્ષાથી પ્રશંસા છે. પણ બીજાને ઉપરની ભૂમિકાથી નીચે ઉતરી આમ કરવું એવી આજ્ઞા નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પછી ભલે થયું, એ ક્યાં પ્રશ્ન છે? એ તો પ્રાયશ્ચિત લઈને ફરીથી સાધુ થઈ ગયા, પણ જ્યારે આવું કર્યું ત્યારે સાધુપણું નથી. સાતસો મુનિની રક્ષાનો શુભરાગ આવ્યો, પણ રાગમાં પછી બ્રાહ્મણનું રૂપ લીધું ને કપડા પહેર્યા ને.. .. એમ મુનિને હોય જ નહિ. મુનિની દશામાં એમ હોતું નથી. એ ગૃહસ્થનો ધર્મ થઈ ગયો. સમજાય છે કાંઈ? આવો, રાગ હોય છે, બંધાઈ જાઓ. પરની એ પર્યાય થવાની હોય તો થાય છે. પોતાથી કાંઈ થઈ નથી. એ ભાવ થયો એટલે ત્યાં મુનિની રક્ષા થઈ છે એમ નથી. થવાની હતી તો એમાં નિમિત્ત કહેવામાં આવ્યું. ભારે ગડબડ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આટલી મર્યાદા છે. રાગ આવ્યો એટલું. પણ ફેરફાર કરીને વૈયાવચ્ચ કરવાનો ભાવ હોય, કપડા પહેરવાનો (ભાવ આવ્યો) તો મુનિપણું રહેતું નથી. કપડા પહેરવાના ભાવ થાય તો મુનિપણું રહેતું નથી. ચેલનો ત્યાગ છે મુનિને. એ નિમિત્તનો રાગ હો તો એને મુનિપણું જ રહેતું નથી. સમજાય છે કાંઈ? મુનિપણું તો અંતરના અનુભવપૂર્વક અચેલ, લાગણીના કપડા છૂટી ગયા છે. બહારના કપડા તો છૂટ્યા પણ અંદરમાં ભાવની લાગણીના કપડા છૂટી ગયા. એટલો અશુભભાવ પણ નથી. અચેલ... લીન થાય છે તે મુનિને બીજાના શુભરાગમાં સાવદ્ય નહિ હોવું જોઈએ.

તે ગૃહસ્થધર્મમાં પ્રવેશ કરી રહ્યો છે. '**પ્રવેશતો હોવાને લીધે શ્રામણ્યથી ચ્યુત થાય છે.**' લો. છતાં એના વખાણ થાય છે. વિષ્ણુકુમારના નથી થતા કથા ચાલે ત્યારે? એ તો શુભરાગની

અપેક્ષા ગણીને. એનો છળ કરીને, એનું બહાનું પકડીને બીજા મુનિ એવું કરે એવી વિધિ નથી. એ વિધિ નથી. અહો..! સંતોની દશા ચારિત્રની રમણતા, નિર્વિકલ્પ આનંદમાં રમે છે. રાગ આવી ગયો. સ્થૂળ રાગની એટલી મર્યાદા છે. છ કાયની વિરાધના વિના બીજાની સેવા કરવાનો ભાવ હોય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... છૂટી ગયું, મુનિપણું ન રહ્યું. ... ગુરુ પાસે ગયા. સંથારો કરાવી દ્યો. ગુરુ સમજે છે કે ભાઈ! તારી સંથારાની લાયકાત હમણાં નથી. સમજ્યા? ત્યારે શું કરવું? ... કરીને પાછું મુનિપણું લઈ લેવું. અત્યારે સંથારામાં જવાથી ... ઘણો ઉપકાર થવાનો છે. એવો વિકલ્પ આવ્યો મુનિને–ગુરુને. એમ કહી પણ દીધું કે ભાઈ! હમણાં નહિ. ... મુનિ ન રહ્યા. લાયકાત જોઈ કે ... હજી તમારે .. શાસ્ત્રની ચર્ચામાં ... તીર્થંકર થવાના છે. ઈતિહાસમાં આવે છે. સમજાય છે કાંઈ? ... ફાટી ગઈ. .... પછી ખબર પડી કે થોડી થોડી ... લોકોએ .. કરી. આ તો નહિ, આવી ગડબડ કરે છે. આ તો વધે છે, ખાતા નથી. ભગવાનને તો ખવડાવતા નથી. પહેલા એમ કહેતા હતા કે ભગવાન ખાઈ જાય છે. આ ક્યાં ખાય છે? વંદન કરો એને. અમારા વંદન આ સ્વીકારી નહિ શકે. શંકરની પિંડી અમારા વંદન સ્વીકારી નહિ શકે. એમ થઈ જાય, હોં! કરી શકતો નથી કાંઈ. પુણ્યના પ્રભાવમાં એમ થઈ જાય, બની જાય, એમાં શું છે? ન બને એવી કોઈ વસ્તુ નથી. સમજાય છે કાંઈ? ઈ છેને? શું કહેવાય? આપણે ગયા હતા. ભુવનેશ્વર. ખંડેરગિરી જાય છેને? ખંડેરગિરી અને ઉદયગિરીની છેને? મોટી ગુફાઓ છે. ત્યાં અમે ગયા હતા. ખંડેરગિરી પાસે ચાર કોસ છેને? ભુવનેશ્વર, શંકરનું મોટું મંદિર. એમાં ફાટેલું લિંગ છે. અંદરમાં લિંગ છે. ... હજી વાર છે થોડી. ... અમે તો ચાલ્યા જશું. અહીં તો થોડી વાર છે અને હોય તો જોઈએ. પછી બપોરે ... નીકળી જશું. અંદરમાં ... ત્યાં હતા સમંતભદ્રાચાર્ય. એમ કહે છે. આપણે ક્યાં જોવા ગયા છીએ? પણ આમ હતું ખરું. વજુભાઈ કહેતા હતા અંદર બે ભાગ પડી ગયા. એ તો થાય, કોઈ પુણ્યને કારણે. એમાં કોઈ ધર્મથી થાય છે એમ નથી. કોઈ પૂર્વના પુણ્યને કારણે થાઓ. સીતાજીને ન થયું?

મુમુક્ષુ :— પ્રભાવના તો થઈ.

ઉત્તર :— પ્રભાવના કોની? પોતાની થઈ પોતામાં. વિકલ્પ આવ્યો, બહારમાં થયું એ તો બહારમાં થવાનું હોય તે થાય. સીતાજીને થયું કે નહિ?

મુમુક્ષુ :— ગૃહસ્થ જીવોને...

ઉત્તર :— ગૃહસ્થ જીવોને એની પાત્રતા હોય તો નિમિત્ત થાય છે. કારણ એનું ઉપાદાન હોય તો થાય છે. બીજાથી થાતું હોય તો ભગવાનના સમવસરણમાં ઘણા જાય છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— નિમિત્ત પણ, થાય ત્યારેને? બસ, ખલાસ થઈ ગયું. એ તો નિમિત્તનું જ્ઞાન

કરાવવાની વાત થઈ, એનાથી કંઈ થયું નથી. એવી વસ્તુ છે, જરી કઠણ વાત છે. સીતાજીની પરીક્ષામાં (અગ્નિનું) પાણી થઈ ગયું હતું. ત્યાં એના બ્રહ્મચર્યનું ફળ છે? એ તો પૂર્વના પુણ્યનો એવો યોગ થયો અને સ્વર્ગના દેવ આવી ગયા. હો, એમાં શું છે? એ કોઈ ધર્મની વસ્તુ નથી. સમજાય છે કાંઈ?

ધર્મ તો પોતામાં વિકલ્પ રહિત નિર્વિકલ્પ અનુભવમાં સ્થિરતા થાય તે એક જ ધર્મ છે. બાકી બધું આવે છે, એ તો જાણવાની વસ્તુ છે. આદરવાની વસ્તુ નથી ઈ. સમજાય છે કાંઈ? કેટલાકને વિશ્વાસ નથી. એ પણ એમ નથી. ... પૂર્વની કોઈ લબ્ધિ હોય ... પણ એનાથી કોઈ ધર્મ થયો કે એમાં સંવર, નિર્જરા થઈ ગઈ એમ નથી. શુભરાગ છે, બની જાઓ તો બની જાઓ, ન બનો તો ન બને, એમાં શું છે? સમજાય છે કાંઈ? લોકો એમાં જ મહિમા આપી દે છે. એવી વસ્તુ નથી. જેવી વસ્તુ છે એમ સમજવું જોઈએ.

કહે છે.. શું કહ્યું? '**ગૃહસ્થધર્મમાં પ્રવેશતો હોવાને લીધે શ્રામણ્યથી ચ્યુત થાય છે.**' મુનિ થઈને છ કાયના કોઈ ઉપકરણની વિરાધના કરીને બીજા મુનિની સેવાનો ભાવ આવી જાય તો એ મુનિ રહેતા નથી. '**આથી (એમ કહ્યું કે) જે કોઈ પ્રવૃત્તિ હોય તે સર્વથા સંયમ સાથે વિરોધ ન આવે...**' લ્યો. સર્વથા એમ લીધું. દેખો ભાઈ! સર્વથા ન હોયને? જે કોઈ પ્રવૃત્તિ મુનિની હોય, શુભરાગ, '**સર્વથા સંયમ સાથે વિરોધ ન આવે એવી રીતે જ કરવી જોઈએ,...**' કરવી જોઈએ એ તો કથન છે. રાગ એવો આવ્યો છે તો કરવી જોઈએ એમ કહે છે. શું શરીરની ક્રિયા આત્મા પરની સેવા કરી શકે છે? શરીરને હલાવી શકે છે આત્મા? પરની પગચંપી આત્મા કરી શકે છે? એ તો અંગુલી એમ થવાની હતી તો એમ થાય છે. પોતાના રાગથી નહિ. પણ નિમિત્તના કથનમાં એમ કરે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! અહીં કહે કે સેવા કરવી. અહીં કહે કે આંગળી આમ તેમ હલાવવી એ આત્માનો અધિકાર નથી. એ જડની પર્યાય છે.

મુમુક્ષુ :— મર્યાદા બતાવી છે...

ઉત્તર :— મર્યાદા બતાવી છે. એના શુભરાગની મર્યાદા એટલી છે. એવો ભાવ અને એવો ... આવે છે. હું જડની પર્યાય કરી શકું છું એમ અભિપ્રાયમાં તો છે જ નહિ. અને એના શરીરમાં મારાથી કાંઈક અનુકૂળ થઈ જાય એમ પણ અભિપ્રાયમાં તો છે જ નહિ. પણ શુભરાગ આવ્યો તો એમ બોલવામાં આવે છે. કે એણે સેવા કરી... ઓહો..હો..! કેટલી કઠણ વાત! વ્યવહારના એટલા .. થઈ ગયા છેને. વ્યવહાર.. વ્યવહાર. નિશ્ચય તો ક્યાં રહ્યો? ભાનેય નથી. અને માની લીધું એમાં કે ચાલો ધર્મ કર્યો, આમ કર્યું, તેમ કર્યું. વ્યવહાર પણ કે દિ' હતો?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— .. મોટો છું, એમાં ઘુસી ગયો અને એને જ ધર્મ માને છે. બસ, એ જ થઈ ગયો ધર્મ, બધામાં ધર્મ. જુઓને, એ નાખે છેને? બેડા-બેડા નાખે, કોઈ એને દેખે લ્યો. આ પંચ

કલ્યાણક થાય છે કે નહિ? એમાં ... કેટલા બેડા ઉપર બેડા ચડાવે, દસ બાર. એમાં લોકો ભેગા થાય. સાંભળવા ભેગા ન થાય. આવ્યા હતાને? ક્યાં? ભિલવાડા? ભિલવાડા નહિ? ભિલવાડા ને? મોટા પંચ કલ્યાણક... ત્યાં ગયા હતાને? ભિલવાડાને? આ આવ્યું હતુંને? આ મધુર જ્યાં ગયો હતોને. ... એટલી સભા ભેગી થાય. ઈ ચડાવતા હશે પછી નાચતા હશે. એને જોવા માટે (ઉમટે). પ્રવચન સાંભળવામાં માણસ નહિ. ત્યાં આપણા ટેપ રેકોર્ડિંગ ગયા હતા. ટેપ રેકોર્ડિંગ. ... ત્યાં ગયા હતા ટેપ લઈને. સાંભળવા થોડા માણસો આવતા હતા. ઓલામાં હજારો (ભેગા થાય). લોકો બહારની વસ્તુમાં એટલા ઘુસી ગયા છે કે સત્ય પંથ શું છે? નિવૃત્તિ પંથ શું છે? એ તો ક્યાંય રહી ગયું. લોકો સરાહના કરે, સરાહના. આ..હા..હા..! ઓલો નાચેને આમ આમ... એ તો અભ્યાસ હોય તો થઈ જાય. એમાં એણે શું કર્યું? રાગ કર્યો છે. એ ક્રિયા તો થવાની હોય તે થાય છે. બેડા ઉપર બેડા... બેડા સમજો છો? બેડા કહે છે? મટકી પર મટકી. ... પછી આમ નાચે. અહીંયા તું નાચને અહીં, હવે ત્યાં શું છે જોવાનું? કોઈ કહે કે ધર્મની ચીજમાં આવું... શું કહેવાય ઈ? મેળા. ઈ મેળામાં લોકોને પ્રેમ. પણ આ આત્મા શું? શું કહે છે? (એમાં રસ નહિ). પ્રવચન કરવાવાળાને કોઈ સાંભળે નહિ. પ્રવચનનો જે ટાઈમ રાખ્યો હોય, ટાઈમ આઘોપાછો થઈ જાય. આઠ રાખ્યો હોય તો નવ થઈ જાય. હવે ક્યાં એમાં પ્રવચન શું છે? કહેવાવાળા પણ પ્રવચન કેવા કરે એ પણ સમજવાની વસ્તુ છે. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, મુનિને સંયમની સાથે વિરાધના, સર્વથા કોઈ પણ વિરાધના થાય તેમ ન કરવું જોઈએ. '**એવી રીતે જ કરવી જોઈએ, કારણ કે પ્રવૃત્તિમાં પણ સંયમ જ સાધ્ય છે.**' દેખો! શું કહે છે? ... એ રાગ ભલે આવ્યો, એ હોય છે, પણ સાધ્યમાં તો સંયમ છે. મારી વસ્તુ શુદ્ધ ચિદાનંદમાં કેટલી રમણતા કરું છું. દૃષ્ટિ, જ્ઞાનથી. સાધ્ય સંયમ છે. સાધ્ય કોઈ રાગ અને પર કોઈ સાધ્ય નથી. સમજાય છે કાંઈ? તો સંયમની વિરાધના થાય એમ કરવું નહિ. સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ :-- જે શ્રમણ છ કાયની વિરાધના સહિત વૈયાવૃત્યાદિ પ્રવૃત્તિ કરે છે,..**' વૈયાવૃત્ય, નમન, વંદન. '**તે ગૃહસ્થધર્મમાં પ્રવેશ કરે છે; તેથી શ્રમણે વૈયાવૃત્ત્યાદિ પ્રવૃત્તિ એવી રીતે કરવી જોઈએ કે જેથી સંયમની વિરાધના ન થાય.**' ... વાત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**નોંધ :- પ્રવચન નં. ૧૭ તથા ૧૮ ઉપલબ્ધ નથી.**

**ભાદરવા વદ ૧૦, રવિવાર, તા. ૨૩.૯.૧૯૬૨**
**ગાથા-૨૫૩, ૨૫૪, પ્રવચન-૧૯**

પ્રવચનસાર, એનો ચરણાનુયોગનો અધિકાર ચાલે છે. એમાં મોક્ષમાર્ગનું શું સ્વરૂપ છે એ તો પહેલા આવી ગયું. પણ એ નિશ્ચય મોક્ષમાર્ગમાં શુદ્ધ ઉપયોગમાં મુનિ રમી શકતા નથી અને એમને શુભરાગનો પ્રસંગ આવે છે, તો શુભરાગની પ્રવૃત્તિ મુનિને પણ કેવી હોય છે, ઈ વાત ચાલે છે. કોઈ કહે કે, અમારે શું કામ છે દયાનું, દાનનું? શુભ ઉપયોગ કરવાનું શું કામ છે? કારણ કે શુભ ઉપયોગ તો બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? ભક્તિ, પૂજા, દાન, દયાના ભાવ કોઈ ધર્માત્માની સેવા આદિ ભક્તિનો ભાવ એ તો શુભરાગ છે. તો શુભરાગ અમારે લાવવાનું, કરવાનું શું કામ છે? તો કહે છે કે તું ધર્મ સમજ્યો જ નથી. જેને ધર્મની દૃષ્ટિ થઈ હોય, હું જ્ઞાતા દૃષ્ટા શુદ્ધ ચૈતન્ય છું એવું ભાન સમ્યગ્દર્શનમાં થયું હોય, એને પણ જ્યારે અશુભ ન હોય ત્યારે શુભભાવ દયા, દાન આદિનો આવ્યા વિના રહેતો નથી. ભક્તિનો, પૂજાનો, દાનનો, દયાનો, પરને નહિ મારવાનો એવો શુભરાગ સમ્યગ્દૃષ્ટિને પણ હોય છે અને પંચમ ગુણસ્થાનમાં પોતાની શુદ્ધતાની પરિણતિ નામ પર્યાય વિશેષ નિર્મળ થઈ તેને પણ રૌદ્રધ્યાન કે આર્તધ્યાનના વંચનાર્થ-છોડવા માટે શુભભાવ આવે છે.

પંચમ ગુણસ્થાનવાળાને પણ શુભભાવ આવે છે. પંચ નવકારનું સ્મરણ, ભક્તિ, પૂજા, બાર વ્રતના ભાવ એને પણ શુભરાગ આવે છે. સમજે છે કે એ બંધનું કારણ છે. પણ અશુભ નથી તો અહીંયા શુભ આવ્યા વિના રહેતું નથી. તો મુનિને પણ શુભરાગ આવે છે એમ બતાવે છે. ચોથે, પાંચમે તો આવે છે, પણ મુનિ પોતાના સ્વરૂપ અનુભવમાં ક્ષણમાં છઠ્ઠી ભૂમિકા—છઠ્ઠું ગુણસ્થાન, ક્ષણમાં સાતમું, ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું. એવી ભૂમિકામાં પણ શુભરાગ બીજા મુનિની સેવા કરવાનો આવ્યા વિના રહેતો નથી. અનેક પ્રકારના શુભરાગ છે, એક પ્રકારનો નથી. કાં વૈયાવૃત્ત્યનો, રોગીને ... સારો છે. કોઈ વખતે શુદ્ધ ચૈતન્યની પ્રરૂપણા કરવાનો વિકલ્પ પણ આવે છે. કોઈ વખતે સાંભળવાનો શુભરાગ પણ (આવે છે). મુનિને, ગણધર જેવાને પણ ભગવાનની વાણીને સાંભળવાનો પણ શુભરાગ આવે છે, હોય છે. અંતરમાં લીન ન થઈ શકે તો પોતાની નબળાઈને કારણે એવો શુભરાગ હો. પુણ્યબંધનું કારણ છે અને પછી જ્યારે રાગરહિત થશે ત્યારે મોક્ષ થશે. પોતાની શુદ્ધ પરિણતિ જેટલી નિર્મળ સમ્યગ્દર્શનપૂર્વક પ્રગટ કરી છે તે તો શુદ્ધતાનું,

સંવર નિર્જરાનું કારણ છે. શુભરાગ આવ્યો એ કષાય મંદ છે એટલો પુરુષાર્થ શુદ્ધતા તરફનો મંદ છે. આવે છે, પણ નથી આવતો અને છોડી દીધો અમે, અમારે શુભરાગ છોડી દેવો છે.. શું છોડશે? શુભરાગ તો ત્યારે છૂટશે કે જ્યારે શુદ્ધમાં લીન થશે ત્યારે છૂટશે. સમજાય છે કાંઈ? એ છોડવો નથી પડતો. શુદ્ધ ઉપયોગમાં લીન થઈને શુભરાગની ઉત્પત્તિ થતી નથી તેને શુભરાગ છોડ્યો એમ કહેવામાં આવે છે. પંડિતજી! બહુ ઝીણી વાત છે. અત્યારે એવી ગડબડ થઈ ગઈ છે સત્ય સમજવાની. કાં એકાંત, બસ નિશ્ચય, અમારે વ્યવહાર-બ્યવહાર નથી. કાં વ્યવહાર આવે છે તો વ્યવહારથી નિશ્ચય ધર્મ થશે, એ પણ એકાંત માનવાવાળા બેય એકાંત મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? રાગની મંદતાનો ભાવ અમને આવતો જ નથી. અમે તો બસ મુક્ત છીએ. ...

એક નગ્ન સાધુ આવ્યા હતા. અહીંની વાત સાંભળી હશે. નિશ્ચયની વાત ચાલે છે, નિશ્ચયની. ઈ કહેતા હતા, અમારે વ્યવહારનું શું કામ છે? અમે તો નિશ્ચયમાં રહીએ છીએ. સારું ભાઈ! આ બોલે છે (કોણ)? આ રાગ ક્યાંથી આવ્યો બોલવાનો? ખબર નહિ, ખબર કંઈ. નગ્ન મુનિપણું લઈ લીધું અને અહીં નિશ્ચયની વાત ચાલે છે તો હું આમ બોલીશ તો એમને પસંદ આવશે. અમારો પક્ષ કરશે કે તમારી શ્રદ્ધા બહુ સારી છે. અરે..! શું તમે કહો છો? વ્યવહાર તો મહા કુંદકુંદાચાર્ય, ગણધર જેવા મુનિઓને પણ આવે છે. એ વ્યવહાર જ્યારે છઠ્ઠી ભૂમિકામાં પોતાની શુદ્ધ પરિણતિ હોવા છતાં શુદ્ધ ઉપયોગમાં જામી ન જાય ત્યાં સુધી તો અનેક પ્રકારના, છઠ્ઠા ગુણસ્થાનમાં પણ શુભરાગની જાત આવ્યા વિના રહેતી નથી. કોઈ દયાની, કોઈ તપની, કોઈ બ્રહ્મચર્યની, કોઈ અચેલપણાની, હું નગ્ન છું એવો શુભરાગ આવે છે. ત્યાં વૈયાવૃત્ત્ય સંબંધીનો રાગ ગણવામાં આવ્યો.

'**ટીકા :— શુદ્ધાત્મપરિણતિને પામેલા...**' સામે મુનિ કેવા છે? ૨૫૩ની ટીકા. શુદ્ધાત્મા હું પરમપ્રકાશ ચૈતન્યમૂર્તિ છું. એવી અંતરમાં પવિત્રતાની શક્તિમાંથી પવિત્રતાની પર્યાયરૂપ દશા થઈ ગઈ છે. એવી શુદ્ધાત્મપરિણતિને પ્રાપ્ત '**રોગી,...**' લ્યો, એમને શરીરમાં રોગ આવે છે. કાલે કહ્યું હતું, નહિ? શુદ્ધાત્મપરિણતિ હોય તો રોગ નથી આવતો? શું એની ... રોગમાં થાય છે? આવો, શરીરની પર્યાય છે, રોગ આવવાની વસ્તુ છે. બીજા મુનિને એની સેવાનો ભાવ આવે છે તે શુભરાગ છે. '**ગુરુ,...**' ... પોતાથી પૂજ્ય અને શરીરે સ્થૂળ હોય તો એમની પણ સેવા કરવાનો (ભાવ આવે). ભાવલિંગી સંત હોય, શરીર આમ બહુ વધી ગયું હોય તો બીજા મુનિ પણ એમની સંભાળ ઉઠવા-બેસવામાં મદદ કરે એવો શુભભાવ આવે છે. બહુ શરીર એવું હોય અને પગથિયા ન ચડી શકે, પગથિયાને શું કહે છે? સીઢી ન ચઢી શકે, તો બીજા મુનિ, શુદ્ધાત્મપરિણત છે બીજા મુનિ પણ અને સામે મુનિ પણ શુદ્ધાત્મ શ્રદ્ધા, જ્ઞાન પરિણત છે પણ શરીર મોટું હોય તો પગથિયા ચડવામાં તકલીફ પડતી હોય તો હાથ આપે. એવો શુભરાગ આવે છે. હાથ દેવો ન દેવો એ તો જડની ક્રિયા છે. સમજાય છે કાંઈ? પણ એવો શુભરાગ આવે છે.

છઠ્ઠા ગુણસ્થાને કુંદકુંદાચાર્ય લ્યો, એમને પણ શુભભાવ આવ્યો. જાત્રા કરવા નીકળ્યા હતા.

બે હજાર વર્ષ પહેલાની વાત છે. સમજાય છે કાંઈ? ગિરનારમાં જાત્રાએ ગયા હતા. જે કહે છે કે શુભ પુણ્યબંધનું કારણ છે, જે કહે છે કે શુભ ઝેર છે. સમજાય છે કાંઈ? એમને પણ શુભરાગ આવ્યો હતો. ગિરનાર જાત્રા કરવા ઘણા સંઘસહિત નીકળ્યા હતા. ત્યાં શ્વેતાંબર સંપ્રદાયના સાધુ પણ જાત્રા કરવા આવ્યા હતા. એમાંથી ચર્ચા થઈ કે પહેલા કોણ ધજા ચડાવે? કુંદકુંદાચાર્ય કહે છે આપણે... પત્થરની પ્રતિમા હતી, દેવી અંબાજી એ મુખમાંથી બોલે એ પહેલા ચડાવે. કુદરત હતી, પુણ્યની યોગ્યતા, પુણ્યની યોગ્યતા હોં! એમાંથી અવાજ આવ્યો કે દિગંબર પહેલા (ચડાવે). નહિતર એવો બે વચ્ચે સંઘર્ષણ થઈ ગયો, બે સંઘનું સંઘર્ષણ. કારણ કે કુંદકુંદાચાર્ય પહેલા, ૧૦૦ વર્ષ પહેલા શ્વેતાંબર સંપ્રદાય નીકળી ચૂકેલો. તો બે વચ્ચે ત્યાં સંઘર્ષણ થઈ ગયું. કોણ પહેલા ચડાવે? આપણે કંઈ નહિ, પત્થરની મૂર્તિ છે ઈ બોલશે. પુણ્યની યોગ્યતા છેને, પુણ્યની યોગ્યતા છે. એવો કોઈ ચમત્કાર ... જવાબ આપ્યો, દિગંબર પહેલા ચડાવે. એ શુભરાગ છે કે નહિ? શુભરાગ આવે છે, પણ એની મર્યાદા પુણ્યબંધની છે. એની મર્યાદા સંવર, નિર્જરા કરે કે ધર્મ કરવાની તાકાત રાગમાં નથી.

તો કહે છે, 'બાળ,...' કોઈ મુનિ બાળ હો. રાજકુમાર બાળક હો, નાના હોય. વૈરાગ્ય.. વૈરાગ્ય.. આઠ વર્ષની ઉમરમાં, સંસારમાં કંઈ જોયું નથી, ... એકદમ વૈરાગ્ય. ફાટ.. ફાટ.. ચૈતન્યની જાગૃતિમાં એટલા ઘુસી ગયા કે મુનિપણું લઈ લીધું. એવા કોઈ કોમળ બાળક હોય તો બીજા મુનિને, બીજા મુનિ પણ શુદ્ધાત્મ વીતરાગી પરિણતિ સહિત છે, વીતરાગ દશા. બાળક પાસે પણ શુદ્ધાત્મ પરિણતિ વીતરાગી દશા સહિત છે. છઠ્ઠા ગુણસ્થાને મુનિ છે. અને ભાઈ! ઓલામાં તો ત્યાં સુધી કીધું, જયસેનાચાર્યદેવમાં, સામે શુદ્ધ ઉપયોગી મુનિ હોય અને કોઈ .. પડે તો શુભોપયોગી એની વૈયાવૃત્ત્ય કરે છે. શું કહ્યું? શુદ્ધ ઉપયોગી મુનિ ધ્યાનમાં હોય, એવી કોઈ વસ્તુ આવી પડી, કોઈ ... હોય, કોઈ માણસ હોય તો ત્યાં શુભરાગી મુનિ છે તો ઊભા કરવાનો શુભરાગ આવે છે. છે શુદ્ધ ઉપયોગમાં, એમને ખબર નથી. જ્ઞાન, આનંદમાં છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— .. નહિ. એ તો ધ્યાનમાં સપ્તમ ગુણસ્થાનમાં ચાલ્યા ગયા છે. તો શુભોપયોગી બીજા મુનિ હોય એને રાગ આવ્યો તો ... આવી જાય છે, રાગ આવે છે. પાણીનો પ્રવાહ એકદમ આવ્યો, એ તો ધ્યાનમાં છે, એકદમ પાણીનો પ્રવાહ આવ્યો, આ તો પાણીમાં ડૂબી જશે, તો થોડી મદદ કરવાનો રાગ આવે છે. ક્રિયા તો જડની થવાની હોય તે થાય છે. ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ? જ્યારે એવો વિવેક નથી, શરીરની ક્રિયા ભિન્ન, રાગની ભિન્ન, પુણ્યભાવ ભિન્ન છે એવો વિવેક નથી તો સમ્યગ્દર્શન થતું નથી, સમ્યગ્દર્શન રહેતું નથી. તો કહે છે, અથવા એમ કહે, શું કરીએ? પણ કર્મનો એવો ઉદય નથી કે અમને શુભરાગ આવે. કર્મનો ઉદય હોય એવો શુભરાગ આવવાનો હોય તો આવે છે. એ પણ મૂઢ છે. શું કર્મ તને શુભરાગ કરાવે છે? તારા પુરુષાર્થમાં કષાયની તીવ્રતાનો પુરુષાર્થ ન હોય તો મંદનો પુરુષાર્થ થાય, એ તારે કારણે છે,

મોહકર્મને કારણે નહિ. ત્યાં લગાવી દ્યે. શું કરીએ ભાઈ, અમને સેવાનો ભાવ આવ્યો નહિ. કર્મ જેવા ઉદયમાં આવે એવા ભાવ થાય છેને? .... એમ છે જ નહિ. તારી રાગની મંદતાનો પુરુષાર્થ હોય તો શુભભાવ આવે છે. તીવ્રતા પર તરફની પરિણતિમાં છે તો તે ભૂમિકામાં અશુભનો પુરુષાર્થ ન થયો, શુભનો થયો તો શુદ્ધનો આશ્રય મંદ છે. તીવ્ર ... હોય તો ... નથી. સમજાય છે કાંઈ?

'વૃદ્ધ...' સાધુ વૃદ્ધ થઈ ગયા છે, જીર્ણ જીર્ણ શરીર. ભાવલિંગી સંત આત્મ-આનંદમાં ઝુલતા હોય. શરીર જીર્ણ થયું. શું શરીર જીર્ણ ન થાય? આયુષ્ય પ્રમાણે રહે છે. સમજાય છે કાંઈ? કોઈ કૂતરા આવીને બટકુ ભર્યું, શું કહે છે? કરડી જાય, એમ થાય તો ... આનંદમાં છે એ તો. પણ બીજા શુભરાગી મુનિને એમની સેવા કરવાનો ભાવ આવ્યા વિના રહેતો નથી. ... તો પણ આવે છે. વિકલ્પ ઉઠે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હું સેવા કરું, હું મદદ કરું. દેહની ક્રિયા તો થવાની હોય તે થાય, પણ ભાવ એવો આવે છે. ઈ સમજે છે કે પુણ્યબંધનું કારણ છે. સંવર, નિર્જરા નહિ. સમજાય છે કાંઈ? અમારે સંવર, નિર્જરાના પરિણામ હોય તો કરીએ, નહિતર નહિ કરે. ક્યાં જઈશ નહિ કરે તો? સમજાય છે કાંઈ? પહેલા એ અધિકાર બહુ ચાલ્યો છે. ઉત્સર્ગ અને અપવાદ. શુદ્ધ ઉપયોગમાં રહેવાનો ઉત્સર્ગ હોય તો ત્યાં રહે, ન રહી શકે તો શુભ ઉપયોગમાં અપવાદમાં આવી જાય. એ અપવાદમાં ન આવે તો ભ્રષ્ટ થઈ જશે અને અસંયમ થઈ જશે. અસંયમ થઈ જશે. દેહ છૂટી જશે, જાશે સ્વર્ગમાં. ત્યાં સંયમ નથી. સમજાય છે કાંઈ?

તો કહે છે, અહીંયા તો તત્ત્વ દેવ શું? ગુરુ શું? શાસ્ત્ર શું? સંવર શું? નિર્જરા શું? આસ્રવ શું? એની ઓળખાણ કરાવે છે. એવા '**શ્રમણોની સેવાના નિમિત્તે જ (શુભોપયોગી શ્રમણને) શુદ્ધાત્મપરિણતિશૂન્ય જનો સાથે વાતચીત પ્રસિદ્ધ છે...** ' અહીં વાતચીતની વાત છે. પહેલામાં એની સેવા કરવાનો ભાવ હતો. હવે એને જરૂર પડી. મુનિને આમ થયું, ધ્યાનમાં છે, કોઈ વૈદ્ય આદિ હોય, હોય અજ્ઞાની વૈદ્ય પણ પૂછવું પડે, ભાઈ! આ મુનિ ધ્યાનમાં છે, એમને લોહી નીકળે છે. લોહી સમજો છો? ખુન નીકળે છે. એવી કોઈ વાત છે? એમ પૂછે. અહીંથી ઉપાડીને ત્યાં રાખીએ? એવો વિકલ્પ બીજા અજ્ઞાનીની સાથે વાતચીત કરવાનો આવે છે. આ કારણે. શુદ્ધાત્મપરિણતિશૂન્ય લોકોની સાથે વાતચીત પ્રસિદ્ધ છે.

'**(શાસ્ત્રોમાં અનિષિદ્ધ છે), પરંતુ બીજા નિમિત્તે પણ પ્રસિદ્ધ છે એમ નથી.** ' મુનિઓ બીજા કાર્યમાં આવા અજ્ઞાની સાથે વાતચીત કરી શકે છે એમ નથી. શું પડી છે તને? અજ્ઞાનીની સાથે વાતચીત (કરે છે)? સમજાય છે કાંઈ? એવો કોઈ મુનિનો પ્રસંગ હોય ઉપસર્ગ આદિ, તો અજ્ઞાની સાથે વાતચીત કરે, એની કોઈ દવા છે? અથવા કોઈ ... મુનિને આહાર માટે જાય છે ત્યાં મળે છે? સહજ હોં! સહજ મળતી હોય તો પૂછી લે, જાણી લે. અથવા એને

શરીરમાં રાખ-બાખ ચોપડે. લોહી નીકળ્યું હોય. રાખ સમજો છો? રાખને શું કહે છે? રાખ. રાખથી હું સાફ કરુંને? લોહીમાં તકલીફ નહિ પડેને? એમ પૂછી લે. અજ્ઞાનીને પણ પૂછી લે. પંડિતજી! એવો વાતચીત કરવાનો પ્રસંગ શુભરાગીને અજ્ઞાનીની સાથે આવા મુનિને કારણે આવે છે. બીજા કોઈ કારણે અજ્ઞાનીની સાથે વાતચીત કરે એવો મુનિને પ્રસંગ હોતો નથી. આહા..હા..! મુનિપણું કોને કહે! જંગલવાસી જ્યાં વનવાસમાં રહેવાવાળા એવા મુનિની દશામાં આવા મુનિને વાતચીત કરવાનો પ્રસંગ આવે છે. એ પ્રસંગ સિવાય પોતાની આબરૂ માટે, પોતાની અનાબરૂ થઈ હોય, અપકીર્તિ દુનિયામાં (થઈ હોય) તો અજ્ઞાનીની સાથે (વાતચીત કરે કે) મારી અપકીર્તિ કરવાવાળું કોણ છે? એવી અજ્ઞાનીની સાથે વાતચીત કરવાનો પ્રસંગ હોતો જ નથી. સમજાય છે કાંઈ? તારે શું પડી છે? દુનિયામાં દુનિયા ચાલશે. તું તારા જ્ઞાન-ધ્યાનમાં રહે અને એવો કોઈ પ્રસંગ હોય તો અજ્ઞાનીની સાથે ... બાકી પોતાના સંતોની સાથે વાતચીત કરવાનો પ્રસંગ તો સ્વાધ્યાય આદિને કારણે વારંવાર આવે છે. મુનિ... મુનિને શુભરાગ આવે છે.

**'હવે એ રીતે કહેવામાં આવેલા શુભોપયોગનો ગૌણ-મુખ્ય વિભાગ દર્શાવે છે... '** દેખો! હવે ગૌણ-મુખ્ય વિભાગ (દર્શાવે છે). વાતચીતનો વિભાગ, ક્યા પ્રસંગે અજ્ઞાનીની સાથે વાતચીત કરવી અને ક્યા પ્રસંગે નહિ કરવી. એવા બે ભાગ પાડી દીધા. પહેલા બે ભાગ વૈયાવૃત્ત્યના પાડ્યા હતા. કોની સેવા કરવી? કે જૈન પરમેશ્વરની દૃષ્ટિ, જ્ઞાન આદિ આત્મા જેવો કહ્યો છે એવું જેને ભાન થયું તેમની સેવાનો ભાવ આવે છે. એ સિવાય મિથ્યાદૃષ્ટિની સેવાનો ભાવ હોતો નથી. એવા બે ભાગ પાડ્યા હતા. પછી કાળના બે ભાગ પાડ્યા. જ્યારે એ મુનિ આદિ દેખાય છે તો એની સેવાનો શુભરાગનો કાળ છે, ઈ સિવાયનો શુદ્ધનો કાળ છે. અહીંયા વાતચીતના બે ભાગ પાડી દીધા. સમજાય છે કાંઈ? અજ્ઞાનીની સાથે વાત કરવાનો, એવા કોઈ મુનિ હોય તો, એ પ્રસંગમાં આવે છે, બીજા પ્રસંગે નહિ.

હવે ગૌણ-મુખ્ય કોને હોય છે? એ શુભરાગ ગૌણ કોને છે અને મુખ્ય કોને છે? એના પણ ભાગ પાડે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? મોક્ષમાર્ગ નહિ હોં આ શુભરાગ. એ તો પહેલા કહી ગયા છે. મોક્ષમાર્ગ તો પોતાનો આત્મા સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાનપ્રકાશના આનંદની દૃષ્ટિ અને અનુભવ અને સ્થિરતા તે જ એક મોક્ષમાર્ગ છે. પણ આવો મોક્ષમાર્ગ થવા છતાં શુદ્ધ ઉપયોગમાં રમે નહિ અને આવો કોઈ પ્રસંગ ઊભો થઈ જાય તો પ્રસંગને કારણે નહિ, પણ પોતાના કાળમાં એવો શુભરાગ આવ્યા વિના રહેતો નથી. એવો કાળનો વિવેક કરાવ્યો છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ વ્યવહાર છે, વ્યવહાર છે. જાણવાલાયક છે. જાણવાલાયક એવો વ્યવહાર છે. હું રાગ કરું એવી બુદ્ધિ નથી પણ વ્યવહારનયથી કહેવામાં આવે છે કે આવી શુભરાગની પ્રવૃત્તિ મુનિએ કરવી. એમ કહેવામાં આવે છે. ભારે વાત ભાઈ! એક એક વાતમાં ફેર છે. તત્ત્વની દૃષ્ટિ

સમજ્યા વિના એના ચરણાનુયોગનો શું અર્થ કરવો એ પણ સમજાતો નથી. ૨૫૪, હવે આ તકરારી ગાથા છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ગાથામાંથી તકરાર કાઢે છે એટલે તકરારી કહ્યું.

एसा पसत्थभूदा समणाणं वा पुणो घरत्थाणं।
चरिया परेत्ति भणिदा ताएव परं लहदि सोक्खं।।२५४।।

'**ટીકા :— એ રીતે શુદ્ધાત્માનુરાગયુક્ત પ્રશસ્તચર્યારૂપ જે આ શુભોપયોગ વર્ણવવામાં આવ્યો...**' શું કહે છે? ભગવાન આત્મા પવિત્ર અખંડાનંદ પ્રભુ એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા શુદ્ધાત્મપરિણતિયુક્ત. જેટલી નિર્દોષ નિર્વિકારી પરિણતિયુક્ત તેની પ્રશસ્તચર્યા. પ્રશસ્ત નામ શુભવર્તન, શુભરાગની ચર્યા. '**જે આ શુભોપયોગ વર્ણવવામાં આવ્યો...** ' મુનિનો શુભ ઉપયોગ કથનમાં વર્ણવ્યો '**તે આ શુભોપયોગ, શુદ્ધાત્માની પ્રકાશક સર્વવિરતિને પામેલા શ્રમણોને કષાયકણના સદ્‌ભાવને લીધે પ્રવર્તતો, ગૌણ હોય છે,...** ' શું કહે છે? તે શુભોપયોગ શુદ્ધાત્માની પ્રકાશક સર્વવિરતિ. મુનિને તો સર્વ નિવૃત્તિ, વિરતિ, સર્વવિરતિ અંદરમાં થઈ ગઈ છે. એવા સંતોને માટે કષાયકણ, કષાયકણ છે શુભરાગ. પરની સેવાનો ભાવ છે તો કષાયકણ. બીજાની સાથે, અજ્ઞાનીની સાથે વાત કરવાનો પ્રસંગ મુનિને કારણે (આવે), છે તો કષાયકણ. સમજાય છે કાંઈ? પંડિતજી! આ ભગવાનની પૂજા, ભક્તિ કરવા એ શું છે? કષાયકણ છે કે સંવર નિર્જરા છે? એમાં કષાય ક્યાં આવ્યો? ભગવાનનું સ્મરણ કરવું છે, ભગવાનની પૂજા કરવી છે, ભગવાનની સામું (બેસીને સ્તુતિ કરવી છે કે) ભગવાન! આપ અનંતગુણસંપન્ન છો, એવું સ્મરણ કરવું છે. એમાં કષાય ક્યાં આવ્યો? સેઠી!

મુમુક્ષુ :— શુભરાગ છે.

ઉત્તર :— એ રાગ જ કષાય છે. શું આવ્યો શું? રાગ આવે છે બરાબર, પણ છે કષાયનો કણ પુણ્યબંધનું કારણ છે. એમાં કષાયનું શું પોષણ થયું? એમ કેટલાક કહે છે. શું થયું? એ જાત જ કષાય છે, શુભરાગ છે. પણ ખબર ન મળે કંઈ. શોભાલાલજી! ભાઈને પણ ઠપકો આપીએ છીએ. પૈસા રળવામાં વખત કાઢ્યો. જાઓ સાયકલ પચાસ માઈલ આવો અને જાઓ. પહેલા તો હતુંને? હવે આડતિયા (લેવા જાય). પણ શું વસ્તુ (કહે છે) સર્વજ્ઞ પરમાત્મા (એની ખબર ન મળે). સમજાય છે કાંઈ? કોણ ક્યાં કહે છે કે આ ધર્મ છે... ભગવાનની પૂજામાં ધર્મ છે, સંવર, નિર્જરા છે. આસ્રવ ઘટે છે અને સંવર વધે છે. બિલકુલ નહિ. પણ પોતાને ખબર નથી, કોણ કહે છે એની ઓળખાણની ખબર નથી. બરાબર છે? કહેતા હશે, વિદ્વાન છે. ક્યાંથી વિદ્વાન આવ્યો? સમજાય છે કાંઈ?

અહીં તો મુનિ છે. શુદ્ધાત્મ પરિણતિની દૃષ્ટિની દશાવંત, તેમને પણ વાતચીત કરવાનો, સેવા કરવાનો કાળ છે તે શુભરાગની પ્રવૃત્તિ છે, એ કષાયનો કણ છે. હો, આવો, પણ એમાં સંવર

નિર્જરા છે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. આવતો નથી એમ પણ નહિ અને આવે છે તો ધર્મ છે એમ પણ નહિ. સમજાય છે કાંઈ? સમજવાની, આ સમજવાની વસ્તુ છે.

ભગવાન! તારી વસ્તુ શું છે? અને તારામાં શું થાય છે? અને બીજામાં શું છે? એની ઓળખાણ તારે સમ્યક્ માટે કરવી પડશે. સમ્યક્ સત્ય માટે કોણ કષાયના કણને ધર્મ મનાવે છે? કોણ કષાયના કણને પુણ્ય માને છે? અને કષાયથી રહિત પોતાની દૃષ્ટિ, જ્ઞાનને ધર્મ કોણ જાણે છે? એની પણ ઓળખાણ તો કરવી પડશે.

તો કહે છે કે આવા મુનિ '**કષાયકણના સદ્ભાવને લીધે પ્રવર્તતો...**' શુભરાગમાં પ્રવર્તે છે તે ગૌણ છે. મુનિને ગૌણ છે. શુભરાગ ગૌણ છે. કોઈ વખતે... એમનો શુદ્ધ ઉપયોગમાં રહેવાનો કાળ ઘણો છે. સમજ્યા? ઘણો કાળ. શુભરાગની અપેક્ષાથી થોડો છે પણ શુદ્ધ ઉપયોગમાં જાવાની ગતિ છે એમની. સપ્તમમાં જવાની. તો શુભરાગ છઠ્ઠા ગુણસ્થાને સંતને ગૌણ નામ પેટામાં છે, પેટામાં છે. જેમ તળેટી છેને પેટામાં? એમ ગૌણ પેટામાં વ્યવહાર બહુ થોડો હોય છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, આવે છે.

હવે કહે છે કે '**કારણ કે તે શુભોપયોગ શુદ્ધાત્મપરિણતિથી વિરુદ્ધ એવા રાગ સાથે...**' દેખો! એ શુભરાગ આવ્યો, કાળના ભાગ પાડ્યા, કોની સેવા કરવી ઈ કહ્યું, કોની સાથે વાતચીત કરવી ઈ કહ્યું, એ શુભરાગ. શુદ્ધાત્મપરિણતિ—નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, નિર્વિકારી નિર્દોષની વિરુદ્ધ રાગની સાથે. શુદ્ધાત્મપરિણતિથી રાગ વિરુદ્ધ છે. '**વિરુદ્ધ એવા રાગ સાથે સંબંધવાળો છે;...**' દેખો! એ શુભ ઉપયોગ શુદ્ધાત્મપરિણતિ વિરુદ્ધ રાગની સાથે સંબંધવાળો છે. શુદ્ધ ચૈતન્યની સમ્યક્ શુદ્ધતા, સમ્યક્જ્ઞાનતા અને સમ્યક્ચારિત્રતા શુદ્ધતા તો છે અંદર, પણ એને રાગ આવ્યો એ શુદ્ધ પરિણતિથી વિરુદ્ધ છે. સમજાય છે કાંઈ? તો કહે છે કે '**વિરુદ્ધ એવા રાગ સાથે સંબંધવાળો છે;...**'

'**ગૃહસ્થોને તે શુભોપયોગ...**' હવે ગૃહસ્થોને. પંચમ ગુણસ્થાનવાળાની વાત હવે ચાલે છે. પહેલા મુનિની વાત કહી. એમને તો ગૌણપણે છે, કારણ કે શુદ્ધાત્મપરિણતિથી વિરુદ્ધ છે તેથી અંદરમાં શુદ્ધમાં જવાનો પ્રયાસ એને ચાલુ છે. શુદ્ધ એને મુખ્ય છે, શુભ એને ગૌણ છે. અને ગૃહસ્થોને.. હવે તકરારી વાત આ છે. '**શુભોપયોગ...**' પંચમ ગુણસ્થાનવાળા સમ્યક્દૃષ્ટિ જ્ઞાની ભાનવાળાને શુભ ઉપયોગ જે આવે છે, શુભરાગ દયાનો, દાનનો, સેવાનો, પૂજાનો, ભક્તિનો, પ્રભાવના કરવાનો, ધર્મની પ્રભાવના બહારમાં થાઓ એવો રાગ આવે છે. ગૃહસ્થ હોય, પાંચ પચાસ લાખનો આસામી હોય તો બે લાખ, પાંચ લાખ ખર્ચે એમાં શુભરાગ (છે). પ્રભાવના થાય, દુનિયામાં ખબર પડે કે ધર્મ કેવો છે. એવો શુભરાગ ગૃહસ્થોને—સમ્યગ્દર્શનપૂર્વક છે, શુદ્ધાત્મપરિણતિ પંચમ ગુણસ્થાનની છે તેને '**સર્વવિરતિના અભાવ વડે...**' ગૃહસ્થાશ્રમમાં

સર્વવિરતિ તો છે નહિ મુનિ જેવી.

**'શુદ્ધાત્મપ્રકાશનનો અભાવ હોવાથી...'** ચારિત્રનો—શુદ્ધાત્મપ્રકાશનો શ્રાવકને અભાવ છે. સમજાય છે કાંઈ? નીચે અર્થ છે. પહેલા તો આ શબ્દાર્થ કરીએ છીએ. ગૃહસ્થોને સર્વવિરતિ (અર્થાત્) અંદર જે મુનિપણું છે, નિવૃત્તિ ત્રણ કષાયનો અભાવ એટલી નિવૃત્તિ નિવૃત્તિ.. જે પંચ પરમેષ્ઠીમાં ભળી ગયા છે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. મુનિની જેવી દશા છે એવી દશા ગૃહસ્થાશ્રમમાં હોતી નથી. **'સર્વવિરતિના અભાવ વડે શુદ્ધાત્મપ્રકાશનનો અભાવ હોવાથી...'** શુદ્ધાત્મપ્રકાશનનો અભાવ. નીચે અર્થ છે જુઓ, નીચે ફૂટનોટ. 'ચારિત્રદશામાં વર્તતું જે ઉગ્ર શુદ્ધાત્મપ્રકાશન તેને જ અહીં શુદ્ધાત્મપ્રકાશન ગણ્યું છે,...' આ અમારે પંડિતજીએ ખુલાસો કર્યો છે. હિંમતભાઈએ ખુલાસો કર્યો છે કે આ બધું કેમ આમ લખ્યું છે?

ભાઈ! શુદ્ધાત્મપ્રકાશનનો અભાવ જે લખ્યો છે. શ્રાવકને શુદ્ધાત્મપ્રકાશનનો અભાવ લખ્યો છે એ તો મુનિપણાની ચારિત્રની અપેક્ષાથી શુદ્ધાત્મપ્રકાશનનો અભાવ છે. શુદ્ધાત્મપ્રકાશ ન હોય તો સમ્યગ્દર્શન, શ્રાવક પણ નથી. સમજાય છે કાંઈ? પોતાની અંતર દૃષ્ટિ પુણ્ય-પાપથી ખસીને, શુદ્ધ શક્તિ સચ્ચિદાનંદ પ્રભુ એમાં પેસીને નિર્મળ શુદ્ધ પર્યાય જો ન થઈ હોય તો તો સમ્યગ્દૃષ્ટિ અને શ્રાવક જ નથી. સમજાય છે કાંઈ? પણ શ્રાવકને છઠ્ઠી ભૂમિકાની જે સર્વવિરતિનો શુદ્ધપ્રકાશન ભાવ હતો એવો ભાવ પાંચમે નથી. છેને નીચે? 'શુદ્ધાત્મપ્રકાશન ગણ્યું છે. તેનો સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને અભાવ છે.' શેનો? એ ચારિત્રનું શુદ્ધ પ્રકાશન, નિર્વિકલ્પ સ્થિરતા વિશેષ તેનો પંચમ ગુણસ્થાનમાં અભાવ છે. 'બાકી દર્શન-અપેક્ષાએ તો..' સમ્યગ્દર્શનની અપેક્ષાએ સમકિતીને, શ્રાવકને 'સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને પણ શુદ્ધાત્માનું પ્રકાશન છે જ.'

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, તે અપેક્ષાથી નહિ.

પોતાનું સ્વરૂપ સમ્યક્ શુદ્ધ ચૈતન્ય છે એમ જ્ઞાનમાં, પ્રતીતિમાં આવ્યું એટલી તો શુદ્ધ દશા તો પ્રગટ સમ્યગ્દૃષ્ટિને અને શ્રાવકને હોય છે. તો શ્રાવકપણું અને સમ્યગ્દર્શનપણું છે. નહિતર શ્રાવકપણું અને સમ્યગ્દર્શન હોતું નથી. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, ફરીથી. એ.. સેઠી! સાંભળો! શું કહે છે? કે ગૃહસ્થાશ્રમમાં શુદ્ધાત્મપ્રકાશન જો ન હોય તો એ સમ્યગ્દૃષ્ટિ જ નથી. કેવું પ્રકાશન? કે પુણ્ય-પાપના જે શુભરાગ, અશુભરાગ છે તેની રુચિ છોડીને, હું જ્ઞાનમૂર્તિ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું એવી શ્રદ્ધામાં નિર્મળતા અને જ્ઞાનમાં નિર્મળતા અને અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાનાવરણીયના અભાવરૂપ સ્વરૂપની શાંતિની સ્થિરતા એવી જો શુદ્ધતા ન હોય તો શ્રાવક જ નથી. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ!

અહીં જે કહે છે કે ગૃહસ્થને શુદ્ધાત્મપ્રકાશનનો અભાવ છે, એ ચારિત્ર જે મુનિનું હોય છે છઠ્ઠા ગુણસ્થાનવાળાનું એવી શુદ્ધાત્માની સ્થિરતાના પ્રકાશનનો અભાવ છે. પણ પોતાનું

સમ્યગ્દર્શન, જુઓ! દર્શનની અપેક્ષાથી. ચૈતન્ય નિર્વિકલ્પ આનંદમૂર્તિ હું છું એવી શુદ્ધતા પર્યાયમાં—અવસ્થામાં નિર્વિકલ્પ રાગરહિત દશા ઉત્પન્ન થઈ છે. એવી દશા જો ન હોય અને એકલો શુભરાગ હોય તો તેને શ્રાવક અને સમકિતી કહેવામાં નથી આવતો. સૂક્ષ્મ વાત છે. આ તો શ્રાવકનું બિરૂદ લગાવી દીધું બધાએ. રતનલાલજી! શ્રાવક થઈ ગયા દિગંબરમાં જન્મ્યા એટલે? એમ કહે છે. સેઠીના ગામનો એક માણસ કહે છે કે દિગંબરમાં જન્મ લીધો એ બધા ભેદજ્ઞાની છે. અરે..! ભગવાન! દિગંબર કોને કહેવા? જન્મ લીધો એટલે શું? જન્મે દિગંબર છે?

પહેલી તો દૃષ્ટિમાં દિક્ નામ (આકાશ) સમજ્યા? દિગંબર—દિક્ નામ આકાશ, અંબર એટલે વસ્ત્ર. અહીં રાગરૂપી વસ્ત્રની રુચિ છૂટ્યા વિના સમ્યગ્દર્શનની દૃષ્ટિ થતી નથી. જ્યારે એ શુભ-અશુભરાગમાં હિત માને છે, શુભરાગથી ધર્મ માને છે, શુભરાગ કરતા કરતા ધર્મ થઈ જશે એવી દૃષ્ટિ જેને છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. જૈન સમ્યગ્દૃષ્ટિ પણ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

તો અહીંયા આચાર્ય કહે છે કે શુભરાગ સમકિતીને પણ આવે છે અને શુભરાગ મુનિને પણ આવે છે. મુનિને શુભરાગ (લીધો તે) સાચા મુનિની વાત છે, દ્રવ્યલિંગીની અહીંયા વાત નથી. પોતામાં સચ્ચિદાનંદ પ્રભુ પ્રકાશ થઈને પ્રગટ થઈ ગયો છે. સાક્ષાત્કાર તો સમ્યક્‌માં થઈ ગયો છે, એ સિવાય લીનતાની એટલી રમણતા (થઈ છે કે) કોઈ વખતે શુભ ગૌણપણે ગણવામાં આવે છે. તેની ધારા, ધારણા ધારણા, ધારા શુદ્ધતમાં ચાલી જાય એવી એની ઉગ્રતા છે. પણ શ્રાવકને જે શુભરાગ આવે છે, એ શુદ્ધાત્મપરિણતિની મુનિની છે એવી નથી. તેને શુભરાગ આવે છે. તેનું શુ ફળ છે એ બતાવે છે. સમજાય છે કાંઈ? જુઓ! અહીંયા આવ્યુંને? 'શુદ્ધાત્માનું પ્રકાશન છે જ.' જુઓ! શ્રાવક સમ્યગ્દૃષ્ટિ ન હોય અને શુદ્ધાત્મ શ્રદ્ધા, જ્ઞાનની દશા ન હોય તો સમકિતી નથી તો શ્રાવક ક્યાંથી થઈ ગયો? એકલા શુભરાગની ક્રિયા કરે છે અને શુભરાગથી ભિન્ન પોતાનો આત્મા છે એની શ્રદ્ધા, જ્ઞાનની નિર્મળતા પ્રગટ ન થાય તે સમકિતી નથી, તે શ્રાવક નથી. ઈન્દ્રચંદજી!

મુમુક્ષુ :— પ્રત્યાખ્યાનાવરણીય...

ઉત્તર :— પ્રત્યાખ્યાનાવરણીય અસ્થિરતા. જરી સ્થિરતામાં (ઓછપમાં) નિમિત્ત. પ્રત્યાખ્યાનાવરણીય (કર્મ) તો નિમિત્ત છે, પણ પોતાની સ્થિરતામાં કમી છે તેમાં એ નિમિત્ત છે. ચારિત્રની જે પરિણતિ હોવી જોઈએ એ નથી એમાં એ પ્રત્યાખ્યાનાવરણીય નિમિત્ત છે. એણે રોક્યું છે એમ નથી. પ્રત્યાખ્યાનાવરણીયે રોક્યું છે એટલે ચારિત્ર નથી આવતું એમ નહિ. પોતાની ચારિત્રની પરિણતિમાં પુરુષાર્થ ઉગ્ર નથી તો ચારિત્રની પરિણતિ પ્રગટ થઈ નહિ. એમાં પ્રત્યાખ્યાનાવરણીય નિમિત્ત છે. બસ એટલું. એ તો જડ પ્રકૃતિ છે. એ કોઈ આત્માને નુકસાન કરે છે કે લાભ કરે છે એમ છે જ નહિ. ભારે ભાઈ! કર્મમાં તો એવા ચડાવી દીધા છે.. પંડિતજી! જ્ઞાનાવરણીયના ઉદયથી જ્ઞાનનો ઉઘાડ થતો નથી. શું કરીએ? કોણે કહ્યું એવું? શું વસ્તુમાં એવું છે? જ્ઞાનાવરણીય કર્મ તો જડ પર માટી ધૂળ અજીવ છે. શું એ પોતાની જ્ઞાનની પર્યાયને રોકે છે? અને એનો ઉઘાડ છે તો પોતાની જ્ઞાનક્રિયાનો વિકાસ થાય છે? કોણે કહ્યું એવું? એ તો કર્તા થયા.

જડ કર્મને કારણે પોતાની જ્ઞાનપર્યાય રોકાઈ ગઈ, જડ કર્મ ખસ્યા એટલે પોતાની જ્ઞાનપર્યાયનો વિકાસ થઈ ગયો. એ તો કર્તા માની લીધું જડ ઈશ્વરને. જ્ઞાનાવરણીય અમારો ઈશ્વર, હું એનો દાસ. એમ છે નહિ. એમ છે જ નહિ. પોતાની પર્યાયમાં જ્ઞાનની પોતાના પુરુષાર્થને કારણે ઓછપ છે.

એ તો બપોરે આવશે. હજી ઘણી વાત છેને. ષટ્કારક. એક જ્ઞાનગુણમાં ષટ્કારક પડ્યા છે. સમજાય છે કાંઈ? જ્ઞાનગુણ છેને એમાં ષટ્કારકના કાર્ય પડ્યા છે. પોતાનું જ્ઞાન કર્તા થઈને જ્ઞાનની પરિણતિ કરે છે. જ્ઞાનમાં કર્મ છે, તો જે કર્મથી... કર્મશક્તિ, એ કારણે જ્ઞાનમાં શુદ્ધ પર્યાયનું કાર્ય થાય છે. પોતાથી થાય છે. અને જ્ઞાનગુણમાં કરણશક્તિ, એક કરણરૂપ ભાવ પડ્યો છે, તો જ્ઞાનગુણ પોતાને કારણે પોતાની નિર્મળ પર્યાયને પ્રગટ કરે છે. કર્મ-ફર્મની વાત અહીંયા નથી.

મુમુક્ષુ :— કાળલબ્ધિ...

ઉત્તર :— કાળલબ્ધિ ક્યાં આવી? કાળલબ્ધિ પુરુષાર્થ કરે તો કાળલબ્ધિ આવે છે કે પુરુષાર્થ વિના? એ તો ટોડરમલે એમ કહ્યુંને? કાળલબ્ધિ અને ભવિતવ્યતા કોઈ વસ્તુ નથી. જે કાળમાં પોતાના સ્વભાવનો પુરુષાર્થ કર્યો તે સમયે જે પ્રગટ થઈ તે કાળલબ્ધિ. બીજી કાળલબ્ધિ કોણ છે? પુરુષાર્થથી કાળલબ્ધિનો ખ્યાલ આવ્યો. કાળલબ્ધિનો ખ્યાલ કાળલબ્ધિથી આવે છે? સમજાય છે કાંઈ? સર્વજ્ઞનો ખ્યાલ શું પર તરફના લક્ષથી આવે છે? પોતાનો સર્વજ્ઞસ્વભાવ પોતામાં છે એવી દૃષ્ટિ થઈ તો સર્વજ્ઞ છે એવો ખ્યાલ આવ્યો. એમ આત્મામાં શું કાળલબ્ધિનો ખ્યાલ કાળલબ્ધિ ઉપર લક્ષ દેવાથી આવે છે? સમજાય છે કાંઈ? પર્યાય એ કાળલબ્ધિની થવાની હતી તો એના તરફના લક્ષથી એનું જ્ઞાન થયું? જ્ઞાન તો પોતાનો સ્વભાવ હું ચિદાનંદ છું, શુદ્ધ છું, એવું ભાન થયું ત્યારે એ જ્ઞાનસ્વભાવનું થયું તો પર્યાયનો આ કાળ હતો એવું જ્ઞાન થયું. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો સમજણ વિના ભગવાનના માર્ગની કથની ચલાવી. માન મળે, દુનિયા કહે કે ઓહો..હો...! મોટો છે, હુશિયાર છે, હોં! મોટો વિચક્ષણ છે, પંડિત છે, જાણકાર છે. મારે ગપ્પા આડાઅવળા. ગપ્પા સમજ્યા? ગપ.

અરે..! ભગવાન! આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથનો પંથ છે. એક કરોડપતિનું મુનિમપણું લેવું હોય તો વિચક્ષણતા જોઈએ. દસ રૂપિયાનો પગાર મળે એવો એનો મુનિમ હશે? કરોડપતિ છે અને એનો મુનિમ દસ રૂપિયાનો પગાર લે એવો મજૂર હશે? એના મુનિમને પાંચ હજાર મહિને મળે તો એવી એની વિચક્ષણતા હશે. એમ સર્વજ્ઞ ત્રિલોકનાથનો પંથ, એના દ્રવ્ય-ગુણ-પર્યાય, એનો સ્વભાવ વિભાવ, શું વસ્તુ છે એને જાણ્યા વિના એનું મુનિમપણું કરવા બેસે (તો) દેવાળું કાઢશે. એની પોતાની પર્યાયમાં હોં! એની પર્યાયમાં. સમજાય છે કાંઈ? કરોડની દુકાન ચાલતી હોય. આવો, તમે લઈ જાઓ, બધું લઈ જાઓ દસ હજારમાં. પણ કોણ છે? વાણિયામાં આવે છેને? છોકરો હતો. છોકરાને દુકાને બેસાડ્યો. એના પિતા ગયા ભોજન કરવા. ભાઈ! (નામ લખ્યા વિના) કોઈને આપવું નહિ. બેસજે. એક બાઈ આવી. પાંચસો સાકર તોળી દો. પાંચસો સાકર

તોળી દો. નામ લખ્યું નહિ, નામ-ઠામ પૂછ્યું નહિ. લઈ ગઈ. કોણ લઈ ગયું? એક રાતે સાડલે બાઈ હતી. પણ રાતા સાડલાવાળા તો ગામમાં (કેટલાય હોય). સાડલો સમજ્યાને? સાડી. રાતી સાડીવાળી એક બાઈ હતી. પણ રાતી સાડી હોય તો લાખો બાઈ ગામમાં રહે છે. સમજાય છે? એક કહેવતમાં આવે છે, રાતે સાડલે રાંડ, લઈ ગઈ પાંચ શેર ખાંડ. એમ આવે છે. આ તો પાંચ શેર, દસ શેર, લ્યોને. એક દાખલો. એ આપી સાકર. ... છોકરાને પૂછ્યું, કોણ લઈ ગયું? રાતે સાડલે.. સાડલે સમજ્યાને? કપડા. રાતે કપડે રાંડ, પાંચ શેર લઈ ખાંડ. પણ કોની પાસે લેવાના છે ખાંડના પૈસા? શોભાલાલજી! પણ નામ તો પૂછવું હતું. વાણિયા છે કે કોઈ કોળી છે? કે કઈ શેરીમાં રહો છો, તમારા પતિનું નામ બોલો અથવા આમાં લખી દો. મેં તો કંઈ પૂછ્યું નહિ. ખાંડ આપી દીધી. બહુ સારું.

એમ આત્મા શું છે? અમે તો વેપાર કરીએ છીએ ભગવાનના માર્ગનો. કોનો ગુણ કહેવો? કોની પર્યાય કહેવી? શેમાંથી પર્યાય ઉત્પન્ન થાય છે? શેમાં એ નિમિત્ત છે? પરથી ઉત્પન્ન (થતી નથી), કંઈ ખબર છે? ખબર નથી, અમે તો વેપાર કરીએ છીએ. ભગવાનના દર્શન કરીએ છીએ, કાયમ બે બે ઘડી પૂજા કરીએ છીએ, જય જય ભગવાન! જય જય! પણ એમાં શું આવ્યું? પ્રભાવના (કરીએ છીએ). પ્રભાવના તો પોતાની પર્યાયમાં પહેલી ન થાય ત્યાં સુધી પરમાં પ્રભાવના ક્યાંથી થશે? સમજાય છે કાંઈ?

તો કહે છે, ગૃહસ્થને ચારિત્રના શુદ્ધ પ્રકાશનનો અભાવ છે. એ '**કષાયના સદ્‌ભાવને લીધે**...' શ્રાવકને શુભરાગ આવે છે પણ એ કષાયભાવ છે. '**પ્રવર્તતો હોવા છતાં પણ, મુખ્ય છે**,...' કેમકે એને અશુભ ટાળવામાં શુભ મુખ્ય ગણવામાં આવ્યું છે. છે તો પુણ્યબંધનું કારણ. પણ અશુભ ઘણું હોય છે તેને છોડવા માટે શુભરાગની મુખ્યતા ગણવામાં આવી. મુનિને શુભરાગની ગૌણતા ગણવામાં આવી. અને અહીંયા પંચમ ગુણસ્થાનમાં આત્મભાન સમ્યગ્દર્શન, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું ભાન (હોય). સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું ભાન ન હોય અને સમ્યગ્દર્શન હોય એમ બનતું નથી. તો સમ્યગ્દર્શનમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું ભાન, સાચા આત્માનું ભાન (હોય છે). તે ભૂમિકામાં કષાયની મંદતાનો શુભરાગ દયા, ભક્તિ, પૂજા, પ્રભાવના (હોય) એ અશુભ ઘણું હોય છે તેના વંચનાર્થ વ્યવહારથી એમ કહેવામાં આવે છે. બાકી કાળ છે ઈ તો વાત છે જ. સમજાય છે કાંઈ? કથની એવી પદ્ધતિ ચાલે... અહીં લખશે, અમારા પંડિત પણ લખશે, અશુભ વંચનાર્થ શુભ ઉપયોગ મુખ્ય છે. ભાવાર્થમાં. છે કે નહિ? આ ભાવાર્થમાં છે. પણ ટીકામાં છે કે નહિ એ તો? અમૃતચંદ્રાચાર્ય જેવા કહે છે, અશુભ વંચનાર્થ. એ તો બોલવાની કથની એવી છે. અશુભ જ્યારે ન હોય ત્યારે આવો શુભરાગ આવ્યા વિના રહેતો નથી. એનો અર્થ તો આ છે. વિકલ્પ જ એવો આવે છેને, કે મને અશુભભાવ ન હો, અશુભભાવ ન હો. એ સહજ આવે છે.

તો કહે છે કે શ્રાવક સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને કષાયની મંદતાનો શુભરાગ મુખ્ય છે. શું આવ્યું સમજાયું? વારંવાર એને શુભભાવ આવવો, લેવું, કરવું એમ વ્યવહારનયથી કહેવામાં આવે છે.

ષટ્કર્મ નથી ગૃહસ્થના? ગુરુસેવા, પૂજા, દેવપૂજા, ગુરુસેવા, સ્વાધ્યાય, સંયમ શુભરાગ, એ બધો શુભરાગ છે. અંતરની સેવા સ્વરૂપમાં આનંદમાં લીન થવું એ તો પોતાની સેવા છે. શુદ્ધાત્મા ગુરુ પોતાનો આત્મા, પોતાનો દેવ પોતાનો આત્મા. એમાં શુદ્ધ આનંદમાં લીન થવું એ નિશ્ચય ગુરુ, નિશ્ચય દેવની સેવા છે. પણ એમાં રહી શકતા નથી તો વ્યવહાર પર ગુરુ અને પર દેવની સેવાનો રાગ આવે છે. શ્રાવકને મુખ્ય ગણવામાં આવ્યો છે. ષટ્ કર્મમાં એ શુભરાગ મુખ્ય આવે છે.

હવે આ તકરારી વાત છે. ગૌણ-મુખ્ય સુધી તો હરકત નહિ. પણ શુભરાગથી મોક્ષ લેશે એવી વાત આવશે. સમજાય છે કાંઈ? અહીંયા તો જેને આત્મા ઓળખવો છે, આત્માની શાંતિ પ્રાપ્ત કરવી છે, સ્વતંત્ર સ્વભાવનું સાધન કરવું છે એણે આ બધું સમજવું પડશે. જેને દેવાળુ કાઢવું છે એણે ચોપડા લઈને કોર્ટમાં નાખી દેવા. નાખી દે છેને, પહોંચી ન શકે. કોર્ટમાં ચોપડા (આપે). કોર્ટ સમજ્યા? સરકારી કોર્ટ છેને? અદાલતમાં ચોપડા આપી દે. અમે પહોંચી શકતા નથી. તમે સંભાળો. શાહુકારને એમ ન પાલવે, એમ ન ચાલે. એ તો તપાસે કે મારી પાસે પાંચ લાખની મુડી છે, બે લાખ ઉઘરાણીમાં છે, બે લાખ અહીંયા છે, એક લાખ ક્યાં ગયા? ક્યાં છે? કોઈ છોકરો ખાઈ જાય છે? કોઈ નોકર લઈ જાય છે? ગયા ક્યાં? દેખાય છે ચાર, લખ્યા છે પાંચ. તો તપાસ કરે છે. સમજાય છે કાંઈ? એવા પણ નોકર હોય છે કે નહિ? ખોટ જાય એ શેઠને નામે લખી નાખે. લાભ થાય એ પોતાના નામે લખે. બને છે કે નહિ? બન્યું છે. ઘણું બન્યું છે, અમને બધાની ખબર છે. સમજાય છે કાંઈ?

બે લાખની ખોટ જાય તો મુનિમ એવો હોય કે એનો હાથ હોય, એનો જમણો હાથ હોય. ... ફરી જાય, તો ખોટ જાય. ખોટ સમજો છો? નુકસાન. તો શેઠને નામે લખી નાખે. અને બે લાખની ઉપજ હોય તો પોતાને નામે લખી નાખે. નામું તપાસે ત્યાં.. અરે..! આ દસ લાખની ... ક્યાં ..? મારી પાસે મુડી તો માંડ ચાર લાખ જેટલી છે. મુડી તો ઘણી હતી, કમાણી પણ ઘણી હતી. દસ વર્ષમાં ક્યાં ગયા? લાખ લાખ, પચાસ પચાસ હજારની પેદાશ ગણવામાં આવે તો પણ દસ વર્ષમાં પાંચ લાખ તો થવા જોઈએ. ખર્ચ કાઢીને પણ લગભગ અમને દેખાય છે કે અઢાર આની થાય છે. એ બધો વિચાર કરે છે, હોં! અઢાર આની સમજ્યા? રૂપિયામાં બે આનાનો લાભ. તો લખે છે. ગણતરી ગણે હોં! અમારે કુંવરજીભાઈ બધી ગણતરી (કરતા). બધું ગણે. છ સાત લાખની ઉઘરાણી, ત્રણ લાખનો વેપાર, લગભગ એમાં એક રૂપિયે બે આનાનો નફો ગણો તો દસ લાખમાં દોઢ લાખ આવશે. સમજાયું? એક રૂપિયે બે આનાનો નફો. બસ. અઢાર આના. તો એને ખ્યાલ હોય કે ઉઘરાણીમાં આટલો નફો છે, દુકાનના ધંધામાં સત્તર આના છે, એમાં સવા આની છે. બધું ગણીને અઢાર આની થશે. તો દસ લાખમાં દોઢ લાખની તો કમાણી થવી જોઈએ. એ નથી દેખાતી. છ વર્ષમાં દોઢા ગણો તો નવ લાખ તો ઈ થવા જોઈએ. પાંચ લાખની તો મુડી હતી. પંદર લાખ તો દેખાતા નથી. તપાસ કરી ત્યાં દેવાળુ કાઢ્યું. સમજાય છે કાંઈ? એમ કોઈને થાય છે કે નહિ? થાય છે, ખબર છે. મોટા મોટા શેઠિયાને આવું થયું છે.

જેને આત્માની સંભાળ કરવી છે એણે આત્મા શું, શ્રદ્ધા શું, જ્ઞાન શું, ચારિત્ર શું, રાગ શું? રાગની પ્રવૃત્તિની મર્યાદા શું? શુદ્ધાત્માની સ્થિરતાની હદ કેટલી? એ બધું એણે ઓળખવું જોઈએ. રોજ જોવું જોઈએ. સવાર સાંજ સામાયિકને આવી વિચારધારામાં, એમ કહે છે. થોડા આમ આવો, બહાર તડકો છે. બહાર બેઠા છે. અંદર આવજો અંદર. તડકો તડકો છે. ગરમીમાં બહાર બેઠા છે. આજે રવિવાર છેને. શું કહ્યું?

કહે છે કે જ્યાં સમ્યગ્દર્શન આત્માનું છે કે રાગ મારી ચીજ નથી, રાગ બંધનું કારણ છે. છતાં સમ્યગ્દષ્ટિને અને પંચમ ગુણસ્થાનવાળાને શુભરાગ આવે છે. એને મુખ્ય ગણ્યો, મુનિને એ રાગ ગૌણ ગણ્યો. હવે અહીંયા ફળ બતાવે છે. એ શુભરાગનું ફળ બતાવે છે. **'જેમ ઇંધનને...'** ઇંધન ઇંધન. લાકડી. **'સ્ફટિકના સંપર્કથી...'** સ્ફટિકનો સ્પર્શ થાય છેને લાકડીને? **'સૂર્યના તેજનો અનુભવ થાય છે...'** અગ્નિ સળગે છેને અગ્નિ. લાકડીમાં અગ્નિ (લાગે). સ્ફટિકનો સંબંધ, સૂર્યના તેજનું નિમિત્ત, લાકડી સળગે છે. **'(અને તેથી ક્રમશઃ સળગી ઊઠે છે)...'** લાકડી સળગીને રાખ થઈ જાય. (આ) દૃષ્ટાંત. સમજાય છે? આ બાળકો નથી કરતા કાચમાં? રૂ રાખે. રૂ નીચે રાખે તો એનો સંપર્ક છે કાચનો રૂને, અને સૂર્યનું તેજ એના ઉપર પડે તો ભડકો થાય છે. ભડકો સમજ્યાને? આગ (લાગે).

**'તેમ...'** એ તો દૃષ્ટાંત થયો. **'ગૃહસ્થને...'** નામ સમકિતી શ્રાવકને. આત્મજ્ઞાનીને આત્મભાન છે, ચારિત્ર મુનિ જેવું નથી, તેને શુભરાગ આવે છે. દયા, દાન, ભક્તિ, પૂજા, પ્રભાવના. એ રાગનો સંયોગ છે. ગૃહસ્થ નામ લાકડી, અને રાગનો સંયોગ નામ સ્ફટિક અને સૂર્યના તેજનો અનુભવ (એટલે) શુદ્ધાત્માનો અનુભવ થાય છે. રાગના સંયોગથી શ્રાવકને શુદ્ધાત્માનો અનુભવ થાય છે એ નિમિત્તથી કથન કરવામાં આવ્યું. આ મોટી તકરાર છે અને ઘણા વર્ષથી ચાલે છે. સમજ્યા? જુઓ! શ્રાવકને શુભરાગથી મોક્ષ થાય છે. અરે..! સાંભળ તો ખરો.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ના, સંવર તો છે જ. પણ શુભરાગ આવ્યો તો એનાથી વિશેષ સંવર, નિર્જરા થશે. એમ અહીંયાથી કાઢે છેને, જુઓને! **'તેમ—ગૃહસ્થને...'** ઇંધનને નામ ગૃહસ્થને. અને સ્ફટિકના સંપર્કથી એટલે રાગના સંપર્કથી, રાગના સંયોગથી. સૂર્યનો તેજ અનુભવાય છે. લાકડીમાં અગ્નિ થાય છે. એમ ગૃહસ્થને સમ્યગ્દષ્ટિને શ્રાવકને આત્મ અનુભવવાળા શ્રાવકને રાગના સંયોગથી, રાગ એવો શુભ આવે છે, ભક્તિનો, દયાનો, દાનનો એના સંબંધથી **'શુદ્ધાત્માનો અનુભવ થાય છે...'** એ નિમિત્તથી કહ્યું કે ક્રમે ક્રમે અશુભરાગ ઘટ્યો છે, શુભરાગ આવ્યો છે. એ ક્રમે ક્રમે રાગ ઘટાડીને શુદ્ધાત્મામાં જશે તો 'શુભરાગથી આત્મામાં અનુભવ થયો' એવું નિમિત્તથી વ્યવહારનું કથન કરવામાં આવ્યું છે. રાગથી અનુભવ થાય એમ કદી બનતું નથી. સમજાય છે કાંઈ? આ મોટી ગડબડ અહીંથી કાઢે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો વ્યવહારનયનું કથન છે, એ તો નિમિત્તનું કથન છે. '**ववहारोऽभूदत्थो**'. વ્યવહાર બધોય અસત્યાર્થ અર્થને કહે છે. આ વ્યવહારનયનું કથન છે કે નિશ્ચયનયનું? એ તો એને શુભરાગનો ભાવ અશુભ ટાળવા માટે (આવે છે). વેપાર, ધંધો આદિ સમકિતીને હોય છે કે નહિ? વહાણવટાનો ધંધો. તો અશુભ ઘણું હોય છે, તો એના શુભની પ્રધાનતાથી રાગ મંદ પડ્યો અને શુદ્ધાત્મામાં આગળ જશે. અશુભરાગ હતો તો શુદ્ધાત્માનો આશ્રય મંદ હતો. શુભરાગમાં જરી વિશેષ આશ્રય છે અને વિશેષ આશ્રય લઈને શુભરાગ છૂટી જશે ત્યારે એને કેવળજ્ઞાન અને મોક્ષ થશે. ત્યારે એને કહ્યું કે રાગથી મોક્ષ થશે એમ ઉપચારથી કથન કરવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? ભારે ઝઘડા ભાઈ!

લાકડાને સ્ફટિકનો સંસર્ગ છે. સંયોગ કહો, સંપર્ક કહો, સંબંધ કહો. '**સૂર્યના તેજનો અનુભવ થાય છે...**' એ દૃષ્ટાંત. એમ સમકિતી શ્રાવક રાગને તો હેય માને છે, શુભરાગ ઘણો આવે છે. ભક્તિ, પૂજા, પ્રભાવના, સાધર્મીજન પર પ્રેમ આવે છે, દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ આવે છે, સ્વાધ્યાયનો રાગ આવે છે, સાંભળવાનો રાગ છે, કહેવાનો રાગ પણ આવે છે, પોતાના કુટુંબમાં પણ ઉપદેશ કરે છે શુભરાગથી. સમજાય છે કાંઈ? એવો શુભરાગને ત્યાં વ્યવહારનયથી મુખ્ય ગણીને તેના સંબંધથી આત્માને એટલે ગૃહસ્થને, શુદ્ધાત્મા અનુભવ (થાય છે). જેમ લાકડીમાં અગ્નિ થઈ એમ આત્મામાં શુભરાગ નિમિત્ત (કહેવામાં આવે છે). અશુભરાગ ટળ્યો છે, શુભરાગમાં પુરુષાર્થ, શુદ્ધાત્માનો શુભમાં અશુભની અપેક્ષાથી વિશેષ આશ્રય છે. અને પછી વિશેષ આશ્રય કરીને અશુભ છૂટ્યું તો શુભ છોડીને શુદ્ધાત્મામાં આવી જશે એ અપેક્ષાથી એને વ્યવહારથી અનુભવ થશે એમ કહેવામાં આવ્યું છે. શેઠ! આ તકરારી ગાથા છે. ...

મુમુક્ષુ :— ...

ઉત્તર :— શું કથન કર્યું છે એ તો સમજવું જોઈએને? સમજાય છે કાંઈ? ગૃહસ્થાશ્રમમાં આવે છે કે નહિ? એક વાત આવે છે. બે મિત્ર હતા. એક મિત્ર પાસે પચાસ લાખની મુડી હતી મુડી. એ મરી ગયો. એનો પુત્ર હતો. પુત્ર એના પિતાનો મિત્ર હતો એની પાસે ગયો. પિતાજી! કાકાજીને પિતાજી કહેને, મોટા (છે). મારા પિતાજીએ પચાસ લાખ દાટ્યા છે. દાટ્યા સમજો છો? જમીનમાં (દાટ્યા છે). પિતાજીએ એમ લખ્યું છે કે નજીકમાં શંકરનું દેવળ છેને, મારા મકાનની નજીક શંકરનું દેવળ છે એના ઈંડા નીચે દાટ્યા છે. ઈંડા નીચે. એના ઈંડા હોયને માથે? એમાં દાટ્યા છે. મેં બે લાખમાં એ મકાન લીધું, બધું ખોદ્યું, નીકળ્યું નહિ. પિતાજી! અમારા પિતાજીના તો આપ મિત્ર હતા. તો એનું શું છે? અરે..બાળક! તારી ભૂલ છે. તારા પિતાજી શંકરના દેવળના ઈંડા નીચે પૈસા દાટે? તારા પિતા એવા ભોળા હતા? પણ આ લખ્યું છેને પુસ્તકમાં? એ લખ્યું છે એનો અર્થ શું છે, સાંભળ! તેં મકાનના બે લાખ આપ્યા, મને પૂછવું હતુંને. શું પૂછું? પચાસ લાખ છે, બે લાખનું મકાન લઈ લીધું શંકરના દેવળનું. પચાસ હજારની કિંમત હતી, એના બે લાખ આપ્યા તો એણે વેંચી નાખ્યું. ઈંડા માથે હોયને? ... પછી ખોદ્યું

પણ કાંઈ નીકળ્યું નહિ. ભાઈ! એ વાત નથી. લાવો ચોપડા. ચૈત્ર સુદ આઠમને શંકરના ઈંડા નીચે પચાસ લાખ છે. ચૈત્ર સુદ આઠમ, આઠ વાગે દાટ્યા છે. ભાઈ! ચૈદ સુદ આઠમ જ્યારે આવશે... મકાન એવુંને એવું બનાવી દે. ઈંડા સહિત. એની બાજુમાં મકાન થા, એની આ બાજુ શંકરનું મકાન હતું. જ્યારે ચૈત્ર સુદ આઠમ આવશે અને આઠ વાગશે ત્યારે એ ઈંડાનો પડછાયો તારા મકાનમાં પડશે ત્યાં ખોદીશ તો ત્યાં દાટ્યા છે. ઓહો..! આ તો મને ખબર નહિ. પણ તારા પિતાજી મૂર્ખ હતા કે કોઈને ઘરે દાટે? એ તો સાંભળ. એમ ભગવાન કંઈ એવા હોય કે રાગથી ધર્મ મનાવી દે? સમજાય છે કાંઈ?

એમ અમૃતચંદ્રાચાર્ય અને સંતોએ કહ્યું છે કે તારી નિધિ રાગમાં પડી છે? રાગમાં નિધિ પડી છે કે શુભરાગમાંથી નિધિ નીકળશે? સમજાય છે કાંઈ? તારી નિધિ તો તારી પાસે પડી છે. પણ અશુભથી બચવા માટે શુભરાગ આવે છે તો એને વ્યવહાર કહીને એનું લક્ષ છોડાવીને અંદર સ્થિર થશે તો શુભરાગથી સ્થિર થયો, પ્રકાશ થયો એમ વ્યવહારથી કહેવામાં આવ્યું છે. રાગમાં ક્યાં નિધિ છે? તારી નિધિ તો અંદર સ્વભાવમાં પડી છે. સ્વભાવમાં એકાગ્ર થશે ત્યારે પ્રકાશ થશે. રાગથી પ્રકાશ થશે નહિ. પણ નિમિત્તથી કથન કર્યું કે ઈંડા નીચે છે, એવું કથન કર્યું છે. શોભાલાલજી! અશુભથી બચ્યો છે, શુભરાગમાં આવ્યો છે, ખ્યાલમાં છે કે શુભરાગ પણ મને હેય છે. પણ અશુભથી બચ્યો આનો આશ્રય લઈને, એનાથી શુદ્ધાત્માનો અનુભવ થશે. તો પહેલા અશુભ છૂટ્યું છે, એ શુભ છોડીને સ્થિર થશે એ અપેક્ષાથી તેને શુભરાગથી આત્માનો અનુભવ થશે એમ કહેવામાં આવ્યું છે. બીજો અર્થ કરે તો બધું વિપરીત થઈ જાય છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— મીઠાલાલ કંઈ એવા ન હોય કે કો'કને ઘરે પૈસા દાટે. દાટેને શું કહે છે? ગાડના.

તો કહે છે કે અમૃતચંદ્રાચાર્ય ગુરુ, આચાર્ય, સર્વજ્ઞ પોતાની નિધિ રાગ વિકારમાં છે એમ કહે છે? ત્યાં દાટી છે? અંતરમાં પડી છે, દૃષ્ટિ થઈ છે, આંશિક શુદ્ધતા પ્રગટ થઈ છે, અશુભથી છૂટ્યો તો શુભ છૂટીને એમાં જશે, તો એનાથી જશે એમ વ્યવહારથી કથન કર્યું છે. સમજાય છે કાંઈ? ઓહો..હો..!

**'અનુભવ થાય છે અને (તેથી તે શુભોપયોગ) ક્રમશઃ...'** જુઓ! ક્રમશ. પહેલા અશુભ છૂટ્યું, પહેલા અશુભ છૂટ્યું અને પછી શુભ છોડશે. **'ક્રમશઃ પરમ નિર્વાણસૌખ્યનું કારણ થાય છે.'** ક્રમશઃ શુભરાગ પરમ નિર્વાણનું કારણ (થાય છે). પાઠમાં છેને? **'परं लहदि'**. શ્રાવકને **'परेत्ति'** શબ્દમાંથી મુખ્ય કાઢ્યું છે. **'परेत्ति'** શબ્દ છેને? **'चरिया परेत्ति'**. એમાંથી મુખ્ય કાઢ્યું છે. એમાં **'परेत्ति'** શબ્દ નથી, સામાન્ય છે તો એમાંથી ગૌણ કાઢ્યું છે. પહેલામાં છેને? **'एसा पसत्थभूदा समणाणं वा पुणो घरत्थाणं। चरिया परेत्ति भणिदा'** ઓલું **'घरत्थाणं चरिया परेत्ति भणिदा'**. તો શ્રાવકમાં ... એમ કાઢીને **'ताएव परं लहदि सोक्खं'**. આ કુંદકુંદાચાર્યના શબ્દમાંથી **'परं लहदि सोक्खं'** (આવ્યું છે). પહેલા અશુભરાગ છૂટ્યો છે. દૃષ્ટિમાં તો બેય હેય

છે. શુભ અને અશુભ બેય છોડવાલાયક માન્યા છે. નહિતર તો સમ્યગ્દર્શન થતું નથી. પણ સ્થિરતામાં પહેલા અશુભ છૂટ્યું, પછી ક્રમશઃ શુભ છોડીને સ્થિર થઈ જશે તો તેનાથી મોક્ષ થશે એમ નિમિત્તથી પરંપરાના કથનથી કહેવામાં આવ્યું છે. ભાવાર્થ લેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૫, બુધવાર, તા. ૩.૧૦.૧૯૬૨**
**ગાથા-૨૫૪, ૨૫૫, ૨૫૬, પ્રવચન-૨૦**

પ્રવચનસાર, ચરણાનુયોગસૂચક ચૂલિકા ચાલે છે. ૨૫૪ ગાથા ટીકા સહિત આવી ગઈ. એમાં શું કહ્યું એનો ભાવાર્થમાં ખુલાસો છે. સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને શુભ ઉપયોગના મંદ કષાયના પરિણામ મુખ્યપણે આવે છે. એને મુખ્યપણે ગણવામાં આવ્યા છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને આત્માનું ભાન થયું છે, હું શુદ્ધ ચૈતન્ય છું. જ્ઞાતા દષ્ટા મારો સ્વભાવ છે, શુભ-અશુભ રાગ મારી વસ્તુમાં નથી એવી પ્રતીત, અનુભવ થયા છે એવા ગૃહસ્થને શુભ ઉપયોગ મુખ્યતાથી ગણવામાં આવ્યો છે. અને મુનિને શુભ ઉપયોગ ગૌણપણે ગણવામાં આવ્યો છે. મુનિ છે એમને તો ત્રણ કષાયનો નાશ થયો છે. બાહ્યમાં નગ્ન દિગંબર છે. અંતરમાં શુદ્ધ આત્માની નિર્મળ નિર્વિકારી પરિણતિ અવસ્થા ઘણી શીઘ્ર ઉગ્ર થઈ ગઈ છે. મુનિને. તો મુનિને શુભ ઉપયોગ ગૌણપણે આવે છે. પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ શુભરાગ મુનિને આવે છે પણ ગૌણપણે છે, વિશેષપણે નહિ. સમજાય છે કાંઈ? અને શ્રાવકને મુખ્યપણે શુભભાવ ગણવામાં આવ્યો છે. ચાલતી વાતમાં જુઓ. ભાવાર્થમાં શું કહે છે? જુઓ! ૨૫૪.

'**ભાવાર્થ :— દર્શન-અપેક્ષાએ તો શ્રમણને તેમ જ સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને શુદ્ધાત્માનો જ આશ્રય છે.**' સમ્યગ્દર્શનની અપેક્ષાએ ભગવાન આત્મા શુદ્ધ છે, પૂર્ણ છે આનંદ એ મુખ્ય થઈને એ જ નિશ્ચયનો આશ્રય છે. ગૃહસ્થ હો કે મુનિ હો, સમ્યગ્દર્શનની અપેક્ષાએ અંતર્મુખ સ્વભાવ દ્રવ્ય છે તેનો જ આશ્રય મુખ્યપણે બન્નેને છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે. દેખો! સમ્યગ્દર્શન તો શ્રાવક અને મુનિ બેયને હોય છે. તો સમ્યગ્દર્શનમાં મુખ્યપણે આશ્રય તો દ્રવ્યનો, 'ત્રિકાળ ચૈતન્ય જ્ઞાયક હું છું' એનો જ આશ્રય બેય સમ્યગ્દર્શનની અપેક્ષાએ લે છે. સમજાય છે કાંઈ?

**'પરંતુ ચારિત્ર-અપેક્ષાએ...'** બેયમાં ફેરમાં છે. મુનિને અને શ્રાવકને ચારિત્રની અપેક્ષાથી ફેર છે. **'શ્રમણને મુનિયોગ્ય શુદ્ધાત્મપરિણતિ મુખ્ય હોવાથી શુભોપયોગ ગૌણ છે...'** શું કહે છે? શ્રમણ જે સાધુ મુનિ ભાવલિંગી સંત છઠ્ઠે સાતમે ગુણસ્થાને જે ઝુલે છે એવા અંતરમાં આનંદ પૂર્ણનો આશ્રય હોવા છતાં વર્તમાન ચારિત્રની અપેક્ષાએ શુદ્ધાત્માની પરિણતિ ઉગ્ર હોવા છતાં એમને મુખ્ય શુદ્ધાત્મપરિણતિ અને શુભ ઉપયોગ ગૌણ પેટામાં આવે છે. સમજાયું? પંડિતજી! શુભ ઉપયોગ તો બેયને આવે છે. શ્રાવકને પણ આવે છે સમ્યગ્દૃષ્ટિને અને મુનિને પણ શુભ ઉપયોગ શુભરાગ આવે છે જરૂર, પણ બેયને સમ્યગ્દર્શનની અપેક્ષાએ આશ્રય તો અંતર તત્ત્વનો છે. દર્શન અપેક્ષાએ ચૈતન્ય જ્ઞાયક ધ્રુવ એકસ્વભાવી વસ્તુ એનો જ અંતર આશ્રય બેયને છે. સમ્યગ્દર્શનની અપેક્ષાએ.

**'ચારિત્ર-અપેક્ષાએ શ્રમણને મુનિયોગ્ય શુદ્ધાત્મપરિણતિ મુખ્ય...'** ચારિત્ર અપેક્ષાએ. મુનિને શુદ્ધાત્મ અરાગી-વીતરાગી પરિણતિની મુખ્યતા મુનિને છે. એ ચારિત્રની અપેક્ષાથી વાત ચાલે છે. એને શુદ્ધાત્મપરિણતિ મુખ્ય હોવાથી એને શુભ ઉપયોગ શુભરાગને ગૌણ પેટામાં ગણવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? **'અને સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને મુનિયોગ્ય શુદ્ધાત્મપરિણતિને નહિ પહોંચાતું હોવાથી...'** ચારિત્રની અપેક્ષાથી વાત છે. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને મુનિયોગ્ય શુદ્ધાત્મપરિણતિ (અર્થાત્) ત્રણ કષાયનો અભાવ, ઘણી વીતરાગ પરિણતિ ઝળકે છે એવી વીતરાગ પરિણતિ મુનિને હોય છે એવી શ્રાવકને હોતી નથી. એ કારણે **'અશુભવંચનાર્થે...'** શ્રાવકને અશુભ પાપને છોડવા માટે, પાપના પરિણામ છોડવા માટે, વંચનાર્થ **'શુભોપયોગ મુખ્ય છે.'** અશુભવંચનાર્થ શુભ ઉપયોગ મુખ્ય છે. જ્યારે આ મુનિને શુદ્ધાત્મપરિણતિ વિશેષ છે. એવો એને (સમકિતીને) અભાવ છે તે કારણે અશુભ ટાળવા માટે શુભ પરિણામ મુખ્યપણે સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને ગણવામાં આવ્યા છે. શોભાલાલ! સમજાય છે? બહુ ઝીણું. પહેલા આ અધિકાર ચાલ્યો હતો. આઠ દિ' છોડી દીધો હતોને. વચ્ચે આઠ દિ' બીજો ચાલ્યો. સમજાય છે કે નહિ આમાં? વજુભાઈ!

આમાં એવી વાત લીધી, ચરણાનુયોગ અધિકાર છેને, તો ચારિત્રની અપેક્ષા એમાં આવે છે. મુનિને ઘણી નિર્વિકલ્પ આનંદ અને શાંતિની પરિણતિ છે, ચારિત્રની અપેક્ષા. દર્શનની અપેક્ષાએ તો ધ્રુવ ચૈતન્ય જ્ઞાયકભાવનો જ આશ્રય છે. સમ્યગ્દૃષ્ટિને પણ ધ્રુવ સામાન્યનો આશ્રય છે. પણ ચારિત્રની અપેક્ષા મુનિને ત્રણ કષાયનો અભાવ હોવાથી ઉગ્ર શુદ્ધાત્મપરિણતિ નિર્વિકલ્પ પરિણતિ, અરાગી પરિણતિ વિશેષ છે. એ અપેક્ષાથી શુદ્ધાત્મપરિણતિ ચારિત્રની અપેક્ષાથી મુખ્ય હોવાથી... દર્શનની મુખ્યતા ગઈ અહીંયા, એ તો બેયને સમાન છે. સમ્યગ્દર્શનની અપેક્ષાથી શ્રાવક અને મુનિને બેયને અંતર ધ્રુવ ચૈતન્યમૂર્તિ અંતર વસ્તુ સામાન્ય એકરૂપ ધ્રુવ છે એનો મુખ્યપણે બેયને આશ્રય છે સમ્યગ્દર્શનમાં. નિશ્ચય અપેક્ષાથી તો સ્વનો જ આશ્રય છે. સમજાય છે કાંઈ? પણ ચારિત્રની પરિણતિમાં મુનિને અને શ્રાવકને ફેર છે. મુનિને ઘણી શુદ્ધ પરિણતિ ચારિત્રની

વીતરાગી દશા છે તો એની મુખ્યતા છે અને શુભભાવની ગૌણતા છે. શ્રાવકને શુદ્ધાત્મપરિણતિ અલ્પ છે, મુનિ જેટલી નથી. એ શુદ્ધાત્મપરિણતિ પ્રાપ્ત નહિ હોવાને લીધે, મુનિયોગ્ય નહિ હોવાને લીધે **'અશુભવંચનાર્થે શુભોપયોગ મુખ્ય છે.'** અશુભ ટાળવા માટે શ્રાવકને ચારિત્રની અપેક્ષાથી શુદ્ધાત્મપરિણતિ વિશેષ અધિક નહિ હોવાને લીધે શુભ પરિણામ મુખ્ય ગણવામાં આવ્યા છે. પંડિતજી! સમજાયું?

**'સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને અશુભથી...'** સમ્યગ્દષ્ટિને પોતાના ધ્રુવ જ્ઞાયક સ્વભાવનો આશ્રય છે તેને ચારિત્રની અપેક્ષામાં અશુભથી **'છૂટવા માટે...'** **'(-વિશેષ અશુદ્ધ પરિણતિ...)'** અશુભમાં વિશેષ અશુદ્ધ પરિણતિ છે અશુભમાં. શુભમાં અશુદ્ધ પરિણતિ મંદ છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને અશુભ ભાવ હોય તો એમાં અશુદ્ધ પરિણતિ વિશેષ છે. શુદ્ધ પરિણતિ તો છે કેટલીક. શ્રાવકને યોગ્ય એક કષાય, બે કષાયના અભાવરૂપ નિર્મળ પરિણતિ તો છે. મુનિ જેટલી નિર્મળ પરિણતિ નથી. તે કારણે એને અશુભભાવ જે છે એમાં અશુદ્ધ પરિણતિ વિશેષ છે. અને અશુભ ટાળવા માટે, (અશુભથી) **'છૂટવા માટે વર્તતો જે શુભોપયોગનો પુરુષાર્થ...'** શ્રાવકને દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજાનો જે શુભરાગ છે તે **'શુભોપયોગનો પુરુષાર્થ તે પણ શુદ્ધિનો જ મંદ પુરુષાર્થ છે,...'** શું કહ્યું? અશુભમાં અશુદ્ધતાનો પુરુષાર્થ વિશેષ છે. અશુભમાં અશુદ્ધ પરિણતિ વિશેષ છે. શુભમાં અશુદ્ધ પરિણતિ મંદ છે. તો એ કારણે શુભ ઉપયોગમાં પુરુષાર્થ છે તે પણ શુદ્ધિનો જ મંદ પુરુષાર્થ છે. સ્વભાવનું જરી ઉગ્ર આલંબન છે તો શુભ છે, ઉગ્ર આલંબન નથી તો અશુદ્ધ પરિણતિમાં અશુભ આવે છે. સમજાય છે? રતનલાલજી! આ અભ્યાસ કરવો પડશે. ભાઈ! આના અભ્યાસ વિના...

આ ચરણાનુયોગની વાત કરે છે, લ્યો. શુભોપયોગ પુણ્યબંધનું કારણ છે. એ શ્રાવકને અને મુનિને બેયને આવે છે. આવ્યા વિના રહેતો નથી એમ અહીંયા સિદ્ધ કરે છે. પણ મુનિને અને ગૃહસ્થને સમ્યગ્દર્શનની અપેક્ષાથી ધ્રુવનો આશ્રય બેયને એકરૂપ સરખો હોવા છતાં, ચારિત્રની અપેક્ષામાં શુદ્ધાત્મપરિણતિમાં મુનિ અને શ્રાવક બેયમાં ફેર છે. શુદ્ધાત્મપરિણતિ મુનિને વિશેષ છે તે કારણે શુદ્ધાત્મપરિણતિ મુખ્ય છે, ચારિત્રની અપેક્ષાથી અને શુભ ઉપયોગ શુદ્ધાત્મપરિણતિ ચારિત્રની અપેક્ષાથી શુભ ઉપયોગ ગૌણ છે. ... સમજાય છે? અને શ્રાવકને સમ્યગ્દર્શનની અપેક્ષાથી ધ્રુવ સામાન્યનો આશ્રય તો મુનિ જેવો જ છે, પણ અંતરમાં ચારિત્રની અપેક્ષાથી શુદ્ધાત્મપરિણતિ મુનિયોગ્યનો અભાવ છે. શ્રાવકને એવી શુદ્ધાત્મપરિણતિ નથી તો અશુભ પરિણામ વંચનાર્થ—છોડવા માટે શુભ ઉપયોગ ગૌણ છે. કેમ ગૌણ છે? કેમ છે? અશુભ છોડવા માટે શુભ મુખ્ય છે. શ્રાવકને શુભ મુખ્ય છે. કેમ મુખ્ય છે? અને એનો અર્થ શું?

**'સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને અશુભથી (-વિશેષ અશુદ્ધ પરિણતિથી) છૂટવા માટે...'** પાપના પરિણામ અશુભથી બચવા માટે, છૂટવા માટે **'વર્તતો જે આ શુભોપયોગનો પુરુષાર્થ...'** વર્તમાન જે રાગની મંદતાનો પુરુષાર્થ વર્તે છે, દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પૂજાનો એ શુભ

ભાવ, એ '**શુભોપયોગનો પુરુષાર્થ તે પણ શુદ્ધિનો જ મંદ પુરુષાર્થ છે,...**' કારણ કે અશુભમાં અશુદ્ધતાની પરિણતિ વિશેષ છે. શુભમાં અશુદ્ધતાની પરિણતિ મંદ છે. તો શુભ ઉપયોગમાં પણ શુદ્ધિનો જ મંદ પુરુષાર્થ છે. શું કહ્યું સમજાય છે કાંઈ?

પહેલા કહ્યુંને? શુદ્ધાત્મપરિણતિ જેવી મુનિને હોય છે એવી શ્રાવકને હોતી નથી. સમ્યગ્દર્શન છે તો સાથે પરિણતિ પણ છે ચારિત્રની અપેક્ષાથી, પણ એને શુભ પરિણામ મુખ્ય ગણવામાં આવ્યા. કેમ ગણવામાં આવ્યા? કે અશુભ પરિણામમાં અશુદ્ધ પરિણતિની વિશેષતા છે. એ અશુદ્ધ પરિણતિની વિશેષતાથી બચવા માટે શુભભાવ મુખ્ય ગણવામાં આવ્યા. કેમ? કે એમાં અશુદ્ધ પરિણતિ મંદ છે. મંદ છે તો શુદ્ધાત્માનો પુરુષાર્થ પણ એટલો તીવ્ર છે. સમજાય છે કાંઈ? પુરુષાર્થ હજી શુદ્ધિનો મંદ પુરુષાર્થ છે. શુભમાં શુદ્ધિનો મંદ પુરુષાર્થ છે. શુદ્ધતામાં ઉગ્ર પુરુષાર્થ છે. વાડીભાઈ!

વળી આમાં તકરાર કરે કે શુભ ઉપયોગમાં શુદ્ધિનો મંદ પુરુષાર્થ શું? એઈ..! વજુભાઈ! એ તો કહ્યુંને, શુદ્ધ આત્મા શ્રદ્ધામાં—દર્શનમાં તો સ્વનો આશ્રય છે જ, હવે પરિણતિમાં શુદ્ધ પરિણતિ અલ્પ છે શ્રાવકને અને અશુભ પરિણતિમાં અશુદ્ધ પરિણતિ વિશેષ છે. અશુભભાવમાં અશુદ્ધ પરિણતિ વિશેષ છે. તો શુભભાવમાં અશુદ્ધ પરિણતિ અલ્પ છે. તો એટલો શુદ્ધાત્માની શુદ્ધ પરિણતિનો પણ મંદ પુરુષાર્થ આવ્યો. અશુભ થોડો ઉગ્ર આવ્યો અને શુદ્ધતા (કરતા) કંઈક મંદ આવ્યો. સમજાય છે કાંઈ? આ એકલું વીતરાગ વીતરાગ બહુ ચાલ્યુંને. શુભ ઉપયોગની વાત શ્રાવકમાં આવે છે એનું શું કારણ છે? કે એને શુદ્ધાત્મપરિણતિ બહુ અલ્પ છે. મુનિ જેટલી નથી. તો એને અશુભ પરિણામ પાપના, હિંસા, જૂઠું, ચોરી, વિષય, વેપાર ધંધા એ પાપ પરિણામ છે. એમાં અશુદ્ધ પરિણતિ વિશેષ છે અને શુભ પરિણામમાં અશુદ્ધ પરિણતિ મંદ છે. મંદ છે કે નહિ? શું વજુભાઈ! ... ડર રહે છે એને. પણ આ તમારા ભાઈનું લખેલું છેને.

બે વાત આવી કે નહિ? એક તો આત્માની શુદ્ધાત્મપરિણતિ જેવી મુનિની છે એવી શ્રાવકની નથી. તો જ્યારે એને અશુભભાવ હોય છે ત્યારે અશુદ્ધ પરિણતિની વિશેષતા છે. અશુદ્ધ. શુભ અને અશુભ બેય અશુદ્ધ છે. શુભ અને અશુભ બેય અશુદ્ધ પરિણતિ છે, પણ અશુભમાં અશુદ્ધતાની વિશેષતા છે અને શુભમાં અશુદ્ધતાની મંદતા છે. એટલી વિશેષતા નથી. તો એટલો '**શુભોપયોગનો પુરુષાર્થ તે પણ શુદ્ધિનો જ મંદ પુરુષાર્થ છે...**' એટલો શુદ્ધિનો મંદ પુરુષાર્થ થયો. અશુદ્ધતાની પણ મંદતા થઈ. અશુભમાં અશુદ્ધતા છે એટલી શુભમાં અશુદ્ધતા નથી, એટલી મંદતા થઈ તો એટલો શુદ્ધતાનો મંદ પુરુષાર્થ ગણવામાં આવ્યો છે. આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અશુદ્ધ પરિણતિ અલ્પ છે કે નહિ? અશુભની અપેક્ષાએ અશુદ્ધ મંદ છે કે નહિ? અશુભમાં અશુદ્ધ પરિણતિ વિશેષ અને શુભમાં અશુદ્ધ પરિણતિ અલ્પ. છે કે નહિ? નહિતર શુભ કેમ થયું? તો એટલો શુદ્ધિનો જ મંદ પુરુષાર્થ ગણવામાં આવ્યો છે.

આ તો અંતરમાં ચાલે છે તો અશુદ્ધ પરિણતિના બે ભાગ. અશુભભાવ જો હોય, આ કમાવવાના-રળવાનો શ્રાવકને પણ ભાવ આવે છે કે નહિ? તો એમાં અશુદ્ધતા (વિશેષ છે). શુભ અને અશુભ છે બેય અશુદ્ધ ચારિત્રની અપેક્ષાએ. પણ અશુભમાં અશુદ્ધતાની બહુલતા છે અને શુભમાં અશુદ્ધતાની મંદતા છે. સમજાય છે કાંઈ? તો શુભમાં અશુદ્ધતાની મંદતા એટલો શુદ્ધનો મંદ પુરુષાર્થ અશુભની અપેક્ષાથી ગણવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? અશુભમાં અશુદ્ધની પરિણતિ અને શુભમાં અશુદ્ધની પરિણતિમાં ફેર છે કે નહિ? ભીખાભાઈ! કે બેય સરખી છે? અશુભમાં અશુદ્ધતા અને શુભમાં અશુદ્ધતા, બેમાં ફેર છે. તો અશુદ્ધતાની વિશેષતા અશુભમાં છે એટલી અશુદ્ધતાની વિશેષતા શુભમાં નથી. એ અપેક્ષાથી '**શુભોપયોગનો પુરુષાર્થ તે પણ શુદ્ધિનો જ મંદ પુરુષાર્થ છે, કારણ કે શુદ્ધાત્મદ્રવ્યના મંદ આલંબનથી...**' શુદ્ધાત્મદ્રવ્યના મંદ આલંબનથી '**અશુભ પરિણતિ પલટાઈને શુભ પરિણતિ થાય છે...**' સમજાય છે કાંઈ? ન્યાયમાં જ્યાં વસ્તુ આવી.... એકદમ શુભ નહિ, આત્મા શુદ્ધ છે, પરિણતિ પણ શુદ્ધ છે. પરિણતિ છે એ તો બરાબર છે, હવે શુદ્ધ પરિણતિમાં હિનાધિકતા થાય ત્યાં શુભાશુભ પરિણામમાં પણ ફેર હોય છે કે નહિ? તો જ્યાં શુદ્ધાત્મપરિણતિ મુનિને વિશેષ છે ત્યાં શુભની અશુદ્ધ પરિણતિ ગૌણ ગણવામાં આવી અને જ્યાં મુનિયોગ્ય શુદ્ધ પરિણતિ શ્રાવકને નથી ત્યાં અશુદ્ધ પરિણતિમાં અશુભમાં વિશેષ અશુદ્ધતા છે (અને) શુભમાં અશુદ્ધતા મંદ છે. એટલું શુદ્ધતાનું અવલંબનમ મંદપણે આવ્યું છે તો એટલો શુદ્ધિનો જ પુરુષાર્થ છે. સમજાય છે કાંઈ? કેમ થઈ ગયું આ? ...! સમજાય છે કાંઈ? ઝીણું પડે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ નહિ, ઈ તો બીજી વાત છે. હવે અહીં તો ચારિત્રની અપેક્ષાએ ચાલે છે. દર્શન અપેક્ષાએ તો સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થ અને મુનિ, બેયને દર્શન અપેક્ષાએ તો ધ્રુવ સામાન્યનો આશ્રય એક જ છે. બસ એક પ્રકાર. હવે ચારિત્રની અપેક્ષામાં બે ભેદ છે. શુદ્ધાત્મ પરિણતિમાં પણ ભેદ છે અને શુભ ઉપયોગમાં પણ મુખ્ય-ગૌણતા છે. તો મુનિને શુદ્ધાત્મ પરિણતિ વિશેષ છે તો એના શુભ પરિણામનો શુભ ઉપયોગ એને ગૌણ ગણવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, ચારિત્રની અપેક્ષાથી. દર્શનની અપેક્ષાથી તો બેયને દ્રવ્યનો જ આશ્રય છે. સમજાય છે આમાં કાંઈ? ઓહો..હો..! જ્ઞાન કરે નહિ, વાંચન નહિ, કાંઈ નહિ. સજ્ઝાય કરે પોતાની કલ્પનાથી. આ શું વસ્તુ છે એ સમજાતી નથી. સમજાયું? આ સાચા શાસ્ત્ર હો, પણ દૃષ્ટિમાં યથાર્થ આવ્યા વિના એનો અર્થ શું છે અને શું ભાવ છે એ સમજાતું નથી.

કહે છે કે શ્રાવકને, સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને... મુનિ જે સમ્યગ્દૃષ્ટિ શુદ્ધાત્મપરિણતિ ચારિત્રવંત છે એને ચારિત્રની અપેક્ષાથી શુભ ઉપયોગને ગૌણ ગણવામાં આવ્યો. શુદ્ધાત્મપરિણતિની ત્યાં ઉગ્રતા છે તો મુખ્ય છે અને શુભ ઉપયોગ ત્યાં ગૌણ છે. ચારિત્રની અપેક્ષાથી. અને ગૃહસ્થને મુનિ જેટલો

અંતરમાં આત્માનો આશ્રય (નથી તો) ચારિત્રની અપેક્ષાથી શુદ્ધાત્મપરિણતિ મંદ છે મુનિની અપેક્ષાથી. તો ત્યાં અશુભ પરિણામ જ્યારે થાય છે તો અશુભ પરિણામમાં અશુદ્ધતાની વિશેષતા છે. એ વિશેષતા ઘટાડવા, અશુદ્ધતાની વિશેષતા ઘટાડવા શુભ ઉપયોગ આવે છે એમાં અશુદ્ધતાની મંદતા છે. એટલો શુદ્ધતાનો મંદ પુરુષાર્થ છે. અશુદ્ધતા મંદ છે તો... અશુભમાં અશુદ્ધતા તીવ્ર છે, શુભમાં અશુદ્ધતા મંદ છે તો એટલો શુદ્ધ (તરફનો) પુરુષાર્થ થયો કે નહિ? સમજાય છે કાંઈ?

**'સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને અશુભથી (—વિશેષ અશુદ્ધ પરિણતિથી) છૂટવા માટે વર્તતો જે આ શુભોપયોગનો પુરુષાર્થ...'** શુભ ઉપયોગ જે થાય છે, આત્મજ્ઞાન છે, દષ્ટિના વિષયમાં હું દ્રવ્યસ્વભાવ શુદ્ધ છું એવું ભાન છે. ચારિત્રની પરિણતિમાં મંદ શુદ્ધાત્મપરિણતિ શ્રાવકને છે અને અશુભ પરિણામમાં વિશેષ અશુદ્ધ પરિણતિ છે. એને છોડવા માટે શ્રાવકને શુભ ઉપયોગનો પુરુષાર્થ આવે છે એમાં અશુદ્ધ પરિણતિ મંદ છે. તો એમાં મંદ શુદ્ધનો પુરુષાર્થ ગણવામાં આવ્યો છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અશુદ્ધ ઓછી છે કે નહિ પણ? તો અશુદ્ધતા ઓછી એટલો શુદ્ધનો મંદ પુરુષાર્થ છે કે નહિ? આ તો પંડિતજીએ ગોઠવ્યું છે. પહેલાનું નથી એવું. કહો, સમજાય છે કાંઈ? ઓલામાં લખ્યું નથી કાંઈ જયચંદ્ર પંડિતમાં. સમજાય છે કાંઈ આમાં? આહા..હા..!

સમ્યગ્દર્શન પ્રથમ ધર્મ, એ તો સમ્યગ્દર્શનના ધર્મમાં પૂર્ણ ધર્મી આત્મા જ દષ્ટિમાં, ધ્યેયમાં, આશ્રયમાં છે. હવે ચારિત્રની સ્વરૂપની સ્થિરતામાં મુનિને ચારિત્રની સ્થિરતા, શુદ્ધાત્મપરિણતિ વિશેષ છે. તો એને શુભ પરિણતિ અથવા અશુદ્ધ પરિણતિ, શુભ ઉપયોગની અશુદ્ધ પરિણતિ શુદ્ધાત્મપરિણતિ વિશેષને કારણે શુભ પરિણતિની અશુદ્ધતા ગૌણપણે ગણવામાં આવી છે. શુદ્ધાત્મપરિણતિની મુખ્યતા ગણવામાં આવી છે. એક વાત થઈ.

શ્રાવકને ચારિત્રની અપેક્ષાથી, મુનિની જે શુદ્ધાત્મપરિણતિ વીતરાગી છે એવી શુદ્ધાત્મપરિણતિ શ્રાવકની નથી. ચારિત્રની અપેક્ષાથી શુદ્ધાત્મપરિણતિ નથી. સમજાય છે કાંઈ? એટલી નથી, તો એની અશુદ્ધ પરિણતિ જે હોય તે સમયે અશુભમાં અશુદ્ધતાની વિશેષતા છે. જ્યારે શુભ આવે છે તો અશુદ્ધતાની મંદતા છે, એટલો શુદ્ધતાનો મંદ પુરુષાર્થ શુભ ઉપયોગમાં પ્રવર્તમાન ગણવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? વૈદ કહે છે, ચક્કર લગાવતા લગાવતા ક્યાં લઈ ગયા? સમજાયું કે નહિ?

મુમુક્ષુ :— હજી હા નથી આવતી.

ઉત્તર :— હા નથી આવતી હજી. લ્યો ઠીક. જાણે કે નહિતર શું કીધું એમ બોલે તો આવડે નહિ. આહા..હા..!

**'કારણ કે શુદ્ધાત્મદ્રવ્યના મંદ આલંબનથી...'** શુદ્ધાત્મદ્રવ્યના મંદ આલંબનથી, ચારિત્રની

અપેક્ષાથી હોં! ચારિત્રની અપેક્ષાથી '**શુદ્ધાત્મદ્રવ્યના મંદ આલંબનથી અશુભ પરિણતિ પલટાઈને શુભ પરિણતિ થાય છે...**' શુદ્ધાત્મદ્રવ્યના મંદ આલંબનથી. તીવ્ર આલંબન હોય તો શુદ્ધ ઉપયોગ થઈ જાય. વિશેષ શુદ્ધાત્મ પરિણતિ થઈ જાય. સમજાય છે કાંઈ? આ સમજણ, શું શુદ્ધ છે? શું અશુદ્ધ છે? અશુદ્ધતાનો શું પ્રકાર છે? એમાં અશુદ્ધતાની વિશેષતા, મંદતા શું છે? અને ક્યા કારણે એને મંદ અશુદ્ધિ ગણવામાં આવી? આહા..હા..! આ સમજવું પડશે, રતનલાલજી! એમ ને એમ નહિ મળે. ચાલો, ભાઈ! વાંચો, પુસ્તક વાંચો, ભક્તિ કરો. એમ નથી. મહેનત કરવી પડશે, એનું જ્ઞાન કરવું પડશે.

સમુચ્ચયસારમાં તો એમ આવ્યું ભાઈ! ... ભુંડાપણું એને છોડવું. પણ અંદર અશુદ્ધ પરિણતિ આવે છે એનો પ્રકાર શું? શ્રાવકને પણ અશુદ્ધ પરિણતિ આવે છે. અશુદ્ધ નામ શુભાશુભ પરિણામ અને મુનિને પણ અશુદ્ધ પરિણતિ આવે છે, એને શુભ પરિણામ, શુભ ઉપયોગ પુણ્યબંધનું કારણ. એ મુનિને શુદ્ધાત્માની પરિણતિ ચારિત્રની અપેક્ષાથી અધિક હોવાથી તેને અશુદ્ધ પરિણતિનો શુભ ઉપયોગ ભાવ ગૌણમાં પેટામાં ગણવામાં આવ્યો છે. અને શ્રાવકને સમ્યગ્દર્શનમાં પોતાના શુદ્ધ આત્માનો આશ્રય છે એ તો મુનિને પણ છે અને આને પણ છે. ચારિત્રની અપેક્ષાથી શુદ્ધાત્મ પરિણતિ સ્થિરતા શાંતિની, અકષાયની મુનિને છે એટલી શુદ્ધાત્મપરિણતિ નથી. એટલી નથી તો એમાં બે પ્રકારની અશુદ્ધ પરિણતિ આવે છે. એક અશુભ, એક શુભ. અશુભ પરિણતિમાં અશુદ્ધતાની વિશેષતા છે, શુભભાવમાં અશુદ્ધતાની મંદતા છે. એટલો આત્મા તરફ અશુભની અપેક્ષાથી મંદ પુરુષાર્થ શુદ્ધતાનો ગણવામાં આવ્યો છે. શોભાલાલજી! આ તો ગડિયા શીખવે એમ છે. ઓલા માસ્તર શીખવેને માસ્તર. એકડે એક, બગડે બે બોલેને, કે બોલો! બોલે પછી બોલે કે નહિ ઈ? અરે..! એણે કોઈ દિ' શું આત્મા? દ્રવ્ય શું? એની શુદ્ધ પરિણતિ શું? શુદ્ધ દશામાં અશુદ્ધતા કેટલી બાકી છે? અશુદ્ધતામાં બે ભાગમાં શેમાં અશુદ્ધતા વિશેષ છે? શેમાં અશુદ્ધતા મંદ છે? સમજાય છે કાંઈ? ભારે વાત કરી!

કુંદકુંદાચાર્ય મહારાજે ૨૫૪માં.. આ લોકો રાડું પાડે છેને? રાડુંને શું કહે છે? પુકાર. જુઓ! શ્રાવકને શુભ ઉપયોગની મુખ્યતાથી ધર્મ થાય છે. એમ લખ્યું છે, હોં! નિર્વાણસુખનું કારણ થાય છે એમ લખ્યું છે. ક્રમશઃ પરમ નિર્વાણસૌખ્યનું કારણ શ્રાવકનો શુભ ઉપયોગ થાય છે. એમ લખ્યું છે તો બધા કહે છે કે દેખો! શુભ ઉપયોગમાં એટલી તાકાત છે. અરે..! સાંભળ તો ખરો. એ તો અંતર ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અખંડાનંદ આત્મા એનો દૃષ્ટિમાં તો આશ્રય લીધો છે, આશ્રય લીધો છે ત્યારે તો સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. કોઈ શુભરાગ ને અશુભરાગ ને વર્તમાન પર્યાયનો આશ્રય લેવાથી સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી. હવે સમ્યગ્દર્શન પ્રગટ થયું શુદ્ધ દ્રવ્યસ્વભાવ સામાન્ય એકના આશ્રયે, હવે એની પરિણતિ નામ વર્તમાન દશામાં ચારિત્રની અપેક્ષાથી શુદ્ધ દશામાં શ્રાવક અને મુનિ બેયને ફેર છે.

મુનિને શુદ્ધાત્મપરિણતિ ચારિત્રની અપેક્ષાથી વિશેષ છે તો અશુદ્ધ પરિણતિનો જે શુભભાવ

એને આવે છે તેમાં શુદ્ધાત્મપરિણતિ મુખ્ય ગણવામાં આવી, ચારિત્રની અપેક્ષાથી, તો શુભ ઉપયોગને ગૌણ ગણ્યો. સમજાય છે કાંઈ? અને શ્રાવકને શુદ્ધાત્મપરિણતિ ચારિત્રની અપેક્ષાથી મુનિની અપેક્ષાથી અલ્પ છે. અલ્પ છે તે કારણે એમાં અશુભ અને શુભ, બે પરિણતિ અશુદ્ધની આવે છે. અશુભ અને શુભ બે અશુદ્ધ પરિણતિ આવે છે. એમાં અશુભ પરિણતિમાં અશુદ્ધતાની, અશુભ પરિણતિમાં અશુદ્ધતાની અધિકતા છે અને શુભમાં અશુદ્ધતાની મંદતા છે. તો અશુદ્ધતાની મંદતા એ જ શુદ્ધતાનો મંદ પુરુષાર્થ ગણવામાં આવ્યો છે. ચારિત્રની અપેક્ષાથી, હોં! હવે કહી ગયો કે નહિ? ત્રણ ચાર વાર તો થયું.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હજી (સમજાયું) નથી, લ્યો. ... કરતા નથી.

આ તો ભૂમિકા યોગ્ય દર્શનનો આશ્રય, ચારિત્રની પરિણતિ, શુભાશુભ ભાવ કેટલો છે એને અહીંયા વિવેક કરીને બતાવે છે. સમજાય છે કાંઈ?

**'શુદ્ધાત્મદ્રવ્યના મંદ આલંબનથી અશુભ પરિણતિ પલટાઈને...'** દેખો! **'શુભ પરિણતિ થાય છે...'** શુદ્ધાત્માનો ચારિત્રની અપેક્ષાથી જેટલું અવલંબન લીધું એટલું અશુભ પલટીને શુભ પરિણતિ થાય છે, અવસ્થા. **'અને શુદ્ધાત્મદ્રવ્યના ઉગ્ર આલંબનથી શુભ પરિણતિ પણ પલટાઈને શુદ્ધ પરિણતિ થાય છે.'** સમજાય છે કાંઈ? હવે અડધો કલાક તો થયો, પાંત્રીસ મિનિટ તો (થઈ). તોય હજી કહે છે, અમને સમજાતું નથી. ઘરના ધંધાની હીરા માણેકની વાત કેટલી સમજાય છે તરત.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અભ્યાસ છે. તો આ અભ્યાસ નથી એમ કહે છે. એકદમ ખબર પડે. પન્ના લાવો. આ પન્ના પંદર હજારના છે, આ પન્ના વીસ હજારના છે. અહીં તો ખબરેય ન પડે કે આ દાણો છે કે પન્નો છે. સમજાય છે કાંઈ? એનો દાણો આવેને? શું કહેવાય? મોતીનો. કહો, સમજાય છે? એ અભ્યાસમાં સુલભ થઈ ગયું, આ અભ્યાસ હોય તો આ પણ સુલભ થઈ જાય છે. પણ અભ્યાસ કરે નહિ, સમજે નહિ. શું અશુભ છે, શું શુભ છે, શું શુદ્ધ છે એની ખબર નથી. એ ૨૫૪ ગાથા થઈ, લ્યો. ઠીક!

**'હવે શુભોપયોગને કારણની વિપરીતતાથી ફળની વિપરીતતા હોય છે એમ સિદ્ધ કરે છે :—'** શું કહે છે? કે શુભ ઉપયોગ છે એમાં નિમિત્ત જો ખરાબ હોય તો શુભ ઉપયોગમાં પણ એવો ફેરફાર થઈ જાય છે. થાય છે તો પોતાને કારણે પણ નિમિત્તની અપેક્ષાથી તેનું લક્ષ ગયુંને? કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર હો તો એનો શુભ ઉપયોગ બીજા પ્રકારનો છે અને સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રની શ્રદ્ધા આદિ હો તો એનો શુભ ઉપયોગ બીજી જાતનો છે. કારણ જેમ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર છે તો કારણની વિપરીતતાને લીધે પરિણામમાં પણ અશુભની પરિણતિ વિપરીત (થાય છે) અથવા શુભમાં પણ બીજી જાતનો થાય છે. અને સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર હો એની જે શ્રદ્ધા

આદિનો ભાવ છે તે શુભ પરિણામ બીજી જાતના છે. શુભ પરિણામની જાત બતાવવામાં નિમિત્તને કારણે ફેરફાર થાય છે એમ કહેવામાં આવે છે. ૨૫૫.

रागो पसत्थभूदो वत्थुविसेसेण फलदि विवरीदं।
णाणाभूमिगदाणिह बीजाणिव सस्सकालम्हि।।२५५।।

૨૫૫ની ટીકા. '**ટીકા :— જેમ બીજ તેનાં તે જ હોવા છતાં...**' બીજ. ઘઉં, ચોખા. '**જેમ બીજા તેનાં તે જ...**' તેના તે જ બીજ '**હોવા છતાં પણ ભૂમિની વિપરીતતાથી...**' જો ખાર ભૂમિ હોય તો '**નિષ્પત્તિની વિપરીતતા હોય છે...**' ખાર (જમીનમાં) ઉત્પત્તિ થતી નથી. અથવા કોઈ ... '**ભૂમિની વિપરીતતાથી...**' દાણા તો તેના તે છે. પણ '**ભૂમિની વિપરીતતાથી...**' ચરણાનુયોગ છેને, તો નિમિત્તપ્રધાનતાથી કથન કરે છે. લક્ષ બદલવા માટે વાત કરે છે. '**ભૂમિની વિપરીતતાથી નિષ્પત્તિની વિપરીતતા...**' નિષ્પત્તિ નામ પ્રાપ્તિ. ભૂમિ ખરાબ હોય અને દાણા વાવ્યા હોય તો અનાજ પાકતું નથી. અને ભૂમિ યથાર્થ હોય અને દાણા વાવ્યા હોય તો સારું અનાજ (પાકે છે). '**(અર્થાત્ સારી ભૂમિમાં ધાન્ય સારું પાકે છે અને ખરાબ ભૂમિમાં ધાન્ય ખરાબ થઈ જાય છે અથવા પાકતું જ નથી),...**' ખરાબ પણ થઈ જાય છે અને ઉત્પન્ન પણ થતું નથી.

'**તેમ...**' એ દૃષ્ટાંત આવ્યો, ભૂમિનો અને બીજનો. '**પ્રશસ્તરાગસ્વરૂપ શુભોપયોગ તેનો તે જ હોવા છતાં...**' દેખો! તેનો તે જ અર્થાત્ કષાયની મંદતા.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, પણ કષાયની મંદતાની અપેક્ષા છે. તેનો તે જ એટલે કષાયની મંદતા.

'**તેમ પ્રશસ્તરાગસ્વરૂપ શુભોપયોગ...**' બસ, એટલી વાત લીધીને અહીં તો. પ્રશસ્તરાગસ્વરૂપ. દેખો! શુભ ઉપયોગ. એ શુભ ઉપયોગને પ્રશસ્તરાગસ્વરૂપ કહ્યો છે. કષાયની મંદતા પ્રશસ્ત રાગરૂપ શુભ ઉપયોગ છે, પુણ્યબંધનું કારણ છે. '**તેનો તે જ હોવા છતાં પણ પાત્રની વિપરીતતાથી...**' પણ પાત્ર એવું વિપરીત હોય તો '**ફળની વિપરીતતા હોય છે...**' તો શુભ ઉપયોગનું ફળ પણ વિપરીત થઈ જાય છે. સમજાય છે કાંઈ? લક્ષ ફેરવાવે છે. જેનું લક્ષણ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર તરફ હો તો કષાયની મંદતા તો છે અને સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રની ભક્તિનો રાગ હોય તો કષાય મંદ તો છે, પણ બેયની કષાયની મંદતામાં ફેર છે તો ફળમાં ફેર છે. એ નિમિત્તનો ફેર ઈ. સમજાય છે કાંઈ?

શુભ ઉપયોગ કષાયની મંદતા તો બેયને છે. મિથ્યાદૃષ્ટિને પણ અને સમ્યગ્દૃષ્ટિને છે. હવે મિથ્યાદૃષ્ટિનો શુભ ઉપયોગ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર આદિની ભક્તિમાં જાય છે અને સમ્યગ્દૃષ્ટિનો શુભ ઉપયોગ સાચા દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિમાં ઉપયોગ લાગે છે. તો ઉપયોગ, કષાયની મંદતા તો તે જ છે, કષાયની મંદતા તે જ છે અર્થાત્ તેની તે છે. કષાય મંદ. પણ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની ભક્તિમાં મંદ કષાયનું ફળ જુદું છે અને સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રની કષાયની મંદતાનું ફળ જુદું છે.

સમજાય છે કાંઈ? ચરણાનુયોગ છે એટલે નિમિત્ત, વ્યવહારનયની પ્રધાનતાથી કથન છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પરિણામોમાં ફેર છે એ નિમિત્તથી ફેર છે એમ અહીંયા ચરણાનુયોગના કથનથી કહ્યું છે. નિમિત્ત ફેર છે, ભૂમિ ફેર છે તો અનાજમાં પણ ફેર થયો. ખરેખર તો અનાજની યોગ્યતા એવી હતી. અનાજની યોગ્યતા જ એવી હતી, ત્યારે એવી ભૂમિ થઈ. પણ અહીંયા ભૂમિની અપેક્ષાથી આમ લીધું છે.

એમ અહીંયા દેવ-ગુરુ-શાસ્ત્ર, સર્વજ્ઞ પરમાત્મા એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા એવા ભગવાન, એમના દ્વારા કહેવાયેલા, એમના દ્વારા કહેવાયેલા દેવ-ગુરુ-શાસ્ત્ર એના શુભ ઉપયોગ, કષાય મંદ થયો તે જ છે, તે જ એટલે કષાય મંદ છે, પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર જે ભૂમિ સારી છે તો શુભ ઉપયોગનું ફળ, અનુભવ તો છે પોતાની દૃષ્ટિ અને સ્વરૂપની પરિણતિ તો શુભ ઉપયોગનું ફળ ક્રમે ક્રમે અભાવ થશે, પણ એ શુભમાં પુણ્યબંધનું કારણ પણ વિશેષ જાતનું થશે. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિનો શુભ ઉપયોગ તીર્થંકર (પ્રકૃતિના) બંધનું કારણ થઈ જાય. કેમ કે એમાં સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રની પ્રભાવના, શ્રદ્ધા વિકલ્પરૂપ છેને? તે તરફનું લક્ષ છે તો એ શુભ પરિણાનું ફળ તીર્થંકરગોત્ર થઈ જાય. મોટા ઊંચા સ્વર્ગમાં વૈમાનિક (દેવમાં) જાય. અને મિથ્યાદૃષ્ટિ, જેને સર્વજ્ઞ શું છે? સર્વજ્ઞની વસ્તુ ક્યાં છે? સર્વજ્ઞે દેવ-ગુરુ-શાસ્ત્ર કોને કહ્યા? સર્વજ્ઞે કહ્યા એવા પદાર્થ ક્યા છે? એનાથી વિરુદ્ધ કહ્યું છે એવા સર્વજ્ઞ સિવાયના છદ્મસ્થ અજ્ઞાનીએ પોતાથી કલ્પિત કરેલા દેવ-ગુરુ-શાસ્ત્ર એની ભક્તિભાવ, પ્રભાવના આદિ કરવાનો ભાવ એ બીજા ફળને પ્રાપ્ત કરે છે, મનુષ્ય અને સ્વર્ગ આદિ સાધારણ મળે. એમાં કોઈ મોક્ષ (મળતો નથી), કેમકે રાગથી રહિત હું કોણ છું એનો વિવેક નથી. સમજાય છે કાંઈ?

શુભભાવ તો ભક્તિમાં સમ્યગ્દૃષ્ટિને પણ થાય છે અને મુનિને પણ થાય છે. સમજાય છે કાંઈ? અને મિથ્યાદૃષ્ટિને પણ થાય છે. ત્રણેને શુભ ઉપયોગ થાય છે. મુનિને શુભ ઉપયોગ શુદ્ધાત્મપરિણતિની મુખ્યતામાં ગૌણ ગણ્યો. શ્રાવકને શુદ્ધ ઉપયોગની પરિણતિ અલ્પ છે, શુભની પરિણતિ મુખ્ય ગણી. હવે મિથ્યાદૃષ્ટિના શુભ ઉપયોગ અને સમ્યગ્દૃષ્ટિના શુભ ઉપયોગમાં ફેર શું ઈ બતાવે છે. સમજાય છે કાંઈ?

**'તેમ પ્રશસ્તરાગસ્વરૂપ શુભોપયોગ તેનો તે જ હોવા છતાં પણ પાત્રની વિપરીતતાથી ફળની વિપરીતતા હોય છે...'** કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર મળી જાય અને તે કહે એવા વ્રત ને નિયમ કરી લે (તો) શુભ પરિણામ થશે, પણ હલકા હલકા-અધમ પુણ્ય થશે. નીચે આવશે. સમજ્યા? **'કેમ કે કારણના ભેદથી કાર્યનો ભેદ અવશ્યંભાવી (અનિવાર્ય) છે.'** લ્યો. એ નિમિત્તકારણમાં ફેર છે તો પરિણામમાં પણ ફેર છે, એમ અહીંયા જણાવ્યું છે. આ કારણફેરે કાર્યનો ફેર (કહ્યો). નિમિત્તકારણ ફેર છે તો એના લક્ષમાં વેપાર શુભ આવે છે તે પણ ફેરવાળો છે એમ કહે છે. અને વિવેક કરવો પડે કે સર્વજ્ઞ પરમાત્મા કોણ છે? એમણે શું કહ્યું છે? એનો વાસ્તવિક સ્વભાવ શું છે?

એનાથી વિપરીત કહેવાવાળા કોણ છે? એનો એને વિવેક કરવો પડે. પણ એ જ્ઞાન વિના વિવેક નથી થતો. જ્યાં માને ત્યાં સારું સારું, બધું સારું લાગે. સમજાય છે કાંઈ?

તળાવની ભૂમિ હોયને? તળાવ—સરોવર. સરોવર, સરોવર. તો કાંઠે અને મધ્યમાં બધું સમતળ પાણી લાગે. ઉપર સરખું લાગે છેને પાણી? અંદરમાં ઘણો ફેર છે. સરોવરમાં કાંઠે અને ઉપર બધે સપાટી સરખી લાગે. એકસરખું પાણી છે. અરે..! ફેર છે, સાંભળ તો ખરો. ઉપર સરખું લાગે છે, અંદરમાં ઊંડાણમાં ઘણો ફેર છે. કાંઠે ચાર તસુ પહેલા ઊંડું હોય. ઊંડું કહે છેને? ગહરા. ચાર તસુ ઊંડું, પછી છ, પછી આઠ, પછી હાથ, બે હાથ, પાંચ હાથ, પચાસ હાથ, વાંસ, બે વાંસ, વચ્ચે તો બે વાંસ ઊંડું હોય. કાંઠે ચાર તસુ છે. ઉપર સરખું છે. ઊંડાઈનું માપ કરે તો પ્રત્યેકમાં ફેર છે. સમજાય છે કાંઈ? એમ સાચી શ્રદ્ધા કોણ? ખોટી શ્રદ્ધા કોણ? જૂઠી શ્રદ્ધા શું? સાચું જ્ઞાન શું? જૂઠું જ્ઞાન શું? ઉપરથી સરખું લાગે કે જાણે આ પણ સાચું અને આ પણ સાચું. પણ ઊંડાણમાં વિચાર કરવાથી પત્તો લાગે કે આ તો કાંટા જેટલું ઊંડું છે અને એ તો બે વાંસ જેટલું સરોવરનું પાણી મધ્યમાં ઊંડું છે. શોભાલાલજી!

પૈસાવાળા પૈસાવાળા બધા કહે છેને? પાંચ હજાર હોય તો પૈસાવાળા, પાંચ લાખ હોય તો પૈસાવાળા, કરોડપતિ પૈસાવાળા, અબજપતિ પૈસાવાળા. પૈસાવાળા એકસરખા દેખાય છે, લ્યો. પણ એની સંખ્યા માપવા જાય તો એક પાસે પાંચ હજાર અને એક પાસે પાંચ કરોડ. ફેર છે કે નહિ? સમજાય છે કાંઈ?

એમ સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્ર અને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર બહારથી તો બધા ધર્મના કથન કરે છે, બધા ધર્મી છે એમ ગણવામાં આવે છે. પણ એની વિચારશક્તિને કસોટી પર ચડાવવાથી એમાં ઉગમણો આથમણો ફેર છે એમ જ્ઞાનમાં વિવેક આવે તો એને ખબર પડે. સમજાય છે કાંઈ?

તો કહે છે, '**કારણના ભેદથી કાર્યનો ભેદ અવશ્યંભાવી (અનિવાર્ય) છે.**' શું કહે છે? નિમિત્તકારણ બીજું છે તો કાર્ય પણ બીજું થાય છે. એ.. વજુભાઈ! વ્યવહારથી કથન છે. ચરણાનુયોગ છેને? નિમિત્તની પ્રધાનતાથી કથન છે. વસ્તુનું સ્વરૂપ તો જેવું છે તેવું છે. પોતાને કારણે પરિણામ તો પલટે છે, નહિ કે નિમિત્તને કારણે. આ બીજ પણ પોતાને કારણે ઊગે છે અને નથી ઊગતું, જમીનને કારણે નહિ. પણ જમીનની મુખ્યતાથી કથન કરીને બીજ ઊગે છે, નથી ઊગતું (એમ કહેવામાં આવે છે). ઊગે છે કહે છેને? બોતે હૈં ઔર ઊગતે હૈં. એવું કથન કર્યું. એમ શુભ ઉપયોગ, અજ્ઞાનીનો શુભ ઉપયોગ એનું નિમિત્ત જુદું છે તો બીજી જાતનો છે અને જ્ઞાનીનો શુભ ઉપયોગ એનું નિમિત્ત સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર છે તો શુભ ઉપયોગ બીજી જાતનો છે. સમજાય છે કાંઈ? પંડિતજી! આ તો ખીચડે ખીચડો કરે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈનો ઈ એટલે કષાય મંદ તો એને ને એને શુભ ઉપયોગ કહેવાય, એમ. પણ

નિમિત્ત ફેરે શુભ ઉપયોગની જાત પણ ફેર છે એમ જણાવે છે.

**'હવે કારણની વિપરીતતા અને ફળની વિપરીતતા દર્શાવે છે :— '** લ્યો. ૨૫૬ (ગાથા).

**छदुमत्थविहिदवत्थुसु वदणियमज्झयणझाणदाणरदो।**
**ण लहदि अपुणब्भावं भावं सादप्पगं लहदि।।२५६।।**

શું કહે છે? પાઠ તો એક જ છે, હોં! છદ્મસ્થવિહિનો એમાંથી સર્વજ્ઞ સ્થાપિત વાત કાઢી છે. પાઠમાં તો છદ્મસ્થ અજ્ઞાની હોં! છદ્મસ્થની વાત લીધી છે. અમૃતચંદ્રાચાર્યે એમાંથી સર્વજ્ઞ સ્થાપિતની વાત અસ્તિથી કાઢી છે.

**'ટીકા :— સર્વજ્ઞસ્થાપિત વસ્તુઓમાં....'** જુઓ! અહીંયા પહેલા આ સિદ્ધ કર્યું. લોકો કહે છે કે સર્વજ્ઞે કહ્યું. (પણ) સર્વજ્ઞના ઠેકાણા નહિ. સર્વજ્ઞનો નિર્ણય કરવાના ઠેકાણા નહિ. સર્વજ્ઞ કેટલું જાણે? ત્રણ કાળ જાણે, સર્વ અવસ્થા જાણે, બધા દ્રવ્ય જાણે, બધા ગુણ જાણે. તો કહે, નહિ, પર્યાય જાણે પણ સામાન્યપણે જાણે. વિશેષ આ સમયે આ પર્યાય- આ અવસ્થા આ દ્રવ્યની થશે એમ ન જાણે. સર્વજ્ઞને તેં જાણ્યા નથી. સર્વજ્ઞ, સર્વ-જ્ઞ. ત્રણ કાળ ત્રણ લોકમાં કોઈ સમય પર્યાય આ સમયે આ, આ સમયે આ, આ સમયે આ (થશે) બધું ભગવાન સર્વજ્ઞના જ્ઞાનમાં આવી ગઈ. સમજાય છે કાંઈ?

**'સર્વજ્ઞસ્થાપિત વસ્તુઓમાં જોડેલા...'** શું કહે છે? ત્રિલોકનાથ સર્વજ્ઞ દેવાધિદેવ પરમાત્મા જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણવામાં આવ્યા. એવા ભગવાન એમણે જે કહ્યું, વસ્તુ, છ દ્રવ્ય, નવ તત્ત્વ, દેવ-ગુરુ-શાસ્ત્ર, મોક્ષમાર્ગ, બંધમાર્ગ એમણે જે કહ્યો, એવી વસ્તુથી યુક્ત જેનો ઉપયોગ છે, એ શુભ ઉપયોનું ફળ **'પુણ્યસંચયપૂર્વક મોક્ષની પ્રાપ્તિ છે.'** કહો, સમજાય છે કાંઈ? શું કહ્યું? શુભ ઉપયોગનું ફળ પુણ્યસંચયપૂર્વક મોક્ષની પ્રાપ્તિ. દૃષ્ટિ છેને. રાગના અભાવની દૃષ્ટિ તો પડી છે. સમ્યગ્દૃષ્ટિને રાગ મારો નથી (એવી માન્યતા છે) તો વીતરાગને માને છે, તો વીતરાગ સર્વજ્ઞ છે તો હું પણ સર્વજ્ઞ વીતરાગ થવાને લાયક છું મારા સ્વભાવમાં. હું રાગને રાખવાને લાયક નથી. સમજાય છે કાંઈ?

સર્વજ્ઞસ્થાપિત વસ્તુ. તો સર્વજ્ઞ છે અને એમણે કહ્યો માર્ગ, મોક્ષમાર્ગ, બંધમાર્ગ. રાગ બંધમાર્ગ છે. રાગથી રહિત પોતાના સ્વરૂપનો જેટલો આશ્રય લઈને શુદ્ધ પરિણતિ પ્રગટ કરી એ મોક્ષમાર્ગ છે. એવા પદાર્થ વસ્તુ સહિત, એવા વસ્તુના ભાનયુક્ત સહિત. એમ છેને? શું કહ્યું છે? **'સર્વજ્ઞ સ્થાપિત વસ્તુઓમાં જોડેલા...'** એમણે જે કહ્યો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર માર્ગ(રૂપ) (અને) બંધમાર્ગ જે રાગ, એ બધી વસ્તુ સહિત જ્ઞાનસહિત છે. સેઠી! સેઠી તો મીણો ભણે એમ છે. ભણતા જ નથી. નીચે લખ્યું છેને? સર્વજ્ઞસ્થાપિત—સર્વજ્ઞકથિત. સર્વજ્ઞ ભગવાન છે. કોઈ ત્રિકાળવેત્તા છે કે નહિ? ત્રણ કાળ ત્રણ લોક જેણે જોયા, ભગવાન એવા છે કે નહિ? તો એમણે કહ્યું શું? ત્રણ કાળ ત્રણ લોકે જેણે જોયા એમણે કહ્યું શું? એમણે બનાવ્યા નથી. કોઈનું કર્યું નથી

અને કોઈનું કથન બાકી રહે નહિ. જાણવામાં બાકી ન રહે અને પૂર્ણ કથનમાં પણ બધા દ્રવ્ય આદિ આવી જાય છે સર્વજ્ઞ ભગવાનની વાણીમાં. તો સર્વજ્ઞસ્થાપિત ત્રિલોકનાથ પરમાત્મા એક આત્મા... આત્મા છે તે જ્ઞ-સ્વભાવી છે, ભગવાન આત્મા જ્ઞ-સ્વભાવી છે. જાણક.. જાણક.. જાણક.. જાણક સ્વભાવ. એ આત્મા એટલે... જેમ અગ્નિ એટલે ઉષ્ણ સ્વભાવ. તો કોને ન બાળે? બધાને. એમ ભગવાન આત્મા જ્ઞ-સ્વભાવ. જ્ઞ—જાણવું. એ જાણવું.. જાણવું.. જાણવું પ્રગટ થયું એ કોને ન જાણે? એકલો જાણનસ્વભાવ ચૈતન્યબિંબ પ્રજ્ઞાબ્રહ્મ ભગવાન પોતાનો પૂર્ણ વિકાસ થઈ ગયો. કોને ન જાણે? બધાને જાણે. તો બધાને જાણે એમાં, હું જાણનારો અને બીજા જણાવાયોગ્ય પદાર્થ—બે સિદ્ધ થઈ ગયા. સમજાય છે કાંઈ?

સર્વજ્ઞ છેને? તો સર્વને જાણ્યા તો કોને? પોતાને એકલાને કે બીજા કોઈ છે? સર્વજ્ઞે ત્રણ કાળ ત્રણ લોક જોયા. જોયા તો જોવાવાળું તો જ્ઞાન છે. તો જ્ઞાનમાં જણાય એવી બીજી વસ્તુ છે કે નહિ? ન હોય તો ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા એમ કોણે કહ્યું? ક્યાંથી આવ્યું? સર્વ ક્યાં રહ્યું? સર્વજ્ઞ ભગવાનને એક સેકંડના અસંખ્ય ભાગમાં આત્માની શક્તિનો વિકાસ પૂર્ણ દશા થઈ ગઈ, એ ભગવાન ત્રણ કાળ ત્રણ લોક દેખે છે અને ઈચ્છા વિના વાણી નીકળી ગઈ છે. એમણે જે પદાર્થ કહ્યા, આત્મા, પરમાણુ, વિકાર, અવિકાર એવી વસ્તુઓમાં યુક્ત, એવી વસ્તુમાં યુક્ત. એવા જ્ઞાન-દર્શન તો છે.

અને શુભોપયોગનું ફળ. આવી વસ્તુમાં યુક્ત શુભ ઉપયોગ. વિકલ્પ ત્યાં ગયોને. જેટલી શ્રદ્ધા-જ્ઞાનમાં નિર્મળતા થઈ એ તો પોતાની. અને ભગવાને કહ્યું એના ઉપર લક્ષ ગયું, પદાર્થ ઉપર, એટલા શુભ ઉપયોગ યુક્તનું ફળ, એ છે તો વિકલ્પ શુભરાગ. ભગવાન આત્માને પવિત્ર કહે છે, પર્યાયમાં પરિપૂર્ણતા કહે છે. રાગ, પુણ્ય વિકલ્પ છે તે બંધનું કારણ છે. શુભ-અશુભ બેય રાગ બંધનું કારણ છે. એમ ઉપયોગમાં આવ્યું. એનું ફળ 'પુણ્યસંચયપૂર્વક...' એ શુભરાગ છે એટલું તો પુણ્ય બંધાઈ જશે. પણ અંતરમાં રાગ મારી વસ્તુ નથી, હું શુદ્ધાત્મ ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ છું. મારો સત્ સ્વભાવ ત્રિકાળ જ્ઞાન અને આનંદ છે—એવું જે ભાન થયું એમાં રાગ બાકી રહ્યો એનું પુણ્ય બંધાયું. અને રાગથી રહિત જેટલી નિર્મળ દશા થઈ તે ક્રમે કરીને મોક્ષ કરશે. એ મોક્ષ કરશે તો શુભ પરિણામથી મોક્ષ થશે એમ કહેવામાં આવ્યું છે. સમજાય છે?

આત્મા જો દશામાં તદ્દન શુદ્ધ થઈ જાય, તદ્દન શુદ્ધ તો તો પુણ્ય પણ નથી, પાપ પણ નથી. એ તો નિર્લેપ અખંડાનંદ પ્રભુ મુક્તસ્વરૂપ થઈ ગયો. વસ્તુ જેવી મુક્તસ્વરૂપ છે એવી દશા મુક્તરૂપ થઈ ગઈ, પૂર્ણાનંદ અખંડાનંદનો અનુભવ. પણ પૂર્ણાનંદ સ્વરૂપ છે એવું ભાન થયું, સ્થિરતા પણ થોડી થઈ, અંદર લીનતા. કાંઈક લીનતા કાચી બાકી છે તો શુભ ઉપયોગ, શુભરાગ પુણ્યબંધનું કારણ જ્ઞાનીને પણ આવ્યા વિના રહેતો નથી. સમજાય છે કાંઈ? તો એ શુભરાગનું ફળ શું? કે શુભરાગ તો પુણ્યસંચય છે. એ તો પુણ્યસંચય છે, પણ એ નીકળી જઈને ક્રમે ક્રમે સ્વભાવની એકાગ્રતાથી પૂર્ણાનંદની પ્રાપ્તિ થશે તો નિમિત્તથી, પુણ્યથી એ પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય છે એમ

વ્યવહારથી કથન કરવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ?

**'તે ફળ, કારણની વિપરીતતા થવાથી વિપરીત જ થાય છે.'** લ્યો, હવે સામું આવ્યું. **'ત્યાં, છદ્મસ્થસ્થાપિત વસ્તુઓ...'** અજ્ઞાનીએ કહેલા તત્ત્વ. અજ્ઞાનીએ જોયા નથી ત્રણ કાળ ત્રણ લોક શું છે. પોતે પણ ત્રણ કાળની વસ્તુઓમાં ત્રિકાળ છું આદિ-અંત વિના. આત્માની આદિ નહિ, અંત નહિ. તો આદિ વિનાની વસ્તુને દેખે તોપણ એના જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોક આવી જાય. પોતાની આદિ નહિ, અંત નહિ. પહેલા આત્મા હતો, પહેલા હતો, પછી નહિ રહે એમ છે? છે.. છે.. અને છે. પહેલા હતો કે નહિ? એ તો છે જ. અને કદી પણ નહિ હોય એમ નહિ થાય. અનાદિ-અનંત (રહે છે). એક આત્મા અનાદિ-અનંત હું છું એમ ભાન થયું એને ત્રણ કાળ ત્રણ લોકનું ભાન થયું. એનાથી વિપરીત અજ્ઞાનીએ જ પદાર્થ કહ્યા તેમાં **'કારણ વિપરીતતા થવાથી...'** અજ્ઞાનીની આજ્ઞા પ્રમાણે વ્રત કરે, નિયમ પાળે, અધ્યયન કરે એના શાસ્ત્રનું, એ કહે તેવું ધ્યાન કરે, દાનરત એમાં દાનરતમાં રહે. એ શુભોપયોગયુક્તનું ફળ, એ દાનાદિનું ફળ **'મોક્ષશૂન્ય...'** મોક્ષશૂન્ય. **'કેવળ પુણ્યાપસદની પ્રાપ્તિ...'** છે. પુણ્યાપસદ નીચે લખ્યું છે. 'પુણ્ય-અપસદ—અધમ પુણ્ય, હત પુણ્ય.' હલકા પુણ્ય છે. હલકા પુણ્યની પ્રાપ્તિ થશે. તેના ફળમાં સુદેવ, મનુષ્ય થાય. દેવ આદિ મનુષ્ય થાય. આત્માની શુદ્ધિ અને આનંદની પ્રાપ્તિ એવો મોક્ષ (થશે નહિ). અજ્ઞાનીએ કહેલા પદાર્થની પ્રતીત કરવાવાળા, અજ્ઞાનીએ કહેલા દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રતીત કરવાવાળાને પુણ્ય થશે. સંવર, નિર્જરા કે ધર્મ નહિ થાય. એ અહીંયા બતાવે છે. કારણમાં ફેર તો ફળમાં ફેર પડે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૬, ગુરુવાર, તા. ૪.૧૦.૧૯૬૨**
**ગાથા-૨૫૭ થી ૨૬૦, પ્રવચન-૨૧**

પ્રવચનસાર, ચરણાનુયોગસૂચક ચૂલિકા. ૨૫૬ ગાથા થઈ. ૨૫૭. **'(હવે આ ગાથામાં પણ) કારણવિપરીતતા અને ફળવિપરીતતા જ સમજાવે છે :— '**

अविदिदपरमत्थेसु य विसयकसायाधिगेसु पुरिसेसु।
जुट्ठं कदं व दत्तं फलदि कुदेवेसु मणुवेसु।।२५७।।

**પરમાર્થથી અનભિજ્ઞ, વિષયકષાયઅધિક જનો પરે,**
**ઉપકાર-સેવા-દાન સર્વ કુદેવમનુજપણે ફળે. ૨૫૭.**

'**ટીકા :– જે છદ્મસ્થસ્થાપિત વસ્તુઓ...**' સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા, જાણે એક સેકંડના અસંખ્યભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા, જાણ્યા એવા વીતરાગ સર્વજ્ઞદેવ સિવાય અજ્ઞાનીઓએ કલ્પિત વાતું કરી છે. સર્વજ્ઞ વીતરાગ તીર્થંકરદેવ સિવાય... સમજાય છે કાંઈ? સમજમેં આયા, આવ્યું. હવે આજથી ગુજરાતી ચાલશે. કાલ સુધી હિન્દી થયું, ૩૨ દિ'. આજ તો ગુજરાતી છે. ઓલા .. હતાને, ન સમજે ગુજરાતી. ગુજરાતી સમજે નહિ. ૨૫૬માં એમ કહ્યું કે સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવ એમણે એક સેકંડના અસંખ્યભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા, જાણ્યા, એમ કહ્યા. એવી જે ચીજ ભગવાને કહેલી એવો આત્મા, વિકાર, જડ એની ભિન્નતા જેવી ભગવાને કહી એમાં જે ઉપયોગને સ્થાપે તો સમ્યગ્દૃષ્ટિ જીવ હોય, રાગથી પૃથક્ છું એમ માને છે, ધર્મીજીવ પુણ્યના વિકલ્પથી મારું સ્વરૂપ પ્રત્યક્ષ (જુદું) છે એમ જાણે છે, છતાં ભગવાને કહેલા પદાર્થોમાં એનો શુભ ઉપયોગ જોડાય છે. શુભ ઉપયોગ, વિકલ્પ. એ વિકલ્પનું ફળ તો પુણ્ય છે. સમજાણું કે નહિ? આ કાલે વાત આવી ગઈ ઈ ફરીને માંડી છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કેમ રાગ આવે છેને? ભગવાન કહે છે કે આ જીવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. રાગ દયા, દાનનો એ પુણ્ય છે, હિંસા, જૂઠું એ પાપ છે, શરીર, કર્મ એ જડ અને અજીવ છે એમ જેવા ભગવાને કહેલાં નવ તત્ત્વો કે છ દ્રવ્ય, એનો એ વિકલ્પથી, શુભરાગથી વિચાર કરે છે. અંદર ભાન છે કે હું રાગરહિત છું. મારો સ્વભાવ તો શુદ્ધ ચૈતન્ય સર્વજ્ઞ જેવો પરમાત્માનો સ્વભાવ પ્રગટ થયો એવો જ મારો અંતર સ્વભાવ છે. એમ જેને સમ્યગ્દૃષ્ટિપણું રાગથી, પુણ્યથી, નિમિત્તથી પૃથક્ થઈને થયું, એવા જીવને સર્વજ્ઞ પરમાત્માએ કહેલાં તત્ત્વ સન્મુખનો વિકલ્પ નામ શુભ ઉપયોગ વર્તે છે. એને શુભ ઉપયોગનું ફળ પુણ્ય છે. પણ રાગથી પૃથક્ એવું અંદર ભાન છે એનાથી ક્રમે કરીને શુભરાગને છોડી કેવળજ્ઞાનની પ્રાપ્તિ શુદ્ધ ઉપયોગથી કરશે. સમજાણું કાંઈ?

ત્યારે અજ્ઞાની, જે સર્વજ્ઞ વીતરાગદેવ ત્રિલોકનાથે જે વસ્તુ કહી એ સિવાય અજ્ઞાનીઓએ કલ્પિત પદાર્થ પોતાની કલ્પનાથી કહ્યા. એણે કંઈ જાણ્યું નથી કે શું ચીજ આત્મા, શું પર્યાય, શું દ્રવ્ય, શું ગુણ. એવા અજ્ઞાનીઓએ કહેલા પદાર્થનો '**છદ્મસ્થસ્થાપિત વસ્તુઓ તે કારણવિપરીતતા છે;...**' ૨૫૭ની ટીકા. આ છદ્મસ્થ એટલે ગણધરો એમ નથી. ગણધરો, મુનિઓ કે સમ્યગ્દૃષ્ટિ એ તો સર્વજ્ઞે કહેલી જ વાત પોતાની દૃષ્ટિ અને જ્ઞાનના અનુભવથી કહે છે, સ્થાપે છે, ઘરની કાંઈ કહેતા નથી. આ છદ્મસ્થાપિત એટલે અજ્ઞાની. વીતરાગ સર્વજ્ઞદેવની માન્યતા વિનાના અંતરના અનુભવના જ્ઞાન, ભાન વિનાના એવા છદ્મસ્થ નામ મિથ્યાત્વના આવરણમાં પડેલા પ્રાણીઓ, '**તે કારણવિપરીતતા...**' એની કોઈ સેવા કરે, એને હલકું કુદેવ અને કુમનુષ્યપણું પામે એવું એને

પુણ્ય બંધાય. સમજાય છે કાંઈ?

સર્વજ્ઞ ભગવાને કહેલા પદાર્થોનું ભાન કરી અને પદાર્થો તરફના શુભ ઉપયોગનું જોડાણ પુણ્યનું હોય તો એ પુણ્યનો નાશ કરી-ક્રમે કરીને, સ્વભાવનું ભાન છે એથી પુણ્યના સંચયપૂર્વક ક્રમે ક્રમે આત્માની શુદ્ધિ કરીને મોક્ષને પામશે. અજ્ઞાનીએ કહેલા પદાર્થ, ૨૫૬માં કહ્યું, વીતરાગ ત્રિલોકનાથ જિનેન્દ્ર પરમાત્મા સિવાય જેટલા માર્ગો અજ્ઞાનીઓએ કહેલા એ પ્રમાણે કોઈ, એના વ્રતમાં, એના અધ્યયનમાં, એના નિયમમાં... આવ્યાને બોલ? અધ્યયનમાં, ધ્યાનમાં અને દાનમાં જે કંઈ ઉપયોગ એનો અજ્ઞાનીનો જોડાય, અજ્ઞાનીએ સ્થાપેલ વસ્તુઓમાં, એના વ્રતાદિમાં જોડાય તો એનું શુભ પુણ્ય થાય કે જે શુભ પુણ્યથી ધર્મ તો ન થાય, સંવર, નિર્જરા ન થાય, પણ એને સુદેવ અને સુમનુષ્યપણું પ્રાપ્ત થાય. એટલી વાત કરી.

હવે અહીં એ કહે છે કે જે અજ્ઞાનીએ સ્થાપેલ વસ્તુઓ તે કારણવિપરીત છે. એના ઉપયોગમાં નિમિત્તકારણ ઉલ્ટું છે. '**તે (વિપરીત કારણો) ખરેખર (૧) શુદ્ધાત્માના જ્ઞાનથી શૂન્યપણાને લીધે...**' એટલે મિથ્યાદષ્ટિપણાને લીધે, વસ્તુની ખબર નથી. સર્વજ્ઞ પરમાત્માએ કહેલા સ્વભાવ સિવાય. સમજાય છે કાંઈ? અજ્ઞાનીઓને. દયા, દાન, વ્રતના વિકલ્પ ઉઠે છે, રાગ, એનાથી આ આત્મા પર છે એવું ભાન, છદ્મસ્થ અજ્ઞાનીઓએ કહ્યું નથી અને એના માનનારામાં એ હોતું નથી. સમજાય છે કાંઈ? તો કહે છે, શુદ્ધાત્માના જ્ઞાનથી શૂન્યપણાને લીધે '**પરમાર્થના અજાણ**' છે એ અજ્ઞાની. અજ્ઞાનીઓ ઓલા છદ્મસ્થ એના કહેનારાઓ. સમજાણું કાંઈ?

શુદ્ધાત્મા—આત્મા પરમાનંદની મૂર્તિ વીતરાગવિજ્ઞાનઘન છે આત્મા. સર્વજ્ઞ વીતરાગ થયા એ ક્યાંથી થયા? અંતર વીતરાગવિજ્ઞાનઘનનો કંદ આત્મા છે એમાં એકાકાર અનુભવ કરીને વીતરાગવિજ્ઞાન અને કેવળજ્ઞાન પામ્યા છે. રાગની, પુણ્યની, દયા, દાનની, વ્રતની ક્રિયા એ તો રાગ છે, એનાથી પામ્યા નથી અને નિમિત્તના સંગથી પણ પામ્યા નથી. સમજાય છે કાંઈ? ઓહો..હો..! કાલે વાત આવી હતી, પાછી ઝીણી પડે. સેઠી! અને વીતરાગદેવ સિવાય અજ્ઞાનીએ કહેલી વાત એના સેવકો. પહેલામાં આવ્યું હતું કે અજ્ઞાનીએ કહેલી, મિથ્યાદષ્ટિએ કહેલા વ્રત, નિયમ, દાન, અધ્યયનમાં રત છે એનામાં પુણ્ય જરી ઠીક બાંધ્યા છે. કેવું? કે સુદેવ અને સુમનુષ્ય જેવું. સુદેવ અને સુમનુષ્ય થાય. ધર્મ-બર્મ કાંઈ થાય નહિ. અને આમાં એ અજ્ઞાની જીવો કેવા છે? કે જેને આત્માનું ભાન નથી. હું જ્ઞાનાનંદ ચિદાનંદમૂર્તિ જ્ઞાતા દૃષ્ટા છું. સર્વજ્ઞસ્વભાવ જે ભગવાનને પ્રગટ થયો એવો જ મારો સર્વજ્ઞ—સર્વને જાણવા-દેખવાનો સ્વભાવ છે. બીજું કોઈ મારું ખરું સ્વરૂપ નથી. એવી જેને ખબર નથી, સર્વજ્ઞ સિવાયના અજ્ઞાની મતવાળાઓને, એ પરમાર્થના અજાણ છે.

'**અને (૨) શુદ્ધાત્મપરિણતિને નહિ પ્રાપ્ત હોવાને લીધે...**' આ ચારિત્રની વાત આવી, ભાઈ! સમજાણું કાંઈ? શુદ્ધાત્મપરિણતિ. એક તો પરમાર્થ ચિદાનંદ પ્રભુ શું છે એની ખબર નથી અજ્ઞાની છદ્મસ્થ જીવો કુગુરુ, કુદેવ આદિને અને એક તો શુદ્ધાત્મપરિણતિ નહિ. પાછું ચારિત્ર પણ

નથી. સ્વરૂપની રમણતારૂપ શુદ્ધાત્મપરિણતિ ચારિત્ર. એને નહિ પ્રાપ્ત કરી હોવાને લીધે '**વિષયકષાયે અધિક**' છે. મિથ્યાદષ્ટિને દૃષ્ટિમાં વિષય અને કષાય અધિક છે. જ્ઞાનીને વિષયકષાયના રાગથી શુદ્ધ ચૈતન્યસ્વભાવ દૃષ્ટિમાં અધિક છે. સમજાય છે કાંઈ? ન્યાલચંદભાઈ!

ધર્મીજીવને સમ્યગ્દૃષ્ટિને—સર્વજ્ઞ પરમાત્માએ કહેલા તત્ત્વોની દૃષ્ટિવંતને ભગવાન આત્મા જ્ઞાનસહાવં અધિયં, રાગ અને પુણ્ય વિકલ્પ, દયા, દાન, વ્રતના વિકલ્પ હો, પણ એ રાગથી અધિક મારી ચીજ ભિન્ન છે એવું જ્ઞાનીને ભાન છે, અજ્ઞાનીને એવું ભાન નથી. એથી એને જ્ઞાનસ્વભાવ ભગવાન આત્મા એનાથી અધિકમાં શુભ અને અશુભ રાગ અને પુણ્ય થયા એ મિથ્યાદષ્ટિ એને અધિકપણે માને છે. સમજાય છે? '**એવા પુરુષો છે.**' અજ્ઞાની સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા સિવાયના આત્માઓ તે. '**તેમના પ્રત્યે શુભોપયોગાત્મક જીવોને...**' લ્યો. એમની સેવા કરનારા જીવોને શુભ ઉપયોગ છે, પુણ્ય પરિણામ છે. એ '**સેવા, ઉપકાર કે દાન કરનારા જીવોને...**' આટલો ફેર પાડ્યો.

ઓલા પણ હતા તો છદ્મસ્થ. અજ્ઞાનીએ કહેલા વ્રત, દાન, પણ એના કહેલા વ્રત, અજ્ઞાનીઓના હોં. જ્ઞાન સમ્યગ્દૃષ્ટિનું ભાન એને નથી. સમ્યગ્દૃષ્ટિ આદિને વ્રતાદિ વિકલ્પ ઉઠે એ તો સમજે છે કે આ પુણ્ય રાગ છે, મારી ચીજ અંદર ભિન્ન ચિદાનંદ છે. એવા સમ્યગ્દૃષ્ટિના વ્રતનું પરિણામ પુણ્ય છે અને પાછળ રાગરહિત મારો સ્વભાવ છે એથી તેને નિર્મળતા વધીને મોક્ષ થાય છે. અજ્ઞાનીને એ દૃષ્ટિની ખબર નથી. એથી એવા અજ્ઞાની જીવોની સેવા કરનારા કે જેને શુદ્ધાત્મ પદાર્થનું ભાન નથી, આત્મા રાગ અને વિકલ્પ રહિત નિર્મળાનંદ પ્રભુ છે એવી શ્રદ્ધાના જ્ઞાનનું જેને ભાન નથી અને જેને ચારિત્ર નામ શુદ્ધાત્મ રમણતા, રાગરહિત શુદ્ધાત્મા આનંદમાં રમણતાની ચારિત્રની પ્રાપ્તિ નથી. એથી તે અજ્ઞાની કુદેવ, કુગુરુઓ વિષય અને કષાયથી તે સ્વભાવને ન જાણતા અધિકપણે પુણ્યને માની રહ્યા છે. સમજાય છે કાંઈ?

'**તેમના પ્રત્યે શુભોપયોગાત્મક જીવોને...**' એમની સેવા કરનારા જીવોને, એવા અજ્ઞાનીઓની '**સેવા, ઉપકાર કે દાન કરનારા જીવોને—જે કેવળ પુણ્યાપસદની પ્રાપ્તિ...**' એકલું અધમ પુણ્ય બાંધે છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હતું, પણ આ જરી એની સેવા અને ઉપકારનું વિશેષ લીધું. ઓલો દાન સાધારણ કહે છે એની દાનની વાત હતી. ધ્યાન-દાનરતપણે. આ તો એને દાન આપે છે, એને દાન આપવાનો ભાવ છે. ઓલો સાધારણ ઈ કહે છે એવી દાનની ક્રિયા કરે છે. સમજાય છે કાંઈ? ભગવનજીભાઈ!

'**સેવા, ઉપકાર કે દાન કરનારા જીવોને—જે કેવળ પુણ્યાપસદ...** ' અપસદ નામ અધમ પુણ્ય બાંધે. ઓલું પણ અધમ પુણ્ય હતું. પણ એને જરી વ્રત, નિયમ, દાન, અધ્યયન જે કહ્યું છે અજ્ઞાનીઓએ એમાં જરી રહે છે, શાસ્ત્ર અધ્યયનમાં રહે છે, એણે કહેલું દાન આમ દાન

કરો, તો એને જરી સુદેવ અને સુમનુષ્યના પુણ્ય (બંધાય છે). ધર્મ તો નથી એને.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— જરી ઊંચો છે. આનો જરી હલકો (છે). સીધી સેવા કરે છે. સીધું દાન આપવાનો ભાવ છે માટે તે '**ફળવિપરીતતા છે; તે ફળ કુદેવ, કુમનુષ્યપણું છે.**' એનું ફળ કુમનુષ્ય અને હલકા વ્યંતર ભૂતડા આદિ દેવ થાય. સમજાય છે કાંઈ આમાં? વૈદ્ય! સમજાય છે કે નહિ?

બે ન્યાય ફેરવ્યા. સર્વજ્ઞ વીતરાગદેવ ત્રિલોકનાથ પરમાત્મા જૈન પરમેશ્વર જેને આત્માનું સ્વરૂપ છે તેવું જેણે પ્રગટ થઈ ગયું છે. એવા જૈન પરમેશ્વરે જે વસ્તુની સ્થિતિ છે તેમ કહી એવા ભાનવાળા જીવો જે છે તે સમ્યગ્દૃષ્ટિ, રાગ અને પુણ્ય રહિત મારો આત્મા છે, ભગવાન એમ કહે છે અને મારું સ્વરૂપ એમ છે, એમ જેને સમ્યગ્દૃષ્ટિપૂર્વક સર્વજ્ઞ પરમાત્માએ કહેલા પદાર્થોમાં ઉપયોગ વર્તે છે, પરપદાર્થ છેને એ ભગવાન પણ, એના તરફ વિકલ્પ વર્તે છે એનું પુણ્યફળ... સમજાય છે કાંઈ? પુણ્યસંચયપૂર્વક મોક્ષ (છે). કેમ કે એ પુણ્યને નિષેધ જાણે છે. એ ક્રમે ક્રમે એ પુણ્યનો નિષેધ કરીને સ્વરૂપમાં ઠરશે. એક વાત.

સર્વજ્ઞ વીતરાગદેવના કહેલા તત્ત્વો, શુદ્ધાત્મ સિવાય, અજ્ઞાનીએ કહેલા છદ્મસ્થ, જૈન પરમેશ્વર સિવાય એમના કહેલા પદાર્થો, એમના કહેલા સ્વાધ્યાય, અધ્યયનો, શાસ્ત્રો એમાં જે ઉપયોગ લગાવીને રત છે એને ધર્મ તો નથી, મોક્ષ તો નથી, કંઈક પુણ્ય ઠીક બંધાય કે જેથી મનુષ્ય અને દેવ થાય. ધૂળના ઢગલા થાય છેને. કાં દેવ થોડો સુદેવ થાય અને કાં પાંચ, પચાસ લાખ આ થાય છેને સ્વામી? એવા કોઈ સુમનુષ્ય થાય. સમજાય છે કાંઈ? પણ જે અજ્ઞાની જીવો છે મિથ્યાદૃષ્ટિઓ એની સેવા કરે છે, એની સેવા કરે છે, એનો ઉપકાર કરે છે, એને દાન દેવાના ભાવ છે એમાં શુભ ઉપયોગ છે પુણ્ય, પણ એ હલકું પુણ્ય છે. એનાથી હલકા દેવ અને હલકા મનુષ્યો થશે. સમજાય છે કાંઈ? સમજાણું કે નહિ આમાં? શું ફેર પડ્યો? હા હા પાડો છે. પહેલામાં અને છેલ્લામાં શું ફેર પડ્યો? પહેલા ૨૫૬ અને ૨૫૭માં શું ફેર પડ્યો?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ના, ના, ના. કાંઈ સમજ્યા નથી. એ હા હા (કરે છે). ધ્યાન જ ક્યાં છે?

અહીં તો છદ્મસ્થ અજ્ઞાનીનાં કહેલા.. બે ગાથાઓમાં ફેર શું? એમ વાત કરી. કેવળીની વાત તો એક કોર રહી. એ તો એના પુણ્યનું ભાન છે. આ તો અજ્ઞાનીઓએ કહેલા બે પદાર્થમાં એકનું ફળ સુદેવનું અને એકનું ફળ કુદેવનું, એમ કહ્યું અહીંયા. બે ત્રણ વાર વાત થઈ. પણ ક્યાં, એકની એક જાણે એની એ વાત ચાલ્યા કરે છે. ઈની ઈ દવા ઘૂંટ્યા કરે. કહો, સમજાય છે કાંઈ?

અજ્ઞાનીઓએ કહેલા,... સર્વજ્ઞ વીતરાગે કહેલું એનું ફળ તો શુભભાવ થયો અને શુભથી રહિત આત્મા છે એવું તો એને ભાન છે. એની વાત તો અહીંયા નથી. એ તો પુણ્યસંચયપૂર્વક મોક્ષ (પામશે). એ વાત નહિ. હવે તો અજ્ઞાનીઓના બે પ્રકાર. જેને સર્વજ્ઞ પદાર્થ શું કહે છે એ સર્વજ્ઞપણું પ્રગટ્યું નથી, પોતાની કલ્પનાએ આત્મા આવો હોય અને આત્મા આવો હોય અને કાં

સર્વવ્યાપક હોય કાં એક જ આત્મા હોય કાં જડ ન હોય કાં ફલાણું હોય, ઢીકણું હોય એમ પોતાની કલ્પનાએ જેણે તત્ત્વો કહ્યા એવા જીવોના કહેલા અધ્યયન અને વ્રતમાં રહેનારા પ્રાણીઓ શુભ પુણ્યને કરે એનાથી મનુષ્ય અને દેવ, સુદેવ કંઈક થાય. એટલી વાત. અને એવા કુગુરુની સેવા કરનારાઓ એનો એ જીવ, પણ એની સેવા અને દાનમાં રત હોય, ઓલો પહેલા એના કહેલાં વ્રત, નિયમમાં રત હોય તો કંઈક પુણ્ય ઠીક બાંધે કારણ કે એનાથી ... પડ્યો છે એટલે. અને એની સેવા આદિમાં રત હોય તો એનું પુણ્ય હલકું (બંધાય અને) હલકા દેવ અને હલકા મનુષ્યો થાય. એમ બે વાતમાં ફેર પાડ્યો. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— છે તો ઓલો પણ મિથ્યાદૃષ્ટિ, પણ ઓલા મિથ્યાદૃષ્ટિના કહેલા અધ્યયનો અને એમાં રત હતો. આ એની સેવામાં રત છે. એમાં ફેર છે આખો. બેય મિથ્યાદૃષ્ટિ, બેય વિષયકષાયે અધિક છે. બેયને જ્ઞાન અધિક સ્વભાવનું ભાન નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— એક ગુરુ છે, એક ચેલો છે.

ઉત્તર :— હા, એક ગુરુ છે અજ્ઞાની અને એક ચેલો છે અજ્ઞાની. પણ ગુરુએ કહેલા, અજ્ઞાની ગુરુએ કહેલાં વ્રત, નિયમ, અધ્યયન, દાનમાં રત છે એને કંઈક પુણ્ય સુદેવ અને સુમનુષ્ય થાય એવું પુણ્ય બંધાય. ધર્મ તો એને નહિ. અને અજ્ઞાનીની સેવા કરવામાં જે રત છે એને હલકું પુણ્ય બંધાય. એ હલકા મનુષ્ય અને હલકા દેવ થાય. એ બે ગાથાઓમાં ફેર પાડ્યો. કહો, સમજાણું કાંઈ? હવે ત્રીજો ફેર પાડશે. પાછું એને ને એને પાપ કહેશે. ઓલો છે એટલે ઈ તો પાપનું જ કારણ છે. જેણે કષાય, પુણ્ય, દયા, દાન, વ્રતના વિકલ્પથી અધિક આત્માને માન્યો (નથી), એને જ અધિક માન્યો, આત્મા રાગથી અધિક ભિન્ન છે એમ જાણ્યું નથી એવા પાપી આત્માઓ એને તો અહીં પાપી કહ્યા. ઈશ્વરચંદજી! ૨૫૮ જુઓ!

**'હવે કારણની વિપરીતતાથી અવિપરીત ફળ સિદ્ધ થતું નથી...'** કારણ જો ખોટું છે માટે એનું સાચું ફળ સિદ્ધ થતું નથી. **'એમ શ્રદ્ધા કરાવે છે.'** ૨૫૮.

जदि ते विसयकसाया पाव त्ति परूविदा व सत्थेसु।
किह ते तप्पडिबद्धा पुरिसा णित्थारगा होंति।।२५८।।

નીચે હરિગીત.

**'વિષયો કષાયો પાપ છે' જો એમ નિરૂપણ શાસ્ત્રમાં,**
**તો કેમ તત્પ્રતિબદ્ધ પુરુષો હોય રે નિસ્તારકા? ૨૫૮.**

**'ટીકા :— પ્રથમ તો વિષયકષાયો પાપ જ છે;...'** વિષય અને કષાયો પોતે પાપ છે. **'વિષયકષાયવંત પુરુષો પણ પાપ જ છે;...'** એવા વિષયકષાયમાં એકાકાર થયેલા જીવો પણ પાપી જ છે. એને રાગરહિત ચિદાનંદ ભગવાન આત્મા એનું સમ્યગ્દર્શન, જ્ઞાનનું ભાન નથી. **'વિષયકષાયવંત પુરુષો પ્રત્યે અનુરક્ત જીવો પણ...'** આ વિષયકષાયવંત એવા અજ્ઞાની

એના પ્રત્યે લીન જીવો પણ '**પાપમાં અનુરક્ત હોવાથી પાપ જ છે.**' કહો, સમજાણું કાંઈ? એવા અજ્ઞાની જે રાગ અને કષાયની અધિકતા માનીને પડ્યા, એમાં જે અનુરક્ત છે, જે બીજા જીવો એની સેવામાં (અનુરક્ત છે) તે '**પાપમાં અનુરક્ત હોવાથી પાપ જ છે. તેથી વિષયકષાયવંત પુરુષો સ્વાનુરક્ત (પોતાના પ્રત્યે અનુરાગવાળા) પુરુષોને પુણ્યનું કારણ પણ થતા નથી...**' લ્યો, એ તો પુણ્યનું કારણ પણ નથી. ઓલામાં કહ્યું હતું એના ભાવને કારણે. (એ) શિષ્યની વાત હતી. હવે આના પુણ્યનું કારણ નથી. એ તો મિથ્યાત્વ—ઊંધી શ્રદ્ધા, ઊંધા જ્ઞાન આદિ મનાવીને માની રહ્યો છે. એ તો પુણ્યનું પણ કારણ નથી. લે, ઊડાવ્યું. પુણ્ય થાય છે ખરા એને, એ તો પોતાના ભાવથી થાય છે. આ નહિ.

'**વિષયકષાયવંત પુરુષો સ્વાનુરક્ત (પોતાના પ્રત્યે અનુરાગવાળા) પુરુષોને...**' એમ કહે છેને? એનામાં અનુરક્ત પુરુષોને, એના સેવકોને '**પુણ્યનું કારણ પણ થતા નથી તો પછી સંસારથી નિસ્તારનું કારણ તો કેમ થાય?**' જેની શ્રદ્ધા જ ઊંધી છે અને માન્યતામાં જેને કષાય જ અધિક દૃષ્ટિમાં પડ્યો છે એ બીજાને તારવામાં નિમિત્ત કેમ થાય? એને તારવાના ઉપાયની એને ખબર નથી (કે) કેમ તરાય? સમ્યગ્દર્શન કોને કહેવાય? તો બીજાને તારવા એ સમર્થ છે નહિ. કહો, સમજાય છે કાંઈ આમાં? '**માટે તેમનાથી અવિપરીત ફળ સિદ્ધ થતું નથી...**' લ્યો, એમનાથી '**(અર્થાત્ વિષયકષાયવંત પુરુષોરૂપ વિપરીત કારણનું ફળ અવિપરીત હોતું નથી).**' એનાથી અવિપરીત ફળ ન થાય. વિપરીત ફળ જ થાય.

જુઓ! અહીં તો એ જ કહ્યું કે મિથ્યાદૃષ્ટિ તો પુણ્યમાં પણ નિમિત્ત નથી ખરેખર તો એમ કીધું અહીં. અને મોક્ષનું કારણ તો (થાય જ નહિ). નિમિત્ત પણ, મોક્ષમાં તો નિમિત્ત પણ નથી. સમ્યગ્દૃષ્ટિ ધર્મી સર્વજ્ઞદેવ, ગુરુ, ગણધર સંતો કે સમકિતી એ જ ફક્ત સામાને પુણ્યનું કારણ થાય છે. ઈ કહેશે પછી. પુણ્યનું ભાજન અને એ તરે ને તારે એમ કીધું. સમજાણું કાંઈ? ભારે ઓળખાણ કરવી પડે આમાં તો હોં! ભીખાભાઈ! ...ને પૂછ્યું હતું હોં, આ બેમાં શું ફેર? ગોટા વાળે. આ વૈદે ગોટા વાળ્યા એમ ઈ વાળે. તમારા કરતાં જરી ફેર હતો એનામાં. ઈ બે વચ્ચેના ફેરમાં જરી ફેર નહોતો પાડી શક્યા. સમજાણું કાંઈ? આ તો બધું ધ્યાન રાખે તો સમજાય એવું છે. ઉપરટપકે ઉપરટપકે ચાલી જાય એવું નથી.

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સર્વજ્ઞ પરમાત્માની પ્રાપ્તિ જેને થઈ એમના ઉપદેશમાં તો આત્મા રાગ અને પુણ્ય વિનાનો છે એમ આવ્યું છે. એવા ત્રિલોકનાથ વીતરાગના ઉપદેશમાં તો એ દયા, દાન, વ્રત, ભક્તિ, જપ, તપનો રાગ થાય એ પુણ્ય છે. વ્રત-બ્રત, દયા, તપસ્યા-બપસ્યા એ બધો શુભરાગ છે. એની આજ્ઞામાં તો એમ આવ્યું કે રાગ વિનાનો તારો આત્મા છે. તો એને જે માને એ રાગ વિનાનો આત્મા માને ત્યારે ભગવાનને માન્યા કહેવાય. નહિતર ભગવાનને માન્યા નથી. સમજાય છે કાંઈ? એવા ભગવાનને માનનારા, રાગરહિત મારો આત્મા એમ ભગવાન કહે છે અને અંતરથી જાણ્યું અને માન્યું, એને હવે સર્વજ્ઞ પરમાત્માએ કહેલાં પદાર્થો

એના વિચારમાં ઉપયોગ શુભ જોડાય છે તો એનું પુણ્ય થશે. પણ પુણ્ય થતાં ભગવાને કહ્યું છે એવું છે કે રાગ વિનાનું મારું તત્ત્વ છે એમ ભાન છે. એટલે એ ભાનમાં ક્રમે કરીને પુણ્યનો ક્ષય કરી અને પરમાત્મપદને કેવળજ્ઞાનને પામશે. અજ્ઞાનીની પ્રરૂપણામાં એમ હોતું નથી.

અજ્ઞાનીના કથનમાં રાગ અને પુણ્યથી ધર્મ થાય એવી અજ્ઞાનીની શૈલી છે. એ વ્રત, નિયમ આદિ, દયા, દાન, ભક્તિ, પૂજા એ બધો શુભરાગ છે. તપસ્યા, અપવાસ કરવા બે મહિનાના એ બધો શુભરાગ કષાય મંદ હોય તો. માન માટે કરતો હોય તો પાપ છે. સમજાય છે? કેમ કે ભગવાન આત્મા, એ વિકલ્પ જે ઉઠે છે કે આ ન કરું, એનાથી ભિન્ન તત્ત્વ છે. એવું જેને ભાન નથી, જેને રાગની અધિકતા દૃષ્ટિ—શ્રદ્ધામાં વર્તે છે અને એવા જે કથન કહેનારાઓ છે એણે કહેલા અધ્યયનમાં રહે તો કંઈ પુણ્ય થાય જરી. એની સેવામાં (રહે તો) એનાથી હલકું પુણ્ય થાય. પણ એવા અજ્ઞાનીની સેવા કે એનાથી તો મોક્ષનું કારણ તો થાય નહિ અને સારું પુણ્ય પણ એને કારણે તો બંધાય નહિ. સમજાણું કાંઈ?

કહો, ચરણાનુયોગની અંદર કેટલી વાત મૂકી છે! ઓહો..હો..! જંગલમાં સંતો મુનિ જંગલમાં રહી નગ્ન દિગંબર સર્વજ્ઞની સાથે વાતું કરીને શાસ્ત્ર રચાઈ ગયા. વિકલ્પ ઉઠ્યો. વિકલ્પ ઉઠ્યો એમાં શાસ્ત્ર અધ્યયનનો વિકલ્પ છે આ. સમજાય છે? તો પુણ્ય બંધાઈ જશે એમાં. અને અંદર રાગ રહિત અમારી ચીજ છે એનું અંતરમાં ભાન વર્તે છે, એની સ્થિરતા દ્વારા અમારો મોક્ષ થશે. બાકી ત્રણ કાળમાં બીજી રીતે મોક્ષ થશે નહિ. સમજાણું કાંઈ?

તો કહે છે કે જ્યાં વિપરીત કારણ છે—કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર, એના ફળમાં અવિપરીતપણું ક્યાંથી હોય? એનું ફળ તો વિપરીત જ આવે. ખરેખર તો એમ કહે છે કે આ જૈનના સંપ્રદાયમાં જન્મેલા પણ... વીતરાગમાર્ગ જે છે, વીતરાગમાર્ગ છે, આ તો વીતરાગમાર્ગ છે. વીતરાગમાર્ગ એટલે? કે અંદર જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આવે એ શુભરાગ છે. એ માર્ગમાં નથી. એ મોક્ષમાર્ગમાં નથી. એ માર્ગમાં વચ્ચે આવે છે પણ એ માર્ગની અંદરમાં નથી. સમજાય છે કાંઈ? એવી જેને ખબર નથી એ બધા છદ્મસ્થસ્થાપિત પદાર્થો છે. એની પાસે સર્વજ્ઞે કહેલા પદાર્થનું સ્થાપન નથી. કહો, સેઠી! સમજાણું કાંઈ? પોતાની કલ્પનાએ વાતું કરે છે એ બધાં. વસ્તુ સ્વરૂપનું ભાન નથી. અહીં આવોને મોઢા આગળ. સંભળાય છે? કહો, સમજાણું આમાં? શું કહ્યું?

ઓ..હો..હો..! સર્વજ્ઞમાર્ગ છે. બીજી રીતે લઈએ તો સર્વજ્ઞનો માર્ગ છે. સર્વજ્ઞનો માર્ગ સર્વજ્ઞ થવાનો હોય છે. સર્વજ્ઞનો માર્ગ અલ્પજ્ઞમાં રહેવાનો નથી. વીતરાગનો માર્ગ રાગમાં રહેવાનો નથી, વીતરાગ થવાનો છે. સર્વજ્ઞનો માર્ગ અલ્પજ્ઞાનમાં રહેવાનો નથી, સર્વજ્ઞ થવાનો છે. તો સર્વજ્ઞ પરમાત્માએ અને વીતરાગે, રાગ વચ્ચે આવે એ તો પુણ્યસંચય કહ્યું, પણ એનાથી અંદર કલ્યાણ થાય અને અલ્પજ્ઞાનમાં રહેવાથી એને આશ્રયે લાભ થાય એવા સર્વજ્ઞ અને વીતરાગમાર્ગમાં હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા સર્વજ્ઞ અને વીતરાગ થયા તો એના ઉપદેશમાં ઈ આવ્યું કે જે કંઈ વિકલ્પ આદિ ઉઠે એનાથી રહિત તારી ચીજ છે એમાં તારી

દૃષ્ટિ કર અને ઠર. એ અમારો વીતરાગમાર્ગ છે અને અલ્પજ્ઞપણું જે વર્તે છે એનાથી સર્વજ્ઞપણું સ્વભાવમાં અધિકપણે વર્તે છે. એવા સર્વજ્ઞસ્વભાવનો આશ્રય લઈને સર્વજ્ઞ ક્રમે ક્રમે થા. સમજાણું કાંઈ? ભારે ઝીણું પડે પણ.

ઓલું સહેલુંસટ (હતું). અપવાસ કરવા, પાંચ કરવા, દસ કરવા,.. મહિનો કરી નાખ્યા તો ધમાધમ ચાલે તમારે લ્યો. ધૂળેય નથી. તારા પુણ્યના પણ ઠેકાણા નથી. ધર્મમાં ક્યાં હતા હવે. સમજાણું કાંઈ? મહિનાના અપવાસ કરે ને મોટા વરઘોડા ને.. આહા..! શું કરી નાખ્યું જાણે! ધૂળેય કરી નથી, સાંભળને! ધૂળ એટલે શું? સારું પુણ્ય પણ બાંધ્યું નથી ધૂળ એટલે. સારા પુણ્ય પણ એને ન હોય. હજી તો એ જડની ક્રિયા ને રાગની મંદતાની બહિર્મુખની ક્રિયાને ધર્મ માને છે. એને સારું પુણ્ય પણ હોય નહિ. સારું પુણ્ય તો જેને (સમકિત સહિત) પુણ્ય, દયાના વિકલ્પ ઉઠ્યો કે આ તપ કરું, આ અપવાસ કરું, એ તો રાગ છે, ઈ ક્યાં તપ હતું? એ રાગરહિત સ્વરૂપની શ્રદ્ધા અને જ્ઞાનમાં રમણતા કરીને આનંદની છોળ ઉછળતી હોય અંદરથી, અતીન્દ્રિય આનંદની, એને ભગવાન સર્વજ્ઞના પંથમાં તપ કહેવામાં આવે છે. ઈશ્વરચંદજી! એ તપની તો ખબર નથી, જ્ઞાનની ખબર નથી, બહારની લાંઘણુંની ખબર છે. એવા અજ્ઞાનીઓને સારું પુણ્ય પણ થાતું નથી, એમ કહે છે. લાલચંદભાઈ!

**'હવે અવિપરીત ફળનું કારણ એવું જે 'અવિપરીત કારણ' તે દર્શાવે છે :—'** સવળું, હવે સવળું (લ્યે છે).

**उवरदपावो पुरिसो समभावो धम्मिगेसु सव्वेसु।**
**गुणसमिदिदोवसेवी हवदि स भागी सुमग्गस्स।।२५९।।**
**તે પુરુષ જાણ સુમાર્ગશાળી, પાપ-ઉપરમ જેહને,**
**સમભાવ જ્યાં સૌ ધાર્મિકે, ગુણસમૂહસેવન જેહને. ૨૫૯.**

'**गुणसमिदिदोवसेवी**'. ધર્મીજીવ ધર્માત્મા કેવા હોય છે? કે '**પાપ વિરામ પામ્યું હોવાથી,...**' મિથ્યાત્વરૂપી પાપ જેનું વિરામ પામ્યું છે. ભ્રમણા, દેહની ક્રિયા અને પુણ્યના પરિણામમાં ધર્મ છે, એ મિથ્યાત્વભાવ જેને નાશ થઈ ગયો છે. સમજાય છે કાંઈ? વિરામ પામ્યું છે. વિરામ.. વિરામ. શું કહે છે ઓલાને? વિરામ તમારે આવે છેને કાંઈક? ચિહ્ન. પૂર્ણવિરામ પૂર્ણવિરામ. એમ અહીંયા પાપનું પૂર્ણવિરામ થઈ ગયું છે. પૂર્ણ આવે છેને? પૂર્ણવિરામ. એમ પાપ પૂર્ણવિરામ પામ્યું છે.

ધર્મજીવને દેહાદિ માટી, આ શરીરની ક્રિયાઓ ચાલે એ જડની છે, આ મારી નહિ. આ માટી—ધૂળ અજીવતત્ત્વ છે. વાણી અજીવ માટી તત્ત્વ છે, એની જે દશાઓ આ થાય એ આત્માથી નહિ-એમ ધર્મી માને છે. અંદરના પુણ્ય પરિણામ જરી રાગની મંદતાના, દયા, દાન, વ્રતના આવે એને એ પુણ્ય માને છે, ધર્મ માનતો નથી. એમ જેને પુણ્યમાં ધર્મબુદ્ધિ, પાપમાં સુખબુદ્ધિ, પરમાં સ્વબુદ્ધિ ટળી ગઈ છે. સમજાણું કાંઈ? જડ આદિ પરમાં સ્વબુદ્ધિ ટળી છે, પાપ પરિણામ થાય એમાં હિતબુદ્ધિ, સુખબુદ્ધિ ગઈ છે, ટળી ગઈ છે અને પુણ્યમાં હિતબુદ્ધિ,

પુણ્યથી ધર્મ થાય એ બુદ્ધિ ટળી ગઈ છે. એના પાપ વિરામ પામ્યા છે. સમજાણું કાંઈ? આવું બધું સમજવામાં ઝીણું બહુ પડે માણસને.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એની વાત છે આ. અહીં તો સમ્યગ્દૃષ્ટિની વાત છે, અહીં સમ્યગ્દૃષ્ટિની વાત છે હવે.

પાપ જેને વિરામ પામ્યું છે. અહીં અવિપરીત કારણ બતાવવું છેને. ઓલું વિપરીત કારણ હતું તો વિપરીત ફળ હતું. એમાં અવિપરીત ફળ હોય નહિ એમ બતાવ્યું હતું. હવે અવિપરીત કારણ છે માટે ફળ પણ અવિપરીત છે એમ બતાવે છે. હવે સમ્યગ્દર્શનની વાત છે આ. ધર્મીની-ધર્માત્માની વાત છે. **'પાપ વિરામ પામ્યું હોવાથી, સર્વ ધર્મીઓ પ્રત્યે પોતે મધ્યસ્થ હોવાથી...'** સર્વ ધર્મી એટલે આત્માના જેટલા બધા ગુણો—ધર્મ એને બરાબર મધ્યસ્થ વીતરાગભાવે જાણે છે. સમજાણું કાંઈ? **'સર્વ ધર્મીઓ...'** ધર્મી એટલે? મિથ્યાદૃષ્ટિઓ આદિ કોઈ (નહિ), એને કાંઈ નથી. એ ક્યાં ધર્મી હતા? ધર્મને સમજનારા સમ્યગ્દૃષ્ટિઓ, શ્રાવકો, મુનિ, સંતો, ગણધરો કે કેવળીઓ એ બધા પ્રત્યે પોતે મધ્યસ્થ હોવાથી. જેવું જેનું સ્વરૂપ છે તેવું વીતરાગભાવે જાણે છે. વીતરાગભાવે જાણે છે. સમજાણું કાંઈ? **'સર્વ ધર્મીઓ પ્રત્યે પોતે મધ્યસ્થ હોવાથી...'** બાહ્યથી.

હવે **'ગુણસમૂહને સેવતો હોવાથી...'** અંતરમાં અનંત શક્તિઓનો સમૂહ ભગવાન આત્મા, જે આપણે ૪૭ શક્તિ આદિનું વર્ણન થઈ ગયું. આત્મદ્રવ્યમાં વસ્તુમાં અનંત ગુણ પડ્યા છે, અનંત ગુણ. અનંત શક્તિઓ. જીવત્વ, ચિતિ, દૃશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શિત્વ, સર્વજ્ઞત્વ વગેરે એવી અનંત શક્તિઓનો સમૂહ ભગવાન આત્મા છે. ભગવાન આત્મા દેહથી પાર, વિકારથી પાર, અનંત શક્તિઓનો પિંડ પ્રભુ આ આત્મદ્રવ્ય છે. સમજાણું કાંઈ? એવા ગુણસમૂહને સેવતો હોવાથી પર્યાયમાં પણ પરિણતિ શુદ્ધ પ્રગટી છે. ઓલા ગુણસમૂહને સેવે છે માટે.

**'જે શ્રમણ...'** સાધુ લેવા છેને મુખ્યપણે. **'સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રના યુગપદપણારૂપ પરિણતિથી રચાયેલી એકાગ્રતારૂપ સુમાર્ગનો ભાગી છે,...'** લ્યો. કેવો છે સાધુ? કે જેને મિથ્યાત્વ વિરામ પામ્યું છે. બધા ધર્મીઓ પ્રત્યે જે મધ્યસ્થ વીતરાગભાવથી જોવે છે. અને પોતાના ગુણસમૂહને સેવતો હોવાથી જે સાધુ સમ્યગ્દર્શનસહિત છે. આત્મા, પુણ્ય અને વિકલ્પથી પાર છે એવી અંતર આત્માના અનુભૂતિમાં પ્રસિદ્ધ છે, સમ્યગ્જ્ઞાન સહિત છે, એ આત્માનું જ્ઞાન જ્ઞાનવેદનથી જાણ્યું છે અને ચારિત્ર-સ્વરૂપમાં રમણતારૂપ ચારિત્ર, નિર્વિકલ્પ રમણતા છે આત્મામાં. સમજાણું કાંઈ?

**'સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રના યુગપદપણારૂપ...'** દેખો! ત્રણે એક સાથે વર્તે છે. મુનિ એને કહીએ, સાધુ એને કહીએ કે જેની આત્મદૃષ્ટિ અંતરથી ખીલી છે. હું અખંડાનંદ પ્રભુ સિદ્ધ સમાન

મારો સ્વભાવ શુદ્ધ આનંદ જ્ઞાતા દૃષ્ટા છે. એક રાગનું કરવું એ મારા સ્વરૂપમાં નથી, પુણ્યનું કરવું વ્રત, તપનો વિકલ્પ ઉઠવો એ મારા સ્વરૂપમાં નથી. એવું જેને અંતરમાં સમ્યગ્દર્શન પ્રગટ્યું છે. એ ઉપરાંત આત્માના જ્ઞાનનું ભાન થયું છે. ઓલી પ્રતીત થઈ હતી, આ વેદનજ્ઞાનનું જ્ઞાનપણે જાણ્યું કે આ આત્મા જ્ઞાનસ્વરૂપી છે. એમ સમ્યક્જ્ઞાન થયું છે. અને ચારિત્ર—એ જ્ઞાનપ્રકાશ પ્રભુ આત્મા એમાં લીનતાના આનંદના ઝરણા વહે છે. એમાં લીનતાના અતીન્દ્રિય આનંદના સુધારસના ઝરણા વહે છે. એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવંત સાધુ કહેવામાં આવે છે. ભારે વ્યાખ્યા ભાઈ!

શ્રમણ, શ્રમણ નામ સાધુ. જૈન પરમેશ્વરના પંથના સાધુ. ત્રિલોકનાથ વીતરાગ દેવાધિદેવ સો ઈન્દ્રના પૂજનીક પરમાત્મા, એના પંથમાં રહેલા સંતો કેવા હોય છે? કે જેને આત્મજ્ઞાન અને આત્મદર્શન થયું છે. રાગ ને પુણ્યની ક્રિયાથી પાર આત્માને ઓળખી લીધો છે, પરખી લીધો છે. એ પુણ્યની ક્રિયાથી, વ્રતના નિયમના વિકલ્પની પુણ્યક્રિયાથી પાર ભિન્ન છે એવા આત્માને પરખી લીધો છે. એવા આત્માને જ્ઞાનમાં જ્ઞેય બનાવી લીધો છે. એવા આત્માની અંદરમાં રમણતાના અતીન્દ્રિય શાંતિના ઝરણા અંદરમાં વહે છે. એવી ત્રણની એકતા જેને થઈ છે. એને જૈનપંથના સાધુ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

જૈનપંથ કોઈ વાડો નથી. જૈનપંથ એ વસ્તુનું સ્વરૂપ છે. ભારે આકરી વાત છે. જૈનમાર્ગ એ કોઈ પંથ નથી, વાડો નથી, કાલ્પનિક નથી. વસ્તુ આત્માનો જેવો સ્વભાવ છે એવો જેણે પ્રગટ કરીને પરિણમ્યા તેને જૈનપંથ કહેવામાં આવે છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? તો કેવા સાધુ હોય જૈનના એટલે વીતરાગમાર્ગના પંથના? ત્રિલોકનાથના કહેલા સંતોની શું દશા (હોય)? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના યુગપદ્. એક સેકંડના અસંખ્યભાગમાં—એક સમયમાં ત્રણે એને અંતર દશામાં વર્તતા હોય છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે એકસાથે અંતરમાં (વર્તતા હોય છે). વીતરાગી દર્શન, વીતરાગી જ્ઞાન અને વીતરાગી આનંદ પરિણતિ—પર્યાય એકસાથે જેને વર્તતી હોય એને ભગવાન સાધુ કહે છે. એ સાધુ ણમો લોએ સવ્વા સાહુણંના પદમાં આવે છે. એ ગણધરના નમસ્કારમાં એ આવે. ગણધર નવકાર ગણે, એ છે વિકલ્પ, ણમો લોએ સવ્વ સાહુણં. અહો! સંત તારા ચરણમાં (વંદન). ગણધર, તીર્થંકર ધર્મરાજા, એના ગણધર ધર્મવજીર એ જ્યારે ણમો લોએ સવ્વ સાહુણં કહે ત્યારે આવા સંતો એના નમસ્કારમાં આવી જાય. એને એ નમસ્કાર ગણધર કરે. સમજાણું કાંઈ? અરે..! વાત ભારે મોટી પણ!

પરિણતિથી, '**યુગપદપણારૂપ પરિણતિથી...**' પરિણતિ—દશા થઈ ગઈ છે એમ કહે છે. અંદર આત્મા અખંડનંદ પ્રભુ આનંદરસનો કંદ છે, અતીન્દ્રિય આનંદરસનો. કે જેના એક અંશના સ્વાદ આગળ જેને ઈન્દ્રના ઈન્દ્રાસન સડેલા તરણા અને ઉકરડા લાગે. ઈન્દ્રના ઈન્દ્રાસન સમ્યગ્દૃષ્ટિને ચક્રવર્તીના રાજ અતીન્દ્રિય આનંદના સ્વાદની દૃષ્ટિના ભાનમાં સમ્યગ્દૃષ્ટિ જીવને એ ઈન્દ્રના ઈન્દ્રાસન સડેલા તરણાના ડુંગરા લાગે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદરસથી ભરેલો છે આખો એવું અંદર ભાન થયેલું હોય છે. કહો, સમજાણું આમાં કાંઈ?

ઓહો..! એવા સાધુ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના યુગપદપણારૂપ પરિણતિ-અંદર વીતરાગી દશા પ્રગટ હોય છે.

આત્મા વીતરાગ નામ રાગ વિનાનો એટલે કષાય વિનાનો એટલે પુણ્ય-પાપ વિનાનો આત્મા છે. આત્મા એવો જે પુણ્ય-પાપ વિનાનો, કષાય વિનાનો, દયા, દાનના વિકલ્પ વિનાનો જ આત્મા છે. એવા આત્માનો આશ્રય કરીને વીતરાગી શ્રદ્ધા, જ્ઞાનની પરિણતિ નિર્વિકારી દશા થઈ એ એક સમયમાં ત્રણેની પરિણતિ સાથે વર્તે છે. એવી **'રચાયેલી એકાગ્રતાસ્વરૂપ સુમાર્ગનો ભાગી છે,...'** એવી રચાયેલી એકાગ્રતાસ્વરૂપ સુમાર્ગ. દેખો! એકાગ્રતાસ્વરૂપ સુમાર્ગ. છેને નીચે સુમાર્ગનું, ભાઈ! 'સુમાર્ગશાળી, સુમાર્ગવંત, સુમાર્ગનું ભાજન.' ભાજન ભાજન, વાહન. વાહન એટલે શું? આ વાસણ, પાત્ર. અખંડ શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત જ્ઞાનાનંદ આત્મા, શાશ્વત આ આત્મા જ્ઞાન અને આનંદનો કંદ, વિકારના પુણ્ય-પાપથી તદ્દન જુદો-એવું ભાન કરી ઠરીને સ્વરૂપની પરિણતિ નિર્વિકારી દશા પ્રગટ કરી છે એ સુમાર્ગનો ભાગી છે. એ સુમાર્ગશાળી છે, એ સુમાર્ગવાળો છે, એ સુમાર્ગ જેનામાં રહેલો છે. વ્યાખ્યા પણ હજી સાધુની સાંભળવી કઠણ પડે માણસને. આ તો આલીદુઆલીની વાત કરી નાખી. કાલે માંગતો હોય અને આજ થઈ જાય સાધુ એટલે... જય મહારાજ! જાઓ!

મુમુક્ષુ :— આપણે તો મુખ્ય હતું.

ઉત્તર :— હતું કે દિ' તે મુખ્ય (થાય)? હતું જ ક્યાં? પ્રકાશદાસજી! હજી સાધુ કોને કહેવા? સાધુપણામાં સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબર નથી. હેં?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સાંભળ્યું નથી, સાંભળ્યું નથી. શું છે સાધુપણું? એને સાંભળવામાં આવ્યું નથી. રુચિથી સમજ્યો નથી, પ્રગટ થાય એ તો ક્યાંથી હોય? સમજાણું કાંઈ?

ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા એમનો કહેલો આ પંથ જે.. પંથ એમનો કહેલો એટલે કાંઈ કલ્પનાથી (નથી કહેલો), વસ્તુનો સ્વભાવ આમ છે એમ જે કહેલું એનું ભાન છે, જેને શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની, આનંદની લહેરમાં પોતે રમતો હોય છે. અતીન્દ્રિય આનંદ હોં! એવા સાધુઓ એકાગ્રતાસ્વરૂપ સુમાર્ગના ભાગીઓ છે. સમજાણું કાંઈ? ભાગી. ઓલા ભાગીદાર હોય છેને? ભાગીદાર. એમ આ સાચા માર્ગના ભાગીદાર છે. સમજાણું કાંઈ?

**'તે શ્રમણ પોતાને અને પરને મોક્ષનું અને પુણ્યનું આયતન (સ્થાન) છે...'** દેખો! એવા સંતો એ પોતાને પણ મોક્ષનું સ્થાન છે. કારણ કે પોતે પણ અલ્પકાળમાં મોક્ષને પામવાના છે. અને પરને મોક્ષનું સ્થાન છે. નિમિત્ત છે. કારણ કે મોક્ષની જ વાત એ કરે છે. સંતો જ્ઞાની રાગથી મૂકાવાની જ વાત કરે છે. માટે તે પણ મોક્ષના પામનારને મોક્ષનું કારણ નિમિત્તરૂપે થાય છે. પોતાને, પરને મોક્ષનું અને પુણ્યનું આયતન છે. લ્યો, સમજાણું કાંઈ? પુણ્ય એનાથી બીજાને બંધાય છે. એની સેવા, ભક્તિ એ વિકલ્પ છેને. સાચા ધર્માત્મા પ્રત્યેની સેવા, વિનય એ પણ એક

શુભરાગ છે. એ શુભરાગ પુણ્યનું કારણ થાય છે અને એમના કહેલા માર્ગને અંદર સમજ્યો ઉપદેશ પ્રમાણે એ મોક્ષનું કારણ થાય છે.

**'તેથી તે (શ્રમણ) અવિપરીત ફળનું કારણ એવું 'અવિપરીત કારણ' છે એમ પ્રતીતિ કરવી.'** લ્યો. કુંદકુંદાચાર્ય જંગલમાં વસતા. સંવત ૪૯. ભરતક્ષેત્રમાં મહાન સંત ભાવલિંગી મુનિ અલ્પકાળમાં મોક્ષ જવાની તૈયારીવાળા એ વિચરતા હતા એમણે આ બનાવેલું છે. કહો, સમજાય છે કાંઈ? સાક્ષાત્ સીમંધર ભગવાન વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ પરમેશ્વર સમવસરણમાં બિરાજમાન છે અત્યારે જમીન ઉપર મહાવિદેહમાં. એમની પાસે ગયા હતા કુંદકુંદાચાર્ય, સંવત ૪૯. આઠ દિન ત્યાં રહ્યા હતા. પાંચસો ધનુષનો દેહ, આમનો ચાર હાથનો દેહ. આઠ દિન ધર્મશ્રવણ કરીને આવીને આ બનાવ્યા છે. અરે..! ભગવાન આમ કહે છે. સમજાણું કાંઈ? બાપ પરગામમાં જાય તો કાંઈક માલ આવે કે નહિ? ઈ બતાવે કે નહિ? બધા ભેગા થાય. શું બાપા લાવ્યા? શું લાવ્યા? જુઓ, આ સીતાફળ લાવ્યા, જુઓ, આ લાવ્યા, ફલાણે ગયા હતા તો આ લાવ્યા. કપડાલત્તા લાવે, ફલાણું લાવે, પટ્ટા-બટ્ટા બાંધીને, આ ઘડિયાળ તારી માટે લાવ્યા .. ગયા હતા. સ્વીટઝરલેંડ. આ ઘડિયાળ છે, જો આ કાંડાની લાવ્યા. એમ ભગવાન કુંદકુંદાચાર્ય પ્રભુ મુનિ હતા. ભગવાન પાસે જઈ આ શાસ્ત્ર (રચ્યા), જુઓ આ માર્ગ! આ માર્ગ ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગનો છે. પ્રત્યક્ષ કેવળજ્ઞાનથી જોયેલો છે. આ માર્ગ ત્રણ કાળ ત્રણ લોકમાં ફરે એવો નથી. સમજાણું કાંઈ?

ઓલું તો વિપરીત કારણ હતુંને, કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર. એને કારણે વિપરીત ફળ ફળે. પુણ્ય ફળે સાધારણ. સમજાય છે? પુણ્યભાવને લઈને. એને કારણે તો નહિ જ વળી એમ કહ્યું. આ સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત ચારિત્રની વીતરાગ દશા આનંદની લહેર જેને ઉઠી હોય, એ મુનિઓ તો નગ્ન જ હોય, વસ્ત્ર-પાત્ર હોય નહિ, એ જંગલમાં વિચરતા હોય. એવા સંતોની જે શ્રદ્ધા, જ્ઞાન અને સેવા કરે એ, કહે છે કે મોક્ષના પણ નિમિત્ત થાય એવા મુનિઓ અને પુણ્યનું પણ આયતન, આયતન—ઘર, એ પુણ્યનું ઘર છે. ન્યાં પુણ્યની ટંકશાળ થાય છે, ત્યાં પુણ્ય ઘડાય છે. એવા મુનિઓની સેવા, શ્રદ્ધા-જ્ઞાન સાંભળે, પદાર્થનું સ્વરૂપ ચિંતવે તો એમાં પુણ્યની ટંકશાળ ત્યાં પડે. પુણ્યનું સ્થાન છે. ઘડાય છે કે નહિ તમારે? ટંકશાળમાં. શું કહેવાય ઈ? સોના રૂપાના સિક્કા છાપે છે કે નહિ? એમ આવા મુનિઓ એ પુણ્યની ટંકશાળ છે અને મોક્ષનું નિમિત્તકારણ છે. કારણ કે મોક્ષની જ વાત કરનારા છે. બંધનો ભાવ આવે એને છોડાવવાના કામી છે. સ્વભાવની અંદર એકાગ્રતા રહેવાના અભિલાષી છે. એ બતાવનારા છે. સમજાણું કાંઈ? ત્રણ ગાથા થઈ લ્યો.

**'હવે અવિપરીત ફળનું કારણ એવું જે 'અવિપરીત કારણ' તે વિશેષ સમજાવે છે :'** હજી વધારે એને સ્પષ્ટ કરીને બતાવે છે.

असुभोवओगरहिदा सुद्धुवजुत्ता सुहोवजुत्ता वा।
णित्थारयंति लोगं तेसु पसत्थं लहदि भत्तो।।२६०।।

**અશુભોપયોગરહિત શ્રમણો—શુદ્ધ વા શુભયુક્ત જે,**
**તે લોકને તારે; અને તદ્‌ભક્ત પામે પુણ્યને. ૨૬૦.**

એને પુણ્યનું કારણ નિમિત્ત, તારવાનું નિમિત્ત કહ્યું. ૨૬૦.

'**ટીકા :— યથોક્તલક્ષણ શ્રમણો જ...**' યથોક્ત—યથા ઉક્ત—ઉપર કહ્યા તેવા. યથા ઉક્ત. ઉક્ત નામ કહ્યા તેવા. લક્ષણ શ્રમણો જ '**(અર્થાત્ જેવા કહ્યા તેવા જ શ્રમણો)—કે જેઓ મોહ, દ્વેષ અને અપ્રશસ્ત રાગના ઉચ્છેદને લીધે...**' એવા મુનિઓને મિથ્યા ભ્રમણા હોતી નથી. પોતાના સ્વરૂપદેવને ઓળખેલા હોય છે. પોતાનો સ્વરૂપદેવ, પોતે દિવ્યશક્તિનો દેવ, પોતે ગુણથી ભરેલો ગુરુ. એવી જેને અંદર ઓળખાણ અને ભાન થયેલું છે. જેથી તેનો મોહ ઉચ્છેદ થઈ ગયો છે, દ્વેષ ઉચ્છેદ થઈ ગયો છે, અપ્રશસ્ત રાગનો ઉચ્છેદ છે. અ-ભુંડો રાગ, વિષયકષાયનો રાગ જેને ઉચ્છેદ (થઈ ગયો છે). અશુભ ઉપયોગ રહિત વર્તતા એને પાપના પરિણામ હોતા નથી. એવા મુનિઓને પાપના પરિણામ હોતા નથી. હજી પાંચમે ગુણસ્થાને શ્રાવકને, ચોથે ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિને અશુભ ઉપયોગ હોય છે પણ મુનિઓને હોતો નથી. સમજાણું કાંઈ?

એવા અશુભ ઉપયોગરહિત વર્તતા '**સમસ્ત કષાયોદયના વિચ્છેદથી કદાચિત્...**' સમસ્ત કષાય. વિકલ્પ પંચ મહાવ્રતનો, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યનો વિકલ્પ ઉઠે શુભરાગ એના વિચ્છેદથી કદાચિત્ એટલે ક્યારેક '**શુદ્ધોપયુક્ત...**' અંતર આનંદમાં વર્તતા હોય છે. એ પોતાના ઉપયોગનું આચરણ આનંદમાં સ્થિર થઈ ગયું હોય છે. પોતાનો આત્મા પરમાનંદની મૂર્તિ છે એમાં જેના આત્માનો વેપાર થંભી ગયો છે એકાકાર, એ શુદ્ધ ઉપયોગ. એને વર્તમાન શુભ ઉપયોગ હોતો નથી. અશુભ રહિત તો પહેલેથી કહ્યા, પણ આ તો શુભથી પણ રહિત છે પોતામાં વર્તે છે ત્યારે. એકલો જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન. આ હું જાણનાર, જ્ઞાન વડે જાણું અને સ્વનું જ્ઞેય એવા પણ ભેદ તૂટીને ઉપયોગ જ્ઞાનનો વેપાર અંતર્મુખમાં અવલંબીને આનંદના વેદનમાં પડી ગયો છે. એવા મુનિઓને સમસ્ત કષાયના ઉદયથી વિચ્છેદ ક્યારેક શુદ્ધ ઉપયોગમાં જોડાયેલા '**અને પ્રશસ્ત રાગના વિપાકથી કદાચિત્ શુભોપયુક્ત હોય છે...**' કહો, સમજાણું? અને ક્યારેક એ મુનિઓને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તો હોય છે, અંતર ભાન દર્શન, જ્ઞાન, ચારિત્રની પરિણતિ પણ હોય છે પણ અંદરમાં લીનતા હોતી નથી. પ્રશસ્ત રાગ નામ શુભરાગ આવે છે. શુભરાગ, પુણ્યનો રાગ, શુભભાવ. એનાથી કદાચિત્ શુભઉપયુક્ત હોય છે. શુભ ઉપયોગ પુણ્યનું કારણ એવા ભાવ. મુનિઓને પણ શુભ ઉપયોગ એવો હોય છે. શુદ્ધમાં હોય તો તો કાંઈ નથી. એકલો પરમાનંદમૂર્તિ પ્રભુ એમાં રમતો હોય એને શુભ ઉપયોગ હોતો નથી.

'**પ્રશસ્ત રાગના વિપાકથી...**' રાગના વિપાકથી '**કદાચિત્ શુભોપયુક્ત હોય છે...**' શુભરાગને કારણે કદાચિત્ શુભ વેપાર, શુભ પરિણામ શુભ પરિણામ (હોય છે). '**તેઓ—પોતે મોક્ષાયતન (મોક્ષનું સ્થાન) હોવાથી...**' પણ બેય મોક્ષના સ્થાન હોવાથી '**લોકને તારે**

છે;...' જુઓ! આમાં અર્થ ઊંધા કરે કેટલાક. જુઓ! મુનિઓને શુભ ઉપયોગ હોય એ પણ (મોક્ષનું કારણ છે). પણ આ તો શુદ્ધની પરિણતિ સહિતના શુભ ઉપયોગની વાત છે. સમજાય છે કાંઈ? એવા બધા ભણેલા (ઊંધું કાઢે).

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પણ પહેલી વાત કરીને કે અશુભોપયોગરહિત વર્તતા થકા, મોહ અને અપ્રશસ્ત રાગના ઉચ્છેદને લીધે. મિથ્યાત્વ તો નથી, દ્વેષ નથી, અપ્રશસ્ત રાગ નથી. એવી પરિણતિ તો જેને અંદર છે. હવે એના બે ભાગ પાડે છે, એવી પરિણતિવાળાના. મિથ્યાત્વ તો ગયું છે, મોહ, દ્વેષ ગયો છે, અપ્રશસ્ત રાગ ગયો છે. સમજાણું? પ્રશસ્ત રાગ, સ્વરૂપમાં ઠરે નહિ ત્યારે રહે છે. તો સ્વરૂપની દશામાં તો મોહ, દ્વેષ અને રાગનો તો ઉચ્છેદ થયો છે. ભુંડો ... રાગ તો નથી. હવે કદાચિત્ શુભરાગ આવી જાય. ઉપદેશનો દેવાનો, ધર્મના લોભી જીવોને દેખીને પોતાના પ્રકારમાં એવો શુભરાગ આવે કે ધર્મ ઉપદેશ કરું. પણ એ ઉપદેશ કરું એવો વિકલ્પ પણ પુણ્ય છે, શુભરાગ છે. સમજાય છે કાંઈ? પણ એવો રાગ મુનિને આવે છે. તોપણ એ ઉપદેશ તો મોક્ષનો જ કરે છે ઈ. એમ. સમજાય છે? એ ઉપદેશ બંધનો અને રાગથી લાભ માને એવો ઉપદેશ તો એની પાસે છે નહિ. એટલે એ મોક્ષનો ઉપદેશ કરે માટે તેવા શુભ ઉપયોગવાળા જીવો પણ કે શુદ્ધ ઉપયોગી જીવો પણ બીજાને લોકને તારે છે એમાં નિમિત્ત થાય છે. તરે તો પોતાની મેળે તરે, ત્યારે તે ધર્માત્મા નિમિત્ત થાય છે. વિશેષ વાત છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૭, શુક્રવાર, તા. ૫.૧૦.૧૯૬૨**
**ગાથા-૨૬૦ થી ૨૬૩, પ્રવચન-૨૨**

૨૬૦ ગાથા, પ્રવચનસાર. શું કહે છે અહીંયા? અવિપરીત ફળનું કારણ એવું અવિપરીત કારણ એની વ્યાખ્યા ચાલી. કહે છે કે જે કોઈ મુનિ શ્રમણ છે અને સાધુ પોતે મોહ નામ ભ્રમણા, મિથ્યાત્વ રહિત છે, દ્વેષ અને ખોટા રાગનો-અશુભરાગનો જેણે શુભરાગ (દ્વારા) છેદ કર્યો છે. એવા વર્તતા જો સર્વથા કષાયરહિત થઈને અંતરમાં શુદ્ધ ઉપયોગ, બુદ્ધિપૂર્વક રાગ છૂટીને અંતરમાં શુદ્ધ ઉપયોગમાં રમતો હોય તો તે પણ શુદ્ધ ઉપયોગી સાધુ કહેવામાં આવે છે. એ પણ જગતના જીવને તારવામાં નિમિત્ત કહેવામાં આવે છે, શુદ્ધ ઉપયોગમાં છે તોય.

અને પ્રશસ્ત રાગના વિપાકથી કદાચિત્ શુભ ઉપયોગયુક્ત હોય છે. એને રાગના (કાળે) શુદ્ધ પરિણતિ, દૃષ્ટિ તો છે, આત્મભાન છે અને શુદ્ધ પરિણતિ ચારિત્રની પણ છે, પણ શુદ્ધ ઉપયોગનો કાળ નથી એથી એને શુભરાગનો વિપાક શુભ ઉપયોગ રૂપે શુભરાગ આવે છે. **'તેઓ- પોતે મોક્ષાયતન (મોક્ષનું સ્થાન) હોવાથી...'** ધર્માત્મા એ લોકને તારવામાં નિમિત્ત હોવાથી એ તારે છે એમ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? એ મોક્ષનું સ્થાન હોવાથી લોકને તારે છે. લ્યો, તારે છે આવ્યું. કોઈ કહે કે તારે નહિને? કોને તારે અને કોને ...? આવે છેને? યોગસારમાં નથી આવતું? કોણ કોની રક્ષા કરે? માન અપમાન કોને? ... કોણ? એ બધા નિશ્ચયથી વાત છે. અહીંયા નિમિત્તપણાનું વ્યવહારનું જ્ઞાન કરાવે છે કે આવા મુનિઓ લોકને તારવામાં નિમિત્ત કહેવાય છે.

**'અને તેમના પ્રત્યે ભક્તિભાવથી...'** એવા ધર્માત્મા મુનિ પ્રત્યે ભક્તિભાવથી, એમ શબ્દ છે. તેમના પ્રત્યે ભક્તિનો જે ભાવ છે એ **'જેમને પ્રશસ્ત ભાવ પ્રવર્તે છે...'** કેમકે ભક્તિનો ભાવ એ શુભરાગ, પ્રશસ્ત રાગ છે. **'એવા પર જીવો...'** એવા મુનિઓની સેવા કરનારા અથવા એની ભક્તિ કરનારા **'પુણ્યના ભાગી થાય છે.'** લ્યો, પુણ્યના ભાગી (કહ્યા). એને શુભરાગથી પુણ્યબંધન થાય છે. કહો, સમજાણું? ઓલામાં કહ્યું હતું કે મુનિઓ પોતે શુદ્ધાત્મ પરિણતિથી પરિણમેલા એ સુમાર્ગના ભાગી છે. નિર્મળ નિર્વિકારી વીતરાગ પરિણતિના ભાગી છે. એમાં એ રમે છે. અને એના સેવકો પુણ્યના ભાગી છે. કહો, સમજાણું? એ પુરુષ તારે એમ કીધું. અને એ જીવો પુણ્યના ભાગી એમ કીધું. આમ અરસપરસ વાત મૂકી. ધર્મીજીવ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પરિણતિ સહિત છે એ બીજાને તારે છે. ત્યારે એની સેવા કરનાર એ પુણ્ય ઉપાર્જન (કરનાર) પુણ્યના ભાગી થાય છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આવ્યું નહિ. તારવામાં નિમિત્ત છે અને તરવાનો ઉપાય પોતે પોતાથી કરે છે એમાં એ નિમિત્ત કહેવાય છે. અને આ તો રાગ છે, એની સેવા કરે છે. ભક્તિભાવનો શુભરાગ છે તેથી પુણ્યના ભાગી કહેવામાં આવે છે. કહો, સમજાય છે? એ ગાથા ૨૬૦ થઈ.

**'હવે અવિપરીત ફળનું કારણ...'** અવિપરીત એટલે સાચા ફળનું કારણ **'અવિપરીત કારણ'** એટલે એનું કારણ પણ સાચું હોય છે. **'તેની ઉપાસનારૂપ...'** એની ઉપાસના—સેવારૂપ **'પ્રવૃત્તિ સામાન્યપણે અને વિશેષપણે કરવાયોગ્ય છે એમ બે સૂત્રોથી દર્શાવે છે :— '** ૨૬૧.

दिट्ठा पगडं वत्थुं अब्भुट्ठाणप्पधाणकिरियाहिं।
वट्टदु तदो गुणादो विसेसिदव्वो त्ति उवदेसो।।२६१।।
પ્રકૃત વસ્તુ દેખી અભ્યુત્થાન આદિ ક્રિયા થકી
વર્તો શ્રમણ, પછી વર્તનીય ગુણાનુસાર વિશેષથી. ૨૬૧.

લ્યો, અહીં તો સાધુની ...ની વાત કરે છેને. છેલ્લો ચરણાનુયોગનો અધિકાર છે. જ્ઞાન અધિકાર ઘણો ગયો, જ્ઞેય અધિકાર ૧૦૮ ગાથામાં ગયો. જ્ઞાન અધિકાર ૯૨ ગાથામાં. આ તો ચરણાનુયોગ અધિકાર એકબીજાના નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં કેવું આચરણ હોય છે અને કેવો ભાવ હોય એની વ્યાખ્યા કરે છે.

'**ટીકા :— શ્રમણોને...**' સાધુ સંત દિગંબર મુનિ. બાહ્ય લિંગમાં દિગંબર હોય અને અંદરમાં શુદ્ધ રાગરહિત જેની શ્રદ્ધા અને નિર્મળ પરિણતિ દશા હોય એને સાધુ કહેવામાં આવે છે. ઓલામાં આવ્યું હતુંને? વાત થઈ ગઈ હતીને? શું કીધું એ? 'વિષયકષાયથી અધિક' એમ કહ્યું હતુંને? એમાં અર્થમાં લખ્યું છે કે પુણ્યથી ધર્મ મનાવનારા. જયસેનાચાર્યમાં. સમજ્યાને? જે પુણ્યથી ધર્મ મનાવનારા છે એ વિષયકષાયથી અધિક જ છે. એનો વિષય જ બહાર છે. સમજાય છે કાંઈ? રાગની મંદતા જે વીતરાગમાર્ગથી બીજી ચીજ છે સામે, હોય ખરી, પણ એવા રાગથી દયા, દાન, વ્રત, ભક્તિ, કષાય મંદ એનાથી ધર્મ મનાવનારા એ શુદ્ધાત્મશ્રદ્ધાથી પણ વિરુદ્ધ છે અને ચારિત્રની પરિણતિ પણ એને નથી. એવા મિથ્યાદષ્ટિ પાપી છે એમ કહ્યું હતું. શ્રદ્ધાની અપેક્ષાએ પાપી (છે). ભલે કષાય જરી મંદ વર્તતો હોય પણ પાપી છે. એ જીવો એના ભક્તોને પુણ્યનું કારણ પણ નથી. એ નથી પુણ્યનું કારણ. એનો ભાવ થઈ જાય કષાયની મંદતાનો, સેવાનો કે અધ્યયન આદિનો તો પુણ્ય બંધાય. સમજાય છે કાંઈ? કેટલી વાત એક ચરણાનુયોગમાં આવી શૈલી! નિશ્ચય સહિતની ભૂમિકા કેવી હોય એવી અલૌકિક રચના કુંદકુંદાચાર્ય(એ કરી છે)! સમજાય છે?

'**શ્રમણોને...**' સાચા સંતોને '**આત્મવિશુદ્ધિના હેતુભૂત પ્રકૃત વસ્તુ...**' સાચા સાધુ-નિમિત્ત. પ્રકૃત વસ્ત. નીચે છે. પ્રકૃત એટલે અવિકૃત વસ્તુ. સમજાણું? પ્રકૃત નાખ્યું છે ક્યાં? પહેલા. અન્વયાર્થ, અન્વયાર્થમાંથી નાખ્યો છે. પ્રકૃત વસ્તુ એટલે ખરેખર તો અવિકૃત વસ્તુ, અવિપરીત પાત્ર. અભ્યંતર મુનિઓની દશા નિરુપરાગ-શુદ્ધ-આત્માની ભાવનાને જણાવનારું. અંતર તો નિરુપરાગ શુદ્ધાત્માની દશા. તદ્દન નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા તે નિરુપરાગ પરિણતિ આત્માની છે. એને જણાવનારું જે બહિરંગ-નિર્ગ્રંથ-નિર્વિકાર-રૂપવાળા. બહિરંગ નિર્ગ્રંથ. એક વસ્ત્રનો તાણો નહિ, તદ્દન દિગંબર દશા. એવી અંતર લાગણી વિનાની દશા. એ વિકલ્પ અને લાગણી વિનાની નિરૂપાધિ પરિણતિરૂપ દશા એવું બહારમાં નિરૂપાધિ દેખાય. નિર્ગ્રંથ. કાંઈ ન મળે. એક શરીર. એ દ્રવ્યલિંગ અને ભાવલિંગ નિરૂપાધિ પરિણતિ. એવા 'બહિરંગ-નિર્ગ્રંથ-નિર્વિકાર-રૂપવાળા શ્રમણને અહીં 'પ્રકૃત વસ્તુ' કહેલ છે.' પ્રકૃત વસ્તુ—ચાલતા આવેલા વસ્તુના સ્વભાવવાળો મુનિને પ્રકૃત વસ્તુ કહી છે. એવા શ્રમણોને આત્મશુદ્ધિના હેતુભૂત શ્રમણ. એ પ્રકૃત સામે નિમિત્ત.

એના પ્રત્યે '**તેને યોગ્ય...**' 'તેને યોગ્ય' એ શબ્દ પડ્યો છે. '**(શ્રમણયોગ્ય) ક્રિયારૂપ પ્રવૃત્તિ વડે...**' એની ક્રિયારૂપ પ્રવૃત્તિ વડે '**ગુણાતિશયતાનું આરોપણ કરવાનો નિષેધ નથી.**' જુઓ! શું કહ્યું? એક મુનિ ધર્માત્મા છે, શુદ્ધ દષ્ટિ અને નિરૂપાધિ પરિણતિ છે. બીજા પણ

મુનિ એવા દેખવામાં આવે તો પહેલું તો હજી એને અંદરનું રૂપ તો જાણવામાં ન આવે, અજાણ્યા હોય તો. પહેલા તો, કહે છે, એના પ્રત્યે ઊભા થાવું, સન્માન કરવું. જેવી સાચા ભાવલિંગી મુનિની દશા હોય એની દશાવાળાને જેવું કરે એવું પહેલું મુનિ બીજા મુનિ પ્રત્યે આદર, સત્કાર, વિનય, સન્માન બધું કરે. એવા પ્રત્યે ગુણાતિશયતાનો આરોપ પણ કરવો. એટલે કે વર્તમાનમાં કદાચિત્ ફેર હોય, પણ પરિચય વિના ખબર ન પડે તો એ મુનિ પણ મહામુનિ જેવા છે એવું આરોપણ કરીને એના વિનય, સત્કાર આદિ કરવો. સમજાય છે કાંઈ? આમાંથી કાઢે છે કેટલાક. આપણે ગમે એવા મુનિ હોય એમાં આરોપ કરવો કે પહેલા જેવા મુનિ હતા. આ તો અજાણ્યા મુનિની વાત છે. સમજાય છે?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, ઉદાહરણ દેશેને. પણ પાઠમાં (એમ છે કે) '**ક્રિયારૂપ પ્રવૃત્તિ વડે ગુણાતિશયતાનું આરોપણ કરવાનો નિષેધ નથી.**' એમ કરીને નાખ્યો છે જરી અપવાદ. આરોપણ કરવું. પહેલા ખ્યાલ નથી. સમજાય છે? એની શ્રદ્ધા, પ્રરૂપણા શું છે એનો પરિચય ન હોય. બાહ્ય નગ્ન દશા બરાબર છે અને બાહ્ય પ્રવૃત્તિ પણ બીજી વિરુદ્ધ નથી દેખાતી. આમ આવતા હોય, ઊભા હોય તો એની સામે જાવું, આદર કરવો, સત્કાર કરવો. ભાવલિંગી મુનિ જેવા ચોખ્ખા છે એવા ગુણનું પણ આરોપણ કરીને એની સાથે યોગ્ય વ્યવહાર, યોગ્ય વિનય આદિ કરવા. જુઓ! એમાં એમ નથી નીકળતું કે અત્યારે ખ્યાલમાં છે કે આની પ્રરૂપણા આવી છે અને આવી શ્રદ્ધા આવી છે. એટલે એમાં વળી હોય તો પહેલું કરવું એવું રહેતું નથી. ધર્મચંદજી! સમજાય છે કાંઈ? સેઠી દાંત કાઢે છે. શું સેઠી? અત્યારે તો ખબર છે કે પુણ્યથી ધર્મ મનાવે છે, દેહની ક્રિયા આત્મા કરી શકે છે એમ માને છે. નિમિત્ત વિના—આત્મા વિના દેહ ચાલે? આત્મા વિના ચાલે? પણ એ આત્મા વિના જ ચાલે છે, સાંભળને! ત્યારે જ એને નિમિત્ત કહેવાય. આત્મા વિના દેહ ચાલે. અંદર આત્મા છે છતાં એના વિના ચાલે ત્યારે જ એ દેહની ક્રિયાને આત્મા નિમિત્ત કહેવાય. આત્માથી દેહ ચાલે તો નિમિત્ત ક્યાં રહ્યું? એ તો પરના કાર્ય કરનારો થઈ ગયો. સમજાણું કાંઈ? એટલે એમ જે માને છે કે દેહની ક્રિયા કરી શકીએ, પરની દયા પાળી શકીએ, પરના કામ કરી શકીએ, પાઠશાળાઓ બનાવી શકીએ, આપણી ઈચ્છા પ્રમાણે કામ બહારના કરી શકીએ અને રાગની મંદતા, પુણ્યથી ધર્મ થાય, હળવે હળવે પરંપરાએ પણ થાય એમ જે માને, મનાવે એ તો પ્રત્યક્ષ વિરુદ્ધ છે, એમાં કાંઈ જોવાનું રહેતું નથી. એને વળી ગુણનો આરોપ કરવો, ફલાણું (કરવું) એ કાંઈ રહેતું નથી. સમજાય છે કાંઈ? પણ અજાણ્યા હોય તો... કહેશે.

'**ભાવાર્થ :— જો કોઈ શ્રમણ...**' સાધુ સંત ભાવલિંગી મુનિ '**અન્ય શ્રમણને દેખે...**' '**દિટ્ઠા**' છેને? '**દિટ્ઠા**'. '**તો પ્રથમ તો, જાણે કે તે અન્ય શ્રમણ ગુણાતિશયવાળા હોય એમ તેમના પ્રત્યે...**' ગુણાતિશય—ગુણથી અતિશય વિશેષવાળા હોય એમ ઊભા થવું, વંદન

કરવું, આદર કરવો, પધારો પધારો વગેરે સત્કાર, સન્માન દેવું. ટીકામાં લખ્યું છે. બીજામાં આવે (છે), ધવલમાં આવે છેને. ત્રણ દિ' સુધી પહેલા પરીક્ષા કરવી. ત્રણ દિ' સુધી પરીક્ષા કરવી. કેમ એની સ્વાધ્યાયમાં, ઓલામાં કેવી રીતે બોલે છે, કેવી ચેષ્ટા (રહે છે), પછી જેવો હોય તે પ્રમાણે પ્રવર્તન કરવું. ત્રણ દિ' સુધી એની પરીક્ષા કરવી. ટીકામાં પણ નાખ્યું છે અને ધવલમાં પણ આવે છે. આવે છેને ધવલમાં? મુનિ નહિ મુનિ?

ધરસેન મુનિ ગિરનાર ગુફામાં રહેતા હતા. વિચાર આવ્યો. ભાવલિંગી સંત હતા. અરે..! આ બધું કંઠસ્થ છે, ઈ જો હું જઈશ તો બધું વિચ્છેદ થઈ જશે. અને હવે ઉંમર, અવસ્થા થઈ ગઈ છે, શરીર જીર્ણ (થયું છે). તો કોઈ બે મુનિ સારા હોય, ઈ આવે તો આ જ્ઞાન આપું. અને એ એને ધારે તો જ્ઞાનનો ઉચ્છેદ ન થાય, જ્ઞાનની પરંપરા તૂટે નહિ. એવો ભાવ આવ્યો મુનિને. ધરસેનાચાર્ય ભાવલિંગી સંત નગ્ન દિગંબર ગુફામાં રહેતા, ગિરનારમાં. કુંદકુંદાચાર્ય પહેલા (થયા). એમને વિચાર આવ્યો. શું છે? એવો કે કોઈ મુનિ આવે. મુનિઓ ભેગા થયા હતા કોઈ કારણે કોઈ નગરીમાં. એને પત્ર લખ્યો કે ભઈ કોઈ મુનિ હોય, જણાવ્યું, કોઈ મુનિ એવા હોય ઈ અહીંયા આવે, મારી સ્થિતિ પૂરી થઈ જશે દેહની, જીર્ણ થઈ ગયો. અને આ જ્ઞાન પછી નહિ રહે. એટલે બે જણાને મોકલો. તો બે મુનિ મોકલ્યા. બે મુનિ આવ્યા. સપનું આવ્યું મુનિને, ધરસેનાચાર્યને સપનું આવ્યું. બે ધોળા .. જેવા બે બળદ પગે લાગે છે. સપનામાં એમ આવ્યું. ધોળા બળદ પગે લાગે છે. એટલે સ્વપ્ન પૂરું થયું. જય હો જૈનશાસનનો! જય હો જિનવાણીનો! એમ કે જે ભાવ છે જ્ઞાન રાખવાનો એવા જ બે પાત્ર મુનિઓ ચાલ્યા આવે છે. એનું આ મને સપનું આવ્યું.

મુનિ આવ્યા. ... આવ્યા છે. અચ્છા! કલ્યાણ હો. ત્રણ દિ' સુધી મુનિ ધરસેનાચાર્ય કંઈ બોલ્યા નહિ. સમજ્યા? પણ અમે આ આવ્યા છીએ.. ઓલા પણ એમ નથી (બોલ્યા) કે પણ સાહેબ અમે આવ્યા છીએ અને ત્રણ ત્રણ દિ' થઈ ગયા છે. ત્રણ દિ' જ્યારે થયા ત્યારે (કહ્યું), પ્રભુ! અમે આપની પાસે (આવ્યા છીએ). એ પણ ભાવલિંગી સંત છે. પુષ્પદંત અને ભૂતબલિ ભાવલિંગી ભગવંત છે. વીતરાગી પરિણતિ અને વીતરાગી જ્ઞાન (ધરનારા) મહા સંત છે. એની પરીક્ષા પછી... આવ્યા. અચ્છા! પરીક્ષા કરવા માટે વિદ્યા આપીને પરીક્ષા કરી. બહુ પાત્ર, બહુ પાત્ર જીવ રૂડા. ત્રણ દિ'એ પછી પરીક્ષા થઈ. વિદ્યા શીખવી. પછી એને શીખવાનું (થયું). કહો, સમજાણું? એવો રિવાજ વ્યવહારથી બીજાઓ એકદમ પરખાય નહિ એટલે ત્રણ દિવસે એની પરીક્ષામાં ખ્યાલમાં આવી જાય.

એટલે અહીં કહે છે કે એવા અજાણ્યા મુનિ હોય તો ભાવલિંગી મુનિઓએ... સંતો, દિગંબર મુનિ જ હોં! બીજા મુનિ હોય નહિ. વસ્ત્ર-પાત્રવાળા મુનિ હોય કે બીજા એ વાત અહીં છે નહિ. એ મુનિ હોઈ શકે નહિ. મુનિ તો નિર્ગ્રંથ દિગંબર બાહ્ય લિંગ, અભ્યંતર શુદ્ધાત્મ પરિણતિ. બાહ્યનું નિર્ગ્રંથ વળી બીજાનું. આ તો અંદર કેટલી નિર્મળતા છે કે નહિ એ ત્રણ દિ'એ પરીક્ષા થઈ. પણ એ પહેલા ગુણાતિશયતાનો આરોપ આપી વંદન આદિ કરવું. અજાણ્યા હજારો સાધુ એ વખતે.

કોઈએ એકદમ કાલે દીક્ષા લીધી હોય, કોઈએ બે દિ'માં લીધી હોય કે પાંચ દિ'માં લીધી હોય, ક્યાંના ક્યાં કોઈ રાજકુમાર હોય, કોઈ .... દીકરા એકદમ ફરતા હોય મુનિ થઈને, એ ક્યાં તે દિ' તાર ટપાલ ને આ બધું (હતું). ક્યાંથી ક્યાં આવતા હોય મુનિઓ. પહેલી તો પરીક્ષા ન થાય. આદર કરવો. એ અપેક્ષાએ વાત કરે છે. ખોટા હોય અને ખબર છે એનો આદર પહેલો કરવો અને પછી.. એમ નથી આ. સમજાય છે કાંઈ?

'**જાણે કે તે અન્ય શ્રમણ ગુણાતિશયતાવાળા હોય એમ તેમના પ્રત્યે...**' ઊભા થવું, આદર કરવો વગેરે શબ્દો કહેશે. ૨૬૨માં કહેશે. વ્યવહાર કરવો. લ્યો, વ્યવહાર ઊભા થવું, આમ કરવું એ કરવું. ભાષા શું આવે? ઊભા થઈ શકાય છે આત્માથી? પણ એનો એવો ભાવ આવે કે અહો..! મુનિ પધાર્યા છે. હું સામે જાઉં, જાય તો વળાવવા જાય વગેરે ભાવ આવે. શુભભાવ છેને. સાધર્મી પ્રત્યેનો એ ભાવ શુભ છે. એવી એની ભૂમિકાને યોગ્ય એ આવ્યા વિના રહે નહિ. '**વ્યવહાર કરવો.**' એ ઊભા થવું આદિ વ્યવહાર કરવો. '**પછી તેમનો પરિચય થયા બાદ તેમના ગુણ અનુસાર વર્તન કરવું.**' પરિચય થઈને જણાણું કે આમાં કાંઈક ફેર છે અને કાં ગુણમાં જેવા ધાર્યા હતા એથી પણ વિશેષ છે. એમ જેવી પરીક્ષા થાય એમ એના યોગ પ્રમાણે (વર્તન કરવું). પરીક્ષા પણ પછી પરની થઈ શકતી હશે કે નહિ? આપણને શું ખબર પડે સામાના પેટની વાત? એમ કેટલાક કહે છેને? અહીં કહે છે, ખબર પડે. પરિચય કરે મુનિ બે દિ', ત્રણ દિ' એની લાઈન, એની પ્રરૂપણા, એની માન્યતા, એની ચેષ્ટા, એના આચાર વિચારની વિધિ (જાણે). ભગવતી આરાધનામાં તો ઘણું નાખ્યું છે. આમ કરે, જોવું, ... ખમાસમણો ક્યારે કરે છે, કઈ વિધિમાં કરે છે, કેવા શબ્દોથી કરે છે, કઈ એની ચેષ્ટા છે. બધું જોયા પછી એની જેવી યોગ્યતા હોય એવો વ્યવહાર રાખે. કહો, સમજાય છે કાંઈ?

જુઓ! આ ધર્મની મુનિપણાની દશાની ઓળખાણ કરાવે છે. ગૃહસ્થ કહે, અમારે શું પણ? એને ઓળખાણ તો કરવી પડશેને? દેવ કેવા હોય? ગુરુ કેવા હોય? શાસ્ત્ર કેવા હોય? એની ઓળખાણ વિના એને સાચા તત્ત્વની શ્રદ્ધા થાશે ક્યાંથી? શું વૈદ્ય! ઓળખાણ જોશે કે નહિ? આ પણ સાચું, આ પણ સાચું અને આ પણ સાચું, ચાલો. કહો, સમજાણું કાંઈ?

'**તેમના ગુણ અનુસાર વર્તન કરવું.**' લ્યો. અભ્યુત્થાનનો અર્થ કર્યો છે. માથે છેને. 'માનાર્થે ઊભા થઈ જવું અને સામા જવું તે.' છેને અંદર અન્વયાર્થમાં એનો અર્થ. એના શબ્દો હવે આવે છે. ૨૬૨.

**'(એ રીતે પહેલું સૂત્ર કહીને હવે એ વિષયનું બીજું સૂત્ર કહે છે :—)'**

**अब्भुट्ठाणं गहणं उवासणं पोसणं च सक्कारं।**
**अंजलिकरणं पणमं भणिदमिह गुणाधिगाणं हि।।२६२।।**
**ગુણથી અધિક શ્રમણો પ્રતિ સત્કાર, અભ્યુત્થાન ને,**
**અંજલિકરણ, પોષણ, ગ્રહણ, સેવન અહીં ઉપદિષ્ટ છે. ૨૬૨.**

'ટીકા :— **શ્રમણોને પોતાથી અધિક ગુણવાળા...**' જુઓ! એની ખબર પડે છે, એમ કહે છે. સાધુ દ્રવ્યલિંગી તો બાહ્ય નગ્ન જ હોય. અભ્યંતરમાં આત્માનો અનુભવ હોય, એ ઉપરાંત શુદ્ધાત્માની વીતરાગ પરિણતિ વિશેષ થઈ ગઈ હોય છે. એવા પોતાથી અધિક ગુણવાળા '**અધિક ગુણવાળા (શ્રમણો) પ્રત્યે...**' ઊભા થવું. એ ઊભા થવું, સેઠી! ઊભા થવું. એક કોર કહે કે આત્મા શરીરને ઊભું કરી શકે નહિ ત્રણ કાળ ત્રણ લોકમાં. શરીરના એક એક રજકણની અવસ્થા શરીરને કારણે થાય.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો એનો ભાવ આવે ત્યારે શરીરને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઘણો છે એટલે લગભગ થયા વિના રહે નહિ. એને ઊભા થવાનો ભાવ (આવે), પછી દેહની ક્રિયા તો એને કારણે થાય. એ કંઈ આત્માની ઇચ્છાને કારણે દેહ ઊભો થાય, ચાલે એમ છે નહિ. સમજાણું કાંઈ?

શ્રમણો નામ એક ભાવલિંગી મુનિએ બીજા ભાવલિંગી મુનિ અધિક ગુણવાળા પ્રત્યે ઊભા થવું. ગ્રહણ કરવું. સમજાણું? ગ્રહણ કરવું. આના અર્થ કર્યા છે આમાં ક્યાંક. કેટલામું છે? ઈ એમાં કર્યો છે બરાબર. આમાં છેને, આમાં છે. ૨૬૨મી ગાથા છેને. '**अभिमुखगमनमभ्युत्थानम्, ग्रहणं स्वीकारः**' ઈ નાખ્યું છેને આમાં. આદર છે એ સ્વીકાર. ઈ એમાં છે, જુઓ! સંસ્કૃતમાં છે. '**अभिमुखगमनमभ्युत्थानम्, ग्रहणं स्वीकारः**' ગ્રહણનો અર્થ સ્વીકાર છે, જુઓ! અને પછી '**उपासनं**' ઉપાસના, સેવા. '**शुद्धात्मभावनासहकारिकारणनिमित्तं सेवा** ' શુદ્ધાત્માની પરિણતિવંતને નિમિત્તરૂપ થાય એવી સેવા એને અહીંયા ઉપાસન કહે છે. '**પોષણ,...**' તેમના અશન, શયન વગેરેની ચિંતા. મુનિને વિકલ્પ આવે કે આ ધર્માત્મા છે, શરીર જીર્ણ થઈ ગયું છે, આહાર-પાણી એમને મળે છે કે નહિ? એવો વિકલ્પ શુભરાગ એક ધર્માત્માને બીજા ધર્માત્મા પ્રત્યે આવો આવે. સમજાય છે?

'**સત્કાર,...** ' ગુણપ્રશંસા. લ્યો. સત્કારનો અર્થ ગુણપ્રશંસા. સત્કાર છે એમાં હોં! '**भेदाभेदरत्नत्रयगुणप्रकाशनं सत्कारः**' સત્કાર કરવો. વ્યવહારશ્રદ્ધા, નિશ્ચયશ્રદ્ધા સાચી હોય એનો સત્કાર કરવો. '**અંજલિકરણ...**' વિનયથી હાથ જોડવા. સમજાણું? '**बद्धाञ्जलिनमस्कारो ऽञ्जलिकरणम्** ' બે હાથ જોડીને નમસ્કાર કરવો એને અંજલિકરણ કહેવામાં આવે છે. હાથ જોડવા. ભાષા જુઓ! એક કોર કહે કે એક રજકણનો પર્યાય આત્મા કરી શકે નહિ ત્રણ કાળ ત્રણ લોકમાં. ભગવાન આત્મા અરૂપી ચિદ્દ્ઘન જુદું તત્ત્વ છે અને આ પરમાણુના પિંડનું આ જડ તત્ત્વ જુદું છે. તો એ જડનો હાથ આમ થવો એ આત્માની ઇચ્છાનો અધિકાર નથી. જડની અવસ્થા જડને કારણે થાય. ચરણાનુયોગનો અધિકાર છે, નિમિત્તપ્રધાનથી કથન કરવામાં આવ્યું છે કે અંજલિ જોડવી-હાથ જોડવા.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— તારી ક્રિયામાં ઓલો શુભભાવ, ઈ ક્રિયા એની. જડની ક્રિયા જડમાં થાય. ...

ક્રિયા એ તારી ક્રિયા નથી. પહેલા આવી ગયું નથી? જ્ઞેય અધિકારમાં. એક એક પરમાણુ પોંઈટ જે રજકણ છે જ્ઞેય, જ્ઞાનમાં જણાય એવો, તે પરમાણુનો વર્તમાન પર્યાય નવો ઉત્પન્ન થાય, આમ હલે કે ક્ષેત્રાંતર, રૂપાંતર થાય એ પોતાથી તે પર્યાય થાય છે. પરથી તો થતી નથી, પણ એના વ્યય અને ધ્રુવથી પણ એ પર્યાય થતી નથી. એક કોર પહેલી એ વાત કહી ગયા છે, જ્ઞેય અધિકારમાં એમ કહી ગયા કે એક પરમાણુ કે એક આત્મા એના અનંતા ગુણો છે, દરેકમાં આત્માના આત્મામાં, પરમાણુના (પરમાણુમાં), એની એક સમયની અવસ્થા જે પરમાણુની ગુણમાંથી આવી, કહે છે કે એ પર્યાય પર્યાયથી થઈ છે. પર્યાયની અપેક્ષાએ પર્યાય, વ્યયની અપેક્ષા એને નહિ, ધ્રુવની અપેક્ષા નહિ અને પરની અપેક્ષા તો નહિ. અહીંયા કહે છે કે હાથ જોડવા, ઊભા થાવું. એ નિમિત્ત સંબંધીનું કથન છે. ત્યાં આગળ થાય ત્યારે રાગ નિમિત્ત થાય છે 'માટે આમ કરે છે' એમ કહેવામાં આવે છે. કહો, સેઠી! ક્યાંની ક્યાં લખાણ.

સાંભળે ત્યાં છઠ્ઠા ગુણસ્થાનની આ ક્રિયા છે એમ માને. આ ક્રિયા છઠ્ઠા ગુણસ્થાનની એ તો જડની છે. હાથ જોડવા ને ઊભા થાવું ને ... એ તો જડનું છે. પણ ઓલો ભાવ છેને વિકલ્પ, શુભરાગ એને આરોપ કરીને, આ કરે છે, ઊભા થાય છે, અંજલિ જોડે છે એમ કહેવામાં આવ્યું છે. તારાચંદભાઈ! આ તકરાર કરે ત્યારે (એમ કહે છે). જુઓ! નિશ્ચયથી વાત ઈ બરાબર છે, પણ વ્યવહારથી કરી શકાય છે કે નહિ? નહિતર આ કુંદકુંદાચાર્ય કેમ કહે આમાં? ન્યાં ભલે નિશ્ચયથી વાત હોય, પણ બે નય છે કે નહિ? નિશ્ચય પણ સાચી અને વ્યવહાર પણ સાચો. એમ નથી. નિશ્ચયથી યથાર્થ કહ્યું છે. પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ-પોંઈટ પોતાની વર્તમાન અવસ્થાથી ઊપજતું દ્રવ્ય એને ઊપજાવનારું કોઈ છે નહિ. એ પરમાણુને હલાવનાર, દૂર કરનાર, નજીક લાવનાર ત્રણ કાળમાં કોઈ બીજું દ્રવ્ય હોઈ શકે નહિ. એને કારણે એ પરમાણુ આવે ને જાય ને પલટે—એમ નિશ્ચયથી બરાબર છે. પણ વ્યવહારથી પાછું આમ કરાય એવો વ્યવહારનયનો વિષય છે કે નહિ? વિષય છે, પણ એ વ્યવહારથી કહ્યું એટલે કે અન્યથા કથન કરવામાં આવ્યું છે. એ સાચું નથી. વ્યવહારથી નિમિત્ત દેખીને અન્યથા કથન કરવામાં આવ્યું છે કે મુનિઓએ ઊભા થાવું, ચાલવું, આમ કરવું, તેમ કરવું, સત્કાર કરવો. બે નયના કથન શું કરવા કર્યા ત્યારે? ઈ વ્યવહારના કથનોની પદ્ધતિની રીત જ આવી હોય છે. એમ ન સમજે અને એમ કહે કે ન્યાં ના પાડી હતી ચાલવાની અને અહીં ચાલી શકે છે.

'**અંજલિકરણ...**' છેને? '**પ્રણામરૂપ પ્રવૃત્તિઓ...**' લ્યો. પ્રણામ પ્રણામ. પ્રણામ આવ્યુંને? '**નમોऽસ્ત્વિતિવચનવ્યાપારઃ પ્રણામ**' નમોસ્તુ એમ કહે છેને? નમસ્કાર હો. એ પ્રણામ. એક મુનિએ બીજા મુનિને આ પ્રમાણે કરવું, ગુણથી અધિક દેખીને. તે કરવાનું '**નિષિદ્ધ નથી.**' જુઓ! અહીં જરી.. એ કરવું એમ ન કહ્યું પણ કરવાનો નિષેધ નથી એવી રીતે ભાષા વાપરી. કહો, સમજાય છે કાંઈ? એ થાય શુભભાવ અને એ ક્રિયા જડની જડમાં થાય. એ શુભભાવનો એને નિષેધ હોતો નથી. એ વખતે એ શુભભાવ એ જાતનો હોય છે. કહો, સમજાણું આમાં? કહો! ક્યાં ૧૦૧ ગાથા

જ્ઞેય (અધિકારની). ઉત્પાદને ઉત્પાદની અપેક્ષા, વ્યયને વ્યયની અપેક્ષા, ધ્રુવને ધ્રુવની અપેક્ષા. અહીં કહે છે, ઇચ્છા થઈ ત્યાં હાથ જોડવા. ઇચ્છા થઈ કે આ મુનિ આવે છે માટે ઊભા થઈ જવું. ઊભા થઈ જાય. સમજાણું કાંઈ? એ કથનની પદ્ધતિ વ્યવહારનયની ચરણાનુયોગમાં એમ બને. વારંવાર એ વાત કર્યા કરે? ખાવા વખતે આહારની ઇચ્છા હોય તો આહાર લેવા જાવું, જોઈને ચાલવું, આહારમાં કોઈ વાળ આદિ નીકળે તો છોડી દેવું. એ બધાં વ્યવહારનયના કથન છે. લ્યે કોણ? અને છોડે કોણ? જડની પર્યાયને લઈ શકે નહિ ત્રણ કાળમાં, આત્મા એને છોડી શકે નહિ ત્રણ કાળમાં. જાણી શકે કે આમ થાય છે એને જાણનારો રહે. એઈ..! દુર્ગાદાસજી! શું છે? છતાં વ્યવહાર એક નિમિત્તનું છળ દેખીને અન્યથા કથન કરવા વ્યવહારનય ઊભો થઈ જાય છે. સમજાણું કાંઈ? એને નિશ્ચયનય બેસાડી દ્યે છે. બેસાડી દ્યે એટલે તારા કથનમાં ફક્ત નિમિત્ત થાય એટલી વાત હતી, એમાં લાંબુ કરવા ગયો એ તારી વાત સાચી નથી. સમજાણું કાંઈ? સેઠી! શું કહ્યું?

કેટલા શબ્દ વાપર્યા જુઓ કુંદકુંદાચાર્યે! ગુણાધિકનું અભ્યુત્થાન, અભ્યાગત. લ્યો. ઓલામાં અભ્યાગત શબ્દ વાપર્યો છે હોં! આમાં છેને? અભ્યાત એટલે આવે તેને... સમજાણું? અભ્યાગત શબ્દ છે આમાં ઘણે ઠેકાણે. અભ્યાગત છેને? આવે છે. આવે એને અભ્યાગત (કહે છે). આ ભિખારીને અભ્યાગત કહે છેને. એમ અહીં નહિ. મુનિ આવે છેને, ધર્માત્મા મહા. બીજા મુનિઓએ પણ પધારો, પધારો, પધારો! ઓહો! આજ અમને દર્શન આપ્યા. આપનો મેળાપ ઘણા વર્ષે થયો. આપ પધાર્યા, અમારા ક્ષેત્ર પાવન કર્યા. એમ બોલે મુનિ. લે! એ બધા શુભરાગની ક્રિયા શુભભાવ હોય ત્યારે એવી ક્રિયાનું કથન વ્યવહારનું નીકળે. નીકળે એનું આ કહેવામાં આવ્યું છે. કહો, સમજાણું? એ ચરણાનુયોગ શરૂ કરતાં આવ્યું છેને, ભાઈ પહેલું નહિ? શરૂ કરતાં આવી ગયું છે, નહિ? વાણી નીકળે. આમાં પહેલા બોલમાં નથી? પહેલી ગાથાઓમાં આવી ગયું. ઈ પ્રમાણે આવું નીકળે, વાણી નીકળે એમ નથી આવ્યું બધું? છેને અહીં ૩૩૨ પાનામાં છે. જુઓને! ૨૦૨ ગાથામાં છેને બધું. કૌંસમાં છે જુઓ! ૨૦૨ ગાથાના કૌંસમાં.

'**(અહીં એમ સમજવું કે, જે કોઈ જીવ મુનિ થવા ઇચ્છે છે, તે કુટુંબથી સર્વ પ્રકારે વિરક્ત જ હોય છે...**' એમાં કહ્યું હતુંને કે કુટુંબ પાસે જાવું ને એની માંગણી કરવી ને એનું આમ કરવું ને એમ બધું કહ્યું હતું. '**(તેથી કુટુંબની સંમતિથી જ મુનિ થવાનો નિયમ નથી.**' કહ્યું તો એમ પણ એવો કાંઈ નિયમ નથી. '**(એમ કુટુંબના ભરોસે રહેવાથી તો, જો કુટુંબ કોઈ રીતે સંમતિ ન જ આપે તો મુનિ જ ન થઈ શકાય. આમ કુટુંબને રાજી કરીને જ મુનિપણું ધારણ કરવાનો નિયમ નહિ હોવા છતાં, કેટલાક જીવોને મુનિ થતાં પહેલાં વૈરાગ્યના કારણે કુટુંબને સમજાવવાની ભાવનાથી પૂર્વોક્ત પ્રકારનાં વચનો નીકળે છે.** ' જુઓ! છેને? '**(એવાં વૈરાગ્યનાં વચનો સાંભળી, કુટુંબમાં કોઈ અલ્પસંસારી જીવ હોય તો તે પણ વૈરાગ્યને પામે છે).**' વિશેષ વાત તો એમાંને એમાં પાછળ છેને. કૌંસ છે બીજો.

પાંચ આચાર થઈ રહ્યા પછી. કૌંસમાં (૩૭૮ પાનું). છેલ્લો કૌંસ.

'(**સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના સ્વરૂપને જાણે છે—અનુભવે છે,...**' ધર્મીજીવ, હું શુદ્ધ ચિદાનંદ આત્મા છું. દયા, દાનનો રાગ આવ્યો એ પણ મારી ચીજ નથી. ૩૭૮ પાનું. '(**અન્ય સમસ્ત વ્યવહારભાવોથી પોતાને ભિન્ન જાણે છે.**' સમ્યગ્દૃષ્ટિ અન્ય સમસ્ત વ્યવહારભાવોથી પોતાને જુદો જાણે છે. આ જૂનું છેને, નવું છે પ્રવચનસાર? જૂનું છેને. ૩૭૮ પાનું. ધર્મીજીવ '(**પોતાના સ્વરૂપને જાણે છે--અનુભવે છે, અન્ય સમસ્ત વ્યવહારભાવોથી પોતાને ભિન્ન જાણે છે. જ્યારથી તેને સ્વ-પરના વિવેકરૂપ ભેદવિજ્ઞાન પ્રગટ થયું હતું ત્યારથી જ તે સકલ વિભાવભાવોનો ત્યાગ કરી ચૂક્યો છે...**' શ્રદ્ધામાં ધર્મીને પુણ્ય અને પાપના ભાવ મારા નથી એમ સમ્યગ્દર્શનમાં ભાન થઈ ગયું છે. કહો, સમજાણું? વિભાવભાવ મારા નથી. પહેલું સમ્યક્ થતાં જ શુભ અને અશુભભાવ મારા નથી.

'(**અને ત્યારથી જ એણે ટંકોત્કીર્ણ નિજભાવ અંગીકાર કર્યો છે.**' એક જ્ઞાયકભાવ ચૈતન્યમૂર્તિ હું છું, એ સિવાય મારી કોઈ ચીજ નથી એમ સમ્યગ્દર્શનમાં ભાન થઈને (નિજભાવને) અંગીકાર કર્યો છે. ઓલાને ત્યાગ કરી ચૂક્યો અને આને અંગીકાર કર્યો છે, એમ બે ભાષા લીધી છે. '(**તેથી તેને નથી કાંઈ ત્યાગવાનું રહ્યું કે નથી કાંઈ ગ્રહવાનું—અંગીકાર કરવાનું રહ્યું.**' સમ્યગ્દૃષ્ટિ થયા પછી કાંઈ ત્યાગવાનું અને ગ્રહવાનું રહેતું નથી. '(**સ્વભાવદૃષ્ટિની અપેક્ષાએ આમ હોવા છતાં,...**' સ્વભાવદૃષ્ટિની અપેક્ષાએ આમ હોવા છતાં '(**પર્યાયમાં તે પૂર્વબદ્ધ કર્મોના ઉદયના નિમિત્તે અનેક પ્રકારના વિભાવભાવોરૂપે પરિણમે છે.**' વિકાર છેને હજી. વિકારરૂપે થાય છે. વિભાવથી, દૃષ્ટિ અને સ્વભાવની અપેક્ષાએ તો વિરક્ત છે પણ પર્યાયમાં એ પુણ્ય અને પાપના ભાવો સમ્યગ્દૃષ્ટિને પણ થયા વિના રહેતા નથી.

'(**એ વિભાવપરિણતિ નહિ છૂટતી દેખીને...**' ધર્મીને શુદ્ધ ચૈતન્ય આત્મા જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ હું છું એમ ભાન હોવા છતાં પર્યાયમાં હજી વિભાવની પરિણતિનો નાશ થતો નથી, છૂટતી નથી. એ '(**દેખીને તે આકુળવ્યાકુળ પણ થતો નથી...**' અરે..! આ કેમ? અરે..! પર્યાયની યોગ્યતામાં એ જાતનો ભાવ શુભ-અશુભભાવ હોય છે. સમજાય છે? સમ્યગ્દૃષ્ટિને રૌદ્રધ્યાન, આર્તધ્યાન એવા ભાવ આવી જાય છે. જાણે છે કે એ મારી ચીજ નથી, પણ પર્યાયમાં કમજોરીને લઈને એવો ભાવ હોય. કહો, સમજાણું? '(**તેમ જ સમસ્ત વિભાવપરિણતિને ટાળવાનો પુરુષાર્થ કર્યા વિના પણ રહેતો નથી.**' એકેકએક... સમસ્ત કેમ લીધું? અશુભભાવ આવે એને ટાળવાનો ભાવ તો છે. મારા સ્વભાવમાં નથી એમ વિરક્ત દૃષ્ટિથી થઈ ચૂક્યો છે. હવે પર્યાયમાં જે વિકારી ભાવ થયો એ '(**સમસ્ત વિભાવપરિણતિને ટાળવાનો પુરુષાર્થ કર્યા વિના પણ રહેતો નથી.**' જુઓ! શુભાશુભ બેય હોં! શુભ અને અશુભ બેય રાગ. બેયને ટાળવાનો સ્વભાવસન્મુખ પુરુષાર્થ થયા કરે છે.

'(**સકલ વિભાવપરિણતિ રહિત સ્વભાવદૃષ્ટિના જોરરૂપ પુરુષાર્થથી...** ' પુણ્ય અને

પાપના વિકારથી રહિત સ્વભાવદૃષ્ટિ, શુદ્ધ ચૈતન્ય છું એના જોરરૂપ પુરુષાર્થથી, એના જોરરૂપ પુરુષાર્થથી. એમ. '(**ગુણસ્થાનોની પરિપાટીના સામાન્ય ક્રમ અનુસાર તેને પહેલાં અશુભ પરિણતિની હાનિ થાય છે...**' પહેલાં પાપના પરિણામ નાશ પામે છે. સમ્યગ્દૃષ્ટિને હજી પુણ્ય પરિણામ હોય છે. '(**પછી ધીમે ધીમે શુભ પરિણતિ પણ છૂટતી જાય છે.**' શુભરાગ પણ ધીમે ધીમે સ્વરૂપની સ્થિરતા કરતાં છૂટતો જાય છે. '(**આમ હોવાથી તે શુભ રાગના ઉદયની ભૂમિકામાં ગૃહવાસનો અને કુટુંબનો ત્યાગી થઈ વ્યવહારરત્નત્રયરૂપ પંચાચારોને અંગીકાર કરે છે.**' જુઓ! બેય વાત લીધી. પહેલી અને આ.

'(**જોકે જ્ઞાનભાવથી તે સમસ્ત શુભાશુભ ક્રિયાઓનો ત્યાગી છે...**' જાણ્યું છે કે હું તો જ્ઞાન જ છું. જ્ઞાનપુંજ તે જ આત્મા છે. એ શુભ અશુભ વિકલ્પ ઉઠે તે આત્મા નથી. વિકાર.. વિકાર.. વિકાર.. વિકાર છે. મારી ચીજની શાંતિ માટે કામના નથી, બેકાર છે. એમ '(**જ્ઞાનભાવથી સમસ્ત શુભાશુભ ક્રિયાઓનો ત્યાગી છે તોપણ પર્યાયમાં શુભ રાગ નહિ છૂટતો હોવાથી તે પૂર્વોક્ત રીતે પંચાચારને ગ્રહણ કરે છે).**' એમ કહેવામાં આવે છે. કહો! ભાવની વાત છે હોં! જડની તો ક્યાંય ગઈ. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ થયો ત્યારથી શુભાશુભ પરિણામનો ત્યાગી (છે). દૃષ્ટિમાં સ્વભાવમાં મારામાં છે નહિ, પણ પર્યાયમાં પૂર્ણતા વીતરાગી દશા નથી એટલે શુભાશુભ રાગ થાય છે. પહેલો અશુભ ટળી, અશુભ હોય શ્રાવકને, સમકિતીને પણ પછી ક્રમે અશુભ ટળીને શુભ થાય, મહાવ્રત આદિ મુનિને, અને પછી શુભ ટળીને શુદ્ધ થાય. કહો, એવી રીતે વ્યવહારનયથી (કહેવાય છે).

એમાં આવ્યું છે કે હે જ્ઞાનાચાર! વ્યવહાર હોં વિકલ્પ. તારા પ્રસાદથી હું શુદ્ધ પરિણતિને ન પામું ત્યાં સુધી તારું સેવન કરીશ. લે! અને પાળીશ. તારા પ્રસાદથી છેને? અંદર છે. '**તારા પ્રસાદથી શુદ્ધાત્માને ઉપલબ્ધ કરું.**' એમ કહે છે હોં! હું જાણું છું કે શુદ્ધાત્માનો તું નથી. એ વિકલ્પ ઉઠે જ્ઞાનાચારનો. કાળે ભણવું, વિનયે ભણવું, દર્શનનો વિકલ્પ ઉઠે નિઃશંક, નિઃકાંક્ષ આદિ. ચારિત્રનો વિકલ્પ ઉઠે પંચ મહાવ્રત આદિ. એ જાણે કે તું આત્માનો નથી. '**એમ નિશ્ચયથી હું જાણું છું, તોપણ ત્યાં સુધી તને અંગીકાર કરું છું કે જ્યાં સુધીમાં તારા પ્રસાદથી શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરું.**' લ્યો. વ્યવહારના પ્રસાદથી શુદ્ધને પામું ત્યાં સુધી તને અંગીકાર કરું છું. સમજાય છે કાંઈ? એ વ્યવહારનયના કથનની પદ્ધતિ છે. શુદ્ધાત્માની પરિણિતમાં આવા વ્યવહાર આચારોમાં વિકલ્પ નિમિત્તરૂપે હોય છે તો એને 'અંગીકાર કરું છું,' એમ વ્યવહારનયથી (કહેવામાં આવે છે). બાકી તો એ શુભરાગને કરું એવું પણ બુદ્ધિમાં હોતું નથી. વ્યવહાર જ્ઞાનના આચાર આઠ, સમકિતના વ્યવહાર આઠ, ચારિત્રના આઠ. સમજાય છે? એ અને તપાચારના વગેરે. અને વીર્યાચાર. એ બધા શુભ રાગ કરું એવી બુદ્ધિ પણ નથી જેને. છતાં તેને અંગીકાર કરીને.. તારા પ્રસાદથી શુદ્ધાત્માની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તને અંગીકાર કરું. કહો! એ વ્યવહારનયની પદ્ધતિના કથનો છે. એને એમ ન સમજે અને એમ માની લે કે એ પણ અંગીકાર કરવા જેવો છે.

એ કરવું, બુદ્ધિમાં કર્તૃત્વ કરવા જેવું છે એમ કરું, લાવ હું કરું, પરિણતિ એની છે, સમજાણું કાંઈ? પણ શુભરાગ કરવા જેવો છે એવી બુદ્ધિ હોય ત્યાં સમ્યક્જ્ઞાન રહેતું નથી.

એને ઠેકાણે અહીં તો કહે છે કે અભ્યુત્થાન. મેળવો બે વાતને. બેયની કુંજી. સમજાણું કાંઈ? એ નિશ્ચય કહે છે તે યથાર્થ છે, વ્યવહાર કહે છે તે નિમિત્તને દેખીને અન્યથા કથન કરે છે. એમ એનું જ્ઞાન ન કરે તો નિશ્ચય અને વ્યવહારમાં તદ્દન વિરોધ લાગે. એનો વિરોધ ટાળે નહિ તો એને વિરોધ લાગે. ખરેખર વિરોધ છે નહિ. કથનની પદ્ધતિ એવી છે. કહો, સમજાણું? કોણ કોનો સત્કાર કરે? આવે છેને ઓલામાં નહિ? યોગસાર. આવે છે? શું આવે છે? ચાર લીટી એકસાથે આવે છેને? એક શ્લોક. કોણ કોની સમતા કરે? કોણ કોની સેવા કરે? કોણ કોની પૂજા કરે? કોણ કોની નિંદા કરે? કોણ કોની પ્રશંસા કરે? એવું આવે છે. અહીં કહે છે, સત્કાર કરે. લે! યોગસારમાં એમ આવે, અહીં કહે કરે. ભાઈ! કરવાનો અર્થ-શુભરાગ એવો આવે. એને કરે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**શ્રમણોને પોતાનાથી અધિક ગુણવાળા (શ્રમણો) પ્રત્યે...**' ઊભા થાવું, એને ગ્રહણ કરવા (અર્થાત્) આદરથી સ્વીકારવા. એમ. આદરથી સ્વીકાર. એમ નહિ કે કાંઈ (નહિ), બેઠા અને થઈ રહ્યું. આવો, આવો, આવો. પધારો, પધારો, પધારો. આદરથી સત્કાર કરે. ભાષા પણ ન (નીકળવાની) હોય તો? હવે સાંભળને! રાગ એવો હોય એટલે એવી ભાષા લગભગ થયા વિના રહે નહિ. ભાષા ભાષાને કારણે, રાગ રાગને કારણે, બેય ભિન્ન ચીજ છે. રાગથી બોલાય નહિ અને બોલાય માટે રાગ થાય એમ પણ નથી. બેય ચીજ ભિન્ન છે પણ ખબર નહિ. આવા લખાણ આવે ત્યાં ઘોડા થઈ જાય, બેય નય સાચા છે. નિશ્ચય અને વ્યવહાર બેય સમકક્ષી છે. બેનો વિષય છે એ બરાબર છે, બેનું જ્ઞાન છે એ બરાબર છે, પણ બે સમકક્ષી છે એમ બરાબર નથી. એક આદરણીય છે અને એક છોડવા જેવું છે. છોડવા જેવાનું વ્યવહારનયનું કથન કહે અંગીકાર કરવો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ ૨૬૨ પૂરી થઈ.

૨૬૩. '**હવે શ્રમણાભાસો પ્રત્યે સર્વ પ્રવૃત્તિઓ નિષેધે છે :—**' સાચા સંતો, સાચા સંત પ્રત્યે આવું કરી શકે છે. પણ સાચા સંતોએ ખોટી શ્રદ્ધાવાળા પુણ્યમાં ધર્મ મનાવનારા, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પુણ્ય એમાંથી કલ્યાણ મનાવનારા, દેહની ક્રિયા આત્મા કરી શકે એવું મનાવનારા-એના પ્રત્યે સાચા મુનિઓએ આદર કરવો નહિ. કહો, સમજાણું કાંઈ? અહીં તો કહે છે, સર્વ પ્રવૃત્તિઓનો નિષેધ છે. સાચા ધર્માત્મા એવા ખોટા ધર્માત્માઓની કોઈપણ પ્રવૃત્તિ કરી શકે નહિ. દુનિયા એમ કહે કે અરે..! આ તો માની છે. ઈ ગમે તે હોય. ખોટાનો આદર સાચા કરી શકે નહિ.

अब्भुट्ठेया समणा सुत्तत्थविसारदा उवासेया।
संजमतवणाणड्ढा पणिवदणीया हि समणेहिं।।२६३।।

**મુનિ સૂત્ર-અર્થપ્રવીણ સંયમતપજ્ઞાનસમૃદ્ધને,**
**પ્રણિપાત, અભ્યુત્થાન, સેવા સાધુએ કર્તવ્ય છે. ૨૬૩.**

લ્યો. કર્તવ્ય છે. કરવાનું નાખ્યું. ક્યાં છે શબ્દ એમાં? ... કરવું એમ આવે છેને? પ્રણિપાત કરવાયોગ્ય છે એમ નાખ્યું છેને? '**प्रणिपतनीया**'. ઓહો..! નિયમસારમાં કહે કે '**णियमेण य जं कज्जं**'. કુંદકુંદાચાર્ય નિયમસારમાં કહે, નિશ્ચયથી કરવાલાયક તો આત્માની અંદર શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર વીતરાગદશા. એ '**णियमेण य जं कज्जं**' નિયમથી જે કરવાલાયક હોય તે વીતરાગી પરિણતિ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એ નિશ્ચયની વાત છે. વ્યવહારથી કહે છે કે આવું કરવું. એ વ્યવહારનયનો વિષય તેમાં નિમિત્ત પડે છે. એવી ક્રિયાઓમાં શુભરાગનું નિમિત્ત છે એથી એને કરવું એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

'**ટીકા :— જેમને સૂત્રોમાં અને પદાર્થોમાં વિશારદપણા વડે...**' જુઓ! જે મુનિઓ એવા હોય કે સૂત્રો-મૂળ શબ્દો શાસ્ત્રના અને પદાર્થો—દ્રવ્ય, ગુણ અને પર્યાય. આત્મા, જડ ચૈતન્ય ભિન્ન ભિન્ન શું છે? એના વિશારદપણા વડે. '**विशारदा**' પાઠ છે. '**सुत्रार्थविशारदा**' '**(સૂત્રોના અને સૂત્રકથિત પદાર્થોના જ્ઞાનમાં નિપુણ)** ' એમાં જ્ઞાનમાં નિપુણ હોય છે. '**સંયમ, તપ અને સ્વતત્ત્વનું જ્ઞાન પ્રવર્તે છે...**' એમ કહે છે. એકલું સંયમ ને તપ એમ નહિ. શાસ્ત્રોના ભાવ અને પદાર્થ એના વાસ્તવિક સ્વરૂપ વડે સંયમ... અને પછી સંયમ અને પછી તપ અને સ્વતત્ત્વનું જ્ઞાન પ્રવર્તે છે. સ્વતત્ત્વ નિજાનંદ પ્રભુ આત્મા જ્ઞાનસ્વરૂપ પરમાનંદની મૂર્તિ હું છું એમ મુનિઓને સ્વતત્ત્વનું જ્ઞાન પ્રવર્તે છે.

'**તે શ્રમણો પ્રત્યે જ...**' એમ. શાસ્ત્રો સર્વજ્ઞ ભગવાનના કહેલા એમાં નિપુણ, ભગવાને કહેલા ત્રિલોકનાથ દેવાધિદેવે પદાર્થો કહ્યા એમાં નિપુણ. વિશારદ અને સંયમ, તપ અને સ્વતત્ત્વનું જ્ઞાન પ્રવર્તે છે. સંયમમાં પ્રવર્તે છે, અંદર મુનિપણામાં પ્રવર્તે છે અને સ્વતત્ત્વનું જ્ઞાન પ્રવર્તે છે. તે '**પ્રત્યે અભ્યુત્થાનાદિક...**' કહો, આ વીતરાગમાર્ગ સિવાય બીજે બધે હશે? કેટલાક કહે કે ણમો લોએ સવ્વ સાહુણં. એમાં ક્યાં કીધું છે કે જૈનના સાધુને નમસ્કાર કરવો? ણમો લોએ સવ્વ સાહુણં. બધા સાધુને નમસ્કાર. એ બધા સાધુ એટલે આ. સમજાય છે? જૈન સર્વજ્ઞ પરમાત્મા સિવાય ક્યાંય સાધુ સાચા હોય નહિ. અન્યમતમાં બાવા હોય, નાગા હોય, જંગલમાં ફરે તોય બધા મિથ્યાદૃષ્ટિ ખોટા છે. કેટલાક એવો અર્થ કરે છે, ણમો લોએ સવ્વ સાહુણં એમાં ક્યાં છે ણમો લોએ જૈન સાહુણં. અહીં કહે છે કે સાંભળ તો ખરો. કોને સાધુ કહેવા?

જેને સર્વજ્ઞ પરમાત્માએ આત્મા કહ્યો એના સ્વરૂપને સાધતો હોય અંદર. સાધતો હોય તો પર્યાય થઈ, દ્રવ્ય ત્રિકાળ થયું, ગુણ ત્રિકાળ થયા, વિકાર પહેલો હતો એ બધી વાત સર્વજ્ઞ સિવાય વીતરાગમાર્ગ સિવાય બીજે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? સાધક સાધક થઈને મરે છે કે નહિ? સાધકમાં રહ્યા છેને વીસ વર્ષ. શું સાધવું? ૐ ૐ કરવું એના જાપ કરવા. હવે એ તો વિકલ્પ છે. પર્યાય અંદર શું? ગુણ શું? દ્રવ્ય શું? એ સર્વજ્ઞ વીતરાગદેવ સિવાય ત્રણ કાળમાં ત્રણ લોકમાં

બીજે હોઈ શકે નહિ. ગમે એટલા વાતું કરે, ફલાણા આ ને ફલાણા આ. આવે છેને અરવિંદનું આ. અરવિંદનું તત્ત્વજ્ઞાન, ફલાણાનું.. બધું અતત્ત્વજ્ઞાન છે. સમજાણું કાંઈ? લોકોને મગજ ન મળે. વીતરાગમાર્ગમાં શું કહ્યું છે એની ખબર ન મળે. જ્યાં ત્યાં ભટકાય અને ભડકાવ્યે ભડકાય.

અહીં તો કહે છે, જૈનના સાધુઓ કેવા હોય? જૈનના પણ સાધુ કેવા હોય? એ જ સાધુ (છે), બીજા સાધુ હોઈ શકે નહિ. સર્વજ્ઞે કહેલા સૂત્રોના ભાવને બરાબર જાણતો હોય. અહીં નિશ્ચયથી છે, અહીં વ્યવહારથી છે, અહીં નિમિત્તથી છે, અહીં ઉપાદાનથી છે. એમ સૂત્રોને બરાબર નિપુણ જ્ઞાનથી જાણતો હોય. ૨૬૭મી ગાથામાં ચાલ્યું આવે છેને. '**અને પદાર્થોમાં...**' પદાર્થો... એક પદાર્થ નથી કાંઈ, તેથી પદાર્થો કહ્યા છે. ઘણા પદાર્થો છે. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, આકાશ એ બધા છએ દ્રવ્યનું જેને યથાર્થ જ્ઞાન હોય, બરાબર જ્ઞાન હોય. આડુંઅવળું ઘાલમેલ વિનાનું ચોખ્ખું જ્ઞાન હોય. અને તે સ્વતત્ત્વનું જ્ઞાન સાથે પાછું એમ. સમજાણું કાંઈ? એમ પહેલું નાખ્યું. ઓલું તો કહે, પણ આ આત્માના જ્ઞાન સહિત એ બધાનું જ્ઞાન હોય એમ કહે છે. સમજાણું કાંઈ? એકલા સૂત્રોનું અને એકલા પદાર્થોનું, પરનું એ નહિ. નિજતત્ત્વનું પણ જ્ઞાન પ્રવર્તે. હું એક આત્મા છું, પર્યાયમાં ભલે નબળાઈ હો, પણ ગુણે અને દ્રવ્યે હું પરિપૂર્ણ છું. વસ્તુએ અને શક્તિઓએ પરિપૂર્ણ છું. પર્યાયે નબળાઈ છે એ પુરુષાર્થની કમીને લઈને છે. એમ જેને સ્વતત્ત્વનું જ્ઞાન અંતર્મુખ થઈને પ્રવર્તતું હોય છે એને અહીં સાધુ કહેવામાં આવે છે. હશે ને બીજા આવા કોઈ હશે? નહિ?

'**તે શ્રમણો પ્રત્યે જ...**' એમ છે. આવા સાધુઓ પ્રત્યે જ, બીજા પ્રત્યે નહિ. ભઈ, પૂર્વે ભણાવનારા હતા બ્રાહ્મણ અમારા ગુરુ કાશીમાં. અને અમને બોધ આપ્યો હતો સંસ્કૃત, વ્યાકરણનો, માટે અમે સાધુ થયા પણ ઉપકાર કાંઈ ભૂલાય? માટે પધારો, પધારો, પધારો. પોતાની પાટે બેસાડે, પોતાની સાથે બેસાડે. સત્કાર કરવો કે નહિ એનો? ધૂળમાં પણ નહિ. એની સાથે શું સંબંધ છે? સંસ્કૃત અને વ્યાકરણ શીખવ્યું એ અમારા ગુરુ એ ગુરુ ક્યાંથી આવ્યા? આત્માના સ્વભાવને શીખવ્યો અને શુદ્ધાત્માનો ઉપદેશ દીધો હોય અને જેના નિમિત્તે (બોધ પામે) એને ગુરુ કહેવામાં આવે. સંસ્કૃત ને વ્યાકરણના ભણાવનારા તો અભવિ પણ હોય. સમજાણું કાંઈ? માટે પહેલું એમ કે એનાથી શીખ્યા માટે એને અમારે આદર (આપવો જોઈએ). સાધુ પણ નહિ અને ઓલો ઉપકારી પણ નહિ.

અહીં તો કહે છે, સમજાણું? આવા '**શ્રમણો પ્રત્યે જ અભ્યુત્થાનાદિક...**' ઊભા થાવું, ગ્રહણ નામ સત્કાર કરવો વગેરે '**પ્રવૃત્તિઓ અનિષિદ્ધ છે,...**' અનિષિદ્ધ છે. નિષેધ નથી એમ. શુભરાગ છેને. તેથી નિષેધ નથી. એ વખતે એને આવે છે. દૃષ્ટિમાં નિષેધ છે, આદર નથી રાગનો. પણ ચારિત્રની અપેક્ષાએ આ ભૂમિકામાં આવા રાગનો નિષેધ નથી. એટલે ત્યાં રાગ ન હોય એમ બનતું નથી. સમજાણું કાંઈ? એ '**અભ્યુત્થાનાદિક પ્રવૃત્તિઓ અનિષિદ્ધ છે,...**' પણ નિષેધ (છે) એમ નથી. '**પરંતુ તે સિવાય બીજા શ્રમણાભાસો પ્રત્યે...**' ત્યાં નિષેધ નથી આવા મુનિ

પ્રત્યે. બાકી બીજા પ્રત્યે નિષેધ જ છે. ગમે એવા ભણેલા સંસ્કૃતના, વ્યાકરણના પ્રોફેસર મોટા હોય અને નિજતત્ત્વનું ભાન ન મળે. આત્મા શું ચીજ છે, વીતરાગી આત્માની દશા શું હોય, એની ખબર વિનાના એવા સાધુ મોટા નગ્ન મુનિ ફરે દિગંબર, સમજાય છે કાંઈ? પણ જેને નિજતત્ત્વનું ભાન નથી અને જેને શાસ્ત્ર ને પદાર્થ વીતરાગે કહેલા, હોં! એનું વિશારદપણું નથી—એની પ્રવૃત્તિ નિષેધ છે. એનો આદર કરવો નહિ, સત્કાર કરવો નહિ, ઊભા થાવું નહિ.

'**બીજા શ્રમણાભાસો પ્રત્યે તે પ્રવૃત્તિઓ નિષિદ્ધ જ છે.**' ઓહો..! સમજાણું કાંઈ? જે પુણ્યથી ધર્મ મનાવનારા, દેહની ક્રિયા મનાવનારા, એક જ દ્રવ્ય માનનારા એવા ગમે એવા નગ્ન ને બાવા જંગલમાં ફરતા હોય અને મહિને મહિને આહાર કદાચિત્ લેતા હોય તોપણ તે મિથ્યાદષ્ટિ આદરવા લાયક નથી. સમજાણું કાંઈ? બાહ્યનો અભ્યાસ... કીધુંને એક બાવો હતો, જોરાવરનગર, એવો નાગો ગાંડો હતો. જૈનના માણસને એવું થઈ ગયું હતું એ વખતે કે જંગલમાં રહે છેને, કંઈક હશે એનામાં. મારે જાવું જંગલ દિશાએ દરરોજ ત્યાં એક માઈલ, સવા માઈલ છેટે અને ઈ ન્યાં પાણી પીવા આવે ગાંડો. સૂરજ સામું જોઈને આમ આમ કરે ને આમ આમ કરે. ઈ જ્યાં ગામમાં આવે ત્યાં લોકો આદર આપે. ઓહો..હો..! જંગલમાં રહે ભાઈ અને નગ્ન. જૈનમાં કહેવાણું છે કે નગ્ન મુનિ હોય ઈ (જંગલમાં રહે). પણ આવા નાગા નહિ. સમજાણું કાંઈ? ન મળે ચૈતન્યનું ભાન, ન મળે આત્માની પર્યાય શું, શુદ્ધતા શું. એવા શ્રમણાભાસ જૈનના દિગંબર નામ ધરાવનારા હોય, પણ દિગંબર સાધુ હોવા છતાં નિજતત્ત્વનું ભાન નથી, સૂત્ર અને પદાર્થનું જ્ઞાન નથી, સંયમ, તપ સહિત નથી તો એનો આદર કરવો, સત્કાર કરવો એનો નિષેધ છે. એનો આદર થઈ શકે નહિ. એવો ચરણાનુયોગની વિધિનો આ પ્રકાર છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૯, રવિવાર, તા. ૭.૧૦.૧૯૬૨**
**ગાથા-૨૬૪ થી ૨૬૬, પ્રવચન-૨૩**

આ પ્રવચનસાર, કુંદકુંદાચાર્યકૃત ચરણાનુયોગસૂચક ચૂલિકા ચાલે છે. આખરની ગાથાઓ છે છેલ્લી. સાધુપદની વ્યાખ્યા ચાલે છે. સાધુઓ કેવા હોય? જેમાં સ્વતત્ત્વના ભાન સહિત આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે અને વિકારને જાણનારો, પરને જાણનાર, સર્વ વિશ્વને જાણનાર એવો હું છું એવા નિજતત્ત્વ સહિત જેને સંયમ, તપ આદિ વર્તતા હોય એવા સાધુઓને બીજા સાધુ વંદન, નમસ્કાર, સ્તુતિ, સત્કાર કરી શકે. પણ જે શ્રમણાભાસ છે, દ્રવ્યલિંગ ધારણ કરે છે પણ તત્ત્વજ્ઞાનનું ભાન નથી, વસ્તુનું ભાન નથી એવાઓના વંદન, નમસ્કાર સ્તુતિનો નિષેધ છે. એમાં બીજા સાધુ એનો વંદન, નમસ્કાર, સ્તુતિ, વૈયાવૃત્ત્ય કરે નહિ. એ ગાથા ચાલે છે. ગાથા ૨૬૪.

'**હવે કેવો જીવ શ્રમણાભાસ...**' કે જેને વંદન, સત્કાર, નમન, આદર ન કરવો એ કેવા હોય છે અનું વર્ણન ૨૬૪માં કરે છે.

**ण हवदि समणो त्ति मदो संजमतवसुत्तसंपजुत्तो वि।**
**जदि सद्दहदि ण अत्थे आदपधाणे जिणक्खादे।।२६४।।**
**શાસ્ત્રે કહ્યું--તપસૂત્રસંયમયુક્ત પણ સાધુ નહીં,**
**જિન-ઉક્ત આત્મપ્રધાન સર્વ પદાર્થ જો શ્રદ્ધે નહીં. ૨૬૪.**

'**ટીકા :— આગમનો જાણનાર હોવા છતાં...**' સાધુ દ્રવ્યલિંગીને આગમનું જ્ઞાન હોવા છતાં, સંયત હોવા છતાં, પાંચ ઈન્દ્રિય છ કાયની અને મનની સંયમવૃત્તિ હોવા છતાં. આ બાહ્ય સંયમની વાત છે, નિશ્ચયસંયમ નહિ, વ્યવહારની વાત છે આ. આગમનો બરાબર જાણનાર હોય તોપણ અને સંયતનો વ્યવહાર જેનો સંયમ, અઠ્યાવીશ મૂળગુણ, ઈન્દ્રિયનું દમન, છ કાયની હિંસાનો ત્યાગ એવો બરાબર હોવા છતાં પણ અને '**તપમાં સ્થિત હોવા છતાં પણ,...**' મુનિપણું જે કહેવાય વ્યવહારમાં એમાં બરાબર એ સ્થિત છે. એમાં ક્યાંય વ્યવહારમાં દોષ લાગતો નથી.

'**જિનોક્ત અનંત પદાર્થોથી ભરેલા વિશ્વને...**' હવે અહીં કહે છે. '**जिणक्खादे**' વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા જેણે અનંત પદાર્થ જોયા છે અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ વગેરે, એ પદાર્થનું જેવું સ્વરૂપ છે એને અહીંયા વિશ્વ કહેવામાં આવે છે. જિનોક્ત— વીતરાગ તીર્થંકર જૈન પરમેશ્વરે જે કહ્યા અનંત પદાર્થથી ભરેલું વિશ્વ, એ વિશ્વ કેવું છે? એ જ્ઞાનમાં જણાઈ જાય એવો આત્મા છે એમ કહે છે. સમજાય છે કાંઈ? અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાલાણુઓ, છ દ્રવ્ય, એના ગુણો, એની પર્યાયો, વિકાર વગેરે આખું વિશ્વ, જે આત્માના જ્ઞાનમાં એ વિશ્વ બધું પી જવાય છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? એ વીતરાગે કહેલા પદાર્થ પાછા, અન્યમતિઓએ કહેલા નહિ. એવા અનંત આત્માઓને, પરમાણુને, શુદ્ધને, અશુદ્ધને બધાને.

'**કે જે (વિશ્વ) પોતાના આત્મા વડે જ્ઞેયપણે પી જવાતું હોવાથી...** ' ઓહો..! આત્માનો સ્વભાવ સ્વસહિત બધા વિશ્વને જાણવાનો એનો સ્વભાવ અંતર નીચે (ગુણસ્થાનમાં) ભાવશ્રુતજ્ઞાનમાં છે. સમજાય છે કાંઈ? જાણવાનો. આત્મા સિવાય અનંત પદાર્થ બીજા એનું કાંઈ કરવાનો કે અનંત આત્માઓ છે નિગોદના એની દયા પાળવાનો એ આત્મામાં સ્વભાવ નથી. એને મારવાનો એ આત્મામાં સ્વભાવ નથી. પણ અનંત પદાર્થ જે રીતે અનંત આત્માઓ નિગોદ આદિમાં, સિદ્ધ આદિમાં અને અનંત પરમાણુઓ આ સ્કંધ પિંડમાં જે રીતે છે એને જ્ઞાન પી જાય એવો આત્મા છે. સમજાણું કાંઈ? 'સબ આગમભેદ સુ ઉર બસે'. આગમે કહેલા પદાર્થ અનંત આત્માઓ વગેરે જિનોક્ત-સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ એમણે કહેલા પદાર્થથી ભરેલું વિશ્વ સમસ્ત જગત '**કે જે (વિશ્વ) પોતાના આત્મા વડે જ્ઞેયપણે પી જવાતું હોવાથી...**'

જુઓ! આત્માની વ્યાખ્યા કરે છે. આત્મા કેવો છે? કે આત્મા પોતા વડે-નિજ વડે એ બધા લોકાલોકના પદાર્થને જ્ઞાન જાણી શકે એવી તાકાતવાળો આત્મા. ઓહો..હો..! સમજાય છે? આવા આત્માને જો. અંતર સ્વપરપ્રકાશક પૂર્ણસ્વરૂપ જ છું, જાણનાર જ્ઞાતા દૃષ્ટા છું, અનંત પરપદાર્થ હો. લોકો કહે છેને? ભગવાને અનંતા નિગોદના અનંતા જીવ કીધાં. બટાટાના-આલુના, ફલાણા અનંતા માટે એની દયા પાળવાનું આત્માને કહ્યું છે. તું આત્માને જાણતો નથી. સમજાણું કાંઈ? એમ ભગવાને કહ્યું જ નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કરી શકે નહિ એમ કહે કેમ? ભગવાને અનંત... આવે છેને મોટી તકરાર બે વચ્ચે? તેરાપંથી અને સ્થાનકવાસી વચ્ચે આવે છે. ઓલા કહે 'છ કાય જીવ રક્ષણ ...' એક સંપ્રદાય કહે છે સામે, છ કાયના જીવની રક્ષા માટે ભગવાને પ્રવચન કહ્યા. બીજો કહે છે, રક્ષા માટે નહિ, નહિ મારવા માટે પ્રવચન કહ્યા. એક રક્ષામાંથી બે અર્થ કાઢે છે. સેઠી! સમજાય છે કાંઈ? તેરાપંથી એમ કહે છે કે રક્ષક થયા ભલે એ શબ્દ હો. પ્રશ્નવ્યાકરણમાં એ શબ્દ છે. છ કાય જીવ રખણ થયા. છ કાય જીવની રક્ષા. ૩૨ સૂત્રમાં છે આ. આ સ્થાનકવાસી કહે છે, છ કાયની દયા પાળવા માટે ભગવાને પ્રવચન કહ્યા. ઓલા કહે કે રક્ષા કરાય નહિ. રક્ષા કરાય નહિ એટલે કરી શકાય નહિ ઈ તો માનતા જ નથી. પણ છ કાયની આપણે રક્ષા કરીએ તો તો પરિણામ પાપના થાય. એની રક્ષા ન હોય. એને ન મારવાનું ભગવાને પ્રવચનમાં કહ્યું છે. અહીં કહે છે કે ત્રીજું કહ્યું છે પ્રવચનમાં. તમે બેય કહ્યા એ વાત ભગવાને કહેલી નથી. સમજાય છે કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા એમણે જે કહેલા પદાર્થો એ પદાર્થનું જ્ઞાન કરી શકે એવો આત્મા કહ્યો છે. આત્મા એ પદાર્થને રક્ષે, ભક્ષે, ખાય, પીવે, તે પદાર્થને.. સમજાય છે? દયા પાળે, મારે એવું આત્માના સ્વરૂપમાં કોઈ દિ' નથી. સમજાય છે કાંઈ? મોટી તકરાર. એના મોટા સંપ્રદાય બે પડ્યા. એક સ્થાનકવાસી અને એક તેરાપંથી. બે. એક સૂત્ર છે પ્રશ્નવ્યાકરણમાં છે આખું. 'છ કાય જીવ રખણ... ' તકરાર. બેયની વાત ખોટી છે. ભગવાને સર્વજ્ઞ પોતે સર્વજ્ઞ થયા. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન. બસ! એ સર્વજ્ઞે કહ્યું કે ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થને તું જાણનારો છો એ તારું જ્ઞાન. લે!

આ જ્ઞેય જેટલા છે અનંતા એ બધાને જાણવાની તાકાતવાળો આત્મા એને આત્મા કહેવામાં આવે છે. આ આત્માની વ્યાખ્યા આ આત્મા છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. સર્વજ્ઞ જ્ઞાનસ્વરૂપ છે અને પ્રગટ પૂર્ણ થઈ ગયા. એમ આત્મા પણ જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન.. જ્ઞાન. એ જ્ઞાનમાં અનંતા નિગોદ જીવ એને પી જાતા 'છે' એવું જ્ઞાન કરી લ્યે. સમજાય છે કાંઈ? વાડીભાઈ! આ લોકો કહે, લ્યો, ભગવાને પરની દયા માટે નિગોદના જીવ કહ્યા અને એ આત્માનું કાર્ય છે કે પરજીવનું રક્ષણ કરીને દયા પાળવી. અરે..! પ્રભુ! એ વસ્તુના સ્વરૂપમાં નથી. એ અનંતા નિગોદના જીવ, અસંખ્ય જીવ ત્રસ, અસંખ્ય ત્રસ છે, અનંત નિગોદ છે એ બધા છે એનું જ્ઞાન આત્મા કરી લ્યે એવો

આત્માનો સ્વભાવ છે. અને એનો એ સ્વભાવ છે કે જ્ઞાનમાં જ્ઞેય થઈ જાય એવો એનો સ્વભાવ છે. પણ એ પરથી રક્ષા થાય એવો એનો સ્વભાવ નથી અને આત્મા એની રક્ષા કરી શકે એવો આત્માનો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? ક્યાં સર્વજ્ઞસ્વભાવ, ક્યાં વીતરાગનું કહેવું અને ક્યાં જગતનું માનવું. કહો, સમજાણું આમાં? એમાં તકરાર કરે, નહિ આમ કહ્યું, ઓલા કહે, આમ કહ્યું. દયા પાળવી અને દયા ધર્મનું, શું કહે છે? મૂળ છે. દયા ધર્મનું મૂળ છે.' દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવ મુક્તિએ ગયા, દયા તણા પ્રમાણ.' સાંભળ્યું છે કે ...ભાઈ? એવું આવે છે. વ્યાખ્યાન પછી બોલે છે. 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવ મોક્ષે ગયા..' અને પછી અનંતા જીવ નરકે ગયા, હિંસા તણા પ્રમાણ. એ બે વાત આવે છે. આવે છે કે નહિ? હિંસા દુઃખને એની સામે નાખ્યું. હિંસા દુઃખ. અહીં કહે છે કે બેય વાત તારી ખોટી છે. આહા..!

ભગવાન! તું આત્મા છો. આત્મા તે જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. એ આત્માને કેવો કહેવો? અને કેવો છે? કે અનંત પદાર્થનું જ્ઞાન જે છે એને પી જાય છે. પી જાય છે એમ લીધું છે, જોયું! **'જ્ઞેયપણે પી જવાતું હોવાથી...'** અનંત આત્માઓ એકેન્દ્રિય, બે ઈન્દ્રિય અસંખ્ય, ત્રિઈન્દ્રિય અસંખ્ય, ચૌઈન્દ્રિય અસંખ્ય, પંચેન્દ્રિય અસંખ્ય. એકેન્દ્રિય અનંત નિગોદ, પ્રત્યેક એકેન્દ્રિય અસંખ્ય. એ બધા અને એક પરમાણુથી માંડીને અનંતા પરમાણુ. કહો, સમજાણું કાંઈ? સેઠી! આ મકાન બનાવવું કે આ લાડવો તોડવો કે રોટલી બનાવવી એવો આત્માનો સ્વભાવ નથી એમ કહે છે અહીં. એ આત્માનું સ્વરૂપ નથી. પણ જેવા અનંતા પદાર્થો જેમ થઈ રહ્યા, બની રહ્યા, ટકી રહ્યા, પલટી રહ્યા, જેમ છે એને આત્માનું જ્ઞાન જાણી લે. જાણી લે એક સમયમાં જાણી લે. જાણવાનો સ્વભાવ છે એનો.

એ અહીં કહે છે, જે કોઈ સાધુ નામ ધરાવનારો... દિગંબર સાધુ હોં! બીજા તો સાધુ કહેવાતા નથી. બીજાને તો દ્રવ્યલિંગી પણ કહેવાતા નથી. પણ દિગંબર સાધુ આગમનો જાણનાર હોવા છતાં અને ઈન્દ્રિયનું દમન અને પાંચ ઈન્દ્રિયને વશ કરી હોવા છતાં, વ્યવહાર તપમાં એટલે મુનિપણાના આચરણમાં બરાબર હોવા છતાં, સ્થિત હોવા છતાં. વીતરાગ ત્રિલોકનાથે ફરમાવેલા અનંત પદાર્થથી ભરેલું વિશ્વ. વિશ્વ એટલી વાત કરી એક કોર. **'કે જે (વિશ્વ) પોતાના આત્મા વડે જ્ઞેયપણે પી જવાતું હોવાથી...'** ભગવાન આત્મા તે જ્ઞેયને પૂર્ણ જાણવાની તાકાતવાળો આત્મા છે એવી આત્મપ્રધાન જેને શ્રદ્ધા નથી, એવા આત્માની શ્રદ્ધા નથી તેને. **'પી જવાતું હોવાથી આત્મપ્રધાન છે તેને...'** જુઓ નીચે છે. આત્મા જેમાં મુખ્ય છે, પ્રધાન છે. '(આત્મા સમસ્ત વિશ્વને જાણે છે તેથી તે વિશ્વમાં—વિશ્વના સમસ્ત પદાર્થોમાં—પ્રધાન છે).' નામ મુખ્ય છે. કહો, સમજાય છે? ઈ પ્રધાન છે, મુખ્ય છે. બધાને જાણનાર છે. સમજાણું? રાગને જાણનાર, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આવે એનો જાણનાર. અનંતા સિદ્ધ છે એનો આદર કરવો વિકલ્પ એ વસ્તુમાં નથી. આહા..હા..! નિગોદના જીવની પાળવી દયા એ વસ્તુમાં નથી અને અનંતા

સિદ્ધોનો આદર કરું એવો વિકલ્પ પણ આત્મામાં નથી. એ વિકલ્પ પણ અનંતા સિદ્ધો અને અનંતા નિગોદ એને જાણવાનો, પી ગયું જ્ઞાન. બધું આ છે. હું છું, આ છે બેયનું જ્ઞાન પોતામાં પી ગયું છે. પી ગયું છે. જુઓને! અહીં તો જાણે કોળિયો કરી ગયું. કહો, આ છદ્મસ્થની વાત ચાલે છે હોં! છદ્મસ્થના જ્ઞાનમાં આવું હોય છે. એવા સાધુના જ્ઞાનમાં આવો આત્મા (આવે છે કે) હું ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થ જીવને, જડને હું જાણનારો છું, પી ગયો છું. મારા જ્ઞાનમાં જણાઈ ગયું કે આ છે એટલું. આ છે. એવા જ્ઞાનવાળો આત્મા જેની અંતર્મુખથી શ્રદ્ધા નથી, સમ્યગ્દર્શન નથી, એ આવું પાળવા છતાં તે આદરવા લાયક નથી. એને વંદન કરવાલાયક, સત્કાર કરવાલાયક નથી. જુઓ! આ વાત. ઓહો..હો..! માથે કહ્યું છેને? ૨૬૩માં કહ્યું હતુંને? '**તે સિવાય બીજા શ્રમણાભાસો પ્રત્યે તે પ્રવૃત્તિઓ નિષિદ્ધ જ છે.**' આવી પ્રવૃત્તિવાળાનો નિષેધ છે. સમજાય છે કાંઈ? ઓહો..હો..!

આત્મા કેવો કહી દીધું. આત્મા પરને જાણે એટલું જ એનું સ્વરૂપ છે. એ સિવાય આગળ મર્યાદા આઘે લઈને... સમજાણું? કોઈપણ પરમાણુ કે બીજા આત્માઓ એના પ્રત્યે હું આમ લાવું કે આમ કરું, આમ ખસેડું, આમ હટાવું, જુઓ! આ નિમિત્તને મેળવું, નિમિત્તને હઠાવું એવું આત્માના જ્ઞાનમાં, આત્માના સ્વભાવમાં નથી. સમજાય છે કાંઈ? ભઈ, અમે નિમિત્ત મેળવીએ તો ખરાને. ભગવાન! શું કહે છે તું આ? અહીં તો વિશ્વમાં નિમિત્ત ન આવી ગયું? વિશ્વમાં નિમિત્ત ન આવ્યું? વિશ્વમાં એના ઉપાદાનપણે ઈ અને આને નિમિત્ત થવાપણે ઈ. આ જ્ઞાનમાં જ્ઞેય થાય તે નિમિત્ત છે, પણ જ્ઞેયપણે નિમિત્ત છે. અને જ્ઞાન એને જ્ઞેયપણે નિમિત્ત તરીકે જાણે છે. જાણનાર જાણે છે. જ્ઞાનમાં એ જ્ઞેયને હઠાવવું કે નજીક કરવું કે દૂર કરવું, મેળવવું કે છોડી દેવું એવું જ્ઞાનમાં નથી, એવું એ જ્ઞેયમાં નથી. સેઠી! કહો, સમજાય છે કાંઈ? ભાષા-બાષા સમજે છે કે નહિ? આ દિલ્હી. ભાષા સમજો છો કે નહિ ગુજરાતી? થોડી થોડી.

એમ કહે છે કે સાધુ કોને કહેવા? સાધુ. અહીં તો ઓળખાણ બતાવે છે, નવ તત્ત્વની શ્રદ્ધા કરાવે છે. નવ તત્ત્વ છેને? ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમશ્વરે કહેલા એવા જે નવ પદાર્થ છે, નવ તત્ત્વ છે. એમાં છ દ્રવ્યના એ વિશેષ છે. તો કહે છે કે સમ્યક્ જેટલા પદાર્થ આત્મા જગતમાં દેખે છે, અનંત આત્માઓ, અનંત સિદ્ધો, અનંત પરમાણુઓ બધાને આત્મા જાણવાનો સ્વભાવ રાખે છે. એની દયા પાળવાનો કે એને મારવાનો આત્માનો સ્વભાવ નથી. કોઈપણ એમ માને કે હું પરની દયા પાળી શકું છું, પરને હેરાન કરું છું, હું પરથી લાભ ઉઠાવી શકું છું, પરને લાભ આપી શકું છું એમ માનનારાએ આત્મા માન્યો, જાણ્યો જ નથી. એ મિથ્યાદષ્ટિ છે. સમજાય છે કાંઈ? સેઠી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ જ્ઞેય છે અને તું જ્ઞાન છે. જ્ઞાનનો તારો સ્વભાવ જ્ઞેયને જાણવાનો છે, જ્ઞેયની રક્ષા કરવી એ તો પોતાની પર્યાયથી રક્ષા એમાં થાય છે. એના પોતાથી એનું ટકવું અને પરિણમન

પોતાથી થાય છે. તારાથી પર આત્મામાં અને પર પરમાણુમાં કદી થતું નથી. ધર્મચંદજી! શું છે? એક શબ્દમાં તો કેટલું નાખી દીધું! ઓહો..હો..!

કહે છે કે એ સાધુ દ્રવ્યલિંગી હો, દિગંબર હો, અઠ્યાવીસ મૂળગુણ પાળતો હોય, અપવાસ આદિ માસ માસના કરતો હોય અને આગમનો જાણકાર વિદ્વાન પંડિત હો, છતાં અનંત પરપદાર્થ જે આત્માથી ભિન્ન છે એની હું કાંઈક રક્ષા કરી શકું છું, ભાંગફોડ નામ એની પર્યાયમાં પલટો કરી શકું છું, એને મારી શકું છું એવી જેની દૃષ્ટિ છે એને આત્માની શ્રદ્ધા નથી, તે મિથ્યાદૃષ્ટિ છે. ભારે વાત ભાઈ! કઈ રીતે નાખ્યું પાછું! આસ્રવભાવ જે થયો, પર્યાયમાં દયાનો ભાવ થયો. દયા પાળી તો શકતો નથી, પણ પરજીવ દુઃખી ન થાય એવો ભાવ થયો. એ ભાવ આત્મા કરી શકે છે એમ નહિ. એવો આત્માનો સ્વભાવ નથી. એ આવ્યો એને જ્ઞાન પી ગયું કે આ છે એમ જ્ઞાને જાણી લીધું. એવો આત્માનો સ્વભાવ છે.

મુમુક્ષુ :— તે પણ વિભાવ છે.

ઉત્તર :— વિભાવ છે તો જાણવાનો સ્વભાવ આત્માનો છે અને વિભાવ છે એનો જ્ઞેય થવાનો એમાં સ્વભાવ છે. વિભાવમાં જ્ઞેય થવાનો, આત્મામાં તેનું જ્ઞાન થવાનો (સ્વભાવ છે). એવો આત્મા છે. આવા આત્માને ન જાણે, ન માને, ન શ્રદ્ધે અને બીજી રીતે આત્માને માને અને આગમનો જાણનાર હોય, મોટો વિદ્વાન પંડિત હોય, તપસ્યા પણ બહુ કરતો હોય તોપણ તે મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે. એ જૈનનો સાધુ નહિ અને જૈનની તત્ત્વની શ્રદ્ધાની એને ખબરેય નથી. ન્યાલચંદભાઈ! ભારે વાત! ઓહો..હો..! એક શબ્દમાં કેટલું કરી નાખ્યું છે જુઓ! સમજાણું?

'**ण सद्दहदि ण अत्थे आदपधाणे जिणक्खादे**।' એમ પાઠ છે. વીતરાગ ત્રિલોકનાથ જૈન પરમેશ્વર જેણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા એવા સર્વજ્ઞ પ્રભુ એમણે કહેલા પદાર્થ. ઓલા કહે છેને? આપણે જૈનમાં અનંતા નિગોદના જીવ કહ્યા છે. આપણામાં વનસ્પતિકાયના, આ લીંબડામાં અસંખ્ય જીવ કહ્યા છે, અન્યમાં શું કહ્યું છે? આપણામાં જ એની દયા પાળવાનું વીતરાગમાર્ગમાં કહ્યું છે. એમ છે જ નહિ. એમ વીતરાગે કહ્યું જ નથી, એવો આત્માનો સ્વભાવ જ નથી. સમજાય છે કાંઈ? આપણામાં આમ કહ્યું. આપણામાં જ ધર્માસ્તિકાય કહ્યું છે, જે બીજાને નિમિત્ત થાય ગતિમાં. અધર્માસ્તિકાય ભગવાને કહ્યું છે, સ્થિર થવામાં એ નિમિત્ત થાય. કાળ કહ્યો છે, બીજાના પરિણમનમાં નિમિત્ત થાય. પણ એનું જ્ઞાન કરવું કે છે. એની પર્યાય એમાં ઢળે છે તો એ નિમિત્ત છે એમ જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણવું એ જ પોતાનો સ્વભાવ છે, બીજો કોઈ સ્વભાવ નથી. એની મર્યાદાને અતિક્રમીને જે, પરનું કાર્ય કરી શકું છું અને રાગ હું કરું, હું રાગ બનાવું, દયાનો ભાવ હું રચું એ જ્ઞાનસ્વભાવમાં નથી. જ્ઞાન એને પી ગયું છે એવો સ્વભાવ છે. ઓહો..હો..! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન જે નાખ્યું છે, બધે એક ધારા ચાલી આવે છે વાત. સમજાય છે કાંઈ? વ્યવહાર કરેલો એમ નહિ. જેમ પરવસ્તુ જ્ઞાનમાં જણાય, જ્ઞાન એને જાણી લે. પરવસ્તુ કરવી છે? રચવી છે? છે તેને રચવી શું? એમ રાગ તે સમયે આવે છે તેને રચવો શું?

વ્યવહાર વિકલ્પ આવે છે તેને જ્ઞાન જ્ઞેય તરીકે પી જાય છે, જાણે છે, બસ. સમજાય છે કાંઈ?

જિનોક્ત અનંત પદાર્થ. પાછા અનંત અનંત લીધા. એમાં બેય આવી ગયા. સિદ્ધ ને નિગોદ ને પરમાણુ. એવું જે વિશ્વ. એ વિશ્વ પોતાના આત્મા દ્વારા, પાછું એમ. કેમ લીધું? કે એ વિશ્વ જ્ઞેય છે તેના દ્વારા અહીંયા જ્ઞાન થયું (એમ નહિ). એના દ્વારા રાગ થયો એમ નહિ અને રાગ દ્વારા એની રક્ષા થાય છે એમ નહિ અને રાગનો રચનાર પણ નહિ અને રાગ અને એ બધા પદાર્થ પોતાનું જ્ઞાન—આત્મા વડે જાણવામાં આવ્યા છે. રાગ વડે જ્ઞાન થયું, વિકલ્પ આવ્યો કે આ અનંત આત્માઓ છે, તો એવા વિકલ્પ દ્વારા આત્મામાં જ્ઞાન થયું એવો આત્મા છે જ નહિ. સમજાય છે કાંઈ? અને અનંત પદાર્થ જ્ઞેય છે–અનંત આત્મા કે સિદ્ધ કે નિગોદ કે પરમાણુ એના દ્વારા અહીંયા જ્ઞાન થયું, નિમિત્ત છે તો એના દ્વારા જ્ઞાન થયું (એમ નથી). સમજાય છે કાંઈ? કેટલી વાત એક પદમાં નાખી છે! ઓ..હો..હો..!

આવો આગમનો ભણનાર સંયમ અને એના આચરણરૂપી મુનિનો વ્યવહાર છેને, એ તપ કહ્યું વ્યવહાર. અને એમાં નિપુણ હોવા છતાં, અરે..! મૂળ વાતમાં વાંધા. મૂળ વાતમાં તને વિરુદ્ધ તત્ત્વ તો ચૈતન્ય શું છે એની તો તને ખબર નથી. તું તો માને છે કે મારો આત્મા... લોકો અત્યારે કેટલાક પંડિતો કહે છેને, આટલા આટલા કામ આત્માએ કરી નાખ્યા. બાંધની નહેરૂ ફેરવી નાખી, બંધ બાંધ્યા, આટલા તળાવ કર્યા, આમ કર્યું, જુઓ! આત્માએ કેટલા કામ કર્યા! ધર્મચંદજી! મૂઢ છે. શું છે? તને મિથ્યાશલ્ય લાગ્યું છે. મિથ્યા પાખંડ શલ્યથી તું જોવે છે. એ થાય છે, થયું છે, થાશે. વિશ્વમાં વિશ્વને કારણે સ્થિત રહીને પલટવું થાય છે તેને જ્ઞાન પી જાય છે, જાણે છે કે આમ છે, બસ. એ સિવાય મર્યાદા ઓળંગીને એક પણ રાગ હું કરું, પરને આમ કર્યું, એવો સ્વભાવ માને તે આત્માને માનતો નથી. એની આત્માની શ્રદ્ધા નથી, એને આત્માની પ્રતીત નથી, આત્મા કેવો છે એ એની પ્રતીતમાં આવ્યું નથી. ઓહો..હો..! સમજાય છે કાંઈ? દુર્ગાદાસજી! શું છે?

આત્મા માનીએ છીએ, આત્મા માનીએ છીએ, આત્મા માનીએ છીએ. હું આત્મા છું. સાંભળને! આત્મા છું તો કોને આત્મા કહે છો? સર્વજ્ઞ ભગવાન આત્માને તો જ્ઞાનસ્વરૂપી કહે છે. જાણનાર દેખનાર છે. તો એમાં સર્વ પદાર્થ જાણવા–દેખવામાં આવી ગયા. અને આવી ગયા એ પોતાને કારણે વિશ્વને પી ગયો. વિશ્વ છે તેને કારણે જ્ઞાન થયું નથી તો વિશ્વથી મારામાં કાંઈ થયું એમ નથી અને મારે કારણે વિશ્વમાં ટકી રહ્યું છે એમ પણ વિશ્વમાં નથી. વાડીભાઈ! એક ગોળી લ્યે તો એમાં... આહા..હા..! વૈદ્ય! એક ગોળી આપે તો કાઢી નાખે. આ ગોળી એક છે. સમજાય છે કાંઈ? ક્યાં ગયા મગનલાલજી! નથી આવ્યા? કહો, સમજાણું? ઓહો..હો..!

ચરણાનુયોગની અંદર, આ ચરણાનુયોગની અંદર આ ગાથા. છે તો ચરણાનુયોગ વ્યવહારપ્રધાન કથન. સમજાય છે? કહે છે, સાંભળ તો ખરો પ્રભુ! તારી સત્યતાની તને ખબર નથી અને વિશ્વની સત્યતાની પણ તને ખબર નથી. વિશ્વ અનંત સત્યપણે છે તે જ્ઞેયપણે જણાવવાનો સ્વભાવ એ રાખે છે અને આત્મા જ્ઞાન છે તે પરને જાણવાનો સ્વભાવ રાખે છે. તે સિવાય બીજો સ્વભાવ

વચ્ચે નથી. આ તો ભારે ગડબડ કરે. આનાથી આ થયું ને આનાથી આ થયું ને આનાથી આ થયું. પંચ મહાવ્રત દ્વારા શુદ્ધ ઉપયોગ થયો. સાત પ્રશ્નમાં છે કે નહિ? શું છે? સાતમાં આવે છે કે નહિ? ક્યાં ગયા ગુલાબચંદજી? સાત પ્રશ્ન છે કે નહિ? સમજાવ્યા હતા કે નહિ ક્લાસમાં? પાંચ મહાવ્રત... અરે..! ભગવાન! સાંભળ તો ખરો.

અહીં તો આચાર્ય કહે છે કે ઈ જે મહાવ્રતનો વિકલ્પ ઉઠ્યો એને જાણવાનો સ્વભાવ આત્મામાં છે અને એ જ્ઞેય થવાનો, મહાવ્રતના વિકલ્પમાં જ્ઞેય થવાનો સ્વભાવ છે. એ વિશ્વમાં આવી જાય છે. હવે એનાથી આત્માને શુદ્ધ ઉપયોગ થાય. અરે..! ભગવાન! ક્યાંની ક્યાં વાત..! આહા..હા..! પ્રભુ! આમ જ્ઞાનપ્રકાશ ગોળો છેને? ગોળો. ગોળો એટલે વસ્તુ સ્વરૂપ. ગોળો આ શરીરપ્રમાણ છેને ભિન્ન તત્ત્વ. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાનસૂર્ય. તો કહે છે, વીતરાગે કહેલા અનંત. ત્યારે એમ કહે, અમારામાં અનંત કહ્યા છે. અનંત કહ્યા છે એ જાણવા માટે કહ્યા છે. અનંત કહ્યા છે એ પાળવા માટે નહિ. શું તારા પાળવાથી ત્યાં રહેતા હશે? પાળવું સમજ્યાને? રક્ષા કરવી. એ તો રક્ષિત જ છે બધા દ્રવ્ય. પોતાનું દ્રવ્ય, ગુણ, પર્યાયથી બધા પદાર્થ પોતાથી જ રક્ષિત છે. તારો આત્મા પણ તારા દ્રવ્ય, ગુણ, પર્યાયથી રક્ષિત છે. (તારી) રક્ષા કોઈ કરે તો રહે અને એની રક્ષા કરે તો એ રહે, વસ્તુમાં તો છે નહિ. કહો, સમજાય છે કાંઈ? ઓ..હો..હો..! કુંદકુંદાચાર્યની પદ્ધતિ.. ન હુએ ન હોએંગે. વૃંદાવન (કવિ) કહે છેને? એવી કોઈ પદ્ધતિ. એની શૈલી એની પાસે છે એમ કહે છે મૂળ તો સમજાણું કાંઈ?

**'જિનોક્ત અનંત પદાર્થોથી ભરેલા વિશ્વને—કે જે (વિશ્વ)...'** સમસ્ત અનંત પદાર્થ, લોકાલોક આદિ બધા. **'પોતાના આત્મા વડે જ્ઞેયપણે પી જવાતું હોવાથી...'** આ વસ્તુ છે. આ વસ્તુ છે. પોતાના આત્મા વડે. પાછું એમ નહિ કે વિશ્વ... **'પોતાના આત્મા વડે જ્ઞેયપણે પી જવાતું હોવાથી...'** ઓહો..હો..! પોતાના જ્ઞાનની તાકાત દ્વારા, પોતાના જ્ઞાન સાધન દ્વારા તે જ્ઞેય છે તે જાણે પી ગયું એવો આત્માનો સ્વભાવ છે. આવો આત્મા ન માને અને આત્મામાં કોઈ બીજી રીતે કલ્પના કરે કે હું પરની રક્ષા કરવાવાળો, હું રાગને છોડવાવાળો છું. રાગને તોડવાવાળો એમ અહીંયા નથી કહ્યું. રાગને ઉત્પન્ન કરનારો છું, રાગને તોડનારો છું, વ્યવહારની રક્ષા કરવાવાળો છું, વ્યવહાર બનાવનારો છું, વ્યવહાર હેય કરીને હું છોડવાવાળો છું (એમ નથી કહ્યું). એ તો છૂટતો જાય છે તો હેય કહ્યું છે. પણ આત્મા એ વ્યવહારને પણ જ્ઞાનમાં પી જાય છે. છે, એટલું બસ. જ્ઞાન થયું. આવો જ્ઞાનસ્વરૂપ, આવો જ્ઞાનસ્વરૂપ આત્મા જો માને તો સમ્યગ્દર્શનમાં આત્મા માન્યો કહેવામાં આવે છે. આવા આત્મા સિવાય બીજી રીતે માને (તો) મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે, એ જૈનનો દિગંબર સાધુ હોય તોપણ મૂઢ અનંત સંસારી છે. સમજાય છે કાંઈ? આવા સાધુને વંદન, સત્કાર, નમન કરવાનો નિષેધ છે. કહો, લાલચંદભાઈ! આ તકરાર કરે, લ્યો. દિગંબર સાધુ થઈને (એમ કહે), આમ કરવું, આમ કરીએ, આમ કર્યું. અપવાસ કરો, આમ કરો. શું કરે? સાંભળ તો ખરો. આહારનું છૂટવું એનું જ્ઞાન કરવાની તાકાતવાળો આત્મા, આહાર

નહિ આવવો એનું જ્ઞાન કરવાની તાકાત, આહાર આવ્યો (એનું) જ્ઞાન કરવાની તાકાત, આહારનો વિકલ્પ ઉઠ્યો કે ન લઉં, એ વિકલ્પનું જ્ઞાન કરવાની તાકાત. એમ પોતાના આત્મા દ્વારા જ્ઞેયપણે પી જવાતું.. પી જવાતુંને હિન્દીમાં શું કહે છે? જ્ઞેયપણે.. ભાષા શું છે હિન્દી? પીયા જાના. આમાં છે? ધ્યાન દેવું. પી ગયાની વાત છે એમાં ધ્યાને દેના શું કામ આવે? સમજાય છે? ... જુઓ! ૨૬૪ છેને?

**'અપને આત્માસે જ્ઞેયરૂપસે પિયા જાતા હોનેકે કારણ...'** એમ છે. **'પિયા જાતા હોનેકે કારણ'** આવો હિન્દી શબ્દ છે. **'આગમકા જ્ઞાતા હોને પર ભી, સંયત હોને પર ભી, તપમેં સ્થિત હોને પર ભી, જિનોક્ત અનંત પદાર્થોંસે ભરે હુએ વિશ્વકો—જો કિ (વિશ્વ) અપને આત્માસે જ્ઞેયરૂપસે પિયા જાતા હોનેકે કારણ...'** લો. એવો આત્મા કે જે બધા પદાર્થોમાં પ્રધાન છે. કોઈ પદાર્થમાં એવો સ્વભાવ નથી. ઓ..હો..હો..! એક જ્ઞાનસ્વભાવ! સમજાય છે કાંઈ? આવો આત્મા છે એને ન માને અને બીજી રીતે (માને કે) હું રાગને કરવાવાળો, શરીરને રાખવાવાળો, શરીરને સાધન બનાવીને નિમિત્તે ખસેડવું ને નિમિત્તને મેળવવું એમ માને તો એણે આત્મા માન્યો નથી, એણે મૂઢ મિથ્યાદૃષ્ટિ માની છે. સમજાય છે કાંઈ? તે **'આત્મપ્રધાન હૈ—'** જુઓ! 'જિસમેં આત્મા પ્રધાન હૈ ઐસા, (આત્મા સમસ્ત વિશ્વકો જાનતા હૈ ઈસલિયે વહ વિશ્વમેં—વિશ્વકે સમસ્ત પદાર્થોંમેં—પ્રધાન હૈ).' મુખ્ય છે.

એને **'જે જીવ શ્રદ્ધતો નથી...'** આવા આત્માને શ્રદ્ધતો નથી અને બીજી રીતે આત્માની કલ્પના કરે છે **'તે શ્રમણાભાસ છે.'** તે સાધુ નથી, દ્રવ્યલિંગી પાખંડી અજ્ઞાની છે. ઈશ્વરચંદજી! નવ તત્ત્વમાં સંવર, નિર્જરા કોને હોય છે અને સંવર, નિર્જરાવાળા આત્મા કેવા છે તેને જાણ્યા વિના એની સાચી શ્રદ્ધા ક્યાંથી થશે? સમજાય છે કાંઈ? ભારે ઝીણું ભાઈ! ભડકે. કહો, વજુભાઈ! આ તો લૂગડા-ફુગડાવાળા તો ક્યાંય વયા ગયા. સાધુ લુખા રહે છે. આવા લૂગડાવાળા સાધુ તો ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. પણ કપડા છોડી દીધા, દિગંબર થઈ ગયો પણ આત્મા સર્વ વિશ્વને જાણનાર છે એ સિવાય એની કોઈ વસ્તુ નથી. એમાં પણ જો ગડબડ કરે કે મેં આટલું પાળ્યું, મેં આટલું છોડી દીધું, હું નગ્ન થયો, મેં નગ્નપણું કર્યું, અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ મેં કર્યા તો મૂઢ છે. એ આત્માને જાણતો નથી. સમજાય છે કાંઈ? લ્યો. **'તે શ્રમણાભાસ છે.'** શાહુકારના લિબાસમાં... શાહુકાર આ ... કહે છેને? એમ સાધુના લિબાસમાં તે સાધુ નથી. જો કોઈ ત્રણ કાળ ત્રણ લોકમાં કોઈ એક વચનમાં આવે કે આ રાગ મારું કર્તવ્ય છે અને વાણીથી મેં દુનિયાને સમજાવી દીધી અને દુનિયા મારાથી સમજી જાય છે અને દુનિયાને જરી લાભ થયો મારાથી અને એને લાભ થવાથી મને પણ ધર્મનો લાભ થયો, એમ માનવાવાળા મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. તે સમકિતી નથી તો સાધુ તો છે જ નહિ. સેઠી! શું કરે? સાંભળ્યું જ નથી ત્યાં જયપુરમાં. જયપુરમાં રહીને અજયપુર સાંભળ્યું બધું. કહો, સમજાય છે કાંઈ?

**'હવે જે શ્રામણ્યે સમાન છે તેનું અનુમોદન (-આદર) નહિ કરનારનો વિનાશ**

**દર્શાવે છે :—**' અહીં તો છેલ્લી ગાથાઓ છેને ચરણાનુયોગની. એવા સાધુ હોય, સમ્યક્જ્ઞાની, સમ્યગ્દૃષ્ટિ, સ્વરૂપ રમણતા. પર વિશ્વના એકલા જ્ઞાતા—એવા સાધુને જોઈને બીજા સાધુ દ્વેષ કરે, આદર ન કરે, વંદન વ્યવહાર ન કરે તે મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. સમજાય છે કાંઈ? એ સાધુ મિથ્યાદૃષ્ટિ છે. ઓલો વિશ્વને જાણનારો સ્વભાવ છે એવો આત્મા ન માને તો મિથ્યાદૃષ્ટિ છે. અને આવા આત્મા સંયમી મુનિ છે, બીજા મુનિને જોઈને એનો આદર, સત્કાર, વિનય ન કરે અંદરમાં દ્વેષ કરે દ્વેષ, આ શું? તે પણ મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. તત્ત્વથી ભ્રષ્ટ નામ ચારિત્રથી ભ્રષ્ટ અને તત્ત્વથી ભ્રષ્ટ થઈ જાય છે. ૨૬૫.

**अववददि सासणत्थं समणं दिट्ठा पदोसदो जो हि।**
**किरियासु णाणुमण्णदि हवदि हि सो णट्ठचारित्तो।।२६५।।**

આપણે ગુજરાતીમાં છે, હિન્દીમાં ક્યાં છે.

**મુનિ શાસને સ્થિત દેખીને જે દ્વેષથી નિંદા કરે,**
**અનુમત નહીં કિરિયા વિષે, તે નાશ ચરણ તણો કરે. ૨૬૫.**

'**ટીકા :— જે શ્રમણ દ્વેષને લીધે શાસનસ્થ...**' લ્યો. જૈનશાસનસ્થ '**શ્રમણના...**' આવો શ્રમણ. સમ્યક્જ્ઞાન છે, સર્વ વિશ્વને હું જાણનારો છું. વિશ્વ છે, હું પણ છું, છે તો હું જાણનાર છું અને સ્વરૂપમાં ઠરીને સંયમ અને ચારિત્રવંત છે. તેને શાસનસ્થ—શાસનમાં રહેવાવાળા કહ્યા છે. સમજાય છે કાંઈ? અને રાગ, પુણ્યથી મને લાભ થશે, નિમિત્ત ખસેડીને હું અનુકૂળ નિમિત્ત પ્રાપ્ત કરું, પ્રતિકૂળને ખસેડું તે શાસનસ્થ નથી, તે કુશાસનસ્થ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! અરે..! પ્રભુ! તારી જાત તો જો! આહા..! એવા શાસનસ્થ મુનિઓ ધર્માત્મા, જેને આત્મા સર્વને જાણનાર હું જ્ઞાતા દૃષ્ટા છું, બીજી ભાષાથી એમ કહ્યું. હું તો જ્ઞાતા દૃષ્ટા જ છું. એવા સ્વભાવપૂર્વક સ્વરૂપની સ્થિરતામાં રમનારા એવા શાસન જૈનશાસનમાં સ્થ. શાસન કંઈ આત્માની પર્યાય વિના કંઈ બહાર નથી રહેતું. એ આત્માની વીતરાગી પર્યાય તે શાસન છે.

'**जो पस्सदि अप्पाणं**' ૧૫મી ગાથામાં આવ્યું. '**अबद्धपुट्ठं अणण्णयं णियदं। अविसेसमसंजुत्तं**' '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं। अविसेसमसंजुत्तं**' '**अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।**' જેણે આત્મા, શરીર, વાણી, મન અને રાગથી ભિન્ન કરીને પોતાનો પરિપૂર્ણ આત્મસ્વભાવ કર્મબંધ અને રાગથી ભિન્ન છે એવા દર્શન, જ્ઞાનપૂર્વક અનુભવમાં આવ્યો તેને જૈનશાસનમાં આવવાવાળો આત્મા કહે છે. તેને જૈનશાસનસ્થ (કહે છે). વીતરાગી શાસન છેને જૈનશાસન. રાગ અને પુણ્યમાં રહેવાવાળો, પુણ્યથી લાભ માનવાવાળો શાસનસ્થ છે? વિકલ્પથી ખદબદાટ કરતો હોય કે હું આવું નિમિત્ત લાવું ને આવું નિમિત્ત (લાવું). એક જણો વળી એમ કહેતો હતો કે ભઈ પહેલા જેને નિમિત્તથી વીતરાગતા થઈ હોય એવા નિમત્તને મેળવવા, નિમિત્ત પાસે જવું. પણ નિમિત્ત શું છે તારે? જ્યારે પોતામાં પોતાને કારણે જ્ઞાન થાય છે ત્યારે તેને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત મેળવવું... રહ્યું ક્યાં તારા જ્ઞાનમાં?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ભાવનો શું અર્થ? વિકલ્પ આવ્યો તો મેળવી શકે છે? જાણી શકે છે કે આવ્યું કે ન આવ્યું. એમ વાત છે. ઝીણી વાત છે. સેઠી! એને ... નથી.

કહે છે, આત્માનો સ્વભાવ તો જ્ઞાન છે. તો જ્ઞાનમાં વિકલ્પ આવ્યો ઈ એણે બનાવ્યો છે? તો વિકલ્પથી નિમિત્તને મેળવવું એ વિકલ્પનું કાર્ય છે? જ્ઞાનનું કાર્ય છે? નિમિત્તનું કાર્ય છે કે જ્ઞાનમાં આવો વિકલ્પ આવ્યો તો એનાથી તે આવી જાય. કોઈમાં એવો સ્વભાવ નથી. વિકલ્પ આવ્યો તો જાણવું, નિમિત્ત આવ્યું તો જાણ્યું, નિમિત્ત ન આવ્યું તો એમ જાણ્યું. સમજાય છે?

એક પંડિત એમ કહેતો હતો કે અમે ક્રમબદ્ધ માનીએ છીએ. પહેલા નહોતા માનતા, પછી ક્રમબદ્ધ માનીએ છીએ. માન્યા હવે. ક્રમબદ્ધ માને તો જ્ઞાતા દૃષ્ટા થઈ ગયો. જ્ઞાતા દૃષ્ટા થઈ ગયો તો પછી આવા નિમિત્તથી બીજાને વીતરાગતા થઈ એવું નિમિત્ત હું પ્રાપ્ત કરું તો મને વીતરાગતા થશે. ક્યાંથી આવ્યું તારામાં ઈ? ઈ તો કર્તૃત્વબુદ્ધિ આવી. લાલચંદભાઈ! બહુ ઝીણું પણ હોં! સોનગઢનું માણસને એવું લાગે છેને. કાટ વિનાની વસ્તુ સોનાની લાગે જાણે. આ શું છે? આ શું કહે છે? આ તો એકાંત નિશ્ચય (કહે છે). એકાંત નિશ્ચય એ જૈનશાસન છે. વ્યવહારનું જ્ઞાન કરવું તે જૈનશાસન છે.

તો કહે છે, શ્રમણ, સાધુ થઈને દ્વેષ (કરે) બીજાને દેખીને. સાધુ '**શાસનસ્થ શ્રમણના પણ અપવાદ બોલે છે...**' એની નિંદા કરે. આદર નથી કરતો એ નિંદા કરે છે એમ કહે છે. '**અને (તેના પ્રત્યે સત્કારાદિ) ક્રિયાઓ કરવામાં અનુમત નથી,...** '

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ સમજવા મળે ત્યારે સાંભળ્યું એમ નિમિત્ત કહેવામાં આવ્યું છે. પ્રયત્ન કરે છે, જ્ઞાનની પર્યાય ... નથી. પરનો પ્રયત્ન થઈ શકતો નથી. સમજાય છે કાંઈ? ભારે અટપટી વાત! સોનગઢ જાવું, સોનગઢમાં આમ કરવું, તેમ કરવું. ભાઈ! એ તો તારા જ્ઞાનસ્વભાવમાં આમ જાણ્યું એવું જ્ઞાન આવ્યું. અને શરીર અહીંયા આવ્યું તો જ્ઞાનમાં એમ જાણવામાં આવ્યું. તો મેં શરીરનું કર્યું અને રાગ કર્યો એ વસ્તુના સ્વરૂપમાં નથી. બહુ વાત ફેર, બહુ વાત ફેર હોં! પહેલા તો ભડકી જાતા હતાને સાંભળીને? મહેન્દ્રભાઈ લાવ્યા પિતાજીને. .. અહીં આવ્યા તો ભડકે. પહેલા તો એવા ભડકે.. અર..ર..! આ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— .. સાંભળે છે. આવું સાંભળતા આવ્યા છીએ અને આ શું કહે છે? અનાદિથી એ પક્કડ છેને. વસ્તુ ચૈતન્ય પ્રભુ શું છે? અને જ્ઞેય શું છે? એક જ વાત સમાડી દીધી, જ્ઞાન અને જ્ઞેય. ખલાસ થઈ ગઈ વાત. ફડચા ઊડી ગયા બધા. સમજાણું કાંઈ? પરને જ્ઞેય તરીકે બનાવે નહિ અને તારા જ્ઞાનમાં એને જાણે નહિ, આવો સ્વભાવ માને નહિ ત્યાં સુધી મિથ્યાભ્રમ છે. આમ બનાવું ને આમ કરું... કહો, ભીખાભાઈ! ભારે વાત!

અહીં તો કહે છે, એવા જ્ઞાતા દૃષ્ટા સંતો, ચારિત્રવંત મુનિઓ એને જોઈને જેને દ્વેષ થાય છે, અરે..! આ કોણ? હું તો જ્ઞાતા દૃષ્ટા છું, હું કાંઈ કરતો નથી, હું કાંઈ કરતો નથી. કર્યા વિના ચાલે છે? ચાલે છે, બોલે છે, ખાય છે અને કહે છે, હું કાંઈ કરતો નથી. આવા જ્ઞાતા દૃષ્ટા સંયમવંત સંતોનો આદર કરતો નથી, ઉપરાંત દ્વેષ કરે છે. તેમના પ્રત્યે સત્કાર, સન્માન, ઊભા થવું, પધારો, બહુમાન દેવું, એમની અધિકતા બતાવવી, એમની અધિકતા બતાવવી, પોતાની હીનતા બતાવવી એમ જો ન કરે અને એ કરવામાં અનુમત નથી, આવું કોઈ બીજા કરતા હોય એમાં સંમત ન હોય '**તે શ્રમણ દ્વેષ વડે...**' તે શ્રમણ દ્વેષ વડે '**કષાયિત થવાથી...**' દ્વેષ થયો સત્ પ્રત્યે '**તેનું ચારિત્ર નાશ પામે છે.**' ચારિત્ર નાશ થઈ જાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. સમજાય છે કાંઈ? ચારિત્ર નષ્ટ થાય અને ચારિત્રવંત છે એમ માની લે તો મિથ્યાદૃષ્ટિ છે.

ધર્માત્મા સમ્યક્જ્ઞાની, સમ્યગ્દૃષ્ટિ, સમ્યક્ ચારિત્રવંત પ્રત્યે આદર જોઈએ, સત્કાર જોઈએ, માન જોઈએ અને બીજા આદર, સત્કાર કરતા હોય તો સંમત કરવું જોઈએ. અહીં તો બીજો કરતો હોય તો કહે, નહિ, નહિ. શું કરો છો તમે? તો એને તત્ત્વદૃષ્ટિ પ્રત્યે દ્વેષ છે. સમજાય છે કાંઈ? સહજ ચારિત્રથી ભ્રષ્ટ થઈ ગયો. વસ્તુદૃષ્ટિ રહી નહિ. સંમત થવું એવો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી એ ભૂમિકામાં. એ વિકલ્પનો જ્ઞાતા છે. એને ઠેકાણે કહે કે નહિ, આ શું કરે છે? આટલું શું? કાલના સાધુ અને બે દિવસ થયા અને વધી ગયા? અમારાથી વધી ગયા? અમે તો સાંઈઠ વર્ષથી મુંડાવ્યું છે. અરે..! ભાઈ! કાલનો કઠિયારો કેવળજ્ઞાન પામે. કઠિયારો સમજો છો? લાકડી (વેચનારો). કાલનો કઠિયારો હોય, આજે કેવળજ્ઞાન થઈ જાય. આત્માની તાકાત છે. તો શું છે? કેવળ તો અંદર પડ્યું છે. કોઈ બહારથી વસ્તુ લાવવી છે? કાલનો ભિખારી હોય અને આત્મજ્ઞાનમાં... સત્સમાગમ થયો, અંદરમાં મારી ડૂબકી. ડૂબકીને શું કહે છે? પાણીમાં (લગાવે). ચૈતન્યજળથી ભગવાન પરમ શુદ્ધ સ્વભાવની આખી ગાંગડી ધ્રુવ પડી છે. ભીંત, ચૈતન્યભીંત ધ્રુવ ધ્રુવ એમાં ઘુસી ગયો. પર્યાયથી એકાકાર થયો, અંતર્મુહૂર્તમાં કેવળ. પચાસ-સાંઈઠ વર્ષના સાધુઓ પડ્યા રહે છદ્મસ્થપણે. એમાં શું છે? એ તો અંતર્મુહૂર્તમાં થઈ જાય એવી વસ્તુની મર્યાદા છે. જેને એથી અધિક થયું તેને બીજા અધિક કરીને માને છે, સત્કાર કરે છે એમાં બીજા સાધુ જો દ્વેષ કરે, સંમત ન થાય, ખુશી ન થાય, રાજી ન થાય તો ચારિત્રથી ભ્રષ્ટ થઈ જાય. સમજાય છે કાંઈ? ચરણાનુયોગની ચૂલિકા છે. વિવેક જ એકલો બતાવ્યો છે, એકલો.

'**શ્રમણ દ્વેષ વડે કષાયિત થવાથી તેનું ચારિત્ર નાશ પામે છે.**' એ ૨૬૬ થઈ. સમજાય છે કાંઈ? પછી ટીકામાં તો જરી લખ્યું છે. લખેને, જયસેનાચાર્ય. ફરી જાય, કાળે ફરી જાય. ભ્રષ્ટ ન થાય તો કાળે ફરી જાય. આ તો વર્તમાનની વાત છેને. એ તો ફરી જાય. ... આવે છેને? આચાર્યે એમ કહ્યુંને.

'**હવે, જે શ્રામણ્યે અધિક હોય તેના પ્રત્યે જાણે કે તે શ્રામણ્યે હીન (પોતાનાથી**

**મુનિપણામાં હલકો) હોય એમ આચરણ કરનારનો વિનાશ દર્શાવે છે :—**' ૨૬૬.

**गुणदोधिगस्स विणयं पडिच्छगो जो वि होमि समणो त्ति।**
**होज्जं गुणाधरो जदि सो होदि अणंतसंसारी।।२६६।।**

કુંદકુંદાચાર્યનું તો... અનંત સંસારી અને કાં મોક્ષ. બે ફડાક! તને તત્ત્વની ખબર નથી. વસ્તુનું સ્વરૂપ શું (એની ખબર નથી). અહીં તો શું કહે છે? જુઓ!

**જે હીનગુણ હોવા છતાં 'હું પણ શ્રમણ છું' મદ કરે,**
**ઇચ્છે વિનય ગુણ-અધિક પાસ, અનંતસંસારી બને. ૨૬૬.**

એકદમ ...

'**ટીકા :— જે શ્રમણ પોતે જઘન્ય ગુણવાળો હોવા છતાં...**' જઘન્ય નામ હલકો. છેને પાઠમાં? '**गुणदोधिगस्स विणयं पडिच्छगो जो वि होमि समणो त्ति। होज्जं गुणाधरो**' ગુણથી અધઃ છે, ગુણથી ઓછો છે, ગુણમાં હલકા છે એવા સાધુ 'હું પણ શ્રમણ છું', હું પણ શ્રમણ છું... એક સાધુ હતા સ્થાનકવાસી. પછી એને પૂછ્યું. અમે સાધુ છીએ. તમે કોણ છો? ત્રસ છો કે સ્થાવર? ગુરુએ શીખવ્યું નથી અમને. કહો. મોટી ઉંમરનો માણસ, લૂગડા ધોવા માટે સાધુ બનાવેલા. આ લૂગડા-કપડા ધોવેને સાધુના. એની સાથે મેળ ન ખાધો. એકલા રહેતા હતા. પછી અમે બીજા અપાસરામાં ઉતર્યા હતા ત્યાં આવ્યો. તમે ત્રસ કે સ્થાવર? મારા ગુરુએ મને સમજાવ્યું નથી. પણ તું કોણ છો એની તને ખબર નહિ અને તારે ગુરુનો દોષ કેટલો કાઢવો છે? મારા ગુરુએ સમજાવ્યું નથી કે હું ત્રસ છું કે સ્થાવર? તો સાધુ થઈને કેમ બેઠા છો? ખબર ન મળે. સમજાય છે?

એક દિગંબર સાધુ અહીંયા આવ્યા. આવ્યા અને કહેવા લાગ્યા કે, આ સ્ત્રીને મોક્ષ બતાવે છે એમાં બાધ શું છે? પણ તું આ લઈને બેઠો છો, તને એની ખબર નથી? સમજાય છે કાંઈ? એક સાધુ ત્યાં આવ્યા હતા, (સંવત) ૧૯૯૫માં, રાજકોટ. તમે મુહપત્તિ કેમ કાઢી નાખી? એમાં તો હિંસા થાય છે. પણ આ તું શું બોલે છે નાગો થઈને? કાંઈ ખબર ન મળે. કાંઈ ખબર નહિ બિચારાને. નગ્ન, નગ્ન. ૧૯૯૫માં ત્યાં આવ્યા હતાને, રાજકોટ. પૂછ્યું, તમે મુહપત્તિ, લૂગડા કેમ છોડી દીધા? એમાં હિંસા થાય છે. પણ તું આ લૂગડા વિનાનો સાધુ, તને કાંઈ ખબર ન મળે. વાતનો વાંધો.. વાંધો. સમયસાર આપ્યું હતું, પણ ઈ શું સમજી શકે? તે દિ' તો સમયસાર હતુંને, હિન્દી, શ્રીમદ્‌નું ઈ આપ્યું હતું. ... ૧૯૯૫ની વાત છે. ક્યાંની ક્યાં, કાંઈ ખબર ન મળે. કહો! શું કહેવું? સ્ત્રીને મોક્ષ કેવી રીતે નથી? કેમ છે? એમાં દીક્ષા લીધી તોય એની એને ખબર ન મળે. આ કહે છે, મુહપત્તિ છોડવામાં હિંસા લાગે. અરે..! ઉઘાડે મોઢે તું બોલે છે અને નાગો થઈને ફરે છે એનું શું કરવું? ખબર ન મળે કાંઈ. સંપ્રદાયની દૃષ્ટિએ લઈને પડ્યા. સમજાણું?

જે કોઈ સાધુ જઘન્ય ગુણવાળો હોવા છતાં '**હું પણ શ્રમણ છું' એવા ગર્વને લીધે બીજા અધિક ગુણવાળો પાસેથી વિનયની ઈચ્છા કરે છે...**' પોતા કરતાં ગુણમાં અધિક હોય એવા

સાધુ પ્રત્યે વિનયની ઇચ્છા કરે (તે) મિથ્યાદષ્ટિ થઈ જાય છે. સમજાય છે? હું પણ સાધુ છું. તમે પણ બાયડી, છોકરા છોડ્યા છે, અમે પણ છોડ્યા છે. શું છે? અમારી પાસે કપડા નથી, તમારી પાસે કપડા નથી. અરે..! સાંભળ તો ખરો. કપડા નહિ પણ અંદરમાં રાગ-દ્વેષની વૃત્તિ છે, શું વસ્તુ છે એની ગુણની તો તને ખબર નથી. અને ગુણમાં હલકો ગુણ હોવા છતાં, હું પણ સાધુ છું, **'એવા ગર્વને લીધે બીજા અધિક ગુણવાળા...'** શ્રમણો એમની પાસે વિનય, વંદન, સત્કાર, સન્માનની ભાવના કરે છે. **'તે (શ્રમણ) શ્રામણ્યના ગર્વને વશ...'** આચાર્ય તો કહે છે, અનંતસંસારી થશે. અમૃતચંદ્રાચાર્ય જરી (એમ કહે છે), **'કદાચિત્ અનંતસંસારી પણ થાય છે.'** સમજાય છે? એટલે શું? એવો ને એવો અતિપ્રસંગરૂપ ભાવ રાખે તો અનંતસંસારી (થાય છે). કોઈ વખતે સહેજ થઈ ગયો, પણ છોડી દે નિંદા-ગર્હા કરીને તો અનંતસંસારી ન થાય. પણ અહીં તો અનંતસંસારીનો અર્થ અમૃતચંદ્રાચાર્યે (આમ કર્યો છે). ઢીલું કર્યું થોડુંક. સમજાય છે કાંઈ?

પોતાથી બીજા ગુણમાં અધિક હો અને એની પાસે વિનય, સત્કાર માંગે છે, તને ભાન નથી. સત્ય વસ્તુ અધિક કોની પાસે છે અને તું હીણો છો, એનો વિવેક ખોઈ બેઠો. વિવેક ખોઈ બેઠો તો અનંતસંસારી છે. અનંતસંસારમાં તારે ભટકવું પડશે. ઓ..હો..હો..! આ તો કાંટો છે. કાંટો એટલે સોનીનો કાંટો આવેને? .... ધર્મ કોની પાસે અધિક છે અને તારી પાસે કેટલો હીણો છે- બેનો તને વિવેક રહ્યો નહિ. અને બેને સમાન માનવા અને એની પાસેથી વિનય આદિ, નાનો સાધુ હોય પણ ગુણમાં અધિક હોય, નાનો સાધુ હોય, ગુણમાં અધિક હોય, આ મોટો હોય, ગુણમાં હીણો હોય એની પાસે વિનય, સત્કાર, વંદન માંગે છે તે અનંતસંસારી થાય છે. **'કદાચિત્ અનંતસંસારી પણ થાય છે.'** એટલું જરી ફડક મારી. અહીં તો **'सो होदि अणंतसंसारी'** (એમ કુંદકુંદાચાર્યે કહ્યું). માટે ધર્મીજીવોએ પોતાનું સ્વરૂપ શું છે? વિકાર શું છે? અને સાચા સંતોની-મુનિઓની દશા શું છે? ખોટા સાધુ કેવા છે? એનું જ્ઞાન કરીને સાચી શ્રદ્ધા કરવી જોઈએ. એવી શ્રદ્ધા ન કરે તો આત્મામાં ... લાભ કદી થશે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧૦, સોમવાર, તા. ૮.૧૦.૧૯૬૨**
**ગાથા-૨૬૭, ૨૬૮, પ્રવચન-૨૪**

(આત્મા) શુદ્ધ ચૈતન્ય છે એનો નિર્ણય કરી એનો અનુભવ કરવો. અને સંયતપણું એટલે સ્વરૂપ આખું ચૈતન્યદ્રવ્ય છે એના સ્વરૂપમાં સ્થિર થઈને રમણતા કરવી એવો સમ્યગ્દર્શન, જ્ઞાન

અને ચારિત્રનો મોક્ષમાર્ગ એ સંયતિ જીવને હોય છે. સમજાય છે કાંઈ? આત્મપદાર્થ વસ્તુ ચૈતન્ય જ્ઞાનઘન એની અનંતી અનંતી પર્યાયો થાય, વિકારી કે અવિકારી, એ સહિત આત્મા અને જે વિકારી પર્યાય જાય એ પણ વસ્તુમાં ભળી જાય. અવિકારી પર્યાય થાય એ પણ વસ્તુમાં ભળી જાય. એવી બધી પર્યાયનો આધાર આત્મતત્ત્વ એને યથાર્થપણે, રાગ ને પુણ્ય ને નિમિત્તથી ભિન્ન જાણીને એવા આત્માનું જ્ઞાયકપણાનું અંતર ભાન, નિર્ણય અને અનુભવ કરવો એ પ્રથમ ધર્મની સીઢી છે, પહેલી ધર્મની શ્રેણી છે.

પછી સ્વરૂપમાં અકંપપણે ઠરવું. રાગના ધ્રુજારા વિકલ્પના જે ઉઠે છે, પુણ્ય-પાપની વૃત્તિઓ ઉઠે છે એ વિકૃત છે એમાંથી ખસીને અને ત્રિકાળ જ્ઞાયકમાં સ્થિર થવું એને ચારિત્ર અને એને સંયમ કહે છે. એ સંયમી મોક્ષમાર્ગી કહેવામાં આવે છે. એવા મોક્ષમાર્ગીએ અસત્સંગ ન કરવો એ વાત અહીંયા ચાલશે. કહો, સમજાય છે કાંઈ? પહેલા તો એ ચાલે છે ૨૬૭માં કે આવો જે મુનિ શ્રામણ્યે અધિક હોય એ જો પોતાનાથી હીન શ્રમણ પ્રત્યે સમાન—બરાબરીનું આચરણ કરે તો તેઓનો વિનાશ દર્શાવે છે. સમજાય છે કાંઈ? જે કોઈ આત્મા પોતાના સ્વરૂપનું ભાન, જ્ઞાન, ઠરવું એવી દશા થઈ છે અને ગુણમાં શાંતિમાં અધિક છે એવાઓએ નીચલા વર્ગવાળા, હલકા ગુણવાળા પોતાના બરોબરીયા નથી એવા પ્રત્યે સમાન—સરખું આચરણ કરવું એ પોતાના ગુણથી ભ્રષ્ટ થઈ જાય છે. સમજાય છે કાંઈ? છેને?

'**હીન શ્રમણ પ્રત્યે સમાન** જેવું...' પોતાના બરોબરીયા જેવું. બરોબરીયા સમજાય છે? હિન્દીમાં શું ભાષા છે? સરખાપણું, બરાબરી. સરખું. સરખાપણાનું આચરણ કરવું એ પોતાની દશાને હીનપણાને પ્રાપ્ત કરાવે એવો વ્યવહાર છે. માટે એવું મુનિઓએ કરવું નહિ. ૨૬૭.

**अधिगगुणा सामण्णे वट्टंति गुणाधरेहिं किरियासु।**
**जदि ते मिच्छुवजुत्ता हवंति पब्भट्ठचारित्ता।।२६७।।**
**મુનિ અધિકગુણ હીનગુણ પ્રતિ વર્તે યદિ વિનયાદિમાં,**
**તો ભ્રષ્ટ થાય ચરિત્રથી ઉપયુક્ત મિથ્યા ભાવમાં. ૨૬૭.**

'**ટીકા :— જેઓ પોતે અધિક ગુણવાળા હોવા છતાં...**' ગુણનું ભાન તો પહેલું કરાવી ગયા છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ આત્માની નિર્મળ નિર્વિકારી પરિણતિ નામ દશા જે સ્વભાવમાંની શક્તિમાંથી પ્રગટ થયેલી એવા ગુણવાળા '**અધિક હોવા છતાં હીન ગુણવાળા બીજા (શ્રમણો) પ્રત્યે (વંદનાદિ) ક્રિયાઓમાં વર્તે છે...**' બીજા હલકા સાધુ જેનું ગુણમાં, જ્ઞાનમાં, શ્રદ્ધામાં, સ્થિરતામાં ઠેકાણા નથી એવા હીન ગુણવાળા પ્રત્યે (વંદનાદિ) કરે. લોકોમાં પણ નથી કહેતા? કે બરોબરીયા શોભે. એમ કાંઈક કહે છેને? આ લગ્નને પ્રસંગે નથી બોલતા? શું? વડ વડ. વડે વડ સરખા શોભે. ... છેને, વડે વડ હોય. ઓલામાં આવે છે એક શબ્દ. સમજાય છે? ભાઈએ નાખ્યો છે. અનુભવપ્રકાશ છેને? યોગસારના અર્થમાં. યોગસાર યોગીન્દ્રદેવનું. એના અર્થમાં ભાઈ લાલને કર્યું છેને, એ શબ્દ છે પણ ભૂલી ગયા છે. સરખે સરખી શોભા એમ

કાંઈક છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, ઈ શબ્દ. પણ આમ શબ્દ છે. સમાને સમાનમાં શોભે. લગ્ન સમાને સમાનમાં શોભે એમ કહે છેને? શબ્દ એવો બીજો કાંઈક છે. સમાનતે શોભ્યતે એવો એક શબ્દ છે અંદર. સરખા સરખામાં શોભે. અસરખા હોય ઈ શોભે નહિ.

એમ અહીંયા કહે છે, જુઓ! અહીંયા જ્ઞાન કરાવે છે કે આ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ અખંડાનંદ કંદ છે એનું જેણે અંતર્મુખ થઈને અનુભવ અને સમ્યગ્દર્શન ધર્મ પ્રગટ કર્યો છે અને સ્વરૂપમાં ઝુકીને આત્મ અભિમુખ પરિણામ કરીને જેણે સંયમ અને ચારિત્રદશા જે ઉગ્ર શાંતિનું કારણ છે એવી જેણે દશા પ્રગટ કરી છે, એણે પણ બરાબરીયા સાધુ હોય એની સાથે વિનયાદિ કરવા. પણ પોતાથી હલકા હોય, વડમાં સરખા ન હોય એની સાથે વંદન વ્યવહાર આદિ, વિનય આદિ ન કરવો. જો કરે તો '**તેઓ મોહને લીધે અસમ્યક્ ઉપયુક્ત થયા થકા...**' એનો વેપાર મિથ્યામાં જતાં સાચો વેપાર જ્ઞાનનો, દર્શનનો, આનંદનો ન રહેતાં તે '**ચારિત્રથી ભ્રષ્ટ થાય છે.**' કહો, સેઠી! શબ્દ કાંઈક છે. એની બરાબર ભાષા હોય ત્યારે ખબર પડેને. એણે મૂક્યો છે. સરખે સરખીની શોભા. વડે વડની શોભા. હલકાની શોભા (ન હોય). અને લોકો પણ કહે, લગ્ન કરવા જાય ત્યારે, આ છોકરો પણ ઠીક છે અને છોડીની પણ સરખી શોભા છે. વજુભાઈ! એમ કહે કે નહિ? ... આ સરખે સરખી શોભા છે. તમારું ઘર ઠીક છે, અમારું ઘર છોકરો, તમારી કન્યા બધું મેળવાળું (છે), બે ત્રણ વર્ષનો ફેર એટલે બધું મેળવાળું છે. સરખે સરખાની શોભા. ઈ તો લૌકિક છે, એમાં કાંઈ માલ છે નહિ.

આ તો લોકોત્તર ભગવાન આત્મા આનંદનો કંદ જેણે ઉજાળ્યો અને ઉછાળ્યો અંદરમાંથી, અંતર આનંદ પડ્યો છે એમાંથી એકાગ્ર થઈને જેની દશામાં અતીન્દ્રિય આનંદ ઉછળ્યો, પ્રગટ થયો છે સંયમ ચારિત્ર સહિત, એણે પોતાના જેવા ન હોય, ગુણના હીણા હોય એના પ્રત્યે વિનય, વંદન, વ્યવહાર સત્કાર, ઊભા થવું આદિ કરવું નહિ. જો કરે તો તે ચારિત્રથી ભ્રષ્ટ થાય. ગુણના (હીન) પ્રત્યે બહુમાન કરવા જાય તો એ પોતાના સ્વરૂપમાં રહી શકે નહિ. એ ૨૬૭. આ તો ગાથા વચમાં આવી હતીને. હવે અહીં તો આપણે ૨૬૮માં લેવાની છે.

**'હવે અસત્સંગ નિષેધ્ય છે એમ દર્શાવે છે :—'**

**णिच्छिदसुत्तत्थपदो समिदकसाओ तवोधिगो चावि।**
**लोगिगजणसंसग्गं ण चयदि जदि संजदो ण हवदि।।२६८।।**
**સૂત્રાર્થપદનિશ્ચય, કષાયપ્રશાંતિ, તપ-અધિકત્વ છે,**
**તે પણ અસંયત થાય, જો છોડે ન લૌકિક-સંગને. ૨૬૮.**

શું કહે છે જુઓ! એમાં લખેલા છે ઈ બીજો અર્થ .. એમાં લખ્યો છેને અર્થ, એનાથી બીજો અર્થ છે. શું કહે છે? ભગવાન આત્મા આ ચૈતન્યમૂર્તિ પ્રભુ કેવો છે? કે '(૧) **વિશ્વનો વાચક**

**‘સત્’ લક્ષણવાળો એવો જે આખોય શબ્દબ્રહ્મ...’** આત્માને અને સર્વ જગતને, છ પદાર્થો છે તેને જણાવનાર શબ્દબ્રહ્મ સત્ આખા ચૌદ બ્રહ્માંડને, ત્રણ કાળ ત્રણ લોકના આત્માઓ અને પરમાણુઓ બધાને જણાવનાર એવો શબ્દબ્રહ્મ કે જે શબ્દબ્રહ્મમાં બધું વાચકપણે આખી દુનિયાનું વાચક એમાં આવી જાય છે. સમજાય છે કાંઈ? વાચક એટલે શબ્દ. જેમ સાકર બતાવવાને સાકર શબ્દ વાચક છે અને એનું વાચ્ય છે ઈ સાકર પદાર્થ છે. વાચ્ય સાકર પદાર્થ અને શબ્દ વાચક તે શબ્દ એની સંજ્ઞા બતાવનાર છે. એમ આ આત્મા કેવો છે તે પહેલું જણાવે છે. જે વિશ્વનો કહેનાર સત્લક્ષણવાળો શબ્દબ્રહ્મ. ભગવાનની વાણીમાં શબ્દબ્રહ્મ એ આખી દુનિયા, ત્રણ કાળ ત્રણ લોક જેના વાચકમાં આવી ગઈ છે. એવો શબ્દબ્રહ્મ. એક (વાત).

**‘અને તે શબ્દબ્રહ્મનું વાચ્ય ‘સત્’ લક્ષણવાળું એવું જે આખુંય વિશ્વ...’** જેમ સાકર શબ્દ. સાકર પદાર્થ. એમ વિશ્વ સત્ વાચક અને આખું વિશ્વ એનું વાચ્ય. શું કહ્યું સમજાણું કાંઈ? શબ્દબ્રહ્મમાં આખી દુનિયાને કહેવાની વાચકમાં જે તાકાત છે એ વાણીમાં સ્વ પર વાર્તા કહેવાની તાકાત છે. સમજાય છે કાંઈ? વાણી છેને વાણી, વાચક શબ્દ એ પોતે પણ કોણ છે અને જગત આખું કોણ છે? એવું વાણીમાં શબ્દબ્રહ્મમાં વાણીમાં સર્વવ્યાપકપણું, સર્વવ્યાપક એટલે બધા સત્ આખાને બતાવવામાં એ સત્ શબ્દ તે પૂરો છે. એ શબ્દથી આખી દુનિયા જેમાં જણાઈ જાય છે. એવો શબ્દબ્રહ્મ નામ વાણી અને શબ્દબ્રહ્મનું વાચ્ય ત્રણ કાળ ત્રણ લોકના અનંતા દ્રવ્યો, અનંતા સિદ્ધો આદિ બધા. એ **‘સત્’ લક્ષણવાળું એવું જે આખુંય વિશ્વ તે બન્નેના જ્ઞેયાકારો પોતાનામાં યુગપદ્ ગુંથાઈ જવાથી...’** શું કહે છે? જરી ઝીણી વાત નવી આવી છે આ. અહીં વાસ્તુ છેને ભાઈનું. આ નવી વાત. આ ગાથાનો અર્થ જ પહેલોવહેલો છે. સમજાણું કાંઈ? શું કહે છે?

કેવો છે ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ જ્ઞાયકતત્ત્વ જાણનાર.. જાણનાર.. જાણનાર ભગવાન આત્મા? કે સત્ શબ્દથી શબ્દબ્રહ્મ જે વાચક એનો પણ એ જાણનાર છે આત્મા અને સત્ શબ્દથી કહેવાલાયક ચૌદ બ્રહ્માંડ ત્રણ કાળ ત્રણ લોક પદાર્થ એનો પણ એ આત્મા જાણનાર છે. સમજાય છે કાંઈ? શું કહ્યું? એ શબ્દોનો કરનાર નથી પણ શબ્દોનો જાણનાર છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ આ દેહમાં બિરાજમાન ચૈતન્ય આત્મા એની એને ખબર નથી (કે) કોણ છું? આ ખાવું પીવું, આ લેવું દેવું, આ કર્યા ને આ મૂક્યા, આ અમારા કામ.. એમને એમ રખડી અનાદિ કાળથી રખડી મર્યો ચૌદ બ્રહ્માંડમાં. પણ આ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ દેહમાં બિરાજમાન પોતે સત્ સત્, સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર છે.

અહીંયા આચાર્યદેવ કહે છે કે આખી દુનિયાને બતાવનાર શબ્દબ્રહ્મ, એ શબ્દબ્રહ્મનો આત્મા જાણનાર છે. એ શબ્દબ્રહ્મનો આત્મા કરનાર નહિ, એ શબ્દનો આત્મા રચનાર નહિ. ઓહો..હો..! સમજાય છે કાંઈ? દિવ્યધ્વનિ જે વાણી નીકળે શબ્દબ્રહ્મરૂપે પૂર્ણને કહેનાર, એને આત્મા જાણનાર તત્ત્વ છે. એ જ્ઞેય તરીકે અને આત્મા જ્ઞાયક તરીકે. એમ આત્મા શબ્દને જાણનાર છે પણ શબ્દને

કરનાર, રચનાર, કહેનાર, બોલનાર એ આત્મા નહિ. પ્રફુલ્લભાઈ! શું કહ્યું સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે એવા આત્માનો જેણે નિર્ણય કર્યો છે, એમ કહેશે. સમજાય છે કાંઈ? શું કહ્યું આ?

ભગવાન આત્મા આ દેહમાં બિરાજતો ચૈતન્યપ્રભુ પોતાની પ્રભુતામાં પ્રભુતાનું કાર્ય શું છે એમાં? એમાં પરમેશ્વરતા પડી છે આત્મામાં. દેહમંદિરમાં પ્રભુ બિરાજે (છે). એમાં એની પ્રભુતા અને એનો સ્વભાવ અને એનું સામર્થ્ય, જેટલી વાણી વીતરાગના સર્વજ્ઞના મુખમાંથી નીકળી, આખા ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થને બતાવનારી વાણી, એ વાણીને પણ શબ્દબ્રહ્મ સર્વવ્યાપકને બતાવનાર વાણીને સર્વવ્યાપક કહેવામાં આવી છે. એ સર્વવ્યાપક વાણી જે છે એને આત્મા જાણનાર છે. એવો મુનિઓએ આત્માનો નિર્ણય કર્યો છે. એવો સમ્યગ્દૃષ્ટિએ આત્માનો નિર્ણય કર્યો છે. ભગવાનજીભાઈ! વાણીનો કરનાર. ઓહો..! સમજાય છે કાંઈ? 'સમજમેં આયા' આવી જાય છે તમારી હિન્દી.

એવું અને તે વિશ્વ, આખું વિશ્વ. વિશ્વ શબ્દે એકલો લોક નહિ, વિશ્વ એટલે સમસ્ત લોક અને અલોક. આ ચૌદ બ્રહ્માંડ છે એથી અનંતગુણું ખાલી આકાશ છે. અસ્તિ આકાશ દશે દિશામાં ખાલી... ખાલી... ખાલી.. ખાલી.. ખાલી.. એવું જે આખું વિશ્વ તે બન્નેના જ્ઞેયાકારો, એ શબ્દોનું જે જ્ઞેય, શબ્દનું જે જ્ઞેય એનું શું સ્વરૂપ છે એ આત્મામાં ગુંથાઈ ગયું છે. આત્મા એને જાણનારો છે. સમજાય છે? એ જ્ઞેયાકારો અને વિશ્વ તત્ત્વ જે જગતના અનંત આત્માઓ, અનંત સિદ્ધો, અનંત નિગોદો, અનંત પરમાણુઓ, અનંતા શરીર આદિ સ્કંધો એ બધા વિશ્વમાં સમાઈ જાય છે સત્‌માં આખું તત્ત્વ જગત. એ બધાના જ્ઞેયાકારો પોતામાં આત્મામાં યુગપદ્ ગુંથાઈ જતા હોવાને લીધે. એટલે કે એક ક્ષણમાં બધા જણાઈ જતા હોવાને લીધે. સમજાય છે કાંઈ? જુઓ! આ આત્મા આવડો છે. આહા..હા..!

એ આત્માને કાં તો શબ્દનો રચનાર કાં રાગનો રચનાર, દેહની ક્રિયાનો રચનાર, આ બધા બહારના પદાર્થો એનો રચનાર, એનો વેપાર કરનાર, એનો બનાવનાર, એનો ચલાવનાર એમ માનવું એ આત્માની શ્રદ્ધાથી વિપરીત શ્રદ્ધા છે. એને આત્માની શ્રદ્ધાનું ભાન નથી. આત્મા કોણ છે? ક્યાં છે? કેમ છે? શું કરે છે? સમજાય છે? કેટલાક કહે છેને, લ્યો અમે આ ઉપાડ્યું. તમે કહો છોને કે નથી (કરી શકતો). આ ઉપાડ્યું લ્યો. બાપુ! ઈ શું કરે છો એ તને ખબર નથી. હજી આ કોણ? તું કોણ? વચમાં દશામાં શું થઈ રહ્યું (છે)? તને તારી ખબર નથી. આ કર્યું, લ્યો. એક જણો કહેતો હતો સોલિસીટર. તમે કહો છો, શરીરનું (કરી શકે નહિ). આ હલાવ્યું, લ્યો. ઈ વાત ખબર નથી અમને? ઈ તો છોકરાઓ પણ કહે છે. પણ આ હલાવ્યું, આ હલ્યું કે હલાવ્યું, બેમાં ફેર છે. આ હલ્યું એને જાણનાર આત્મા છે. હલ્યું એને હલાવનાર આત્મા એ ત્રણ કાળમાં આત્માનો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? ઝીણું બહુ હોં! ચુનીભાઈ! ક્યાં ગયા શાંતિભાઈ? આવું ઝીણું તત્ત્વ છે આ. માર્ગ સમજ્યે છૂટકો છે, હોં! એ ધૂળમાં ક્યાંય શાંતિ નથી. કેમ હિંમતલાલ? છે પૈસા-બૈસામાં ક્યાંય હખ હશે કે નહિ? છોકરાઓ મજા માણે, વિષ્ટા કરીને ઠંડુ

લાગે ઉનાળામાં પછી ચાટે થોડું આમ. એને ઠંડુ લાગે તો મજા લાગતી હશે? એવી મજા છે.

કહે છે, પ્રભુ! તું કોણ છો એનો એકવાર નિર્ણય તો કર. તું કોણ છો અંદર આત્મા? સત્ સત્-શાશ્વત રહેનારું જ્ઞાનાનંદ તત્ત્વ તું છો. એ જ્ઞાનમાં શબ્દોને જાણવાનો સ્વભાવ છે, શબ્દોને કરવાનો સ્વભાવ નથી. બીજી વાત. એ શબ્દોએ બતાવેલ આખી દુનિયા, સિદ્ધ અને અનંતા નિગોદના જીવ કે અનંતા પરમાણુ એને તારામાં જાણવાનો સ્વભાવ છે. એ સત્‌નો તું અધિષ્ઠાન છો. અધિષ્ઠાન એટલે તેનો જાણનાર છો. ઓહો..હો..! સમજાણું કાંઈ? ભીખાભાઈ! આ અધિષ્ઠાન કાઢ્યું આ.

અધિષ્ઠાન. શ્રીમદ્ કહે છેને? એક કો'ક પૂછતા હતા એને કહ્યું છે, જે અધિષ્ઠાન મહાત્માઓએ કહ્યું છે તે અધિષ્ઠાન શ્રીહરિ છે અને એ હરિ હું મારા હૃદયદેશમાં વારંવાર નિહાળું છું. એટલે કે આ આત્મા જ આખા જગતનો અધિષ્ઠાન (છે). અધિષ્ઠાન એટલે કે વાણી અને વાણીથી બતાવેલો લોકાલોક આ બધાને જાણવારૂપે આત્મા અધિષ્ઠાન છે. સમજાય છે કાંઈ? આહા..હા..! ઓલામાં અધિષ્ઠાનમાં કંઈકનું કંઈક હતું. સાધારણ સમજાય કે હૃદયદેશમાં દેખું છું, વળી આ શું? વળી આ ક્યાંથી? ઓલો કો'ક આધાર અધિષ્ઠાન હશે. એવી ઘણી ચર્ચા થઈ હતી. ઓલું આવે છેને પંચાસ્તિકાયમાં આઠમી ગાથામાં. સત્તા. એ (સંવત) ૧૯૯૦માં મોટી ચર્ચા થઈ હતી, ૯૦માં. આઠમી ગાથા, સર્વવ્યાપક સત્તા, મહાસત્તા એમ કે એ બધાનું અધિષ્ઠાન. અરે..! એ નહિ. મહાસત્તા તો બધા પદાર્થો છે, છે, છે, છે, છે ઈ 'છે'માં સમાઈ જાય માટે તેને મહાસત્તા કીધી છે. પણ કોઈ એવી એક મહાસત્તા નથી કે જગતના બધા પદાર્થમાં સળંગ દોરાની પેઠે વ્યાપક હોય. સમજાય છે કાંઈ? શશીભાઈ! એ તો સંગ્રહદૃષ્ટિથી, હજારો આંબાના ઝાડ હોય તો એને આંબાનું વન કહેવાય. વન કહે પણ આંબો એક નથી, અનેક છે એની અંદર. હજારો છે. એને કહેને પછી આ આંબાનું વન.

એમ ભગવાન આત્મા અને બધા દ્રવ્યો 'છે' એ અપેક્ષાએ તેને મહાસત્તા તરીકે ભિન્ન ભિન્ન છે એમ વર્ણવ્યું છે, પણ એ બધી મહાસત્તા એટલે અનંતા આત્માઓ, અનંતા પરમાણુઓ ત્રણ કાળ ત્રણ લોક જે જગત અને અલોક અને એને કહેનાર શબ્દબ્રહ્મ વીતરાગ સર્વજ્ઞની દિવ્યધ્વનિ, આ બેયનો આધાર આત્મા છે આ એક. આધાર એટલે? સેઠી! '**તે બન્નેના જ્ઞેયાકારો પોતાનામાં યુગપદ્...**' નામ એકસાથે જણાઈ જતા હોવાને લીધે '**તે બન્નેના અધિષ્ઠાનભૂત...**' તે બેયનો આધાર, આધાર એટલે જાણનાર. અહીં તો ભારે વાત. શબ્દોનો પણ આધાર— જાણનાર અને જગતના પદાર્થો (એનો પણ જાણનાર). ઓલા વાંધા ઉઠાવે છેને સર્વજ્ઞપદને, કે જ્ઞેય ન જાણે. અરે..! બધાને, જ્ઞેયાકાર જે ચીજો છે એ જ્ઞેયાકાર જગતના ત્રણ કાળ ત્રણ લોક પદાર્થ છે એને બધા જ્ઞેયને આત્મા જ્ઞાનમાં એક ક્ષણમાં જાણવાની તાકાત ધરાવે છે. એવું આત્માનું નિર્ણયપણું ન કરે તેનું મિથ્યાદૃષ્ટિપણું જાય નહિ. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ!

એ જ્ઞાતૃતત્ત્વ ભગવાન આત્મા એક ક્ષણમાં બધા જ્ઞેયાકારો એકીસાથે જણાતા હોવાને લીધે

**'તે બન્નેના અધિષ્ઠાનભૂત...'** તે શબ્દો અને શબ્દોથી કહેલા પદાર્થ, એ બધાના જ્ઞાનરૂપી જાણનારો એ આધાર છે. જાણવાની અપેક્ષાએ એને આધાર કહ્યો છે. સમજાય છે કાંઈ? ઓહો..હો..! એની એક સમયની સ્વપરપ્રકાશક જ્ઞાનગુણની એક સમયની પર્યાય. દ્રવ્ય વસ્તુ ત્રિકાળ, એનો જ્ઞાનગુણ ત્રિકાળ, એની એક સમયની પર્યાયમાં ક્ષણમાં એટલે સેકંડના અસંખ્યભાગમાં આખી દુનિયાને કહેનારા શબ્દો એટલે શબ્દબ્રહ્મ અને આખા ત્રણ કાળ ત્રણ લોક, એવા પદાર્થોને એકસાથે જાણવાના સ્વભાવવાળો આત્મા હોવાથી એ આત્માને શબ્દ અને પદાર્થોનો આધાર કહેવામાં આવે છે. જાણવાની અપેક્ષાએ આધાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ શ્રીમદ્‌નો પ્રશ્ન ઉઠ્યો હતો, એ પ્રશ્ન બહુ ચર્ચાય છે એ લોકોમાં કે આ શું? કોઈ અધિષ્ઠાન હોવું જોઈએ, મહાત્માઓએ કહ્યું છે. કોઈ કોઈ મહાત્મા. કો'ક તો પાછો આધાર ... સાચા મહાત્માએ અધિષ્ઠાન જે કહ્યું છે એ અધિષ્ઠાન હરિ ભગવાન આત્મા છે. એવો હરિ ભગવાન આત્મા અમે હૃદયદેશમાં ફરી ફરીને જોઈએ છીએ. એટલે કે જગતના શબ્દો અને જગતના પદાર્થોને જાણનારું જે આત્મતત્ત્વ એ અમારી પાસે પડ્યું છે. એ સત્ સરળ છે, સત્‌ની પ્રાપ્તિ ત્રિકાળ પોતાથી છે, સત્‌ને બતાવનાર જ્ઞાની જોઈએ—એમ કહીને એ સત્ આત્માનું કહ્યું છે. સમજાણું કાંઈ? આવી શૈલી વળી આ અમૃતચંદ્રાચાર્યે કરી. એવો અર્થ કાઢ્યો, હિંમતભાઈએ વળી એવો નવો અર્થ કાઢ્યો. નવો નથી હોં! એવો છે એવો અર્થ છે. આપણે બીજી રીતે કરતા એમાં કાંઈ ખોટુ નહોતું, પણ અહીં મેળવાળું (છે) એની અપેક્ષાએ. બાકી સત્ બધા. જેવા દ્રવ્ય છે શક્તિઓનો આધાર, શક્તિ અને પર્યાય એવા અનંતા દ્રવ્યો એને જે રીતે સત્ય છે તેને તે રીતે નિર્ણય કરવો. એ સત્ ભૂતાર્થ છે. ભૂતાર્થ નામ સત્યાર્થ છે. એવા દ્રવ્ય, ગુણ, પર્યાયો અને જેવા બધા શબ્દો આદિ, વિકાર, અવિકાર નિશ્ચયથી જે રીતે સ્વસ્વભાવમાં સ્વઆશ્રય છે તેનો સત્યાર્થ તે છે. વ્યવહારથી કહેલા તે બધા ઉપચાર અને આરોપિત કથનો છે. એમ સત્યાર્થનો નિર્ણય કરવો. એમ નિશ્ચયનય અંદર શબ્દ હતો એટલે એવો અર્થ એમાંથી થતો. સમજાય છે કાંઈ? પણ અહીં વળી બીજી રીતે એનો અર્થ થયો.

એ બધા પદાર્થો... ઓ..હો..હો..! તારી ચૈતન્ય ભીંત, ચૈતન્ય ભીંત.. આ ભીંતમાં અમુક આલેખાય. આલેખ શબ્દ આવ્યો હતોને? આલેખ આવ્યો હતો ક્યાંક નહિ? આલેખાયેલા હતુંને ક્યાંક? સમયસારમાં. સમયસારમાં છે. આલેખાયેલા છે. આવ્યું હતુંને બાહ્ય દ્રવ્યનું...? જ્ઞાનમાં બધા આલેખાયેલા છે એમ જાણીને એ બધા હું છું એમ અજ્ઞાની માને છે. જ્ઞાન જ્ઞાનરૂપી ભીંત ચૈતન્યપ્રભુ એના જ્ઞાનમાં બધા પદાર્થો આલેખાઈ જાય છે. આલેખાઈ એટલે ચીતરાઈ જાય છે. અંદર જ્ઞાન એનું થઈ જાય છે. એ જ્ઞાન થવા છતાં તે જ્ઞેયો તો જ્ઞાનથી પર રહેલાં છે. પરનું જ્ઞાન પોતાના સંબંધીના જ્ઞાનમાં આવે છે, પણ પર પદાર્થ એમાં આવતા નથી અને આત્મા પરમાં કોઈ દિ' ત્રણ કાળમાં જતો નથી. એવી રીતે ભગવાન આત્મા પોતાના જ્ઞાનની તાકાત દ્વારા શબ્દો, આખા શબ્દો. આ તો હજી આટલા સૂત્રો જણાય? આટલા પુસ્તક જણાય? આટલા પાના

જણાય? હજી એમાં એને વાંધા ઉઠે છે. સમજાય છે કાંઈ? અને આટલા બધા ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થો જણાય? કહે છે, એક ક્ષણમાં જણાય એવી તારી તાકાત છે. સમજાય છે કાંઈ?

જાણનાર કોને ન જાણે? જાણનાર કોને જાણ્યા વિના બાકી રાખે? સમજાય છે? અગ્નિ કોને ન બાળે? લીલાને ન બાળે. અરે..! લીલાને સૂકું કરીને બાળી મૂકે ફડાક દઈને. અગ્નિ બધાને બાળે, ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ બધાને જાણે. કરે નહિ કોઈનું, જાણ્યા વિના રહે નહિ કાંઈ. આહા..હા..! સેઠી! આ બહુ વેપાર કરે છેને આ ઝવેરાતના, હીરાના, માણેકના? આ ભાઈ કરે છે લોઢાના. જુઓને, લોઢાને....

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઝવેરાતનો વેપાર... જ્ઞાન-વેપાર એ ઝવેરાત વેપાર છે. ભગવાન તું ચૈતન્યમૂર્તિ પ્રભુ, સો સો બસ્સો બસ્સો વર્ષનું, મોટા આયુષ્ય હોય ત્યારે પાંચસો પાંચસો, હજાર, કરોડ વર્ષનું યાદ કરે છે. અસંખ્ય વર્ષનું આયુષ્ય હોય તો એ ભવની અસંખ્ય વર્ષની વાત યાદ કરે છે. તો આત્માનું આયુષ્ય તો અનંત કાળનું છે. આયુષ્ય એટલે સ્થિતિ. એ અનંત કાળના પદાર્થો વીત્યા, વર્તે અને વીતશે અવસ્થાઓ એને એક ક્ષણમાં જાણવાની આત્મા તાકાત રાખે છે. એવો આત્માનો નિર્ણય કર્યો હોય ત્યારે તેણે આત્માને માન્યો અને જાણ્યો કહેવાય, નહિતર માન્યો, જાણ્યો નથી. સમજાય છે કાંઈ? હજી તું તને માન, તું તને જાણ, તું તને જાણીને તું તારામાં ઠર. સમજાય છે કાંઈ?

કહે છે, એવો જે '**તે બન્નેના અધિષ્ઠાનભૂત...**' એનો અર્થ કર્યો છે નીચે ફૂટનોટ. 'જ્ઞાતૃતત્ત્વનો સ્વભાવ...' ભગવાન આત્માના જ્ઞાનનો સ્વભાવ 'શબ્દબ્રહ્મને...' એટલે આખી દુનિયા ત્રણ કાળ ત્રણ લોકને બતાવનાર શબ્દોને 'અને તેના વાચ્યરૂપ વિશ્વને...' ત્રણ કાળ ત્રણ લોક પદાર્થને 'યુગપદ્ જાણવાનો છે...' એક ક્ષણમાં બધાને જાણવાનો આત્માનો સ્વભાવ છે. 'તેથી તે અપેક્ષાએ જ્ઞાતૃતત્ત્વને શબ્દબ્રહ્મનું અને વિશ્વનું અધિષ્ઠાન (આધાર) કહેલ છે.' છોટાભાઈ! બધો અર્થ ફરી ગયો છે. કાલે બપોરે બધું... સમજાણું કાંઈ? શું કહ્યું આ? ઓહો..હો..! અધિષ્ઠાન. બધા દ્રવ્યોનો, બધા શબ્દોનો આધાર કહેવામાં, જાણવાની અપેક્ષાએ આધાર કહેવામાં આવેલ છે. કહો, સમજાણું આમાં કાંઈ? તે 'સંયત જીવને એવા જ્ઞાતૃતત્ત્વનો નિશ્ચય હોય છે.' એ સાધુ સંયતિ થાય એને આવા તત્ત્વનો નિર્ણય હોય છે. આવો નિર્ણય ન હોય તો એ સાધુ અને સંયતને ચારિત્ર હોઈ શકે નહિ. ભૂમિકાના જેના ઠેકાણા નહિ એમાં ઝાડ ઉગવાનું ક્યાંથી થાય? ભૂમિ વિના ઝાડ ઊગે નહિ.

એમ આ આત્મતત્ત્વ.. આ તો હજી અમે આમ બોલીએ, અમે આમ બોલવું હોય તો આમ બોલી શકીએ, સભાને જોઈને આમ કહેવું હોય તો આમ કહી શકીએ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જોઈને તમારે બોલવું. એમ આવે છે શાસ્ત્રમાં, ભાઈ! એઈ..! બહુ આવે એવું ચરણાનુયોગમાં. માટે બધાને એવું ન પીરસવું. એક હાંડલે ન દેવું. હાંડલે સમજાય છે? આ પચ્ચીસ માણસ હોયને

ઘરમાં? હાંડલે રાંધે એમાંથી પછી આપે. ઉપરથી પછી મરચું, મીઠું લેવું હોય તો ઉપરથી લે. પાટલે મૂકે થોડું. સમજ્યા? શું કરે ઘરમાં ઘણા માણસ હોય ત્યારે? આ તો વળી જુદા પડી ગયા સૌ, પણ એકસાથે ભેગા હોય તો? ત્રણ ભાઈઓ ને છોકરાઓ ને છોડીયું, એક હાંડલે લે બધું. બધા માટે કાંઈ મોળું થાય છે? મરચુ નાખે, જેને જોઈતું હોય મરચું એ લઈ લ્યે વધારે. એમ કહે છે, આ બધાને એક જાતનો ઉપદેશ દેવો? એને જોઈને દેવો. કોણ દ્યે પણ, સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ? એ ઉપદેશના વાક્યો તેનું જ્ઞાન (કરનાર)-જાણનાર આત્મા છે. ઉપદેશના વાક્યોને જોઈને રચનાર એ આત્મા નહિ. સેઠી! ભારે ભાઈ! ભાષા જડની પર્યાય છે, ભાઈ! એની મેળાએ થાય છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ના, ના, ના. વાત ઈ છેને અહીંયા. ભાષા એની મેળાએ પર્યાય થાય જડની.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બતાવવાની આત્માને વિકલ્પ આવે કે જ્ઞાન થાય આ, પણ એને લઈને ભાષા ન થાય.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ખબર પડવાની વાત નથી. એ રજકણોમાં એ સમયે એવી અવસ્થા થવાની તાકાત છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નહિ, એ વળી પછી. ઈચ્છા હોય તો જ આમ થાય, તો તો જ્ઞાનવાળા તત્ત્વો સાચા પડે અને જ્ઞાન વિનાના જડ તત્ત્વો જગતમાં રહે નહિ. પણ એ પરમાણુમાં એ સમયે એવી જ અવસ્થા થવાની લાયકાતથી થાય છે. એવી જ છે એની દશા. એના કાળક્રમે પરમાણુમાં-રજકણો પોંઈટ છે, આ જેમ શરીર છેને જુઓને, આ ... અવસ્થા થઈ છે, આ ક્યાં દાળ, ભાત, શાકમાં હતી? આ દાળ, ભાત, શાકમાંથી બની છે. કોણે બનાવી? આત્માએ બનાવી છે આ? આત્માએ બનાવી છે? તો સૌ ધોળી બનાવે, કાળી શું કરવા બનાવે?

મુમુક્ષુ :— ઘરડી શું કરવા બનાવે?

ઉત્તર :— ઘરડી શું કરવા બનાવે? ધોળા વાળ થઈ જાય અને એં.. એં.. થઈ જાય. સારા બનાવે નહિ. પણ બનાવાય નહિ એનાથી. એ તો જડની દશા જડને (કારણે થાય). ત્યારે એને ક્યાંથી ખબર પડે કે દાળ, ભાતમાંથી આવી અવસ્થા થવી? અને આ કાળા શરીરવાળા દાળ-ભાત ખાય તો કાળી થાય ઈ એને ક્યાંથી ખબર પડી? ખબરની વાત નથી. સમજાય છે કાંઈ? શરીર જેનું કાળું એ ગમે એટલો દૂધપાક અને દૂધ ને શું કહેવાય? કેસર અને કેળા, કેળા ધોળા ખાય, દૂધ અને કેળા ખાય તો ... થઈ જતું હશે? ત્યારે જડને કેમ ખબર પડી કે ન્યાં કાળાપણે થાવું? એ પ્રમાણે જ થવાની એની લાયકાતવાળા પરમાણુ ત્યાં પરિણમે, પોતાના ઉપાદાનથી પરિણમે છે. એ આત્માને કારણે નહિ. આત્મા જાણવાની વિચક્ષણતા વ્યવસ્થા જાણે માટે વાણી એવી નીકળે એમ ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ? કેમ હશે આ ધીરૂભાઈ! દુકાનમાં બધા ... ધ્યાન

રાખે તો ... થઈ જાય. .. માલની હોં! પૈસા પેદા થયા એની વાત નથી અહીંયા. ... એને લઈને પેદાશ ઓછી થાય છે કે નહિ? આવડતને કારણે હશે કે નહિ?

કહે છે, ભગવાન! તું કોણ છો? અહીં તો વાત ચાલે છે સંયતની. સંયત નામ ચારિત્રવંત જીવ કેવો હોય? કે આવો હોય છતાં તેણે અસત્સંગના પરિચયમાં આવવું નહિ. નહિતર ઊંધુ મારશે ઓલા. સેઠી! અહીં તો નિમિત્ત નૈમિત્તિક સંબંધની વાત કરે છે. માણસો નથી કહેતા? આખો દિ' ... કરે.

આવે છે શાસ્ત્રમાં. સમજાણું? આ ચંપાનગરી શ્વેતાંબરમાં આવે છે. ચંપાનગરીનો રાજા હતોને કોણિક. એની સ્ત્રી હતી. કેવું નામ હતું? નામ તો આવે છે, ઘણા વર્ષ થયા. સમજ્યાને? એને હતો નાનો ભાઈ, રેવકુમાર. એને શ્રેણિક રાજાએ હાથી ઊંચો આપેલો, ઊંચો હાથી. રાણીઓને નવરાવે, એવી રીતે નવરાવે. આ રાજાનું ... કોણિકની રાણી બળે અંદરમાં. અરે..! આ દિયરને આવો હાથી? અને એક હાર હતો મોટો, ઊંચો હાર. હાર અને હાથી બે એના બાપે એને આપેલા પહેલા. રાજ જુદું કરવા પહેલા નાના છોકરાને હાર અને હાથી આપેલા. આ રાણીને ખટકે. રાજા મારો ધણી અને આ દિયર આ બધી રાણીઓને લઈને તળાવમાં આ બધું, હાથી આવું કરે. જગતમાં પ્રસિદ્ધિ કોની છે? કીધું, આપણે રાજા છીએ. અરે..! ભાઈ! બાપાએ આપ્યા છે. બે-ચાર વાર ના પાડી પણ પચ્ચીસ, પચાસ વાર... વારંવાર સવાર, બપોર અને રાત એકની એક (વાત). એમાં મગજ ફરી ગયું ઓલાનું. સેઠી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એની યોગ્યતા ... સવાર અને સાંજ, આપણે રાજા અને આ પ્રમાણે રેવકુમાર કરે. જાવ ... હુકમ કરો. હાથી અને હાર દ્યો, નહિ તો ... ખબર પડી ઓલાને. આ તો માંગશે. થઈ રહ્યું ... વહેલી રાત્રે ઉઠી હાથી અને હાર ને સામાન લઈને બહાર વયો ગયો એની માના બાપ પાસે. અહીં હુકમ કરાવ્યો. પિતાજી કહેને, માના ... દાદા. મારા ભાઈને અને હાથી, હારને મોકલો, નહિતર લડાઈ કરો. માના બાપ સાથે લડાઈ. થઈ લડાઈ, હાર ન આપ્યો. બે દિવસની લડાઈ. એક કરોડ અને એંસી લાખ સિપાઈ. એક કરોડ અને એંસી લાખ હાર અને હાથીની તકરારમાં. મોટી ચર્ચા. એ તો નાના નાના છોકરાઓ પણ એમાં ઘણા વાતું કરે. આવે છે કે નહિ? શું તમારા ઓલા હતાને, ગુલાબરાય? સોમચંદના બાપ, નહિ? .... પૂછતા હતા, હાર, હાથીનું શું? ઈ બહુ વાતું કરે એ લોકોમાં. હાર અને હાથી બેની તકરાર. સમજાણું?

એમ કહે છે કે જો અસત્સંગમાં જઈશ, વારંવાર વાત આવશે તો ભૂલી જઈશ તું તારા ભાવને કારણે, પરને કારણે નહિ. સમજાય છે કાંઈ? અહીં તો ચરણાનુયોગનું કથન છે તો નિમિત્તપ્રધાનથી કથન છે. તારી યોગ્યતા જ એવી થઈ ગઈ. વારંવાર કહે કે આમ હોય, વ્યવહારનું આમ હોય, વ્યવહાર વિના થાય? આ ઠેકાણે વ્યવહાર કહ્યો છે, આ ઠેકાણે આમ કહ્યું છે, આ ઠેકાણે નિમિત્ત આવે તો કાર્ય થાય, ન આવે તો ન થાય-એમ કહ્યું છે. એમ શાસ્ત્રોના અર્થો કરી તને ઊંધુ મારશે.

માટે આવો આત્માનો જેણે નિર્ણય કર્યો હોય અને સંયત હોય એણે પણ અસત્સમાગમ સેવવો નહિ. એણે કુસંગના વાસમાં જાવું નહિ. આ એમ કહે છે અહીંયા. જે નબળા છે, જેના ઠેકાણા નથી એણે તો ન જાવું એ તો બરાબર, પણ આવાને પણ કંઈક લાકડા ખોસશે. પણ પહેલું આમ હોયને, પહેલું આમ હોયને. કાંઈક રાગની મંદતા થાય તો એને ઠીક પડે, કાંઈક અનુકૂળ આહાર-પાણી હોય તો ઠીક પડે, તો પરિણામ સુધરે. લાકડા ખોસી ઘાલશે ઊંધા.

એકલો આત્મા જ્ઞાતા દૃષ્ટા શબ્દ અને શબ્દના વાચકત્વનો જ્ઞાતા દૃષ્ટા છે, જાણનાર દેખનાર છે ઈ. એક પણ આહાર-પાણીની ચીજને આમ સુધારવી, બગાડવી, લાવવી એ એની તાકાત બહાર વાત છે. સમજાણું કાંઈ? એ જગતના બધા પદાર્થો જે રીતે જે સમયે જે તેની અવસ્થા થાય એવા ત્રણ કાળ ત્રણ લોકને આત્મા એક ક્ષણમાં જાણનારું તત્ત્વ છે એવો જેણે નિર્ણય કર્યો છે. સેઠી! એવો જેણે નિર્ણય કર્યો છે કે હું તો જાણનાર જ છું. એક રજકણ ફરે કે રાગ આવે એનો જાણનાર છું. રાગને કરું અને રજકણને ફેરવું એ મારામાં છે નહિ, હું તો જાણનાર છું. આ તો કહેને, ખાવા પીવામાં કેટલી વાત માણસોએ ગોઠવી નાખી છે સંપ્રદાયમાં. આમ ખાવું ને આમ પીવું ને આ લેવું. હવે એ તો બધી ક્રિયા ભજવાની હોય એમ ભજે. વિકલ્પ આવે, પણ વિકલ્પનો પણ તું જાણનાર છો અને એ ક્રિયા જડની ભજે તેનો જાણનાર. એવો નિર્ણય કર્યો ન હોય એના શ્રદ્ધા અને જ્ઞાનમાં કાંઈ ઠેકાણા ન હોય. એ શ્રદ્ધા અને જ્ઞાનના ઠેકાણા વિના એ વ્રત ને પડિમાઓ ધારણ કરીને બેસે એ ઊંધો, ઊંડો ગરી જાય. ઊંધાઈમાં, ઊંડાઈમાં એ આગળ બેસી જાય. એને તત્ત્વની શ્રદ્ધાની ભૂમિકાની ખબર પડે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**તે બન્નેના અધિષ્ઠાનભૂત—એવા 'સત્'લક્ષણવાળા જ્ઞાતૃતત્ત્વનો નિશ્ચય કર્યો હોવાથી 'સૂત્રો અને અર્થોના પદને (અધિષ્ઠાનને)...**' લ્યો, પદ એટલે અધિષ્ઠાન, પદ એટલે અધિષ્ઠાન. પહેલા શું કરતા પદ એટલે? સૂત્રોના પદો એમ હતું. ઈ એણે કહ્યું હતું અને એણે લખ્યું હતું પહેલું. કહો, સમજાણું કાંઈ? '**સૂત્રો અને અર્થોના પદને...**' શું કહે છે? સૂત્રો એટલે પહેલા વાચક શબ્દ કહ્યું ઈ અને અર્થો એટલે જગતના બધા પદાર્થ. બે. બેનો પદ એટલે બેનો આધાર. અધિષ્ઠાન આત્મા જાણવાની અપેક્ષાએ બેયનો આધાર. એવા '**(અધિષ્ઠાનને) જેણે નિશ્ચિત કરેલ છે એવો...**' ઓહો..હો..! સમજાણું કાંઈ? આત્મા કેવો છે એનો નિર્ણય કરાવવાની વાત છે. સંયત મુનિની અપેક્ષા કહીને પણ નિર્ણય કરાવે છે. સેઠી! આહા..હા..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— તોફાન જડનું જડમાં ચાલે. પણ એ 'મારાથી થાય' એ તોફાન એનામાં ચાલે. ચુનીભાઈ! આ છોકરાઓને વશ રાખો, બધાને આમ રાખો, ફલાણાને આમ (રાખો). ઈ છે એને જાણવાનો સ્વભાવ છે, એનો ફેરફાર કરવાનો તારામાં સ્વભાવ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એનાથી એનું થાય. ફેરફાર તો, પર્યાયનો ફેરફાર થવાનો સ્વભાવ છે. એનો પર્યાય

પલટવાનો સ્વભાવ છે. પર્યાય તે દ્રવ્ય-ગુણ-પર્યાય સત્‌માં જાય છે. સત્ આખું વિશ્વ છે. એ વિશ્વને જાણવાની તાકાતવાળો આત્મા છે. એ વિશ્વના કોઈ દ્રવ્યને, કોઈ શક્તિને, કોઈ અવસ્થાને ફેરફાર કરે, તેનો ક્રમ પર્યાય ચાલે એને આઘોપાછો કરે, ત્રણ કાળ ત્રણ લોકમાં આત્માની તાકાત દ્રવ્ય-ગુણમાં તો નથી પણ પર્યાયમાં પણ નથી. સમજાણુ કાંઈ? કાલે એવું આવ્યું હતુંને? ... એવું આવ્યું હતુંને? સમજાણું?

કહે છે, ઓહો..! ... વાણીઓ, વાણીઓ એટલે? શબ્દો, વાણી. જેટલી જગતમાં કહેવાય, જગતને બતાવનારી શબ્દબ્રહ્મની એ પૂર્ણ સર્વજ્ઞની વાણી શબ્દબ્રહ્મ છે અને બાર અંગને પણ શબ્દબ્રહ્મ કહેવામાં આવે અને સમયસારને એ બાર અંગનું રહસ્ય બતાવનાર (છે) માટે એને પણ શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે. સમયસારના શબ્દોને પણ શબ્દબ્રહ્મ કહેવાય છે. એ શબ્દબ્રહ્મને જાણવાનો આત્મામાં સ્વભાવ છે. એ શબ્દબ્રહ્મનો આત્મા જાણવાની અપેક્ષાએ આધાર છે, કરવાની અપેક્ષાએ આધાર નહિ. સમજાણું કાંઈ? એના જ્ઞાનમાં જણાઈ જાય કે આ શબ્દો થાય છે. અને શબ્દે બતાવેલો પોતે અને પર બધું વિશ્વ. સત્‌માં તો બધું ગયુંને? પોતે અને પર બધું સત્ આખું જગત એને આ એક જ્ઞાનમાં-પોતાના જ્ઞાનપર્યાયમાં જાણવાના સ્વભાવ તરીકે એક સાથે શબ્દો અને બતાવેલ પદાર્થનું જ્ઞાન ગુંથાઈ ગયું નામ જાણવામાં આવ્યું હોવાથી ભગવાન આત્મા, શબ્દો બધા એટલે દિવ્યધ્વનિના અને આ બધા પદાર્થ, એનો જાણવાની અપેક્ષાએ આધાર કહેવામાં આવે છે.

બીજી રીતે જો આધાર એને કહેવામાં આવે કે શરીરનો આધાર આત્મા, આ દેશને સરખું રાખવામાં આધાર આત્મા, આ હીરા માણેકને ગોઠવી દેવામાં આધાર આત્મા. આ દુકાનમાં આ એક મોટો સ્તંભ છે એમ નથી કહેતા? ડાહ્યો માણસ હોય એ કહેવાય, મહેન્દ્રભાઈ જેવા, લ્યો. દુકાનમાં. આ એક સ્તંભ છે દુકાનના મોટા મહા. આમ બધું ધ્યાન રાખે, વિચક્ષણતા કરે. અહીં કહે છે કે સ્તંભ-બંભ પરના કરવા અને પરને રચવાની અપેક્ષાએ આત્મા સ્તંભ નથી. એને જાણવાની અપેક્ષાએ ભગવાન સ્તંભ છે. આહા..હા..! વાડીભાઈ! ... કહો, સમજાણું કાંઈ? કોણ છે આમાં? એમ કહે છે. આ મહેન્દ્ર આવ્યા પછી કેટલું સરેડે ચડી ગયું, સંઘમાં. એવી બધી વાતું કરે માણસ. કેટલું ... બે બે વાર સભા અને વળી ત્રીજી વાર બાકી રાખ્યું. આહા..હા..!

અરે..! ભગવાન! તું આત્મા જ્ઞાનનો પુંજ છો, જ્ઞાનસૂર્ય છો. એ જ્ઞાનસૂર્યમાં થયું, થાય અને થશે એ ત્રણને સત્ કહેવામાં આવે છે. ત્રણે સત્‌માં ભળી જાય છે. અસત્ છે કોઈ? વ્યય પણ સત્ છે, ઉત્પાદ પણ સત્ છે, ધ્રુવ પણ સત્ છે. વ્યય દરેક આત્માની અને પરમાણુની જે અવસ્થા થઈ એ ગઈ. ક્યાં ગઈ? ક્યાં ગઈ? છે કોઈ કહેનાર? સર્વજ્ઞ અને વસ્તુના સ્વભાવ સિવાય ક્યાં ગઈ? વિકારી ગઈ તો અંદરમાં, અવિકારી ગઈ તો અંદરમાં. બધાનો આધાર દ્રવ્ય છે. એ વસ્તુનો આધાર દ્રવ્ય છે. એના જ્ઞાનનો આધાર આત્મા છે. સમજાય છે કાંઈ? ભારે ભાઈ ઝીણું. જુઓ! આવું આ અધિષ્ઠાન એને અહીં વાસ્તુ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એવો આત્મા બધાને

જાણનાર હું છું, જાણવા સિવાય મારી કોઈ ... અધિકાઈ મારામાં કાંઈ નથી. એવો આત્મામાં નિર્ણય કરીને વસે એણે અનંત કાળમાં નહિ લીધેલું વાસ્તુ આત્મામાં કર્યું. સમજાણું કાંઈ? બાકી તો ભમ્યા કરે છે ચારે કોર. અંદર વાસ્તુ કર્યા વિના જ્યાં ત્યાં ભમ્યા કરે, ફર્યા કરે. અમે આ કર્યા. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' આવે છેને? 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે'. કૂતરું જેમ ઓલા ગાડાને તાણે એમ માને, એમ આ બધા કામ દુકાનના, ધંધાના, મકાનના ને શું કહેવાય બધી આ? વંડીઓના, અમે કરીએ, અમે કરીએ. ભગવાન! એ મોટો ભ્રમ છે, હોં! આકાશના ફૂલ તોડવા જેવી વાત છે. એ બધા કામ થાય, થયા, થશે એનો આત્મા જાણનાર છે એમ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા કહે છે. સમજાય છે કાંઈ? એવો આત્માનો જેણે નિર્ણય કરી રાખ્યો છે એવા જીવોએ પણ અસત્સમામગ છોડવો. કેમકે તને દખલ કરી નાખશે, જો તારી એવી યોગ્યતા કાચી હશે તો. સમજાય (છે)? આવા નિર્ણયવંતે પણ શાસ્ત્રની વાત કરતાં કર્મની, બીજાની આમ કરી શકાય, આમ હરી શકાય, આમ લઈ શકાય, આમ લઈ શકાય, આમ ખાય તો આમ પરિણામ સારા થાય, મારી નાખશે તારી શ્રદ્ધાને. જ્ઞાતા દૃષ્ટાની શ્રદ્ધામાં મોટા ગોટા વાળશે. સંગ કરીશ નહિ, કુસંગ.

મા-બાપ કહેને છોકરાને કે ભાઈ! આપણે વાણિયાને એ ન હોય, ઓલા માછલા પાસે જવા ને લોટ નાખવા. ઓલા લોઢાના કાંટા કરે છેને? કાંટા કરીને લોટ નાખે. પછી માછલામાં નાખે તો ... ભરાય તો બહાર કાઢે. એક વખત વાણિયનો દીકરો ઊભો હતો. ... પણ આપણું કામ નહિ આ. ભોગીભાઈ! છે કે નહિ? દીકરા! આપણા કામ નહિ આ. એ જેને હોય એને, આપણે જોવાય નહિ. જોવાય નહિ એટલે ત્યાં પ્રેમ ન થાય. જોવાનો સ્વભાવ છે, પણ પ્રેમ ન થાય કે લાવ, થોડું જોઈ લઈએ શું છે? બાપુ! તારો સ્વભાવ જ્ઞાન છે. સમજાણું?

એક રાજાને એક વાણિયાને લઈ ગયા, ઓલો દીપડો હતો. પાડો બાંધીને દીપડાને (મારવા). એ તો ક્યાં ઠેકાણા વિનાના હતા. ઓલા બાંધેલા, મંડપ મજબૂત મકાન. એમાં જાળી, એમાં લૂગડું આડું અને ત્યાં જોડે પાડો બાંધેલો અને ઓલો દીપડો ખાવા આવેલો. ઓલા શેઠને કહે, ચાલો, ચાલો જોવા. ઈ જાણે શું હશે? અંદર જઈને (કહ્યું), ભાઈ! આ અમારા વાણિયાનું કામ નહિ. પાડો ખાય એ અમારું કામ નહિ, અમારે જોવાનું કામ નહિ. સમજાણું કાંઈ? અમારા કામ નહિ. એ ક્રિયા જડની જડપણે, પરની પરપણે જે થાય એને વીતરાગભાવે જાણવાનો આત્માનો સ્વભાવ છે. એને દ્વેષ કરવાનો સ્વભાવ નથી અને પ્રીતિ કરવાનો પણ એનો સ્વભાવ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

એવું અધિષ્ઠાન જેણે નિશ્ચિત કર્યું છે. આહા..હા..! એવો ભગવાન આત્મા હું છું (એવો) નિર્ણય કર્યો છે, સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે એમ કહે છે. નિર્ણય કર્યો છે કે ઓહો..! આ સ્વભાવ એકલો જ્ઞાયક ચૈતન્ય છે. એ રાગથી પર છે, પર પદાર્થના અસ્તિત્વથી પોતાનું અસ્તિત્વ જુદું છે. એવો જેણે સમ્યગ્દર્શનમાં 'આવું તત્ત્વ છે' એમ નિર્ણય કર્યો છે, એમ કહેવામાં આત્મા આવો છે

એમ નિર્ણય કરે તો સમ્યગ્દર્શન કહેવાય. નહિતર સમ્યગ્દર્શન હોઈ શકે નહિ. એની પાસે જો થોડું કામ એને સોંપે, વિકલ્પ અને રાગનું કામ સોંપે, થોડોક કરજે વિકલ્પ. આવો કરજે આ ટાણે. એ નહિ, એ આત્મા એણે જાણ્યો નથી. અને એગં જાણઈ સવ્વં જાણઈ. આત્મા આવો જો બરાબર જાણે તો બધા પદાર્થોની પર્યાયનું શું સ્વરૂપ છે? એની તાકાતનું શું સ્વરૂપ છે? એકના જ્ઞાનમાં બધાનું જ્ઞાન સમાઈ જાય છે. અને એકના જ્ઞાનમાં જ્યાં વિપરીતતા છે એમાં બધા પદાર્થનું જ્ઞાન એમાં વિપરીત છે, એનું અવિપરીત જ્ઞાન છે નહિ. કહો, સમજાણું કાંઈ? એક વાત કરી.

વળી, કેવો છે સંયત જીવ? આવો નિર્ણય કર્યો છે, એક બોલ. '(૨) **નિરુપરાગ ઉપયોગને લીધે...**' નિરુપરાગ--ઉપરાગ--મેલ વિનાના ઉપયોગને લીધે '**કષાયોને જેણે શમાવ્યા છે એવો**' રાગ દ્વેષ જેણે શાંત કરી નાખ્યા, ઉપશમ કર્યો, ઉપશમ કર્યો. ઉપરાગ નામ મેલ. મેલ વિનાના ઉપયોગને લીધે જેણે કષાયોને શમાવ્યા છે એવો સંયત છે એમ કહેવું છે. એવા સંયતે પણ અસત્સંગના સમાગમમાં આવવું નહિ. સમજાણું કાંઈ? ઓહો..હો..! કેટલી કરુણા! આચાર્ય... ભાઈ! અનંતે કાળે સત્સમાગમની વાત મળી અને એનો તેં નિર્ણય અને તું શાંતપણે આવ્યો અંતરમાં, હવે તું કુસંગમાં ન જઈશ, હોં! કુસંગમાં ન ચડીશ હોં! નહિતર એ કુસંગ ઊંધે રવાડે ચડાવી દેશે તને. ચડાવી દેશે એટલે તું ચડીશ ત્યારે ચડાવી દેશે એમ કહેવામાં આવે. સમજાણું કાંઈ?

વળી '(૩) **નિષ્કંપ ઉપયોગનો બહુશઃ અભ્યાસ કરવાથી...**' જુઓ! તપની વ્યાખ્યા કરે છે. ઓલી ચારિત્રની કરી. ઓહો..! હજી તપ લેશે, તપ કોને કહેવો? '**નિષ્કંપ ઉપયોગનો બહુશઃ અભ્યાસ કરવાથી...**' ઘણો ખુબ, બહુ, વારંવાર. નિષ્કંપ ઉપયોગ અંદર શુદ્ધ.. શુદ્ધ.. શુદ્ધ... શુદ્ધ.. શુદ્ધ. એનો આત્મવેપાર નિષ્કંપ શુદ્ધ ઉપયોગનો અભ્યાસ કરવાથી '**અધિક તપવાળો**' હોય...' આ અધિક તપની વ્યાખ્યા કરી. દર્શનની વ્યાખ્યા કરી, ચારિત્રની કરીને તપની-ત્રણની વ્યાખ્યાનું સ્વરૂપ બતાવ્યું. જ્ઞાયક જાણનાર છે બધાનો, શબ્દો અને સત્‌નો એવો નિર્ણય કરવો એ સમ્યગ્દર્શનનું લક્ષણ છે. અને તે કષાયો પુણ્ય-પાપ, શુભ-અશુભ બધા ઠારવા, ઠારવા—ઉપશમ કરવા એને અહીંયા ચારિત્ર કહેવામાં આવ્યું છે. એ ચારિત્રની વ્યાખ્યા છે. કોઈ રાગ, પુણ્યનો વિકલ્પ કે દેહની ક્રિયા, કપડા છોડ્યા કે નગ્ન થયો એ ચારિત્ર છે નહિ.

'(૩) **નિષ્કંપ ઉપયોગનો...**' જુઓ! આટલું વિશેષ કર્યું. ઓલામાં નિરુપરાગ ઉપયોગને લીધે એટલું હતું. નિરુપરાગ મલિન ઉપયોગના અભાવને લીધે કષાય શમાવ્યા છે. હવે અહીં તો નિર્મળતામાં વધારે વૃદ્ધિ કરી છે. આ તપસ્યા, તપસ્યા. આહા..હા..! નિષ્કંપ અંદર જ્ઞાનસ્વરૂપ ભગવાન એની અંદર સ્થિરતામાં એટલો જામી ગયો છે કે નિષ્કંપ ઉપયોગ એટલે કંપ નથી. ઉગ્ર અભ્યાસ અંતરમાં કરવો. લ્યો, આ અભ્યાસ. અંતરના શુદ્ધ ઉપયોગનો અંતર ઉપયોગ ઉગ્રપણે કરવાથી અધિક તપવાળો (અર્થાત્) બીજા કરતાં જેની તપસ્યા અધિક વધી ગઈ. આ તપસ્યા હોં! આ અપવાસ ન કર્યા ને ફલાણું ન કર્યું ને બહુ અપવાસ કર્યા ને ૧૦૮.. શું કહે છે? વર્ષીતપ.

લાંઘણું છે બધી. સમજાય છે કાંઈ? એ.. વજુભાઈ! આ બધા અપવાસ કરે છે લાંઘણું. પછી તમારે કરવું પડે. ઘરમાં વર્ષીતપ કરે તો પાંચ હજાર ખર્ચવા પડે. આબરૂ પ્રમાણે કરે, નહિતર તો લાંઘણું કરી હતી એમ કહે. લાંઘણું કરી હતી? મોહનભાઈ! એમ કહે. માણસ મરે અને સરખા છાજિયા ન લ્યે તો કહે કે આ લાકડું મર્યું છે? કેમ હાથ ઉપડતો નથી? એમ કહે બાયડીયું. જુઓને ઢોંગ! સમજાય છે કાંઈ? આ તો બધું જોયેલું, હોં! ભાઈ!

દડવામાં એક ફેરી બરાબર આમ ડેલામાં એક માણસ મરી ગયો અને એક બાઈ એવી રોવે. કાંઈ બહુ એવું નહોતું સાધારણ માણસ, પણ એવી રોવરાવે. છાજિયા (લે). લાકડું બાંધ્યું છે? હાથ કેમ ઉપડતો નથી? શું છે તારે? છાજિયા લેવરાવવા છે સરખા? આમ કૂટેને. લાકડું બાંધ્યું છે? કેમ ... નથી? એમ ઓલી બાયડીયું કહે, આ અમે લાંઘણું કરી હતી? અપવાસ કર્યા છે, કાંઈક ઉજવો. શું કહેવાય? ઉજવો, કાંઈક ઉજવો. ઉજમણી કરો કાંઈક. ઉજમણા કર્યા. હતો કે દિ' તપ તારી પાસે? સમજાય છે કાંઈ?

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા એને તપ કહે છે કે આત્મા જ્ઞાનમૂર્તિનો નિર્ણય કરી, કષાયનો અભાવ કરીને ઠરી અને નિષ્કંપ અંતરના ઉપયોગને ઘોળીને ઈચ્છાનો અભાવ કરી નાખ્યો છે. એવા તપવંતને, એવા સંયતિને પણ અસત્સમાગમ કરવો નહિ એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું? **'એ રીતે (આ ત્રણ કારણે) જે જીવ સારી રીતે સંયત હોય,...'** પાછું. એ કારણે જે સારી રીતે સંયત હોય. સમ્યક્ પૂર્વક યત્ના ચારિત્ર અને તપ. **'તે (જીવ) પણ લૌકિકસંગથી...'** એ લૌકિકજનના સંગથી. એ બધા લૌકિક છે. પુણ્યથી ધર્મ મનાવનારા, દેહની ક્રિયા આત્મા કરી શકે, પરના કામ, જડના કરી શકે. બધા કેટલા કર્યા! આહા..હા..! અરે..! ભગવાન! તું આત્મા કોણ છે? તને કર્તા-બર્તામાં ખોસી ઘાલ્યો છે. એ આત્મા કહેવામાં આવતો નથી. એવા **'(લૌકિક જનના સંગથી) અસંયત જ થાય છે,...'** એ સંયતિ આવો છતાં ખોટા સંગથી અસંયત જ થાય છે. અજ્ઞાની થઈ જશે, અસયંતિ થઈ જશે. સમજાણું કાંઈ?

**'કારણ કે અગ્નિની સંગતિમાં રહેલા પાણીની માફક... '** જુઓ આવ્યું. અગ્નિના સંસર્ગમાં રહેલા પાણીની માફક **'તેને વિકાર અવશ્યંભાવી છે.'** અગ્નિનો પરિચય હોય અને પાણી ઊનું ન થાય એમ બને? થાય છે પોતાને કારણે. સમજાણું કાંઈ? આ ખોસે અહીંથી, જુઓ! પાણી આમ થયું. સાંભળને હવે. અહીં તો કહે છે કે અગ્નિનો સંસર્ગ કીધોને અહીં? જુઓને! અગ્નિની સંગતિમાં રહેલું પાણી એમ કીધું છે. સમજાણું? પાણી પોતે એની સંગતિમાં રહેલું. અવશ્યંભાવી, તેને વિકાર જરૂર છે. **'માટે લૌકિકસંગ સર્વથા નિષેધ્ય જ છે.'** જુઓ! સર્વથા આવ્યું. માટે સંતોએ ધર્માત્માએ એટલે જ્ઞાનીએ સાધારણ સમ્યગ્દૃષ્ટિ વગેરે. સમજાય છે કાંઈ? લૌકિક અજ્ઞાનીઓ વ્યવહાર ... વ્યવહાર એવો અર્થ કર્યો છે, જયસેનાચાર્યદેવની ટીકામાં. લૌકિક વ્યવહાર ... ટીકામાં છે. જે કોઈ બાહ્યને કારણે, રાગને કારણે, પુણ્યને કારણે અને પરને પોતાનો કર્તા બતાવે એવા બતાવનાર જ્યોતિષીઓ, આ વૈદો, એ બધું છે અંદરમાં હોં! આપ્યું

છે, બીજે છે ક્યાંક. સમજાણું? એ લૌકિકના અર્થમાં આવશે, પછીની ગાથામાં. એનો સંગ ધર્મીએ કરવો નહિ. લૌકિક એવા કહેવાય, વૈદક ને શાસ્ત્ર ને જ્યોતિષ ને મંત્ર ને તંત્રને બતાવનારા અને પુણ્ય આદિમાં ધર્મ બતાવનારા બધા લૌકિકજનો છે. એવાઓનો સંગ ધર્મીએ સપનામાં પણ કરવો નહિ. **'સર્વથા નિષેધ્ય જ છે.'** કહો, સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :— જે જીવ સંયત હોય, એટલે કે (૧) જેણે શબ્દબ્રહ્મને અને તેના વાચ્યરૂપ સમસ્ત પદાર્થોને જાણનાર જ્ઞાતૃતત્ત્વનો નિર્ણય કર્યો હોય, (૨) જેણે કષાયોને શમાવ્યા હોય અને (૩) જે અધિક તપવાળો હોય, તે જીવ પણ લૌકિક જનના સંગથી અસંયત જ થાય છે; કારણ કે જેમ અગ્નિના સંગથી પાણીમાં ગરમપણારૂપ વિકાર અવશ્ય થાય છે, તેમ લૌકિક જનના સંગને નહિ છોડનાર સંયતને અસંયતપણારૂપ વિકાર અવશ્ય થાય છે. માટે લૌકિક જનોનો સંગ સર્વ પ્રકારે ત્યાજ્ય જ છે.'** અજ્ઞાન અને રાગ-દ્વેષના નિમિત્તોને છોડવા અને સમ્યક્જ્ઞાનના સત્સમાગમમાં રહેવું એમ અહીંયા ઉપદેશ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧૧, મંગળવાર, તા. ૯.૧૦.૧૯૬૨**
**ગાથા-૨૬૯, ૨૭૦, પ્રવચન-૨૫**

પ્રવચનસાર, ચરણાનુયોગસૂચક ચૂલિકા. ૨૬૮ ગાથા પૂરી થઈ. **'હવે 'લૌકિક'નું (અર્થાત્ લૌકિક જનનું) લક્ષણ કહે છે :—'** લૌકિક સાધુ કોને કહેવા? અને એનો સંગ મુનિઓએ છોડવો. એની વ્યાખ્યા કરે છે. ૨૬૯.

णिग्गंथं पव्वइदो वट्टदि जदि एहिगेहिं कम्मेहिं।
सो लोगिगो त्ति भणिदो संजमतवसंपजुत्तो वि।।२६९।।

**નિર્ગ્રંથરૂપ દીક્ષા વડે સંયમતપે સંયુક્ત જે,**
**લૌકિક કહ્યો તેને ય, જો છોડે ન ઐહિક કર્મને. ૨૬૯.**

**'ટીકા :— પરમ નિર્ગ્રંથતારૂપ પ્રવ્રજ્યાની પ્રતિજ્ઞા લીધી હોવાથી...'** પરમ નિર્ગ્રંથ એટલે દિગંબર. એવી દીક્ષા પ્રવ્રજ્યાની પ્રતિજ્ઞા લીધી હોવાથી. લીધીને કારણે. **'જે જીવ**

**સંયમતપના ભારને વહેતો હોય...**' જુઓ! અહીં તો શુભભાવ તો લીધો છે સંયમ, તપમાં. એવું કરતા છતાં વચમાં આવા શુભભાવ ... '**પરમ નિર્ગ્રંથતારૂપ પ્રવ્રજ્યાની પ્રતિજ્ઞા લીધી હોવાથી જે જીવ સંયમતપના ભારને વહેતો હોય...**' ક્રિયા આદિ, બાહ્ય સંયમ આદિ કેટલું કરતો હોય. '**તેને પણ, જો તે મોહની બહુલતાને લીધે...**' આ ... '**મોહની બહુલતાને લીધે શુદ્ધચેતનવ્યવહારને છોડીને...**' જુઓ! શુદ્ધ ચૈતન્યવ્યવહાર એટલે? શુદ્ધ ચૈતન્યદ્રવ્ય, શુદ્ધ સ્વભાવ ચેતના, ચેતના ત્રિકાળ સ્વભાવ, એની અંદરની એકાગ્રતાનો નિર્વિકલ્પ આત્મ ચૈતન્યવ્યવહાર. સમજાય છે કાંઈ? શું વ્યવહાર?

આત્મદ્રવ્ય વસ્તુ એક સેકંડના અસંખ્યભાગમાં પૂર્ણ વસ્તુ, પૂર્ણ જ્ઞાનમૂર્તિ અખંડ આનંદ એના તરફની વીતરાગી પરિણતિરૂપ નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રરૂપ જે આત્મવ્યવહાર, એ આત્મવ્યવહાર. અહીંયા એને શુદ્ધચૈતન્યવ્યવહાર કહ્યો છે. સમજાય છે કાંઈ? દેહાદિની ક્રિયા તો નહિ, શુભની ક્રિયા પણ નહિ, શુભના પરિણામની ક્રિયા પણ નહિ. એકલો શુદ્ધચૈતન્યવ્યવહાર. જ્ઞાનસ્વભાવ સર્વજ્ઞસ્વભાવી આત્મા એની અંતર્મુખ દૃષ્ટિ કરી અને સ્વરૂપની સ્થિરતાનો વીતરાગી નિર્વિકલ્પ આત્મવ્યવહાર કે જે મોક્ષનો માર્ગ છે. એવા ચૈતન્યવ્યવહાર, શુદ્ધ ચૈતન્યવ્યવહારને છોડીને. શું થયું?

મુમુક્ષુ :— શુદ્ધ પરિણતિને...

ઉત્તર :— શુદ્ધ પરિણતિને શુદ્ધચૈતન્યવ્યવહાર કહેવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? એ પહેલા આવી ગયું છે, નહિ? ૯૪માં જુઓ. ૯૪ ગાથા છેને ૯૪. પાનું-૧૬૭. ટીકાની ચોથી લીટી. '**જેમને એકાંત નિરર્ગળ એકાંતદૃષ્ટિ ઊછળે છે...**' સાધુ થઈને કેવા છે? જેમને નિરર્ગળ, નિરર્ગળ નામ અંકુશ વિનાની બેહદ. મનુષ્યાદિ પર્યાયમાં લીન, બેહદ એકાંતદૃષ્ટિ એ જ હું. મનુષ્યની ક્રિયા, દેહાદિનું હાલવું, ચાલવું, ભગવાનની ભક્તિ તરફનું જવું, વ્રતના તરફના અહિંસા આદિ ક્રિયામાં શરીરની ક્રિયા થવી એવા એકાંતદૃષ્ટિ મનુષ્યની પર્યાયમાં '**આ હું મનુષ્ય જ છું,...**' આ હું મનુષ્ય જ છું. દેખો! '**મારું જ આ મનુષ્યશરીર છે**' અરસપરસ લીધું. આ મનુષ્ય, આ હું મનુષ્ય છું અને મારું જ આ મનુષ્યશરીર છે '**એમ અહંકાર મમકાર વડે ઠગાતા...**' એમ આ શરીર હું અને એ મારું, એમ અહંકાર અને મમકાર વડે. અહંકાર (એટલે) હું મનુષ્ય છું તે. મારું આ મનુષ્યશરીર તે મમકાર. એ વડે ઠગાતા. શું કહે છે તમારે? ઠગાતા ઠીક હૈ? ઠગાયા હુઆ.

'**અવિચલિતચેતનાવિલાસમાત્ર...**' દેખો! અવિચલિતચેતનાવિલાસ. જે ચેતના ત્રિકાળ જ્ઞાન છે, શુદ્ધ ચેતના ત્રિકાળ એનો વિલાસ, એની રમત—અંદર એકાગ્રતા.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ ચેતના ત્રિકાળ છે તે ચેતના ત્રિકાળનો વિલાસ, એમાં એકાકારતા થવી. અહીં કહ્યું કે શુદ્ધચેતનાવ્યવહાર. આ ગાથામાં આવ્યું. શુદ્ધચેતનાનો વ્યવહાર. એકલો નિર્મળ નિર્વિકાર

પરિણતિ એ શુદ્ધચેતનાનો વ્યવહાર એને અહીં આત્મવ્યવહાર કહ્યો. આત્મવ્યવહાર એને કહીએ છીએ કહે છે. છે ધર્મચંદજી? શું આત્મવ્યવહાર? દેહની ક્રિયા? ત્યારે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ? ત્યારે શું આત્મ વ્યવહાર? શુદ્ધ પરિણતિ. વસ્તુ ત્રિકાળ શુદ્ધ છે એનો અંતર અભિપ્રાય, અંતર્મુખના પરિણામ થઈને જે વીતરાગી પરિણતિ—અવસ્થા પ્રગટ થઈ એને અહીંયા આત્મવ્યવહાર કહેવામાં આવે છે. એને અહીંયા શુદ્ધચેતનવ્યવહાર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? તેને છોડી '**સમસ્ત ક્રિયાકલાપને છાતી-સરસો ભેટવામાં આવે છે...**' ક્રિયા—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો શુભરાગ એને છાતી-સરસો ભેટે છે. જેમ બાળકને ભેટેને એની મા, એમ આ રાગને આત્મા સાથે ભેટો કરે છે. એ મારી ક્રિયા છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ આદિનો વિકલ્પ ઉઠે છેને રાગ, એ રાગની ક્રિયા એની સાતે છાતી-સરસો ભેટવામાં આવે છે. એને મનુષ્યવ્યવહાર કહેવામાં આવે છે. તે મનુષ્યવ્યવહાર છે, આત્મવ્યવહાર નહિ. સમજાણું કાંઈ?

એનો '**આશ્રય કરીને રાગી અને દ્વેષી થતા થકા પરદ્રવ્યરૂપ કર્મ સાથે સંગતપણાને લીધે...**' એ વિકારી પરિણામ એ પરદ્રવ્યના પરિણામ, સ્વદ્રવ્યના ચૈતન્યવિલાસના જે પરિણામ છે એનાથી ભિન્ન છે. એને છોડી, સ્વભાવને છોડી રાગાદિ જે પરદ્રવ્ય પરિણામ ખરેખર પરસમય સાથે. એ મનુષ્ય જ હું છું, એની ક્રિયામાં જોડાઈ ગયોને. '**પરસમયરૂપે પરિણમે છે.**' એ મિથ્યાદષ્ટિપણે રાગની ક્રિયા અને દેહની ક્રિયા હું, એમ મિથ્યાત્વપણે એ પરિણમે છે. કહો, આમાં કેટલું કાઢી નાખવું?

આ બધા તકરાર કરે છે વ્યવહારની. સેઠી! વ્યવહાર ત્યાજ્ય નહિ એમ કહે છે. વ્યવહાર ઉપાદેય છે એમ કહે છે. ચોથે ગુણસ્થાનથી... પહેલેથી દૃષ્ટિમાં રાગની ક્રિયા હેય જાણ્યા વિના, શુભ ઉપયોગને હેય જાણ્યા વિના પોતાના સ્વભાવ સન્મુખનો અભિપ્રાય થતો નથી. સમજાય છે કાંઈ? શુભરાગ જેટલો કષાય મંદ, કષાય મંદ જે છે, કષાય મંદ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, જાત્રા એ શુભ પરિણામથી રુચિ ખસેડીને સ્વ અભિપ્રાય નિજ દ્રવ્ય તરફ ન લઈ જાય ત્યાં સુધી તો એને સમ્યગ્દર્શન થતું નથી. આ શુભવ્યવહાર પહેલા હેય માન્યા વિના, છોડ્યા વિના, દૃષ્ટિમાંથી ખસેડ્યા વિના સ્વભાવ સન્મુખ કેવી રીતે થશે? અને સ્વભાવ સન્મુખ થયો પછી પણ શુભરાગ તો હેય તરીકે જ જ્ઞાનમાં જ્ઞેય તરીકે આવે છે. શુભ પરિણામ હેય તરીકે જ્ઞેય તરીકે જ્ઞાનમાં આવે છે.

મુમુક્ષુ :— કથંચિત્ હેય.

ઉત્તર :— સર્વથા હેય છે, કથંચિત્ શેનું વળી? સર્વથા જૈનશાસનમાં નથીને? સાંભળ તો ખરો. સંવર, નિર્જરા પોતાના શુદ્ધ ચૈતન્ય સન્મુખનો અભિપ્રાય અને પરિણતિ તે જ એક સર્વથા ઉપાદેય. એમાં પણ કથંચિત્ લે તો લઈ શકે. કેમ? નિર્મળ પરિણતિ કથંચિત્ ઉપાદેય, કથંચિત્ ત્રિકાળ દ્રવ્ય ઉપાદેય.

મુમુક્ષુ :— નિર્મળ પરિણતિ...

ઉત્તર :— ત્રિકાળ દ્રવ્ય છે તે ઉપાદેય, મૂળ ઉપાદેય. પણ શુભ પરિણામ તો કથંચિત્ ઉપાદેય એમ છે જ નહિ. વ્યવહારથી વ્યવહાર ઉપાદેય કહેવામાં આવ્યો એનો અર્થ ઈ છે કે જાણવાલાયક રહ્યો. એને ઉપાદેય કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? લ્યો, અહીંયા કહ્યું, એ મિથ્યાદૃષ્ટિ છે.

અહીં તો કહે છે, પોતાનું ભગવાન દ્રવ્ય ચૈતન્ય એની નિર્મળ શ્રદ્ધા-જ્ઞાનની પરિણતિ તેને અમે આત્મવ્યવહાર કહીએ છીએ. આત્મવ્યવહાર તો એને કહીએ છીએ. એનાથી વિરુદ્ધ જેટલો વ્યવહાર દયા, દાન વિકલ્પ આદિની ક્રિયા એ શુભરાગ તે આત્મદ્રવ્ય નથી, એ પરદ્રવ્યની ક્રિયા છે એમ કહેવામાં આવે છે. ઓહો..હો..! ભારે કઠણ જગતને! સમજાય છે કાંઈ? જે રાગાદિ ક્રિયા છે તેને પોતાની માને છે તે પોતાના સ્વભાવને ઠગે છે, ઠગાઈ જાય છે, હેરાન થઈ જાય છે. અમૃતચંદ્રાચાર્યે તો ઈ કહ્યું કે જેટલા શુભ પરિણામ થાય, અશુભની તો વાત જ ક્યાં છે? સમજાય છે કાંઈ? આવી ક્રિયા કરું, આવી ક્રિયા કરું, આવી દેહની ક્રિયા આમ કરું, આમ લઉં, આવી દયા પાળું, વ્રતાદિ પાળું એ બધો શુભરાગ એને મનુષ્યવ્યવહાર કહેવામાં આવ્યો છે. એ ચૈતન્યવ્યવહાર નહિ. ભગવાન આત્માનો વ્યવહાર નહિ, એ મનુષ્યનો વ્યવહાર છે એમ કહ્યું. સમજાય છે કાંઈ? સેઠી! શું કરવું?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— પશુમાંથી નહિ બચે. તેને પોતાનું સ્વરૂપ માનીને જે લાભ માને છે તેને પશુ કહે છે. બપોરે કહે છે ઈ. આહા..હા..! ભારે કઠણ. સાત બોલ હતાને પહેલા? એના પછી ત્રણ લાવ્યા હતા. નિયત, એકાંત નિશ્ચય અને વ્યવહાર ત્યાજ્ય. જૈનધર્મની મોટી ભૂલ કરે છે. જ્ઞાનચંદજી! એમ કહે છે. માટે કરો ચર્ચા, નહિતર તણાવ થશે. શું કીધું? તણાવ થશે, તણાવ થશે, ખેંચાતાણ થશે. અરે..! ભગવાન! શું કોની સાથે તું ખેંચાતાણ કરે છે? શું ખેંચાતાણી?

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં પૂર્ણ શુદ્ધિની સંપદાની ઋદ્ધિ લઈને પડ્યો છે. પૂર્ણ શુદ્ધિની સંપદારૂપી ઋદ્ધિ લઈને પડ્યો છે. એમાં એકાકાર થઈને જેટલી નિર્વિકલ્પ વીતરાગ પરિણતિ થઈ તેને અહીંયા અમૃતચંદ્રાચાર્ય અથવા સર્વજ્ઞદેવ અવિચલિત ચેતનાવિલાસરૂપી આત્મવ્યવહાર કહે છે. આત્મવ્યવહાર તો એને કહે છે. લાલચંદભાઈ! સમજાય છે કાંઈ? રાગ હો, પણ એ રાગાદિ ક્રિયા મનુષ્યના વ્યવહારમાં નાખી દીધી. સમ્યક્દૃષ્ટિને જ્ઞાનમાં એ જ્ઞેયરૂપ, પરજ્ઞેયરૂપ નાખી દીધી. સમજાય છે કાંઈ? તે પ્રમાણે અહીંયા કહ્યું, જુઓ!

**'મોહની બહુલતાને લીધે...'** ત્યાં એકાંતદૃષ્ટિ ઊછળી છે એમ કહ્યું હતું. એમાં એકાંતદૃષ્ટિ ઊછળી. એકાંત એટલે આમ 'ભગવાન આત્મા હું છું' અને 'આ મનુષ્યાદિ હું નહિ' એવું ભેદજ્ઞાન થયું નહિ તેને એકલા મનુષ્યના વ્યવહારની ક્રિયાકાંડ (કહે છે). બસ, આ અમારું, અમારું, હું કરું છું, હું કરું છું. છાતી-સરસો ભેટ્યો. આહા..! અમારી પ્રિય ક્રિયા, અમારી ઈષ્ટ ક્રિયા. શુભરાગની પુણ્યની ક્રિયા અમારી ઈષ્ટ ક્રિયા, પ્રિય ક્રિયા, હિતકારી ક્રિયા, અમારી સાથે એનો ભેટો છે. એમ

માનવાવાળાને મનુષ્યવ્યવહારમાં, પરસમયમાં, મિથ્યાદૃષ્ટિમાં, બપોરની (અધિકારની) અપેક્ષાથી પશુમાં નાખી દીધો છે. સેઠી! પશુથી થોડો બચ્યો કે નહિ? પશુથી બચ્યો નહિ? એમ પહેલા કહ્યું હતું. આહા..!

પ્રભુ! તારી લીલા ચેતનાવિલાસ.. ઓહો..! અસાધારણ જ્ઞાયકભાવ ત્રિકાળ એમાં એકાકાર થઈને જેટલી નિર્મળ વીતરાગી દશા થઈ તેને જ ભગવાન તો ખરેખર આત્મવ્યવહાર કહે છે. તે વ્યવહારને છોડીને. જુઓ અહીંયા! તે શુદ્ધ ચેતનવ્યવહારને છોડીને. અહીંયા ચાલતી ગાથામાં. **'મોહની બહુલતાને લીધે...'** અહીંયા લીધું. આમ તો બાહ્ય નિર્ગ્રંથ છે, નગ્ન મુનિ છે, દિગંબર છે, સંયમતપનો કેટલો ભાર વહે છે છતાં તેની દૃષ્ટિ ચૈતન્યવ્યવહારમાંથી નીકળી ગઈ છે. **'નિરંતર મનુષ્યવ્યવહાર વડે...'** નિરંતર મનુષ્યના વ્યવહાર દ્વારા. જુઓ! ત્યાં ૯૪ ગાથામાં મનુષ્યવ્યવહાર કહ્યું હતું. ઓહો..હો..! સંતોએ કેટલી સરળ વાત કરી છે! દિગંબર મુનિ કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય જેવી વસ્તુસ્થિતિ આ આમ પ્રત્યક્ષ (કરીને) અલ્પ શબ્દમાં એનું વાચ્ય નિરાળું કઈ રીતે છે તે બતાવ્યું છે. પણ એ દૃષ્ટિ કરે તો એને ખબર પડે. સમજાય છે કાંઈ?

કહે છે, અહો..! ભગવાન આત્મા મોહની બહુલતાને લીધે પ્રભુ આત્મા, મિથ્યા જોરને કારણે આત્મા, મિથ્યાશ્રદ્ધાને કારણે એ આત્મા શુદ્ધચૈતન્યવ્યવહારને છોડી... સમ્યગ્દર્શનનો વ્યવહાર એ સમ્યગ્દર્શન, જ્ઞાન એ જ પોતે આત્માનો વ્યવહાર છે એમ કહે છે અહીં તો. સમજાય છે કાંઈ? એ નિશ્ચય સમ્યગ્દર્શન, આત્મા અખંડાનંદ પ્રભુ એનું નિશ્ચય સમ્યગ્દર્શન અંતર, નિશ્ચય સમ્યક્જ્ઞાન, નિશ્ચય ચારિત્ર એને અહીંયા આત્મવ્યવહાર કહેવામાં આવે છે. એને ચૈતન્યનો, શુદ્ધ ચૈતન્યનો વ્યવહાર કહેવામાં આવે છે. અંશરૂપ થયોને એ. ત્રિકાળ વસ્તુ છે જ્ઞાયક વસ્તુ નિશ્ચય એકરૂપ રહી, પણ ભેદરૂપ એટલો નિર્મળ વ્યવહાર થયો તેને અહીંયા આત્મવ્યવહાર—મોક્ષનો માર્ગ કહેવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ?

બનારસીદાસ પણ પરમાર્થ વચનિકામાં લખે છે. નિશ્ચય તો આત્મદ્રવ્ય અખંડાનંદ પૂર્ણ અને મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર. મોક્ષમાર્ગ નિશ્ચય સાધવો તે વ્યવહાર. હવે અહીંયા તો હજી અહીં અટકે છે કે વ્યવહાર રાગ છે તેને હેય ન માનવો. વ્યવહાર રાગને ત્યાજ્ય માનવાથી જૈનશાસનનો લોપ થઈ જાય છે. આમ બિચારા દયા ખાય છે. સમજાય છે કાંઈ? અને ઉશ્કેરણી કરે છે. ભગવાન! ઉશ્કેરણી કોણ કરે? અને કોણ જાય? એ તો થવાનું હોય એ થાય. થાશે થવાનું હોય એ. પણ કાંઈ સત્ય પલટીને બીજું થાય નહિ. ત્રણ કાળ ત્રણ લોકમાં સત્ય છે તે સત્ય જ છે, એમાં ત્રણ કાળમાં આંચ આવે એવી નથી. સમજાય છે કાંઈ?

દિલ્હીથી આવે છે એનું લખાણ આવ્યું છે. દિલ્હીથી આવે છેને? ત્યાંથી લખાણ આવ્યું છે. લખાણ એના પત્રમાં આવ્યું છે. છાપામાં. અરે..! ભગવાન! ભલામણ કરે છે, અરે..! તમે સુધરી જાઓ હોં! આ સિદ્ધાંતમાં ભૂલ છે, છોડી દો. ભગવાન! પણ કઈ રીતે છોડવો એ નક્કી તો કર. આહા..હા..! સત્ય વસ્તુ એક સમયમાં પૂર્ણ શુદ્ધ એને પકડીને પરિણતિ (થઈ તેને) અહીંયા

વ્યવહાર કહ્યો. હવે તારે કહેવું છે કે રાગની વ્યવહારની ક્રિયા પંચ મહાવ્રતની તે વ્યવહાર અને તે ત્યાજ્ય નથી એમ માનવું, ત્યાજ્ય નથી એમ કહેવું. સમજાય છે કાંઈ? નિશ્ચય એકાંત છે. નિશ્ચયનો પણ આદર કરવો. એનો અર્થ ઈ કે વ્યવહારનો પણ આદર કરવો. પણ બેય એક મ્યાનમાં કેવી રીતે રહેશે? મ્યાન સમજ્યા? એક મ્યાનમાં બે તલવાર. એક મ્યાનમાં બે તલવાર નહિ રહે. ભગવાન અખંડાનંદ પ્રભુ શુદ્ધતા આદર કરવા જાઈશ તો રાગનો આદર છૂટી જશે. રાગનો આદર કરવા જઈશ તો સ્વભાવનો આદર છૂટી જશે. એક ક્ષણમાં બેય વાત નહિ રહે. ભારે! ઈ પણ જાય તો આ બધું મુનિઓ ... દર્શન કરે છે, આ દેરાસરમાં દર્શન કરે છે, મંદિર આ બધા થાય છે, નિમિત્તો ઊડી જાય છે અને એનાથી લાભ થાય છે એમ ન મનાવો તો કોઈ માણસ પછી આ નિમિત્ત દર્શન આદિ કરશે જ નહિ. આહા..હા..! ભાઈ! એનો ભાવ આવ્યા વિના રહે નહિ. અને ભાવ કાળે એ નિમિત્ત અંદર એવું સામું હોય તો એની ભક્તિ, સ્તુતિ આદિ કરશે. એ વાણીની ક્રિયા થવાની હોય તો. પણ એ તો બધું નિશ્ચય થઈ જાય છે પાછું વળી એમ કહે. નિશ્ચયનું કથન યથાર્થ વસ્તુનું સ્વરૂપ ફરમાવે છે અને વ્યવહાર નિમિત્તને જોઈને અન્યથા કથન કરવાવાળા નયને વ્યવહારનય કહેવામાં આવે છે.

અહીં તો કહ્યું, અરે..! ભગવંત! તારો ચેતનવિલાસ, તારો ચૈતન્યવિલાસ અંદરની મોજ, હું એક સર્વજ્ઞસ્વભાવી આત્મા, સર્વજ્ઞે જોયું એમ થઈ રહ્યું છે, હું પણ એક જાણનાર દેખનાર આત્મા છું. મારી ક્રિયા જાણન-દેખન વીતરાગી ક્રિયા મારી છે. એવી શ્રદ્ધા, જ્ઞાનને છોડીને એકલા **'મનુષ્યવ્યવહાર વડે ઘૂમરી ખાતો...'** ઓહો..હો..! સમજાય છે કાંઈ? એ શુભરાગની ક્રિયા તો કેટલીક છે એને, પણ અહીંયા તો હવે ઐહિક ક્રિયા કહે છે. **'મનુષ્યવ્યવહાર વડે ઘૂમરી...'** ઘૂમરી સમજ્યા? ચક્કર, ચક્કર ખાય છે ચક્કર. શું કહે છે ઘૂમરીને? ચક્કર. પાણીમાં થાયને, ભમરી? પાણીમાં આમ (ભમરી થાય), એમ ચક્કર ખાય છે, ચક્કર. આમ કરું ને આમ કરું, આમ કરું. જ્યોતિષને કંઈક બતાવું. ... કેટલો છે? કે **'ઐહિક કર્મોથી અનિવૃત્ત હોય...'** અર્થાત્... એ નીચે અર્થ છે. 'દુન્વયી, લૌકિક' કાર્ય. એ લૌકિકનો અર્થ જ વ્યવહાર કર્યો છે ભાઈ જયસેનાચાર્યે. **'लोगिगो त्ति भणिदो'** છેને? એનો અર્થ જ એમણે (એ કર્યો છે), લૌકિક ઈતિ વ્યવહાર. વ્યવહારિક એમ સંસ્કૃત છે આમાં. સમજાય છે કાંઈ?

કહે છે, અરે..! ભગવાન! તારી મહિમાવંત વસ્તુ એવી મહિમા છોડીને, એની મહિમા છોડીને રાગ અને પુણ્યક્રિયાની મહિમા અને પોતાના ખ્યાતિ, પૂજા, લાભના નિમિત્તભૂત. એટલી જરી (વાત કરી છે). કોઈ મુનિઓ કોઈ પ્રસંગે જ્યોતિષ, મંત્રવાદ, ઐહિકપણું કોઈ વખતે મુનિને એવો વિકલ્પ આવે છે. સમજાય છે કાંઈ? મુનિને પણ, ભાવલિંગી સંત હો, સમ્યક્ જ્ઞાતા દૃષ્ટા ઉપરાંત સ્વરૂપની લીનતામાં ઘણા ડૂબી ગયા હોય તેમને પણ કોઈ સમયે એવું જ્યોતિષ બતાવવાનો વિકલ્પ કોઈ ધર્મની પ્રભાવનાનું એવું નિમિત્ત દેખે તો આવે છે. જ્યોતિષ કહી દે. સમજ્યા? અહીંયા તો કહે છે, કોઈ મંત્ર પણ બતાવી દે. વાદ પણ થોડો કરી લે, કોઈ વિકલ્પ આવે તો. અને

વૈદકપણું પણ બતાવી દે. સમજ્યા? પણ ખ્યાતિ, પૂજાને કારણે નહિ. ખ્યાતિ, પૂજા લાભના નિમિત્તભૂત નહિ. એટલો અપવાદ, ફેર.

કોઈ મુનિને એવો કોઈ વિકલ્પ આવી ગયો. ત્યારે વૈદોનું બહુ જોર (હતું) અને ઈ કહે અમે બધા જાણનાર (છીએ). તો પૂજ્યપાદસ્વામી વગેરે એમને જંગલમાં રહેનારા પાંદડા પાંદડામાં શું છે એનો ખ્યાલ આવતો હતો. આ પાંદડામાં આમ છે, આ પાંદડામાં આમ છે, આ આમ છે. ગ્રંથ લખી નાખ્યો. હેતુ પૂજા, લાભ અને ખ્યાતિનો નહિ. ફક્ત કોઈ એવો પ્રસંગ દેખીને, વિકલ્પનો પણ એવો પ્રસંગ આવી જાય. સમજાય છે કાંઈ? એની વાત અહીંયા નથી કરી. એટલે કે '**ઐહિક કર્મોથી અનિવૃત્ત હોય...**' એટલે ખ્યાતિ, પૂજા લાભના નિમિત્તભૂત. પોતાની પ્રસિદ્ધિ વધે, પૂજા, આબરૂ વધે, લાભ થાય કોઈ શિષ્યોનો, લોકો માનવાનો વગેરે એને માટે જ્યોતિષ કહે, મંત્ર તંત્ર કરે, વાદ આદિ કરે, વૈદક કરે તે કાર્યો ઐહિક છે. એ કાર્યો કરનારા એમાં મનુષ્યના વ્યવહારમાં ચક્કર ખાય છે. એને ધર્મવ્યવહારની ખબર નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ધર્મના વ્યવહારની ખબર નથી. કહ્યું છે કે નહિ ત્યાં? પરમાર્થ વચનિકામાં. આગમપદ્ધતિ. આગમપદ્ધતિ એને વ્યવહાર અનુકૂળ લાગે છે. વ્યવહારે કહ્યું હોયને? આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એ એને ઠીક લાગે છે. અધ્યાત્મનો તો વ્યવહાર પણ તેઓ જાણતા નથી. બનારસીદાસે ત્યાં કહ્યું. અધ્યાત્મનો વ્યવહાર આ શુદ્ધ પરિણતિ, શુદ્ધ ચૈતન્યવ્યવહાર. અધ્યાત્મ દ્રવ્યસ્વભાવ ભગવાન ચૈતન્યપ્રભુ પોતાના અંતરમાં આત્મા આશ્રિત જે નિર્વિકલ્પ પરિણતિ છે તે અધ્યાત્મવ્યવહાર છે, તેને અહીંયા શુદ્ધચૈતન્યવ્યવહાર કહ્યો. ૯૪ (ગાથામાં) આત્મવ્યવહાર કહ્યો. સમજાય છે કાંઈ? એને તો જાણતો નથી, એને તો જાણતો નથી. આગમનો વ્યવહાર એની જે આજ્ઞા છે તે વચમાં વ્યવહાર આવે છે તેની આજ્ઞાની સેવા તેને અનુકૂળ પડે છે. જુઓ ભાઈ! વ્રત પાળવા, દયા પાળવી, સેવા કરવી, આમ કરવું, પૂજા, ભક્તિ (કરવી), પ્રભાવના કરવી, મંદિર બનાવવા એમાં ઠીક પડી જાય. એને ખ્યાલમાં આવી જાય, એમાં સૂઝ પણ પડે. સૂઝ એટલે? સમજણ (પડે), નજર પડે, એમાં નજર પોગે. પોગે સમજ્યા? પહોંચે. નજર પણ પહોંચે. આ તો નજરું નાખવી કઠણ પડે.

ભગવાન ચૈતન્યને પકડવો એની નજરું અપૂર્વ અભિપ્રાયે પકડાય. સમજાય છે કાંઈ? એ આત્માની નજર શું વસ્તુ છે? આત્મા ભગવાન પૂર્ણાનંદથી ભરેલો ધામ ચૈતન્ય આનંદ એની નજર કરવી, એ પરિણતિ છે તે આત્માની પરિણતિ છે. નજર પડતી નથી, ખ્યાલમાં આવતું નથી, એની મહિમા આવતી નથી કે શું વસ્તુ છે અને આગમ કહે એવા વ્યવહારનો વિકલ્પના ભાવની ક્રિયા પણ સુધરી જાય, બહાર દેખાય શરીરમાં, દુકાને બેઠો હોય અને અહીંયા ફટ શુભભાવ આવે તો શરીરની ક્રિયા બીજી દેખાય. ખ્યાલમાં આવી જાય કે કાંઈક કરે છે, અમે કાંઈક કરીએ છીએ. કહે છે કે ઠગાયો છો ઠગાયો. સમજાય છે? એવા જૈન સાધુ થઈને, દિગંબર થઈને

પણ એવા મનુષ્યના વ્યવહાર વડે ચક્કર ખાય છે, ચક્કર ખાય છે. ડામાડોળ આપણે અર્થ કર્યો છેને. 'આમ-તેમ ભમતો, ચક્કર ચક્કર ફરતો, ડામાડોળ વર્તતો'. ત્રણ અર્થ કર્યા છે. હિન્દીમાં એનો અર્થ નથી કર્યો હોં! ઘૂમરી ખાતાનો. ચક્કર કર્યો છેને? ચક્કર. સમજાણું કાંઈ?

**'ઐહિક કર્મોથી અનિવૃત્ત હોય...'** એમ લીધું છે. કરે છે એમ ન લેતાં ઐહિક કર્મોથી અનિવૃત્ત હોય. આવા કાર્યોથી નિવર્ત્યો નથી તે 'લૌકિક' કહેવાય છે.' જ્યોતિષ ને મંત્ર ને તંત્ર ને ધાગા ને દોરા ને વૈદા ને... એ તે કાંઈ કામ મુનિના છે? ધર્મીના કામ છે? સમજાય છે કાંઈ? લોકોને એ પસંદ પડે, લ્યો. ઓહો..! જંગલમાં સાધુ પાસે જાય તો જડીબુટ્ટી બતાવે કોઈ. જડબુટ્ટી લ્યો એક ખાવો, પંદર દિવસ આહાર નહિ ખાવો પડે. ભારે લાગે છે હોં મહારાજ. આ..હા..હા..! મંત્ર-બંત્ર જાઓ. મુંબઈમાં શું કહેવાય તમારે? આંકડા. ... કહે છેને? આંકડા બતાવે, જાઓ આ આંકડો લઈ જાવો. એમાં કોઈના પુણ્યનો ઉદય હોય તો મેળ ખાઈ જાય. ઓહો..હો..! મહારાજે .. બતાવ્યું, ન્યાલ થઈ ગયા. ધૂળમાંય નથી, મરી ગયો સાંભળને હવે. એ તો પુણ્ય હોય તો મળ્યું. ઓલાએ ચક્કર નાખ્યું. પચાસ-સોમાં કોઈ એકાદને તો થવાનું હોયને. કાંઈ બધાને થવાનું ન હોય એમ હોય? એટલે થવાનું હોય એને નાખે મોઢાઆગળ. શાંતિભાઈ! શું હશે? આ ભ્રમણા બહુ છે ન્યાં મુંબઈમાં. ઓલા રસ્તામાં બેસે છે કે નહિ? જ્યોતિષ બેસે છે. આવો, આવો. માથા ફોડીએ. આપો અને આપી જાવ આઠ આના, બાર આના, રૂપિયો. સાંજ પડે દસ-વીસ જણા મળી જાય એવા હૈયાફૂટ્યા. મળે દસ, પંદર, વીસ રૂપિયા. જાઓ, ઘરે લહેર કરે. થઈ ગયા પાંચસો, સાતસો મહિને.

કહે છે, સાધુ નામ ધરાવી, દિગંબર નામ ધરાવી અને આવા મનુષ્યવ્યવહારમાં ઘૂમરી ખાય છે, ઐહિક કાર્ય કરે છે તે લૌકિક છે. એવા લૌકિકનો જ્ઞાનીઓએ સમાગમ કરવો નહિ. ધર્મીઓએ એવા પાસે રહેવું નહિ. મોટી વિપરીત દૃષ્ટિ. એમાં લાભ છે, એને આમ કરવું, એને આમ કરવું એમ કરીને ખોટા લાકડા ઘૂસાડી દેશે. સમજાય છે કાંઈ? શું વૈદ? લાકડા (ખોસે), એમાં આમ છે, એમાં આમ છે. જુઓ! આમ દવા હોયને, પછી શરીર નિરોગ થાય. શરીર નિરોગ હોયને તો મન પ્રસન્ન થાય. મન સારું હોય તો આત્મામાં ધ્યાન લાગે. શરીર આદ્યં ખલુ ધર્મ સાધનમ્. શરીર એ ધર્મસાધનમાં મુખ્ય છે. માટે શરીરને નિરોગ સ્ફૂર્તિ રાખવી. આવું પાણી, આવું ફલાણું, આવું નોળી કર્મ ને આવું... શું કીધું તમારું? પવનયોગ ને નોળી કર્મ ને બધું. કંઈક એણે બહુ ઢોંગ કર્યા હતા. વીસ વર્ષ સુધી. સમજાય છે કાંઈ? એનાથી આમ થાય, એમાંથી આમ થાય. અને પછી નિરોગ શરીર હોય અને ધ્યાન લગાવે, પ્રાણાયામ કરે, આત્મા ચડી જાય માથે. અને એમાંથી એના છિદ્રના અંશમાંથી નીકળીને મોક્ષ જાય. આહા..હા..! એવી થોડી વાત આવે છે હોં! પરમાત્મપ્રકાશમાં. દસમા છિદ્રમાં આમ થાય ને ... થાય. અહીંથી આમ થઈ જાય. એ તો બધી છે, એવો વિકલ્પ આવ્યો હોય, પણ એમાં ચોંટી રહે અને આ મારા કામ છે.. સમજાય છે? એમાંને એમાં અડ્યો રહે (અને) આત્માને ભૂલી જાય. અક્રિય ભગવાન આત્માને ભૂલીને આવા ઐહિક આદિ કામ કરે

એ લૌકિકનો સંગ ધર્મીઓએ કરવો નહિ.

**'હવે સત્સંગ વિધેય (-કરવાયોગ્ય) છે એમ દર્શાવે છે :—'** લ્યો. અસત્સંગ નિષેધ્ય છે એમ દર્શાવ્યું, હવે સત્સંગ વિધેય—આદરણીય છે એમ દર્શાવે છે. ચરણાનુયોગ છેને. અસ્તિ-નાસ્તિથી વાત કરે છે. ૨૭૦ (ગાથા).

**तम्हा समं गुणादो समणो समणं गुणेहिं वा अहियं।**
**अधिवसदु तम्हि णिच्चं इच्छदि जदि दुक्खपरिमोक्खं।।२७०।।**

**તેથી શ્રમણને હોય જો દુખમુક્તિ કેરી ભાવના,**
**તો નિત્ય વસવું સમાન અગર વિશેષ ગુણીના સંગમાં. ૨૭૦.**

આ તો ઉત્તરાધ્યયનમાં પણ આવે છે. '...' આ શબ્દ છે. ઉત્તરાધ્યયનનું બત્રીસમું અધ્યયન છે, શ્વેતાંબરમાં છેને. '...' સખાયો સરખો ન મળે તો એની .... એકલો વિચરજે પણ પહેલા ગોતજે. તારાથી ગુણથી અધિક હોય, એની સાથે રહેવાથી ગુણની વૃદ્ધિ થશે અને ગુણમાં સરખો હશે તો ગુણની રક્ષા થશે. પણ ગુણથી હીન હોય તો ગુણથી હીન થઈશ. તો તારે સત્સમાગમમાં રહેવું. અસત્સંગનો નિષેધ, સત્સંગ વિધેય. સમજાય છે કાંઈ? ૨૭૦ની ટીકા. સત્સંગ કરવાયોગ્ય છે, એમ. વિધેય એટલે કરવાલાયક છે. સત્સંગ કરવાલાયક છે. અસત્સંગ છોડવાલાયક છે. ઓહો..!

શ્રીમદ્દે કહ્યું છેને એક ઠેકાણે, અરે..! આ કાળમાં કોનો ભરોસો કરવો? કોનો ન કરવો? ભાઈ! માટે વિચારીને જોજે હોં! સમજાય છે? એક પત્ર છે. કોનો ભરોસો કરવો? કોના સંગમાં રહેવું? કોનાથી લાભ થાય? કોનાથી ઠગાય? એ વાતું બહુ મુશ્કેલ થઈ પડી આ કાળે. સમજાણું કાંઈ? કુસંગે ચડ્યો... ન કહ્યું? આપણે ભાઈએ દાખલો આપ્યોને? કુંદકુંદાચાર્ય મહારાજે ન કહ્યું? જઈશ નહિ, તું સંગે જઈશ નહિ હોં! એ એવા લાકડા કુયુક્તિના, એવા ન્યાય નય ખેંચીને કાઢશેને અંદરથી, એનું આમ છે અને એનું આમ છે ને એનું આમ છે, ભરમાવી દેશે તને. એ તો ભરમાય ત્યારે ભરમાવી દેશે એમ કહેવાયને? સમજાય છે કાંઈ? લાકડા ગરી જશે ક્યાંક. એવા લાકડા ગરશે કે નહિ નીકળે. પરથી નુકસાન ન થાય (એમ કહેવું) અને વળી પરનો સંગ છોડવો એમ ક્યા કારણે કહ્યું? તારા ભાવમાં સંગ કરવાનો ભાવ છે એ ભાવ જ જૂઠો છે. એ છોડાવવા માટે કહે છે.

અને સત્સંગ કરવામાં, હું શ્રવણ કરું, પરિચયમાં રહું, શું વસ્તુ છે? પોતાથી ગુણમાં અધિક છે કાં ગુણથી સમાન છે-એના સંગમાં સંતોએ રહેવું. કુસંગમાં, અસત્સંગમાં રહેવું નહિ. ઓહો..! કુંદકુંદાચાર્યે તો ત્યાં સુધી કહ્યુંને, હમણાં આવ્યું હતુંને, સેઠી! સાંભળ્યું હતુંને? અરે..! ૯૬મી ગાથા મૂલાચારની. અરે..! સાધુ! તું કુસંગે જાઈશ નહિ હોં! મિથ્યાશ્રદ્ધાના લાકડા ગરી જશે. ગણ... ગણની વાત છે ત્યાં. એવા ગણમાં સાધુના ટોળામાં એવા કોઈ ... ખોટા દેખીને, વિપરીત આચરણવાળા વિપરીત દૃષ્ટિ નાખવાવાળા તને મળી જશે. એ છોડી દેજે, છોડી દેજે. એ કરતાં સ્ત્રીને પરણજે. એમાં રાગનો દોષ છે અને આમાં તો મિથ્યાત્વનો દોષ છે. ન્યાલચંદભાઈ! હતા

તમે? હતાને? પરણવાની વાત નથી કરતા. રાગની તીવ્રતાનું મિથ્યાત્વનું પાપ ત્યાં છે અને રાગની મંદતાના ચારિત્રના દોષનું કેટલું પાપ છે, બે વચ્ચેનો વિવેક કરાવે છે. કહો, સમજાય છે?

એવા બહારથી કષાય મંદ દેખાય અને લાકડા ઊંધા તે ઊંધા એકલા હોય અને એના સંગમાં (જાય). કષાય મંદ છે, ... છે, ફલાણું આમ છે, એની જોડે કાંઈક લાભ થશે. રહેવા દેજે, કહે છે, એનો સંગ કરવો. મારીને ઊંધે કાંધ નાખી દેશે. એવા લાકડા ઊંધા ખોસી ઘાલશે. નિશ્ચય શું, વ્યવહાર શું, પર્યાય શું, નિમિત્ત શું? ધીરૂભાઈ! કાલે તમારી વાત આવી હતી, પછી તમે મોડા આવ્યા. નહિ? સેઠી! અમારા સેઠીએ પછી પ્રશ્ન કર્યો હતો. બોલાય છે, એ તો જેવું આપણે સમેદશિખરમાં પાર્શ્વનાથની ટૂંક દેખીએ એવું જ્ઞાન થાય. એવું કાંઈક દેખાય તો એવું જ જ્ઞાન થાય. એને લઈને થાયને, એને લઈને જ્ઞાન થાયને? એને લઈને જ્ઞાન થાય તો જ્ઞાનના કાર્યનો તારો કાળ ક્યાં ગયો? એવાનું જ્ઞાન (થયું) એ જ્ઞાને પોતાનું કાર્ય કર્યું છે, ત્યારે ઓલાને નિમિત્ત કહેવામાં આવે છે. કાર્ય પોતાનું ન કરે અને એનાથી થયું તો નિમિત્ત ક્યાં કહ્યું? એ તો ઉપાદાન (થઈ ગયું). પોતે ત્યાં ચાલ્યો ગયો અથવા ઈ અહીં આવી ગયું. સમજાણું કાંઈ?

એવી કુયુક્તિઓ લગાવેને. એકાંત નિશ્ચય છે. પણ વ્યવહાર નથી (એમ) કોણે કહ્યું? વ્યવહાર વ્યવહારના સ્થાનમાં હોય છે. વ્યવહાર આદરણીય નથી, જો આદરણીય માને તો વિકારનો આદરણીય માનનાર વીતરાગનો આદર નહિ કરી શકે. વ્યવહાર છે. એ આદરણીય છે એવી માન્યતા તો મિથ્યાત્વ (છે). ટોડરમલ ઠેકઠેકાણે કહે છે કે શુભ રાગ થશે. એ આવ્યા વિના રહેશે નહિ, પણ શ્રદ્ધામાં હેય માનવું, શ્રદ્ધામાં હેય માનવું. હવે આ ટોડરમલનું પણ વાંચતા નથી. નહિ, હેય નહિ. વ્યવહાર ત્યાજ્ય કહો કે હેય કહો, એમાં શું ફેર પડ્યો?

ભગવાન કુંદકુંદાચાર્ય (કહે છે), વ્યવહાર અભૂતાર્થ છે, વ્યવહાર બધોય હેય છે. આ સર્વજ્ઞે કહેલો વ્યવહાર જે છે વાણીનો, વિકલ્પ આદિનો તે હેય છે. એનું ફળ સંસાર છે. એમ જયચંદ્રજી પંડિત ચોખ્ખું લખે છે. વીતરાગે બતાવેલો વ્યવહાર. નિમિત્તને હસ્તાવલંબ દેખીને ઘણું વ્યવહારનું લખાણ શાસ્ત્રમાં આવ્યું છે. તેનું ફળ સંસાર છે. એની સાથે પહેલી કર ચર્ચા એની સાથે. અરે..! ભગવાન! શું થાય? અરે..! આમ ને આમ કાળ આવ્યા હતાને. ક્યાં રખડતો આત્મા? અરે..! ક્યાંથી આવ્યો? ક્યાં જશે? બાપા! તારા કોઈ ... આ સત્યના શરણ લીધા વિના ક્યાંય કોઈ તારી નજરું નહિ પડે ક્યાંય. અને તારી નજરને આશ્રય ક્યાંય મળશે નહિ. આહા..હા..! દેહ ફૂ, બધું ફૂ, સંઘ સમુદાય, આબરૂ, કીર્તિ, પુસ્તક, પાના, મકાન ફટ.. કાળના ઈંધણે, કાળના ઈંધણ એણે બાળી નાખ્યા. બાપુ! તું તો અનાદિનું તત્ત્વ છો, ભાઈ! એવા તત્ત્વની સ્વઆશ્રયની નજરું ન કરી, ક્યાં જઈશ? ભાઈ! ક્યાં જઈશ? તારા દુઃખ (તને ભોગવવા) મુશ્કેલ પડશે, દુનિયા દેખે એને આકરું પડશે. ક્યાં તું આત્મા, ક્યાં શરીર. ઓલામાં નથી આવતું? 'પોપટ પિંજરું નહિ તારું, અહીંથી ઊડી જવું પરબારું.' હવે પણ ઊડી જ ગયેલો છે. ભિન્ને ભિન્ન બે પદાર્થ છે. ક્યાં આત્મા, ક્યાં શરીર? બેને ક્યાંય શેઢે સીમાડે કાંઈ સંબંધ નથી. એમાં આ સત્યનું શરણ જો ન લીધું, ભલે

દુનિયા એમ કહે કે આ એકાંત છે, એકાંત છે. ભલે (કહે). કહો, બાપા! પ્રભુ! વસ્તુનો સ્વભાવ તો આ છે. એ શરણ લઈને જગતથી છૂટવું હોય પરિભ્રમણથી (તો) માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ક્યાં જાય? ક્યાં આવ્યો? એકલો આવ્યો અને એકલો જાય. આ બધા હા ને હોવાળા બધા પડ્યા રહેશે. ભારે મહારાજ ને ભારે પંડિત, હોં! ઓ..હો..હો..! શું પણ વ્યવહારનું સ્થાપન કરીને શું જૈનશાસનને થંભાવ્યુંને! ભાઈ! .. નહિ મળે, હોં! એ બધા લાખો, કરોડો માનશેને, એ કંઈ ગિરો મૂકાવાય નહિ. ગિરો કહે છેને? આ ગિરો નથી કહેતા? ગિરવી. આ ગિરવી નથી મૂકતા? દાગીના હોયને બે પાંચ હજારના? ગિરવી મૂકીને રૂપિયા ઉપાડે. પાંચ હજારના દાગીના છે તો દસ હજાર આપો. આઠ આનાનું વ્યાજ. દાગીનો મુડી ... વેપાર થયોને? એમ ને એમ અદ્ધરથી નહિ આપીએ, કાંઈક દાગીનો લાવ. શું કંઈક ભાષા છે? અવેજ. પાંચ હજારના દાગીના લાવ તો દસ હજાર આપીએ. વ્યાજ આપજે આઠ આનાનું. સમજ્યા? અમથા નહિ દઈએ. દાગીનો આપે છે કે નહિ? ઈ ગીરવું (મૂકે), એમ આબરૂ ગિરવી મૂકાશે કાંઈ? કે આ દુનિયા બહુ માનતી હતી અને બહુ પ્રચાર કર્યો હતો અને ઘણા માણસો માનતા હતા ને.. ઓહો..હો..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અહીંયા લખી દ્યે, ન્યાં લખી દ્યે? એનું કામ આવે એવું નથી, કોણ લખી દ્યે? ધૂળ. છોકરા કહે, બાપા! બહુ સારું કર્યું અમારા માટે, હોં! તમે ભલે મરીને જાઓ હેઠે, પણ અમારા માટે તો કરતા જાવ સરખું. ઈ સર્ટીફિકેટ દે તમને. શાંતિભાઈ! ક્યાં ગયા ચુનીભાઈ? છોકરા-બોકરા લખી દે, બાપા! તમારું ગમે તે થાય, પણ અમારા માટે રળો અને મરો. આહા..હા..! આવી ચીજ ક્યાં અને તારે જવું છે ક્યાં? ક્યાં તારું સ્થાન? આંખ્યું વીંચાય, શરીર સડે, આ બધું ખલાસ, એ અજાણ્યા ક્ષેત્રે, અજાણ્યા ભાવે, અજાણ્યા કાળે ને અજાણ્યા ... જો આત્મા જાણીતો અંતર ન કર્યો તો. અંતર જાણીતો કર્યો તો જ્યાં જાય ત્યાં જાણીતું જ તારું બધું પડ્યું છે આત્મામાં. સમજાણું કાંઈ? ઉછેરણી (કરે છે). આમ થાશે, આમ થાશે. ભગવાન! શું થાશે? બાપુ! થવું હોય ઈ થાશે. ભગવાને દીઠું હશે એમ થાશે. ઈ કાંઈ સત્ય ફરે એવું નથી.

અહીં કહે છે, અહો..! આત્મા.. સાધુ સાચો હોવા છતાં, કહ્યુંને ૨૬૮માં કાલે? એવો સાધુ હોવા છતાં એણે સાચા સાધુને સેવવા અને સમાગમ કરવો. ઓલો કુસંગ ન કરવો અને સમાગમ કરવો. જેણે આત્મા, શબ્દો અને સત્ બધું એ જ્ઞેયાકારનું જ્ઞાન જેમાં આવી ગયું છે, જ્ઞાનમાં બધું સમાઈ ગયું છે એવો આત્માનો નિર્ણય કર્યો છે અને જે સંયમસહિત છે. મલિન પરિણામ રહિત છે એટલે કે નિરુપરાગ પરિણામ સહિત છે. અકંપ જેની દશા અંદરમાં સ્થિરતા, આત્માની તપની દશા અંદર ઉપયોગમાં વર્તે છે. એવાઓએ પણ સાચો સમાગમ કરવો એમ કહે છે. એવાઓએ પણ સત્સમાગમ કરવો. એની વાત ચાલે છે કે નહિ અહીં? અસત્સંગ કરવો નહિ, સત્સંગ કરવો. ગણધર જેવા પણ તીર્થની રચના પહેલા પોતે કરે અને તીર્થના નાયક પોતે ગણધર પહેલા, એ પણ ભગવાનની દેશના (સાંભળે છે).

કહે છે, **'આત્મા પરિણામસ્વભાવવાળો હોવાથી,...'** આત્મા પલટવાના સ્વભાવવાળો હોવાથી. **'અગ્નિના સંગમાં રહેલા પાણીની માફક...'** અગ્નિના સંગમાં રહેલું પાણી. **'(સંયતને પણ)...'** એવા સંયતને પણ. કેવા? આત્મા પરિણામસ્વભાવવાળો હોવાથી અને એવો માથે કીધો એવા સંયતને પણ **'અગ્નિના સંગમાં રહેલા પાણીની માફક લૌકિકસંગથી વિકાર અવશ્યંભાવી હોવાને લીધે...'** લ્યો. અગ્નિનું જ્યાં નિમિત્ત છે ત્યાં પાણીને વિકાર થવાની લાયકાત હોય જ. સમજાય છે કાંઈ? **'લૌકિકસંગથી વિકાર...'** જરૂર જરૂર હોવાને લીધે **'સંયત પણ (લૌકિકસંગથી) અસંયત જ થાય છે;...'** લ્યો. એવા લૌકિકસંગથી અસંયત થઈ જશે, અવ્રતી થઈ જશે.

**'તેથી દુઃખમોક્ષાર્થી...'** દુઃખમોક્ષાર્થી. કાલે કીધું હતુંને? દુઃખમોક્ષાર્થી. મોક્ષમાં આ દુઃખ શું વળી? એ દુઃખથી મુક્ત થવાના અર્થીએ, એમ. દુઃખમોક્ષાર્થી. પરમ દિ' પૂછ્યું હતુંને? દુઃખ મોક્ષ, દુઃખ મોક્ષ. આ મોક્ષમાં દુઃખ ક્યાંથી આવ્યું? દુઃખમોક્ષ. શબ્દ આવે છેને પંચાસ્તિકાયમાં. દુઃખમોક્ષ. દુઃખમોક્ષ એટલે દુઃખથી છૂટેલો. દુઃખથી છૂટેલો એનું નામ દુઃખમોક્ષ. અહીં દુઃખમોક્ષાર્થી—દુઃખના મૂકાવાનો અર્થી. જેને દુઃખ જોઈતું નથી... આમ તો કોણ કહે કે અમારે દુઃખ જોઈએ છે? પણ જેને સત્યની વિપરીત માન્યતા છે એ દુઃખને વ્હોરીને પડ્યા છે. સમજાણું કાંઈ? ઝેર પીવે અને કહે અમારે કંઠમાં મજા આવે. ઠીક! કંઠ પકડાશે હમણાં. ઈ દુઃખને વ્હોરીને (પડ્યા છે). વ્હોરીને સમજ્યા? દુઃખ લઈને જ પડ્યા છે. વસ્તુનું આનંદ સ્વરૂપ ચૈતન્યપ્રભુ એમાં આનંદ ન માનતા પરપદાર્થમાં આનંદ અને શુભાશુભ પરિણામમાં મજા (માને છે) તે તો દુઃખ લઈને જ પડ્યા છે. સમજાય છે કાંઈ? એવા **'(દુઃખથી મુક્ત થવાના અર્થી) શ્રમણે...'** દુઃખથી છૂટકારો પામવાના કામી મુનિઓએ. આ તો મુનિની મુખ્યપણે વાત છેને. ગૃહસ્થાશ્રમની વાત પણ એમાં આવી જાય છે. અહીં તો મુનિની મુખ્યપણે વાત છે. સાધુ, અર્જિકા-સાધ્વી, શ્રાવક, શ્રાવિકા. એની વાત કરે. બાપને ચાર દીકરા હોય. મોટાને વાત કરે કે આપણી રીત આ છે, બેટા! આપણે વ્યવહાર લૌકિકમાં આમ રાખવો, પાડોશીની સાથે લગ્ન હોય તો નાળિયેર કે અડધો રૂપિયો મૂકાય, બીજાની ... સંબંધી સાથે ... ભાગીદાર સાથે એકાવન રૂપિયા આપણે મૂકીએ છીએ એના છોકરાના લગ્ન હોય ત્યારે. આપણા છોકરાના લગ્ન વખતે એકાવન મૂકે છે. કહેને મોટાને? એ મોટાને એકલાને કહે છે? ચારેને સમજાવે છે મોટાને કહીને. એમ અહીં સાધુને ઉદ્દેશીને વાત છે. અર્જિકા, શ્રાવક, શ્રાવિકા ચારેયને ઉદ્દેશીને વાત ગૌણમાં પડી છે.

દુઃખથી મુક્ત થવાના કામીએ એટલે શ્રમણે **'(૧) સમાન ગુણવાળા શ્રમણની સાથે...'** સમાન ગુણવાળા, પહેલી એ વાત લીધી. પોતાના જેવા ગુણવાળા હોય સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની, ચારિત્રવંત એની સાથે એણે સમાગમમાં રહેવું. લૌકિકના એવા સંગમાં રહેવું નહિ. **'અથવા (૨) અધિક ગુણવાળા શ્રમણની સાથે...'** લ્યો, બે. પહેલી વાત, સરખા ગુણવાળા. એવો મળે તો પહેલા વધારે ગુણવાળા લેવા, ન મળે તો સરખા ગુણવાળા. સમજાણું? ઈ એમાં ઈ કહ્યું છે. '...'

એવું છે એમાં. શિષ્ય એવો મળવો જોઈએ કે ગુણમાં અધિક થવાની લાયકાતવાળો હોય અને કાં સરખા ગુણવાળો હોય. એવું લખ્યું છે એમાં, નહિ? બત્રીસમાં પ્રમાદસ્થાનનું અધ્યયન છે. ઈ આ જ શબ્દો છે ત્યાં. '...' શિષ્ય એવો હોય તો લેજે, એમ. શિષ્ય તો પર છે. અહીં બીજી વાત છે. અહીં તો કહે છે કે મુનિ આવા હોય એનો સંગ કરજે. એમ કહે છે અહીં. ઓલો શિષ્ય પહેલો એવો ક્યાંથી લાવવો? સમજાય છે કાંઈ? ગોઠવ્યું ખરું આ શબ્દ, પણ બીજી રીતે ગોઠવ્યું. શિષ્યનું ગોઠવ્યું. '...' નિપુણ સહાય... ગુણમાં અધિક કે ગુણમાં સરખા. આ પણ સાથે રહેનારા સાધુઓ કાં ગુણમાં અધિક હોય, ચારિત્રમાં ઘણા નિર્મળ અને વિશેષ હોય અને કાં ગુણમાં સરખા હોય.

'**એ રીતે તે શ્રમણને (૧) શીતળ ઘરના ખૂણામાં રાખેલા શીતળ પાણીની માફક સમાન ગુણવાળાના સંગથી ગુણરક્ષા થાય છે...**' લ્યો. પહેલી વાત. સમાન ગુણવાળા કહ્યાને? શીતળ ઘર—ઠંડુ ઘર હોય. જેમાં માથે ઝાડ આદિ હોય, જેમાં તડકો પડતો ન હોય. ઘર ઠંડુ, નથી કહેતા? આ ઘર બહુ ઠંડુ. '**શીતળ ઘરના ખૂણામાં...**' તે પણ એનો ખૂણો હોય. એમાં રાખેલું શીતળ ઠંડુ પાણી એની રક્ષા (થાય), પાણી બરાબર રહે. હવે તો તમારા ઓલા થાય છે, શું કહેવાય ઈ? રેફ્રિજરેટર. ટાઢું પાણી સદાય ટાઢું હોય તો ટાઢું અને ઊનું હોય તો ઊનું, જેવું નાખ્યું હોય એવું રહે. કૃત્રિમ. '**શીતળ ઘરના ખૂણામાં રાખેલા શીતળ પાણીની માફક સમાન ગુણવાળાના સંગથી ગુણરક્ષા થાય છે...**' એ પાણી જેવું મૂક્યું હોય ઈ એવુંને એવું રહે. એમ સરખા ગુણવાળાનો સંગ કર તો ગુણો સરખા (રહેશે), રક્ષા થઈ શકશે.

હવે વધારે, બીજો બોલ છેને. '**(૨) વધારે શીતળ હિમના સંપર્કમાં રહેલા...**' શીતળ જળ. એક તો પાણી ટાઢું, એમાં નાખ્યો બરફ એટલે ઠંડુ વિશેષ થશે. '**(૨) વધારે શીતળ હિમના સંપર્કમાં રહેલા શીતળ પાણીની માફક અધિક ગુણવાળાના સંગથી...**' પોતાના કરતાં વધારે ગુણવાળાના સંગમાં રહેવાથી '**ગુણવૃદ્ધિ થાય છે...**' એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે. સમજાણું? '**(અર્થાત્ જેમ શીતળ ઘરના ખૂણામાં રાખેલું પાણી શીતળ રહે છે અને બરફના સંગથી પાણી વિશેષ શીતળ થાય છે તેમ સમાન ગુણવાળાના સંગથી શ્રમણને ગુણની રક્ષા થાય છે અને અધિક ગુણવાળાના સંગથી શ્રમણને ગુણની વૃદ્ધિ થાય છે).**' ઓલી રક્ષા થાય અને આની વૃદ્ધિ થાય. એવા સંગમાં રહેજે પણ પ્રાણ જાય તોપણ બીજા સંગમાં રહીશ નહિ. આહા..હા..!

અહીંયા તો કહ્યું કે રાગનો દોષ વ્હોરી લેજે પણ મિથ્યાત્વના સંગમાં તું આવીશ નહિ. મોટા લાકડ ખોસી ઘાલશે. અનંતે કાળે નહિ નીકળે અને તને પણ એમ સમાધાન (થાશે કે) હા, હા, બરાબર, બરાબર, બરાબર. સમજાણું? એ ૨૭૦ ગાથામાં વિધેય—સત્સંગ તે કરવાલાયક છે, અસત્સંગ કરવાલાયક નથી. વિધિના બે પ્રકાર કહ્યા. ગુણવાળા અધિક હોય તો એના સંગમાં પહેલે નંબરે રહેવું. પણ ન મળે તો સરખા ગુણવાળાના સંગમાં રહેવું, પણ ઊંધી શ્રદ્ધાવાળાને કહેનારા લાકડા આખો દિ' ફૂંકશે અને તને (કહેશે), આમ છે, જુઓ આમાં આમ કહ્યું, કંઈક કંઈક તો લાભ

છેને? અમૃતચંદ્રાચાર્યે કહ્યું છેને, વ્યવહાર કરતાં કરતાં ક્ષણે ક્ષણે શુદ્ધિ વધે. જુઓ! કહ્યું છે કે નહિ? આચાર્ય મફતના કહેતા હશે? આચાર્યને લખતા નહોતું આવડતું? સાંભળને ભાઈ! એ વખતની વ્યવહાર વાણીની કથનની પદ્ધતિમાં એવી વાણી આવી. એમ વાત છે. એનો આશય એમાં એ છે કે ત્યાં નિમિત્ત આવું હતું અને ક્રમે ક્રમે કરીને પોતાની શુદ્ધતાથી વધે છે ત્યારે નિમિત્ત આ હતું એવું કથન (કહેવામાં) આ કથન આવ્યું. કથન કરે કોણ એ વાણીને? કે આમ કથન કરવું છે અને આમ મારે લખવું છે? બાપુ! એ વાતું કોઈ જુદી છે. એટલે કહે છે કે ધર્મીજીવોએ સાચા સંગમાં રહેવું, ખોટા સંગમાં રહેવું નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧૨, બુધવાર, તા. ૧૦.૧૦.૧૯૬૨**
**શ્લોક-૧૭, ૧૮, પ્રવચન-૨૬**

આ કુંદકુંદાચાર્યકૃત પ્રવચનસાર ચાલે છે. કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ સંવત ૪૯માં આ ભરતક્ષેત્રમાં થયા. જંગલમાં વસતા હતા. ભગવાન પાસે, શ્રી સીમંધર પરમાત્મા વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે તેમની પાસે ગયા હતા. એમની પાસે લબ્ધિ હતી. કુંદકુંદાચાર્ય દિગંબર સંત ભાવલિંગી મુનિ મહાત્મા હતા. ભગવાન મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરદેવ બિરાજે છે સીમંધરપ્રભુ, સાંભળ્યું છે? વર્તમાન વર્તે છેને, બિરાજે છેને. તીર્થંકર બિરાજે છે વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં. મોજૂદ છે. એમનું આયુષ્ય તો ક્રોડ પૂર્વનું છે. બે હજાર વર્ષ પહેલા મુનિ અહીંયા હતા દિગંબર કુંદકુંદાચાર્ય, એ વિચાર કરતા હતા, ભરતક્ષેત્રમાં ભગવાનનો વિરહ જોઈને એમને વિચાર થયો. એ ભગવાન પાસે ગયા હતા અને આઠ દિવસ રહ્યા હતા. ભગવાનના સાક્ષાત્ સમવસરણમાં (ગયા હતા). ત્યાંથી આવીને સમયસાર, આ પ્રવચનસાર આદિ શાસ્ત્ર રચ્યા. એમણે રચ્યા છે, જે સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા બિરાજે છે તેમની સમીપ આવીને અહીંયા બનાવ્યા. એમાં કહે છે, ભગવાન કુંદકુંદાચાર્ય,... અહીંયા અધિકાર એ ચાલ્યો છે.

'**(હવે, શ્રમણ ક્રમશઃ પરમ નિવૃત્તિને પામીને શાશ્વત જ્ઞાનાનંદમય દશાને અનુભવો એમ શ્લોક દ્વારા કહે છે :—)**' શું કહે છે? મુનિની મુખ્યતાથી કથન છે. મુનિ હોય છે તે કોણ હોય છે? કે પોતાનો આત્મા અંતર આનંદમય શુદ્ધ જ્ઞાનાનંદકંદ આત્મા છે, તે આત્મા શરીર, કર્મ, વાણીથી ભિન્ન છે અને તે આત્મા પુણ્ય અને પાપ, શુભાશુભ ભાવ થાય છે તેનાથી પણ એ

આત્મા ભિન્ન છે. સમજાય છે કાંઈ? શરીર, કર્મ, વાણી એ તો માટી જડ પુદ્ગલ છે. તેનાથી તો ભગવાન આત્મા અંતર ભિન્ન છે. પણ અંતરમાં હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એવા જે પાપભાવ થાય છે તે આસ્રવતત્ત્વ છે. તેનાથી નવો બંધ થાય છે તો એ પાપતત્ત્વથી પણ આત્મા અંતરમાં ભિન્ન છે. અને દયા, દાન, ભક્તિ, વ્રત, અરિહંતાદિની પૂજા, સેવા, સ્તુતિ, વંદન, નમસ્કાર, ભજન એવા જે ભાવ છે તેને ભગવાન શુભભાવ કહે છે, પુણ્યનો ભાવ કહે છે. સમજાય છે કાંઈ? એ પુણ્યભાવથી પણ બંધન પડે છે. તો આત્મા એ પુણ્યભાવ અને પાપભાવ બેથી નિરાળો અંતર છે એવી પહેલા અનુભવમાં દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શન પહેલા ધર્મીજીવને થાય છે. સમજાય છે કાંઈ? થોડી ઝીણી વાત છે.

આ ક્રિયા-બ્રિયા દેહની થાય છે એ પોતાથી નથી થતી એમ કહે છે. એ તો જડની છે. પરમાણુ છેને, પુદ્ગલ, માટી. આ માટી છે, દેખો! આ આત્મા નથી, આ તો માટી છે, પુદ્ગલ છે. તો એમાં જે કંઈ ક્રિયા થાય છે હલનચલનની એ પોતાના આત્માથી નહિ, પુદ્ગલની છે. એમ મુનિઓને, શ્રાવકને પહેલા અંતરમાં નિર્ણય થવો જોઈએ સ્વભાવ સન્મુખ થઈને કે દેહાદિની ક્રિયા હું નહિ, વાણી પણ હું નહિ. મારી પર્યાય નામ વર્તમાન દશામાં શુભભાવ અરિહંતોની ભક્તિ, પૂજા, દાન, દયા, વ્રતના થાય છે તે પણ શુભરાગ પુણ્યબંધનું કારણ છે અને હિંસા, જૂઠું, ચોરી, આદિ ભાવ છે તે પાપબંધનું કારણ છે. બેય ભાવ હો, પણ એનાથી મારી વસ્તુ ભિન્ન છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

શ્રાવકને અને મુનિને પહેલા આવું સમ્યગ્દર્શન પ્રગટ કરવું જોઈએ કે હું આત્મા જ્ઞાનનો પુંજ ચિદાનંદ સચ્ચિદાનંદમૂર્તિ છું. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એ બનારસીદાસમાં આવે છે. છેને સમયસાર નાટક. 'ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો'. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં શ્રાવક હો કે મુનિ ત્યાગી હો, પહેલા એની અંતર દૃષ્ટિમાં 'હું ચેતનરૂપ, હું તો જ્ઞાનનું રૂપ અને આનંદનું મારું સ્વરૂપ છે'. 'ચેતન રૂપ અનૂપ' એની કોઈ ઉપમા નથી. 'ચેતનરૂપ અનૂપ અમૂરત'. હું કેવો છું? કે અમૂરત. મારામાં રંગ, ગંધ, રસ, સ્પર્શ, વર્ણ છે જ નહિ. વર્ણ સમજો છો? રંગ રંગ.

મુમુક્ષુ :— ક્યારે નથી?

ઉત્તર :— અત્યારે નથી. ક્યારે શું? આ તો જડમાં રંગ આદિ છે. રંગ છે, ગંધ છે, રસ છે, સ્પર્શ છે એ તો માટીનો સ્વભાવ છે. આત્મામાં નથી. અત્યારે જ આત્મામાં નથી. એવો ધર્મી, શ્રાવક થયા પહેલા સમ્યગ્દર્શનમાં આવા આત્માનો નિર્ણય કરે છે. અરૂપી છે. એમાં રૂપ છે જ નહિ. રંગ, ગંધ, રસ, સ્પર્શ એ તો જડનો ધર્મ છે, આ માટીનો ધર્મ છે. આત્માનો નહિ. આત્મામાં છે જ નહિ. એવું 'ચેતન રૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો'. જુઓ! પ્રથમ શ્રાવક થયા પહેલા (આવો નિર્ણય હોય છે). શ્રાવક એટલે આ સંપ્રદાયમાં જન્મ લીધો એટલે શ્રાવક થઈ ગયા એમ નથી.

અંતર આત્મા સચ્ચિદાનંદ સિદ્ધ સમાન મારો છે, પુણ્ય-પાપ વિકલ્પ રાગ હોવા છતાં મારી વસ્તુ એ વિકારથી નિરાળી ભિન્ન છે. એમ પોતાના આત્માનો પ્રથમ સમ્યગ્દર્શન(માં નિર્ણય થયો હોય છે). 'તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્' આવે છે કે નહિ ઈ? દસલક્ષણીપર્વમાં ચાલે છેને. ઉમાસ્વામીનું તત્ત્વાર્થસૂત્ર—મોક્ષશાસ્ત્ર. મોક્ષશાસ્ત્રમાં પહેલા આવ્યું છે કે તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્. તો સમ્યગ્દર્શનનું લક્ષણ યથાર્થ તત્ત્વાર્થની પ્રતીતિ. એ શ્રાવકને પહેલા હોવી જોઈએ. એ વિના શ્રાવક હોઈ શકે નહિ. તો તત્ત્વાર્થમાં આવ્યું, જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ. સાત તત્ત્વ.

અજીવ—શરીર, કર્મ આદિ અજીવતત્ત્વ છે. હું નહિ અને મારી પર્યાયમાં પણ જે શુભ અશુભભાવ વિકલ્પ નામ રાગ થાય છે તે આસ્રવતત્ત્વ છે. હું નહિ. હું એનાથી પણ ભિન્ન છું. એવો જ્ઞાનમૂર્તિ આત્મા ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ આત્મા એને આસ્રવ અને જડના ભાવથી ભિન્ન અવલોકન કરીને પોતાના સ્વભાવની પ્રતીતિ કરવી તેનું નામ પ્રથમ સમ્યગ્દર્શન કહે છે. સમજાય છે? એ સમ્યગ્દર્શન થયા વિના તેને ચારિત્ર, વ્રત, તપ હોતા નથી. એ સમ્યગ્દર્શન થયા પછી ચારિત્ર—અંદરમાં રમણતા કરવી. એ સ્વરૂપ આત્મા જ્ઞાનાનંદ... જુઓ! અહીંયા કહ્યું, કે સાધુ પહેલા '**ક્રમશઃ પરમ નિવૃત્તિને પામીને...**' દેખો! છે એમાં? લીટીમાં છે, જુઓ! શ્લોકની ઉપર. એમને નહિ ખબર પડે. બેય જણા સાધારણ છે જરી. આ બાજુ છે. આ બાજુ, આ બાજુ છે. ૪૮૪ પાને છે. બતાવ્યું ૩૨૧માં. ઈ બેય જણા સાધારણ છે. આમને આંખ્યું નથી અને ફાવાભાઈને ખ્યાલ નથી. હવે અહીંયા આવ્યું, દેખો! આની કોર દેખતા હતા. સમજાય છે કાંઈ? અહીંથી ખ્યાલ હતો કે આ બેય ભૂલ કરે છે. હતું આની કોર? શું કહે છે જુઓ!

ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ એમણે મૂળ શાસ્ત્ર બનાવ્યું અને પછી હજાર વર્ષ બાદ એક અમૃતચંદ્રાચાર્ય મુનિ દિગંબર સંત વનવાસી થયા. એમણે એ શાસ્ત્રની ટીકા બનાવી. એ ટીકામાં કહે છે કે, અહો! શ્રમણ—સાધુ, તો એમાં ગૃહસ્થ, શ્રાવક પણ લેવા. શ્રમણ છેને પહેલા? '**શ્રમણ ક્રમશઃ પરમ નિવૃત્તિને પામીને...**' પહેલા કંઈક શુભભાવ સાધુને, શ્રાવકને પણ અરિહંતની ભક્તિ, પૂજા, વંદન, સ્તુતિ, સ્તવન આવે છે પણ એ શુભભાવ છે. સમજાય છે કાંઈ? તો અશુભથી બચવા માટે શુભભાવનું સેવન કરવું એમ વ્યવહારનયથી કથન કરવામાં આવે છે. પછી કહેશે થોડું. '**નિવૃત્તિને પામીને શાશ્વત જ્ઞાનાનંદમય દશાને અનુભવો...** ' એ અરિહંતની ભક્તિ, પૂજા આદિ, દાન, દયા આદિ શુભભાવ આવ્યો એનું થોડું સેવન કરીને, પણ પછી સમ્યગ્દષ્ટિને, શ્રાવક અને મુનિને એ રાગથી પણ ખસીને પોતાની જ્ઞાનાનંદ મૂર્તિમાં અંતરમાં એકાકાર થઈને આત્માનો અનુભવ કરો એ મોક્ષનો માર્ગ છે, બીજો કોઈ મોક્ષનો માર્ગ છે નહિ. બહુ ઝીણી વાત છે. અભ્યાસ નહિ અને વર્તમાનમાં અભ્યાસ કરતા નથી.

શું વસ્તુ છે અંતરમાં? 'સિદ્ધ સમાન સદા પદ મેરો, મોહ મહાતમ આતમ અંગ કિયો પરસંગ મહાતમ ઘેરો, જ્ઞાનકલા ઊપજી અબ મોકૂ, કહૂં ગુણ નાટક આગમ કેરો, તાસુ પ્રસાદ સધે

સિવમારગ, વેગે મિટે ઘટવાસ વસેરો'. બનારસીદાસ, જે ૩૫૦ વર્ષ પહેલા થયા દિગંબરમાં. ગૃહસ્થાશ્રમમાં રહેવાવાળા પંડિત ધર્મી હતા. એમણે આ શ્લોક બનાવ્યો. અરે..! આત્મા! તું તો ચૈતન્યરૂપ છોને, પ્રભુ! તારી પ્રભુતામાં તો આનંદ પડ્યો છે. અતીન્દ્રિય આનંદ પડ્યો છે અંદરમાં તારી પ્રભુતામાં. અને જેટલા પુણ્ય-પાપના વિકલ્પ નામ વૃત્તિ—ભાવ ઉઠે છે તે આસ્રવતત્ત્વ છે, એ બંધનું કારણ છે. એ તારી ચીજ નથી. તારી ખરી ચીજ નહિ. કેમ? કે તારી ખરી ચીજ હોય અસલમાં તો છૂટે નહિ. અને સિદ્ધ થાય છે ત્યારે તે આસ્રવતત્ત્વ છૂટી જાય છે. તો ખરી તારી અસલી ચીજ નથી.

તારી અસલી ચીજ અંદર આનંદકંદ જ્ઞાનાનંદ (છે). જુઓ! અહીંયા આવ્યું. '**જ્ઞાનાનંદ...**' જ્ઞાન અને એનો આનંદ પોતાના સ્વરૂપમાં અંદર ભર્યો છે. એની પહેલી દૃષ્ટિ કરીને પછી સ્વરૂપની રમણતામાં થોડું ચારિત્ર થાય અને જ્યાં સુધી અંતરમાં સ્થિરતા ન થાય ત્યાં સુધી શુભભાવ આવ્યા વિના રહેતા નથી. ભક્તિનો, પૂજાનો, દાનનો (ભાવ આવે છે). ભાઈ! આવી ગયુંને પહેલું. અભ્યુત્થાન આદિ. અરિહંત આદિની ભક્તિ આદિ, અભ્યુત્થાન આદિ. એ શુભભાવ છે, એ પુણ્યનો ભાવ છે, તેનાથી નવું આવરણ આવે છે. આવે ભલે પણ એ મૂળ ધર્મ નથી. ઓહો..હો..! ધર્મ તો રાગથી અને પુણ્યથી રહિત પોતાનો જ્ઞાનાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપ એ પોતાની શક્તિમાં આખો પૂર્ણાનંદ ભર્યો છે. એની અંતરમાં દૃષ્ટિ કરીને, અવલોકન આત્માના આનંદ અને જ્ઞાનનું અવલોકન કરીને સ્વરૂપમાં લીન થવું એનું નામ ધર્મ અને એનું નામ ચારિત્ર અને એનું નામ શ્રાવકપણું કહેવામાં આવે છે. સૂક્ષ્મ વાત છે ઝીણી. સમજાય છે કાંઈ? જુઓ! જ્ઞાનાનંદ દશામાં પછી.. શ્લોક લ્યો.

**इत्यध्यास्य शुभोपयोगजनितां काञ्चित्प्रवृत्तिं यतिः**
**सम्यक् संयमसौष्ठवेन परमां क्रामन्निवृत्तिं क्रमात।**
**हेलाक्रान्तसमस्तवस्तुविसरप्रस्ताररम्योदयां**
**ज्ञानान्दमयीं दशामनुभवत्वेकान्ततः शाश्वतीम्।।१७।।**

નીચે, શ્લોકનો અર્થ નીચે છે. નીચે.

'**અર્થ :— એ રીતે શુભોપયોગજનિત...**' મુનિને જે શુભભાવ આવે છે, સાધર્મીની સેવાનો, સાધર્મીની વૈયાવૃત્ત્યનો, ગુરુની ભક્તિનો, ગુરુની સેવા કરવાનો એવો શુભ ઉપયોગ, શુભ ઉપયોગ નામ શુભભાવ, કષાયની મંદતાના પુણ્યરૂપ પરિણામ એવા શુભ ઉપયોગથી જનિત- ઉત્પન્ન થઈ એવી '**કાંઈક પ્રવૃત્તિને સેવીને...**' એવો ભાવ મુનિને અને શ્રાવકને આવે છે તો એ પ્રસંગમાં એ શુભભાવને સેવીને. શુભભાવ આવ્યો તેનું સેવન કર્યું નામ શુભમાં પ્રવૃત્તિ કરી. સમજાય છે કાંઈ? સેવીને છેને? શુભભાવ હોં! કષાયની મંદતા. રાગની મંદતા ઘણી થઈ. પુણ્યભાવ, શુભ ઉપયોગ ભાવ.

જેમ તીર્થંકરગોત્ર જે ષોડશકારણભાવનાથી બંધાય છેને? એ પણ શુભભાવ છે.

ષોડશકારણભાવના આવે છે કે નહિ? એ પણ શુભભાવ છે. તેનાથી તીર્થંકરગોત્ર (બંધાય છે). પણ કોને એ આવે છે? સમ્યગ્દષ્ટિને. જેની દૃષ્ટિમાં, જે ભાવે બંધન થાય તે ભાવનો પણ અંતરમાં આદર નથી. રાગભાવ આવે છે, પણ એ ભાવને ધર્મીજીવ વ્યવહારથી આદરણીય માને છે, પરમાર્થથી આદર કરવાલાયક કે અંગીકાર કરવાલાયક છે જ નહિ (એમ માને છે). કેમ કે બંધનું કારણ છે. સમજાય છે કાંઈ?

ધર્મીજીવ શુભજનિત... કંઈક રાગ મંદ થયો એનાથી પુણ્યજનિત ભાવનું સેવન કર્યું. 'યતિ...' નામ મુનિ **'સમ્યક્ પ્રકારે સંયમના સૌષ્ઠવ વડે ક્રમશઃ...'** દેખો! પણ અંતે એણે કરવાનું શું છે? કે શુભભાવ આવ્યો, અરિહંતની સેવા, ભક્તિ, સ્તુતિ, સ્તવન હો, પણ એના પછી એ પણ રાગ ભાગ છે તેનાથી ખસીને નિજ સ્વરૂપના સંયમના, સંયમ નામ સ્વરૂપમાં સ્થિરતા કરવી. આનંદમૂર્તિ ભગવાન આત્મા છે, એ અતીન્દ્રિય આનંદમાં લીન થવું એનું નામ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા સંયમ ફરમાવે છે, તેને સંયમ કહે છે. સમજાય છે કાંઈ? સમજાય છે ભાઈ? બહુ ઝીણી વાત છે.

અનંત કાળમાં 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો,' સાંભળ્યું છેને? છ ઢાળામાં આવે છે. દૌલતરામની છ ઢાળા છેને? છ ઢાળા. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પણ આત્મા શું વસ્તુ છે? એની અનુભૂતિ વિના (સુખ પામ્યો નહિ). અનુભૂતિ—હું આત્મા રાગ અને પુણ્ય ને શુભપરિણામથી પણ ભિન્ન છું એવો અનુભવ કર્યો નહિ અને એકલા અઠ્યાવીશ મૂળગુણ મુનિને પાળ્યા. એક વાર આહાર-ભોજન વગેરે અઠ્યાવીસ મૂલગુણ હોય છેને? અઠ્યાવીસ મૂળગુણ મુનિના. એ અઠ્યાવીસ મૂળગુણ એ રાગ છે. એ તો પુણ્યપરિણામ છે. એવા અનંત વાર 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો'. ગ્રૈવેયકમાં ગયો. આવી શુભકરણીથી, શુભપરિણામથી, શુક્લલેશ્યાથી અનંત વાર અંતિમ ગ્રૈવેયક સુધી ગયો પણ આતમજ્ઞાન એક સેકંડ પણ કર્યું નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ચાર ગતિમાં રખડ્યો. ત્યાંથી નીકળીને ચાર ગતિમાં ગયો. નિગોદમાં પણ ચાલ્યો જાય છે. નિગોદ સમજ્યા? નિગોદ એ કાઈ એમાં જાય, બટાટા, શક્કરકંદમાં ગયો. આત્મા શું વસ્તુ છે એના ભાન વિના આવા શુભ ઉપયોગની ક્રિયા મુનિ થઈને પ્રત્યેક પ્રાણીએ અનંત કાળમાં અનંત વાર કરી. પણ રાગથી એ પુણ્યક્રિયાથી મારી વસ્તુ ભિન્ન છે એવો અનુભવ, સમ્યગ્દર્શન કદી કર્યું નહિ. અને એ વિના એનું પરિભ્રમણ કદી મટ્યું નહિ. ચોર્યાશી લાખના અવતારમાં રખડ્યો.

તો આચાર્ય કહે છે, અરે..! પ્રભુ! તારા આત્માનું તને ભાન થયું છે. તું મુનિ છો, શ્રાવક છો. ભાન થયું છે, એમ અહીંયા કહે છે હોં! સાધારણ મુનિ દ્રવ્યલિંગીને મુનિ કહેતા નથી. અંતરમાં રાગ અને પુણ્યના વિકલ્પથી રહિત શુભભાવથી રહિત તારી ચૈતન્યનિધિ તારી દૃષ્ટિમાં, અવલોકનમાં આવી ગઈ છે. હવે તું સ્થિરતા કરીને જ્યાં સુધી પૂર્ણ સ્થિરતા ન થાય ત્યારે તારામાં શુભભાવ

આવે છે. પણ હવે શુભભાવનું થોડું સેવન કરીને ત્યાંથી ખસી જા. સમજાય છે કાંઈ? '**સંયમના સૌષ્ઠવ...**' સમ્યક્ પ્રકારે સંયમ. સમ્યક્ પ્રકારે સંયમનો અર્થ—આત્મા જ્ઞાનાનંદમૂર્તિ હું, સમ્યક્ સાચા પણે અંદરમાં સુંદરતાની પ્રાપ્ત કરવી લીન થઈને, એવા સૌષ્ઠવ અને સુંદરતાથી '**ક્રમશઃ પરમ નિવૃત્તિને પહોંચતો થકો,...**' શુભરાગ તો આવે છે, શ્રાવકને પણ આવે છે અને મુનિને પણ આવે છે. પણ ક્રમશઃ એ રાગથી નિવૃત્તિ કરીને સ્વરૂપમાં સ્થિરતા કરીને શાંતિનું અંતર સ્વસંવેદન, સ્વસંવેદનજ્ઞાનનું અંતર લીન થવું તેનું નામ મોક્ષનો માર્ગ અને સંયમ કહે છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? નહિતર તો અંતિમ ગ્રૈવેયક ગયો ત્યારે શું બાકી રહ્યું હતું? એ મૂળ ચીજ છે.

અનંત કાળમાં એ એણે સાંભળી નથી. 'શ્રુત પરિચિત અનુભૂતા'. કુંદકુંદાચાર્ય મહારાજ ચોથી ગાથામાં કહે છે, અનંત વાર પુણ્ય અને પાપના પરિણામ કરવા અને એને ભોગવવા એ વાત તો તેં અનંત વાર સાંભળી છે, અનંત વાર તારા પરિચયમાં આવી ગઈ છે અને અનંત વાર તને અનુભવમાં આવી ગઈ છે. સમજાય છે કાંઈ? પણ એ પુણ્ય-પાપથી રહિત, કર્તા-ભોક્તાથી રહિત મારી જ્ઞાનાનંદ વસ્તુ કોણ છે-એ વાત અનંત કાળમાં એક સેકંડ પણ સાંભળી નથી. એમ કહે છે. સમયસારની ચોથી ગાથામાં. એક સેકંડ તેં સાંભળી નથી. અને સાંભળવા મળે તો કહે કે અરે..! એ તો નિશ્ચયની વાત છે. એમ કરીને ઈ ટાળી દે છે, પણ પોતાની વસ્તુ શું છે એની દૃષ્ટિ કરતો નથી. સમજાય છે કાંઈ?

નવમી ગ્રૈવેયક જાય છે તો એની દશા કેટલી હશે? ઈ કહ્યુંને? અંતિમ ગ્રૈવેયક સુધી પહોંચ્યો તો કેવી દશા હશે? ચામડી ઉતરડીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે, એટલી ક્ષમા. પણ આત્મજ્ઞાન નહિ. એ કષાયની મંદતાનો ભાવ છે, શુભનો ભાવ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, અને ખાર છાંટે. નમક નમક, નમકને ખાર કહે છેને? નમક કહે છે, અમારી ભાષામાં ખાર કહે છે. એ નમક નમક. ક્ષમા, ક્ષમા, ક્ષમા. અમારા પૂર્વના પાપના ઉદયને કારણે એવો સંયોગ થયો છે. પણ અંદરમાં રાગ અને આત્મા—બેને એક માને છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો સમ્યગ્દૃષ્ટિ હતા, એ તો જ્ઞાની હતા. આ તો જ્ઞાની વિનાની વાત કરું છું. અજ્ઞાનીએ પણ આવું અનંત વાર કર્યું પણ આત્મજ્ઞાન કર્યું નહિ, એમ હું કહું છું. આમ તો આ ગજસુકુમાર, સુકૌશલ મુનિ જુઓ. એમની માતા છેને? એમના માતા ખાય છે. એ તો જ્ઞાની થયા છે, સમ્યગ્દૃષ્ટિ થયા છે. રાગથી, દેહથી ભિન્ન પોતાના આત્માને અવલોકે છે. આત્માના આનંદના અનુભવમાં એ તો પડ્યા છે. અનુભૂતિનો આનંદનો સ્વાદ લ્યે છે. એમને દુઃખ નથી. એ તો દુનિયાને દેખાય છે કે આમ છે. અંદરમાં તો આનંદ, અનુભૂતિ આત્મા એકલો અતીન્દ્રિય આનંદના રસનો સ્વાદ, સિદ્ધને જેવો આનંદ છે એવા નમૂનાની જાતના આનંદનો અનુભવ કરે છે. એની

વાત નથી. પણ અંતિમ ગ્રૈવેયક અનંત વાર ગયો, એટલું સહન કર્યું, ચામડા ઉતરડીને ખાર છાંટ્યા પણ છતાં સમ્યગ્દૃષ્ટિ નહિ. સમજાય છે કાંઈ? કેમ? કે એમાં રાગ આવે છે ક્ષમા કરવાનો રાગ, એ રાગથી મારું કલ્યાણ થશે એમ માને છે. આત્મજ્ઞાન થયું નથી. આ મુનિઓ તો આત્મજ્ઞાનીઓ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ વિકલ્પ છે, રાગ છે. એ રાગનો આશ્રય કરીને પડ્યો છે. પણ રાગથી ભિન્ન મારી વસ્તુ છે એને નિહાળી નહિ. તો કહ્યુંને 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' એ મિથ્યાદષ્ટિની વાત છે. 'પૈ નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. અને શ્રેણિકરાજા. શ્રેણિકરાજા ભગવાનના વખતમાં થયા. રાજપાટનો ત્યાગ નહોતો, ચારિત્ર નહોતું, ક્ષાયિક સમકિત હતું. સંસારમાં રહેવા છતાં ભગવાનના સમવસરણમાં ગયા, આત્મજ્ઞાન પામ્યા, ક્ષાયિક સમકિત થયું. અને તીર્થંકરગોત્રનો બંધ પણ થયો. એને પણ ખબર છે કે મને તીર્થંકરગોત્રનો બંધ પડ્યો છે, હું ભવિષ્યમાં તીર્થંકર થઈશ. સમજાય છે કાંઈ? પણ એ નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું, નરકમાં ગયા પણ...

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ તો ઘટી ગયું. એ નહિ. અહીંયા તો ક્ષાયિક સમકિત થયું એનાથી એકાવતારી થઈ ગયા, એકભવતારી. ઈ વાત કહેવી છે. અંતિમ ગ્રૈવેયક સુધી અનંત વાર ગયો અને શુભભાવ અનંત વાર કર્યા, એક ભવ ઘટ્યો નહિ. કેમકે શુભભાવથી મારી વસ્તુ ભિન્ન છે એવો અનુભવ કર્યો નહિ અને શ્રેણિકરાજાને ત્યાગ નહોતો, વ્રત નહોતા, ચારિત્ર નહોતું પણ સમ્યગ્દર્શન લીધું. હું આત્મા ચૈતન્યપ્રકાશ જ્ઞાતા દૃષ્ટા છું, અનુભૂતિ મારી વસ્તુ છે, મારા સ્વરૂપનો આનંદ લેવો એ જ મારી વસ્તુ છે, આ રાગ આવે છે એ મારી વસ્તુ નથી. એવો અનુભવ કર્યો તો એક ભવમાં તીર્થંકર થઈને મોક્ષમાં જશે. અને અનંત વાર નવમી ગ્રૈવેયક મિથ્યાદષ્ટિ થઈને ગયો, આત્મજ્ઞાન કર્યું નહિ, શુભક્રિયા અનંત વાર પાળી, એક પણ ભવ ઘટ્યો નહિ. ભવ ઘટ્યો નહિ, અનંત વાર ગયો. એ સમ્યગ્દર્શનની શું કિંમત છે અને સમ્યગ્દર્શન કોને કહે છે એની જગતને ખબર નથી. બહારથી માની લ્યે છે કે હું શ્રાવક થઈ ગયો, હું ક્રિયા કરું છું અને બાર વ્રત પાળું છું અને પંચ મહાવ્રત પાળું છું માટે મુનિ છું. એમ નથી, એ મુનિ નહિ.

અહીં તો કહે છે, પ્રથમ આત્મા અખંડાનંદ પ્રભુ જ્ઞાતા દૃષ્ટા જ છે. રાગનો કણ પણ મારી વસ્તુ નહિ. જેનાથી તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ મારી વસ્તુ નહિ. કેમકે એ તો બંધનું કારણ થયું, હું તો અબંધસ્વરૂપી છું. એવો અનુભવ કરીને ક્રમશઃ શુભરાગ એની ભૂમિકામાં આવ્યો, આવે છે, પણ એનાથી પણ ખસીને પોતાનું સ્વરૂપ '**પરમ નિવૃત્તિ...**' અંદરમાં રમણતા કરવી, રાગથી ખસીને સ્વરૂપમાં લીન થવું એવી પ્રવૃત્તિને '**પહોંચતો થકો,...**' એવી '**નિવૃત્તિને પહોંચતો થકો,...**' પોતાના પુરુષાર્થથી રાગ, પુણ્યથી ખસીને સ્વભાવની શાંતિને પહોંચતો થકો '**જેનો રમ્ય ઉદય સમસ્ત વસ્તુસમૂહના વિસ્તારને લીલાથી પહોંચી વળે છે...**' દેખો! આત્માની

તાકાત કેવી છે? ભગવાન આત્મા જ્ઞાનાનંદમાં જ્યારે રમે છે અને રાગથી ખસીને સ્વરૂપમાં લીન થાય છે તો જેનો રમ્ય ઉદય, કેવળજ્ઞાનનો ઉદય થાય છે. રમ્ય નામ રમણીક ઉદય, સુંદર ઉદય અને '**વસ્તુસમૂહના વિસ્તારને...**' ત્રણ કાળ ત્રણ લોકને જ્ઞાનમાં દેખે છે. લીલામાત્રથી પ્રાપ્ત થઈ જાય એક સમયમાં. '**હેલા, હેલા**' શબ્દ છેને? '**હેલાक्रान्त**' એક સેકંડના અસંખ્યભાગમાં ત્રણ કાળ ત્રણ લોકને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને દેખે છે. કોણ? પોતાની ચૈતન્યઋદ્ધિ સંપદા જે અંદર પડી છે એનો અનુભવ કરીને સ્થિર થાય છે તે. બહારમાં એકલી શુભક્રિયા કરવાવાળો અને એમાં ધર્મ માનવાવાળો મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. સમજાય છે કાંઈ?

અનંત વાર કર્યું તો એનાથી કેમ ન થયું? નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો તો શું પાપ કરીને જાય છે? સ્વર્ગમાં પાપ કરીને જાય છે? તપસ્યા કરી, અપવાસ કર્યા, પુણ્ય કર્યા પણ ધર્મ નહિ. સમજાય છે કાંઈ? તો કહે છે કે પોતાનું સ્વરૂપ ભગવાન આત્મા... આઠ વર્ષની છોડી હોય તે પણ સમ્યગ્દૃષ્ટિ થઈ જાય છે. મહાવિદેહક્ષેત્રમાં અત્યારે ભગવાન તીર્થંકર બિરાજે છે. ક્રોડ પૂર્વનું આયુષ્ય છે અને પાંચસો ધનુષનો દેહ છે. કાય પાંચસો ધનુષની છે. ભગવાન જમીન ઉપર બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં. એની પાસે તો રાજાની દીકરીઓ જાય છે. કોઈ તો આઠ વર્ષમાં આત્મજ્ઞાન પ્રાપ્ત કરી લ્યે છે. મારી વસ્તુ રાગ ને પુણ્ય ને મનથી રહિત છે. એમ અંતરમાં અનુભવ કરે છે તો આઠ વર્ષની બાલિકાને પણ સમ્યગ્દર્શન થઈ જાય છે. અને અનંત વાર નવમી ગ્રૈવેયક જૈન સાધુ થઈને ગયો મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્દર્શન પ્રગટ કર્યું નહિ. કેમકે એની રીત શું છે સમ્યગ્દર્શનની? એની એને ખબર નથી. આપણે તો બસ આ કષાયની મંદતા કર્યા કરો, કરતા કરતા ક્યારેક ધર્મ થઈ જશે. એવી માન્યતાના શલ્યને કારણે અનંત વાર દિગંબર સાધુ થઈને નવમી ગ્રૈવેયક ગયો, જન્મ-મરણનો અંત આવ્યો નહિ.

તો કહે છે, લીલામાત્રથી પ્રાપ્ત થઈ જાય. આત્મા પોતાનું સ્વરૂપ શુદ્ધ આનંદકંદ સચ્ચિદાનંદ સિદ્ધ સમાન છે તેનો અનુભવ કરીને શ્રાવક કે મુનિ ક્રમે ક્રમે રાગને ઘટાડીને સ્વરૂપમાં લીન થાય છે તો લીલામાત્રથી બધા ભાવને જાણી લ્યે છે. '**એવી શાશ્વતી જ્ઞાનાનંદમયી દશા...**' લ્યો, દશા (કહ્યું). અહીં તો દશાને શાશ્વતી દશા કહે છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? શાશ્વતી જ્ઞાનાનંદની દશા સિદ્ધપદ. અંતરના સ્વભાવમાંથી પ્રગટ થાય છે. અંતરના સ્વભાવમાંથી બહાર આવે છે. સમજાય છે કાંઈ? પીપરનો દૃષ્ટાંત અમે આપીએ છીએ. સમજ્યા? લીંડીપીપર હોયને? લીંડીપીપર. શું કહે છે? લીંડીપીપર. ... કહે છે? એને ઘસે છેને, ચોસઠ પહોરી નથી હોતી? ચોસઠ પહોરી ચરપરાઈ. તો ચોસઠ પહોરી ક્યાંથી થઈ? ચોસઠ પહોરી હોયને? બહુ શરદી થઈ જાય તેને થોડી ગરમી આપે. ચોસઠ પહોરી લીંડીપીપર ઘસતા ઘસતા લીલી ઘણી થઈ જાયને, બહુ તીખી હોય છે. તો એ તીખાશ આવી ક્યાંથી? અંદર પડી હતી. સમજાય છે? એ લીંડીપીપરના દાણામાં ચોસઠ પહોરી તીખાશ પડી હતી. અમારી કાઠિયાવાડી ભાષામાં તીખાશ કહે છે, તમારી ભાષામાં ચરપરાઈ કહે છેને. તો એ પીપરના એક એક દાણમાં ચોસઠ પહોરી તીખાશ પડી હતી. તો ઘસતા

ઘસતા ચોસઠ પહોરી અંદર હતી તે બહાર આવે છે. અંદર શક્તિ હતી તે બહાર આવે છે. ન હોય એમાંથી આવે? કોલસો ઘસી નાખે ચોસઠ પહોર, તીખાશ નીકળે છે કોલસામાંથી? કાંકરામાંથી નીકળે છે? છે ક્યાં એમાં? પીપરના દાણામાં અંદર શક્તિ પડી છે એ નીકળી છે.

એમ આત્મ-દાણામાં અંદર સર્વજ્ઞપદ સિદ્ધપદ પડ્યું છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા દેહથી ભિન્ન, કર્મથી ભિન્ન, પુણ્ય-પાપથી ભિન્ન એવો ચૈતન્યમૂર્તિ જ્ઞાન આનંદકંદ આત્મા. એમાં આનંદ અને જ્ઞાન પૂર્ણ પડ્યા છે. અંદર પડ્યા છે તો એના અવલોકનથી બહારમાં પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? કોઈ દેહની ક્રિયાથી કે પુણ્યના પરિણામથી એ બહાર આવતા નથી. એ તો અંદરમાં પડ્યા છે એનો અનુભવ કરવાથી (બહાર) આવે છે. તો કેવી (દશા પ્રગટ થાય છે)?

**'શાશ્વતી જ્ઞાનાનંદમયી દશા...'** શાશ્વત જ્ઞાન અને આનંદ તો દ્રવ્યમાં—ધ્રુવમાં પડ્યા છે. શું સમજાયું? શાશ્વત તો આત્મા જ્ઞાન અને આનંદ તો ત્રિકાળ પડ્યા છે. એને અંતરમાં એકાગ્ર થઈને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રાપ્ત કર્યા એનાથી શાશ્વતી જ્ઞાનાનંદમયી દશા નામ અવસ્થાને **'એકાંતે...'** દશાને એકાંતે. કેવળ સર્વથા અત્યંત **'અનુભવો.'** ઓહો..હો..! આચાર્ય મહારાજ, અમૃતચંદ્રાચાર્યદેવ નગ્ન મુનિ જંગલમાં વસનારા ભાવલિંગી સંત હતા. ણમો આઈરિયાણં એવા પાંચ પદમાં ભળેલા હતા. સમજાય છે કાંઈ? એ આચાર્ય ભગવંત સંત મુનિએ જંગલમાં તાડપત્ર ઉપર આ ટીકા બનાવી છે. તાડપત્ર સમજ્યાને? ત્યારે કાગળ-બાગળ નહોતા. તાડપત્ર ઉપર બનાવ્યા જંગલમાં.

કહે છે કે અરે..! આત્મા! તમે તો પ્રભુ આત્મા પરમેશ્વર થવાની તમારામાં લાયકાત છે. સમજાય છે કાંઈ? જે અનંત પરમાત્મા થયા એ ક્યાંથી થયા? અંતરમાં છે એમાંથી પ્રગટ કરીને થયા. સમજાય છે ભાઈ? આ એનલાર્જ કરે છે એનલાર્જ. એનલાર્જ સમજો છો? થોડામાંથી મોટું કરેને? થોડામાંથી મોટું. એમ આત્મામાં અંદર પડ્યું છે. શું? એનલાર્જ કહે છેને? એનલાર્જ. નાનામાંથી મોટું બનાવે એને એનલાર્જ કહે છે. જેમ મોરના ઈંડામાં, મોર હોયને મોર? મોરના ઈંડામાં મોર છેને? ઈંડુ ફૂટીને સાડા ત્રણ હાથનો થઈ જાય છે. ક્યાંથી આવ્યો? અંદરમાં છે તે શક્તિમાંથી આવ્યો છે. બહારથી કોઈ આવ્યું નથી. મોરના ઈંડા હોયને? નહિ? મોરના ઈંડા. ઈંડુ ફૂટે તો અંદરથી (મોર નીકળે છે). મોર ક્યાંથી આવ્યો? ફોતરીમાંથી આવ્યો? અંદરમાં છે, ક્રમે ક્રમે પૂર્ણ થયો.

એમ ભગવાન આત્મા શાશ્વત જ્ઞાનાનંદ ધ્રુવ પડ્યો છે. આ શાશ્વતી તો દશાની વાત કરે છે. અંદરમાં ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. શાશ્વત—કાયમી જ્ઞાન અને આનંદ પરિપૂર્ણ આત્મા પડ્યો છે, એની દૃષ્ટિ સમ્યક્ કરીને તેમાં લીન થઈને વર્તમાન દશામાં જ્ઞાનાનંદની દશાને પ્રાપ્ત કરો, અનુભવ કરો એમ આચાર્ય મહારાજ આશીર્વાદ આપે છે. આહા..હા..! આ કરવાની વસ્તુ છે, મનુષ્યપણું પામીને. અનંત વાર બીજું બીજું કર્યું પણ આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર કદી કર્યા નહિ. કદી કર્યા નહિ એક સેકંડ પણ. એક સેકંડ પણ સમ્યગ્દર્શન થાય એના જન્મ-મરણનો અંત આવ્યા

વિના રહે નહિ. સમજાય છે? અને સમ્યગ્દર્શન વિના વ્રત ને નિયમ ને તપ ને ગમે તેટલા કરો, એક પણ ભવ ઘટતો નથી. સમજાય છે કાંઈ?

**'અનુભવો.'** લ્યો. અહીં તો એકાંત (કહ્યું). એકાંત (આવ્યું). એઈ..! કથંચિત્ નહિ? એકાંત સર્વથા. જુઓ! સર્વથા. અત્યંત ભગવાન આત્મા પોતાના અંતર સ્વભાવની મહિમા કરીને ક્રમે ક્રમે પૂર્ણ આનંદની પ્રાપ્તિ કરે છે તેનો અનુભવ કરો એમ આચાર્ય મહારાજ પોતામાં પણ ભાવના ભાવે છે અને બીજાને પણ ભાવનાથી કહ્યું કે આવું તમારે કરવાલાયક છે. ઝીણી વાત તો છે, ભાઈ! સત્ય વાત જ અનંત કાળથી એના ખ્યાલમાં મહિમા આવી નહિ, મહિમા. હું કોણ છું? મહિમા બધી પરમાં આવી. પુણ્ય ને પાપ ને દેહ ને લક્ષ્મી ને આબરૂ ને કીર્તિ ને ધૂળધમાહા, ધૂળ ધૂળ. પાંચ પચ્ચીસ લાખ ધૂળ મળી હોયને, ધૂળ છે કે શું છે આ? લક્ષ્મી. માટી છે કે શું છે? માટી છે. સોનું, રૂપું, હીરા, દાગીના બધા માટી છે. ભગવાન આત્માની મહિમા આવ્યા વિના એ માટીની મહિમા ટળે નહિ અને પુણ્ય-પાપના ભાવની મહિમા ચૈતન્યની મહિમા વિના ખસે નહિ, દૂર ન થાય. તો કહે છે કે ભગવાન આત્મા શાશ્વત છે એની મહિમા કરો. એની શ્રદ્ધા કરીને સ્થિર થાઓ તો શાશ્વતી સંપદા પ્રગટ થશે.

હવે પંચરત્ન—પાંચ રત્નો જેવી પાંચ ગાથાઓ કહે છે. ૨૭૦ (ગાથા) પૂરી થઈ. પાંચ ગાથા છેલ્લી ગાથાઓ છેને. પાંચ રત્ન જેવી ગાથા. '(**ત્યાં પ્રથમ, શ્લોક દ્વારા તે પાંચ ગાથાઓનો મહિમા કરવામાં આવે છે :—**)' બોલો.

**तन्त्रस्यास्य शिखण्डमण्डनमिव प्रद्योतयत्सर्वतो-**
**ऽद्वैतीयीकमथार्हतो भगवतः संक्षेपतः शासनम्।**
**व्याकुर्वञ्जगतो विलक्षणपथां संसारमोक्षस्थितिं**
**जीयात्सम्प्रति पञ्चरत्नमघं सूत्रैरिमैः पञ्चभिः।।१८।।**

ભગવાન અમૃતચંદ્રાચાર્ય મહારાજ આચાર્ય સંત મુનિ હતા. ઈ કહે છે કે અમે પાંચ ગાથા હવે કહીશું. પણ પાંચ ગાથા પંચરત્ન છે. રતન કહે છેને? કોઈ ઊંચી ચીજને રત્ન કહે છે. પાણીમાં પણ પાણી ઊંચું હોય તો જળરત્ન કહે છે, મણિમાં ઊંચું હોય તો મણિરત્ન કહે છે, પત્થરમાં ઊંચું હોય એને પત્થરરત્ન કહે છે. આ હીરા છે. સ્ત્રીમાં ઊંચી હોય તો સ્ત્રીરત્ન કહે છે. ચક્રવર્તીની સ્ત્રી હોય છેને? ચક્રવર્તીની (મુખ્ય) સ્ત્રી એને સ્ત્રીરત્ન કહે છે. જે બધામાં મોટી વસ્તુ હોય એને રત્ન કહે છે. તો આ પાંચ ગાથા, આખા શાસ્ત્રની પાંચ ગાથા મોટી વસ્તુ છે. એ પાંચ ગાથાને રત્ન કહેવામાં આવ્યું છે. ગાથાને રત્ન (કહ્યું છે). સમજાય છે કાંઈ?

આ સમ્યક્ રત્ન નથી કહેતા? 'સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણી મોક્ષમાર્ગઃ.' એ ત્રણને રત્ન કહે છે કે નહિ? રત્ન કહે છે કે નહિ? અભેદરત્નત્રય. સમ્યગ્દર્શનરત્ન, સમ્યક્જ્ઞાનરત્ન, સમ્યક્ચારિત્રરત્ન. રત્ન એટલે શું? રત્ન નામ ઊંચી વસ્તુ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગઃ. ભગવાન આત્મા પોતાના સચ્ચિદાનંદ નિર્મળાનંદ શુદ્ધ સ્વરૂપના અંતર અનુભવની પ્રતીતિ અને પોતાનું સ્વસંવેદનજ્ઞાન

અને સ્વરૂપમાં રમણતા—આ ત્રણેને રત્ન કહેવામાં આવ્યા છે. જેમ રત્ન લેવા જાય છે તો કંઈ આપે તો રત્ન મળેને? એમ આ રત્ન લ્યે તો એને મોક્ષનું ફળ મળે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્ન પ્રગટ કરે તેને મોક્ષનું ફળ મળે. આવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરે નહિ અને એકલા શુભક્રિયામાં (ધર્મ) માની લ્યે તો અનંત કાળમાં ચાર ગતિમાં રખડ્યો એનો પંથ નિરાળો અને મોક્ષનો પંથ નિરાળો, ઈ વાત કહે છે, જુઓ!

**'અર્થ :— હવે આ શાસ્ત્રને કલગીના અલંકાર જેવાં...'** જુઓ! કલગી આવ્યું. (કલંગીમાં) અનુસ્વાર છે. કલંગીને અમારે અહીંયા કલગી કહે છે. કલગી કહે છેને? અહીંયા કલંગી, તમારી હિન્દી ભાષામાં કલંગી કહે છે. **'શાસ્ત્રને કલગીના અલંકાર જેવાં...'** અલંકાર, હોં! કલગીના અલંકાર જેવાં. આ પ્રવચનસાર વીતરાગની દિવ્યધ્વનિ સાક્ષાત્ ત્રિલોકનાથ પરમાત્માના મુખમાંથી નીકળી વાણી એનું આ પ્રવચનસાર, વાણીનો સાર આમાં ભગવાન કુંદકુંદાચાર્યે ૨૭૫ ગાથાઓમાં બનાવ્યું. તો ૨૭૫માં આ પાંચ ગાથા કલગી (સમાન છે). આ રાજા નથી લગાડતા? કલગી લગાવે આમ. બધાથી ઊંચા. તો અમૃતચંદ્રાચાર્ય મહારાજ કહે છે કે, કુંદકુંદાચાર્યપ્રભુ એમણે પાંચ ગાથા બનાવી, અમે કહીએ છીએ કે આ પાંચ કલગીના અલંકાર સમાન છે, ચૂડામણી સમાન છે, મુગટમણી સમાન છે. ઓહો..હો..!

**'આ પાંચ સૂત્રોરૂપ નિર્મળ પાંચ રત્નો...'** જુઓ! ગાથાને પાંચ રત્ન (કહ્યું). બધાને કહેને? ઉદકરત્ન, પાણીને રત્ન કહેવાય. ઊંચું સુગંધી પાણી હોયને એને ઉદકરત્ન (કહેવાય). સ્ત્રીરત્ન, આ પુરુષમાં રત્ન નથી કહેતા? આ પુરુષમાં એક રત્ન પાક્યો છે એમ કહે છેને? પુત્રરત્ન, સ્ત્રીરત્ન, પુત્રીરત્ન. બનાવો બધાને રત્ન. રત્ન તો અહીંયા લાગુ પડે છે, કહે છે. સાચા રત્નએ શાસ્ત્રના પ્રવચનનો સાર. ભગવાન ત્રિલોકનાથ જૈન પરમેશ્વર દેવાધિદેવ, જેમણે એક સેકંડના અસંખ્યભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા, એમના દ્વારા કહેવાયેલ પ્રવચન નામ દિવ્યધ્વનિ એનો સાર કહ્યો, એમાં પણ આ પાંચ ગાથા તો રત્ન સમાન છે. આહા..હા..!

આ પ્રવચનસાર છે, સમજ્યા? કુંદકુંદાચાર્યનું બનાવેલું. સમયસાર છે ઈ બપોરે ચાલે છે. આ કુંદકુંદાચાર્ય છે જુઓ અહીંયા. છેને અહીંયા? તાડપત્ર ઉપર લખે છે જંગલમાં. જંગલમાં લખે છે. મદ્રાસથી એંસી માઈલ દૂર એક પોન્નુર હિલ છે. ગયા છો કે નથી ગયા તમે? પોન્નુર હિલ. ત્યાં કુંદકુંદાચાર્ય રહેતા હતા, ધ્યાન કરતા હતા. બે હજાર વર્ષ થયા. ત્યાં તેમના ચરણપાદુકા છે. મદ્રાસથી એંસી માઈલ. પોન્નુર હિલ. પા કલાકનો રસ્તો છે. એક મોટી ટેકરી છે ત્યાં ગુફામાં ધ્યાન કરતા હતા. ત્યાં રહેતા હતા. ત્યાં આગળ ધ્યાનમાં, પંડિત લોકો કહેતા હતા, કે ધ્યાનમાં ભગવાનનો વિચાર આવ્યો તો ત્યાંથી ભગવાન પાસે ગયા હતા. મદ્રાસથી એંસી માઈલ દૂર છે. ત્યાં અમે ગયા છીએ, (સંવત) ૨૦૧૫ની સાલમાં. ત્યાં ચરણપાદુકા છે. ઉપર પાંચેક ચંપાના ઝાડ છે. ફૂલ એ ચરણ ઉપર પડે છે તો મહિમા ઘણી છે. લોકો બહુ જાય છે. મેળો ભરાય છે. રવિવારે પણ જાય છે અને બાર મહિનાનો મેળો. ત્યાંથી ભગવાન પાસે ગયા હતા. અને આઠ દિવસ રહીને

ત્યાં આવ્યા અને ત્યાં આગળ આ સમયસાર, પ્રવચનસાર આદિ (બનાવ્યા). પોન્નુર હિલ નામની ટેકરી છે. મદ્રાસથી એંસી માઈલ. અને વંદે... વંદવાસ નહિ, કાંજીવરામ છે ચાલીસ માઈલ. કાંજીવરામ નામનું એક ગામ છે, એમાં એક મોટી પ્રતિમા છે. દિગંબર મંદિર ઘણું જૂનું છે. માટીની પ્રતિમા છે, માટીની. ત્યાંથી ચાલીસ માઈલ થાય છે પોન્નુર હિલ... કાંજીવરામ. અહીંથી તો બહુ દૂર છે. મદ્રાસથી એંસી માઈલ છે અને પોન્નુર પછી એક આવે છે, કાંજીવરામ એક ગામ આવે છે. એ કાંજીવરામ ગામથી ચાલીસ માઈલ દૂર છે. બહુ દૂર છે, દક્ષિણમાં છે. અમે તો બધા ગયા હતાને, અહીંથી સંઘ લઈને ગયા હતા ત્યાં દક્ષિણમાં. ઉત્તરમાં અમે અલ્વર આવ્યા હતા. એ તો સમદેશિખરની જાત્રા કરીને આવ્યા હતા. એક દિવસ નહિ પ્રવચન આપ્યું હતું? જયસ્વાલ કે એવું કોઈક હતું. એક દિવસ એક કલાક પ્રવચન આપ્યું હતું. ધર્મશાળામાં ઉતર્યા હતા. મેડી છે. ૨૦૧૩ની સાલ. સાડા પાંચ વર્ષ થયા. ૨૦૧૫ની સાલમાં ત્યાં ગયા હતા. ૮૦૦ માણસ હતા પહેલા. બધાએ બાહુબલીજીની જાત્રા કરી.

ત્યાં આગળ આ કુંદકુંદાચાર્યે આ બનાવ્યું એમાં પાંચ શ્લોક તો રત્ન સમાન બનાવ્યા. એમ કેમ કહ્યું? '**સંક્ષેપથી અર્હંતભગવાનના સમગ્ર અદ્વિતીય શાસનને સર્વતઃ પ્રકાશે છે...** ' ઓ..હો..હો..! આ સંક્ષેપમાં અર્હંતભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગ જૈનદેવ એમનું સમગ્ર અદ્વિતીય શાસન, અજોડ શાસન. ભગવાન જેવું શાસન ત્રણ કાળ ત્રણ લોકમાં બીજે ક્યાંય નથી. જૈન પરમેશ્વરે પંથ કહ્યો એવો પંથ કહેવાવાળા દુનિયામાં બીજા કોઈ છે જ નહિ. એવા અદ્વિતીય શાસનને આ ગાથા પ્રકાશિત કરે છે. અહો..! કેટલી વાત કરી! સર્વતઃ (અર્થાત્) જ્યાં જ્યાં શાસ્ત્રનું અધ્યયન કરો ત્યાં ત્યાં આ ગાથામાં ભાવ કહ્યા તેને લગાવી દો. નિશ્ચય શું છે? સંસાર શું છે? બંધ શું? સંસારનો માર્ગ શું? મોક્ષ શું? ઈ હમણાં કહેશે જુઓ! '**સંક્ષેપથી અર્હંતભગવાનના સમગ્ર અદ્વિતીય શાસનને સર્વતઃ...**' એમ છે જૂઓ! '**સર્વતઃ પ્રકાશે છે...**' શું કરે છે ઈ પણ થોડું એક શબ્દમાં નાખી દીધું છે.

'**વિલક્ષણ પંથવાળી...**' આ વાત કરી. '**સંસાર-મોક્ષની સ્થિતિને જગત સમક્ષ પ્રગટ કરતાં થકાં જયવંત વર્તો.**' પાંચ ગાથામાં સંસારના પંથની દશા અને મોક્ષપંથની દશા, બેયને બતાવીને મહાન રત્ન સમાન પાંચ ગાથામાં કથન કર્યું છે. શું કહ્યું? '**વિલક્ષણ પંથવાળી...**' આટલામાં બધું ભરી દીધું છે. વિલક્ષણ નામ સંસારનો પંથ અને મોક્ષનો પંથ, બેય વિલક્ષણ ભિન્ન છે. બેયની એક જાત નથી. નીચે લખ્યું છે જુઓ. 'વિલક્ષણ—ભિન્નભિન્ન. (સંસારની સ્થિતિ અને મોક્ષની સ્થિતિ ભિન્નભિન્ન પંથવાળી છે અર્થાત્ સંસાર અને મોક્ષના પંથ જુદા જુદા છે).' એકબીજાથી વિરુદ્ધ છે. સંસારનો માર્ગ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યા રાગ-દ્વેષ, પ્રમાદ, કષાય અને યોગ એ સંસારનો પંથ છે. એ આ ગાથામાં બતાવશે. સંસારનો પંથ છે. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર નામ પુણ્ય-પાપના ભાવ, કંપન્ન આદિ કષાય—એ બધો સંસારનો પંથ છે. અને સંસારપંથથી મોક્ષપંથ વિલક્ષણ છે.

જે ભાવથી સંસાર મળે તે ભાવથી મોક્ષ ન મળે અને જે ભાવથી મોક્ષ મળે તે ભાવથી બંધ ન થાય, એમ કહે છે. ભગવાનજીભાઈ! સમજાય છે કાંઈ? જાવું હોય ઉગમણે... ઉગમણે કહે છેને? શું કહે છે? પૂર્વ, પૂર્વ. જાવું હોય પૂર્વમાં અને એક જાય પશ્ચિમમાં, બેયના રસ્તા ભિન્ન ભિન્ન છે. પાલીતાણા ગયા ત્યારે આ રસ્તે ગયા. હવે અમદાવાદ જાવું હોય તો રસ્તો ફેરવ્યો. રસ્તા જ બેયના ભિન્ન છે.

એમ સંસાર—સંસરણ ઈતિ સંસાર. ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ સચ્ચિદાનંદ નિર્મળાનંદ પ્રભુ એમાંથી ખસીને વિકારની રુચિ કરીને, વિકારનું પરિણમન કરીને, વિકારના પંથે ચાલી સંસારમાં પરિભ્રમણ કરે છે. સમજાય છે કાંઈ? પછી શુભભાવ હો કે અશુભ હો, એના પંથે ચાલવાવાળો સંસારના પંથને સિદ્ધ કરે છે. સંસારનો પંથ સાબિત કરે છે. વિલક્ષણ કહ્યુંને વિલક્ષણ. વિલક્ષણ પંથ, બેયના પંથ નિરાળા. સેઠી!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— વિરુદ્ધ છે. શ્રીમદ્‌માં આવ્યું નહિ? 'તેહ શુભાશુભ છેદતા' 'વીત્યો કાળ અનંત તે, તેહ શુભાશુભ ભાવ, તેહ શુભાશુભ છેદતા ઊપજે મોક્ષસ્વભાવ.' અનાદિ કાળથી શુભ અને અશુભભાવનો પંથ લઈને, પુણ્ય અને પાપ બેનો પંથ લઈને અનાદિથી સંસારમાં ચોર્યાશી (લાખ યોનિમાં) ભમ્યો. પાપ થયા તો નરકમાં અને તિર્યંચમાં ગયો, પુણ્ય થયું તો મનુષ્ય અને સ્વર્ગ મળ્યા. જન્મ-મરણનો અંત ન આવ્યો. જે પંથે સંસાર મળે તે પંથે મોક્ષપંથ નથી મળતો. બેયનો માર્ગ નિરાળો. બેય એક હોય તો સંસાર અને મોક્ષ એક થઈ જાય. એમ છે નહિ.

વિલક્ષણ પંથ. દેખો! ભિન્ન ભિન્ન રસ્તો છે. ભગવાન આત્મા અખંડાનંદ શુદ્ધ ચૈતન્યનો અંતર્મુખ થવાનો રસ્તો તે મોક્ષમાર્ગનો છે. પુણ્ય-પાપનો ભાવ એ બહિર્મુખ થવાનો સંસારનો રસ્તો છે. સેઠી! ભારે ઝીણું પણ. માણસને અંદર જ્ઞાન કરવું નથી, સમજવું નથી, શ્રદ્ધા શું વસ્તુ છે એની કિંમત કરવી નથી અને મોક્ષ લઈ લેવો છે. હીરા લેવા જાય, પાંચ રૂપિયા દઈને કહે કે મારે હીરો લેવો છે. એક ઝવેરી હતો. કરોડપતિ હતો. પચાસ લાખનો હીરા લઈ આવ્યો. ઝવેરીની દુકાને જઈને કહ્યું, મારે હીરા લેવા છે. પાંચ રૂપિયા લઈને ગયો અને કહ્યું, ભાઈ! પાંચ રૂપિયાનો એક હીરો આપે. કાલે શેઠનો આપ્યો હતો એવો. પાંચ રૂપિયાનું તો શાક મળે. પાંચ રૂપિયા તું તારી ખિસ્સામાં રાખ, અહીંયા હીરો-બીરો મળતો નથી. તને હીરાની કિંમત છે જ નહિ. પણ કાલે અમારી પાસે આવ્યો હતો એ કંઈ ... નહોતી. એટલી વસ્તુમાં તમે હીરા લઈ આવ્યા. અમે તો બહુ તોલ આપ્યો. એની પાસે પાંચ પચાસ લાખ લઈને આવ્યો અને હીરા લાવ્યો. હું પણ થોડા લઈને આવ્યો છું, ઈ પણ થોડા લઈને આવ્યો હતો. અરે..! થોડામાં તો ત્યાં પાંચ લાખની લીલામી હતી. એમાં હીરો મળ્યો છે. ભલે થોડો હોય, કાગળિયું હોય... એમ પાંચ રૂપિયાનો હીરો આપો.

ભાઈ! અમારે મોક્ષ લેવો છે, પણ અમારે દેહની ક્રિયા અને પુણ્યભાવથી મોક્ષ આપો. એ

પાંચ રૂપિયામાં હીરા ખરીદવા જેવી મૂર્ખાઈ છે. સમજાય છે કાંઈ? સેઠી! પાઠમાં ઈ લાગુ પડ્યું કે ભાઈ! શુભક્રિયા કરીએ છીએ અમને મોક્ષ આપજો. બીજા પણ આત્મા મોક્ષમાં ગયા એમ અમે જોયું છે. આમ કરતા હતા, ભક્તિ કરતા હતા, પૂજા કરતા હતા એમ અમે જોયું છે. અમે પણ કરીએ છીએ, તો અમને પણ મોક્ષ આપો. અરે..! કરતા હતા એનાથી એને મોક્ષ નથી થયો. અંદર રાગથી ખસીને સ્વભાવની અનુભવ દૃષ્ટિ કરી તો મોક્ષ થયો છે. માલની કિંમત તો તેં જોઈ નહિ અને ઉપરની ક્રિયા તેં જોઈ કે એ પણ કરતા હતા, મારી સાથે હતા. પૂજા કરતા હતા, ભક્તિ કરતા હતા, જાત્રા કરતા હતા, અમારી સાથે હતા. અને એ મોક્ષમાં ગયા. સાંભળ તો ખરા. સમજાય છે કાંઈ? ઈ કરતા હતા ઈ શુભરાગ હતો. પણ એની દૃષ્ટિ રાગ ઉપર નહિ રહીને નિર્મળાનંદ ચિદાનંદ પરમાત્મા પોતાનું સ્વરૂપ એના ઉપર દૃષ્ટિ (દઈને) એમાંથી માલ કાઢતા હતા. તું ઉપર જોઈને આવ્યો કે આટલી કિંમતમાં એને મોક્ષ મળ્યો. તને ખબર નથી. ન્યાલચંદભાઈ! અમને પણ મોક્ષ આપો.

દાખલો આપ્યો છેને. ગૃહસ્થ બાઈ હતી. બાયું કરે છેને? ડાંગર. ડાંગર કહે છેને હિન્દીમાં? ઈ ખાંડતી હતી. ખાંડણીમાં ખાંડતી હતી. ખાંડણી કહે છેને? ઉકલ, ઉકલમાં ખાંડતી હતી. તો એક ગરીબ બાઈ નીકળી. ઓહો..! આ તો ફોતરા છે, ફોતરા ખાંડે છે, છીલકા ખાંડે છે. લાવ હું પણ ફોતરા ખાંડુ. પણ એ ફોતરા તો ઉપર હતા, અંદર તો ચોખા હતા. અંદર જેટલા તોલદાર નીકળતા હતા એ અંદર પેસતા હતા. ફોતરા તો ઉપર રહેતા હતા. બીજો જોઈને ફોતરા કૂટવા મંડ્યો તો ત્યાં ક્યાં ચોખા નીકળે?

એમ જ્ઞાની પોતાના સ્વભાવનો આશ્રય તો અંતરમાં ચૈતન્યનો આશ્રય લીધો છે. અને જ્યારે અંતરમાં સ્થિર ન થઈ શકે તો દયા, દાન, ભક્તિ, સ્તુતિ, વંદન આદિનો શુભભાવ થાય છે. અજ્ઞાની એ શુભભાવના ફોતરા જોઈને, ઈ પણ અમારા જેવું કોઈ કામ કરતા હતા અને મારે પણ એના જેવું કામ કરવું છે. ક્યાં, એ તો પુણ્ય શુભભાવની અંદર માલ પડ્યો છે. ચૈતન્યની દૃષ્ટિ અને અનુભવની દૃષ્ટિનો માલ પડ્યો છે તેનાથી એણે મોક્ષ લીધો છે. એ ફોતરાથી મોક્ષ નથી લીધો. સમજાય છે કાંઈ? અજ્ઞાનીઓ કોપી તો કરે. સમજે નહિ તત્ત્વને. શું તત્ત્વ છે? શું દૃષ્ટિ છે? શું જ્ઞાન છે? શું લીનતા છે? તત્ત્વને સમજતા નથી. સમજાય છે કાંઈ?

એક વાંદરો હતો વાંદરો. ઠંડીના દિવસો હતા. જંગલમાં ઠંડીના દિવસો હતા તો એક માણસ ઘાસ બધું ભેગું કરીને, ઘાસ.. ઘાસ, ઘાસ કહે છેને? દિવાસળી લગાવી. ઠંડીના દિવસો, ઠંડી બહુ હતી. વાંદરાએ જોયું. ઓહો..! ઘણી ઠંડી છે તો મારે પણ આમ કરવું છે. દિવાસળીમાં અગ્નિ છે અને દિવાસળી ઘસવાથી અગ્નિ થાય છે એની ખબર નહિ. તો ઘાસ ભેગું કર્યું. જીવડું થાય છેને? આગિયા જેવું જીવડું થાય છેને? પ્રકાશ પ્રકાશ કરે. એને વાંદરાએ પકડી લીધું...

**આસો સુદ ૧૩, ગુરુવાર, તા. ૧૧.૧૦.૧૯૬૨**
**ગાથા-૨૭૧, પ્રવચન-૨૭**

આ પ્રવનચસાર, ચરણાનુયોગસૂચક ચૂલિકા ચાલે છે. એમાં ૨૭૧ ગાથા આવી. ૨૭૦ પૂરી થઈ. આ પાંચ ગાથા એવી છે કે રત્ન સમાન છે, એમ અમૃતચંદ્રાચાર્ય ટીકાકાર કહે છે કે આ તો પંચરત્ન છે. કેમ? કે ભગવાનના અરિહંત ત્રિલોકનાથ પરમાત્માનું સમગ્ર અજોડ શાસન કે જે જૈનશાસન સિવાય બીજે આવી વાત હોતી નથી. અને સર્વજ્ઞ ભગવાનના શાસનમાં સર્વતઃ પ્રકાશે છે. ચારે અનુયોગોમાં શું કહેવું છે એના રત્નમયી આ ગાથા છે. એના જ્ઞાનના ચારેય અનુયોગનું જ્ઞાન યથાર્થ થાય છે. સમગ્ર પ્રકાશિત કરે છે. જે પાંચ ગાથામાં ન્યાય આવશે, સંસાર કોણ? મોક્ષ કોણ? બંધ શું? જડ શું? એવી જે સ્થિતિનું વર્ણન છે એના વર્ણનથી બધા ચારે અનુયોગોમાં પ્રકાશ નાખે છે. ચારે અનુયોગમાં શું અર્થ કરવો અને કેમ સમજવું એમ પાંચ ગાથા સર્વ શાસ્ત્રમાં પ્રકાશ નાખે છે કે બધા શાસ્ત્રનો નિકાલ, સમજવું કઈ રીતે, કઈ પદ્ધતિથી. સમજાય છે કાંઈ? એ પાંચમાં આજે ૨૭૧ ગાથા આવી છે. પોપટભાઈ! આ રત્ન ગાથા આવી. કેમ અમુલખભાઈ!

અહીં કહે છે, પાંચ ગાથા એવી અમે કહીશું, કુંદકુંદાચાર્ય ભગવાન દિગંબર સંત મુનિ જંગલ વનવાસી હતા, ભાવલિંગી હતા, ભાવલિંગી. આત્માનું ભાન, અનુભવ, આનંદ અને ચારિત્રની રમણતા (હતી). એ મુનિએ પાંચ ગાથા કરી પછી ૧૧૦૦ વર્ષ પછી એક અમૃતચંદ્રાચાર્ય મુનિ એ પણ ભાવલિંગી દિગંબર સંત થયા, તેઓ કહે છે કે આ પાંચ ગાથા સમગ્ર શાસનને પ્રકાશિત કરે છે. સમગ્ર જૈનશાસનનો મર્મ આ પાંચ ગાથામાં પ્રકાશિત થાય છે. બંધમાર્ગ શું, મોક્ષમાર્ગ શું આદિ બધાનો ખુલાસો આ પાંચ ગાથા દ્વારા ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજે કર્યો છે. તે અમૃતચંદ્રાચાર્ય મહારાજ એની ટીકા કરીને ખુલાસો કરે છે કે શું કહે છે. સેઠી!

તો પહેલા કહે છે કે '**હવે સંસારતત્ત્વ પ્રગટ કરે છે :—**' સંસારતત્ત્વ કોને કહેવું? સાત તત્ત્વ તો ચાલ્યા છે. સંસારતત્ત્વ ક્યાં આવ્યું આત્મામાં? સમજ્યા સેઠી? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ સાત તત્ત્વ ચાલ્યા. અને સાતમાંથી આસ્રવને ભેદ પાડીને પુણ્ય-પાપ કરો તો નવ પદાર્થ થાય છે. સાતમાંથી વિશેષ ખુલાસો કરીને સમજાવે તો નવ થાય છે. પણ સાત તત્ત્વમાં સંસારતત્ત્વ ક્યાં આવ્યું? તે જ કહે છે, સંસારતત્ત્વ સાતમાં આવી જાય છે. આસ્રવ, પુણ્ય-પાપના ભાવ અને આત્મા પોતાનો સ્વભાવ ચૂકીને જેટલો વિકારમાં રોકાઈ જાય છે તે બંધતત્ત્વ છે. એ આસ્રવ, પુણ્ય-પાપના ભાવ એ મલિન ભાવ અને એમાં રોકાઈ ગયો તે બંધભાવ. એ બેને સંસારતત્ત્વ કહેવામાં આવ્યું છે. સેઠી! તમે તો જૂના છો અને સમજી ન શક્યા કે સાત તત્ત્વમાં સંસારતત્ત્વ ક્યાં આવ્યું? પોપટભાઈએ પહેલા કહી દીધું. એ તો હમણાં નવા આવ્યા છે. કહો, સમજાય છે

કાંઈ?

કહે છે કે પહેલા અમે સંસારતત્ત્વનું, સંસાર ... જીવ કોણ છે? એ તત્ત્વ ક્યાં રહે છે? અને ક્યા કારણે એને સંસારતત્ત્વ કહેવામાં આવ્યું છે તેનો પહેલા ખુલાસો કરે છે. ૨૭૧.

**जे अजधागहिदत्था एदे तच्च त्ति णिच्छिदा समये।**
**अच्चंतफलसमिद्धं भमंति ते तो परं कालं।।२७१।।**

એનું ગુજરાતી હરિગીત છે. આમાં તો હિન્દી છેને.

**સમયસ્થ હો પણ સેવી ભ્રમ અયથા ગ્રહે જે અર્થને,**
**અત્યંતફળસમૃદ્ધ ભાવી કાળમાં જીવ તે ભમે. ૨૭૧.**

'**ટીકા :—**' અન્વયાર્થ લેવો છે? અચ્છા. સેઠી! અન્વયાર્થ કરીએ, પહેલા શબ્દાર્થ કરીએ શબ્દાર્થ. એમાં અવિવેક શબ્દ નહિ આવે. કેમકે અવિવેકથી અયથાર્થ ગ્રહે એવો ટીકામાં ખુલાસો કરશે.

જે કોઈ પ્રાણી સમય નામ, ભલે જૈન સંપ્રદાયમાં જન્મ લીધો હોય અને જૈન સંપ્રદાયમાં જૈન દ્રવ્યલિંગી મુનિ હો, નગ્ન મુનિ હો, એની વાત બતાવીને? જૈનશાસનમાં દ્રવ્યલિંગી નામ મુનિ નગ્ન હોય અને અઠ્યાવીશ મૂળગુણ જે આહાર આદિ, એક વાર આહાર, કાઉસગ્ગ એવી ક્રિયા કરવાવાળો હોય છતાં જિનમતમાં નામ સંપ્રદાયની દૃષ્ટિ રાખતો હોય કે હું જૈન છું અને દિગંબર છું, હું મુનિ છું. ઉત્કૃષ્ટ વાત કરે છે મુનિની, એના પેટામાં શ્રાવક લઈ લેવા ઊંધા, ઉલટી દૃષ્ટિવાળા શ્રાવક પણ કેવો હોય ઈ લઈ લેવું. '**આ તત્ત્વ છે (અર્થાત્ આમ જ વસ્તુસ્વરૂપ છે)**' કહે છે કે જેવું વસ્તુનું સ્વરૂપ છે એવું નહિ માનીને પોતાની કલ્પના અને પોતાના અભિપ્રાયથી, વસ્તુસ્વરૂપ આવું જ છે '**એમ નિશ્ચયવંત વર્તતા થકા...**' એ પ્રકારે નિર્ણય કરતો થકો.

'**अयथार्थगृहीतार्थाः**' '**પદાર્થોને અયથાતથપણે ગ્રહે છે...** ' જેવું પદાર્થનું આત્મા, આસ્રવભાવ, બંધભાવ, જડભાવ, કર્મનો ઉદયભાવ, શરીરની અવસ્થા ભાવ જેવી વસ્તુ છે એમ નિર્ણય કરતો નથી અને અયથાર્થ નિર્ણય કરે છે, અયથાર્થ ગ્રહણ કરે છે. પાછો ખુલાસો ટીકામાં લેશે. '**(-જેવા નથી તેવા સમજે છે),...** ' તે પ્રાણી સંસાર... જીવ '**અત્યંતફળસમૃદ્ધ (અનંત કર્મફળોથી ભરેલા)...**' અનંત કર્મફળથી ભરેલા. એને સંસારનું ફળ પ્રાપ્ત થયું. '**હવે પછીના કાળમાં...** ' '**अतः परम कालं**' '**હવે પછીના કાળમાં પરિભ્રમણ કરશે.** ' ચાર ગતિમાં રખડશે. અયથાર્થ પદાર્થની પ્રતીત કરવાવાળા. અયથાર્થ પદાર્થની પ્રતીતિ કોને કહે છે? એ ટીકામાં ખુલાસો કરશે. સમજાય છે કાંઈ?

જે કોઈ સાધુ થઈને કે જૈનના શ્રાવક નામ ધરાવીને **સ્વયં અવિવેકથી.** બે શબ્દ પહેલા પડ્યા છે. સ્વયં પોતાને કારણે. કર્મને કારણે નહિ કે કર્મનું આટલું જોર હતું એટલે અમારી ભૂલ થઈ. એમ નહિ. કર્મ કોઈ ભૂલ કરાવતું નથી. કર્મ જડ પદાર્થ છે, ભિન્ન પદાર્થ છે. સમજાય છે કાંઈ? અજ્ઞાની જૈન સાધુ થઈને કે અજ્ઞાની જૈન શ્રાવક નામ ધરાવીને, જૈનના સમય નામ દ્રવ્યલિંગમાં હોવા છતાં

જેવું વસ્તુનું સ્વરૂપ છે એમ માનતો નથી, એવા જીવને સંસારતત્ત્વી ગણવામાં આવ્યા છે. શા કારણે? કે સ્વયં અવિવેકથી. આ બે શબ્દ પડ્યા છે. અયથાર્થ શબ્દ છેને? '**अयथार्थगृहीतार्थाः**'. એમાંથી કાઢ્યું.

અયથાર્થગૃહીતનો અર્થ શું? જેવું વસ્તુનું સ્વરૂપ છે એવું નથી માનતો એમ પાઠમાં પડ્યું છે. તો એનું કારણ શું? કે સ્વયં અવિવેકથી. પોતાનો અવિવેક, ભેદજ્ઞાનના અભાવને કારણે. સમજાય છે કાંઈ? શું ભેદજ્ઞાનનો અભાવ? વિવેક નામ ભેદજ્ઞાન, અવિવેક નામ ભેદજ્ઞાનનો અભાવ. ભેદજ્ઞાન—પરપદાર્થ ભિન્ન ભિન્ન જે બધા છે તેનો અભાવ. બધાને એક માનનાર અવિવેકી પ્રાણી શું માને છે? કે અવિવેકથી સ્વયં... 'અ' શબ્દ પહેલા લીધો. કોઈ કહે કે શું કરીએ ભાઈ? દર્શનમોહ કર્મનું બહુ જોર હોય, પૂર્વના કર્મનું બહુ જોર હોય તો અમારી ભૂલ થાય છે. મૂઢ છે. આવું ક્યાંથી લાવ્યો? 'કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ,' પૂજામાં આવે છેને? પૂજામાં આવે છે. પૂજામાં આવે છેને? ભગવાનની પૂજા કરે ત્યાં.

કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ,
અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ.

સમજાય છે કાંઈ? કર્મ બિચારે કૌન? એ તો જડ માટી ધૂળ છે. જેમ આ શરીર ધૂળ છે, એમ કર્મ ઝીણી ધૂળ છે અંદરમાં. માટી અજીવતત્ત્વ છે. શું અજીવતત્ત્વ તને ભૂલ કરાવે છે? સેઠી! કર્મ ભૂલ કરાવે છે કે નહિ? જૈનમાં તો કર્મ ભૂલ કરાવે છે, અન્યમાં ઈશ્વર ભૂલ કરાવે છે અને ઈશ્વર તારે છે. એમ છે નહિ. જૂઠ છે. કોઈ ઈશ્વર તારવાવાળો પણ નથી અને ઈશ્વર કોઈ ડૂબાવવાળો પણ નથી. પોતાની ભૂલથી આત્મા પરિભ્રમણ કરે છે અને પોતાની ભૂલ ટાળીને ભગવાન આત્મા થાય છે. બીજું કોઈ કારણ-ફારણ છે જ નહિ.

તો પહેલા તો લીધું કે સ્વયં અજ્ઞાની આત્મા પોતાના ઊંધા પુરુષાર્થથી, અવિવેકથી. અવિવેકનો અર્થ કે જે કર્મનો ઉદય છે જડ, એનાથી પોતામાં વિકાર થતો નથી. તો કર્મના ઉદયથી પોતામાં વિકાર માનવાવાળો કર્મની અજીવપર્યાય અને વિકાર જીવની મલિનપર્યાય, બેયને એક માની. વિવેક રહ્યો નહિ. સમજાય છે કાંઈ? પોપટભાઈ! કર્મનો ઉદય જડ છે. એ તો માટી ધૂળ છે, અજીવ છે. અજીવતત્ત્વથી મારામાં રાગ-દ્વેષ થાય છે એમ માનનાર જડની પર્યાય, મલિન પર્યાયની એકતા માને છે. વિવેક નથી કરતો કે બેય ભિન્ન છે. જડ ભિન્ન છે અને મારી ભૂલ પણ ભિન્ન છે. સમજાય છે કાંઈ? એક વાત.

બીજી, મારામાં જે રાગ થયો રાગ, તો રાગથી મારામાં સંવર, નિર્જરા ધર્મ થશે તે પદાર્થનો અવિવેક છે. રાગ છે તે આસ્રવતત્ત્વ છે. શુભપરિણામ હો, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપની ક્રિયાનો શુભભાવ એ પુણ્યતત્ત્વ છે, એ આસ્રવતત્ત્વ છે. એ આસ્રવતત્ત્વથી ધર્મ આત્મામાં થશે એ આસ્રવ અને ધર્મને અવિવેકથી એક માને છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે જરી. આ પાંચ ગાથા રત્ન આવી છે રત્ન.

સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ ભગવાન અરિહંત પરમાત્મા જૈન પરમેશ્વર, જેને એક સેકંડના અસંખ્યભાગમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન પ્રગટ થયું. એવા ભગવાને જે શાસ્ત્ર કહ્યા એ શાસ્ત્રમાં બધા પ્રકાશ નાખનારી આ પાંચ ગાથા છે. ઓ..હો..હો..! સમજાય છે કાંઈ? અમુલખભાઈ! આ તમારામાં અમુલખપણું પહેલું અહીં આવ્યું, જુઓ! રત્ન ગાથા આવી અહીં મુહૂર્તમાં. અમુલખભાઈને હોંશ છેને બહુ. કહો, સમજાય છે કાંઈ? શું કહે છે?

ઓ..હો..હો..! આ ગાથા સર્વજ્ઞની અર્હંત ભગવાનની... માથે કહ્યું હતું. '**અર્હંતભગવાનના સમગ્ર અદ્વિતીય શાસનને સર્વતઃ પ્રકાશે છે...**' આ ગાથાનો ન્યાય અને પાંચેય ગાથાનો, સર્વજ્ઞ ભગવાને કહેલા બધા શાસ્ત્ર એમાં આ ગાથાનો ન્યાય પ્રકાશ નાખે છે, પ્રકાશ નાખે છે કે અમારે ક્યાં ક્યાં શું કહેવું છે? એ બધો પ્રકાશ નાખે છે. શું કહ્યું પ્રકાશ નાખવામાં? વસ્તુ અંધારામાં પડી હોય, ઓરડીમાં વસ્તુ (હોય). અંધારામાં ભિન્ન નહિ ભાસે. ભાસશે? લાકડી હોય, કપડું હોય, વીંછી હોય, સર્પ હોય બધું એક લાગશે. અંધારુ હોય તો. લાઈટ નાખે તો? શું કહેવાય તમારી આ? સર્ચ (લાઈટ). આમ પ્રકાશ નાખતાવેંત બધું ભિન્ન ભિન્ન ભિન્ન ભાસી જાય કે આ લાકડી છે, આ કપડું છે, આ સર્પ છે, આ કોની ... વસ્તુ છે? બધાનો ભાસ, ઉપર પ્રકાશ પડતાં જ ભાસી જાય છે. પણ બધી વસ્તુમાં અંધારુ છવાઈ ગયું હોય તો ભિન્ન ભિન્ન વસ્તુ ભાસતી નથી. બરાબર છે? એમ આ પાંચ ગાથા બધા શાસ્ત્રમાં પ્રકાશ નાખે છે. શું તમારું કીધું? આપણી ભાષા એમ છે, બેટરી નાખીને આમ પ્રકાશ કરે છે.

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માએ શાસનમાં જેટલા શાસ્ત્ર કહ્યા, ભગવાન કુંદકુંદાચાર્ય મહામુનિ સંત ભગવાન ... પરમેશ્વર આચાર્યપદમાં છે. સમજાય છે કાંઈ? સાક્ષાત્ ભગવાન પાસે ગયા હતા. સીમંધર પરમાત્મા પાસે કુંદકુંદાચાર્ય સંવત ૪૯માં ગયા હતા. અત્યારે બિરાજમાન છે. આઠ દિવસ રહ્યા હતા. આઠ દિવસ રહીને અહીંયા આવીને આ બનાવ્યું છે. સર્વજ્ઞના શાસનમાં આ પાંચ ગાથા ઘણો પ્રકાશ નાખે છે. બધાનો ભેદ અને સ્પષ્ટ કરી નાખે છે. કોઈ ખીચડો અને ભેળસેળ કરી નાખે એવી વાત છે જ નહિ. બધા ઉપર પ્રકાશ નાખે છે કે શું શું વસ્તુ છે. શું કહ્યું?

શું કહે છે? અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ ઉપર આ ગાથાએ શું પ્રકાશ નાખ્યો? કે સ્વયં અવિવેકને કારણે. એક વાત. એ અજ્ઞાનીપ્રાણી સ્વયં અપરાધ કરવાવાળો અવિવેકરૂપી અપરાધ. અવિવેક શું કર્યો? કે સાત પદાર્થ ભિન્ન ભિન્ન છે. કર્મ ભિન્ન છે, શરીર ભિન્ન છે, રાગ ભિન્ન છે, ભગવાન ભિન્ન છે. ભગવાન નામ આત્મા. આત્માનો ચૈતન્યમૂર્તિ આનંદસ્વભાવ પરમાનંદમૂર્તિ ભિન્ન છે અને એમાં પુણ્ય-પાપનો વિકલ્પ ઉઠે છે, રાગ તે આસ્રવતત્ત્વ સ્વભાવથી ભિન્ન છે. અને આસ્રવથી કર્મના ઉદયમાં શરીરની દશા ભિન્ન છે. એમ ભિન્ન ભિન્ન નહિ માનીને, મારામાં શુભ અશુભ રાગ થયો, જેવો કર્મનો ઉદય આવ્યો એવો મને વિકાર થયો. મૂઢ છે. સ્વયં અવિવેક પ્રગટ કર્યો છે. વસ્તુ એમ નથી. તારી ભૂલ તારે કારણે, કર્મનો ઉદય કર્મને કારણે. બન્ને એક સમયમાં ભિન્ન ભિન્ન કાર્ય કરે છે. કર્મનું કાર્ય મારામાં થયું એમ માનવાવાળો અવિવેકી અજ્ઞાની સંસારતત્ત્વી મિથ્યાદૃષ્ટિ

છે. સમજાય છે કાંઈ?

બીજી વાત. રાગ છે. રાગ આવ્યો તો રાગથી મને ધર્મ થશે. તો રાગથી રાગનું લક્ષ તો પર ઉપર જાય છે. રાગ આવ્યો એનું લક્ષ તો પર ઉપર જાય છે. અને અહીંયા સ્વભાવના લક્ષે સંવર, નિર્જરા, શાંતિ અને ધર્મ થાય છે. તો રાગ આવ્યો શુભ, તો શુભરાગથી મારામાં સંવર, નિર્જરા થશે એમ માનવાવાળો રાગની દિશા પર ઉપર છે અને સંવર, નિર્જરાની (દશા) સ્વ ઉપર લક્ષ આવતાં પ્રગટ થાય છે. એમ નહિ માનીને રાગની ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિનો શુભભાવ એનાથી મારામાં ધર્મ થશે, એ રાગ અને સંવરને એક માન્યો. એને અવિવેક પ્રગટ થયો. સ્વયં અવિવેક પ્રગટ કરીને આમ માને છે. ભગવાન એમ કહ્યું નથી. સમજાય છે કાંઈ?

ત્રીજી વાત. પોતામાં રાગ આવ્યો, થયો પોતાને કારણે. મને રાગ થયો તો મેં કર્મબંધન કર્યું. કર્મબંધનની પર્યાય મારું કાર્ય છે. રાગનું કાર્ય સ્વીકાર્યું એ ઉપરાંત, મેં રાગ કર્યો તો કર્મબંધન થયું. છે જડનું કાર્ય બંધન થયું તે. તે પોતાના રાગથી માન્યું તો અવિવેક થયો. જડ અને ચૈતન્ય, રાગ અને જડ વચ્ચે અવિવેક થયો. બેને એક માનવાવાળો મિથ્યાદષ્ટિ છે. સમજાય છે કાંઈ?

ચોથી વસ્તુ. રાગ થયો કે હું શરીરને ચલાવું, હું બોલું. તો કહે છે કે રાગ મલિન વિકલ્પ ઉઠ્યો છે. એ વિકલ્પનું મલિન કાર્ય છે અને વાણી અને દેહની અવસ્થા એ જડનું કાર્ય છે. તો મારા રાગથી જડમાં કાર્ય થયું, એ જડ અને રાગને એક માનનારો અવિવેકી છે. સમજાય છે કાંઈ? ભીખાભાઈ! આ બધા શાસ્ત્રમાં પ્રકાશ નાખનારી ગાથા છે. મિથ્યાદષ્ટિ શાસ્ત્રમાંથી કેવા અર્થ કાઢે છે અને કેમ માને છે, સ્વયં અવિવેકી થઈને (એનો પ્રકાશ કરે છે). સમજાય છે કાંઈ? આમ કાઢે, જુઓ ભાઈ! અનાદિ કર્મથી આત્મા રખડે છે, કર્મથી રખડે છે, કર્મથી રખડે છે. ભગવાન! ભગવાને તો એમ કહ્યું નથી. એક તત્ત્વથી બીજા તત્ત્વમાં કોઈ અસર થાય, પ્રભાવ પડે તો તો ઈશ્વર કર્તા માનનારો અને તું પણ જડનો કર્તા માનવાવાળો બેય એક થઈ જશે, બેમાં ફેર રહેશે નહિ. સમજાય છે કાંઈ? એ ઈશ્વરકર્તા છે એમ માને છે, આ કહે મારો કર્તા જડ કર્મ. મોટી પામરતા તારી. એનો તો ઈશ્વર ચૈતન્યકર્તા, આ કહે મારે કર્મ આવ્યા અને મારે રખડવું પડે છે, હોં! અમારે દોષ કરવો પડે છે. તારો ઈશ્વર કર્મ. ભગવાન એમ કહે છે કે મેં એમ કહ્યું નથી. તારી અવિવેક દૃષ્ટિથી કર્મ ઉપર આરોપ કરીને કર્મથી મારામાં દોષ થયો એ તારો અવિવેક મિથ્યાદષ્ટિપણું છે. સમજાય છે કાંઈ?

અને તારામાં રાગ થયો એનાથી જડ શરીર, વાણી, મન અને મંદિર-બંદિર બન્યા. મારો શુભરાગ હતો તો મંદિર બન્યું. મૂઢ છે. ક્યાંથી લાવ્યો? શુભરાગ તો તારી પર્યાયમાં થયો, મલિન શુભભાવ. પેલું કાર્ય તો જડમાં થયું છે. તો જડનું કાર્ય તારા રાગથી થાય છે? તો અજીવનું કાર્ય ત્યાં ક્યાં રહ્યું? તારા રાગથી ત્યાં કાર્ય થયું તો અજીવે તે સમયે શું કાર્ય કર્યું? એમ અજ્ઞાની સ્વયં અવિવેકી (થઈને) રાગથી પરમાં કાર્ય માનવાવાળો પરથી પોતામાં રાગનું કાર્ય માનવાવાળો, રાગથી પોતામાં ધર્મ માનવાવાળો સ્વયં અવિવેકથી. અહીંથી શબ્દ ઉપાડ્યો છે. ભેદજ્ઞાનના

અભાવથી. ભેદજ્ઞાન નથી. ભિન્ન ભિન્ન છે એવું ભેદજ્ઞાન નથી. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ!

મારામાં દયાનો ભાવ થયો, દયાનો ભાવ, એ ભાવથી સામેવાળો પ્રાણી બચી ગયો. મૂઢ છો. ક્યાંથી લાવ્યો? તારો રાગ ત્યાં કાર્ય કરે છે? રાગ તો તારી પર્યાયમાં થયો અને બચવાનું થયું તે તો તેની પર્યાયમાં બચવાનું થયું. એના આયુષ્યની સ્થિતિથી બચ્યો. એ તારું કાર્ય રાગનું છે એમ માનવાવાળો પરથી અને રાગથી ભિન્ન કરતો નથી. સમજાય છે કાંઈ? આ તો બહુ ટૂંકામાં સમાડી દીધું છે. સમાડી દીધુંને શું કહે છે? સમા દિયા હૈ. બધી હિન્દી તો આવડતી નથી. અલ્પમાં ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ ત્રિલોકનાથ સર્વજ્ઞ ભગવાનના શાસનને પાંચ ગાથામાં બધાનો પ્રકાશ નાખ્યો છે. અહીંયા સંસારતત્ત્વ કહ્યા પછી મોક્ષતત્ત્વ, મોક્ષમાર્ગની વાત કરશે. મોક્ષમાર્ગ શું છે? સમજાય છે કાંઈ?

આત્મા એક તો જડને પોતાનું માને છે અને વિકારને પોતાનો માનીને ધર્મ માને છે. અને મારા ધર્મથી પુણ્યબંધન થશે અને મારો રાગ થયો તો કર્મનું કાર્ય થયું, મારો રાગ થયો તો પરમાં કાર્ય થયું એમ અવિવેકી મિથ્યાદૃષ્ટિ જેની શ્રદ્ધામાં આવું શલ્ય પડ્યું છે તે દ્રવ્યલિંગી જૈન સાધુ હો કે જૈન શ્રાવક હો, એ પર્યાયમાં સંસારતત્ત્વી જીવ છે. સમજાય છે કાંઈ? સંસારતત્ત્વ પર્યાય છે. સંસારતત્ત્વ દ્રવ્ય-ગુણ નથી. શું કહ્યું? ભગવાન આત્મા વસ્તુ અનાદિ અનંત દ્રવ્ય છે એમાં સંસાર નથી રહેતો. પોતાના અનંતા ગુણ જે શુદ્ધ છે એમાં સંસાર નથી રહેતો. સંસાર એની વિકારી પર્યાયમાં એકતાની માન્યતામાં રહે છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? તો સંસાર છોડવો છે. માણસ નથી કહેતા? સંસાર છોડીને બેઠા છીએ. સ્ત્રી, કુટુંબ, પરિવાર છોડ્યા, મેં બધું છોડ્યું, કપડા છોડ્યા.. છોડ્યા.. છોડ્યા... છોડ્યા શું છોડે? સાંભળ તો ખરો. શું પરનું કાર્ય તેં કર્યું છે? એ છૂટવાવાળી ક્રિયા એનામાં થઈ, (તું કહે છે કે) મેં છોડ્યું. તારી પર્યાયમાં મિથ્યા શલ્યનું તત્ત્વ પડ્યું છે. એ જ તું સંસારતત્ત્વી અનંત કાળમાં પરિભ્રમણ કરવાવાળો બીજ પકડીને બેઠો છો. સેઠી! બહુ ઝીણી વાત હોં! જયપુરમાં સાંભળવા મળે નહિ એવી છે. ઓ..હો..હો..! એવી ગાથા..!

'**अयथार्थगृहीतार्थाः**' એટલો શબ્દ પડ્યો છેને. જેવો પદાર્થ નથી એવો પદાર્થ ગ્રહણ કર્યો. તો આચાર્યે, અમૃતચંદ્રાચાર્ય મહારાજે ખુલાસો કર્યો કે સ્વયં અવિવેકથી. સમજાય છે કાંઈ? '**સ્વયં અવિવેકથી...**' અવિવેકનો શું અર્થ કર્યો? સાંભળ્યું કે નહિ? જીવ જ્ઞાયકભાવ છે ચૈતન્યમૂર્તિ જ્ઞાનમય, આનંદમય શુદ્ધ છે. તે જીવ. દયા, દાનના પરિણામ ઉત્પન્ન થયા તે શુભ. હિંસા, જૂઠાના ભાવ થયા તે અશુભ. બેય ભાવ આસ્રવ અને કર્મનો ઉદય થયો તે જડ અને શરીરની પર્યાય થઈ તે જડ. મંદિરની પર્યાય થઈ જડ. બધા ભિન્ન. બધા ભિન્નને ભિન્ન તરીકે ભેદજ્ઞાન નહિ કરીને મંદિર થયું તો મને શુભભાવ થયો, એ જડ પર તત્ત્વ અને આસ્રવતત્ત્વને એક માનનારો છે. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ! ભગવાનની પ્રતિમા છે તો મને શુભભાવ થયો. પ્રતિમાની પર્યાય ભિન્ન

છે અને શુભભાવની પર્યાય ભિન્ન છે. તો પરથી શુભભાવ થયો એમ છે નહિ. સમજાયું? ઈશ્વરચંદજી!

આ '**સ્વયં અવિવેકથી...**'. એમાં નવ તત્ત્વનો ખીચડો કરે છે. ખીચડો સમજો છો? ભેળસેળ, ભેળસેળ. દાણામાં કાંકરા. દાણામાં કાંકરા નાખે છે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ. બહારમાં દ્રવ્યલિંગી મુનિ સાધુ કહેવાય. અંદરમાં શ્રાવક નામ ધરાવે, અમે શ્રાવક છીએ. આ છોકરાને અહીંથી લઈ લ્યો, નહિ તો વ્યાખ્યાન બંધ થઈ જશે. છોકરું બોલશે ત્યાં સુધી વ્યાખ્યાન નહિ થાય. અહીંયા તો વ્યાખ્યાનની શૈલી અધ્યાત્મની છે, આમ વાત ન ચાલે. બહાર લઈ જાઓ બહાર. આ તો અધ્યાત્મની વાત છે. એમાં ગડબડ ન ચાલે. ગડબડ કાઢી નાખવાની તો વાત છે. એમાં ગડબડ ક્યાંથી આવી? સમજાય છે કાંઈ? શું કહે છે?

ઓ..હો..હો..! જ્ઞાનતત્ત્વ ભગવાન, પુણ્ય-પાપ તત્ત્વ મલિન આસ્રવ, કર્મ ઉદય અજીવ, શરીર અજીવ, વાણી અજીવ-એમ બધાને એક માનનારો અવિવેકથી પદાર્થને અન્યથા અંગીકાર કરે છે. સમજાય છે કાંઈ? તે '**સ્વયં અવિવેકથી પદાર્થોને...**' પદાર્થ નવ લીધા દેખો! અથવા છ દ્રવ્ય. એ બધા એમાં આવી ગયા. '**અન્યથા જ અંગીકૃત કરીને...**' સમજાય છે કાંઈ? એવું વસ્તુનું સ્વરૂપ નથી એવું જ્ઞાનમાં માને છે તો અયથાર્થ ગ્રહણ કરવાવાળો મિથ્યાદૃષ્ટિ છે. એ મિથ્યાદૃષ્ટિપણું એ જ સંસારતત્ત્વ છે. સમજાય છે કાંઈ? સ્ત્રી, કુટુંબ છોડ્યા એટલે મારો સંસાર છૂટી ગયો. સંસાર તારો ક્યાં રહે છે કે છૂટી ગયો? સમજાય છે? સ્ત્રી, કુટુંબ છોડી દીધા, વેપાર ધંધો છોડી દીધો (તો) મેં સંસાર છોડી દીધો. મૂઢ છો. તારો સંસાર શું બહારમાં રહે છે? તારો સંસાર શું બહારમાં રહે છે કે છોડી દીધો? તારી પર્યાયમાં, પરનું કાર્ય હું કરવાવાળો અને મારું કાર્ય પરથી થવાવાળું અને પુણ્ય પરિણામથી મારામાં ધર્મ થવાવાળો, આવી માન્યતા એ તારો સંસાર છે. સમજાય છે કાંઈ? એ સંસાર સ્વભાવના આશ્રય વિના છૂટતો નથી. એ સંસાર સ્વભાવના અવલંબન વિના છૂટતો નથી. બહારનું છૂટ્યું તો શું છૂટ્યું? છૂટ્યું જ નથી ત્રણ કાળમાં તને.

સર્વજ્ઞ ભગવાન એના શાસનમાં મિથ્યાત્વ ઉપર પ્રકાશ નાખે છે. જ્યાં જ્યાં મિથ્યાદૃષ્ટિ છે ત્યાં એનો સ્વભાવ શું છે, એના ઉપર આ ગાથા પ્રકાશ નાખે છે. '**સ્વયં અવિવેકથી પદાર્થોને અન્યથા જ અંગીકૃત કરીને...**' અન્ય પ્રકારે સમજીને અનાદિ કાળથી. નવમી ગ્રૈવેયક અનંત વાર જૈન દિગંબર સાધુ થઈને ગયો, પણ મિથ્યાદૃષ્ટિપણું છોડ્યું નથી. કેમકે ભાન નથી કે મિથ્યાત્વ શું છે અને ક્યાંથી મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. અવિવેકમાં હું શું કરું છું એની એને ખબર નથી. સમજાય છે કાંઈ? '**સ્વયં અવિવેકથી પદાર્થોનો...**' નવ પદાર્થ લેવા. '**અન્યથા જ અંગીકૃત કરીને (—બીજી રીતે જ સમજીને)** '**આમ જ તત્ત્વ** (**વસ્તુસ્વરૂપ**) **છે...**' લ્યો. બસ, હું માનું છું એમ જ છે. '**એમ નિશ્ચય કરતા થકા,...**' સેઠી! આવો નિર્ણય કરતા થકા. રાગ છે તો બોલાય છે, રાગ વિના કેવી રીતે બોલાય? મૂઢ છો. ભાષાની જડની અવસ્થા છે. રાગથી તારું કાર્ય થાય છે જડમાં? તારું કાર્ય ત્યાં થાય છે? કે જડનું કાર્ય છે? મને રાગ આવ્યો કાર્ય કરવાનો,

આવું કાર્ય કરું છું. મૂઢ છો. અજીવનું કાર્ય થયું એમાં તું ક્યાં છો કે તારા રાગથી ત્યાં કાર્ય થયું? અને રાગ આવ્યો, મારા કર્મના ઉદયને કારણે. રાગ આવ્યો તો મને ધર્મ થશે. બધો ખીચડો કરીને મૂઢ મિથ્યાદૃષ્ટિ અનાજમાં કાંકરા નાખે છે. સમજાય છે કાંઈ? પોતાની પર્યાય નિર્મળ શુદ્ધ નહિ કરીને રાગ અને પરને એક માનવાવાળો અને પોતાને અને પરને એક માનવાવાળો પોતાની દૃષ્ટિમાં મિથ્યાત્વભાવનું સેવન નામ ભોજન કરે છે. મિથ્યાત્વનું ભોજન કરે છે. 'તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્' એનાથી વિરુદ્ધ શ્રદ્ધા કરે છે. જ્ઞાનચંદજી! લ્યો આ ગાથા બધે ઠેકાણે લેવાની ભેદજ્ઞાન કરતો નથી અને નવેય તત્ત્વમાં એકમાં બીજાને ભેળવીને માને છે તે બધા, જૈનના સાધુ હો કે શ્રાવક હો, મિથ્યાદૃષ્ટિ છે, જૈન છે જ નહિ. જૈનના ભેખમાં હો, જૈનની કોઈ મંદ રાગની કરતા હોય તોપણ એને જૈન કહેતા નથી. મિથ્યાદૃષ્ટિ છે, મિથ્યાશ્રદ્ધાવાળો છે.

**'આમ જ તત્ત્વ (વસ્તુસ્વરૂપ) છે' એમ નિશ્ચય કરતા થકા, સતત એકત્રિત કરવામાં આવતા...'** જુઓ! આહા..! શું કહે છે? સમયે સમયે મિથ્યાત્વની પુષ્ટિ કરે છે. સતત-નિરંતર ભગવાન આત્મા અંતર રાગથી ભિન્ન, કર્મથી ભિન્ન, શરીરથી ભિન્ન એમ અનુભવ કરે તો જ્ઞાનની એકાગ્રતા થાય. જ્ઞાનની એકાગ્રતાની પુષ્ટિ થાત. એમ કરવું છોડી, શુભભાવથી ધર્મ થશે, કર્મથી શુભભાવ થયો એટલે કર્મથી ધર્મ થયો. કર્મનો એવો ઉદય આવ્યો તો અમારે શુભભાવ થયો. શુભભાવ થયો તો અમારે ધર્મ થયો. તો કર્મથી ધર્મ થયો. એમ માનવાવાળો સતત-નિરંતર **'એકત્રિત કરવામાં આવતા...'** નિર્મળ પર્યાય છોડીને મલિનની મિથ્યાત્વપર્યાયની પુષ્ટિ કરે છે. **'એકત્રિત કરવામાં આવતા મહા મોહમળથી...'** મિથ્યાત્વ લીધુંને, દેખો! મહા મોહમળ. સમજાય છે કાંઈ? **'મહા મોહમળથી મલિન...'** એ મિથ્યાત્વભાવ લીધો. મિથ્યાદર્શન શલ્ય. શલ્ય શલ્ય. એ નિઃશલ્યો વૃત્તિ કહે છેને? શલ્ય તો છોડ્યું નહિ અને વ્રત ક્યાંથી આવ્યા તારી પાસે? કહે છે કે સમયે સમયે... ઓ..હો..! અરે..! પણ આટલા પંચ મહાવ્રતના પરિણામ પાળે છે, અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય, શ્રાવક બાર વ્રત પાળતો હોય, બ્રહ્મચર્ય શરીરથી પાળતો હોય. સમજ્યા? શું છે? શરીર જડ છે. રાગભાવ મંદ થયો તે પુણ્ય છે. અને એમાંથી આત્મા કાઢે... એમાંથી આત્મા કાઢે છે, એમાંથી આત્માનો લાભ કાઢે છે. આવી માન્યતાવાળો મહા મિથ્યાત્વને સેવે છે. સેઠી! એકત્રિત તો થયા પૈસા. પાંચ પચ્ચીસ પચાસ કરતાં કરતાં એકઠા થાય છેને પાંચ પચ્ચીસ લાખ? એમ એકત્રિત થયો મિથ્યાત્વભાવ. શું કહ્યું જુઓ.

**'સતત એકત્રિત...'** નિરંતર. પર્યાયબુદ્ધિમાં રાગથી પોતાનો ધર્મ, નિમિત્તથી રાગ, રાગથી પરમાં કાર્ય નિરંતર પર્યાયમાં અનંત પદાર્થની વિપરીતતાની માન્યતા. અનંત પદાર્થની વિપરીતપણાની માન્યતા **'એકત્રિત કરવામાં આવતા...'** અનંત પદાર્થને ઈ તો આમ જોવે છે. પોતાની દૃષ્ટિથી જેવો પોતાને જોયો એમ પરને પણ જોવે છે. અનંત પદાર્થની એની પરાધીનતા જોવે છે. બીજાને એમ જોવે છે કે હા, ભાઈ! તને પણ વિકાર કર્મથી થયો. તને પણ શુભભાવ કરે છે તો ધર્મ થશે. એમ અનંત પદાર્થની માન્યતા એકત્રિત કરતો જવાવાળો મહા મોહમળ, મહા મિથ્યાત્વમળ

**'મલિન મનવાળા હોવાથી…'** આવા મિથ્યાત્વથી મહાન પાપ, સાત વ્યસન કરતાં પણ મિથ્યાત્વનું મહાન પાપ એનાથી જેનું ચિત્ત મલિન છે. ઓ..હો..! ભાઈ! કષાયની મંદતા તે સમયે વર્તે છેને? મુનિ દ્રવ્યલિંગી હો, પંચ મહાવ્રતના પરિણામ વર્તતા હોય. તો કહે છે કે અમે તો મહા મોહ મલિન મનવાળા કહીએ છીએ. ઓ..હો..! સમજાય છે કાંઈ? એ કષાયની મંદતાથી અંતર દૃષ્ટિ અહીંયા લાભ થશે, પરસન્મુખતાના ઝુકાવને કારણે સ્વસન્મુખ ઝુકાવ થશે એવી માન્યતામાં મિથ્યાત્વના મહા મલિન મનવાળા એ પ્રાણી છે. ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ? બિચારો સ્ત્રી સામું પણ જોતો ન હોય, હોં! અને ભીક્ષા માટે જાય (અને) એને માટે ચોકા કરેલા હોય તો પ્રાણ જાય તોપણ આહાર ન લે. ચોકા કરીને આપે તો પ્રાણ જાય તોપણ ન લ્યે. ચોકા કરીને આહાર લે તો તો મિથ્યાદૃષ્ટિ વ્યવહારી છે. સાધુ નથી અને સાધુ મનાવે છે.

પણ અહીં તો શ્રાવક અને સાધુ. જેને કષાયની મંદતાના વર્તમાન પરિણામ ચાલતા હોય અને એમાં અયથાર્થ પદાર્થનું ગ્રહણ કર્યું હોય, તે કષાયની મંદતાથી મને ધર્મ થશે અને અનંત પદાર્થ અને બીજાને પણ કષાય મંદથી ધર્મ થશે, અનંત આત્માઓને થયો અને થશે અને અનંત આત્માને કર્મના ઉદયથી વિકાર થયો, અનંત આત્માને વિકારથી કર્મનું કાર્ય અને શરીરનું કાર્ય થયું-એવી મિથ્યાત્વરૂપી મહા મોહ મલિનતાથી મન મલિન ચિત્તવાળા (થયા છે). ઓહો..હો..! ભીખાભાઈ! … કષાયના મંદ પરિણામ ક્યાં ગયા તારા? દ્રવ્યલિંગી જાયને મુનિ. … દ્રવ્યલિંગી શ્રાવક. નામ ધરાવે અમે જૈન છીએ. જૈન તત્ત્વનો શું વિવેક છે એનું તો ભાન નથી. તો કહે છે, મહા મોહમળથી મલિન મનવાળા. ઓહો..! સતત એટલે જ્યાં જ્યાં દૃષ્ટિ પડે ત્યાં ત્યાં પરની એકત્વબુદ્ધિની દૃષ્ટિ પડે છે. પરનું ભેદજ્ઞાન તો થયું નથી. અને ભેદજ્ઞાન કેવી રીતે થાય છે એની પણ ખબર નથી. તો નિરંતર એકત્રિત કરવામાં આવતા જ્યાં જ્યાં એની નજર પડે છે ત્યાં ત્યાં રાગથી ધર્મ, રાગથી કર્મ, કર્મથી રાગ, રાગથી પરમાં કાર્ય એવી દૃષ્ટિ સતત એકત્રિત કરવામાં આવતા મહા મોહમળથી મલિન છે.

**'મહા મોહમળથી મલિન મનવાળા હોવાને લીધે નિત્ય અજ્ઞાની છે,…'** નિત્ય અજ્ઞાની છે. આહા..હા..! સમજાય છે કાંઈ? નિત્ય અજ્ઞાની છે. વળી નિત્ય અજ્ઞાની ક્યાંથી લાવ્યા? અજ્ઞાન તો પર્યાય છે, મિથ્યાત્વ તો. પણ સમયે સમયે એની આવી પર્યાય ચાલે છે. ભગવાન આમ નિત્યાનંદ પ્રભુ પડ્યો છે. રાગથી ભિન્ન, કર્મથી ભિન્ન, શરીરથી ભિન્ન, રાગથી ભિન્ન એવું ભેદજ્ઞાન તો કર્યું નથી તો નિરતંર પરની પર્યાયમાં એકત્વબુદ્ધિનો ભાવ સતત ચાલે છે. ઓહો..! અગિયાર અંગ ભણ્યો હોય, નવ પૂર્વ ભણ્યો હોય તોપણ કહે છે ભણી નાખ્યા. એમાં કહેવાવાળા શાસ્ત્ર, કઈ વાત ઉપર પ્રકાશ નાખે છે? મિથ્યાત્વનો નાશ કઈ રીતે થાય છે? અને મિથ્યાત્વની ઉત્પત્તિ કઈ રીતે થાય છે? એનો પ્રકાશ જે શાસ્ત્રએ નાખ્યો એના ઉપર તો ખ્યાલ કર્યો નહિ, ખબર કરી નહિ. શાસ્ત્રનો અર્થ કેવો કરવો? શાસ્ત્રનો અર્થ કેવો કરવો? પ્રકાશ નાખે છે શાસ્ત્રકાર કે જ્યાં જ્યાં પરથી કાર્ય થયું એમ કથન કર્યું હોય તો એમ છે નહિ. પોતામાં પોતાની ભૂલ

અને પોતામાં પોતાને કારણે ધર્મ થાય છે પોતાથી, એ યથાર્થ વાત છે. એમ શાસ્ત્રનો અર્થ નહિ કરીને અને જ્યાં ત્યાં શાસ્ત્ર વાંચવામાં પણ ઈ (કાઢે કે) જુઓ ભાઈ! અહીંયા આ છે, જુઓ ભાઈ! અહીંયા આ (કહ્યું છે). સતત એકત્રિત મિથ્યાત્વમળના મલિન મનવાળા છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? આ લખ્યું ગોમ્મટસારમાં, જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય છે. જ્ઞાનાવરણીયથી. જુઓ! નહિતર નામ શું કરવા પડ્યું જ્ઞાનાવરણીય? જ્ઞાનને આવરણ કરવાવાળું કર્મ. જુઓ ભાઈ! અહીંયા લખ્યું છે. કહે છે કે તારી દૃષ્ટિ સતત મલિન મહા મોહની મલિતનાથી કામ કરે છે. પરથી તારામાં થાતું નથી. તારામાં થાય છે ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? શાસ્ત્રના અર્થ ... ઈ શાસ્ત્ર પણ એક પદાર્થ છેને? એમાં ક્યા પ્રકારનો ભાવ લખ્યો છે, એ સમજ્યા વિના પોતાની કલ્પનાથી બધામાં જોડી દે છે.

**'મહા મોહમળથી મલિન મનવાળા હોવાને લીધે નિત્ય અજ્ઞાની છે... '** ભગવાન! કષાયની મંદતા કરે છેને? તે કષાયની મંદતાથી સ્વર્ગમાં જશે. અંતિમ ગ્રૈવેયક ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈનિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. અનંત વાર નવમી ગ્રૈવેયક ગયો નિત્ય અજ્ઞાની. ભારે ભગવાન! નિત્ય અજ્ઞાની. જૈન દિગંબર સાધુ, અઠ્યાવીસ મૂળગુણ (પાળ્યા), ઊભા ઊભા આહાર, એક વાર આહાર (લીધો), પણ એ ક્રિયા જડની છે, મારી નહિ એમ માનતો નથી. શરીરની ક્રિયા મારાથી થાય છે એમ માને છે. ઊંડાણમાં દૃષ્ટિ સ્વસન્મુખ અસંખ્ય પ્રદેશી અખંડ કાય ઉપર પડી નહિ તો આ કાયની ક્રિયા મારાથી થાય છે એમ માને છે. અને સ્વભાવ મારો શુદ્ધ ચિદાનંદ પરમાત્મા જ્ઞાયક છે એવી પર્યાયમાં નિર્મળતા સ્વભાવના આશ્રયે થઈ નહિ. રાગની મંદતાથી મારામાં ધર્મ થાય છે એમ માનવાવાળો છે. નિત્ય અજ્ઞાની. ચોવીસે કલાક અજ્ઞાની.

સમયે સમયે? શાસ્ત્રની પ્રરૂપણા કરતો હોયને? શાસ્ત્ર વાંચે છે, સ્વાધ્યાય કરે છે કે નહિ? સાધુ સ્વાધ્યાય કરે છે, સવાર-બપોર-સાંજ સામાયિક કરે છે. પણ કહે છે કે તારી માન્યતામાં સતત મહા મોહમળ પડ્યો છે. એ સામાયિક તારી રાગની મંદતા ધર્મમાં ખતવવાવાળો, ખતવવાવાળો શું કહે છે? ખતવણી કરે છે, મિલાન મિલાન કરે છે. તને ખબર નથી કે રાગ મંદ શું છે? આત્મા શું છે? શરીર શું છે? કર્મ શું છે? ભિન્ન ભિન્ન બધાનું કાર્ય શું એની તને ખબર નથી. તને અવિવેક પ્રગટ થાય છે. અવિવેક નામ તું બધાને એક માનનારો છો.

**'નિત્ય અજ્ઞાની છે, તેઓ ભલે સમયમાં...'** દેખો! અમૃતચંદ્રાચાર્ય ભગવાન મુનિ સંત કહે છે, ભલે **'(-દ્રવ્યલિંગીપણે જિનમાર્ગમાં) સ્થિત હો...'** દ્રવ્યલિંગ ધારણ કરીને, જૈન મુનિપણું ધારણ કરીને, જૈન શ્રાવકપણું ધારણ કરીને, બાર વ્રત ધારણ કરીને, પંચ મહાવ્રત ધારણ કરીને ભલે જૈનમાર્ગમાં સ્થિત હો **'તોપણ પરમાર્થ શ્રામણ્યને પામેલા નહિ હોવાથી... '** પરમાર્થ સમ્યગ્દર્શન નહિ હોવાથી, પરમાર્થ સાધુપણાનો અભાવ હોવાથી. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ આકરી! રત્ન ગાથાએ તો પથરા કાઢી નાખ્યા બધાના. જોઈ લ્યો, શાસ્ત્રમાં જ્યાં જ્યાં

ભિન્ન ભિન્ન વાત કરી હોય ત્યાં તું એકત્રિત કરી નાખે છે, આ ત્યાં પ્રકાશ નાખે છે કે તારી આ એકત્રિત કરવાવાળી દૃષ્ટિ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? ભલે સમય નામ જૈનશાસનમાં હોય, ભલે એણે દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય, હજારો રાણીનો ત્યાગી હોય, બ્રહ્મચારી શરીરથી પણ હોય, પણ અંતરમાં રાગથી કલ્યાણ ને ધર્મ અને રાગથી કર્મનું બંધન (થાય છે) અને બંધનથી મારામાં રાગ (થાય છે) એમ માનનારા '**પરમાર્થ શ્રામણ્યને પામેલા નહિ હોવાથી...**' ખરેખર સાધુપદ શું છે? શ્રમણપણું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સ્વસન્મુખની એકતાનો ભાવ છે તેને નહિ જાણતો, પરસન્મુખમાં રાગ ને નિમિત્તની એકતાના ભાવમાં પડ્યો છે તે શ્રામણ્યને પ્રાપ્ત નહિ હોવાથી.

'**ખરેખર શ્રમણાભાસ વર્તતા થકા,...**' સાધુ નથી પણ સાધુના લિબાશમાં જોઈએ છીએ કે મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ! અત્યારે આ બહુ ચાલે છે, કરો ભાઈ! આમ કરો, શુભ ઉપયોગમાં કંઈક સંવર, નિર્જરા છે અને શરીરની ક્રિયા શું આત્મા વિના શરીર ચાલે છે? મડદું કેમ નથી ચાલતું? અરે..! ભગવાન! તને ખબર નથી, પ્રભુ! શું તું કહે છે? જડની પર્યાય જડથી થાય છે. મડદું હોય કે જીવતો હોય. જીવતા પણ આ શરીર તો મડદું જ છે. શરીર તો મડદું જ છે. અત્યારે મડદું છે. શું આત્માએ પરમાણુમાં પ્રવેશ કર્યો છે? પરમાણુએ અરૂપી આત્મામાં પ્રવેશ કર્યો છે? બેય ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં ભિન્ન ભિન્ન કાળમાં પોતાનું કાર્ય કરી રહ્યા છે. ભાન નથી, શું જૈનતત્ત્વ છે? અને જૈનદર્શન શું છે? સંતોની શું આજ્ઞા છે? અને મુનિઓએ શું માર્ગ વિપરીત અને અવિપરીત શું દર્શાવ્યો છે? એમ ને એમ ચાલે છે.

કહે છે, '**પરમાર્થ શ્રામણ્યને પામેલા નહિ હોવાથી...**' આવી દૃષ્ટિ રાખવાવાળો અવિવેકી નામ ભેદજ્ઞાનના અભાવવાળો. પરની સાથે, રાગની સાથે, નિમિત્તની સાથે અભેદતા કરવાવાળો સાધુ થઈને પણ, જૈનશાસનમાં દ્રવ્યલિંગી થઈને પણ '**ખરેખર શ્રમણાભાસ વર્તતા થકા,...**' સાધુ નથી, શ્રાવક નથી. '**અનંત કર્મફળના ઉપભોગરાશિથી ભયંકર...**' શું ફળ મળશે? અનંત કર્મફળ.. અનંત કર્મફળની ઉપભોગરાશિ. એનો ભોગ. આમાં અર્થ નથી કર્યો, ગુજરાતીમાં થોડો કર્યો છે. રાશિનો કર્યો છે, આમાં નથી કર્યો. હિન્દી છેને હિન્દી એટલે નહિ કર્યો હોય. અનંત કર્મફળ. કર્મફળ કેમ કહ્યું? કે રાગ મારું કર્તવ્ય છે એમ માનવાવાળો, શુભભાવ પણ મારા કર્તવ્યથી મને ધર્મ થશે એમ માનવાવાળા, જડનું કામ મારું છે અને જડથી મારામાં રાગ થાય છે એવી કર્તૃત્વબુદ્ધિનું ફળ અનંત કર્મફળ હર્ષ શોક અને દુઃખનું ફળ ભોગવવાવાળો થશે.

અનંત કર્મફળ. જુઓ! મહા મોહ સતત એકત્રિત કર્યો હતો એમ કહ્યું હતુંને? તો એનું ફળ '**અનંત કર્મફળના ઉપભોગરાશિથી...**' હરખ અને શોકનો ઉપભોગ કરવાવાળો, ભવિષ્યમાં ચાર ગતિના દુઃખનો અનુભવ કરવાવાળો ભવિષ્યમાં. વર્તમાનમાં તો એમ છે સંસારચક્રી, મિથ્યાદૃષ્ટિ ભેદજ્ઞાનનો અભાવ (છે), ભવિષ્યમાં '**અનંત કર્મફળના ઉપભોગરાશિથી ભયંકર એવા અનંત કાળ સુધી...**' કહો, સમજાય છે કાંઈ? છેને? મૂળ પાઠમાં છેને? 'अतः परं

कालम्'. પર એટલે હવેથી આગામી કાળ. 'अतः' શબ્દ છેને ભાઈ એમાં?

મુમુક્ષુ :— 'अतः परं कालम्'.

ઉત્તર :— બસ, હવે પછીનો થયું. હવે પછીનો કહો કે ઈ કહો, એનો એ જ અર્થ છેને? કોઈ કહે કે હવે પછી ક્યાં કાઢ્યું આમાં? પણ એમાં આવ્યું કે નહિ? એમ. ન્યાં કર્યું નથી, અહીં કર્યું નથીને. અનંત કર્મફળની ઉપભોગરાશિ ભવિષ્યમાં (પ્રાપ્ત થશે) એમ કહેવું છે. સમજાય છે કાંઈ?

અહીં તો વર્તમાનમાં જેની એકત્વબુદ્ધિ વિકાર અને પર સાથે છે એ ભવિષ્યમાં અનંત કર્મફળની ઉપભોગરાશિનો ઢગલો, એ રાગ અને દ્વેષના દુઃખનો ઢગલો. ઢગલાને શું કહે છે? ઢેર. ઓ..હો..હો..! એવો મિથ્યાદષ્ટિ પ્રાણી અનંત સંસાર ભવિષ્યમાં અનંત કર્મફળની ઉપભોગરાશિ, ઉપભોગરાશિનો ઢગલો, ભયંકર. અહીં તો કહે છે કે શુભાશુભ ભાવમાં રખડશે એ બધું ભયંકર છે. શુભાશુભ ભાવમાં રખડશે એ બધા ભયંકર ભાવ છે. સમજાય છે કાંઈ? શું ભવિષ્યમાં એકલું શુભ થશે રખડવાવાળાને? અશુભ પણ થાય છે. બધા શુભાશુભ ભાવને ભોગવવાવાળો કે હરખ શોક ભોગવવાળો **'અનંત કાળ સુધી અનંત ભાવાંતરરૂપ...'** શું કીધું? એક ભાવ નહિ રહે. શુભ અશુભ, શુભ અશુભ, શુભ અશુભ અનેરા અનેરા અનેરા અનેક પ્રકારના નવા નવા ભાવ કરશે. સમજાય છે કાંઈ? નીચે છેને કાંઈક.

'અનવસ્થિત—અસ્થિર. (મિથ્યાદષ્ટિઓએ ભલે દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય તોપણ તેમને અનંત કાળ સુધી અનંત ભિન્ન ભિન્ન ભાવોરૂપે—' ભાવાંતર છેને? ભાવાંતર. અનેરા અનેરા ભાવ. 'ભિન્ન ભિન્ન ભાવોરૂપે—ભાવાંતરરૂપે પરાવર્તન (પલટવું) થયા કરવાથી...' એને તો શુભ ને અશુભ, શુભ ને અશુભ, શુભ ને અશુભ એમ ભવિષ્યમાં ચાલશે. કદી આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન એના ફળમાં થશે નહિ. આવી ક્રિયા કરી, મંદ ક્રિયા કરી, પંચ મહાવ્રત પાળ્યા. કહે છે કે આસ્રવને પોતાનો માન્યો ધર્મ (થવામાં). એવી મિથ્યાદષ્ટિને કારણે ભવિષ્યમાં અનંત કાળ શુભ અશુભ, શુભ અશુભ ભાવમાં પરાવર્તન અને પરિભ્રમણ કરશે. 'તેઓ અસ્થિર પરિણતિવાળા રહેશે અને તેથી તેઓ સંસારતત્ત્વ જ છે.' કહો, આ સંસારતત્ત્વ. સંસારતત્ત્વ ક્યાં રહેશે? થશે? બાયડી, છોકરામાં? સંસારતત્ત્વ નથી સ્ત્રી, કુટુંબ, પૈસા, લક્ષ્મીમાં, સંસારતત્ત્વ નથી પોતાના દ્રવ્ય ગુણમાં, સંસારતત્ત્વ પોતાની વિકારી પર્યાયને પોતાની માનવી એને સંસાર કહે છે. શાંતિભાઈ! આ સંસાર ઘડિયાળમાં નથી એમ કહે છે. ઠીક! ઘડિયાળ સંસાર નથી, પાંચ લાખ ધૂળ પડી હોય ઈ સંસાર નહિ. ધૂળ એટલે પૈસા. મને કહે, ... ધૂળ છે? ધૂળ જ છે. પૈસા બીજું શું છે? એ ધૂળ સંસાર?

સંસાર આત્માની ભૂલ. તો આત્માની ભૂલ પોતાની પર્યાયને છોડીને બીજામાં ક્યાંથી થાય? શું ધૂળમાં સંસાર છે? સ્ત્રીમાં, હજીરામાં, મકાનમાં પાંચ-દસ લાખના મકાનમાં સંસાર છે? છન્નુ હજાર સ્ત્રી ચક્રવર્તીને (હોય). ભરત ચક્રવર્તી, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ. છન્નુ હજાર સ્ત્રી, છન્નુ કરોડ પાયદળ, છન્નુ કરોડ ગામમાં સંસાર છે? સંસાર મિથ્યાત્વમાં હતું એ છોડી દીધું ભરત ચક્રવર્તીએ. રાગ અને દેહની ક્રિયા મારાથી અને મારાથી પરના કામ (થાય છે) એવી મિથ્યાદષ્ટિ

છૂડવાથી ભરતને અંતરમાંથી સંસાર છૂટી ગયો. જરી રાગ દ્વેષ અસ્થિરતા ચારિત્રદોષનો સંસાર થોડો રહ્યો પણ એ તો પરિમિત સંસાર છે. અપરિમિત સંસાર મિથ્યાત્વનો છૂટી ગયો. ભારે વાત ભાઈ!

અને આવો જૈન સાધુ હજારો રાણીનો ત્યાગી (થયો), પણ મેં એનો ત્યાગ કર્યો અને એનાથી મને લાભ થશે, મને રાગની મંદતાથી ધર્મ થશે, એ રાગ મંદ થયો તો કર્મથી મંદ થયો તો મારામાં રાગ મંદ થયો-એવી માન્યતાવાળો પૂર્ણ સંસાર મિથ્યાદષ્ટિ તત્ત્વી છે. સમજાય છે કાંઈ? અનંત સંસાર છે એમ કહ્યુંને અહીં તો. ચક્રવર્તી શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ ત્રણ જ્ઞાનના ધણી ક્ષાયિક સમકિતી હતા. પણ અંદર ભેદજ્ઞાન થયું કે હું તો આત્મા જાણનાર દેખનાર છું. હું તો રાગ પુણ્યનો પણ કરનાર નથી. આવે છે, જાણનાર છું. શરીરની ક્રિયા થાય છે, જાણનાર છું. કર્મનો ઉદય થાય છે, જાણનાર છું. મારામાં મંદ રાગ થાય છે, જાણનાર છું. એવા જ્ઞાયકતત્ત્વની દૃષ્ટિમાં સંસાર મિથ્યાત્વ છૂટી ગયું. અનંત સંસાર અનંત કર્મફળ જે કહે છે તે છૂટી ગયું. સમજાય છે કાંઈ? અલ્પ રાગ દ્વેષ જે રહ્યા થોડા અનંતમા ભાગે, એ સ્વરૂપની સ્થિરતા થવાથી છૂટી ગયા અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

આવા સાધુ અને શ્રાવક નામ ધરાવીને દંસણ ભટ્ઠા—દર્શનથી ભ્રષ્ટ છે. દંસણ ભટ્ઠા ન સિઝંતિ, એની મુક્તિ કદી નહિ થાય. ચરિત્ત ભટ્ઠા સિઝંતી. ચારિત્ર છે અને કદાચિત્ ન પાળી શકાય તો છૂટી જાય. દૃષ્ટિમાં છે કે મારો પ્રમાદ છે, મારામાં વાસનાનો ભાવ આવે છે, હું છોડી શકતો નથી. સમ્યગ્દર્શનની સિદ્ધિ... વાસનાથી મારી વસ્તુ ભિન્ન છે અને મારી વસ્તુમાં ત્રણ કાળમાં અપવિત્રતાએ પ્રવેશ કર્યો નથી. દૃષ્ટિએ આત્માને એટલો ઝીલ્યો છે. તોળ્યો છે તોળ્યો, સમજ્યા? તોળી લીધો. દૃષ્ટિમાં આત્માની પૂર્ણ પવિત્રતાને તોળી લીધો. રાગની અપવિત્રતાને છોડી દીધો. મારી વસ્તુ નહિ. તો અનંત અપરિમિત સંસાર છેદી નાખ્યો, અલ્પ રહ્યો. ભરત ચક્રવર્તી હો, શાંતિનાથ હો. એ ભવમાં કેવળજ્ઞાન પામ્યા. રાગ-દ્વેષ તો થયા છન્નુ હજાર સ્ત્રીમાં થોડા, એનું ફળ અનંત કાળ નથી. એને છેદીને ચાલ્યા ગયા. પણ કહે છે કે જેની દૃષ્ટિમાં આવું મિથ્યાત્વ પડ્યું છે, હજારો રાણીનો ત્યાગી (પણ) એક રાગનો જરીયે ત્યાગી નથી. મિથ્યાત્વને ભોગવાનારો છે. ઓહો..હો..!

**'અનંત કર્મફળના ઉપભોગરાશિથી ભયંકર એવા અનંત કાળ સુધી...'** પાછું ઓલામાં અનંત નાખ્યું અને એનો ભવિષ્ય અનંત કાળ. અનંત અને અનંત ભાવાંતર પાછું, એમ. ત્રણ નાખ્યું. એક અનંત કર્મફળનું ઉપભોગરાશિ ભયંકર, અનંત કાળ સુધી, અનંત ભાવાંતર. શુભ અશુભ, શુભ અશુભ, શુભ અશુભ થયા કરશે. આવી માન્યાતવાળાનું શુભાશુભમાં પરિભ્રમણ થશે. **'અનવસ્થિત વૃત્તિવાળા...'** સ્થિર વૃત્તિ ક્યાં આવી? શુભ અને અશુભ, શુભ અને અશુભ, શુભ અને અશુભ એ તો સંસારતત્ત્વ છે. એમાં એકત્વબુદ્ધિ છે. અનવસ્થિત વૃત્તિ. વૃત્તિ નામ પરિણતિ. **'રહેવાને લીધે, તેમને સંસારતત્ત્વ જ જાણવું.'** સમજ્યા વૈદ્ય? શું કહ્યું? આ સંસારતત્ત્વ છે.

ઓ..હો..હો..! ઉદયભાવને પોતાનો માન્યો અને ઉદયભાવ કર્મથી થયો એમ માન્યું, ઉદયભાવ છે તો (દ્રવ્યની) પરમપારિણામિકભાવની પર્યાય થાય છે એમ માન્યું. ત્રણે અનંત સંસારમાં રખડશે. અનંત કર્મફળ, અનંત ભાવાંતર, સમજાય છે કાંઈ? અને અનંત કાળ. ઓહો..હો..! જુઓ! આ ગાથા મિથ્યાત્વને બતાવનારી બધામાં પ્રકાશ નાખે છે. જ્યાં જ્યાં આવી માન્યતા હોય ત્યાં ત્યાં બધા મિથ્યાદૃષ્ટિ છે એમ તારે જાણી લેવું. શાસ્ત્રના અર્થમાં પણ જે વિપરીત અર્થ કરે તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે એમ જાણી લેવું. એમ કરીને સંસારતત્ત્વની વિકારી પર્યાયને પોતાની માની, જડને પોતાના માન્યા તે જ મિથ્યાત્વભાવ, તે જ સંસારતત્ત્વ કહેવામાં આવ્યું છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧૪, શુક્રવાર, તા. ૧૨.૧૦.૧૯૬૨**
**ગાથા-૨૭૨, ૨૭૩, પ્રવચન-૨૮**

આ પ્રવચનસારનો ચરણાનુયોગસૂચક ચૂલિકા અધિકાર ચાલે છે. ૨૭૧ ગાથા થઈ. એમાં સંસારતત્ત્વનું વર્ણન કર્યું. સંસારતત્ત્વ એટલે વાસ્તવિક આત્માનો સ્વભાવ અને મલિન પરિણામનો વાસ્તવિક શુભાશુભનો સ્વભાવ અને જડનો વાસ્તવિક (સ્વભાવ) પર પૃથક્ એના દ્રવ્ય-ગુણ-પર્યાય સહિતનું કાર્ય, એની જેને મિથ્યાબુદ્ધિ છે, મિથ્યાશ્રદ્ધા છે એને અહીંયા સંસારતત્ત્વ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? એવો આત્મા એક સમયમાં શુદ્ધ પરમાનંદની મૂર્તિ એનાથી વિરુદ્ધ માન્યતા કે આત્મા દુઃખરૂપ અને મલિનરૂપ છે એવી માન્યતા અને મલિન પરિણામ છે એ મારે લાભદાયક, કાર્યગત છે એવા મલિન પરિણામમાં માન્યતા. જડ પરિણામને હું કરું છું કાં જડ પરિણામની સહાયથી મારામાં કાંઈક થાય છે, એવી મિથ્યાદૃષ્ટિ અને મિથ્યાબુદ્ધિ એવા જીવને જૈનનો દ્રવ્યલિંગી સાધુ હોવા છતાં એને મિથ્યાદૃષ્ટિ અને સંસારતત્ત્વ કહેવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? સાધુની જ વાત લીધી છે, દ્રવ્યલિંગીની. અહીં પણ સાધુની લેશે હવે મોક્ષતત્ત્વમાં. ઉત્કૃષ્ટ વાત લેવી છેને, ઉત્કૃષ્ટ. ઊંચામાં ઊંચા દરજ્જાનું અફીણ કેવું? કે કડવું બહુ. ઊંચું અફીણ કોને કહેવું? બહુ કડવાશ હોય તો ઊંચું અફીણ છે. એમ જેની તદ્દન વિપરીત બુદ્ધિ અને શ્રદ્ધા છે એ દ્રવ્યલિંગી જૈન સાધુ હોવા છતાં કડવા ઝેર જેવી દૃષ્ટિ રાખે છે માટે તે સંસારતત્ત્વ છે. કહો, સમજાય છે કાંઈ?

હવે એની સામે મોક્ષતત્ત્વ-મોક્ષભાવ. તત્ત્વ નામ મોક્ષનો ભાવ. સંસારતત્ત્વ નામ સંસારનો ભાવ. સમજાય છે કાંઈ? ૨૭૨.

**अजधाचारविजुत्तो जधत्थपदणिच्छिदो पसंतप्पा।**
**अफले चिरं ण जिवदि इह सो संपुण्णसामण्णो।।२७२।।**
**અયથાચરણહીન, સૂત્ર-અર્થસુનિશ્ચયી ઉપશાંત જે,**
**તે પૂર્ણ સાધુ અફળ આ સંસારમાં ચિર નહિ રહે. ૨૭૨.**

અહીં સાધુની ઉત્કૃષ્ટ વાત લેવી છેને. મોક્ષતત્ત્વ લેવું છેને. તદ્દન મુકાયેલો મોક્ષભાવ. મોક્ષપર્યાયની અત્યારે વાત નથી. મોક્ષને માટે પર્યાયરૂપ નિર્મળ થઈ ગયો એને અહીંયા મોક્ષતત્ત્વ કહેવામાં આવે છે. કેવો છે?

'**ટીકા :— જે (શ્રમણ) ત્રિલોકની કલગી સમાન...** ' ત્રણ લોકમાં કલગી કલગી, ચૂડામણિ. સમજાય છે? ત્રણ લોકમાં મુગટમણિ સમાન. કોણ? ત્રણ લોકમાં કલગી સમાન. અહીંયા એમ ઝટ જવાબ દે એમ ન ચાલે. આ તો ... છે કે નહિ? ત્રણ લોકમાં કલગી, ચૂડામણિ, મણિરત્ન સમાન કોણ? '**નિર્મળ વિવેકરૂપી દીવી...**' નિર્મળ વિવેકરૂપી દીવી. દીવી સમજો છો? દીવીમાં નથી સમજતા? બત્તી. નિર્મળ વિવેકરૂપી દીવી. ઓહો..હો..! જે મુનિને અંતરમાં નિર્મળ વિવેકરૂપી દીવીના પ્રકાશવાળો છે, નિર્મળ વિવેકરૂપી પ્રકાશ પ્રગટ્યો છે. રાગમાત્ર વિકલ્પ ઉઠે એ મારી ચીજમાં નથી. ખરેખર એ દુઃખનું કારણ છે. જ્ઞાયકમાત્ર એકલો આત્મા જ આનંદનો નિધાન છે એમ રાગથી અને સ્વભાવથી નિર્મળ વિવેકરૂપી દીવીના પ્રકાશ વડે ભિન્ન પાડેલું છે. કહો, સમજાય છે કાંઈ?

'**ત્રિલોકની કલગી સમાન...**' ઓ..હો..હો..! નિર્મળ વિવેકરૂપી દીવી-બત્તી-પ્રકાશ. એના પ્રકાશવાળો. એના પ્રકાશવાળો હોવાને લીધે. એકલો પ્રકાશ ચૈતન્ય જ્ઞાનપ્રકાશની મૂર્તિ જ હું છું. એનો રાગનો પ્રકાશક પણ હું છું. શરીર અને સંયોગ એનો પ્રકાશક ભિન્ન તરીકે એ છે એમ હું પ્રકાશક છું. એમ જેણે નિર્મળ વિવેકરૂપી દીવીના '**પ્રકાશવાળો હોવાને લીધે યથાસ્થિત પદાર્થ નિશ્ચય વડે...**' એમ લીધું છે. શબ્દોમાં તો જરી પદો અને અર્થો લીધા હતા મૂળ શ્લોકમાં. પદ અને અર્થ. ટીકાકારે બેયનું ભેગું કરીને પદાર્થ કહી દીધો છે. સમજાય છે કાંઈ? પદો સૂત્રના અને અર્થો એના નિર્ણયવાળો. ટીકામાં આચાર્ય કહે છે કે જેને નિર્મળ વિવેકદૃષ્ટિ છે, મુનિ સંત છે, પ્રકાશ જેમાં વિકાર અને સ્વભાવ વચ્ચેની ભેદજ્ઞાનશક્તિ જેને પ્રગટ થઈ ગઈ છે. અંતરમાં જેણે તાળા ખોલી નાખ્યા છે. રાગ વિકલ્પ શુભ અને શુદ્ધ ત્રિકાળ બે વચ્ચેની એકતા અનાદિની હતી, એ વિવેક કરીને તોડી, તાળુ તોડી નાખ્યું ફડાક કરીને. બેયના માર્ગ ખુલ્લા કરી નાખ્યા. એક બંધનો માર્ગ, એક મોક્ષસ્વરૂપ માર્ગ. સમજાય છે કાંઈ?

એવા મુનિ '**યથાસ્થિત પદાર્થનિશ્ચય વડે...**' પદાર્થોનો યથાસ્થિત-જેમ છે તેમ. યથાસ્થિત. આત્મા જેવો જ્ઞાનાનંદ છે યથા-સ્થિત. વિકાર પરિણામ જેવા મલિન છે યથાસ્થિત. જડ પદાર્થ

જેવા છે યથાસ્થિત. ઓહો..હો..! એવા પદાર્થનિશ્ચય વડે, એનો પદાર્થનો નિશ્ચય જેણે અંદરથી કર્યો છે, જ્ઞાનની દીવડી જેને અંતર પ્રગટ થઈ છે. કહો, સમજાણું કાંઈ? એ **'વડે ઉત્સુકતા નિવર્તાવીને...'** વિવેક દીવીના કારણે યથાર્થ પદાર્થના નિશ્ચય દ્વારા ઉત્સુકતા, ઉત્સુકતા, ચંચળતા, અસ્થિરતા નિવર્તાવી છે. આ કેમ હશે આત્મા? રાગ કેમ હશે? પર કેમ હશે? બધી અસ્થિરતા અને ચંચળતાની ભ્રાંતિ જેણે ટાળી દીધી છે. ઉત્સુકતા જ રહી નથી કે આ કેમ હશે? આ કેમ હશે? બધું શમાઈ ગયું છે. બધું જ્ઞાનમાં આવી ગયું છે કે આત્મા આ છે, વિકાર આ છે, શરીર આ છે. એમાં નવેય આવી ગયા. ત્રણ કહીએ છીએ એમાં નવેય તત્ત્વ આવી જાય છે. સમજાણું કાંઈ? જુઓ! આ વિવેક જ્ઞાન. એ પહેલી ચીજ.

યથાસ્થિત પદાર્થ નિશ્ચય વડે, નિશ્ચય દ્વારા ઉત્સુકતા નામ પરમાં સાવધાની અનાદિ કાળની જે હતી તે નિવર્તાવી દીધી છે. સ્વમાં સાવધાનીને રસ્તે ચડ્યો છે. સમજાય છે કાંઈ? **'સ્વરૂપમંથર રહેવાથી...'** હવે વિશેષ ચારિત્ર લેવું છેને. **'સ્વરૂપમંથર રહેવાથી...'** નીચે અર્થ કર્યો છે. 'સ્વરૂપમંથર—સ્વરૂપમાં જામી ગયેલો.' સ્વરૂપમાં જામી ગયેલો. ભગવાન ચિદાનંદને જેવો પુણ્ય અને પાપના રાગથી ભિન્ન પાડ્યો હતો નિર્મળ દીવી દ્વારા, વિવેકરૂપી દીવી દ્વારા, એ સ્વરૂપમાં ઠરે છે. ક્યાં ઠરવાનું હતું એનું ભાન થયું ત્યાં ઠરે છે. સમજાય છે? અનાદિકાળનો વિકારમાં પરમાં ઠરતો હતો એ અજ્ઞાન હતું. ઠરવાની ચીજ કોણ એ નિર્મળ દીવીના પ્રકાશ વડે, આ આત્મામાં ઠરવા જેવું છે, રાગ અને નિમિત્તથી હઠવા જેવું છે. એમ જે દીવીથી—વિવેકથી પ્રગટ કર્યું હતું એ સ્વરૂપમાં જામ્યો. ચારિત્ર લેવું છેને અહીં તો હવે. વિવેક ઉપરાંત સ્વરૂપમંથર રહેવાથી. મંથર એટલે સુસ્ત. એ સ્વરૂપમાંથી નીકળવામાં એ સુસ્ત—આળસુ છે. એમાંથી નીકળવાનો આળસુ થઈ ગયો. ઓલો પુણ્ય-પાપમાં રહેવાનો હતો, થંભી ગયેલો. ન્યાંથી નીકળવાનો આળસુ હતો. સ્વભાવમાં જવા માટે પ્રમાદી હતો.

અહીંયા સુસ્ત, ધીમો, આળસુ. બહાર નીકળવું તો જાણે એને ગોઠે નહિ. એવી આત્માની ચીજ અંતર આનંદ અને વિવેક દ્વારા ભાન કર્યું એમાં ઠર્યો. **'આ શ્રમણ સ્વરૂપમાં તૃપ્ત તૃપ્ત હોવાથી...'** આનંદના અનુભવના વેદનમાં તૃપ્તિપણું પામતો, અનાદિનો અવિશ્રામ-થાક ઊતારતો. અનાદિનો અવિશ્રામ હતોને? એનો થાક ઊતારીને વિશ્રામપણે અંદરમાં થંભ્યો. **'જાણે કે તે સ્વરૂપની બહાર નીકળવાનો આળસુ-સુસ્ત હોય...'** જાણે કે સ્વરૂપની બહાર નીકળવાનો આળસુ. ઓલો ધર્મ કરવાનો આળસુ. અનાદિનો ધર્મ કરવાનો આળસુ. ધર્મ છેને ચારિત્ર. એ ચારિત્રની વ્યાખ્યા કરે છે. ચારિત્રમાંથી નીકળવાનો આળસુ, ધર્મમાંથી બહાર આવવાનો આળસુ. કહો, સમજાણું કાંઈ?

**'સુસ્ત હોય એમ, સ્વરૂપપ્રશાંતિમાં મગ્ન થઈને રહ્યો છે.)'** સ્વરૂપની પ્રશાંત શાંત અકષાય સ્વભાવ, જેવો દૃષ્ટિમાં પહેલો લીધો હતો 'આ તદ્દન અકષાય જ્ઞાયકસ્વભાવ છે,' એમાં પ્રશાંતિમાં મગ્ન રહીને. શાંતરસના અનુભવના પ્યાલા પીતો. આહા..હા..! સમજાણું કાંઈ? આ કષાયના ઘૂંટડા

પીવે છેને ક્ષણે ક્ષણે. પુણ્ય-પાપમાં પ્રેમ ને પુણ્ય-પાપની રુચિ, સંયોગની રુચિ એના પ્રેમમાં તેના કષાયના સડકા આવે એને, ઘૂંટડા આવે આકુળતાના. કહો, સમજાણું કાંઈ? આ પ્રશાંતના ઘૂંટડા પીતો. પ્રશાંતમાં મગ્ન થઈને રહ્યો છે. એ સ્વરૂપમંથરની વ્યાખ્યા કરી.

એમ રહેવાથી '**સતત 'ઉપશાંતાત્મા' વર્તતો થકો,...**' એવું ઓલામાં પણ હતું. સમજાણું? હતું કે નહિ એમાં? '**સતત એકત્રિત કરવામાં આવતા મહા મોહમળથી મલિન...**' એમ હતું. આમ .... હતું. ગુલાંટ ખાઈને બેય ટીકા કરી છે. ત્યાં હતુંને, સતત એકત્રિત કરવામાં આવતા. આ સતત ઉપશાંતાત્મા. એકલા અકષાય પરિણામને સતત એકાકાર કરે છે એમાં. ઓલો કષાય અને એકત્વબુદ્ધિમાં, મિથ્યાબુદ્ધિ અને મહા મોહમળથી મલિન ચિત્તવાળો હતો. આ સ્વરૂપમાં '**સતત 'ઉપશાંતાત્મા' વર્તતો થકો...**' દેખો ભાષા! પોતે જાતે પોતાના ઉપશમભાવમાં વર્તતો થકો. કર્મનું કોઈ જોર ઘટ્યું ને ફલાણું થયું ને ઢીકણું થયું એની વાટ જોતો નથી. ભઈ પ્રતિબદ્ધ કારણ ટળે તો ઉપશાંતપણું થાય. કહે છે, પહેલામાંથી કાઢ્યું હતું કે વિવેકરૂપી દીવીના પ્રકાશવાળો હોવાને કારણે. પર કર્મ ટળ્યું માટે ત્યાં વિવેક પ્રગટ્યો છે એમ છે નહિ.

અને પદાર્થ જેવા છે એવા ખ્યાલ જ્ઞાનમાં ભાસી ગયું, ઉત્સુકતાની ચંચળતાની ભ્રાંતિ જ રહી નહિ હવે. જેમ છે તેમ જ્ઞાનમાં ભાસી ગઈ ચીજ. અને સતત ઉપશાંતાત્મા વર્તતો થકો. પુષ્ટિ કરે છેને? ઓલો સતત મહા મોહને પુષ્ટિ કરતો (હતો). સતત ઉપશાંતરસમાં ઠરતો, વર્તતો થકો, '**સ્વરૂપમાં એકમાં જ...**' ઓલામાં અનેકપણે હતું. વિકારની ક્રિયાઓ, પરના પરિણામ. '**સ્વરૂપમાં એકમાં જ અભિમુખપણે...**' સન્મુખ. સ્વરૂપમાં એકમાં જ સન્મુખપણે વિચરતો, રમતો. વિચરતો એટલે રમતો, જમતો જામી ગયો અંદર. '**અયથાચાર રહિત**' લ્યો. એ અન્વયાર્થમાં અર્થ કર્યો છે. અયથાચાર રહિત. યથાચાર સહિત એમ ન કહેતાં અયથાચાર રહિત. મૂળ પાઠમાં છેને ઈ. એટલે એનો અર્થ કર્યો જુઓ! અયથાચાર રહિત. '**अजधाचारविजुत्तो**' એમ હતુંને પહેલા પદમાં? અયથાતથ આચાર. અયથાતથ આચાર એટલે ખોટો આચાર. અયથાર્થ ચારિત્ર એટલે ખોટું ચારિત્ર. અન્યથા આચરણ એનાથી રહિત. અન્યથા આચરણ રહિત, અયથાર્થ ચારિત્ર રહિત એટલે યથાર્થ ચારિત્ર સહિત. સમજાય છે કાંઈ?

'**અયથાચાર રહિત...**' એમ બે નકાર થઈ ગયા. એટલે યથાચાર સહિત થઈ ગયું. વિપરીત આચાર રહિત, વિપરીત આચાર વિનાનો, વિપરીત આચાર વિનાનો એટલે અવિપરીત આચારવાળો. કહો, સમજાણું કાંઈ? એવો '**વર્તતો થકો,...**' એવો અંતરના સ્વરૂપમાં જામી ગયો અને વર્તતો થકો '**નિત્ય જ્ઞાની હોય,...**' ઓલામાં નિત્ય અજ્ઞાની હતું. એ શબ્દે શબ્દની ટીકાથી ગુલાંટ મારીને (કહે છે). ઓલો અવિવેકથી પદાર્થને અન્યથા અંગીકૃત કર્યું હતું. ઓલો નિત્ય અજ્ઞાની હતો, મહા મોહમળની મલિનતાને લીધે. આ નિત્ય સ્વરૂપમાં ઠરી ગયો છે એ અપેક્ષાએ ત્યાં નિત્ય જ્ઞાની હોય (એમ કહ્યું છે). જ્ઞાની નિત્ય તો સમ્યગ્દર્શનથી છે. સમજાય છે? પણ અહીં એનું ફળ જે સ્થિર થવાનું આવ્યું ત્યાં કાયમ નિત્ય જ્ઞાની વર્તે છે એમ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ?

'**નિત્ય જ્ઞાની હોય,...**' કાયમ જેવું જ્ઞેય પરથી ભિન્ન પાડીને વિવેકથી જાણ્યું હતું એમાં જ ઠર્યો છે, જ્ઞાનમૂર્તિ પ્રભુમાં. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન એટલે? સમજણનું તત્ત્વ. સમજણ તત્ત્વ. જ્ઞાન સમજણ પુંજ એમાં ઠર્યો છે માટે નિત્ય જ્ઞાની છે.

લ્યો, આ મોક્ષતત્ત્વ. કેવળજ્ઞાન થયું નથીને? સમજાણું કાંઈ? ઈ મોક્ષતત્ત્વ જ છે. સમજાય છે? કરવા માંડ્યું તે કર્યું. એ થઈ ગયું એને મોક્ષતત્ત્વ એમ કહે છે જુઓ! '**તે ખરેખર સંપૂર્ણશ્રામણ્યવાળા...**' સંપૂર્ણ સાધુપણું છે. મોક્ષમાર્ગમાં ઠર્યો છે અને શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રમાં રમ્યો છે. એ '**સંપૂર્ણશ્રામણ્યવાળા સાક્ષાત્ શ્રમણને...**' એવા મુનિને. '**સાક્ષાત્ શ્રમણને...**' લ્યો, વળી સંપૂર્ણશ્રામણ્યવાળો એક શબ્દ લીધો અને સાક્ષાત્ શ્રમણ. મોક્ષની તૈયારી થઈ ગઈ અને અલ્પ કાળમાં કેવળજ્ઞાન લેશે એને સાક્ષાત્ શ્રમણ કીધો. સમજાણું કાંઈ? પંચમઆરાના મુનિ પણ સીધી વાત કરે છે. જાણે કેવળજ્ઞાન લીધું કે લઈએ.

મુમુક્ષુ :— સાતમે...

ઉત્તર :— સાતમે એટલે પણ ક્યાં ન્યાં પછી... મોક્ષ લઉં છું કે સંસાર છોડું છું એવું છે ક્યાં એમાં? અપ્રમત્ત ધ્યાનમાં જામ્યો. વીંછીના હજાર કરડ હોય તો ક્યાં છે એની ખબર નથી એને. સમજાય છે? તોપ વાગે, ... ઘા સુધી વયો જાય અવાજ. ઈ અવાજને સાંભળતો જ નથી. અવાજને સાંભળતો નથી. અંદર અનુભવના આનંદમાં પડ્યો છે. થઈ રહ્યું. મોક્ષ જ થઈ ગયો. સમજાણું કાંઈ?

'**સંપૂર્ણશ્રામણ્યવાળા સાક્ષાત્ સાધુને...**' સાક્ષાત્ સાધુને '**મોક્ષતત્ત્વ જાણવું,...**' ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે, એને મોક્ષતત્ત્વ જાણવું. જુઓ! આ સાધુપદની દશા! અત્યારે તો ક્યાંની ક્યાં વાત કલ્પી લીધી. દૃષ્ટિ તો ફેર, પણ સાધુપણાનું આચરણ શું વ્યવહારે જોઈએ એના પણ ઠેકાણા નહિ. સાધુ ણમો આઈરિયાણં, ણમો ઉવ્વજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ સાહુણં. પૈસા બેસે છે કાંઈ ગાયકવાડ સરકારનું નામ આપે એમાં? નામ આપે સયાજીરાવ. છોકરાઓને નામ ન આપે? સયાજીરાવ કોઈકનું હતું નામ. ગરીબ માણસ. શું નામ? સયાજીરાવ. એલા! પણ સયાજીરાવ, ઘરે રોટલા ન મળેને. સયાજીરાવ. ઓલાને ત્રણ કરોડની ઊપજ હતી, તારે અહીં ત્રણ પૈસાની નથી. નામ હતું. આ કહે છે કે પૈસા બેસે છે તને કાંઈ? સાધુ નામ ધરાવવામાં કાંઈ મહેનત નથી. નામ ધરાવવામાં શું વાંધો છે?

અહીંયા તો કહે છે, મહાન પ્રયત્નથી ચૈતન્યને પંજામાં પર્યાયથી લીધો છે આખો અને લપેટ કરીને અંદર પડ્યો છે આનંદમાં. આહા..હા..! સમજાય છે? પોતાની વર્તમાન પર્યાયની સાવધાનીથી સાવધાન જ્ઞાયકમૂર્તિ ભગવાન લપેટ કરીને પડ્યો છે. જા, મોક્ષ છે. એવા આત્માને મોક્ષતત્ત્વ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'કારણ કે...' મોક્ષ કહ્યું કે નહિ? એનું હવે કારણ આપવું પડશેને? સિદ્ધ કરવું પડશેને? '**પહેલાંના સકળ કર્મનાં ફળ તેણે લીલાથી નષ્ટ કર્યાં હોવાથી...**' વળી લીલા શું કરવા

નાખી? ભઈ સાધુને કર્મ નાશ કરવામાં મહા મહેનત, મહા કષ્ટ સહન કરવું પડે છે. મોટી તપસ્યાઓ કરવી પડે, સહન કરવા પડે, તડકા, ટાઢ, વરસાદમાં નીચે રહેવું, પાણીની ધારા પડે ફડાક ફડાક. રાજકુમાર હોય. મહા કષ્ટ. ચારિત્ર કષ્ટ વિના કાંઈ પળે? કહે છે કે તું ચારિત્રને સમજતો જ નથી. સમજાય છે? એવા કષ્ટવાળા ચારિત્રની માન્યતા તારી (ખોટી છે), ચારિત્રની ઓળખાણ તને નથી. ચારિત્ર એવું હોય કે સકળ કર્મના ફળ લીલાથી નષ્ટ કર્યાં છે. આમ મજા કરતા કરતા. અંતર આનંદની લહેર ઊછાળતા ઊછાળતા. અતીન્દ્રિય આનંદના ઊછાળાની ભરતી પર્યાયમાં લાવતા કર્મનો નાશ થઈ ગયો. નષ્ટ કર્યા હોવાથી. સેઠી! મુનિને બહુ દુઃખ હોય. ઓલા બહુ સુંવાળા હોયને માણસ સંસારમાં? ઓહો..હો..! શું મુનિ! એક દિ' કરી તો જુઓ. એમ કહે છે કેટલાક અત્યારે. આ લુગડાં છોડીને નગ્ન રહી તો જુઓ શિયાળામાં અને ઉનાળામાં. ઢોર બહુ રહે છે. ઈ કંઈ મુનિપણું છે?

આનંદની લહેર, અતીન્દ્રિય રસની, એ અતીન્દ્રિય રસના સ્વાદ આડે કાંઈ દુઃખ ને સંયોગ ક્યાં છે એનો ખ્યાલેય નથી. આહા..! અતીન્દ્રિય ભગવાન આનંદરસનો કંદ સમુદ્ર ભર્યો છે. એ સમુદ્રમાં એકાગ્રતાની દૃષ્ટિ અને સ્થિરતા દ્વારા પર્યાયમાં ભરતી આનંદની લાવ્યો છે. એ આનંદ આગળ લીલાથી કર્મ નષ્ટ થઈ ગયા છે. સમજાણું? શું છે એમાં? **'हेलाव' 'हेलाव' 'हेल'** શબ્દ આવે છેને? બધે આવે છે. પંચાસ્તિકાયમાં પહેલામાં. **'श्रमणो हेलावकीर्णसकलप्राक्तकर्मफल'** આહા..હા..! સમજાણું? કેવા મુનિ છે? આનંદમાં ઝુલતા, કર્મનો નાશ મજા માણતા થઈ ગયો છે. મજા માણતા શેની? આનંદની. અંદર આનંદ.. આનંદ.. આનંદ.. આનંદ... જેનો એક લસરકો આનંદનો આવતા જ્યાં ઈન્દ્રના ઈન્દ્રાસન પણ સડેલાં તરણા ભાસે છે. આ તો કહે છે કે આનંદમાં જામી ગયો છે એકલો. એમ કહે છેને અહીં તો હવે? છે હજી છદ્મસ્થ હોં! ઈ છદ્મસ્થ મોક્ષતત્ત્વ છે એમ કહે છે અહીં તો.

મુમુક્ષુ :— સાધકદશાની...

ઉત્તર :— હા, સાધકની ઉગ્રતા. જેણે કર્મના ફળ લીલાથી નષ્ટ કર્યાં હોવાથી, એમ.

**'અને નૂતન કર્મફળને તે નિપજાવતો નહિ હોવાથી,...'** નવા કર્મ તે ઉપજાવતો નહિ હોવાથી. નવા કર્મ જ ઉપજતા નથી. ક્યાંથી ઊપજે? સ્વરૂપમાં ક્યાં છે? વિકાર નથી ત્યાં બંધન શું? કર્મ આવે ક્યાંથી? વસ્તુના સ્વરૂપમાં ઠર્યો છેને. પહેલાના સકળ કર્મના ફળ તેણે લીલાથી નષ્ટ કર્યા છે અને નવા કર્મફળ તે નિપજાવતો નહિ હોવાથી. કહો, સમજાણું? છેને પાઠમાં જુઓ! **'अफले चिरं ण जिवदि'**. અફળ છે, અફળ છે. એની બધી ક્રિયા અફળ છે. એ કર્મના ફળ રહિતની બધી ક્રિયા કરે છે ઈ. એમાં કર્મનું ફળ છે જ નહિ. એવા નવા કર્મને નહિ ઊપજાવતો હોવાથી **'ફરીને પ્રાણધારણરૂપ દીનતાનો...'** આહા..હા..! કેવી શૈલી કરી છે! પ્રાણ ધારણ કરવા એ તો પામરતા, ભિખારી છે. અરે..! કો'કની જડ ચીજના સંયોગમાં રહેવું, જન્મવું એ કલંક છે. આહા..હા..! ભગવાન જન્મ અને રાગ રહિત ચૈતન્યપ્રભુ, એને જન્મવું અને એને દસ

પ્રાણનો સંયોગ, પાંચ ઈન્દ્રિય, જેને લોકો કહે કે ઓહો..! સાધન મળ્યું. પાંચ ઈન્દ્રિય, મન, વચન ને કાયા ને શ્વાસની સ્થિતિ ને આયુષ્યની દીર્ઘતા એ ધારણ કરવા એ દીનતા છે. દસ પ્રાણ ધારણ કરવા એ દીનતા. તો પૈસા ધારણ કરવા ને બાયડી, છોકરા ધારણ કરવા ઈ શું હશે? નેમિદાસભાઈ! તમને તો બધા પૈસાવાળા કહે છે. અહીં કહે છે કે દીનતાને ધારણ કરે છે. પ્રાણ ધારણ કરે તો દીનતા. ઓહો..હો..! અરે..! ઘરની મુડી વિના કો'કની પુંજીના સંબંધે તને ઓળખાવવો. તારી નિજ પુંજી વિના આ પર પ્રાણ આવ્યા એના વડે આત્માને ઓળખાવવો એ દીનતા છે, પામરતા છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આ તે ટીકા પણ કોઈ! અમૃતચંદ્રાચાર્યે શબ્દે શબ્દે ભાવના ભંડાર ભર્યા છે અંદર!

ઓલા કહે કે શરીર ધારશું પછી ભગવાન પાસે જાશું. આહા..હા..! અહીં કહે છે કે શરીર પ્રાણ ધારવા એ ભિખારાપણું છે. જડના સંયોગમાં રહે, એલા! અમૃત આનંદ તું અને જેમાં તારું એક અંશ પણ જ્ઞાન નથી, જેમાં આનંદ નથી, જેમાં ક્યાંય શાંતો નથી, એવા દસ પ્રાણના સંગને ધારવા, એ તારી બાદશાહી લુંટાઈ જાય છે. કહો, સમજાણું કાંઈ? અહીં તો હજી પૈસા ને આબરૂ ને કીર્તિ ને એનાથી અમે પોઢા, પોઠા, પોઢા થયા. ન્યાલભાઈ! ઈ બધા પૈસાવાળા છે તો એને... ચણા પાણીમાં પડેને તો પોઢા થાય. ભાર વધતો હશે? પોલા હોય. આહા..!

અરે.. પ્રભુ! એવા કર્મ જેને જૂના હતા તે આનંદથી નષ્ટ થયા, નષ્ટ કર્યા, નષ્ટ કર્યા. વ્યવહારથી ભાષા શું કહે પણ? થયા એને કર્યા એમ વ્યવહારનયથી કહ્યું છે. શબ્દે શબ્દે તકરાર કરવી હોય તો થાય એવું છે. જુઓ! એણે બાંધ્યા હતા, જુઓ! એણે નષ્ટ કર્યા. નષ્ટ થયા, આનંદમાં આવતા કર્મ નષ્ટ થયા એને 'નષ્ટ કર્યા' એમ કહ્યું. નૂતન કર્મફળને પહેલો નિપજાવતો હતો. એમ વ્યવહારથી કહેવામાં આવતું. કરતો હતો રાગ, દ્વેષ અને અજ્ઞાન એથી 'નિપજાવતો હતો' એમ વ્યવહારથી કહેવામાં આવે. આ કર્મફળને નિપજાવતો નહિ હોવાથી. રહી ગયો એકલો ફકડ ચૈતન્ય.

**'ફરીને પ્રાણધારણરૂપ દીનતાને નહિ પામતો... '** એ પ્રાણધારણરૂપ ભિખારાપણાને નહિ પામતો થકો **'દ્વિતીય ભાવરૂપ પરાવર્તનના અભાવને લીધે...'** બીજો ભાવ જ જ્યાં નથી, એકલો શુદ્ધભાવ જ જ્યાં પરિણમે છે. ઓલાને શુભ ને અશુભ, શુભ ને અશુભ ભાવાંતર હતું. અજ્ઞાની મહા મિથ્યાત્વભાવમાં ભવિષ્યમાં એના ફળરૂપે શુભ અશુભ, શુભ અશુભ, શુભ અશુભ.. બેય નાખ્યા હતા હોં! એમ નહિ કે એકલો અશુભમાં રહેતો માટે. ભવિષ્યમાં એકલા અશુભમાં રહેશે માટે સંસારતત્ત્વ કહેવું. (વર્તમાન)માં શુભ અને અશુભભાવમાં રહેલો, એવું મિથ્યાત્વનું ફળ અનંત સંસારમાં ભાવાંતરરૂપે પરિભ્રમણ કરશે. અહીં ભાવ જ બીજો નથીને. એકલો શુદ્ધભાવ શુદ્ધભાવ શુદ્ધભાવ.

**'દ્વિતીય ભાવરૂપ પરાવર્તનના...'** નામ પલટાના **'અભાવને લીધે...'** પલટો ખાય એ તો એનો શુદ્ધનો ને શુદ્ધનો. ઓલામાં શુભ અને અશુભ, શુભ અને અશુભ. **'દ્વિતીય ભાવરૂપ**

**પરાવર્તનના અભાવને લીધે શુદ્ધ સ્વભાવમાં...** ' એકલો ભગવાન પરમાનંદની મૂર્તિમાં **'અવસ્થિત વૃત્તિવાળો રહે છે.'** ઓલામાં અનવસ્થિત હતું, ૨૭૧માં. અનવસ્થિતનો અર્થ કર્યો હતોને મોટો લાંબો? હેઠે ત્રણ લીટી (લખી હતી). કહો, સમજાણું કાંઈ? ઓહો..હો..! **'દ્વિતીય ભાવરૂપ પરાવર્તનના અભાવને લીધે શુદ્ધ સ્વભાવમાં અવસ્થિત વૃત્તિ...'** શુદ્ધ શુદ્ધ શુદ્ધ શુદ્ધ આનંદની સ્થિતિની પરિણતિ એમાં રહે છે. એને મોક્ષતત્ત્વ કહેવું. કહો, સમજાણું કાંઈ? એ તીર્થંકરને પણ પ્રશંસનીય છે. તીર્થંકર એની પ્રશંસા કરે છે કે ઓહો..! દીક્ષા લ્યે ત્યારે પણ સિદ્ધને નમસ્કાર (કરે)! ણમો સિદ્ધાણં. સમજાણું કાંઈ?

**'અવસ્થિત વૃત્તિવાળો રહે છે.'** ઓલામાં શું હતું? **'અનવસ્થિત વૃત્તિવાળા રહેવાને લીધે...'** એમ હતું. ઓહો..! આમ અરસપરસ વિરુદ્ધ બેય વાત છે. એને મોક્ષતત્ત્વ કહેવું, લ્યો. આનું નામ મોક્ષભાવ. એ મોક્ષનો ભાવ, મોક્ષની પર્યાય, મોક્ષનું સત્ત્વ, મોક્ષનું તત્ત્વ. એ મુનિની દશા જામી ગઈ છે જ્યાં આનંદમાં, નવા કર્મ નથી, જૂના અલ્પ છે. મુક્ત થઈ ગયા. સમજાણું કાંઈ? નવ તત્ત્વમાં મોક્ષતત્ત્વ ક્યાં આવ્યું હશે એમાં? સાત તત્ત્વની શ્રદ્ધા આવે છે કે નહિ? મોક્ષતત્ત્વ કહ્યું છે. સમજાણું? ૨૭૨ પૂરી થઈ.

૨૭૩. મોક્ષભાવનું **'સાધનતત્ત્વ...'** સાધનભાવ. એ મોક્ષભાવનું સાધનભાવ. આ પાંચ ગાથા બધા શાસ્ત્રમાં પ્રકાશ કરે છે કે આ રીતે શાસ્ત્રોને સમજવા અને આત્મામાંથી આ કાઢવું. સંસારતત્ત્વમાં મિથ્યાદષ્ટિનું શું લક્ષણ એમાં પ્રકાશ નાખે છે આ ૨૭૧ ગાથા. ૨૭૨માં મોક્ષતત્ત્વ સાધુ સંત કેવા હોય એના ઉપર આ ૨૭૨ ગાથા પ્રકાશ નાખે છે. સમજાય છે? પ્રકાશ પાડીને બીજાથી તે તત્ત્વને ભિન્ન પાડીને બતાવી રહ્યા છે. કહો, સમજાય છે આમાં? આવા સ્પષ્ટ લખાણ, પણ સમજે નહિ, વિચારે નહિ. અરે..રે..! આંખ્યું વીંચાશે પ્રભુ! ક્યાં જઈશ? બાપા! તારા રોણા... તું તો રોઈશ પણ સાંભળનાર રોશે. એટલી સંસારની પીડા, એ આકુળતાની.

ભગવાન આત્મા એવી આકુળતા અને નિમિત્તોથી રહિત, એનું અંતરમાં જ્ઞાન અને સમજણ ને ભાન કર્યા વિના સંસારી તત્ત્વો ભાવાંતરને પામીને રખડશે એમ કહ્યું. સમજાણું કાંઈ? પણ એ ઉપદેશ આપે સાધુ, બીજા ઘણા ધર્મ પામે, એનો કાંઈક લાભ મળતો હશે કે નહિ એને? ઊંધી શ્રદ્ધા એની ભલે હોય, પણ વાત કરેને બીજાને ધર્મની સાચી? સાચી ક્યાંથી લાવવી તારી પાસે? કહે છે. ઊંધે ઊંધુ આવ્યા વિના રહે જ નહિ. ગાંડપણું પાગલ છે અંદર. એકવાર ક્યાંક આવ્યા વિના રહે નહિ અંદર. પાગલ છે. નહિ લક્ષ્મીદાસ કહેતા હતા ઓલા. એક એનો ઓળખીતો હતોને પાગલ? ઈસ્પિતાલ. ગાંડાની ઈસ્પિતાલમાં ગયા હતા. એનો કોઈક ઓળખીતો. અડધો કલાક વાત કરી. આ તો કાંઈ ગાંડો નથી. જ્યાં અડધો કલાક થઈ ત્યાં એક વચન બોલ્યો, આ તો ગાંડો છે. અડધો કલાક વાત કરતા લક્ષ્મીદાસ. ખબર છે? વાત કરી હતી. એ પાગલની (ઈસ્પિતાલમાં) ગયો હતો. અડધો કલાક વાત કરી (તો એમ થયું) આમાં આને કેમ મૂક્યો? પણ જ્યાં અડધો કલાક ગયો ત્યાં એક શબ્દ એવો બોલ્યો, હા, આ છે તો પાગલ. સેઠી! એમ શાસ્ત્રની કેટલીક વાતું કરે પણ

જ્યાં મૂળ મુદ્દાના રકમની વાત આવે ત્યાં પાગલપણું જણાય. સમજાણું કાંઈ?

એવા સંસારતત્ત્વી જીવો કે જે આસ્રવ અને બંધમાં સદા રહેલા છે. કેમકે જેનો જેને વિવેક નથી એથી એકતામાં પડ્યા ઈ એકતામાં જ રહેવાના છે. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના ભાવ મલિન એની એકતામાં પડ્યા, અવિવેકવાળા કહ્યા હતાને? ઈ એકતામાં જ રહેવાના એમ ને એમ, રખડવાના. ભિન્ન પડેલા એકસ્વરૂપમાં રહેનારા, એને જે ભાવ પ્રગટ્યો હવે રૂપાંતર થવાનું નથી. શું કહ્યું વળી એમાં? કોણ જાણે ભઈ મોહ થઈને પાછો રખડવા આવે રખડે તો? દુનિયાનો ઉદ્ધાર કરવા માટે દયા આવી જાય તો? ભક્તોની ભીડ ભાંગવા આવે અને રાક્ષસોને (મારવા આવે). તને ખબર નથી મોક્ષતત્ત્વની.

ભાઈ! મોક્ષ કોને કહેવો? મિથ્યાત્વથી મૂકાણો એ મિથ્યાત્વને ફરી લાવવાનો કામી નથી. અસ્થિરતાનો ત્યાગ થયો એને અસ્થિરતા ફરીને આવે નહિ. તને મોક્ષતત્ત્વની ખબર નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ મોક્ષતત્ત્વની તને ખબર નથી. એનો ઉપાય—સાધન આવ્યું એ ફરે નહિ હવે. એને ઠેકાણે કહે કે એના ફળમાંથી ફરે, તને કારણની ખબર નથી અને તેના કાર્યનું—મોક્ષતત્ત્વનું શું સ્વરૂપ છે એની તને ખબર નથી. સમજાણું કાંઈ? રાજી રાજી થઈ જાય, ભગવાને અવતાર લીધો ઉપરથી. બહુ ભાર થાય ત્યારે અવતાર લ્યેને ભાઈ. પરમેશ્વરને કરુણા આવે. અહીં કહે છે કે ઈ અવસ્થિત વૃત્તિવાળા રહે એને અમે મોક્ષતત્ત્વ કહીએ નહિ. એવી અસ્થિરતાવૃત્તિ તો મિથ્યાદૃષ્ટિને થાય. એ સંસારતત્ત્વવાળા જીવ છે. એને મોક્ષતત્ત્વની ખબર નથી. કહો, સમજાણું કાંઈ?

હવે આ ત્રીજી ગાથા મોક્ષમાર્ગ ઉપર પ્રકાશ પાડે છે કે મોક્ષમાર્ગ કહેવો કોને? રાડ્યું પાડે છે ઘણાય. બે મોક્ષમાર્ગ છે—એક નિશ્ચય અને એક વ્યવહાર. વ્યવહારમાર્ગમાં આવડો 'માર્ગ' શબ્દ પડ્યો છે. વ્યવહારમાં પણ કાંઈક છે. સમજાણું? એનો ખુલાસો અહીંયા ૨૭૩ ગાથામાં કરે છે. મોક્ષભાવ-મૂકાયેલો ભાવ એને સાધન નામ કારણરૂપ ભાવ પ્રકાશે છે. બધા શાસ્ત્રોમાંથી મોક્ષના સાધન તત્ત્વને આ રીતે સમભાવે જોવું. આ રીતે જોવું અને એ રીતે જાણવું. સમજાય છે કાંઈ? કથન અનેક પ્રકારના આવ્યા હોય. પંચાસ્તિકાયમાં પાછળ આવે છેને? મોક્ષમાર્ગ અધિકારમાં ત્યાં પાઠમાં આવે છે. વ્યવહાર મોક્ષમાર્ગ છે, વ્યવહાર મોક્ષમાર્ગ છે. સમાધિ આવે છેને? સદ્દહણં. આ ગાથા મોક્ષમાર્ગ છે, જુઓ! કુંદકુંદાચાર્ય કહે છે. આ કોણ કહે છે? ત્યાં પંચાસ્તિકાયમાં કહ્યું મૂળ પાઠમાં કે આ મોક્ષમાર્ગ છે વ્યવહાર. વ્યવહાર મોક્ષમાર્ગ છે. વ્યવહાર છેને? એમ કહે છે. બે નય છે કે નહિ? બે નયના બે વિષય છે કે નહિ? બે માર્ગ છે કે નહિ? બે સ્વરૂપે છે કે નહિ? બે સ્વરૂપે છે વાત સાચી. બે સ્વરૂપે છે. એક મુક્તસ્વરૂપનું કારણ અને એક બંધનું સ્વરૂપ. બે સ્વરૂપે છે. એક માર્ગ બે સ્વરૂપે નથી. સમજાણું કાંઈ?

અમારે તો આપ્તપુરુષના વચન માન્ય છે. વળી એક પંડિત એમ કહે છે. ટોડરમલ એમ કહે કે મોક્ષમાર્ગ બે નહિ, ઈ ભલે કહે. ઈ કાંઈ આપ્ત છે? કુંદકુંદાચાર્ય કહે છે કે જુઓ મોક્ષમાર્ગ બે છે. અરે..! સાંભળને! આ કોણ કહે છે ત્યારે? આ કુંદકુંદાચાર્ય કહે છે કે કોણ કહે છે? આ જ વાત

એક જ કહી છે. ત્યાં વ્યવહારથી કહી છે એનો અર્થ કે ઈ છે નહિ. સમજાણું? જ્યાં વ્યવહારમોક્ષમાર્ગ કહ્યો હોય ત્યાં સમજવું કે ઈ છે નહિ. ફક્ત નિમિત્તને દેખીને એવો આરોપ કરવામાં આવે છે. આરોપિત ચીજ છે, આરોપ છે. અનારોપિત ચીજ છે નહિ. એને માટે કલગી સમાન કીધું હતુંને અહીંયા? ઓ..હો..!

આ શાસ્ત્રને... એક તો આ પ્રવચનસાર દિવ્યધ્વનિના શાસ્ત્રોનો સાર, એમાં આ પાંચ (ગાથા) સાર, પાંચ રત્ન. કહો, સમજાય છે કાંઈ? ભગવાનની કહેલી દિવ્યધ્વનિ એનું નામ પ્રવચન. એ પ્રવચનનો આ સાર. અને એ પ્રવચનસારમાં છેલ્લી પાંચ ગાથા એના પાંચ સારરૂપ રત્ન. સમજાણું કાંઈ? તો કહે છે, આત્માના મોક્ષપર્યાયનું સાધનભાવ શું? એના સાધનનો ભાવ શું? સાધન તત્ત્વ કહો કે સાધન ભાવ કહો. જો મોક્ષ આત્માને સાધ્ય તરીકે ફળે તો એનું સાધનભાવ કોણ? એનો કારણભાવ કોણ? એનો ઉપાયતત્ત્વ કોણ? એનો ઉપાયભાવ કોણ? સમજાય છે કાંઈ? મોક્ષ તો ઉપેય ફળ થઈ ગયું. એનું કારણ સાધન કોણ? સાધન. આ એની વાત ૨૭૩માં કરે છે.

**सम्मं विदिदपदत्था चत्ता उवहिं बहित्थमज्झत्थं।**
**विसयेसु णावसत्ता जे ते सुद्ध त्ति णिद्दिट्ठा।।२७३।।**

ઓલામાં ઈ કહ્યું છે હોં! ગાથા પ્રમાણે જ કરેને? હેઠે હરિગીત. સૂત્ર અને અર્થ સુનિશ્ચિત એમ કર્યું છે. પાઠમાં છે એ પ્રમાણે કર્યું છે અને ટીકામાં બીજું છે.

**જાણી યથાર્થ પદાર્થને, તજી સંગ અંતર્બાહ્યને,**
**આસક્ત નહિ વિષયો વિષે જે, 'શુદ્ધ' ભાખ્યા તેમને. ૨૭૩.**

વિષયો શબ્દે એકલા પાંચ ઈન્દ્રિયના રાગવાળા, અશુભ રાગના વિષય એમ નહિ. અહીં તો બધા વિષયોમાં આસક્તિ નથી, પર બધા વિષય. સમજાણું કાંઈ? એ શબ્દનો આશય છે એમાં. જુઓ!

'**ટીકા :— અનેકાંત વડે જણાતું...**' અહીં એમ નાખ્યું. ઓલામાં વિવેક-દીવડી વડે જણાતું એમ નાખ્યું હતું. અનેકાંત કર્યું અહીંયા. બીજી રીતે કાંઈક એનું સ્પષ્ટ થવું જોઈએને. '**અનેકાંત વડે જણાતું જે સકળ જ્ઞાતૃતત્ત્વ...**' ભગવાન જાણનાર તત્ત્વ અનેકાંત વડે એટલે જ્ઞાનતત્ત્વ તે જ્ઞાનરૂપે છે, રાગ અને નિમિત્તરૂપે નથી. ન્યાં વિવેક કરીને વાત કરી હતી. અહીં અસ્તિ-નાસ્તિ કરીને પણ વિવેકની વાતને જ ત્યાં ઊભી રાખી છે. સમજાણું કાંઈ? ઓલા અનેકાંતની વ્યાખ્યા શું કરે? આમેય હોય અને આમેય હોય. આમેય હોય અને આમેય હોય. તો અનેકાંત કહેવાય. અહીં તો કીધું નહિ તને? વિવેક-દીવડીનો અર્થ જ અનેકાંત છે. એટલે સ્વપણે આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ સ્વપણે છે, વિકાર અને શરીરપણે, કર્મપણે નથી. એવા અનેકાંત વડે જણાતું. એવા અનેકાંત વડે જણાતું. દેખો!

'**જે સકળ જ્ઞાતૃતત્ત્વ...**' આખું જ્ઞાનતત્ત્વ, પૂર્ણ જ્ઞાનભાવ. એકલો જ્ઞાયકભાવ પોતાનો અનેકાંત વડે જણાતું તત્ત્વ. એકાંત વડે જણાતું તત્ત્વ નહિ. સમજાય છે કાંઈ? એકાંત એટલે?

રાગથી પણ આત્મા જણાય અને જ્ઞાનથી પણ આત્મા જણાય. એ એકાંત છે, અનેકાંત નહિ. આત્મા જ્ઞાનથી જ જણાય, રાગથી જણાય નહિ એ અનેકાંત છે. આત્મા નિશ્ચય નિર્મળ પર્યાયથી જણાય અને વ્યવહારથી જણાય નહિ. એમ અનેકાંતથી જણાતું જ્ઞાતૃતત્ત્વ. આહા..હા..! કેટલી એને ધીરજ જ્ઞાનમાં લેવી પડે! સમજાણું? કેટલું ધીરું જ્ઞાનને ઉછાંછળા વિનાનું કરીને જે જ્ઞાન જ્ઞાનતત્ત્વને અનેકાંત તત્ત્વથી જાણતું કે આ હું છું અને આ રાગ ને વ્યવહારના વિકલ્પો ને શરીરાદિના પર્યાય તે જ્ઞાતૃતત્ત્વ નથી. સમજાણું કાંઈ? એને અહીંયા સમ્યક્જ્ઞાન અને સમ્યગ્દર્શન કહ્યું છે.

**'અનેકાંત વડે જણાતું જે સકળ જ્ઞાતૃતત્ત્વ...'** આખું જ્ઞાનતત્ત્વ એમ લીધુંને? સકળ. જે જ્ઞાતૃતત્ત્વ પણ સકળ આખું જ્ઞાનતત્ત્વ નિશ્ચય પૂર્ણ **'અને જ્ઞેયતત્ત્વનું...'** અનેકાંત વડે જણાતું સકળ જ્ઞેયતત્ત્વનું. સમજાણું કાંઈ? વળી સકળ જ્ઞેયમાં બે ભેદ પાડ્યા અહીં તો. એક કોર આખું જ્ઞાનતત્ત્વ, એક કોર સકળ જ્ઞેયતત્ત્વ. વિકલ્પ ઉઠે વ્યવહારનો, શરીર, વાણી, કર્મ બધા સકળ જ્ઞેયતત્ત્વ-જાણવાયોગ્ય તત્ત્વ, અને જાણનારું તત્ત્વ એનાથી તદ્દન નિરાળો. સમજાણું કાંઈ? ઓહો..હો..! 'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન'. દેહ એકલો નહિ. અહીં તો એકલું જ્ઞાનતત્ત્વ અને એકલું સકળ જ્ઞેયતત્ત્વ. બેમાં તો ખલાસ થઈ ગઈ વાત. કોણ બાકી રહ્યું એમાં?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... માં આવી ગયું લોકાલોક, ચૌદ બ્રહ્માંડ. છ દ્રવ્ય, નવ તત્ત્વ બધું એમાં સમાઈ ગયું. એક કોર ભગવાન રામ સકળ જ્ઞાનતત્ત્વ, એક કોર જ્ઞેય ગામ. એમાં સિદ્ધ ભગવાન પણ જ્ઞેયમાં આવ્યા. સમજાણું કાંઈ? અનંતા સિદ્ધો, લાખો કેવળીઓ, વીસ તીર્થંકરો બધા જ્ઞેયતત્ત્વમાં આવી ગયા. કે સ્વ જ્ઞાનતત્ત્વમાં આવે ઈ? ઈ તો નિર્મળ છે. સિદ્ધ તો નિર્મળ છે. તારે માટે જ્ઞેયતત્ત્વ છે. એને માટે એનું જ્ઞાતૃતત્ત્વ છે.

અહીં તો બે (છે), એક કોર રામ અને એક કોર ગામ. આત્મરામ, 'નિજપદ રમે સો રામ કહીએ.' એવો ભગવાન અનંત ગુણનો પિંડ પ્રભુ, આખું જ્ઞાનતત્ત્વ પૂર્ણ છે અને એક કોર આખું જ્ઞેયતત્ત્વ પૂર્ણ બધુંય. આહા..હા..! આટલું બધું સમ્યક્જ્ઞાનમાં આવી જાય?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— સિદ્ધ ભગવાન ગયા જ્ઞેયમાં. ઈ એમાં આવી ગયા પરમાં. સ્વમાં ન આવ્યા. દેવ-ગુરુ-શાસ્ત્ર સ્વમાં ન આવ્યા. સમજાણું કાંઈ? જુઓને! એક ફેરી પૂછતા હતા, અરે..! અરિહંત ગુરુ શુદ્ધ એ પર? લાખ વાર પર, સાંભળને! કેટલી વાર વાંચે. શ્રીમદ્દનું વાંચી વાંચીને, નવ વાગ્યા સુધી દીવા કરીને ચોપડા વાંચ્યા વાંચ કરે. મૂળચંદભાઈ! ખબર આટલી નહિ. દેવ-ગુરુ શુદ્ધ એ પર? શુદ્ધ એ પર? હા, શુદ્ધ એ જ્ઞેય. લે, હવે પરનું કહે છે. અનંતા સિદ્ધો, સંતો વર્તમાન સંતો સંખ્યાત, સમજ્યા? એ બધા કેવળીઓ, એક કોર ભગવાન સકળ જ્ઞાતૃતત્ત્વ. અહીં તો એમ લેવું છેને કે જ્ઞાતૃતત્ત્વ સ્વપણે છે અને અનંતા આવા જ્ઞેયોપણે નથી. અનંતા સિદ્ધોપણે આત્મા નથી.

અનંતા બીજા બહાર તીર્થક્ષેત્રો આદિ હોય એ પણે આત્મા નથી. એ જ્ઞેયતત્ત્વ તે જ્ઞેયતત્ત્વ છે અને આ જ્ઞાતૃતત્ત્વ એ નથી. સમજાણું કાંઈ? બીજી બીજી રીતે ટીકા કરીને આચાર્યે તો કમાલ કર્યું છેને કમાલ!

આ ટીકા ભરતક્ષેત્રમાં આવા પુરુષ એક અમૃતચંદ્રાચાર્ય પાક્યા! ઓ..હો..હો..! એ જ્યારે ભરતક્ષેત્રમાં વિચરતા હશે... પણ પંથીને એક પંથકની કેમ ખબર પડે? સંપ્રદાય પંથીને એ મોક્ષમાર્ગના પથક શું છે, આમ જાય છે અને કોણ છે? (એ કેમ ખબર પડે)? ... ભગવાન! તારા વિવેકની દીવડી જુદી જાતની છે. સમજાય છે? આ ટીકા! આહા..હા..! પરમેશ્વરને હેઠે ઉતાર્યા છે! પોતાને જાવું છેને ન્યા! સમજાણું કાંઈ? પરમેશ્વરની પર્યાયમાં અને પરમેશ્વર રહે તો ક્ષેત્રમાં (જાવું છે).

કહે છે, અરે..! સિદ્ધ ભગવાન એને અનેકાંત વડે જણાતું સકળ જ્ઞેયતત્ત્વ. એમ લેવું. સમજાણું કાંઈ? એ જાણવાયોગ્ય બધા પદાર્થો છે. આદરવાયોગ્ય ન આવ્યા એમાં. અનંતા નિગોદ પણ જ્ઞેયતત્ત્વમાં આવી ગયા. પછી દયા પાળવાયોગ્ય ન આવ્યા. અનંતા સિદ્ધ આદરવા યોગ્ય ન આવ્યા. સમજાય છે કાંઈ? એ બધો વિકલ્પ વ્યવહારનો હોય એ બધું જ્ઞેયમાં જાય છે. એ **'યથાસ્થિત સ્વરૂપ તેના પાંડિત્યમાં જેઓ પ્રવીણ છે,...'** બે શબ્દોમાં (કહ્યું), અનેકાંત વડે જણાતું જે સકળ જ્ઞાતૃતત્ત્વ, એક કોર ભગવાન આત્મા. એક કોર સકળ અનેકાંત વડે જણાતું સકળ જ્ઞેયતત્ત્વ એનું યથાસ્થિત, યથાસ્થિત—જેમ છે તેમ. જ્ઞાન તો જેમ છે તેમ જાણે કે આડુંઅવળું જાણે? જેમ છે તેમ જ્ઞેય દ્રવ્ય, ગુણ, પર્યાય જેમ છે તેમ. પોતાનો આત્મા જેમ છે તેમ. એના સ્વરૂપ, યથાસ્થિત સ્વરૂપ, એનું યથાસ્થિત પાછું સ્વરૂપ **'તેના પાંડિત્યમાં જેઓ પ્રવીણ છે,...'** લ્યો, એના સ્વરૂપમાં પાંડિત્યમાં જેઓ પ્રવીણ છે. બીજી પંડિતાઈ હોય ન હોય એની સાથે સંબંધ નથી. શાસ્ત્રને ભણીને આ ને આ... આ મુનિઓ, આવા મુનિઓ મોક્ષનું સાધનતત્ત્વ શુદ્ધ ઉપયોગ છે એમ કહેશે. સમજાય છે?

**'તેના પાંડિત્યમાં જેઓ પ્રવીણ છે,... '** **'पांडित्यशौण्डाः '** **'शौण्डाः'** છેને ઈ? પ્રવીણ. પાઠમાં છે. **'यथावस्थितस्वरूपपाण्डित्यशौण्डाः'** **'शौण्डाः'** પંડિત પંડિત. લ્યો, આ પંડિત. સમજાણું કાંઈ? આમાં તો બધા સાધુ પંડિત થઈ ગયા આ તો. ભાવસાધુ તો બધા પંડિત થઈ ગયા. સમજાણું કાંઈ? આ એક સાધુ પંડિત અને આ પંડિત નહિ એ બધા ભેદ પાડે છે. અહીં તો આમાં રહ્યું નહિ કાંઈ. આવા સાધુ જે હોય એને પાંડિત્યમાં પ્રવીણ ને નિપુણ ને વિચિક્ષણ કહેવામાં આવ્યા છે. એ બધા સંતો પંડિત છે, આ હોય તો. નહિતર પંડિત-ફંડિત કહેવામાં આવતા નથી. કહો સમજાણું કાંઈ? **'પાંડિત્યમાં જેઓ પ્રવીણ છે,...'** એઈ..! પાંડિત્ય વળી કેમ નાખ્યું? પાંડિત્ય. પંડિતમાં પ્રવીણ એમ ન કીધું, પાંડિત્ય એટલે એના પંડિતપણામાં પ્રવીણ, એમ. એના ભાવમાં. ભાવ છેને? પાંડિત્ય. પંડિતમાં નહિ, પંડિતપણું એમ. પંડિતપણામાં જેઓ પ્રવીણ. આવા ભાવમાં પ્રવીણ છે. વાહ! એવો મુનિ સાધનતત્ત્વ છે એની વાત થોડી લીધી છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૧, રવિવાર, તા. ૧૪.૧૦.૧૯૬૨**
**ગાથા-૨૭૩, પ્રવચન-૨૯**

આ પ્રવચનસાર, એની ચરણાનુયોગસૂચક ચૂલિકા ચાલે છે. ૨૭૩મી ગાથા ચાલે છે. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા એને એક સેકંડના અસંખ્યભાગમાં પોતાના સ્વભાવ સામર્થ્યનું પૂર્ણ રૂપ પ્રગટ થયું, એ સર્વજ્ઞ ભગવાને જે સાર કહ્યો, પ્રવચન—પ્ર-વિશેષે કથનો, એનો સાર આમાં રચાયેલો છે, પ્રવચનસારમાં. એમાં પણ આ પાંચ ગાથા દરેક શાસ્ત્રમાં પ્રકાશ પાડે છે. ૨૭૧, ૨૭૨, ૨૭૩, ૨૭૪ અને ૨૭૫. દરેક શાસ્ત્રમાં આ પાંચ ગાથાનો ન્યાય પ્રકાશ કરે છે. અમારે આખા શાસ્ત્રોમાં બંધમાર્ગ, મોક્ષમાર્ગ, શુદ્ધ ઉપયોગ અને તેની મનોરથતા, એનું ફળ શું કહેવા માંગીએ છીએ એ અમે પાંચ ગાથા દ્વારા બધો સારમાં સાર (કહીએ છીએ). પ્રવચનસારનો પણ સાર પાંચ ગાથામાં સમાડ્યો છે. બે ગાથા થઈ ગઈ છે. સંસારતત્ત્વ અને મોક્ષતત્ત્વ એ વાત પહેલી થઈ ગઈ.

હવે અહીંયા મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ (કહે છે). મોક્ષતત્ત્વ નામ જે સાધ્ય, ધ્યેય પૂર્ણ મોક્ષ એનો સાધનભાવ શું કહેવાય છે? અને બધા શાસ્ત્રોમાં આ રીતે એનો પ્રકાશ કરીને અર્થ સમજવો. એ ૨૭૩ની ટીકા. મૂળ પાઠમાં તો એ છે, '**सम्मं विदिदपदत्था**'. એનો અર્થ છે આ પહેલો. જે જીવે '**અનેકાંત વડે જણાતું...**' આ શબ્દ છે પહેલો. પાઠમાં '**सम्मं विदिदपदत्था**' છે. સમ્યક્ પ્રકારે જાણ્યા પદાર્થ એને કહેવાય કે અનેકાંત વડે જાણ્યું હોય તેને સમ્યક્ પ્રકારે જાણ્યું કહેવાય. સમજાય છે કાંઈ? '**અનેકાંત વડે જણાતું...**' એટલે? એટલે શું? કે સ્વભાવ આત્માનો શુદ્ધ ત્રિકાળ જ્ઞાયકભાવ (છે) એ ભાવમાં વિભાવભાવનો અભાવ છે. સમજાય છે? દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ અને હિંસા, જૂઠાના વિકલ્પો રાગ એ બધાનો, ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ, શુદ્ધ ધ્રુવ સ્વભાવ એમાં એ વિકારી ભાવનો અભાવ છે. એને અહીંયા અનેકાંત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**અનેકાંત વડે જણાતું...**' એટલે કે પોતાના શુદ્ધ સ્વભાવની અસ્તિ અને વિકારના વિકલ્પો, પુણ્ય-પાપના ભાવની એમાં નાસ્તિ એ રીતે આત્મતત્ત્વ જ્ઞાતૃતત્ત્વ જણાતું. પહેલું જ્ઞાતૃતત્ત્વ કહ્યું છે. સમજાય છે કાંઈ? '**અનંકાંત વડે જણાતું જે સકળ જ્ઞાતૃતત્ત્વ...**' આખું જ્ઞાતૃતત્ત્વ. જે ચૈતન્યસ્વભાવ અનંત ગુણથી ભરેલું એકરૂપ એ અનેકાંત વડે જણાતું. સ્વભાવની અસ્તિથી, વિભાવની નાસ્તિથી. વિભાવ વિભાવની અસ્તિથી, કર્મની નાસ્તિથી. સમજાય છે કાંઈ? વિભાવ વિભાવની અસ્તિથી એ જ્ઞેયમાં જશે, એ જ્ઞેયમાં જશે. અહીં તો જ્ઞાતૃતત્ત્વની વાત થાશે. એમાં જ્ઞાનસ્વરૂપ ભગવાન એકલા ચૈતન્યમાં અસ્તિપણે સ્વભાવનું ભાન, એમાં વિકારના ઉદયભાવ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઉઠે એનો પણ જેના સ્વભાવમાં અભાવ છે. તો કર્મ અને

સંયોગી ચીજનો તો એમાં અભાવ (છે જ). એ રીતે જ્ઞાતૃતત્ત્વ જ્ઞાનમાં, દૃષ્ટિમાં જણાય એને જ્ઞાતૃતત્ત્વ જાણ્યું એમ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? ભારે ભઈ વાત!

બહારથી આ જણાય કે નહિ આ વિકલ્પો ને દયા, દાન ને વ્રત, ભક્તિ ને? એ તો વિકલ્પ છે, અજ્ઞાન અંધકાર છે. અજ્ઞાન એટલે? એમાં કાંઈ જ્ઞાનનો અંશ નથી. એના અભાવથી અને પોતાના શુદ્ધ સ્વભાવના ભરપૂર શક્તિના ભાવથી જણાતું '**જે સકળ જ્ઞાતૃતત્ત્વ...**' પાછું એમ. આખું જ્ઞાનતત્ત્વ એક સમયમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય એ અનેકાંત વડે જણાતું જ્ઞાતૃતત્ત્વનું સ્વરૂપ '**તેના પાંડિત્યમાં જેઓ પ્રવીણ છે...**' '**અનેકાંત વડે જણાતું જે સકળ જ્ઞાતૃતત્ત્વનું...**' સ્વરૂપ '**તેના પાંડિત્યમાં જેઓ પ્રવીણ છે...**' તેના જ્ઞાનમાં જેઓ ડાહ્યા છે. એક વાત.

બીજી. '**જ્ઞેયતત્ત્વનું યથાસ્થિત સ્વરૂપ...**' હવે જ્ઞેય આવ્યું, બીજું. જ્ઞેય એટલે વિકલ્પ વ્યવહારનો. દયા, દાન, વ્રત, શુભાશુભ પરિણામ ઉઠે એ જ્ઞેય છે, કર્મ જ્ઞેય છે, શરીર જ્ઞેય છે, દેવ-ગુરુ-શાસ્ત્ર, અનંતા સિદ્ધો જ્ઞેય છે, અનંતા નિગોદ જીવ, અનંતા સિદ્ધો, મનુષ્યપણે વિચરતા લાખો કેવળીઓ એ બધા જ્ઞેય છે. એ જ્ઞેયતત્ત્વનું પણ અનેકાંત વડે જણાતું યથાસ્થિત સ્વરૂપ. સમજાય છે કાંઈ? એવા જ્ઞેય, એ જ્ઞેય જ્ઞેયપણે પરપણે છે અને મારા જ્ઞાયકતત્ત્વપણે એ નથી. અનંતા સિદ્ધો કે રાગ, વિકલ્પ સિદ્ધોની ભક્તિ આદિનો ભાવ તે અનેકાંત વડે જણાતું જ્ઞેયતત્ત્વનું યથાસ્થિત સ્વરૂપ. સમજાય છે કાંઈ? એ પરવસ્તુ પરપણે સ્વપણે છે અને મારા જ્ઞાતૃતત્ત્વપણે એ નથી. એમ તે જ્ઞેયતત્ત્વનું યથાસ્થિત—જેમ છે તેમ સ્વરૂપ. પહેલું કીધું, '**અનેકાંત વડે જણાતું સકળ જ્ઞાતૃતત્ત્વનું...**' યથાસ્થિત સ્વરૂપ સકળનું. પછી કહ્યું, જ્ઞેયતત્ત્વ એમાં બધું સકળ આવી ગયું. બધા જ્ઞેયતત્ત્વો આત્માના જ્ઞાનતત્ત્વ સિવાય જેટલા છે એનું યથાસ્થિત જે રીતે તે છે, જે રીતે તે છે એનું સ્વરૂપ.

'**તેના પાંડિત્યમાં જેઓ પ્રવીણ છે,...**' તેના જ્ઞાનમાં જેઓ સમ્યક્—ડાહ્યા છે. શું કહ્યું આમાં? વજુભાઈ! જગતના ડાહ્યા (કહેવાય). ...ભાઈ! બે કહ્યા બે. એક કોર રામ અને એક કોર ગામ. એક કોર ભગવાન આત્મા જ્ઞાતૃતત્ત્વ અખંડ જ્ઞાન આનંદની મૂર્તિ શુદ્ધ સ્વરૂપ એકલું જ્ઞાતૃતત્ત્વ, જે વિકાર અને પરના અભાવસ્વરૂપ છે. એના યથાસ્થિત સ્વરૂપના પાંડિત્યમાં નિપુણ. અને જ્ઞાતૃતત્ત્વ સિવાય જે વિકાર ભાવકર્મ, શરીર, વાણી, મન બધા અસ્તિપણે છે ઈ. ઈ અસ્તિપણે છે પણ મારા જ્ઞાતૃતત્ત્વપણે એ નથી. સમજાય છે કાંઈ? એનું પણ યથાસ્થિત, વિભાવ વિભાવસ્થિત, કર્મનો ઉદય ઉદયસ્થિત, શરીરની પર્યાય શરીરસ્થિત, જે રીતે જ્ઞેયતત્ત્વ યથા યથા-જેમ સ્થિત છે તેના સ્વરૂપમાં, તેના પાંડિત્યમાં, તેના વિચક્ષણતામાં, તેના જ્ઞાનમાં જેઓ ડાહ્યા છે. લ્યો, આ સમ્યક્જ્ઞાન. આમાં તો આ ક્યાંય બધા ખીચડા જે કહે છે એમ કાંઈ આવતું નથી.

આખું પ્રવચનસાર અને એમાં પણ મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ કોણ? એમ બતાવવા આ વાત ઉપાડી છે. કે સાધનતત્ત્વ મોક્ષની પૂર્ણ પરમાનંદ દશા આત્માની, મોક્ષની એટલે પરમાનંદ આત્માની શુદ્ધ દશા એનો સાધનભાવ, સાધનતત્ત્વ, સાધનભાવ શુદ્ધ ઉપયોગ કોને કઈ રીતે હોય

છે? કે જેણે આત્માને આ રીતે અંતરમાં સમ્યક્‌જ્ઞાન દ્વારા સ્વથી અસ્તિ અને વિભાવને નિમિત્તથી નાસ્તિ, સમજાય છે કાંઈ? એમ જેના અંતરના જ્ઞાનમાં નિપુણતા, પ્રવીણતા, પાવરધાઈ,... પાવરધાઈ સમજો છો? નહિ? અમારે કાઠિયાવાડમાં ચાલે છે, ભાઈ! આમાં પાવરધો છે આ. પાવરધો એટલે? સમજુ, એમાં હુશિયાર. કહો, સમજાણું કાંઈ? પણ આ રીતે હુશિયારી કહી છે. એક પણ અંદર રાગ દયા, દાનના વિકલ્પને મેળવીને જ્ઞાતૃતત્ત્વ જણાય એમ માને અને એ જ્ઞેયતત્ત્વ, મારા જ્ઞાયકતત્ત્વને લઈને રાગ ઊભો થયો કે કર્મનો ઉદય ઊભો થયો, એમ પરના અસ્તિત્વને સ્વના અંશથી માને, એણે નથી જાણ્યું જ્ઞાતૃતત્ત્વ, નથી જાણ્યું જ્ઞેયતત્ત્વ. ઝીણી વાત તો છેને ભઈ આ.

અનંત કાળથી એણે અભ્યાસમાં એ વાત લીધી નથી, ગણકારી નથી, ગણકારી નથી. ગણકારી નથી સમજો છો? એ પણ નથી સમજતા. ગણના, ગણનામાં લેવી એ વાત. બીજા ગણના આંકડા બધા કર્યા, પણ આ ગણનામાં લેવી વાત, ગણતરીમાં લીધી નથી. સમજાય છે કાંઈ? પણ બતાવનાર હોય તોપણ પોતે મેળવી નથી. અનંત સર્વજ્ઞની સભામાં અનંત વાર ગયો. ત્રિલોકનાથ તીર્થંકર વીતરાગ પરમેશ્વર જૈન પરમેશ્વર અનંતા થઈ ગયા, વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. એણે જ્યાં જ્યાં જન્મ લીધો ત્યાં ત્યાં તે સમવસરણમાં અનંત વાર ગયો. પણ એ તો જ્ઞેયતત્ત્વ છે અને તેના તરફની ભક્તિ આદિનો રાગ પણ જ્ઞેયતત્ત્વ છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— બધાય ફર્યા છેને. કહો, સમજાય છે કાંઈ?

એ જ્ઞેય એમાં હું નહિ, એના પ્રત્યેનો રાગ એમાં હું નહિ અને એના પ્રત્યેનો રાગ અને એ એમાં હું નહિ. મારામાં રાગ અને ભગવાન નહિ. અને ભગવાન અને ભગવાનની ભક્તિના રાગમાં હું નહિ. સમજાય છે કાંઈ? પહેલા તબક્કે-પહેલા ધડાકે આ વાત સમ્યગ્દર્શન અને જ્ઞાનની આ રીતે એણે કોઈ દિ' પ્રગટ કરી નથી. લાલાપેઠા અંદર રાખ્યા છે. લાલાપેઠા સમજાય છે? એ ભાષા હિન્દીમાં નહિ હોય. મીઠુ મલાવવું આ ને આ. મીઠાલાલજી! બધાને સારું લગાડવું. હા, ભાઈ, તમારે પણ આમ જ હશે. તમારે દયા, દાન, વ્રત કરતા કરતા તમારું પણ કલ્યાણ થશે. એ મખ્ખન—માખણ ચોપડે છે મિથ્યાત્વનું. સમજાણું કાંઈ? ધર્મચંદજી!

**'અનેકાંત વડે...'** અનેક અંત એટલે અનેક ગુણો એમ નહિ. અનેક અંત એટલે સ્વપણે છે અને પરપણે નથી. એ અનેકાંતનું સ્વરૂપ છે. એવા અનેકાંત વડે જણાતું, પણ જણાતું. અનેકાંત વડે જાણવામાં આવે નહિ એમ નહિ. અનેકાંત વડે બરાબર જણાય, એમ. સ્વ જ્ઞાતૃતત્ત્વ સ્વપણે છે, વિકાર અને પરપણે નથી એવા અનેકાંત ભાવ વડે પ્રગટ જણાતું. સમજાય છે કાંઈ? બીજી રીતે નહિ જણાય. કંઈ પણ જો અંદર રાગ ને નિમિત્ત ને સંહનન ને મનુષ્ય ને કાળ ને સંયોગની કાંઈક અસર, સહાય હોય તો આ જ્ઞાતૃતત્ત્વ જણાય, તો એ જ્ઞાતૃતત્ત્વ, અનેકાંત જ્ઞાતૃતત્ત્વ એવું નથી. સમજાય છે કાંઈ? તો કહે છે, **'અનેકાંત વડે જણાતું...'** એટલે કે એકાંત વડે નહિ

જણાતું. એમ થયોને એનો અર્થ? રાગ અને નિમિત્ત વડે નહિ જણાતું... પા કલાક મોડું થઈ ગયું. શું અહીં આવ્યા છો? સાંભળવા આવ્યા છો કે નહિ? કહો, સમજાય છે કાંઈ? તમારા ચિરંજીવીને કહું છું. પુસ્તક આપો પુસ્તક એને. વાંચે તો ખરા કે શું છે આ? કેટલું પા કલાકનું વયું ગયું. કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાતૃ ચૈતન્ય જ્ઞાયકભાવ એ પોતે સ્વપણે પૂર્ણ છે, પૂર્ણ છે અને રાગ અને નિમિત્તપણાની શૂન્યતા છે એમાં. આ વ્યવહારરત્નત્રયનો રાગ કહેવાય, પહેલો આવે અને પછી નિશ્ચય થાય એમ લોકો કહે છે. કહે છે કે પણ એ રાગથી અને નિમિત્તથી શૂન્ય છે અને સ્વભાવથી અશૂન્ય નામ પરિપૂર્ણ છે. એ વડે જણાતું સકળ જ્ઞાતૃતત્ત્વ. લાલચંદભાઈ! આ તકરાર. આ બધા શાસ્ત્રોના શુદ્ધ ધર્મની દૃષ્ટિને અને શુદ્ધ ઉપયોગને પ્રકાશ નાખનારી આ ગાથા છે. આખા ચાર અનુયોગ દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, કરણાનુયોગ, ધર્મકથાનુયોગ એમાં પ્રકાશ નાખે છે. અંધારે જેમ વસ્તુ દેખાય નહિ, ઓરડામાં અંધારા (હોય), એમાં અનેક ચીજ હોય એ પૃથક્ પૃથક્ દેખાય નહિ. પ્રકાશ નાખતાં પૃથક્ પૃથક્ ભાસે છે. એક એક વસ્તુ એકપણે છે, એ વસ્તુ બીજી વસ્તુપણે નથી. એ પ્રકાશ નાખતા જણાય. અંધારે ન જણાય. અને એ પ્રકાશ પણ કેવી જાતનો? અનેકાંત વડે જણાતું એવું જે જ્ઞાન. એ જ્ઞાનતત્ત્વ અનેકાંત વડે જણાતું. આત્મા મારો પૂર્ણસ્વરૂપ છે, શુદ્ધ સચ્ચિદાનંદ હું છું, પૂર્ણ આનંદથી ભરેલો હું ભગવાન આત્મા છું અને વિકલ્પ અને એ વસ્તુની એમાં શૂન્ય છે. એ રીતે જે જણાય. એ વડે તત્ત્વ છે. અનેકાંત સ્વરૂપ એવું એનું છે. સમજાણું કાંઈ? બીજા જો અંદર લાલાપેઠા લેવા જાય તો એ અનેકાંતનું સ્વરૂપ નથી. એટલે કે અનેકાંતથી જણાય એવું જ્ઞાતૃતત્ત્વ એવું નથી અને એ રીતે જાણવા માંગે તો કોઈ રીતે જણાય નહિ. સમજાણું કાંઈ?

અને જ્ઞેયતત્ત્વ પણ એ રીતે જણાય, એમ કહે છે પાછું. રાગને રાગ તરીકે જાણ્યો ક્યારે કહેવાય? કે રાગમાં અનેકાંત ધર્મ છે. રાગ પણ અનેકાંત ધર્મવાળો રાગ છે. રાગ રાગરૂપે છે, એ જ્ઞાતૃતત્ત્વપણે નથી. તો તે રાગને જ્ઞેયતત્ત્વ તરીકે અનેકાંતપણે જેમ તે છે તેમ તેના સ્વરૂપને અનેકાંતથી જણાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— છે એમ છેને પણ. સમજાણું કાંઈ?

એમ સિદ્ધ, સિદ્ધ ભગવાનો પણ સિદ્ધ ભગવાનપણે છે અને મારા જ્ઞાતૃતત્ત્વપણે એ નથી. સમજાણું કાંઈ? એમ એ જ્ઞેયતત્ત્વ જે રીતે અનેકાંતપણે યથાસ્થિત સ્વરૂપ એનું છે તે તેના અનેકાંતના ગુણ દ્વારા, જ્ઞાન દ્વારા જણાય એવું છે. કહો, સેઠી! ઓહો..હો..! ટીકા કરીને બીજી બીજી રીતે (કહે છે) અને આને માથે કલગી કીધી છેને? આ પાંચ તો કલગી છે. કલગીના અલંકાર જેવા. આ શાસ્ત્રના કલગીના અંગીકાર જેવા છે, ચૂડામણિ મુગટમણિ જેવી આ ગાથાઓ છે. વજુભાઈ કહે છે, અમે જ્યારે આવીએ છીએ ત્યારે અમારે આવું જ આવે છે. કેટલીક વાર એમ

કહે છે ઈ.

મુમુક્ષુ :— આજે...

ઉત્તર :— આજે કહેને, એને માટે તો આવ્યા છે. કહો, સમજાણું આમાં? મોહનભાઈ! ...ભાઈ! શું છે આ? ઈ એમાં ક્યાં આવ્યું પણ આમાં? આમાં ક્યાં આવ્યું? પ્રવીણભાઈ! ઈ આવ્યું એમાં? રાજકોટમાં આત્મા નહિ અને આત્મામાં રાજકોટ નહિ એમ આવ્યું આમાં. સેઠી!

યથાસ્થિત. બેયમાં યથાસ્થિત લેવું. અનેકાંત વડે જણાતું જ્ઞેયતત્ત્વનું યથાસ્થિત સ્વરૂપ તેના પાંડિત્યમાં જેઓ એટલે જે આત્મા પ્રવીણ છે. એક વાત લીધી. '**અંતરંગમાં ચકચકાટ કરતા...**' આ અંતરંગ જુદું અને બીજું અંતરંગ બીજો શબ્દ અંદર આવશે. આ અંતરંગમાં.. હવે એ તો પ્રવીણ (કહ્યું), પણ અંતરંગમાં કેવું તત્ત્વ છે? અંતરંગમાં સ્વભાવમાં અંતર અંગ, '**ચકચકાટ કરતા અનંતશક્તિવાળા ચૈતન્યથી ભાસ્વર (તેજસ્વી) આત્મતત્ત્વના સ્વરૂપને જેમણે...**' એવું આત્માનું સ્વરૂપ. અંતરંગમાં ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ આત્મા ચકચકાટ કરતા પ્રકાશથી ભરેલો અનંતશક્તિવાળો પાછો. એવા ચૈતન્યથી તેજસ્વી, ચૈતન્યથી ભાસ્વર, ચૈતન્યથી તેજસ્વી, ચૈતન્યસૂર્યથી તેજસ્વી એવું આત્મતત્ત્વ, એવું આત્મતત્ત્વ—આત્માનો સ્વભાવ. એના સ્વરૂપને, એવા આત્માના તત્ત્વના ભાવના સ્વરૂપને, એમ.

'**જેમણે...**' એટલે જે કોઈ આત્માએ. હવે એક શબ્દ છે મૂળનો '**चत्ता उवहिं बहित्थमज्झत्थं**' એનો અર્થ છે. '**बहित्थमज्झत्थं**' '**मज्झत्थं**'નો અર્થ અહીંયા અંતરંગ વિકાર આદિ કરવામાં આવશે. '**बहित्थम**'નો અર્થ અહીંયા શરીરાદિ બાહ્ય કરવામાં આવશે. સમજાય છે કાંઈ? '**चत्ता उवहिं बहित्थमज्झत्थं**' એનો અર્થ ચાલે છે હવે. કે જેણે આવા આત્મ ભગવાન અંદર જ્ઞાયકમૂર્તિ પ્રભુ એના સ્વરૂપને જેમણે '**સમસ્ત બહિરંગ...**' લ્યો, બહિરંગ. સમસ્ત બહિરંગ જે જ્ઞેયતત્ત્વો કહ્યા હતા એના બે ભાગ પાડ્યા. જે જ્ઞેયતત્ત્વ યથાસ્થિત કહ્યું હતું એના બે ભાગ પાડ્યા. સમસ્ત બહિરંગ. શરીર, કર્મ, સિદ્ધો, નિગોદો બધું. એનાથી જેણે સંગતિ એટલે '**उपधिं**' શબ્દ પડ્યો છેને? '**उपधिं**' એટલે સંગતિ એટલે મમતા એના '**પરિત્યાગ વડે...**' '**उपधिं**' છેને? ભાઈ! એનો 'સંગતિ' અર્થ કાઢ્યો.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ના, ના. '**उपधिं**', '**उपधिं**' મૂળ પાઠ. ટીકામાં તો હોય જને. આ તો પાઠ. પાઠ છેને? '**उवहिं**', '**चत्ता उवहिं बहित्थमज्झत्थ**' બસ એટલું. પણ આ તો પાઠમાંથી આ ટીકા કેવી રીતે કાઢી છે. સમજાણું કાંઈ?

'**જેમણે સમસ્ત બહિરંગ...**' નામ બાહ્ય બધા પદાર્થો અને '**અંતરંગ...**' ઓલાને અંતરંગ કહ્યું હતું, ચકચકાટ કરતો પ્રકાશ સ્વભાવ. અને આ બહિરંગ બાહ્ય પદાર્થ એનાથી ભિન્ન કર્યું છે અને અંતરંગ જે રાગનો વિકલ્પ આદિ એની સંગતિના પરિચયથી '**પરિત્યાગ વડે...**' તેનો અભાવ કરીને. શુદ્ધ ઉપયોગ બતાવવો છેને હવે તો અહીંયા. સમજાણું કાંઈ? ઓલું તો ફક્ત જ્ઞેય

અને જ્ઞાતૃતત્ત્વનું ડહાપણ કહ્યું, હવે અહીંયા શુદ્ધ ઉપયોગ કહેવો છે એને. તો કહે છે કે એવા આત્મતત્ત્વના સ્વરૂપને જેમણે—આત્માએ '**સમસ્ત બહિરંગ...**' શરીર, કર્મ, દેવ, ગુરુ, શાસ્ત્ર બહિરંગથી જુદો કર્યો છે અને અંતરંગથી જુદો કર્યો. અહીં તો હવે સ્થિરતામાં વાત લેવી છે. સમજાણું કાંઈ? ઓલું તો સમ્યગ્દર્શન અને જ્ઞાનની પ્રવીણતાની વાત કરી હતી. સમજાય છે આમાં કાંઈ? આ પુસ્તક સામે હોય તો સમજાય એવું છે શું કહે ઈ. કેમ પોપટભાઈ? પોપટભાઈ તો સામા... અત્યારે ... બરાબર. કહો, સમજાય છે કાંઈ?

આ સર્વજ્ઞ જૈન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર દેવાધિદેવ એમના કહેલા પ્રવચનો અને એનો સાર અને એના સારની આ મુગટમણિ ગાથા (ચાલે છે). મોક્ષના સાધન નામ ઉપાય નામ કારણ નામ પંથને કઈ રીતે ઓળખવો? કઈ રીતે જાણવો? અને કોને સાધનતત્ત્વ કહેવું? કે જેણે પહેલા તો જ્ઞાયક જ્ઞાતૃ અને જ્ઞેયને અનેકાંત વડે ડહાપણમાં ડાહ્યો થયો અને ભગવાન આત્મા અંદરમાં ચકચકાટ કરતી શક્તિવાળો ચૈતન્ય એનાથી સૂર્ય ભાસ્વર તેજસ્વી આત્મતત્ત્વના સ્વરૂપને જેમણે '**સમસ્ત બહિરંગ અને અંતરંગ સંગતિના...**' અંતરંગ રાગની સંગતિ. વિકલ્પથી જુદો તો પાડ્યો હતો પહેલો. સમજાણું કાંઈ? એ તો દૃષ્ટિ અને જ્ઞાનથી જુદો પાડ્યો. હવે અહીંયા ચારિત્રમાં રાગનો જે વિકલ્પ છે એના પરિચયમાં આમ જે હતો એના સંગતિના પરિત્યાગ (વડે). પરિત્યાગ છે પાછો, ત્યાગ નથી. ઓહો..હો..! સમસ્ત પ્રકારે વિકલ્પના પરિત્યાગ વડે એટલે કે નિર્વિકલ્પ આ બાજુના ઉપયોગ વડે. એ તો અહીંથી અસ્તિ નાસ્તિ શૈલી કરશે. સમજાય છે કાંઈ?

'**આત્મતત્ત્વના સ્વરૂપને જેમણે સમસ્ત બહિરંગ તથા અંતરંગ સંગતિના...**' પરિચયના '**પરિત્યાગ વડે...**' એનો પરિચય ત્યાગ કર્યો. એટલે કે આત્માના સ્વભાવના પરિચયને આદર્યો. અંદર પરિચય કર્યો અંદર. જે ભિન્ન પાડીને જાણ્યું હતું એમાં હવે પરિચયમાં ગયો, એના પરિચયમાં ગયો. 'શ્રુત પરિચિત અનુભૂતા' આવે છેને? અહીં તો સ્થિરતાના પરિચયમાં હવે ગયો. એટલે કે સંગતિના પરિત્યાગ વડે ભિન્ન કર્યું છે જેણે આત્મતત્ત્વને. લ્યો, આને મોક્ષના માર્ગની પર્યાય કહેવામાં આવે છે. આને મોક્ષનો ઉપાય કહેવામાં આવે છે. ભારે વાતું ભાઈ! પોપટભાઈ! આ બધા દીક્ષા-બીક્ષા લઈ લ્યે છે ફટ દઈને. આ બધું નહિ હોય એને? દીક્ષા હોય એને તો આવું હોય. કહો, સમજાણું કાંઈ? વાતની ગંધેય ક્યાં છે? જ્ઞાયકતત્ત્વ, જ્ઞેયતત્ત્વ, અનેકાંત શું છે (એની ખબર ન હોય અને) ખીચડે ખીચડા લઈને બેઠા.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા, અમે કાંઈક જાણીએ છીએ એમ કરીને ગપ્પા મારવા (છે). લોકોમાં જરી સમયસારનું માહાત્મ્ય વધ્યું છે. એના વિના બહુ ડહાપણ કહેવાય નહિ અને વ્યાખ્યાની ન કહેવાય. થોડું ઓલું નાખે, થોડું ઘરનું નાખે, થોડું ઓલાનું નાખે, થોડું આત્મસિદ્ધિનું નાખે. એમ કરીને નાખે પૂરું અજ્ઞાન. સમજાણું કાંઈ?

કહે છે, ઓહો..! કેવા મુનિ હોય છે? બહિરંગનો ત્યાગ એટલે કે વસ્ત્ર પાત્ર આદિનો પણ

ત્યાગ થઈ જાય અંદર. સમજાણું કાંઈ? મુનિપણું લેવું છેને હવે. બહિરંગ વસ્ત્ર આદિનો સંગ છૂટી ગયો છે અંદરથી. અને વસ્ત્રના મમત્વનો વિકલ્પ હતો એનો પણ સંગ છૂટીને જેણે આત્માને અંતરંગ અને બહિરંગ વિકલ્પ અને બાહ્યના નિમિત્તથી ભિન્ન કર્યો છે. જુઓ! મુનિપણું લીધું આ. આ મુનિપણું. એને બાહ્યમાં નગ્નદશા હોય સહેજે. સહજ થઈ જાય એટલે બહિરંગ પરિચયનો ત્યાગ કર્યો એમ અહીંયા કહેવામાં આવ્યું.

**'અને (તેથી)...'** અને તેથી, આવું થયું તેથી **'અંતઃતત્ત્વની વૃત્તિ...'** અંતઃ જે કીધું, અંતરંગ જે ચકચકાટ કરતો ભગવાન, જ્ઞાનમય સ્વરૂપ પ્રકાશની મૂર્તિ એવા આત્મસ્વરૂપની વૃત્તિ એટલે કે પરિણતિ એટલે કે પર્યાય એટલે કે દશા **'સ્વરૂપગુપ્ત...'** થઈ છે. પોતાના જ્ઞાનમાં સ્વરૂપમાં ગુપ્ત થઈ ગઈ છે પરિણતિ. કહો, સમજાણું કાંઈ? **'બહિરંગ તથા અંતરંગ સંગતિના પરિત્યાગ વડે વિવિક્ત (ભિન્ન) કર્યું છે, અને (તેથી)...'** વિવિક્ત કર્યું છે તે કારણે. અહીંથી છૂટ્યો એટલે અહીં (ગયો). **'અંતઃતત્ત્વની વૃત્તિ (—આત્માની પરિણતિ) સ્વરૂપગુપ્ત...'** થઈ છે. જુઓ! શુદ્ધ ઉપયોગ વર્ણવે છે. દર્શનપૂર્વક શુદ્ધ ઉપયોગ આ એ જ એક મોક્ષનું સાધનતત્ત્વ અને સાધનભાવ છે. બાકી મોક્ષનો માર્ગ બીજો કોઈ છે નહિ. ઓહો..હો..! કહો, સમજાણું આમાં?

**'સ્વરૂપગુપ્ત અને સુષુપ્ત સમાન રહેવાને લીધે...'** સુષુપ્ત છેને? 'જાણે કે સૂઈ ગઈ હોય' પરિણતિ. એટલે કે બહાર નીકળવાની આળસુ હોય. અંતર ચૈતન્યના અંતર પરિણમનમાં ગુપ્ત થઈ ગઈ છે પરિણતિ. ઓહો..હો..! **'સુષુપ્ત સમાન રહેવાને લીધે...'** આવાને કારણે **'જેઓ વિષયોમાં જરા પણ આસક્તિ પામતા નથી,...'** વિષય શબ્દે દેવ-ગુરુ ને શાસ્ત્ર અને એના તરફનું વલણ ને સ્ત્રી, કુટુંબ બધા વિષયો છે. બધા વિષયોમાં જરા પણ આસક્તિ પામતો નથી. સ્વવિષયની દૃષ્ટિ કરીને ઠર્યો છે એટલે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ પણ એક વિષય છે. એનો વિષય બાહ્યમાં લક્ષ જાય છે. એ બધા વિષયોમાં શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ અશુભ કે શુભ, વીતરાગની વાણી પણ વિષય છે, વીતરાગ પોતે પણ વિષય છે, આ આત્માને પર વિષય છે, પર વિષય છે. સમજાણું કાંઈ? **'જેઓ વિષયોમાં...'** એટલે કે પાંચ ઇન્દ્રિયના બાહ્ય દેવ-ગુરુ-શાસ્ત્ર હો કે સ્ત્રી, કુટુંબ, પરિવાર હો બધા વિષયોમાં જરા પણ, અહીં સુષુપ્ત થઈ ગઈ પરિણતિ માટે **'બાહ્ય વિષયોમાં જરા પણ આસક્તિ પામતા નથી...'** સંતો. સમજાણું કાંઈ? **'જરા પણ આસક્તિ પામતા નથી...'** એટલે કે પર તરફના વિષયનો ઝોંક જરીયે રહ્યો નથી. પર તરફના વિષય વ્યવહારનો વિકલ્પનો ઝોંક પર તરફ ઢળે એ બિલકુલ રહ્યો નથી. અંતરંમાં શુદ્ધ આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદનો આત્મા સ્વભાવ એમાં લીન થઈ ગયો છે. એને અલ્પ કાળમાં મોક્ષ થવાનો છે. આ મોક્ષનું સાધન. બાકી બધી વાતું છે. ક્યાં ગયા વૈદ? ધ્યાન રાખો છો? કે ઝોલા-બોલા આવે છે થોડા? આંખ્યું વીંચીને બેઠા છે. કહો, સમજાણું કાંઈ? જુઓ! આ નોળી કર્મ ને ફલાણા કર્મ ને ધૂળ કર્મ અહીં કાંઈ કામ નથી આવતું એમ કહે છે. ખૂબ કર્યું છે એણે.

આમ કર્યું ને ધૂળ કરી ને આ કર્યું ને હઠ યોગ ને આ યોગ ને.. ધૂળમાં છે હવે ઈ. ઈ તો બધું જડનું છે માટીનું.

આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાયકના સ્વભાવથી અને આનંદથી ભરેલો ભગવાન એનું અંતર ભાન કરીને, પરમાં હું નહિ અને મારામાં ઈ નહિ, એમ ભાન કર્યા પછી સ્વરૂપનું ધ્યાન થાય, એ વિના સ્વરૂપનું ધ્યાન ન થાય. સમજાણું કાંઈ? આમાં તો કેટલી કબુલાત જોઈએ. એક તો વસ્તુ ને એના અનંતા ગુણો, એની પર્યાયમાં વિકાર ને ઉપાધિ ને એમાં નિમિત્ત પર ચીજ એ બધાનો પાછો નિમિત્તનો અને રાગનો અભાવ ને પર્યાયનું પલટવું અને અનંતા ગુણનું પલટવું ને ગુણનું ગુણપણે કાયમ રહેવું અને પલટીને ગુણની નિર્મળ દશા થવી. આવા દ્રવ્ય, ગુણ અને પર્યાય, વિકાર અને નિમિત્ત એની અસ્તિ માનીને, સ્વમાં આ નહિ અને પરમાં આ નહિ—એમ અંતર જાણ્યા વિના તેને અનેકાંતથી જણાય એવું તત્ત્વ સમ્યક્જ્ઞાનમાં જણાય નહિ. સમજાય છે કાંઈ? આ તમારા છોકરા-બોકરા ભણે છે એમાં આ આવતું હશે ન્યાં? નહિ? રખડવાનું આવે ન્યાં બધું. ભાઈ! લોજીકથી વાત ચાલે છે કે નહિ આ પણ. આમ એનો એક કલાક પ્રોફેસર ભાષણ કરે અને મારે ગપ્પા આડાઅવળા અને ઓલો કહે કે બરાબર, જાઓ લખી લીધું.

આ તો સર્વજ્ઞ અને યુક્તિથી સિદ્ધ થાય એવું તત્ત્વ છે. ન્યાયથી સિદ્ધ થાય. ભગવાન ચૈતન્યમૂર્તિ વસ્તુ છે. છે તો છે, છે ઈ અનાદિ-અનંત છે. છે તો સ્વભાવ છે, સ્વભાવ પણ અનાદિ-અનંત છે. અને જેનો સ્વભાવ, દ્રવ્ય છે તે એકરૂપ છે તો એનો સ્વભાવ પણ એકરૂપ, અખંડ અને પૂર્ણ છે. એની દશામાં અનાદિથી વિકાર પરના લક્ષે છે, એમાં હું છું એમ માન્યું છે. એ સંસાર (તત્ત્વ છે). એમાં હું નહિ અને મારા સ્વભાવમાં હું છું, એમ પ્રવીણપણું પ્રગટ કરીને પછી સ્વરૂપની વૃત્તિ રાગ સાથે જે અસ્થિરતાનો પરિચય કરતી હતી, એ પરિણતિને અંદરમાં વાળી. એ પરિચય રાગનો ગયો. શુદ્ધ ઉપયોગ થયો. એ મોક્ષનું કારણ અને મોક્ષનું સાધનતત્ત્વ કહેવામાં આવે છે. ચંદુભાઈ! આમાં કાંઈ કોઈને બે ને બે ચારમાં ના પડાય એવું નથી.

**'એવા જે સકળ-મહિમાવંત ભગવંત 'શુદ્ધો'...'** જુઓ! એવા સકળ મહિમાવંત. લ્યો, સકળ આવ્યું. ઓલામાં સકળ જ્ઞાતૃતત્ત્વ હતુંને? અહીં સકળમાં એમ ઉતાર્યું. **'સકળ-મહિમાવંત ભગવંત 'શુદ્ધો'...'** એ મુનિઓને ભગવાન શુદ્ધ ઉપયોગી કહ્યા છે. એવા જે સંતો ભગવાન મુનિઓ **'(-શુદ્ધોપયોગીઓ)...'** શુદ્ધો એટલે શુદ્ધ ઉપયોગ, શુદ્ધ ઉપયોગ. શુદ્ધ ઉપયોગ એટલે? શુભ અને અશુભ દયા, દાનના પરિણામ એ અશુદ્ધ પરિણામ છે, અશુદ્ધ ઉપયોગ છે. એનાથી છૂટીને આત્મા શુદ્ધ અખંડાનંદ પ્રભુ એમાં શુદ્ધ આચરણનો વેપાર અંદર થંભી ગયો છે. રાગ, પુણ્યનું આચરણ પણ છૂટી અને પવિત્રતાના આચરણમાં જેનો ઉપયોગ જ્ઞાનનો, દર્શનનો થંભી ગયો છે. એવા ભગવાન શુદ્ધ ઉપયોગીઓ. આહા..હા..! ભગવંત શુદ્ધ ઉપયોગી. એ પોતે શુદ્ધ ઉપયોગી છે કે નહિ? પ્રયત્ન કરે છેને? ભગવાન શુદ્ધ ઉપયોગી, મહિમાવંત શુદ્ધ ઉપયોગી. વળી કીધું સકળ મહિમાવંત અને ભગવંત પાછું. સમજાણું કાંઈ?

**'समस्तानुभाववन्तो भगवन्तः' 'अनुभावन्तो' 'अनुभाव'**નો અર્થ મહિમા કર્યો. સકળ મહિમાવંત અને વળી ભગવંત કીધા. કહો, સમજાય છે કાંઈ? **'તેમને જ...'** અહીં પાછું એકાંત. એમ. **'તેમને જ મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ જાણવું...'** ભગવાન આત્માની પૂર્ણ આનંદ દશા રૂપી મોક્ષ એનું સાધનતત્ત્વ આવા મુનિઓને જાણવું. **'તેમને જ મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ જાણવું...'** બીજાને નહિ. એમ આવી જાય છે કે નહિ? પહેલું એના જ્ઞાનમાં, શ્રદ્ધાના દોરમાં 'વસ્તુ આવી છે' એમ નક્કી કરે, ચૈતન્ય ભગવાન બિરાજમાન પરમાત્મસ્વરૂપી પોતાનું છે એમ શ્રદ્ધા-જ્ઞાનમાં નક્કી કરે તો એનું વીર્ય સ્વભાવસન્મુખ વળે. વળતા પ્રવીણતા પ્રગટે અને પછી સ્વરૂપમાં સ્થિરતાનો પરિચય કરતાં પરનો સંગ છૂટતા શુદ્ધ ઉપયોગ થાય. સમજાણું કાંઈ? પહેલી જ હજી ભૂમિકાની ખબર ન મળે. આ જ્ઞાન કોણ? ને આ રાગ કોણ? ને દેહ કોણ? બધે ખીચડે ખીચડા. દેહ સાધન છે સાધન. કહો, આવે છેને? શરીર આદ્યમ્ ખલુ ધર્મ સાધનમ્. લ્યો, એમ આવે છે, પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. અહીં તો કહે છે કે શરીર તો નહિ, પણ વિકલ્પ ઉઠે છે દયા, દાન, વ્રતનો એ નહિ સાધન. એ પણ બાધક રાગ છે, વિકાર છે, બંધનું કારણ છે. એ જ્ઞેયતત્ત્વમાં પરજ્ઞેયમાં જાય છે, સ્વજ્ઞેયમાં એ આવતું નથી. સમજાય છે કાંઈ?

તેમને જ મોક્ષભાવનું સાધનભાવ જાણવો. તેને સાધનતત્ત્વ જાણવું. એવા ઉપયોગવાળાને. અભેદથી આત્મા લીધોને ઈ. સમજાય છે કાંઈ? **'(અર્થાત્ તે શુદ્ધોપયોગીઓ જ મોક્ષમાર્ગરૂપ છે).'** મોક્ષમાર્ગરૂપ તો તેને જ કહેવામાં આવે છે. પણ ઈ કહે છે કે મોક્ષમાર્ગરૂપ છે, પણ પમાય શી રીતે આ? પંચ મહાવ્રતના પરિણામ વિના શુદ્ધ ઉપયોગ પમાય નહિ. હમણા સાત પ્રશ્ન આવ્યા હતા કે નહિ? ત્રણમાં ઈ નાખ્યું છે કે વ્યવહારને તમે ત્યાજ્ય કહો છો, નિશ્ચયનો આશ્રય કહો છો અને ક્રમબદ્ધ, એ ત્રણે જૂઠી વાત છે. ત્રણે સાચી વાત છે. ઈ કહે કે ગલત છે. સમજાય છે કાંઈ? ત્રણે જૂઠી વાત છે. ઈ કહે કે ગલત છે. સર્પ કરડ્યો હોયને, સર્પ કરડ્યો હોય એને લીમડો કડવો ન લાગે. એને મીઠો લાગે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... કડવું (લાગે). કહો સમજાય છે આમાં કાંઈ? ન્યાલચંદભાઈ! આમાં તો બે ને બે ચાર દીવા જેવી વાત છે. આમાં ક્યાંય વાદવિવાદ, પ્રશ્નને ઉદ્ભવવાનું સ્થાન પણ નથી. ઓહો..હો..!

**'તેમને જ મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ જાણવું, કારણ કે તેઓ...'** એટલે આવા સંતો, મુનિઓ સ્વ પરના ભેદજ્ઞાન સહિતને પછી અંતરંગ પરિચય સ્વનો લીધો અને બાહ્યનો પરિચય અંતરંગ એટલે રાગનો છોડી દીધો એવા **'અનાદિ સંસારથી રચાયેલા...'** જુઓ! બંધ તો અનાદિનો છેને એમને. ભલે સમ્યક્ થયું, ચારિત્ર થયું, શુદ્ધ ઉપયોગ (થયો તોપણ) હજી બંધ પડ્યો છેને અનાદિનો અમુક. સમજાય છે કાંઈ? **'અનાદિ સંસારથી રચાયેલા...'** એટલે બંધ રહેલા. જડ કર્મ અનાદિથી પડ્યું છે બંધાયેલું. પોતે ભૂલ કરેલી અને ભૂલનું નિમિત્ત અને પરમાણુનું

બંધન થવું. આટલું ભાન થયું પણ હજી કર્મ પડ્યા છે, નિમિત્તરૂપે પડ્યા છે. એવા અનાદિ સંસારથી રચાયેલા એટલે કે બંધ રહેલા એટલે બંધ પડ્યો છે કબાટ.

એને '**વિકટ કર્મકપાટને તોડવાના...**' દેખો! વિકટ નામ દુર્ઘટ જે કર્મકપાટ. છેને નીચે? કર્મરૂપી બારણા, કર્મરૂપી કમાડ એને તોડવાના. એમ કહ્યું. કર્મ તૂટે તો અહીં થાય એમ નથી કહ્યું. તું અહીં ઉપયોગ આનંદનો કર તો કર્મ તૂટી જ જશે, જડ કર્મ તૂટી જશે, તારે તોડવા પડશે નહિ. જ્ઞાનપ્રધાનથી કથન છેને. એટલે વિકટ કર્મકપાટ જે જડકપાટ પડ્યા છે... ચૈતન્યના કપાટ ખોલ્યા અને ઉપયોગના પરિચયમાં અંદર આવ્યો. વિકટ કપાટ છે, વિકટ છે. નથી કહેતા? વિકટ માર્ગ છે આ, દુર્ઘટ માર્ગ છે. એમ વિકટ કર્મના કપાટને તોડવાના... જુઓ! એક ભાષા. ખોલવાના. ખોલતો નથી હોં! ઠરે છે તો આમ, ત્યાં ખુલી જાય છે એમ કહેવું છે.

'**અતિ ઉગ્ર પ્રયત્ન વડે પરાક્રમ પ્રગટ કરી રહ્યા છે.**' ભાષા જુઓ! અતિ ઉગ્ર પ્રયત્ન વડે પ્રગટ કરી રહ્યા, એટલું પણ ન મૂક્યું. '**અતિ ઉગ્ર પ્રયત્ન વડે પરાક્રમ પ્રગટ કરી રહ્યા છે.**' ઓલામાં આપણે આવ્યું હતુંને ભાઈ? મોક્ષ.. પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરે છે. મોક્ષમાર્ગ પ્રકાશક. પુરુષાર્થપૂર્વક આવે છેને? દરેક ઠેકાણે પુરુષાર્થપૂર્વક, પુરુષાર્થપૂર્વક. એકલો ઉદ્યમ કરે છે, એમ નહિ. પુરુષાર્થપૂર્વક. ... કરતા જ નથી, પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરવામાં આવે છે. એમ પુરુષાર્થપૂર્વક ઉદ્યમ એમ. કર્મ ટળ્યા છે અને પુરુષાર્થપૂર્વક થાય છે એમ નહિ. પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરવામાં આવે છે તે આત્માનું કાર્ય છે. માટે આત્માને પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરવાનો ઉપદેશ આપીએ છીએ. કહો, સમજાણું? જિનમતમાં મોક્ષનો ઉપાય કહ્યો છે તેનાથી તો મોક્ષ થાય જ. જે જીવ જિનેશ્વરના ઉપદેશ અનુસાર... જિનેશ્વરદેવના ઉપદેશ અનુસાર પુરુષાર્થપૂર્વક મોક્ષનો ઉપાય કરે છે એને તો કાળલબ્ધિ અને ભવ્યત્વ પણ થઈ ચૂક્યા. કર્મનો ઉપશમ આદિ ઉપાય કરે છે. માટે જે પુરુષાર્થપૂર્વક મોક્ષનો ઉપાય કરે છે તેને તો સર્વ કારણો મળે છે. અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય એવો નિશ્ચય કરવો. જે જીવ મોક્ષના પુરુષાર્થપૂર્વક મોક્ષનો ઉપાય કરતો નથી તેને કાળલબ્ધિ અને ભવ્યત્વ નથી. માટે પુરુષાર્થપૂર્વક મોક્ષનો ઉપાય કરતો નથી તેને તો કોઈ પણ કારણ મળતા નથી. મૂળ તો શાસ્ત્રના આધારે બધું લઈને લખ્યું છે. ઘરનો એક્કેય શબ્દ નથી. જ્યાં જ્યાં જે શૈલી છે આચાર્યની એ પ્રકારને ગુંથી લીધું છે. છતાં એ હજી કહે છે, હજી પ્રમાણમાં ન આવે, શું કહેવાય? પ્રમાણકોટિમાં ન આવે. તારી દૃષ્ટિ પ્રમાણકોટિમાં આવે ઊંધી અને આની ન આવે. પોતાને બંધબેસતુ ન નીકળે એમાંથી એટલે (કહે), પ્રમાણકોટિમાં નથી આવતું.

અહીં અમૃતચંદ્રાચાર્ય કહે છે.. સમજાણું? પાઠમાં તો '**विसयेसु णावसत्ता**' એટલે પરવિષય તરફનો જરા પણ ઝોંક ગયો અને સ્વરૂપમાં ઠર્યો તે દિ' કર્મકપાટ ખુલતા જાય છે. બસ, એમાંથી આ કાઢ્યું. સમજાણું કાંઈ? '**વિકટ કર્મકપાટને તોડવાના—ખોલવાના અતિ ઉગ્ર પ્રયત્ન વડે...**' અતિ અને ઉગ્ર પ્રયત્ન વડે અને પરાક્રમ પ્રગટ કરી રહ્યા છે. લોકો એમ કહે છે, અરે..! આ તો ક્રમબદ્ધમાં પુરુષાર્થ આમ થઈ જાય છે. રાડેરાડ પાડે છે. ...ભાઈ! ક્રમબદ્ધ થવાનું થાય

એમાં ક્યાં પુરુષાર્થ રહ્યો પછી? એકલો અતિ ઉગ્ર પુરુષાર્થના પ્રયત્ન દ્વારા પ્રગટ કરતા. સમજાણું કાંઈ? જડ અને ચૈતન્યમાં પ્રત્યેકના વર્તમાન પર્યાય નામ અવસ્થા તેની વ્યવસ્થા તેને કારણે તે તે સત્‌નો અંશ પ્રગટ થતો ઊભો રહે. એમ જ્યાં નક્કી કરવા જાય, એની પર્યાયબુદ્ધિ જાય, સ્વભાવબુદ્ધિ થાય, કર્તાપણું ગળે, અકર્તાપણું ઊભું થાય. સમજાણું કાંઈ? પણ ઈ વાત પહેલીવહેલી આવીને, ક્રમબદ્ધ.. આહા..હા..! આ ક્રમબદ્ધની અંદરનું વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

જેણે પોતાના આત્માને રાગથી ભિન્ન કર્યો,.. કારણ કે ક્રમબદ્ધનો નિશ્ચય ક્રમબદ્ધની પર્યાયને આશ્રયે નહિ થાય. જ્ઞાયક ચૈતન્યતત્ત્વના ભાન વિના પર્યાયનું જ્ઞાન નહિ થાય. દ્રવ્યના જ્ઞાન વિના પર્યાયનું જ્ઞાન નહિ થાય. શુદ્ધના જ્ઞાન વિના અશુદ્ધનું જ્ઞાન નહિ થાય. શુદ્ધ ઉપાદાનના જ્ઞાન વિના નિમિત્તનું જ્ઞાન નહિ થાય. સમજાણું કાંઈ? શ્રીમદ્ કહ્યું કે નહિ? અનેકાંત માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય (અન્ય હેતુએ) ઉપકારી નથી. અંદર સમ્યક્ ચૈતન્યમાં જા, પછી છે પર્યાય, અશુદ્ધતા છે, નિમિત્ત છે, જાણે છે બધું. સમજાણું કાંઈ? અરે..! અંદર વાંધા. એના જ્ઞાનમાં ખટક ખટક (રહ્યા કરે છે). જાણે કાંઈક પરનો આશ્રય હોયને, તો હોય તો (કાર્ય થાય). અરે..! પણ તું છો સ્વાધીન એને પરાધીનમાં દૃષ્ટિ રાખ, તારી દૃષ્ટિ ક્યાંથી સવળી થશે? સમજાણું કાંઈ? સ્વતંત્રતાનો પોકાર કરતો પ્રગટે નહિ એને સ્વભાવ સન્મુખ જવાનો પુરુષાર્થ જાગે ક્યાંથી? સમજાણું કાંઈ?

જ્યાં જ્યાં હોઉં ત્યાં હું સ્વતંત્ર સ્વતંત્ર છું. મારા પુરુષાર્થપૂર્વક પ્રયત્ન માટે હું તૈયાર છું. અમૃતચંદ્રાચાર્યે તો આગળ કહ્યું છે, હું કમર કસીને બેઠો છું. રાગરૂપી ચોર મને લૂંટી ન જાય (એને માટે કમર કસીને બેઠો છું). આવે છેને? કડ બાંધીને. જેમ મલ્લ આવેને લડવા કડ બાંધીને, એમ કડ બાંધીને, કમર કસીને બેઠો છું. રાગ મારી અનુભૂતિની પરિણતિને લૂંટે, બને એવું નથી હવે. આહા..હા..! મુનિપણું વર્ણવવું છેને! રાગ એકત્વ કરાવી જાય એમ તો નહિ, પણ રાગ અસ્થિરતા કરાવે હવે (એ વાત પણ નથી). મુનિ છેને! આ..હા..હા..! સમજાણું? એ તો હું એકત્વ કરતો ત્યારે માનતો. હવે ક્યાં છે? હું એક ચૈતન્યમૂર્તિ પ્રભુ પ્રકાશનો પુંજ ચૈતન્યનો સૂર્ય, મારા પ્રયત્નના પુરુષાર્થ દ્વારા હું જાગ્યો છું. મારે કોઈની સહાય નથી, મદદ નથી, નિમિત્તની અપેક્ષા નથી. સમજાણું કાંઈ?

એવા (વિકટ) '**કર્મકપાટને તોડવાના—**' એ તોડી શકે નહિ અને તોડવાના ક્યાંથી આવ્યું? એક બાજુ કહે કે રાગને આત્મા... રાગને નાશ કરવાનું કર્તાપણું આત્માના સ્વભાવમાં નથી. સમયસાર ૩૪ (ગાથા). રાગના નાશનું કર્તાપણાનું નામમાત્ર હોવા છતાં વસ્તુમાં નથી. આહા..હા..! અહીં કહે છે કે કર્મકપાટને તોડવાના અતિ ઉગ્ર પ્રયત્ન વડે. આ તો અતિ ઉગ્ર પ્રયત્ન વડે પરાક્રમ પ્રગટ કરી રહ્યા છે. સમજાણું કાંઈ? સ્વભાવમાં એકદમ ઢળી રહ્યા છે, ઢળી રહ્યા છે, ઢાળા ઢળ્યા છે ઢાળા. આ મગજ-બગજ કરે છેને તમારે, નહિ? આમ પછી મગજ ઢાળેને. મગજ ઢાળીને

લાડવા કરે અને ઢાળે એને મોહનથાળ કહેવાય. ઢાળ ઢળે. એમ ઢાળા. પર્યાયને અંદરમાં ઢાળતો ધીર.. સ્થિર.. સ્થિર... સ્થિર.. સ્થિર પોતાના ઉપયોગને કરતો **'અતિ ઉગ્ર પ્રયત્ન વડે...'** એક તો ઉગ્ર પ્રયત્ન નહિ અને અતિ ઉગ્ર, એ પણ પુરુષાર્થ દ્વારા—પ્રયત્ન જત્ના અંદરની એ દ્વારા પરાક્રમ કરીને, મહા પુરુષાર્થ કરીને **'પ્રગટ કરી રહ્યા છે.'** કોને? શુદ્ધ ઉપયોગને. શુદ્ધ ઉપયોગ અંદરથી પ્રગટ થતો જાય છે, શુદ્ધતા (થતી જાય છે). લ્યો, આ શુદ્ધ ઉપયોગી સંત એક જ મોક્ષમાર્ગી છે. વચમાં વ્યવહાર-ફ્યવહાર આવે એ મોક્ષમાર્ગ નથી એમ કહે છે. કહો, ..ભાઈ! શું હશે આમાં હવે આ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— કોને? ઈ તો મોક્ષતત્ત્વ થયું પૂર્ણ પૂર્ણ. પૂર્ણમાં તૈયારી થઈ ગઈ છે ઈ. તૈયાર થઈ ગયેલો એકદમ. ... એકદમ પૂર્વના કર્મનો નાશ, નવાનો ... એમ આવ્યું હતું. અને આનું નામ મનોરથ કહેશે હવે. મનોરથ શુદ્ધ ભાવના હોય. મનોરથ શુભના ન હોય. માણસ કહેને? નિમિત્ત તો મેળવીએને. પણ એના મનોરથ ન હોય. આ તો પાંચ ગાથા બધા શાસ્ત્ર ઉપર પ્રકાશ નાખે છે.

જરી મધ્યસ્થથી (વિચાર કરે કે) અરે..! શું થશે મારું? આંખ્યું વીંચાશે તો ક્યાં અજાણ્યા (ક્ષેત્રે) જઈને ઊભો રહીશ? અજાણ્યો, ક્યાં જાઈશ બાપા? અજાણ્યા ગામમાં જાવું હોય તો પોટલું ક્યાં મૂકવું એને મુશ્કેલ થઈ પડે છે. ક્યાં મૂકશું? કોના ઘરે રહેશું? કોણ રોટલા, ઢેબરા (આપશે)? કેટલા વિચાર (કરે)? નેમિદાસભાઈ! અહીંથી ઉપડ્યો, બાપા! તારું અજાણ્યુંપણું લઈને જઈશ અને અજાણના સ્થાનમાં ક્યાં તારા જાણપણા પોગશે? સમજાણું કાંઈ? એ દુનિયાના સિફારીશ ત્યાં કામ નહિ આવે. દુનિયા દુનિયામાં રહી જશે. આબરૂ આબરૂ, પૈસા પૈસા, શરીર શરીરમાં ધૂળ થઈને ફૂ... સમજાય છે? ધાર્યા પ્રમાણે આ ઢગલો રહેશે? એ સમયે ફડાક..

આવો ચૈતન્યપ્રભુ મહા રાગ અને સંયોગને ન ઈચ્છતો, સ્વભાવની દૃષ્ટિમાં નિપુણ થયેલો, શુદ્ધ ઉપયોગમાં રમતો, એને જ એક મોક્ષમાર્ગનું તત્ત્વ કહેવામાં આવે છે. ઓલામાં આગળ વધીને એકદમ... આમાં શુદ્ધ ઉપયોગ તે સાધનતત્ત્વ છે. કહો, સમજાણું કાંઈ? મોક્ષનો માર્ગ વર્ણવ્યો આ. આમાં કેમ ન આવ્યું દયા પાળવી, વ્રત પાળવા? ક્યાં કર્યું હતું? રાગ કોઈ મંદ કર્યો હોય એને માની બેઠો હોય કે મેં વ્રત કર્યા ને તપ કર્યા. જેને ખબર નથી હજી આ વ્રત એટલે શું? આ આત્માને ક્યાં જાવું છે અને કોનાથી દૂર હટવું છે? દૂર હટવું એ ચીજ શું? અને જેમાં જાવું એ ચીજ શું? એના અંદરમાં જ્ઞાનના માહાત્મ્ય આવ્યા વિના એ ક્યાં ઠરશે? અને ક્યાંથી ખસશે? સમજાણું કાંઈ? માટે એનું પહેલું સત્ય વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ એણે જ્ઞાનમાં નિર્ણય દ્વારા નક્કી કરવું પડશે. બરાબર નિર્ણય. એવો નિર્ણય (કે) ત્રણ કાળ ત્રણ લોક ફરે પણ ઈ ફરે નહિ. એવા નિર્ણય વિના તારું શરણ કોઈ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

**'પરાક્રમ પ્રગટ...'** પાછું, **'પરાક્રમ પ્રગટ કરીને...'** પુરુષાર્થ વધતો જાય છે એમ. પરાક્રમ પ્રગટ કરી રહ્યા છે. અંદરમાં એકાકાર થતા થતા પુરુષાર્થને પ્રગટ કરી રહ્યા છે. એ પુરુષાર્થ દ્વારા

ક્રમે કેવળજ્ઞાન લેવાના છે. એ પુરુષાર્થ દ્વારા કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાના. આ પંચમ આરાના સંતો કહે છે. આહા..હા..! ભાવલિંગી સંત જંગલમા-વનમાં વસતા હતા મુનિઓ. મુનિઓની દશા તો વનમાં વસે એવી જ હોય. એને આ ગામમાં ઠીક ન પડે. કેમકે નિવૃત્તમય જીવન અંદર થઈ ગયું છે. નગ્ન દશા જેને હોય, એને વસ્ત્ર પાત્ર પણ હોય નહિ. બહિરંગ .. આવ્યું હતુંને અંદર? બહિરંગ છૂટી ગયું છે બધું. નગ્ન દશા છે. અંતરંગમાં રાગનો અસ્થિરતાનો પરિચય છૂટ્યો. એવા રમનારા સંતો, એ વનમાં સિંહ વિચરે એમ વનમાં આવા સંતો પોતાના ઉપયોગમાં વિચરે છે. એ ઉપયોગીઓ મોક્ષના કારણતત્ત્વ છે. કારણતત્ત્વ એટલે સાધનતત્ત્વ છે. સમજાણું કાંઈ?

આ બધી ઘણી વાતું કરે છે, ભાઈ! ઓલામાં આવ્યું હતું લ્યો. શ્રીમદ્‌માં ન હમણા આવ્યું? શ્રીમદ્ આમ કહે છે, 'નિશ્ચય વાણી સાંભળી સાધન તજવા નોય, નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સોય.' ઈ વ્યવહાર સાધન (કહે છે). સમજાણું? ઓલામાં પણ આવે છે, યશોવિજયમાં. 'નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરી જી, સાધે જે વ્યવહાર, પુણ્યવંત તે પામશે જી, ભવસાગરનો પાર.' એ બધા કથનો વ્યવહારના. વસ્તુની સ્થિતિ આ છે. સમજાણું? મોટી તકરાર સાધન માટે અત્યારે પંડિતોને વચમાં ખળભળાટ છે કે આ રીતે... તો પછી આ મંદિરો ને આ બધા મોટા નિમિત્તો ઊભા કરવા ને એને (લીધે) લાભ થાય એમ મનાવવવું—એ પછી ખાલી પડી રહેશે. અરે..! ભગવાન! તને શી ચિંતા પડી છે? સમજાય છે? એ વિકલ્પ આવશે એને એ જાતની પ્રવૃત્તિ રહેશે. રહેવાની તે રહેશે, પણ તારા સ્વભાવમાં વિવેક કર્યા વિના એ પ્રવૃત્તિનું જ્ઞાન સાચું થશે નહિ. રહેવાનું તો રહેશે, બાપા! કાંઈ તારા ઓલાથી (નહિ રહે). આહા..હા..!

એક પોલીસ કહેતો હતો (સંવત ૧૯૭૮માં), ચુડામાં. બજારમાં વ્યાખ્યાન થયા હતાને. બજારમાં અપાસરો છે. વ્યાખ્યાન ચાલતું હતું. આમ જોડે અને આમ બજાર. પોલીસ નીકળ્યો. માણસ સાંભળેને. મહારાજ! પણ તમે આવો ઉપદેશ કરવા જાઓ તો બધા ત્યાગી થઈ જશે. તો રોટલા કોણ આપશે તમને? રોટલા વ્હોરાવનાર કોણ રહેશે? અરે..! જમાદાર! તમને પાંચ લાખ, દસ લાખ રૂપિયા મળે તો તમે એમ વિચાર કરશો કે આ દસ લાખવાળો હું થઈ જાઉં તો મારા ઠામડાનું કરનારો કોણ નીકળશે? પૈસાવાળો એમ વિચાર કરે કે આમ કેમ? એમ ન હોય, એ તો કામ કરનારા પણ રહેશે અને પૈસાવાળા પણ રહેશે. પોલીસ બિચારો પૂછતો હતો.

એમ તારું તું કરને, બાપા! દુનિયામાં તો બધું ચાલવાને કાળે આસ્રવ છે ત્યાં સુધી ચાલ્યા કરશે. જ્ઞાનીને પણ આસ્રવ આવે ત્યાં સુધી પ્રવૃત્તિનું લક્ષ એને જાય. પણ તું તારી દૃષ્ટિમાં આસ્રવ અને નિમિત્તનો નિષેધ કરીને દૃષ્ટિ નહિ કર, ત્યાં સુધી તને આસ્રવ અને નિમિત્તનું સાચું જ્ઞાન નહિ થાય.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૨, સોમવાર, તા. ૧૫.૧૦.૧૯૬૨**
**ગાથા-૨૭૪, ૨૭૫, પ્રવચન-૩૦**

પ્રવચનસાર, ચરણાનુયોગસૂચક ચૂલિકાની ગાથા-૨૭૪. ૨૭૩માં તો શુદ્ધ ઉપયોગી સાધુ તે મોક્ષતત્ત્વનું સાધનભાવ અને સાધનતત્ત્વ છે. મોક્ષ કોને હોય છે? કે જેને શુદ્ધ સ્વરૂપનો અનુભવ અને ઉપયોગ હોય તેને. એને અહીંયા સાધન કહેવામાં આવે છે. લાલચંદભાઈ ગયા નથી? હમણાં મેં અમરચંદભાઈને પૂછ્યું તો કહ્યું, ગયા. કહો, સમજાણું કાંઈ? ૨૭૩માં એમ કહ્યું કે મોક્ષતત્ત્વ જે મોક્ષરૂપી પર્યાય—ભાવ, એનું સાધન કોણ સાધન? આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત અંદર શુદ્ધ ઉપયોગ, અંદરમાં રમવું. એ મોક્ષનું સાધનતત્ત્વ છે. એટલે કારણ મોક્ષનો માર્ગ એક જ છે. હવે કહે છે કે એ '**મોક્ષતત્ત્વના સાધનતત્ત્વને...**' મોક્ષરૂપી આત્માની પર્યાય એના સાધનરૂપી ભાવને એટલે શુદ્ધ ઉપયોગી સંત, જેને આત્મઅનુભવ, ચારિત્ર ઉપરાંત શુદ્ધ ઉપયોગની રમણતા અંદરમાં નિર્વિકલ્પ દશા થઈ છે. એને '**સર્વ મનોરથના સ્થાન તરીકે અભિનન્દે (પ્રશંસે) છે :—**' એવા મુનિઓ સમ્યગ્દૃષ્ટિ, સમ્યક્જ્ઞાની, સમ્યક્ચારિત્ર શુદ્ધ ઉપયોગી એને સર્વ કાર્યોના સ્થાન, સર્વ મનોરથના સ્થાન (તરીકે પ્રશંસે છે). જેને આત્મા અંતર સમ્યગ્દર્શનમાં અનુભવ થઈને સ્વરૂપની રમણતા થઈને શુદ્ધ ઉપયોગની દશા છે એ સર્વ કાર્યનું સ્થાન છે. એ શુદ્ધ ઉપયોગમાં સર્વ મનોરથ, સર્વ મનવાંછિત કાર્યની સિદ્ધિ એમાં છે. કહો, સમજાણું કાંઈ આમાં? મોહનભાઈ!

મુમુક્ષુ :— ..

ઉત્તર :— હા, મનોવાંછિત સ્થિતિ જ્ઞાનીને શું હોય? શુક્લધ્યાન, કેવળજ્ઞાન, સિદ્ધપદ એ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ કીધું, તેથી તો કહ્યું. સર્વ મનોરથ એટલે આ કાર્ય. આત્માની શુક્લધ્યાન દશા, કેવળજ્ઞાન દશા, મુક્ત દશા, મુક્ત સિદ્ધપણું એ બધા ધર્મીના કાર્યો મનોરથના વાંછિતના એ બધા ફળ. એ મનોરથના ફળ શુદ્ધ ઉપયોગથી ફળે છે. સમજાય છે કાંઈ? એકલો શુદ્ધ ઉપયોગ અંતર. સમ્યક્ અનુભવ સમ્યગ્દર્શન ઉપરાંત થઈને જ્ઞાન અને ચારિત્ર તો થયું હોય છઠ્ઠે, એ ઉપરાંત અંદરમાં લીનતા આનંદમાં ઉપયોગ, જ્ઞાતા-જ્ઞેય-જ્ઞાનના (ભેદને) ભૂલી ગયો. અભેદ અનુભવ થાય એવા શુદ્ધ ઉપયોગીને મોક્ષતત્ત્વના કારણતત્ત્વરૂપે સર્વ મનોરથના સ્થાન તરીકે, બધા ભાવનાના, જ્ઞાની જે ભાવનાના કાર્યને ઈચ્છે છે અથવા ભાવનાના કાર્યને પ્રગટ કરવા માંગે છે એ બધા મનોરથના કાર્યના પ્રકાર શુદ્ધ ઉપયોગથી પ્રાપ્ત થાય છે.

મુમુક્ષુ :— એનું સાધન પાછો વ્યવહાર.

ઉત્તર :— એનું સાધન એ તો કથનમાત્ર છે. એ તો સાધન તો એક જ હોય, સાધન બે હોય નહિ. સાધનની કથની બે પ્રકારે ચાલે. સાધનની કથની બે પ્રકારે ચાલે કે નિશ્ચયમોક્ષમાર્ગ સાધન

અને એક વ્યવહાર. કથની બે પ્રકારે. વસ્તુ બે પ્રકાર નહિ. વસ્તુ તો એકલો શુદ્ધ આનંદકંદ અતીન્દ્રિય આત્માનો સ્વાદ અને એ આનંદની લહેજતમાં શુદ્ધ ઉપયોગમાં પડ્યો, એ એક જ મોક્ષનું સાધન છે. બાકી કોઈ મોક્ષનો માર્ગ બીજો નથી. કહો, સમજાણું કાંઈ? એ ૨૭૪માં કહે છે.

सुद्धस्स य सामण्णं भणियं सुद्धस्स दंसणं णाणं।
सुद्धस्स य णिव्वाणं सो च्चिय सिद्धो णमो तस्स।।२७४।।

**રે! શુદ્ધને શ્રામણ્ય ભાખ્યું, જ્ઞાન દર્શન શુદ્ધને,**
**છે શુદ્ધને નિર્વાણ, શુદ્ધ જ સિદ્ધ, પ્રણમું તેહને. ૨૭૪.**

આચાર્ય પોતે પણ પ્રમોદમાં આવીને (કહે છે), શુદ્ધ ઉપયોગી સંતોને હું પણ નમસ્કાર કરું છું! ઓહો..હો..! સમજાય છે કાંઈ? લખવા વખતે વિકલ્પ છે, તાડપત્ર ઉપર લખે છે આ શ્લોકો ત્યારે વિકલ્પ શુભરાગ છે. છતાં એ વિકલ્પમાં એમ કહે છે, અહો..! અંતરમાં એ વિકલ્પ છૂટીને શુદ્ધ ઉપયોગની રમણતા, એમાં જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે, એમાં જ શુદ્ધ અનંતજ્ઞાન, દર્શન આદિ પર્યાય પ્રગટ થાય છે, એનાથી જ નિર્વાણ અને એનાથી જ સિદ્ધ નામ મુક્ત જીવ થાય છે. શુદ્ધ ઉપયોગથી જ, શુદ્ધ ઉપયોગથી જ મુક્તિ અને શુદ્ધ ઉપયોગથી જ મુક્ત જીવ. આવા શુદ્ધ ઉપયોગથી થાય છે. કહો, સમજાણું કાંઈ?

'**ટીકા :— પ્રથમ તો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના યુગપદપણારૂપે પ્રવર્તતી એકાગ્રતા જેનું લક્ષણ છે એવું જે સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત શ્રામણ્ય, તે 'શુદ્ધ'ને જ હોય છે;...**' વ્યવહાર વચ્ચે વિકલ્પ આવે વ્યવહાર પંચ મહાવ્રતના આદિ, રાગ છે એ તો, એનાથી મુક્તિ-બુક્તિ નથી. મુનિને પણ વચ્ચે અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પો આવે એ રાગ છે, પુણ્યબંધનું, બંધનું કારણ છે, એ મોક્ષનું કારણ નથી. મોક્ષનું કારણ તો રાગરહિત પોતાનું નિજાનંદ સ્વરૂપ એના ઉપયોગમાં જમવટ થઈ અભેદપણે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું યુગપદપણું, યુગપદપણું—ત્રણેનું એકપણું અંદર પરિણમી એવી પ્રવર્તતી એકાગ્રતા જેનું લક્ષણ (છે), યુગપદપણારૂપે અંદર પરિણમતી, પ્રવર્તતી આત્માની દશામાં એકાગ્રતા જેનું લક્ષણ છે એવું જે સાક્ષાત્ શ્રામણ્યમાર્ગભૂત શ્રામણ્ય, '**સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત શ્રામણ્ય,...**' સાધુપદ તે શુદ્ધ ઉપયોગીને જ હોય છે. કહો, સમજાણું કાંઈ?

અહીં તો હજી દૃષ્ટિના ઠેકાણા નહિ, સમ્યગ્દર્શન શું કહેવાય એનું ભાન ન મળે અને મહાવ્રત ને પંચ મહાવ્રત ને અઠ્યાવીસ મૂળગુણના પણ ઠેકાણા ન મળે વ્યવહારના પણ, અને જાઓ આ મોક્ષનું સાધન છે. ઓહો..! અનાદિ કાળથી એવી મિથ્યાભ્રમણામાં બાહ્ય ક્રિયાકાંડમાં પણ ઠેકાણા ન મળે અને એમાંથી મુક્તિ અને મોક્ષનો માર્ગ છે એમ માની રહ્યા છે. કહો, સમજાણું?

પહેલી વાત કરીને? '**श्रामण्यं भणितं**'. ભગવાન તીર્થંકરદેવ અને કુંદકુંદાચાર્ય આદિ સંતો, મુનિઓ. એ તો પોતે મુનિ છે એટલે કહે છે કે તીર્થંકરોએ આમ કહ્યું છે. એમ. ભગવાન સર્વજ્ઞ જૈન પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા જેની પર્યાયમાં પૂર્ણતા પ્રાપ્ત થઈ છે ઈ એમ કહે છે. એટલે અરિહંત

લીધા છે, અરિહંત લીધા છે. '**भणितं**' છેને? એણે કહ્યું. શ્રામણ્ય કહ્યું. કોને? અંતર આત્માના એ પુણ્ય-પાપના મહાવ્રતના વિકલ્પ રહિત, રાગ રહિત, અંતરના સ્વરૂપની અંતર ધ્યેયની દૃષ્ટિ, અંતર ધ્યેયનું જ્ઞાન, અંતરમાં રમણતાની એકાગ્રતાથી પ્રવૃત્તિ જેનું લક્ષણ છે એવો મોક્ષમાર્ગ એક જ મોક્ષનું સાધનતત્ત્વ એ સાધુને શુદ્ધ ઉપયોગીને હોય છે. કહો, સમજાણું આમાં કાંઈ? જુઓ! શુદ્ધ ઉપયોગ તો અત્યારે હોય નહિ એમ કહે છે માણસો. માટે શુભ ઉપયોગ એ જ મોક્ષનું સાધન છે. અરે.. અરે..! ગજબ કરે છેને! સેઠી! આ બધા સેઠી-બેઠી શું, ત્યાં અંદર હા પાડતા હતા. એને ક્યાં ખબર હતી? બોલો, જવાબ તો દ્યો.

ઓહો..હો..! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની આનંદની અતીન્દ્રિયરસની મૂર્તિ એની અંતર પ્રતીતિ કે પૂર્ણાનંદ આત્મા છે. એનું જ્ઞાન કે આત્મા પૂર્ણ કૈવલ્યમય છે, અને એમાં રમણતા રાગરહિતની નિર્વિકલ્પતા, એવી એકાગ્રતા જેનું લક્ષણ એવું સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત. એમાંથી કાઢે કે પરંપરાએ બીજો મોક્ષમાર્ગ છે અંદર. સાક્ષાત્ શબ્દ પડ્યો છે કે નહિ? સમજાણું કાંઈ? સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત શ્રામણ્ય તે શુદ્ધ ઉપયોગીને જ હોય છે. ભલે વચ્ચે વ્યવહાર હો, પણ એનાથી કંઈ મોક્ષમાર્ગ સિદ્ધ થઈને મોક્ષ થાય એમ છે નહિ. કહો, સમજાણું?

ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શનની શુદ્ધ પરિણતિ હોય છે. સમ્યક્જ્ઞાનની શુદ્ધ અંશે પરિણતિ હોય છે. સમ્યક્ચારિત્રની સ્વરૂપઆચરણની શુદ્ધની નિર્વિકલ્પની અંશે પરિણતિ હોય છે, પાંચમે એથી વિશેષ શુદ્ધ ચારિત્રની પરિણતિ હોય છે, છઠ્ઠે એથી વિશેષ શુદ્ધ ચારિત્રની પરિણતિ હોય. એને છોડીને સાતમામાં ગયા એવા શુદ્ધ ઉપયોગીઓને જ મોક્ષના સ્થાન તરીકે કહેવામાં આવે છે. મોક્ષના મનોરથ, મનોરથ એટલે કાર્ય, જે કંઈ ભવિષ્યના સિદ્ધપદ, કેવળજ્ઞાન આદિ કાર્ય કરવું છે એ કાર્યનું સાધનતત્ત્વ એકલો શુદ્ધ ઉપયોગ જ છે. કહો, સમજાણું કાંઈ? શુભ અશુભ ઉપયોગ નહિ. વ્યવહારરત્નત્રય જે છે એ શુભ ઉપયોગ છે, એ નહિ. એને નિમિત્ત કરીકે પરંપરાનો આરોપ કરીને એમાં કહેવામાં આવે. માટે સાક્ષાત્ મોક્ષમાર્ગરૂપ શ્રામણ્ય તે શુદ્ધ ઉપયોગીને હોય એમ કહેવામાં આવે છે. યથાર્થ છે આ. પેલું ઉપચારનું કથન છે. કહો, સમજાણું કાંઈ?

હવે અનંતજ્ઞાન અને અનંતદર્શન કોને હોય છે એની વ્યાખ્યા. '**સમસ્ત ભૂત-વર્તમાન-ભાવી વ્યતિરેકો સાથે...**' વ્યતિરેક એટલે પર્યાયો. પાઠમાં વ્યતિરેક છેને? એટલે વ્યતિરેકે વ્યતિરેક શબ્દ મૂકી દીધો છે. ખબર પડેને કે વ્યતિરેક એટલે શું? બીજાને શું ખબર પડે? પહેલા આગળ આવી ગયું એને ખબર શી હશે? સમસ્ત ત્રણ કાળના આત્માઓ અને ત્રણ કાળના પરમાણુઓ (આદિ) છ દ્રવ્ય એની ગયા કાળની પર્યાય—ભૂતકાળની દશાઓ, વર્તમાનની અનંત દશાઓ-પર્યાયો, ભવિષ્યની અનંત પર્યાયો. વ્યતિરેક એટલે ભિન્ન ભિન્ન થતી અવસ્થાઓ. એની સાથે મિશ્રિત દ્રવ્ય છે. ત્રણ કાળની પર્યાય સાથે અન્વય દ્રવ્ય રહેલું છે. અનંતા દ્રવ્યો, જે અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, ભગવાને જે છ દ્રવ્ય જોયાં, એની ભૂત નામ ગયા કાળની પર્યાયો, વર્તમાન અને ભવિષ્ય એની સાથે મિશ્રિત '**અનંત વસ્તુઓના અન્વયાત્મક...**' ધ્રુવ

સાથે પર્યાયની સંધિ છે. એ.. એ.. એ.. એ... દ્રવ્ય રહેતું.. રહેતું... રહેતું.. રહેતું.. એની ભૂત, ભવિષ્ય, વર્તમાન સાથે દ્રવ્ય મિશ્રિત છે. એવું અન્વયાત્મક—સાથે રહેવાસ્વરૂપ '**જે વિશ્વ...**' ... સમસ્ત ત્રણ કાળના પદાર્થ એને અહીંયા વિશ્વ તરીકે કહી દીધું છે.

'**તેના (૧) સામાન્યના...**' તે વિશ્વને સામાન્ય તરીકે દેખે એટલે દર્શન. ભેદ પાડ્યા વિના સમસ્ત વિશ્વને પર્યાયોથી મિશ્રિત અન્વયાર્થભૂત એને સામાન્યપણે ભેદ પાડ્યા વિના દેખે તે અનંતદર્શન. એ અનંતદર્શન કોને હોય છે? કે શુદ્ધ ઉપયોગીને હોય છે. એમ સિદ્ધ કરવું છે. શુભ ઉપયોગવાળાને હોતું નથી. વ્યવહારરત્નત્રયવાળાને એ દર્શન હોતું નથી. વ્યવહારરત્નત્રયવાળાને સાધુપદ સિદ્ધ થતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? અને ત્રણ કાળના પર્યાયો સાથે જે ધ્રુવ અન્વય દ્રવ્ય રહેલું એવું જે વિશ્વ તેના '**(૨) વિશેષના...**' એને વિશેષ બધા ભેદ સહિત. એક એક સમયનો પર્યાય, એક એક ગુણ અને એક એક દ્રવ્ય એના ભેદ સહિત '**પ્રત્યક્ષપ્રતિભાસસ્વરૂપ...**' બેયને પ્રત્યક્ષ લાગુ પડે છે, દર્શનને અને જ્ઞાનને. જેને પ્રત્યક્ષપ્રતિભાસ અનંતદર્શન, જ્ઞાનમાં પ્રતિભાસ થાય આખું વિશ્વ. પોતે પણ એમાં આત્મા આવી ગયો. પોતાની ભૂત, ભવિષ્ય, વર્તમાન પર્યાય સહિત અન્વયાર્થ ધ્રુવ સ્વરૂપ (આવી ગયું). એવું જેના દર્શનમાં પ્રત્યક્ષપ્રતિભાસ થાય, જેના જ્ઞાનમાં પ્રત્યક્ષપ્રતિભાસ વિશેષરૂપે થાય એવું જે '**(૧) દર્શન અને (૨) જ્ઞાન, તે 'શુદ્ધ'ને શુદ્ધોપયોગીને જ હોય છે...**' સમજાય છે કાંઈ? તે અનંત કેવળજ્ઞાન શુદ્ધ ઉપયોગીમાં રમતા સંતોને થાય છે. શુભ ઉપયોગવાળાને, નિમિત્ત ઉપર લક્ષવાળાને એ કેવળજ્ઞાન, દર્શન થતું નથી. રાગમાં પડ્યા, વ્યવહારમાં રહ્યાને, નિમિત્ત લક્ષવાળાને શ્રામણ્યપદ પણ સિદ્ધ થતું નથી. સમજાણું કાંઈ? બોલો.. બોલો. મને થયું, કાંઈક પૂછે છે.

શ્રામણ્યપણું તેને સિદ્ધ થાય છે કે શુભરાગ અને નિમિત્તનું લક્ષ છોડીને પોતાનો શુદ્ધ ઉપયોગમાં રમે છે તેને સાધુપદ સિદ્ધ થાય છે. શુભરાગ અને વ્યવહારત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણનો રાગ એનાથી સાધુપદ સિદ્ધ થતું નથી. સાધુપદ એનાથી સિદ્ધ થતું જ નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ગૌણનો અર્થ શું? એ તો સાથે કહેવામાં આવ્યા, પણ ઓલી પરિણતિ શુદ્ધ છેને માટે. શુદ્ધ પરિણતિ છે અને શુદ્ધ ઉપયોગ નથી અને રાગ અહીં છે, સાધક .. પણ ખરું તો સાધુપદ આને સિદ્ધ થાય છે. અનાસ્રવી શુદ્ધ ઉપયોગી અભેદ દૃષ્ટિ અને અનુભવમાં પડ્યો એવાને એકને જ સાધુપદ સિદ્ધ થાય છે, બેને સિદ્ધ થતું નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હો, ઘણી વાર વાત આવી ગઈ. શુદ્ધ પરિણતિ પોતાનું સમ્યગ્દર્શન, જ્ઞાન, રાગ પુણ્ય-પાપ રહિત પોતાની શુદ્ધ પરિણતિ નિર્મળ થવી, શુદ્ધ ઉપયોગ ન હો, પણ પરિણતિ નિર્વિકારી દશા હો એને શુદ્ધ પરિણતિ કહે છે. અને ઉપયોગમાં જામી જવું, જ્ઞેય-જ્ઞાતા-જ્ઞાનને

ભૂલી જવું અને એકાકાર ઉપયોગ રમણતા કરે આત્મામાં તો શુદ્ધ પરિણતિ ઉપરાંત શુદ્ધ ઉપયોગની પરિણતિ થઈ ગઈ. એને પણ શુદ્ધ પરિણતિ કહે છે. સમજાય છે કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ લડાઈમાં હો, ભોગમાં હો તો શુદ્ધ પરિણતિ તો છે એની પાસે. જેટલું સમ્યગ્દર્શન (થયું) અને અનંતાનુબંધી ગયું એટલી શુદ્ધ દશા તો છે, શુદ્ધ ઉપયોગ નથી. સમજાય છે કાંઈ? એમ શ્રાવક પંચમ ગુણસ્થાનમાં દુકાનમાં, ધંધા આદિમાં પડ્યો હોય, વેપારમાં પડ્યો હોય તો અંદર બે કષાયનો નાશ થઈને સમ્યગ્દર્શનપૂર્વક શુદ્ધ પરિણતિ તો ત્યાં છે જ, શુદ્ધ ઉપયોગ નથી. શુદ્ધ ઉપયોગ ક્યારેક ચોથે, પાંચમે આવે છે અને છઠ્ઠે પણ ત્રણ કષાયનો અભાવ થઈને અને આત્મ અનુભવ સહિત જે નિર્મળ પરિણતિ થઈ તે પરિણતિ છે, ઉપયોગ નથી, સાતમે ગયો શુદ્ધ ઉપયોગ થઈ ગયો.

મુમુક્ષુ :— શુદ્ધ પરિણતિ...

ઉત્તર :— ચોથેથી શરૂ થઈ છે શુદ્ધ પરિણતિ નિરંતર ધારાવાહી. શુદ્ધ ઉપયોગ કોઈ પ્રકારે, કોઈ કાળે. અને છઠ્ઠે શુદ્ધ પરિણતિ તો છે જ અને સાતમે જાય એટલે શુદ્ધ ઉપયોગ થઈ ગયો, શુદ્ધ ઉપયોગરૂપ પરિણતિ થઈ. સમજાય છે કાંઈ?

આ તો પ્રવચનસાર એનો સાર (આવ્યો છે). દિવ્યધ્વનિ એનો સાર (પ્રવચનસાર), એનો સાર (આ પંચ રત્ન ગાથા). આ પાંચ ગાથા સર્વ શાસ્ત્રમાં પ્રકાશ નાખે છે. ભેદ પાડે છે કે આ હોય, આ ન હોય, આ હોય અને આ ન હોય. એમ પાંચેય ગાથાઓ બધા શાસ્ત્રમાં પ્રકાશ નાખે છે, પ્રકાશ કરે છે. બંધમાર્ગ કોને કહેવો, મોક્ષમાર્ગ કોને કહેવો, શુદ્ધ ઉપયોગી સાધુના મનોરથ કેવા હોય અને એના કાર્ય સિદ્ધ કેમ થાય વગેરે અને એનું ફળ આગળ કહેશે. સમજાણું કાંઈ?

'**(૧) સામાન્યના અને (૨) વિશેષના પ્રત્યક્ષ પ્રતિભાસસ્વરૂપ જે (૧) દર્શન અને (૨) જ્ઞાન,...**' એટલે અનંતદર્શન અને અનંતજ્ઞાન. માથે આવી ગયુંને? ભૂત, ભવિષ્ય, વર્તમાનની પર્યાય મિલિત એટલે અનંતજ્ઞાન, દર્શન. તે શુદ્ધ ઉપયોગીને જ હોય છે. અંદરમાં રમણતો હોય. મુનિ દ્રવ્યલિંગે તો નગ્ન હોય પણ અંદરમાં આનંદકંદમાં રમતો હોય સમ્યક્પૂર્વકની સ્થિરતા રમણતામાં એને જ અનંતજ્ઞાન અને અનંતદર્શન થાય છે. મનુષ્યદેહથી નહિ, વ્યવહારરત્નત્રયથી નહિ, સંહનનની મજબુતાઈથી પણ કેવળજ્ઞાન, કેવળદર્શન નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

હવે નિર્વાણ. બે બોલ થઈ ગયા. શુદ્ધને ચારિત્ર ભગવાને કહ્યું અને શુદ્ધને દર્શન, જ્ઞાન કહ્યું. હવે શુદ્ધને નિર્વાણ—મુક્તિ, મુક્તિ. '**નિર્વિઘ્ન-ખીલેલાં સહજ જ્ઞાનાનંદની મુદ્રાવાળો...** ' ભગવાન આત્મા જ્ઞાન અને આનંદ તો અંદર છે, એની ખીલવટ થઈ, કળી જેમ ખીલે. વનસ્પતિની કળીમાં તાકાત છે આમ ખીલીને હજાર પાંખડી રૂપે થવાની. એ હજાર પાંખડી ખીલી નીકળી. એમ આત્મા અંદરમાં જ્ઞાન અને આનંદ પૂર્ણ અનંત અનંત અનંત પડ્યું છે એમાંથી '**નિર્વિઘ્ન ખીલેલા સહજ જ્ઞાનાનંદની મુદ્રાવાળો...** ' ખીલી નીકળી એ પર્યાય, વિઘ્ન

વિનાની, એને વિઘ્ન છે નહિ. '(-**સ્વાભાવિક જ્ઞાન અને આનંદની...**' જેમાં છાપ છે. '**દિવ્ય જેનો સ્વભાવ છે...**' સહજ જ્ઞાનાનંદની છાપવાળો, સ્વભાવિક જ્ઞાન અને આનંદની છાપવાળો અને દિવ્ય જેનો સ્વભાવ '**એવું જે નિર્વાણ,...**' મુક્તિ, એ મુક્તદશા, મુક્તદશા '**તે 'શુદ્ધ'ને જ હોય છે;...**' તે શુદ્ધ ઉપયોગીને જ હોય છે. સમજાણું કાંઈ? કેટલી વાત કરી સરસ! સ્પષ્ટ કરી છે, કાંઈ સંતાડ્યું નથી. ઢાંકીને વાત નથી કે માર્ગ... આવે છેને શ્રીમદ્‌માં કાંઈક? શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે પણ મર્મ કહ્યો નથી. એવું આવે છેને? મર્મ કહ્યો નથી. પણ મર્મ અને માર્ગ બધું અહીં તો ભેગું છે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— આ શું છે? જુઓને એમાં. એના શબ્દાર્થ થાય છે કે નહિ? '**सुद्धस्स य सामण्णं**' શુદ્ધ ઉપયોગીને ચારિત્ર એટલે સાધુપણું. અને શુદ્ધ ઉપયોગીને દર્શન અને જ્ઞાન, અનંતદર્શન અને અનંતજ્ઞાન. શુભરાગીને, સંહનનના લક્ષવાળાને અને બાહ્ય ક્રિયાકાંડવાળાને નહિ. શુદ્ધ ઉપયોગી થયો ત્યારે તે કેવળજ્ઞાની કેવળદર્શનના સાધન તરીકે થયો. સમજાણું કાંઈ?

નિર્વાણ. '**નિર્વિઘ્ન-ખીલેલાં...**' વિઘ્ન વિનાની કળી ખીલી ગઈ આત્મા આમ. અંતરના તાણેતાણા અસંખ્ય પ્રદેશમાં અનંતજ્ઞાન અને દર્શન, આનંદ આદિ, જ્ઞાન અને આનંદની મુદ્રા છાપ. ભાઈ! આની છાપ શું મુક્તિની? મુક્તિની છાપ શું? કે અનંતજ્ઞાન અને આનંદ સાથે પ્રગટ એવી એની છાપ. મુદ્રા હોય છેને? આ નથી છાપ મારતા? ટ્રેડ માર્ક. આ છાપ નથી મારતા? પોસ્ટમેન છાપ મારે. એમ આ મુદ્રા આનંદની છાપવાળો નિર્વાણ છે એટલે મુક્તિ છે. '**જેનો સ્વભાવ છે એવું જે નિર્વાણ, તે 'શુદ્ધ'ને જ હોય છે;...**' હવે રહ્યા સિદ્ધ. એ મુક્તિ કીધી હતી. હવે કહે છે કે મુક્ત જીવ. સમજાય છે? ત્રીજા બોલમાં મુક્તિ કીધી હતી, નિર્વાણ, મુક્તદશા, મુક્તદશા એ શુદ્ધ ઉપયોગીને હોય છે.

હવે કહે છે કે મુક્તજીવ, સિદ્ધ જીવ એ શુદ્ધ ઉપયોગી જ હોય છે. આવે છેને કે નહિ ક્યાંય? નિર્વાણ તે સિદ્ધ અને સિદ્ધ તે નિર્વાણ. નિયમસારમાં આવે છે. નિર્વાણ તે સિદ્ધા, સિદ્ધા તે નિર્વાણ. નિર્વાણ અને સિદ્ધમાં અમે ફેર દેખતા નથી. મુક્તિની પર્યાય અને મુક્ત જીવ બેય એક જ છે. સમજાણું કાંઈ? ઈ વળી ફેર શું હશે આમાં? પોપટભાઈ! મુક્ત જીવ અને મુક્તિની પર્યાય. ઓલી પર્યાય કહી અને પર્યાયવાળો તે જીવ કહ્યો. મુક્ત જીવ. સમજાણું કાંઈ? મુક્તિ પણ શુદ્ધ ઉપયોગની અંદર રમણતા કરનારના કાર્યનો એ મનોરથ હતો તે સિદ્ધ થાય છે અને સિદ્ધપદ પરમાત્મદશા જીવની સિદ્ધ મુક્તદશા, જેવી સંસારદશા જીવની એમ જીવની મુક્તદશા. ઓલી મુક્તિ પર્યાયથી વાત કરી, હવે આ જીવથી વાત કરે છે. મુક્ત જીવ. સમજાણું કાંઈ?

'ટંકોત્કીર્ણ...' સુધાર્યું છે? ભાઈ! સુધાર્યું છે. નથી સુધાર્યું? '**ટંકોત્કીર્ણ પરમાનંદ-અવસ્થારૂપે સુસ્થિત...**' એટલો સુધારો કરવો. '**ટંકોત્કીર્ણ પરમાનંદ-અવસ્થારૂપે સુસ્થિત...**' પરમાનંદરૂપ અવસ્થાઓમાં સિદ્ધ છેને, એને ઠેકાણે આમ કરવું. અવસ્થારૂપે. પરમાનંદ અવસ્થારૂપે

સુસ્થિત. ભાઈએ લીધું ઓલી '**परमानन्दावस्थासु**' છેને? આધાર કાઢી નાખ્યો. '**अवस्थासु**' એટલે બહુવચન કરીને સ્થિત એમ કરીને કર્યું. સમજાણું કાંઈ? કોની વાત ચાલે આ ચોથા બોલની? સિદ્ધ જીવ, મુક્ત જીવ. ટંકોત્કીર્ણ—એવો ને એવો આમ પર્યાય.

કેવો? પરમાનંદ-અવસ્થારૂપે સુસ્થિત આત્મસ્વભાવ. 'સુ' એટલે બહુવચન કીધુંને? એમ કીધુંને ભાઈ? બહુવચન. નહિતર ઓલું અવસ્થા તો આધાર નાખી દીધો હતો અર્થમાં. અવસ્થાઓમાં. એમ. પણ ઈ તો પરમાનંદ અવસ્થાઓ રૂપે સ્થિત, એમ. સમજાણું કાંઈ? કેટલા બોલો આમાં યાદ રાખવા? બહુવચન. ધ્યાન તો બહુ રાખે છે, રાત્રે ઝોલા ખાય રાત્રે. અત્યારે તો ધ્યાન રાખે છે. આ તો બહુ ધ્યાન રાખે તો સમજાય એવું છે, નથી સમજાય એવું નહિ હોં! સમજવાના યોગવાળાને સમજાવે છેને? ન સમજે એને કોણ સમજાવે? કહે છે કે ભાઈ! આ આત્માનો અંદર શુદ્ધ ઉપયોગ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સહિત જામી જાય, ચારિત્રસહિતનો શુદ્ધ ઉપયોગ લેવો છેને, અને એ આમ એકાકાર થાય એ જ મુનિ ચારિત્રવંત છે. એ જ મુનિ કેવળજ્ઞાન, કેવળદર્શનને પામવાના કાર્યના મનોરથ સિદ્ધ એમાંથી થાય છે. તે જ શુદ્ધ ઉપયોગથી મુક્તિ નામ નિર્વાણપદની પ્રાપ્તિ થાય છે, એ જ શુદ્ધ ઉપયોગથી જીવ મુક્ત જીવને પામે છે. સિદ્ધપણું એટલે મુક્ત જીવપણું પામે છે. સમજાણું કાંઈ?

એવો આત્મસ્વભાવ એમ કહેવું છે. ટંકોત્કીર્ણ કીધુંને? જેવો હતો એવો સ્વભાવ. પરમાનંદ અવસ્થારૂપે સુસ્થિત આત્મસ્વભાવ એની ઉપલબ્ધિ નામ પ્રાપ્તિથી '**ગંભીર એવા જે ભગવાન સિદ્ધ,...**' એની આત્મસ્વભાવની પ્રાપ્તિથી ગંભીર એવા ભગવાન સિદ્ધ '**તે 'શુદ્ધ' જ હોય છે...**' એટલે કે શુદ્ધ ઉપયોગી સિદ્ધ થાય છે. કહો, સમજાણું કાંઈ? ઓહો..હો..!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— જેવો છે એવો વર્ણવ્યો છે પણ. ખુબ વર્ણવ્યું એટલે પાછું એમ નહિ, જેવો છે એવો (વર્ણવ્યો છે). આ તો એની ભાષામાં જેટલું આવ્યું એટલું વર્ણવ્યું.

જેવો છે એવો પરમાનંદ અવસ્થારૂપે સુસ્થિત આત્મસ્વભાવ, એમ. પરમાનંદ અવસ્થારૂપે સુસ્થિત આત્મસ્વભાવ એની પ્રાપ્તિ, ઉપલબ્ધિથી ગંભીર ગંભીર પર્યાય છે. મુક્ત જીવની પર્યાય, મુક્ત જીવ, સિદ્ધ જીવ ગંભીર છે, ગંભીર છે. અનંતા અનંતા કેવળીઓની પર્યાયને જાણે એક સમયની પર્યાય. ઓહો..! જીવની મુક્તદશા એટલે કે મુક્ત જીવ જેની ગંભીર એવા ભગવાન. ઓલામાં લીધું છે, પરાધીનતા નથી, સ્વાયત્ત છે. એમ અસ્તિ નાસ્તિથી કહ્યું. આમાં છે. ઓલા પરાધીન કહે છેને? ... ૨૭૪ છેને આ? '**सुद्धस्स य णिव्वाणं अव्याबाधानन्तसुखादिगुणाधारभूतं पराधीनरहितत्वेन स्वायत्तं**' પોતાને આધીન. અનેકાંત કર્યું. '**पराधीनरहितत्वेन**' નિર્વાણ હોં! '**सुद्धस्स य णिव्वाणं**' '**स्वायत्तं**' '**स्वायत्तं**' છેને? '**स्वायत्तं यन्निर्वाणं तच्छुद्धस्यैव**'. '**स्वायत्तं**' છેને? જુઓ! '**स्वायत्तं**' સ્વાધીન. અસ્તિ નાસ્તિ કરી. અનેકાંત કર્યું. પરાધીનતાથી રહિત અને '**स्वायत्तं**'—સ્વાધીન સહિત. શુદ્ધ ઉપયોગીને એવું નિર્વાણ હોય છે. '**स्वायत्तं**'. કહે

છેને કેટલાક? કે હજી સિદ્ધ પણ કથંચિત્ સ્વતંત્ર અને કથંચિત્ પરતંત્ર. અનેકાંત કરે છે. વાડીભાઈ! એવું અનેકાંત.

અહીં કહે છે કે નિર્વાણ એટલે કે મુક્તદશા, મુક્તદશા. પરાધીનતાથી રહિત, સ્વાધીન પૂર્ણ સહિત. અસ્તિ નાસ્તિ કરીને સિદ્ધ કર્યું. પરાધીનતાનો અભાવ અને સ્વાધીનતાની પ્રાપ્તિ પૂર્ણ. પૂર્ણ સ્વાધીન છે. જરીયે પરાધીન છે નહિ. કહો, એને સખ આવતો નથી. એમાંય અનેકાંત કરે ત્યારે સખ આવે. જ્ઞાનચંદજી! આ દેખો તમારા બધા પંડિતો. એને ત્યારે સખ આવે. સિદ્ધને પણ કથંચિત્ સ્વતંત્ર, કથંચિત્ પરતંત્ર. અરે..! સિદ્ધ પૂર્ણ દશા આખી. અહીં તો નિર્વાણની વ્યાખ્યા (છે). ઓલી સિદ્ધની પર્યાય છેને. મુક્ત જીવ સ્વતંત્ર પૂર્ણ અને મુક્ત જીવ પરાધીનતાથી બિલકુલ રહિત. સમજાણું કાંઈ? એવી દશા જ્યાં આવે એને પરતંત્રતા રહે તો સ્વતંત્રતા પૂરી કોને કહેવી? સિદ્ધને પણ પરતંત્રતા રહે તો આ જગતમાં સ્વાધીનતાની પૂર્ણતા તો કોઈ જીવને કોઈને ક્યાંય લાગુ પડી જ નહિ. આહા..હા..! કહો! સમજાય છે?

એ ભગવાન શુદ્ધ ઉપયોગીને... અહીં ગાણા તો શુદ્ધ ઉપયોગીના છે હોં! કે શુદ્ધ ઉપયોગીના કાર્યો આવા હોય છે. એના મનોરથમાં આ મનોરથ ફરતો હતો. એના ફળ તરીકે આ શુદ્ધ ઉપયોગનું આવું ફળ ફળે છે. સમજાય છે કાંઈ? પણ એ શુદ્ધ ઉપયોગ પણ પાંચ મહાવ્રત પામ્યા વિના થાય? એમ કહે છે. અરે..! ભગવાન! એ તો પાંચ મહાવ્રત તો વચ્ચે વિઘ્નરૂપે, વિકલ્પ તો વિઘ્નરૂપે સદોષપણે આવ્યા છે. એના વિના અંતરનો આશ્રય કરીને ઠર્યો છે ત્યારે શુદ્ધ ઉપયોગ થાય છે. સમજાણું કાંઈ? અરે..! પણ એવી ચીજ જ છે જ્યાં, એનો ગુણ જ એવો છે અને એની પર્યાય જ એવી સ્વતંત્ર છે. એ રીતે જ્યાં સુધી એને પ્રતીતમાં, જ્ઞાનમાં ન લ્યે, તે કેમ ખીલે આત્મા? ઈ આત્મા ખીલે શી રીતે? જેવું એનું સ્વરૂપ છે એવું પ્રતીતમાં લીધા વિના ખીલે શી રીતે? સમજાણું કાંઈ?

એ ભગવાન આત્મા એકલો જ્ઞાયકપ્રભુ... રાગ વ્યવહાર-ફ્યવહાર બધો હો, હો, હો, એ જ્ઞાન કરવામાં જાય છે. સાધકપણામાં મદદ કરે એમાં ઈ જાતું નથી. એવો ભગવાન આત્મા ચારિત્રને પણ શુદ્ધ ઉપયોગથી જ પ્રાપ્ત કરે છે. ચારિત્ર કહો કે સાધુ કહો. એ ચારિત્ર આત્માનું અહીં લેવું છે. સમજાણું કાંઈ? શુદ્ધ ઉપયોગથી જ અનંતજ્ઞાન, અનંતદર્શન, ત્રણ કાળ ત્રણ લોકના પર્યાય સહિત વિશ્વ જે આખું દ્રવ્ય એને પ્રત્યક્ષપણે જાણવાનો સ્વભાવ એ અનંતદર્શન, જ્ઞાન શુદ્ધ ઉપયોગથી જ થાય છે. અને મુક્તદશા, મુક્તદશા એટલે મુક્તિ એ પણ શુદ્ધ ઉપયોગીને જ મુક્તિ થાય છે. સ્વતંત્ર પૂર્ણતાથી મુક્તિ થાય છે. એને કિંચિત્ પરતંત્રતા રહી નહિ. અને મુક્ત જીવ થયેલો, તે શુદ્ધ ઉપયોગી જ મુક્ત જીવ થાય છે. શુદ્ધ ઉપયોગીને સિદ્ધપદ થાય છે. કહો, સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? આ બહુ ગડબડ ચાલે છે, દિલ્હીમાં. ચારે કોર બહુ ગડબડ ચાલે છે. સમાજ તો મધ્યસ્થ હોય એ તો વિચાર કરવા મંડ્યા છે કે માર્ગ બીજો લાગે છે આ. સૌ માને છે અને પ્રરૂપે છે એવું લાગતું નથી. કહો, સેઠી! વિચાર કરવો. ... હિન્દુસ્તાનમાં

વિચારનું આંદોલન.. માહોલ બદલ્યો છે, માહોલ બદલ્યો છે કેટલોક. દિશા દિશા. ઓહો..!

શુદ્ધ ઉપયોગી જ સિદ્ધપદ **નામ મુક્તદશા, મુક્ત** જીવ થાય છે. જીવનું મુક્તપણું શુદ્ધ ઉપયોગથી થાય છે. મુક્તિ દશા અને મુક્ત જીવ. **'વચનવિસ્તારથી બસ થાઓ.'** અમૃતચંદ્રાચાર્ય (કહે છે), **'अलं अलं'**. લ્યો, છેને? **'अलं वाग्विस्तरेण' 'अलं वाग्विस्तरेण'** વચનનો વિસ્તાર બસ થાઓ. થોડું લખ્યું ઘણું કરીને જાણજો. આવે છેને? આપણે લખે છે કે નહિ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ઈ મતલબ છે. થોડું કહ્યું એમાં બધું સમાઈ ગયું. આગળ કહેશે પ્રવચનસારમાં. સ્વાહા.. કહેશને આગળ હજી. ઓલા ૪૭ નય પછી. જેટલું જોરદારથી કહ્યું એ બધું સમાઈ ગયું આત્માના જ્ઞાનમાં. સ્વાહા.. કહો, સમજાણું કાંઈ?

અરે..! **'अलं' 'વચનવિસ્તારથી બસ થાઓ. સર્વ મનોરથના સ્થાનભૂત,... '** સર્વ કાર્યોના સ્થાનભૂત. સમજાય છે કાંઈ? મોક્ષતત્ત્વના સાધનતત્ત્વો. એ એક શબ્દો પડ્યો રહ્યો છે થોડો. મોક્ષતત્ત્વના સાધનતત્ત્વરૂપ. સર્વ મનોરથો. મનોરથો એટલે? વિકલ્પની અહીં વાત નથી. ભાવના છે કાર્યોની કે આવા કાર્ય હોય, આવા કાર્ય હોય, આવા કાર્ય હોય. કેવળજ્ઞાનનું કાર્ય હોય, કેવળદર્શનનું કાર્ય હોય, ચારિત્રનું કાર્ય હોય, મુક્તિનું કાર્ય હોય, મુક્તજીવ સિદ્ધપદનું કાર્ય હોય. સમજાણું? એવા સર્વ કાર્યોના સ્થાન, ઠેકાણા. એ સર્વ કાર્યનું ધામ, ઠેકાણું. **'મોક્ષતત્ત્વના સાધનતત્ત્વરૂપ...'** શુદ્ધ ઉપયોગી છે મુનિ. એવા **'શુદ્ધ'ને,...'** એવા શુદ્ધ ઉપયોગી મુનિને **'જેમાંથી પરસ્પર...'** અથવા શુદ્ધ ઉપયોગી પોતાના ભાવને. અહીં તો વાત છે. **'જેમાંથી પરસ્પર અંગ-અંગીપણે પરિણમેલા... '** દેખો! 'ભાવક-ભાવનમસ્કાર તે અંગ-અંશ છે.' નમસ્કાર કરનાર તે અંશ છે, અંગ છે 'અને ભાવ્ય—ભાવનમસ્કાર કરવાયોગ્ય પદાર્થ,' પદાર્થ, કરનાર તે અંશ છે અને જેને (નમસ્કાર કરવો છે) તે પદાર્થ છે—અંશી છે, અંગી છે, અંશી છે, આખું છે. નમસ્કાર કરવાયોગ્ય આખો પદાર્થ શુદ્ધ છે અને નમસ્કાર કરનાર એનો એક અંશ-ભાગ છે. અંગ અને અંગી. નમસ્કાર કરવાયોગ્ય પદાર્થ તે અંગી, નમસ્કાર કરનાર અંશ. 'તેથી આ ભાવનમસ્કારમાં ભાવક તેમજ ભાવ્ય,' પર્યાય અંશ તેમ ભાવ્ય ત્રિકાળ દ્રવ્ય 'પોતે જ છે.' ભાવક પોતે અને ભાવ્ય પર એમ નથી. ત્રિકાળ જ્ઞાયકભાવ તે ભાવ્ય અને ભાવક વર્તમાન નિર્મળ અવસ્થા તેની ભાવક વંદન કરનાર. તે પર્યાય અને દ્રવ્ય અભેદ થઈ જાય એને અહીંયા ભાવનમસ્કાર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? છેને? પાઠમાં છેને? **'णमो तस्स', 'णमो तस्स'**. કોને **'तस्स'**? ઓલા શુદ્ધને. સિદ્ધને નહિ. **'सुद्धस्स य सामण्णं भणियं सुद्धस्स दंसणं णाणं। सुद्धस्स य णिव्वाणं सो च्चिय सिद्धो णमो तस्स।। '** તેને—શુદ્ધને. એવો શુદ્ધ ઉપયોગસ્વરૂપ ભગવાન આત્મા **'પરસ્પર અંગ-અંગીપણે પરિણમેલા... '** નિર્મળ પર્યાય, નિર્વિકલ્પ વીતરાગી પર્યાય અંશ અને આખું વીતરાગવિજ્ઞાનઘન દ્રવ્ય અંશી—ભાવ્ય, બેય એક થઈ ગયા. સમજાણું?

એવા '**ભાવક-ભાવ્યપણાને લીધે સ્વપરનો વિભાગ અસ્ત થયો છે...** ' આ ભાવ્ય બીજો અને ભાવક હું, એ આથમી ગયું છે. ઊગી નીકળી છે પોતાની પર્યાય ભાવક, દ્રવ્ય પોતે ભાવ્ય. એમાં સમાઈ ગયું છે બધું. નિર્વિકલ્પ આનંદસહિતની પર્યાય દ્રવ્યસ્વભાવમાં અભેદ થઈ ગઈ એને ભાવનમસ્કાર કહેવામાં આવે છે. એને શુદ્ધ ઉપયોગીને નમસ્કાર કર્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! વાતનું રૂપ શું છે? પદાર્થનું સ્વરૂપ શું છે? દ્રવ્ય, ગુણ, પર્યાય નિર્મળ. ભાવનમસ્કાર શું છે? એને જ્યાં જાણવાનો પણ પ્રયત્ન નથી. એકદમ વ્યવહાર.. વ્યવહાર.. વ્યવહાર.. વ્યવહાર.. અરે..! વ્યવહાર તો તારા થોથા છે, સાંભળને હવે. એ તો અભવી પણ એવો વ્યવહાર અનંત વાર અભવીએ કર્યો, કાંઈ વળ્યું નહિ. આવી ગયું સમયસારમાં. અભવીએ બધું કર્યું, તારા પાંચ મહાવ્રત એણે પાળ્યા એવો તો છે ક્યાં તારી પાસે? ગોટે ગોટા ઊંધાઈ બધા છે. સમજાણું કાંઈ? આ તો અભવીએ વીતરાગે કહેલો પરિપૂર્ણ વ્યવહાર એવો પાળ્યો, એ તો શુભરાગ છે, વિકાર છે. ચૈતન્યને માટે બેકાર છે. આત્માની શાંતિ માટે બિલકુલ મદદગાર નથી. એમ જ્યાં નક્કી કરીને સ્વભાવ સન્મુખ વળવું એ શું છે એની ખબર ન હોય, એને શુદ્ધ ઉપયોગ આવે ક્યાંથી? અને મોક્ષનું સાધન .... કહો, સમજાણું કાંઈ?

જેમાં સ્વ અને પર એટલે કે પર તે મારું ભાવ્ય છે અને હું એનો ભાવક—વંદન કરનાર છું-એ અસ્ત થઈ ગયું. હુંનો હું ભાવ્ય અને હુંનો હું ભાવક. મારું જ મારામાં બધું સમાય છે. '**એવો ભાવનમસ્કાર હો.**' નમો.. આચાર્યે ગાથામાં.. ઓહો..હો..! બે હજાર વર્ષથી આ ગાથા ચાલી આવે છે, અનેક હજારો વર્ષ સુધી આમ ને આમ રહેશે. એવા વાક્યોને બતાવ્યા વાચક દ્વારા. નમો! ઓહો..! એવા ભાવને ધરનાર એવો ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ એને અમારો નમસ્કાર. લ્યો, આ નિશ્ચય આવ્યું. વ્યવહાર ક્યાં ગયો આમાં? એક જણો કહેતો હતો, તમે વ્યવહારને માનતા નથી. જ્યાં ત્યાંથી નિશ્ચય કાઢો છો. હવે સાંભળને! કેમ મીઠાલાલ?

એક જણ કહેતા હતા ત્યાં તમારી કોર. જ્યાં ત્યાં તમે વ્યવહારને ઊડાવી દ્યો છો, નિશ્ચય કાઢો. નમઃ સમયસારમાં નિશ્ચય કાઢ્યું. નમઃ સમયસારમાં આચાર્ય વ્યવહારને નમસ્કાર કરે છે, ભગવાનને. ત્યારે તમે કહો છો કે આત્માને. ઈ ચાલ્યું છે એની કોર. સમજાણું કાંઈ? અરે..! સાંભળને! બધામાંથી નિશ્ચય કાઢવું એ એક જ વસ્તુ છે. વિકલ્પ અને વ્યવહાર તો વચ્ચે જાણવાલાયક છે. વ્યવહાર જાણવાલાયક છે, વ્યવહાર કાઢવો છે? કાઢવો છે તો અંદરમાંથી નિશ્ચય કાઢ. ધર્મચંદજી! '**नमः समयसाराय स्वानुभूत्या चकासते**'. અર્થ કર્યો તો એક જણો હતો ઈ કહે, તમે વ્યવહારને માનતા નથી, માટે તમે એમાંથી નિશ્ચય કાઢો છો. હવે સાંભળને, આ તો સાધારણ અર્થ કર્યા. એકના તો આઠ અર્થ છે હવે નમઃ સમયસારના. તને ક્યાં ખબર છે? નમઃ સમયસારના આઠ અર્થ છે. પાંચ પદ, દર્શન, જ્ઞાન અને ચારિત્ર. આઠેયમાં એ નમઃ સમયસારમાં ઉતારી દીધું છે. પરમઅધ્યાત્મ તરંગિણી. અને ઓલા ... નજરે જ પડેને, ભાઈ કેવા? તારણસ્વામી. જ્યાં વાત હોય ત્યાં નિશ્ચય, જ્યાં હોય ત્યાં નિશ્ચય કાઢો. આ તો વ્યવહાર માનતો

નથી. ભાઈ, સાંભળને! વ્યવહાર તો હોય છે, તારણસ્વામી... વાત થઈ હતીને? જલગાળણ તો કહે, આત્મા. આત્મારૂપી જ્ઞાનજળ મિથ્યાત્વ અને રાગને ટાળીને પ્રગટ કર એનું નામ જલગાળણ. પછી તારા જલગાળણનો રાગ પછી રાખજે. પછી હશે, રાખજે એટલે હશે. ... જે વાત ઉતારી ત્યાં પણ. સુપદ, ષટપદ ને અનશન સમજ્યાને? કોઈપણ ઈર્યા સમિતિ કોઈ નામ લ્યો, આત્મા.. આત્મા અને આત્મા. છેને આમાં... એકલા એકાંત છે, એકાંત છે, એકાંત છે. આ પણ અત્યારે કહે છે, નહિ, નહિ. સમજાણું કાંઈ?

**'એવો ભાવનમસ્કાર હો.'** આચાર્ય મહારાજ કહે છે, અમને અમારો નમસ્કાર હો! વિકલ્પ છે એમાંથી ખસીને પડ્યા અંદર, અમને અમારો ભાવનમસ્કાર હો. શુદ્ધ ઉપયોગ. કહો, આ ૨૭૪ ગાથા બધા શાસ્ત્રમાં પ્રકાશ નાખે છે કે શુદ્ધ ઉપયોગી જ મોક્ષનો માર્ગ. એ વ્યવહાર-ફ્યવહાર વચ્ચે (આવે ઈ) મોક્ષમાર્ગ નથી. બંધનો માર્ગ છે એને નિમિત્ત ગણીને જરી અનુકૂળતા વ્યવહારની ગણીને આરોપથી વાત કરી છે. એ આરોપિત ચીજ છે, આરોપિત. આ એક જ વાત. લાખ ક્રોડ શાસ્ત્ર હોય. પદ્મનંદી પંચવિંશતિમાં પદ્મનંદી આચાર્ય કહે છે, સેંકડો શાસ્ત્રનો અભ્યાસ કરીને મેં તો એક જ નક્કી કર્યું છે. અધ્યાત્મ સેંકડો શાસ્ત્ર જોયા, જાણ્યા (એમાંથી) એક જ નક્કી કર્યું છે કે આત્મા તદ્દન શુદ્ધ આનંદકંદનો અનુભવ ઈ એક જ મોક્ષનો માર્ગ છે.

અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.

'અનુભવ માર્ગ મોક્ષનો' બાકી બધી વાતું. ભગવાન આનંદકંદ જ્ઞાનાનંદ એની અંતર દૃષ્ટિ અને એનો અનુભવ કરવો એ અનુભવથી અનંતા સિદ્ધો, અનંતા સાધુઓ, અનંતા આચાર્ય, ઉપાધ્યાય થયા છે. એ અનુભવ વિના કોઈ થાય એમ ત્રણ કાળમાં બને નહિ. અનુભવ કહો કે શુદ્ધ ઉપયોગ કહો. શુદ્ધ ઉપયોગ ઉત્કૃષ્ટ વાત ચારિત્રની લીધી છે. નીચે પણ ચોથા ગુણસ્થાનમાં, પાંચમામાં પણ આત્માનો અનુભવ અંતરના અનુભવની પરિણતિ પ્રગટ થાય એ એક જ મોક્ષનો માર્ગ છે. બીજો કોઈ મોક્ષનો માર્ગ છે નહિ, ત્રણ કાળ ત્રણ લોકમાં. ભગવાન પાસે જાય તોપણ ઈ છે. ગણધરના રચેલા શાસ્ત્રો જોવે તોપણ ઈ છે. ગણધર હોય ત્યાં ભગવાન પાસે જાય... સમજાય છે કાંઈ? અને આત્મા પાસે જાય તો આ નીકળે એવું છે. સમજાણું? બીજું કાંઈ છે નહિ. લ્યો, ૨૭૪ (ગાથા પૂરી) થઈ.

**'હવે (ભગવાન કુંદકુંદાચાર્યદેવ) શિષ્યજનને શાસ્ત્રના ફળ સાથે જોડતા થકા શાસ્ત્ર સમાપ્ત કરે છે :—'** શિષ્યજનને શાસ્ત્રના ફળ સાથે જોડતા, હોં! ફળ આવ્યે તને આવું ફળ આવશે. એમ. એની સાથે **'જોડતા થકા શાસ્ત્ર સમાપ્ત કરે છે.'**

**बुज्झदि सासणमेयं सागारणगारचरियया जुत्तो।**
**जो सो पवयणसारं लहुणा कालेण पप्पोदि।।२७५।।**

**સાકાર અણ-આકાર ચર્યાયુક્ત આ ઉપદેશને**
**જે જાણતો, તે અલ્પ કાળે સાર પ્રવચનનો લહે. ૨૭૫.**

‘**ટીકા :**—’ ‘આત્માનું સ્વરૂપ માત્ર સુવિશુદ્ધ જ્ઞાન અને દર્શન છે. (તેમાં, જ્ઞાન સાકાર છે અને દર્શન અનાકાર છે).’ નીચે (ફૂટનોટ). ‘**સુવિશુદ્ધજ્ઞાનદર્શનમાત્ર સ્વરૂપ...**’ લ્યો. આત્માનું સ્વરૂપ તો સુવિશુદ્ધજ્ઞાન અને દર્શનમાત્ર છે. એ વ્યવહાર વિકલ્પ-ફિકલ્પ એ આત્માનું સ્વરૂપ છે? એ તો આસ્રવ છે. પંચ મહાવ્રત આદિ અણાત્મા, અણાત્મા કહો કે આસ્રવ કહો કે અજીવ કહો. પંચ મહાવ્રતના પરિણામ પણ અણાત્મા છે, અજીવ છે, આસ્રવ છે. આહા..હા..! હવે એ અજીવને પાળીને જીવની મુક્તિ કરવી છે. આસ્રવને પાળી અને જીવની મુક્તિ કરવી છે. કહે છે, ‘**સુવિશુદ્ધજ્ઞાનદર્શનમાત્ર સ્વરૂપમાં અવસ્થિત (રહેલી) પરિણતિમાં લાગેલો હોવાને લીધે...**’ એમાં પરિણતિ શુદ્ધમાં રહેલો હોવાને લીધે ‘**સાકાર-અનાકાર ચર્યાથી યુક્ત વર્તતો થકો,...**’ જ્ઞાન અને દર્શનની ચર્યાથી યુક્ત વર્તતો થકો. જયસેનાચાર્યે એમાંથી શ્રાવક અને મુનિપણું બે કાઢ્યું. સાગાર એટલે શ્રાવક અને અનાગાર એટલે મુનિ. બેય કાઢ્યું છે એમાં. આ તો હોય જ, આમાં કહ્યું છે ઈ. ‘**સાકાર-અનાકાર ચર્યાથી યુક્ત વર્તતો થકો,...**’ શ્રાવક હો કે મુનિ પણ અંદરની શુદ્ધ પરિણતિમાં વર્તતો થકો. જે જ્ઞાન દર્શનમાત્ર આત્માનું સ્વરૂપ એમાં અવસ્થિત પરિણતિ, એમાં લાગેલો-રહેલો નિર્મળમાં. શ્રાવક હો કે મુનિ હો, એ નિર્મળ પરિણતિમાં લાગેલો (છે) એને શાંતિનું અને મોક્ષનું ફળ આવે છે.

‘**જે શિષ્યવર્ગ પોતે સમસ્ત શાસ્ત્રના અર્થોના...**’ સમસ્ત શાસ્ત્રના અર્થોના ‘**વિસ્તારસંક્ષેપાત્મક શ્રુતજ્ઞાનોપયોગપૂર્વક પ્રભાવ વડે...**’ લ્યો. ... બહું નહોતુંને જ્ઞાન? ... ઈ આવ્યું આવ્યું. જુઓ! ‘**સમસ્ત શાસ્ત્રના અર્થોના વિસ્તારસંક્ષેપાત્મક...**’ કોઈ વિસ્તારથી કે કોઈ સંક્ષેપથી ‘**શ્રુતજ્ઞાનોપયોગપૂર્વક...**’ અંદર શ્રુતનો જ્ઞાનનો ઉપયોગ થઈ ગયો જ્ઞાનાનંદનો શ્રુતજ્ઞાન ઉપયોગ, ભાવશ્રુતજ્ઞાન ઉપયોગ તે પૂર્વક ‘**પ્રભાવ વડે...**’ એના પ્રભાવ વડે ‘**કેવળ આત્માને અનુભવતો,...**’ શ્રુતજ્ઞાનપૂર્વક. રાગપૂર્વક, વિકલ્પપૂર્વક નહિ. એવું જે શ્રુતજ્ઞાન વિસ્તાર કે સંક્ષેપસ્વરૂપ, પણ શ્રુતજ્ઞાન ઉપયોગ, ભાવઉપયોગ અંદર એના પ્રભાવ વડે ‘**કેવળ આત્માને અનુભવતો,...**’ જુઓ! રાગના અને વ્યવહારના પ્રભાવ વડે નહિ, નિમિત્તના પ્રભાવ વડે (નહિ). નિમિત્ત કહો કે વ્યવહાર કહો. શ્રુતજ્ઞાનપૂર્વક પ્રભાવ વડે કેવળ આત્માને અનુભવતો. એના પ્રભાવ વડે આત્માને અનુભવતો. એકલા આત્માને રાગરહિત જુદો પાડી અનુભવતો. સમજાણું કાંઈ? જુઓ! અહીં તો પ્રભાવ શબ્દ પણ આવ્યો છે. ઓલો કહે, પ્રભાવ પડે, પ્રભાવ પડે. નિમિત્તનો પ્રભાવ પડે, વ્યવહારનો પ્રભાવ પડે, અહીં તો કહે છે, વિસ્તાર કે સંક્ષેપ સર્વ અર્થોના શ્રુતજ્ઞાનપૂર્વક પ્રભાવ વડે. ભાવશ્રુતજ્ઞાનના પ્રભાવ વડે ‘**કેવળ આત્માને અનુભવતો,...**’ એકલા આત્માને વેદતો—અનુભવતો.

‘**આ ઉપદેશને જાણે છે...**’ એટલે અનુભવતો આ ઉપદેશને જાણે છે. ત્યારે જ એણે

જાણ્યો એમ કહેવામાં આવે. સમજાણું કાંઈ? **'કેવળ આત્માને અનુભવતો, આ ઉપદેશને જાણે છે...'** શૈલી તે પણ ગજબને! દિગંબરના તત્ત્વો મુનિઓએ કહ્યા. શ્રીમદ્ કહે છે, દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે. એકદમ, કહે છે. પણ હવે અનુભવતો આ ઉપદેશને જાણે? એટલે કે આત્માની દૃષ્ટિ રાખીને શાસ્ત્રનું ભણતર કરે. અંદરના લક્ષ રાખીને, એકલું બહારનું લક્ષ નહિ. એ ઉપદેશને જાણે છે.

**'તે (શિષ્યવર્ગ) ખરેખર, ભૂતાર્થ-સ્વસંવેદ્ય દિવ્ય જ્ઞાનાનંદ જેનો સ્વભાવ છે એવા,...'** 'પારમાર્થિક (સત્યાર્થ) સ્વસંવેદન અને દિવ્ય એવાં જે જ્ઞાન અને આનંદ તે ભગવાન આત્માનો સ્વભાવ છે.' **'ભૂતાર્થ-સ્વસંવેદ્ય દિવ્ય જ્ઞાનાનંદ...'** પરમાર્થ આત્માનું જ્ઞાન, દિવ્ય જ્ઞાન અને આનંદ જેનો **'સ્વભાવ છે એવા, પૂર્વે નહિ અનુભવેલા,...'** પૂર્વ કોઈ દિ' નહિ અનુભવેલા **'ભગવાન આત્માને પામે છે...'** ભગવાન આત્માની દશાને પામે છે એ ભગવાન આત્માને પામ્યો. આ આખા શાસ્ત્રનો સાર શિષ્યવર્ગને ભગવાન આત્માને પામવો એ બતાવ્યું છે. સમજાણું કાંઈ? શિષ્યવર્ગે આ સાંભળ્યું હતું કે આ ભગવાન આવો આત્મા એને પામ. એને પામીને એમ કહ્યું. શાસ્ત્રમાં શિષ્યોને અખંડાનંદ પૂર્ણાનંદ પ્રભુ ચૈતન્યદ્રવ્ય અખંડ વિકલ્પ રહિત દ્રવ્ય એને પામ, એમ શાસ્ત્રમાં ઉપદેશ હતો. એ શિષ્યને એ ઉપદેશના વાચ્યમાં આવેલો આત્માનો અનુભવ એને પામે છે.

**'કે જે (આત્મા) ત્રણે કાળના નિરવધિ પ્રવાહમાં અવસ્થાયી (-ટકનારો) હોવાથી...'** ત્રણે કાળના મર્યાદા વિના પ્રવાહમાં ટકનાર હોવાથી **'સકળ પદાર્થોના સમૂહાત્મક પ્રવચનના સારભૂત...'** પોતે આત્મા છે એમ કહે છે. ત્રણે કાળના અવધિ વિનાના પ્રવાહમાં અવસ્થાયી ટકનારો હોવાથી સકળ પદાર્થના સમૂહ, સકળ પદાર્થના સમૂહમાં તે પ્રવચનના સારભૂત તારો આત્મા પૂર્ણ અનુભવ એ છે. આહા..હા..! સકળ પદાર્થના સમૂહસ્વરૂપ, પ્રવચનના સારભૂત તું તારો અનુભવ પૂર્ણ કરવો એ સારભૂત છે. બધા પદાર્થનો આ સાર અને પ્રવચનનો આ સાર છે. (ફૂટનોટ). 'પ્રવચન સકળ પદાર્થના સમૂહનું પ્રતિપાદન કરે છે તેથી તેને સકળ પદાર્થોના સમૂહાત્મક કહ્યું છે.' જોયું? પ્રવચનને. '(નિજ શુદ્ધાત્મા પ્રવચનના સારભૂત છે, કારણ કે પ્રવચન જે સર્વ પદાર્થસમૂહનું પ્રતિપાદન કરે છે તેમાં એક નિજાત્મપદાર્થ જ પોતાને ધ્રુવ છે,...' ઈ આવ્યું હતું, ૯૨માં. 'એક નિજાત્મપદાર્થ જ પોતાને ધ્રુવ છે,...' ધ્રુવ આવ્યું હતુંને, ૯૨માં? 'નિજાત્મપદાર્થ જ પોતાને ધ્રુવ છે,...' બીજો કોઈ પદાર્થ તારે માટે ધ્રુવ છે નહિ, બધું અધ્રુવ અને પર છે. એવો સકળ પદાર્થના સમૂહના પ્રવચનનો સાર આત્મા તે શિષ્યવર્ગ પામે છે. આખા પ્રવચનસાર—દિવ્યધ્વનિનો સાર અને આ પાંચ ગાથાનો સારનો સાર, એકલો આત્મા રાગ અને પુણ્યરહિત, વિકલ્પરહિત પૂર્ણ આત્માની શુદ્ધ ઉપયોગ દ્વારા પ્રાપ્તિ કરવી, એ આખો પ્રવચનનો સાર છે. ... ૨૭૫ ગાથાએ આ અધિકાર (પૂરો થયો).

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)




: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

વિલે પાર્લા, મુંબઇ.

www.vitragvani.com